મહારાણી વીક્ટોરીઆ.

Victoria R

NEW MODEL BOOK-STALL.
All Kinds of School Books
Buyer-Seller & Book-Binder
& LIBRARY-SYSTEM.
Prarthana Samaj Junc,
BOMBAY, 4.

REGISTERED UNDER ACT XX OF 1847.
(The right of translation is reserved.)

NEW MODEL BOOK-STALL.
All Kinds of School Books
Buyer-Seller & Book-Binder
& LIBRARY-SYSTEM.
Prarthana Samaj Junc,
BOMBAY, 4.

Kapadia K. G.
GIFT
Date 5-12-59
Initial
G. 13168
Rs.

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

7DA
625
·E6

આ પુસ્તક લેજીસ્લેટીવ કાઉંનસીલનાં ૧૮૪૭ નાં ૨૦ માં
આકટ પરમાણે નોંધાયીઆમાં આવિઉંછે.
અને
એનો તરજુમો કરવાને કોઈને હક નથી.

PREFACE.

That a strong desire to visit Great Britain has for some years past been growing among the natives of India requires no demonstration, and the author of the following pages without taking up the time of his reader with a narrative of the desires which impelled himself to visit that great country, begs to say that early in 1858 he left the shores of this island for the purpose of travelling in Great Britain, with the object not only of making himself acquainted with the country under whose rule his native land is placed, but also with the view of obtaining information which he could lay before his countrymen in a useful as well as entertaining form.

A visit to Great Britain would carry great advantages to the natives of India. There is no kingdom on earth to be compared to it in power, wealth, industry and commerce, and any moderate amount of money expended and time employed in travelling there, could never be said to have been lost. Admitting that we are enabled to form some idea of England by what we hear and read, there is a vast difference between the impressions made on our mind by anything of which we have heard or read, and by that which we have seen with our own eyes. It is impossible also to overrate the advantages to be gained in point of education and enlightenment by a personal inspection of the grand and various institutions of Great Britain. We are there thrown freely into intercourse with Englishmen as they should be seen, where they shine in all the bright qualities peculiar to them as a nation. By such intercourse, the people of England also become better acquainted with the views of the people of this country. The natives of India, on the other hand, from seeing the foremost and most civilized country in the world, will not only be enabled to judge of the room which exists for improvement in their own, but will also obtain a knowledge of the means by which the sought for ends could be accomplished.

It is unnecessary to dwell at length on this topic. In laying this volume (which is written in Gujárati, the vernacular language of a large section of the population of this Presidency) before the public, the author has to submit that, the work is not simply a narrative of his journey and a description of what he has seen, but that a portion of it has been devoted to an account of the form of government and of the laws, power, wealth and commerce of Great Britain. The latter information will, it is hoped, not only be useful to students, but be the means of conveying to the minds of the people generally that knowledge of THE POWER under whose rule they live, which is now accessible but to the small section of the natives who have received an English education.

The description of the palaces and public buildings of London, the parks and public gardens, the places of public amusement and instruction, as well as of the aspect of the country at large, and the rich and varied scenery of parts of England, Scotland, and Wales, and of the manufactures of Yorkshire, Lancashire and the midland counties will, the author trusts, increase the desire in many of his fellow countrymen to visit that great country, and it is needless to remark again that, the larger the number of natives of India who do so, the better will it be both for England and India.

Before concluding, the author thinks it right to guard the native reader against supposing that, what has found a place in this work is all that is to be seen in Great Britain. With due regard to the size of the book, attention has only been given to the most prominent objects which engage the attention of the traveller. The reader will form some idea of the vastness of the field for observation, when it is mentioned that volumes could be written where pages have been given. It is impossible to describe in a work of this nature thousands of objects which attract the attention and excite the curiosity of a stranger in a walk through one of the streets of the busy "World of London."

Lastly, the author deems it just to mention that he would not have been able to put forth such a laborious and costly publication without the valuable support of Government. The able Director of Public Instruction in this Presidency, Mr. Edward I. Howard, has from the beginning been anxious for the publication of such a work, and the author begs thus publicly to acknowledge his obligations both to Government and to that Gentleman for the support his work has received.

The author's thanks are due also to many native gentlemen who have handsomely subscribed to the work.

Bombay, 30th April 1861.

દીબાચો.

આજ થોડાંએક વરશ થયાં, ગરેટ બરીટનનો મુલક જોવા જવાની ખાહેશ હીંદુસથાનનાં ગાંમદીઓનાં દીલમાં ઘણી મજબુત જડ બેશાડીછે, તે વીશે કોઈ અંનજાણ નથી, અને તેવી ખા હેશ આ પુસતક લખનારનાં દીલમાં ઊતપન થયાથી, જે મુલકનાં રાજ હેઠલ આપણા વતનનું દેશછે, તે મુલકથી સારી પઠે વાકેફ થવાની તથા તાંહાં જે જોવામાં આવે, તેનું આ દેશનાં લોકોને સમજ પડે અને ઊપીઓગી થાએ, તેવી રીતનું વરણુન તેઓની આગલ રજુ કરવાની મતલબ થી, ઈસવી સને ૧૮૫૮ નાં વરશની શરૂઆતમાં તેણે આ ટાપુનો કીનારો છોડીઓ હતો.

હીંદુસથાનનાં ગાંમદીઓ ગરેટ બરીટન ખાતે જાએતો, તેમાંથી થોડા ફાએદા નીપજનાર નથી. અખતીઆર, દોલત, ઊદ્દીઓગ અને વેપારમાં પુરથવીની સપાટી ઊપર કોઈબી મુલક ગરેટ બરીટનની બરાબરી કરી શકતું નથી, અને તેવાં દેશ ખાતે મુસાફરી કરવા સારૂ જે કાંઈ ઘટતો ખરચ કરીઆમાં તથા વખત રોકીઆમાં આવે, તે નકામો ગએલો નહી કેહવાએ. એ મુલક વીશે આપણે જે કાંઈ વાંચીએછે તથા સાંભલીએછે, તેથી તેનાં વીશે કેટલોએક વીચાર કરી શકીએછે. પણ પુસતકો વાંચવામાં તથા કાંને સાંભલવામાં અને નજરે જોવા માં ઘણો ફરકછે. હેવાં દેશમાં જાતી સફર કરીને તાંહાંનાં તરેહવાર અને કીમતી ખાતાંઓ જો યાથી, હીંદુસથાંનનાં લોકોની કેળવણી તથા માહેતગારીમાં વધારો થયા વનાં રેહનાર નથી. તાં હાં આપણે ઈંગરેજોનાં સંબંધમાં વધારે આવીએછે, અને તેઓનાં જે ખુદ સારા ગુ ણોછે, તે આપણે તેઓનાં દેશમાં જોઈએછે. હીંદુસથાંન અને ઈંગલંડ વચે હેવો વેહવાર ચા લીઆથી, ઈંગલંડનાં લોકો હાલમાં આ દેશનાં લોકોનાં વીચારથી જેટલા વાકેફછે, તેનાં કરતાં વ ધારે વાકેફકાર થાશે, અને તેથી હીંદુસથાંનને ઘણો ફાએદો થાશે. વળી પુરથવી ઊપર સરવેથી હીમતવાંન અને શુધરેલા મુલક ખાતે જાઈ આવીઆથી, આ દેશમાં જે જે શુધારાની અગતછે, તે માંલુમ પડશે, એટલુંજ નહી, પણ તે ખુદ કેમ પુરી પડી શકે તેનાં ઊપા એ જાંણવાને પણ બની આવશે.

એ ખાબદ ઊપર આ જગાએ લંબાણથી બોલવાની અગત નથી, કાંએજે સરવે સમજુ લોકો તે વાત કબુલ રાખેછે, માટે હવે આ પુસતક અતરેનાં દેશીઓની હજુરમાં મેલતી વેલા એ, એટલું કેહવાની જરૂરછે કે, ગરેટ બરીટનમાં તેણે જે જોયુંછે તેનાં વરણનથીજ આ પુસત ક પુરૂં કીધુંછે એમ નથી, પણ તેમાં તે દેશની રાજય રીતી, ધારા, અખતીઆર, દોલત અ ને વેપાર વીશે પણ લખીઆમાં આવીઊંછે. આ ખાબદ વીદીઆરથીઓને ઊપીઓગી થા

શે એટલુંજ નહી, પણ ઘણાખરા લોકો જેઓ ઇંગરેજી ભાશા નથી જાણતા, તેઓને જે રાજ માં તેઓ વશેછે, તે રાજ વીશે કેટલુંએક અગતનું ગનેઆન મલશે.

લંડનનાં મેહલો તથા બીજી જાહેર ઈમારતો, બાગ અને બગીચા, ગમત તથા ગને આંન આપનારી તરેહવાર જગાઓ તથા દેશનાં દેખાવનું તથા ઈગલંડ, સકાટલંડ અને વેલસ માં ઠેકાંણે ઠેકાંણે જે સુંદર ખુદરતી દેખાવોછે તેમનું તથા યારકશાએર, લાનકાશાએર અને માહેલા પરાંતોનાં પરગણાઓ મધેનાં કારખાનાંઓનું જે બયાંન આ પુસતકમાં કીધામાં આવીઊંછે. તેથી આ લખનારનાં ઘણાએક દેશીઓનાં દીલમાં તે મોટો મુલક જોવા જવાની ખાહેશ વધારો કરશે, હવી ઊમેદ રાખીઆમાં આવેછે, અને ફરીથી કેહવાને જરૂર નથી કે, જેમ જેમ આ દેશનાં લોકો ઈગલંડ તરફ વધારે જશે, તેમ તેમ ઈગલંડ અને હીંદુસથાન એ બંધે દેશનાં હકમાં ઘણો ફાએદો થશે.

આ સતરો પુરી કરીઆની આગમજ, આ પુસતક લખનાર તેનાં વાંચનારાઓને એટ લી ચેતવની આપવાને અગતની જાણેછે કે, જેટલું આ પુસતકમાં લખીઊંછે, તેટલુંજ ગરેટ બરી ટનમાં જોવાનુંછે, એમ ધારવું નહી. ઘણીએક બાબદો જેઓનું વરણન કરવામાં હીઆં સફા રોકી આમાં આવીઆછે, તે બાબદો ઊપર પુસતકો લખાઈ શકાએ, એટલું જરે જણાવીઆમાં આવેછે, તારે તાંહાં કેટલું બધું જોવાનુંછે તેનો વીચાર કરવાને વાંચનારને બની આવશે. વળી ઘણુએ ક જે કોઈબી મુસાફરનાં જોવામાં આવે, તે સઘળાનો હાવાં પુસતકમાં સમાસ થાઈ શકતો નથી, માતરે લંડનનાં એક રસતામાંજ ચાલીને જતાં હજારો ચીજો ઊપર પારકા શખસનું ધીઆંન દો ડેછે અને તેથી તેને અચરતી ઊપજેછે, તે સઘળાનુ બયાંન કાગળ ઊપર કરવું માહાલછે.

છેહ્વે, એટલું કેહવાને આ લખનાંર જરૂર જાંણેછે કે, મુંબઈની સરકારની તરફથી આ પુસતકને કીમતી અને સારો આસરો મલેઓછે, તેથીજ તેને મોટો ખરચ કરીને તથા ઘણી મેહનત લઈ ને બાહેર પાડવાને બની આવેઊછે. એ પુસતક બનેલું જોવાને આ પરેસીડેનસીનાં કાબેલ, ડરેકટર આવ પબલીક ઈનસ્રકશન મી૦ હાવરડે અસલથી ઘણી ખાહેશ દેખડાવી હતી, અને તેની ભલામણ અને મારફતથી મુંબઈની સરકારનો જે સારો આસરો મલીઓછે, તે વીશે તે ગ રહસ્થનો તથા સરકારનો આ જોગવાઈએ આ લખનાંર મોટો આભાર માંનેછે.

વળી જે દેશી શેઠીઆઓની તરફથી આ પુસતકને ઘણો સારો આસરો મલીઓછે, તેઓ નો પણ આ જગાએ ભારે ઊપકાર માંનેઆમાં આવેછે.

મુંબઈ, ૩૦, એપરીલ ૧૮૬૧.

સાંકલીઉં.

પ્રકરણ ૧ લું.

મુંબઈથી એડન. પા.

ઇંગલંડ અને હીંદુસથાન વચે અગનીનાં સાંચાથી ચાલતા વેહવારની ટુક તવારીખ—બીસતર ટેલર, બીસતર વાયહારન, કલનલ ચેસની અને બીસતર ટેલરની તારીફ લાએક મેહનત—"કારટ આવ ડરેકટરસ" તથા "બોરડ આવ કનટરોલ" વચેની ભાંજગડ—મુંબઈથી આગબોટમાં બેલ મોકલવાની સરૂઆત—પીનીન સુલર એનડ ઓરીએનટલ સટીમ નાવીગેસન કંપની—ઇંગલંડ પોંહચવાનાં મારગો—મુંબઇનાં બારાંનો દેખાવ—આગબોટ ઊપરનો કારોબાર—એડન—બારૂ—ડુંગરો—બુરજો—ગાંમનો દેખાવ—વરસાદની ખુબ—પાંણી પુરૂ પાડવાનાં ઇલાજો—કુબા, ટાંકાં તથા નેહર—સરકારી નીશાલ—એડનની આગલી ત વારીખ—એ શેહેર ઇંગરેજનાં હાથમાં કેમ આવીઊં—તેની હમણાંની હાલત—વેપાર, વસતી, ઇતીઆદી. ૧—૧૨.

પ્રકરણ ૨ જું.

સુએજ—કેરો—આલેકઝાનડરીઆ.

રેડ સી—સુએજ—રેતીનું જંગલ. બીસર—નીલ નદી—કેરો—અસલ કેરો—મસજદ—સુબરાનો બાગ—ટંકસાળ—અમીર બેએ અને મહમદ અલીની દગાઇ—કેરોનો દેખાવ—ચોક—દુકાન—નકશીનાં બચાં શેવણ કરવાની રીત—ફ્રાંસોનો તમાસો—ડોશેહની કીરીઆ—હીલીઓપોલીસ—તરીકોન બીનારા (પીરામીડ)—બીસરની અસતરીઓની હાલત. આલેકઝાનડરીઆ—રેહેવાસીઓનો પોશાક—ભોટો ચો ક—આલેકઝાનડરીઆની અસલ બહોજલાલી—હમણાંની હાલત—પાંમપીસ પીલર—કલીઓપાટરાસ નીડલસ—પાંણીની મોટી નેહેર—બારાંમાંથી શેહેરનો દેખાવ..... ૧૩—૨૫.

પ્રકરણ ૩ જું.

માલટા—મારસેલ—ફરાનસ.

માલટા—તેનો દેખાવ—બંદર—ગોદી—સેંટ જાંનનું દેવળ—ગવરનરનો મેહેલ—કોટ—હુંનરની જનસો—માલટા છોડીઆ પછી મેડીટરેનીઅન સમુદર પસાર કરતાં મલતા દેખાવો. મારસેલ—તરતી ગોદી—ફરાનસનાં મુલકમાં ફરવાને જરૂરનો પરવાનો—મારસેલનો દેખાવ—પલાસ નેપોલીઅન—ઇટાલી જવાનો રસતો—પોંહોચ્યાંનાં—પારીસ જનારી આગની ગાડી—લીઆં શેહેર—કારખાનાં—વેધશાળા—મારસે લથી પારીસ સુધીની સફર—ખુબસુરત દેખાવ—ફલવંત જમીન—આદમીનો ઊદીઓગ—પારીસ.... ૨૬—૩૦.

પ્રકરણ ૪ થું.

પારીસ.

એ શેહેરની ખુબસુરતી—ઊંચી જગા ઊપરથી દેખાવ—રાતની વેળાનો દેખાવ—દીવાળી—દુકાનો—પોંહોચ ખાનાં—હોટેલ ડુ લુવર—રેસટોરાં—કારી પીવાનાં ઘરો—બુલવારટનાં ખુબસુરત મોહલ્લા—રસતાઓ મ ધેનો મેલો—રીઉ ડી રીવોલી—સોબઇતા ચોક—પલાસ દી લા કાનકારડ—પાલે રાએલ—પલાસ ડુ શા ટેલ—પલાસ વેનડોમ—કાલમ ડી લા બાસટીલ—બુંબારા—જાહેર બાગો—ચાંજ ઇલીસીસ બાગ—તે મધે થાતી રમતો—બુઇલરી મેહેલને લગતો બાગ—લુકસાંબો મેહલને લગતો બાગ—બુર્ઇ ડી બુલો ન—ઇતીઆદી..... ૩૧—૩૮.

પ્રકરણ ૫ મું.

ગમતનાં કારખાંનાં.

પૃષ્ઠ.

નાટકશાળા—તેમનો સણગાર—જોવા જનારાઓની ભીડ—નાટકશાળાની આએપત તથા ખરચ—સરકારની મદદ—તમાશાનાં જુદાં જુદાં ઘરો બધિની તારીફ લાએક ગોઠવણ—ગાએણનો તમાશો કરવાનાં ઘરો—નાંચ કરવાનાં કારખાંનાં—ઘોડ કસરતનાં કારખાંનાં—ઇમારતોની ખુબસુરતી તથા સણગાર—બહુ ર તમાશા—નેપોલીઅને રાજ કરવાનુ શરૂ કીધું તેની યાદગારીનો તેહવાર—કારનીવલનો તેહવાર—બા ટાં મોહડાં સાથનાં નાંચ—રસતા બધિનાં દેખાવો—પારીસની મોજીલી વસતી—જુદી જુદી ગમતની જ ાએ મલતાં પરેનચ લોકોનાં ટોળાં અને તેવાં ટોળાં થવાનાં કારણો..... ૩૬—૪૪.

પ્રકરણ ૬ ઠું.

મેહુલો.

મુખલરીનો મેહુલ—દીવાલ તથા સીલીંગ ઉપરનાં ચીતારો—પુતળાં તથા તસવીરો—તખત—લુવરનો નવો મેહુ લ—લુકશાંબોનો મેહુલ—કાંબણીનનો મેહુલ—સેંટ કલુનો મેહુલ—શાંનટેમેલોનો મેહુલ—વારસેલનો મેહુ લ—એ મેહુલ બધિનો કીમતી સંગરહ—ચીતારો, બાગ, કુંઆરા, પુતળાં, ઇતીઆદી..... ૪૫—૫૧.

પ્રકરણ ૭ મું.

સંગરહસથાંનો—પુસતકખાંનાં.

વીદીઆ, એલબ અને હુંનરમાં પારીસનુ અગતપણુ—દર વરસની મોહસમના સંગરહસથાંનો—દર પંદર વર સનુ મોટું સંગરહસથાંન—જુનાં લુવરનો મેહલ તથા સંગરહસથાંન—"બરડે ડ પલાં" નો બાગાએત તથા જરાએત બાગ—એ બાગને લગતું કીમતી સંગરહસથાંન તથા જંનવરોનો સંગરહ—વીદીઆ ત થા એલબનો ફેલાવો કરનારી મંડળીઓ—પુસતકખાંનાં—"બાઇબલીઓથકે ઇનપરીઅલ" પુસતકખાં નાંનો હેવાલ..... ૫૨—૬૩.

પ્રકરણ ૮ મું.

દેવળો—ધરંમખાતાં.

દેવળો—નોટરડાંમનું દેવળ—માંનથીઅંનનુ દેવળ. દવાખાંનાં—ઘરડા બરદ તથા ઝોરતોને રેહવાને વાસતે ક રેલાં ધરંમખાતાં—હરાંમ ઇલતથી જનમેલાં તથા નાંવારેસ બાળકોની પરવરસી કરવાનાં ધરંમખાતાં—ગરીબ તથા અશકત તથા બાંદગી લેાગવનારા લોકોનાં બાળકો તથા નાંવારેસ બાળકોની પરવરસી કરવા નાં ધરંમખાતાં—ગરીબોને નાંણાની મદદ કરનારી મંડળી—ગરીબોને નાંણાની મદદ કરનારાં તથા બો રાકની વસતુ તથા દવા આપવાનાં ધરમખાતાં. આંધલા તથા બેહરા લોકો તથા બાળકોની પરવરસી ક રવાનાં તથા કેલવણી આપવાનાં ધરંમખાતાં—હેવાં એક બાતાંનો દુક હેવાલ. "હેાટેલ ડી ઇનવાલીડ" એટલે અશકત થાએલા સીપાહીઓની પરવરસી કરવાનું ધરંમખાતું..... ૬૪—૬૯.

પ્રકરણ ૯ મું.

પારીસ—વસતી, આએપત, ખરચ, ઇતીઆદી.

વસતી. આએપત—જમીન, ઘરો તથા તે બધિનાં સાંમાન તથા બારીઓ તથા તેઓનાં ભાડાં ઉપરનો કર. ખરચ—કરજનુ વીઆજ, આએપત વસુલ કરવાનો, કેળવણી બાતાંનો, દેવળોનો, લશકરી બાતાંનો, બહેર કાંમોનો, દવાઇ તથા બીજાં ધરંમ બાતાંનો, પુસતકખાંનાં તથા હુંનરનાં કારખાનાંનો, તથા પો લીસ બાતાંનો ખરચ. પારીસમાં ચાલતા ધંધા તથા કારખાંનાં—ટેપીસટરીનાં ભરતનું કારખાંનું, કો રી તથા ચીની કામનુ કારખાનું. જુદી જુદી જીનસોનો ખપ—પારીસમાં પાંણી પોહચતું કરવાનાં ઉપા યો—ગરનેલનો ઊંડો કુંઓ—રસતા, મોહલ્લા તથા ઘરોની ગણતરી, તથા તેમને સોભતા અને સા

પૃષ્ઠ.

ફ રાખવાના ઉપાયો—રોશની—લોહેડાંની સડકો—શાહાંનશાહની ગાડી—ભાડુતી ગાડીઓ—પોસટ આફીસ—બજારો .. .. ૭૦—૭૯.

પ્રકરણ ૧૦ મું.

પારીસથી લંડંન.

ફરાનસમા મુસાફરી કરવા જનારને ચેતવણી. કેલેસ—"બરીટીશ ચાંનેલ" ડોવર—લંડંન.. ..... ૮૦—૮૨.

પ્રકરણ ૧૧ મું.

લંડંન.

લંડંન એક નાંધલી દુનીઆંછે—એ શેહેરનો વીસતાર—હવા—લંડંનની વસતી—રસતાઓ બધિની ભીડ—રસતાઓની ગોઠવણ તથા બાંધણી અને ખરચ—રસતાઓમાં ફરતી વખતે નકસાથી મલતી મદદ. પુલો તથા ટેમસ ટનેલનો નદીની નીચેથી બનાંવેલો અચરત શરીખો મારગ. ઇમારતો તથા ઘરો, તે ઓનો દેખાવ અને તેઓમાંની ગોઠવણો—ગેસ્માસની રોસની—ગેસ્માસનુ કારખાંનુ—પાંણી પોંહોચવુ ક કરવાનાં ઉપાયો—નરમ દુર લઇ જવાની ગોઠવંણ—દુકાંનો અને તેઓનો સોભાઇતો દેખાવ—દુકાંનદારો ની માલ વેચવાની ઝડપ—ભાડેની ગાડી—બાંધ બારાકનો બખ—પરગણાઓ સાથે લોહેડાંની સડક ત થા વીજલીનાં તારની મારફતનો સંબંધ—લોહેડાંની સડકથી લંડંનમાં દર વરસ આવ જવ કરતાં આ દમીઓની સંખીઆ. ટેમસ નદી ઉપરની સેલ—એ નદી ઉપર થાતો વેહવાર—મુસાફરને લંડંન જ વાની સહેલથી સરસ મોહોસંભ—તેને વાસતે રેહવાનાં પોંહોચ્યાંનાં—શેહેરમાં જોવા લાએક તથા ગમત ઉપજવનારી જગાઓ—ઇતીઆદી. ..... ૮૩—૧૦૦.

પ્રકરણ ૧૨ મું.

બાદશાહી મેહેલો.

બકીંગાંમ પાલેસ—અસલી ઇમારત તથા તેને લગતી કેટલીએક બીનાં—તેનો બાહેરનો દેખાવ—બારબલ હા લ—પુતલાંથી સણગારેલુ દીવાંનખાંનુ—પુસતકખાંનુ—દાદરની બાંધણી—ગરીન (લીલો) ડરાઇંગ રૂમ—ત બત—દીવાંનખાંનુ—તસવીરખાંનુ—ઇબલો (પીલો) ડરાઇંગ રૂમ—જંનવાનો મોટો ઓરડો—સઘ ડી—બાંનગી ઓરડા—દેવલ—મેહુલની બાસપાસનો બાગ—પાંણીનો બસબો—હુનાંલાની બંગલી. સે નટ જેમસ પાલેસ—અસલી ઇમારત—દરબાન ઉપરનુ ઘડીબાલ—રાંણીનાં બભલદારોની બાફીસ—ગારડ ચેનબર—દરબારી ઓરડા—તખત બાલું દીવાંનખાંનુ. કેનસીગટંન પાલેસ તથા તે બધિનો સાંમાં ન. વાઇટ હાલ પાલેસ. વીંડસર કેબાસલ—બાલરૂમ—સેંનટ જરજીસ હાલ—મુલાકાત લેવાનુ દીવાં નખાંનુ—વાટરલુ ચેનબર—પ્રેસેનસ ચેનબર—દાદર—દેવલ. બાગ—રાંણુ—વરજીનીબા વાટર. હાંમ પટંન કોરટ પાલેસ—બાગ—દરાબનો વેસો. બકીંગામ પાલેસ તથા વીનડસર કેબાસલને લગતા તબે લા—રાંણીની ગાડી તથા ઘોડા ઇતીબાદી..... ૧૦૧—૧૧૧.

પ્રકરણ ૧૩ મું.

પારલામેંનટનો મેહેલ.

વેસટ મીનસટરનો બસલી મેહુલ—નવા મેહુલની બાંધણી—લંબાઇ—પોહોલાઇ તથા ઊંચાઇ—બીનારા—બા મેહુલની વેહેંચણી—બાઠ ખુંણાનો ઓરડો—રાંણીનો પોશાક પેહેરવાનો ઓરડો—પ્રીનબ ચેમ બર—રાંણીનુ પુતલું અને તેમાં બતલાવેલી બતલબો—ઊમરાઓની સભાનુ દીવાંનખાંનુ—રાંણીનુ ત બત—બારીઓ તથા કાચની સબીઓ—થાંબા ઉપર બાહાવલાં—સીલીંગ—ઝીબાલરી—કેટલીએક ઊ મરાવજદીઓની પોતાનો હક બલવવામાં બતલાવેલી હીમત ભરેલી ચાલ—દીવાંનખાંનામા થંડી તથા ગ રમી લાવવાનાં ઉપાબે—રાંણીનુ ઊમરાઓની સભામા જવું તથા બીરાજવું—પીબરસલાબી—બામ ની સભાનુ દીવાંનખાંનું—તેમાં રોશની તથા બીજી ગોઠવણ—પુસતકખાંનાં—વીજલીના તારનો સાં ચો—એ મેહુલ બાંધવાનો ખરચ—તે જોવા જવાની પરવાનગી..... ૧૧૨—૧૧૮.

પ્રકરણ ૧૪ મું.

કીલ્લો—માંનશન હાઊસ—ગીલડહાલ—ટંકશાલ—બેંક આવ ઈંગલંડ—રાયલ એકસચેનજ—પોસટ આફીસ—ટાંઈમસ આફીસ.

સફે.

લંડનનો કીલ્લો—સઊથી પુરાંણો ભાગ—દેવલ—દફતરખાંતું—દરવાજા—આગલા પાદશાહોનું રેહથાંણું—નાંમી આ શખસોનું કેદખાંનું—આદમીઓના તથા ઘોડાઓને પેહરવાનાં આગલા વખતનાં બખતરોનો સંગરહ—રીસાવીને નારો નાંખવાનાં હથીઆરો—પાદશાહી જહવેરાત. માનશન હાઊસ—બ્રાહેરનાં ભાગ ઊપર ચી તારો—ઈજીપશીઅંન હાલ—લારડ મેઅરનુ સરગસ. ગીલડહાલ—એ ઇમારતનો ખરચ—દીવાંનખાંનું—રાખસોનાં પુતલાં—લારડ મેઅરનુ બાંણુ—કોરટ આવ એકસચેકર—કામન કાંઊનસીલ ચેમબર—આલડરમેનોની સલાનુ દીવાંન બાંનુ—ચેમબરલેનના પારલર. ટંકશાલ—ધાતુ પીગલાવવાની રીત—લાઠા—પતરાં—સીકકા પાડવાનો સાંચો—ટચ કાહાડવાની ચાલ, ઇતીઆદી. બેંક આવ ઇંગલંડ—કારભારીઓની ફીજ—બેંક પારલર તથા બીજા ઓરડાઓ—નગદી—છાપેલી નોટો—નોટ છાપવાનુ કારખાંનુ—એ બેંક કેમ ઊભી થાઇ—તેનો કારભાર, ઇતીઆદી. રાયલ એકસચેનજ—અસલી ઇમાર તો—હાલની ઇમારત—દીવાંનખાંનુ—લાએડની નાંમીચી આફીસ—હવાની ખબર રાખનાર ઇસ્તર—વરસાદ માંપવાનુ ઇસ્તર. પોસટ આફીસ—વરતમાંન પતરો તથા કાગલોનો મોટો જદો—એક ના લ ઊપરથી બીજા માલ ઊપર કાગલોનાં જદા પોંહોચાડવાની ગોઠવણ—હાંમપ છેકવાનો સાંચો—જુદાં જુદાં મથકોનાં કાગલો છુટાં પાડવા તથા પોંહોચાડવાની રીત—લંડનમાં કાગલોની વેંહચણી—વેંહચનારાઓને મેસવાની ગાડી—લંડનમાં આવી પોંહોચ્યાનો આગમન કાગજો છુટાં પાડવાની ગોઠવણ—પોસટ હારીસનો હીસાબ, ઇતીઆદી. લંડંન ટાંઇમસ—એ પતરનો વગ તથા માંન—કા ગલ વેચવાનો ઓરડો—ડીબાં જોડનારાઓનાં ઓરડા "સ્ટીરીઓટાઇપ" બનાંવવાનુ કામ—કાગલ ભીંગ વવાની રીત—છાપવાનો સાંચો—એ પતર સંબંધી કેટલીએક જાંણવા જોગ બીગતો..... ૧૨૯—૧૪૧.

પ્રકરણ ૧૫ મું.

દેવળો.

સેંનટ પાલસ કથીડરલ—બાંધણી—બ્રાહેરનો દેખાવ—સોટાંના કઠેરાની દેવાલ—પુતલાં—સઊથી મોટું દીવાં નખાંનું—કોઅર—પુસતકખાંનુ—બાઇલ રૂમ—વીસપરીંગ ગીઆલરી—ગોલડન ગીઆલરી—બાલ—કરાસ—ધાંટ—ઘડીઆલ—મોંઅરૂં—એ ઇમારતને વીજલીથી બચાવવાની ગોઠવણ—એ દેવળની ટુક તવારીખ. વેસટમીનસટર આબી—બ્રાહેરનો દેખાવ તથા અંદરની કારીગરી—મોટું દીવાંનખાંનુ અને તે બધેનો સણગાર—પાદશાહ અથવા રાંણીને તાજ પેંહેરાવવાની કીરીઆ—કોઅર—ટરાનસેપટ—પોએટ સ કારનર—એક અસલી અને કીંમતી ચીતાર—ચાપેલ આવ હેનરી ધી સેવંથ—એડવરડ ધી કનફેસ રસ ચાપેલ—નાનીચા શખસોની કબરો—ઇતીઆદી..... ૧૪૨—૧૫૫.

પ્રકરણ ૧૬ મું.

બાગ બગીચા.

હાઇડ પારક—કેનસીંગટન ગારડનસ—સેંનટ જેમસ પારક—વીકટોરીઆ પારક—ગરીન પારક—રીજેંનટ પા રક—બાટરસી પારક—રીચમંડ પારક—કીઉ ગારડનસ કબ્રસ્તાંનનાં બાગો..... ૧૫૬—૧૬૬.

પ્રકરણ ૧૭ મું.

સંગરહસથાંનો—તસવીરખાંનાં.

બરીટીશ મીઊજીઅમ—કેનસીંગટન મીઊજીઅમ—ઇસ્ટ ઇનડીઆ કંપનીસ મીઊજીઅમ—યુનાઇટેડ સરવીસ ઇનસ્ટીટીઊશન મીઊજીઅમ—સંસારી, વેહવારી, ભુસતર વીદીઆનુ સંગરહસથાંન—રાએલ કાલેજ આ વ રીજશીઅનસનુ સંગરહસથાંન—રાએલ કાલેજ આવ સરજનસનુ સંગરહસથાંન—સોન મીઊજીઅ મ—રાએલ એશીઆટીક સોસાઇટીસ મીઊજીઅમ—નેવલ મીઊજીઅમ—રાએલ સોસાઇટીસ મીઊજી

સફે.

અમ. નાંશનલ ગીઆલરી—મારલબરો હાઊસ બધેની ટરનર તથા વરનંન ગીઆલરી—ડલવીચ ગી આલરી—રાએલ આકાડેમી આવ આરટસનું તસવીરખાંનું—સોસાઇટી આવ બરીટીશ આરટીસટસનું તસવીરખાંનું—બરીટીશ ઇનસટીટીઊશનનુ તસવીરખાંનું—વાટર પેનટરસનું તસવીરખાંનું—હીંદુસથાંનને લગતી બાબદોનું તસવીરખાંનું—પ્રીંટોગરાફીનું તસવીરખાંનું—આદમીઓનાં ચીનમાં બનાંવેલાં પુતલાં નો સંગરહ. ..... ૧૬૭—૨૦૧.

પ્રકરણ ૧૮ મું.

કેલવણી ખાતાં.

કેલવણીની બાબદમા સરકાર તથા પરજાની કોશીસ—દર વરસ એ કામ પછવાડે ખરચ—ભાગીદારોએ સ્થા પેલી નીસાલો—યુનીવરસીટી કાલેજ તથા સકુલ—કીંગસ કાલેજ તથા સકુલ—સેંનટ પાલસ સકુલ—વેસટમીનસટર સકુલ—ચારટર હાઊસ—મરચંનટ ટેલરસ સકુલ—સીટી આવ લંડન સકુલ, ઇતીઆદી. કશરતશાલા—ચીતરાકો તયાર કરવાની મદરેસા. લંડન, આકસફરડ, કેમબરીડજ, એડીનબરો, સેં નટ આંનડરસ અને ડબલીન બાતેની યુનીવરસીટી તથા મદરેસાઓ..... ૨૦૨—૨૦૬.

પ્રકરણ ૧૯ મું.

ધરમખાતાં.

ઈંગલંડનાં લોકોની સખાવત—જુદાં જુદાં ધરમખાતાંઓની સંખીઆ, તેઓની ઊપજ અને ઊપીઓગીપણુ—ગરીબ, લાચાર અને નાંવારેસ છોકરાંઓને કેલવણી આપવાની નીસાળો—હાસપીટાલો તથા દવાઇદારૂ નાં ધરમખાતાં—નાંવારેસ બાળકોને ઊછરવા તથા ધંધો સીખવવાનાં ધરમખાતાં—બેહેરાં તથા મુંગા ત થા હોંધલાંઓની પરવરસીને સારૂ ધરમખાતાં—દેવાંનાંઓને સારૂ ધરમખાતાં—ગરીનીચ હાસપીટાલ—ચેલસા હાસપીટાલ—સ્ટ્રેનજરસ હોમ, ઇતીઆદી ..... ૨૦૭—૨૧૯.

પ્રકરણ ૨૦ મું.

ગમત અને મોજનાં કારખાંનાં.

ગમતનાં કારખાંનાં જોવાનો સસતો ભાવ—નાંટક તથા ગાએણુ અને નાંચનાં કારખાંનાં. રાએલ ઇટાલીઅંન ઓપેરા તથા હર માજેસટીસ થીએટર. એ બધે ખાતાં બધે થાતી ઊંચી રસતો તથા ગાએણુ—ઇમારત તથા ખેડકોની ખુબસુરતી—એ ખાતાંનો એક મોહોલસનો ખરચ, ઇતીઆદી. પરીનસેસ થી એટર—એ જગાએ "સાંઇનરી" નો ભારી ખરચ—બીજ થીએટરો. "કાંનસરટસ" એટલે ફકત ગા એણનાં કારખાંનાં—સીરેનેડરસ—સોંગ તથા ડોંગની રમતો—ઘોડાની તથા આદમીઓની કસરતનાં ખેલ—કરીમોરન ગારડનસમાં મલતી તરેહવાર ગમત—નાંચવાનો ઓટલો—પુતલાંઓનો નાંચ તથા નાં ટક—કસરતનો તમાસો—નાંટકનો ખેલ—બાલકોનો નાંચ—"કાસમોરામીકવીઊસ" નાં ચીતરો—બા ગની ખુબસુરતી અને તેમાં રમત સારૂ કીધેલી તરેહવાર જગા—આતશબાજી, ઇતીઆદી. વોકસાહાલ ગારડનસ. કાલેડોનીઅમ—લંડંન શેહેરનો દેખાવ તથા તરેહવાર બીજી ગમત. ગલોબ—પાલીટેકનીક ઇનસટીટીઊશંન—એપસમ તથા આસકોટ ખાતે થાતી ઘોડાની સરતો. રસતે રસતે થાતા તમાશા.. ૨૨૦—૨૨૪.

પ્રકરણ ૨૧ મું.

બીલોરી મેહેલ.

૧૮૫૧ નાં મેહેલની ઊતપંતી અને કેટલીએક હકીકત. નવો બીલોરી મેહેલ, તેનું કદ, બાંધવાનો ખરચ, ઇતીઆદી. એ મેહેલનાં ગરમી દાખલ કરવાની યુકતી. એ મેહેલનો બ્રાહેરનો દેખાવ—લંડનથી પો હોંચવાની રીત—તેમાં દાખલ થવાનો ભાવ. અંદર જતાંને વાર નજરે પડતો દેખાવ. ખુદરતી તવારી ખનો ભાગ—ઇંગલંડનાં પાદશાહોની સખી—નેવ તથા તરાંનસેપટ—ઇજીપશીઅન કોરટ—ગરીક કોર

ટ—રોબન કોરટ—આલાહાબ્યરા કોરટ—આસીરીઅન કોરટ—બીજાંનટાંઇન કોરટ—જરમન, ઇંગલીશ અને ફરેંનચ મેડીવલ કોરટ—રેનેસાં કોરટ—ઇલીજાબેથન કોરટ—ઇટાલીઅન કોરટ—સ્ટેશનરી કોરટ—હારડવેર કોરટ—કોરટ આવ નીઉ ઇનવેનશાંનસ—બરમીંગાંમ કોરટ—શેફીલડ કોરટ—પાંનપીઅન કોરટ—કાચ તથા ચીનીકાંમ. ઇતીઆદી. કેનેડીઅન કોરટ—પુસતકખાંનું—રાંણીનું દીવાંનખાંનું—તસવીરખાંનું—વેચવાની તથા જોવાની વસતુઓ—ખુદરતી વસતુઓ અને તેમાંથી આદમીનાં ઉદીઓગથી પેદા થાતી જનસો—ઇનડીઅન કોરટ—સાંચા—ખાવાની જગા. જુદી જુદી મોહોલમે એ મેહેલમાં થાતા દેખાવો તથા ગાએણ. એ મેહેલની આજપાજનો બાગ—ફુંઆરા—પાંણીનાં ચસમાં—રમવાની જગા—આગલા જમાનાનાં જંનવરોનાં આકારો ઇતીઆદી. એ મેહેલની આવક તથા ખરચ..... ૨૩૦—૨૪૮

પ્રકરણ ૨૨ મું.

ગરેટ બરીટનનાં મોહેલાં શેહેરો ખાતે સપ્ર.

મેનચેસટર—રૂઈ અને કાપડનો વેપાર—કાપડ બનાંવવાનાં કારખાંનાં—પરેસટન બધે હારક નીલરનુ નાંનીસું કારખાંનું—સખતલનુ કાપડ બનાંવવાનાં કારખાંનાં ઇતીઆદી—કાપડની વખારો—માલ પેક કરવાની રીત—લોહેાડાંનાં કારખાંનાં—જહેર ઇમારતો. લીવરપુલ—એ શેહેરનાં બંદરનો વેપાર—રૂઇની અઇબાત—સેનટ જરજીસ હાલ, ટાંઉન હાલ અને બીજી જહેર ઇમારતો. લીડસ—બનાંતનું કાપડ બનાંવવાનાં કારખાંનાં—ટાંઉન હાલ—એ શેહેરનાં ઉદીઓગથી ઉતપન થાતી જનસોનું સંગરહસ્થાંન. બરાડફરડ—ગુંદેલુ કાપડ બનાંવવાનાં કારખાંનાં—સાલેટર બધેનુ મોટું કારખાંનું—તાંહાંનુ દેવળ અને સર પીટર સાલટની સખાવત—હાલીફાકસ—ગાલીચા બનાંવવાનાં કારખાંનાં. નાટીંગાંમ અને તાંહાંનું “ હોઝી બરી ” નું કાપડ બનાંવવાનું કારખાંનું. શેફીલડ—છરી, કાંટા, તલવાર અને તેવા બીજા કટલરીના સાંમાંન બનાંવવાનાં કારખાંનાં. કેવેનટરી—રીબંન અને ઘડીઆલ બનાંવવાનાં કારખાંનાં. સ્ટાફરડ—પીચ્યાલા, રકાબી અને ચીનીકાંનો સામાંન બનાંવવાનાં કારખાંનાં. બરમીંગાંમ—લોહેાડાં કાંમનાં કારખાંનાં—દારૂ ગોળાનાં હથીઆર બનાંવવાનાં કારખાંનાં—પલેટેડ તથા નકસી કાંમનાં કારખાંનાં—બટન—સોએ—ટાંચની—સ્ટીલ પેન બનાંવવાનાં કારખાંનાં—પેપર માંશ અથવા કાગળથી બનતા સામાનનાં કારખાંનાં—ઇતીઆદી. કોલસાની ખાંન. વારીક—કીલ્લો. આકસફરડ. વેલસનુ પરગણુ. નીનાંઇ સસપેનશાંન બરીડજનો ઝુલતો પુલ—રેલવેની ગાડી પશાર થવાને સારૂ ચોખંડ બંદ કીધિલો “ ટીઉબ્બી ઉલર બરીડજ ”. ઇંગલીશ લેકસ અને તાંહાંનો ખુબસુરત દેખાવ..... ૨૪૯—૨૬૫.

પ્રકરણ ૨૩ મું

સ્કાટલંડ.

એડીનબરો—જુનો બાગ—નવો બાગ—સોભઇતા મોહોલ્લા—કીલ્લો—માંનીઉમેનટસ અથવા પુતલાં—કાલટંન હીલ—જહેર ઇમારતો—હેરીઅટ હાસપીટાલ—પારલામેનટ હાઉસ—હોલીરૂડ પાલેસનો મેહેલ—ચેનબરસનુ છાપાખાંનું—કાગલ બનાંવવાનુ કારખાંનું—હાથારનડેન—રોબલીન કેઆસલ—ડાકટર ગથરી નાંમનો નાંમીચો પાદરી. ગલાસગો—એ શેહેરનો વેપાર—લોહેાડાં કાંમનાં કારખાંનાં—કાપડ રંગવાનાં કારખાંનાં—છીટ છાપવાનાં કારખાંનાં—રશાએણી જનસો બનાંવવાનું કારખાંનું—સીવવાનાં દોરા વણવાનું કારખાંનું—જહેર ઇમારતો, ઇતીઆદી. સેનટ આંનડરૂસ. આબરડીન—ગરાંનીટનાં પથરનું કારખાંનું—જહેર ઇમારતો. બાલમોરલ—રાંણીનો મેહેલ—બાલમોરલની પડોસનાં ગાંમડાં અને તાંહાંનાં દેખાવો—ડનકેલડ—ડીઉક આવ આથલનો મેહેલ અને બાગ—બલેરગાવરી અને એ ગાંમ વચેના મારગનો દેખાવ—સ્કાટલંડ બધેનાં સરોવરો..... ૨૬૬—૨૮૭

પ્રકરણ ૨૪ મું.

બરીટીશ સરકારની રાજય રીતી.

પરજાની મસલતથી એ દેશમાં અસલથી રાજ થતું આવીઉંછે—ઇંગલંડમાં “ કીઉડલ સીસટમ ” નું દાખલ થવું—હાઉસ આવ લારડસની સભાનો પાયો—આંમ લોકોને તે સભામાં તેડવાની શરૂઆત—આ

સતે આસતે પારલામેનટની સભાનાં અખતીઆરનુ વધવું—એ સભાએ પરજાને સારૂ મેલવેલા હકો—હાલના વખતમાં બરીટીશ સરકારનુ રાજ કેવી રીતે ચાલેછે—“ ધી થરી ઇસટેટસ આવ ધી રેલમ ” એટલે રાજનાં તરણ ભાગ—પાદશાહ અથવા રાંણી—તખત ઉપર વારેસપણું—ગાદી ઉપર પાદશાહા અથવા રાંણી હોએ તેના હકો તથા તેનો દરજજો—પાદશાહ, પરધાંનો તથા પારલામેનટની સભાનો એક એક ઉપર અટકાવ—રાંણીનો લવાનમ—પાદશાહી કુટંબનાં હકો. રાંણીને સલાહ આપનારાઓ—પરીવીકાંઉસલ—કેબીનીટ કાંઉનસલ—પરધાંનો—વીધસ તથા ટોરી, તથા રાડીકલસની ટોલકીઓ. હાઉસ આવ લારડસની સભા—હાઉસ આવ કાંમનસની સભા—એ સભાનાં અધીકારીઓને ચુંટી કાહાડવાની રીત—એ સભામાં ધારા બાંધવાનું તથા બીજું કાંમકાજ—વરસ દાહાડાની આએપત તથા ખરચનો હીસાબ, પરગણા, શેહેરો, બરો તથા જીલલાએનો કારભાર—લંડંનના કારપોરેશનની આએપત—ઇનસાફની અદાલતો—પોલીસ ખાતાં—કેદખાંનાં ઇતીઆદી. ધારાની મોહેતગારી મેલવવાનાં મકાંનો..... ૨૮૧—૨૯૬.

પ્રકરણ ૨૫ મું.

ગરેટ બરીટનનો અખતીઆર—લશકર ખાતું—વાંહાંણોની શેજ—આએપત, ખરચ, ઇતીઆદી.

ગરેટ બરીટનનું બલ તથા મોટાઇ—છુટાપણા વીશે મેલવેલું માંન—કઉઅત. સવસથાંનોની મોહોલાઇ. લશકરખાતું, તેની સંખીઆ અને તેનો ખરચ. બીજા રાજવાલાઓનાં લશકરો સાથે મુકાબલો. લશકરનાં સીપાઇ તથા અમલદારો દાખલ કરવાની રીત. મીલીશીઆ—વાલંનટીઅર કોર. લશકરનો કારભાર. વાંહાંણ ખાતાંની શેજ, તેની સંખીઆ અને ખરચ. ગરેટબરીટન ઉપર હોમલો કરવાનું બીકટપણું. કીલ્લા. લડાઇનો સામાંન બનાંવવાનુ “ વુલીચ આરસીનલ ” નું કારખાનું. સને ૧૮૬૦—૬૧ નાં વરસનો ખરચ તથા આએપત. એ રાજનાં કરજની બીગત. વરસે વરસ વધતી આએપત. યુરોપખંડનાં બીજા મોટા દેશાવરોની વસતી, જમીન અને આએપત સાથે મુકાબલો..... ૨૯૭—૩૦૫.

પ્રકરણ ૨૬ મું.

ગરેટ બરીટનનો વેપાર.

સધળી જનસો અને સધળા દેશો સાથેનો મોહોલો વેપાર—માલની આવક—નીકાશ—દોલત ઇતીઆદી.. ૩૦૬—૩૧૧.

પ્રકરણ ૨૭ મું.

સંસારી હાલત.

સ્વરૂપ—કેલવણી તથા સુધરાઇએ બરીટીશ લોકોની સંસારી હાલતમાં કરેલો ફેરફાર—સ્ત્રી અને મરદોનાં એક સરકા હક—ઘરનાં સુખનો સ્ત્રી ઉપર મોટો આધાર—સ્ત્રી કેલવણી—સ્ત્રીઓનાં હાજરપણાથી મરદો ઉપર અસર—લોકોની આબરૂ તથા દીઆનતદારી—મીલનસારી—દોસતી—પારકા દેશના લોકો ઉપર ઉપકાર કરવાની મોહેમ..... ૩૧૨—૩૧૪.

ચીત્રોનું સાંકલીઉં.

	પાને.
માહારાંણી વીકટોરીઆ	૧
લુકશાંબર્ગ મેહેલનુ દીવાંનખાંનું	૪૩
વારસેલનો કુંઆરા સાથનો બાગ	૪૯
લંડંન	૮૩
લંડંનના રસતા બધેની ભીડ	૮૬
ટેમસ ટનેલ—નદીની નીચેનો રસતો	૮૮
રસતા ઉપર સણગાર—ડીઉક આવ વેલીંગટનનું પુતલું	૮૮૧
બકીંગાંમ પાલેસ	૧૦૨
વીંનદસર કેઆસલ	૧૦૭
પારલામેનટનો મેહેલ	૧૧૨
હાઉસ આવ લારડસ—ઉમરાઓની સભાનું દીવાંનખાંનું	૧૧૫
હાઉસ આવ કામનસ—આંમની સભા	૧૧૭
લંડંનનો કીલ્લો	૧૧૯
ગીલડહાલ	૧૨૬
ટાઈમસ છાપવાનો પ્રેસ	૧૪૧
સેંનટ પાલસનુ દેવળ	૧૪૨
વેસ્ટમીનસ્ટર આબી નામનુ દેવળ	૧૫૦
કીઉ ગારડનસ	૧૬૫
બીલોરી મેહેલ હુંગાડવાની કીરીઆ	૨૩૦
બીલોરી મેહેલ બંધ કીધો તે વખતનો દેખાવ	૨૩૨
નવો બીલોરી મેહેલ	૨૩૩
રૂઇના તાર કાહાડવાનો સાંચો તથા સુતરને ચાટરડાં ઉપર ચહડાવવાનો સાંચો	૨૫૧
કાપડ વણુવાનો સાંચો	૨૫૨
સુતર વણુવાનો સાંચો	૨૫૨
ભરતનુ કાપડ વણુવાનો સાંચો	૨૫૯
ગાલીચો બનાવવાનો સાંચો	૨૫૯
મીનાંઈ સ્ટેટની ખાડી ઉપર બાંધેલો લોહોડાંનો ઝુલતો પુલ	૨૬૪
આગની ગાડી જવા સારૂ લોહોડાંનો બંધ પુલ	૨૬૫
ડરવેનટ અને બાસેનટવેથ સરોવરોની આસપાસનો દેખાવ	૨૬૫
છીંટનુ કાપડ છાપવાનો સાંચો	૨૭૩

મુંબઈથી એડન.

ઈંગલંડ અને હીંદુસથાન વચે અગનીનાં સાંચાથી ચાલતા વેહવારની ટુક તવારીખ—મીસતર હુલર, મીસતર વાયહારન, કલનલ ચેસની અને મીસતર ટેલરની તારીફ લાયેક મેહનત—"કોરટ આવ ડરેકટરસ" તથા "બોરડ આવ કનટરોલ" વચેની ભાંજગડ—મુંબઈથી આગબોટનાં મેલ મોકલવાની સરૂઆત—પીનીનસુલર એનડ ઓરીએનટલ સ્ટીમ નાવી ગેશન કંપની—ઈંગલંડ પોંહચવાનાં મારગો—મુંબઈનાં બારાંનો દેખાવ—આગબોટ ઉપરનો કારોબાર—એડન—બારૂં—ડુંગરો—બુરજો—ગાંમનો દેખાવ—વરસાદની ખુટ—પાંણી પુરૂં પાડવાનાં ઈલાજો—કુવા, ટાંકાં તથા નેહર—સરકારી નીશાલ—એડનની આગલી તવારીખ—એ બાંગ ઈંગરેજનાં હાથમાં કેમ આવીઉં—તેની હંમણાંની હાલત—વેપાર, વસતી, ઈતીઆદી.

વરાળ યંતર અથવા બાફના સાંચાએ દુનીઆમાં ઘણીએક રીતે મોટો ફેરફાર કરી નાખીએાછે. તેની મદદથી આ મુલક અને યુરોપ વચેના સંબંધમાં પણ ઘણો ફાએદો થયોછે. પચીસ વરસની વાત ઉપર હીંદુસથાન અને ઈંગલંડ વચેનો આવ જવ સડનાં બારકસોની મારફતે કેપ આવ ગુડ હોપને મારગે થતો હતો, અને તે વેળાએ અતરેથી ઈંગલંડ પોંહોચતાં, અને ઈંગલંડથી અતરે આવતાં ચારથી છ મહીના સુધીની મુદત લાગતી હતી. આવી લાંબી સફર જેમ દીલની તેમ કંટાળા ભરેલી પણ હતી, તેથી હીંદુસથાન અને ઈંગલંડ વચે લોકોનો આવ જવ ઘણો નહી હતો, તથા એ બે મુલક વચે સંધેસો ઘણોજ ધીમો ચાલતો હતો. પાછળથી એ સંબંધ જેમ જેમ વધતો ગયો, તેમ તેમ તેઓ વચેનો વેહેવાર ઉતાવળો થાએ તેવા ઉપાયો સોધવા માં ઘણાએક શખસોએ પોતાનું ધીઆન લગાડીઉં. ઈંગલંડ અને હીંદુસથાન વચેનો વેહેવાર રેડ સી (રાતો સમુદર) ને મારગે ચલાવવા વીશે સને ૧૮૨૪ ના સાલમાં અતરે પેહેલી મરચા ચાલી હતી. એ મારગ પેહેલાં બતાવવાનું માન ઘણુ કરીને કપતાન જનસટનને આપવામાં આવેછે. મીસતર હેલર, મી૦ વાયહારન અને કલનલ ચેસની નામના ચંબળ શખસોએ એ બે મુલકો વચે ટુંકો રસતો શોધી કાહાડવામાં ઘણી મેહેનત લીધી હતી. મી૦ વાયહારનનો વીચાર પેહેલાં એવો હતો, કે સડનાં બારકસોને બદલે કેપને મારગે વરાળનાં સાંચાના વાંહણો ચાલુ કરવાં, અને એ વીચારમાં તેને કલકતાના યુરોપીઅન રેહેવાસીઓથી ટેકો મલીઓ હતો. પાછળથી મી૦ વાયહારને પોતાનો વીચાર ફેરવીને બસરાની નાલ (પરશીઅન ગલફ) ને રસતે તુરકી તથા ઈરાકે અરબીમાં થઈ યુરોપ મેલ મોકલવાનો મારગ વધારે દુરસત ધારીઓ. જારે મી૦ વાયહારન એવો વીચાર કરતો હતો, તારે મી૦ ટેલર નામનો એક શખસ રેડસી અને મીસર દેશને મારગે યુરોપ સાથે સંધેશો ચલાવવાના ઉપાએ તપાસવામાં ગુતેલો હતો. એ શખસે પોતાની ગેાડવણ સીલોનનાં યુરોપીઅન રેહેવાસીઓ ને તા૦ ૮ મી જુન સને ૧૮૩૦ ને દીને એક જાહેર સભા ભરીને જણાવી હતી. એ સભામાં સીલોનની સુપરીમ કોરટના ના યાધીશો તથા બીજા મોટા સરકારી હોદેદારો હાજર હતા, તેઓએ મી૦ ટેલરની ગોઠવણ પસંદ કીધી. પણ પછવાહેથી મી૦ વાયહારને મી૦ ટેલરનો વીચાર પસંદ કીધો, તારે મી૦ ટેલર પોતાનો પેહેલો વીચાર પડતો મેલી મી૦ વાયહારનનાં આગલા વીચાર ઉપર ગયો, અને એવું ધારીઉં, કે બસરાની નાલ અને તુરકીનો મારગ વધારે સેહેલોછે. એજ વખતે ઈંગલંડમાં પણ વરાળ યંતરના બારકસોથી મેડીટરેનીઅન (ભુ-મધ્ય) સમુદરને રસતે હીંદુસથાન ખાતે સંધેસો ચલાવા વીશે ભારે ભાંજગડ થતી હતી. પારલામેનટની સભા

એ એ અગતની બાબત ઉપર ધીઆંત આપવા ઝાંડીઉ. સને ૧૮૩૪ નાં સાલમાં તે સભાની "સીલેક્ટ કમી ટી" એ મેડીટરેનીઅન સમુદ્રને ઝારગે હીંદુસથાન ખાતે મૈલ રવાંને કરવાની સરકારને મજબુત ભલામણ કી ધી. એજ વરસના આગસટ મહીના માં નામદાર રાણીની સરકારે "બોરડ આવ કનટરોલ" ના સરનશીનની મારફતે "કોરટ આવ ડરેક્ટરસ" ને જણાવીઉં કે ઈંગલંડની સરકાર અગનીનાં સાંચાનાં બારકસોની મારફતે આલેકઝાનડરીઆ સુધી મેલ મોકલવાને તઈઆરછે, અને તે મીસાલે ઉપલી સભાએ સુએજ ખાતે, હીંદુસથાન તરફ મેલ લઈ જવાને વાસતે એક આગબોટ તઈઆર રખાવવી. "કોરટ આવ ડરેક્ટરસે" એવો જવાબ વા લીએા કે, એ પરમાણે સુએજથી હીંદુસથાન ખાતે મેલ મોકલવાનો ખરચ દર વરસે બાર લાખ રૂપીઆ થશે, અને એવો મોટો ખરચ હીંદુસથાનની આએપત ઉપર નાખવો વટારત નથી; મારે જો અરધો અરધ ખરચ ઈંગલંડની સરકાર આપે તો, તેએા "બોરડ આવ કનટરોલ" નાં હુકમ પરમાણે ચાલવાને તઈઆરછે. "કોરટ આવ ડરેક્ટરસ" ના આવા માંગવાથી તેએા અને "બોરડ આવ કનટરોલ" વચે આસરે તરણ વરસ સુધી કેટલીએક ભાંજગડ ચાલી, અને અંતે પેહેલી સભાનું માંગવું બાહાલ રહીઉં. મુંબઇથી સુએજ ખાતે પેહેલી આગબોટ, હીઉ લીનડસે, તારીખ ૧૬ મી નવેમબર ૧૮૨૯ ને દીને હંકારીઆમાં આવી હતી. તાર પછી વળી એક વરસ સુધી કોઈ આગબોટ ગઈ નહીં હતી. બીજી વાર આગબોટની મારફતે જે મેલ સુ એજ રવાને કીધો હતો, તે પણ હીઉ લીનડસેમાં તારીખ ૧ લી જનેવારી ૧૮૩૨ ને દીને મુંબઇથી રવાને કર વામાં આવીએા હતો. તરીજી વારનો મેલ ૧૮૩૪ ના વરસમાં મોકલીએા હતો. મુંબઈ અને યુરોપ તરફ દર મહીને રેડ સી અને મેડીટરેનીઅનને રસતે આગબોટમાં મેલ મોકલવાની ગોઠવણ સને ૧૮૪૦ ના વર સમાં પુરી થઈ હતી. મહીનામાં બે વખત મેલ મોકલવાની ગોઠવણ ૧૮૪૫ નાં વરસમાં અમલમાં આવી હ તી. સને ૧૮૫૧ નાં સપટેમબર મહીનાં સુધી નામદાર કંપનીનાં વાહાણ ખાતાનાં બારકસોની મારફતે મેલ મોા કલવામાં આવતો હતો, અને ઉતારૂએા પણ જતા હતા, પણ તાર પછી સરકારે એ કામનો ઈજારો "પીનીનસુ લર એનડ ઓરીએનટલ સ્ટીમ નાવીગેશન કંપની" ને આપીએાછે. વાંહાણ ખાતાંની કંપનીએામાં આએ કંપની સઉથી મોટીછે હેવું જણાંએછે. સઘળાં મલીને તેનાં ૪૯ બારકસોછે, તેમાં સાઉથાંમપટંન, માલટા અ ને આલેકઝાનડરીઆ વચે સાત આગબોટ ફરેછે; સુએજ, એડન, સીલોન, મદરાજ, અને કલકતા વચે સાત; સુએજ અને મેલબુરંન વચે ચાર; મુંબઈ, સીલોન, હાંગકાંગ, એડન અને સુએજ વચે દસ; એડન, મોરીસ અને બેરબેાં વચે તરણ; હાંગકાંગ, શાંનઘાઈ અને કંતતાંન વચે સાત; હાંગકાંગ અને મનીલા વચે બે; મારસે લ, માલટા અને આલેકઝાનડરીઆ વચે તરંણ; સાઉથાંમપટંન, વાઈગેા, આપોરટેા, લીસબંન, કેડીજ, અને જી બરાલટર વચે તરંણ આગબોટ ફરેછે, તથા પરચુટણ કાંમને સારૂ બીજાં તરંણ બારકસોછે. એ કંપનીનાં ભાગી દારોને દર વરસે સેંહકડે આઠ ટકાનું વીઆજ મલેછે.

હાલનાં વખતમાં અગનીનાં સાંચાનાં બારકસોથી, રેડ સી પસાર કરીને મીસરનો મારગ, જેને "એ વરલાંનડ રૂટ" કરી કેહેછે, તે લીધાથી હીંદુસથાન અને ઈંગલંડ વચેની સફરમાં ઘણેા ફેરફાર થઈ ગયોછે, તે સરવેને સારી પેઠે રોશનછે. મુંબઈ અને ઈંગલંડ વચેની મુસાફરી માસ એકની અંદર થઈ શકેછે, અને વ ળી તે એવી રીતે કે મુસાફરને કોઈપણ કારણને લીધે કંટાળો આવે નહી. મુંબઈથી જનારો મુસાફર હમણાનાં વખતમાં ઈંગલંડ ખાતે ઘણુ કરીને તરણ રીતે જઈ શકેછે. આલેકઝાનડરીઆ સુધી તેા સઘળા મુસાફરોને સારૂ એકજ રસતેાછે, અને તાર પછી જેમ જેને સેહેલું પડેછે, અથવા જેમ જેની મરજીમાં આવેછે, તેમ તે પેાતાનેા ઠરાવ કરેછે. કેાઈ આલેકઝાનડરીઆથી ટરીએસ્ટ સુધી આગબેાટમાં જાએછે, અને તાંહાંથી આ ગની ગાડીથી આસટરીઆ, પુરૂશીઆ, જરમની અને ફરાનસ થઈને ઈંગલંડ જાએછે. કેટલાએકેા આલેક ઝાનડરીઆથી પાધરા ઈંગલંડ જાએછે. જેએા એ મારગ પસંદ કરેછે, તેએા મેડીટરેનીઅન સમુદ્રમાં માલટા,

અને જીબરાલટર તથા આટલાનટીક સમુદ્ર મધે લીસબન અને આપોરટેા શેહેરેા પસાર કરી બીસકેનાં અખાત તથા ઈંગલંડ અને ફરાનસ વચેની ખાડીમાં થઈને ઈંગલંડને કીનારે પેાંહેાચેછે. વળી બીજાએા માલટા થઈને મા રસેલનેા રસતેા પસંદ કરેછે, અને તે શેહેર ખાતે પેાંહેાચીઆ પછી, ફરાનસની લેાહડાંની સડકથી ૩૬ કલાકમાં લંડન જાઈ શકેછે. સાઉથાંમપટનને મારગે મુંબઈથી ઈંગલંડ જતાં લગભગ એક મહીનેા થાએછે, પણ ટરીએસ્ટ અથવા મારસેલનેા મારગ પકડીઆથી, જો રસતામાં મુસાફર ખેાટી નહી થાએતેા, ૨૪ દીવસમાં મુંબઈથી લંડન જવાઈ શકાએછે. હાલના વખતમાં ઘણુ ખરા ઉતારૂએા મારસેલનેા રસતેા પસંદ કરેછે, અને આએ પુસતક લખનારે પણ તેજ રસતેા લીધેા હતેા, કેમકે તેથી ધારેલી જગેાએ જલદી પેાંહેાચાએછે, અને ફરાંનસનેા સેાની તેા દેશ જેવાની જોગવાઈ મળેછે.

સરવેને સારી પેઠે રેાશંતછે કે, દર પખવાડીએ ઈંગલંડ ખાતેનેા મેલ અતરે આવેછે, તેમ અતરેથી મ હીનામાં બે વખત ઈંગલંડ ખાતે જાએછે, અને એજ મેલની સાથે ઉતારૂએા પણ આવેછે તથા જાએછે. તારી ખ ૯ મી એપરેલ સને ૧૮૫૮ ને દીવસે સાંહાંજનાં ઈંગલંડ ખાતેનેા મેલ લઈને "મધરાજ" નામની આ ગબેાટ આપણા બારામાંથી ઉપડી હતી, તેની સાથે આ લખનારે આ ટાપુનેા કીનારેા છેાડીએા હતેા.

આપણી સફર કરવાનું સરૂ કરીએ, તેની આગમચ આપણા બારામાં આગબેાટ ઉપરથીજ આપણને અનબ તરેહનેા દેખાવ લાગેછે. જે મજાહ, મેાજ અને ખુશી મુસાફરને વાસતે હજુર હુર ખેાટી રહેલીછે, તેનેા વીચાર તે ઘડીએ આવતેા નથી, કેમકે આગબેાટ ઉપરથી બારામાં એક સુંદર દેખાવ નજરે પડેછે, અને તેમાં આપણું ધીઆંત રેાકાએછે. એક ચીજ અથવા દેખાવ આપણે હંમેશ જોતા હેાઈએ, તે વખતે તેની ખુ બી આપણને નથી માલુમ પડતી; કેાઈ વખતે કાંઈ અણુચીતા બનાવથી આપણી ઉપર જેવી અજાએબ તરેહ ની અસર થાએછે, તેવી ઉપલે વખતે મુંબઈનાં બારાંમાં થયા વગર રહેતી નથી. આપણે ઘણીવાર બંદર ઉપર જઈ ઉભા રહીએછે, તથા વારેવારીએ બેાટમાં બેસી ફરવા જઈએછે, તેાપણ થેાડાએાએ પેાતાની આસપાસનાં દે ખાવ ઉપર વીચાર કીધેા હશે. દુનીઆમાં સઉથી સારાં બારાં મધેનું એક બારૂં, જેમાં આજ દુનીઆનાં સઉથી મેાટાં બે રાજે, ઈંગરેજ અને ફરેનચ, તેમની આખી "નેવી" અથવા લડાઈના વાહાણેાની ફેાજ સેહેલથી સ માઈ શકે—જ્યાં ગણતરી વગરનાં નાહનાં બારકસેા વગેરે, આ પુરૂથવી ઉપરનાં સરવ ખંડેા—શું યુરેાપ, કે શું એશીઆ—શું આફરીકા, કે શું અમેરીકાનાં સઘળાં મળી ૧૦૦ થી ૧૫૦ મેાટાં બારકસેા તેમનાં દબદબા ભરે લા મેાટા ડેાળા અને રંગીન બેરંગીન વાવટાએા સાથે દર રેાજ આપણાં દીઠામાં આવેછે, અને તેએા આ ટાપુ ની દેાલત તથા વેપારની નીશાન તથા દુનીઆના સઘળા ભાગેા સાથેનેા સંબંધ દેખાડેછે. વળી આપણી સામે ની ગેાદીમાં ગાવળીનાં છાપરાં સાથનાં બારકસેા, કે જે હવે પછી આ ટાપુના વેપાર અને દેાલતમાં વધારેા કર શે, તે આ બારાંને પેાતાની બાળ અવસથાથી શણગાર આપેછે. તેમની પડેાસમાં એક મેાટી માંડવી તથા તે ની પાસેનેા કીલ્લેા, આ ટાપુના મેાટા ખપની અને કડકાઈતની નીશાંણ જાહેર કરેછે. બીજી તરફ નજર પેાહેાં ચાડીએછે, તેા આહા ! શું સુંદર દેખાવ આપણી નજરે પડેછે. ઉરણ, ધારાપુરી, રેવસ અને કનેરીના ટાપુએા ની હાર, સાંકળની માફક બંધાઈ ગએલીછે, અને જેની ઉપર ઉગતા સુરજ સાથે આકાશ ઉપરનાં વાદળાં પેા તાનેા ખુશનુમાં દેખાવ આપણી આગળ મેલેછે. વળી સામેની બાજુ તરફ નજર ફેરવીએછે, તેા કેાલાબાનું નાહનું ટાપુ તેનાં સેાબીતા બંગલા અને ઉંચી દીવા દાંડી સાથે જુદીજ રીતનેા દેખાવ આપેછે. આ દેશ નેા એક રેહેવાસી જરે પેાતાના બારાંમાં ઉભેા રહીને આવેા રળીઆમણેા તથા શેાહામણેા દેખાવ જોએ, તારે તે ના દીલમાં ઘણેાજ આનંદ ઉપજા વના રેહે નથી.

સઘળા ઉતારૂએા ચહડી રહેવા કે આગબેાટ જલદીથી ઉપાડવાની તઈઆરી થાએછે. આગબેાટ ચા લી, કે તેની અંદરનેા સઘળેા કારેાબાર ચાલેછે, તે જે શખસે આગળ કેાઈ વાર દરીઆની મુસાફરી નહી કીધી

હોયે, તેને ઘણોજ રમુજી લાગેછે. આગબોટ આસરે ૨૦૦ અથવા ૩૦૦ આદમીની વસતીનું એક નાહનું ગા
પુછે. કપતાન તથા ખાલંગ, આ ફરતા ટાપુનો સઘળો કારોબાર ચલાવેછે, અને સોથી વધારે આદમીઓ, જે ય
ડીયે તેઓના મોહોડાંમાંથી હુકમ નીકલેછે, તે ઘડીયે માન સાથે બજવેછે. ઉતારૂઓની બરદાસત લેવાનું સ
રવેનાં ધીઆનમાંછે; કપતાંનથી તે છેક હલકામાં હલકી પદવીનો ખલાસી તેઓને સઘળી રીતે સુખમાં રાખવા
ની ઇનતેજારી બતાવેછે. આ ટાપુમાં સુથાર, લુહાર, દરજી, બબરચી, ભઠીઆરો અને બીજા જરૂરનાં સઘળા
કારીગરોછે; કસી વાતની ખુટ નથી. જેમ આપણાં ઘરમાં આપણે સુખ ચેનમાં અને આરાસતગીમાં હોઇયે,
તેમ અતરે પણ છઇયે; એવી આપણું ઘરછે. જો આપણી તબીઅત નાદરૂસત થઇતો આપણે વાસતે દવા,
વઇદ અને ખીદમતગારો તઇઆરછે. જેમ ઘરમાં બરાબર વખત સર આપણું ખાણું આપણી આગળ આ
વેછે, તેમજ બલકે વધારે ચોકસાઇથી અતરે પણ મળેછે. બાપ, મા, બેહેન, ભાઇ અને છોકરાં જેમ ખુશાલી
સાથે પોતાની ટેબલ ઉપર સુકરાનાં કરી ભોજન કરેછે, તેમજ અતરે જાણે એક મોટું કુટુંબ દર રોજ પોતાનાં ઘ
રમાં જમતું હોયે તે પરમાણે દીસેછે, અને એ પરમાણે કેટલા એક દીવસ સુધી લાગત બનીઆથી એક બીજા
ની મીલનસારી, દોસતી તથા મોહબતમાં ઘણો વધારો થાયેછે. બંદગીને વખતે આ તરતાં ઘર મથેનું આખું
કુટુંબ તેમાં સામેલ થાયેછે, અને ઉતારૂઓમાં જો કોઇ પાદરી નહી હોયેતો, કપતાન પોતે પાદરીનું કામ ચલાવે
છે. ઉતારૂઓની જમીન ઉપરની હાલતની અતરે એક ખરી નકલછે. સઘળા ઉતારૂઓ એક બીજાનાં સુખ દુ
ખમાં ભેળાયેછે, કેમકે આ ટાપુ એવુંછે, કે તેની આબાદીથી સઘળાને સુખ, અને તેની ખરાબીથી સઘળાને
દુખ ઉપજેછે.

પણ જે ધણી દરીઆમાં પેહેલી સફર કરવા નીકલીઓ હોયે, તેને આ સઘળી બાબદ ઉપર પેહેલાં એક
બે દીવસમાં વીચાર કરવાને બનતું નથી; કારણ કે વાંહાણના હીલવાથી તેના શરીર અને મગજ ઉપર જે અસ
ર થાયેછે, તેથી તેને ઘણા ભોર આવેછે, અને કેટલીએક રીતે હેરાન થવું પરેછે. એ માંદગીને ઇંગરેજમાં
"સી સીકનેસ" કરી કેહેછે. ઘણા જણાઓ તેથી બહુ કંટાળેછે, કેમકે તે વખતે ફર બહુ આવેછે તથા ઉલટી
ઘણી થાયેછે અને ખાવા સુતલગ ગમતું નથી. જેઓ આ હાલતમાં આવેછે, તેઓ પેહેલાં એવાતો કંટાગેછે,
કે દરીઆમાં આવવાનો અફસોસ કરેછે, અને મનમા થાયેછે, કે આ દરદની વઇહીએ કશી દવા સોધી કાહા
ડી નથી. પણ એ માંદગીથી હારી જવું ન જોઇએ; જેમ બને તેમ હીંમત પકડવી, બુતક ઉપર ખુલ્લી હવામાં
ફરવું, અને બરાબર ખાવું, એજ તેની દવાછે; પેહેલાં તેમ કરવા નહીં ગમે તોપણ આપણી ખુશીની વીરૂધ એ
મ કીધાથી આપણે જલદી સારા થઇએછે, અને પેહેલાં જેવા કંટાળતા હતા તેમ પાછળથી બેવડી ખુશાલી દરી
આની સફરથી ઉપજેછે.

દુનીઆના સઘળાં જનવરોમાં આદમી સરવેથી શકતીવાન, હુનરમંદ, અને જોરાવરછે, તોપણ તે પર
મેશવરનાં હુકમ અને ખુશી આગળ કસા હીશાબમાં નથી; આપણું સુખ અને દુખ, જીવતર અને મરણ, એ
સઘળું તે સાહેબની મરજી ઉપરછે, તે વીશેનો એક મોટો ધડો અથવા ઉપદેશ, દરીઆની મુસાફરી કરનારની
આંખ આગળ હરદમ રેહેછે. તેની મેહેરબાનીને લાયેક થવાને તથા સલામત રેહેવાને, હર ઘડીએ અને હર
વખતે પરારથનાં કરવાની આપણી ફરજછે. હમણાં દરીઓ તળાવના જેવો સ્થીર અથવા થંભછે, તેના મોજાનું
જોર અને અવાજ કાંઇ નથી, પવન આપણી તરફેણમાં અને ઘણો ધીરો વેહેછે, સાંચા બરાબર કાયેદાસર ચા
લીઆ જાયેછે, અને સડો દબદબા સાથે ઉડી, આપણી મંજલને ઉતાવળેથી કાપીને, જવા ધારેલી જગાએ જલ
દીથી પોંહોચાડવાની ઉમેદ બતાવેછે; માથા ઉપર આકાશ ખુલ્લું, વાદળ વગરનું અને તીરમળ દેખાયેછે. ઘર
ની અંદર હોઇયે તેમ સઘળું સલામત દીસેછે, તોપનો ગોળો આપણા બારકસને હરકત નહી કરે એવું તે મન
બુતછે, અને દરીઆનો પાદશાહ હોયે તેમ પોતાનો રસતો કાપતું ચાલીઉં જાયેછે. વગર ધાસતીથી આપણે

સુતેલા અથવા જાગીએછે, અથવા ખાવા પીવા બેહાછે, અથવા ગમત અને ખુશીમાં ગુતાયાછે; જાણે સઘળી
તરફથી આપણી ઉપર રેહેમછેઃ પણ આ ઘડીએ આવી હાલતછે, આવતી ઘડીએ શું થશે, તે કોઇથી કેહેવાઇ શ
કાતું નથી. એક મોટું તોફાંન થઇ આવીઉં, દરીઓ તળાવનાં જેવો સ્થીર હતો તે જોશમાં આવીઓ અને તે
નાં મોજા તુતક બોવા લાગા; વંટોળીઓ વાંહાણને સીધું જવા દેતો નથી, વાદળાં ઘેરાઇ આવીઆં, મજબુત અ
ને મગરૂર આગબોટ આણી ગમથી પેલી ગમ ડોળા ખાવા લાગી, રસતો અંધારો થઇ ગયો અને કશું સુજ પડ
તું નથી. જેઓ એક ઘડી આગમચ બર ખુશી અને મોજમાં હતા, તેઓ હમણા ગંમગીની અને અફસોસ
માં આવી પડીઆ; જેઓ બર ઉમેદમાં હતા, તેઓના ચેહેરા ઉપર ના ઉમેદીનો પરદો ફરી વલીઓ; આ ઘડી
એ કે પેલી ઘડીએ આગબોટ ખરાબા ઉપર જાએ અથવા પાણીને તલીએ જઇ બેસે. આવા બનાંવો પરમેશવ
રનાં હાથમાંછે, તે હરેક સાધારણ વીચાર વાલું આદમી સારી પેઠે સમજેછે, તેથી મુસાફરને આદમીની
ના કઉમતી અને તે સાહેબનાં કઉમત વીશે, જેવો આ જગોએ નીતીનો ધડો મળેછે, તેવો બીજે કેથે નહી
મળતો હશે; માટે તે સાહેબને તે હરદમ ઇમાદ કરતો રેહેછે. દરીઆના મુસાફરને આવા વીચાર ઉતપંન થા
એછે, તે અતરે ટુંકામાં જાહેર કરવાને દુરૂસત ધારીઉંછે.

મુંબઇ છોડીઆ પછી આગબોટ પેહેલું બંદર એડન ખાતે કરેછે. એ ગામ અરબસતાનના કીનારા
ઉપરછે, અને મુંબઇથી પશચમ તરફ અને જુજ દખણ તરફછે. સારી મોસમમાં મુંબઇથી ઉપરેલી આગબોટ
પાધરી પશચીમ તરફ જાયેછે, પણ ચોમાંસાની રૂતમાં પશચીમ તરફથી પવન ઘણો ફુંકેછે તેની સામે આગબો
ટથી જવાઇ શકાતું નથી, તારે પેહેલાં દખણ તરફ ઉતરીને પછી વાવીમ કોણે જાયેછે. ચોમાંસાની રૂતમાં
આ પરમાણે હેરીઉં લેવાની ફરજ પડીઆથી આગબોટને ૮૦૦ માઇલ વધારે મંજલ કરવી પરેછે. એડન અને
મુંબઇ વચે ૧૬૬૪ માઇલનો રસતોછે, તે સારી મોસમમાં ૭ દીવસની અંદર પસાર કરી શકાયેછે.

મુંબઇનું બારૂં છોડીઆ પછી સોકોટરા નાં ટાપુ આગળ આવીયેછે, તાંહાં સુધી કોઇ કીનારો આ
પણને દેખાતો નથી, માટે લગભગ એક અઠવાડીઆં પછી જમીનનો કીનારો જોવાથી મુસાફરને ખુશી ઉપજે
છે. કોયેલા લેવાને સારૂ આગબોટ ૨૪ કલાક સુધી એડનનાં બારામાં બોટી રેહેછે, તેથી મુસાફરને આ નાંહ
નું ગામ જોવાને તથા તે વીશે કેટલીએક પુછ પરછ કરવાને બની આવેછે. અરબસતાનનાં કોસતા ઉપર એડન
નું બારૂં સઉથી સરસ ગણાયેછે, અને તાંહાં નામદાર રાંણીની સરકારનાં કેટલાંએક બારકસો જથુક રેહેછે. બા
રાંની અંદરથી ગામનો દેખાવ માતર પાહાડોની હાર સેવાયે વધારે દેખાતો નથી, કાંજે તેની સઘળી બાજુએ
ઉંચા ડુંગરો ફરી વલેલાછે, અને એ ડુંગરો તેનો ખુદરતી બંચાવછે. અતરે સવારી કરવાને તથા માલ લઈ જ
વા લાવવાને ગધેડાં તથા ઉંટો કામે લગાડવામાં આવેછે, પણ આગબોટનાં ઉતારૂઓ એડનમાં જવા ચાહાતા
હોયે, તેઓને સારૂ ઘોડાની ગાડીઓ મળી શકેછે. બંદરથી તરણ માઇલ દુર ગામછે, તાંહાં બે રસતે જવાઇ શ
કાયેછે. એકનું નામ "લીટલ પાસ" કરીનેછે, અને એ રસતો બનાવવાને વાસતે આસરે ૫૦ ફીટ ખડક કા
પવો પડીઓછે. બીજા રસતાને " મેન પાસ " કરીને કેહેછે, અને એ મારગે આપણે ગામની અંદર જઈ શ
કીયેછે. એ રસતાને વાસતે ૨૦૦ ફીટ ઉપર ખડક કાપેલોછે, અને એટલો ખડક કપાવાના સબબથી બે પાહા
ડો વચે જે ખાંચ પડીછે, તે માટે એ રસતાની ઉપર એક પાહાડ ઉપરથી બીજા પાહાડ ઉપર જવા સારૂ, એક
મજબુત પુલ બાંધેલોછે, તે બારામાંથી દેખાયેછે. ગામનો દેખાવ સારો અથવા ખુબસુરત નથી. તાંહાનાં બો
રકાં ઘરો ઘણાજ ખરાબ દેખાયેછે; નલીઆં મલતાં નથી તેથી ચુનાનાં ધાબાંનાં છાપરાં બનાવીઆમાં
આવેછે. સઘળી તરફ ખરાબીની નીસાંન માલુમ પડેછે, તથા ઘરો ભાગી પડેલાં અને કોહેમવાટ ઉપર આવેલાં
દેખાયેછે. ગામમાં ફરતા અરબો, સોમાંલી તથા યાહુદીઓનો દેખાવ ઘણોજ કંગાલ તથા દુખ ઉપજવા જેવો લા
ગેછે. સરકારી અમલદારોને રેહેવાનાં બંગલા તથા પારસીઓની દુકાનો કાંઇએક સારી હાલતમાંછે. "પોલીટીકલ

એનજંટ" નાં બંગલા અને પારસીઓની દુકાનોની વચમાં એક મોટો ચોકછે, તાંહાં હમણાં ચુનાના પથરનો એક મીનારો બાંધેલોછે, અને એવું જણાવીઆમાં આવીઉંછે કે આગળ એ જગોએ એક મોટી મસજીદ હતી, તે ભા ગી પડીઆ પછી તેની નીસાંત દાખલ તે મીનારો બાંધેલોછે. એડનનાં પાહાડનાં માંથા ઉપર આગલા તુરકીઓ નાં વખતનાં કીલ્લા તથા બુરૂજો ઘણાછે, પણ તે નાસ થએલી હાલતમાંછે. એ ગાંમ સઘળી તરફથી પાંણી અને પાહાડોથી ઘેરાઇ ગએલુંછે. અરબસતાનની મોટી જમીન ઉપર જવાને માતર એકજ રસતોછે, તેણી તરફ આ પણી સરકારે ડુંગરની ઉપર એક ઘણોજ મજબુત કીલ્લો બાંધીએોછે, તે ખરેખર જોવા લાએકછે.

અસલનાં વખતમાં એડન મધે પાંણી પુરૂં પાડવાને વાસતે જે મોટા ટાંકાં બાંધીઆમાં આવીઆં હતાં, તે ઘણાંએક વરસ સુધી માઠી અને નાસની હાલતમાં રહેઆં પછી હમણાં પાછાં ખોદી કાહડવામાં આવીઆંછે તથા કેટલેએક દરજજે સમારીઆંછે, તે ખચીત જોવા લાએકછે. એડનમાં વરસાદ ઘણોજ થોડો પડેછે તેથી પીવા ના પાંણીની ખુટ ઘણી હોએછે. આસરે ૧૫૦ કુવા ખોદેલાછે અને તેમાંનાં ૫૦ કાંમમાં આવે તેવાછે, તોબી તે માંથી ગાંમના લોકોને વાસતે પાંણી પુરૂં પડતું નથી. આવી હાલત અસલનાં વખતથીજ હશે, કેમકે ઉપર જણાં વેલાં ટાંકાં લાંબા જમાનાનાં બાંધેલાં હોએ તેવું દીસેછે. આખા અરબસતાનમાં સઉથી મોટું ટાંકું "બીલાદએલજી હાફ" નાં પરગણા મધે "મોરબ" શેહેરમાંછે, તે આજથી ૩૫૫૮ વરસ ઉપર બાંધીઆમાં આવીઉં હશે, એવું ધાર વામાં આવેછે. એવાં ટાંકાં એડનમાં આસરે પચાસછે, અને તે વીશે એવું જાણવામાં આવીઉંછે કે ઇસવી સને ૬૦૦ ના સાલમાં, જે વેળાએ અરબસતાન ઉપર ઇરાનીઓએ બીજવાર હોમલો કીધો હતો, તે વેળાએ બાંધીઆ માં આવીઆં હશે. સને ૧૮૩૫ નાં સાલમાં જારે કપતાન હેનસ અરબસતાનનાં કીનારાની તપાસ કરવા સારૂ તે તરફ ગયો હતો, તારે એ ટાંકાં કાંઇએક સારી હાલતમાં હતાં, પણ પછવાહેથી તે વીશે કશી ચોકસાઇ ન હી રાખીઆથી ઘણાં ખરાં પુરાઇ ગયાં હતાં. હાલમાં જણાવવાને ખુશાલી લાગેછે, કે મુંબઇની સરકારના હુકં મથી ગયાં ચાર વરસની અંદર એ મધેનાં પંદર ટાંકાં સાફ કરવામાં આવીઆંછે, તેમાં વરસાદનું ૮૦ લાખ ગીઆલંન પાંણી શમાઇ શકે. સઘળા ટાંકાં જો સાફ કરવામાં આવેતો તેમાં તરણ કરોડ ગીઆલંન પાંણી માઇ શકે. આ ટાંકાં કેવાંછે તેની વાંચનારાઓને સમજ આપવાની જરૂરછે. જાંહાં પાહાડો એક એકની પડોસમાં આ વીઆછે તેમની વચમાંની જે બાજુ ઉંઘાડી રહેલી હોએછે, તે બાજુ પથરથી મજબુત બાંધી લઇને બંધ કરી નાખી આમાં આવીછે, તેથી તાંહાં મોટા તલાવો બનીઆછે. વરસાદનાં દાહાડામાં ઉપલા પાહાડો ઉપરથી આવતા પાંણી નાં ધોત પેલા તલાવોમાં પડેછે, અને તેથી પાંણીનો મોટો જથો ઝીલાઇ શકાએછે. વળી એવી જોડવણ કીધી છેકે, જો એક ટાંકું ભરાઇ જએતો તેમાંનું પાંણી બીજાં ટાંકામાં જઇ શકે. તારીખ ૨૩ મી અકટોબર ૧૮૫૭ ને દીને એડનમાં સારો વરસાદ થયો હતો, તે વખતે ઉપલાં ટાંકાં મધેનાં થોડાંજ સારી હાલતમાં હતાં, તોપણ તે દીવસે જે વરસાદ પડીઓ હતો, તેથી તેમાં જે પાંણી ઝીલાયું હતું, તે એક વરસનાં ખપને પુરૂં પડે એટલું હતું. કેટલાંએક ટાંકાંની આગળ આજ બે વરસ થયાં નાંહના બાગો કરવામાં આવીઆંછે, તેથી સાંહાંજને સ મે તાંહાં ફરવા જનારાઓને ઘણી ખુશી ઉપજેછે, કાંએજે એ વેરાંણ ગાંમમાં એ બાગો નવાઇ સરીખાંછે.

એડનમાં વરસની અંદર છ અથવા સાત ઇંચથી વધારે વરસાદ પડતો નથી, તેથી કરીને આ ટાંકાંનાં પાંણીનો આધાર પણ વરસાદ ઉપર રેહેછે. જારે વરસાદજ નહી હોએ, તારે ટાંકાં પણ નકામાં રેહે, તેથી ઇસ વી સનેની ૧૫ મી સદીમાં અરબસતાનનાં પાદશાહ મલેક અલ માશુર તાજેદીન અબદુલ વાહબ બીન તાહે રે, બીરે હામેદમાંથી એડનમાં પાંણી લાવવાને સારૂ એક નેહેર બાંધી હતી, પણ હાલ તેનો સઘળો નાસ થઇ ગ યોછે. એડનની આસપાસનાં ગાંમોની હાલત તરફ નજર કરતાં એ નેહેર પાછી સંમરાવવાનો મોટો ખરચ ક રવાનું દરૂસત દેખાતું નથી, માટે હાલમાં ઇંગરેજ સરકારે બાફનાં સાંચાની મદદથી દરીઆનું પાંણી પીવા લા એક કરવાનો ઉપાએ ચલાવીએોછે, અને તે કેટલેક દરજજે પાર પણ પડીએોછે.

ઇંગરેજ સરકારે એડનમાં એક નીશાળ સથાપીછે, અને તાંહાં છોકરાઓને ઇંગરેજી તથા અરબીમાં કેળવણી આપવામાં આવેછે. એ નીશાળમાં છોકરાઓને જે કેળવણી મળશે, તેથી અલબતાં ફાએદો થશે, અ ને કેળવણીનું ફળ જેમ હંમેશાં આદમીને સુધારવામાં નીપજેછે, તેમ આ હથીઆરથી તાંહાંનાં જંગલી તથા જ નુંની લોકોની હાલતમાં સારો ફેરફાર થશે એવી ઉમેદ રાખવામાં આવેછે. આ ઉપરાંત આ ગાંમમાં મુસાફરને સારૂ વધારે જોવાનું કાંઇ નથી, માટે એડનની કેટલીએક જાંણવાજોગ તવારીખ તથા તે ઇંગરેજનાં તાબામાં શી રીતે આવીઉં તેની વીગત જણાવી આ ગાંમનો હેવાલ પુરો કરીએછે.

એડન આગલા વખતમાં અરબસતાન દેશનાં સરવેથી વખણાએલાં શેહેરો માહેનું એક શેહેર ગણાતું હતું. તે વખતે હીંદુસથાન, ઇરાન, અરબસતાન અને આફરીકા વચે તથા યુરોપ, મીસર, અને ફ્રીનીશીઆનાં જુ દાં જુદાં દેશો સંગાથે જે વેપાર ચાલતો હતો, તે વેપારનું એડન એક મુખીએ મથક હતું. પુરવ તરફનાં જુદાં જુદાં દેશોથી નગદીના બારકસો રેડ સી ને મારગે મીસર દેશમાં જવા સારૂ એ શેહેરનાં બારામાં આવતાં હતાં, તથા તરેહવાર જાતના માલથી લાધેલી વનજારોનો તાંહાં જમાવ થતો હતો, અને ટુંકામાં કહીએતો, પુરવ તથા પશચીમ તરફનાં સઘળા વેપારીઓ એ શેહેરમાં પોતાની પેહેલીઓ ઉંઘાડી અરબસતાનમાં તથા બીજાં તે તરફ નાં દેશોમાં માલ પુરો પાડતા હતા. એ પરમાણેની એ શેહેરની આબાદ હાલત હતી, પણ જે પરમાણે દુનીઆ માં ચાલતું આવીઉંછે, તે પરમાણે તે આબાદીનો પણ છેડો આવીઓ. રોમ શેહેરમાં જારે કલાડીએસ સીજર રા જ કરતો હતો, તારે એ શેહેરનો રોમન લોકોએ નાસ કીધો હતો, એવું ડીન વીનસેનટ નામનો ગરંથકાર ધારેછે. એડનનો નાસ કરવામાં રોમન લોકોની શું મતલબ હતી, તે સેહેલથી સમજ પડેછે. તે લોકો પેહેલાં અરબસ તાનમાં આવીઆ તારપછી રેડ સી ના કીનારા ઉપર તેઓએ પોતાની કોઠી રાખી હતી; પણ જારે કલાડીએસે એ ડનનો વેપાર બોહોળો ચાલતાં જોયો, તારે તે વેપાર પોતાના મીસર દેશ માંહેનાં સંસથાનો તરફ ખેંચી લેવાની તેની મરજી થઇ. એજ વેળાએ આલેકઝાનદરીઆ શેહેરનાં એક યુનાની રેહવાશી નામે હીપાલસે મીસરથી એ કદમ હીંદુસથાનમાં આવવાનો મારગ સોધી કાહાડીઓ હતો, તે ઉપરથી કલાડીએસને એડન ઉપર હોમલો કર વાને વધારે હીંમત છુટી હતી. પછવાહેથી કાનસટનટાંઇન શાહનશાહના વખતમાં એ શેહેર પાછું કાંઇએક સારી હાલતમાં આવીઉં, અને રોમન લોકોની એ એક ફતેહછે, એવી ઇચ્છાદગારી કાએમ રાખવા સારૂ ઉપલા શાહનશાહે તેને "રોમાનંમ એમપોરીએમ" એટલે રોમન લોકોનું વેપારનું મથક એવું નામ આપીઉં.

ઇ૦ સ૦ ૧૫૩૮ માં સુલેમાન પાદશાહે હીંદુસથાન ઉપર ચઢાઇ કરી, તે વેળાએ તે પાદશાહની ફોજમાં વેનીસ શેહેરનો એક સરદાર ચાકરી રહેઓ હતો, તે એડન વીશે આ પરમાણે લખેછે. "એ શેહેર ઘણું મજ "બુત અને દરીઆના કીનારા ઉપરછે, એની આસપાસ મોટા પાહાડો આવેલાછે, અને તેમને મથાલે નાંહ "નાં કીલ્લા બાંધેલાછે. ગામમાં અને કીનારા ઉપર જવાને વાસતે તાંહાં આસરે તરણશો કદમ પોહોલો લાગળનાં "જેવો એક રસતોછે, અને તેને દરવાજા મેલેલાછે, તથા તેની દેવાલો પણ ઘણી સારીછે. શેહેરની સાંમે દરી "આમાં "શીરહા" નામનું એક નાંહનું ટાપુછે, તેની ઉપર પણ બંદરના બંચાવને સારૂ એક કીલ્લો બાંધેલોછે, "અને તાંહાં બે વાંમ પાંણીછે. તેની ઉતર દશાએ એક બીજું બંદરછે, કે જાંહાં પવનનું કાંઇ જોર નથી અને "તેથી માલથી ભરેલાં બારકસો તાંહાં સલામતી સાથે લંગર કરી શકેછે. એડનની જમીન ઘણી સુકીછે તેના સ "બબથી તાંહાં કોઇ ચીજનો પાક થતો નથી. વરસાદના પાંણી સીવાએ લોકોને બીજું સાફ પાંણી મળતું ન "થી અને એ પાંણી તેઓ જમીનમાં નજદીક શો વાંમ ખોદેલા ઉંડા ખાડાઓમાં એકઠું કરેછે."

યુરોપ ખંડ સંગાથે હીંદુસથાનનો વેપાર એડનને મારગે સોલમી સદીશુધી ચાલીઓ; તારબાદ યુરોપ ખં ડથી હંકારેલાં બારકસોને હીંદુસથાનમાં આવવાનો કેપ આવ ગુડ હોપનો મારગ પોરટુગીસ લોકોએ સોધી કા હાડીઆથી એડનને મારગે ચાલતો વેપાર ઘણો ખરો તુટી ગયો.

ફરેનચ વેપારીઓની એક કંપનીએ સને ૧૭૦૮ માં જે કાફલો રેડ સીમાં મોકલીઓ હતો, તેનો સરદાર એમ ડી મેરવીલ જારે એડનમાં ઉતરીઓ હતો, તારે તેણે આએ ગામની આસપાસ ઉંચી દેવાલો જોઇ હતી, એવું તે જણાવે છે. તુરકી લોકો જેવારે અરબસતાન છોડીને ગયા, તેવારે તેઓની પછવાડે રહી ગએલી મોટાં કદની પીતળની તોપોની પાંચ અથવા છ બટેરીઓ એ કીલ્લાના બંચાવને સારૂ તાંહાં હતી. જે જમીનનો કટકો એડનને અ રબસતાન સાથે જોડેછે, તાંહાં પણ એક કીલ્લો હતો અને ગાળે ગાળે તાંહાં ચોકી હતી. તાંહાંથી એક તોપનો ગોળો જેટલી વેગળાઇએ જઇ શકે, તેટલે દુર વળી એક બીજે કીલ્લો હતો, અને તાંહાં બટેરીઓ ઉપર ચી આલીસ મોટી તોપ ગોડવેલી હતી. એ કીલ્લાની તથા શેહેરની વચે વળી એક ત્રીજે કીલ્લો હતો, અને તેના ઉપર બાર તોપ ગોડવેલી હતી. એજ સરદાર હેવું પણ જાહેર કરેછે કે શેહેરમાં કેટલીએક ખુબસુરત ઇમારતો તેની નજરે પડી હતી, પણ આસપાસની જુની અને નાસ પામેલી બીજી ઇમારતોને લીધે શેહેરનો દેખાવ કાં ઇ સારો ન લાગતો હતો. એ સઘળી ઇમારતોમાં વખાણવા લાએક ઇમારતો તે વેલાએ તાંહાંનાં હમામખાંનાં હતાં. એ હમામખાંનાં સંગે મરમરનાં અને જાસપરનાં પથરોથી બાંધેલાં હતાં, તથા અંદર રોશની દાખલ કર વા સારૂ તેઓની ઉપરનાં ગુંબજોમાં મોટાં ગબારાં રાખેલાં હતાં. અંદરની બાજુએ મોટા થાંભલાઓ ઉપર ઉભી કીધેલી ગીઆલરી નજરે પડતી હતી તથા દીવાનખાનાં અને બીજા મેહેરાબદાર ઓરડા પણ દીઠામાં આવ તા હતા.

મીસતર સાલટ નામનો એક શખસ લખેછે, કે ઇ૰ સ૰ ૧૮૦૯ માં પણ વેપારની જગા દાખલ એડ ન અગતનું ગણાતું હતું. આફરીકાખંડના ઉતર અને પુરવની વચેના પરાંતોમાંથી સોમાલી લોકો ગુંદરનો વે પાર કરતા હતા, તે વેપારનું એ શેહેર એક મોટું બજાર હતું. સરવેથી સરસ કાફી પણ અતરે મળતી હતી. ગામમાં જોકે ભાગા તુટાં ઝુંપડાં તથા નાસ પામેલી જગાઓ હતી, તોપણ તેના આગલા દબદબાની કોઇ કોઇ નીશાણીઓ નજર આવીઆ વના રેહેતી નહી હતી.

ઇ૰ સ૰ ૧૮૩૫ માં જારે કાપટન હેનસ એડન ખાતે ગયો હતો, તારે તેણે એ શેહેર પુરી પાએમાલ થ ઇ ગએલી અવસથામાં જોયું. તે વખતે તાંહાં સઘળા મળીને માતરે ૯૦ ઘર પથરનાં બાંધેલાં હતાં, પણ તેઓ ઘણી નાંસકારક હાલતમાં હતાં. કેટલીએક મસજીદોનો પણ એવોજ હાલ હતો, અને તેઓ માંહેલી માતરે એક જ તે વખતે સંભરાતી હતી. બાકીનાં ઘરો સાદરીનાં તથા કાંમડાંનાં બાંધેલાં હતાં. એ શેહેરનો સઘળો વેપાર બીલકુલ તુટી ગયો હતો, કુવાનાં પાંણી ખારાં હતાં, અને બંદરમાં તથા રસતાઓ ઉપર કોઇ આવ જાવ કરતું ન હતું. તે વેળાએ તાંહાંની વસતી પાંચશોથી તે છશો આદમીઓની હતી, તેમાં ૧૮૦ યાહુદીઓ, ૩૦ અથવા ૪૦ વાંણીઆ, અને બાકીના અરબ તથા સોમાલી લોક હતા. સુલતાન ઘણું કરીને લાહેજમાં રેહેતો હતો, અ ને એડનનો અખતીઆર એક શુબાનાં તથા મેહેસુલ એકઠું કરનારનાં હાથમાં આપીઓ હતો, તેઓના સવાધી નમાં ૫૦ અરબ શીપાહી હતા. વરસ દાહાડે સઘળું મળીને માતરે બાર હજાર ડાલર મેહેસુલ એકઠું થતું હતું. હવે એડન ઇંગરેજોનાં હાથમાં શી રીતે આવીઉં, તે વીશે ટુકામાં જણાંવીએછે.

ઉપર કહીઉંછે, કે કાપટન હેનસ અરબસતાનનાં દખણ પુરવ તરફનાં કોસતાની તપાસ કરવા સારૂ પેહેલાં સને ૧૮૩૫ માં એડન ગયો હતો. એ વેલાએ તેના વાહાંણુના બે અમલદારો લાહેજના શુલતાંનને મલ વા ગયા હતા, તેઓને તેણે ઘણું આદરમાન આપીઉં, અને "કુડથેલી" જાતનાં લુટારાઓ જેઓએ તેના ગામ ઉપર હુમલો કીધો હતો, તેમની ઉપર તે ચઢાઈ કરવાનો ઈરાદો રાખતો હતો તેમાં ઇંગરેજોની મદદ માંગી, પણ ઇંગરેજોએ તે મદદ આપવા ના પાડી.

૧૮૩૬ માં વળી ફરીથી તે લુટારાઓએ એડન લુટીઉં અને તરીસ હજાર ડાલરની કીમતનો અવેજ લઈ ગયા, તથા ગામ ઉપર દરરોજ એક શો ડાલરનો કર નાખીઓ. મધરાતથી હંકારેલું "દરીઆદોલત" નામનું

કરનાંટકનાં નવાબની ભતરીજી અહમદ એન નીશા બેગમનુ એક બારકસ ૪ થી જાંનેવારીની સહવારનાં એડ નથી બોડા માઇલ દુર કુબેટસ નામનાં ટાપુ આગળ આવી લંગરવાર થયું, તેમાં ઘણો કીમતી માલ લાધેલો હતો તથા જદદે જનારા હાજીઓનો કાફલો ભરેલો હતો. સુરજ બાહેર નીકલીઆ પછી એડનના અરબો તે ઉપર ચ હડી ગયા, અને સઘળો માલ લુટી લીધો, તથા તે ઉપર કેટલીએક આબરૂવાળી તથા કુળવાંન અસતરીઓ હતી, તેમની આબરૂ ઉપર ઘણો નીલાજરો હુમલો કીધો. એવી બદનામીથી પોતાનો બંચાવ કરવા જતાં, તે મધે થી ૧૪ ઓરતોએ પોતાનો જીવ ખોયો હતો. એ બનાંવની ખબર મુંબઇની સરકારને પડીઆથી, તેઓએ તે વી શે સુલતાન પાસે ખુલાસો માંગીઓ, અને ઈંગરેજની રઇઅત સંગાથે ફરીથી કોઇ વાર એવી ગુનાંહ ભરેલી ચાલ નહી ચલાવવા બાબેનો મજબુત બંદોબસત કરવાને કાપટન હેનસને પાછો એડન રવાંને કીધો. એ અમલદારને મુંબઇની સરકારે હેવો પણ અખતેઆર આપીઓ હતો કે, બને તો એડનનુ ગામ ખરીદ કરવાનો બંદોબસત કરવો, કે જેથી રેડ સી ને મારગે ચાલતો વેપાર વધારે મુસતકીન પાયા ઉપર આવે, અને હીં દુસથાન અને ઈંગલંડનાં મેલની આવતી જતી આગબોટોને કોએલા પુરા પાડવાને એક મુખીઅ મને સલાં મતી ભરેલું મથક કરવાને પણ બની આવે.

૧૮૩૭ ની ૨૮ મી દીસેમબરે કાપટન હેનસ એડન જઈ પોંહોતો, અને ૪ થી જાંનેવારીએ જમીન ઉપર ઉતરી સુલતાનની મુલાકાત લીધી. જે તકસીર સુલતાન ઉપર મેલીઆમાં આવી, તે બાબે તે નામુનકેર ગયો, પ ણ "દરીઆ દોલત" ઉપરનો લુટાએલો માલ બજારમાં ઉંઘાડી રીત વેચાતો હતો, તેથી સુલતાનની તકરાર વધા રે વાર વજંત પાંખી નહી, અને કાપટન હેનસે ઉપલી લુટનાં નુકસાંનનાં બદલામાં ૧૨ હજાર ડાલરનો દાવો કી ધો, અથવા લુટાએલો માલ પાછો માંગીઓ. એ બાબે લાંબી ચકચાર ચાલીઆ પછી, જેમ તેમ ૭૮૦૮ ડાલર ની કીમતનો માલ સુલતાને પાછો આપીઓ, અને બાકીના ૪૧૯૨ ડાલરની બાર મહીનાની મુદતની એક હું ડી કાપટન હેનસને લખી આપી.

એ પછી તારીખ ૨૩ મી જાંનેવારીએ કાપટન હેનસે સુલતાન પાસેથી એવું લખત લખાવી લીધું કે, આવતા માં ૨૫ મહીનામાં તેણે એડન ઈંગરેજોનાં સવાધીનમાં કરવું, અને તેનાં બદલામાં તેઓ તેને વરસ દાહાડે ૮૭૦૦ ડાલરનો લવાજમો આપે. એ કોલકરાર બાબે ફરીથી કાપટન હેનસની તથા સુલતાનની મુલાકાત થનાર હ તી, પણ તે વખતે સુલતાનનાં છોકરાએ કાપટન હેનસને પકડવાનો તથા ઉપલા કોલકરારને લગતાં સઘળાં કાગ જ પતરો જપત કરવાનો ઈરાદો કીધો હતો, તે દગાની ખબર આગમચથી કાપટન હેનસને પડી, તેથી તેણે સુલ તાનની મુલાકાત લેવાનું માંડી વાલીઉં અને પાછો તુરત મુંબઇ આવીઓ.

૨૪ મી અકટોબરે તે પાછો એડન ગયો, અને સુલતાન ઉપર એક રૂક્કો લખીને તેની આગલી કબુલા ત પુરી પાડવા વીશે કેહેવડાવીઉં; તેનાં જવાબમાં સુલતાને ઘણો અપમાન ભરેલો કાગળ લખીઓ અને ઘણી ન ગરૂરી ભરેલી ચાલ ચલાવી. સુલતાનના છોકરાએ કાપટન હેનસને લખીઉં કે "હું મારા બાપથી તથા તારા "થી બહડતો છું. તું મારા દરવાજા આગળ આવેતો, હું તને અંદર આવવા દઈસ, અને પછી તારા માંથા "ઉપર બહડી બેસીસ; એવો અમો બેદુઈંન લોકોનો કાએદોછે." લુટેલો માલ જે આગળ પાછો આપી ઓ હતો, તે એડનમાંથી લઈ જવા દેવાને સુલતાને ના પાડી. તેણે બીજે એવો હુકમ કીધો કે કાપટન હેન સનાં વાંહાંણને કોઇ ખોરાક પાંણી પુરૂં પાડે નહી, અને તેનાં શીપાહીઓએ તે વાંહાંણુની બોટ ઉપર વગર કારણે બંદુકોનો મારો ચલાવીઓ, જેથી ઈંગરેજ સરકારનાં બે ખલાસી જરા ઘાએલ થયા.

એવા જુલમને લીધે કાપટન હેનસે બંદર બંધ પાડીઉં, તેથી સુલતાન ઘભરાયો, અને સુલે હ કરવાને તરણ દાહાડાની છુટ માંગી લીધી. તે છુટ આપવામાં આવી, પણ તેનો ઘણોજ નીલાજરી રી તે સુલતાને લાભ લીધો. આફરીકાના જે કોસતા ઉપરથી કાપટન હેનસનાં વાંહાંણુને ખોરાક તથા પાંણી

પુરૂં પડતું હતું, તે તરફ તેણે એક મછવો મોકલાવી તાંહાંનાં સોમાલીઓને ૨૦૦ ડાલરની લાંચ આપી, તે ઓનાં કોસતા ઉપર જે કોઈ ઈંગરેજો જાએ, તેમને કતલ કરવાની ઉશકેરની કીધી. ૧૮ મી દીસેમબરે સરકારી સકુનર " મોહી " અને એક બીજું કોળશાનું વાંહાંણ એડનના બારાંમાં આવી પોંહોચીઆં, તે વખતે સુલતાનને તે સકુનર ઉપરથી પણ કેહેવડાવીઉં, કે તેં જે કબુલાત આગળ આપીછે, તે તારી પાસેથી પુરી પડાવા નો ઈંગરેજ સરકારે ઠરાવ કીધોછે, તે પણ તેણે સાંભલીઉં નહી. પછી ૧૧ મી જાનેવારીએ શીરહા નાંમનાં ટાપુની થોહેએક દુર ઈંગરેજો અને અરબો વચે લડાઈ થઈ, તેમાં ઈંગરેજોની તરફના બે ખલાસી જખમી થયા, અને આસરે વીસથી તે તીસ અરબો અશકત થયા. ૧૬ મી જાનેવારીએ વળી ૩૦૦ ઈંગરેજ તથા ૪૦૦ ગાં મડી શીપાહીનું એક બીજું લશકર મેજર બેલની સરદારી હેઠલ તાંહાં આવી પોંહોતું. તેઓ સંગાથે ૩૮ તો પ હતી. તેઓએ ફરીથી વળી સુલતાન ઉપર છેલ્લો સંદેશો મોકલીઓ, કે એડન ઈંગરેજ સરકારને સવાધીન ક રવું, તેપણ તેણે નહી સાંભલીઉં, તેથી તે ગાંમ ઉપર તોપોનો મારો ચલાવીને જીતવાની ફરજ પડી. ઈંગરેજો ની બાજુએ ૧૫ અને અરબોની તરફ ૧૫૦ આદમી મારીઆં ગયાં તથા જખમી થયાં. એડનનાં લશકર ખાતાંનાં તે વખતે માતરે ૭૦૦ શીપાહી હતા, અને માતરે ૬૦૦ આદમીની વસતી હતી, તેમાં ઘણો ભાગ યાહુદીઓનો હતો. સુલતાન, તેનું કુટુંબ અને શેહેરનાં બીજા કેટલાએક મુખીઆ લોકો લાહેજ તરફ નાંહશી ગ યા. એ રીતે એડન ઈંગરેજ સરકારનાં હાથમાં આવીઉં.

એડન બરીટીશોના હાથમાં આવીઆ પછી તેમાં જે ફેરફાર થયોછે તે કેવોછે, તે નીચે જણાવેલી વીગ ત ઉપરથી વાંચનારને સેહેલથી સમજ પડશે. ઈ૰ સ૰ ૧૮૩૯ માં એ શેહેર ઈંગરેજોએ ફતેહ કીધું, તેવાર પછી તેની હાલત દર વરસે સુધરતી જાએછે. આગળ તમાંમ ભાગાં તુટાં ગામડાંની જગોએ હાલ કાંઈબી સારો દે ખાવ નજરે આવેછે. તાંહાંની વસતી જે આગલ માતરે છશો આદમીની હતી, તેને બદલે હાલ પચીસ હજાર આદમી તાંહાં વસેછે. એટલી ટુકી મુદતમાં આ કાંઈ થોડો વધારો થએલો ન સમજવો. વળી વેપાર એટલો વધી ગયોછે, કે હમણાં વરસ દાહાડે એક કરોડ રૂપીઆની ઉથલ પાથલ થાએછે. ઈ૰ સ૰ ૧૮૫૮ નાં મેએ મ હીનામાં જે વરસ પુરૂં થયું, તેનો હીશાબ કાહાડીઓ, તારે માલુમ પડીઉં કે, તે વરસમાં સઘળો મળીને ૪૭૭૮૬૭૭ રૂપીઆનો માલ એડનમાં આવીઓ હતો, તથા ૨૨૪૧૭૯૮ રૂપીઆની નગદી આવી હતી; અ ને તેજ વરસમાં ૨૮૩૬૩૭૪ રૂપીઆનો માલ તાંહાંથી બીજા દેશાવરો ખાતે ગીઓ હતો, તથા નગદી ૧૫૯૮૬૭૪ રૂપીઆની ગઈ હતી. એ વરસની આગમચનાં વરસનાં વેપાર સાથે આ રકમનો મુકાબલો કર તાં માલુમ પડેછે કે, ૧૮૫૮ નાં વરસમાં ૨૬૩૦૬૯૮ રૂપીઆનો વેપાર વધારે થયો હતો.

ટુક વખતમાં એડનની આબાદાંનીમાં આટલો વધારો થયો તેનું મુખીઆ કારણ એછેકે, ઈંગરેજોનાં વાવટાને લીધે, પોતાના જાંન માલની સલાંમતી વીશે લોકોની ખાતરી થઈ, અને બીજું એકે સઘળાને વેપાર કરવા સારૂં એ બંદર હીંદુસથાનની સરકારે ૧૮૫૦ નાં દસમાં કાએદાથી ઉંઘાડું મેલીઉં, તેથી વેપારીઓને વર સનાં સઘળા મહીનાં પોતાના બારકસોને સલાંમતીથી બંદરમાં રાખવાને છુટ મળી. તુરકીનાં બંદરોમાં ખરીદ કીધેલા માલ ઉપર જેમ કર લીધામાં આવેછે, તેમ ઈંગરેજ સરકારે નહી કરીમાથી તથા તેવી બીજી કેટલી એક કંટાળા ભરેલી અને નકામી જંજાલો કાહાડી નાંખીમાથી વેપારીઓને અતી ઘણો ફાએદો થયો અને તેવોનો માલ નફે ભાવે વેચાવા લાગો.

એડનનાં આગલા કીલ્લા સઘળા રદ કીધામાં આવીમાછે, અને તેમને બદલે એક જુદોજ કીલ્લો બાંધીઓછે, તે ખચીત મજબુત અને રોનકદારછે. જાંહાં એ નવો કીલ્લો બાંધીઓછે, તે જગા કુદરતી મજબુત હોવાના સબબથી તે ઉપર પુરાકળ ખરચ કરીને તથા સારા ઈંજીનીઅરોની સલાહ લઈને તે ઉપરનો કોટ એટલોતો મુ સતકીન બાંધીઓછે, કે તે ઉપર કોઈ હુમલો કરનાર એકાએક ફાવી શકે નહી. એ કીલ્લો જે કોઈ હાથ ક

રવા માંગેતો મજબુત તોપખાંનાં સુધાંનાં એક યુરોપીઅન લસકર તથા ફોજની જરૂર પડે. ઈંગલંડ અને હીંદુસથાન વચેનાં આવ જાવનાં આ મુખીઅ મથક ખાતે ઈંગરેજ સરકારે હાવો મજબુત કીલ્લો બાંધીઓછે તે ઘણું ડાહાપણ કીધુંછે.

ઉપર જણાંવીઉંછે કે એડનની વસતી હવડાં પચીસ હજાર આદમીનીછે, પણ જેમ હીંદુસથાનમાં કરી આમાં આવેછે, તેમજ તાંહાંનાં મુસલમાનો પણ પોતાના ઘરમાંનાં માણસોની, તેમાં અકસર કરીને ઓરતોની, ખ રી સંખીઆ કદી જણાવતા નથી, તેથી વસતીનો બરોબર અડસરો જાણવાને જરા મુશકેલ થઈ પડેછે. સને ૧૮૫૬ ની પેહેલી જાનેવારીએ નીચે જણાવીઆ પરમાંણે એડનની વસતીની ગાંણતરી કાહાડી હતી. ખરીસ તી ૧૧૨૯૬; હીંદુસથાનના મુસલમાન ૨૫૫૭; અરબસતાનના મુસલમાન ૪૮૧૨; આફરીકાના મુસલમા ન ૩૬૨૭; બીજી જાતનાં મુસલમાન ૫૮; હીંદુ ૫૬૧૧; પારસી ૬૧; યાહુદી ૧૨૨૪; બીજી પરચુટણ જાત ૧૬૫૯; જુમલે ૨૦,૭૩૮. એ સંખીઆ પણ ઓછીછે, અને ઉપલી તારીખ પછી તેમાં વસતીનો વધારો થયોછે, હેવું માંનવાને ઘણાં કારણોછે. આ વસતીમાં જેઓને ખરીસતી દાખલ જણાંવીઆછે તેઓ યુરોપી અંન શીપાહીઓ, તેમનાં કુટંબ, સરકારના અમલદારો, અને થોડા વેપારીઓછે.

હીંદુસથાનનાં મુસલમાનોમાં ઉપલી રકમનો બે તરતીઆંઉંસ ભાગ અતરેથી મકે હજ કરવા જનારા અથવા તાંહાંથી અતરે આવનારા મુસલમાનોનોછે. બાકીનો તરીજો ભાગ વોહોરા તથા મેમણ વેપારીઓ, શીપાહી, અને ઘરના ચાકરોનોછે,

માતરે ૯૬૫ અરબો એડનનાં ખુદ વતનીઓછે, બીજો મોટો ભાગ છબીલીસની જાતના તથા ઈંઅ મથી આવેલા અરબોનોછે. તેઓ તાંહાં બેગારીનો ધંધો રોજગાર સોધવા સારૂં આવેછે, અને બાકીનાં ટુક ધંધાગીર, દલાલ, માછી અને કોઈ બીજો તેવોજ રોજગાર કરનારાછે.

આફરીકાના મુસલમાનોમાં ૨૬૦૦ સોમાલીઓછે. તેઓ તાંહાં જેમ તેમ પોતાનો જંનમારો કાહાડેછે, કોઈનેતો રેહેવાને ઝુપડાં પણ નથી મલતાં. તેઓ પાસે કાંઈ જુજ પઈસા થયા, કે પાછા પોતાને દેશ જતા રેહે છે. થોડાએકજ એડનમાં પોતાનું ઘરબાર કરીને રહેલાછે. એ લોક ભરવાડની જાતછે. તેઓને ખેતીવાડીનું કાંઇ મુતલગ ખબર નથી, અને પોતાનાં જંનવરોનાં દુધ અને બીજી પેદાસ ઉપર પોતાનો ગુજરો કરેછે. આફરીકાનાં કીનારા ઉપર બરબેરા અને બીજી જગાઓ ઉપર વરસો વરસ જે મોટાં બંજર ભરાએછે તાંહાં તેઓ મેંટા, ગાએ, ઢોર, ટટ્ટુ, ઘી, ગુંદર, ચામડાં, અને એ વગરે બીજી ચીજોનું વેચાંણ કરેછે, ઈંઆતો સપ ટેમબર મહીના પછી, એલો સઘળો માલ પોતેજ એડનમાં લાવીને વેચેછે, અને જે મોસમમાં તેઓ તોફાંનની ધાસતીને લીધે પોતાનાં કોટીઆં દરીઆમાં ફેરવી નથી શકતા, તે વખતે તેઓ આવતી મોસમને સારૂ ઉપર કહેઓ તેવો તથા હાથીદાંત અને તે વીગેરે બીજો માલ મેળવવા સારૂ આફરીકાનાં બીજા ભાગોમાં જાએછે.

એ લોક જાતે આળસુ પણ સ્વભાવે સારાછે, તોપણ કોઈવાર ઘણા જલદી ગુસ્સે થઈ જાએછે, તેથી હાથમાં લાકડી પણ લઈને ફરવાની તેઓને સરકારથી મનાંઈછે. પોતાના દેશમાં તેઓ લુટ ફાંટનો ધં ધો ઘણો કરેછે, અને એડનમાં પણ તેઓ પાકા ચોર તથા જુગારી ગણાએછે, તેથી તેમની ઉપર ઘણી ચોકસ નજર રાખવામાં આવેછે. તેમના બદનનો બાંધો ખુબસુરત અને ઉંચોછે; તેઓના મોહોડાંની શીકલ કાકે શસનાં પાહાડી લોકોના જેવીછે. મોટી અડચણ અને રંજ ભોગવવાને તેઓ શકતીવાંનછે, તોપણ તેઓ કાંઈ કઠણ અને મેહેનતનું કામ એકાએક માંથે નથી લેતા. કેટલાએકતો વધતા પગારની લાલચથી, દરમાંન દાખલ તથા બારામાં લંગર થએલાં કોએલાનાં વાંહાંણોનાં ચોકીદાર દાખલ ચાકરીએ રેહેછે. તેઓ પોતાના બાલને કો ઈ જાતનો રાતો રંગ લગાડીને તથા તેમને સીદીનાં બાલની મીસાલે કરચલી વાળીને પોતાના ચેહેરાને બદ સુરત કરેછે.

સીદી લોકોની બીજી જાતનો મોટો ભાગ નાંહાસી આવેલા ગુલામોનોછે, અને તેઓ કોએલાની વ
ખારોમાં અથવા ખલાસી દાખલ ચાકરી કરી પોતાનું ગુજરાંત કરેછે. પરચુટણ જાતના લોકોનો જે મોટો ભા
ગ એડનમાં આવેછે, તેમને "ખાદેમ" એટલે ગુલામ અથવા ચાકર કરી કેહેછે, અને તેઓ અરબોથી સ
ઘળી રીતે હલકા ગણાએછે.

સઘળા હીંદુઓ મળીને એડનની સરવ વસતીનો પાભાગ થાએછે. તેઓ ઘણું કરીને લસકરના શી
પાહી હોએછે અથવા બીજાં સરકારી ખાતાંમાં ચાકરી કરેછે. હીંદુઓમાં બીજી જાત તવંગર અને આબરૂ
વાળા વાણીઆ વેપારીઓનીછે. તેઓએ સેંકડો વરસ થયાં આફરીકા ખંડના વેપારનો મોટો ભાગ હાથ કરીલીધોછે.

યાહુદીઓ જેરૂસલમમાં કેદ પકડાયા હતા તે વખતથી, એટલેજે આજ લગભગ ૨૫૦૦ વરસ થયાં
અરબસતાનમાં આવી વસેલાછે. જોકે અતરે તેઓની આસપાસ તેમનાં દુશમનો દાખલ ઘણી જાતનાં મુસલ
માનો વસેછે, તોપણ તેઓ આ દેશમાં જેટલી પોતાની અસલ રાહા રસમ જાળવી શકેઆછે તેટલી બીજા કો
ઈ દેશમાં નથી જાળવી શકેઆ.

પ્રકરણ ૨ જું.

સુએજ—કેરો—આલેકઝાનડરીઆ.

રેડ સી—સુએજ—રેતીનું જંગલ. મીસર—નીલ નદી—કેરો—અસલ કેરો—મસજદ—સુએરાનો બાગ—ટંકસાળ—અ
મીર મેએ અને મહમદ અલીની દગાઇ—કેરોનો દેખાવ—ચોક—દુકાન—મરઘીનાં બચ્ચાં શેવણ કરવાની રીત—શાંસ્તો
નો તમાસો—ડોશેહની કીરીઆ—હીલીઓપોલીસ—તરીકોન મીનારા (પીરામીડ)—મીસરની અસતરીઓની હાલત.
આલેકઝાનડરીઆ—રેહેવાસીઓનો પોશાક—મોટો ચોક—આલેકઝાનડરીઆની અસલ જહોજલાલી—હમણાંની હા
લત—પાંમપીસ પીલર—કલીઓપાટરાસ નીડલસ—પાંણીની મોટી નહેર—બારાંમાંથી શેહેરનો દેખાવ.

એડનથી કોએલા લીધા પછી સુએજ બંદર પ્રતે જવા સારૂ આગબોટ ઉપડેછે. એડન અને સુએજ
વચે ૧૩૦૮, માઇલનો તફાવતછે, અને એ મંજલ ઘણું કરીને સાત દીવસમાં પુરી થાએછે. રેડ સી * (રાતો
સમુદર) માં દાખલ થયા પછી એક બે દીવસ સુધી બંધે બાજુનો કીનારો દેખાએછે. એડન છોડીને આસરે
૧૦૦ માઈલ કાપીઆ પછી "સ્ટરેટસ ઓવ બાબલમાનદેબ" † નાંમની નાંલ આવેછે. આ જગાએ દરીઓ ધ
ણો સાંકડોછે, કાંએકે બંધે કીનારાથી જમીન દરીઆની તરફ ઘણી આવીછે, તે સાથે વળી વચમાં પીરીમ ‡ નું
ટાપુ આવેલુંછે. રેડ સી માં ગરમી ઘણી પડેછે, અને જે ઈંગરેજો પેહેલાં ઈંગલંડથી એ દરીઆમાં જાએછે,
તેઓને તેથી ઘણી પીડા ખમવી પડેછે. હીંદુસથાનની ગરમી ખાધેલા ઈંગરેજ તથા ગામડીને પણ અતરે
ની ગરમીથી કંટાળો આવેછે. બાબેલમાનદેબની નાંલ મેલીઆ પછી જો હવા ખુલ્લી હોએછે, તો નોખાનું શે

---

* એ દરીઆને "રેડ સી" અથવા રાતો દરીઓ એટલા માટે કેહવામાં આવેછે કે તેનાં જે ટાપુઓ તથા ખડકોછે
તેઓની સપાટી ઉપર લાલ રંગ દીસેછે.

† એ શબ્દ અરબીછે, અને તેનો અરથ "આંસુનો દરવાજો" થાએછે. આગલા જમાનામાં જરે દરીઓ ખેડવા
નો હુનર પુરો ન હતો, તારે અતરે ઘણા બારકશો જોખમનાયાં હશે, તેથી આ નામ આપવામાં આવીછે હોએ એવું ધારી
આમાં આવેછે.

‡ રેડ સી અને મેડીટરેનીઅન સમુદર નેહરથી જોડાસે, અને ઇઉરોપ સાથે માલનો વેહેવાર આ દરીઆની મારફતે ચાલસે, તારે આ ટાપુ ઈંગરેજ સરકારને ઘણું કામ લાગસે; કેમકે રેડ સી ની તે જગે એક કુંચી હોએ તે મીસરા
લેછે. અતરે કશો ખોરાક મલતો નથી, તેથી સઘળો એડનથી લઇ જવો પડેછે. કુરીઆ મુરીઆના ટાપુઓ કે જંજીબારી
"ગુઆનો" નું વખણાંએલુ ખાતર મલેછે, તે ટાપુઓ આ જગાથી ઘણા દુર નથી. પીરીમનું ટાપુ આસરે દોહોડ માઇલ લાંબુ
છે, અને તેનું બારૂં સારૂછે; કીનારેથી ૧૦૦ વારની વેગળાઇએ ૪૦ મોચાં બારકશો સેહેલથી લંગર થઇ શકે તેવુંછે. એ
ટાપુ સને ૧૮૫૭ નાં સાલમાં નામદાર "ઇસટ ઇંડીઆ કંપની" એ પોતાના હસતકનાં લીધું હતું, તાંહાં એક દીવા દાંડી બાં
ધેલીછે, તથા કામ ચલાઉ કીલ્લો ઊભો કરી તોપખાતાની એક લસકરી ટુકડી તેમાં રાખેલીછે. રેડ સી ના દરીઆનાં જોહોકાં
આગલ આ ટાપુ આવેલુંછે, તેથી જો એ જગાએ થોડાં લડાઇના વાંહાંગો હોએતો, તે બારકશો હરેક વખતે આખા દરી
ઓ બંધ કરી શકે.

હેર કે જે કાફીને વાસતે વખણાએલુંછે, તેનો કીનારો તથા કીનારા ઉપરના ઘરો આગબોટ ઉપરથી દુરબીનની મારફતે દેખાએછે. રેડ સી પસાર કરતાં તેની અંદર આપણને ઘણાએક ટાપુ તથા ખડકો મલેછે. અરબસ તાનની જમીન ઉનડછે, તેમજ આએ ટાપુઓ તથા ખડકો પણ ઘણાં ઉનડછે. એ ખડકો ચુનાના તથા રે તીના પથરનાછે. એ ટાપુઓમાં આદમીની વસતી કાંઇ નથી અને દરીઆમાં ઉડતાં પંખીઓ શીવાએ બીજા કોઇ જનવરની વસતી તાંહાં હોએ તેવું પણ માલુમ પડતું નથી. અધવચમાં બે ડુંગરો આવેછે તેઓ આકાર માં એટલા તો મળતાછે, કે તે બંનેને "બે ભાઇઓ" એવું નામ આપેલુંછે. સુએજ તરફ ઘણા નજદીક આ વી પોંહોચીએછે, તારે બંને બાજુના કીનારાનો જે દેખાવ આપણે જોઇએછે તે ક્રશો ખુબસુરત લાગતો નથી. કી નારો ફકત ડુંગર અને રેતીના જંગલનાં જેવો દેખાએછે. ઉતર તરફથી માઉંટ સીનાઇનો ઉંચો પાહાડ આ વેલોછે, તે આપણી નજરે પડેછે. આગબોટ કીનારાની ઘણી નજદીક જઇ શકતી નથી, પણ બે માઇલ વે ગળે લંગર કરેછે, કેમકે સુએજની ખાડી ઉંડી નથી. મેલની આગબોટ જેવી લંગર કરેછે તેવી એક નાહની આગબોટ ઉતારૂ તથા માલને કીનારે લઇ જવા સારૂ તેની સોડે આવેછે. ઉતારૂઓ જેવા કીનારે ઉતરેછે, તેવા જ આરબો પંખા, નારંગી તથા મોહોડાં ઉપર ઓઢવાને સારૂ જલીદાર રૂમાલો લઇને તેઓની આગળ જએછે. મીસરના પાશાએ સુએજમાં એક પોહચખાનું બાંધીઉંછે, તે શીવાએ તાંહાં બીજું કોઇ પણ મુકામ સારૂ નથી. મીસરથી હજ કરવા જનારાઓ સુએજ થઇને મકે જએછે, તેથી એ ગામમાં અરબોના આવજાવ ઘણો થાએછે. ઇંગલંડ ખાતે જનારા ઉતારૂઓને પણ આએ ગામમાં થઇ જવું પડેછે, તેથી તે હમણા સારી પડે જાણીતું થયુંછે, અને જારે મીસરનાં જંગલમાં નેહેર થશે, તારે વધારે વખણાશે તથા કામમાં આવશે. એ જગાએ પાંણી ઘણું ખરાબછે, તેથી જે પાંણીની તરસ લાગેતો "સોડા વાટર" પીવાને તથા નારંગી ખાવાને ભલામણ કરવામાં આવેછે. દીવસના ઘણી ગરમી અને રાતના ઘણો ઠાર પડેછે, તેથી એ જગા તનદરોસતીને મુતલક લાએક નથી. કોઇ પણ હેકાણે લીસોતરી દીસતી નથી, અને આખું ગામ ઉજડ દેખાએછે. સુએજની કુ ળ વસતી ૮૦૦૦ આદમીનીછે.

રેડ સી ની મુસાફરી પુરી કરીઆ પછી આપણે એશીઆ ખંડ છોડીઓ એવું સમજવું. સુએજમાં આવી તાં હાં જંગલ તરફ આપણો રસતો જાંડીઓ એટલે આપણે આફરીકાખંડમાં આવીઆ. એ ખંડ મબેના જેટલા ભાગની મુસાફરી કરવાનીછે, તે સબળી ખુશકીની રાહેછે. આલેકઝાનડરીઆથી ફરી આપણને આગબોટની મ દદ લેવી પડેછે. સુએજમાં ઉતારૂઓને ઘણોવાર બોટી રાખવામાં આવતા નથી. તેઓને કેરો ખાતે રવાને ક રવાને વાસતે ઉતાવળેથી તઇઆરી કરવામાં આવેછે. એ શેહેર જઇ પોંહોચતાં એક મોટું રેતીનું જંગલ પસાર કરવું પડેછે. જારે આપણે દરીઆમાં હોઇએછે, તારે આપણી આસપાસ પાંણી શીવાએ બીજું કાંઇ દેખાતું ન થી, અને દુરથી દરીઆનો કીનારો આકાશની સાથે મલી ગએલો હોએ તેમ દેખાએછે. તેજ મીસાલે, સુએજ મેલીઆ પછી, આ રેતીનાં જંગલમાં જાણે આપણે રેતીનાં દરીઆમાં હોઇએ તે મીસાલે લાગેછે. ચારે બાજુએ બારીક રેતી વગર બીજું કાંઇ પણ દેખાતું નથી, અને દુરથી જાણે રેતીના કીનારા આકાશ સાથે મલી ગયા હો એ તેમ દેખાએછે. કોઇ કોઇ હેકાણે રેતીનો ભારે જમાવ થઇ ગએલો હોએછે, તે જાણે રેતીના ડુંગર હોએ તે મ જણાએછે. એક પણ ઝાડ અથવા લીલું પાતરૂં છેક કેરોની નજદીક આવીએ તાંહાં સુધી દેખાતું નથી. માલથી લાવેલાં ઉંટો તથા વણજરો કોઇ કોઇ વેળાએ મલેછે.

એ જંગલ આટલું ઉજડછે તોપણ મુસતર વીદ્યાઓ (જીઆલોજી) ના એલમ શીખનારને ઘણું કીમતીછે. તાંહાં ઝાડ પાણની પેદાસ નથી, તેને બદલે તરેહવાર અગતના પથરોનો એક મોટો જમાવ થએલો છે, અને તેની તપાસ કરવામાં વીદ્વાન શખસને ઘણી ખુશી ઉપજેછે. સાફ ચકમક, તથા તેની જાતનાં જસ પર તામ્રનાં કીમતી પથરોનો અતરે એક મોટો ખજાનોછે. આ પથર પાલીસ કીધાપછી ઘણો સારો બનેછે,

તેથી તેની ઘણીએક સોભીતી ચીજો બનાવીઆમાં આવેછે. આગલા જમાનામાં આ જંગલ આટલું વે રાંત નહી હશે કેમકે તે જંગલના ઘણાએક પથરો તપાસતાં એવું માલમ પડીઉંછે કે તે આગળ લાકડાંનાં કટ કા હશે, અને એ લાકડું તે વખતે તાંહાં ઉગતા ઝાડોનું હશે.

હાલ સુએજથી કેરો સુધી લોહોડાંની સડક બંધાએલીછે, તેથી આગની ગાડીએ સફર થઇ શકેછે અ ને તેથી આગળની આફક ઉતારૂઓને ઘણી મેહેનત, રંજ, કંટાળો અને હીલ ખમવી પડતી નથી. જારે લોહોડાં ની સડક બાંધેલી નહી હતી, તારે ઉતારૂઓને ઘોડા તથા ખચરની ગાડીમાં જવું પડતું હતું. એ ગાડીઓ અતરેના બળદની સીગરામતાં જેવી હતી, અને તેમને "વાંનસ" કરીને કેહેતા હતા. એ ગાડી ખેંચ વાને વાસતે પુલ આગળથી બે ખચર અને તેની આગળ બે ઘોડા જોડતા હતા. હાંકનારા પોતાનાં હુનરમાં કાબેલ નહી તથા જનવરો સારાં કેળવાએલાં નહી, તેથી તેઓ વારે ઘડીએ આડાં ફાટી જાએ તેમને પાછાં સીધા રસતા ઉપર લાવવાને ઘણી મેહેનત પડતી હતી. સબળી ગાડીઓ સાથે દોડાવવાનો ધારો હતો, તેથી જો એકાદી ગાડી પછવાડે પડી જતી અથવા આડે મારગે જતીતો બાકીની સબળી ગાડીઓને ખોટી થવું પડતું, અને જારે એ ગાડીઓ હારબંધ દોડતી હતી, તારે જાણે તે સરવેની સરત મેલી હોએ તે મીસાલે દેખાતું હતું, અને તે વખતે અંદર બેઠેલા ઉતારૂઓને ઘણી મજા થતી હતી. પંદર દીવસ સુધી દરીઆમાં એક સરખી રી તે વખત ગુજારીઆ પછી જમીન ઉપર આવતાં પેહેલ વેહેલે આવી રીતની સફર કરવાથી ઉતારૂઓને ઘણી ગમત ઉપજતી હતી. પણ હાલ લોહોડાંની સડક બાંધવામાં આવીઆથી સુએજ અને કેરો વચેની મુસાફરી ઘણી સેહેલી થઇછે. સુએજથી કેરો જતાં ૭૫ માઇલનું જંગલ કાપવું પડેછે, અને તે વહું કરીને પાંચથી છ કલાકની અંદર બની શકેછે.

કેરોમાં ઉતારૂઓને થોડાજ કલાક રાખવામાં આવેછે. એ શેહેરની છેક લગભગ પાસે આવીએછે તાંહાં સુધી તેનો દેખાવ માલુમ પડતો નથી, પણ તે દેખાવ આપણી આંખ આગળ આવતાં વારજ આપણને મો ટી ખુશી ઉપજેછે. રેતીનુ જંગલ કે જાંહાં નીચે જમીન અને ઉંચે આકાશ શીવાએ બીજું કાંઇ દેખાતું ન થી, તે મેલીઆ પછી જારે શેહેરની લીલોતરી તથા તરેહવાર ખુબસુરત અને ખુશનુમાં ઝાડો આપણી નજરે પડેછે, તારે આપણા દીલને જુદીજ રીતની ખુશી ઉપજેછે. પંદર દીવસના દરીઆમાં અને સુએજથી કેરો સુધીનાં જંગલમાં એકજ રીતનો દેખાવ આપણી નજરે પડીઓ હતો, અને હવે ઉપલા શેહેર ખાતે આવી આથી આપણને જુદી રીતનોજ દેખાવ દેખાએછે. યુરોપ ખાતે જનારા અને તાંહાંથી હીંદુસથાન ખાતે આ વનારા, એ બંધે મુસાફરોને આ શેહેર ઘણીજ ગમત આપેછે. યુરોપીઅનો પોતાનો ખંડ મેલીઆ પછી મહમ દીઆંન શેહેરનો પુરો આકાર કેરોમાં જુવેછે, તેજ મીસાલે આ મુલકથી યુરોપખંડ ખાતે જનારા પણ કેરો શે હેરમાં તેઓની નજરે પડતા હંમેશના દેખાવ કરતાં કાંઇ જુદુંજ જુવેછે.

મીસરમાં આપણે પેઠા કે આપણને એવું લાગેછે, કે તે દેશ કોઇ વખતે ઘણુંજ નામીચું હશે. મોટા મીનારા, મોટી મસજીદો, તારીફ લાએક નેહેરો અને અસલનાં વખતની નામીચી ઇમારતોની ભાગી પડેલી નીસાંનો આપણને દેખાહેછે, કે એ દેશ એક વખતે દબદબા ભરેલું તથા આબાદ હશે, પણ ફરતા જમા નાએ તેની ઉપર અસર કીધાથી હાલ તે આ હાલતમાં આવીઉંછે. મીસર અસલના વખતમાં ઘણું નામીચું હતું અને તેના ફેરો નામના પાદશાહ ઘણાજ અખતીઆર વાળા હતા. અસલનાં વખતમાં એ મુલકના સતા વાળાઓએ યુરોપના બીજા જોરાવર મુલકો સાથે ઘણી વખત બરાબરી કીધીછે. તે વખતે તેનો વેપાર પણ ફુ નીઆના ઘણા ખરા ભાગો સાથે બોહેળો ચાલતો હતો. એ દેશમાં જાહજે વરસાદ પડતો નથી, પણ નાલ ન દીની રેલથી જમીન ફલવંત અને માતબરછે. જો એ નદી તાંહાં નહી હતે, તો મીસરનો આખો મુલક એક જંગલ જેવો હતે. એ નદીનાં પાંણીથી તાંહાંના ખેતરો ફળવંત થાએછે, પરાણીઓને પીવાને પાંણી પણ તેમાં

થી મળેછે અને વળી એટલી ઉંડીછે કે તેની મારફતે આખા મુલકમાં બંદરે બંદર તથા દરીઆ સુધી માલ પેાંહેાચી શકેછે. આટલા બધા ફાએદા મીસર દેશને એ નદીથી અસલથી થતા આવીઆછે, તેથી પુરાતન વખત થી તે નદીને તાંહાંના લેાકેા ઈશ્વરી માન આપતા આવીઆછે, અને એવું પણ જણાવીઆમાં આવીઉંછે, કે આ ગળા વખતમાં દર વરસ એ નદીના કીનારા ઉપર એક કુંવારી કનીઆનેા ભેાગ આપવામાં આવતેા હતેા. આ જગાનાં મહમદીઆંનેા એવું કેહેછે, કે નીલ નદીના જેવું મીઠુ અને સારૂં પાણી દુનીઆનાં કેાઈ પણ બી જા ભાગ ઉપર નથી અને હેવા વીચારથી તુરકસતાનનેા સુલતાન પેાતાને તથા પેાતાના કબીલાને વા સતે દર વરસે વાહાંણેા ભરીને નાઈલનું પાણી ઈસતંમબેાલ ખાતે મંગાવેછે. રેલ આવવાના વખતની આગમ ચ સઘળી જમીન વેરાન જંગલના જેવી લાગેછે, પણ તેનાં ઉપર રેલના પાંણી ફરી વળીઆં, કે જાંણે ઈસવરી મદદથી એકાએક આબાદ ખેતરેા પેદા થાએછે. જાંહાં જાંહાં એ નદી વેહેછે તાંહાં જમીનનેા દેખાવ હમેસાં ફ ળવંત અને રળીઆમણેા હેાએછે, અને તેથી જેએા એ મુલકમાં સફર કરવા જાએછે, તેએા એ નદીની અં દર બેાટમાં બેશી ફરવાને ચુકતા નથી.

કેરેા એ નામ ચાલુ રેવાજમાં ઈંગરેજેએ આપેલુંછે; એનું અસલ નામ અરબીમાં "અલકહીરે" એ ટલે ફતેહમંદ કરીનેછે. એક નવું કેરેા અને એક અસલ કેરેાછે. જેને હમણાં અસલ કેરેા કેહેવામાં આ વેછે તેનું આગળ "અલમસર" કરી નામ હતું. એ શેહેરની પડેાસમાં અરબ લેાકેાએ ઈ૦ સ૦ ૯૭૩ માં ન વું કેરેા વસાવીઉં હતું. ૧૫૭૦ નાં સાલમાં અરબેાના હાથમાંથી તુરક લેાકેાએ તે છીનવી લીધું હતું, તે તેએા ના હાથમાં ૧૭૯૮ સુધી રહેઉં, અને પછી ફ્રેનચનાં હાથમાં ગયું. ફ્રેનચ અને ઈંગરેજેને મીસરમાં નીલ નદી ઉપર જે લડાઈ થઈ હતી અને જેમાં નામીચા નેલસને ફ્રેનચ લસકરની ઉપર પુરી ફતેહ મેળવી હતી તે વખતે કેરેા ઈંગરેજનાં હાથમાં આવીઉં. ૧૮૦૧ ના સાલમાં મહમદ પાદશાહને ઈંગરેજેએ ગાદી ઉપર બેસા ડીએા. મીસરનેા પાદશાહ ઘણું કરીને કેરેામાં રેહેછે, તેથી એ દેશનાં પાએતખત દાખલ તે શેહેર ગણાએછે. એ શેહેર નદીની સપાટીથી ૪૦ ફુટ ઉંચુંછે, અને જંગલને કીનારે આવેલુંછે. તેની વસતી બે લાખ આદમી નીછે. શેહેરનેા કીલ્લેા જે ઈસવી સને ૧૧૭૧ નાં સાલમાં ખલીફ યુસુફ સાલાદીને બંધાવીએા હતેા, તે જેવા લાએકછે. એ કીલ્લાની ઉંચાઈ ઘણીછે તેથી તેની ઉપરથી દેખાતેા નીચેનેા દેખાવ ઘણેાજ સુંદર દીસેછે. મીસરનેા દખણનેા ભાગ જાણે આપણી આગલ એક નકશાના આકારમાં પંથરાએલેા હેાએ એવેા લાગેછે. એ જ કીલ્લાની ઉપર એક મેાટી મસજદ બાંધેલીછે, કે જેને બાંધતાં ઘણા વરસ લાગાં હતાં, તે જોયા વગર કેાઈ પ ણ મુસાફર એ શેહેર છેાડતેા નથી. એ મસજદનાં વચેા વચમાં એક મેાટેા ચેાકછે, તે બધેા સંગેમરમરનેા બાંધે લેાછે, અને તેની આસપાસ ફરતા મેાટા અને ઉંચી કારીગરી સાથેના તીસ થાંભછે. ચેાકની વચેાવચમાં એક ઘણેાજ ખુબસુરત ફુંવારેા બાંધેલેાછે અને આખી મસજદનું કામ જેવું મજબુત અને સેાહીતુંછે, તેવુંજ કા રીગરીથી પુરૂછે. એ મસજદની પડેાસમાં પાદશાહનેા મેહેલછે, તેનેા બાહેરનેા દેખાવ સારેા પણ સારેાછે, પ ણ અંદરના ભાગ ઉપર ઘણુ નાણુ ખરચીઆમા આવીઉંછે. દેવાલની ઉપર ફ્રેનચ કારીગરેાને હાથનાં ઘ ણાં એક ચીતારેા રંગેલાંછે, તેા પણ સુધરેલા સવાદને તેની અંદર કીધેલેા ખરચ પસંદ આવે તેવું ન થી. મહમદ અલી પાદશાહનેા રેહેવાનેા મેહેલ તથા બાગ જેને સુબરા કરીને કેહેછે, તે ખરેખર નાદરછે. તેની અંદર દાખલ થવાને એક મેાટેા દરવાજેછે, અને તે દરવાજાથી મેહેલની શીડી સુ ધી પેાંહેાચવાને વાસતે જે રસતેાછે, તેની બંધે બાજુએ સરવના તથા બીજાં સારાં હારેદાર ઝાડેા રેાપે લાંછે, કે જેના છાયાથી તે જગા ઉપર તડકું પડે નહી અને તે મેહેલની આસપાસ નામીચા બાગેા બનાવેલા છે, કે જાંહાં તરેહ તરેહની ખુશબેાનાં ફુલ તથા મેવાનાં ઝાડેા રેાપેલાંછે. એ બાગની વચેા વચમાં ગરમીના દાહાડામાં બેસવાને વાસતે તંબુના જેવું કાચનું રંગીન અને ખુબસુરત મકાન બનાવેલુંછે, અને તેની દેવાલ ઉ

પરના ચીતારેા ઘણુજ સેાભાએમાન અને જેવા લાએકછે. એક બીજું ઘણું સેાભીતું મકાન કરી તેની ઉપર ત રેહવાર કુંઆરા ઉડતા કરેલાછે. બાગની વચેા વચમાં સંગેમરમરની દેવાલ સાથેના એક હેાજ બનાવેલેાછે, તે ની આસપાસ સંગેમરમરના સીંહ અને સુસવાટના મેાહેાડામાંથી કુંઆરા ઉરાડવામાં આવેછે, અને તે હેાજ માં જનાનખાનાની ઓરતેાને ફરવાને વાસતે સારી રંગેલી નાહની બેાટેાછે. એ હેાજની અંદર સુનેરી રંગ ની તથા બીજી ખુબસુરત માછલીઓને પાળેલીછે. મેહેલથી થેાડેએક દુર એક ટંકશાળછે, તાંહાં દર વરસે વીસ લાખ રૂપીઆની કીમત સુધીના શીક્કા પાડવામાં આવેછે. એ ટંકસાળની પડેાસમાં એક નામીચેા કુવેાછે તે ને "જેસેફસ વેલ" કરી નામ આપેલુંછે. એ કુવેા ૨૬૦ ફુટ ઉંડેાછે, અને તેને તળીએ સુધી જવાને સારૂ તેની અંદર ફરતેા દાદર બાંધેલેાછે. કેરેામાં પાણી લાવવાને વાસતે જે નેહેર બાંધેલીછે, તે પણ કીલ્લા ઉપરથી દેખાએછે. એ નેહેર પેહેલાં ૧૧૭૧ નાં વરસમાં સાલાદીને બંધાવી હતી, તે ૧૫૧૮ નાં વરસમાં સમારીને ચેા ટી કરવામાં આવી હતી.

જેએા પાદશાહનેા મેહેલ જેવા જાએછે, તેઓને તાંહાંથી એક જગા દેખાડીઆમાં આવેછે, કે જાંહાં ત વારીખમાં નેાધાએલેા એક જાણવા જેગ બનાવ બનીએા હતેા. મીસરનાં મામલુખેાનેા કેટલેાએક અખ્તીઆર મહમદ અલી પાદશાહે એાછેા કીધેા હતેા, તેનું વેર લેવાને વાસતે તેઓએ ઠરાવ કીધેા હતેા, અને મહમદ અ લીની ગેરહાજરીમાં તે ઠરાવ અમલમાં લાવવાને ધારીઉં હતું. મીસરથી જે મુસલમાનેા હજ કરવાને મક્કે જ તા હતા, તેઓને અરબસતાનનાં વાહાબી લેાકેાએ એકથી વધારેવાર લુટીઆ ઉપરથી, તેઓને સજા કરવાને વા સતે મહમદ અલીએ અરબસતાન ઉપર હુમલેા કરવાને ધારીઉં હતું. મામલુખેાએ આ જોગવાઈ ધીમાંનમાં રાખી પેાતાની મતલબ પાર પાડવાની જોડવણ કીધી, પણ તેઓનેા સંપ છુપેા રહેએા નહી, અને મહમદ અ લીને તે વીશેની ખબર પડીઆથી, તેણે મામલુખેાનેા જે રીતે નાસ કીધેા હતેા, તે ઉપરથી ઉપલી જગા જણાએ છે. એ ફીતુરી સંપની ખબર જરે તેને પડી, તારે જાણે તે માનતેા નહી હેાએ, એવું તેણે ડેાળ ઘાલીઉં, અ ને મામલુખેાની સામે કેાઈએ બેાટું બેાહેાતાંન જોડીઉંછે એવું જાહેરમાં કેહેવા લાગેા, પણ બાતેનમાં તેઓનેા નાસ કરવાનેા ઈરાદેા કીધેા. અરબસતાન ઉપર હુમલેા કરવાની સઘળી જોડવણ તમામ થઈ, તારે મહમદ અ લીએ પેાતાની જેરહાજરીમાં દેશનેા રાજકારેાબાર ચલાવવાને સારૂ પેાતાનાં છેાકરાને સનદ આપવાને બાંહાંને મામલુખેાનાં સઘળા સરદારેાને કીલ્લામાં તેડાં કીધાં, કે તેઓની હજુરમાં પેાતાનાં છેાકરાનાં હાથમાં અખ્તી આર સેાંપે. મહમદ અલીએ કરવા ધારેલા દગાની બચારા મામલુખેાને કશી ખબર પડી નહી, તેથી તેઓ સ ઘળા દરબારમાં હાજર થયા. પાદશાહે તેઓની મુલાકાત ઘણીજ ખુશી અને આદરમાંનથી લીધી અને મીજલસ બરખાસત થયા પછી, પેલા મામલુખેા પેાતાના ઘેાડા ઉપર સવાર થઈ કીલ્લામાંથી બાહેર જવા લાગીઆ તેવા માં તાંહાંનાં દરવાજા બંધ દીઠા. કીલ્લા ઉપરથી તેઓની ઉપર તરત ગેાળીનેા વરસાદ વરસવા લાગેા અને ટપા ટપ આદમી અને ઘેાડાએા પેાતાનેા પરાણ મેલવા લાગા. ઘેાડા વારમાં મુવેલાં આદમી અને ઘેાડાએાનેા કી લ્લાના ચેાકમાં એક મેાટેા ઢગ થયેા. મહમદ અલીના આવા ઘાતકીપણાથી ૪૪૦ પરાણીએાનેા નાસ થયેા, માતર એકજ શખસ અમીર બેએ આ આફતમાંથી પેાતાનેા પરાણ બંચાવી શકીએા હતેા. તેને ખબર હતી કે કીલ્લાની દેવાલની એક બાજુએ ઘુળનેા એક મેાટેા ઢગ હતેા, તાંહાં તે ગયેા અને તે જગાએથી પેાતાનેા ઘેાડેા દેવાલની બાહેર કુદાવીએા. એ કુદકેા મારતાંજ ઘેાડેા ઘણેા જોખમાંયેા અને તરત મરણ પામી એા, પણ અમીર બેએ સલામત રહેએા, અને તાંહાંથી નાહસી એક સીપાહીનાં તંબુમાં ભરાયેા અને પછી ઈ સટંમબેાલ ખાતે ગયેા. જે જગા હમણા દેખાડીઆમાં આવેછે, તે જાંહાંથી અમીર બેએ એ દેવાલ કુદાવી હતી તે છે.

કેરેામાં કેટલાએક ભાગ જોવા લાએકછે. એશીઆ તથા યુરેાપના માલની ઘણી એક દુકાનેા તાંહાં છે.

જે જોઈએ તે આપણને તાંહાં મળી શકેછે, પણ તેની કીમત ઘણી આપવી પડેછે. મુસાફરોને વાસતે પોંહચ ખાંનાંછે, તાંહાં દર આદમી દીઠ બીછાના અને ખોરાક સુધાનાં દર રોજ દસ થી પંદર રૂપીઆ લીધામાં આ વેછે. કેરોમાં જે મોટા ચોકછે તે ઘણા સારાછે. તેમનો દેખાવ સુધારવાને વાસતે સઘળી બાજુએ ઝાડોની હા ર લગાડેલીછે. એવા ચોકની આસપાસ જે ઘરોછે તેજ સારી બાંધણીનાં અને મોટાંછે, પણ શેહેરની અં દરનો ભાગ તથા તાંહાંની ઈમારતોનો દેખાવ ઘણોજ દરીદરી લાગેછે. તે ઘરો ઘણાજ બદશીકલ તથા આ ડા અટારાંછે, અને મોહોલા એટલા તો સાંકડાછે, કે ઘરોની બંધે બાજુએથી કાહાડેલી અગાસી આપણા માથા ઉપર આવીઆથી રસતામાંથી આપણે માથે આસમાન દેખાતું નથી. રસતામાં ફરનારા ઘણા ખરા લો કો દળદર અને નાચાર દેખાએછે. પણ ઉપર જણાવીઆ પરમાણે જે મોટા ચોકછે તે સારા અને શોભીતાછે, અને તાંહાંનો દેખાવ જોવા લાએકછે. ચોકમાંનો આવ જવ એક મેળા જેવો લાગેછે. માલ તથા મેવો લઈ ફેરી ફરનારાઓ ઘણા ખરા આ જગાએ ભટકેછે તથા પરવારતા આદમીઓ ઘણા ખરા તાંહાં ફરવા નીકળેછે. મરદો પોતાનાં દરજજા પરમાણે ઘોડા, ખચ્ચર અથવા ઘધેડાં ઉપર સવાર થઈને દોડાવતા જાએછે. કોઈ શોખી હોએ તે વળી ઘોડા ઉપર બેઠા બેઠા પણ હુકો પીએછે. લસકરનો કોઈ સરદાર ઘોડા ઉપર સવાર થઈ જતો હોએ તો તેની ઝડપ જોવા લાએક હોએછે. જ્યો ઘોડા દોડાવતા જતા હોએ, તેઓ કોઈને અથડે તેની કશી રાવ ફરીઆદ મલે નહી. ઉંચા દરજજાની અસતરીઓ કીમતી પોશાકમાં લપેટાઈને તથા મોહોડાં ઉપર ઝીણા અને સફેદ કપડાંનો બુરખો નાખીને ખચ્ચર અથવા ઘધેડાં ઉપર સવાર થઈને એક પીઆદા ચાકર સાથે વારે ઘડીએ જતીઓ દેખાએછે, તેથી તે રસતાની રચનામાં વધારો થાએછે. હલકે વાંધેની ઓરતો આસમાની રં ગના સુતરાઉ કપડાં અને મોહોડાં ઉપર બુરખા સાથે પાંણી તથા બીજે સામાન લઈને જતી આપણને દર ડ ગલે મલેછે. સવારીને વાસતે ભાડે ફેરવવાનાં ટોળાબંધ ઘધેડાં લઈને અરબો એણીગમ પેલીગમ ફરતા ફરે છે. એ ઘધેડાં માલવામાં ઘણું સારાં હોએછે. હીંદુસથાનમાં એ જાનવરો ઉપર બેસવાની ચાલ નથી, પણ સઘળાં મહમદીઆન શેહેરોમાં સવારીને સારૂં ઘધેડું ઘણું કીમતી જાનવર ગણાંએછે. એ જાનવરો નીચાં હોવાથી અ ગત કરી ઓરતોને ઘણા ફાયદા લાગેછે. ઉપલા ચોકની આસપાસ જે દુકાનોછે તે ઘણી કીમતીછે. તેના માલે કો માથા ઉપર મોટી પાગડીઓ પેહેરી હાથમાં હુકો લઈને બેશેછે, તે એવા કે જરા પણ હીલતા નથી. જાણે ફોટોગરાફમાં પોતાની સબી પડાવતા હોએ તેમ થંભ બેશી રેહેછે. તેઓનાં માલ વીશે આપણે જે કાંઈ પુછપર છ કરીએ તેનો જવાબ એવોતો ઠંડી રીતે આપેછે, કે જાણે માલ વેચવાની તેઓની મરજી નહી હોએ. પુછ પ રછ કીધા પછી કાંઈ પણ માલ વેચાતો નહી લીધો હોએ, તો તેઓને ગુસસો ઉપજે, પણ કાંઈબી ખરીદી કીધી હોએતો, તેઓ આદરમાનથી બીસીને આપણને પોતાની પાસે બેશવાની જગા આપેછે. જેમ મહમદીઆન શેહેરમાં મસજદો ઘણી હોએ, તે મીસાલે કેરોમાં ઓછામાં ઓછી ૪૦૦ મસજદોછે. પણ એક મોટી મસજદ શીવાએ બીજી જોવા લાએક કોઈ નથી. શેહેરના ઘણા ખરા ભાગોમાં લાંબા મીનારા તથા ડેકાંણે ડેકાંણે ઘ ણાંજ દળવાની પવંનચકીઓ આપણાં જોવામાં આવેછે. મહમદ અલીએ જે નીશાળો સથાપીછે, તે જોવા લા એકછે. એ શેહેરમાં હાસપીટાલો તથા વઈદક શાસતર સીખવાની મદરેસા પણછે. એ મદરેસામાં ઓરતોને દાઈનું કામ પણ સીખવવામાં આવેછે. જેઓ કેરો જએ તેઓએ તાંહાં મરઘીનાં બચાંઓને શેવણ કરવાની જે અચરત સરખી રીતછે, તે જોવાને ભુલવું નહી. એ કારણને સારૂ એક લડી બનાવેલીછે, જાંહાં વરસ દા હાડે લાખો બચાં શેવણ થાએછે. શેવણ કરવાની જગા એક અંધારી અને કચરાથી ભરેલી ઝુંપડીછે. એ ઝું પડીની આગળ એક હોશી પોતાની છાતી ઉપર એક બચું લઈને બેશેછે, તે અંદર દાખલ થનારાઓની પા સેથી બખશેસ માંગેછે. એક સાંકડી ચાલને રસતે અંદર દાખલ થયા પછી બે બાજુએ તરણ તરણ ઓ રડીઓ આપણી નજરે પડેછે, અને તેની ઉપર ઈડાં મેલેલાં હોએછે. એ ઈડાં ઉપર એક આદમી ચોકી ક

રેછે, અને તેમને ઘણી સંભાળથી વારે ઘડીએ ફેરવીઆ કરેછે. તે ઓરડાની ગરમી ૧૦૦ અંગસ સુધી હોએ છે. જમીન ઉપર ઈડાંના કોટલાં અને તરફડીઆં મારતાં બચાંઓ નજર આવેછે, અને સઘળી જગા વીસ રી વાસ મારેછે. રાત અને દાહાડો તાંહાં એક સરખી ગરમી રાખવામાં આવેછે, અને પેલો આદમી જે તાંહાં ઈડાં ફેરવીઆ કરેછે તેને જે કમાણી થાએ તેના અરધા ભાગ મળેછે. તેને શો ઈડાં આપીઆં હોએતો, ૫૦ બચ્ચાં આપવાને તે કબુલ થાએછે.

કેરોમાં એક મેવકુફી ભરેલો તથા વેહેમી તમાશો થાએછે તેનુ ટુક બયાન કરવાની આ જગાએ અગત દીસેછે. એ તમાશાને અંગરેજીમાં " ધી ફીસટ આવ ધી લાંનટરનસ " ઈમાને ફ્રાનસોનો તમાશો કરી કેહેછે. એ તમાશાને દીને શેંકડો લોકો ઝાડોની વચે તંબુઓ મારી ભેગા થાએછે. ઝાડની ડાંખળીઓ ઉપર ઝુંનડા ત થા ઓરાણો બાંધીને તરેહ તરેહનાં રંગીન ફાનસોમાં દીવા સળગાવીઆમાં આવેછે, તે એટલા બધા હોએછે કે તેમનો ઉજાસ દુરથી આસમાન ઉપર નજર આવેછે. દરએક તંબુમાં મુસલમાનોનાં ટોળાં એકઠા થાએછે અને ગોળ ચકરમાં ઉભા રહી તેઓ ઘડી ઘડી " અલ્લા અલ્લા " કરીને પોકાર મારેછે. એમ બુમો પાડતાં તથા ઘણી ગરમીના સબબથી કેટલાએકને ઉતપાત થઈ મોહોડે ફીણ આવેછે, અને જમીન ઉપર પડી જાએછે. વળી તેમની જગોએ બીજાઓ આવી તેમજ કરેછે. આ પરમાણે સહવાર સુધી ચાલેઆ કરેછે. જેઓ ઉપલી રીતે બુમ પાડી રેહેછે, તેઓ તાંહાં પછી શું થવાનુંછે તેની કશી દરકાર રાખતા નથી, પણ એકજ જગા ઉપર જાંહાં કાફી અને શરબત તઈઆર કીધું હોએછે તાંહાં જાએછે.

સહવારે કેરોના સઘળા લોક તાંહાં જે કીરીઆ થનારી હોએછે તે જોવા જાએછે, અને તે કીરીઆ ને "ડોશેહ" કરી કેહેછે. કુરવેશોનું એક મોટુ ટોળું થાએછે, અને તેમનો વડો સઈદ જેને તેઓ શેખ કરી કેહેછે, તે ઘોડે સવાર થાએછે. તેની પછવાડે પછી પેલું કુરવેશોનું ટોળું ચાલેછે. એ ટોળામાં ચાર શખસો ઝુંનડા હાથમાં પકડી આગળ ચાલેછે. પેલા શેખની આગલ એક લીલો ઝુંનડો રાખીઆમાં આ વેછે. સઘળાઓ એક ખુલ્લા મેદાનમાં આવી એકદમ ઉભા રેહેછે, અને " અલ્લા અલ્લા " એમ પોકાર મારેછે. તાર પછી તે ટોળું બે બાજુએ વેંહેચાઈ જાએછે અને વચમાં ચાલવાની સાંકડી ગલી જેટલી થોડી જગા રેહેછે. પછી પેલા સઘળા કુરવેશો ઉંધે મોહોડે જમીન ઉપર ઘણુંજ પાસે પાસે સુઈ જાએછે અને વળી " અ લ્લા અલ્લા " કરી ફરીથી પોકાર મારેછે. તાર પછી તરણ ચાર માણસો તેમની ઉપર ચાલી જઈને તેઓને લાતે લાતે સરખા કરેછે. તરીજ વખત જરે અલ્લાનો પોકાર ઘણોજ જોરથી મારીઆમાં આવેછે, તેવારે પેલો શે ખ પોતાના ઘોડા સુધાં તેમની ઉપર ચાલેછે. ઘોડાથી એવા કઠંગા રસતા ઉપર ચલાએ નહી અને તેથી ઉપરનો સવાર પડે નહી, એ માટે તે ઘોડાને બે તરણ માણસો લગામ પકડીને ચલાવેછે. એ ઘાતકી કીરીઆની વખતે ઘણાઓના માથાં તથા હાત પગ કચડાઈ જાએછે; તે બીચારાઓ તરફડેછે, બુમો પાડેછે, મોહોડામાંથી ફીણ ની કળેછે, તોપણ તાંહાંનાં બેવકુફ લોકોતો એમજ કેહેછે, કે એ કીરીઆથી કોઈને કાંઈ ઈજા નથી થતી, કારણ કે પેલા ઘોડાને ઈસવરની મદદછે; પણ તે ઘોડો બીચારો આતસ ઉપર ચાલતો હોએ તેમ પડતો ખડતો ચાલેછે.

મીસર અસલનાં વખતમાં દાનાઓથી પુર હતું, તે સાબેત કરવાની અતરે જરૂર નથી. કેરોની પ ડોસમાં હીલીઓપોલીસ શેહેરમાં એક મોટી મદરેસા હતી. જેમ હાલમાં ઈંગલંડ મધે સઉથી મોટી મદરેસા ઓનું અથક આકસફરડ શેહેરમાંછે, તેમ હીલીઓપોલીશ અસલ મીસર દેશનું આકસફરડ હતું. ૪૦૦૦ વર સની વાત ઉપર અતરે પંડીતો રેહેતા હતા. પલેટો અને હીરાડોટસે પોતાનાં એલમનો ચલીઆસ એ શેહે રમાં કીધો હતો. પણ હાલના સમએમાં મુસાફરને અસલનાં એલમની કશી નીશાંન આ જગાએ દેખાતી ન થી. જે જગોએ મોટી મદરેસા હતી તાંહાં હમણાં આશરેનજનાં ઝાડોનો એક મોટો બાગછે, અને તેની વચો વચમાં એક મોટો મીનારોછે.

મીસરમાં સરવેથી જોવા લાએક પુરાતન ચીજ કેરોની પ ડોસમોનાં પીરામીડો છે. એ પીરામીડો પડારોકા અને તરીકો ણ આકારના મોટા અને ઉંચા એક જાતના મીનારાછે. એ પી રામીડો કેરોની પશ્ચીમ દશાએ દસ માઈલ દુરછે. આગળ એ મીનારા જોવા સારૂ મુસાફરને ઘોડાં ઉપર બેશીને જવું પડ તું હતું, પણ હવડાં તાંહાં જવા સારૂ ગાડીઓ મળી આવેછે. આસરે બે માઈલ દુર નીલ નદીને કીનારે પોહોચીઆ પછી બોટમાં બેશીને નદી પસાર કીધા પછી તાંહાં જવાએછે. નદી ના કીનારા આગળ દુરથી દોડતા કેટલાએક બેદુઈઆ જાણે આપણને લુટવા આવતા હોએ, તે પરમાણે આવેછે. એમનો માંહેનાં એક બે આપણી સંગાથે રાખવાની ઘણી જરૂરછે.

પીરામીડોની આગળ ગયાથી તેઓ ઘણાજ મોટા દેખાએછે. તેઓ સઘળા મળીને ચારછે, તેમા તરણ મોટા અને એક નાહાનોછે, અને "ગીજેહ" ના પીરામીડને નામે ઓળખાએછે. જમીનથી ચાળી સ ફુટ ઉંચે એક ચોતરા જેવી જગા કરી તેની ઉપર એ રાખશી મીનારા બાંધેળાછે. નજરે જોયા વીના તેમ ના કદનો પુરો વીચાર આપણાં ધીમાંનમાં આવી શકતો નથી. આપસના પીરામીડની દરએક બાજુ તેનાં ત ળીઆં આગળથી ૭૪૬ ફુટ લાંબીછે, તથા તેણે સઘળી મળીને ૧૧ એકર જગા ઘેરી લીધેલીછે. નીચેથી તે ઉપર સુધી તેનો ઢોળાવ ૬૧૧ ફુટ ઉંચોછે, પણ તેની ખરી ઉંચાઈ ૪૬૧ ફુટનીછે, એટલે જે, તે ઈંગલંડના સેંટ પાલનાં દેવલ કરતાં ૧૧૭ ફુટ અથવા આપણી કોલાબાની ડાંડી કરતાં ૪૦૦ ફુટ વધારે ઉંચોછે. એ પીરા મીડો કોહરે બંધાએલા હશે, તેની કશી ખબર નથી, પણ એવું ધારીઆમાં આવેછે, કે તેમને બંધાયાને ઓછા માં ઓછા તરણ હજાર વરસ થયાં હશે. કેટલાએક યુનાની તવારીખ લખનારાઓ એવું જણાવી ગયાછે કે, તે મને બાંધવામાં એક લાખ માણસો વીસ વરસ સુધી કામે લાગાં હતાં. મીસર દેશના પાદશાહોઓનો એ જે વો બેવકુફીનો નમુનો બીજે કોઈ નથી, કે આટલો વખત તથા આટલાં માણસોની મેહેનત બરબાદ કરાવી, આવી નકામી અને વગર ફાએદાની ચીજ ઉભી કીધી.

દુરથી એ પીરામીડોનો દેખાવ સારો દેખાએછે, પણ વધારે આગળ ગયાથી તેમની બાજુઓ ખપડા એલી તથા બાંધ કામના પથરો ફસાઈ પડીઆથી તેઓમાં ખાડા પડેલા માલુમ પડેછે. એ ખાડા ચહડવા ના પગથીઆની મીસાલે દેખાએછે. પણ જે ખરી પગથીઓછે, તેઓ એક બીજથી ઘણી વેગળીછે, તેના સબબથી ઉપર ચહડવાને ઘણું કઠણ પડેછે. સઘળી મળીને ૨૦૬ પગથીઓછે અને દરએક એક બી જથી એકથી તે ચાર ફુટ દુરછે. મથાલે પોંહોચીઆ પછી તાંહાં ૩૨ ચોરસ ફુટ સપાટ જગાછે. એ પર આગે ઉભું રેહેવાની જગા, ઉપરનાં પથરો તોડી પાડીઆથી થઈછે, નહીતો મથાળે કોઈથી ઉભુ ન રેહેવાતે. ઉપર ગયા પછી હવા ઘણી સારી લાગેછે તથા આસપાસનો દેખાવ ઘણોજ રળીઆમણો દેખાએછે. વધારે ખુશી એથી ઉપજેછે, કે એટલી ઉંચાઈ ઉપરથી ફળવંત જમીન કેટલે સુધીછે તથા રેતીનું જંગલ કોહાંથી સરૂ થાએછે, તે આપણને સાફ દેખાએછે. જેટલી જમીન ફળવંતછે તે એકદમ એકજ બાજુ ઉપર આવીછે, વચમાં કોઈબી ઉજડ જમીન ઈચ્યા ટેકરીથી તે લીસોતરીમાં ખલલ નથી પોંહચી, અને જંગલ સરૂ થયું પછી સઘળુંજ ઉજડ દીસેછે.

સરવેથી મોટો પીરામીડ બીલકુલ બટ અથવા સંગીન નથી, પણ તેમાં અંદર આડા અવડા કેટલા

એક ઓરડાછે, અને તેઓ માંહેલા કેટલાએકમાં ગુઠણ મરડીએ ચાલીને જવું પડેછે. સરવેથી વચલામાં એ ક પથરની કબરછે, અને તેમાં મીસરનાં એક આગલા પાદશાહની ખાક પડેલીછે. ઈતસાનની કેટલી મગર રી! મુઆ પછી પોતાના કબરસતાનને સારૂ આટલી બધી નકામી જગા રોકેછે.

બીજા પીરામીડ ઉપર ચહડવાની મુસાફરો કોશેસ કરતા નથી અને તે ઉપર જવાનું પેહેલા કરતાં વ ધારે કઠણછે. તેનું કદ જોકે નાહનુંછે, તોપણ તે વધારે ઉંચી જમીન ઉપર બાંધેલોછે તેથી તે પેહેલાના જેટ લોજ મોટો દીસેછે. તરીજેતો એ કરતાં પણ નાહનોછે. એ પીરામીડો ઉપર ચહડવાનું જેટલું કઠણછે, તે કરતાં ઉતરવાનું વધારે બીકટછે. નીચે ઉતરીઆ પછી થાક તથા લુખ લાગેછે, અને આસપાસ કોઈનું રેહ ઠાણ નથી, માટે આગળથી આપણી સંગાથે કાંઈ ખાવાનું લઈ જવાની જરૂરછે. એ પીરામીડોની આસપાસ કેટલીએક અસલ જમાનાની જોવા લાએક ચીજોછે, તેમાં એક પુતળુંછે, જે અરધું ઓરતનું અને અરધું સીંહનુંછે. તે આખું સંગીત ખડકમાંથી કોતરી કાહાડેલું હોએ એવું દેખાએછે; માતર આગળા પગ તથા પી ઠનો થોડોએક ભાગ બાંધી લીધેલો માલુમ પડેછે. સીંહના બે પંજાની વચે બંદગી કરવાની એક બેઠક બના વેલીછે, તાંહાં ભોગ આપતા હોએ એવું લાગેછે. એ પુતળું ૬૬ ફુટ ઉંચુ અને ૧૦૨ ફુટ લાંબુછે અને ચોપગાં જાનવરની માફક ઉભું રાખેલુંછે.

આપણે હરએક મુલકમાં જાઈએ તારે તાંહાંનાં મરદ તથા ઓરતોની ચાલ ચલણ તથા રેવાજ વીશે ઘ ણીએક પુછપરછ કરીઆ વગર રેહતા નથી. હરેક દેશની સ્ત્રીઓની હાલત ઉપરથી તે દેશની સુધરાઈનું સાંક ળીઉ મળેછે, તેથી તેઓ વીશે ઘણીએક પુછપરછ કરવી આપણને ઘટારતછે. સઘળા મહમદીઆંત મુલકોમાં ઓરતોની ઉપર કબજાછે, તે મીશાલે મીસર દેશમાં પણ છે, બલકે તાંહાં વધતીછે. એક મરદ પોતાનાં વાહલા મીતરની સ્ત્રીનું મોહડું જોઈ શકતો નથી, એટલુંજ નહી, પણ પુરૂશોની વાતચીતમાં અથવા બે મતરોની વાત ચીતમાં પણ તેમનાં ઘરની સ્ત્રીઓનું નામ લેવાઈ શકાતું નથી. કોઈ કદાચ ખબર અંતર પુછવાની ફરજ પડી હોએ, તો ઘણુજ તપાસીને બોલવું જોઈએ, કે જેથી સામેના મીતરને ગુસ્સો ઉપજે નહી. તે એ મીશાલે કે "છુપું અથવા સંતાડેલું જહવેર" અથવા "આલમને નહી દેખાતી બાંતુ કેમ છે." એટલુંબી કોઈ ઘણેજ અત લગનો હોએ તે પુછી શકે, અને તેબી વારે ઘડીએ નહી પુછવું જોઈએ. જેમ મીસરનાં પીરામીડો આજ હ જારો વરસ થયાં સલામત છે, તથા તાંહાંનાં મીનારાઓ બદલાતા નથી, જેમ તાંહાંની રીતભાંતબી બદલાતી ન થી. એક અથવા બે નહી, પણ જેટલી જોઈએ અથવા જેટલી શકતી હોએ, તેટલી બઈરી કરી શકાએછે. પા દશાહનાં જનાનખાનામાં ૨૦૦ ઓરતો હશે, અને જેમ વાધણ પોતાનાં બચાંઓની ઉપર ચોકી રાખેછે, તેમ આ ઓરતોની બરાબ ઉપર પેહરો રાખવામાં આવેછે. વાવણનાં બચાંને આપણે પકડવા જોઈએ, અને આ પણે પરાંણ તાંહાં મેળીને આવીએ, તે મીશાલે કોઈબી શખસનાં કબીલાની સ્ત્રી વીશે કાંઈબી વીચાર કરવો અથવા બદ નજર રાખવી, એ જાંત ખોવા બરાબર છે. મહમદે કહેલુંછે કે આખંતને તડકાંમાં મેલે તો પીગ લીઆ વનાં રેહે નહી, તે મીશાલે ઓરત જાત મરદની મીનલસમાં હોવાથી બગડેછે, માટે તેઓને જેમ બને તેમ પરદેપોસ, અને પરહેજ રાખવી, એજ ડાહપણનું કામછે, હેવો જનુની મુસલમાંનોનો વીચારછે. મીસર માં છીનાંલાની સજા મોહાત વગરે બીજી કાંઇ નથી. સરકાર વચમાં પડતી નથી. જો એક સ્ત્રી ગુનાહમાં આવી પડી હોએ, તો તે વીશેની બીજા દેશમાં હોહા ઘણી થાએછે, પણ મીસરમાં તેમ થતું નથી. કોઈ કોઈ ની વાત ઉંઘાડી કરતું નથી. આજે એક સ્ત્રીએ છીનાલું કીધું, કે તેજ દીને અથવા આવતી કાલે, તેનો જાંત ગએલોજછે. તે સ્ત્રીનો બચાવ કરનાર કોઈ બારીસટર નથી; તેનો ગુનાહ તપાસવાને વાસતે કોઈ પંચ નથી: તેનો ઈનસાફ કરનાર, તેને સજા કરનાર અને તેને જીવથી કતલ કરનાર તેનો ભરથારજછે. સ્ત્રીએ છીનાલું કીધું એવું તેના માંટીનાં સાંભલવામાં આવીઉ, કે તે પોતાનાં હાથમાં છરી લેછે અથવા નીલ નદી તરફ મોહ

કું કરેછે; એટલેજ, જે સ્ત્રીઓ ઉપર આ અનીઆએ મેલીઆમાં આવીએા હોએ તેઓને કતલ કરવામાં ઈઆ તો નીલ નદીમાં જીવતી દુબાડી નાખવામાં આવેછે. આ પરમાણે ખુન કરનાર ધણી પોતાનું ઘાતકીપણું બજા વીઆ પછે, કોઇબી રીતે અફસોસ અથવા પસતાવો કરતો નથી. તે સમજેછે કે મેં મારી ફરજ અદા કીધી, અને તે ફરજ અદા કરીઆ પછે, વળી થંડે પેટે તે વીશેની ખબર પેલી મારા લાએગની સ્ત્રીનાં માં બાપને પોંહોચાડેછે, તેઓ પણ પોતાના મનમાં તે વાતથી જાહજું દરદ લાવતાં નથી. કાંજે તેઓ એમ સમજેછે કે પેલા માટીનો કસો વાંક નથી. જે દીકરીએ આવું માહુ કરમ કીધું હોએતો, બાપ પણ તે દીકરીનો જાંત પોતાને હાથે લેવાને તઈઆર થાએછે. એક મુસાફર કેહેછેકે, એક વેળાએ તે કેરોના રસતામાં ફરતો હતો, તારે તેણે એક અરબને તેના હાથમાં લોહીથી ટીપાતી છરી લઈને દોડતો જતાં જોયો, અને પુછ પરછ કીધા ઉપરથી તેને એવું જણાવીઆમાં આવીઉં કે, તે શખસે પોતાની સ્ત્રીને મારી નાખી હતી અને તે વીશેની ખબર તે સ્ત્રીનાં મા બાપોને આપવા સારૂ જતો હતો. આ આમલો સરવે કોઈ વગર અચરતીથી જોતા હતા. આ બાસ પાશાની બઈરીઓમાંની એક બઈરી "ફતીમાં" ધણીજ ખુબસુરત હતી, અને આખા દેશમાં તેની વખાણ થતી હતી, તે ઉપરથી એક શખસે તેને જોવાને દેડાવ કીધો. ધણી મુદતે તે પોતાની ઉમેદમાં પાર પડીએા, અને ફતીમાંને બારીએ ઉભેલી જોઈ. પેલી નીરદોસ સ્ત્રીનો કસો વાંક નહી હતો, પણ પેલા શખસને તે દેખાઈ, તેથી તેને શું સજા!—નીલ નદીમાં રાતનાં બાર કલાકને અમલે તેની કબર થઈ—તે બીચારીને ખબરબી નહી હશે કે આ સજા તેને સાને સારૂ થઈ, પણ એ વીશે કોઇથી કાંઈ બોલાએ નહી, અથવા ચકચાર થઈ શકે નહી.

સ્ત્રીઓની આવી હાલત છતાં, તેઓને એક રીતનું જે માંત છે, તેથી આપણને કાંઇએક અચરતી ઉપજે છે, કોઈ ગુનેહગારને ફાંસીની જગા ઉપર લઈ જાએછે, તારે રસતામાં તેની આંખે પાટા બાંધી ચલાવેછે, અને તે વીશે પુછ પરછ કરતાં એવું માલુમ પડેછે કે, જે તે ગુનેહગારનો હાથ અથવા કપડાંનો છેડો કોઇબી સ્ત્રીને લાગે, તો તે ગુનેહગાર બારા પરમાણે છુટો થાએછે, અને તેનો ફાએદો જાણી જોઈને તે ગુનાહ કરનારો લીએ, માટે તેની આંખ આ પરમાણે બંધ કરવામાં આવેછે.

કેરોથી આલેકઝાનડરીઆ જવા સારૂ ફરીથી આપણને આગની ગાડીની મદદ લેવી પડેછે. એ બે શેહેરો વચે ચીઆલીસ માઈલનો તફાવતછે અને તે સફર પુરી કરતાં લગભગ પાંચ કલાક થાએછે. કાફર ઈલેસ નામનાં ગામડા આગળ નીલ નદી આવીછે તેની ઉપર એક મોટો લોહડાંનો પુલ બાંધીઆમાં આવેછે, તે પુલ ઉપર અતાર લાખ રૂપીઆનો ખરચ થાશે. એ પુલ બંધાઈ તઈઆર થાએ તાંહાં સુધી ઉતારૂઓને બોટ માં પેલે કીનારે લઈ જવામાં આવેછે, પણ તેમ કરતાં પાંચ મીનીટથી વધારે વખત થાતો નથી. કેરો છોડીઆ પછી આપણે બુલાક નામના એક ગામડામાં આવીએછે, તે ઘણું ખુબ સુરતછે. શું તાંહાંનાં ઝાડો, કે શું તાંહાં નાં ખેતરો, કે શું તાંહાંનાં ફુલ અને ફળો, આપણી આંખ અને દીલને એવાંતો ખુશી કરેછે, કે જાણે આપણે એક બાગમાંજ હોઈએ. કેરો છોડીઆ પછી કેટલેક સુધી એવોજ સારો દેખાવ ચાલુ રેહેછે. આલેકઝાનડરીઆમાં રેહનારા લોકો તુરકીની માફક પોશાક પેહેરેછે. જે યુરોપીઅનો ધંધા રોજગારસર અતરે રેહેછે, તેઓ પણ તે પોશાક કામમાં લાવેછે. શેહેરના સઘળા ભાગોમાં આપણને ખજુરીનાં ઝાડો દેખાએછે, પણ તે ઝાડો જે આપણે મુંબઈમાં જોઈએછે, તેનાં કરતાં દેખાવમાં સરસ હોએછે. માલથી લાવેલાં ઉંટોની હાર વારે વારે વટીએ રસતાઓ ઉપરથી જતી દેખાએછે. ઓરતો હંમેસાં બુરખો મોહોડા ઉપર નાખીને ફરેછે. તેઓનું બદન અને ચેહેરો આખો આસમાની રંગનાં કપડાંથી ઢાંકેલો, અને જોવાને વાસતે આંખ આગળ બે છીદર કીધેલાં હોએછે. આલેકઝાનડરી આમા જે યુરોપીઅન ઓરતો રેહેછે તેઓ સાંહાજને વખતે પોતાની સોલઈતી ગાડીઓમાં બેસી ફરવા નીકળેછે, તારે ખુલ્લે ચેહેરે બેસેછે, અને તેઓની સાંમે તેઓની કાળી અને બદ સુરત દાઈઓ ઘણી જતનથી પોતાનું મોહો

ઢાંકેલું રાખેછે, તે જોઈને આપણને હસવું આવીઆ વના રેહેતું નથી. આલેકઝાનડરીઆનો સઉથી મોટો ચોક કે જાંહાં ઘણાખરા યુરોપીઅન રેહેવાસીઓ રેહેછે, તે ચોકમાં જોકે ઘણી નામીચી કારીગરીની ઈમારતો નથી, તોપણ તેનો દેખાવ ઘણો સારો લાગેછે. તેમની બાહેરની દેવાલો કરેડની જાતના એક સફેદ પથરની બાંધેલીછે, અને તે પથર હંમેશાં સફેદ રેહેછે, તેથી દેવાળો ઉપર જાણે સફેદ ચુનો ધોલીઓ હોએ તે મીસાલે લાગેછે. એ ચોકની વચમાં કેરોનાં સંગેનરમરનો એક મીનારોછે અને તેની ઉપર પાંણીનો ફુવારોછે. જુદી જુદી સરકારના "કાનસલ" અથવા વકીલોના રેહેવાના ઘરો આ ચોકમાંછે, અને તે ઉપર તેઓ પોતાની સરકારના વાવટા ઉડાવેછે. ફ્રેનચનાં વકીલની વાવટાકાડી "કારક સકરૂ" ના જેવા એક દાદરનીછે, અને તેને માથે એક મોટું ઘડીઆળછે તેની ઉપરથી લોકોને વખત માલુમ પડેછે. દુકાંનદારોનાં પાટીઆં ઉપર નામો તથા બીજું જે કાંઈ લખીઉં હોએછે, તે સઘળું યુનાની ભાશાના વાકીઆમાં હોએછે. જે મુખીઆ પોંહોચ ખાંનાછે, તે પણ એજ ચોકમાંછે, અને શેહેરના જુદા જુદા ભાગોમાં જવાના રસતા આ ચોક આગળથી કાઢેલાછે. તવંગર અરબો તથા તુરકી લોકોના ઘર કાંઈપણ સારાંછે, બાકી આખી પરજા ઘણાજ સાંકડા મોહોલ્લા તથા બદસુરત અને ભાગી પડેલાં મકોડીની દેવાલનાં ઘરોમાં રેહેછે. થોડીએક મોટી દુકાનો સારીછે, પણ ઘણુંખરાં બજારો કોહોતા ઉકરડા હોએ તેવાં જણાએછે. થોડાએક યુરોપીઅનો તથા તુરકીઓ તેજ ઘોડા અને કીમતી ગાડીમાં બેસીને ફરેછે તથા હરવવાંત અરબો ઘોડાઓ ઉપર સવાર થાએછે, પણ ઘણા ખરા લોકો ચીથરે હાલ અને ભીખ માંગતા હોએ તેવા દેખાએછે.

"આલેકઝાનડર ધી ગરેટ" જેને આપણા લોકો શેકંદર કરીને કેહેછે, તેણે એ શેહેર બાંધીઉં હતું, અને અસલના વખતમાં તે ઘણું આબાદ હતું, તથા જેમ હમણાના વખતમાં ઉગમણુ તથા પશ્ચમના દેશો વચે ના વેપારનું મથકછે, તેમજ તે વખતે પણ હતું. એક વખતે તેમાં પાંચ લાખ આદમીની વસતી હતી, પણ તે માંનાં અરધા અરધ ગુલામ હતા. એવું કેહેછે, કે તે વખતે તાંહાં ૪૦૦૦ મેહલ, ૪૦૦૦ હમામખાના, નાટક તથા બીજી ગમતને વાસતે ૪૦૦ ઘરો તથા ફકત ભાજી તરકારી વેચવાને વાસતે ૧૨૦૦૦ દુકાંનો હતી. તેના જાહેર પુસતકમાંનાઓમાં સાત લાખ કેતાઓ હતી. મહમદીઆનોનાં રાજની બેદાદી જેમ જેમ એ શેહેર ઉપર અને આખા મીસર દેશ ઉપર ચાલતી ગઈ, તેમ તેમ તે મુલકની અસલની બુલંદી ઉપર ઢાંકણું દેવાતું ગયું, અને જે કાંઈ વખાણવા જોગ હતું તેનો નાસ થતો ગયો. મીસરનો છેલ્લો પાદશાહ મહમદ અલી ઘણોજ હુશીઆર તથા ડાહ્યો શખસ હતો, તેના વખતથી એ દેશની હાલત પાછી સુધારા ઉપર આવીછે. આલેકજાનડરીઆનો અસલના વખતનો હેવાલ વાંચીએ, અને હમણા તેની ઉપર આપણે જોઈએતો, તેમાં આસમાન અને જમીન વચેનો ફરક માલુમ પડેછે. અસલની શેહેરે પોતાનાં નામ અને આગલી જાહોજલાલીની ભાગી પડેલી નીસાંનો શીવાએ, હમણાનાં શેહેરને બીજો કસો વારસો આપીઓ નથી. આગળા વખતમાં એ શેહેરની આસપાસ ૧૫ માઈલના ફરતા બેરાવાની મજબુત દેવાલ હતી, તેનો એક કાંકરો પણ હમણાં દેખાતો નથી. હાલની સદીની શરૂઆત સુધી એ શેહેર સુધારવાનો કસો ઈલાજ થયો ન હતો, પણ મીસરનો છેલ્લો પાદશાહ મહમદ અલી ઘણોજ હુશીઆર અને ચંચળ હતો, તેણે એ શેહેરની ખુબી પીછાંણી, અને જોયુંકે યુરોપ અને એશીઆખંડનો વેહેવાર દીવસે દીવસે હીંઆંથીજ વધતો જશે, અને જે ઉમેદ ચાર હજાર વરસ ઉપર એ શેહેર વીશે બાંધવામાં આવી હતી, તે હવે પછી મજબુતીથી અને વધારે ફતેહ સાથે પાર પડશે. મહમદ અલીના રાજમાં આલેકઝાનડરીઆ પાછું ટટાર થયું. ૧૮૦૦ ના સાલમાં તાંહાં માતર સાત હજાર આદમીની વસતી હતી, તે હમણા શીતેર હજારની થઈછે. હમણાં એ શેહેરનાં બારાં તથા ગોદી ઉપર નજર કરીએછે, તો તેથી તેની વધતી આબાદી વીશે આપણને સમજ પડેછે. એ શેહેરમાં હાલના વખતમાં ઘણું જોવાનું નથી, તોપણ જોટવુંછે તે અસલની તવારીખ જાંણનારને ઘણી ખુશી ઉપજાવનારૂંછે. એ શેહેરની અસલની જાહોજલાલી

ની નીશાંનો ઘણે ઠેકાણે જોવામાં આવેછે. અસલના વખતમાં હીંમા ઉંચી કારીગ રીની ઈમારતો તથા સંગેમરમરના પથરના નામીચા મીનારાઓ ઘણા હશે, કારણ હમણાના વખતમાં જ્યાં જ્યાં વેરાંણ જમીનછે, તેની ધુળ અથવા રેતીની અંદરથી તે વીશેની ઘણી નીશાંનો આપણું હાથમાં આવેછે. જે કોઈ આલેકઝાનડરીઆ જા એ, તેણે "પામપીસ પીલર," "કલીઓ પાટરાસ નીડલસ" તથા "મહમુદી કનાલ" તથા પાદશાહનો મેહેલ જોયા વગર તે શેહેર છોડવું નહી.

"પામપીસ પીલર" ૨૪૦૦ વરસનોછે. તેની ઉંચાઈ ૯૮ ફુટછે. એ મી નારો રાતા ગરાનીટનાં પથરનોછે, અને શેહેરની દેવાલથી ૬૦૦ ફુટ દુરછે. તેની ઉપરના ભાગનો એકજ કટકો ૭૩ ફુટનોછે અને તેની જડાઈ નવ ફુટ અને આઠ ઈંચછે. શેહેરને બીજે છેહે "કલીઓપાટરાસ નીડલસ" નાં મીનારાછે. એ મી નારા પ્રથે એક ઉભો અને એક જમીન બરાબર બાંધેલોછે, એકની લંબાઈ ૭૦, બ ને બીજાની ૬૫ ફુટછે. એ મીનારા અસલ "હીલીઓપોલીસ" માં હતા, તે રોમ ના એક પાદશાહે આલેકઝાનડરીઆ ખાતે મોકલાવીઆ હતા. એ બંધે મીનારા ઉપર "હીરોગલીફીક" નાં દસ્કતો કોતરેલાછે. નીલ ન દીનો જે ભાગ વાંહાંણથી ખેડી શકાએછે, તાંહાંથી આલેકઝાનડરીઆ શેહેરને ૪૮ માઈલ લાંબી અને ૯૦ ફુટ પોહોળી પાંણીની નેહેરથી જો ડેલુંછે. એ નેહેરનું બાંધકામ ઈ૦ સ૦ ૧૮૧૯ ના સાલમાં શરૂ કરવા માં આવીઉ હતું તે ૭ મહીનામાં પુરૂં થયું હતું. આવી મોટી નેહર આટલી ઉતાવળથી કેમ બંધાઈ તે વીશે અલબતાં વાંચનારને અચરજ ઉપજશે. એવું જણાવવામાં આવીઉંછે, કે એ નેહરને સારૂ જમીન ખોદવાના કામમાં એક લાખ, પચાસ હજાર, આદમી કામે લગાડી યાં હતાં. એ નેહેરની બંધે બાજુએ ઝાડો રોપેલાંછે, તેથી તેનો દે ખાવ ઘણો સુંદર લાગેછે. પાદશાહનો મેહેલ દરીઆના કીનારાની આગળછે, તે ઘણો સોભતો નથી, પણ સારો અને મોટોછે. અંદ રના ઓરડાની ગોઠવણ તારીફ લાએકછે, અને તેની જમીન પાલીસ કીધેલાં લાકડાંનીછે તેથી તે ઓરડાઓનો દેખાવ સુંદર લાગેછે.



પામપીસ પીલર.

કલીઓપાટરાસ નીડલસ.

આલેકઝાનડરીઆ છોડીઆ પછી આપણે મેડીટરેનીઅન સમુદ્રમાંથી આગબોટમાં બેસી માલટા જઈએછે. બારામાંથી આલેકઝાનડરીઆનો દેખાવ સારો લાગતો નથી; માતર એક તરફથી પાદશાહનો મેહેલ અને બીજી ગમથી અનાજ દલવાની પવનચકીઓ દેખાએછે. બારામાંથી ઓછામાં ઓછી બશો પવનચકી આપણે ગણી શકીએછે. જરા દુર ગયા, કે જમીન આપણી નજરથી ગુમ થઈ જાએછે. કેમકે મીસરની જમી ન ઘણીજ નીચીછે. આલેકઝાનડરીઆ ખાતે દીનપર દીન વધતો વેપાર તાંહાંના બારામાં લંગર થએલાં જુ દાં જુદાં દેશના વાંહાણો તથા વાવટાઓ ઉપરથી તરત માલુમ પડેછે. વળી સુએજ અને એ શેહેર વચે લોહો ડાંની સડક બંધાયાથી પણ એ શેહેરનાં વેપારમાં ઘણો વધારો થાશે. સુએજ અને આલેકઝાનડરીઆ જોડાયા થી ઈગલંડને પણ રાજદુઆરી બાબદમાં બેહદ ફાએદો થયોછે. ગરેટ બરીટંત અને તેનાં ઉગમણ પરાંતનાં સ વસથાંનો વચેનાં વેપારમાં પણ તેથી વધારો થાશે. આ માહાભારત કામ ઉઠાવી પાર પાડવાનુ માંન મીસરના

સઈદ પાશાને ઘટેછે. તેણે પોતાનાં દેશને અને તેનાં વેપારને ઘણો ફાએદો કીધોછે. એ સડક થયાથી રેડ સી નાં વેપારમાં દેખાતો વધારો થયોછે. સુએજ અને આલેકઝાનડરીઆ વચે લોહોડાંની સડક નહી હતી, તે વખતની હાલત હમણાંની હાલત સાથે સરકાવતાં હુંગાડી રીતે માલુંમ પડેછે કે, એ બે બંદરો તથા રેડ સી નાં બીજાં બંદરો વચે માલ તથા ઉતારૂઓનાં આવ જવમાં અતી ઘણો વધારો થયોછે. રેડ સી ખેડવાને સારૂ "ઈજીપશીઅન મેડજડે કંપની" ઉભી થાઈછે તેને હવડાં સારી કમાંણી થાએછે, કાંએજે તુરકસતાંન તથા બી સરથી જેઓ મક્કે હજ કરવા જાએછે, તેઓ ઉપર જણાંવેલી લોહોડાંની સડક થયાથી ગાંમઠી બારકસો પડતાં મે લી વધતો દર આપી ઉપલી કંપનીની આગબોટોની મારફતે જાએછે. સુએજથી આલેકઝાનડરીઆ સુધીની લો હોડાંની સડકને માંથે (૨૦૦૦૦૦૦) બે કરોડ રૂપીઆ થયાછે અને તેની ઉપજ દર વરસે (૩૦૦૦૦૦) તીસ લાખ રૂપીઆની થાએછે. વળી સુએજથી મોટી નેહર બાંધી વાંહાણમાં આલેકઝાનડરીઆ ખાતે માલ લાવવાની હમણા જે ગોઠવણ થાએછે, તે પાર પડશે, તારે આ શેહેરનું ઉપીઓગી પણું અતીશે વધશે, અને હમણાના કરતાં તે વધારે વખણાશે તથા તેની આબાદાનીમાં વધારો થશે. એક વખત આલેકઝાનડરીઆ હ તું તેવું, બલકે પાછું તે કરતાં વધતું થશે.

પ્રકરણ ૩ જું.

માલટા—મારસેલ—ફ્રરાનસ.

માલટા—તેનો દેખાવ—બંદર—ગોદી—સેંટ જાંનનું દેવળ—ગવરનરનો મેહેલ—કોટ—હુંનરની જનસો—માલટા છોડી આ પછી મેડીટરેનીઅન સમુદર પસાર કરતાં મલતા દેખાવો. મારસેલ—તરતી ગોદી—ફ્રરાનસનાં મુલકનાં ફ્રરવાને જરૂ રનો પરવાનો—મારસેલનો દેખાવ—પલાસ રોયોલીઅંન—ઇટાલી જવાનો રસતો—પોંહોચવાનાં—પારીસ જનારી આ ગની ગાડી—જોવાં શેહેર—કારખાંનાં—વેધશાળા—મારસેલથી પારીસ સુધીની સફર—મુખ મુરત દેખાવ—ફલવંત જ મીન—આફ્રનીનો ઊદીઓગ—પારીસ.

આલેકઝાનડરીઆથી ઉપડેલી આગબોટ માલટા ખાતે જાએછે અને તેઓ વચે ૮૧૯ માઇલનો તફા વતછે, તે પસાર કરતાં આગબોટને તરણ દહાડા લાગેછે. મેલની આગબોટ માલટામાં છ કલાક સુધી રેહેછે, તે થોડા વખતને લીધે, તાંહાં ઘણું જોવાઇ શકાતું નથી. જો રાતને સમે તાંહાં પોંહોચીઆ હોઇએ, તો કીના રા ઉપર ઉતરવાને દરૂસત લાગતું નથી કાંએજે તે સમે કાંઇ જોવાઇ શકાએ નહી, અને એટલા માટે ઉતારૂ ઓ હંમેસાં દીવસને વખતે તાંહાં જવાને ઘણા ખુશી હોએછે. માલટાનું ટાપુ હવડાં ઇંગરેજોના સવાધીનમાંછે અને તે સીસીલીના ટાપુથી ૬૦ માઇલ, અને આફ્રરીકાના કોસતાથી ૨૦૦ માઇલ દુરછે. તેની લંબાઇ ૭૦ માઇલ, પોંહોળાઇ ૯ માઇલ અને ઘેરાવો ૧૬૦ માઇલછે. એ ડેકાંણે જમીનની ઉંચાઇ ૬૦૦ ફુટનીછે, તાંહાં ની હવા ઘણી સારી અને તનદરોસતી ભરેલીછે પણ હુનાલામાં વધારે ગરમી માલુમ પડેછે. સપટેમબર મ હીનામાં દખણ પુરવથી રોગી પવન ફુકેછે. ઘણું કરીને તાંહાં પારાની સીસી સરાસરી ૬૭ ડીગરી (અંગ સ) સુધી ચહડેછે. તાંહાંની જમીન દેખાવમાં ઉજડછે, તોપણ તેની ઉપર દરાખ અને બીજે મેવો પુશકળ પેદા થાએછે. અનાજ દળવા સારૂ તાંહાં ઉંચી જગાએ ઉપર પવન ચકીઓ બાંધેલીછે, તેના સબબથી એ ટાપુનો દેખાવ દુરથી ઘણોા રળીઆમણોા લાગેછે. તાંહાંના રેહેવાસીઓ થોડી અરબી અને થોડી ઇટાલીની ભાશા ભેળસેલ બોલેછે તેમાં અરબી શબદો વધારે વાપરેછે.

માલટાના બારામાં બે મોટાં બંદરોછે, અને તેમની વચે માઉંટ જેબેરાસ નામનો એક પાહાડ આવે લોછે, તે ડેકાણે માલટાનું પાએતખત શેહેર વાલેટાછે. મોટા બંદરની બંધે બાજુએ બે કીલ્લા બાંધેલાછે. અને એ ક કીલ્લા ઉપર મોટી દીવાદાંડી ઉભી કીધેલીછે. એ મોટા બંદરમાં નાંહાંની ખાડીઓ ઘણીછે, અને જે જ મીનનો ભાગ એ પરમાણે દરીઆની નજદીક નીકળી આવેલોછે, તેઓ માંહેલા એક ઉપર ગોદી, બંનવા બેસ વાનો ચોક, તથા હથીઆરો રાખવાની એક જગા, એટલી ચીજો બાંધેલીછે. હવડાં તાંહાં એક તરતી ગોદી બાંધીછે, તેની ઉપર સરકારને નજદીક એક કરોડ રૂપીઆનો ખરચ થયોછે. એવીજ એક બીજી જગો ઉ પર વેપારીઓનાં બારકસોને તથા માલને સારૂ એક બીજી તરતી ગોદી તથા કેટલીએક વખારો બાંધીછે. માલ ટાનાં બંદરમાં હર વખતે બરીટીશ, અમેરીકન અને ફ્રરેનચનાં લડાઇનાં મોટાં બારકસો લાંગરેલાં જોયામાં આ વેછે, તેમાં એક મોટુ બીરીટીશ બારકસ તો તાંહાં જાયુક પડી રેહેછે. ઉપર જણાંવીઉંછે કે મેલની આગબોટ માલટામાં થોડા કલાક રેહેછે તેથી તાંહાં સઘળી તરફ ફરી પુરતી માહીતગારી મેળવવાનો અતરેથી જતા આ

થવા અતરે આવતા મુસાફ્રરને વખત મળતો નથી. ઉતાવળને લીધે તેનાથી કાંઇક જુજ ચીજે માતરે જોવા ઇ શકાએછે. તાંહાંનું સેંટ જાંનનું મોટુ દેવલ જે જોવા લાએકછે, તે ૩૦૦ વરસનુ પુરાંણુછે. બાહેરથી તેનો દે ખાવ મુસાફ્રરને લલચાવે તેવો નથી, તોએપણ અંદરથી ઘણું ખુબસુરતછે. તેની અંદર રેહોડસનાં ટાપુમાંથી લાવેલા ઘણા સરસ ઘંટ ટાંગેલાછે. અંદરની જમીન સંગેમરમરના પથરથી તારીસ કરી લીધેલીછે અને તેમાં માલટાના કેટલાએક પેહલવાંન નાઇટોની ધોરછે. સફેદ સંગેમરમરમાં કોતરી કાહાડેલાં તેમના પુતળાં પણ તાં હાં જોવામાં આવેછે. જે મેહેલમાં તાંહાંનો ગવરનર રેહેછે, તે ઘણો મોટો અને જોવા લાએકછે. તેના એક ભાગમાં હાલ જમાનાનાં લડાઇના દશ હજાર હથીઆરો તઇઆરછે, અને તેઓ તુરત વાપરવામાં આવે તેવી હાલતમાંછે. બીજા ભાગમાં આગળા વખતનાં કેટલાએક જુના પણ વખાંણવા લાએક બખતરોછે. તેઓ માં હેલા કોઇની અંદર સુનેરી કામ પણ જોવામાં આવેછે. તરાંબાના પતરાંની બનાવેલી એક આઠ અથવા દશ પાંઉંડર તોપ પણછે, અને તેની ઉપર તાર ચોપડેલું દોરડું મજબુત વીટાળી લીધેલુંછે. એ તોપ એકવાર ફોડ તાં ફાટી હોએ એવું દીશેછે, અને તે પતરાંની બનાવેલી તેથી એમ બનીઉ હોએ એમાં નવાઇ પણ નથી. એ મેહેલનાં પુસતકખાંનામાં એકવાર ૭૦ હજાર પુસતકો હતાં. મેહેલમાં વાલેટાના સંગેમરમરમાંથી કોતરી કા હાડેલી ટેબલો, બરણીઓ અને એ વગરે બીજી સણગાર લાએક ચીજે જોવામાં આવેછે.

માલટાના કોટ ઘણાજ મજબુત બાંધેલાછે તથા તેઓમાં જવાનો રસતો ઘણોજ સાંકડો અવડોછે, તેઓમા ના એકની અંદર બે હજાર માણસો રહી શકે એટલી જગાછે. બંદરની અંદરનું પાણી એટલુંતો સાફ છે, કે ત રીસ અથવા ચાળીસ ફુટ નીચે તળીઉં દેખામેછે. તાંહાંની ઓરતો મુનેરી અને તરેહવાર રંગીન રેશમી ભ રત ભરવામાં ઘણી હુશીઆરછે. તેઓ હાથે પેહેરવાનાં મોજાં પણ વખાણવા લાએક રીતે ગુંથેછે. માલટામાં રૂપાં તથા સોનાંની બારીક જનસો ઘણાં સારા હુનરથી બનાંવીઆમાં આવેછે.

હમોએ આગળ કહીઉંછે કે ઇંગલંડ ખાતે જનારા મુસાફ્રરો તરણ મારગે જાએછે. કેટલાએક મારસે લને મારગે ફ્રરાનસમાં થઇને અથવા ટરીએસ્ટને મારગે જરમનીમાં થઇને ઇંગલંડ જાએછે અને કેટલાએક મેડીટરેનીઅન સમુદર આખો પસાર કરી, જીબરાલટરની નાલ કાપી, બીસકેનાં અખાટમાં થઇ ઇંગલંડ અને ફ્રરાંનસની વચેનો દરીઓ પાર કરી, ઇંગલંડના કોસતા ઉપર સાઉથામપટન ખાતે જાએછે. આ ઉતારૂઓ આ લેકઝાનડરીઆ અથવા માલટાથી જુદા પડેછે. એક આગબોટ ઉતારૂઓને મારસેલ અને બીજી સાઉથામપટ ન લઇ જાએછે. જેઓને ટરીએસ્ટથી જવું હોએ તેઓને આસટરીઅંન કંપનીની ઇસટીમરની મદદ લેવી પડેછે.

માલટા છોડીઆ પછી મેડીટરેનીઅન સમુદરમાં આપણને મોટા તથા નાંહનાં બારકસો ઘણા મલેછે. એ બારકસો ઇટાલીના કોસતા, દરીઆમાંનાં ટાપુઓ, તથા ફ્રરેનચનાં કોસતા સાથેના વેપારને લગતાં હોએછે. મારસેલ જતાં દરીઆમાં આપણી આગબોટની એક બાજુએ કારસીકા અને બીજી બાજુએ સારડીનીઆનાં ટાપુઓ દેખાએછે, તેથી ઉતારૂને ઘણી ખુશી ઉપજેછે. મારસલનાં ટાપુ કે જેનો દારૂ ઘણો વખાણએલોછે તે પણ અતરેથી દેખાએછે. જેમ આપણે મારસેલ પોંહોચવાની નજદીકમાં આવીએછે, તેમ રસતો વાંહા ણુ બેડનારને વાંકો તથા બીકટછે, પણ મુસાફ્રરની આંખને તે ઘણો ખુશી ઉપજાવનારોછે. એ રસતો એટલો તો આહો અવળો અને નાંહનાં નાંહનાં ડુંગરોથી પુરછે, કે જો આ જગોએ કાપટને સાહુચેતી નહી રાખી હોએ તો, બારકસ આફતમાં આવી પડે. આ ડેકાણે એક ડુંગરનાં માંથા ઉપર એવો આકાર આવેલોછે, કે તે દુરથી જોઇએતો જાણે રીંછનો આકાર હોએ તેવું લાગેછે, અને તેને "બીઅરસ હેડ" કરી કેહેવામાં આવે છે. મુસાફ્રરોને આ આકારની ખબર નહી હોએ, તેટલા માટે ખલાસીઓ તેમને તે જરૂર બતાવેછે. માલટા અને મારસેલ વચે ૬૫૯ માઇલનો તફાવતછે તેથી એ બે શેહેર વચેનાં આવજાવમાં હરી દાહડા રોકાએછે.

મારસેલનાં બારામાં આવતાંને વાર તાંહાંની તરતી ગોદી જોઇ આપણને ઘણી અચરતી લાગેછે. જે

ન એક મોહોલામાં એક ઝકની પાસે હારેદોર ઘર બાંધેલાં હોયછે, તેમ આ ગોદીની અંદર વાંહાંણોને એક એકની પાસે ગોઠવીઆમાં આવીઆં હોયછે. એ શેહેરનું બારૂં જે છે તે જાંણે પાણીની અંદર લાકડાંનાં ધ રોનો મોહોલોછે. એ ગોદી એવી બાંધીછે, કે રસતાની અડોઅડ પાણી ઘણું ઉંડું હોયછે, અને વાહાણુ તે ની અડોઅડ આવીને લાંગર કરેછે; એક પગ રસતામાં અને એક પગ વાંહાણુમાં મેલી શકાયે. એક વાં હાંણ લાંગરે તે બીજાની અડચણ બધું નજદીક કે માલ તથા આદમીઓને તેના ઉપર જવાને સારૂ એક બોટ ફ રી શકે તે કરતાં વધારે જગો નહી હોયે. ગમે તેવો પવન તથા તોફાંન હોયે તોપણ આવી ગોદીમાં બારકસો ને કશી નુકસાંની થાયે નહી. બે બારકસની વચમાં એક જગા હોયે અને તાંહાં તરીજુ બારકસ લાંગરવું હો યે, તો આપણને ભારી અચરતી લાગેછે, કે પેલાં બે બારકસોને અથડીઆ વગર પેલું બારકસ અંદર કેમ જ ઇ શકશે. પણ ચણજાંણુઓ આટલી અચરતીમાં પડી જરાક વીચાર કરતા હોયે તેટલામાં તો તે બારકસ તાંહાં જઈને ઉભુંજ રેહેછે. †

જાંહાં ઇંગરેજનુ રાજ હોયછે તાંહાં વગર હરકતે હરકોઈ શખસ કોઈ પણ તરેહની રજા વગર ફરી શ કેછે, પણ યુરોપ અને ફરાનસ તથા બીજા રાજમાં એવો ધારો નથી. તે રાજમાં ફરવાને વાસતે તેમની સર કારની પરવાંનગી જોઈયેછે. એ પરવાંનાને અંગરેજીમાં "પાસપોરટ" કરીને કેહેછે, અને મુસાફર જે રાજની રઈઅત હોયે, તાંહાંના હાકમ તથા એલચીની તથા જે રાજ વાળાના દેશમાં ફરવાનું હોયે, તે રાજના હાક મની અથવા એલચીની સહી તે પરવાંનાં ઉપર જોઈયે. માટે જેઓ ફરાનસને મારગે ઇંગલંડ જવાના હો યે, તેઓને અતરેથી નામદાર ગવરનરની તથા ફરેનચનાં કોનસલની સહી સાથે પરવાંનો લઈ જવો જોઈયે. જો એ પરવાંનો નહી હોયે તો માર્સેલમાં તાંહાંના સતાવાળાઓ ઉતરવા દીયે નહી. આ ધારાને લીધે બં દરમાં આગબોટ જેવી લંગર કરેછે, કે તેની ઉપર ફરેનચની પોલીસનો અમલદાર આવેછે અને સરવેનાં પરવાંનાં પોતાનાં હસ્તકમાં લેછે. જોયું કે સઘળા ઉતારૂઓનાં પરવાંનાં બરાબરછે તો પછી તેઓને બંદર ઉ પર ઉતરવા દીયેછે. બંદર ઉપરથી ઉતારૂઓ તરત પોતાને ગમે તાંહાં જઈ શકે નહી. તેઓને આંડવીમાં લઈ જવામાં આવેછે, તાંહાં તેઓનો સામાન તપાસવામાં આવેછે, કે તેહેમાં જગાતની કાંઈ વસતુઓ હોયે નહી. પછી તેઓને તેમનાં પરવાંનાં પાછા આપેછે, પણ તેમ કરતી વેળાયે, એક પોલીસનો અમલદાર જે નાં હસતક તે કામ હોયે, તે ઘણીયેક પુછપરછ તથા તજવીજ કરેછે; આપણે કયા દેશથી આવીઆ, કાંહાં જઈયે છઈયે, ધંધો રોજગાર શુંછે, ઉંમર કેટલીછે, કયા પોહોંચખાંનામાં ઉતરવાના છઈયે; એ પરમાણે ઘણાં એક સવાલ કરેછે, અને તના ઉતર જે મળેછે તે એક ચોપડીમાં નોધી લીયેછે. પછી આપણને જવાની રજા આપવામાં આવેછે.

ફરાનસના શેહેરો કેવાં હશે તેનો કાંઈયેક વીચાર આપણને માર્સેલ પોંહોચીઆથી આવેછે. મુંબઈ થી નીકળીઆ પછી એડન અને સુએજમાં આપણે એક રીતનો દેખાવ જોયો. કેરો તથા આલેકઝાનડરીઆ માં બીજી રીતનો જોયો, માલટામાં વળી કાંઈ જુદુંજ જોયું, અને માર્સેલમાં આવીઆ કે ફરેનચ શેહેરનો ન મુનો પેહેલાં આપણી નજરે પડેછે. પથરની લાદીથી જડેલા રસતા તથા સ્લેટના છાપરાં તથા કાચની બા રીની દુકાંનો જે આપણે પારીસ તથા લંડન અને ફરાનસ અને ઇંગલંડમાં શેહેરે શેહેર જોઈયેછે, તે પેહેલાં

† મુંબઈના બારાંમા તરતી ગોદી બાંધવાને ઘણીવાર વીચાર કરવામાં આવીઓ હતો, પણ તે વીચારને અમલમાં લાવ વાને કશી તરેહની ગોઠવણ હજુ સુધી કરીઆમાં આવી નથી. એવી ગોદીથી આપણને અતીસે શાએદો થયા વના રેહે ન હી. જો હવી એક ગોદી અતરે હતે તો સને ૧૮૫૪ ની ૧ લી નવેમબરને દીને થાએલાં મોટાં તોફાંને આપણાં બારાં મધે નાં બારકસોને જે નુકસાંન કરીદ્વાં હતું તે નહી થાતે.

અતરે દીહામાં આવેછે, અને એ પરમાણે આગળનાં કરતાં હીંઆં કાંઈ જુદુંજ દેખાયેછે, તેથી આપણા દીલમાં ઘણી ખુશી ઉપજેછે.

માર્સેલમાં મુસાફરને ફરાજું જોવાનું નથી. એ શેહેર ફરાનસના વેપારને વાસતે વખણાયેલુંછે. જે મ ઇંગલંડનું લીવરપુલછે, તેમ ફરાનસનું માર્સેલ ગણાયેછે. એક ઉંચી જગા કે જેનું નામ પલાસ નેપોલી અંત કરીછે અને જાંહાં લોકો ફરવા જાયેછે તથા નેપોલીઅંતનું પુતળું ગોઠવેલુંછે, તાંહાંથી શેહેરનો દેખાવ ઘણો સારો લાગેછે. આસપાસના ખુશનુમાં બાગો તથા બાઈલો સુધી લીલાં અને આબાદ ખેતરો જે આપણી નજરે પડેછે, તે આપણને બતાવેછે, કે પરમેશવરની બખશેસે અને આદમીના ઉદીઓગે તાંહાં કસી ખામી રાખી ન થી. શેહેરની આસપાસ કાંઈજ નહી પણ બાગોછે તથા દરાખનાં ખુબ સુરત વેલા તથા નારંગીના લપટ ભરેલાં ઝાહો ઘણોજ સુંદર દેખાવ આપેછે. એ શેહેરથી ઇટાલી સુધી જવાનો એક મોટો રસતોછે, તે જોવા લાયેક ત થા ફરવા જોગછે, અને તેની બંધે બાજુએ ઘણા સારાં ઝાહો રોપેલાંછે. ફરાનસથી છેક ઇટાલી સુધી જવાઇ શ કે તેવી લોહોડાંની સડક બાંધવાનુ કામ માર્સેલથી શરૂ થયું છે તે થોડુંઘેકમાં તઇયાર થશે.

માર્સેલમાં ઘણા પોંહોચખાંનાંછે, પણ તે પારીસ તથા ઇંગલંડના શેહેરોનાં જેવાં સારાં નથી, તેથી મુસા ફરને તાંહાં વધારે દીવસ રેહેવા ગમતું નથી. જેને ફરેનચ ભાશા નહી આવડતી હોયે તેને તો ઘણીજ આપ દા ખમવી પડેછે, કેમકે તેને જે કાંઇ જોઇયે, તે વીશે તાંહાંના ચાકરો કાંઈ સમજે નહી.

માર્સેલથી પારીસ સુધી લોહોડાંની સડક બાંધેલીછે તેથી આગની ગાડીની મદદથી સફર કરી શકાયે છે. એ શેહેરો વચે ૭૬૨ માઇલનો તફાવતછે. એ શેહેરથી પારીસ જવાને સારૂ બે જાતની "ટરેન" ગાડી ચલેછે. એક "આરડીનેરી ટરેન" અને એક "એકસપરેસ ટરેન" હોયેછે. આરડીનેરી ટરેન રસતા માં સઘળા શેહેરો તથા ગાંમો ખાતે ઓટી થાયેછે, અને દરેક મથક આગળ ઉતારૂઓ છોડેછે તથા લેછે, તે થી તેને પારીસ પોંહોચતાં ઘણી ઢીલ થાયેછે, પણ માર્સેલથી નીકળેલી એકસપરેસ ટરેન એક બે જરૂરી આત મથક આગળ ઉભી રહીઆ શીવાએ છેક પારીસ સુધી એક દમ જાયેછે, અને આખી સફર આ સરે ૨૦ કલાકમાં કરેછે. જેઓ લંડન જવાના હોયે તેઓ આ ગાડી પસંદ કરેછે. એ ગાડી દીવસનાં ત થા રાતનાં દસ વાગતે નીકળેછે, અને તેમાં પેહેલા વરગ વગરે બીજા કોઈ વરગનાં ઉતારૂઓ લીધામાં આવતા નથી, તેથી આપણી સાથે ચાકર મથવા કોઇ પણ આદમી હોયે તેની પણ પેહેલા વરગની ટીકીટ લેવી પડેછે.

માર્સેલથી નીકળેલી ગાડી આસરે ૧૨ કલાક સુધી સફર કરીઆ પછી લીઆં શેહેર આગળ નજદી ક પોંણા કલાક સુધી ઉભી રેહેછે, તાંહાં ઉતારૂઓને ખાંણુ ખાવાને તથા બીજી રીતે આશાએસ લેવાને જોગવા ઇ મળેછે. લીઆંનું મથક ઘણુંજ મોટું અને રોનકદારછે. તેનુ આખું છાપરૂં બીલોર કાચનું બનાવેલુંછે અ ને રાતને વખતે તેની નીચે "ગીઆસ લાઇટ" નાં ફાંનસો સળગાવવામાં આવેછે, તારે એક સુંદર અને તલે સમાતી દેખાવ થઈ પડેછે. હીંઆંથી ફરાનસની ઘણી ખરી સામ્મા સડકો છુટી પડેછે, તેથી લીઆંનાં મથકનો કારોબાર તથા આવજાવ ઘણો થાયેછે. ફરાનસમાં પારીસથી ઉતરતું શેહેર લીઆંનું ગણાયેછે. ફ રાનસની કારીગરી તથા હુંનરનાં ઘણાખરાં કારખાંનાઓ આ શેહેરમાંછે. જેમ ઇંગલંડનું મેનચેસટરછે તેમ ફરાનસનું લીઆંછે. એ શેહેર અગત કરીને રેશમના કારખાંનાઓને વાસતે વખણાયેલુંછે. ફરાનસની તારા વરતવાની સઉથી મોટી વેધશાળા (આબઝરવેટરી) આ શેહેરમાંછે. કેહેછે કે જારે હવા ખુલ્લી હોયેછે, તારે એ વેધશાળા ઉપરથી આલપસનાં પાહાડ ઉપરની માંનટ બલાંનકની સઉથી ઉંચી ટેકડી દેખાયેછે. લી આંથી પારીસ જતાં બે નદી આવેછે, તેઓ ઉપર મોટા મજબુત અને સોભઇતા પુલો બાંધેલાછે, અને એ પુલો ઉપરથી ગાડી જાયેછે, તે વેળાયે અંદર બેઠેલા ઉતારૂઓને ઘણોજ રચના ભરેલો દેખાવ નજરે પડેછે. બં ધે બાજુએ નદી અને કીનારા ઉપર ઘરો અને તેમની વચે દેવળો અને કારખાંનાઓનાં ઉંચા ધુંવાડીઆં,

એ સધળાનો એકદો મળેલો દેખાવ ઘણોજ ખુબસુરત અને સોહામણો લાગેછે. લીઆંથી આસરે ૧૨ ક લાકની અંદર પારીસ પોંહોચી શકાએછે.

માર્સેલથી પારીસ સુધીની સફર લાંબીછે, અને ઘણા કલાક સુધી લાગત ગાડીમાં બેસી રેહેવું પડેછે, તોએપણ જે ધણી આંખ ઉંઘાડી રાખી પોતાની આસપાસ દેખાતી ચીજો ઉપર ધીઆંન આપે, તે આ લાંબી મંજલથી કદી કંટાળવાનો નથી. ૨૦ અથવા ૨૧ કલાકની સફરમાં જે રાતનો ભાગ આવેછે, તેવારે અલબતાં અડચણ પડેછે, પણ ફ્રરાનસમાં લોહોડાંની સડક ઉપર ચાલનારી ગાડીઓ એવીતો કુશાદેછે, કે તેની અંદર નો ઉતારૂ મહનજેથી ઉંઘ કાહાડી શકે. પણ જેણે દીવસને વખતે ઉંઘ કાહાડી, અને પરમેશવરે બખશેલી આંખ કામે નહી લગાડી, તેના જેવો કમનસીબ શખસ બીજો કોઈ ગણાએ નહી. ફ્રરાનસનો આખો મુલુ ક એક બાગછે. તાંહાંની જમીન જેમ જાતે ફળવંતછે, અને પરમેશવરે પોતાની મેહેરબાંની તેની ઉપર ઘણા સખાવત ભરેલા હાથે રેડીછે, તેમ તેનાં આ દુનીઆં ઉપરના બચાંઓએ તેને પીછાંણી પોતાનો ઉદ્યોગ લગા ડી, તેનો લાભ લેવાને આળસાઈ કીધી નથી. કેહેછે કે આખાં ફ્રરાનસમાં કોઈ કોઈ ઠેકાંણે જમીન ઉજડ હશે, બાકી આખો મુલુક લીલાં અને આબાદ ખેતરોથી ભરેલોછે. જાંહાં જોઈશું તાંહાં બાગ, બાગ અને બાગ, બા ગ શીવાએ બીજું કસું નજર આવતું નથી. એવા મુલકની અંદર ૭૬૨ માઈલ સફર કરવામાં કંટાળો ઉતપં ન થતો નથી. આગની ગાડીની એક બાજુએ જોઈએછે, તો બીજી બાજુનો દેખાવ ખોઈએ છે. એક બારી આગળ બેઠેલો કેહેછે કે, જુઓ જુઓ આ શું સુંદર દેખાવછે, તો બીજી બાજુનો કેહેછે. કે, અરે આ જુઓ જતું રેહેશે. એ પરમાણે બે બાજુના બાગની વચમાં એક ચીજ જોઈએ છે, તો બીજી ખોવી પડેછે. આપણી ગાડીની નીચે લીલાં ખેતરો, જરા દુર તરેહ તરેહના ઝાડો અને રોપાઓ, કોઈ કોઈ વખત કેટલીએક વેગળા ઈએ લીલોતરીથી પુર નાંખલા ડુંગરો, વારેવાર નાંહની નદીઓ, નાળાં તથા નેહેરો પસાર થાએ; વળી જરા જ રા વખતમાં નાંહનાં ગામડાંઓ તેમના નાંહનાં પણ ખુબસુરત દેવળો સાથે આપણી નજર આગળ આવે, અને ટુંકમાં બોલીએતો, એ સફર એવીતો ખુશી ભરેલી થાએછે, કે તેનું બયાંન થઈ શકતું નથી. સાધારણ વખતે ગાડીમાં બેઠા પછી, ધારેલે ઠેકાંણે જલદીથી પોંહોચવાની આપણે ઉમેદ રાખીએછે, પણ હાવા રસતા ઉપર સફર કરતાં આપણા ધારેલા મકાંનને લુલી જઈએછે, અને આસપાસનાં દેખાવ ઉપર એટલાતો મોહી ત થઈએછે, કે તે વખતે આપણી પહોસની આબાદાંની અને ઈશવરી ખુદરતનાં વીચારમાં આપણે ગુમ થઈ જ ઈએછ. એ વખતે આપણે એવું ચાહીયેછ, કે આપણી સફર લાંબી થાએતો વધારે સારૂં. આગની ગાડીના કરતાં ઘોડાની ગાડીમાં બેઠા હતેતો વધારે ઠીક થતે, એવું આપણને લાગેછે. ટુકાંમા કહીએછે, કે આ દેખા વનું વરણુન કરવાને કવીની કલમ પણ નાતવાંનછે. તેની ખરી ખુબી પીછાંણવાને પોતાની આંખ જોઈએ. હરએક દેખાવનું વરણુન વાંચવામાં અને તે નજરે જોવામાં, જેટલો ફરક આ કાગલમાં અને તેની ઉપરની શા હીમાંછે, તેટલો ફરક ઉપલા દેખાવનુ વરણુન વાંચવામાં અને નજરે જોવામાંછે. જે ધણી હંમેશ વેરાંન જં ગલોમાં વસીઓ હોએ અથવા એડન, સુએજ અને તેવાજ બીજાં ઉજડ ગામમાં પોતાનો જનમારો કાહાડીઓ હોએ, તેને ફ્રરાનસની આબાદ જમીન ઉપર લાવી મેલીઓ હોએ, તો તે અચંબો પામીઆ વગર રેહેજ નહી. તે પોકાર મારીને કેહે કે અરે ! આ શું ફરેસતાઓનું દેશછે, કે બેહેસતનો બાગછે ? પણ આ સધળુંતો આ પણે ખુદરતની બખશેસનુ જોયું. અલબતાં પરમેશવરે બખશેલી જોગવાઈ ઉપર આદમીએ પોતાનો સુધારો ક રીઓછે, પણ આદમીએ પોતાની મેહેનતે, પોતાની મનશકતીએ, પોતાની ચંચલાઈએ અને તરેહવાર યુકતીએ કરીને કેટલું કીધુંછે, તે આપણે પારીસમાં જોઈશું તારે આપણે ફ્રરાનસ વીશે વધારે હેરતમાં પડશું.

પ્રકરણ ૪ થું.

પા રી સ.

એ શેહેરની ખુબસુરતી—ઉંચી જગા ઉપરથી દેખાવ—રાતની વેળાનો દેખાવ—દીવાળી—દુકાનો—પોંહોચવાંના—હોટેલ ડુ લુવર—રેસટોરાં—કાફી પીવાનાં ઘરો—બુલવારટનાં ખુબસુરત મોહોલ્લા—રસતાઓ બધેનો મેલો—રીલી ડી રીવોલી સોભઇતા ચોક—પલાસ દી લા કાનકારડ—પાલે રાએલ—પલાસ ડુ શાટેલ—પલાસ વેનડોમ—કાલમ ડી લા બાસડીલ—પુંઆરા—જહેર બાગો—ચાંજ ઇલીસીસ બાગ—તે મધે થાતી રમતો—પુથલરી મહેલને લગતો બાગ—લુકસાંબો મેહલ ને લગતો બાગ—પુઇ ડી બુલોન—ઇતીઆદી.

એક મોટા મેહેલમાં જવાને વાસતે પેહેલાં તેનો બાગ પસાર કરવો પડેછે, તેમ ૭૬૨ માઈલનો ફ્રરાન સનો બાગ પસાર કરીઆ પછી આપણે જે મેહેલમાં જઈ પોંહોચીએછે, તે મેહેલ તેનાં બાગને ખરેખર લા એકછે. પારીસ આવી પોંહોચીઆ પછી આપણે શું જોઈએછે ? જે તાંહાં આગળ નહી ગયો હશે, તેણે દુ નીઆંના કોઈબી ભાગ ઉપર તેવું શેહેર જોયું નહી હશે. આ દુનીઆમાં આપણે વશીએછે, અને બેહસતનું કોઈ બયાંન કરે તે આપણા ધીઆંનમાં ઉતરે નહી, અને આપણે એટલું જ ધારીએ કે, અલબતાં તે ઘણું સા રૂં અને ઘણુ મોટું હશે, પણ આપણે તેનો ખીઆલ કરી શકસું નહી, તેજ મીસાલે પારીસ એવુંતો ખુબસુરત અને રળીઆમનું શેહેરછે, કે તેને જોયાની આગાઉચ આપણે તે વીશે કસો વીચાર બાંધી શકતા નથી. આખી દુનીઆમાં પારીસ સઉથી ખુબસુરત શેહેરછે, એવું જે કેહેવામાં આવેછે, તેમાં કસો સંધે નથી. શું તેના મેહે લોની બાંધણી તથા જહોજલાલી, શું તાંહાંનાં બાગોની ખુબસુરતી, શું તેના બેહુ બાજુએ રોપેલાં ઝાડ સાથે નાં ધોરી રસતાઓનો દેખાવ, શું તેની ઈમારતોની ખુબસુરતી અને સોભા, શું તેની આરામ લેવાની અને લોકોને બેસવાની કુશાદે જગા, શું તેની કીમતી અને આરાસતગે કીધેલી દુકાનો, શું તેઓનો બાહેર નો દેખાવ, શું તાંહાંના તમાશાના તથા મોજના ઘરો તથા તેમની અંદરની ગોઠવણ, શું તેના નામી યા શખસોના સંગેમરમરનાં પુતળાંઓ, શું તેના બુલંદ દરવાજાઓ અને તેમની ઉપરની કારીગરીઓ, શું તેની બેહદ ફરવાની જગાઓ અને તે ઉપર રાત અને દીવસ ઉડતા ખુબસુરત અને ખુશનુમાં ફુંઆરાઓ, શું તાંહાંના રસતે રસતે ખુશી ભરેલા ચેહેરા સાથે લોકોના ટોળાંઓ, તથા તરેહવાર ત લેસમાતી દેખાવો—એ સધળું જોઈને કોણુની નજર અને કોણુનું દીલ અચરત નહી થાએ, અથવા હરખ નહી પામે ! જો કોઈ શખસ એક સાધારણ ગામમાં રેહેતો હોએ અને તેણે આ પુરથવી ઉપરના વ ચલે વાંધેના શેહેરોજ જોયાં હોએ, અને આપણે એમ કબુલ રાખીએકે તે શખસ બેહેસતને વાસતે વીચાર કરવા બેસે, કે તે કેવું હશે, તો તેના ખીઆલની બાંધણી પણ, જે દેખાવ અતરે જોવાનોછે, તેની બરા બર આવી શકસે નહી. એ બાબદ વધારે લખવાનું બંધ કરીએછે, કાંએજે આપણા મગજ ઉપર જે અસર થા એછે, તેનુ બયાંન કલમથી થતું નથી, અને પારીસ શેહેરનો જે હેવાલ કલંમથી આપવા જોગછે, તે આપવાનું શરૂ કરીએછ.

હરેક શેહેરના જતાંજ મુસાફરને પેહેલાં તે શેહેરનો આખો દેખાવ જોવાની ઘણી બાહેશ થાએછે, તે

પુરી પાડવાને આ શેહેર વીશે પુરતા ઉપાએ છે. "નોટરડામ" તથા "પાનથીએન" નાં ઉંચા દેવળો ત થા "ટાએર આફ સેંટ જાકસડી લાએાએર" તથા બીજી ઉંચી જગાએા તથા ઉંચા થાંબા ઉપરથી શેહેરના આખા દેખાવ આપણી નજરે પડે છે. ઉપલા "ટાએર" ૧૮૭ ફુટ ઉંચા છે અને તેની ઉપર પેાંહાચ તાં ૨૯૪ પગથીયાં ચહડવાં પડે છે, તેથી ચહડનાર થાકે છે, પણ ઉપર ગયા પછી તેની મેહેનતના બદલા પુરતી રીતે મળે છે. આહા! શું સુંદર દેખાવ !! મેાટાં દેવળા ઘરેાની વચમાં સરદારની માફક ઉભેલાં છે. એક બાજુએ સીન નદી વેહેતી ચાલી જાએ છે અને તેની ઉપરનાં પુલા આદમી તથા ગાડી ઘેાડાનાં આવજાવથી રળીઆમણા દેખાએ છે. રેાનકદાર અને ખુબસુરત અને ઘણા માળનાં ઘરેા અને સેાભઇતી દુકાનવાળા મેા હેાલ્લા, રસતા, ચેાકેા, જગેાએ જગેાએ ઉભા કરેલા નામીચા શખ્સેાનાં પુતળાં, ખુબસુરત ફુંવારા, જગે જ ગે અને ચકલે ચકલે, અને ચેાકે ચેાકે બાગેા, અને રસતાની કેારેના ઝાડેા આપણી નજર આગળ એક તલેસમાતી દેખાવ લાવી ઉભેા કરે છે. જે શખ્સે આગલ પારીસની ખુબસુરતી વીશે સાંભલીઉં હેાએ, તેને ઉપર જણાવીઆ પરમાણેના દેખાવ જેાયાથી કાંઇએક ધીરજ આવે, પણ જે તેણે અતરેથી એક નજરે જે યું, તે નીચે ઉતરી છુટું છુટું જેાવાને તથા દરેક ચીજની આગળ જઇ તેની ખરી ખુશાલી ભેાગવવાને અધી રેા થાએ છે. એ શેહેરના દેખાવ દીવસમાં ખુબસુરત લાગે છે તેમ રાતને સમએ પણ હેાએ છે. દીવસના ઉજરડુ અને રાતનાં અંધારૂ, એમ એ શેહેરમાં નથી. આખું શેહેર પુર રેાશનીથી રાતની વેળાએ નરૂ હીરાજડીત બની રે છે. મુંબઈમાં તેા પાંચ દાહાડાજ દીવાળી છે, પણ પારીસમાં તેા સદાકાળ દીવાળી ચાલુ રેહેછે; વરસના ૩૬૫ દાહાડામાં કેાઈ દાહાડેા દીવાળી વગરનેા હેાતેાજ નથી. આપણી પાંચ દાહાડાની દીવાળી પારીસની હમેશની દીવાળી આગળ કસા હીસાબમાં નથી. મુંબઈમાં તેા આપણે હાંડી, અને ઝુંમરમાં દીવા સળગાવી તથા તરેવાર આરસીએા બાંધી દીવાળી કરીએ છઈએ; પણ પારીસની દીવાળી અજબ તરેહની છે. રસતાની બંધે બાજુએ સરખે તફા વતે રેાનકદાર થાંબલાએાની ઉપર "ગીઆસ લાઇટ" ના ફાંનસેા સળગાવેલાં હેાએ છે. ગીઆસની એક રેાશ ની સાધારણ દીવાની તરણ રેાશનીની બરાબર હેાએ છે. એથી કરીને આખી રાત રસતા ઉપર જેવું જેાઇ એ, તેવું અજવાળું પડે છે. દુકાનદારેા પેાતાની દુકાનની અંદર ઘણીજ સેાભઇતી રેાશની કરે છે, અને તેઓની બાહેરની બારી સઘળી મેાટા કાચેાની હેાએ છે, તેણે કરીને તે દુકાનમાં મેલેલેા તરેહવાર અને ખુબસુરત માલ ઘણેાજ દીપી નીકળે છે. એ દુકાનેાની ઘણીખરી ઘરાકી રાતના થાએ છે, તેથી તેમનેા દેખાવ સરસ કરવાને તેમ ના માલેકેા ચુકતા નથી. જેમ દુકાન ખુબસુરતી ભરેલી અને દેખાવમાં સરસ હેાએ છે, તેમ તેની અંદર ઘરા કેા વધારે ખેંચાએ, એવા વીચારથી દરેક જણ પેાતાની દુકાનને સુધારવાની કેાશેસ કરે છે, તેથી કરીને દીનપર દીન એ બાબદમાં પારીસનેા દેખાવ સુધરતેા જાએ છે. ઇંગલંડનાં અને ફરાનસનાં લેાકેાની સંસારી ચાલ ચલ ણમાં ઘણેા ફરક છે તે હવે પછીની બાબદ વાંચીઆથી ધીઆનમાં આવશે. હવડાં કેહેવાની એટલી જરૂર છે, કે ફરેનચ લેાકેા ઘણાખરા પેાતાનાં ઘરમાં જમતા નથી. રેસટેારાં નામની જગાએામાં જઈને ખાએ છે. એ ઘરેા હંમેશાં ઘણાજ ખુબસુરત હેાએ છે, અને રાતની વેળાએ તેમા રેાશની કરીઆ પછી તેમનેા દેખાવ ઘણેા જ તલેસમાતી લાગે છે. આખા ઘરમાં લંકા હેાએ તેવું દેખાએ છે. એક માણુનેા જે કાંઇ ભાવ કીધેા હેાએ, તે આપીને તાંહાં મરદ તથા એારતેા અને આખાં કુટંબેા ખાઇ આવે છે, તેથી ઘરમાં રાંધવાની જરૂર રેહેતી નથી. એ રેસટેારાંનાં મેાટાં દીવાનખાંનાનેા શણગાર પાદશાહનાં મેહેલનાં સણગાર જેવેા હેાએ છે. તેની આ રસીએા, તેના ઝુંમરેા અને તેમાંની તરેહવાર ગીઆસ લાઇટ, તેની દેવાલ ઉપરના ચીતારેા તથા તરેહવાર રંગ ના સુનેરી થાંબળાં, એ સઘળું જેાયાથી આપણી નજર ઉપર એવીતેા અસર થાએ છે કે, તેનું બયાંન થઇ શક તું નથી. દરેક આદમી જુદું ખાવા ચાહેતેા તેને વાસતે નાંહની ટેબલેાનાં કટકા હેાએ છે. એક ટેાલી, અ થવા એક કુટુંબ હેાએતેા, તેઓને વાસતે તે મીસાલે ટેબલ હેાએ છે; જેમ જેનેા શેાખ અને જેમ જેની મર

જી તે મીસાલે સગવી તરેહની ગેાઠવણ કરેલી હેાએ છે. જારે સઘળાએા ખાવા બેઠા હેાએ, તારે તાંહાં જે દે ખાવ થાએ ચ તે દબદબા ભરેલેા લાગે છે. કેાઈ જાણતેા નહી હેાએ કે આ પેાહેાચખાંનું છે, તે એવું સમજે કે તાંહાં કેાઈ પાદશાહની દરબાર જમવા બેઠી હશે. આખાં શેહેરમાં સઘળાં મલીને ૧૭૦૦ રેસટેારાં છે, તે સાથે વળી તાંહાં કેટલાંએક મેાટાં પેાહેાચખાંનાં પણ છે.

હેાટેલ ડુ લુવર નામનું સઉથી મેાટું પેાહેાચખાંનું છે, તે કેાઈ પણ પાદશાહી મેહેલની બરેાબરી કરી શકે તેવું છે. તે એટલું તેા મેાટું છે, કે તેની ઈમારત બે ચેારસ એકર જમીન રેાકે છે. રસતા ઉપરથી આ પેાહેાચખાંનાંમાં જવાને વાસતે એના બારણા આગળ આવીઆ, કે આપણે એક ઘણેાજ ખુશનુમાં ચેાક જેાઈએ છઈએ, કે જેમાં એક નાંહનેા બાગ બનાવેલેા છે, અને તાંહાંથી ઉપર જવાનેા ઘણેા સેાલી તેા દાદર બાંધેલેા છે. એ દાદરનાં પગથીયાં ઉપર ફુલનાં કુંડા મેલીઆમાં આવીઆંછે, તેથી આપણે જા ણે એક બાગમાં ચહડી જતા હેાઈએ તેવું લાગે છે. આ ઈમારતની અંદર તરણ ચેાક કરેલા છે, અને તેમાંનાં એકની ઉપર ઘણું સેાલીનું કાચનું છાપરૂં બાંધેલું છે. પેહેલા ચેાકને રસતેથી ઉપર ગયા પછી ૯૮ ફુટ લાંબી અ ને ૨૬ ફુટ પેાહેાળી અને ઘણાજ સેાલીતા થાંબલા સાથેની ગીઆલરી ઉપર આપણે પેાહેાચીએ છઈએ. એ ગીઆલરીની સીલીંગ જે ઘણીજ ખુબસુરત રંગેલી છે, તેની ઉપર વરશનાં બાર માસ બતલાવનારા ચીતાર પાડેલાંછે. આ ગીઆલરીની અંદરથી જમવાનાં મેાટાં દીવાનખાંનાંમાં જવાઈ શકાએ છે, અને તાંહાં જતાંને વારજ આ પણે ઘણી અચરતીમાં પડીએ છઈએ. એ દીવાનખાંનું ૧૩૧ ફુટ લાંબુ અને ૪૨ ફુટ પેાહેાળું છે. તેની સીલીંગ ઉપર વરસની ચાર મેાસમ બતલાવનારાં ચીતારેા છે, તથા મેાટા ઝુમરેા લટકેલા છે, અને દીવાલ ઉપ રનાં સેાલીતા ચીતાર તથા બારીએા ઉપર કીમતી ઝાલર તથા ખુબસુરત પરદાછે. એવું જણાવીઆમાં આવી ઉંછે, કે આ એારડાનાં જેવા ખુબસુરત એારડા થેાડાજ મેહેલેામાં હશે. આ પેાહેાચખાંનાંનાં ચાકરેાને તથા ઉતારૂંઓને સવલ પડવાને વાસતે ઘણા સારા ઉપાયેા કરેલાછે. જો કેાઈ શખ્સ પેાતાનાં એારડામાંથી ચાકર ને બેાલાવે તેા તેની ખીદમતમાં તરત જવાને તેને બની આવવાને વાસતે સારી ગેાઠવણ કરેલીછે. દરેક માળ ઉપર એક એારડામાં નાંહનાં ઘંટેાની હાર જડેલીછે અને તે ઘંટેાની ઉપર દરએક એારડાનાં અંકેા પાડે લાછે, અને તે ઘંટેાની આંકડી દેવાલની અંદરથી તેમનાં આંક વાળા એારડામાં લઈ જવામાં આવીછે. હવે કેાઈ શખ્સને કેાઈ ચાકરનું કામ પડે, તારે તે પેલી આંકડી ફેરવેછે, તેથી પેલા એારડામાં તરત ઘંટ વાગેછે. હવે આ એારડામાં એક આદમી જથુક રેહેછે, તે તરત એક બીજા એારડામાં સઘળા ચાકરેા ઉભા રેહેછે તે એામાંનાં એકને કેહેછે, કે જાએા ફલાણા એારડામાં, તેવેા તે ચાકર તાંહાં દેાડેછે અને એથી કરીને ઘંટ વજાડીઆ પછી પાંચ અથવા સાત પલમાં બેાલાવનારની હજુરમાં પેલેા ચાકર જઈને ઉભેા રેહેછે. વળી આવી મેાટી ઈ મારતમાં ઘણા એક ઘડીઆળેા જેાઈએ અને તે સઘળામાં બરાબર એકજ વખત દેખાડવાની અગતછે, તેથી એવી ગેાઠવણ કીધીછે, કે જે સઉથી મેાટું અને બરાબર ચાલનારૂં ઘડીઆળછે, તેમાં જેમ વખત ચાલે, તેમ બીજાં ઘડીઆળેામાં પણ હંમેશાં "ઇલેકટરીસીટી" અથવા વીજળીની મારફતે તે વખત દેખાડીઆમાં આવેછે. એ પેાહેાચખાંનાંમાં જુદા જુદા એારડામાં તથા ખાતામાં કાંઇ હુકમ કરવેા હેાએ, તથા ખબર આપવી હેાએતેા વીજળીનાં સાંચાની મદદથી તેમ કરીઆમાં આવેછે, તેથી કરીને ઘણેાએક વખત બંચેછે. મુસાફરેાનેા માલ અથવા સામાંન એક માળેથી બીજા માળ ઉપર સાંચાની મારફતે લઈ જવામા આવેછે. બ બરચીખાંનું જમીનની અંદર ભેાંયેરાંમાંછે, તાંહાંથી પકાવેલા ખાંનાંની રકાબીએા જમીનની અંદરથી કાહાડે લા લેાહેાડાંની સડકનાં રસતા ઉપરેથી ખુલ્લા ચેાકની પાસેનાં એારડામાં લાવેછે, અને તાંહાંથી સાંચાની મા રફતે જમવાનાં દીવાંનખાંનાંમાં તે રકાબીએા લઈ જવામાં આવેછે. જે રીતે આ રકાબીએા ઉપર આવેછે, તે જ રીતે તેમને પાછી બબરચીખાંનાંમાં લઈ જવામાં આવેછે. જે વખતે આપણને જેાઈએ તે વખતે નળી

એની મારફતે આપણા ઓરડામાં થંડું તથા ગરમ પાંણી આવી શકેછે. બારૂનાં સાંચાની ગરમીથી ખાનુ પકવીઆમાં આવેછે, અને તેજ મીસાલે કપડાં ધોવામાં તથા સુકવવામાં પણ બારૂનો સાંચો કામે લગાડી આમાં આવેછે.

આ પોહોચખાંનાંમાં સઘળા ગણીને ૮૮૦ ટોલીઆછે, તેથી એટલા આદમીઓનો તાંહાં સમાવ થઈ શકેછે, તોપણ જો બે તરણ દીવસ આગમજથી ખબર નહી આપીઆમાં આવી હોએતો, તાંહાં ઉતારો મળવો મુશકેલ પડેછે, કાંએજે તે હંમેશાં ભરાએલુંજ રેહેછે.

પારીસનાં રસતામાં ફરનારને ઉપર બયાંન કરેલાં રેસટોરાંના જેવાં બીજાં ઘણાં મકાંનો દેખાશે તે "કાફે" અથવા કાફી પીવાનાં ઘરોછે, તે પણ કોઈ રીતે રેસટોરાં કરતાં ઉતરતાં નથી. એ રેસટોરાં તથા કાફીનાં ઘરો ઘણાખરાં "બુલવારટ" નાંમનાં મોહોલ્લાઓમાં છે. એ મોહોલ્લાઓની વચમાંથી ગાડી જવાનો રસતોછે, અને આસપાસથી પગે ચાલવાનો ફરસબંધી રસતોછે, અને એ રસતાઓની બંધે બાજુએ ઝાડોછે, તેથી કરીને આખા રસતાની અંદર ઝાડોની ચાર હાર હોએછે. ઘરોનાં બારણાંની બાહેર ખુરસી કાહાડીને હારેદોર લોકો બેસેછે, તેથી મોહોલ્લાઓનો દેખાવ તમાશા જેવો થાએછે. બુલવારટનાં મોહોલ્લાઓમાં ફકત ફરવાથી કેટલીએક ખુશી અને મજાહ લાગેછે. એવા મોહોલ્લાઓમાંનો સઉથી મોટો મોહોલ્લો "બુલવારટે ઈટાલીઆં" નામનોછે, તે આસરે તરણ માઈલ સુધી ઘણોજ રોનકદાર અને સીધો બાંધેલોછે, અને તેની અંદર ઓછામાં ઓછાં શો રેસટોરાં અને તેટલાંજ કાફી પીવાનાં ઘરો હશે, અને હીંઆં જે દુકાનોછે, તે પણ ઘણીજ સોભીતી અને ખુબસુરત કરેલી હોએછે, તેથી આ મોહોલ્લાનો દેખાવ રાતની વેળાએ કેવો લાગતો હશે, તેનું બયાંન કરીઆના કરતાં વાંચનારાઓનાં ખીઆલ ઉપરજ સોંપીએ છઈએ. આવી ખુબસુરત જગાઓની અંદર વળી મરદ ઓરતો અને બચાંઓનાં ટોળાં રાતને સમે ફરતાં ડગળે ડગળે મલેછે, તેથી પારીસમાં દરરોજ એક મોટો મેલો હોએ હેવું લાગેછે. જે ઘણીને ખબર નહી હોએ કે પારીસ હમેશાં આવું ખુશનુમાછે, અને તે ઘણી જાહરે પેહલે આવું જોએ, તારે વીચાર કરેકે આએ કાંઈ તેહેવારના દીવસ હશે, પણ એ તેહેવારતો એક દીવસનો નથી, હમેશાંનોછે. રાતને સમએ સઉથી સરસ દેખાવ "રીઉડી રીવોલી" તથા "પાલેરાયલ" નાંમનાં મોહોલાઓનોછે. રીઉડી રીવોલીનાં રસતાની એક બાજુએ શાહાંનશાહાને રેહેવાનો ટુઈલરી નાંમનો બાગ આવેલોછે—અને બીજી બાજુએ હડી માઈલ સુધી હારેદોર ઈમારતો આવેલીછે. નીચેતા ભાગમાં એકજ આકારની દુકાંનોછે, અને ઉપરના માળો ઉપર રેહેવાની જગા તથા પુસતકખાંનાં તથા ધંધાદારીઓની હાફીસોછે. આખા પારીસમાં એ રસતાનો દેખાવ સઉથી સુંદર છે. એ રસતો એવોતો સીધોછે, કે રાતને સમએ તેની એક બાજુએ ઉભા રહીને બંધે બાજુનાં થાંભા ઉપરની રોશની જોઈએ, તો છેક દુર તે બંધે રોશની મલી ગએલી લાગેછે. આ દેખાવ એવોતો સારોછે, કે એક ઠેકાંણે ઉભા રહીને તે જોવાને પારકા શખસોને ભલામણ કરવામાં આવેછે. એ રસતો અને તેની બંધે બાજુનાં ઘરો બાંધવાને સારૂ આસરે ૮૦૦ જુનાં ઘરો તોડી પાડીઆં હતાં, અને નવી ઈમારત તથા નવો રસતો બાંધતાં પાંચ કરોડ રૂપીઆનો ખરચ થયો હતો. "પલાસ ડી લા કાનકારડ" નાંમનો ચોક આખા પારીસ શેહેરમાં વખાણવા લાએકછે. શું સહવારને વખતે કે શું સાંહાંજને વખતે, કે શું રાતનાં ચાંદનીની વખતે, આ જગા તાંહાં જનારાનાં દીલને ઘણી ખુશી આપેછે. તેને જે નાંમ આપીઉછે તેનોજ અરથ "દીલપસંદ જગો" એમ થાએછે. એ ચોક આઠ ખુણાનોછે અને "ચાંજ ઈલીસીસ" નાં નામી બાગ અને પાદશાહને રેહેવાનાં ટુઈલરી મહેલની વચમાંછે. તેની આઠે બાજુએ ઘણા મોટા અને નાંમીચા પુતળાંઓછે. એ આઠ પુતળાંઓ ફરાનસનાં આઠ નામીચાં શેહેરો—લીલ—સતરાટસબરગ—બોરડો—નાનટસ—મારસેલ—બરેસટ—રૂએન અને લીઆંની નીશાંન દાખલ ઉભાં કીધાંછે. એ ચોકની વચમાં અસલના જમાનાંની એક નાંમીચી નીશાંનછે. મીસરમાં થીબસ શેહેરનાં નાંમીચા દેહેરાંનાં દરવાજાની સાંમણે રાતા ગરાંનીટનાં પથરનાં બે નાંમીચા મીનારા હતા, તે મીસરનાં પાદશાહે ફરેનચની સરકારને ભેટ આપીઆ હતા, તેહેનાંનો એક હીંઆં લાવી ઉભો કીધોછે. આલેકઝાનડરીઆનો કીલ્લો તથા વાંહાણ બાંધવા મજબુત કરવામાં મીસરનાં સતાવાળાઓને ફરેનચ સરકારે મદદ કરી હતી, તેનાં બદલામાં તેઓને અસલના વખતની આ નાંમીચી નીશાંન ભેટ આપીઆમાં આવી હતી. એ મીનારો આખો એકજ કટકાનોછે અને તેની ઉંચાઈ ૭૨ ફુટ, ૩ ઈંચછે, અને પોહોળાઈ ૭ ફુટ ૬ ઈંચછે; મથાળેથી પોહોળાઈ ૫ ફુટ, ૪ ઈંચછે અને તેનું આખું વજન (૫૦૦૦૦૦) પાંચ લાખ રતલછે, અને તેની અસલ જગા ઉપરથી લાવી પારીસમાં મેલવાનો ખરચ આઠ લાખ રૂપીઆ થાયો હતો. એ થાંભ મેલવાને વાસતે જે તાક બનાંવેલુંછે તે સફેદ ગરાનીટ પથરનુંછે અને તેનું વજન (૨૪૦૦૦૦) બે લાખ ચેઆલીસ હજાર રતલછે. જે સાંચાની મારફતે થી બસમાંથી એ મીનારો તેની અસલ જગાએથી આખો છુટો પાડીએો હતો, તે સાંચાનાં જુદા જુદા ભાગો એ તાકની એક બાજુએ સુનેરી રંગમાં કોતરીઆમાં આવીઆછે, અને બીજી બાજુએ પારીસમાં ઉભો કરતી વેળાએ જે સાંચો કામે લગાડીઆમાં આવીએો હતો તેના ભાગ કોતરેલાછે. બીજી બે બાજુએ એ મીનારો ફરાનસમાં શી રીતે આવીએો તે વીશે ફરેનચ ભાશામાં બયાંન કરેલુંછે. મીસરની સીસાસતરીસ રાણી જે આજથી ૩૫૦૦ વરસની વાત ઉપર થઈ ગઈ હતી તેણે એ મીનારો થીબસમાં ઉભો કીધો હતો, તેની યાદગારીમાં એ મીનારા ઉપર "હીરોગલીફીકસ" નાં દસકતથી કાંઈ કોતરેલુંછે, અને તેની બંધે બાજુએ ઘણું ખુબસુરત બે ફુંઆરા બાંધેલાછે. એ ફુંઆરા અથેથી ઉડતું પાંણી તેની નીચે બાંધેલા વાસણમાં પડેછે, તે વાસણનો "ડાયામીટર" એટલે વીઆસ ૫૦ ફુટછે. એ વાસણની ઉપર વળી પાંણી ઝીલાઈ રેવાને એક બીજું વાસણછે, તેની આસપાસ ઘણાજ સોભીતાં અને તરેહવાર મતલબનાં પુતળાંઓ પાડેલાંછે. ડાલફીનસ તથા હાંસોના મોહોડાંમાંથી ફુંઆરા નીકલેછે, તે ઉપલાં પુતળાં ઉપર થઈને તરેહવાર આકારમાં પડેછે, તે જોવાને હમેશાં લોકોની ઠઠ મલેછે. એ ચોકની આસપાસ સોભીતા કટેરા કરેલાછે અને રોશનીને સારૂ તેને ફરતાં જે થાંભલા મેલીઆછે, તે ઘણાજ ઉંચી કારીગરીના અને કીમતીછે. એ ઉપરાંત, પારીસમાં બીજા ઘણાજ ચોકો છે અને તાંહાં તરેહવાર ફુંઆરા ઉડેછે. એક જગાના ફુંઆરામાં ચાર સીંહનાં મોટાં પુતળાંછે, અને તેઓનાં મોહોમાંથી પાંણી ઉરાડીઆમાં આવેછે, તેનો દેખાવ ઘણો સારો લાગેછે. પાલે રાયલ નાંમનો ચોક, જે રીઉડી રીવોલીની હારમાં છે તે ઘણોજ ખુબસુરતછે. ચાર બાજુએ એક રોનકનાં અને એકજ ઢબનાં ઉજ ધરોછે. એ ચોકની વચો વચમાં ફરાનસનાં પાદશાહ તેરમાં લુઈનું ઘોડસવાર પુતળુંછે અને તાંહાં ચાર ફુંઆરાછે. પલાસ ડુ શાટેલ ઘણોજ ખુસનુમાં ચોકછે, તેની તરણ બાજુની લંબાઈ ૨૨૦ ફુટનીછે અને તેની વચોવચમાં ૧૮૦૮ ના સાલમાં એક ઘણોજ સારો ફુંઆરો બાંધેલોછે. એ ફુંઆરાની નીચે ૨૦ ફુટ વીઆસનું ગોળ વાસણછે અને તે વાસણની વચમાં એક તાકની ઉપર ખજુરીનાં ઝાડનાં આકાર જેવો ૫૮ ફુટનો થાંભો બાંધેલોછે. તાકની ચાર બાજુએ ચાર પુતળાંછે; દરએક પુતળું, ઈનસાફ, કઉમત, દાનાઈ, અને સાહુચેતીનુ સ્વરૂપ બતાવેછે. એ દરએક પુતળાનાં હાથ એક એકના હાથમાં આપીઆછે, તેથી તેઓ ગોળ આકારમાં ઉભાં હોએ તેવું લાગેછે. તે પુતળાંની વચમાંની જગાઓમાં નેપોલીએનની ફતેહ ભરેલી લડાઈના નાંમો કોતરવામાં આવીઆંછે. ખુણાઓની અંદરથી માંછલીનાં માંથા કાહાડેલાંછે, અને તેમાંથી પાંણીના ફુંઆરા ઉડેછે. થાંભાની બે બાજુએ સુનેરી ઘોરનાં ગરૂડ પખશીનાં પુતળાંછે, તેઓને "લારેલ" નાં પાતરાંથી વીટાડી લીધાંછે. વળી તેમની ઉપર એક બીજુ પુતળુંછે, તેની મતલબ પવનની ઉપર આપણી દુનીઆંનો ગોળો અટકી રહીએોછે, તે મતલાવવાનીછે અને તેની ઉપર ફતેહનુ એક બીજું પુતળુંછે. એ ઉપરાંત પારીસમાં દરએક બાગ તથા બગીચામાં નાંમીચી કારીગરીથી સણગારેલા પુતળાંઓ સાથે ઘણાં ફુંઆરાછે, તે સઘળાનું વીગતવાર બયાન કરવાની ઝાજી અગત નથી.

પાલાસ વેનડોમ પણ ઘણો સારો ચોકછે, તેની આસપાસના ઘરો ઘણુંજ સારી બાંધણીનાછે. હીં આં વચો વચમાં કુંઆરો નથી, તેમ એક ઘણોજ સારો થાંભો ઉભો કીધેલોછે. આગળ એ ચોકની વચો વચમાં ૧૪ માં લુઈનું તરાંબાનું મોહું અને ઘોડા ઉપર એક પુતળું હતું. તે ૧૭૯૨ નાં વરસમાં ભાંજી ના ખીઆમાં આવીઉં હતું અને તેની જગાએ હમણા એક થાંભો જોવામાં આવેછે. ૧૮૦૫ ના સાલમાં જર મનીની લડાઈમાં ફ્રેનચ લસકરે જે ફતે મેળવી હતી તેની યાદગારી કાએમ રાખવાને વાસતે નેપોલીએ ન શાહાંનશાહે આ થાંભો બાંધીએો હતો. રોમ મધે " ટરોજન " ની લડાઇની યાદગારીમાં જેવો થાંભો બાં ધીઆમાં આવીએોછે, તેની નકલ કરી આ થાંભો બાંધેલોછે. એ થાંભાનો તાક તથા ઉપરનો ભાગ સઘળો પથરનોછે, પણ તેની બાહેરની બાજુ સઘળી તરાંબાના પતરાંથી જડી લીધેલીછે. રૂશીઆ તથા આસટરી આ સાથની લડાઈમાં હાથ કીધેલી ૧૨૦૦ તોપને ગાળીને એ તાંબુ કાહાડીઉં હતું. નેપોલીએંને જે લસક રો ઉપર ફતેહ મેળવી હતી, તે લસકરોનાં પોશાક તથા હથીઆરનાં ચીતાર તાકની ઉપર પાડેલાંછે, કે તેથી ફરે નચની ફતેહની નીશાંન કાએમ રહે. તાકની ચાર બાજુએ ૫૦૦ રતલ વજનનાં ચાર ગરૂડ પખશીનાં પુત ળાંછે. ફ્રેનચનું લસકર બુલોન શેહેરથી નીકલીઉં તારથી તે " આસટરલીટજ " ની લડાઈ થઈ તાંહાં સુધી જે કાંઈ જાંણવા જેગ લડાઈએો થઈ હતી, તેના નાંમ આએ થાંભ ઉપર કોતરવામાં આવીઆંછે. તેને મથા ળે નેપોલીએંનનું લસકરી પોશાકમાં પુતળુંછે, અને તેની અંદર બાંધેલા એક ગોળ દાદરથી તેને છેક મથાળે આ પણથી જવાઈ શકાએછે. એ થાંભની કુલ ઉંચાઈ ૧૩૫ ફુટછે, તેથી તેની ઉપરથી પારીસ શેહેરનો દેખાવ સા રો દેખાએછે. એ થાંભ ઉપર સઘળા મળીને છ લાખ રૂપીઆનો ખરચ થયો હતો.

પારીસના દખણ ભાગમાં એક બીજો થાંભછે, તે ફરાનસની તવારીખની એક જાણીતી નોધછે. ફરા નસમાં એક બે વાર નહી, પણ ઘણીવાર રઈઅતની તરફથી પાદશાહની સામે બળવો થયોછે, તે વીશે તવારીખ ના અભીઆશીએો અણજાણ નથી. ૧૭૮૯ નાં સાલમાં પારીસમાં જે બળવો થયો હતો તે વખતે આ થાં બની જગાએ " બાસટીલ " નાંમનું મોટું બંદીખાનું હતું. ઉપલા સાલમાં એ બંદીખાનાં ઉપર બળવાખોરોએ હો મલો કીધો હતો અને તેમાનાં બંધવાએોને છોડીઆ હતા. પાછળથી એ બંદીખાનું ભાંજી નાંખી તે જગોએ એક કુંઆરો બાંધવાને ધારીઉં હતું અને જો તેમ કરીઆમાં આવતે તો, તે કુંઆરો ઘણોજ સારો અને સોભ તો લાગતે, કારણ તાંહાં એક ઘણુંજ મોટું હાથીનું પુતળું બાંધી તેની શુંડમાંથી પાંણીના કુંઆરા ઉરાડીઆમાં આ વનાર હતા. તે હાથીનાં પગનો ઘેરાવો ૧૮ ફુટનો રાખીઆમાં આવનાર હતો, અને તેનાં એક પગની અંદ રથી ગોળ દાદર બાંધીને તે હાથીને મથાળે જઈ શકાએ તેવી ગોઠવણ કરીઆમાં આવનાર હતી. ઉપલા બળ વા પછી પાદશાહી રાજ પાછું ચાલુ થયુ, તારે એ જગાએ પારીસ શેહેરની નીશાંન દાખલ એક ઘણુંજ સોભીતું અને મોટું પુતળું ઉભું કરીઆમાં આવનાર હતું, પણ ૧૮૩૦ માં જે બળવો થયો, તારે આ વીચાર પાછો ફરી ગયો. એ બળવા પછી આ થાંભ ઉભો કરવાનો ઠરાવ થયો, અને તે વરસનાં તરણ દાહાડા જે ખુનરેજી ચા લી હતી, તેમાં જેએો મારીઆ ગયા, તેહમાંનાં ૫૦૪ સવદેશાભીમાનીએોનાં નાંમ એની ઉપર કોતરવામાં આવી આંછે. એ થાંભને મથાળે સપાટી કીધામાં આવીછે તે કાંસાના એક આખા કટકાનીછે અને તેની આસપા સ લોકોને ઉભા રેહેવાને વાસતે કટેરા કરી લીધેલાછે. એ અગાસીની બાજુએ સીંહના મોહોડાં પાડેલાંછે અ ને બચાંએોના હાથમાં હાર આપી ઉભા રાખેલાં પુતળાંછે. અગાસીને મથાળે પુરૂથવીનો ગોળો મેલેલોછે, અ ને તેની ઉપર એક પગથી ઉભાં રહેલાં એક આદમીનું મોટુ પુતળું ઉભું રાખેલુંછે, તેની પાંખો ઉડતી હોએ તેમ પાડીછે, અને તેના ડાબા હાથમાં તોડી નાખેલી સાંકળ, અને જમણા હાથમાં મસાલ આપેલીછે, તે આકાર ની મતલબ આદમીનુ છુટાપણું બતાવવાનીછે. એ પુતળાં ઉપર અને જે ગોળ દડા ઉપર તે છે, તે ઉપર સોનેરી ઢોળ ચહડાવેલોછે. એ થાંભ ૧૫૪ ફુટ ઉંચોછે અને તેની પોહોળાઈનો ઘેરાવો ૩૬ ફુટછે, અને તેને મથા

ળે જવા સારૂ અંદરથી એક ગોળ દાદર મેલીઆમાં આવીઓછે. આ જગેથી પણ શેહેરનો ઘણો સારો દે ખાવ દેખાએછે.

પારીસ શેહેરમાં ફરનારને, પગે ચાલી સઘળે ઠેકાંણે જવાને કોઈ પણ રીત કંટાળા ભરેલું લાગવાનું ન થી, કાંએજે શું મોટા રસતાઓ, કે શું ચોકો લોકોની નજરને ગમત આપનારાછે. જાહેર રસતાઓ અને ચોકો જરે આવા સુંદરછે, તારે મોજ ફરેનચોને વાસતે ફરવાનાં બાગો કેવા હશે ? અલબતાં વાંચનાર તરત વીચાર કરશે, કે તે પણ પારીસનાં નાંમને લાએકનાં હશે. ગાડીમાં તથા ઘોડા ઉપર તથા પગે ફરવાને વાસતે સઉથી મોટી અને ખુશનુમાં જગા ચાંજ ઈલીસીસનો બાગ ગણાએછે. એ બાગ પલાસ ડી લા કાનકારડ નાંમનાં ચોકની પહોસમાં આવેલોછે, અને પાદશાહના ટુઈલરી મેહેલ ઉપરથી આખો દેખાએછે. એ બાગની પેહેલી સરૂઆત ૧૬૧૬ ના વરસમાં થઈ હતી. તે વખતનાં પાદશાહની મા મરાયા ડી મેડીસીએ તાંહાં એક બાગ બનાવી પોતાની ગાડી ફેરવવાને વાસતે રસતો બંધાવીઓ હતો. પાછળથી એ મીલકત બીજાના હા થમાં ગઈ હતી, અને ૧૭૬૪ નાં વરસમાં તે બાગને વધારીને તેહમાં ફરવાને ઘણાએક રસતા કરીઆમાં આ વીઆ હતા, તથા તેની આસપાસ કાફે તથા રેસટોરાં બાંધીઆમાં આવીઆં હતાં. ૧૭૭૦ થી ૧૭૮૦ ના વરસમાં ચાંજ ઈલીસીસ મધે ઘણી ખરી પારીસ શેહેરની તવંગર લેડીઓ ફરવા જતી હતી. તવંગર વીધવા ઓ જેઓ તાંહાંની ચાલ મુજબ જાહેરમાં ફરી શકતી નહી હતી, તેઓને વાસતે એ બાગનો એક ભાગ જુ દો કરેલો હતો. ૧૮૧૮ નાં સાલમાં એ બાગ ઘણો મોટો કીધામાં આવીએો હતો અને હાલમાં તે ઘણો ખુશનુમાં લાગેછે. દર રવીવારે તથા તેહેવારને દીવસે આ બાગનો દેખાવ ઘણોજ રચના ભરેલો થાએછે. ૬ રબારની બાંનુઓ તથા બીજી ઉમરાવ જદીઓ મખમલનાં અને બીજા તરેહવાર રંગના સોભીતા પોશાક સાથે પોતાની ઉંચી કારીગરીની અને તેજી ઘોડાઓની ગાડીઓમાં ફરવા નીકલેછે, તે એક જાતરા જેવું દીશેછે. શું તવંગર કે શું ગરીબ, સરવે કોઈ ઉપલે દીવસે હીંઆં ફરવા જાએછે. દુકાંનદારો પોતાની દુકાંનો ઝાહોનાં છાંયાં નીચે લાવી મોંડેછે. બચાંઓને વાસતે તરેહવાર ગમતનાં રમકડાંઓ લઈ એણીગમ પેલીગમ વે ચનારાઓ ફરેછે. એક જગાએ કોઈ મદારીનો નાંચ કરેછે તાંહાં કેટલુંએક ટોળું એકઠું થાએછે; બીજી જ ગાએ કોઈ નાટક કરેછે, તે જોવાને વળી કેટલાએક લોકો જમાવ થાએછે; વળી કોઈ કસરતનો તમાશો કરે છે તાંહાં પણ લોકોની ભીડ થાએછે; એક ઠેકાંણે કેટલાએકો ગાએણ તથા નાંચનો તમાશો કરેછે તાંહાંબી લો કોની મોહટી હડ મલેછે. વળી આ બોહોલા બાગમાં પાંણીના ઘણાંએક કુંઆરા કીધેલાછે, અને તેમની આ સપાસ ખુશનુમાં ફુલોનાં નાંહાનાં બાગો બનાવેલાછે, કે જેની આસપાસ ગોઠવેલી લોહાંની ખુરસીઓ તથા લાકડાનાં બાંકો ઉપર હજારો લોકો બેસેછે, અને સઘળા ફરવા આવનારાંઓને વાસતે જગે જગે અને ઠેકાંણે ઠેકાંણે, કાફી, વાઈન તથા ખુશ ખોરાકની નાંહાંની દુકાંનોછે. બાગની આસપાસ તથા તેમાં કીધેલા રસતા ની બાજુએ લોહોડાંના થાંભા ઉપર ફાંનસની અંદર " ગીઆસ લાઈટ " ની રોશની કરીઆમાં આવેછે તથા દુકાંને દુકાંન અને જગે જગે રોશની દેખાએછે તેથી તાંહાં જેમ સાંહાજને વખતે રળીઆમણો દેખાવ થા એછે તેમ રાતને વખતે પણ આ બાગ ઘણોજ ખુબસુરત દેખાએછે.

ટુઈલરીનો બાગ જે પાદશાહના મેહેલને લગતોછે તે પણ ઘણો નાંમીચો ગણાએછે, અને તાંહાં ફર વાને લોકોને છુટછે. એ બાગની અંદર ઘણાંએક સોભઈતા કુંઆરાછે અને તેમની આસપાસ ફુલો રોપેલાં છે. વસંત રૂતુની મોસંમમા આ બાગનો દેખાવ ઘણોજ રળીઆમણો લાગેછે. એક ગમથી ઝાહોની ઉપર આરેનજ, ચેસનટ તથા બીજા ફળો લટકેલાં, અને બીજી ગમથી જમીન ઉપરનાં નાંહાનાં રોપાએ રંગ બેરંગ ફુલોથી પુર, અને તેમની આસપાસ હજારો આદમીઓ, ઓરતો તથા બચાં, કોઈ વાત કરતાં, કોઈ ફરતાં, કોઈ રમતાં, એ સઘળાનો દેખાવ ઘણોજ જોવા લાએક થાએછે. એ બાગની અંદર સંગે મરમરનાં તથા બી

જ પથરનાં ઘણુંએક ઉંચી કારીગરીનાં અને સારી મતલબનાં પચાસથી વધારે પુતળાંઓ ગોઠવેલાંછે, તેથી તે નાં દેખાવમાં ઘણોજ સારો વધારો થાયેછે. સહવારથી તે સાંહાંજનાં અંધારૂ થવા આવે તાંહાંસુધી એ બા ગમાં ફરવા દેવાની છુટછે. જે વખતે પરધન વજાડીઆમાં આવેછે, તે વખતે સધળાઓએ તાંહાંથી નીકળી જવું જોઈએ. પાલે રાએલનાં મેહલની સાંમણે, અને એ નાંમનાં ચોકની વચમાં પણ એક ઘણોજ ખુશનુમાં બાગ લોકોની ગમતને વાસતે ઉંધાડો મેલીઆમાં આવીએાછે. તેની વચોવચમાં એક ઘણો સોભઈતો ફુંવા રોછે. શેહેરનાં વચલા ભાગમાં રેહેનારા ઘણુંખરા લોકો એ બાગમાં ફરવા જએછે. સેન નદીનાં દખણનાં કીનારા ઉપર રેહેનારાઓ ઘણુંખરા લુકશાંબો નાંમનાં મેહેલની આસપાસનાં બાગમાં ફરવા જએછે. એ બા ગ પણ ઘણોજ ખુબસુરત ગણીઆમાં આવેછે. નીચેની જમીન ઉપર જાંણે ફુલોનું ઘાસછે, અને ઝાહોની ઉપરનાં ભાગ લટકતાં ફુંબોથી પુર હોએછે. એ બાગમાં પણ ફુંવારા તથા તળાવોછે, તથા જગે જગે ઘણાં સા રાં પુતળાંછે. બાગની અંદર દાખલ થવાને નવ તરફથી દરવાજાછે, અને આખા બાગની આસપાસ શોભઈ તા કટેરા જડી લીધેલાછે. રસતાનાં દરવાજા આગળ સીંહનાં બે ઘણુંજ મોટાં પુતળાં મેળીઆમાં આવીઆં છે. કાફે તથા રેસટોરાંને વાસતે કેકાંણે કેકાંણે મથક કીધેલાંછે. ઝાહો કેમ રોપવાં તથા કલંમ કેમ તઈઆ ર કરવી, તથા બાગનાં શોખીઓને તથા માલીઓને પોતાનું કાંમ વધારે સારી રીતે બજાવવાને બની આવે તેવી ખબરનો ફેલાવો કરવાને સારૂ ઉપલા બાગનો વરો ઉપરી વરસમાં કેટલીએક વાર જાહેરમાં મુકત ભાશાં ણો કરેછે.

પારીસથી બે માઈલ છોડીને બુઈ ડી બુલોન નાંમની જગો આવેછે. જેમ લંડનનો તવંગર ભાગ પોતા ની ગાડીમાં "હાઈડ પારક" મા ફરવા જએછે, તેમ પારીસનાં પેહલે વાંધેનાં લોકો બુઈ ડી બુલોનમાં જએ છે. એ બગીચામાં ફરવાનો રસતો પાંચ માઈલ સુધીછે, અને તેની વચમાં બે સરોવરછે અને તે સરોવર ની અંદર ટાપુ બનાવીઆમાં આવીઆંછે, તે ટાપુ ઉપર જવાને સારૂ પુલ બાંધેલાછે. એ સરોવરની અંદર નાં હની બોટો પણ ફેરવીઆમાં આવેછે. મોટા સરોવરની અંદર "પરીનસ ઈમપીરીઅલ" (શાહનશાહનાં છો કરા) ને ફેરવવાને વાસતે એક નાંહની આગબોટછે, તથા તે સરોવરની વચેવચમાં એક "સુવીસ કાટેજ" બાંધેલુંછે. એ જગોએ સાંહાંજની વેળાએ મોટી અને ઉંચી ગાડીઓ તથા આવતાં જતાં લોકોની ભારે ઠ ઠ, ખુશી અને હરખનાં ચેહરા સાથે દોડતાં તથા રમતાં બાળકો, તથા સરોવરોમાં ફરતી નાંહની બોટો જો યાથી આપણી આંખને ઘણીએક ખુશી ઉપજેછે. એ બગીચા મધે ઘણુંએક નવાઈનાં ઝાડો રોપીઆમાં આ વીઆંછે. એકનાં આસરે સોલ ઝાડછે, એક બુચ્ચનું ઝાડછે તથા ગરંજ મુલકનાં કેટલાંએક ઝાડો કે જે ફરાનસમાં ઉગાડવાને તથા સંભાળી રાખવાને ઘણી મેહેનત પડેછે તેપણ હીંઆં રોપેલાંછે. પણ એ બગીચા મધે એક સઉથી સરસ દેખાવ આદમીઓએ પોતાની હીકમતથી કીધોછે. પાહાડની ઉપરથી પાંણીનો ધોત પડતો હોએ તેવું દેખાડવાને વાસતે, ઉંચેથી જમીન ચહડતી ઉતરતી કાપીને, અથવા જેમ બને તેમ કુદર તી દેખાવને મલતુ આવવાની ગોઠવણ કરીને, પાંણીનાં ધોત પેલા સરોવરની અંદર ઉતારવામાં આવીઆછે. એ પરમાંણે જેમ બને તેમ કુદરતના આકાર લાવવાને, તથા બગીચાનો દેખાવ સુધારવાને અને આદમીનાં મન અને તંનને ગમત આપવાને જેટલી બની આવે તેટલી કળા અતરે કરીઆમાં આવીછે. કુદરતની બખશીસ અને આદમીની મેહેનત હીંઆં મલીછે, તેનું બયાંન સહજજ પડે અથવા બીઆલમાં ઉત રે, તે મીસાલે કરવાને ફકત આદમીની કલંમ બસ નથી; તે બરોબર પીછાંણવાને ઈસવરે આપણને બખશે લી આંખ પણ કાંમે લગાડવી જોઈએ. ઉપર જણાંવીઆ ઉપરાંત બીજા ઘણુંએક નાંહનાં તથા ઉતરતા બા ગોછે તે વીશે બયાંન કરી વધારે જગા રોકવાની અગત દીસતી નથી.

પ્રકરણ ૫ મું.

ગમતનાં કારખાંનાં.

નાંટકશાળા—તેમનો સણગાર—જોવા જનારાઓની ભીડ—નાંટકશાળાની આએપત તથા ખરચ—સરકારની મદદ— ત માશાનાં જુદાં જુદાં ઘરો મધેની તારીફ લાએક ગોઠવણ—ગાએણનો તમાશો કરવાનાં ઘરો—નાંચ કરવાનાં કારખાંનાં— ઘોડ કસરતનાં કારખાંનાં—ઈમારતોની ખુબસુરતી તથા સણગાર—જહેર તમાશા—નેપોલીઅને રાજ કરવાનુ શરૂ કીધું તેની યાદગારીનો તેહવાર—કારનીવલનો તેહવાર—મોટાં મોહડાં સાથનાં નાંચ—રસતા મધેનાં દેખાવો—પારીસની બો જલી વસતી—જુદી જુદી ગમતની જગાએ મલતાં ફરેનચ લોકોનાં ટોળાં અને તેવાં ટોળાં થવાનાં કારણો.

છેલલાં પ્રકરણ મધે જણાંવેલી સધળી ગમત પારીસમાં બાહેર ખુલલી હવામાં મલેછે. ઘરોની અંદર કેવી ગમતો હોએછે, તે હવે જણાંવીએછે. આ શેહેરમાં નાંટકશાળા તથા નાંચ અને ગાએણનાં બેશુમાર કા રખાનાંછે. આજે આપણે ચાહીએકે નાંટક જોવા જઈએ, તો તેહમાં આપણે નાં ઉમેદ થઈસું નહી, કાંએજે દરરોજ નાંટકો તથા ઉપર જણાંવેલા તમાશા થાએછે અને તેથી કરીને મોજીલા ફરેનચોને રાતનો કેટલોએક વખત એ ગમતમાં કાહાડવાને બની આવેછે. નાંટકનાં તથા ગાએણનાં તથા નાંચનાં જે ઘરોછે, તેમની બાં ધણીનું અને તે મધેનાં સણગાર અને રોશનીનું બયાંન કરવું, તે એક મેહેલ અને તેની અંદરનાં સાંમાંન અ ને તેની રોશનીનું બયાંન કરવા બરોબરછે. બાદશાહને વાસતે જેમ મેહલોછે, તેમ આએ લોકોનાં મેહલછે. મેહલોની પછવાડે કરોડો રૂપીઆ ખરચીઆમાં આવેછે, તેમ આ જાતનાં તમાશાનાં ઘરો પછવાડે પણ કરો ડો રૂપીઆ ખરચ થાએછે. આ ગમતનાં નાંમીયાં કારખાંનાંઓ વીશે થોડોએક જાંણવાજોગ હેવાલ અતરે પરગટ કરવાને દરૂસત ધારીએછે. ફરાનસમાં સધળી મલીને ૩૬૧ નાંટકશાળાછે, તેહમાં ફકત પારીસમાં ૨૩. છે. એ ૨૩ ઘરોમાં માણસોને સમાવથી બેસવાની જુમલે ૩૪૦૦૦ જગાછે, અને દર રાતનાં કેટલા લોકો હેવા તમાશા જોવા જાએછે, તેની ગણતરી ફરેનચની સરકારે કાહાડીછે, તે ઉપરથી માલુમ પડી ઉછે કે ૨૪૦૦૦ આદમી તેનો લાભ લીએછે. જોવા જનારાઓના ભીડને લીધે અંદર દાખલ થવાની તથા બાહેર નીકલવાની ગોઠવણ સારીછે. બારણાં આગળ પોલીસનાં કાંનસટેબલો રેહેછે, તેઓ બબે અથવા તર ણ તરણ આદમીઓની હાર કરી લોકોને અંદર જવા તથા બાહેર નીકલવા દીએછે, તેથી કશો ધબરાટ થા તો નથી. પારીસની ૨૩ નાંટકશાળાની દર વરશે જુમલે આએપત (૬૦૦૦૦૦૦) સાહઠ લાખ રૂપીઆ થાએ છે. તેઓનો ખરચ પણ ભારીછે. ઘરો સણગારવાનો તથા સાંમાંન વેચાતો લેવાનો ખરચ ગલાહેદો રાખ તાં, એ નાંટકશાળાઓમાં જે આદમીઓ કાંમે લગાડીઆમાં આવેછે તેમનાં લવાજમાંનીજ એક મોટી રકમ થાએછે. ૨૩ નાંટકશાળા વચે ૪૦૦ "બાકસ કીપરસ" એટલેજ જોવા આવનારાઓને બેસવાની જગો દે ખાડનારા તથા કેટલીએક ચોકસી રાખનારાછે, તથા ઉપલક કાંમને સારૂ ૭૫૦ માંણસોછે, અને તેઓનો જુ મલે પગાર દર વરસે (૩૭૦૦૦૦) તરણ લાખ સીતેર હજાર રૂપીઆ થાએછે. પોશાક બનાવનારા, સુંથારો તથા પરદા ફેરવનારા મલી જુમલે ૬૦૦ આદમીછે, અને દર વરસે તેઓનાં પગારનાં (૨૫૦૦૦) બે લાખ પચાસ હજાર રૂપીઆ થાએછે. ગાણારા તથા ખેલ કરનારાઓની ગણતરી ૨૦૪૩ ની જણાવીઆમાં આવી

છે, તેમાં ૧૧૫૨ મરદ અને ૮૯૧ ઓરતોછે. એએાનાં પગારનાં દર વરસે (૧૭૦૦૦૦૦) સત્તર લાખ રૂપીઆ થાએછે. નાંટકના ફાએદા વીશે લંબાણથી લખવાની આએ જગા નથી, તેમ તેના વીશે લોકો અનજાણ પ ણ નથી, અને એ કારણસર ફરાતસની સરકાર નાંટકશાળાએાને ઉલટ આપવામાં તથા તેએાના સુધારો થા એ હેવી મદદ કરવાને પછાત પડતી નથી. નવી નવી રમત જોડી કાહાડનારાએાને સરકારની તરફથી ઈનાં મ મળેછે. દર વરસે આસરે ૨૫૦ નવી રમત જોડાએછે તેમાંથી જે બે રમત સઉથી સરસ ઠરે તેમનાં બનાં વનારને સરકારથી બબે હજાર રૂપીઆ, અને તેથી ઉતરતી બીજી બે રમતનાં જોડનારાએાને પંદરશેા રૂપીઆ નુ ઈનામ મળેછે. એ ઉપરાંત પેહલે વાંધેની નાંટકશાળાએાને સરકારની તરફથી મદદ તરીકે દર વરસે જુમ લે (૬૦૦૦૦૦) છ લાખ રૂપીઆ મળેછે. જેએા સરસ રમત લખી કાહાડે અને તે રમત રમવામાંથી જે ઉપ જ થાએ, તેમાંના કેટલેાએક ભાગ તે લખનારને મળેછે, તથા તેએાની પછી ૩૦ વરસ સુધી તેએાનાં વારસેા ને મળેછે, તેથી જેમ બને તેમ સરસ અને લેાકને પસંદ પડે તેવી રમત જોડવામાં ઘણાં લેાકો મેહેનત લીએ છે. જેમ રમત કરનારાએા પેાતાનાં ઘરાકોને ખુશી કરવાની સઘળી શકતી કાંમે લગાડેછે, તેમ જે ઘરમાં ત માશગીરો બેસીને તમાંશેા જુએછે, તે ઘરેાની બાંધણી પણ ઘણીજ કીમતી અને ખુબસુરતછે, એટલુંજ નહી, પણ અંદર બેસનારાએાને સઘળી રીતે શુખ આપનારીછે. "ફ્રેતચ આપેરા" નું જે ઘરછે તેમાં બેસવાની જગા ઘણીજ કુશાદે તથા સારી સણગારેલીછે. તેમાં આસરે ૧૫૦૦ થીતે ૨૦૦૦ આદમીએા સેહલથી સ માંઈ શકેછે. એ ઘરને આગ લાગેતેા તેથી કોઈપણ પરાંણીને નુકસાંન નહી થાએ તેવી તારીફ લાએક ગેાઠવણ કીધીછે. બાહેર નીકલવાનાં એટલાં બધાં બારણાંછે, કે પંદર મીનીટની અંદર આખું ઘર ખાલી થાઈ શકે. જે જગા ઉપર રમત કરીઆમાં આવેછે અને જાંહાં સાંભલનારા લેાકો બેસેછે, તેએાની વચમાંની દીવા લ છેક છાપરાંની ઉપર લઈ જવામાં આવીછે, અને તેની વચમાંથી લોહેાડાંનાં પતરાંનેા એક પરદેા જડી લીધે લેાછે તેની મતલબ હેવી જણાંએછે કે, જો આએ બે ભાગ મધેનાં એક ભાગમાં આગ સલગેતેા પેલેા પરદેા તુ રત નીચે નાંખે, કે જેથી એક ભાગની આગ બીજા ભાગમાં ફેલાઈ શકે નહી. વળી તે સાથે ઘરનાં જુદા જુ દા ભાગમાં (વેનટીલેટરસ) હવાની નલીએાની મારફતે આગ લાગા પછી જેણીગમ આપણને ગમે તેણીગમ આ પણે પવન લગાડી આગનેા વધારો થવામાં અટકાવ કરી શકીએ. વળી છાપરાંની નીચે પાંણીનાં ટાંકાંછે, તે ટાંકાંનું પાંણી તુરત તે આગ ઉપર રેડવાને બની આવેછે. એક બીજી નાંટકશાળાની બાંધણી સઘળી પથર ચ ને લેાહેાડાંનીછે, તેથી તેનેતેા આગની ધાસતીજ નહી. "આપેરા થીએટર" નામનાં નાંટકશાળામાં રમત ક રનારાએા તથા નાંચનારાએા હંમેશાં ઘણેાજ સેાભઈતેા પેાશાક પેહેરેછે, તેએાથી તથા જેનારાએાની ભારી ઠઠ ત થા ઘરના રોનકદાર દેખાવ અને નાંમીચા સણગારથી તે નાંટકશાળાનેા દેખાવ જેવા લાએક થાએછે. એક નાંટકશાળામાંતેા દરરોજ દીવાલ ઉપર ફુલ અને ફળનાં વેળા લગાડીઆમાં આવેછે, તેથી તેનેા દેખાવ એક બાગના જેવેા બની રેહેછે. "થીએટર આપેરા કાંમીક" એ નામનાં તમાંશાનાં ઘરમાં બેાએરાંમાં હેવી ગેાઠવણ ની બાંધણી કરેલીછે કે તેહમાં હવા બરફથી ઠંડી થાઈને ઘરની અંદર આવેછે, અને ઘરમાંની હવાને વારેવાર બાહેર નીકલી જવાને વાસતે છાપરાંમાંથી રસતા કરેલાછે.

નાંટકશાળા વગેરે પારીસમાં ગમતની બીજી ઘણી જગાએાછે. દરરોજ "કાનસરટસ" એટલે ગાએ ણ થાએછે. વારેવાર "બાલ" એટલે નાંચ હેાએછે. નાંટકશાળા ઉપરાંત બીજી જાહેર ગમતની જગાએાની ગણતરી ૧૪૫ ની કરીઆમાં આવીછે, અને સઘળી જગાએામાં મળી તેનેા દરરોજ લાભ લેનારાએાની ગણ તરી ૨૫ થીતે ૩૦ હજાર આદમીની જણાવીઆમાં આવેછે. એ ઉપરથી વાંચનારને વીચાર કરવાને બ ની આવશે કે, તે ખાતાંએામાં ગમત કેવી તરેહની હશે કે તેનેા લાભ લેવાને આટલા બધા લેાકો દરરોજ જ માવ થાએછે. આ ઠેકાંણે જણાવવાની જરૂરછે કે, ગમતનાં કારખાંનાંએાની આએમત ઉપર સરકારે સેંહ

કડે દસ ટકા કર નાંખેલાછે, અને તેની ઉપજ પારીસનાં દવાખાંનાં તથા બીજાં ધરમખાતાં પછવાહે ખરચી આમાં આવેછે. ૧૮૫૭ નાં વરસમાં એ ઉપજ લગભગ (૭૦૦૦૦૦) સાત લાખ રૂપીઆની થાઈ હતી.

ગાએણનેા તમાશેા કરવાને વાસતે જે ઘરેાછે તેમનેા સણગાર અને બાંધણી પણ ઘણીખરી નાંટકશા ળાએાનાં જેવીજ હેાએછે. ફરેનચ લેાકેા ગાએણ ઉપર ઘણેા શેાખ રાખેછે, તેથી તે સાંભળવાને ઘણાં લેાકેાની ઠઠ મળેછે. કેટલાંએક ગાએણેા ખુલ્લી હવામાં પણ થાએછે. કેટલેએક ઠેકાંણે કસેા લવાજમેા લીધામાં આવ તેા નથી, ફકત તાંહાં કાફીનું એક પીઆલું લઈને તેની કીમત આપવાની ફરજછે. હેવા ઠેકાંણાંમાં ઘણી ભી ડ થાએછે. ઘેાડા ઉપરની તથા બીજી કસરતને સારૂ પણ પારીસમાં કારખાંનાંછે. જાંહાં આ તમાશેા સ ઉથી સરસ થાએછે, તે ઘર સેાલ બાજુનુંછે અને અંદર દાખલ થવાનાં બારણાં આગળ એક કદાવર ઘેાડાનું પુતળુ મેલેલુંછે, અને સેાલે બાજુએ ઘેાડાનાં માંથાનાં પુતળાં મેલેલાંછે. બેસવાની જગેાનાં માંથા ઉપરની સી લીંગને ઘણીજ સારી રીતે રંગીઆમાં આવીછે, અને તેની ઉપર કસરત કરનારાએાનાં ચીતારેા પાડેલાંછે. એ સીલીંગની વચમાંથી એક ઝુંમ્મર ટાંગેલેાછે, તે ઘણેાજ સેાભઈતેા અને કીમતીછે અને તેમાં હવા (ગીઆસ) નાં ૧૩૦ દીવા મળેછે. સરકસની આસપાસ ૧૬ ફરતી બેઠકેાછે તેમાં જુમલે ૬૦૦૦ આદમી બેસી શકેછે.

ફરેનચેાને નાંચવાનેા શેાખ ઘણેાછે તેથી સઘળે વાંધેનાં લેાકેાને પેાતાની ખુશી પુરી પાડવાને વાસતે જેવી પારીસમાં જોગવાઈ મળેછે, તેવી બીજાં કેાઈ શેહેરમાં મલતી નહી હશે. દર મેાહસમે જુદા જુદા "બા લ" અથવા નાંચ થાએછે. એ નાંચમાં હાજર થવાને તેડાંની અગત નથી. તેમાં દાખલ થવાનેા ઠેડવેલેા દ રછે, તે આપીઆથી તાંહાં જવાઈ શકાએછે. ઉંચા નાંચેામાં જવાની તીકીટનેા દર ૪ રૂપીઆથી વધારે ન થી અને ઉતરતા નાંચેાનેા દર એક રૂપીઆ સુધીછે. નાંટકશાળાએામાં પણ ઘણી વખત નાંચ કરીઆમાં આ વેછે, પણ ચાંર ઈલીસીસ તથા લુકશાંમબેા અને બીજા બગીચાએામાં નાંચને સારૂ જે ઠેકાંણા કીધેલાંછે તે ખ રેખર ઘણાં સારાંછે. પેહલા બગીચા મધેનાં બે ઠેકાંણાની ઘણી તારીફ થાએછે. "જરડીન ડી હીવર" નાં મની નાંચવાની જગેા કીધેલીછે, તે જાણે એક ઘરની અંદર મેાટેા બાગ હેાએ હેવી બનાંવેલીછે. ઘેાડાએક પ થરનાં થાંબ સીવાએ આખી ઈમારત ઘણી ખરી લેાહેાડાંનાં સલીઆથી બાંધેલીછે, અને તેનું છાપરૂં કાચનું બ નાવેલુંછે. નાંચવાને સારૂ કીધેલા મેાટા ઓટલાની આસપાસ સઘળેા બાગ બનાંવીએાછે એટલુંજ નહી, પણ તાંહાં પાંણીની નાંહની હેાજ તથા ફુંચ્મારા તથા સંગેમરમરનાં પુતળાં મેલેલાંછે. એ બાગની અંદર આરેનજ ના ઝાડની હાર લગારેલીછે તથા પાંમ અને બનાનાનાં ઝાડો જે ગરમ દેશમાં થાએછે તેપણ તાંહાં માહાવજ તથી ઉગાડીઆમાં આવેછે. વળી એક બાજુએ બાહેરના મુલકેાનાં પંખેરાંએાનેા જમાંવ કરીઆમાં આવીએા છે. નાંચવાની જગેાની આસપાસ લેાહેાડાંનાં થાંભની વચમાં જાંહાં જાંહાં દીવાલછે, તેની અંદર આરસીનાં તકતા જડી લીધેલાછે અને તેથી કરીને સઘળેા દેખાવ બેવડેા માલમ પડીઆથી જેનારને ઘણી ખુશી ઉપજે છે. આ ઠેકાંણે કેાઈવાર નાંહનાં બાળકેાનેા નાંચ કરીઆમાં આવેછે, તેવારે તાંહાં હેવેાતેા સેાભઈતેા અને ખુ શનુમાં દેખાવ નજરે આવેછે, કે જાંણે તે જગા ફરેસતાએાનું રેહઠાંણ હેાએ. નાંચવાનાં ઓટલાની બાજુએ લેાહેાડાંનાં થાંભની ઉપર ગીઆલરી કાહાડીઆમાં આવીછે, કે જાંહાં જેને ગમે તે જાઈને બેસે. આ જગા પ ણ ફુલેાથી સણગારીઆમાં આવીછે. "સાટુ ડી ફ્લેાવર" નામની બીજી જગાછે તેપણ ઘણી ખુશનુમાંછે. હીંઆં નાંચની જગાછે, એટલુંજ નહી પણ કાફે તથા રેસટેારાંબીછે, તથા જેએાને રમવાનેા શેાક હેાએ, તેએા ને વાસતે બીલરડ તથા બીજી તરેહવાર રમતેા તઈઆર હેાએછે. ઈરેાપ ખંડમાં પાંમનાં ઝાડો ઉગતાં નથી તેથી તેમની પછવાડે ઘણી મેહેનત લઈ ઉગાડવાં પડેછે, અને તેવી મેહેનતનું ફલ કેટલેએક ઠેકાંણે જોયામાં પ ણ આવેછે, પણ આ જગામાં ઝાડોની નકલ કરીને કારીગરીથી પાંમના ઝાડો બનાંવીઆમાં આવીઆંછે, તે આબેહુબ ખરાં હેાએ તેવાં લાગેછે. એ ઝાડોની ઉપર ચીનાંઈ ફાણસેા સલગાવીઆમાં આવેછે, અને

તેથી તાંહાંનો દેખાવ બીજી જગાએો કરતાં વળી જુદીજ રીતનો લાગેછે. જેમ બને તેમ દરએક જણ પોતા ની જગાને ઘણીજ રલીઆંમણી કરવાની કોશેસ કરેછે. કેટલેએક ઠેકાંણે નાંચ થાઈ રહેઆ પાછી આતસબા જી પણ કરીઆમાં આવેછે.

પારીસનો સઉથી સરસ દેખાવ કોઈ જાહેર તેહવાર હોએછે તાહરે બનેછે. એ જાહેર તેહવારો કો ઈ ચોક્કસ દીવસે હંમેસાં પડતા નથી, પણ જે તોખમનાં પાદશાહાએો તખત ઉપર હોએ, તેઓ પોતાને પસંદ પડતા બનાંવોને દીને જાહેર તેહવાર કરવાનું ઠેડવેછે. હાલતા શાંહનશાહ નેપોલીઅંને ફરાનસનું તખત લી ધું તેની ઈચ્છાદગારીમાં ૧૫ મી આગસટનો દીવસ જાહેર તેહવાર દાખલ ઠેડવેલોછે. પલાસ ડી લા કાંનકા રડનો ચોક જેનું બયાંન આગળ કરીઆમાં આવીઉંછે તેને હેવોતો સણગારીઆમાં આવેછે, કે તે ખુશનુમાં જગોની હંમેસની રચનાંમાં ઘતીઘણો વધારો થાએછે. એ ચોકની વચમાં જે મીનારોછે, તે આખો તરેહવા ર રીતે સણગારીઆમાં આવેછે. ચાંર ઈલીસીસનાં બાગનાં જુદા જુદા ભાગમાં દીવસને વખતે દોરડાં ઉપર નાંચનારાએો, તથા ગારોડીએો, તથા મસખરાએો, તથા નાંચનારાએો, તથા નાંટકવાળાએો પોત પોતાનાં તમા શા કરેછે. રાતનાં એ બાગમાં તથા ટુઈલરીનાં મેહેલ અને બાગની અંદર લંકા કરીઆમાં આવેછે, અને તે ની સાથે પાછલી રાતનાં આતસબાજીથી સઘળી ખુસાલીનું સેવટ લાવીઆમાં આવેછે. ફરેનચ લોકો આતશ બાજીનાં ઘણું શોખીછે, તેથી એ હુનરનાં કાંમમાં તેમોએ જેટલો વધારો કીધોછે તેટલો કોઈ બીજી કોમવાલા એોએ કીધો નથી. જારે આએ તેહવાર હોએછે, તારે તેમાં એેખલા પારીસનાં લોકો સામેલ થાએછે, એટલું જ નહી, પણ ફરાનસ અને ઈંગલંડ તથા ઈઉરોપખંડનાં બીજા ઘણાં દેશનાં લોકો અગત કરીને તે જે વાને સારૂ ઉપર કહેલે દીવસે પારીસ જાએછે, કાંએજે જારે પારીસમાં જાહેર તેહવાર હોએ, તારે તેનો જેવો દેખાવ થાએછે, તેવો કોઈ બીજી વેળાએ થાતો નથી. જાહેર તેહવારને દીને આગળ આખાં ગાંમમાં જેને જોઈએ તેને ખોરાક તથા દારૂ સરકારથી આપીઆમાં આવતો હતો, પણ તેથી તે દીવસો ઉપર છાકટપણું ઘ ણું વધતું હતું, માંટે હવડાં ખાનગી રીતે પુછપરછ કરીને ગરીબોનેજ દારૂ તથા ખાંણું મુફત આપીઆમાં આવેછે.

" કારનીવલ " નો તેહવાર જે ઈંગરેજ લોકોનાં " આશ વેડનેસડે " ની આગમજનાં પાંચ અથવા છ અડવાડીઆં સુધી ચાલુ રેહેછે, તે વખતમાં પણ પારીસ જોવા લાએેક થાએછે. એ તેહવારનાં દીવસો ઉપ ર પણ લોકો તરેહવાર ટોંગનો (ફેનસી) પોશાક તથા ખોટાં મોહોડાં પેહેરીને રસતાઓની ઉપર ખુશી થાતા ત થા મસખરી અને ટોંગ કરતા ટોલાબંધ ફરતા ફરેછે, અને તેથી એાર તરાંહનો તમાંશો થાએછે, તે જોવાને સારૂ વળી જથાબંધ લોકો ઘોડા ઉપર તથા ગાડીમાં સવાર થાઈ નીકલેછે. સરકારનાં હુકંમથી ૧૭૯૦ ના સા લમાં આ તેહવાર કરવાનું બંધ થયું હતું, પણ નેપોલીઅન બોનાપારટ જારે પેહલો કાંનસલ થયો, તારે આ તેહવાર કરવાનો પાછો હુકંમ થાયો હતો, અને તેથી પારીસનાં રેહેવાશીઓને ઘણો આનંદ ઉપજીઓ હતો. કેટલાંએેક વરસ સુધી આ તેહવાર બંધ પડીઓ હતો, તેથી તે જરી થયા પછીનાં પેહલાં થોડાં વરસ સુધી ભા રે ઉલટમાં તે કરીઆમાં આવીઓ હતો, કાંએજે તાર પછી લોકો હેવાતો સોભઈતા અને કીમતી પોશાક પે હરતા હતા અને ખુશીમાં આવતા હતા, કે તેનું બયાંન થઈ શકતું નથી. એેક દીને મોટું સરઘસ કાહાડી આમાં આવેછે, તેવારે પેહલે ગાએેણ કરનારાઓ તથા વાજાં વજાડનારાઓ ચાલેછે, અને પછી આખાં શેહેર માં સઉથી માંતેલા એેક બળદને ઘણુંજ કીમતી પોશાક સાથે સણગારીને તથા તેનાં માંથાં ઉપર લારેલ ઝાડનાં પાતરાં લપેટીને ચલાવેછે, અને તે બળદની પછવાડે કસાઈઓ ટોંગી તથા કીમતી પોશાક પેહેરીને, ટોળાંબંધ ચાલેછે. આ સરઘસ મોહોલે મોહોલે ફરેછે, અને તેની રચનાં જોવાને સારૂ તેની પછવાડે હજારો લોકો દો ડેછે, તે વેળાએે આખું પારીસ શેહેર એેક તમાશાનો મેહેલ હોએ તેવું દીસેછે. આગળા વખતમાં બ

ળદની પીઠ ઉપર એેક બાળકને બેસાડીઆમાં આવતું હતું, અને તેનાં એેક હાથમાં રાજધાંનીની લાકડી આ ને બીજા હાથમાં તળવાર આપીઆમાં આવતી હતી. આ ચાલ સને ૧૮૪૯ નાં વરસથી કાહાડી નાંખી આમાં આવી, અને હવડાં એેક ગાડીની અંદર એેક બાળક ફકત બેસેછે, અને બળદની સાથે તે ગાડી પણ ચલાવીઆમાં આવેછે. ઉપલા બળદનું વજંણ ઓછાંમાં ઓછું ૨૦૦૦ રતલ થાએછે.

આ તેહવારનાં દીવસો ઉપર પારીસની નાંટકશાળાઓમાં પણ ખોટાં મોહોડાં પેહેરીને નાંચ કરીઆ માં આવેછે. લેડીઓને મોહોડાં અથવા ટોંગી પોશાક પેહેરીઆ વગર અંદર દાખલ થવા દીધામાં આવતી નથી. જારે એે નાંચ હોએછે, તારે નાંટકશાળાનો દેખાવ હેવોતો થાએછે, કે તેથી આપણી આંખ હેરતમાં રેહેછે. નાંટકશાળાઓનુ બારે કદ, તેમની અંદરની ઝલકતી રોશની, તરેહવાર અને શોભઈતા પોશા કો, ગાએેણના ખુશ આવાજે અને હસતા ચેહરાનાં ટોલાબંદ લોકોથી આપણી નજર આગળ જે દેખાવ થા એેછે, તેનુ જોકે બરોબર બયાંન થાઈ શકતું નથી, તોપણ તે દેખાવ એેકાએેક આપણી આંખમાંથી જવો મુ શકેલછે.

ફરેનચ લોકો અને તેમાં અગત કરીને પારીસનાં રેહેવાસીઓ ઘણાંજ મોજીલા તથા શોખીછે તેથી શું તેહવારને દીવસે કે, શું સાધારણ દીવસે, તેઓ હંમેસ ખુશી, મોજ અને ગમતમાં પોતાનો વખત ઘણોખરો ગુમાંવેછે. પારીસનાં ગમતનાં કારખાંનાંઓની પેદાએેસમાંથી આગમજ જણાવીઆ પરમાંણે સરકાર સેંહકડે દસ ટકા લીએેછે, તે ઉપરથી જે ગણુતરી મળેછે, તેમાંથી હેવું માંલુમ પડેય કે, પારીસમાં દર રોજ પઈસા આ પીને ગમત ભોગવનારાઓની સંખીઆ પચાસ હજારનીછે. આખાં શેહેરની વસતી (૧૨૦૦૦૦) બાર લાખ આદમીનીછે તારે આખી વસતીનો ચોવીસમો ભાગ દરરોજ પઈસા આપીને જુદી જુદી ગમતમાં સામેલ થા એેછે. એે ઉપરાંત બાગોમાં ફરનારા તથા એેણીગમ પેલીગમ ફરી જીવને આશાએેસ આપનારાઓની સંખીઆ ઘણી હશે. જારે કોઈ પારકો મુસાફર પારીસમાં જાએે અને દસ અથવા પંદર દાહાડા સુધી તાંહાં રેહવાનો હોએે, તારે અલમતાં તેટલી મુદતની અંદર પારીસમાં જેટલું જોવાનું હોએછે, તે જોવાની તે ઈઉકતી કરેછે, તે વેળાએે તેને પારીસનાં મોજ ભોગવનારા તથા પરવારતા ફરનારાઓની સંખીઆ વીશે વીચાર કરવાને બની આવેછે. એેક બાગ જોવા તમો જાઓતો, તે બાગમાં હજારો આદમીઓ તમોને ફરતાં મલસે. એેક સંગ હરસથાંન જોવા તમો જાઓતો, તાંહાં જે જોવા તમો ગયાછો તે જોવા આવેલા બીજા હજારો શખસોને તમો જોસો. એેક મેહલ જોવા જાઓતો, જેમ તમો તાંહાંનો બપકો જોઈ અચરત થાઓ, તેજ મીસાલે તમારી માંફક તેવી અચરતીનાં ઉભેલાં હજારો લોકો તમારી આસપાસ ઉભેલાં તમોને માલમ પડશે. કોઈ મોટો પુંચારો જોવા તમો જાઓ, અને તાંહાં પણ હજારો લોકો તમો જોસો. કોઈ તમાશાનાં ઘરમાં જાઓ, અને તાંહાં પણ હજારો લોકો હશે. હજારો લોકો ફકત રસતાની મજાહ અને દેખાવ જોવાને ફરતા હશે, અને હજારો લોકો કોઈ નહી પણ દુકાંને દુકાંન આંખને મજાહ આપવા તથા કોથલી ખાલી કરવા ફરતા હશે. એે ઉપરથી પે લા પારકા મુસાફરના દીલમાં ખચીત આ સવાલ ઉતપન થાએેછે, કે જાંહાં હું જાંઉછું, તાંહાં આટલા બધા લોકોને જોઉંછું, તારે સું એે લોકો એેમ ફરવામાંજ પોતાનો વખત રોકેછે, અને તેમ હોએેતો પોતાનું ગુજરા ણ સી રીતે કરતા હશે. આ સવાલનો જવાબ આપણને એેમ મળેછે કે, પારીસની વસતી ઘણી ખરી મોજ કરનારાઓનીજછે. આખી વસતીમાં બેકાં ખાતા લોકોની ગણુતરી વધારેછે. ઈંગરેજોને વાસતે કેહેવામાં આવેછે કે તેઓ અશકત થાએે, અથવા મરે તાંહાં સુધી મેહેનત કરેછે, તથા પોતાનો ધંધો મેલતા નથી, પણ ફરેનચ લોકો મોજીલાછે, તેથી જે શખસની પાસે એેટલી દોલત થાએે કે પછી તે પોતાનો બાકીનો જન મારો સુખથી કાહાડી શકે, કે તે પોતાનું કામ કાજ સઘળુ પોતાનાં છોકરાઓને સોંપીને પોતે આશાએેસમાં રે હેછે, તેથી હેવા આસાએેસ લેનારાઓની ગણુતરી ઘણી થાએેછે, તે સાથે ઈઉરોપનાં ઘણુંએેક ભાગોમાંથી મો

જીલા લોકો પારીસમા જાઈ પોતાનો જનમારો ગુજારવાને ઘણું ખુશીછે, કાંએજે તાંહાં પોતાનાં પાછળા દાહાડા ખુશીમાં પશાર કરવાને તેઓને મની આવેછે. ફરીઆતનાં કોઈ અમલદારને પુછીઆમાં આવીઉં હોએ કે, તારી મુરાદ શુંછે, તો તે કેહેસે કે " એક સારી દોલત અને પારીસમાં રેહેવાનું ઘર. " એ ઉપરથી જોયામાં આવશે કે પારીસની મજાહ તથા સોંજ ભોગવવાને સારૂ ઈઉરોપ ખંડનાં બીજાં મુલકોનાં રેહવાશીઓ જેઓ પાસે બેહું ખાઈ શકાએ એટલી દોલત હોએ તેઓ પોતાંનુ વતંન છોડીને ફરાંતસમાં જાયુક પોતાંનુ ઘર કરવાને રાજીછે. પારીસની વસતીની ગણુતરી કાહાડીઆમાં આવેછે તારે પારકા દેશનાં લોકોની સંખીઆ નાંહની થાતી નથી. ટુકાંમા કહીજીએછે કે આં શેહેર હેવુંતો રળીઆંમણુછે કે ઈઉરોપનાં બીજા મુલકોનાં જે જે રેહેવાશીઓમાં શકતી હોએછે, તેઓ પોતાની જીનદેગીમાં એકવાર પણ આ શેહેર જોએછે, અથવા જોવાની ઉમેદ રાખેછે, તેથી હેવા હજારો મુસાફરોનું દરરોજ પારીસમાં આવવું જવું થાએછે, અને તેઓ બાહેર ફરતાં ટોલામાં ઘણેાએક વધારો કરેછે.

પ્રકરણ ૬ ઠું.

મેહેલો.

ટુઈલરીનો મેહેલ—દીવાલ તથા સીલીંગ ઉપરનાં ચીતારો—પુતળાં તથા તસવીરો—તખત—લુવરનો નવો મેહેલ—લુકશાંબોનો મેહેલ—કાંમપીનનો મેહેલ—સેંટ કલુનો મેહેલ—શાંનટેમેલોનો મેહેલ—વારસેલનો મેહેલ—એ મેહેલ બધેનો કીમતી સંગરહ—ચીતારો, બાગ, ફુંવારા, પુતળાં, ઇતીઆદી.

જે શખસ પારીસમાં જાએ તેને અલબત તાંહાંનાં નામીચા અને ખુબસુરત મેહેલો જોવાની ખાહેસ થયા વીનાં રેહે નહી, અને તે ખાહેસ પાર પાડવાને જે કાંઈ મેહેનત પડે, તેનો તેમને જોયાથી પુરો બદલો મળી શકેછે. યુરોપનાં કઉમતમંદ રાજોમાંનું ફરાનસ પણ એક ઘણુજ કઉમતમંદ રાજ ગણાએછે, અને તેનાં પાદશાહો જે મત ધરાવે, તેથી ઈઉરોપની ઉપર કેટલીએક રીતે અસર થાએછે, તેવાં રાજનાં જે મેહેલોછે. તે ખરેખર તે રાજને લાએકનાંછે. સરકારી તથા બીજી મોટી ઈમારતોબી મેહેલો જેવીજછે, પણ આ ઠેકાંણે અમને જે કાંઇ લખીએછે, તે શાંહનશાહને રેહવાનાં મેહેલો વીસે લખીએછે. એવા મેહેલો હાલમાં આસરે દસછે, અને તે દરએકને જોયાથી આપણે વીચારમાં પડીએછે કે સરસ કોણને ઠેરવીએ, કાંજે સઘળા તારીફ લાએકછે. હાલનો શાંહનશાહ જારે શેહેરમાં હોએછે, તારે ટુઈલરીનાં મેહેલમાં રેહેછે. એ મેહેલની આસપાસનાં બાગનું વરણુન આગળ કરીઉંછે. બાગમાં ફરીઆથી આપણેા જીવ જેટલો ખુશી થાએછે, તે કરતાં એ મેહલની અંદર ફરીને જોયાથી વધારે ખુશી ઉપજેછે. એક ઘણુજ સોભઈતા દરવાજાની અંદર થઈને એ મેહેલમાં દાખલ થઈ શકાએછે. આપણી ટાપુમાં ભાગરછે તેવો એક દરવાજોછે, તેની વચમાંથી ગાડી જવાનો અને આસપાસથી આદમી જવાનો રસતોછે. એ દરવાજાની આગળ હંમેસ બે ઘોડસવારોનો પેહેરો રેહેછે. એ દરવાજો બેહદ નકસીથી સણુગારેલોછે, અને તેને મથાલે કેટલાંએક પુતળાંછે. મેહેલની આસપાસનાં બાગને જે કટેરાથી ઘેરી લીધોછે, તે કટેરા લોહેાડાંનાં નકસીદાર સલીઆનાંછે. તેનો ઉપલો ભાગ ભાલાનાં આકાર જેવોછે અને તેની ઉપર સોનાંનો ઘોર ચહડાવેલોછે. એ મેહેલનાં તરણુ માળછે અને દરએક માળની બાંધની જુદી તરેહનીછે. જે ઓરડાઓ શાંહનશાહ અને રાંણીનાં વાપરવાનાં કામમાં આવેછે, તે દેખાડવામાં આવતા નથી. જે મોટું દીવાંનખાંનું, પાદશાહી " બાલ " અથવા નાંચ આપવાના કાંમમાં આવેછે, તેની લંબાઈ ૧૪૦ ફુટ અને પોહોલાઈ ૩૫ ફુટછે અને સીલીંગની ઉપર ઘણુજ સારાં અને સોનેરી રંગનાં ચીતારો પાડેલાછે. એ દીવાંનખાંનાંમાં હાલનાં શાંહનશાહનું ઘોડા ઉપર બેસાડેલું એક પુતળુંછે. બારીઓની સામેની બાજુએ જે દેવાલ આવીછે તેની ઉપર આરસીનાં તકતા જડેલાછે તેથી કરીને જારે બારી ઉંગાડી હોએ, તારે બાહેરનો સઘળો દેખાવ તે આરસીઓમાં દેખાએછે, તેથી ઘણુંજ ખુશનુમાં લાગેછે. સને ૧૮૪૨ નાં વરસમાં હાલંડનાં પાદશાહએ લુઈ ફીલીપને ભેટ કરેલાં બે ઘણાંજ મોટાં અને કીમતી ઝુમરનાં જોડા, કે જેનાં ધાતુનાં ભાગ ઉપર સોનેરી ઘોરછે, તે આ ઠેકાંણે જોવામાં આવેછે. ફરાંનસ અને આસટરીઆ તથા ઈંગલંડનાં રાજે વચે એમીઆં શેહર આગળ સુલેહ થયા પછી પારીસનાં રેહવાશીઓએ પેહલા નેપોલીઅનને " સુલેહ " નું એક રૂપાંનું પુતળું ભેટ આપીઉં હતું તે સંગેમરમરનાં બે સોભઈતા થાંબલાની વચોવચમાં મેલવામાં



Engraved by M. J. Sterling

Palace of the Luxembourg - Paris

Dessin by E. Millin

Palais du Luxembourg - Paris

Der Luxemburg Palast in Paris

લુક્સાંમ્બર્ગ મેહેલનુ દીવાનખાનું.

(૪૭)

કોછે, તે કાહાડવામાં આવશે. બીજા માલ ઉપર હાલ જમાનાનાં નામીચા ચીતારનારાઓનાં ચીતારો વેચાઈ શકે તેવું કરવાને તે ચીતારો તાંહાં જાહેરમાં જોવાને વાસતે મેલવામાં આવશે, તથા એ નવા મેહેલનાં કેટલાએક ભાગમાં હુનરની ચીજોનો સંગરહ પણ કરવામાં આવશે. આ નવી ઈમારત કેટલી મોટીછે તેનો વીચાર કરવાને નીચે જણાવેલી વીગત ઉપરથી બની આવશે. તેના પાયા નાખવાને વાસતે જુદી જુદી જગોયી જે જમીન ખોદવામાં આવી હતી, તેની માટીના ઢગ (૮૪૯,૩૧૩) આઠ લાખ, ઓગંનપચાસ હજાર, તરણુ સો તેર ઘન ફુટ થયો હતો તથા એ ઈમારત બાંધવામાં નીચે જણાંવેલી વીગત પરમાંણે સામાન ખપીઓ હતો. પથર તથા ઈંટરડી (૬૬,૯૩૭) છાસટ હજાર, નવ સો સારતીસ ઘન ફુટ, લાકડાં (૭૭૧૮૩) સીતોતેર હજાર, એકશો તેઆસી ઘન ફુટ, લોહોડું (૭૦૦૦૦૦) સીતેર લાખ રતલ, બીરનું લોહોડું (૨૦૦૦૦) બે લાખ રતલ, અને શીસું (૧૧૦૦૦૦૦) અગીઆર લાખ રતલ વપરાયુ હતું. આ નવી ઈમારતને નવું લુવર કરી નાંમ આપીઉંછે.

પારીસમાં જેટલા મેહેલોછે, તે સઘળાનુ બયાંન હુનો વીસતારીને આ જગોએ કરતા નથી, તોપણ તે જોવાને જેઓ એ શેહેર ખાતે જાએ તેઓને જરજુત ભલામણ કરવામાં આવેછે. કેટલાએક મેહેલો જે આગળ પાદશાહોઓનાં રેહવાનાં જથક હતાં તેમ હવડાં નથી, તોપણ તેમની ખુબસુરતી, રચનાં અને સણગારમાં કસું ઘટીઉં નથી. તેમને સારી હાલતમાં રાખવાને અને તેઓમાં કીમતી વસતુઓનો સંગરહ કરવા પછવાડે દર વરસે લાખો રૂપીઆ ખરચ થાએછે. લુકશાંબો નાંમનો મેહેલ ઘણોજ સુંદરછે. હાલ એ મેહેલમાં રાજ દરબારી સભા ભરાએછે. ઓરડાની વચમાં ઉંચે એ સભાનાં સરનશીનની કુરસીછે અને તેની આસપાસ નાંટકની જગાના આકારમાં તથા અધીકારીઓને વાસતે કરતી ચહડતી ઉતરતી કુરસીઓ ગોડવેલીછે. એ મેહેલનો મોટો દાદર ઘણોજ ખુબસુરત અને ઘોડાની નાલનાં આકારનોછે. તેનાં મુખીઅ દીવાં નખાંતાંની સીલીંગ ઉપર ઘણીજ સુંદર નકસીછે અને તેની ઉપર સોનેરી ઘોરછે. આ મેહેલનાં ઘણાં ખરા ઓરડાઓમાં " ટેપીસટરી " નાં ભરતનાં તથા કંતાંન ઉપર રંગીન ચીતારોછે. કાંમપીનનો મેહેલ જેમાં હમણાંનો શાંહનશાહ વારેઘડીએ રેહેછે, તે પણ ઘણોજ સુંદરછે. સેંટ કલુનાં મેહેલમાં હમણાનો શાંહનશાહ ગરમીની મોસમમાં જઈને રેહેછે. આ મેહેલ ઘણો મોટો નથી, પણ સણગાર તથા રચનામાં ઘણો સુંદરછે. તેની સામેનાં વરાંણમાં ઘણાં ખુબસુરત ફુંવારાછે. આપણી મખતાવર અને નાંમદાર રાંણી વીકટોરી આ સને ૧૮૫૫ ના વરસનાં આગસટ મહીનાંમાં નેપોલીઅનની મુલાકાત લેવાને ગઈ હતી, તારે આ મેહેલમાં ઉતરી હતી, અને જે ઓરડાઓ એ નાંમદાર રાંણીએ તથા તેનાં ભરથાર પરીનસ આલબરટે વાપરીઆ હતા, તે ઇંગરેજોને જેમ અગત કરીને દેખાડીઆમાં આવેછે, તેમ તેઓ તે ઘણી ખુશીથી જોએછે.

" ફાંનટેબલુ " નો મેહેલ પણ ઘણોજ સુંદરછે. નેપોલીઅન બોનાપારટે સને ૧૮૧૪ નાં વરસમાં પોતાનું તખત છોડવાનાં કોળકરાર ઉપર આ મેહેલમાં પોતાની સહી કરી હતી. ૧૪ માં લુઈએ વારસેલ ખાતે પોતાનું રેહેવાનું કરીઉં હતું તાર પછી આ સુંદર મેહેલ નકાંમો પડીઓ હતો, પણ લુઈ ફીલીપને તે ઘણો પસંદ હતો તેથી તેને પાછો સણગારી તે ઘણી વેળા તાંહાં રેહેતો હતો. હવડાંનાં શાંહનશાહ લુઈ નેપોલીઅનનું " બાપટીજમ " પણ આ મેહેલમાં થયું હતું. અતરે " ટેપીસટરી " ના વણેલા ઘણાએક ચીતારોછે અને તેમની કારીગરી જોયાથી આપણને ઘણીએક અચરતી ઉપજેછે. એ મેહેલની બાહેર એક ઘણોજ મોહોટો હોજછે, તેમાં આ મેહેલનો સઘળો ઓળો પડેછે, તેથી રાતની વેળાએ જારે તાંહાં રોશની થાએછે તારે પાંણીમાં ઘણોજ જોવા લાએક દેખાવ થાએછે. આ મેહેલમાં પણ ઘણાએક નામીચા ચીતારો અને પુતળાં ગોઠવેલાંછે. પારીસનો કોઈબી મેહેલ એ વગરે ખાલી નથી. પણ ચીતારો અને પુતળાંનો જેવો જમાંવ વારસેલનાં મેહેલમાંછે તેવો કોઇ બીજાં શેહેરનાં મેહેલોમાં હશે નહી. એ મેહેલ ઘણોજ મોટોછે અને તેનાં તર

ણ ભાળછે. તેની આસપાસ એક મોટો બગીચોછે અને બગીચાની અંદર ડેકાંણે ડેકાંણે પુતળાંછે. એ મેહલ મધેનાં ચીતારો ૭ ભાગમાં વેંહેચાએલાંછે; તવારીખને લગતા બનાંવો, નાંમીચા શખ્સોની તસવીરો, આખાં પુતળાં તથા મોહોડાં, પાદશાહી મેહલોનાં ચીતારો, વાંહાંણોના ચીતારો, તથા નાંમીચા શખ્સોની કબરોનાં ચીતારોછે. ફરાનસનાં લસકરે અસલનાં જમાંનાંથી તે હમણાનાં વખત સુધી, જે લડાઈઓ કીધીછે, તેનાં ત થા ફરાનસની તવારીખમાં અને જુદાં જુદાં રાજમાં જે નાંમીચા બનાંવો બનીઆ હતા, તેનાં ચીતારો પેહે લા ભાગમાં મેલવામાં આવીઆંછે. સબીએાનાં ભાગમાં ફારમંદ પાદશાહથી તે ફરાનસનાં છેક છેલ્લા પાદ શાહા સુધીની તથા નાંમીચા સરદારો અને પેહેલવાંનો તથા બીજા ઘણાં વખાણાંએલા શખ્સોની સબીએાછે, તેજ પરમાણે ૩૦૦ ફુટની લંબાઈનાં ઓરડામાં ફરાનસનાં સઘળા પાદશાહા તથા ઘણાએક નાંમીચા શખ્સોનાં પુતળાંછે. પાદશાહી મેહલોનાં ચીતારો જોયાથી આપણને ઘણીએક ખુશી પેદા થાએછે, કાંએજે એ મધેનાં કે ટલાએક આજે હઈઆત નથી, તથા તે વખતની રેહવાની ચાલ તથા પોશાક તથા ઘરની ગોઠવણ આ ચીતા રો ઉપરથી આપણાં ધીઆંતમાં ઉતરેછે. આ ચીતારોના મોટા જમાંવને તેમનાં પુરાતનપણા પરમાણે ગોઠ વવાની ધારણા થઈ હતી, પણ તેઓની સંખીઆ અતી ઘણીછે તથા કોઈ નાંહના અને કોઈ મોટાંછે, તેથી હા રેદોર અનુકરમ પરમાણે ગોઠવી શકાયાં નહી, માંટે તેમનાં કદ પરમાંણે ગોઠવવામાં આવીઆંછે. આ મે હલમાં આવાં ચીતારો અને પુતળાંથી ભરેલા બશોથી વધારે ઓરડાછે, અને દર એક ઓરડામાંથી નીકલીને બીજા ઓરડામાં જતી વેળાએ આપણે થાકેલા હોઈએ, તોપણ તે સઘળા જોવા વગર આપણને તે મેહેલ છો ડવા ગમતો નથી, કાંજે દરએક ઓરડાનાં ચીતારો જુદી જુદી ખુબી બતાવેછે.

નેપોલીઅનને તાજ પેહેરાવવાની જે કીરીઆ થઈ હતી તેનો ચીતાર એક ઓરડામાંછે, તે જોનારાઓ ઘણોજ વખાંણેછે. જેને તે ચીતાર બનાવીઓછે તેને ચાલીસ હજાર રૂપીઆ મળીઆ હતા. ૧૭૮૯ નાં વર સમાં ફરાનસમાં જરે બળવો થયો હતો તેમાં જેઓએ મુખીઅ ભાગ લીધો હતો, તેઓની સબીઓથી એક આ ખો ઓરડો ભરેલોછે. જેઓની સબીઓ આ જગાએછે તેઓ જે વેળાએ શાંહનશાહી રાજ થયું તે વેળાએ કેવા હતા, તેની પણ સબી મેલીઆમાં આવીછે. જેમકે નેપોલીઅન ૧૭૯૨ નાં સાલમાં લફટનેનટ કલનલ અને ૧૮૦૬ નાં સાલમાં શાંહનશાહ—૧૭૯૨ નાં સાલમાં સબ લફટનેનટ મારસલ લા અને ૧૮૦૪ માં ડીઉક ડી માંટાબેલો—૧૭૯૨ માં મારસલ સોલટ સારજંટ અને ૧૮૦૪ માં ડીઉક ડી ડાલમાં—૧૮૦૨ માં મુરા સબ લફટનેનટ અને ૧૮૦૬ માં નેપલસનો પાદશાહ. એ પરમાણે જેવો બળવામાંથી વધી ગયા હતા ને સઘળાની તસવીરો આ ઠેકાંણે જોવામાં આવેછે.

એવું જણાવીઆમાં આવીઉંછે કે જો આ મેહેલમાનાં દરએક ચીતારનો અભીઆસ કરવાને વાસતે પંદર પંદર મીનીટ કોઈ શખ્સ ઉભો રેહેતો, આખા મેહલ મધેનાં સઘળા ચીતારો જોતાં તેને કેટલાંએક અઠ વાડીઆં થાએ. આ મેહેલની અંદર પાદશાહાને વાસતે એક નાંહનું દેવળ બનાવેલુંછે, તે પણ ઘણુંજ સારી રીતે સણગારેલુંછે. એ મેહેલની એક બાજુએ નાંટકને સારૂ એક મોટો ઓરડોછે, તેની લંબાઈ ૧૪૪ ફુટ ત થા પોહોળાઈ ૬૦ ફુટ અને ઉંચાઈ ૫૦ ફુટછે. હીંઆં બેસવાની જે જગા કીધેલીછે તે ઘણીજ સારી રીતે સણગારીઆમાં આવીછે, અને તાંહાં આરસી તથા ઝુમરની કસી ખુટ દીસતી નથી. બારીની અને દીવાલની ઝાલરોની કોર સોનેરી કસબનીછે. વચે વચમાં એક જગા કે જે ઘણી સારી રીતે સણગારીઆમાં આવીછે, તે પાદશાહાને વાસતેછે, અને તેની આસપાસની કુરસીઓ બાહેરનાં મુલકનાં એલચીઓને વાસતે રાખેલીછે. જરે હીંઆં કોઈ મોટો નાંટક અથવા ગાએણનો નાંચ થાએછે તારે ચાલીસ હજાર રૂપીઆનો ખરચ થાએછે. આ ઓરડો ઘણી વેળાએ મોટું ખાંણુ આપવાનું હોએછે તારે પણ કાંમમાં આવેછે. એવાં કાંમમાં એ જગા પેહેલાં જરે ૧૬ મા લુઈ પરણીઓ હતો તારે આવી હતી અને ૧૮૫૫ માં આપણી રાંણી નેપોલીઅનની મુ



The Grand Palace Versailles.

વારસેલનો ફુંવારા સાથેનો બાગ.

(૪૬)

લાકાતને વાસતે પારીસ ખાતે ગઈ હતી, તારે તે નામદારને તે શાંહનશાહે અતરે ખાંણુ આપીહું હતું. એ વેળાએ જે ભાગને "પીટ" કરી કેહેછે તેને અને રમત કરનારાઓની જગાનો ભાગ એક સપાટ કરી નાંખી એા હતો, અને ચારશેા મેનજાંનો તાંહાં ખાંણુ ખાવાને બેઠા હતા, અને તે વખતે ૪૨ ઝુમરો સલગાવીઆ માં આવીઆ હતાં. આ મેહેલમાં એક ઓરડો ૨૪૨ ફુટ લાંબો, ૩૫ ફુટ પેાહેલો અને ૪૩ ફુટ ઉંચેાછે, અને તે માં કોઈ મોટા કારણુસર નાંચ આપીઆમાં આવેછે, તેનાં જેવા સણગારેલા ઓરડા દુનીઆમાંમાં થેાડાજ જાંણી આમાં આવીઆછે. એ ઓરડામાં ઘણીજ ઉંચી કારીગરીથી બનાવેલી મેહેરાબની ૧૭ બારીઓછે અને એ બારીની સામે દીવાલમાં આરસીનાં તકતા જડેલાછે, અને આખા ઓરડામાં રાતા સંગેમરમરના ૬૦ થાંભલા છે, કે જેનાં મથાળાં અને તળીઆંનાં ભાગ ઉપર સોનેરી પેાર ચહડાવેલેાછે. આપણી નામદાર રાંણીને મેપેાલી અને અતરે નાંચ આપીએા હતેા, તે વેળાએ દાદર તથા બારીઓ, દીવાલ અને થાંભલાં ઉપર ઘણાંજ ઉમદા અને નવાઈ સરીખાં ફુલેાના હાર લટકાવીઆ હતા, અને તેથી તે ઓરડેા એવેાતેા સેાભી રહેએા હતેા, કે તે વખ તે જેઓએ તે દેખાવ નજરે જોયેા હતેા તેઓ પેાતાની કલમથી તેનેા ખરેા ચીતાર આપી શકીઆ નથી. આ મેહેલમાં ફરનારાનાં જોવામાં બે અચરત સરખી કળાનાં ઘડીઆલ આવેછે. એકની ઉપર ફરાનસનાં ૧૪ માં લુઈની તસવીરછે, અને જારે તેની ઉપર ઘડી વાગેછે, તારે અંદરથી ગાએણુનેા સુર પણ નીકલેછે. બીજું ઘડીઆલ એથી પણ કીમતીછે. તેમાંથી આપણને મહીનેા, તારીખ, વાર, ચંદરમાની ચલણ, પુરથવીનું ફરવું, અને ગરેહની ચાલ પણ માલુમ પડેછે. શારલામેન પાદશાહા જે તાજ પેહરતેા હતેા, તેનેા સેાનેરી પેાર સાથેનેા એક નકસેા એક ઓરડામાંછે. એ ઉપરાંત આ મેહેલમાં બીજી બેહદ ચીજો જોવાનીછે. આગ ળા પાદશાહઓ જે ટોલીઆ ઉપર સુતા હતા, જે કુરસીઓ ઉપર બેસતા હતા, જે ટેબલેા ઉપર લખતા હ તા, તે સઘળી જેમ તેઓનાં વખતમાં હતી, તેમજ હજુર સુધી રેહવા દીધીછે, અને તે કીમતી ચીજોને સંભા લી રાખવામાં ઘણીજ મેહેનત લીધી હેાએ એવું ખુલ્લી રીતે દીસેછે. હમણા જારે શાંહનશાહ તથા તેનું કુટં બ તાંહાં જાએછે, તારે તેઓનાં ઉપીઓગને વાસતે જે સામાંનછે, તે પણ પાદશાહી દમદમા લાએકનેાછે. કેા ઈની દાગીના ભારી કીમત વગરનેા છેજ નહી, અને જાંહાં જોશેા તાંહાં સેાનેરી રંગ જોશેા.

વારસેલનાં મેહેલની આસપાસનાં બાગ વીશે એવું જણાવીઆમાં આવીઉંછે કે, દુનીઆનાં સઉ થી સારા બાગેા માંહેનેા આ એક બાગછે. પારીસનાં બીજા બાગેા સાથે સરખાવતાં એ બાગ ઘણેાજ સરસ થેાડેછે. એ બાગમાં જારે આપણે જઈએ, તારે એક તરફથી તાંહાંનાં તરેહવાર ઝાડેા અને ફુળેા, તથા ફુલેા અ ને બીજી તરફથી ડેકાંણે ડેકાંણે કરેલા હેાજે અને તેમાં ઉડતા બુલંદ ફુંવારા, તથા થાને થાન મેલેલા સેાઈલતાં અને ઉંચી કારીગરીનાં વાસણ તથા પુતળાં જોઈને કહેએા બાગ વધારે પસંદ કરીએ, તેનાં વીચારમાં આ પણે પડીએછે. પણ એ સઘળાંની મેલવણીથી આ બગીચેા એવેાતેા રળીઆંમણેા તથા શેાહામણેા લાગેછે કે, જેઓ વારસેલનેા મેહેલ જોવા જાએછે, તેઓ કેટલાએક વખત તે બગીચામાં કાહાડવાને સારૂ અંદરનેા કીમ તી ખજાંનેા ઉતાવલેથી જુએછે. કેટલાએક લેાકેા એક દાહાડેા મેહલ જોવામાં રેકેછે, અને બાગમાં ફરવાનું બીજા દાહાડા ઉપર રાખેછે.

બાગમાં દાખલ થતાંને વાર કાંસાનાં ચાર મેાટાં પુતળાં આપણને દેખાએછે અને તેમની આસપાસ સંગેમરમરમાં કેાતરી કાહડેલાં ચીતારેા સાથે સણગારેલાં બે મેાટાં સેાભઈતાં વાસણછે. તારપછી બે હેાજ આપણે જોઈએછે કે જેનાં કીનારા ઉપર ૨૪ પુતળાંની હારછે અને તે હેાજની વચેવચમાંથી રેાપલીનાં આ કારનાં ફુંવારા ઉડેછે. મેહેલની બરાબર સામે જે અગાસી બાંધેલીછે, તેને બંધે છેડે પાંણીનાં ફુંવારા મુકવામાં આવીઆછે, અને એ ફુંવારાની આસપાસ જુદાં જુદાં જાંનવરેાના પુતળાં મેલેલાંછે. એ જગેથી જરાક આ ગળ ચાલીઆ કે સંગેમરમરનાં પથરથી બાંધેલી બીજી બે હેાજ જોઈએછે અને એ હેાજેની વચમાની જગામાં ચેા

વીસ મોટાં સોભઈતા વાસણોછે. તારપછી બાગ મધેનાં એક ભાગને "આરેનજરી" કરીને નામ આપેલુંછે તે દીડામાં આવેછે, તાંહાં નારંગીના ઝાહોની હાર લગાડેલીછે, તેનો દેખાવ ઘણોજ ખુશનુમાં લાગેછે. એ બાગ એક ટેકડી ઉપર રચવામાં આવીએાછે, તેની ઉપર ચહડવાને સારૂ બંધે બાજુથી ૧૦૩ ફાંડીઆની સી હીડી મુકેલીછે. અંદર દાખલ થવાનું જે બારણુંછે તે પથરનુછે અને તેની ઉપર ઘણી સારી નકસી પાડેલી છે. એ જગેા ઉપર કાચનાં ગરંમ ઘરેા બાંધેલાંછે તેમાં શીઆલાની રૂતમાં નારંગી તથા દાડંમના જાહાડેા રા ખીઆમાં આવેછે, કે જેથી તે ફળેા તે મેાહસમમાં પણ મળેછે. હીંઆંનાં નારંગીનાં ઝાડ મધેનું એક ઝા ડ ફરાનસનાં પાદશાહ મેહેલા ફરાંસીસનાં વખતનું, એટલેજે ૪૩૬ વરસનું પુરાંણુંછે, અને તે હજુર સુધી ફ ળ આપેછે. તેની ડાંખરીએાને સીધી રાખવાને વાસતે ટેકા આપેલાછે. આ "આરેનજરી" ના છેડાની બા જુએ જે જગા આવેલીછે, તાંહાં ફુલેાનાં બાગ કીધાછે અને તેની વચેાવચમાં વળી ફુંઆરાછે. તાંહાંથી આગ ળ ચાલીઆ કે વળી ફુલેાનાં બાગ જોવામાં આવેછે અને તેની વચમા બે ફુંઆરાછે, તે એક પડાનાં આકાર માં ઉઠેછે. વલી એક મેાટેા ફુંઆરેાછે તેમાં પડા રેાકા આકારમાં ચાર બીજા ફુંઆરા ઉઠેછે, અને તેમની આસપાસ તરેહવાર પુતળાં મેલેલાંછે. એ ફુંઆરાની આસપાસ જે ઝાડેાછે, તેની અંદર સંગેમરમરનાં આ ઠ પુતળાંછે. વલી જરાક આગળ ચાલીઆ, કે સંગેમરમરના બાંધેલા બે ફુંઆરાછે, અને તેએાની વચે "ઈઉ" જાતનાં ઝાહેા રેાપેલાંછે, અને તેમની આસપાસ બચાંએાની ટેાલીનાં આઠ પુતળાંછે. વળી એક બીજો ભાગ છે કે જેની આસપાસ ઝાડીએા કાપીને રેાનકદાર બનાવીછે, તાંહાં બાવીસ પુતળાં ગેાઠવેલાંછે. હીંઆંથી ની કલીઆ પછી એક બીજો ફુંઆરેાછે, તેમાં પડતી પાંણીની ધાર ચાર માંછલી અને ચાર હાંસનાં પુતળાંનાં મેાહા ડાંમાંથી નીકલેછે. એક ફુંઆરેાછે તેહમાં પાંખ સાથેનાં સાંફનાં મેાહેાડામાંથી પાંણી ઉઠેછે, તેની ધાર ઘણીજ ઉંચી જાએછે. પણ જે ફુંઆરેા "બેસીન ડી. નેપચીઉન" એ નામથી ઓલખાએછે, તે સઉથી સરસ ગ ણાએછે. એ ફુંઆરાની આસપાસ પુતળાંનાં પાંચ ટેાલાંછે, અને તે સઘળાની અંદરથી પાંણી ઉઠેછે. વચે વચમાં બે મેાટા સરપેાના મેાહડાંમાંથી જે પાંણી ઉઠેછે, તે ઘણુંજ ઉંચે જાએછે. એ ફુંવારાની આસપાસ જે સેાભઈતા વાસણેાછે તેમાંથી પણ પાંણી ઉઠેછે. હીંઆંથી નીકલીઆ પછે એક ગેાળ આકારનેા બાગ જે ઇએછે, તેને ફરતાં "ઈઉ" ના ઝાહેા રેાપેલાંછે અને તે ઝાહેાની વચે પુતળાંની હાર ગેાઠવેલીછે, તારપછી સીહી ડી ઉપર ચહડી એક અગાસી ઉપર જઇએછે, તાંહાં સંગેમરમરનાં પથરનું એક ઘણુંજ કીમતી સેાભઈતું વાસણ છે, અને દર સીહડીએ પણ વાસણેા મેલેલાંછે. તાંહાંથી નીકલીઆ કે વળી એક ઘણેાજ ખુશનુમાં ફુંઆરેા આવેછે, તેમાં પડા રેાકા આકારનાં પાંચ ફુંઆરા એક એક ઉપર ઉઠેછે, અને તેની આસપાસ દેડકા તથા કા ચબાનાં પુતળાંછે, તેએાનાં મેાહેાડાંમાંથી જે ધાર નીકલેછે, તે મેહરાબનાં આકારમાં થઈને ઉઠેછે, અને તે ફું આરાને બે છેડેથી પાંણીની ધાર ઉડતી કરેલીછે, તે ધાર ઉંચાઈમાં ૩૦ ફુટ સુધી જાએછે, તેથી આ ફુંઆરા નેા દેખાવ ઘણેાજ સારેા લાગેછે. તારપછી બાગનેા જે ભાગ આવેછે, તાંહાં સંગેમરમરનાં બાર પુતળાં અને બાર વાસણેાછે. તે મેલીઆ પછી વળી એક મેાટેા ફુંઆરેા આવેછે કે જે "બેસીન. ડી. નેપચીઉન" નાં ક રતાં જરાકજ નાંધલેાછે. એની અંદર એક પુતળુંછે તેમાં ચાર ઘેાડાની ગાડીમાં સવાર થાએલેા ઉગતેા દીવસ પાડેલેાછે, અને તેની આસપાસ મેાટાં જાનવરેાનું ટેાલું પાડેલુંછે. ગરમીની રૂતમાં જેએાનેા શેાખ હેાએ, તે એાને બેાટમાં ફરવાને બની આવે તેને વાસતે ૧૮૬ ફુટ પેાહેાલી અને ૪૬૭૪ ફુટ લાંબી પાંણીની એક નહે ર બનાંવેલીછે. તારપછી મેહેલ તરફ પાછા ફરતાં એક ફરતેા બાગ બનાવેલેા આપણા જોવામાં આવેછે, અને તેની આસપાસ સંગેમરમરનાં ૩૨ થાંબા ઉભા કીધેલાછે. દરએક થાંભાં મેહરાબથી જોડેલાછે, અને તે મેહરા બેાની ઉપર કીમતી વાસણેા મેલેલાંછે, અને દરએક મેહરાબની વચમાં પાંણીનાં ફુંઆરા કીધેલાછે, અને તે બાગની વચેાવચમાં એક મેાટું પુતળું મેલેલુંછે. આ જગા છેાડીઆ પછી બે ફુંઆરાછે તેમાં વસંત રૂતુ અને

હુંનાલેા બતાવનારાં બે પુતળાંછે. વસંત રૂતુનાં પુતળાંમાં એક એારત પાહેલીછે અને તેની આસપાસ ફુલેાની ટેાપલી જથાબંધ પડેલીછે, અને છેાકરાંએા માંથામાં તથા ગલાંમાં ફુલેાનાં હાર નાંખી ઉભેલાંછે. બીજા પુતળાંમા એક એારત ગહુંનાં ખેતરમાં હાથમાં દાતરડું લેઈને ઉભેલીછે અને તેણીની આસપાસ બાળકેા ઉભેલા છે. તારપછી એક ફુંઆરેા આવેછે કે જેની વચેવચમાંની ધાર ૭૦ ફુટ ઉંચે ઉઠેછે. હીંઆંથી નીકલીઆ પ છી જે બીજો ફુંઆરેા આવેછે, તે વળી બીજી તરેહનેાછે. તેની આસપાસ ઝાડેા રેાપેલાંછે, અને તેની વ ચમાં ખડક બાંધેલાંછે. એક આદમી એ ખડક ઉખેડી નાંખવાની કેાશેસ કરતેા હેાએ તેવું પુતળું પાડીઉંછે, અને તેનાં મેાહેાડાંમાંથી જે પાંણીની ધાર ઉઠેછે તે ૬૦ ફુટ ઉંચે જાએછે. તે આદમીનાં હાથમાંથી તથા ખ ડકનાં જુદા જુદા ભાગમાંથી પણ પાંણીની ધારેા ઉઠેછે. એક બીજે ઠેકાંણે પણ ઝાડેાનાં બાગની અંદર ખ ડક બનાંવેલેાછે, અને તે ખડકમાંથી નીકલતાં પાંણીથી તેની નીચે એક નેહર થઈછે. એવું જણાવીઆ માં આવીઉંછે કે જે દીને એ સઘળા ફુંઆરા ચલાવીઆમાં આવેછે તે દીને તેનાં ઉપર લગભગ પાંચ હજા ર રૂપીઆનેા ખરચ થાએછે. ઉપલા ફુંઆરાએાની ખુબસુરતી વીશે જેટલા વીશેસણેા લગાડી બેાલીએ તે પુ રતાં નથી. ફકત નજરે જોયાથીજ તેમની ખુબી સમજ પડેછે. વારસેલનાં બાગનું બયાંન કરવા બેસીએતેા બાગ, બાગ અને બાગ; ફુલ, ફુલ અને ફુલ; ફુંઆરા ફુંઆરા, અને ફુંઆરા; પુતળાં પુતળાં અને પુતળાં, એ બેાલેા એટલા આવેછે કે તેનેા થાગ નથી.

વારસેલનાં મેહેલને લગતેા તપેલેાછે તાંહાં શાંહનશાહની મેાટી ગાડીએા આપણાં જોવામાં આવેછે. એ ગાડીએાની ઉપર તમાંમ સેાનેરી ઘેારછે અને જાણે આખી સેાનાંની બનાવેલી હેાએ તેવી નજર આવેછે. શાંહનશાહ પેાતે પરણીએા હતેા, તારે જે ગાડી બનાંવીઆમાં આવી હતી તે ખચીત ઘણીજ સુંદરછે, અને તેની કીમત એક લાખ રૂપીઆની જણાવીઆમાં આવીછે.

Smt. HANSABA GAEKWAD MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA LIBRARY

પ્રકરણ ૭ મું.

સંગરહસથાંનો—પુસ્તકખાંનાં.

વીદીઆ, એલમ અને હુંનરમાં પારીસનુ અગતપણુ—દર વરસની મોહસ્તમના સંગરહસથાંનો—દર પંદર વરસનુ મોટું સંગરહ સથાંન—જુનાં લુવરનો મેહલ તથા સંગરહસથાંન—"જરડે ડ પલાં" નો બાગાએત તથા જરાએત બાગ—એ બાગને લગતું કીમતી સંગરહસથાંન તથા જંનવરોનો સંગરહ—વીદીઆ તથા એલમનો ફેલાવો કરનારી મંડળીઓ—પુસ્તક ખાંનાં—"બાઇબલીઓથકે ઇનપીરીઅલ" પુસ્તકખાંનાનો હેવાલ.

પારીસ જેમ પોતાનાં મેહેલો, બાગો, દેવળો અને તરેહવાર ગમતોનાં કારખાંનાંઓમાં સરસછે, તેમ વીદીઆ તથા હુંનરની બાબદમાં ઇઉરોપનાં બીજાં શેહેરો કરતાં કોઇબી રીતે ઉતરતો દરજ્જો ધરાવતું નથી. આ શેહેરે મોટા વીદીઆવાંનોને જનમ આપીએોછે, અને વીદીઆ તથા હુંનરને લગતી ઘણીએક સોધનું માંન તેને ઘટેછે. હીંઆંનાં પુસતકખાંનાં અને સંગરહસથાંનો તથા વીદીઆ અને એલમનો ફેલાવો કરનારી મંડળીઓ ઇઉરોપ ખંડમાં પેહલે વાંધેનો દરજ્જો ધરાવેછે. મેહેલોનું બયાંન જે આગળ કીધામાં અર ઘણોજ તે ઉપરથી દીકામાં આવીઉં હશે, કે દર એક મેહેલ એક સંગરહસથાંનછે. વળી તે સાથે પારીસમાં સઘળાં મલીને બીજાં ૨૯ જાહેર સંગરસથાંનોછે, તથા ૯ ખાંનગીછે, પણ લોકોનાં ફાએદાને સારૂ હુંગાડાંછે, તથા બીજાં ૬ છે, તે માલેકોની પરવાંનગીથી જોઈ શકાએછે, અને તેહમાં બારંન જેમસ રાથસચાઇલડનું (આઇલ પેનટી ગસ) રંગનાં ચીતારોનું સંગરહસથાંન ઘણુંજ કીમતીછે. ઉપલાં સંગરહસથાંનો અસલનાં તથા હાલનાં જમાં નાની કારીગરી તથા હુંનરની તથા સઘળી વીદીઆ તથા એલમને લગતી બાબદોની વસતુઓથી પુરછે, અને તાંહાં જાઈ તેઓની તપાસ કરીઆથી તથા જોયાથી આપણાં જ્ઞાનમાં ઘણોએક વધારો થાએછે.

વળી એવાં કીમતી અને જથુક ખાતાં હયાત છતાં, દર વરશે કેટલાંએક સંગરહસથાંનો તો વરસની મોહસંમ્ર સુધી હુંગાડીઆમાં આવેછે; એટલેજે, ગયાં વરસમાં હુંનર તથા કારીગરીની જે જે વસતુઓ બની હોએ તેમનો તથા દર એક મોહસંમ્રની કુદરતી ઉતપંતીની વસતુઓનો સંગરહ તે મોહસંમ્રમાં દેખાડીઆ માં આવેછે. વળી આ પુસતકનાં ઘણાએક વાંચનારાઓને ખબર હશે, કે સને ૧૮૫૪ નાં વરસમાં પારીસમાં આખી દુનીઆંનાં હુંનર અને ઉદ્યોગની વસતુઓનું એક મોટું સંગરહસથાંન હુંગાડીઆમાં આવીઉં હતું. જારે આ પુસતક લખનાંર પારીસમાં હતો, તારે એ સંગરહસથાંનની ઇમારત ખાલી હતી, તેથી તે વીશેનુ બયાંન આ જગાએ આપી શકાતું નથી તથા એવાં સંગરહસથાંનથી દુનીઆંને કેવા અગણીત ફાએદા થાએ છે, તેનું વરણન ઇંગલંડનાં ભાગમાં કરીઆમાં આવશે, તેથી આ જગાએ વધારે બોલવાની અગત નથી. પણ જે ઓએ તે સંગરહસથાંન જોયુ હતું તેની તેઓ ઘણી તારીફ કરી ગયાછે. દુનીઆમાં ઉતપંત થાતી સઘળી વસતુ તથા સઘળા હુનર અને કારીગરીનો તાંહાં એક ઘણોજ કીમતી સંગરહ બનીએો હતો. આ મોટું સં ગરહસથાંન પારીસમાં દર પંદર વરસે હુંગાડીઆમાં આવશે.

પારીસમાં સઉથી સરસ સંગરહસથાંન હાલમાં જુનાં લુવરનું ગણાંએછે. જુનાં લુવરનો મેહેલ જેનુ એક ભોએતલીયું અને બે માલછે, તે નદીનાં માંથા ઉપર આવેલોછે, અને તેનો બાહેરનો દેખા

વ ઘણોજ સુંદરછે. એ ઇમારતનો પેહેલો પાયો સને ૧૫૨૮ ના વરસમાં નખાયો હતો, પણ ઘણીએક અ ડચણોને લીધે તેનું બાંધકાંમ લાંબી મુદત સુધી પુરૂં નહી થયું હતું. સને ૧૮૦૨ ના સાલમાં છાપરાં શીવા એ સઘળું કાંમ પુરૂં થયું હતું. નેપોલીઅન બોનાપારટે એ મેહેલ તમામ કરાવીએો. નવમાં ચારલસે, તરીજા તથા ચોથા હેનરીએ, તથા તેરમાં તથા પંદરમાં લુઇએ, આ મેહેલમાં પોતાનું રેહેવાનું મથક કીધું હ તું, પણ હાલમાં માતર રાજકારોબારનાં કોઇ મોટા કાંમસરજ તેને વાપરીઆમાં આવેછે, અને તેનો ઘણો ખ રો ભાગ અસલનાં જમાનાની તથા નામીચી કારીગરીની વસતુઓનાં સંગરહથી રોકવામાં આવીએોછે. એ મે હેલનાં આગળા ભાગની લંબાઇ ૫૨૫ ફુટછે અને ઉંચાઇ ૮૫ ફુટછે. વચેવચમાનાં ઓરડાની પોહોલાઇ ૮૮ ફુટછે. એ મેહેલની ઉગમણુ તરફની બાજુનાં બાહેરનાં દેખાવની ઘણી તારીફ થાએછે. અઠાવીસ બેવડા થાંબાની ઉપર એક ઘણીજ ખુબશુરત ગીએાલરી કાહાડેલીછે. લોંએતલીએ અંદર દાખલ થયા પછી નદીની બીજી બાજુ સુધી જે ઓરડાઓ આવેલાછે, તેની ઉપરની સીલીંગ ઘણીજ તારીફ લાએકછે. દરએક ઓરડાની સીલીંગ ઉપર જુદી જુદી મતલબનાં સુંદર ચીતારો પાડેલાછે, તે જોઈ આપણા જીવને ઘણોજ આનંદ ઉપજે છે. એક ઓરડાની સીલીંગ ઉપર આકાસી આતશની મદદથી "પરોમીથીઉસ" † આદમીને પરાંણ બખ્શ તો હોએ તેવો ચીતાર આપેલોછે. બીજા ઓરડાની સીલીંગની ઉપર જસટીનીએન, રોમના મુલકને ધારા આપતો હોએ, એવી રીતે પાડેલોછે. તરીજા ઓરડા ઉપર અસલનાં યુનાંનીઓનાં ઘણુએક બુતપરસતી ચી તારોછે. ચોથામાં ફ્રેંચહેની નીશાંન દાખલ "મીનરવાએ" આલીવનાં ઝાડની દાંખલી પકડેલીછે. પાંચમામાં રોમની અસલી તવારીખનાં કેટલાએક બનાવોનો ચીતાર આપીએોછે. છઠામાં ડાહપણ અને નેકીની મતલ બ જાહેર કરનારા ચીતારો ઘણીજ ચંચલાઇથી પાડેલાં દીશેછે. આ સઘળાં ચીતારો જોકે ઘણા વરસનાંછે તોપ ણ નવાં અથવા થોડુંએક થયું પાડેલાં હોએ તેવાં લાગેછે, તેમનો રંગ અને આકાર ઘણોજ ખુબસુરતછે, અ ને ફરાનસમાં જે સઉથી નામીચા કારીગરો થઈ ગયાછે તેઓનાં હાથની કારીગરીનાંછે. એ ઓરડાની દીવાલો તથા ભોંએને સંગેમરમરના પથરનો આકાર આપવામાં આવીએોછે. એ ઓરડાઓમાં અસલનાં વખતની ચીજોનો ભારી સંગરહછે, તેમાં ૨૪૦ આદમી તથા જાનવરોનાં પુતલાં, ૨૩૦ અરધાં પુતળાં, ૨૧૫ કો તર કાંમની વસતુઓ, ૨૩૫ નામીચી કારીગરીનાં સોભઈતા વાશણો; જુમલે ૯૨૦, પદારથોછે. એક બીજો મોટો ઓરડોછે તેની બંધે બાજુએ લાકડાંની કબટો ગોડવીઆમાં આવીછે, અને તે બધે કાંસાંની, ધાતુની ત થા બીજી ઘણી અસલી ચીજોનો સંગરહછે. એ ઓરડામાં ઘણાજ રોનકદાર, કીમતી અને ઉંચી કારીગરીનાં તરણુ વાશણોછે તેહમાં અગત કરીને વચે વચમાનું જે ઘણુંજ સુંદર ગણાએછે, તે બરલીન શેહેરમાં બનાવેલુંછે, અને પુરૂશીઆનાં બાદશાહે લુઇ ફીલીપને ભેટ આપીઉં હતું. એજ ઓરડાનાં એક ખુણા બધે કાચની એક પેટી માં કેટલાંએક હથીઆરો જોવામાં આવશે, તે નવાં લુવરનો મેહેલલો પાયો જારે નાંખીએો હતો, તારે કાં મે લગાડેલાં હતાં. આ જગેથી નીકલીને જે ઓરડામાં જઇએછે, તે ઓરડાની સીલીંગના તરણ ભાગ કરી તે માં વખાંણવા જોગ ચીતારો પાડેલાંછે. વચમાનું ચીતાર "જુપીટર" દરીઆની અને જમીનની પેદાસનાં ફા એદા બતાવતો હોએ એવી મતલબનું પાડેલુંછે, અને તેની આસપાસનાં ચીતારો લડાઇ તથા વેપારની મતલબ દેખાહેછે. એ ઓરડાની અંદર અસલ જમાનાની કારીગરીનાં મોલાએમ તથા "ટેપીસટરી" નાં ભરતનાં તથા કોરી તથા ચીની તથા હાથીદાંતનાં કાંમનાં નમુનાંછે. હીંમાં હાથીદાંતનો એક પરદોછે, અને તેનાં ૬૯ ભાગ કીધાછે, અને દર એક ભાગની અંદર બાઇબલમાં લખાએલા બનાવોનાં ચીતારોછે. આ જગાથી ની કલીઆ પછી "પોરટરેટ ગીએાલરી" અથવા સબીઓનાં ઓરડામાં જઇએછે.

† યુનાંની લોકોમાં એવી કાહણીછે કે, આગળ દુનીઆમા આતસ હતો નહી, તેને "પરોમીથીઉસ" નાંમનાં દેવે બે હસતમાંથી ચોરી લાવીને આ પુરથવીમાં આપીઓ હતો.

હાલનાં વખતમાં કંતતાંતનાં કપડાં ઉપર પાડેલાં સઉથી નામીચાં ચીતારો લુવર મધેછે. એક ચીતાર એટલુંતો મોટું હતું કે તેની લંબાઈ આસરે ૩૦ ફુટ અને પોહોલાઈ ૨૫ ફુટ હશે. એ ચીતારોનો જમાવ ઘણું એારડાએામાં છે, પણ સઉથી મોટા એારડાની લંબાઈ ૧૩૨૨ ફુટછે, અને પોહોલાઈ ૪૨ ફુટછે. આ મોટા એારડામાં ઉજાસ પડવાને વાસતે સીલીંગની અંદર ડકાંણે ડેકાંણે કાચનાં છાપરાં કીધાંછે. એ એારડા મધેની દીવાલના તરંણ ફુટ સુધી ના નીચેનાં ભાગને સંગેમરમરનો રંગ આપેલાછે, અને તેનો બાકીનો ભાગ ચીતારોથી ઢકાયેછે. એ એારડા મધે સઘળા મળીને ૧૮૩૬ ચીતારોછે. દર એક ચીતારની પછવાડે હજારો રૂપીઆ બેડાછે, અને એક ચીતારતો સરકારે બે લાખ, છેતાલીસ હજાર રૂપીએ વેચાતું લઈ અતરે મેલેલુંછે. તવારીખમાં નોધાએલા ઘણુએક બનાવો આપણે વાંચીઆછે, તે સઘળા આપણને હીંઆં ઇચ્છાદ આવેછે. એ એારડામાં જે નામીચાં ચીતારોછે તેની નકલો લેવામાં ઘણુએક કારીગરો હનેસાં ગુંતેલા હોએછે, અને તેમાં કેટલીએક કુલવંત અસતરીએો પણ એ કાંમ કરેછે. એ સંગરહસથાંનનો એક ભાગ જેને " મીડ્ઝે ઈજીપશીઅંન " કરી કેહવામાં આવેછે તેમાં ફરેનચ લોકોએ મીસરમાંથી જે કાંઈ અસલની વસતુ શોધી કાહાડીછે તે મેલેલીછે. મીસર દેશની અસલનાં વખતની ઘર સંસારી અને તેવીજ બીજી નાંહતી ચીજોનો સારો અને પુરો સંગરહ જેવો હોએતેા, તે આ ઠે કાંણુ શીવાએ દુનીઆંનાં બીજા કોઈ ભાગમાં જોયામાં આવશે નહી. એ સંગરહમાં હવડાંજ થોડુ થયું બીજી હેવી પંદર હજાર વસતુએોનો વધારો કરીઆમાં આવીએાછે. ઘણીજ કીમતી અને નવાઈ સરીખી અસલ નાં વખતની મીસરની બરણીએો, આદમીએોનાં તથા બીજાં જનવરોનાં દવાથી બંચાવી રાખેલાં મુરદાં, અ સલી રંગીન ખડીઆ, તથા બીજો જેવા લાએક સામાન આ જગોએ આપણાં દીઠામાં આવેછે. તરેહવાર જાતનાં બી તથા કેટલીએક ઘોરમાંથી મલેલા રોટલીનાં કટકા પણ અતરે રાખેલાછે. કેટલીએક ઘણી બારી ક વસતુએોને સંભાળીને કાચની કબટમાં રાખેલીછે. ભાંત ભાંતનાં કપડાં, ગાએણ ગાવાનાં વજંનતરો, હાથ માં પકડવાની તથા લંગડા માંણશની બગલમાં રાખી ચાલવાની લાકડીએો, જોડા, બાલ હોરવા તથા સાફ રા ખવાનો સામાન, આરસી, સોએ, ચંમચા, તરાજુ કાટણા અને બીજે તેવોજ અસલ જમાનાંમાં મીસરમાં વપરાતો સામાન ઘણોજ મેહનતથી જમાવ કરી અતરે રાખેલોછે. આ જગા છોડીઆ પછી જે એારડામાં આપણને લઈ જવામાં આવેછે તાંહાં કબટોની અંદર હારેહોર ઉંચી કોરી તથા ચીની કાંમની વસતુએો મેલ વામાં આવીછે, તથા બીજી કેટલીએક અસલનાં જમાનાંની ચીજોછે. હીંઆં સંગેમરમરના જે થાંભાછે તેને મથાળેનાં અને નીચેનાં ભાગ ઉપર સોનાંનો વેાર ચહડાવેલોછે. તેનાં સીલીંગનાં આઠ ભાગ કરીઆમાં આ વીઆછે, અને તેમાનાં છ ભાગમાં પેરીકલીસ, આગસટસ, દસમો લીએો, પેહલો ફરાંસીસ અને દસમાં ચારલસની તસવીરોછે, અને તે તસવીરોની આસપાસ તેઓનાં વખતનાં નામીચા ગરંથકારોનાં નાંમ લખે લાંછે. વચેવચમાની સીલીંગમાં કીરતી અને નેકી બતલાવનારો ચીતારછે, અને તેની આસપાસ નામીચા ફરેનચ પરધાંનો તથા લસકરી સરદારો તથા ગરંથકારોનાં નાંમ જોવામાં આવેછે. આઠમાં ભાગમાં સચાઈ, ડાહપણ અને વખત બતલાવનારા ચીતારોછે. નવમાં ભાગમાં ફતેહનો એક આકાર પાડી તેને બે આતશી ઘોડાની ગાડીમાં બેસાડીએોછે, અને તે ગાડી કાએદાસર હાંકવાને વાસતે "ફતેહ" તાં હાથમાં "સુલેહ" લ ગાંમ આપેછે. એ સઘળા ચીતારોમાં ઘણી મતલબછે તે નજરે જોયાથીજ સહજમજ પડેછે. એ જોયા પ છી બીજા ચાર એારડા આવેછે, તેમાં ઈઉનાન તથા ઈટાલી દેશના દખણ ભાગનાં તથા એટરૂરીઆમાં અ સલનાં જમાનાની જે વસતુએો મલી હતી, તેનો સંગરહછે. એમાનાં કેટલાએક સોભઈતાં વાશણો ઘણાજ અસલ જમાનાનાંછે, તે ઉપર ધીઆંત આપતાં હજુ સુધી આખાં તથા ઘણી સારી હાલતમાંછે, તે જોવાથી ખરેખર અચરતી ઉપજેછે. હેરકુલેનીઅંમ તથા પાંમપીઆઈ નાંમનાં બે શેહેરો જે અસલના વખતમાં ધર થી કેપથી ગરક ગયાં હતાં તે શેહેરો પાછળથી બોદી કાહડવામાં આવીઆં હતાં, તારે તેમાંથી જે વસતુએો

મલી હતી, તેહેમાંની ઘણીએક હીંઆંછે. ઉપલાં બે શેહેરોમાં રાંધવાનાં કાંમમાં જે હથીઆરો આવતાં હતાં, તે પણ હીંઆંછે. આ જગેથી નીકળીઆ પછી જે પાંચ એારડાએો આવેછે, તેમાં ફરાનસનાં કેટલાએક પા દશાહાએોની તસવીરોછે. એક એારડાની વચે વચમાં એોક જાતના લાકડાંની એક મોટી કબટછે, તેની અં દર તેરમાં તથા ચઉદમાં લુઈ, બીજા ફરાંસીસ તથા બીજા તથા ચોથા હેનરીએ જે બખતરો પેહરીઆં હતાં તે મેલેલાંછે. તેની પડોસનાં એારડામાં એવીજ એક બીજી કબટછે, અને તેમાં પણ નવમાં ચારલસ, પેહલા ફરાંસીસ અને બીજા તથા તરીજા હેનરીનાં બખતરોછે. એ એારડામાં ઘણીજ સારી કારીગરીનો એક ટોલી ઓછે, કે જેની ઉપર ચોથો હેનરી સુતો હતો, અને એજ પાદશાહ જારે બાળક હતો તે વખતનાં આકારનું તેનું રૂપાંનું પુતળું એ ટોલીઆ ઉપર હવડાં જોવામાં આવેછે. આ એારડાનાં સીલીંગનું કોતરકાંમ ઘણુજ બા રીકછે. બીજા એારડાની અંદર એક કબટછે તેમાં ઘણીએક કીમતી અને પુરાંણી વસતુઓછે અને તેમાં એક ગ્રુમર અને આરસી, કે જેમાં કીમતી હીરા જડેલાછે, અને જે વસતુઓ વેનીસની સરકારે " મેરી ડી મેડીસી" ને ભેટ દાખલ આપી હતી, તે પણ અતરે જોવામાં આવેછે. એજ કબટમાં આગળા પાદશાહોની બંદગી કરવાની કેતાબોછે અને તેમાં ઇસવી સને ૭૮૦ નાં સાલની શારલામેનની બંદગી કરવાનું પુસતક પ ણછે. બારીની આગળ લખવાની બે ટેબલોછે, તેમાંની એક અઢારમાં લુઈની અને બીજા લુઈ ફીલીપની હ તી. આ પાછલી ટેબલની ઉપર ૧૮૪૮ નાં સાલનાં બલવાખોરોનાં હાથની નીશાંનો દેખાએછે. પાંચમાં એારડામાં નેપોલીઅન બોનાપારટની સબધી નીશાંનોછે. એ એારડાની સીલીંગ ઉપર નેપોલીઅનનું નાંમ લ ખેલુંછે, અને તેનાં રાજમાં વીદીઆ અને હુંનરનો જે વધારો થયો હતો, તેની મતલબ જાહેર કરનારા ચી તારોછે અને તેની દીવાલ ઉપર ઉદીઓગની નીશાંત દાખલ મધમાંખીઓનાં ચીતારો પાહેલાંછે. મોટી દરબાર હોએ તે વખતે નેપોલીઅનનો પેહરવાનો પોશાક, તથા તેનાં ઘોડા ઉપરની જીન અને લગામ, તથા તલવાર, અને મારેનગોની લડાઈને વખતે પેહરેલો ડગલો, તથા એ શાંહનશાહ જહરે પેહલો કાનસલ હતો તારે તેનાં કાંમમાં આવતી તલવાર તથા ૧૮૧૪ ની લડાઈમાં તથા સેંટ હેલીનામાં જે ટોપીએો તે પેહરતો હતો તથા મરવાનાં બીછાનાં ઉપર પોતાનાં હાથમાં જે રૂમાલ તેણે રાખીએો હતો, તે વગરે એ સુરા પેહેલવાન અને મો ટા શાહનશાહની ઈચ્છાદગારી દાખલની બીજી ઘણી વસતુએો આ એારડામાં જોવામાં આવેછે, અને તે ઉપર ન જર કરીઆથી નેપોલીઅનની મોહટાઈ જાણનારનુ હઈડું ભરાઈ આવીઆ વીનાં રેહેતું નથી. આ મેહેલની ઓતર દશાનાં બીજા માળ ઉપર ૧૧ એારડાની એક હારછે, તે મધે જે સાંમાંનછે તે ખરેખર જોવા જોગછે. તાંહાં નામીચા અને વખણએલાં વાંહાંણોના નમુનાછે. એક એારડામાં કાચની કબટમાં જે સાંચાથી મીસ રદેશ મધેના મીનારો લાવી, પલાસ ડી લા કાંનકારડ નાં ચોકમાં મેલીએોછે, તેનો નમુનો જોવામાં આવેછે. લફટેનેનટ બેલો, જે સર જાંન ફરાંનકલીનની શોધમાં મરણ પાંમીઓ હતો, તે દેલાવર જીવાંનની ઈચ્છાદગારી ને વાસતે ફરાનસમાં રેહનારા ઈંગરેજોએ આ એારડામાં દીવાલની ઉપર નોંધ તરીકે કેટલુંએક વરણુન કરેલુંછે. વાંહાંણોનાં નમુનાં સાથે, હીંઆં, દરીઆની મુસાફરીનાં કાંમમાં વાંહાંણ ઉપર ઉપીઓગનાં જુદાં જુદાં હથી આરો તથા બાફના સાંચાનાં નમુનાં પણછે. આ જગો છોડીઆ પછે જે તરણ એારડા આવેછે તેમાંનાં પેહ લામાં ચીની કાંમની ઘણીએક જોવા લાએક જીનસો તથા એશીઆ ખંડનાં વચમાંનાં ભાગનાં મુલકોમા જે હ થીઆરો વાપરતા હતા તથા વાપરેછે, તેમાંનાં ઘણાંએક નંગો જોવામાં આવેછે. બીજા એારડામાં ચીનાંઈ ઝું ક તથા બોટોનાં નમુનાંછે. તરીજા એારડામાં દખણ મોહાસમુદ્રનાં ટાપુનાં રેહવાસીઓ જે હથીઆર વાપરે છે તથા જે જીનશો પેહેરેછે તેમાંનાં ઘણાંએક જોવા લાએક નમુનાંછે. એ એારડાની વચમાં હીંદુઓનાં જગ રનાથનાં નાંમીચાં દેહેડાંનો નમુનોછે. એ જોઈ રહેઆ પછી તરણ એારડામાં એસીરીઆના મુલકમાંથી કે ટલીએક તખતીઓને ફરેનચ કાંનસલ એલબોટાએ પારીસ મોકલાવી હતી, તે મેલેલી આપણ જોવામાં આવે

છે. એ ઓરડાની પહોસમાં એક મોટો ઓરડોછે તેમાં મીસરનાં અસલનાં વખતનાં ઘણુંજ કદાવર પુતળાં છે. જોકે એ પુતળાં આજ તરંણ હજાર વરસ થયા પુરાંણુંછે તો પણ તેમની ઉપરનો રંગ જાંણે તરત નોજ હોયે એવું દેખાયેછે અને તેથી જોનારને કેટલીએક અચરતી ઉપજેછે. એ ઉપરાંત બીજા આસરે પચાસ ઓરડા હશે તેમાં જુદા જુદા દેશની જોવા લાયેક વસતુઓછે.

લુવર એક મોટું સંગરહસથાંન બનેલુંછે અને તેમાં જેટલું જોવાનુંછે તે ઉપર વીચાર કરતાં ઉપલું બ યાંન ઘણુંજ થોડુંછે. હરકોઈ મુસાફર એક દીવસમાં આ સંગરહસથાંન સઘળું જોઈ શકતો નથી, તેથી તે ને તાંહાં તરણ અથવા ચાર વખત જવું પડેછે, અને તે વેળાએ પણ ઉતાવલેથી ફરી જવું જોઈએછે. દરએક ચીજ છુટું વરણુન કરવા જોગછે, પણ તેમ આ પુસતકમાં બની શકતું નથી. એટલુંજ કેહેવું બસછે કે, એ મોટાં સંગરહમાં એકભી વસતુ એવી નથી, કે જે જોવાલાએક નહી હોયે, અથવા જે જોઈને આપણને કેટ લીએક અચરતી તથા ખુશી નહી ઉપજે. જે પારીસ ખાતે જાયે અને લુવરનો મેહેલ જોવાની ગફલત કરે, તે મુસાફરીનાં કાંમને લાએકેનો નહી કેહવાયે.

વળી એક બીજું નાંમીચું સંગરહસથાંનછે, તે "જરડે ડ પલાં" નાંમનો એક બાગાએત તથા જરા એત બાગ, કે જે ઝાડ પાંનની વીદ્યીઆ સીખનારને ઘણેાજ અગતનો અને કીમતીછે, તેની સાથે જોડેલુંછે, તે બાગ તથા સંગરહસથાંનનું બયાંન નીચે આપીએછે.

એ સંગરહસથાંન ફરાનસનાં પાદશાહ તેરમાં લુઈએ રચીઉં હતું, અને તેહમાં સઘળી જાતનો સંગ રહ કરવાને તે દેશનાં મોટા મોટા વીદવાંનોએ મદદ કીધી હતી. ઈસવી સને ૧૭૩૯ માં વખણાએલા ફી લસુફ "જુસ્યુ" ને એ સંગરહસથાંનનો ઉપરી કેરવીઆમાં આવીએા હતો તેણે તાંહાંનાં બાગને સુધારવાને ઘણી મેહેનત લીધી હતી. તેની સાથે સાંમેલ થાઈ બીજા વીદીઆરથીઓએ એ સંગરહસથાંનનાં બીજા ભાગો ઉપ ર ઘણુજ ધીઆંન આપીઉં, પણ પછવાડેથી જેવારે ૧૭૮૯ માં ફરાનસ દેશમાં મોટો બળવો ઉઠીએા, તે વખતે જોકે મદરેસાએા અને બીજાં વીદીઆ હુનરનાં ખાતાંઓની મીસાલે એ સંગરહસથાંનનો તદન નાંસ થા યેા નોહતો, તોપણ તે ઘણીજ પડતી હાલતમાં આવી પડીઉં હતું અને તે હાલતમાં છેક બોનાપારટનાં વ ખત શુધી રહીઉં. એ શાંહનશાહે તેને પાછું સુધારવાની કોશેસ કીધી હતી અને તેવાર પછી તે સારી અવ સથામાં રહેલુંછે, અને તેનો ખરચ સરકાર પુરો પાડેછે તથા એ ખાતાં ઉપર એક પરધાંનની સતા ચાલેછે.

એ સંગરહસથાંનનાં પાંચ ભાગ કીધેલાછે. પેહલા ભાગમાં ઝાડ પાંનનો મોટો ભાગછે, અને તેમાં ગરમ દેશનાં રોપા ઉગાડવા સારૂ જુદી જુદી જગાએા બાંધીને તાંહાં બાફની મદદથી જરૂરની ગરમી કાએમ રા ખવામાં આવેછે. બીજા ભાગમાં વનસપતીની જાંનવરી અને ધાતુઈ પદારથેા ગેાઠવેલીછે. તરીજા ભાગમાં સગળી જાતનાં જીવતાં જાંનવરો રાખેલાંછે. ચેાથા ભાગમાં કુદરતી તવારીખને લગતું પુસતકખાંનુંછે. પાંચ માં ભાગમાં તરેહ તરેહનાં હથીઆરો, સાંચા, લકીએા તથા વીદીઆ અને હુંનરને લગતી જુદી જુદી બાબદો ઉપર ભાશાંણ કરવાના કારણસર જરૂરનો તથા તેવેાજ બીજો સામાન રાખેલેાછે. એ ભાશાંણેા ફરાનસની જુદી જુદી મદરેસાનાં શીખશાગુરૂએા કરેછે અને તે વીશે આગળથી ખબર આપીઆમાં આવેછે. એ આખું સં ગરહસથાંન ઉભું કરતાં (૧૬૦૦૦૦) સોલ લાખ રૂપીઆનો ખરચ થયો હતો. જારડે ડ પલાંનાં બાગમાં દાખલ થતાં પેહલી જે ઈમારત આપણાં જોવામાં આવેછે તેમા જાંનવરી ચીજોનો સંગરહ કી ધેલેાછે. તેની જમણી બાજુ ઉપર પુસતકખાંનું તથા ધાતુઈ અને વનસપતીની પદારથેાનો સંગરહછે. ડા હાવી બાજુએ આગળ કહીઉંછે, તેમ ગરમ ઘરો અને જીવતાં જાંનવરોનો સંધરહછે. તેમની વચે વચની જગામાં બંધે બાજુએ લીબુનાં તથા "ચેસનટ" ના ઝાડો રોપેલાંછે. બાગમાં સરવે જાતનાં ઝાડોનાં સંગરહ ની ગેાઠવણ ઘણીજ સારી રીતે કીધેલીછે. તેમની ઉપર જુદા જુદા રંગની તીકીટેા મારેલીછે. રાતી તીકીટ

વાળાં ઝાડો દવાઈનાં કાંમમાં આવેછે, લીલી તીકીટવાળાં ખાધાનાં કાંમમાં, જાંબુરી તીકીટવાળાં હુંનરનાં કાંમમાં, અને પીલી તીકીટવાળાં સણગારનાં કાંમમાં આવનારાંછે, તથા જે ઝાડો ઉપર કાલી તીકીટેા વળ गावेलीछे तेओ जेहेरीछे. એ બાગ દરરોજ તરણથીતે પાંચ વાગા શુધી લોકોને સારૂ ઉંઘાડો રાખીઆમાં આવેછે. એ બાગમાં બે ટેકડી દીઠામાં આવેછે, તેમાની એકને મથાળે પીતળનો ઓતેલો તંબુ મારેલોછે અ ને તેમાં બેઠકો ગોઠવેલીછે. એ જગા ઉપરથી તે બાગનો તથા પારીસનાં કેટલાએક ભાગનો દેખાવ ઘણેાજ ખુસનુમાં લાગેછે. બીજી ટેકડી જે પશ્ચમ દશા તરફછે તેની ઉપર સરોવરની જાતનાં ઝાડો રોનક ભરેલી રીતે રોપેલાંછે, અને તેની હેડલ શીખશાગુરૂઓનાં તથા તાંહાંનાં ઉપરીઓનાં ઘરોછે.

ભાશાંણ કરવાનાં ઓરડામાં ૧૨૦૦ માંણશો સમાંઈ શકે તેટલી બેઠકોછે, અને વરસ દાહાડે સઘળા મલીને ૧૮૦૦ વીદીઆરથીઓ તાંહાં ભાશાંણે સાંભલવા સારૂ જાયેછે. બાગમાંથી વરસે દાહાડે નવથી દ સ હજાર કોથલા જુદી જુદી જાતનાં બીઈ તથા સાતથી આઠ હજાર નાંખલા રોપા નીકલેછે, તેમને જુદા જુ દા ધંધાદારીઓ ઉપર મોકલીઆમાં આવેછે, કે તેઓ તેનો વધારે ફેલાવો કરી શકે. એ બાગમાં ભાંત ભાં તનાં ૧૨૦૦૦ હજાર રોપાછે અને તે લોકોની ગમતને સારૂ દરરોજ છેક અરથી રાત શુધી ઉંઘાડો રાખીઆ માં આવેછે. જેવારે ૧૪ મા લુઈ પાદશાહે વરસેલનાં મેહેલને પોતાનું જબુકનુ રેહેઠાંણ કીધું, તેવારે તેનાં બાગમાં એક જગેાએ જીવતાં જાંનવરોનો સંગરહ કરવાને તેને વીદીઆ હોનરનો ફેલાવો કરનારી મંડળીએ ભલામણ કીધા ઉપરથી, તેણે હેવો એક સંગરહ કરવા માંડીઓ, પણ સને ૧૭૮૯ નાં વરસનાં બળવામાં ઘણા એક જાંનવરો મરી ગયાં અને જે જીવતાં રહેયાં હતાં તેમને ૧૭૯૪ ના સાલમાં આ સંગરહસથાંનમાં લા વી રાખીઆં. હવડાં જે ઠેકાંણે એ જીવતાં પરાંણીઓનો સંગરહછે તે જગા ઘણીજ રમુજ ભરેલી લાગેછે, ત થા મુસાફરનાં દીલને ઘણુંજ ખુશી કરેછે. એક જાતનાં જાંનવરો બીજી જાતવાલાં સંગાથે ભેલાઈ નહી જાયે એટલા સારૂ તેમની વચે લોહેાડાંનાં સલીઆ આડા જડી લઈને તેનાં ઉપર લોહેાડાંનાં તારની જા લી ગુંથી લીધીછે. જોનાર શખસ સઘળી તરફ ફરી શકે તેટલા માટે ચાલવા સારૂં વચમાં ખાલી જગા ઓ પણ રાખેલીછે. એ ગેાઠવણથી હરણેા, બકરાં, મેહેનડાં, ગાએ, ઢોર, જીરાફ, પખશીઓ, મરઘાં, ભત કાં, અને બીજાં પુશકલ જાતનાં જાનવરો એક બીજાથી છુટાં રાખેલાં આપણી નજરે પડેછે. હેની પહોસ માંજ એક બીજી જગા ઉપર તરેહ તરેહનાં સાંપ, શેાસવાટ, ખલેડી, સરડા અને હેવાંજ બીજા ઘણા એક પેટે ચાલનારા જાંનવરોનો સંગરહછે, અને તેઓને કાચનાં પીંજરાંઓમાં રાખેલાંછે. એ જગેાને હમેશાં બાફની મદદથી ગરમ રાખેછે, અને એ ઈમારતની બારીઓને તારની જાલીઓ જડી લીધીછે, તેથી આપણને નુકસાન કરીઆ વગર આપણે તેની અંદરનાં જેહેરી જાંનવરોને જોઈ શકીએ છઈએ. તરીજી જગા ઉપર જા ત જાતનાં રાંણી મરઘાછે, તેની સાંમને ખચરો તથા ગધેડાં રાંખેલાંછે. વળી વધારે આગળ ચાલતાં એક મકાં ન ઉપર ગરૂડ પખશીઓ, ગીદ, અને પોપટ તથા તુરીઓ આપણી નજરે પડેછે. એ મકાંનને એક છેડે કાચ મની જાતનાં સઘળાં જાંનવરો એકઠાં કીધાંછે. તેની સાંમને અમેરીકાનાં હરણેાનો સંગરહછે. જમણી બાજુ એ જતાં આફરીકા ખંડનો એક જાતનો ઠીંગણાં કદનો, ટુકાં સીંગડાંનો તથા ટુકાં બાલનો બકરો આપણે જોઈએછે. એ જગા છોડીઆ પછી ફાડી ખાનારાં જાંનવરોને જાંહાં રાખેલાંછે તાંહાં આપણે જાઈએછે. એ જગા ઉપર શીંહ, વાઘ, રીંછ, ચીતા, ભુંડ ઈતીઆદી જાંનવરોછે. તેઓમાં બંગાલાનો પણ એક મેા टो वाघछे. હેની દખણ તરફ આફરીકા ખંડનો એક ખુબસુરત વાઘ રાખેલોછે, તેની પછવાડેનાં ભાગમાં એક ડજન મોટાં પાંજરાંઓમાં કુતરાં, વરૂ અને કોહેાલાં જોવામાં આવેછે. ફાડી ખાનારાં જાંનવરોની સાંમે ની જગા ઉપર "એશીઆ માઈનર" નાં મુલકનો એક મેહેનડોછે. તેનું ઉંન ઘણુંજ બારીક તથા તેની કુંમ મોટી અને ચરબદારછે. હેવા એક મેહેનડાની કુંમમાંથી પંદર રતલ ચરબી નીકલેછે. હેની પહોસમાં બીજી

જાતનાં મેહેનડાં, તથા બકરાં રાખીઆમાં આવેછે. તેઓની જમણી બાજુએ વાંદરાઓનું ટોલુંછે. એ જંત વરોથી તમાસગીર લોકોને ઘણીજ ગમત મળેછે. અતરેથી આગળ ચાલીઆકે જરમનીની એક ગાએ તથા એ ક બળદ આપણાં જોયામાં આવેછે તેમના સીંગડાં ઘણી દાંખલીનાં અને મોટાંછે, અને તેમની પહોસમાં જી રાફ નાંમનાં તરણ જાંનવરછે. હીંઆંથી નીકલીઆ કે બે હીપ્પોપાટેમસ, તથા એક બસત હાથી આપણી નજ રે પડેછે. એ જોયા પછી જાંહાં આપણને લઈ જયામાં આવેછે તાંહાં જમીનમાં મોહોટા ખાડા ખોદેલાછે તેઓમાં તરણ કાલા અને એક સફેદ રીંછ રાખેલાછે તેથી પણ જેનારાઓને ઘણી ગમત મળેછે. એ ખાડા ની જમણી બાજુએ હીંદુસથાંનનાં હરણો તથા આફરીકાનાં કોહોલાં આપણે જોઈએ છઈએ.

હવે એ સંગરહસથાંનનાં એક બીજા ભાગમાં આપણે જાઈએછે, તાંહાં આદમીનાં તથા બીજી સઘળી જાતનાં જાંનવરોનાં પાંજરાં તથા તેમનાં બદનનાં જુદા જુદા ભાગો જેમકે હાથ, પગ, માંથુ, છાતી, બેજું એ પરમાંણે ગોઠવેલા આપણાં જોયામાં આવેછે, એ સઘલાં મીણનાં બનાંવેલાંછે પણ તેમની ખુબી એછેકે, તે મી ણનાંછે હેવું એકાએક કોઈથી પારખી નથી શકાતું. વળી કેટલીએક મીંજે જેને ખુલ્લી રાખી નહી શકાએ, જેમકે પેટમાહેનાં જુદે જુદે મહીનેનાં બચાં, કેટલાએક માસનાં ભાગ, કેટલાંએક પેટે ચાલનારા જાંનવરો, આંતરડાં, માંરો ઈતીઆદી તેમને (આલકોહલ) દારૂનાં અરકમાં બંચાવી રાખેલાંછે.

એટલું જોઈને બાહેર પડીઆ પછી બીજે હેકાંણે વળી દુનીઆનાં સઘળી જાતનાં લોકનાં આકારનાં નકશા, તસવીરો, ઓતેલાં પુતળાં બાર ઓરડાઓમાં ગોઠવેલાં આપણને દેખાએછે. એ સંધરહથી વીદીઆર થીને જુદી જુદી જાતનાં લોકનાં ચેહેરામાં શું ફરકછે તે સારી પઠે જાંણવાને તથા તેનો અભીઆસ કરવાને બ ની આવેછે. એ જગામાં જુદાં જુદાં દેશના લોકોની માંથાંની ખોપરીઓ તથા આખાં માંથાં પણ રાખેલાંછે. એક કાચની કબટની અંદર "ઈથીઓપીઆ" નાં એક રેહેવાસીને ચીરીને તેનાં બદનની સઘળી નેસો ખુ લલી દેખડાવેલીછે. એ આખો આકાર મીણનો બનાંવેલોછે. પણ કોઈ એમ સમજેકે હવડાંજ તે આદમી ને કાપીને તાજુ મેલેલુંછે, હેવી ખુબીથી તે બનાવેલુંછે. એજ ઓરડામાં એક બાજુએ કબટો ગોઠવેલીછે, તેની અંદર આફરીકા ખંડનાં જુદા જુદા ભાગનાં સીદીઓનાં બદનનાં માંથાથીતે પગ શુધીનાં આખાં પાંજરાં ટાંગેલાંછે. એ મબેની એક કબટમાં મીસર દેશનાં એક મુવેલાં આદમીનું આખું બદન દવાઓની મદદથી જા ળવી રાખેલુંછે, જેને "મમી" કરી કેહેછે. એક ઓરડામાં "મંગોલીઅન" લોકનાં બે પીતલનાં ઘણાં જ વખાંણવા લાએક તથા ખુબસુરત બાહાવલાં ગોઠવેલાંછે. ઉપર જણાવેલી કબટમાં એક અસલની ફ્રેનચ ઓ રતનું બદન જમીનમાં સેંકડો વરસ પડી રહેઆથી પથર જેવું થાઈ ગએલું મળીઉં હતું તે મેલેલુંછે. ઉંઠ, હ રણ, સાંબર, ખચર, ઘોડા, જીરાફ, ગેંનડા, હાથી ઈતીઆદી એમનાં પાંજરાં પણ આ જગાએ રાખેલાંછે.

એ સંધરહસથાંનનાં એક બીજા ભાગમાં માંણશોનાં તથા જાંનવરોનાં હાડકાં, જુદા જુદા ભાગ અને પાંજરા ગોઠવેલાંછે. વળી બીજી ગંમ એક મગરમછનાં તથા "કાચેલાટ" જાતનાં પદ ફુટ લાંબા એક મોટાં જાંનવર તથા બીજા દરીઆઈ જાંનવરોનાં પાંજરાનો જમાંવ કીધોછે. આ સંગરહની પાશેનાં ઓરડામાં દુની આનાં સઘલા ભાગમાં રેહનારા આદમીઓના પાંજરાછે, તેમાં વેંહતીઆં આદમીઓ પણછે. એ જોયા પ છી બીજા બાર ઓરડા આવેછે, તેમાં જાત જાતનાં પખશીઓનાં, માછલીઓનાં અને પેટે ચાલનારા જાંનવરો ના જુદા જુદા ભાગ તથા માંણશનાં બદનનાં નમુનાં ગોઠવેલાછે. પેહેલા ઓરડામાં તરેહવાર જાતના જાંનવરો નાં માંથાની ખોપરીઓછે. બીજા ઓરડામાં દરએક જાતનાં માંથાંનો એક એક ભાગ છુટો કરીને દેખડાવેલો છે. તરીજા ઓરડામાં ધાવતા જાનવરોનાં પગથી તે માંથા શુધીનાં તદંત આખાં પાંજરાછે. એજ ઓરડામાં વાંદરા તથા આદમીઓનાં પાંજરા સામા સામી મેલેલાછે. "આસટરીચ" નામનાં મોટાં પખશીનાં શરીરના દરએક ભાગ છુટા પાડી એક કાચની કબટમાં ગોઠવેલાછે. ચોથા ઓરડામાં સઘલી જાતનાં પખશીઓનાં, અ

ને પાંચમાં તથા છઠામાં મગર, માહી, કાચબા અને પેટે ચાલનારા જાંનવરોનાં પાંજરાછે. સાતમાં ઓરડામાં મરઘીનાં પીલાંનાં પેટાખાંનાંનાં મીણનાં નમુનાંછે. આઠમાં ઓરડામાં એક આદમીનુ ઓટી કાહાડેલું બાહા વલુંછે અને તેમાંની રગોને કુદરતી રંગ આપેલોછે. નવમાં ઓરડામાં એક કાચની કબટમાં મીણનાં બનાવે લાં બાલકોનાં આંતરડાંછે. દસમાં ઓરડામાં આદમીઓનાં દીલમાં લોહી કહી કહી રગોની મારફતે ફરેછે તે બતાવીઉંછે. અગીઆરમાં ઓરડામાં મીણમાં પરચુટેન જાંનવરોનાં નમુનાંછે અને બારમાં ઓરડામાં નાં મીચા શખસોનાં માંથાની ખોપરીઓ અથવા તેઓનાં ઓટેલાં માંથાંછે.

એ ભાગ છોડીને આગલ ચાલીઆથી એક ઓરડામાં પેસતાંજ બુકાં ફીલસુકનુ સંગેમરમરનુ બાહવલું આ પણે જોઈએછે, તે ઓરડામાં અંદર ગયા પછી કાચબા, માંછલીઓ, પાંણીમાં રેહેનારા પખશીઓ, સાંપ અને હેવાંજ બીજાં જાંનવરોનો જમાંવ કીધેલોછે. કેટલાંએક દવાઓની મદદથી સુકવી રાખેલાંછે, અને બાકીનાં ઓને દારૂનાં અરકમાં રાખીઆંછે. જે નમુનાં ઘણાં મોટાછે તેમને સીલીંગ ઉપરથી ટાંગેલાછે. એ સંધરહ નાં તરીજા ઓરડામાં પેટે ચાલનારાં જુદી જુદી જાતનાં બે હજાર જાંનવરો એકઠાં કીધેલાંછે. જાત જાતનાં કી ડા અને હેવાંજ બીજાં નાંધલાં જાંનવરોને દારૂનાં અરકમાં રાખેલાંછે. પાંચમાં ઓરડામાં એક જાતનાં વાંદ રા રાખેલાછે. વળી એક ઓરડામાં ઈઉરોપ ખંડનાં સઘળી જાતનાં દસ હજાર પખશીઓનો સંગરહ કીધેલો છે. એ ઓરડામાં કુદરતી વીદીઆનાં વખણાએલા અભેઆસીઓનાં તરણ બાવલાં ગોઠવેલાંછે. બે હજાર પાંચશો જાતની મલી પાંચ હજાર માછલીઓનો એ હેકાંણે સંગરહછે. આખા સંગરહમાં જેટલા નમુનાંછે તે સઘળાની ગણતરી બે લાખની થાએ અને તે સઘળા ઘણાં તારીફ લાએક રીતે ગોઠવેલાંછે. વાદરાંથીતે છે ક માંણસ સુધી ચહડતા દરજા પરમાંણે એક એક જાનવર ઘણુજ તારીફ લાએક રીતે ગોઠવેલુંછે. એથી કરીને આપણને એકજ વખતે આખી દુનીઆની જીવજંતી પેદાશ જોવાને બની આવેછે અને હાવાં સંગરહસથાંન નાં ફાએદા વીશે વધારે બોલવાની કશી અગત નથી, કાંએજે વાંચનાંર પોતાંની મેલે તે સમજશે.

ધાતુઈ તથા જમીનમાંથી ખોદી કાહડેલી બીજી ચીજોનો સંગરહ બે માલની એક છુટી ઈમારત ઉપર કીધે લોછે, તેની લંબાઈ ૫૪૦ ફુટ, પોહલાઈ ૪૦ ફુટ અને ઉંચાઈ ૩૦ ફુટનીછે. એ સંગરહનાં તરણ મોટા ભાગ કીધેલાછે, અને વચલા ભાગમાં ભુરચ તથા ગણીત શાસતર, એ બંધે વીદીઆનાં પુતળાં મેલેલાંછે. મોટાં દીવાં નખાંનાંની વચમાં નાંમીચા કુવીઅર ફીલસુકનું સંગેમરમરનું પુતળું મેલેલુંછે અને તેની સાંમણે ઘણીજ કીમતી સંગેમરમરની બનાંવેલી ટેબલો ગોઠવેલીછે. એ દીવાંનખાંનાંને છેડેની દીવાલો ઉપર ઘણાજ ખુબસુરત ચીતારો પાડેલાછે, તેમાં કેટલાએક બળતા પાહાડોનાંછે. કાચની કબટોમાં અને ખાંનાંઓમાં ભાંત ભાંતનાં પથરો હેવી રીતે ગોઠવેલાછે કે તેમને એક એક પછી તપાસવાને એ વીદીઆનાં અભીઆસીને સેહેલ પડેછે. એ સંગરહ માં છેક કોલસા થીતે પેહલાં પાંણીનાં હીરા સુધીનાં સઘળી જાતનાં રંગ બેરંગ પથરો એકઠા કીધેલાછે. ધાતુમાં લોહડાંની ઉપધાતુથી તે સોંનાં સુધીની સઘળી જાતીઓછે. એક સોંનાંનો લાડો નજદીક પચાશ તોલાનો તાં હાંછે. આ જગામાં સઘળા મળીને ૬૦૦૦૦ નમુનાંછે અને તેની પછવાડે લગભગ (૫૦૦૦૦) પાંચ લાખ રૂપીઆનો ખરચ થાયો હતો. એ જગા ઉપર જાંનવરોના પથર થાઈ ગએલા જુદા જુદા ભાગો ઈચ્યા તેમનાં આખાં સરીર પણ જોયામાં આવેછે.

એ ભાગ છોડીઆ પછી આપણે એક બીજા ઓરડામાં આવીએછે, તાંહાં ઝાડપાંનનાં મોટા વીદી આરથી "જુશીઓ" નું સંગેમરમરમાં કોતરી કાહડેલું પુતળું મેલેલુંછે. આસપાસની દીવાલો ઉપર તાડ, માહા ર, ખજુરી, કેળ, અને હેવીજ જાતનાં બીજાં ઝાડો જેમનાં પાતરાં કેળનાં પાતરાંની મીસાલ આડાં ચીરાઈ ગએછે તેમનાં ચીતારો પાડેલાછે. દીવાલોની અંદર કાચની કબટો જડી લીધેલીછે તેમાં સઘળી જાતનાં લાક ડાંના નમુનાં તથા તેમની ઉપરની છાલ તથા મુલીઆં ગોઠવેલાંછે. જાત જાતનાં ઘણાંએક ઉંચાં ફળો દારૂનાં

અરકમાં જાળવી રાખેલાંછે. કેટલી
એક આસટરીઆનાં શાહનશાહએ
દેશોનાં ફળ પણ ખીજુનાં બનાંવી
રી રાખેલાંછે. ઘણાં વરસો શુધી
જોયામાં આવેછે. સુકવી રાખેલા
જુદી જાતનાં લાકડાં, અનાંજ, અ
રડાનાં એક નાંકાં ઉપર ૨૧ ફુટ
એક આખા કટકાનુંછે. એ પાટી
પી કાહાહેલું હશે તે ઝાડનું થડ
શગીર લોકને જવાનો હોકમ નથી
ઓનાં નાંમ તથા બયાંન લખેલાંછે

એ સંગરહસથાંનને લગ
પાંતનાં મોટા વીદીઆરથીઓએ
તથા પાતરાંઓનાં ઘણાંજ વખાંણ
આનંદ ઉપજેછે. હેવા નકસા
સા તઈઆરછે. આખાં પુસતક
ગરહસથાંનનાં જુદા જુદા ભાગ
તેમની પછવાડે સારી રીતે મેહે

પારીસમાં જાહેર તથા
સરકારી ખાતાં તથા દરએક સંગ
ને સારૂ બીજાં ઘણાંએક જાહેર
લાવેા કરનારી પારીસમાં મુખી
તેઓ પેહલે વાંધેના દરજજે
અગતનેા ગણાએછે, અને હા

પારીસ મધેનું પાદશાહ
ખચીત જોયા વગર કોઇબી
તે છેક સેંટ લુઇનાં વખત
તથા થેાડાંએક લાટીન તથા
સધળી ચોપડીઓ હાથથી લ
શાલાઓમાં વેહેંચાવી હતી.
દસ અથવા બારથી વધારે પુ
નાં નવા તરજુમાં તથા નક
ઓને એ હેકાંણે આવીને
વેા બાળીઆમાં આવતેા હ
ને બાકીની ડીઉક આફ બેડ
એ બે શાહજાદાઓ ઇંગલંડ

બીક જાતનાં ઝાડપાંન બીજુનાં બનાંવી રાખેલાંછે, તેઓ માંહેલાં ઘણું
તથા ફરાનસનાં પાદશાહ દસમાં ચારલસે બખશેસ આપેલાંછે. બાહેરનાં
બેલાંછે. જુદી જુદી જાતનાં વસાંણા પણ બાટલીઓ તથા શીશીઓમાં ભ
મીનમાં દટાઈ રહેઆથી પથર થાઈ ગએલાં ઝાડોનાં નમુનાં પણ અતરે
પાની સંખીઆ (૩૫૦૦૦૦) તરંણ લાખ પચાસ હજારનીછે તથા જુદી
ફળની સંખીઆ (૪૫૦૦૦) પીસતાલીસ હજારનીછે. એ સંગરહનાં ઓ
વાની ઓક જાતનાં લાકડાંની એક ટેબલછે, અને તેની ઉપરનુ પાટીડું
માં ઉપર જે રેખેા દેખાએછે તે ઉપરથી માલુમ પડેછે કે જે ઝાડમાંથી તે કા
વામાં ઓછામાં ઓછું ૪૨ ફુટ હશે. માળ ઉપરના ઓરડાઓ જાંહાં તમાં
તાંહાં એક મોટું પુસતકખાંનુછે તેમાં પચાસ હજાર જુદી જુદી જાતનાં રોપા
એ જગા ઉપર માંતરે ઝાડ પાંનની વીદીઆનાં અલીઆશીઓજ જાએછે.
પુસતકખાંનાંમાં કુદરતી તવારીખ ઉપર ઘણાં પુસતકોછે. એ ઠેકાંણે ઝાડ
બનાવેલાં પુસતકોની તેમનાં હાથની લખેલી નકલેા, તથા ઝાડોનાં ફળ, ફુલ
લાએક હરણનાં માંમડાં ઉપર ચીતારેલા નકસા જોયાથી આપણને ઘણેા
ઝાડવાનું કાંમ ૧૬૩૫ માં શરૂ થાયું હતું અને હવડાં શુધીમાં ૬૦૦૦ નક
માંનાંમાં ૩૦ હજાર પુસતકો તથા ૧૫ હજાર ચોપાનીઆંછે. આ મોટા સં
દી જુદી વીદીઆનાં શીખસાગુરૂઓનાં હસતકમાં આપેલાછે અને તેઓ
લેઇને હમેસ તેમને સુધારેછે.
તગી પુસતકખાંનાંઓની કશી ખુટ નથી. દરએક મેહેલ તથા દરએક મોટાં
સથાંન સાથે કીમતી પુસતકખાંનાંછે, એટલુંજ નહી, પણ પરજાનાં ફાએદા
સતકખાંનાંછે અને તે મધે હજારો કીતાબોછે. વીદીઆ તથા એલમનેા કે
મંડળીઓ તરીસછે અને ઇંડરોપનાં બીજાં શેહેરો મધેની હેવી મંડળીઓમાં
વેછે. જે કાંઇ નવી સોધ થાએછે, તે ઉપર તે મંડળીઓનેા વીચાર ઘણેા
જમાનાની નવી સોધમાં પારીસ પોતાંનેા સરખેા હીસ્સેા આપેછે.
પુસતકખાંનું જેને " બાઇબ્લીઓથકે ઇમપીરીઅલ " કરી નાંમ આપેલુંછે તે
કરે પારીસ છોડવું નહીં. ફરાનસ દેશમાં ખરીસટી ધરમ ફેલાયેા તારથી
કોઈ જાહેર પુસતકખાંનું એ દેશમાં નહી હતું. કેટલાંએક ફકત ધરમનાં
પુસતકો દુરવેશોની કોઇ કોઇ ધરમશાલાઓમાં જોવામાં આવતાં હતાં. એ
હતી, તેની ઉપલા સેંટ લુઇએ વધારે નકલેા કરાવીને બીજી વધારે ધરમ
ત પાદશાહાના વખતમાં પેહેલું પાદશાહી પુસતકખાંનું ઉભું થયું, પણ તેમાં
કો નહી હતાં. તેની પછીનાં પાદશાહા પાંચમાં ચારલસે તરેહવાર બામદો
કરાવીને એ પુસતકખાંનાંમાં વધારેા કીધેા, અને વીદીઆનાં અલીઆસી
ત્રેા અલીઆસ કરવાને બની આવે એટલા સારૂ તાંહાં હમેસ એક રૂપાંનેા દી
છઠા ચારલસનાં વખતમાં એમાંની ઘણીએક ચોપડીઓ વીખરાઈ ગઈ, અ
૫૦૦ રૂપીએ વેચાતી લઈને ઇંગલંડ મોકલી, પણ જારે જાંત અને ચારલસ
, તેવારે તેઓએ ઉપલી માંહેલી ઘણીએક તથા બીજી ચોપડીઓ ખરીદ કરી ફ

રાનસ લાવી બે પુસતકખાંનાં સ્થાપીઆં, પછી આઠમા ચારલસે ૧૪૯૫ ના સાલમાં નેપલસ ફતેહ કીધાથી જે પુસતકો લાવીઓ હતેા, તે તાંહાં મેલીને તેમાં વધારેા કીધેા. ૧૪૯૬ માં બારમાં લુઇએ તે બંધેને એક કરી નાંખીઆં. પછી બીજા હેનરીએ એવેા એક ધારેા પસાર કીધેાકે, જે કોઇ કાંઇ ચોપડી છપાવે, તેની એક નકલ એ પુસતકખાનાંને ભેટ કરે. વળી કાથેરાઇન ડી મેડીસી રાંણી ફલારેનસમાંથી કેટલાંએક જુનાં લેખતાં ચાંદ તથા હાથનાં લખેલાં પુસતકો લાવી હતી, તે સધળું તેણીએ પાદશાહી પુસતક ખાંનાને ભેટ કીધું. તેરમાં લુઇએ એ પુસતકખાંનું ઘણુ વધારીડું, અને તેનાં વખતમાં તાંહાં ૧૬૩૪૬ ચોપડીઓ એકઠી થઈ હતી. સોલમાં લુઇએ વલી એ કરતાં પણ તેમાં વધારેા કીધેા, અને તાંહાં લોકોને વાંચવા આવવાની છુટ આપી. એ પાદશાહના મરણની વેળાએ તાંહાં ૭૦ હજાર જુદાં જુદાં પુસતકો હતાં, તે પાછળથી વધીને એક લાખ થયાં હતાં. એવા બીજા ઘણુએક ફેરફાર થયા પછી સને ૧૮૫૨ માં એ પુસતકખાંનાંને "બીબલી ઓથકે ઇમપીરીઅલ" એવું નાંમ આપીડું. છપાએલી તથા હાથની લખેલી ચોપડીઓ, જુંના લેખેા, ચાંદ, પથરેાની તથા તરાંબાની તખતીઓ અને એ વગરે બીજું ખરીદ કરવા સારૂ દર વરસે એ પુસતકખાંનાંને સરકારની તરફથી એક મોટી રકંમ મળેછે. હાલમાં એ પુસતકખાંનાંમાં સગળી મળીને (૧૩૦૦૦૦૦) તેર લાખ ચોપડીઓછે.

એ પુસતકખાંનાંની લંબાઈ ૫૪૦ ફુટ તથા પેાહળાઈ ૧૩૦ ફુટછે, અને તેની આસપાસનેા ચેાક સર વે મળીને સધળેા વીસતાર ૨૮૪૦૦ ચોરસવારછે. એનેા મોટેા ચેાક ૩૦૦ ફુટ લાંબેા અને ૯૦ ફુટ પેા હેાળેાછે. તેને છેડે એક નાંહાનેા બાગછે તથા તાંહાં એક ખુબસુરત કુંઆરેા ઉડેછે.

એ પુસતકખાનાંનાં છ ભાગ કીધેલાછે. પેહલાંમાં છાપેલાં પુસતકો, બીજામાં હાથનાં લખેલાં પુસતકો, તરીજાંમાં જુનાં લેખનાં ચાંદ તથા જુંનું જહવેરાત, ચેાથામાં કોતરેલી તખતીઓ, પાંચમાંમાં નકશા તથા દુનીઆંનાં અને આકાશનાં ગેાળા અને છઠામાં જુનાં લેખનાં સંગેમરમરનાં પથરેાછે.

છાપેલી ચોપડીઓનાં માળ ઉપર દાખલ થતાં અસલનાં પથરમાં કોતરેલા એક ઈંડાંની ચીતારેના મે હરાબ નજરે પડેછે. પેહેલા ઓરડામાં વાલટેર ફીલસુફનાં પુતળાંનેા પલાસટરમાં લીધેલેા નમુનેાછે. બીજામાં મીસર દેશના "પીરામીડ" નાં તથા બીજી ઘણીએક વસતુઓનાં નમુનાંછે. તરીજામાં અસલી ચોપડીઓની સણગાર ભરેલી જીલદનાં નમુનાંછે. છાપવાનેા હુંનર શરૂ થયેા તારથી તે હવડાં સુધી તેમાં જે રફતે રફતે ફેરફાર થતેા ગયેા, તે સધળી જાતનાં છાપવાનાં નમુનાં તરીકે એક ઠેકાંણે કેટલીએક ચોપડીઓ મેલેલીછે, અને તેમાં એક ચોપડી ફરેનચ ભાશામાં લાકડાંનાં છાપથી છાપેલી તથા રંગીત ચીતરેા સુધાંનીછે. ગીઆલરી ઉપર આવતાં કનતાંનથી લાવેલા મટોડીના બે ચીનાઈ મીનારા જે ચઉદમાં લુઇને ભેટ દાખલ મળીઆ હતા, તે નજરે પડેછે. વળી એક બીજી કાંસાંની મોટી તખતી જોવામાં આવેછે. તેની ઉપર ફરાનસ દેશનાં વખણાએલા વીદવાંનેાની તસવીરેા કોતરેલીછે તથા બીજાં કેટલાંએક બાહાવલાં તાંહાં મેલેલાંછે.

એ ભાગ છોડીઆ પછી બીજા ઓરડામાં આવીએછે, તાંહાં અસલી લેખેાનાં ચાંદ તથા શીકા દેખાએછે. સધળા મળીને તાંહાં (૧૫૦૦૦૦) એક લાખ, પચાસ હજાર શીકા તથા ચાંદછે અને તેઓ વળી ઘણાંજ નવાઈ જેવાછે. રોમન શીકા ખચીત વખાંણવા જેગછે. અંદર દાખલ થતાં ડાબી બાજુએ એક કાચની કબટની અંદર બે રૂપાંની કોતરેલી ઢાલછે, તે રેાહેાન નાંમની નદીમાંથી મલી હતી, તે વીશે જણાવીઆમાં આવીડુંછે કે, તે રોમનાં સરદાર સીપીઓની ઢાલછે, અને બીજી કારથેજનાં પેહલવાંન હાનીબાલનીછે. વળી હાથીદાંતમાં કેટલાંએક પાદરીઓની તથા હીંદુસથાંનનાં સેતરંજ રમનારાઓની નકશી કોતરેલીછે અને બાબીલોનથી લાવેલેા એક ઇંડારોકા આકારનેા મોટેા પથરનેા લંબોટોછે તેની ઉપર ખીલારોકા હરફેા કોતરેલાછે, તે સધળું જોઇને આપણને ઘણેાજ આનંદ ઉપજેછે. બીજી અગીઆર કાચની કબટોમાં પથરનાં તક

ટા તથા મોહોરોમાં કીધેલી આગલા તથા હવડાંનાં વખતની ઘણી બારીક કોતરણીનાં નમુનાં રાખેલાછે. ટાર લોનીઆના શાહજાદાએ લુઈ ફીલીપને ભેટ કીધેલી બે "એલ્ટરશકંત" બરણીઓ પેહેલી કબટની બંધે બાજુએ મે લેલીછે. એન્જ ઓરડાની અંદર ચઉદમાં તથા હટારમાં લુઈની આંથાંથીતે પગ શુધીની બે મોટી તસવીરો મેલે લીછે, તેથી તાંહાંનો દેખાવ ખુબસુરત લાગેછે. આ ઓરડાની સામેનાં બે નાંહનાં ઓરડામાં આગળા વખ તનાં બાહવલાં, કોતરકાંમ, ચીનાંઈ સામાન, બરથાલેમીઉનું બાહવલું, તથા આગળા જમાંનાને લગતી બાબદો ની કેટલીએક ચોપડીઓ દીડામાં આવેછે.

આ કેકાંણેથી નીકલીઆ પછી ડાબી બાજુએ એક બીજો ઓરડોછે, જાંહાં હાથનાં લખેલાં પુસતકોનો મોટો સંગરહ કીધેલોછે. એ પુસતકો બે તબકે ગોઠવેલાંછે અને પેહેલા તબકા ઉપર સરવે કોઈને ફરવાનો હુકંમછે. એ કેકાંણે (૧૨૫૦૦૦) એક લાખ પચીસ હજાર, ગરીક, લાટીન, ફ્રેનચ અને પુરવ દેસની ભાશા ઓના પુસતકોછે, અને (૩૦૦૦૦) તીસ હજાર પુસતકો ફકત ફ્રેનચ તવારીખને લગતાંછે. એ પુસતકોનાં કોડાનાંજ ચોવીસ દફતર થયાંછે. પેહેલા ઓરડામાં જમણા હાથ ઉપર એક કબટછે તેમાં અસલનાં વખત ની ઘણીજ કીમતી જીલદો નજર આવેછે, અને તેઓ ઉપર હાથીદાંતની કોતરણીથી તથા ઉંચા જહવેરોથી સ ણગાર કીધેલોછે. હાથનાં લખેલાં પુસતકોનાં આ સંગરહમાં એક ઓરડો વીદીઆનાં અભીઆસીઓને સારૂ ચેલાહેદો રાખેલોછે. એક એકને લગતી ચીઆલીસ ફુટ લાંબી તથા ૨૨ ફુટ પોહળી ગીઆલરી ઉપર કેટલાં એક ઘણુજ કીમતી પુસતકોછે. એક ટેબલની ઉપર પટીઆં ઉપર લાટીન ભાશામાં લખેલું છકી સદીને લગ તું એક પુસતક, ગાલીલીઓને હાથની લખેલી ચોપડીઓ, પાદશાહ ચોથા હેનરીએ "ગાબરીએલ ડી એસત રીસ" ઉપર લખેલાં કાગજ, તથા વાછરડાનાં ચામડાં ઉપર લખેલાં તરણ ચીઆર પાદશાહોઓનાં ધરમ પુસત કો મેલેલાંછે. એ શીવાએ ઈરાંની, હીંદુસથાની, ચીનાંઈ, અરબી, ઈથીઓપીઅન, જેપાનીસ, આરમીનીઅ ન, સાયામીસ અને એ વીગરે બીજી જુબાંનોમાં લખેલાં પુસતકો પણછે. ઈસવી સને ૭૮૧ નાં સાલની તવારીખનુ ચીનાંઈ તથા સીરીઆક ભાશામાં લખેલું પુસતક જે ૧૫૨૮ માં કંનતાંનથી હાથ લાગું હતું, તે પ ણ તાંહાં રાખેલુંછે, અને એ શીવાએ ઘણાએક પાદશાહોઓની તથા વીદવાંનોની જીંદગીનાં તેમનાં પોતાનાં હા થનાં લખેલાં એહવાલોનાં પુસતકો પણ તાંહાં આપણાં જોવામાં આવેછે.

એ ભાગ છોડીને જાંહાં નકશા તથા પુરથવીના ગોળા ગોઠવેલાછે તાંહાં આપણે જાઈએછે. એ કે કાંણે (૩૦૦૦૦૦) તરણ લાખ નકશા, તથા જુદાં જુદાં દેશોનાં દેખાવ આપણી નજરે પડેછે. ફકત પારીસ શેહરનાંજ તરેહવાર દેખાવોનાં ૫૬ મોટાં દફતર તાંહાંછે.

એ જગો ઉપરથી નીકલીઆ પછી આપણે વાંચવાનાં ઓરડામાં જઈએછે. તાંહાં સઘળી વીદીઆનાં અભીઆસીઓ ભરદ તથા ઓરતો એકઠાં મલેછે. ઓરડાની વચમાં ટેબલો ગોઠવેલીછે, અને તાંહાંનો દેખા વ ઘણોજ ગંભીર, ચુપ અને પસંદ પડતો લાગેછે. તાંહાં કોઈને મોહોરેથી બોલવાનો હુકંમ નથી. જે ચો પડી જોઈતી હોયે તેનું, તથા તે ચોપડી માંગનારનું નાંમ, તથા જાંહાં તે બેસેલો હોયે તે વીશે એક કાગજ નાં કટકા ઉપર લખીને તે પુસતકખાંનાંનાં એક ઉપરીને મોકલીઆથી તેને ચોપડી તરત મળેછે. પુસતકખાં નાંમાંથી કીતાબો બાહેર લઈ જવાનો હુકંમ નથી, પંણ જે વીદીઆરથીઓ સારી આબરૂને વાસતે પરખીઆ ત થાએલા હોયે તેઓનેજ ઘરમાં અભીઆસ કરવા સારૂ ચોપડીઓ બાહેર લઈ જવાની પરવાનગી મ ળેછે. વાંચવાનાં ઓરડાની પાસેનાં એક ઓરડામાં વેનીસમાં બનાંવેલા પુરથવીનાં બે મોટા ગોળા મેલેલાછે. એ ગોળા ચઉદમાં લુઈને ભેટ થાએલા હતા. તે તરાંબાનાં બનાંવેલાછે અને ઘેરાવામાં નજદીક ૩૬ ફુટછે.

અતરેથી નીકલીઆ પછી જે ઓરડામાં તરાંબાની પલેટો ઉપરથી છાપેલી તસવીરોની ચોપડીઓછે તાંહાં આપણે આવીએછે. એ કેકાંણે ૯૬૦૦ દફતરોછે અને તેઓમાં સઘળી મળીને (૧૩૦૦૦૦) તેર લાખ છાપેલી

તસવીરોછે. આગળ એ પુસતકો એક અંધારા ઓરડામાં હતાં પણ હવડાં તેમને એક મોટી ગીઆલરીમાં મેલી આંછે, તે ગીઆલરીને આઠ કાચની બારીઓછે. એ ઓરડામાં છ મોટી બેવડા ટલાવની ટેબલો ગોઠવેલીછે. વીદ્યારથીઓ તાંહાં સોમ, બુધ, બરેસપત, અને સનીવારે અભીઆસ કરવા સારૂ જાએછે, બાકીનાં મંગ ળ અને સુક્રવારનાં બે દીવસ લોકોને જોવા સારૂ એ ઓરડો ઉંઘાડો મેલીઆમાં આવેછે. એ સઘળા ચીતારો માં (૯૦૦૦૦) નેવું હજાર પરખીઆત આદમીઓની તસવીરોછે, અને બાકીની ખુબસુરત પખરીઓની તથા રોપાઓની, ફુલ અને ફળોની અને તેવીજ સારી બાબદોની કેતાબોની હાર લાગેલીછે. ફ્રાનસની તવારી ખને લગતી તસવીરોની હાલ ૧૩૫ ચોપડીઓછે, અને તેઓમાં હવડાં બીજે વધારો કરી તેની સંખીઆ ૧૫૦ સુધી વધારવાનીછે.

છેલો ભાગ કે જાંહાં અસલી લેખોનો સંગરહછે, તાંહાં મીસર, હીંદુસથાંન, રોમ અને બીજા દેશોનાં જુનાં લેખ જોવામાં આવેછે. કારથેજથી લાવેલા કોતરકાંમનાં બાર પથરો તાંહાં જોવામાં આવેછે. એ વીગ રે બીજાં પથરમાં કોતરેલાં પુતળાં, મુરતીઓ, બંદગીની જગાઓ એવું ઘણું દીડામાં આવેછે. †

† અમારા પારસી વાંચનારાઓ ઉપલાં પુસતકખાનાંનો હેવાલ વાંચી કદાચ અચરત થશે કે, અમોએ આ પુસતકખાં નાં મધેનાં જરતોસ્તી ધરમનાં પુસતક વીશે કશો ખોલાસો કીધો નથી, પણ તે વીશે હમોએ "બરીટીશ મીઉજીઅમ" નાં હે વાલમાં કેટલુંએક લખેલુંછે તે ઉપરથી તેઓની ઇચ્છા પુરી પડશે.

પ્રકરણ ૮ મું

દેવળો—ધરંમખાતાં.

દેવળો—નોટરડાંમનું દેવળ—પાંનથીઅંનનું દેવળ. દવાખાંનાં—ઘરડા અરદ તથા ઓરતોને રેહવાને વાસતે કરેલાં ધરંમખા તાં—હરાંમ ઇલતથી જનમેલાં તથા નાંવારેત્ર બાળકોની પરવરસી કરવાનાં ધરંમખાતાં—ગરીબ તથા અશકત તથા નાંદગી ભોગવનારા લોકોનાં બાળકો તથા નાંવારેત્ર બાળકોની પરવરસી કરવાનાં ધરંમખાતાં—ગરીબોને નાંણાની મદ્દ કરનારી મંડળી—ગરીબોને નાંણની મદ્દ કરનારાં તથા ખોરાકની વસ્તુ તથા દવા આપવાનાં ધરમખાતાં. આંધળા તથા બેહરા લોકો તથા બાળકોની પરવરસી કરવાનાં તથા કેલવણી આપવાનાં ધરંમખાતાં—હેવાં એક ખાતાંનો ટુક હેવાલ. "હુટેલ ડી ઇનવાલીડ" એટલે અશકત થએલા સીપાહીઓની પરવરસી કરવાનું ધરંમ ખાતું.

વાંચનાર જલદીથી પોતાનાં મંનમા વીચાર કરશે કે, જે દેશના મેહેલો, બાગો, સંગરહસથાંનો, સરકા રી ઈમારતો આવી બુલંદ અને ભપકાદારછે, તે દેશનાં એબાદતખાંનાં એટલે દેવળો કેવાં હશે ? સરવે કોઈ ને પોતાનો ધરંમ પીચ્યારોછે, અને તેઓ પોતાનાં એબાદતખાંનાંઓને જેમ બને તેમ સોભઈતાં તથા રોનક દાર બાંધવાને ઈછેછે, તે સાથે ફરેનચ લોકોનાં જેવા હુંનર અને કારીગરીવાળા લોકો પોતાનાં દેવળો કેવાં ઉ તમ બાંધણીનાં બાંધતા હશે, તેનો વીચાર કરવાને સેહેલથી બની આવેછે. પારીસમાં ઘણાંએક દેવળછે; અ મે તે સઘળાં સારાં સણગારનાંછે, પણ તેમાં અગત કરીને આસરે ૧૨ દેવળો ઘણાંજ મોટાં અને નાંદર બાં ધણીનાંછે, અને સરવેની ઉપર "નોટરડાંમ" તથા "પાંનથીઅન" નાં દેવળો સરદારી ભોગવેછે. નોટરડાંમનું દેવળ ૮૦૦ વરશનુ પુરાતનછે. તેનો પાયો ઈસવી સને ૧૦૦૦ માં નખાયો હતો, પણ આજ દીને જે આ કારમાં આ ઈમારતછે તે અસલની ઉપર વારેઘડીએ વધારેલી તથા ફેરફાર કીધેલીછે. એ દેવળ કરાસનાં આ કારમાં બાંધેલુંછે, તેની ઉપર એક માળછે, અને તે માળની બે બાજુએ મોટા મીનારા બાંધેલાછે. એ દેવળ ની કુલ લંબાઈ ૩૬૦ ફુટછે, વચમાનાં દીવાનખાંનાંની પોહળાઈ ૧૪૪ ફુટછે, ભોંએતળીએથી સીલીંગની ઉંચા ઈ ૧૦૨ ફુટછે, મીનારાઓની ઉંચાઈ ૨૦૪ ફુટછે, છાપરૂં જે ચેસનટ ટીમબરનાં લાકડાંનું બનાંવેલુંછે તે ૩૫૬ ફુટ લાંબુછે, અને સીલીંગથી તેની ઉંચાઈ ૩૬ ફુટછે. એ ઈમારતનો પાયો જમીનથી ૧૮ ફુટ ઉંડો નાખ વામાં આવીએ્યોછે. તરણ મોટાં બારણાં કે જેનો ઉપરનો આકાર કમાંનનાં જેવોછે, તેમાંથી એ દેવળ અંદ જઈ શકાએ્યછે. એ બારણાની વચમાં મોટા થોરસ થાંમ્બોછે, અને તેની આસપાસ ફરેસતા તથા જોગીઓ નાં ચીતારછે. એ ચીતારો વીશે કાંઈએક લંબાણથી બયાંન કરવું જરૂરછે. વચોવચમાંનાં ચીતારમાં કેઆંમત ને દીને ફરેસતાઓ સીસોડી વજાડેછે, અને તેથી સઘળી કબરો ઉંઘડેછે અને મરણ પાંમેલાઓ જીવતા થા એછે. બીજે ઠેકાંણે આ જીવતાં થાએલાં લોકોમાંથી ભુંડા અને નેક આદમીઓ જુદા પડેછે અને તેઓની સાંમે ક્રાઇસટને તખત ઉપર બેસાડેલોછે, અને તેની પાસે તેની માં તથા સેંટ જંત અને ફરેસતાઓ હા થમાં "ક્રાસ" લઈને ઉભેલાછે. બારીઓનાં ઉપલા ભાગ ઉપર મોસીસ તથા એશાંનનાં પુતળાંછે, અને જે ભું ડા આદમીઓને શેહતાંન દોજખમાં લઈ જએ્યછે તેમને ક્રાઇશટ પોતાના પગ તળે ચાંપેછે. બારણાંઓની આસપાસ જે દીવાલછે તેની ઉપર કોતરેલાં ૨૪ ચીતારોછે, તેમાં બાર નેકી બતલાવનારા અને બાર બદી બ

બતલાવનારાછે. બારણાનાં એક ફરકાં ઉપર ક્રાઇસટની માંને દલગીરીમાં મોહડાં ઉપર બુરખા સાથે પાહેલી છે. દેવાલની ઉપર જે થાંબા આવેલાછે તેની ઉપર ક્રાઇસટનાં બાર ચેલાના પુતળાંછે. એ ઉપરાંત બાઈ બલ મધેનાં ઘણાંએક બનાવોનાં બયાનમાં તરેહવાર ચીતારો આ દેવળની ઈમારતનાં બાહેરનાં ભાગમાં પાડી આમાં આવીઆછે. એક ઠેકાંણે "જેડીઆક" ની બાર નીશાંનો તથા બારે મહીનાની ખેતીનાં કાંમની ની શાંનો પાડેલીછે. બીજી જગોએ આદમીની જીંદગી છ ભાગમાં વેંહેચી જુવાનીથી તે બુઢાપો આવે તાંહાં શુ ધીનાં ચીતારો પાડેલાછે. જે બીનાં સહમજવાને વાસતે આ ચીતારો પાડેલાછે, તે બીનાં ધીઆનમાં લીધા થી જારે આપણને તેમની મતલબ સહમજ પડેછે, તારે આપણને ઘણીએક ખુશાલી ઉતપંન થાએછે.

તરણ બારણાંની ઉપર જે પેહેલો માળ આવીઓછે તાંહાં એક ગીઆલરી કાહડીઆમાં આવીછે અને તે ગીઆલરી ઉપર ક્રાઇસટની માંનાં વડવાએ, જુડાનાં ૧૨ બાદશાહનાં પુતળાંછે. એ ગીઆલરી પછી જે બીજી ગીઆલરી આવેછે, તાંહાં મેરીનું ઘણુંજ ખુબસુરત અને મોટું પુતળુંછે અને તેની આસપાસ બે ફરે સતા હાથમાં રોશનીનાં ઝુંમર લેઈને ઉભેલાછે અને તેઓની જમણી અને ડાબી બાજુએ આઠમ તથા ઇવ નાં પુતળાંછે. એ દેવળની અંદર એક ઘણોજ મોટો ઘાંટછે, તેનું વજંન ૩૨૦૦૦ રતલછે, અને તેની હુંચોડીનું વજંન ૯૭૬ રતલછે. એ દેવળની અંદર જે ઘડીઆલછે તે પણ ઘણી કરાંમતનુંછે. તેમાં ચાલતા વખતની ટકોરી ઘાંટની મારફતે વજાડીઆમાં આવેછે. દીવાંનખાંનાંની અંદર ઘણુંજ ઉનદા કોતરકાંમ તથા ઘણુંજ નાંદર ચીતારોછે. બારીઓ કાચની અને ઘણીજ ખુબસુરતછે, અમે તેમાં ધરંમ આચારીઓ તથા બી જાએ્યોનાં રંગીન ચીતારો પાડેલાછે. એ દેવળ મધેના મોટા દીવાનખાંનાંની અંદર ૧૨૦ જબરદસત થાંબાછે, અને તેને ફરતી ગીઆલરી, ૨૯૭ થાંબલાની ઉપર આધાર રાખેછે. તેની જમીન સંગેમરમરનીછે અને આ સપાસની દીવાલ ઉપર ઘણાએક કીમતી ચીતારોછે. ગાએણની પેટી ઘણીજ મોટી અને કીમતીછે, તેની ઉં ચાઈ ૪૫ ફુટછે, પોહોળાઈ ૩૬ ફુટછે અને તેમાં ૩૪૮૪ નલીઓછે. જે ભાગને "કોએર" કરી કેહેછે, તે ઘણોજ ખુબસુરતછે. તાંહાંની બારીઓમાં પારીસના ૨૪ "આરચબીશપો" ની રંગીન કાચની સબીછે. એ એારડામાં એકના લાકડાંની કબટોછે તે મધે "રોમન કેથેલીક" લોકો પોતાનાં ધરમની કીરીઆમાં જે ઓજા રો વાપરેછે તે છે. એ ઓજારો ઘણાજ કીમતીછે, કેટલાએકની ઉપર સુનાંનો ઘોરછે, તથા કીમતી જહવે રાત જડેલુંછે. નેપોલીઅનને માંથે જારે તાજ મેલવામાં આવીઉ હતું, તે વેળાએ નવમાં પાયસ પોપે કસબી અને જડાવ તથા જહવેરાતનો જે પોશાક પેહેરીઓ હતો તે પણ અતરેછે. એબાદતગાહની જગો પણ ઘણીજ સણગારેલીછે.

પાંનથીઅન નામનું દેવળ પણ ઘણુંજ મોટુંછે. તેની અંદર ૧૩૦ અને બાહેર ૧૨૮ મલીને જુમલે ૨૫૮ થાંબાછે. તેની જુમલે ઉંચાઈ ૨૬૮ ફુટછે, અને તેનો ઘુંમજ જે ઘણો મોટોછે તાંહાં પોહોંચવાને વાસતે ૪૭૫ ફાંડીઆ ચહડવાં પડેછે. ઘુંમજની ઉપર જે ગોળોછે તેની ઉપર સોનેરી ઘોર ચહડાવેલોછે. આ દેવળમાં અંદર દાખલ થયા આગમચ જે મોટો ઓટલો આવેછે તેની ઉપર ૧૮ ફુટનાં ઘેરાવાના મોટાં થાં બાંછે અને તે થાંબાની ઉપર ઓટલાનાં માંથા ઉપર તરીકોણ આકારનાં જે દીવાલછે તેહની ઉપર કોતરી કાહડેલાં ઘણાજ સુંદર ચીતારોછે. ફરાનસનાં મુલકની આસપાસ તેનાં દેલાવર પેહેલવાંનો ઉભેલાછે, અને તેઓને ફરાનસ આબરૂ અને ઈતાંમ બખશેછે. ફરાનસનાં પુતળાંની જમની બાજુએ માલેશરબ, મીરાબો, વાલટેર, રાશો, લાફેટ, કારનટ, મોંતજ, માંનુએલ અને હેવીડની સબીઓછે, અને ડાબી બાજુએ દેશનાં લસ કરનાં સીપાહીઓ પાડેલાછે, અને તેમાં નેપોલીઅનને સઉથી આગેવાંન પાડેલોછે. ફરાનસનાં પગ આગળ તવારીખ તથા છુટાપણુ મોટાં અને દેલાવર આદમીઓનાં નાંમો નોંધેછે તથા તેઓને ઈતાંમ આપવાને વા સતે ફુલનાં હારો ગુંદેછે. દરવાજાની ઉપર કોતરેલાં જે ચીતારોછે તે અકલ, વીદીઆ, હુનર, ઇનસાફ અને

સ્વદેશ હીતકારીપણું બતાવેછે. એ દેવળની રોનક પણ નોટરડામનાં જેવી ઉંચી અને ખુબસુરતછે. ગુમ્બજનાં ટેકાવને વાસતે જે થાંબેાછે, તેની ઉપર સને ૧૮૩૦ નાં સાલનાં બળવામાં જેએા મરણ પાંમીઆ હતા, તેએાનાં સોનેરી રંગમાં નાંમ કોતરેલાંછે. એ ગુંમબજનાં સીલીંગનેા અંદરનેા ભાગ ૩૭૨૧ ચોરસ ફુટ છે, અને તે એવેાતેા ચતુરાઈથી રંગીને સણગારીઆમાં આવીએાછે કે, જે ધણીએ એ કાંમ કીધું હતું તેને તેની મેહેનતનાં બદલામાં પચાસ હજાર રૂપીઆ તથા ઉમરાવનેા એલકાબ મલીએા હતેા. અંદરની જમીન અવાર નવાર પથર અને સંગેમરમરની બનાંવેલીછે, પણ ગુંબજની નીચેની જમીન સઘળી સંગેમરમરતાં પથરનીછે. એબાદતગાહની જગા ઉપર ઘણેાજ કીમતી સણગાર કીધેલેાછે. એ દેવળની નીચે એક મેાટું ભેાંએરૂંછે તેમાં કેટલાએક નાંનીચા શખ્સેાની કબરેાછે. આ તથા પારીસનાં બીજાં દેવળેામાં કેાઈ ધરમની કીરીઆ થાતી હેાએછે, તારે ઈમારતની બુલંદી સાથે કીરીઆનાં દબદબાથી અજબ તરાંહનેા દેખાવ થઈ રેહે છે. પાદરીએા પેાતાનાં ચલકતા અને કસબી પેાશાકેા પેહરીને તાંહાં હાજર થાએછે, અને તેએાની સાથે ઉતરતેા પદવીનાં બીજા પાદરીએા તથા કેટણાએક શખ્સેાનુ ટેાળું હેાએછે. તેએા કીરીઆ કરતી વેળાએ આખાં દેવળમાં ફરેછે અને મેાટે અવાજે ભણેછે તથા ગાએછે, તે વખતે જેનારનાં મંન ઉપર એક અજબ તરાંહની અસર થાએછે.

બીજાં મેાટાં દેવળેાછે તેમનુ બયાંન કરવાનું મેાકુફ કરીએ છઈએ અને ફરેનચનાં ધરંમ ખાતાંનેા કેટલેાએક હેવાલ આપીએછે. સખાવત તથા ધરંમ કરવામાં ફરેનચની સરકાર તથા ફરેનચ લેાકેા કેવી રીતે બીજા દેશના લેાકેા કરતાં ઓછા નથી. ફરાનસમાં આપણે એકજ તરાંહનાં ધરમખાતાં જોતા નથી, પણ આદમી જાતનાં દુખનુ નીવારણ કરનારાં ભાંત ભાંતનાં ધરમખાતાંછે. પરજાને દવા તથા સારી સલાહ આપવાને કાબેલ વઈદેાનાં ઉપરીપણામાં ગણતરી વગરનાં દવાખાનાંછે. એ દવાખાનાં વીશે લંબાણથી બયાંન કરવાની અગત દીસતી નથી, એટલું કેહવાને બસછે, કે પારીસનાં દરએક જીલ્લામાં જેએાને જરૂર હેાએ તેમ્એાને મુફત દવા તથા સલાહ મલેછે, તથા જેએા દવાખાનાંમાં રાખવા જોગ હેાએ તેમ્એાને તાંહાં ઉતારેા પણ મલેછે.

પારીસમાં એક બીજી જાતનાં ધરમખાતાંછે તેમને "હાસપીસીસ" કરી કેહવામાં આવેછે, તેએાની મતલબ ઘણી સારીછે. એ ખાતાંએામાં ઘરડા મરદ તથા એારતેાની ઘણી મેહવજત લીધામાં આવેછે. હેવાં એક ખાતામાં ૮૧૫ ધેાલીઆછે, તેથી તેટલાં માંણસેા તાંહાં સમાઈ શકેછે. સાહઠ વરસની અંદરની વયેનાં આદમીને તાંહાં દાખલ કરીઆમાં આવતું નથી. આ ધરંમખાતાંમાં જેએા પેહલાં દાખલ થાએછે, તેએા પાસેથી એક રકંમ લીધામાં આવેછે, પણ પછી કાંઈ લીધામાં આવતું નથી. વધુમાં વધુ એક જુદાં જોડાં પાસેથી રૂપીઆ એક હજાર લીધામાં આવેછે.

"ફાંઉંડલીંગ હાસપીટાલ," એટલેજે જે બાળકેા હરાંમ ઈલતથી જનમીઆં હેાએ અને તેએાને તેમનાં માંબાપેા રાખી નહી શકે, તેવાં બાલકેાની પરવરસી કરવાનાં ધરમખાતાંછે. હાવાં ધરમખાતાં સઘળા મેાટાં શેહેરેામાં અગત કરીને રાખવાં જરૂરછે, કાંએજે તેથી ઘણુએક પરાંણેાનેા બંચાવ થાએછે. વળી જે બાળકેાનુ તેમનાં માંબાપેાથી પાળંણ નહી થાઈ શકતું હેાએ તેએાની પરવરસી કરીને ઉધારવાને વાસતે પણ ઘણાં એક ધરંમખાતાંછે. જોકે હીંઆ સઘળી રીતની સારી ગેાઠવણછે, તેાપણ આ વાત ચેાકસછે કે બાળકેાની ઉપર તેમનાં માંબાપના જેટલેા પીત્યાર બીજા કેાઈને કધી હેાતેા નથી, માટે જેએા ગરીબાઈને લીધે પેાતાનાં બાળકેાને ધરંમખાતાંમાં મેાકલવા માંગેછે, તેમને નાંણાની કાંઈએક મદદ આપી પેાતાનાંજ ઘરમાં રાખવાની ઉલટ આપેછે, અને તેથી ઘણુએક ગરીબ માંબાપેાને પેાતાનાં વાહલાં બાળકેાને પેાતાની નજર અને પેાતાની મેહનતથી ઉધારવાને બની આવેછે, તેથી આ ધરંમબી સારેા કેહવાએછે. જે બાળકેા વગર માંબાપનાં અને

નાંવારેસ હેાએ તેએાને પણ ઉપલાં ધરંમખાતાંએામાં દાખલ કરીઆમાં આવેછે. ફરાનસમાં સઘળાં મળી હાવાં ખાતાં ૧૫૨ છે. વળી જે માંબાપેા આજારી હેાએ અને પેાતાની માંદગીનાં વખત શુધી પેાતાનાં બાળકેા ની બરદાસત નહી લઈ શકે, તેટલી મુદત શુધી તે બાળકેાને રાખવાને વાસતે જુદાં ધરંમખાતાંછે. વલી ગરીબ લેાકેાને દીવસને વખતે પેાતાનાં ધંધા તથા મજુરીને લીધે રેાકાવું પડે, તેએાનાં બાળકેાને દીવસનેા વખત રાખવાને વાસતે પણ કેટલાંએક ધરંમખાતાંછે. સવારનાં તે બાળકેાને તાંહાં મેલીને, સાંહાંજનાં પાછાં લઈ જવામાં આવેછે.

વળી ગરીબ લેાકેા જેએા પેાતાનાં ઘરમાં રેહે પણ પુરતી રીતે પેાતાનુ ગુજરાંણ કરી શકતા નહી હેાએ, તેમ્એાને નાંણાની મદદ કરવાને વાસતે કેટલીએક મંડળીએા ઉભી થાએલીછે, અને એ કારણસર જે પુંજી થઈછે તેને વધારવાને વાસતે લેાકેા ઘણી મેહનત લીએછે. તવંગર મસતરીએા પેાતાનાં હાથની કારીગરીએા ની વસતુએા લીલાંઉ કરી વેચાવેછે, અને તેની જે ઉપજ થાએછે તે ઉપલી પુંજીમાં આપેછે. એ પુંજી વધારવાને વાસતે તરેહવાર યુકતીથી શેારતીએા પણ કાહાડીઆમાં આવેછે.

પારીસ શેહેરનાં બાર ભાગ કીધાછે, તે દરએક ભાગમાં ગરીબ લેાકેાનાં ગુજરાંણને સારૂ નાંણાની મદદ કરવાની તથા ખેારાકની વસતુએા તથા મુફત દવા અને સલાહ આપવાનાં ખાતાંછે, તેએાને સરકારની તરફથી પણ ઘણી સારી મદદછે. સઘળાં મલીને ફરાનસમાં હેવાં ખાતાં લગભગ તરણ હજારછે અને તેની વરસ દાહડાની આએપત (૨૭૦૦૦૦૦) સતાવીસ લાખ રૂપીઆની થાએછે અને ખરચ (૧૮૦૦૦૦૦) અઢાર લાખ રૂપીઆનેા થાએછે. વળી કેટલાંએક ધરંમખાતાં જે ગરીબ મસતરીએા હુનેલવાળી હેાએ તેમ્એાને મદદ કરવાનાંછે, તેમની પુંજીમાં લેાકેાની તરફથી વારેવાર વધારેા થાએછે. હાલનાં શાંહનશાહની રાંણીએ પેાતાનાં લગંનની વેળાએ એ ધરંમખાતાંમા ચીમ્માલીસ હજાર રૂપીઆ બખશેસ આપીઆ હતા.

મરદ તથા એારત, છેાકરા તથા છેાકરી, જેએા આંધળાં તથા બેહરાં હેાએ, તેમ્એાને વાસતે પણ ધરંમ ખાતાંછે, અને તાંહાં તે માંડા ભાએગનાં લેાકેાની ઘણીજ સારી બરદાસત લીધામાં આવેછે. જેએા બેહરાં તથા આંધળાં હેાએ, તેમ્એાને અચરત સરીખી રીતે કેળવણી આપીઆમાં આવેછે, તથા ઉદીએાગ કરવાને સીખાડીઆમાં આવેછે. હાવી કીસમનાં ધરંમખાતાંએાનુ વીગતવાર બયાંત ઈંગલંડનાં ભાગમાં આપીઆમાં આવનારછે, તેથી આ જગાએ તેમ કરવાનુ મેાકુફ કરીએછે, કાંએજે ફરાનસ તથા ઈંગલંડના આ ધરંમખાતાં ઘણા ખરાં એકજ કાએદાથી ચાલેછે, તેાપણ આંધળાં બાળકેાની એક નીશાલ વીશે હીંઆં થેાડુંએક લખીએછે. જે ખાતાંનુ બયાંન નીચે આવેછે તેની ઈમારત અને તેને લગતેા ભાગ જુમલે ૪૦૦૦ ચોરસ ફુટ જગા રેાકે છે, અને તે ઈમારત બાંધવા પછવાડે (૭૦૦૦૦૦) સાત લાખ રૂપીઆનેા ખરચ થયેા હતેા. આંધળા મરદેાને બરશ બનાંવવાનું તથા વણવાનુ તથા ટોપલી બનાંવવાનું કામ શીખવીઆમાં આવેછે. જેએા આંધળા હેાએ છે, તેએાનેા ગાએણ ઉપર ઘણેા શેાક હેાએછે, તે ઉપરથી તે બાબદમાં તેએા ઘણી મેહેતગારી મેલવેછે, અને ઘણુએક જોતાં તથા સાંભલતા ગાણારાએાનાં કરતાં હાવાં ખાતાં મલેતા આંધળાંએા ઘણુજ વધારે સારૂં વજાડી તથા ગાઈ જાણેછે. તેમનાં સીખવનારા પણ આંધળાજ હેાએછે. એ આંધળાએાએ પેાતાનાં ખાતાંમાં એક છાપાખાંનુ સથાપીઉંછે, અને તાંહાં છપાતી ચોપડીએા શીહાઈથી છપાતી નથી પણ અણીદાર ડીબાંથી કાગલની ઉપર દસકત ઉકાડીઆમાં આવેછે, કે જે ઉકાવ ઉપર તેએા પેાતાનેા હાથ લગાડી પારખી શકે કે આ દસકત કહેએા છે. એ છાપાખાંનાંમાં છાપનારા તથા ડીબાં જોડનારાએા સઘળા આંધળાજ હેાએછે. વળી તે સાથે દરએક જણ પાસે પેાતાનાં હાથનાં નખ અથવા કેાઈ અણીદાર વસતુથી કાગલ ઉપર ઉકાવ કરેલા દસકતની ચોપડી હેાએછે. આ પરમાંણે લખવાની રીત શેાધી કાહડવાનું માંન તે ખાતાંના શીખસાગુરૂ મેાશીએા લુઈ બરેલને ઘટેછે. એ ઘણી આંધળેા જનમીએા હતેા અને તેજ હાલતમાં મરણ પાંમીએા હતેા. હશા

બ કરવામાં પણ તેઓમાંનાં ઘણાએક ધણીજ ચાલાકી બતાવેછે. એ ખાતાંમાં જેઓ કેળવણી લીએછે તેઓ ની દર મહીનાંનાં સણવારને દીને પરીખશા લીધામાં આવેછે, તાંહાં પારકા શબ્દોને ચીડીથી દાખલ કરી આમાં આવેછે, અને તેઓનો અભીઆશ જારે આપણે જોઇએ તારે આપણને અચરતી ઉપજેછે, કે જે ઓ કાંને બેહરા અને આંખે આંધળાછે, તેઓ આટલી મહેતગારી કેમ મેલવી શકેછે, અને શીખવવાની રી ત અને શીખસા ગુરૂઓની તરબીઅત ઉપર આફરીન કરીઆ વગર આપણાથી રેહવાતું નથી. હવે એક બી જાં નાંમીચાં ધરમખાતાંનો હેવાલ આપી આ બાબદ બંધ કરીએછે, અને ઉપર જે કાંઇ હમોએ લખીઉછે તે જાંણીઆથી વાંચનારાઓ ફરેનચોની સખાવત વીશે ઉંચુ મત ધરાવીઆ વગર રેહેશે નહી.

ફરાનસનાં લોકો પોતાની હીમત અને દેલાવરી વીશે વખણાએલાછે. તેઓ સીપાહીગરીનો ધંધો ઘણેજ માંન ભરેલો સહમજેછે, અને સરકારની તરફથી બીજી રઇએતનાં કરતાં કેટલીએક બાબદોમાં વધારે હક પણ ધરાવેછે. સીપાહીઓનાં ખપની ગાંમમાં કોઇ વસતુનો ભાવ વધતો હોએ, તોપણ સરકા રની તરફથી તેઓને તે વસતુ કીફાએતથી પોંહોચતી કરીઆમાં આવેછે. જાંહાંસુધી તે સીપાહીઓ ચાક રી કરવાને શકતીવાંત હોએ, તાંહાંસુધી તેમને ફાએદા મલેછે એટલુંજ નહી, પણ જેઓ પોતાનાં દેશની ચા કરીમાં અશકત થયા હોએ, તેઓને સારી હાલતમાં રાખવાને તથા તેઓની બરદાસત કરવાને જે ગોઠવણ કરવામાં આવીછે, તે ખરેખર વખાંણવા જોગછે. પારીસમાં "હોટેલ ડી ઇનવાલીડ" નાંમની મેહેલ જેવી ૬૧૨ ફુટ લાંબી અને ચાર માંળની ઘણી સરસ બાંધણીની એક મોટી ઈમારતછે, તાંહાં સરકારને ખરચે અ શકત સીપાહીઓને રાખીઆમાં આવેછે. એ ઈમારતનાં મથાળાં ઉપર એક મોટો ગુંબજ કાહાડીઆમાં આવીએાછે, અને તે ગુંબજની ઉપર એક મોટો થાંભોછે, અને તેની ઉપર પુરથવીનાં આકારનો ગોળ દડો અને "ક્રાસ" છે. જમીનથી તે "ક્રાશ" ની ઉંચાઈ ૩૨૩ ફુટછે.

આ ખાતાં ઉપર લડાઇ ખાતાંનાં પરધાંનનો હુકમ ચાલેછે, અને તેનાં સઘળા કારોબાર ઉપર ઉપરી પણ રાખવાને કીંજે કેટલાએક લસકરી અમલદારોની સભા ઠેરવેલીછે. જે સીપાહીઓએ સરકારની ચાકરી માં ૩૦ વરસ ગુજારીઆં હોએછે, ઈઆ લડાઈમાં થએલા જખમથી અશકત થયા હોએ, તેઓને આ ખા તાંનો લાભ આપીઆમાં આવેછે. ગયાં વરસમાં તેમાં કેટલાએક અમલદારો સુધાં ૩૩૦૦ આદમી હતાં, પ ણ ૫૦૦૦, આદમી સગવડથી સમાઈ શકે એટલી તાંહાં જગોછે. તેમને રેહવાનું, ખાવાનું, તથા પેહરવાનું સઘળું તાંહાંજ મલેછે. આ મોટું ટોલું એક વખતે ખાઈ શકે નહી તેથી તરણ ભાગ કરી તેમને વારાફરતી જમાડવામાં આવેછે. એવોનું ભોજંન ઘણુ સુતરૂં અને સારૂં હોએછે. નાંસતા ઉપર સીપાહીઓને રોટલી, સે રવો, ગાએનું ગોસત તથા ભાજી તરકારી, અને સાંહાંજનાં ખાંણા ઉપર રોટલી, બકરાંનુ ગોસત, બેદાં અને ભાજી તરકારી, તથા દર સુકરવારે પનીર આપીઆમાં આવેછે. ગોસતનો લવાજમ દરએક આદમીનો ૦૧, રતલનોછે, અને દરએક ખાંણાની વખતે તેઓને એક મોટું ટંબલર ભરીને દારૂ મલેછે. અમલદારો અને સીપાહીઓનાં ખાંણા વચે જાહજે ફરક નથી, ઘણીખરી ચીજે બંધેને વાસતે એકજ રીતની હોએછે, માતરે અ મલદારોને વધારે વાંણી મલેછે. દરએક આદમીને જુદો ટોલીઓ અને બીછાંનું તથા તેનાં કપડાં મેલવાને વા સતે જુદી કબટ આપીછે. તેઓ પોતાની સુવાની જગો ઘણી સાફ રાખેછે. જેઓ આ ધરંમખાતું જોવા જા એછે, તેઓને એવી ભળામણ કરવામાં આવેછે કે જે વખત તે સીપાહીઓનો ખાવાનો વખત હોએ તે વ ખતે જવું, કાંએજે તેઓની ટેબલ ઉપર કેવું સારૂં અને સુતરૂં ખાંણુ મેલીઆમાં આવેછે, તથા તે બુટ અ ને નાતવાંનોની કેવી બરદાસત થાએછે તથા સઘળાઓ કેવા સલુકાઈ અને આદરમાંનથી ભોજંન લેછે, તે જોવાને બની આવે. ખાંણુ ખાવાનાં મોટા ઓરડા તરંણછે અને દરએક ઓરડાની લંબાઈ ૧૫૦ ફુટ અ ને પોંહોલાઈ ૨૪ ફુટછે. જેઓ ગોસત નહી ખાતા હોએ અથવા દારૂ નહી પીતા હોએ, તેઓને તેનાં બદ

લામાં તેટલું નાણુ આપીઆમાં આવેછે; જેઓનાં પગ લડાઈમાં જખમ બાધાથી કપાઈ ગયા હોએછે, તેઓને જોડાને બદલે નાણુ આપીઆમાં આવેછે. એ પરમાણેની સરકારની સખાવતથી તાંહાંનાં સીપાહીઓ ઘણાજ સુખી હાલતમાંછે. અલબતાં એથી કરીને સરકારનેજ ફાએદોછે, કાંએજે જે સરકારમાં પોતાનાં જુનાં અને વફાદાર ચાકરોની પાછલા દાહાડામાં આ પરમાણે બરદાસત અને મહાવજત લીધામાં આવેછે, તે સરકારની ચાકરી ઘણી દીઆંનતદારીથી અને હીંમતથી કરવાને તે ચાકરો કદી ખલલ કરે નહી.

પણ આ બુઢા અને નાંતવાંત સીપાહીઓને અતરે ખાવાનું, પેહરવાનું, તથા સુવાનું મલેછે, એટલુંજ નહી, પણ જેઓને પુસતકો તથા વરતમાન પતરો વાંચવાની શકતી તથા શોક હોએછે, તેઓને વાસતે એ ખાતાંની સાથે ૧૭૦૦૦ ચોપડીઓનું એક પુસતકખાનું પણછે. તેઓએ પોતાનો જનમ સીપાહીગરીમાં અ ને લડાઈમાં કાહાડેલો હોએછે, તેથી તેમની ગમતને વાસતે આ ખાતાંનાં ઘણાએક ઓરડામાં નાંમીચી લડા ઈઓનાં તથા કીલ્લાઓનાં ચીતાર તથા નાંમીચા અમલદારોની સભીઓછે. જેમ પાદશાહી મેહલોની આસપા સ બાગ હોએછે, તેમ બુઢા તથા નાંતવાંત સીપાહીઓને ફરવા હરવાને સારૂ ૧૪૪૦ ફુટ લાંબો અને ૭૨૦ ફુટ પોંહોળો બાગ બનાંવેલોછે, અને તે બાગની અંદર કેટલાએક નાંમીચા અમલદારોનાં પુતળાંછે. આ ઉપરાંત પારીસમાં બીજાં ઘણાએક નાંમીચા અને વખાંણવા જોગ ધરંમખાતાંછે, પણ તે સઘળાનું બયાંન હીંયાં થાઈ શકતું નથી. એ ખાતાંઓની સઘળી ગોઠવંણ ફરાનસનાં મોટા રાજને લાએકનીછે. હાલનો શાહાંનશાહ હે વાં ખાતાંઓનો લાભ જેમ બને તેમ વધતા લોકોને પોંહોચે તેમ કરવામાં તથા પોતાની ગરીબ રઇએતને દુખ માંથી ટાળવાનાં એલાજ કરવામાં હંમેશાં ઇનતેજારછે.

પ્રકરણ ૯ મું.

પારીસ—વસતી, આએપત, ખરચ, ઇતીઆદી.

વસતી. આએપત—જમીન, ઘરો તથા તે બધેનાં સાંમાન તથા પારીએા તથા તેઓનાં ભાડાં ઊપરનો કર. ખરચ—કરજનુ પી આજ, આએપત વસુલ કરવાનો, કેળવણી ખાતાંનો, દેવળોનો, લશકરી ખાતાંનો, જાહેર કાંમોનો, દવાઇ તથા બીજાં ઘરં ચ ખાતાંનો, પુસતકખાંનાં તથા હુંનરનાં કારખાનાંનો, તથા પોલીસ ખાતાંનો ખરચ. પારીસમાં ચાલતા ધંધા તથા કાર ખાંનાં—ટેપીસટરીનાં ભરતનું કારખાંનું—કોરી તથા ચીનીકાંમનું કારખાંનું. જુદી જુદી જનસોનો ખપ—પારીસમાં પાં ણી ખેાહચતું કરવાનાં ઊપાયો—ગરેનેલનો ઊંડો કુએા—રસતા, ગેાલ્લા તથા ઘરોની ગણતરી, તથા તેમને સોભાઇ તા આપવા સાર રાખવાનાં ઊપાયો—રોયની—લોકોડાંની સડકો—ગાંહનયાહની ગાડી—ભાડુતી ગાડીએા—પોસટ આ ફીસ—બજારો.

પારીસ શેહેરની વસતી આજ ચારશો વરસ થયાં વધતી આવીછે. ૧૪૭૪ નાં સાલમાં એ શેહેરની વસતી (૧૫૦૦૦૦) એક લાખ, પચાસ હજાર આદમીની હતી; ૧૭૧૦ માં (૪૯૦૦૦૦) ચાર લાખ, નેવું હ જાર; ૧૭૯૮ માં (૬૪૦૦૦૦) છ લાખ, ચોંચાલીસ હજાર; ૧૮૦૨ માં (૬૭૨૦૦૦) છ લાખ, બેાંતેર હજા ર; ૧૮૨૭ માં (૭૧૩૯૬૬) સાત લાખ, તેર હજાર, નવશો છાસઠ; ૧૮૨૭ માં (૮૯૦૪૩૧) આઠ લાખ, નેવું હજાર, ચારશો એકતીસ; ૧૮૩૬ માં (૯૦૯૧૨૬) નવ લાખ, નવ હજાર, એકશો છવીસ; અને ૧૮૫૬ માં (૧૧૭૪૩૪૬) અગીઆર લાખ, ચુંમોતેર હજાર, તરણશો છેંતાલીસ આદમીની વસતી હતી. એ ઉપરથી જોયામાં આવશે કે, ચારશો વરસની અંદર એ શેહેરની વસતી સાત ગણી વધી હતી. * આ વસતીમાંનાં અરધા અરધ મનજરુશેછે, અને બાકીનાં ધંધાથી તથા પોતાની બીજી આએપતથી ગુજરાંત કરેછે.

પારીસ શેહેરની કુલે આએપત, તારીખ ૩૧ મી મારચ ૧૮૫૫ ને દંને આખેર થાએલાં વરસનાં (૩૫૮૩૧૭૫) તરણ કરોડ, અડાવંણ લાખ, એકતીસ હજાર, સાતશો પંદર રૂપીઆની થાઈ હતી; તથા જા હેર કાંમોને વાસતે (૧૦૩૬૩૩૮૨) એક કરોડ, તરંણ લાખ, તેંહસટ હજાર, તરણશો બીઆસી રૂપીઆ "લોં ન" નીમે મારફતે કહડાવીઆમાં આવીઆ હતા. એ બધે જમીન ઉપરનાં કરનાં (૩૨૦૦૦૦૦) બતરીસ લા ખ, તથા ઘરેા અને તે બધેનાં સાંમાન ઉપર લેતા કરેલા કરનાં (૧૭૨૦૦૦૦) સતર લાખ, વીસ હજાર રૂપી આ ઉઘરાજ્યા હતા. પારીસમાં ઘરની બારીએા દીઠ કર લીધામાં આવેછે, અને તેની ઉપજનાં ઉપલાં વરસ માં (૨૦૪૦૦૦૦) એક લાખ, ચોંચાલીસ હજાર રૂપીઆ વસુલ થયા હતા. ઘર તથા તે બધેનાં સાંમાન ઉપ

* ફરાનસની કુલ વસતી લગભગ (૩૬૦૦૦૦૦૦) તરણ કરોડ સાહાઠ લાખ આદમીની જણાવીઆમાં આવીછે, અને તે નીચે જણાવીઆ પરમાણે વેહેચાએલીછે. ખેતીવાડીના ધંધામાં રોકાએલા (૨૦૩૫૧૬૨૮) બે કરોડ, તરણ લાખ, બે કાવન હજાર, છશો અડાવીસ; કારખાનાં વાળાએા (૨૦૬૪૩૭૧) બીસ લાખ, ચોરાંણું હજાર, તરણસો એકોતેર; કારીગરો (૭૮૧૦૭૪૪) ઇકોતેર લાખ, દસ હજાર, એકશો ચુંમાલીસ; વેપારી, વકેદ, વકીલ અને બીદીઆવાનો મલી (૨૬૬૧૦૨૬) ઓગણસ્યોઆલીસ લાખ, એકાંણું હજાર, છવીસ; ઘરનાં ચાકરો (૭૫૫૫૦૫) સાત લાખ, પંચાવન હજાર, પાંનસો પાંચ; પ રચુગણ (૭૮૦૪૬૬) સાત લાખ, બેંસી હજાર, ચારસો છનું.

૨ જે કર લીધામાં આવેછે તે નીચે જણાવેલા કાએદા પરમાણે હોએછે. જેએા વરસ દાહડે ૯૯ રૂપીઆ અથવા તે રકંમથી ઓછાં ભાડાંનાં ઘરમાં રેહેતા હોએ, તેઓની પાસેથી કશું લીધામાં આવતું નથી. ૧૦૦ થી ૧૯૯ રૂપીઆનાં ભાડાંનાં ઘરમાં જેએા રેહતા હોએ, તેઓની પાસેથી તે ભાડાંની રકમ ઉપર સેંકડે ત રણ ટકા લીધામાં આવછે; ૨૦૦ થી ૩૯૯ રૂપીઆનાં ભાડાં ઉપર સેંકડે પાંચ ટકા; ૪૦૦ થી તે ૫૯૯ રૂપીઆના ભાડાં ઉપર સાત ટકા; અને ૬૦૦ રૂપીઆ અથવા તેથી વધતાં ભાડાં ઉપર સેંકડે નવ ટકા લી ધામાં આવેછે.

ઉપર જણાવેલાં વરસમાં કુલ ખરચ (૨૫૮૦૦૮૬) બે કરોડ અઠાવંન લાખ, બેંસી હજાર, છીઆ સી રૂપીઆ થયો હતો. એ ખરચની વીગત જાંણવા જોગછે. સરકારનાં કરજનાં વીઆજનાં (૪૮૬૨૫૯૭) ઉરતાલીસ લાખ, બાસટ હજાર, પાંચશો સતાંનુ રૂપીઆ; આએપત વસુલ કરવાનાં તથા આદમીઓનાં પગાર નાં (૧૪૮૧૪૯૨) ચઉદ લાખ, એકોઆસી હજાર, ચારશો બાંનુ રૂપીઆ; કેળવણી ખાતાંનાં (૫૯૩૬૮૭) પાં ચ લાખ, તાંનુ હજાર, છશો સીતીઆસી રૂપીઆ; દેવળો પછવાડે (૩૯૫૧૬) ઓગનચીઆલીસ હજાર, પાં ચશો સોલ રૂપીઆ; લશકરી ખાતાંનાં (૨૮૬૭૨૮) બે લાખ, છીઆસી હજાર સાતશો અઠાવીસ રૂપીઆ; જાહેર ઈમારતોની મરાંમતનાં (૧૬૭૭૭૩૧) સોલ લાખ, સીતોતેર હજાર, સાતશો એકતીસ રૂપીઆ; દવા ઇ તથા બીજાં ઘરમખાતાંઓનાં (૨૫૯૧૨૬૦) પચીસ લાખ, એકાંનુ હજાર, બશો સાહાઠ રૂપીઆ; પુસતક ખાનાં, ફરવાની જગાઓ, અને હુંનરનાં કાંમો પછવાડે (૧૧૮૮૮૮) એક લાખ, અઠાર, હજાર, આઠશો ઇ ઠીઆસી રૂપીઆ; જાહેર તેહવારોનાં (૩૬૧૧૩૨) તરણ લાખ, એકસટ હજાર, એકશો બતરીસ રૂપીઆ; પેા લીસ ખાતાંનાં (૩૮૫૧૭૨૯) આરતીસ લાખ, એકાવંન હજાર સાતશો ઓગનતીસ રૂપીઆ; અને નવાં જા હેરકાંમોનાં (૫૨૭૦૮૪૨) બાવન લાખ, સીતેર હજાર, બ્યાઠશો બેંતાલીસ રૂપીઆ થયા હતા.

પારીસની "ચેમબર આવ કાંમરસે" સને ૧૮૫૧ નાં વરસમાં જે પુછપરછ તથા તપાસ કીધી હતી તે ઉપરથી હેવું માલુમ પડીઉં હતું કે, તે વરસમાં પારીસમાં સધળા મલીને ૩૨૫ જાતનાં ધંધા ચાલતા હતા, તેમાં (૬૫૦૦૦) પાંસઠ હજાર શેઠો અથવા માલેકો, (૨૦૫૦૦૦) બે લાખ, પાંચ હજાર, મનજરો, (૧૧૨૮૦૦) એ ક લાખ, બાર હજાર, આઠશો અસતરીઓ, (૧૬૬૦૦) સોલ હજાર છશો છોકરા અને (૭૭૦૦) સાત હજા ર સાતસો છોકરીઓ ગુતેલી હતી. ઉપલા ધંધા બધેથી મોટી સંખીઆ પોશાક અથવા પેહરવાનાં કપડાં બના વનારાઓની હતી, અને તેઓએ તે વરસમાં (૧૦૦૦૦૦૦૦) દસ કરોડ રૂપીઆનો માલ વેચીઓ હતો, ત થા એજ વરસમાં બાધ ખોરાકની (૯૦૦૦૦૦૦૦) નવ કરોડ રૂપીઆની વસતુઓનો ખપ થયો હતો. ચીતા ર તથા હુનરનાં ધંધાદારીઓએ (૬૦૦૦૦૦૦) છ કરોડ તથા સધળી જાતનો સાંમાંન બનાંવનારા (૫૧૦૦૦૦) પાંચ લાખ દસ હજાર રૂપીઆનો માલ વેચીઓ હતો. જહવેરાતનો (૩૩૦૦૦૦૦) તરણ કરોડ તીસ લા ખ, કાંસાની બનાંવેલી વસતુઓનો (૮૦૦૦૦૦૦) હેંસી લાખ, ટોપલી તથા બીજા નાંધલા ધંધાની ચીજોનો (૮૦૦૦૦૦૦) હેંસી લાખ; ટોપીઓનો, (૬૪૦૦૦૦૦) ચોસટ લાખ, અને હાથમાં પેહરવાનાં મોજાંનો (૬૦૦૦૦૦૦) શાહાઠ લાખ રૂપીઆની કીમતનો માલ ખપીઓ હતો. એ ઉપરથી આપણને પારીસનાં દર વરસના ખપનો અમરસટો સારી પડે મળેછે.

પારીસમાં સરકારને ખરચે ચાલનારા મોટાં કારખાનાં તરણછે, તેમાં એક (ટેપીસટરી) ઉંન તથા રેશમનાં ભરતનું તથા ગાલીચા બનાવવાનું; બીજું કોરી તથા ચીની કાંમનાં વાસણો બનાવવાનું, અને તરીજું તંબાકુ તથા તપકીર બનાવવાનુંછે. પેહલાં બે કારખાંનાં બધેનો સાંમાન સરકારનાજ કાંમમાં આવેછે, બજારમાં તેનો કશો ખપ થાતો નથી, પણ તરીજાં કારખાનાંમાં જે માલ બનેચ, તેનાં વેચાંણથી સરકારને દર વરસે (૫૬૦૦૦૦૦) પાંચ કરોડ સાહાઠ લાખ રૂપીઆની ઉપજ થાએછે. ૯૯૯ કારખાંનાં શોએ, દોરા, કાટલાં, ફીત ઇતીઆદી

સાંમાનનાંછે, શાલ બનાવવાનાં તથા વણકરનાં ૭૫૨ સાલેછે, પેહરવાનાં કપડાં સીવવાનાં ૮૭૯; ટોપીએા બ નાવવાનાં ૬૪૪; લાકડાંના સાંમાન બનાવવાનાં ૧૯૧૫; દીવાલ ઉપર ચોહોટાડવાના કાગલો બનાવવાનાં ૧૪૧; આરસી બનાવવાનાં ૧૨૦; અને ધોર ગ્રહડાવવાનાં ૪૨૦ કારખાનાંછે; તથા તઈઆર કરેલાં પેહરવાનાં કપડાં ની ૨૨૫ દુકાંનોછે; તથા દોરડાં તથા જાડાં કપડાં બનાવનારા ૬૫૩; કોતરકાંમ કરનારા ૨૨૨; અને ઘર ભા ડી આપનારા ૫૧૯ શખ્સોછે. પારીસમાં ૬૦૦ ભઠીઆરા * ૫૦૦ ખાતકી તથા ૧૭૨૦ "રેશટોરાં" (જમ વાની જગો) અને ૩૧૮૨ દારૂનાં દુકાંનોછે.

ઉપર જણાવેલાં પેહલાં બે કારખાનાંનો હેવાલ કીમતી જાણી અતરે પરગટ કરીએછે. ટેપીસટરી નાં ભરતનાં ચીતારો તથા ગાલીચા બતાવવાનું જે કારખાનુંછે તે ખરેખર જોવા લાએકછે. એ કાખાનાં રમાં જે કીમતી કાંમ કરવામાં આવેછે, તેની કીમત કેકત પાદશાહોજ આપી શકેછે, કાંએજે જે મેહે નત અને ખરચ તાંહાંનો માલ ઉતપત કરવામાં થાએછે, તે પરમાણેનાં ભાવની વસતુઓનાં ખરીદદાર ખા નગી લોકોમાંથી મલવા મુશકેલછે. મુસાફરને પેહેલાં પાંચ ઓરડામાં લઈ જવામાં આવેછે, તાંહાં ટેપીસટરી નાં ઉંચાં ચીતારો તથા નાંનીયા ગાલીચાઓનો સંગરહછે. પેહેલા ફરાંસીસ, અઉદમાં અને પંદરમાં લુઈ પાદ શાહનાં વખતનાં ચીતારો તથા ગાલીચાઓ આ જગે આપણા જોવામાં આવેછે. તારપછી આપણને બીજા ૬ ઓરડામાં લઈ જવામાં આવેછે, કે જાંહાં કારીગરો તે ચીતારો ભરવામાં ગુતેલા હોએછે. તેઓ જે કાંમ કરેછે તે જોયાથી આપણને ઘણી અચરતી ઉપજેછે. એવાં કાંમનાં ચીતારો હીંદુસથાનમાં જાહજા જોવામાં આવતા નથી, તેથી તે વીશે વાંચનારાઓને ખીઆલ આવવાને વાસતે આટલું કેહેવું જરૂર દીસેછે કે, જેમ "બરલીન ઉલ" માં ભરતનું કાંમ કરીઆમાં આવેછે તેમ જીહણા કનતાંનની ઉપર રેશમ અથવા ઉનનાં ભરત થી આદમીની સબીઓ તથા નાંનીયા બનાવનાં ચીતારો ભરીઆમાં આવેછે. એ ચીતારો લંબાઈમાં ૧૦ ફી ટ અને પોહલાઈમાં ૬ ફીટ શુધી હોએછે. આ ભરતનાં કાંમમાં અચરત સરીખું એછેજે, ભરનાર પોતે જે ચીતાર ભરતો હોએ, તેની ઉલટી બાજુએ તે બેસીને ભરેછે, અને કનતાંત ઉપર રંગની પાહેલી જે સબીનાં નમુ નાં ઉપરથી તે ભરતો હોએ, તેને પોતાની પીઠે રાખેછે. તેનાં ભરતનાં ચીતારની સવલી બાજુ તેનાં દીઠામાં આવતીજ નથી, તોપણ તે બાજુ બરોબર સાફ અથવા જેવી જોઈએ તેવીજ આવીછેકે નહી, તે તેને ઉલટી બાજુએથીજ માલુમ પડેછે. ઉંન તથા રેશમનાં જે દોરા આ કાંમને વાસતે જોઈએછે તે એટલીતો ભાંત ભાં તનાં રંગનાં હોએછે, કે જે રંગીન ચીતારના નમુનાં ઉપરથી ભરીઆમાં આવતું હોએ, તેનાં રંગમાં અને આ ભરતનાં રંગમાં કશો ફરક રેહેતો નથી.

આજ કારખાનાંમાં ઉંચા ગાલીચાઓ પણ હાથથીજ ભરીઆમાં આવેછે. કારીગર નમુનો પોતાથી કેટલોએક દુર મેલેછે, અને પછી તે ગાલીચો ગુંદેછે. જે ગાલીચા હીંઆં બનાવીઆમાં આવેછે તે સફાઈ, રંગ, અને તરાંહમાં "પરશીઅન" ગાલીચાઓનાં કરતાં વધારે સરસ વખણાએછે. વખતે એક ગાલીચો બ નાવવામાં પાંચથી તે દસ વરસ લાગેછે, અને તેવા ગાલીચાની કીમત (૨૫૦૦૦) પચીસ હજારથીતે (૭૫૦૦૦) પંચોતેર હજાર રૂપીઆ શુધીની થાએછે. સઉથી મોટામાં મોટો ગાલીચો જે આ કારખાનાંમાં બનાવીઆમાં આવીઓછે, તે બોંહોતેર ફકકાનોછે, અને તેની કુલ લંબાઈ ૧૩૦૦ ફીટનીછે. એ ગાલીચો લુવર નાં મેહલમાંછે. ઉપર જણાવેલી બંધે જાતની વસતુઓ બનાવવાનાં કાંમમાં આ કારખાનાંમાં જુમલે ૧૨૦ આદમી દરરોજ કાંમે લાગેછે. દરએક જણનો પગાર દર મહીને ૪૦ થીતે ૮૦ રૂપીઆ શુધીનાછે, અને થે ડવેલાં વરસ શુધી ચાકરી કરીઆ પછી તેઓને બેહો મુશારો મલેછે. એ કારખાનાંમાં જે માલ બનેછે તે સર

* શેહેરમાં ભઠીઆરાની સંખ્યીઆ કેરવવાનું શરકારનાં હાથમાંછે, અને આટો તથા પાંણિ વેચવાની કીમત પણ શર કાર કેરવે તે પરમાણે લીધામાં આવેછે.

કારી મેહલોને વાસતેજ કાંમ લાગેછે. પાદશાહાને રેહવાનાં તથા બીજા મેહેલોમાં ટેપીસટરીનાં ચીતારો આપણે હમેશાં જોઈએછે. રંગેલાં ચીતારો લાંબી મુદત થયા પછી જાંહાખાં થઈ જાએછે, તેમ ટેપીસટરીનાં થતાં નથી, માંટે હમણા નાંમીચા શખ્સોની સબીઓ ભરાવીને મેહેલોમાં મેલવાનું વધારે પસંદ કરવામાં આવેછે †. ચી તારો ભરવામાં તથા ગાલીચા વણવામાં જે ઉંન કાંમ આવેછે, તે પણ એજ કારખાનાંમાં રંગેછે. રંગવાનાં કાંમ માં રશાએણ શાસતર કેટલું ઉપીએાગીછે તે વીશે અતરે દર વરસે ભાશાણે પણ થાએછે, તે સાંભળવાને તે હુંનરનાં કારીગરોની ભારે ઠઠ મલેછે. જેઓ પારીસ જાએ તેઓને, આ કારખાનું તથા એક બીજું જેનું વરણ ન નીચે કરીએછે તે જોવા જવાને હુંશે મજબુત ભળાંમણ કરીએછે.

પારીસથી આસરે ચાર માઈલની વેગળાઈએ કોરી કાંમનાં વાસણો તથા બીજે તરેહવાર સાંમાન બ નાવવાનું એક ઘણુજ નાંમીચું કારખાનું સરકારનાં હસતકમાંછે તે જોવા જવાને મુસાફરોને છુટછે. આ કાર ખાનાંનાં તરણ ભાગ કીધેલાછે. એક ભાગમાં એ કારખાનાંમાં બનાવેલા સઘળો સાંમાન મેલેલોછે, બીજા ભા ગમાં અસલનાં તથા હમણાનાં જમાનાંનાં તથા દેશે દેશનાં ઉંચા કોરી કાંમનાં વાસણોનો સંગરહછે, અને ત રીજા ભાગમાં, આ કારખાનાંમાં બનતી વસતુઓ કેહવા હુથીઆર તથા પદારથોથી બનેછે, તેનો મોટો જથો છે. ઉંચા કોરી કાંમની વસતુઓ બનાવવાનો હુનર આ કારખાનાંમાં પુરણ હાલત ઉપર આવીએાછે, તે પે હેલા ભાગનાં છ ઓરડામાં મેલેલી તરેહવાર વસતુઓ જોયાથી આપણી ખાતરી થાએછે. ચાહે પીવાનાં ત થા ખાંણુ ખાવાનાં વાસણોનાં જે સટ હીંઆં જોવાને વાસતે મેલેલાછે તે એવાતો રોનકદાર અને કીમતીછે, કે દરએક સટની કીમત ૨૦૦૦ થીતે ૬૦૦૦ રૂપીઆ શુધીની ગણાએછે. એ ઓરડાઓમાં કોરી કાંમના રે નકદાર સોભતાં વાસણો તથા ટેબલોછે. એ ટેબલોની ઉપર ખુબસુરત રંગથી એવાંતો નાંદર ચીતારો પાહેલાં છે, કે તેમાંની કેટલીએકની કીમત સોલ હજાર રૂપીઆ શુધીનીછે. એક મોટાં વાસણ ઉપર એવીતો સા રી કારીગરી હતી, કે તેની કીમત ચાર હજાર રૂપીઆની હતી. પણ આ કારખાનું જોવા જનારને અગત કરીને કોરી કાંમનાં તકતા ઉપર જે સબીઓ પાડવામાં આવીછે તે જોયાથી ઘણી અચરતી ઉપજેછે. એ સબીનાં તક તાઓ હડી ફુટ લાંબા અને તરણ ફુટ પોહોળાછે, અને તેની ઉપર પાહેલી તસવીરોના રંગ એવોતો બરાબર અને બારીકછે, કે તેવો રંગ કનતાન ઉપર આવી શકે નહી. આ સબીની કીમત ૧૦ હજારથી તે ૧૬ હજા ર રૂપીઆ શુધીનીછે. આ ઓરડાઓમાં રંગીન કાચોનાં જે નમુનાંછે, તે પણ જોવા લાએકછે.

બીજા માળ ઉપરનાં બાર ઓરડામાં ઉપલી જાતની વસતુઓનું મોટું સંગરહસથાંન બનાવેલુંછે. હીંઆં ચીની કાંમનાં ઘણાએક વાસણો તથા તે વાસણો કેહવી વસતુઓથી બનેછે તેનાં નમુનાંછે, તથા આ કારખા નું ઉલું કરવામાં આવીઉંછે, તારથી તે આજ દંન શુધી તાંહાં જે સાંમાન બનીએાછે તેનાં નમુનાંછે. સઘળી જાતનાં, અને પુરથવી ઉપરનાં સઘળા દેશમાં બનતાં કોરી કાંમની વસતુઓનાં નમુનાં હીંઆં તેમનાં વરગ પ રમાણે હારેદોર ગોઠવેલાછે. એ નમુનાં સઉથી હલકાં કાંમથી તે સઉથી ભારી કાંમ શુધી ચહડતા ઉતરતા છે, અને તેને બનાવવામાં જે હથીઆર કાંમમાં આવેછે, તેનો પણ સંગરહ તાંહાં કીધેલોછે; તેથી કરીને એ સંગરહનો આ ભાગ તપાસીઆથી કુનીઆં ઉપરનાં સઘળાં કોરી કાંમની તવારીખથી આપણે વાકેફ થઈ શ કીએછે. "મોશીઓ એમેલમેન" નાંમનાં નાંમીચા ફરેનચ કારીગરે બોટું જહવેરાત બનાવવાની જે રીત શો ધી કાહાડી હતી, તે પરમાંણે જે હીરા તથા માણેક બનાવવામાં આવેછે તેનાં ઘણાએક નમુનાં આઠમાં ઓરડા માંછે. એ નમુનાં એવાતો સારાછે કે, જેનામાં જહવેરાત પરખવાની સમજ નહી હોએ, તે શખસ તે નમુનાંને ખરા કેરવીઆ વનાં રેહે નહી. ભોંએ તળીએ જે ઓરડાઓછે તાંહાં આપણે કારીગરોને તરેહવાર વસતુઓ

† હમો જે વેળાએ આ કારખાનું જોવા ગયા હતા તે વેળાએ લુઈ નેપોલીઅન તથા તેની રાંણી ઇઉજીનીની સ ખી ભરાતી હતી.

બનાવતા જોઇએછે. જે વસતુઓ ઘણી પાતલી બનાવવાની હોયછે તેજ ઓટીઆમાં આવેછે, બાકીની સઘળી ક રતા ચરખા ઉપર બનાવવામાં આવેછે. ઓટવાની રીત જે આપણે સાધારણ જગોએ જોઇએછે તેનાં કરતાં હીંઆં જુદીજ રીતછે. પાંણી સાથે મટોડી સારી પ૬ મેળવીને પછી તેનો રગહો મોહલની ઉપર રેડવામાં આવે છે. એથી કરીને તે રગડા મધેની મટોડીનું પાતલું પર તે મોહલ ઉપર વળગેછે, પછી તે મોહલની નીચેની બાજુ થી પાંણીની જહણી ધાર ચાલુ કરેછે તેથી પેલા રગડા મધે જે કાંઇ વધતું પાંણી અથવા મટોડી હોયછે, તે પાંણી સાથે વધારે પાતલી થઇને બાહેર નીકળી જાયછે. મોહોલ ઉપર જે મટોડી મહડી હોયે, તે સુકાયા પછી સેહલાઇથી છુટી થઇ શકેછે, અને આખું વાસણ આપણા હાથમાં આવેછે. તારપછી તે વાસણને હાથા અથવા જે કાંઇ બીજી સાથે જોડવું હોયછે તે જોડીઆમાં આવેછે, અને પછી તે વાસણ એક ઓરડામાં ઓરતોનાં હાથમાં જાયછે. એ ઓરતો તે વાસણમાં કાંઇ ખોડ ખાંપણ આવી હોયે તેને સુધારેછે, અને તારપછી તે ચીતારા નાં હાથમાં જાયછે. ચીતારાનાં ઓરડામાં આસરે ૨૦ આદમીઓ હોયછે. જે રંગ તેઓ કામમાં લાવેછે, તે સઘળા ધાતુનાં હોયછે, પણ ભુંજવા મુકીઆ પછી વાસણ ઉપર જે રંગ દેખાયછે તે પેહલા રંગ કરતાં જુદીજ તરેહનો હોયછે. સુનેરી રંગ સુનાંને પઘળાવીને લગાડીઆમાં આવેછે. તારપછી તે વાસણોને એક થી વધારે વાર ભડીમાં મેલીઆમાં આવેછે તેથી તેની ઉપરની સફાઇ તથા ચલકાટ તથા રંગનો જહલકાટ ની કળી આવેછે. આ કારખાનાંમાં સઘળા મલીને ૧૮૦ કારીગરોછે. આ બધાંન પુરૂં કરતાં એક વાર ફરી થી કેહેવું જોઇએછે કે એ કારખાનું ઘણુ જોવા લાયકછે. તાંહાં ઉતપન થતી વસતુઓની ખુબસુરતીનું બયાં ન કલમથી થઇ શકતું નથી. નજરે જોયાથીજ સમજ પડેછે.

જુદી જુદી જીનસોનો પારીસ શેહેરમાં દર વરસે કેટલો ખપછે, તે નીચે જણાવેલી વીગત ઉપરથી માં લુમ પડસે. દરાખનો દારૂ (વાઇન) દર વરશે ૨૬૯૮૪૧ પીપ અથવા (૧૯૬૦૦૦૦૦) એક કરોડ છનું લાખ રૂપીઆનો ખપેચ; અરખનો દારૂ (૯૮૬૯૨૮) નવ લાખ, છીઆસી હજાર, નવશો અડાવીસ ગીઆલંન; સીડર નો દારૂ (૫૫૭૯૫૨) પાંચ લાખ, સતાવંન હજાર, નવશો બાવંન ગીઆલંન; બીર (૨૬૬૫૪૪૦) છવીસ લાખ, પાંસટ હજાર, ચીઆરશોને ચીઆલીસ ગીઆલંન, તથા સરકો (૩૫૩૨૩૨) તરણ લાખ, તેપંન હજાર, બશો બતરીસ ગીઆલન. ખાટકીનું ગોસ (૧૩૬૧૪૮૨૭૪) તેર કરોડ, એકસટ લાખ, ઉરતાલીસ હજાર, બશો ચું માતેર રતલ, ડુકરનુ ગોસ (૧૭૦૦૦૦૦૦) એક કરોડ, સીતેર લાખ રતલ; હાંસ, ડુકરનું આથેલું ગોસ તથા બીજા સાસો (૧૬૦૦૦૦૦) સોલ લાખ રતલ; તઇઆર પકાવેલું ગોસ (૧૫૦૦૦૦) એક લાખ, પચાસ હજાર રતલ; પનીર (૨૩૦૦૦૦૦) રતલ; રોટલી (૨૪૦૦૦૦૦૦૦) ચોવીસ કરોડ રતલ; દરાખ (૧૭૦૦૦૦૦) સતર લાખ રતલ ખપેછે. દરીઆની માંછલી (૧૭૦૪૧૫૩) સતર લાખ, ચાર હજાર, એકશો તેપન રૂપીઆની કીમતની; નદીની માંછલી (૨૫૯૩૨૦) બે લાખ, ઓગનસાહાડ હજાર, તરણશો વીસ રૂપીઆની; કાલુની માં છલી (૫૫૬૪૩૮) પાંચ લાખ, છપંન હજાર, ચારશો આરતીસ રૂપીઆની; મરઘી, બતક, તથા બીજો શેકાર (૫૮૦૭૬૦૦) અડાવંન લાખ, સાત હજાર છશો રૂપીઆનો ખપેછે. માંખણ (૬૫૦૦૦૦૦) પાંસટ લાખ રૂપીઆ નુ: બેદાં (૩૧૦૦૦૦૦) એકતીસ લાખ રૂપીઆનાં; આપલનાં ફળ (૩૬૩૨૨૮) તરણ લાખ, તેંસટ હજાર, બશો અડાવીસ ટોપલીઓ ભરીને; પેર (૧૦૩૦૦૦) એક લાખ તરણ હજાર ટોપલી ભરીને; તરબુચ (૪૦૦૦૦૦) ચાર લાખ રૂપીઆનાં; બોર (૨૦૦૦૦૦૦) વીસ લાખ રૂપીઆનાં; ઇસટરાબેરી (૨૦૦૦૦૦૦) વીસ લાખ રૂપીઆની; કાંદા (૨૩૭૨૫) તેવીસ હજાર, સાતશો પચીસ ગાડાં ભરીને; કોબી (૨૯૯૩૦) ઓગણતીસ હજાર, નવશો તીસ ગાડાં ભરીને; ગાજર (૧૧૬૮૦) અગીઆર હજાર, છશો હેંસી ગાડાં ભરીને; સલગમ (૧૦૨૨૦) દશ હજાર, બશો વીસ ગાડાં ભરીને; પટેટાં (૭૦૦૦૦૦૦) સીતેર લાખ રતલ; ખાંડ (૨૫૦૦૦૦૦૦) બે કરોડ, પચાસ લાખ રતલ; મશરૂમ (૨૫૨૫૦૦૦) પચીસલાખ, પચીસ હજાર ટોપલી ભરીને; ઘાંસ (૭૭૮૦૮૧૦) સીતોતેર લાખ,

હેંસી હજાર આડશો દસ પુરી; પેંનરો (૧૨૯૪૦૭૪૩) એક કરોડ, ઓગણતીસ લાખ, ચીઆલીસ હજાર, સાતશો તેંતાલીસ પુરી; બાજરી (૩૭૦૦૦૦૦) તીસ લાખ બુશેલ; દુધ (૮૮૦૦૦૦૦) ઇકોઆસી લાખ રૂપીઆનુ; ચા હે, ખાંડ તથા સાકર (૩૧૦૦૦૦૦૦) તરણ કરોડ, દસ લાખ રૂપીઆની; નીમખ (૮૦૦૦૦૦) આઠ લાખ રૂ પીઆનું; ભાજી તરકારી (૬૦૦૦૦૦૦) સાહાઠ લાખ રૂપીઆની, તથા મેવો (૫૦૦૦૦૦) પાંચ લાખ રૂપીઆ નો ખપેછે. આ સઘળા ખપની જીનસોની કીમતનો અરસટો (૧૪૦૦૦૦૦૦૦) ચઉદ કરોડ રૂપીઆનો થાયેછે.

પારીસમાં પીવાનું પાંણી લાવવાને વાસતે તરેહવાર ઉપાયો કરીઆમાં આવીઆછે. હાવાં ભારે વસ તીનાં શેહેરમાં કુઆ ખોદી પાંણી પુરૂં પાડી શકાએ તહી, તેથી નેહરોની મારફતે નદીનું પાંણી શેહેરમાં લાવી મોટાં ટાંકાંઓમાં ભરીઆમાં આવેછે, અને એ ટાંકાં માહેથી નલીઓની મારફતે શેહેરનાં જુદા જુદા ભાગ માં પાંણી પોંહોચાડીઆમાં આવેછે. સઉથી મોટી નેહર જેને " કનાલ ડી ઓરસ " નાંમ આપેલુંછે, તેની મારફતે " ઓરસ " નદીનું પાંણી શેહેરમાં આવેછે. એ નેહર લંબાઇમાં ૫૦ માઇલછે, અને પોહળાઇ માં ૩૧ ફુટછે, અને તેને બાંધતાં (૧૦૦૦૦૦૦) એક કરોડ રૂપીઆનો ખરચ થયો હતો. "કનાલ સેંટ માર ટીન " નાંમની નેહેર ઉપર (૫૭૦૦૦૦૦) સતાવંન લાખ રૂપીઆ અને " કનાલ સેંટ હેનીસ " ઉપર (૩૨૦૦૦૦૦) બતરીસ લાખ રૂપીઆ લાગા હતા. સઉથી મોટાં ટાંકાંનું નાંમ " બેસીન ડી લા વીલ " કરી નેછે તે ૨૨૨૦ ફુટ લાંબુ અને ૨૨૧ ફુટ પોહોળુંછે. " કનાલ ડી ઓરસ " ની નેહેરમાંથી આ ટાંકાંમાં ૨૪ કલાકની અંદર ૧૩૫૦૦ ઇંચ પાંણી આવેછે. આ પ્રરમાણેની માહાભારત જોડવણ કરીઆમાં આ વીછે, તોપણ પારીસની ભારી વસતી તથા રસતાઓ સીપવાનાં અને ધુંઆરાનાં કારણસર પાંણીનો ભારે ખપ હોવાને લીધે " સોમસુદ " નદીનું પાંણી પારીસમાં લાવવાને સતાવાળાઓ ધારેછે, અને જો એ કાંમ પાર પડશે તો તેની ઉપર (૨૫૦૦૦૦૦૦) બે કરોડ, પચાસ લાખ રૂપીઆનો ખરચ થાશે. શેહેરમાં પાંણી મુફત મલતું નથી. જેઓ દર રોજ ૧૮ ગીઆલંન સાધારણ વાપરવાનું પાંણી લીએ, તેઓ પાસેથી વરસ દાહાડે હડી રૂપીઆ લીધામાં આવેછે, અને જેઓ એટલુંજ પીવાનું પાંણી દર રોજ લીએ, તેઓની પાસેથી વરસ દા હાડે ચાર રૂપીઆ લીધામાં આવેછે. પારીસમાં દરરોજ (૧૫૪૦૦૦૦૦) એક કરોડ, ચોપંન લાખ ગીઆલંન પાંણી ખપેછે. ૧૮૫૫ નાં સાલનો હીસાબ છપાએલોછે, તે ઉપરથી હેવું જોયામાં આવેછે કે, તે વરસમાં પાં ણીની પેદાસ (૫૦૬૩૦૫) પાંચ લાખ, છ હજાર તરણશો પાંચ રૂપીઆની થાઇ હતી. હજુર શુધી નલીઓ ની મારફતે પારીસનાં દરએક ઘરમાં પાંણી પોંહોચતું પાડવાની ગોઠવણ થાઇ નથી. આ સેહેલ ગોઠવણ હ જુર માતર ૪૩૦૦ ઘરોમાંજ કરીઆમાં આવીછે. ઉપર જણાવેલાં ટાંકાંઓમાંથી રસતાંમાં પાંણી સીપવાને તથા ધુંઆરામાં તથા મેહેલો અને ઘરોમાં પાંણી પોંહોચાડવાને વાસતે જે નલીઓ ગોઠવવી પડીછે તેની કુલ લંબાઇ ૧૩૨ માઇલની થાયે.

વળી ફરાનસમાં જાંહાં પાંણી નહી હોયે, તાંહાં ઘણા કુઆ ખોદીઆમાં આવીઆછે, તેહવા એક કુ આનું બયાંન અતરે કરવાની જરૂરછે. પારીસની પહોસમાં ગરેનેલ ગાંમમાં પાંણીની ખુટને લીધે એક ઘણોજ ઉંડો કુઓ ખોદીઆમાં આવીઓછે, તે પારીસમાં ફરવા જનારાઓએ ખચીત જોવા જવું જોઇએ. ભુસતર વીદી આ જાંણનારાઓની શોધ ઉપરથી માલુમ પડીઉંછે કે, જમીનની કેટલીએક ઉંડાઇએ જુદી જુદી જાતની વસતુ ઓનાં પર આવેછે, તાંહાં પાંણી મલતું નથી, પણ ઘણુંજ ઉંડે ગયાથી પાંણીનો ભાગ હાથ લાગીઆ વનાં રેહ તો નથી, તે મુજબ ઇઉરોપખંડમાંનાં ઘણાએક શેહેરોમાં હેવા ઉંડા કુઆ ખોદીઆમાં આવેછે. હેવા કુઆને " આરટીજીઅંન વેલ " કરી કેહવામાં આવેછે. જે કુઆનુ નીચે બયાંન કરીએછે તે ગરેનેલ મધેનો કુઓ છે. એ કુઓ ખોદવાનુ કાંમ સને ૧૮૩૩ નાં સાલમાં શરૂ કરીઆમાં આવીઉં હતું. હેવા કુઆ પોહોળાઇ માં ઘણા આવતા નથી કાંજે જેમ નીચે જાઇએ તેમ પોહોળું ખોદી શકાએ નહી. માંટે આ કુઓ ધ

ણેાજ સાંકળેાછે. તેને ખેાદવાને સારૂ ઇસકરૂનાં આકારનાં હથીઆરેા બનાવીઆમાં આવીઆં હતાં, અને જેમ ગરીમટથી આપણે લાકડાંમાં આંધલું પાડી શકીએછે, તેમ જમીનની અંદર આ કુએા ખેાદીઆમાં આવીએાછે. જેમ જેમ ઉંડું ખેાદીઆમાં આવે, તેમ તેમ ખેાદવાનુ હથીઆર ઉપરથી લાંબુ કરી વધારીઆમાં આવતું હતું. આસરે ચાર વરસ થયાં તાહરે ૪૧૮ વાર ઉંડી જમીન ખેાદાઈ હતી, પણ તે વેળાએ એક માંડેા બનાંવ એ બનીએા કે ખેાદવાનેા સલીએા ભાગી અંદર પડીએા અને તેથી આગળ વધવામાં અ ટકાવ થયેા. પેલા સલીઆમાનાં કટકા જે ભાગીને અંદર પડીઆ હતા, તે પાછા નીકળે નહી તાંહાં શુધી ખેા દવાનુ કાંમ આગળ ચાલી શકે નહી, તેથી ઘણી મેહનતથી તેમને પાછા કાહાડીઆ, અને એ કાંમ એટલુંતેા બીકટ હતું કે તે કરવામાં પંદર મહીનાં લાગા હતા. ૧૮૪૦ નાં સાલમાં ફરીથી જાંહાં ચાકનેા ભાગ આવીએા હતેા તાંહાં કેાતરનારૂ હથીઆર ભાગી જાઈ અંદર પડીઉં, તે સેાધી કાહાડવાને વળી કેટલાએક મહીનાં થયા હતા. અંતે આઠ વરસની ભારે મેહનત પછી ૧૮૪૧ નાં વરસમાં જારે ૧૮૦૦ ફુટ ઉંડું ખેાદાયું તારે પાંણી નેા ભાગ હાથ લાગેા, અને ખેાદનારેા સલીએા એકદંમ ઘણાએક વાર અંદર જતેા રહેએા. આ પરમાંણે પાં ણીનેા ભાગ હાથ લાગા પછી થેાડા કલાકની અંદર પાંણી એકદંમ ઉપર આવીઉં અને દર કલાકે (૬૦૦૦૦) છ લાખ ગીઆલંન પાંણી જમીનની સપાટી ઉપર ઉડવા લાગું. એ પાંણી જેસમાં ઉંચી ધારથી નીકળેછે તેથી જાંહાં સુધી તે ધાર પેાંહેાચેછે, તાંહાં સુધી નલી બાંધી લીધામાં આવીછે. આ કુમાથી ગરેનેલમાં પાંણીનુ ઘણુ સુખ થયુંછે.

ઇઉરેાપનાં ઘણાએક દેશેામાં હેવા કુવા હવે ખેાદીઆમાં આવીઆછે. વળી વીદીઆવાનેાનું હેવું મ તછે કે, જેમ જેમ જમીનની ઉંડાઇએ જઇએ, તેમ ગરમી વધતી હેાએછે, તે ઉપરથી જે ઘણાજ ઉંડા કુવા ખેાદીઆ હેાએ તેા, ગરમ પાંણી પણ મલી શકે, અને તે વીશેની તેહકીક કરવા સારૂ ફરાનસમાં ગેાઠવણ પ ણ કરીઆમાં આવીછે. જારહે ડ પલાંનાં બાગમાં અરધેા માઈલ સુધી ઉંડેા કુએા ખેાદવાને ફરેનચની સરકારે ધારીઉંછે, અને એટલી ઉંડાઇએ ૮૮૦ અંસ ગરમ પાંણી મલી શકસે હેવું ધારીઆમા આવેછે, અને જે આ ઉમેદ પાર પડશેતેા એ બાગમાં ગરમ મુલકનાં ઝાડેા ઉગાડવાનાં મકાંનેાને એ પાંણીથી ગરંમ રાખવામાં આવશે.

પારીસમાં સધળાં મલીને ૪૫૦૦૦ ઘરેા તથા ૧૩૦૦૦ દુકાંનેાછે. શેહેરની દીવાલની અંદરનાં ભાગ માં ૧૪૯૪ મેાહલાછે; ૨૧ ધેારી મેાહલા; ૧૦૫ ચેાક; સાંકરા મેાહેાલા ૩૨; પેાર ૩૭; પગ રસતા ૧૭૦; અં ધારી ગલીએા ૧૩૧; "સેન" નદી તથા "કેનાલ સેંટ મારટીન" ઉપર મલી પુલ ૩૫; ધક્કા ૩૯ અને બંદર ૩૯ છે. સધળા રસતાએાની જુમલે લંબાઈ ગણીએતેા ૨૨૫ માઈલની થાએ. દર વરસ રસતાએા સુધારવા માં તથા પેાહળા કરવામાં સતાવાળાએા ઘણુ ધીચાંન આપેછે. કેટલાએક રસતાએા ઉપર લાદી જડી લીધેલીછે. શેહેરનેા દેખાવ ખુબસુરત રાખવાને સારૂ ઘરનાં માલેકેાને સરકારની તરફથી હેવેા હેાકમછે, કે તેમને બાહેર થી ચુંનેા લગાડીને અથવા સાફ કરીને હંમેસાં નવાં જેવાં દેખાહે. જેણે દશ વરસની અંદર એક વખતબી પેાતાનાં ઘરને બાહેરથી ચુંનેા લગાડી સાફ નહી કીધું હેાએ, તેને સજા કરીઆમાં આવેછે. રસતાની અંદર કચરેા નાંખવાનેા હેાકમ નથી, અને દરએક ઘર વાળાને પેાતાનાં બારણા આગલનાં આંગણાનેા સહવારનાં પેાહેારમાં કચરેા કહાડાવવાની, તથા હુનાંળાની રૂતમાં તાંહાં પાંણી સીપાવવાની ફરજછે. આ પરમાણે ઘર વાળાએાને માંથે કેટલીએક ફરજ નાંખીઆ છતાં, પારીસનાં રસતા તથા મેાહલા સાફ રાખવામાં સરકારને (૬૦૦૦૦૦) છ લાખ રૂપીઆનેા ખરચ થાએછે. રસતા ઉપરથી જે કચરેા કાહાડીઆમાં આવેછે, તેમાંથી પણ ઉપજ થાએછે. એ કચરેા મેાટી ખાહીએામાં જમાંવ કરી કેાહવાડીઆમાં આવેછે, અને પછી ખાતર ત રીકે વેચાએછે, તેનાં દર વરસ (૨૦૦૦૦) બે લાખ રૂપીઆ ઉતપન થાએછે. રસતાએા ઉપર પાંણી સીપવા નેા ખરચ દર વરસે (૪૬૦૦૦) છેંતાલીસ હજાર રૂપીઆ થાએછે અને તેમની મરાંમત કરવામાં દર વરસે

(૧૨૪૪૦૦૦) બાર લાખ ચુંમાલીસ હજાર રૂપીઆ થાએછે. ઘરેા ઉપર નંબર તથા મેાહલાએા ઉપર નાંમ લ ખવાનાં (૩૨૦૦૦) બતરીસ હજાર રૂપીઆ થાએછે. પારીસનાં રસતા પેાહળા કરવામાં ગયાં પંચાવંન વ રસમાં સરકારને (૮૦૦૦૦૦૦) આઠ કરેાડ રૂપીઆનેા ખરચ થયેા હતેા. પારીસનાં રસતાએાનાં તરણ ભા ગ કરી તેમની ઉપર થાતા આવ જાવ પરમાણે તેમને સમારીઆમાં આવેછે. જે રસતાએા ઉપર સઉથી વ ધતેા મારેાછે, તેએાની ઉપર દર આઠ વરસે નવેસરથી લાદી બદલીઆમાં આવેછે; જેએાની ઉપર મધીચમ મારેાછે તેમની ઉપર દર વીસ વરસે, અને જેએાની ઉપર ઝાઝે મારેા નથી, તેમની ઉપર દર પાંતરીસ વરસે લાદી બદલીઆમાં આવેછે. જેટલા રસતાએા ઉપર લાદી જરેલીછે તે મધેની લાદીની સંખીઆ (૬૦૦૦૦૦૦) છ કરેાડનીછે. એ લાદીની કીમત દર હજરે ૧૮૦ રૂપીઆછે, અને તરણ ચેારસ ફુટ લાદી જડવાનેા ખર ચ ૪ થીતે ૫ રૂપીઆ સુધીનેા થાએછે. મુખીચ રસતાએા તથા "બુલવારડસ" નાં ખુબસુરત મેાહલાએા ત થા ધક્કાને સારી હાલતમાં રાખવાને કેાજે દર વરસે (૧૨૦૦૦૦) એક લાખ વીસ હજાર રૂપીઆનેા ખરચ થાએછે.

રાતને વખતે રસતા ઉપર ચાલનારાએાને રેાશનીનેા ફાએદેા આપવાને સારૂ સરકારની તરફથી ઘણી સારી ગેાઠવણછે. રસતાની હારેદાર થેાડી થેાડી વેગળાઇએ ફાંણુસેાની અંદર દીવા સલગાવીઆમાં આવેછે. ઘણીખરી રેાશની "ગીઆસ" અથવા બળતી હવાનીછે. પારીસમાં સધળાં મલીને ૧૩૯૦૦, ફાંણુસ "ગીઆ સ" ની રેાશનીનાં અને ૧૫૯૫ ફાંણુસ તેલની રેાશનીનાંછે. વરસનાં છ મહીનાં આ રેાશની આખી રાત, અને બાકીનાં છ મહીનાં પેહલી રાત સુધીજ રાખીઆમાં આવેછે. આ પરમાણે રસતામાં રેાશનીનાં કારણ સર દર રેાજ ૫૦૨૭૭ કીઉબીક ફુટ "ગીઆસ" ખપેછે અને તે પુરી પાડવાનુ કાંમ સને ૧૮૫૬ નાં વરસ માં એક કંપનીને ૫૦ વરસને પટે આપીઆમાં આવીઉંછે. સરકારનાં તથા જાહેર તથા ખાંનગી ખપને વા સતે એ કંપની દર વરસે (૧૦૦૦૦૦૦૦) દસ કરેાડ કીઉબીક ફુટ "ગીઆસ" ઉતપન કરેછે. સરકારને જે ટલી ગીઆસ તેએા પુરી પાડેછે તેના દર તરણ કીઉબીક ફુટે ૧૫ દેાકડા લેખે ભાવ લીએછે, અને ખાંનગી શખસેા પાસેથી એટલીજ "ગીઆસ" નેા બેવડેા ભાવ લીએછે. આ કંપનીની નલીએા રસતામાં જે જગેા રેા કેછે, તેને વાસતે તેએા (૮૦૦૦૦) હેંસી હજાર રૂપીઆ સરકારને આપેછે. ઉપલેા પટેા પુરેા થયા પછી, સરકાર એ કુંપનીને (૮૦૦૦૦૦) આઠ લાખ રૂપીઆ આપી, તે કાંમ તથા તેએાનેા સધળેા સાંમાન પેાતાને હસતક લેશે. પારીસમાં "ગીઆસ" થી રેાશની કરીઆમાં આવી, તેની આગમચ રસતાને એક નાંકેથી તે બીજે નાંકે સુધી મજબુત દેારડું બાંધીઆમાં આવતું હતું, અને તે દેારડાંની અંદરથી ફાંણુસેા લટકાવીઆમાં આવતાં હતાં.

ફરાનસનાં જુદા જુદા ભાગેા તથા શેહેરેા વચે હવડાં લેાહેાડાંની સડકની મારફતે ઘણેા વેહેવાર ચા લેછે. સધળાં મુખીચ શેહેરેા લેાહેાડાંની સડકથી જેડાએલાંછે. તરીસ વરસની વાત ઉપર ફરાનસમાં અગ નીનાં સાંચાની ગાડી હતી નહી. હવડાં એ મુલકમાં સધળી તરફ લેાહેાડાંની સડક જેાયામાં આવેછે, તે ગ યાં પચીસ વરસની મેહેનતનું ફળછે. પારીસમાં પેહલેા રેલવે સને ૧૮૩૭ નાં સાલમાં ઉંઘાડીઆમાં આવી એા હતેા. ફરાનસનાં જુદા જુદા ભાગ તથા શેહેરેા ખાતે જવાની તથા આવવાની સડકેાનાં પારીસ ખાતે દસ મથકેાછે. એક કંપનીએ શાહાંનશાહ અને તેનાં રસાલાને વાસતે છ ગાડી ઘણીજ કીમતી બનાંવેલીછે, અ ને તે ગાડીએાને બાહેરથી "ગીઆલરી" કાહાડી એક એક સાથે જેડીછે, અને તેમાં શાહાંનશાહ તથા તેની રાંણીને સારૂ જુદા જુદા ઓરડાછે તથા તેએાને સારૂ એક પુસતકખાંનુંછે. ફરાનસમાં હમણા ૩૦૦૦) તરણ હજાર માઈલની લેાહેાડાંની સડકછે, અને તે બાંધવામાં (૧૨૦૦૦૦૦૦૦) એક અબજ અને વીસ કરેાડ રૂપીઆનેા ખરચ થાયેાછે, અને તેની દર વરસે લગભગ (૧૨૦૦૦૦૦૦) બાર કરેાડ રૂપીઆની ઉપજ થાએછે.

પારીસમાં ભાડુતી ગાડીચ્મો પુશકળછે. શેહેરની બાહેર લાંબી મંજલે જવાને વાસતે "ડીલીજેનસ" નાંમની મોટી ગાડીચ્મો હોચ્મેછે, તેહમાં ૧૮ આદમી બેસી શકેછે. એ ગાડીમાં બે ચ્મથવા ચાર ઘોડા જોડેલા હોચ્મેછે. જેવા પાટા ઉપર આગની ગાડી ચાલેછે, તેવા લોહેાડાંનાં પાટા રસતામાં જડી લીધેલા હોચ્મેછે અને તેની ઉપરથી એ ગાડીચ્મો ચાંલી જાચ્મેછે તેથી તેમની ચાલમાં ઘણેા વધારો થાચ્મેછે અને ચ્મેક કલાકમાં નવ ચ્માઇલ જાઇ શકેછે. એ પાટા હેવી રીતે જડેલાછે, કે બીજી ગાડીચ્મો રસતા ઉપરથી આડી અટાડી ચાલી જાચ્મે, તેમને કસી હરકત થતી નથી. શેહેરની અંદરનાં ચ્માવ જવને વાસતે સઘળી મલીને ૨૬૭૦ ભાડુતી ગાડીચ્મોછે, તેમાં ૩૪૦) " ચ્માંમનીબસ " છે. ચ્મેક " ચ્માંમનીબસ " ની અંદર ૪૦) આદમી સુધી બેસી શકે, અને બે ચ્મથવા ચાર ઘોડા તેહમાં જોડીચ્મામાં આવેછે. એ સઘળી ગાડીચ્મોની ઉપર સરકારની તરફથી લેતા કરેલા કરનાં (૧૭૩૦૧૨) ચ્મેક લાખ, તોંતેર હજાર, અને બાર રૂપીચ્મા ઉપજેછે. ખાનગી તથા જાહેર તથા ભાડુતી ગાડી મલી પારીસનાં મોહોલાચ્મોમાં દર રોજ (૬૦૨૫૯) સાહડ છહજર, બશેા ચ્મોગંતસાહડ ગાડીચ્મો ફરેછે, અને તેમાં બેસનારા આદમીચ્મોની સંખીચ્મા (૨૦૦૦૦૦) બે લાખ આદમીની ગણીચ્મામાં આવેછે. પારીસમાં સઘળા મલીને (૧૧૪૦૦૦) ચ્મેક લાખ અને ચઉદ હજાર ઘોડાછે. ભાડુતી ગાડી વાળાચ્મો વીશે સરકારની તરફથી ઘણેા સારો બંદેાબસતછે. ચ્મેક ચ્મથકથી બીજે ચ્મથકે જવાનેા, તથા ચ્માઇલ દર ચ્માઇલનેા તથા કલાક દર કલાક તથા ચ્માખ્મા દીવસનેા દર સરકારની તરફથી બાંધેલેાછે, અને આપણે ચ્મેક ભાડુતી ગાડી બેાલાવીકે તેને પડવા ઉભું રેહેવાની કસી જરૂર નથી. ગાડી વાળેા આપણા હાથમાં ચ્મેક છાપેલું કાગલ ચ્માપે છે, અને તેની ઉપર સઘળા ભાવ અને ગાડી ઉપરનેા ચ્માંક તથા તેનાં ચ્માલેકનું નાંમ લખેલું હોચ્મેછે. જારે આપણે પાછા ઉતરીચ્મે તારે પેલાં કાગલ ચ્મથેનાં ભાવ પરમાંણે ભાડું ચુકાવી આપવું જોઇચ્મે *. આ કાગલમાં ગાડી ઉપરનેા ચ્માંક તથા ધણીનું નાંમ ચ્મેટલા વાસતે લખીચ્મામાં આવેછે કે તે ગાડીમાં આપણે કાંઇ વસતુ મેલીને વીસરી ગયા હોઇચ્મેતેા તે વીશે તે ગાડી ઉપરનેા ચ્માંક જાંણીચ્માથી પેાલીસમાં પુછ પરછ કરી શકીચ્મે. એ ગાડીવાળાચ્મો ઘણુ કરીને ઇમાંનદાર હોચ્મેછે, કાંચ્મેજે આપણે કોઇ વસતુ તેમાં ભુલી ગયા હોઇચ્મેતેા તેને તેચ્મો તુરત જઇને પેાલીસનાં સવાધીનમાં આપેછે, અને જે ગાડી વાળાચ્મોચ્મે ઘણી ઇમાંનદારી બતલાવી હોચ્મે તેચ્મોને સરકારની તરફથી ઇનાંમ પણ મળેછે. ૧૮૫૫ નાં સાલમાં આ પરમાણે ગાડીમાં ભુલથી રહી ગએલી બેંકનેાટ, સુનું તથા રૂપાનાંણુ તથા બીજી વસતુચ્મો મલીને સરકારને (૬૧૬૨૬) ચ્મેકસટ હજાર, છશેા, છવીસ રૂપીચ્મા મળીચ્મા હતા, તે તેમનાં ચ્માલેકેાને પાછા ચ્માપીચ્મામાં આવીચ્મા હતા, અને ચ્મેજ વરસમાં ૬૬) ગાડીવાળાચ્મોને સરકારની તરફથી ઇનાંમ મલીઉં હતું.

પારીસમાં સઘળી મલીને ૨૭) પેાસટ ચ્માફીસછે, અને તે સાથે કાગલેા લેવાને સારૂ બીજી ૨૯૭) ચ્મા ફીસેાછે, તેથી સેહેરનાં હરચ્મેક ભાગમાં રેહનારા શખસને પેાતાનું કાગળ પેાસટની મારફતે પેાંહેાચાડવાને પેાતાનાં ઘરમાંથી નીકલી થેાડાં ડગલાં આગલ ચાલીચ્માથી ચ્મેકબી પેાસટ ચ્માફીસ મળીચ્મા વગર રેહતી નથી. દરરેાજ સાત વખત પેાસટ ચ્માફીસમાંથી કાગલ પેાંહેાચાડીચ્મામાં આવેછે; ચ્મેટલેજે બચ્મે કલાકને અંતરે જે ચ્મ જેમ કાગલેા ચ્માવતાં જચ્મે, તેમ તેમ તુરત વેંહેંચવાનું શરૂ કરીચ્મામાં આવેછે. પેહેલી વેંહેંચણી સહ વારનાં પેાણા ચ્માઠ વાગતે, બીજી સાડા નવે, તરીજી સાડા અગીચ્મારે, ચેાથી બપેારનાં દેાહેાડ વાગતે, પાંચ મી સાડા તરણે, છઠી પાંચ વાગતે, અને સાતમી રાતનાં નવ વાગતે કરીચ્મામાં આવેછે, તેથી કરીને આપ

* જેચ્મે ઘેાડાની મેાટી ગાડી ચ્માખેા દાહાડેા ભાડે લીધી હોચ્મેતેા ૮ થી ૧૨ રૂપીચ્મા આપવા પડેછે, અથવા મહીનાની પડણ કીધી હોચ્મેતેા ૧૬૦) થીતે ૨૦૦) રૂપીચ્મા આપવા પડેછે. બરેાહામ તથા નાંધલી ફાઇટનેાનાં કલાક ચ્મેકના રૂપીચ્મા ચ્મેક અથવા ચ્માખ્મા દીવસનાં છ અથવા સાત રૂપીચ્મા આપવા પડેછે. "ચ્માંમનીબસ" નાં દરચ્મેક રૂપાનાં તરણુથી તે પાંચ દેાકડા આપવા પડેછે.

ણે કોઇ મીતરને લખેલેા કાગલ પેાસટમાં મેાકલીચ્મા પછી તરણ કલાકની અંદર તેને મલેછે. ચ્મે પરમાંણે પેાસટ ચ્માફીસની મારફતે કાગલેા મેાકલવાની રીત ચાલીચ્માથી, આપણે અતરે સીપાહીચ્મોની મારફતે કાગલેા મેાકલી ચ્મેછે, અને તેથી જે વીલંબ લાગેછે, તેમ ઇંગરેાપમાં થાતું નથી. બે દેાહેાડીચ્માની કીમતની પેાસટની તીકીટ થી ચ્મેક કાગલ પારીસનાં હરેક ભાગમાં મેાકલી શકાચ્મેછે.

પારીસમાં સઘળાં મલીને ૫૨) બજારછે, તેમાંનાં છ બજાર ઘણાજ મેાટાં અને ઉમદાછે, અને તાંહાં ભાંત ભાંતની ચીજે અને વસતુચ્મેા મળી શકેછે. બાકીનાં ૪૬) બજારેામાં ૨૨) જડાબંદ અને ૨૪) છુટક માલ વેચવાનાંછે. આપણે હીંદુસથાનમાં જેમ ટેાપલાચ્મેામાં અને નાંહની દુકાનેામાં ઘણેાજ બે કાચ્મેદે અને ખરાબ હાલતમાં ખેારાકીનેા માલ જોઇચ્મેછે, તેમ પારીસમાં જેવામાં આવતું નથી. ખાટકી અને માછીનાં દુકાનેામાંબી જોવા લાચ્મેકછે. ચ્મે દુકાનેા ચ્મથેની ટેબલેા ઉપર સંગેમરમરનાંતેા પથરેા જડેલાછે, કે જેથી માછલી તથા ગેાસ ખરાબ થાચ્મે નહી. ફુલનું બજાર ખચીત જોવા લાચ્મેકછે. તરેહવાર જાતનાં ફુલેાની ગેાઠવણી, તથા તરેહ તરેહનાં તુરા તથા ફુલેાનાં હાર હેવાતેા અકલ અને રીતીથી ગેાઠવેલા હોચ્મેછે, કે તે જોઇનેજ તે બજારમાંથી કાંઇબી ખરીદ કરવાને ચ્મપણેા શેાક થયા વનાં રેહે નહી. પારીસની પડેાસમાં ખેારાકની ભાજી તરકારી ઉગાડવાની જે જગાછે, તેની દર વરસે (૨૫૦૦૦૦૦૦) બે કરેાડ પચાસ લાખ રૂપીચ્માની પેદાસછે, અને તે કાંમ ઉપર પચાસ હજાર આદમી રેાકાચ્મેછે. પારીસની અંદર અને શેહેરની બાહેર તરત પડેાસમાં ફુલનાં ૨૦૦) બાગછે—તે સઘળામાં ઉતપન થાતાં ફુલેા પારીસમાં ખપેછે, અને શેહેરમાં જારે તેહવાર અથવા મેાટા નાંચેાની મેાહેાસંમ હોચ્મેછે, તારે દરરેાજ ૧૨૦૦૦ થીતે ૨૫૦૦૦, રૂપીચ્માની કીમતનાં ફુલેા ખપેછે. ઇંગલંડનાં કરતાં ફરાનસમાં ફુલેા વધારે ખુબસુરત તથા ખુશબેાદાર થાચ્મેછે, તથા તુરા બનાવવાનેા હુનર પારીસમાં ઘણેાજ પુરી હાલતમાંછે, તેથી ઘણી વેળા લંડનમાં લગન અથવા કોઇ ખુશીનાં વખતમાં બખશેસ દાખલ ચ્મેક મીતરને તાંહાંથી બીજા મીતરને તાંહાં પારીસથી તુરેા મંગાવી મેાકલવાની મેાટી ઉકમાઇ જાંણીચ્મામાં આવેછે.

પ્રકરણ ૧૦ મું.

પારીસથી લંડન.

ફરાનસના મુસાફરી કરવા જનારને ચેતવણી. કેલેસ—"બ્રીટીશ ચાંનેલ"—ડોવર—લંડન.

ઉપલા સફાએામાં પારીસ શેહેર વીશે જે હેવાલ પરગટ કરીઆમાં આવીએાછે, તે ઉપરથી એ શેહેર કેવુંછે, તે વીશે આ પુસતકનાં વાંચનારાએાને કાંઈબી સમજ પડીઆ વનાં રેહેશે નહી. જેટલું બયાંન હીંઆં કીધામાં આવીઉંછે, તે નજરે જોવાને સારૂ જે મુસાફર આસરે વીસ દાહાડા સુધી પારીસમાં રેહે અને સહ વારથી સાંહાંજ સુધી તેજ કાંમમાં ગુતેલેા રેહે, તે પેાતાની ઈછા પુરી પાડી શકશે. આ શેહેર વીશે વધારે બેા લવાને હમેાને અગત દીસતી નથી, પણ ઉમેદછે કે જે કાંઇ બયાંન ઉપલા સફાએામાં કરીઆમાં આવીઉંછે, તેથી વાકેફ થયાથી વાંચનારાએા હમારા મતમાં સાંમેલ થાશેકે, પારીસ એક ઘણુજ દબદબા ભરેલું, ખુબસુરત અને મેાજલું શેહેરછે.

પણ પારીસ અથવા ફરાનસનાં હરએેક ભાગમાં મુસાફરી કરનાર શખસની સાહુચેતીને કીજે, આ જ ગાએે કેહવાને દરૂસત ધારીએેછે કે, જાંહાંસુધી ફરાનસમાં રેહવું હેાએે, તાંહાંસુધી તાંહાંની સરકારનાં કેાઇ બી કાંમની વીરૂધ મત આપણે આપવું નહી. ફરાનસનાં રાજમાં ઈંગલંડનાં રાજનાં જેવું, બેાલવાનું તથા લ ખવાનું છુટાપણુ નથી. સરકારની વીરૂધ જે કેાઈ મત આપે, તેની પછવાડે જાસુસેા લાગેલા રેહેછે, અને તે એાને કેટલીએેક આપદા ખમવી પડેછે. ફરાનસમાં શાહાંનશાહ પેાતાની મરજી પરમાંણે રાજ ચલાવનારછે, અને તેનાં કાંમની વીરૂધ જાહેરમાં કેાઇથી બેાલાએે નહી, માટે ફરાનસમાં મુસાફરી કરનારે પેાતાંની મુસાફરી ની મતલબ બર આવે, તેવી રીતે પેાતાંનુ કાંમ કરીઆ જવું. આ પુસતકમાં ફરાનસની રાજધાની વીશે કાંઇ લખવાને મતલબ રાખી નથી, માટે એે રાજને સબળી રીતે તપાસી જોવાની હમેાને હીંઆં અગત નથી, પ ણ ફરાનસનાં ભાગનુ સેવટ લાવતી વેળાએે, આ દેશના જે લેાકેા તે મુલકમાં મુસાફરી કરવા જાએે તેએાને ઉપલી અગતની ચેતવણી આપવાની હમેાને ફરજ પડીછે. અને હવે આપણે ઈંગલંડ જવાની કેાશેસ કરીએે.

ફરાનસ અને ઈંગલંડની વચે જે ખાડી આવેલીછે, તેને "ધી બ્રીટીશ ચાંનેલ" કરી નાંમ આપે લુંછે, અને તે ખાડી પશાર કરીઆ વનાં પારીસથી લંડન જઈ શકાએે નહી. ફરાનસનાં ઓતર કીનારા ઉ પર બુલેાન અને કેલેસ નાંમનાં બે શેહેરેાછે, તે બંધે શેહેરેાનાં બંદરેથી ઉતારૂએાને ઈંગલંડનાં કીનારા ઉપર લ ઈ જવાને દરરેાજ આગબેાટ ઉપડેછે. બુલેાનથી જે આગબેાટ ઉપડેછે, તે પેાતાનાં ઉતારૂએાને ઈંગલંડનાં કી નારા ઉપર ફેાકસટંનનાં બંદર ઉપર ઉતારેછે, અને કેલેસથી નીકલેલા ઉતારૂએા ડેાવરનાં બંદર ખાતે જાએેછે. માંટે પારીસથી લંડંન જનારા ઉતારૂએા લેાહેાડાંની સડકની મારફતે પારીસથી કેલેસ અથવા બુલેાન સુધી જા એેછે, અને તાંહાંથી આગબેાટમાં બેસી ઉપર જણાવેલી ખાડી પસાર કરી ઈંગલંડ જાએેછે. બુલેાનથી ફેાકસ ટંન અને કેલેસથી ડેાવર જતાં ખાડી પશાર કરવામાં અગતનેા ફેરફાર કાંઇ નથી, ફકત પાછલી સફર આસ રે અરધેા કલાક વેહેલી થાઇ શકેછે, તેમ તે આગબેાટનાં દરમાં લગભગ દશ રૂપીઆ વધતા આપવા પડેછે. કેલેસથી ડેાવર જતાં ૨૧ માઇલ ખાડી કાપવી પડેછે અને બુલેાનથી ફેાકસટંન જતાં ૩૦ માઇલ ખાડી કાપ

વી પડેછે, માંટે જેએા દરીઆની સફરથી કંટાળેછે, તેએા ઉપલેા વધતેા દર આપીને પણ કાંઇએેક ટુંકી સફર પસંદ કરેછે. આગની ગાડીની મારફતે પારીસથી કેલેસ જતાં સાત કલાક થાએેછે, અને તાંહાંથી આગબેાટ માં બેસી ઉપર જણાવેલી ખાડી પશાર કરી ઈંગલંડનાં કીનારા ઉપર ડેાવર બંદરે ઉતરતાં બે કલાક લાગેછે.

ફરાંનસનેા કીનારેા છેાડીને આપણે આગબેાટ ઉપર ચહડીઆ, કે આપણને નવી રીતનેા જીવ આ વેછે. ઈંગલંડ કે જેને વાસતે આપણે આટલું બધુ સાંભલીઉછે, તેના કીનારા ઉપર જવાની ઈછા જે આપ ણા મંન ઉપર મજબુત બેડેલી હેાએેછે, તે પુરી પાડવાનેા વખત જેમ નજદીક આવેછે, તેમ તે વીશેની ઈનતે જારી આપણા મગજ ઉપર ઘણી અસર કરેછે. ડેાવરનાં કીનારા ઉપરનાં ચાકનાં ડુંગરેા દુરથી આપણને દેખા એેછે અને જાંણે મીતરાચારીની રાહે આપણને તેડું કરતા હેાએે તેમ લાગેછે. ઈંગલંડની તાહાડનેા કેટલેા એેક નમુનેા આ ખાડીમાં આપણને મલેછે, અને ઈંગલંડનાં લેાકેા ઘટટી મગરૂરી સાથે આ ખાડીમાં બેસી, એેમ પણ બેાલેછે કે, ઈંગલંડનાં છુટાપણાની હવા હવે તેએાને વાગેછે. આ ખાડીમાં આપણે બે કલાકની સ ફર કરીએેછે, તેટલા વારમાં તે ખાડીમાં ફરતી એેટલીતેા આગબેાટેા તથા બીજાં વારકસેા આપણને મ લેછે કે ઈંગલંડનાં કેાસતાનાં મેાટા વેપાર વીશે આપણને તરત શાહદત મલેછે. આપણી આગબેાટ જતી હેા એે તેની જુજ વેગળાઇએે ડજનેા વારકસેા આપણે જેાઇએે છઇએે, અને એે પરમાંણે જતી આવતી બેાટેાથી આ ખાડીનેા દેખાવ ઘણેાજ ખુબસુરત લાગેછે.

ડેાવરમાં આપણે પગ મેલીએા કે ઈંગલંડની ભુમી ઉપર ઉતરીઆ. હીંઆંથી આપણને તરત લંડંન લઈ જવાને વાસતે આગની ગાડી તઈઆર હેાએેછે. ડેાવર શેહેરની તરણ બાજુએે ચાકનાં ડુંગરેા આવી આછે અને શેહેરની ઉગમણુ તરફનાં ડુંગર ઉપર દરીઆની સપાટીથી આસરે ૩૨૦ ફુટની ઉંચાઇએે અસલ નેા એેક ઘણેાજ મજબુત કીલ્લેા બાંધેલેાછે, અને તેની આસપાસ જે મજબુત દીવાલછે તે સબળી મલીને ૩૫ ચેારસ એેકર જમીન રેાકેછે. આ શેહેર ફરાંનસનાં કીનારાની સહુથી નજદીકછે, તેથી આ કીલ્લેા ઘણેાજ મ જબુત કરેલેાછે અને એે બંદરની આસપાસ જાંહાં જાંહાં સારી ઉંચાંન આવેલીછે, તાંહાં કીલ્લા બાંધેલાછે. એે શેહેરથી "ઈલેકટરીક ટેલીગ્રાફ" વીજલીનેા તાર દરીઆની નીચે થઈ ફરાંનસ લઈ જવામાં આવીએેા છે, અને એે તારની મદદથી ફરાંનસ અને યુરેાપનાં બીજા મુલકેા સાથે વીજલીનાં સાંચાથી સંદેશેા ચલાવવા ને બની આવેછે. ફરાંનસ તથા યુરેાપનાં બીજા મુલકનાં મુસાફરેા ઘણાખરા એે બંદરથી ઈંગલંડ જાએેછે, તે થી તાંહાં ઘણાએેક સારાં પેાહેાચપ્રાંતાંછે. ડેાવરની વસતી ૨૩૦૦૦ આદમીનીછે. ડેાવરથી આગની ગાડી ની મારફતે લંડંન પેાહેાચતાં હડી કલાક લાગેછે.

જેમ ફરાંનસની આગની ગાડી વીશે હમેાએે આગલ જણાંવીઉંછે કે તાંહાં બે જાતની ગાડી દેાડેછે, એેક "એેકસપરેસ ટરેન," અને બીજી આરડીનરી ટરેન" તે મીશાલે ઈંગલંડમાં પણછે. જેએા ડેાવરમાં આવીઆ પછી વગર ઢીલે લંડંન જવાને ચાહતા હેાએે, તેએા પેહલી ગાડીમાં જાએેછે, અને એે ગાડી એેક બે જગા શીવાએે બીજે કેાઈ ડેકાંણે ઉભી રેહતી નથી, પણ પાંધરી લંડંન જાએેછે. ગાડીની બારીએે બેસીને આપણે ઈછા ભરેલી નજરથી ઈંગલંડનાં નાંધલા ગાંમડાંએા કે જેની પાસેથી આપણે વીજલીની મારફક ઉતાવ લા પસાર થાઇએેછે, તે જેાયાથીજ આપણને ઈંગલંડ વીશે કાંઇએેક સારેા વીચાર આવેછે. દરએેક મુખીએ ગાંમડું કે જાંહાંથી આપણે પસાર થાઇ જાઇએેછ, તાંહાં જે "રેલવે સ્ટેશન" અથવા મથક હેાએેછે, તે નાંધ લુ પણ ખુબસુરત હેાએેછે. રાતને સમે જારે એે "સ્ટેશન" માં રેાશની થાઇ હેાએેછે અને આપણે તેની પાસેથી તરત પશાર થાઇ જાઇએેછે, તારે જાંણે આપણી પાસેથી એેક ખુબસુરત દેખાવ ચાલી ગયેા હેાએે તે મ લાગેછે. જેમ જેમ આપણે લંડંનની નજદીક આવતા જાઇએેછે, તેમ તેમ આપણને એેક સરકી રીતે ખુ શી તથા અચરતી ઉપજેછે. મેાટા અને મજબુત પુલેા આપણે પશાર કરીએેછે. એેક બારે મારાનાં રસતા

ત્યાં આપણે ગાડીમાં બેસીને જતા હોઇએ, અને તારે આપણી આગલથી બીજી ગાડીઓ ચાલી જાએ, તે પી શાલે આપણે લંડનની નજદીક આવી પોંહોચીઆકે જે સડક ઉપર આપણી ગાડી હોએછે, તેની પાસેની બી જી સડકો ઉપરથી બીજી આગની ગાડીઓની હારો ઝડપમાં જતી અને આવતી દેખાએછે, અને તેથી આ પણને લંડનનાં બોહોલા કારોબારની કેટલેએક દરજજે તરતજ સમજ પડેછે. એ પરમાંણે આગની ગાડીઓ આવતી જતી જોવાનું પણ રચનાં ભરેલુંછે, અને અગત કરીને જેઓ પેહલ વેહલલા લંડન જાએછે તેઓને તેથી ઘણીએક રમુજ તથા ખુશી ઉતપંન થાએછે. લંડનની નજદીક આવીઆથી આગની ગાડીઓથી આપ ણને જે લાખો ધુંમાડીઆ દેખાએછે તથા પાસે પાસે ઘરોની ઠઠ મલેલી માલમ પડેછે, તેથી લંડનનાં મોટાં કા રખાંનાં અને તાંહાંની ભારી વસતી વીશે આપણને તરત વીચાર આવેછે.

"લંડન બરીડજ સ્ટેશન" માં આવીઆકે લંડનમાં આપણે ઉતરીઆ. આ મથક જોઇને આપણે હેરત થાઇએછ. હીંદુસથાંનનું સઉથી મોટું "રેલવે સ્ટેશન" આ મથક આગલ જુકડાં બરોબરછે. લંડનમાં આપણે પોંહોચીઆકે દુનીઆંનાં એક સઉથી સરસ શેહેરમાં આપણે છઇએ હેવું સમજવું, અને આ હમા રૂં મત કેટલે દરજજે ખરૂંછે તે હવે પછીનાં સફાએો વાંચીઆ ઉપરથી માલુંમ પડશે.

લંડન. (૮૩)

પ્રકરણ ૧૧ મું.

લંડન.

લંડન એક નાંધલી દુનીઆંછે—એ શેહેરનો વીસતાર—હવા—લંડનની વસતી—રસ્તાઓ ઘણેની ભીડ—રસ્તાઓની ગો ઠવણ તથા બાંધણી અને ખરચ—રસ્તાઓમાં ફરતી વખતે નકસાથી મલતી મદદ. પુલો તથા ટેમસ ટનેલનો નદીની નીચેથી બનાંવેલો અચરત શરીંઓ મારગ. ઇમારતો તથા ઘરો, તેઓનો દેખાવ અને તેઓમાંની ગોહવણો—ગેસ્આસની રોશની—ગેસ્આસનુ કારખાનું—પાંણી પોંહોચતુ કરવાનાં ઊપાયો—નરખ દુર લઇ જવાની ગોઠવંણ—દુકાંનો અને તેઓનો સોભઇતો દેખાવ—દુકાંનદારોની માલ વેચવાની ઝડપ—ભાડેની ગાડી—ખાધ ખોરાકનો ખપ—પરગણાઓ સાથે લોહોડાં ની સડક તથા વીજ્લીનાં તારની મારફતનો સંબંધ—લોહોડાંની સડકથી લંડનમાં દર વરસ આવ જવ કરતાં આદમી ઓની સંખીઆ. ટેમસ નદી ઊપરની સેલ—એ નદી ઊપર થાતા વેહવાર—મુસાફરને લંડન જવાની સઊથી સરસ મોહોલંમ—તેને વાસતે રેહવાનાં પોંહોચવાનાં—શેહેરમાં જોવા લાઐક તથા ગમત ઊપજવનારી જગાઓ—ઇતીઆદી.

જારે એક મુસાફર કોઇ નવાં શેહેરમાં પોંહોચેછે, તારે તાંહાંની આશચરીઅકારક તથા ગમતની બી નાંઓથી વાકેફ થાવાને, તથા તેમને પોતાની નજરે જોવાને તે ઘણો ખાહેશમંદ થાએછે, પણ લંડન શેહેર ખા તે જાઇ પોંહોચનાર મુસાફરની એવી ખાહેશની હદનું બયાંન થાઇ શકતું નથી, કાંએજે લંડન કાંઇ એક શા ધારણ શેહેર નથી. કેટલાંએક શેહેરો આપણે થોડા દીવસમાં સારી પરે જોઇ શકીએ, પણ આખું લંડંન શે હેર બોલતાં, અને તેમાં જે જોવાનુંછે તે સઘળું જોતાં, વરશો થયા વનાં રેહે નહી. લંડંન વીશે એવું કેહવામાં આવીઉંછે કે, તે કાંઇ એક શેહેર નથી, અથવા પરગણુ નથી અથવા દેશ નથી, પણ એક દુનીઆંછે, અને એ દુનીઆંમાં ફરી વલતાં ઘણો વીલંબ લાગેછે. અસલનાં વખતમાં બાબીલાંનનું શેહેર સઘળી રીતે મોટું ગણાતું હતું, તે ઉપરથી કેટલાએક લખનારાઓએ લંડંનનેં આ જમાંનાંનુ બાબીલાંન કરી નાંમ આપીઉંછે. કોલરીડજ નામનાં નાંમીચા ગરંથકારે લંડંનને રાખશી શેહેરનો ખેતાબ આપીએોછે, પણ હવડાંનાં વખતનાં ગરંથકારો લંડંનને એક દુનીઆં દાખલ ગણેછે, અને એમ કેહવામાં તેઓ કોઇબી રીતે ભુલ કરતા નથી. લંડંન ખરેખર એક દુનીઆંજછે. પુરથવી ઉપર વસનારી સઘળી કોમોનાં લોકો તાંહાં જોવામાં આવેછે. દુ નીઆંમાં ઉતપંન થનારી કોઇબી વસતુ તાંહાં જોયામાં નથી આવતી હેવું નથી. તાંહાંનો ઉદીઓગ અને વેપાર હદ વગરનોછે, અને મુસાફરને ગમત, ખુશી અને અકલ આપનારી જગાઓની સંખીઆની ગણુત રી શેહેલથી થાતી નથી. એક શેહેરમાં અથવા ગાંમમાં આપણે ફરવા નીકલીઆ હોઇએ, તો તાંહાંથી પાછા કેહવારે ફરશું, તે આપણાથી કેટલેએક દરજજે ચોકસ કહી શકાએ, પણ જારે આખી દુનીઆંની મુસાફરી કરવા નીકલીઆ હોઇએ, તારે તે કાંમ પુરું કરી પાછા કેવારે ફરશું, તે વીશે આપણાથી કાંઇ કેહેવાઇ શકાએ નહી, તેજ મોહાલે જો લંડંન ખાતે ફરવા નીકલીઆ હોઇએ તો, તાંહાંથી આપણે પાછા કેહવારે ફરશું, તે કેહવાને ઘણુ બીકટ પડેછે. તરીસ વરશનો લંડંનનો રેહવાશી કધી ખાતરીથી એમ નહી કહી શકશે કે, તેણે આખું લંડંન જોયુંછે, તારે તાંહાં ટુક મુદતની મુસાફરી કરનારની સાંમને કેટલું બીકટ કાંમછે, તેનો વીચાર શેહલથી થાઇ શકશે.

ટેમ્સ નદીના મોહડાંથી પચાસ માઈલ દુર લંડન શેહેરછે અને એ નદી આખા શેહેરમાં વેહેછે. આ શેહેર લંબાઈમાં ૮ માઈલ અને પોહોલાઈમાં ૬ માઈલછે અને સઘળાંનો વીસતાર ૪૮ ચોરસ માઈલ છે. આજે જેટલા ભાગને લંડન કેહવામાં આવેછે, તે જેટલા ભાગને આગળ લંડન કેહેતા હતા, તેટલો નથી. જેટલો ભાગ હમણાં "સીટી" કરીને કેહવાએછે, તે આગલું લંડન હતું, પણ હમણાંનાં વખતમાં વેસ્ટ મીન સ્ટર, સાઉથવરક, ફીનસબરી, મેરલીબોન, ટાઅર હાંમલેટસ, અને લાંમબેથ તથા સરે અને મીડલસેક્સ, એ બધાં કેટલાંએક ગાંમડાંઓ લંડનની અંદર, અને એ શેહેરનાં ભાગ દાખલ ગણીઆમાં આવેછે. એથી કરીને એ શેહેરનુ કદ ઘણુ વધી ગયુંછે, અને જેમ જેમ તેની વસતી વધતી જશે, તેમ તેમ તેનુ કદ વધશે હેવું ધારી આમાં આવેછે.

આ શેહેરમાં વરશનો ઘણો ખરો ભાગ થંડી રેહેછે. વરશમાં ચાર રૂત બદલાએછે તેમાં મારચ, એ પરીલ તથા મેએમાં વસંત રૂતુની મોહોસંમ રેહેછે અને પાછલા બે મહીનાંમાં ઝાડો ઉપર ખુબસુરત મોહોરો જોવામાં આવેછે. જુન, જુલાઈ તથા આગસટ મહીનાં ગરીમીની રૂતનાં ગણાએછે અને એ રૂતમાં ઈંગલંડનો તથા લંડનનો દેખાવ ઘણોજ સરસ થાએછે. ઝાડો ઉપર સઉથી સરસ ફુલો એ મોહોસંમમાં લાગેછે. સપટે મબર, અકટોબર અને નવેમબર મહીના પાંનખર અર્ને ચોમાંસાની રૂતનાં ગણાએછે. પેહલલા બે મહીનાંમાં વરસાદ ઘણો પડેછે, અને છેલલા મહીનાંમાં અતીસે ધુમસ પડેછે. સઉથી વધતો ધુમસ ઘણુ કરીને નવેમબર ની બીજ અથવા તરીજ તારીખે પડેછે, તાહરે આપણીથી તરણ અથવા ચાર દગળાં આગલ ચાલનારને આપણે ઓલખી શકતા નથી, એટલું અંધારૂ તે વખતે પડેછે, અને તારે ગાડીઓની સાથે બલતી મસાલો લઈને દોડવું પડેછે. એ મહીનાંમાં અને શીઆળાની રૂત જે ડીજેમબર, જાંનેવારી અને ફેબરવારી મહીનાં શુ ધી ચાલેછે, તારે દીવસને વખતે પણ આફીસો અને ઘરોમાં દીવા સલગાવીઆ વગર કામ થાઈ શકતું ન થી. શીઆળાની રૂતમાં આકાસ ઉપરથી કદાં અને બરફ પડેછે, અને નાંધળા નાંણા તથા પાણીનાં નસમાં બંધાઈ જાએછે. જારે બરફ પડેછે, તારે શેહેરનો દેખાવ સઘળો સફેદ થાઈ જાએછે. ઘરનાં છાપરાં અને બે તરોની સપાટી તથા ઝાડોની ડાંખલીઓ સઘળી સફેદ લાગેછે. સઉથી વધતી થંડી જાંનેવારી માસમાં પડે છે, તારે પારો ૨૦, ડીગરી સુધી ઉતરેછે, અને સઉથી વધતી ગરમી જુલાઈ મહીનાંમાં પડેછે, તારે પારો વધુ માં વધુ ૮૧, ડીગરી શુધી ચહડેછે. લંડંનની હવામાં પાંણીનો ભાગ વધારેછે.

છેલલા હીસાબ પરમાણે એ શેહેરની વસતી (૨૩૬૨૨૩૬) તેવીસ લાખ, બાસટ હજાર, બશો છ તરીસ આદમીની હતી, તે બધે (૧૧૦૬૫૫૮) અગીઆર લાખ, છ હજાર, પાંનશો અડાવંન મરદ અને (૧૨૫૫૬૭૮) બાર લાખ, પંચાવન હજાર, છશો ઈકોતેર ઓરતો હતી. વગર પરણેલા મરદોની સંખીઆ (૬૭૯૩૮૦) છ લાખ, ઓગનાહેંશી હજાર, તરણશો હેંશીની હતી, અને વગર પરણેલી અસતરીઓની સંખીઆ (૭૩૫૮૭૧) સાત લાખ, પાંતરીસ હજાર, આઠશો એકોતેરની હતી. આ પરમાણે લંડંનની ભા રી વસતીછે, તોપણ એ શેહેર એટલુંતો બોહોલુંછે, અને દર રોજ એટલાંતો ઘરો બંધાતાં જાએછે, કે રેહવા નું ઘર મેલવવામાં ઝાજી અડચણ પડતી નથી. હેનરી મેહયુ નાંમનો ગરંથકાર હેવું કેહેછે કે, વગર શકે આ ખી દુનીઆમાં સઉથી મોટું શેહેર લંડંનછે. દુનીઆમાં જે બોહલાં અને મોટી વસતીનાં શેહેરો ગણાંએછે, તે મની વસતી સાથે આ શેહેરની વસતી સરકાવતાં માલંમ પડીઉંછે કે, લંડંનની વસતી બીનનાં પાએતખત પીકીંન શેહેર કરતાં એક અબુરતાંઉસ વધારેછે—ફરાંતસનાં પાએતખત પારીસની વસતી કરતાં બે તરીતીઆં ઉસ વધારેછે—તુરકીનાં પાએતખત ઇશટંમબોલ કરતાં બેવડીછે, રૂશીઆનાં મુલકનાં પાએતખત સેંનટ પીટ રસ બરગ કરતાં ચોગણીછે—આસટરીઆનાં પાએતખત વીએનાં કરતાં પાંચ ઘણીછે—સ્પેનનાં પાએતખત મદરીદ તથા આમેરીકાનાં નીઉ યારક શેહેર કરતાં પાંચ ઘણીછે—પ્રુશીઆનાં પાએતખત બરલીન કરતાં સા

ત ઘણીછે—હાલંડનાં પાએતખત આમસટરડામ કરતાં આઠ ગણીછે—ઈટાલીનાં મુખીય શેહેર રોમ કરતાં નવ ગણીછે. હીંદુસથાંનનાં તરંણ મોટાં શેહેરો સાથે સરકાવતાં લંડંનની વસતી કલકતાના કરતાં તરંણ ગણી, મુંબઈનાં કરતાં ચાર ગણી—અને મદરાજનાં કરતાં પાંચ ઘણીછે. હેવો અડસટો કાહાડીઆમાં આવીએોછે કે, જો લંડંનની આખી વસતીની બધે આદમીને સાથે ઉભા રાખીને એક હાર કરીઆમાં આવેતો, લંડંનનાં રેહે વાસીએોની તે મોટી ફોજની લંબાઇ ૬૭૦ માઈલની થાએ. એ શેહેરમાં દરરોજ આસરે ૧૭૫ આદમી મરણ પામેછે અને આસરે દર પાંચ મીનીટે એક બાળક અથવા દર રોજ ૨૮૦ બાળક જનંમ પામેછે. હમણા લંડંનની વસતીની જે સંખીઆછે, તે ચીઆલીસ વરશની અંદર બેવડી થાઈછે, અને હવે પછીનાં બીજાં ચીઆલીસ વરશની અંદર તેનો કેટલો વધારો થાશે, તે કેહેવાઈ શકાતું નથી. લંડંનની ભારી વસતી વીશે કોઈબી ચોકસ ગણતરી કાહાડીઆ વગર રસતામાં ફરીઆથીજ આપણને તેનો સેહેલથી વીચાર આવેછે.

એક ગરંથકાર હેવું કેહેછેકે, એક મુસાફર લંડંન જઈને તાંહાંનાં એક ભારી ઠઠ વાલા રસતા બધેનાં ઘરની બારીએ ઉભો રહો, અને જાંહાંશુધી તે રસતામાં આદમીઓનુ ટોલું, જે જતું આવતું દેખાતું હતું, તે કંમ થાએ તાંહાંશુધી બારીએ ઉભો રેહવાને તેણે ડેડાવ કીધો. એ પરમાંણે કલાકોના કલાક તેને તાંહાં ઉભું રેહવું પડીઉં, કાંએજે જે ટોલું રસતામાં તે જોતો હતો તે ઓછું થાતુંજ નહી હતું. હજારો લોકો આવે અને હજારો લોકો જાએ; એક પલ શુધી પણ રસતાનો આવજાવ પાતલો થાએલો તેનો નજરે આવીઓ નહી, તેથી તેને ઘણી અચરતી ઉપજી અને ગભરાટમાં પડી તેણે હેવું ધારીઉં કે, જે તરફથી લોકો જતાં આવતાં હતાં તાંહાં કાંઈબી બનાંવ બનીઓ હશે અને તે વીશે પુછપરછ કીધી. તેને હેવું જણાંવીઆમાં આવીઉં કે, તે બાબદમાં અચરત થવા જેગ કાંઇ હતું નહી, એતો લોકો પોતાંને કામે આવ જાવ કરતા હતા. આ સાદો જવાબ સાંભલી પેલા મુસાફરને ઘણીએક અચરતી ઉતપંન થાઈ.

રેહવાનાં તથા થોડા વેહવારનાં મોહલ્લાઓમાંતો થોડીજ ભીડ માલંમ પડેછે, પણ જાંહાં મોટા કારભારો ચાલેછે, તાંહાંનાં રસતાઓ ઉપરની ભીડનો, આપણાં શેહેરોમાં જતરા હોએ, અને તેની ભીડ થાએ, તેવો દેખાવ આપણને માલંમ પડેછે. હેવા રસતાઓ ઉપર પગે ચાલી જનારાઓને વારેવાર એક એક સાથે અથડવું પડેછે, અને ગાડીઓ જોરમાં હાંકી શકાતી નથી, પણ ધીમે ધીમે ચલાવવી પડેછે. વલી કોઈ વખત ગાડીઓ નો રસતાઓ ઉપર એટલો બધો મારો થાએછે કે, તેમની વચમાં થાઈને એક બાજુથી બીજી બાજુએ આ પણને જવું હોએતો, ગાડીઓની લાંબી હાર અને ભારી ઠઠને લીધે, કેટલીએક મીનીટ શુધી ખોટી થાવું પડે છે. લંડંનનાં રસતાઓમાં પોતાંને કામ કાજે જતાં લોકોની જે ભીડ થાએછે, તેનો પણ મુસાફરને એક જોવા લાએક દેખાવ થાએછે. જેમ ભરતીને વખતે દરીઓ ભર જોસમાં દેખાએછે, તે મીશાલે દીવસને વખતે, લંડંનનાં કેટલાએક રસતાઓમાં આદમીઓની થાતી ભરતીથી, તે રસતાઓનો દેખાવ ઘણોજ દબદબા ભરેલો લાગેછે. ડાકટર જાંનસન હેવું કહી ગયોછે કે "આદમીની પુર ભરતી" જેવી હોએતો લંડંનના રસતાઓમાં દેખાશે. જેઓએ દુનીઆના ઘણાંએક ભાગોમાં મુસાફરી કરીછે તેઓ હેવું કેહેછેકે જેવી ભીડ તેઓએ લંડ નનાં રસતામાં જોઈછે, તેવી ભીડ બીજાં કોઈ શેહેરમાં તેઓના દીડામાં આવી નથી. "બેંક આવ ઇંગલંડ" તથા "રાએલ એકસચેનજ" તથા "સેંનટ પાલસ" નાં દેવલની આસપાસનાં તથા "ચેરીંગ કરાસ" તથા "રીજેનટ સરકસ" નાં રસતાઓ, જાંહાં ગાડીઓ અને આદમીઓનાં આવ જાવનો મારો સઉથી વધતો છે, તાંહાં કોઈ ઉંચી જગા ઉપર ઉભા રહીને નીચેનો દેખાવ જોઈએતો, ભીડનાં સબબથી આપણને રસતા ઉપરની ખાલી જમીન થોડી દેખાશે, અને જાંણે આદમીઓ અને ગાડીઓથી રસતો પાંથરી લીધો હોએ તેવો દેખાવ આપણી નજરે પડેછે. રાએલ એકસચેનજની સોહેનો કીંગ વીલીઅંમ સ્ટ્રીટ નાંમનાં મોહો લામાં હંમેસાં અતીઘણી ભીડ થાએછે, તેનો નકસો હીંઆં આપીઓછે, તે જોયાથી બીજા રસતાઓ ઉપ

રની ભીડની પણ સમજ પડશે. હીંઆં ગાડી ઘોડા એટલાતો એકડા થાએછે કે ગાડીઓથી દોરીને જવાતું નથી અને આદમીઓને પણ ઘણુ સંભાલથી ચાલી જવું પડેછે.

જે શેહેરમાં આટલી ભારી વસતી, તે શેહેરમાં રસતાઓની ગોઠવણ ઘણી સારી જોઈએ, તે મીશાલે લંડનમાંછે. ઘણાંખરા રસતાઓ પોહોલાછે પણ હાલમાં કેટલાએક ઘણી ભીડનાં રસતાઓ જેટલા જોઈએ તેટલા પોહોલા નથી, તેનું કારણ એછેકે, તે અસલનાં વખતનાંછે, પણ હમણાનાં વખતમાં જે નવા રસતા બાંધીઆમાં આવેછે, તે અગત કરીને લંડનની દર રોજ વધતી વસતી અને ભારી હદને માફક આવતા બાંધી આમાં આવેછે. એ રસતાઓની બાંધણી ઘણી સારી અને સોભઈતી હોએછે. જે જે રસતાઓ ઉપર ગાડી નો મારો ભારીછે, તે ઉપર લાદીઓ જડી લીધેલીછે. જાંહાં કામ કાજનો અથવા વેપારનો મારો નથી, પણ ફકત રેહવાનાંજ ઘરોછે, તાંહાં આપણાં હીંદુસથાંનનાં જેવા જહનાં પથર તથા મટોડાંનાં બાંધેલા રસતાછે, પણ લંડનનાં રસતાઓનો મોટો ભાગ લાદીથી જડી લીધેલોછે. ગાડીને સારૂ વચે વચમાં પોહોલો રસતોછે, અને આદમીઓને સારૂ બંધે બાજુથી ગાડીનાં રસતાથી અરધી અથવા પોણી ફુટ ઉંચા મારગો બાંધેલાછે, અને તેની ઉપર પોરબંદરનાં જેવા પથરની સાફ લાદીઓ જડેલી હોએછે. હેવા પગે ચાલવાનાં રસતાઓ પો હોલાઈમાં પાંચથી સાત ફુટ શુધી હોએછે, અને ઘરની બાજુથી તે ગાડીના રસતાની બાજુ સુધી, જરાક ઢરા વનાં આકારમાં બાંધેલાછે, કે જેથી વરસાતનું પાંણી તેમની ઉપર રેહે નહી, અને પગે ચાલનારા લોકોને કશી રીતની અડચણ પડે નહી. સધળાઓ પોતાનાં ઘરની અથવા દુકાનની સામનેનાં આ પગ રસતાને દરરોજ સવારનાં સાફ કરેછે તથા પાંણી અને સાબુ વટીક પોએછે, તેથી પગે ચાલનારા લોકોને એ રસતાઓ ઉપર ચાલવાની કશી અડચંણ પડતી નથી, બલકે ખુશી ઉતપંન થાએછે. વચમાનાં રસતા જે ઉપરથી ગાડી ઓ ચાલી જાએછે, તેની ઉપર લાદી જડવાનું કારંણ એછેજે, તેઓની ઉપર એટલોતો મારો ચાલેછે, કે જો શાધારંણ રસતાની માફક મટોડું અને જહનાં પથરથી તે રસતા બાંધીઆ હોએતો, તેવા મારાની અંદર તે રસતાઓ એક માસ પણ ટકે નહી, તેથી તેમની ઉપર પથરની લાદી જડીઆમાં આવીછે. લંડનનાં લાદી જડેલા રસતાઓની ગણતરીનો હીસાબ પારલામેંનટની સભાનાં હોકંમથી સને ૧૮૫૬ નાં વરસમાં છપાએ હતો, તે ઉપરથી હેવું માલંમ પડેછે કે, પાંચ હજાર કરતાં વધતા રસતાઓ ઉપર લાદી જડેલીછે અને તેઓને બાંધવાનો ખરચ (૧૪૦૦૦૦૦૦૦) ચઉદ કરોડ રૂપીઆ થાયો હતો, અને વલી તેમને સારી હાલતમાં રાખ વાને સારૂ દર વરશે (૧૮૦૦૦૦૦૦) એક કરોડ અને હેંશી લાખ રૂપીઆ ખરચ થાએછે. ઉપલા પાંચ હ જાર રસતાઓની જે હારેદોર લંબાઈ ગણીએતો બે હજાર માઈલ થાએ. "ક્રીઆનંન સ્ટ્રીટ વેસ્ટ" નામનો રસતો કે જે સેંનટ પાલસનાં મોટા દેવલથી "લંડંન બરીડજ" શુધીછે, અને જેહની ઉપર ગાડી તથા આ દમીઓનો અતીસે મારો રાત અને દીવસ ચાલુછે, તે એખલો રસતો બાંધવામાં (૨૦૦૦૦૦૦) વીસ લાખ રૂપીઆનો ખરચ થાયો હતો. દરરોજ વધતી વસતી અને વેહવારને કીજે હવે લંડંનમાં જેટલા રસતાછે તે પુરા પડતા નથી, તેથી નવા નવા રસતાઓ હુંગાડવાના વીચારમાં સરકાર ગુતેલીછે. વલી નવા રસતાઓ બનાવવાને જગાની ઘણી તંગીછે તથા ઘરો અને ઈમારતોનાં માલેકોને તે ઘરો ભાજી નાંખવાને અને જગા સરકારને આપવાને સારૂ મોટો બદલો આપવો જોઈએ, તેના ભારી ખરચથી પણ ઉપલી મતલબ પાર પાડ વામાં ઘણીએક અડચંણ આવી પડીછે. હવડાં હેવો વીચાર ચાલીઆછે કે, લંડંનનાં એક છેડેથી તે બીજી છેડે શુધી જમીનની અંદરથી લોહોડાંની સડક બાંધવી, કે જેથી લોકોને શેહેરનાં હરેક ભાગમાં તેની મદદથી જવાને બની આવે અને ઉપરનાં રસતા તથા ઈમારતોને હાથ લગાડવો પડે નહી. જો આ વીચાર અમલ માં આવશેતો લંડંન શેહેર હાલમા દુનીઆમાં જે મોટાઈ ધરાવેછે, તેમાં એક નવો વધારો થાશે.

લંડંનનાં રસતાઓની ગોઠવંણ ઘણી સારીછે. જેમ આદમીનાં સરીરમાંની નાધલી રગો મોટી રગોમાં

થી છુટી પડેલીછે, તે મીશાલે લંડનને પેહલલે થોડાએક લાંબા રસતાએાનાં વેંહચીઉંછે, અને પછી તે લાંબા રસતાએાની બંધે બાજુએથી જેમ જેમ જરૂર હોએ અથવા સવલ પડીઉં હોએ, તેમ તેમ બીજા રસતાએા તથા ગલીએા કાહાડવામાં આવીછે. જે તરફ ઘરોની જેવી બાંધણી તે તરફ જુદી રીતનાં નાંમ આપીઆમાં આવીઆંછે. લાંબા મારગોને "સ્ટ્રીટસ" નાંમ આપેલાંછે; જે તરફ ઘરોની હાર એક ચોરસનાં આકારમાં આવી હોએ, ઈઆને એક ચોરસની ચાર બાજુએ ઘરોની હાર કીધામાં આવી હોએ અને વચે વચમાં ખાલી જગા અથવા બાગ હોએ તેને "સ્કુએર" કરી કેહેછે; જે તરફથી સાંમાં સાંમી મલી ચાર રસતા જોડાયા હોએ, તે જગાને "સરકસ" કેહેછે. હાલમાં ઇંગલંડમાં નવા રસતા બાંધતી વેલાએ જાંહાં બે રસતા જોડાતા હોએ, તાંહાં ઘણું કરીને ગોલ આકારમાં વલાંણ રાખીઆમાં આવેછે, કે જેથી કરીને એક રસતા ઉપરની ગાડી બીજા હાત ઉપરનાં રસતા ઉપરથી આવતી ગાડીની સાથે એકાએક અથડે નહી, અને તેવી વલાંણનાં રસતાએાને "ક્રેસેંનટ" કરી કેહેછે; રેહવાનાં ઘરોનાં મોહલ્લાએાનાં તરણ તરાંહનાં નાંમછે. જે ઘરોની સીધી હાર કોઇ મોટા રસતાની પાસે આવી હોએ તેને "પ્લેસ" કરી કેહેછે, અને તે જગા આગલથી રસતા કપાયા પછી જે મોટી સીધી હાર બીજી આવે તેને "ટેરેસ" કરી કેહેછે, અને મોહલ્લાને છેડેનો જે ભાગ ઉપર જણાંવીઆ પરમાંણે વલાંણમાં બાંધેલો હોએ તેને "ક્રેસેંનટ" કેહેછે અને તે તરેહવાર જગાએા વલી જુદાં જુદાં નાંમથી ઓલખાએછે. એ ઉપરાંત નાંધલી ગલીએા તથા પેારો હોએછે, તેપણ તેમનાં નાંમથીજ ઓલખાએછે. એ સઘળી જાતના રસતાએાની ગણુતરી આસરે ૧૧૦૦૦ ની થાએછે. હેવું કેહવામાં આવીઉંછે કે, લંડનનો કોઇની શખસ અથવા જુનાંમાં જુનો રેહવાશી હેવો નહી હશે કે, જે લંડનનાં દરએક મોહલ્લા અથવા ગલીમા ફરી વલવાનો ગરવ રાખતો હશે.

ઉપલો હેવાલ વાંચીઆ પછી કેટલાએકોનાં ધીઆંનમાં હેવું આવશે કે, જે શખસ લંડનમાં પેહલલીવાર જાએ, તે તાંહાંનાં રસતાએા ઉપર ફરવાને ઘણો ગુંછવારામાં પડે, પણ તેવી ધાસતી રાખવાનું કસું કારંણ નથી. એ શેહેરમાં ફરનારને વાસતે તાંહાંના રસતા તથા મોહલ્લા તથા ગલીએા અને થાંમે થાંમની જગા બતાવનારા નકસા આવેછે, તે નકસો એક બે દીવસ શુધી સારી પેઠે ધીઆંનમાં લીધાથી લંડનના રસતાએા અને તેમની વેંહેચણી કેવી તરાંહનીછે, તે આપણાં ધીઆંનમાં સારી પેઠે ઉતરેછે, અને પછી તે નકસાની મદદથી આપણે લંડનના જે ભાગમાં જવું હોએ, તાંહાં સેહલથી જાઈ શકીએછે. જેમકે આપણે એક રસતા ઉપરથી નીકલીઆ, અને બે માઈલ દુર એક ડેકાંણે આપણને જવુંછે, તારે જાંહાંથી આપણે નીકલીઆ હોઈએ, તે જગા પેલા નકસા ઉપરથી જોઈ કાહાડવી, અને પછી આપણે જવા ધારેલી જગા ઉપર જતાં, કેટલા તથા કેવા રસતા આવેછે, તે પેલા નકસા ઉપર રસતાએાના નાંમની લીટીએા સાથે દેખાશે, તે મારગ ઉપર ચાલુ રેહવું અને આપણને જોઈતી જગાએ પોંહચતાં કસું હગરૂં પડનાંર નથી. જેમ નકસાની લીટીએા ઉપર નાંમ હોએ, તેજ મીશાલે રસતાએાની ઉપર પાટીઆં મારેલાં હોએછે, તે વલી એટલા શુધી કે, રસતાની શરૂઆતમાં અને તે રસતો પુરો થાએ, તે બંધે જગાએ તે નાંમ હોએછે, કે જેથી કોઇ ભુલાવામાં પડે નહી.

ટેમસ નદી લંડંન શેહેરની વચમાંથી વેહતી ચાલેછે, તેથી શેહેરના એક ભાગ ઉપરથી બીજા ભાગ ઉપર જવાને લોકોને અડચણ નહી પડવા સારૂ, મોટો દરવ ખરચીને તે નદીની ઉપર જુદી જુદી જગાએ મોટા અને માહાભારત પુલો બાંધીઆમાં આવીઆછે. એ પુલો જેમ ઇંગલંડનાં લોકોનો હુનર તથા તાંહાંના ઈન જીનીઅરોની કાબેલીઅત બતાવનારાછે, તેમ શેહેરનો એક સણગાર પણછે, અને તેમનું ટુક બયાંન નીચે આપીએછે.

લંડંન બરીડજ નાંમનો પુલ જે પારીસથી લંડંન આવતાં આપણને પેહલલો પસાર કરવો પડેછે, તે પુલ

ઘણોજ મોટો અને આ
ચ આરકાંની ઉપર ગરા
ભરતીને વખતે પાંણીન
બે કરોડ રૂપીઆનો ખ
માં તથા ચાલતા જતા
લની ઉપર રોશનીનાં
પ ગાલીને બનાવેળાછે.
ડન બરીડજ સ્ટેશન
પેહલો પશાર કરવો પ
ને પેહલ વેહલાં આ
શતાઓ પણ ઘણા ભ
સાઉથવરક બરીડજ
પર બીડતાં લોહોડાંનો
છે. એ પુલની વચે
એ અને હેવા પોહો
હેંશી લાખ રૂપીઆનો
ની લંબાઈ ૧૩૦૦ ફુ
ક કરોડ રૂપીઆ થાયો
આવેછે અને એ પર
નાંમનો પુલ ૯૯૫ ફુટ
નાંમનો પુલ ૭૯૮ ફુ
એક ફદીઉં લીધામાં
જ કેહેછે. એ પુલ ઘ
છે તેમનુ બયાંન કરવ

ટેમસ નદીની
રીડજ અને મેલસા સ
થાયા હતા. એ પુલ
કરનારાઓ પાસેથી એ
ચાર વરશ થાયાંછે અ

પણ લંડનની
આછે તથા બીજી જે
છે. ઇંગલંડની અચર
ડી જાએ અને નીચેથ
પરથી આદમીઓ અ
કે નીચેથી આદમીએ
સમજ પડતી નથી.

ચરત સરીખોછે. તેની લંબાઈ ૯૨૮ ફુટછે અને પોહોલાઈ ૫૪ ફુટછે. એ પુલ પાં
ટીટનાં પથરથી બાંધેલોછે, અને તેની વચે વચમાંનુ આરકુ૧૫૨ ફુટ પોહોલુંછે. એ પુલ
ની સપાટી ઉપરથી પણ લગભગ તીસ ફુટ ઉંચો રેહેછે અને તે બાંધવામાં (૨૦૦૦૦૦૦)
રચ થાયો હતો. એ પુલ ઉપરથી દરરોજ આસરે પંદર હજાર ગાડી જએછે અને તે
આવતા શખસોની દરરોજની ગણતરી પોનો લાખ ઉપર આદમીની થાએછે. એ પુ
ાંનસને વાસતે જે લોહોડાંનાં થાંબાછે, તે ડીઉક આવ વેલીંગટને લડાઈમાં જીતેલી ટો
યુરોપખંડનાં બીજા મુલકોથી જેઓ ઇંગલંડ જોવા જએછે, તેઓ હમેસાં પેહલ્લાં લં
આગલ આવેછે, અને શેહરમાં દાખલ થયાની આગમજ તેઓને લંડંન બરીડજનો પુલ
છે, તેથી લંડંનની બારે વસતી તથા લોકોનાં આવ જાવનાં બારી મારાની સમજ તેઓ
ુલ ઉપરથીજ કેટલેએક દરજજે મલેછે. એ પુલ પશાર કીધો કે તેની આસપાશનાં ર
તાં આવેછે, અને તે જોયાથી પેહલ વેહલો મુસાફર એકદંમ અચરતીમાં પડેછે.
ાંમનો પુલ જોવા લાએકછે. એ પુલ નદીની અંદર પથરનો પાયો બાંધી તેની ઉ
ભયંનકાર આરકાં કરી બાંધેલોછે. એ કાંમને વાસતે ૫૭૦૦ ટન લોહોડું ખપીઉં
યમાંનાં આરકાંની પોહોલાઈ ૪૦૨ ફુટછે. આ પોહોલાઈ કાંઈ થોડી નહી કેહવા
ાં આરકાંનો પુલ દુનીઆમાં બીજે કેથે નથી. એ પુલ પછવાડે (૮૦૦૦૦૦)
ખરચ થાયો હતો. બીજો એક મોટો પુલછે તેનુ નાંમ વાટરલુ બરીડજ કરીનેછે. તે
અને પોહોલાઈ ૪૩ ફુટછે અને તેને બાંધવાનો ખરચ લગભગ (૧૦૦૦૦૦૦) એ
હતો. એ પુલ ઉપર જેઓ આવ જાવ કરે તેની પાસેથી એક એક ફદીઉં લીધામાં
ાંણે વરશ દાહાડે પચાશ હજાર રૂપીઆની ઉપજ થાએછે. બલાક ફરાએરસ બરીડજ
ાંધોછે અને તેની ઉપર તેર લાખ રૂપીઆનો ખરચ થાયો હતો. વાકસાલ બરીડજ
લાંબો અને ૩૬ ફુટ પોહોલોછે. એ પુલ ઉપરથી આવજાવ કરનારાઓ પાશેથી એક
આવેછે. પારલામેનટનાં મેહેલની આગલ જે પુલ આવેલોછે, તેને વેસ્ટમીનસ્ટર બરીડ
પુરાંણોછે અને તેને બદલે હમણું બીજો બંધાએછે. એ ઉપરાંત બીજા નાંધલા પુલો
ની અગત નથી.

ઉપર હાલમાં બે સસપેનશન બરીડજ એટલે ઝુલતા પુલોછે. હંગરફરડ સસપેનશંન બ
સપેનશંન બરીડજ. પેહલલો પુલ બાંધવામાં (૧૧૦૦૦૦૦) અગીઆર લાખ રૂપીઆ
૩૫૨ ફુટ લાંબોછે અને પગે ચાલી જનારાઓને વાસતેજ હુંગાડોછે અને આવજાવ
ફદીઉં લીધામાં આવેછે. ચેલશા સસપેનશંન બરીડજ બાંધીઆને આજ લગભગ
ે લંડંનમાં ટેમસ નદી ઉપર તે એક ઘણોજ ખુબસુરત પુલછે તેમાં કશો શક નથી.
ારી વસતીનાં આવજાવને સારૂ મોટા ખરચથી માહાભારત પુલો બાંધીઆમાં આવી
ગોડવણો કુરીઆમાં આવીછે તેમાં સઉથી અચરત ઉપજાવનારી યુકતી ટેમસ ટનેલ
સરીખી વાતોમાં આપણાં લોકો એમ કેહેછે કે, તાંહાં હેવા રસતાછે કે ઉપરથી ગા
વાંહાંણો જએ, તેતો આપણને સારી પહે સમજ પડેછે કે, મોટા અને ઉંચા પુલો ઉ
ગારીઓ જએ અને નીચેથી વાંહાંણો જએ. પણ જરે આપણે એમ કહીજએ
જએ અને ઉપરથી વાંહાંણો જએ તારે એ વાત કેમ બને તે વીશે અંતજાણુઓને
ે અચરતી ટેમસ ટનેલ જોયાથી સમજ પડેછે. આગલ જણાવીઆ પરમાંણે ટેમસ



TRIUMPHAL ARCH & DUKE OF WELLINGTON'S STATUE.

(૧૨૭)—વેલીંગટન પ્રીન્સનું પુતળું અને વિજય કમાન.

નદી શેહેરની વચમાંથી વેહતી ચાલેછે તેથી લંડનનાં એક ભાગમાં એક કીનારેથી બીજે કીનારે જવાને નદીની નીચેથી રસતો કાહાડેલોછે. એ કામ ઘણુજ હગરૂ અને માહાભારતછે. આ જગાએ ટેમસ ટનેલ નો નકસો આપીએોછે તે ઉપરથી જોવામાં આવશે કે, રસતા ઉપરથી ટનેલના મારગની નીચે આવવાને સા રૂ સોભઈતો દાદર બાંધેલોછે. એ દાદરની મારફતે નીચે આવીઆ પછે આરદાંનાં આકારમાં જે દરવાજ દે ખાએછે, તે આ ટનેલનો મારગછે, અને તે પશાર કરીઆ પછી નદીને બીજે કીનારે જાઈ પોંહોચીએ છઈએ, તાંહાં પાછા ઉપર આવવાને સારૂ આગલનાં જેવાજ સોભઈતા દાદરછે તેની મારફતે રશતા ઉપર આવી શ કાએછે. આ ટનેલની અંદર અજવાલુ પડવાને સારૂ ગીઆસની રોશની બાલીઆમાં આવેછે, તેથી તાંહાંથી ચાલી જવાને ઘણુ સવલ પડેછે. વલી એ મારગની બંધે બાજુએ ફેંનસી વસતુઓનાં દુકાનોછે અને કેટલે એક ઠેકાંણે કાસનોરામીક દેખાવો પણ દેખાડીઆમાં આવેછે, તેથી કરીને આ ટનેલ હુંનર અને કારીગરી ની એક અચરત શરીખી બીનાં દાખલજ જોવા લાએકછે એટલુંજ નહી પણ તેમાં ચાલી જનારને બીજી ઘણી રીતે ગમત ઉપજેછે. આ ટનેલ ૧૨૦૦ ફુટ લાંબો અને ૩૮ ફુટ પોહોલો તથા ૩૨ ફુટ અને ૬ ઇંચ લાંબોછે. નદીની સપાટીથી ૭૬ ફુટની ઉંડાઈએ તે બોદેલોછે. કારીગરી અને હુંનરથી બાંધેલો આ નાંમીચો મારગ જેની પછવાડે (૫૦૦૦૦૦૦) પચાશ લાખ રૂપીઆ ખરચ થાયોછે, તે બાંધવાનુ માંન સર આઈ કે બરેનેલને મલવું ઘટેછે, કાંએજે એ ટનેલ બાંધવાનો પેહલલો વીચાર તેણે કીધો હતો, તથા તેનાં ઉ પરીપણાં હેહલ તે બંધાયો હતો. નદીની ઉપરથી એ ટનેલ બાંધતાં જે પાંણી ગરતું હતું તેથી ઘણી અડ ચણ પડતી હતી અને એકવારતો તે ટનેલ આખો પાંણીથી ભરાઈ ગયો હતો, પણ તે પાંણી તેમાંથી પાછુ કાહાડી નાંખીઆમાં આવીઉં હતું. આ માહાભારત કામ સને ૧૮૨૩ નાં વરસમાં શરૂ કરીઆમાં આ વીઉં હતું, તે ૧૮૪૩ નાં શાલમાં પુરૂં થયું હતું અને એ વરશનાં મારચ મહીનાંની ૨૫ મી તારીખે લોકો નાં આવજાવને શારૂ તે ટનેલ ઉંઘાડીએો હતો. ઇંગરેજ લોકોની ભારે હીંમતનો અને હુંનરનો આ ટનેલ એક ઘણોજ સરસ નમુનોછે અને તેથી યુરોપનાં બીજાં મુલકોનાં લોકોબી ઘણીજ અચરતી પાંમેછે.

લંડંનનાં રસતાએો ઉપર તથા કેટલાએક ચોકોમાં કેટલાએક પાદશાહોનાં તથા નાંમીચા શખસોનાં સંગેમરમરનાં તથા કાંસાનાં ધાતુનાં બાહાવલાં મેલેલાંછે. જે જે જગોએ હેવાં બાહાવલાંછે, તાંહાં રસતાનો દેખાવ ખુબશુરત લાગેછે. " માંનીઉમેનટ " માં શેહરનાં બાગમાં લંડંન માંનીઉમેનટ નાંમનો મોટો થાંભ છે તે લંડંનમાં ૨૦૦) વરસની વાત ઉપર આગ લાગી હતી તેની ઈધાંણી દાખલ ઉભો કીધામાં આવીએોછે. તેની ઉંચાઈ ૨૦૨ ફુટછે, અને તેની અંદર બાંધેલા દાદરની મારફતે ઉપર જઈ શકાએછે. એ દાદરનાં ૩૪૫ ફાંદીઆંછે, અને ઉપર ગયાથી લંડંનનો એક ઘણોજ ખુબસુરત દેખાવ આપણી નજરે પડેછે. ડીઉ ક આવ યારક કાલમન નાંમનો થાંભ જે વાટરલુ પલેસ આગલનાં ચોકમાંછે તે પણ ઘણો ખુબસુર તછે અને તેની ઉપરથીબી લંડંનનો દેખાવ ઘણો સારો દીશેછે. લંડંન મધે જે " તરાએમફલ આરચ " નુ માંનીઉમેનટછે તે ઘણુ સોભઈતુંછે. તેની ઉપર ડીઉક આવ વેલીંગટનનું ઘોડ સવાર પુતલુંછે. આ માંની ઉમેનટનો નકસો હીંઆં આપીએોછે અને જે જગાએ તે છે તાંહાંનાં રસતાનો દેખાવ તેથી સોભી રેહેછે. નેલસન કાલમનનું બયાંન " નાશનલ ગીઆલરી " ની બાબદમાં સફે ૧૯૩ મે વાંચીઆમાં આવશે. એક બાબદમાં લંડંનની ખાંમી નજર આવેછે, તે એછેજે પારીસની માફક જાહેર રસતાએો ઉપર હાંમે હાંમ સોભ ઈતા અને ખુશનુમાં ફુંઆરા જોયામાં આવતા નથી. આખા લંડંનમાં તરંણ અથવા ચારથી વધારે ફુંઆ રા નથી. લંડંનમાં સઉથી સરસ ચોક ત્રફાલગર સકુએર ગણાએછે તાંહાં બે ફુંઆરાછે અને તેની આસપા સ પાદશાહોના તથા કેટલાંએક નાંમીચા શખસોનાં બાહાવલાંછે, તેથી તે ચોક ખુશનુમાં લાગેછે, અને તાં હાં સાંહાંજને વખતે લોકો આસાએસને વાસતે એકઠા પણ થાએછે,

લંડનની ઈમારતો તથા ઘરો સોભઈતાંછે, અને તેમાં રેહવાની ગોઠવંણ સુતરી અને સારીછે. લંડનમાં મોલેકો પોતાનાં ઘરો જેમ પોતાની મરજીમાં આંવે, તેવા દેખાવનાં બાંધી શકતા નથી. એક મોહલ્લાનાં સઘળા ઘરો, એકજ આકારનાં અને ઉંચાઈનાં જોઈએ. અંદરથી તમારે ગમે તેવી ગોઠવણ રાખી શકાએ, પણ બાહેરનો દેખાવ અને બાંધણી આસપાસનાં ઘરોનાં જેવીજ રાખવી પડેછે, તેથી કરીને દર એક મોહ લ્લાનો દેખાવ એક ચાલીનાં જેવો લાગેછે. કેટલાએક અસલના મોહલ્લાછે, તાંહાં ઉંચાં નીચાં તથા એક એકથી ફેરફાર આકારનાં ઘરોછે ખરાં, પણ શેહેરનો દેખાવ સુધારવાને તથા વધારે ખુબસુરત કરવાને કીંજ હંમણું સરકા આકારનાં ઘરો બાંધવાનો ધારો કાહાડેલોછે. હમણું લંડનમાં ઘણુ કરીને ઈમારતો તથા મો ટી ચાલો તથા આખા મોહલ્લા બાંધવાનું કાંમ "કંપની" એો માંથે લીએછે, અને પછી તેમાંથી તેઓ છુટક અથવા એકથી વધારે ઘરો સાથે વેચેછે. કેટલીએક કંપનીએો હેવાં કાંમને માટેજ ઉભી થાએલીએોછે, અને તેઓ નકસા કરીને આખા મોહલ્લામાં બંધે બાજુએ એક સરકી રીતના ઘરો બાંધેછે. ઈંગલંડનાં ઘરોનો બાહે રનો દેખાવ તથા બીજી બાંધણી હીંદુસથાંનનાં ઘરોથી જુદી રીતનીછે. જેમ અતરે વરસાદને વાસતે છજ્જા હોએછે, તેમ ઈંગલંડના ઘરોને છજ્જાં છેજ નહી, તથા ઘરોની ઉપર છાપરાં દેખાતાં નથી. છાપરાં સલેટનાં અને બુડાઉ હોએછે. કાચની બારીએો આપણાં ઘરોની માફક ધાંકવાની આવતી નથી, પણ દીવા લની અંદર ઉપરથી અથવા નીચેથી ઉતારવા અથવા ચહડાવવાની આવેછે.

હીંદુસથાંનનો રેહવાસી જે આખો દીવસ પોતાંનાં અને પોતાંનાં પડોશીએોનાં ઘરનાં બારણું અને બારીએો હુંગાડી જોતો આવીએો હોએ, તે ઈંગલંડ ગયાથી, દીવસને વખતે પણ બારણું અને બારીએો બંધ જુએ, તેથી પેહલ વેહલાં તેને કાંઈએક અચરતી ઉપજીઆ વગર રેહેતી નથી. ઈંગલંડની હવા પરમાંણે તાંહાં બારી બારણું હુંગાહાં રાખી શકાએ નહી. કાચની બારીએો જે આગલ જણાંવીઆ પરમાંણે જેટલી જોઈએ તેટલી ઉંચી ચહડી શકેછે, તે થોડી ઘણી ચહડાવી ઓરડામાં હવા લેવી હોએ તે વેલાએ, પણ જો આખી બારી હુંગાડી રાખી હોએતેા, અંદર આવતેા પવંત તબીઅતને નુકસાંન પોંહોચાડે, એટલા માંટે ઉપલેા રવ ઈએો તાંહાં ચાલુછે. ઘરમાં દાખલ થવાનાં બારણું પણ બંધ રાખીઆમાં આવેછે તે પણ ઘણુ કરીને ઉપલાં કારંણ ઉપરથીછે, પણ એ પરમાંણે બારણાં બંધ રાખવાથી ઘરની અંદરનેા બંચાવ પણ થાઇ શકેછે. જેમ અ તરે આપણાં લોકોનાં કુટંબનાં બાએેડી છોકરાંએો ઘણુ કરીને ઘરની બડકીમાં આખેા દાહાડેા રેહેછે, અથવા તેઓની ગેરહાજરીએ કોઇ પણ આદમી તાંહાં બેસેછે, તે મીશાલે ઈંગલંડનાં ઘરોમાં નથી. ઘરમા રેહનારા એો પોતાંનાં દીવાનખાંનાંમાં અથવા કાંમનાં ઓરડામાં રેહેછે, અને ચાકરો પોતાંની રાંધણીમાં રેહેછે, અથ વા પોતાંનાં બીજાં કાંમ ઉપર રોકાએેછે, તાહરે લંડન જેવી બેહોલી અને તરેહવાર લોકોની વસતીનાં શેહે રમા બારણું હુંગાહાં રાખવાનું કાંમ ડાહાપણ ભરેલું કેહવાએે નહી. જો એમ એક ઘર લંડનમાં એક આ ખેા દીવસ હુંગાહું રાખીઆમાં આવેતેા, બીજે દીને તેમાંની એક વસતુ પણ સલામત રેહે નહી. ઈંગલંડનાં ઘરોમાં હંમેસાં એક માલ જમીનની અંદર બાંધીઆમાં આવેછે, અને તાંહાં બબરચીખાંનુ તથા તેને લગતેા સાંમાંન રાખવાની જગા તથા ચાકરોને સારૂ ઓરડાએો હોએછે. એ માલનાં આગલનાં ભાગની બાજુએ વરાંણ રાખેલેા હોએછે, અને બાહેરથી બારીએો હોએછે, તેથી તેમાં અંદર અજવાલું તથા હવા દાખેલ થાઇ શકેછે. હીંદુસથાંનમાં એે પરમાંણે એક માલ જમીનની અંદર આપણે બાંધવા માંગીએે તેા તેમ બની શકે નહી, કાંએેજે આ દેશની ગરમી પરમાંણે તાંહાં કોઇ પરાંણીથી રેહવાઇ શકાએે નહી, પણ ઈંગલંડની ઠંડી હવાને લીધે તેવી અડચંણ તાંહાં માલંમ પડતી નથી. આ ચાકરોના મકાંનમાં જવાને સારૂ રસતેા પણ બા હેરથીજ રાખેલેા હોએછે. ઉપર જે વરાંણ જણાવીએોછે તેની અંદર રસતા ઉપરથી ઉતરવાને સારૂ સીહડી બાંધેલી હોએછે, અને ચાકરો તથા તેઓને મલવા આવનારાએોને આવ જાવનેા રસતેા પણ એેજછે.

ઉપલી બીનાંથી વાંચનારનાં ખીચાલમાં કદાચ હેવું આવશે કે, જાહરે ઘરમાં જવાનાં બારણાં આખેા દીવસ બંધ રેહેછે, અને ઘરનાં આદમીએો પેાત પેાતાનાં કાંમમાં હોએછે, તારે કોઇ મલવા અથવા કાંઇ કાંમ સર આવીઉં હોએ, તે બારણું ઠોકીઆ કરેકે ? પણ નહી તેમ નથી. ઈંગલંડનાં અને યુરેાપ ખંડનાં બીજાં મુલકોનાં ઘરોમાં ઘંટ એક મોટું સુખછે. બારણાંની બાહેર એક કલું હોએછે, તે બેંચીઆથી જાંહાં ચાકર હંમેશ રેહેતેા હોએ, તાંહાં ઘંટ વાગેછે, એટલે તે ચાકર પોતાંની જગેથી આવીને બારણું ઉંઘાડીને જે કોઇ આવીઉં હોએ તેને પુછ પરછ કરી ઘરમાં દાખલ કરેછે. બારણાંની બંધે બાજુએ બે કલાં હોએેછે તેમાં એક ની ઉપર "વીજીટર" અથવા મલવા આવનાંર ગરહસથ, અને બીજાની ઉપર "સરવંટ" અથવા ચાકર એે મીશાલે નાંમ પાડીઆમાં આવેછે. એમ કરવાનું કારણ એેજે, જે કોઇ શખસ અથવા ચાકરને ઘરમાં નાં ચાકરને મલવું હોએતેા તે ચાકરનેાજ ઘંટ વજાડે, કે જેથી ચાકર જાંણે, કે આતેા કોઇ મહેનેજ પુછેછે, અને જે ઘરનાં ધણીને કોઇ મલવા આવીઉં હોએતેા તે "વીજીટર" નેા ઘંટ વજાડેછે. પણ આખા ઘર માં આ બે ઘંટોજછે એમ નહી સમજવું. ઘરની દેવાલોની અંદર ઘંટોનાં તારનેા થાગ નથી. દરએક ઓરડા ની અંદર ઘંટનું કલું હોએેછે, અને તેનેા તાર લઈ જાઈને ચાકરનાં ઓરડામાં બાંધેલા ઘંટોનીસાથે જોડેલેા હોએેછે. ચાકરનાં ઓરડામાં જેટલા ઘંટ હોએ, તે સઘળાની ઉપર ઓરડાનાં આંકેા પાડેલા હોએેછે તેથી જેહવેા પેલા ઓરડા મથેનેા ઘણી ઘંટનું કલું બેંચે, કે તે ઓરડા વાલા આંકનેા ઘંટ વાગે અને પેાતા ચાકર જે ને આદમીની જરૂર હોએે તેની પાસે જાઈ હોકમ લેવાને વાસતે ઉભેા રેહે. હાવી ગોઠવંણથી આપણાં મરદા તથા અસતરીઓ મોહરેથી ચાકરોને નાંમ સાથે હાક મારેછે, કે જે પડોશીઓ તથા રસતાનાં લેાકેા સાંભળેછે તે મીશાલે ઈરોપનાં મુલકોમાં કરવાની જરૂર પડતી નથી.

લંડનમાં સઘળા મલીને (૩૩૦૦૦૦) તરંણ લાખ અને તરીસ હજાર ઘરોછે અને દરવરશે ૪૦૦૦ નવાં ઘરો બંધાએેછે, કે જેમાં દર વરશે એે શેહેરમાં આવનારા ૪૦૦૦૦ નવા શખસોનેા સમાવ થાઇ શકેછે.

હીંદુસથાંનનાં લોકોને તરંણ મોટી અગતની ખુટને લીધે ઘણીએક અડચણ તથા પીડા ખમવી પડેછે, તેમ ઈંગલંડ તથા યુરોપના બીજા મુલકોમાં તથા મુખીએ શેહેરોમાં નથી. જમીનની અંદર તરંણ જાતની નલીએોછે; એક રોશનીને વાસતે "ગીઆસ" ની—બીજી પાંણી પોંહોચતું કરવાની, અને તરીજી નરખને તેની જગોએે પોંહોચાડવાની. રસતાઓમાં તથા ઘરોમાં ગીઆસની રોશની કરવાની ગોઠવંણથી મનુષ્ય જાતને ઘણુ સુખ થયુંછે. મીણબતી તથા તેલની જગા ગીઆસે લીધીછે, અને તેથી રોશનીનાં ખરચમાં ઘટાડેા થયેા છે એટલુંજ નહી, પણ તેથી વધારે સારી અને સોભઈતી રોશની મલેછે. લંડનનાં રસતાઓની ઉપર રાતને સમે જે રોશની થાએેછે તે સંધી ગીઆસનીછે, અને ગીઆસના એક દીવાની રોશની સાધારણ તરંણ દીવા ની રોશની બરોબરછે, તેથી રાતને સમે રસતાઓ ઉપર ફરવાનું તથા ગાડી ઘોડાએોને આવ જા કરવાને ઘ ણું સવલ પડેછે. નલીઓની મારફતે તે ગીઆસને ઘરોમાં લીધામાં આવેછે, અને લંડનનાં મોટાખરાં ઘરો માં ગીઆસનીજ રોશની મલેછે. ગીઆસ બનાંવવાનાં કારખાંનાં શેહેરથી કેટલાએેક માઇલ દુરહોએેછે, અ ને તે કારખાંનાંઓ મથેથી આખા લંડનમાં ગીઆસ પોંહોંચતી પાડવાને સારૂ શેહેરમાં રસતાઓની નીચે જમીનની અંદર જે નલીઓ ગોઠવેલીછે તેની કુલ લંબાઈ ગણીએેતેા ૧૯૦૦ માઇલ થાએે. એે ગીઆસ બના વવાને સારૂ જુદી જુદી ચઉદ કંપનીઓછે અને તે મથે (૪૦૦૦૦૦૦) ચાર કરોડ રૂપીઆની થાપણ રોકા ઇછે. આખા શેહેરમાં રસતાઓ ઉપર દર રાતનાં (૩૬૦૦૦) તરંણ લાખ સાહઠ હજાર રોશની મલેછે, અને તે કારણ સર દર રોજ (૧૩૦૦૦૦૦૦) એેક કરોડ તરીસ લાખ કીઉબીક ફુટ ગીઆસ ખપેછે, અને એે રો શની માંટે સરકારને દર વરસે પાંચ લાખ રૂપીઆ ખરચ થાએેછે. "લંડન ગીઆસ કંપની" નુ કારખાં નુ જે વાફસાલ મથેછે, તે સઉથી મોટું અને જોવા લાએેકછે. પેહલ વેહલાં મોટી બડીઓમાં ગેલસા બાલી

ને હવા કે જેને " ગીઆસ " કેહેછે તે ઉતપંન કરીઆમાં આવેછે. કોલસા બાલીઆ પછી, જે વસતુ કોલસાના જેવીજ રેહેછે, તેને " કોક " કરી કેહેછે, અને એ જાતનો કોલસો બાફનાં સાંચા ચલાવવામાં ઘણો અગતનોછે, તેથી ગીઆસ બનાંવનારી કંપનીની આએપતનો તે એક અગતનો .ભાગ ગણાએછે. કોલસા બાલીઆ પછી જે હવા થાએછે, તે હવાને બીજી જગા ઉપર લઈ જાઈને પાંણી અથવા હવાથી ઠંડી કરી આમાં આવેછે. તાર પછી તે ગીઆસને સાફ કરવા સારૂ પાંણીમાંથી પસાર કરીઆમાં આવેછે. તે પછી ગીઆસમાં કારબાંનીક આસીડનો જે ભાગ હોએ તે કાહડી નાંખવાને સારૂ, તેને ચુનાંનાં પાંણીમાંથી પસાર કરેછે, તાર પછી તેમાં જે કાંઈ ગંધકનો ભાગ હોએ, તે કાહાડી નાંખવાને સારૂ " પર આકસાઈડ આવ આયરન " માંથી પશાર કરેછે. તાર પછી તે સઘળી ગીઆસને એક હેકાંણે લઈ જયામાં આવેછે, તાંહાં ઘડીઆલનાં જેવો એક સાંચો આપણને બતાવેછે કે, આજે કેટલી ગીઆસ બનાંવવામાં આવી. તાર પછી તે ગીઆસને મોટા ગોળ લોહડાંનાં કોઠાઓ, કે જે સઘળી બાજુથી તથા માંથા ઉપરથી બંધ હોએછે, તેમાં દાખલ કરીઆમાં આવેછે અને તેમાંથી પછી શેહેરનાં જુદા જુદા ભાગમાં પોંહોંચતી કરીઆમાં આવેછે. હેવા દર એક મોટા કોઠામાં (૭૦૦૦૦૦) સાત લાખ કીઉબીક ફુટ ગીઆસ માંઇ શકેછે. જેમ કારખાંનાંમાં બંતી ગીઆસનો હીસાબ ઈચંતરથી મપાએછે, તેજ મીશાલે દરએક ઘરમાં કેટલી ગીઆસ દર રોજ પોંહોચેછે, તેનો હીસાબ પણ દરએક ઘરમાં ઈચંતરથી માલંમ પડેછે.

લંડંનમાં પાંણીને સારૂ કુવા ખોદેલા નથી. " ટેમસ " તથા "લીઈ " નાંમની નદીઓ તથા એક કારીગરીથી વેહતી કીધેલી નદી જેને " નીઉ રીવર " કરી નાંમ આપેલુંછે તેમાંથી નલની મારફતે શેહેરમાં પાંણી લાવીઆમાં આવેછે, અને એ પરમાંણે પાંણી પોંહોચતું પાડવાને સારૂ નવ કંપનીઓ ઉભી થાએલીછે, તેવો દરરોજ આગલ જણાંવેલી બે નદીઓમાંથી આસરે (૨૭૫૦૦૦) બે લાખ પંચોતેર હજાર ઘરોને અને નીઉ રીવરમાંથી આસરે (૮૫૦૦૦) પંચીઆસી હજાર ઘરોને પાંણી પોંહોંચતું કરેછે. ઘરોનાં સઘળા ભાગોમાં પાંણીની નળીઓ લીધાથી જાંહાં જોઈએ તાંહાં આપણને પાંણી મલી શકેછે, તેથી કરીને ઘણી એક મેહનતનો બચાવ થાએછે. " નીઉ રીવર " નાંમની નદી જે કારીગરીથી વેહેતી કીધેલીછે, તે ૩૯ માઈલ લાંબી ૧૮ ફુટ પોહલી, અને ૪ ફુટ ઉંડીછે અને તેનું બાંધ કાંમ પુરૂં કરવામાં બાર વરશ લાગાં હતાં. લંડંનમાં દર રોજ આસરે (૫૦૦૦૦૦૦) પાંચ કરોડ ગીઆલંન પાંણી ખપેછે.

લંડંનનાં રેહવાશીઓને બીજું ખુશી થવાજોગ એછે કે જેમ હીંદુસથાંનમાં ગટરો ઉંધાડીછે, તથા નરખ લઈ જવાને વાસતે ટેડાછે, તેમ નથી. નરખ તથા ગટરો બધેની ગલીચી સારી અને પકી બાંધણીની ગોઠવંણુથી મેલેલી નલીઓની મારફતે ટેમસ નદીનાં છેક નીચેનાં ભાગોમાં લઈ જવામાં આવેછે, એ પરમાંણે દર રોજ (૯૫૦૦૦૦૦) પંચાણુ લાખ કીઉબીક ફુટ નરખ નદીની નીચે ખલાસ થાએછે. હાવાં ભારી વસતી વાળાં શેહેરમાં જો હાવી સારી ગોઠવંણ નહી હોએ તો, ઘણાંએક મરજોના ઉપદરવ થયા વનાં રેહે નહી. લંડંનની ભારી વસતી પરમાંણે તાંહાં રોગોનો ઉપદરવ ઘણો નથી તેનું કારણ ઉપર જણાંવેલી અને બીજી સફાઈઓથીછે.

ઘરમાંની ગોઠવંણ ઉપરથી બાહેરનાં દેખાવ ઉપર આપણે જાઈએ. કોઈએ હેવું ધારવું નહી કે આખું લંડંન મોટી ઈમારતોથીજ ભરેલુંછે. કેટલોએક ભાગ જોઈને જેમ આપણે અચરતીમાં પડીએછે, તેમ કે ટલોએક ભાગ લંડંનનાં નામને લાએકનો નથી. હરેક શેહેર સઘળુંજ પુરૂં અને સોભઈતું હોએ હેવુંતો બનવું મુશકેલછે, તોપણ એ શેહેરનો ઘણોખરો ભાગ સારોછે, અને હીંઆં જેટલી મોટી અને નાંમીચી ઈમારતો છે, તેવી દુનીઆંનાં બીજાં થોડાં શેહેરોમાં હશે. જે જે ઈમારતો ખુબસુરત તથા નાંમીચી ગણાંએછે, તેમનુ બયાંન તેમને લગતી જગાએ કરીઆમાં આવીઉંછે, માટે તે વીશે હીંઆં લખવાને જરૂર નથી. લંડંનનો

પશચમનો ભાગ કે જેને "વેસ્ટ એન્ડ" કરી કેહેછે, અને જાંહાં લંડંનના પેહલલા વરગનાં ઘણાંખરા લોકો રેહેછે, તાંહાંનાં એક આકારનાં અને સીધાં તથા એક સરખાં ઘરોનાં મોહોલ્લા ઘણાંજ ખુબસુરત દેખાએછે, અને તેવા મોહલ્લાઓમાંથી ચાલી જવાને પણ આપણને ઘણી ખુશી ઉપજેછે. જે મોહલ્લાઓને "સ્કુએર" કરી કેહેછે, તાંહાં વચમાં બાગ પણ હોએછે તેથી તે બાગની આસપાસ રેહનારાઓને એક અગતનો ફાએદો થાએછે.

પણ લંડંનનાં જે રસતાઓ અને મોહલ્લાઓમાં દુકાંનોછે, તાંહાંનો દેખાવ ખરેખર ઘણોજ ખુબ સુરત લાગેછે. દુકાંનો હંમેશાં ઘરનાં નીચેનાં ભાગમાં હોએછે, અને કેટલાએક રસતાઓ ઉપર કાંઈજ નહી પણ દુકાંનોજછે. એ દુકાંનોની બાહેરની બારી તથા બારણાં કાચનાં હોએછે, તથા તે બધે જે માલ ગોઠવીઆમાં આવેછે, તે હેવી રીતે ચહડતો ઉતરતો ગોઠવીઆમાં આવેછે કે, બારીઓમાંથી સઘળો દેખાઈ શકે. ઝવેરી પોતાની દુકાંનમાંનાં હીરા મોતીથી જડેલા તથા સોનાં રૂપાનાં દાગીનાંના નમુનાં તરેહવાર રીતે ગોઠવીને પોતાની દુકાંનની બારીની સોડે મેલેછે, અને રસતેથી ચાલી જનાર શખસ દરએક દાગીનો પેલા કાચની અંદરથી શેહલથી જોઈ શકેછે. એ પરમાંણે જાંહાં ઝવેરીની દુકાંનો હારેદોર લાગી હોએછે, તાંહાં ઘણોજ સારો દેખાવ લાગેછે. કાપડ વેચનાંર રંગ બે રંગ રેશમી તથા સુતરાઉ કાપડનાં નમુનાં તેજ મીશાલે દેખઈતા મેલેછે; મોચી, વેચવાનાં જોડા; રમકડાં વાલો, તેનાં રમકડાં; ટોપી વાલો, ટોપી; એ પરમાંણે ઈતીઆદી સાંમાંન વાલાઓ પોત પોતાંનાં સાંમાંન દેખઈતા મેલીઆથી, હેવી દુકાંનોના મોહલ્લા તથા રસતાઓમાં ચાલી જતાં, આપણે જાંણે તરેહવાર માલોની વખારમાં ચાલી જતા હોઈએ તેવું માલંમ પડેછે, તથા હેવા રસતા ઉપરથી ચાલી જતાં આપણને કોઈબી રીતે અંતગમતું લાગતું નથી. આપણે કાંઈ કાંમને વાસતે જતા હોઈએ, તો આસપાસની દુકાંનોનાં ખુબસુરત દેખાવથી આપણી મંજલ કાપવામાં કસો કંટાલો ઉપજતો નથી.

ખુબસુરત માલોથી ભરેલી અને સઉથી સારા દેખાવની દુકાંનો " રીજેનટ સ્ટ્રીટ " નામના રસતા ઉપરછે એ રસતો ઇંગલંડમાં સઉથી સરસ ગણાએછે અને તે બધેની દુકાંનો પણ સઉથી શોભાવંતછે. " આકસફરડ સ્ટ્રીટ " તથા " પીકાડીલી " તથા " બાંનડ સ્ટ્રીટ " નાંમનાં રસતાઓ ઉપરની દુકાનો પણ ઘણી ખુબ સુરતછે, અને કોઈ શખસ ગમે તેવાં પોતાનાં કાંમને માટે જતો હોએ, તોપણ તે રસતાઓ બધેની દુકાંનો તેની આંખને પોતાની તરફ લલચાવીઆ વગર રેહતી નથી. એ દુકાંનદારોની મોટી ખુબી એછેકે, સફાઈને તેઓ પોતાનાં ધંધામાં ફતે મેલવવાનું એક અગતનું હથીઆર સમજેછે. મોચીની દુકાંન પણ સફાઈમાં ઝવેરીનાં દુકાંન કરતાં ઉતરતી નથી આવતી. એજ મીશાલે તરેહવાર ખોરાકની તથા પોશાકની દુકાંનોમાં સફાઈ તથા ખુબસુરતી જોયામાં આવેછે.

દુકાંનો સવારના આઠ અને નવ વાગતાંની વચમાં ઉંધડેછે, તે રાતના નવ અથવા દશ વાગતા સુધી ઉંઘાડાં રેહેછે. રાતને સમે એ દુકાંનોનો દેખાવ ઘણોજ સરસ લાગેછે, કાંએજે તેમની અંદર ઘણીજ સારી રોશની કરીઆમાં આવેછે. રોશનીનાં સબબથી જે જે દુકાંનોમાં ધાતુનો માલ હોએછે, તથા જાંહાં જાંહાં રંગ બે રંગ સાંમાંન હોએછે, તે ઘણો દીપેછે અને જે મોહલ્લા તથા રસતાઓમાં હારેદોર દુકાંનોછે તાંહાં હંમેશ રાતનાં જાતરા અથવા દીવાલી જેવું લાગેછે.

જેમ પારીસ વીશે બોલતાં આગલ કહુંછે કે દરએક દુકાંનદાર પોતાને તાંહાં ઘરાકોને ખેંચવાને સારૂ પોતાની દુકાંનને જેમ બને તેમ સણગારેછે તથા ખુબશુરતં કરેછે, તેજ મીશાલે લંડંનનાં દુકાંનદારો વીશે કહી શકાએછે; તેઓ પણ એ બાબદમાં કોઈ રીતની કસર કરતા નથી. આ ખુબસુરત દુકાંનો વીશે વાત કરતાં આ લખનારને એક ઇંગરેજ મીતરે હેવું જણાંવીઉં હતું કે, એક કંનજુસ શખસને કોઈવાર કાંમને ખાતર

તેવી દુકાનોનાં રસતા ઉપરથી જવું પડતું તો, તેને ઘણો બલાપો થાતો હતો. રસતાની બંધે બાજુએ ઘણી શો બઈતી દુકાનો, તેથી જે બાજુથી તે ચાલે તાંહાં તેહનો જીવ લલચાએ, તેથી તે ઘણી હંમેશાં જેમ બને તેમ સીધું જોઈ ચાલતો, અને દુકાનો તરફ નજર કરતો નહી હતો, કે રખે અંદર જવાને તેને લાલચ થાએ, અ ને જેથી કરીને તેના તંગ ગજવામાં હાથ ઘાલવો પડે. વાસતે જે દુકાંનનાં દેખાવથી કંજુસો લલચાએ, તે દુકાનોમાં ખરચાલુને જવાને કેટલો વીલંબ લાગે, તે સેહલથી વીચારી શકાએછે.

લંડંન જેવા મોટા ધંધાનાં શેહરમાં ઘણા ખરા લોકો જેઓને પોતાનાં કાંમનાં સબબથી દીવસને વ ખતે દુકાનોમાં જાઈ માલ ખરીદ કરવાને બની આવે નહી તેઓ હંમેશાં તાંહાં રાતને સમે જાએછે, તેથી રાતના દશ વાગતાં શુધી એ દુકાનો ઉંધાડાં રાખીઆમાં આવેછે. દુકાંનમાં માલનો વેચનાંર ધણી તથા તે હનાં આદમીઓ હંમેશાં ઘરાકની તરફ ઘણું સારૂં ધીઆંન આપેછે. દુકાંનનો ધણી અથવા તેનાં આદમીઓ હંમેશાં પોતાનાં ઘરાકની સાથે "સાહેબ" શબ્દ બોલીઆ વગર વાત કરતો નથી. જીનસોનાં ભાવો કેહવા માં તથા માલ દેખાડવામાં અતીશે લાએકી તેઓ વાપરેછે, અને ઘરાકનું દીલ ખુશી થાએ અને તેને માંન મલે હવી રીતે તેઓ સઘળી વાતો કરેછે. જે આબરૂદાર દુકાનોછે, તાંહાં માલની ઉપર તેનો ભાવ હંમેશાં નોંધેલો હોએછે, તેમાં કોઈબી રીતનો ઘટાડો થાતો નથી. લંડંનની દુકાનો વીશે હેવું કેહેવામાં આવેછે, કે ઘરાકોને હંમેશાં આબરૂદાર દુકાનોમાં જયાથીજ ફાએદોછે. હેવી દુકાનોમાં આપણે હરેક જીનસનો ભાવ કાંઈએક વધારે આપીએછ ખરા, પણ તે માલ સારોજ હોએ તેમાં શક નહી. કેટલીએક દુકાનોમાં માલ સ સતો લાગે, અને બાહેરથી તે માલનો દેખાવ પેલા મોંઘા માલનાં જેવોજ હોએ, તોપણ તેમાં કાંઈપણ હેવું તરકટ હોએ, કે જેમાં આપણે ઠગાયા વગર રહીએ નહી. કેટલાએક દુકાંનદારો પોતાનાં માલ ઉપર હેવી રીતે ભાવ માંડેછે, કે જે આપણને ઘણો સસતો લાગે, પણ સઘલી ગણતરી કરીએતો તેજ માલ આપણને એ ક આબરૂદાર દુકાંનદારને તાંહાંથી ચાર ગણી ઓછી કીમતે મલી શકે. વાસતે પારકા શબ્દસે અગત કરીને ખબર કાહાડીને સારાં નાંમ ધરાવનારી દુકાનોમાંજ જવું.

લંડંનનાં દુકાંનદારો પોતાની દુકાંન અને તે મધેનાં માલને જાહેર કરવાને વાસતે તરેહવાર ઉપાયો ક રેછે, વરતમાંન પતરોની મારફતે જાહેર ખબર છપાવવાનાં તથા છુટી ખબર છપાવી વેંહચવાનાં તથા પોતા ની દુકાંન ઉપર સોભઈતાં અને મોટાં પાટીઆંઓ મારવાનાં ખરચમાં તેઓ કશી રીતની બખીલાઈ ક રતા નથી. મુંબઈના કોઈ દુકાંનદાર અથવા પેહડીવાલો વરતમાંન પતરમાં એકુ જાહેર ખબર છપાવે છે તો તેણે તે વરતમાંન પતર ઉપર ઉપકાર કીધો હોએ, એમ તે સમજેછે પણ લંડંનમાંતો કોઈબી ધંધાદારી જાહેર ખબરો છપાવવામાં ઘણોએક ખરચ કરીઆ વગર પોતાની ઉમેદમાં ફતે મેલવવાની આ શા રાખતોજ નથી. પોતાની દુકાંનનો બાહેરનો દેખાવ તેઓ હેવો કરેછે કે, જેથી રસતે જનારને તે દુકાં નમાં શું મલેછે, તેની તરત સમજ પડેછે, અને તેવી મતલબ જલદીથી જાહેર થાઈ શકે, તેવાં ચીતારનાં પા ટીઆં મારવામાં તેઓ ઘણોએક ખરચ કરેછે. પેહરવાનાં પોશાક વેચનારાઓ મોટાં પાટીઆં ઉપર ડગલા, ટોપીઓ ઈતીઆદી પાડેછે; પલંગ વાલાઓ મોટાં પાટીઆં ઉપર પલંગનાં ચીતારો પાડેછે; ખુરશી વેચનાર ખુરશી પાડેછે; ઘોડા તથા ગાએહોરને ખાવાનો ખોરાક વેચનાર પોતાની દુકાંનનાં માંથાં ઉપર એક મોટાં પા ટીઆં ઉપર માતેલા ઘોડા તથા ગાએ પાડેછે; ચસમો બનાંવનાંર મોટા ચસમાં પાડેછે; છરી કાતર બનાંવના ર છરી, અને કાતર પાડેછે; અસતરા વેચનાંર અસતરા પાડેછે; હજામ બપકામાં ઉભો રહી દાહડી ઘોરતો હોએ એવો ઘણો ખુબસુરત ચીતાર તે પોતાંની દુકાંનનાં માંથા ઉપર મેલેછે. ઉનનાં કપડાં વેચવાની દુકાંન વાલો પોતાની દુકાંનનાં માંથાં ઉપર સુનેરી ઘોર સાથનુ એક મોહું મેંહેનતું ટાંગેછે, તેની મતલબ એજે મેંહેન ડાનાં ઉનનાં બનાંવેલાં કપડાં, તે દુકાંનમાં વેચીઆમાં આવેછે. બુટવાલાની દુકાંન ઉપર લાકડાંનુ અથવા ધા

તુનું બનાંવેલું હેવુંતો મોટું બુટ મેલેછે, કે તે ઘણુ દુરથી દેખાઈ આવે, અને તેમાં એકદંમ પચીસ પગ માં એ. છતરીવાલો એક મોટી છતરી પોતાની દુકાંન ઉપર ટાંગેછે, અને વળી કેટલાએક જણ એક મોટું ચીત ર ટાંગેછે, અને તેમાં બે આકાર પાડેછે. ભર વરસાદમાં બે જંણને ઉભા રાખેછે, એકને છતરી ઓઢારેલી હોએછે, તે કોરડો અને કકરતો દેખાએછે, અને વગર છતરી વાલો ભીનાંએલો અને થરથર કાંપતો માલ મ પડેછે, તેથી કરીને વગર છતરી વાલાને છતરી લેવાની ઉલટ થાએછે. વરસાદમાં છતરી વગર ચાલે તેવાં રબરનાં કપડાં વેચનાંર પોતાનાં કપડાં વાલા શબ્દસને વરસાદમાં વગર અડચણે ચાલતો અને પાંણીની દર કાર નહી કરતો પાડેછે. દાંત જડનાંર એક મોટાં પાટીઆમાં ઉપર એક બોબો શબ્દસ પાડેછે અને તેજ શબ્દ સ દાંત જડીઆથી કેવો જુવાંન થાએછે તેનો ચીતાર તેનીજ પાસે મેલેછે. જાહેર ખબરનાં કાગલો આપણુ ને રસતામાં ચાલતાં આપેછે, તથા આપણુ ઘરમાં નાંખી જાએછે. એ પરમાંણે તરેહવાર ધંધાદારીઓ પો તાનો ધંધો બતલાવનાર નકસા પોતાંની દુકાંન અથવા વખારની ઉપર દેખાડેછે તથા જાહેર ખબરો અને બીજ રીતે તે વીશેની ખબરો ફેલાવેછે. આપણે હીંદુસથાંનમાં હેવું સાંભલતા આવીઆ છઈએ કે, પરોઈ સર હાલોવે પોતાની ગોલી અને મલંમની જાહેર ખબર છપાવવામાં સહુથી વધારે ખરચ કરેછે, પણ તે વી ચાર ઈંગલંડ ગએથી નીકલી જાએછે. હાલોવેનાં કરતાં ઘણે દરજજે મોટા જાહેર ખબર છપાવના રા ઈંગલંડમાંછે. "મોસીસ એનડ સંનસ" નાંમનાં નાંમીચા દુકાંનદારોછે, તેઓની જાહેર ખબરનો કશો પાર નથી. ગરેટ બરીટંન અને આએરલંડનાં કોઈબી પરગણાંમાં જાઓ, અથવા શેહેરમાં અથવા ગાંમડાંમાં જાઓ, અને તમો તાંહાં "મોસીસ એનડ સંનસ" ની જાહેર ખબર જોશો, એ ટલુંજ નહી પણ દરએક શેહેર અને ગાંમડાંમાં જાંહાં જાંહાં ઘણાં લોકોનો આવજાવ થાતો હોએ, તથા દરએક "રેલવે સ્ટેશંન" ઉપર તેની ખબરનાં મોટાં પાટીઆં મારેલાં જોશો. કેટલાએક ધંધાદા રીઓ શેહેરનાં જુદા જુદા ભાગ ઉપર હેવું લખીને પાટીઆં મારેછે કે, ફલાંણી વસતુ સહુથી સારી અને સ સતી જોઈતી હોએતો, ફલાંણે ઠેકાંણે જાઓ, જેમકે તમોને સારી ચાહે જોઈતી હોએ તો ફલાંણા ધણીની દુ કાંન અને ફલાંણે ઠેકાંણે જાઓ; તમોને ફાંશો થાયો હોએ, તો ફલાણે ઠેકાણેથી ઠાંશાની ગોલી મલશે. વલી કેટલાએકોતો જાંણે તેઓ વતરોગે બીજા કોઈ સારો અને સસતો માલ વેચતા નહી હોએ, તે મીશાલે મોટાં પાટીઆં અથવા દેવાલો ઉપર રંગથી લખેછે કે, જારે આટલો સસતો અને સારો માલ ફલાંણાંને તાંહાંથી મ લેછે, તારે બીજે ઠેકાંણે જવાનું શું કાંમછે ! એ પરમાંણે તરેહવાર યુકતીઓ પોતાનો માલ ખપાવવામાં ધં ધાદારીઓ કાંમે લગાડેછે.

જે શેહરમાં વેચવાને વાસતે આવતા માલની હદ નહી, અને જાંહાં ધંધાદારીઓની સંખીઆની ગ ણતરી નહી, તાંહાં ઘણાંએકો પોતાનો માલ વેચાએ, હેવી યુકતી કરવામાં આડા મારગોળી કાંમે લગાડે, તેમા અચરત સરીખું કાંઈ નથી. દુકાંનદારો પોતાનાં પડોસીથી સરસ થવાને અને વધારે ઘરાક મેલવવાને તરેહવાર ઉપાયો કરેછે, અને તેથી કરીને અલબતાં ઘણાંએક ભોલા અને અંનજાંણુઓ ઠગાએછે. જેમકે કેટલાએ કો હેવી ખબર આપેછે કે "આ દુકાંનમાંનો માલ ઘણી નુકસાંની સાથે તુરત વેચી નાખીઆમાં આવનાંર છે." આ પરમાંણેની ખબર કોઈ અંનજાંણાંનાં જોયામાં આવે, તારે તે સંમજે કે હીંઆંથી ઘણો સસતો માલ મલશે, અને તેવી ધારણાંથી તે દુકાંનમાં જાએ, અને કાંઈએક માલ ખરીદ કરે, પણ જે ભાવ તાંહાં તેની પાસેથી લીધામાં આવેછે, તે બજાર ભાવ કરતાં બેવડો હોએછે. પેલો ખરીદદારતો બીચારો એમજ સ મજેછે કે, ઘણી નુકસાંની સાથે હીંઆં માલ આટલી કીમતે વેચાએછે, તાહરે બજારમાંતો તેનો ઘણો ભાવ હશે. કેટલાએકો પોતાની દુકાંન ઉપર સાફ બેહાઈ સાથે હેવી ખબર ચોહટાડેછે કે, "તરત નવો માલ આ વેલોછે તે જલદીથી ખપાવવાને વાસતે અરધી કીમતે વેચી નાંખીઆમાં આવેછે." હેવી દુકાંનમાં જાઈને

જે ભોલો શખ્સ હરધી કીમતે માલ ખરીદ કરે, તે હંમેશાં બેવડી કીમત આપી આવેછે. વલી એક રસ તા ઉપરથી ચાલી જતાં આપણી નજરે કોઈ દુકાંન પડેછે, કે જેની ઉપર હેવું લખેલું હોયે કે આ દુકાંન બધેના સાંમાંન જેમ જાએ તેમ વેચી નાંખીઆમાં આવેછે. આ ઉપર તમારી નજર પડીઆથી તમો સંમજો કે, હીંઆં સસતો સાંમાંન મલશે, પણ અંદર જાઓ કે તમોને મોઘો મલીઆ વગર રેહે નહી. એ પરમાણે તમો જાહરે તે દુકાંન આગલથી જાઓ, તારે તમોને તેજ ખબર પાછી દેખાશે, છ મહીનાં પછી, વરશ પછી બે વરશ પછીબી તમો જોશોકે હજુર આ દુકાંન ઉપર ઉપલીજ ખબરછે, અને પછી તમોને તે ઠગાઈ વીશે સ મજ પડે, અને તમો તે દુકાંનદારને તે ખબર મારવા વીશે પુછો, તારે તે તમોને થંડે કલેજે કેહેશે કે, "ગાં મમાં સઘલાઓ જેમ પોતાથી માલ વેચાએ તેમ વેચેછે, અને હમેબી જેમ વેચાએ તેમ વેચીએછ, પછી કો ઈ તે વીશે જાહેર ખબર મારેછે અને કોઈ નથી મારતું." હમોએ આગલ જણાવીઉંછે કે, કેટલાએક દુંકા નદારો પોતાની જીનસોની ઉપર ઘણા સસતા ભાવ મેલેછે, પણ તેમાં કેટલીએક તરાંહાંની ઠગાઈછે. હવે એ સસતા ભાવો ઉપર જો લોકોનુ ધીઆંન નહી પોહોચતું હોયેતો તે નજરે પાડવામાં પણ દુકાંનદારો પોતાની અ કલને કાંમે લગાડેછે. દુકાંનોની બાહેરની બારી અને બારણાંનાં કાચ ઘણાંજ કીમતી અને શોભઈતા આવે છે, તેવા કાચમાંનો સઉથી કીમતી અને શોભઈતો કાચ ભાંજી નાંખવાને પોતાનાં કોઈ આદમી અથવા રસ તે જનારને શીખવેછે, અને જાહરે તે કાચ ભાંજીઆમાં આવેછે, તારે પેલો દુકાંનદાર કેટલોએક ધબરાટ ઉ ઠાવેછે, અને તેથી કરીને તે દુકાંનની સોડે લોકોનુ ટોલું થાએછે, અને તારે પેલો સસતો ભાવ તેઓની ન જરે પડેછે, અને તે ઉપરથી કેટલાએકોને તે "સસતો" માલ લેવાને ઉલટ થાએછે, પણ સસતો માલ લેવા જતાં આગલ કહુંછે તેમ બેવડું આપેછે, તેનું ધીઆંન તેઓ રાખતા નથી.

આ દુકાંનદારોની ઘરાક મેલવવાની યુકતીનો એક અચરત સરીખો દાખલો જણાંવીઆમાં આવીઓ છે. પેહરવાની ટોપીનાં બે કારખાંનાં વાલાઓએ પોત પોતાની તારીફમાં ખબરો છપાવીઆ પછે, એક એ કની અને અરસ પરસનાં માલની વીરૂધ છપાવા લાગા તે એટલા શુધી કે ગાલા ગાલી ઉપર આવીઆ. એ ક કેહેજે અસલ અને સારો માલ તેનોછે અને બીજો કેહેજે અસલ અને સારો માલ તેનોછે, એ પરમાં ણે વારેઘડીએ મારામારી કરીઆથી તથા ધંટેરા ફેરવીઆથી, તથા "હેનડબીલ" ફરતાં કરીઆથી, બંધે દુકાંનદા રો વીશે ગાંમમાં ઘણી ખબર ફેલાવા લાગી, કોઈ એકને માંને અને બીજો બીજાને માંને, એ પરમાંણે તે બં ધે દુકાંનમાં ઘરાકો ખેંચાવા લાગાં, અંતે તે દુકાંનદારોએ પોત પોતામાં એટલુંતો વેર દેખાડીઉં કે બર રસ તાની અંદર એક બીજાની ટોપીઓના ખરાબ આકારનાં ગાડાં બનાંવી ફેરવવા માંડીઆં, અને વલી તેમને એક એક સાથે અથડાવી મારા મારી કરવાનુ શરૂ કીધું. ઉપલા વાંધાથી લોકોને પેહલલાંતો રમુજ પેદા થા ઈ હતી, પણ પછવાડેથી ઘણો કંટાલો આવીઓ. આ પરમાંણે અંતે કેટલાંએક વરશ શુધી ચાલીઉં, અને પછી ઘણુંએકે આ અચરત સરીખી ખબર માલંમ પડી કે, તે બંધે દુકાંનોનાં માલેકો એકજ હતા, અને તે ઓએ લોકોનુ ધીઆન પોતાની દુકાંન ઉપર પોહોંચાડવાને વાસતે હાવા પણ ઉપાએ કીધા હતા !!

વાંચનાંર કદાચ પોતાનાં મનમાં હેવું વીચારશે કે, ઉપર જણાવેલાં તરકટો હંમેશાં ચાલુ રેહેછે તેથી લંડનનાં રેહવાશીઓએ તેમાંના ઘણાંખરાથી જાંણીતા રેહવું જોઈએ, અને જાહરે લોકો તે તરકટોથી વાકેફ હોયે તારે તે વધારે મુદત શુધી શી રીતે ચાલી શકેછે, પણ જેઓ લંડનની મોટી વસતી તરફ તથા દરરોજ શેહરમાં આવતાં નવાં લોકો તરફ ધીઆંન રાખી આ બાબદનો વીચાર કરશે તેઓને સમજ પડશે કે, ઘ ણાએક ભોળા તથા અંનજાણાઓ તે તરકટીઆ દુકાંનદારોનાં શેકાર થાઈ પડે તેમાં નવાઈ જેવું નથી. ઈમાંનદાર અને આબરૂદાર દુકાંનદારો વીશે એકવાર ઉપર બોલીઆ છઈએ તેથી હીંઆં જે કહુંછે તે સઘ ળા દુકાંનદારોને લાગુ પડેછે, તેવું કોઈ શમજશે નહી, હેવી હમોને આશાછે, અને ફરીથી કહીજીએછ કે, જો

ખરેખર સારો અને સસતો માલ લેવો અથવા ખરીદ કરવો હોયેતો, આબરૂદાર દુકાંનદારો ઘણાછે. તેઓને તાંહાં જ્યાથી કોઈબી રીતે ઠગાવાની ધાસતી રેહતી નથી.

લંડંનની ભારી વસતી કે જે વીશે ઉપલા સફાઓ ઉપરથી વાંચનારે પોતાંનો વીચાર બાંધીઓ હશે, તે ઓનાં કાંમને સારૂ કેટલી ગાડીઓ ખપમાં આવેછે, તેની વીગત જાંણવા જોગછે. ભાડેની ગાડી જેવી શેહેલથી લંડંનમાં મલી શકેછે, તેવી દુનીઆંનાં થોડાંજ શેહેરોમાં મલી શકતી હશે. તમોને જે વખતે અને જે જગા એ ગાડી જોઈએ, તે વખતે અને જગાએ તે મલી શકશે. ભાડેની ખાલી ગાડીઓ ઉભી રેહવાને વાસતે શેહ રનાં જુદા જુદા ભાગોમાં ઠેકાંણું કરી આપેલાંછે, તેવાં ઠેકાંણુ આખાં લંડંનમાં ૩૦૦ થી વધારેછે, અને તેમાં નાં કોઈની ઉપર પણ જરે તમો જાઓ તારે ખાલી ગાડી ઉભેલી મલીઆ વગરે રેહે નહી, તે સાથે વળી ખા લી ગાડીઓ રસતામાં ભાડું શોધતી ફરેછે, તેથી કરીને જરે આપણને જોઈએ, તારે કોઈજ વખત ગાડી નહી મલે. પણ લંડંનનાં રસતાઓ ઉપર પોતાનાં કાંમ કાજને સારૂ મુસાફરી કરનારાઓને "ઓંમનીબસ" નાંમ ની બે અથવા તરંણ ઘોડાની મોટી ગાડી ઘણીજ ઉપીઓગનીછે. એ ગાડીમાં બાર શખ્સ અંદર અને ચઉદ શખ્સ બાહેર ગાડીનાં માંથા ઉપર કીધેલી બેડક ઉપર બેસેછે. એ ગાડીઓ શેહેરનાં સઘળા ભાગો ઉપ ર આખો દીવસ અને મોડી રાત શુધી ફરેછે. આ ગાડીનાં ઘણીઓ તેમને હેવી ગોઠવણથી ફેરવેછે કે, તે થી તેઓને પણ ફાએદો થાએછે, અને લોકોને ઘણુ સવલ પડેછે. શેહેરનાં જુદા જુદા ભાગો ઉપર ફરવાને જુદી જુદી "ઓમનીબસ" છે, અને તે ગાડીઓ કાંહાં કાંહાં ફરેછે, તે જગાઓનાં નાંમ પણ તે ગાડીની ઉ પર દુરથી વંચાઈ શકાએ તેવા મોટા હરફથી લખીઆમાં આવેછે. એક લાંબા રસતાને નાંકેથી એક ઓમ નીબસ નીકળે તે છેલ્લી કાંહાંથી પાછી ફરશે, તે આપણે તરત જાંણી શકીએછે, તેથી તે ઓંમનીબસની લી ટી અથવા હદમાં જોને જવું હોયે તે બેસેછે, અને જે જગાએ તેને ઉતરવું હોયે, તાંહાં તેને ઉતારીઆમાં આવેછે. એ પરમાંણે એ ગાડીઓનાં જે મુખીઅ મથકો કીધેલાં હોયેછે, તાંહાથી પસાર થવાનાં મારગનાં આવ જાવ પરમાંણે પાંચ પાંચ મીનીટે અથવા દશ દશ મીનીટે અથવા પા અથવા અરધા અથવા એક એક કલાકને આંતરે તે ગાડીઓ નીકળેછે અને પાછી ફરવાને વાસતે ઠેડવેલે મથકે જઈ પોહોંચીઆની આગમજ શે હકડો ઉતારૂઓને લીએછે અને ઉતારેછે. એ ગાડીઓ ઓતરથી દખણ અને ઉગમંણથી પશ્ચમ તરફ સઘળા મુખીઅ રસતાઓ ઉપર ફરેછે. એક ગાડીનાં ઠેડવેલા આખા મારગમાં ગમે તેટલી સફર કરીને ઉતરે, પણ તેનો દર છ પેનસ અથવા પા રૂપીઓ આપવો પડેછે. જો એક નાંકેથી નીકળીને બીજે નાંકે ઉતરીઆ હોઈએ તો પણ પાવલોજ આપવો પડે, વધતું આપવું પડે નહી. કેટલીએક ઓંમનીબસનો હેવો ધારોછે કે એક માઈલ ની અંદર ઉતરે તો ચાર પેનસ અથવા આઠ ફદીઆંજ આપવાં પડે. એ ગાડીઓ હંમેશાં ઘણી ઉતાવલથી દોડેછે અને વારે ઘડીએ ઉતારૂઓ લેવા અને ઉતારવાને વાસતે ઉભી રેહેછે તોપણ એક કલાકમાં શેહલથી આઠ માઈલ જઈ શકેછે. લંડંનમાં સઘલી મલીને હાવી આસરે ૯૦૦ ઉપર ગાડીઓછે. એ સંખીઆ મ ધેની ૬૦૦ ગાડીઓ એક કંપની કે જે "લંડંન જનરલ ઓંમનીબસ કંપની" ને નાંમે ઓલખાએછે તેની છે. એ સઘળી ગાડીઓ તેને લગતા ઘોડા તથા સાંમાંન સાથે એક આગલી કંપની પાસેથી ઉપર જણાવેલી પનીએ (૪૦૦૦૦૦) ચીઆલીસ લાખ રૂપીઆ બદલે, અથવા દરએક ગાડીને માંથે ૩૬૦૦૦ આપીને ખ રીદી હતી. એ સઘળી ગાડીઓ એક દીવસ અને રાતમાં જેટલી સફર કરેછે, તેનો હસાબ કાહાડીઓછે, તે ઉપરથી હેવું જોયામાં આવેછે કે, એક માસમાં એ ગાડીઓ (૧૧૧૧૦૧૬) અગીઆર લાખ, અગી આર હજાર અને શોલ માઈલ ફરેછે, અને આપણી પુરથવીનો ગોલ ફેરવો (૨૫૦૦૦) પચીસ હજાર માઈલનોછે તે ઉપરથી આપણે એમ ધારીએ કે એ ગાડીઓ એક માસની અંદર પુરથવીનાં ગોલાની આસ પાસ ચુંમાલીસ વખત ફરી શકે. ઉતારૂઓનાં હીસાબ ઉપરથી હેવી ગણતરી મલીછે કે એક માસની મુદ્દ

તમાં એ ગાડીઓ બધે સઘળા મલીને (૩૬૮૦૦૦૦) છતરીસ લાખ હેંશી હજાર આદમીઓ સફર કરેછે. બી જી તરંણશો ગાડીઓ જે બીજા ધણીઓનીછે, તેનો હીસાબ પણ ઉપલી વીગત સાથે મેલવીએતો લંડનમાં ફરનારી સઘલી બાંમનીબસમાં એક બાંસમાં (૫૫૨૦૦૦૦) પંચાવંન લાખ, વીસ હજાર આદમીઓ, સફ ર કરી શકેછે. બાંમનીબસની ગાડીઓ જે લંડનમાં દોડેછે, તેમની ઉપર સરકારની તરફથી જે કરછે તેનાં વરસ દાહડે (૭૫૦૦૦૦) સાત લાખ, પચાસ હજાર રૂપીઆ ઉપજેછે.

બાંમનીબસ વગરે, જેઓને હલાએદી ગાડી પોતાને વાસતે જોઇતી હોયે, તેઓને પોતાની ઇછા પુ રી પાડવાને ઝાજી અડચંણ પડતી નથી. તરંણ હજાર હેવી ભાડુતી ગાડીઓ લંડનમાં ફરેછે. એ ગાડીઓ બરોહાંમનાં આકારની આવેછે, બધે કેટલીએક ઘોડાવાલો પછવાડે બેશીને હાંકી શકે તેવી બગી, કે જેને "ફલાઇ" અથવા તેનાં અસલ બનાંવનારનાં નાંમ ઉપરથી "હાનસમ" કરી કેહેછે, તેવી હોયેછે. આ પાછલી ગાડીઓ ઘણુ કરીને ઘણી ઉતાવલી સફર કરેછે. આ બે જાતની મલી જુમલે તરંણ હજાર ગાડીઓછે, અને તેમની ઉપર સરકારથી લેતા કરેલા કરનાં દર વરસે લગભગ દશ લાખ રૂપીઆ ઉપજેછે. હેવો હીસાબ કાહા ડીઆમાં આવીઓછે કે, સઘળા ભાડુતી ગાડીવાલાઓની કમાંઇ દર વરશે (૮૬૦૦૦૦૦) છીઆસી લાખ રૂપીઆની થાયેછે. આસરે દશ હજાર બેરગતુ તથા બાંનગી ગાડીઓછે, તે સઘળાનો હીસાબ સાથે મેલવી જોઇએછે તો, લંડન શેહરમાં તાંહાંની ભારી વસતીનાં વાપરવાસને કીજે આસરે ૧૫૦૦૦, ગાડીઓ થાયેછે. લંડનનાં જુદા જુદા ભાગમાંથી દર રોજ કાંમ કાજને વાસતે શેહરમાં પગે ચાલીને જનારાંઓની સંખીઆ (૨૦૦૦૦૦) બે લાખ આદમીની જણાવીઆમાં આવીછે.

ભાડુતી ગાડીઓની બાબદમાં સરકારની તરફથી ઘણા સારા કાયેદા બાંધેલાછે. આખા શેહરમાં ગ મે તે ભાગ ઉપર જવાનું હોયે, તે વીશે ગાડીવાલાનુ ભાડું શું થાયે તે બતાવવાને સારૂ સમજ પડે હેવા કોઠાનું એક નાંધલું ચોપાનીઉં પોલીસનાં સતાવાલાઓ છપાવેછે, તે હરધા રૂપીઆની કીમતે વેચાતું મલેછે, અને એવો અરધો રૂપીઓ ખરચેલો ઘણાં રૂપીઆ બચાવેછે, કાંયેજે એ ચોપાંનીઉં આપણી સોડે રાખીઆ થી આપણને ઠગવાને ગાડીવાલાને બની આવે નહી. ગાડી ભાડે કરનારની મરજી મુજબ ભાડું, વખતની રોકાંણ અથવા સફરની લંબાઈ પરમાંણે આગમજથી ઠેડવીઆમાં આવેછે, પણ આગમજથી કોઈ બંદોબસ ત નહી કીધો હોયેતો, સફરની લંબાઈ પરમાંણે ભાડું ચુકવવું જોઇએ.

સફર પરમાંણે ભાડું ઠેડવીઉં હોયેતો, એક અથવા બે શખ્સોને લઈ જવાનો (ચેરીંગ કરાસનાં મથ ક આગલથી) ચાર માઈલ તુલીક દરએક માઈલે ૦ા રૂપીઓ લીધામાં આવેછે, અને ચેરીંગ કરાસથી ચાર મા ઈલે દુર ગયા પછી દરએક માઈલનો અરધો રૂપીઓ લીધામાં આવેછે. જો કોઇ ઠેકાંણે ઉભું રેહવું પડીઉં હોયેતો, તેમ બોટી રેહવાનો દર ૦ા કલાકનો ૦ા રૂપીઓ લીધામાં આવેછે. વખત પરમાંણે ભાડું ઠેડવીઉં હોયેતો એક અથવા બે શખ્સનાં એક કલાક અથવા તે વખતની અંદરનો રૂપીઓ એક લીધામાં આવેછે. જો કોઈ ગાડીમાં બેથી વધારે શખ્સો બેસેતો, ઉપલા દર કરતાં તેવા દર એક વધતા શખ્સનો ૦ા રૂપીઓ આપવો પડે. દર એક ગાડીવાલાને એવો હુકંમછે કે, અંદર બેસનારને પોતાની ગાડીનાં ધણીનાં નામની ત થા ગાડી ઉપરનાં આંકની ટીકીટ આપવી, અને એ ટીકીટ અંદર બેસનારે સારી પડે સાચવી રાખવી જો ઇએ, કાંયેજે જો બેસનાર ધણીની કોઇ વસતુ તેમાં ભુલથી રહી જાયેતો, તે વીશે પુછપરછ કરવાને સેહેલ થી બની આવે. ભાડુતી ગાડીવાલાઓને પણ ચોકશ હુકંમછે કે, તેઓની ગાડીમાં કોઇબી વસતુ રહી જા યેતો તે પોલીસનાં હસતકમાં આપવી. એ પરમાંણે ભુલથી રહી ગયેલી વસતુઓ જે પોલીસમાં આપી આમાં આવેછે, તે વસતુઓની સંખીઆ દર વરશે ૨૦૦૦) થી ૩૦૦૦) થાયેછે, તે ઉપરથી હેવું ધારીઆ માં આવેછે કે, ઘણુએક ભાડુતી ગાડીવાલાઓ ઇમાંનદારછે.

લંડનની વસતીનો બાંધ બોરાકનો દર વરશે કેટલો બપછે, તે નીચે જણાવેલી વીગત ઉપરથી માલંમ પડશે, અને એ વીગત ઉપરથી લંડનની બોટી વસતીનો પણ આપણને વીચાર આવશે. એ વસતીમાં દર વરશે ગોસતનાં બોરાકને કીજે (૨૪૦૦૦૦) બે લાખ ચોબાલીસ હજાર બલદ; (૧૭૦૦૦૦૦) સતર લાખ નેં હનડાં; (૩૫૦૦૦) પાંતરીસ હજાર દુકર; (૨૭૪૨૦૦૦) સતાવીસ લાખ, બેંતાલીસ હજાર મરઘી તથા (૨૫૦૦૦૦૦) પચીસલાખ બીજી જાતનાં શેકારનો બપછે. બાંહીનીતો ગણતરીજ નથી, બીજી જાતની બાંહી ની ગણતરી પડતી મેલતાં ફકત સામંતની બાંહીની સંખીઆ (૩૦૦૦૦૦૦) તરીસ લાખની જણાંવીઆમાં આવીછે. બેદાંની ગણતરીતો કાહડી શકાતીજ નથી. ઇંગલંડનાં જુદા જુદા ભાગોમાંથી લંડનનાં બપને સા રૂ કરોડો બેદાં જાયેછે, તેટલાં પુરાં થાતાં હોયે તેવું લાગતું નથી, કાંયેજે ફરાંનસ તથા યુરોપ બંડનાં બીજા મુલકોમાંથી દર વરશે લંડનમાં (૭૫૦૦૦૦૦૦) સાત કરોડ, પચાસ લાખ બેદાંની બઇઆત થાયેછે. લંડન ની વસતીને દુધ પુરૂં પાડવાને વાસતે શેહેરમાં (૧૩૦૦૦) તેર હજાર ગાયેછે. સઘડીઓ તથા કારબાંનાંઓ ના બપને સારૂ દર વરશે (૩૦૦૦૦૦૦) તરીસ લાખ ટન કોલશો લંડન બાતે લાવવો પડેછે, અને તે કાંમ માં આસરે ૧૦૦૦ બારકસો કામે લાગેછે. લોહોડાંની સડકે જે કોલસો આવેછે, તેનીતો ગણતરી જુદી જ છે. લંડનમાં દારૂનાં બપની એક વરસની ગણતરી નીચે જણાંવીઆ પરમાંણેછે. (૬૫૦૦૦) પાંસટ હ જર પીપ દરાબનાં દારૂનાં; (૨૦૦૦૦૦૦) વીસ લાખ ગીઆલંન બરકનો દારૂ; (૪૩૨૦૦૦૦૦) ચાર કરો ડ, બતરીસ લાખ ગીઆલંન બોરટર તથા એલ. લંડનની બોટી વસતીને સારૂ બેહરવાનો બોશાક બનાંવતા (૨૩૫૨૦) તેવીસ હજાર પાંચસો વીસ દરજીઓ, (૨૮૮૦૦) અઠાવીસ હજાર આઠશો જોડા બનાંવનારા ઓ, અને (૪૦૦૦૦) ચોબાલીસ હજાર બોશાક વેચનારા તથા બનાંવનારાઓછે. ઘરનું કાંમ કાજ કરનાં રા ચાકરો (૧૭૦૦૦૦) એક લાખ સીતેર હજારછે. ઉપલી વીગતો ઉપરથી લંડનની બોટી વસતી અને તે નાં બોહલા કારભાર વીશે વાંચનારને તરત સમજ પડીઆ વગર રેહેશે નહી.

ગરેટ બરીટંનનાં આ પાયે તખતને તે મુલકનાં જુદા જુદા શેહેરો સાથે સાત લોહડાંની સડકોથી જોડેલુંછે, અને એ શડકોની મારફતે લંડનમાં દર રોજ આવતા તથા જતા આદમીઓ તથા માલની સંખી આ ઘણી ભારીછે. લંડન બરીડજ આગલની લોહડાંની સડકનાં બથક આગલથી એક વરસમાં (૧૧૦૦૦૦૦) એક કરોડ, અગીઆર લાખ આદમીઓ આવ જવ કરેછે, તેજ પરમાંણે બીજા બથકો આગલથી પણ નીચે જણાવીઆ પરમાંણે ભારી આવ જવ થાયેછે. સાઉથ વેસટરંન રેલેવેથી (૩૫૦૦૦૦૦) પાંતરીસ લાખ; શારડીટચ સ્ટેશંનથી (૨૩૦૦૦૦૦) તેવીસ લાખ; યુસ્ટંન સ્કુએર આગલથી (૧૦૦૦૦૦૦) દશ લાખ, માડીગટંનથી (૧૫૦૦૦૦૦) પંદર લાખ; કીંગસ કરાસ આગલથી (૮૦૦૦૦૦) આઠ લાખ; અને ફેનચરચ સ્ટ્રીટ આગ લથી (૮૧૦૦૦૦૦) એકીઆશી લાખ આદમીઓ આવ જવ કરેછે. એ સંખીઆ ઉપરથીજ લંડન અને ગરેટ બરીટંનનાં બીજાં શેહેરો સાથેનાં સંબંધ વીશે સમજ પડશે. એ સઘલી સડકોની બાજુથી વીજલીનાં તા રો ચલાવેલાછે, અને તેની મારફતે દર પલે અને દર ઘડીએ આખા મુલકમાં સંદેશા ચાલેછે. કોઇબી અગત નો બનાંવ મુલકમાં હેવો બંનતો નથી, કે જે તરતજ તેનાં પાયેતખતમાં બખર પડે નહી. સંધી વાતે લંડન ગરેટ બરીટંનનુ પાયેતખતછે. કોઇ કાંમને વાસતે આપણને તરત લંડન છોડવું પડીઉં હોયેતો, આગની ગાડી દીવસમાં ઘણાંબરા શેહેરો તરફ એટલી બધી વખત જાયેછે, કે જેથી બોછાંનો બોછા વીલંમથી તર ત રવાંને થવાને આપણને બની આવેછે. તેમજ ગરેટ બરીટંનનાં કોઇબી શેહેર સાથે તમોને સંદેશો ચલા વવાનો હોયે તો, વીજલીનો તાર તમારી ચાકરી કરવાને તઈઆરછે, અને થોડી મીનીટમાં તમારૂં કાંમ થ યા વગર રેહે નહી.

લંડન શેહેરની રચનાં જોવાને શારૂ હેવી પણ ભલામણ કરીઆમાં આવેછે, કે ટેમસ નદીમાં ફરનાં

રી નાંધલી આગબોટોમાં સવાર થઈને તે નદીની બંધે બાજુ ઉપર શેહેરનો દેખાવ જોવાને સારૂ ફરવું, કે જેથી એ નદી ઉપર ફરનારી પુશકલ આગબોટો તથા ઉતારૂઓની ઠઠ જોવાને તથા વેપારનો અડશટો કાહાડવાને તથા એ નદી ઉપરનાં મોટા પુલો જોવાને બની આવે. લંડન બ્રધેનાં મોટા અને નાંમીચા પુલોનું બયાંન બીજા સફાએાત્રાં જોયાત્રાં આવસે, માંટે હીંચાં તે વીશે કાંઈ બોલવાની જરૂર નથી, પણ અગત કરીને મુસાફરે ઉપર જણાંવીઆ પરમાંણે નદીમાં સેલ કરીઆથી તેને ઘણીએક ચીજ જોવાને બની આવશે, તથા કે ટલીએક તરેહની ગમત ઉતપંન થાશે, કે જે સઘલાનું વીગતવાર બયાંન હીંચાં થાઈ શકતું નથી. લંડનનો ઘ ણોએક કારભાર આ નદી ઉપર થાએછે. લંડનનાં એક ભાગ ઉપરથી બીજા ભાગ ઉપર જવાને રસતાએા ઉપર ઉતારૂએા તથા માલ લઈ જવા લાવવામાં ગાડીએા ફરેછે, તેમજ લંડનનાં એક ભાગમાંથી બીજા ભાગ ઉપર જવાને ઘણાએક શખસો આગબોટ કાંને લગાહેછે, કાંએજે તેમાં ગાડીનાં કરતાં સસતુ પડેછે. ચાર ફ દીચાં આપીચાથી એ નદીનાં મોટા ભાગ ઉપર આપણે ફરી શકીએછે. ટેમસ નદીનાં કીનારા ઉપર ગરાવે સેનડ છેલસો કસબોછે અને લંડંન બરીડજનાં પુલ આગલથી આ કસબો જે તાંહાંથી તરીસ માઈલ દુરછે, તાંહાંશુધી નદીમાં સફર કરીચાથી ખરેખર લંડનનાં મોહોલા વેપાર વીશે મુસાફરનાં દીચાંતમાં બરોબર વી ચાર ઉતપંન થયા વનાં રેહેનાર નથી. સસતાં ભાડાંને સારૂ જેએા લંડંનનાં એક ભાગમાંથી બીજા ભાગમાં જવાને સારૂ આગબોટની મદદ લીએછે, તેવા શખસોની દર રોજ ૧૫૦૦૦ આદમીની સંખીચા થાએછે.

આખાં ગરેટ બરીટંનનાં વેપાર વીશે એક જુદું પ્રકરણ રોકીચામાં આવીઉંછે, પંણ લંડંનનાં મોહલા વેપાર વીશે વાંચનારને સમજ આપવાને વાસતે આટલું હીંચાં કેહવાને અગતનુછે કે, લંડંનનાં બંદરને લ ગતાં ૩૦૦૦ સડનાં અને ૩૫૦ બાફનાં સાંચાનાં બારકસોછે, અને આ ૩૩૫૦ બારકસોમાં ૩૫૦૦૦ આ દમી રોજીએ લાગેલાંછે. આ મોટા કારભારથી આઈચ્યાત માલની માંડવીની જગાત દર વરસે (૧૧૦૦૦૦૦૦૦) અગીચાર કરોડ રૂપીચાથી વધારે થાએછે, અને એ બંદરમાંથી થાતી નીકાસની જગાત પંણ એટલીજ જણાં વીચામાં આવીછે. આખાં ગરેટ બરીટંનના વેપારનો અરધો હરધ વેપાર લંડંનનાં બંદરે થાએછે હેવું જણાં વીચામાં આવીઉંછે.

આગલ જણાંવીચામાં આવીઉંછે કે, લંડંનમાં ગરમીની મોહોસંમ મેએ મહીનાંથી શરૂ થાએછે, તે જુ લાઈ અથવા આગસટ મહીનાં શુધી ચાલુ રેહછે. હીંદુસથાંનનાં ગરંમ મુલકનાં રેહવાશીને રૂતનાં કારંણ ઉ પરથીજ પેહલ વેહલાં એ મોહોસંમમાં લંડંન જવું જોઈએ, એટલું નથી, પણ લંડંનનો સઉથી સરસ દેખાવ એજ મોહોસંમમાં થાએછે, અને તેથી કરીને ઈગલંડનાં પરગણાંનાં પંણ ઘણાંખરા લોકો એ મોહોસંમમાં લં ડંનમાં આવીને રેહવું કરેછે. આ મોહોસંમમો નાંમદાર રાંણી હંમેશાં શેહેરમાં રેહેછે, અને પોતાંની દરબા ર તાંહાં ભરેછે, તથા મુલાકાતો લીએછે; પારલામેનટની સભા દર રોજ બેશેછે; ગમતનાં તથા હુંનરનાં કારખાં નાંએા દર રોજ ચાલુ રેહેછે; બાગ બગીચાએા લીલા અને ફુલ પાંનથી ભરેલા દેખાએછે, તથા ઘોડાની અ ને બોટની સરતો તથા તરેહવાર ગમત અને ખુશી ઉપજાવનારા ખેલો એ મોહોસંમમાં થાએછે. એટલાં સંધા કારણોને લીધે હીંદુસથાંનથી લંડંન ખાતે જનાર શખસને અતરેથી એપરેલ મહીનાંમાં નીકલવાની અગતછે. ઈઉરોપના બીજા મુલકોમાંથી જેવો ઈગલંડમાં ફરવા જાએછે, તેએા પંણ એજ મોહોસંમમાં જાએછે, અને તે થી એ મહીનાંએામાં લંડંનનો દેખાવ ઘણોજ ખુશી ભરેલો લાગેછે, અને રસતા બ્રધેની ઠઠ હંમેશના કરતાં વધારે દીશેછે.

મુસાફરને સઉથી અગતની બીનાં જાંણવા જોગ એછે કે, તેણે કાંહાં ઉતારો કરવો જોઈએ, માંટે લંડ નનાં પોહોચખાંનાં વીશે તેહને કેટલીએક ખબર સઉથી પેહલલે આપવાની અગતછે. એ શેહેરમાં ગણતરી વગરનાં પોહોચખાંનાંછે, તથા ઘણાંએક આબરૂદાર કુટંબો પોતાંનાં ઘરમાં જગા ભાડે આપેછે. જે પોંહોચખાં

નાંમાં ઉતરવું હોચ્એતો, અગત કરીને જે પોહોચખાંનાં આબરૂદાર ગણાતાં હોચ્એ તાંહાંજ જવું. તાંહાંનો ભા વ બીજા તેવી કીસંમનાં ઘરો કરતાં કાંઈએક વધતો હશે ખરો, પંણ ઘણાં સસતાં પોહોચખાંનાંમાં આપણે સઉથી વધતું આપી આવીએ હેવું બનેછે. જેએાને ખરચની દરકાર નહી હોચ્એ, અને જેએાને લંડંનના સારી હવાનાં ભાગમાં રેહવું હોચ્એ, તેએાએ સેનટ જેમસનાં મેહલની પડોસનાં મુખીચ મોહલ્લાએામાં જે પોહોચખાંનાંછે તેમાં ઉતરવું. લંડંનનાં આ ભાગમા "નીઉ બાંડ સ્ટ્રીટ" નાંમનાં મોહલ્લામાં "કલારેનડંન હોટેલ" છે; "બરૂક સ્ટ્રીટ" નાંમનાં મોહલ્લામાં "બ્રીવારટસ હોટેલ" છે; "બ્રાલબીમારલ સ્ટ્રીટ" માં ગરીલંનસ હોટેલછે; "સેનટ જેમસ સ્ટ્રીટ" માં ફ્રેનડંન હોટેલ—કરીસટીસ હોટેલ—હાચીનસ હોટેલ તથા એલીસ હોટેલછે. બરમંન સ્ટ્રીટ—હોવર સ્ટ્રીટ અને બાંડ સ્ટ્રીટ નાંમનાં મોહલ્લાએામાં પંણ ઘણાંએક આબ રૂવાલા પોહોચખાંનાંછે. કારક સ્ટ્રીટ બ્રધે બરલીંગટંન હોટેલ અને કુઈનસ હોટેલછે, તે કુટંબ સાથે રેહવા લાચ્એકનાંછે. પીકાડીલી નાંમના મોહલ્લામાં હાટચેટસ હોટેલછે, તે પંણ ઘણુ સારૂંછે, અને તાંહાંનો ભા વ પણ કાંઈએક કીફાચ્એત વાલોછે. "કોવેનટ ગારડન" આગલ રીચરડસન હોટેલ, ટાવીસટાક હોટેલ, ની ઉ એનડ ઓલડ હમંમસ હોટેલ, અને બેડફરડ હોટેલ પણ સારાંછે. લંડંનનો શેહેરનો ભાગ કે જાંહાં ઘ ણો ખરો વેપાર વનજનો કારભાર ચાલેછે, તેજ ભાગમાં રેહવું હોચ્એતો બરીડજ હાઉસ હોટેલ, ધી કુઈનસ હોટેલ, અને કાસટલ એનડ ફાલકંન, એ સઘલા સારાં પોહોચખાંનાંછે. જેએાએ શેહેરનાં ભાગથી છેક દુર પશચંમ રેહવું હોચ્એ, તેએાને વાસતે "ધી ગરેટ વેસટરંન હોટેલ" સઉથી શારૂંછે, અને લંડંનમાંનાં સઉથી સારાં અને સઉથી મોટાં પોહોચખાંનાં બ્રધેનું એક વખણાંચ્એલું પોહોચખાંનુંછે. જેએા પશચંમનાં ભાગની અને શેહેરનાં ભાગની વચેવચમાં રેહવાને ખુશી હોચ્એ, તેએાને વાસતે કાકસપર સ્ટ્રીટમાં યુનીચ્અંન હોટેલ, તથા બરીટીશ હોટેલ, તથા ચેરીંગ કરાસમાં મારલીસ હોટેલ સઉથી સારાંછે.

ઉપર જણાંવેલાં પોહોચખાંનાં સઘળાં આબરૂદારછે અને તેમાંનાં કોઈબી મુસાફરને કોઈ રીતની અડચંણ પડે હેવાં નથી. એ પોહોચખાંનાંએામાં માફકસર રેહવા ચાહીએતો તે બની શકે, અને વધતો ખ રચ કરવા માંગીએતો તે પણ બની શકે અને જે જોઈએ તે આપણને મલે, પઈશા ખરચીએતો શાહાજા દાની માફક પણ રેહવાચ્એ, અને હેવી ગેાઠવંણનાં પોહોચખાંનાંથી સઘળી જાતનાં અને સઘળે વાંધેનાં મુ સાફરોને એ શેહેરમાં ઘણુ સવલ પડેછે. એ પોહોચખાંનાં બ્રધેનાં ધણીએા તથા તેમનાં હાથ તલેનાં માણશો હંમેશાં નમનતાઈ ભરેલી રીતે અને આબરૂથી ચાલેછે, અને જેમ આપણાં ઘરમાં આપણે સુખથી રેહતા હો ઈએ, તેમ તાંહાં રેહવાને આપણને બની આવેછે. જેમ પોહોચખાંનાંમાં રહી શકીએ, તેમ કેટલાએક આ બરૂદાર કુટંબો પણ બે તરંણ શખસોને પોતાંનાં ઘરમાં, રાખવાનો તથા સરેસતા પરમાંણે ખોરાકનો લવાજમો લેતા કરીને રાખેછે, અને જો લાંબી મુદત શુધી કોઈ પારકા શખસે લંડંનમાં રેહવું હોચ્એ તો, આ ગેાઠવંણ વધારે પસંદ કરવા જોગછે.

હમોચ્એ આગલ જણાંવીઉંછે કે, લંડંનમાં મુસાફરને વાસતે ઘણું જોવાનુંછે. આપણી આંખ હેરાંન રેહે તેવા પાદશાહી મેહેલો તથા ઉમરાએાનાં ઘરો—ભારી દબદબા અને ઉંચી કારીગરી સાથની સરકારી અને બીજી જોવા લાચ્એક અને વખણાચ્એલી જાહેર તથા વેપારી ઈમારતો—ગેાદીએા—ખુશનમાં બાગ તથા બગી ચાએા—ઉંચા તથા તારીફ લાચ્એક કારીગરીનાં દેવલો—ઈનસાફની દરબારો—નાંટકશાલા તથા ખુશી, ગમ ત અને મોજનાં બીજા તરેહવાર કારખાંનાં—એલમ હુનર બતાવનારા અને ગનીચ્અંત વધારનારાં સંગરહ સથાંનો, નાંમીચાં ઘરંમખાતાં અને બીજાં તરેહવાર ખાતાંએા, અને જગાએા એટલી બધીછે કે, તે સઘળાંને બરાબર જોવાને જે મુસાફર થેડાવ કરે તેની સાંમને કાંઈ શેહલું કાંમ નથી. તોપણ લંડંન ખાતે ફરવા નીક લેલા મુસાફરે સુકરાનાં કરવા જોઈએછે કે, તેની સાંમે જે બીકટ કાંમછે, તેને ઈગલંડનાં છાપાખાંનાં વાલા

એોએ કેટલેએક દરજજે સેહલું કીધુંછે. જે જે જગા, ઈમારત તથા વસતુ જોવા લાએકછે, તેનાં બયાંનનાં છાપેલાં ચોપાંનીઆં તથા કાગલો આગમજથી આપણાં હાથમાં આવેછે, અને તેથી આપણી મતલબ હાંસલ કરવામાં એક મોટી મદદ આપણુને મલેછે અને હરેક જગા જોવા આપણે જવું હોએ તે વીશે આગમજથી તેનું બયાન મેલવી વાંચવાથી ઘણોએક ફાએદો થાએછે. એ ચોપાંનીઆ તથા કાગજોની જુજ કીમત આપ વી પડેછે પણ તેટલો ખરચ જેમ અગતનોછે તેમ તેનો બદલો ઘણે દરજજે વધતો મલેછે. જે આપણે જો વા જાઈએછે, તે એક એકથી શરસ દીશેછે. કોઈ દીવસ આપણો વેરથ ગએલો કેહવાશે નહી. હરેક ચી જ જોવામાં આપણી આંખ શારી પડે કાંમે લગાડવી અને તેથી આપણને ગમત અને ગનેમાંન બંધે મ લશે. હમોએ આગલ કહેઉંછે, તેમ વરશોનાં વરશ લંડનમાં રહીએતો આપણે ધરાઈએ નહી, અને સધળું જોઈ શકીએ નહી, પણ આપણી ફરજછે કે, ટુક મુદતમાં જેટલું વધતું જોવાએ તેટલું જોવું. લંડન જોયું, કે આખું ગરેટ બરીટંન જોયું એમ થાતું નથી. કાપડ બનાંવવાનાં અને બીજાં મોટાં કારખાંનાંઓ ઈંગલંડનાં બીજા શેહરોમાંછે, તથા લંડન છોડીઆ પછી એ મુલકનો સોભાઈતો દેખાવ બીજીગંમ જોયામાં આવેછે, તે સધળું મુસાફરનું ધીમાંન રોકવા લાએકછે. હાલ તરત હીંમાં આ પ્રકરંણ બંધ કરીએ છઈએ અને લંડન માં તથા ગરેટ બરીટંનનાં બીજા ભાગોમાં શું શું જોવાનુંછે તેનું બયાંન આ પછેનાં સફાએોમાં કરીએછે.

પ્રકરણ ૧૨ મું.

પાદશાહી મેહેલો.

બકીંગાંમ પાલેસ—અસલી ઈમારત તથા તેને લગતી કેટલીએક બીનાં—તેનો બાહેરનો દેખાવ—મારબલ હાલ—પુતલાંથી સણગારેલુ દીવાંનખાંનુ—પુસતકખાંનુ—દાદરની બાંધણી—ગરીન (લીલો) ડરાઈંગ રૂમ—તખત—દીવાંનખાંનુ—તસવીર ખાંનુ—ઈએલો (પીલો) ડરાઈંગ રૂમ—જંમવાનો મોટો ઓરડો—સધડી—બાંનગી ઓરડા—દેવલ—ગ્રેહેલની આસપા સનો બાગ—પાંણીનો ચસમો—હુનાંલાની બાંગલી. સેનટ જેમસ પાલેસ—અસલી ઈમારત—દરવાજા ઉપરનુ ઘડીઆ લ—રાંણીનાં અમલદારોની ઓાફીસ—ગારડ ચેમબર—દરબારી ઓરડા—તખત વાલું દીવાંનખાંનુ. કેનસીંગટંન પાલે સ તથા તે બધેનો સાંભોંન. વાઈટ હાલ પાલેસ. વીંડસર કેઆસલ—બાલરૂમ—સેંનટ જરજીસ હાલ—મુલાકાત લેવાનુ દીવાંનખાંનુ—વાટરલુ ચેમબર—ગ્રેસેનસ ચેમબર—દાદર—દેવલ. બાગ—રાંણુ—વરજીનીઆ વાટર. હાંમપટંન કોરટ પા લેસ—બાગ—દરાખનો વેલો. બકીંગાંમ પાલેસ તથા વીનડસર કેઆસલને લગતા તબેલા—રાંણીની ગાડી તથા ઘોડા ઇતીઆદી.

લંડનમાં જતાંનેવાર પાદશાહી મેહેલો કરતાં બીજી બાબદો ઉપર મુસાફરનું ધીમાંન પેહલલાં પોંહોચે છે, તેનું એક ઉંધાડું કારણ એછેકે, આપણે જે વખતે મેહેલો જોવા જવાને ચાહતા હોઈએ, તે વખતે તે બની શકતું નથી. જો રાંણી મેહેલમાં રેહતી હોએ તો, તે જોવાને પરવાંનગી મલતી નથી, તેથી પાદશાહી મેહેલો જોવાનું કાંમ હંમેશાં મુસાફર કેટલુંએક શુધી પછાત રાખેછે, અને પોતાનો વખત નહી ખોવાને સારૂ બીજી બાબદો જે મેહેલો જેવીજ હોએછે, તે ઉપર પોતાનુ ધીમાંન આપેછે, તો પણ લંડનમાં જે જે ઈમા રતો જોવા લાએકછે, તેમનું પુસતકમાં બયાંન કરવામાં પાદશાહી મેહેલોને પેહલી જગો આપવી જરૂરછે, અ ને ખરેખર એ મેહેલો કોઈબી રીતે ઉતરતા નથી, અને જો લંડનમાં જતાંને વારજ તે જોવાને જોગવાઈ ન લેતો, તે હાથથી જવા દેવી પણ નહી જોઈએ.

લંડન અને તેની પડોસમાં છ પાદશાહી મેહેલોછે તેઓનાં નાંમ—બકીંગાંમ પાલેસ—સેંનટ જેમસ પાલેસ—કેનસીંગટંન પાલેસ—વાઈટ હાલ પાલેસ—વીંનડસર કેઆસલ અને હાંમપટંન કોરટ પાલેસ. આ પણી બખતાવર રાંણી વીકટોરીઆ જાહરે લંડનમાં હોએછે, તાહરે બકીંગાંમ પાલેસમાં રેહછે, અને સેંનટ જેમસ પાલેસ કે જે ઉપલા મેહલની પડોસમાંજછે, તાંહાં પોતાની દરબાર ભરેછે, તથા નાંચ અને ખાંનાં આપેછે. તરીજા મેહેલમાં આજ કેટલાંએક વરસ થયાં રાંણી રહી નથી પણ તેમાં કેટલીએક જોવા લાએક વસતુઓછે. વાઈટ હાલના અસલી મેહેલનો થોડોએક ભાગ રહેલોછે તે કોઈ પાદશાહને રેહવા લાએક નથી.

વીકટોરીઆ રાંણી ઈંગલંડની જુદી જુદી મોહસંમ પરમાંણે જેમ તે નાંમદારને હવા પસંદ આવેછે, તેમ જુદે જુદે ઠેકાંણે રેહેછે, લંડનની હવા સારી હોએછે, તારે બકીંગાંમ પાલેસમાં રેહછે, વરસનો કેટ લોએક ભાંગ લંડનથી ૨૧ માઈલ દુર વીંનડસર કાસલના અસલી તથા નાંમીચા મેહેલમાં તથા આઈલ આવ વાઈટનાં ટાપુમાં "ઓસબોરન હાઉસ" માં રેહેછે. આગસટ, સપટેમબર તથા ઓકટોબર મહીનામાં એ નાં મદાર સ્કાટલંડના છેક ઓતરના ભાગમાં બાલમોરલ મધેના મેહેલમાં રેહેછે. છેલ્લા બે મેહેલો નાંમદાર રાં

ણીના પોતાનાંછે. પેહલ્લા તરણ મેહેલો સરકારીછે. હાંમપટંન કોરટ પાલેસ પણ સરકારી મેહેલછે, પણ તાં હાં હંમણા કોઈ રેહતુ નથી.

આ સઘળા મેહેલોની ઈમારતની ખુબસુરતી, તેમની અંદરની દબદબા ભરેલી ગોઠવણ, તથા કીમતી અને સોભઈતાં સામાન અને તરેહવાર હુંનરની અને કારીગરીની વસતુઓ અને રંગીન ચીતારો તથા તે ઈમારતોની સાથે જોડેલા ખુશનુમાં અને સોભઈતા બાગ તથા બગીચાઓ, એ સઘળા કોઈબી બીજા પાદશાહ નાં મકાંનોથી ઉતરતા નથી, બલકે તે સઘળું તપાસીઆથી આપણી નજર હેરાંન રેહેછે, અને ખરેખર આપણે ઇંગલંડનાં મોટાં રાજ વીશે બચપણથી સાંભલતા આવીઆ છઈએ, તે રાજને લાએકનાં એ મેહેલો છે, હેવું આપણીથી કેહવાયા વગર રેહવાતું નથી. હીંદુસથાંનનો રેહવાસી જેણે મોટાંમાં મોટી ઈમારત દાખ લ પોતાંનાં શેહેરનો ટાંઉન હાલ જોએા હશે, તે ઉપલા મેહેલો જોઈને ખરેખર હેરત થાયા વનાં રેહે નહી. હીંદુસથાંનના આગલા રાજાઓએ આ મુલકમાં કેટલીએક મોટી અને વખાંણવા લાએક ઈમારતો બાંધીછે અને તેમની ઉપરની કારીગરી તથા ખુબશુરતીની યુરોપીઆંન મુસાફરોએ તારીફ કીધીછે એ વાત ખરીછે, તોપણ જે સમજ, જે રીત અને આંખને ખુશી ઉપજાવનારી ગોઠવણથી ઇંગલંડનાં મેહેલો બાંધેલાછે, અને જે અકલ અને સમજ અને ખુબસુરતીથી તે મધેનો સામાન ગોઠવીએાછે, તેવું હીંદુસથાંનમાં કધી જોવામાં આવીઉં નથી. ઉપર જણાંવેલા મેહેલોનું બયાંન કરવાનું હવે શરૂ કરીએછે.

બકીંગામ પાલેસ.

આ મેહેલ જે જગાએ હંમણાછે, તાંહાં ઇંગલંડનાં પાદશાહ પેહેલા જેમસે ઇ૰ સ૰ ૧૬૦૮ નાં સાલમાં રેસમનો પાક કરવાને વાસતે બાગ બનાંવેલો હતો. કાંએજે ઇંગલંડમાં રેસમનો પાક કરવાનું કાંમ શરૂ કરવાને તે પાદશાહને ઘણો શોક હતો. પણ આ કાંમ ચાલી શકીઉં નહી, અ ને તે બાગ લોકોની ગમતને વાસતે ઉંધાડો મેલીઆમાં આવીએા હતો. ઇ૰ સ૰ ૧૭૦૩ નાં સાલમાં ડી ઉક આવ બકીંગાંમને વાસતે એ બાગમાં એક મેહેલ બાંધીઆમાં આવીએા હતો, અને તે મેહેલ ૧૭૬૧ નાં સાલમાં સર ચારલસ શેફીલડનાં હસતકમાં ગયેા હતો, તે ગરહસથ પાસેથી પાદશાહ તરીજા જારજે (૨૧૦૦૦૦) બે લાખ દશ હજાર રૂપીએ વેચાતો લઈ પોતાંની રાંણીને રીતમાં આપીએા હતો. ચોથા જાર જ વગરે ઉપલા પાદશાહનાં સઘળાં છોકરાં આ મેહેલમાં જનમીઆં હતાં. પાદશાહ ચોથા જારજને આ મેહેલ પસંદ આવીએા નહી, તેથી તેનાં ભોંએતલીઆં સવાએ તેને સઘળો ફરીથી બાંધવાનો હોકમ કીધો. એ મેહેલ બાંધવાનું કાંમ મી૰ નાંસ નાંમનાં એક નાંમીચા કારીગરને સોંપીઆમાં આવીઉં હતું, અને તેનાં મરણ પછી મી૰ બલોરે તે પુરૂં કીધું હતું. એ પરમાંણે એ મેહેલ ફરીથી બાંધવામાં છ વરસ લાગાં હતાં. આટલો ફેરફાર થયા છતાં પાદશાહ ચોથા વીલીઅમને તે મેહેલ પસંદ આવીએા નહી, અને તેમાં રેહવા ને તે ગયેા નહી. સને ૧૮૩૭ નાં સાલના જુન મહીનાંની ૧૩ મી તારીખે આપણી હંમણાની બખતાવર રાંણી વીકટોરીઆએ તે મધે પોતાનું રેહવાનું શરૂ કીધું. ચોથા જારજનાં હોકમથી આ મેહેલ ફરીથી બાંધ વામાં કેટલા લાખ રૂપીઆ થયા તેની વીગત જોયામાં આવતી નથી. આ મેહેલમાં પોતાંનું મકાંન કરીઆ પછી નાંમદાર રાંણીને પણ કેટલીએક અડચણ પડવા લાગી, તેથી એ મેહેલની આગલી બાજુએ અથવા ઉ ગમણ દશાએ નવી ઈમારત બાંધવાને તથા તેના દખણના ભાગમાં કેટલોએક વધારો તથા નવી ગોઠવણ કર વાને વાસતે સને ૧૮૪૬ માં હોકમ આપીઆમાં આવીએા હતો, અને એ કારણને સારૂ સરકારની તરી જોરીમાંથી (૧૫૦૦૦૦૦) પંદર લાખ રૂપીઆ આપીઆમાં આવીઆ હતા. હેવું જણાંવીઆમાં આવીઉંછે કે, આ મેહેલ ઉપર સઘળો મલીને (૪૦૦૦૦૦૦) ચોઆલીસ લાખ રૂપીઆ ખરચ થયોછે.

BUCKINGHAM PALACE.
(New Front.)

Engraved for "Mighty London" Read & Co 10 Johnson's Court Fleet St

આ મેહેલની આગલી બાજુથી ભોંએતલીઆં સાથે બીજા બે માલ દેખાએછે. મેહેલનાં કંપાઉનડની આસપાસ ઘણુજ સોભઈતા કટેરાછે, અને તેમાં દાખલ થવાને વાસતે (૩૧૫૦૦) એકતરીસ હજાર પાંચ શો રૂપીઆ ખરચીને ઘણો ખુબસુરત દરવાજો બાંધેલોછે. લોહડાંનાં દરવાજા ઉપર સુનેરી ધોર ચહડાવેલોછે અને તેને લગતા થાંબાએાનાં માંથા ઉપર સીંહ તથા એક સીંગડાનાં ગેનડાનાં અને બીજાં પુતલાંએાછે. એ મેહેલના આગલા ભાગની બંધે બાજુએ જે ઈમારત ખેંચી કાહડેલીછે, તેનાં મથાંલાં ઉપર સહવાર, બપોર, અ ને રાતનો વખત અને જુદી જુદી મોહોસંમ બતલાવનાંરાં ખુબસુરત પુતલાંએાછે. વચેવચમાંનાં ભાગનાં મ થાલાં ઉપર બરીટાંનીઆ તથા સેંનટ જારજનાં તથા બીજા તરેહવાર પુતલાંછે.

બારીએાની આગલ બાહેરથી ખુબસુરત થાંબાંછે તથા આખી ઈમારત ઉપર બાહેરથી તરેહવાર જાત ની નકસી તથા ફુલો પાડેલાંછે, તેથી સઘળો દેખાવ ઘણો ખુબસુરત લાગેછે. બાગની આગલનો આ મેહેલ નો બાહેરનો ભાગ જેની કુલ લંબાઈ ૩૪૫ ફુટછે તે ઘણોજ ખુબસુરતછે અને તેની ઉપર ડાહપણ, પરેજી, હીં મત, આકીન, ઉમેદ અને સખાવત બતલાવનાંરાં પુતલાં બનાંવેલાંછે તથા ઘણીજ ખુબસુરત અગાસી કાહા ડેલીછે. આ મેહેલનાં ઉગમણુ તથા આગલા ભાગની લંબાઈ ૩૬૦, ફુટ અને ઉંચાઈ ૭૭ ફુટછે; છેક અંદરના ભાગની કુલ ઉંચાઈ ૯૦ ફુટછે. હવે અંદરનો ભાગ કે જે ખરેખર ખુબસુરત અને દબદબા ભરેલો અને જોવા લાએકછે તેનું બયાંન શરૂ કરીએછે.

મેહેલની અંદરના ભાગમાં દાખલ થવાનો દરવાજો પણ ઘણોજ રોણુકદારછે અને તાંહાં બેડવાનો હુ નર તથા વેપાર બતલાવનાંરાં પુતલાંનાં ટોલાં ગોઠવેલાંછે. પેહલલાં અંદર દાખલ થતાં આપણને એક મોટું દીવાંનખાંનુ મલેછે જેને "મારબલ હાલ" કરી કેહેછે. એ દીવાંનખાંનું ઘણુંજ સોભઈતુંછે. તેની ભોંએ ત રેહવાર રંગનાં સંગેમરમરનાં પથરની બનાંવેલીછે અને તેની વચે વચમાં ઘણાજ સારી કારીગરીના ચીતારોછે. એ દીવાંનખાંનાંની સીલીંગ ચુંમાલીસ થાંબો ઉપર આધાર રાખેછે. એ થાંબા સંગેમરમરના પથરનાછે, અને દરએક થાંબ આખા એક કટકાનાંછે, અને તે થાંબોનાં તાક અને મથાલા ઉપર સુનેરી ધોરછે. આ દીવાંન ખાંનાંની પછવાડે બાદશાહી ખાંનદાંનના શખસોનાં તથા નાંમીચા પરધાંનોનાં પુતલાંએાથી સણગારેલું એક બીજું દીવાંનખાંનુંછે તાંહાં પણ ઉપર જણાવેલા જેવા બતરીસ થાંબાછે. આ જગાએથી નીકલીઆ પછી "લા ઈબરેરી" અથવા પુસતકખાંનાંમાં જવાઈ શકાએછે. એ પુસતકખાંનાંની જગા બોહલીછે, જેએા રાંણીની મુ લાકાતને જાએછે, તેએાને જાંહાં શુધી રાંણી મલવાને તઈઆર થાએ, તાંહાં શુધી તાંહાં બેસાડીઆમાં આવેછે. માલ ઉપર જવાનો જે મોટો દાદરછે, તેની ખુબસુરતીની ઘણી વખાંણ થાએછે; તેનાં ફાંડીઆં સ ઘળાં સફેદ સંગેમરમરનાં પથરનાંછે અને કટેરા સુનેરી રંગ સાથે ચીતારથી પુરછે. આ દાદરનાં માંથા ઉપર સુનેરી રંગની સીલીંગછે અને વળી તેની ઉપર સહવાર, બપોર, સાંહજ અને રાત બતલાવનાંરા સોભઈતા ચી તારો પાડેલાછે. એ દાદર આગલ નાંમદાર રાંણી અને પરીનસ આલબરટનાં સંગેમરમરનાં બાવલાંછે અ ને દીવાલ ઉપર સુલેહ અને લડાઈનાં ચીતારોછે. માલ ઉપર એક મોટું દીવાંનખાંનુ જેને "ધી ગરીન (લીલો) ડરાઈંગ રૂમ" કરી કેહેછે, તે જોયાથી આપણે ખરેખર હેરત થાઈએછે. એ દીવાંનખાંનું ૫૫ ફુટ લાંબુંછે અ ને તેની ઉંચાઈ ૩૨ ફુટછે, અને તેનાં નાંમ મુજબ તેમાં આપણને સઘલું લીલુંજ દેખાએછે. દીવાલનો રંગ લીલોછે; તેમાં ટાંગેલા પરદા તથા ઝાલરો લીલા રંગની સાટીનનીછે; તેમાં મેલેલી દરએક વસતુ તથા સાંમાંન નો રંગ લીલોછે; પણ દીવાલ પરદા અને સાંમાંનની કોરો સુનેરી રંગનીછે, તેથી કરીને સઘળો દેખાવ ઘણોજ સરસ લાગેછે, તથા આંખને મજાહ આપેછે. બારણાં અને બારીએાનાં ચોકટાંની ઉપર આરસીએા જડી લી ધેલીછે, તેથી કરીને ઓરડાનો દેખાવ, જે તે મધેથી આપણે જોઈએછે, તે ખરેખર ખુશનુમાં લાગેછે. જાહરે નાંમદાર રાંણી મોટા નાંચ આપેછે, તેહારે આ દીવાંનખાંનાંની એક બાજુ ઉપર ટીપુ સાહેબવાલો કીમતી

અને ખુબસુરત તંબુ ઉભો કરીઆમાં આવેછે, અને તેમાં એક મોટું ઝુમર, કે જેનો વીસતાર ૮ ફુટછે તે સલગાવીઆમાં આવેછે તાહરે તે તંબુનો દેખાવ અચરત સરીખો થઈ રેહેછે અને તાંહાં "રીફરેશમેનટ" ને વાસતે ટેબલ ગોઠવીઆમાં આવેછે.

જે દીવાનખાંનાંમાં નાંમદાર રાંણીનું તખત કીધેલુંછે, તે ખચીત જોવા લાએકછે. જેમ ઉપર જણા વેલાં દીવાંનખાંનાંનો રંગ લીલોછે, તેમ આ દીવાંનખાંનાંનો રંગ કીરમજીછે. તેમાંનાં પરદા અને ઝાલરો સ ઘળી તેજ રંગનાં પટાની સાટીનનીછે. દીવાલ તથા પરદા અને ઝાલરોની કોરો સુનેરીછે. સીલીંગ ઘણીજ ખુબસુરત રીતે રંગેલીછે, અને તેનાં ઉપર પંદરમી સદીની ઈટાલીઅંન ધપ પરમાંણે ઘણાંજ કીમતી ચીતારો પાહેલાંછે. આ દીવાંનખાંનાંને છેડે દીવાલમાં બે સોભઈતા થાંભોછે, અને એ થાંભોની વચમાં નાંમદાર રાં ણીનું તખત કરીઆમાં આવીઉંછે. એ તખતનાં માંથા ઉપર પાંખ સાથનાં બે પુતલાંઓનાં હાથમાં ફુલોના હાર આપેલાછે, અને તેની ઉપર નાંમદાર રાંણીની ઘણીજ સોભઈતી રીતે V. R. ની સહી પાહેલીછે. નાં મદાર રાંણીને બેસવાની ખુરસી સુનેરી ધોર સાથનીછે, અને રાંણીની ખુરસીની ડાબી બાજુએ તેના નાંમદા ર ભરથાર પરીનસ આલબરટની ખુરસીછે. હેવું જણવીઆમાં આવીઉંછે કે, જારે નાંમદાર રાંણી પાદશાહી પોશાક સાથે આ તખત ઉપર બેસેછે, અને તેની ડાબી બાજુએ પરીનસ આલબરટ બેસેછે, અને તેઓની આસપાસ ભારી દબદબાનાં પોશાક સાથે ઉમરાજાદીઓ ઉભી રેહેછે તથા પરધાંનો હાજર રેહેછે અને તખત ની બંધે બાજુએ દરબારનાં ધારા પરમાંણે કેટલાએક ગરહસથો તેમનાં દરબારી અને ભપકાદાર પોશાક સાથે પોતાંની ખાંધ ઉપર એક ભાલો લઈને ઉભા રેહેછે, તાહરે તાંહાં એક ઘણોજ જોવા લાએક દેખાવ બનેછે. આ દીવાંનખાંનાંમાં નાંમદાર રાંણીની પરીવી કોનસલની સભા પણ ભરાએછે.

આ દીવાંનખાંનાં ભધેથી નીકળીઆ પછી, જે જગાએ "પીકચર ગીઆલરી" એટલે તશવીરખાંનુછે તાંહાં આપણને લઈ જવામાં આવેછે. આ ઓરડો ૧૬૪ ફુટ લાંબો અને ૨૮ ફુટ પોહોલોછે. તાંહાં ઘણાં ખુબસુરત ચીતારોછે, તે ભધેનું એક વાંહાંણ બાંધનાર અને તેની બાએડી વીશેછે, તેની કારીગરીની ઘણીજ વખાંણ થાએછે, અને પાદશાહ ચોથા જારજે (૫૨૫૦૦) બાવંન હજાર પાંચશો રૂપીઆ બદલે તે ખરીદ કી ધું હતું. બીજા ઘણાખરા ચીતારો પણ ઘણાજ ખુબસુરત, કીમતી અને પાદશાહી મેહેલના સણગારને લાએક નાછે. એક મોટું ચીતારછે, તેમાં એક છોકરી પોતાંના હોટ ઉપર આંગલી મેલી, હરૂશે કાંઈ સાંભળવા જતી હોએ, તે મીશાલે એક અંધારા અને ગોલ દાદર ઉપરથી ઉતરતી પાડીછે, તે વીશે જેઓ જોએછે, તેઓ ઘણી તારીફ કરેછે. નાંસા ગોસાની રમતનું એક ચીતરછે, તે પણ ઘણું સુંદરછે. એ ચીતારોની ખુબીનું બયાંન ક રવાને કલમ શકતીવાંન નથી, આંખજ તેમની પીછાંન કરી શકેછે. આ ઓરડામાં ઈઉરોપખંડ ભધેના સધ ળા વરગના "નાંઈટ" ના "સ્ટાર" અથવા નીશાંણો ચીતારેલીછે.

ઉપલી જગાએથી નીકળીઆ પછી જે દીવાંનખાંનાંમાં આપણે જાઈએ છઈએ, તે આખા મેહેલમાં સઉથી સરસ ગણીઆમાં આવેછે. લીલા તથા કીરમજી રંગનાં દીવાંનખાંનાં આપણે મેલી આવીઆ, તેમ આ દીવાંનખાંનાંનો અને તે ભધેનાં સધલાં કાંમનો રંગ પીલોછે. એની લંબાઈ ૪૮ ફુટ અને પોહોલાઈ ૩૫ ફુટછે. એ ઓરડાની અંદર ઘણાજ ઉંચા સંગેમરમરના સોભઈતા થાંભોછે, અને તે દર એકની ઉપર પાદ દશાહી ખાંનદાંનનાં શખસોની તસવીર પાહેલીછે. આ દીવાંનખાંનાંમાં દીવાલ ઉપર ઘણાએક કીમતી ચીતારોછે. એ ચીતારો પીચ્યાર આપણા જીવને મોજ કરવાને વાસતે ઉસકેરતો હોએ; આપણો જીવ કોઈ ઘણીજ ખુશીમાં હોએ; સણગાર કરવાથી ઉતપંન થાતી ખુશી; ગાંએતનની શોધ અને તેથી ઉપજતી ખુશી; નાંચવાની ગમત, અને હે વી બીજી ઘણીએક મતલબ બતલાવનારાછે. એ દીવાંનખાંનાં ભધેના સાંમાંત ઉપર સધળો સુનેરી ધોરછે. આ દીવાંનખાંનુ જોયાથી ખરેખર આપણા જીવને ખુશી ઉપજ્યા વનાં રેહતી નહી, અને હરેક જગા ત

થા વસતુની ખુબસુરતી વધારવામાં પઈસા અને અકલ સાથે મલીઆથી કેટલું બની શકેછે, તેનો દાખલો આ મેહેલમાં આપણને મલેછે. "સલુન" તથા મેહેલના દખણનાં ભાગમાં જે દીવાંનખાંનુંછે, તે પણ ખુ બસુરતી અને તેમાંનાં કીમતી સણગારમાં કોઈબી રીતે ઉતરતું નથી. જાંહાં જાઈએ તાંહાંનાં તરેહવાર ચી તારો જોયાથી આપણો જીવ મઘંન થાએછે.

મેહેલનાં છેક દખણનાં ભાગમાં જમવાનો મોટો ઓરડો આવેલોછે, તે ૬૮ ફુટ લાંબો અને ૩૫ ફુ ટ પોહોલોછે. એ ઓરડાની બારીઓ બાગની તરફ આવેલીછે અને બારીઓની વચમાં જે દીવાલછે તેની ઉપર આરસીઓનાં તકતા જડી લીધાછે. સીલીંગની ઉપર પણ ઘણા સુંદર ચીતારછે. એ ઓરડાનાં દખણ છેડાની અંદર દીવાલમાં અંદરથી એક ગાલો કરી તેમાં ઘણીજ મોટી અને સુંદર આરસી જડેલીછે, અને જા હરે રાંણી મોટું ખાંનુ અથવા નાંચ આપેછે, તારે આ આરસીની સાંહાંમણે સુનાંનાં થોરનુ "બફેટ" મેલેછે, તાહરે તે જગાએ એક જોવા લાએક દેખાવ થાએછે. આ ઓરડાની ઉગમણની બાજુએ ઈંગલંડનાં આગ લા પાદશાહનાં કુટંબોનાં શખસોની તસવીરોછે.

જુદા જુદા દીવાંનખાંનાંઓની અંદર ગરમીને સારૂ જે સધડીઓ બાંધેલીછે, તે સધળી સંગેમરમરનાં પથરની અને તરેહવાર સણગારથી બાંધેલીછે, અને તે જોયાથીજ આપણને કેટલીએક અચરતી ઉપજેછે. આ મેહેલમાં જેટલો ભાગ રાંણીનાં ખાંનગી વાપરવાસને સારૂ રોકાએલોછે, તે કધી કોઇને દેખાડીઆમાં આવતો નથી, પણ તે ભાગબી પાદશાહી કાંમ અને દબદબાને લાએકનો હશે, તેવું કેહવાને કસો આચકો લાગતો નથી.

રાંણી ભગતી કરવાને વાસતે જાહેર દેવળોમાં કોઈજ વાર જાએછે, કાંએજે તેને તથા પાદશાહી કુટંબ ને દર રવીવારે બંદગી કરવાને બની આવે તેવું કરવા મેહેલની સાથે નાંધલાં દેવળો બાંધેલાં હોએછે. એ જગા મુસાફરને દેખાડીઆમાં આવેછે. બકીંગાંમ પાલેસનાં મેહેલની સાથે જે દેવળછે, તે અંદરથી ઘણુજ સોભઈ તું અને સુંદરછે. નાંમદાર રાંણીને બેસવાને વાસતે જે જગા કીધેલીછે, તે તેની રોણક અને ખુબસુરતી ઉપ રથી તરત ઓલખાઈ આવેછે.

આ મેહેલની આસપાસ ૪૦ એકર જમીનનો બાગ કીધેલોછે, અને તેમાં પાંચ એકર જમીન ઉપર પાંણીનો ચસમોછે. આ ચસમાંને એક છેડે હુંનાંલાની મોહોસંમમાં રાંણીને આસાએસ લેવાને સારૂ એક નાં ધલી બંગલી બાંધેલીછે, અને તની ઉપરનુ છાપરૂં મીનારાનાં આકારમાંછે. એ બંગલીની વચેવચમાં આઠ ખુનાંનો એક ઓરડો કાહારેલોછે, અને તેમાં ભધરાત તથા બાંમદાદ બતલાવનારા, તથા નાંમીચા કવેસર મીલટંનનાં કવેતો ભધેનાં બનાંવો બતલાવનારા ચીતારોછે. આ ઓરડાની જમની અને દાબી બાજુએ બે સુંદર ઓરડાછે, અને તે ભધે પણ ઘણાએક કીમતી ચીતાર તથા વખાંણવા જોગ સણગારછે. બકીંગાંમ પા લેસના મેહેલ તથા તેની આસપાસનાં બાગ અને તરેહવાર સોભઈતાં ઝાડો તથા આ બંગલીનો છાપો પેલા ખુશનુમાં ચસમાંમા પડેછે, તે સધળાંનો દેખાવ એ બંગલીમાંથી ઘણો સરસ દીશેછે, અને તેથી આપણા મગજ ઉપર જે અસર થાએછે, તે ખરેખર આપણા મગજમાંજ રેહેછે, ગમે તેહવી મજબુ ત કલંમ હોએ તે આપણાં ભાંષામાંનો વીચાર કાહાડી કાગલ ઉપર મેલી શકતી નથી—આપણને ખબર ન થી કે બેહસતની અંદર શું છે; પણ આ બંગલીમાં જાઈને ઉભા રેહવું, અને આ દુનીઆ ઉપરનુ બેહેસત તેજ આપણને માલંમ પડશે. જે બયાંન ઉપર કીધામાં આવીઉંછે, તે એક નબલી કલંમનુ બયાંનછે, અને નજરે જોવામાં અને લખવામા કેટલો ફરકછે, તે એ બંધે કાંમ કરનાર સઉથી વધારે સંમજેછે, તે ઉપરથી કે હવાને હનો આચકો ખાતા નથી, કે આ બયાંન વાંચીઆ પછી વાંચનાર તે મેહેલ વીશે પોતાનાં મંનમાં જે ખીચાલ કરશે, તે એ મેહેલની ખરી ખુબીને પા હીસસે પણ પોહોચનાર નથી. આપણી મખતાવર રાંણી

નાં આ મુખીઅ મેહેલનું બયાંન પુરૂં કરતી વેલાએ, એક વફાદાર પરજા તરીકે, હમો એટલુંજ કહીજીએછ, કે જે નાંમદાર રાંણી તેમાં હવડે રેહેછે, તેને તેનાં ભરથાર અને વાહલાં કુટંબની સાથે, અને પોતાંની રઈએ તનાં પીઆરની અંદર, બીજાં ઘણાએક વરશ અને લાંબી ઉમર શુધી વાપરવાને પરવરદેગાર સલાંમતી બખ શે, અને દરએક વાંચનાર આ સતરો વાંચીને—"આમીન" બોલીઆ વગર રેહેશે નહી, હેવો હમોને પ કો ભરોશોછે.

સેંનટ જેમસ પાલેસ.

જે જગા ઉપર આ મેહેલ હમણાછે તાંહાં ઈંગલંડનાં નારમંત પાદશાહોએ રાજ કરવાનું શરૂ કીધું તે ની આગમન દરદી અસતરીઓને વાસતે એક ધરમનું દવાખાંનું હતું, અને તેનાં ખરચને વાસતે શેહેરનાં લોકોએ જમીન તથા નાંણું આપીઉં હતું. ઈ૦ સ૦ ૧૫૩૨ નાં શાલમાં ઈંગલંડનાં પાદશાહ આઠમાં હેનરી એ એ ઈમારતને પોતાંનાં ધણીપણામાં લઈને તેને બદલે સફોકમાં કેટલીએક જગા આપી, અને તે ઈમારત ને તોડી પાડી તે જગાએ પોતાંને રેહવાને સારૂ એક મેહેલ બાંધીએા. પાદશાહ પેહેલા ચારલસે આ ઈમાર તમાં કેટલોએક વધારો કરીએા. આ મેહેલની અંદર જે નાંખલું દેવળછે, તે આ પાદશાહનાં વખતમાંજ બં ધાયું હતું. ઈંગલંડની તવારીખનાં જાંણનારને ખબરછે, કે પેહલલા ચારલસને ગરદંન મારીઆમાં આવીએા હતો, અને જે દીને તેની ઉપર આ સીતંમ ગુજરીએા હતો, તે દીને સહવારનાં જે દેવળમાં તે બંદગી કરવા ગયેા હતો, તે આ દેવળછે. ઈ૦ સ૦ ૧૬૯૭ નાં શાલથી આ મેહેલમા પાદશાહી દરબાર ભરાતી આવીછે, અને તેટલા ઉપરથી ઈંગલંડની દરબારને "કોરટ આવ સેંનટ જેમસ" થી ઓલખીઆમાં આવેછે. પાદશા હ પેહલો જારજ અતરે રેહતો હતો. ૧૭૬૧ નાં વરશમાં પાદશાહ તરીજા જારજનાં લગંન આ મેહેલમાં થયાં હતા, અને તે વેલાએ એ મેહેલનાં દીવાંનખાંનાંઓમાં ઘણોએક વધારો તથા ફેરફાર કરીઆમાં આવી એા હતો. ૧૮૧૪ નાં શાલમાં જાહરે રૂશીઆનો સાહનશાહ અને પ્રુશીઆનો પાદશાહ ઈંગલંડની દરબાર ની ભેટ લેવાને ગયા હતા, તાહરે તેઓને આ મેહેલમાં ઉતારો આપીઆમાં આવીએા હતો.

આ મેહેલની અંદર દાખલ થવાનાં મોટા દરવાજાની ઉપર ૧૭૩૧ નાં શાલનુ એક ઘણુજ પુરાંણુ ઘડી આલછે. એ ઘડીઆલ મધેની ઘડી અને પા ઘડીએા તરંણ ઘંટોની ઉપર વાગેછે. આ મેહેલ મધે રાંણીનાં લારડ ચેમબરલેન તથા લારડ સ્ટુઅરડ અને બીજા અમલદારોની આફીસોછે. પશચંમનાં ભાગમાં રાંણીનાં કુટંબને વાસતે કેટલાએક ઓરડાછે, અને જે મોટા દરબારી દીવાંનખાંનાંછે તે દખણ બાજુ ઉપરછે. એ દી વાંનખાંનાંઓમાં જવાને વાસતે એક મોટો અને ઘણોજ ખુબસુરત દાદર પશાર કરવો પડેછે. દાદર પશાર કીધા પછી "ગારડ ચેમબર" ના ઓરડો આવેછે, તે જોવા લાએકછે. હીંઆંની દીવાલ ઉપર તરેહવાર જાત નાં હથીઆરો ઘણાજ રોણકથી ગોઠવેલાંછે અને જાહરે મોટી દરબાર હોએછે, તાહરે રાંણીનાં પેહરાનાં અ મલદારો હીંઆં ઉભા રેહેછે. આ ઓરડો પશાર કરીઆ પછી જે ઓરડામાં જાઈએછે, તાંહાં ટેપીસટરીનાં ભરતો કે જેની ખુબસુરતી વીસે પારીસનાં ભાગમાં (સફે ૭૨) વીગતવાર બયાંન કીધેલુંછે, તેની તથા રંગની કેટલીએક તસવીરોછે. ઈંગલંડનાં પાદશાહનાં મરણ પછી ગાદી ઉપર આવનારા પાદશાહની "પરીવી કાંઉન સીલ" ની તરફથી પેહલી મુલાકાત આ દીવાંનખાંનાંમાં લીધામાં આવેછે, અને હીંઆંની મોટી બારીઓમાં થી પોકાર કરીને નવા પાદશાહનું નાંમ નીચેનાં મોટા વરાંણમાં ઉભેલી રઈએતને જણાવીઆમાં આવેછે. આપણી હાલની રાંણી વીકટોરીઆ વીશે ઉપલી કીરીઆ તારીખ ૨૧ મી જુન ૧૮૩૭ ને દીને થાઇ હતી, તારે જે દેખાવ થયો હતો, તે ઘણોજ જોવા લાએકે થયો હતો, હેવું તે વખતનાં લખનારાઓ જણાવેછે.

જે દીવાંનખાંનાંમાં તખતછે તેની બારીઓ ઉપરની મખમલની ઝાલરો બેહદ તારીફ લાએકછે, અને તેમની ઉપર સુનેરી કોરેાછે, તથા એ દીવાંનખાંનાં મધેનાં બીજા સામાંન તથા સણગાર ઉપર સુનેરી ધોરછે



WINDSOR FROM THE THAMES ABOVE THE BROCAS.

વીનડસર કેઆસલ થી આગળ.

(૧૦૭)

અને સઘળું રાંણીનાં તખતનાં દીવાનખાંનાંનાં નામને લાએકનુંછે. તખતનાં પોતાંનાં ભપકાથી આપણી આંખ દીપેછે. હીંઆંની સુનેરી ઘોરની ખુરશીઓ ઘણી કુશારેછે, તેઓની ઉપર કીરમજી રંગની મખમલનું સુનેરી કોર સાથનું એક ઘણુજ સોભઈતું છતર બનાંવેલુંછે, અને તેની ઉપર સુનેરી કસબથી તરેહવાર ભરત તથા તાજ ભરેલુંછે. આ દીવાનખાંનાંમાં વાટરલુ તથા વીટોરીઆની લડાઈનાં ઘણાજ સુંદર ચીતારોછે. આ ગલ જણાંવીઆમાં આવીઉંછે તેમ આ મેહેલમાં હવડાં આપણી રાંણી રેહતી નથી, પણ દરબારો ભરવામાં તથા મુલાકાત લેવામાં વાપરેછે. આ મેહેલની પહોસમાં "સેંનટ જેમસ પારક" ના મોટો બગીચો આવેલોછે તેનુ બયાંન ઘટટી જગોએ જેયામાં આવશે.

કેનસીંગટંન પાલેસ.

આ મેહેલ હમણા કોઈબી કાંમસર વાપરીઆમાં આવતો નથી, તોપણ તે જોવા લાએકછે. આ મે હેલ એક માલનોછે અને કેનસીંગટંન નાંમના મોટા બાગમાંછે. બાહેરથી તેનો દેખાવ ખુબસુરત નથી, તથા કેટલોએક આડો અટાડોછે, કાંએજે ઘટટી ગોઠવણ કરીઆ વગર તેમાં જુદી જુદી વખતે વધાર ઘટાડ કરી આમાં આવીઉંછે. પાદશાહ તરીજે વીલીઅંમ તેમાં રેહતો હતો. આપણી હાલની રાંણીનાં બાપ ડીઉક આ વ કેનટે આ મેહેલમાં પોતાંનુ રેહવાનું કીધું હતું, અને તારીખ ૨૪ મી મારચ ૧૮૧૯ ને દીને આ નાંમવ ર વીકટોરીઆનો જનંમ તાંહાં થયો હતો, અને એ નાંમદાર રાંણીએ તખતનશીન થયા પછી તારીખ ૨૦ મી જુન ૧૮૩૭ ને દીને પોતાંનાં પરધાંનોની પેહલી સભા આ મેહેલમાં ભરી હતી. એ બનાંવનુ વીલકી નાંમ નાં એક કારીગરે ઘણુજ સુંદર ચીતાર પાડીઉંછે.

આ મેહેલનાં માલ ઉપર જવાનાં દાદરની બાંધણીની ઘણી તારીફ કરીઆમાં આવેછે. તેનાં ફાંડીઆં કાલા તથા સફેદ સંગેમરમરનાં પથરનાંછે અને તેનાં કટેરા લોહોડાંનાં અને ઘણીજ સુંદર નકશીનાંછે. આ સપાસની દીવાલ ઉપર ઘણાજ ઉમદા ચીતારો પાડેલાછે. આ મેહેલનો બાહેરનો દેખાવ સારો નથી, તોપણ તેની અંદર બાર મોટાં અને સોભઈતાં દીવાંનખાંનાંછે અને તે બધેનો સામાંન ઘણો સરસછે, અને તેમની સી લીંગો ઉપર સુંદર ચીતારો પાડેલાછે, અને દીવાલ ઉપર ટેપીસટરીનાં ભરતની અને રંગની તરેહવાર તસવી રોછે. એક દીવાંનખાંનાંમાંની સઘડીની બાંધણી ઘણીજ રોણકદારછે, અને તેની આસપાસ ફુલ, ફલો અને તરેહવાર ચીતારો પાડેલાછે. એક ઓરડાની સીલીંગ ઘણી સરસછે, તેની સફેદ ભોંએની ઉપર રાતા, આસ માંની અને સુનેરી રંગથી સોભઈતાં ચીતારો પાડેલાંછે. એક દીવાંન ખાંનાંની અંદર સુનેરી ઘોર સાથનાં કેટ લાંએક મોટાં બાહાવલાં તથા અરધાં પુતલાંછે.

વાઈટહાલ પાલેસ.

આઠમાં હેનરીનાં વખતથી તે તરીજા વીલીઅંમનાં વખત શુધી, આ મેહેલમાં ઇંગલંડનાં પાદશાહો રેહતા હતા. છેલલા પાદશાહનાં વખત પછી તેનો મોટો ભાગ આગથી બલી ગયો હતો, અને હમણા તેમાં નો કાંઈ જુજ ભાગ રહેાછે, તાંહાં થોડીએક જોવા લાએક વસતુઓ વીગરે બીજું કાંઈ નથી. ઇંગલંડનાં પા દશાહ પેહલલા ચારલસને ગરદંન મારીઆમાં આવીઓ હતો તે આ મેહેલનાં બારણાં આગલ.

વીંનડસર કેઆસલ.

ઇંગલંડનાં પાદશાહોનો આ એક સઉથી પુરાંણો અને નાંમીચો મેહેલછે. ઇંગલંડની ત વારીખનાં ઘણાએક બનાંવો સાથે એ મેહેલ તાલુક રાખેછે. જેમ એ મેહેલ અસલનાં વખતમાં પાદશાહોને મંનગંમતો હતો, તેમજ હવડાંનાં વખતમાં આપણી નાંમદાર રાંણી પણ વરસનો કેટલો

એક ભાગ તાંહાં ગુજારેછે. એ મેહેલ લંડનથી ૨૧ માઈલ દુરછે અને લોહોડાંની સડકથી એક કલાકમાં તાંહાં જઈ શકાએછે, તેથી રાંણી તાંહાં રેહે તારે જાણે લંડનમાંજ હોએ તેવું લાગેછે. એ મેહેલ કીલ્લાનાં આકારમાંછે અને તે કીલ્લા જેવો મજબુત પણછે અને તે કાંમમાં આવી શકે તેવોપણછે. પાદશાહ "વી લીએંમ ધી કાંનકરર" આસરે ૮૦૦ વરસની વાત ઉપર તે બાંધીએા હતો, તાર પછી તરીજા એડવરડનાં વ ખતમાં તેનો કેટલોએક ભાગ ભાંજી નાંખી તે ફરીથી બાંધીએા હતો. તેની પછીનાં પાદશાહોએએ તેમાં કેટ લોએક વધારો કીધો હતો. સઉથી વધતો ફેરફાર તેમાં ચોથા જારજે કીધો હતો, અને એ પાદશાહે પોતાનાં પાછલા દાહડા ઘણાખરા હીંમાં કાહાડીઆ હતા. એ મેહેલ જે અસલ બાંધીઆમાં આવીએા હશે, તેને પા છલથી શુધારવામાંજ એક કરોડ ઉપર રૂપીઆનો ખરચ થયોછે.

એ મેહેલ જોવા જવાને વાસતે લંડનથી લારડ ચેમબરલેનની પરવાંનગી લેવી જોઈએછે. નાંમદાર રાંણી જેવારે એ મેહેલમાં નાંચ આપેછે, તારે જે દીવાંનખાંનુ તે કાંમમાં લીએછે તે ઘણુ મોટું અને સોભઈતું છે અને તાંહાંની આખી દીવાલ પાદશાહા તથા નાંમીચા શખસોની તસવીરોથી ભરાઈ ગઈછે. જે ઓરડા ને "સેંનટ જારજીસ હાલ" કરીને કેહેછે તે ૨૦૦ ફુટ લાંબો અને ૩૪ ફુટ પોહોલોછે અને તાંહાં નાંમદા ર રાંણી "નાઈટ આવ ધી ગારટર" ના ખેતાબ બખશેછે, તે ઓરડો ખરેખર જોવા લાએકછે. હીંમાં રાં ણીને વાસતે એક તખત કીધેલુંછે, અને એ ઓરડાની દીવાલની બંધે બાજુએ જે જે ગરહસથોને આ ખીતાબ મલીઆછે, તેઓનાં નાંમ અને તેઓનાં અલમતનાં ચીતારો પાડેલાંછે. જારે રાંણી કોઈ મોટું ખાં નુ આપેછે, તારે આ ઓરડો તે કાંમમાં વાપરીઆમાં આવેછે. આ ઓરડામાં ઈંગલંડનાં પાદશાહ પેહલા જેમસથી ચોથા જારજ શુધીની તસવીરોછે. તરાવનકોરનાં રાજાએ કેટલાંએક વરશની વાત ઉપર રાંણીને સારૂ એક ખુબસુરત પાલકી, તથા એક અંમારી તથા એક રેંકડો મોકલીએા હતો, તે આ મેહેલનાં એક ઓરડામાં જોયામાં આવેછે. એક ટોપ હીંમાં જોયામાં આવેછે, તે ટીપુ સુલતાંનનો મુલક ઈંગરેજોએ હાથ કીધો તે વખતે તાંહાં ચાલતા પઈસાનાં ધાતુને ગાલીને બનાંવેલીછે.

જે દીવાંનખાંનાંમાં નાંમદાર રાંણી મુલાકાત લીએછે, તે ઘણુજ સુંદરછે. સીલીંગની ઉપર બરીટાંની આ દાખલ રાંણી કેથેરાઈનને પાડીછે, અને તેને એક ગાડીમાં બેસાડેલીછે, તે ગાડી હાંસો ખેંચેછે, અને તે ની આસપાસ ફરેસતા પાડેલાછે. દીવાલની ઉપર ટેપસટરીનાં ભરતની ઘણીએક તસવીરોછે. એ દીવાંન ખાંનાંની પાસેનાં ઓરડામાં જે સધડીછે, તેની ઉપર તરીજા જારજ પાદશાહની મોટા જલાનાં પોશાક સાથ ની રંગીન કાચમાં તસવીરછે. એક દીવાંન ખાંનાંને "વાટરલુ ચેમબર" નું નાંમ આપેલુંછે, તાંહાં એ લડાઈ ની વખતે યુરોપમાં જે પાદશાહ તથા નાંમીચા પરધાંનો તથા સરદારો હતા તેઓની તસવીરોછે. વાટરલુની લડાઈ થયા પછી લંડંન મધે પરવરદેગારનો ઉપકાર માંનવાને વાસતે જે કીરીઆ થાઈ હતી, તે દીને ડીઉક આવ વેલીંગટંને જે પોશાક પેહરીએા હતો, તે પોશાક સાથની તેની તસવીર હીંઆંછે. એક બીજું દીવાંન ખાંનુ જેને "ગ્રેસેનસ ચેમબર" કરી કેહેછે, તાંહાં ટપેસટરીનાં કીમતી ભરતની તસવીરોછે. "ગારડ ચેમબર" નાંમનાં ઓરડામાં તરેહવાર અસલી હથીઆરોછે. છ આખા આકારને બખતર પેહરાવીને તથા તેઓનાં હાથમાં ભાલા આપીને ઉભા રાખેલાછે. વીકટરી નાંમનાં વાંહાંણ ઉપર નેલસંન મરણ પાંમીએા હતો તેનાં આગલા ડોલનાં એક ભાગની ઉપર નેલસંનનુ અરધું બાહાવલું ગોડવીઆમાં આવીઉંછે, અને તેની બંધે બા જુએ પંજાબની લડાઈની વખતે લારડ હારડીનજે કબજ કીધેલી ટોપો મેલેલીછે. વેલીંગટંન તથા મારલબ રોનાં બાહાવલાં પણ હીંઆંછે. આ મેહેલનાં બે ઓરડામાં રાંણીની સુનેરી પલેટ રાખવામાં આવેછે, તે ઓરડાઓની બાંધણી હવીછે કે આ મેહેલમાં આગ લાગે તોપણ તે ઓરડાઓને કસું નુકસાંન થાએ ન હી. એ મેહેલનો દાદર ઘણોજ રોણકદારછે અને તાંહાં ચોથા જારજનું એક બાહાવલુંછે. દાદરની ઉપરનાં

ભાગ આગલ જુદી જુદી જાતનાં હથીઆરો ગોડવેલાંછે, તેથી તે જગાનો દેખાવ ઘણો સારો લાગેછે. એ મેહેલને લગતો જે મોટો અને ઉંચો "ટાઅર" અથવા કીલ્લોછે, તેની ઉપર જતાં માલ ઉપરથી એકશોથી વધારે કાંડીઆં ચહડવાં પડેછે. એ જગોએ આગલ પાદશાહી કેદીઓ રાખીઆમાં આવતા હતા. હીંઆં છેક ઉપરનાં ભાગમાંથી દીવાલની અંદર એક ટોપ હેવી રીતે ગોઠવેલીછે કે તેથી આખા દાદરનો મારગ સં ભાલી શકાએ.

એ મેહેલને લગતું એક નાંધલું અને સોભઈતું દેવલછે. સધળા નાંઈટોનાં વાવટા હીંઆં હારેદોર ટાંગેલાછે. એ દેવલનો એક ભાગ પાદશાહી કુટંબની કબરને સારૂછે. જે ઓરડામાં પાદશાહી ખાંનદાંનનાં બાલકોને "બાપટીજમ" આપીઆમાં આવેછે તે પણ આપણને દેખાડીઆમાં આવેછે.

આ મેહેલને લગતો બગીચો ૫૦૦ એકરથી વધારે જમીન રોકેછે, અને ઘેરાવામાં આસરે ચાર માઈ લછે. એ બગીચાની પછી ૧૮૦૦ એકર જમીનનું એક મોટું રાંણુછે તાંહાં ઓકનાં તથા બીજાં મોટાં ઝાહોછે. એ રાંણુમાં હજારો હરણોછે. †

જેઓ વીંનડસર કેઆસલનો મેહેલ જોવા જએછે, તેઓ તાંહાંથી છ માઈલ દુર "વરજીનીઆ વા ટર" નાંમની જગા જોવા જવાને ભુલતા નથી, કાંએજે એ જગા ઘણીજ તંદરોસતી બખશનારી તથા ખુશ નુમાંછે. તાંહાં જતાં એક લાંબો અને સીધી લીટીનાં જેવો મારગ પશાર કરવો પડેછે, અને તેની બંધે બા જુ ઉપર તરેહવાર અને ખુબસુરત ઝાહોછે. એ મારગ પુરો થાએછે, તાંહાં પાદશાહ ચોથા જારજનું એક ઘોડસવાર પુતલુંછે. એ જગાને વરજીનીઆ વાટર કરી એટલા વાસતે કેહવામાં આવેછે કે, તાંહાં મંડલ આકારમાં એક નાંનું બનાંવેલુંછે. એ નાંલાંને એક છેહેથી નીકલતાં જો તેનાં દાબા હાથ ઉપરથીજ ચાલીઆ કરીએતો પાછા જાંહાંથી નીકલીઆ હોઈએ તાંહાંજ આવી પોંહોચીએ. આ નાંલાંનુ પાંણી વધીને જાંહાં વે હેછે, તાંહાં ખડકનાં મોટા પથરો ગોઠવીને એક યુકતીક ધોત બનાવેલોછે. એ નાંલાંની અંદર સોભાને વા સતે કેટલીએક નાંધલી બોટો ફરતી મેલેલીછે, અને તેનાં કીનારાનાં એક ભાગ ઉપર ચીનાંઈ આકારનો એ ક સોભઈતો ઓટલો બાંધેલોછે. ગરાંનીટ તથા બીજા પથરોની જાંણે એક ઈમારતનો નાંસ થાયો હોએ, તેવું દેખાડીને આ જગાને અસલી દેખાવ આપવાને સારૂ એક બાંધણી કરીઆમાં આવીછે. ટુકાંમાં કહીજીએ ય કે એ જગા ઘણીજ ખુશનુમાંછે.

હાંમપટંન કોરટ પાલેસ.

ટેમસ નદીનાં ઓતર કીનારા ઉપર લંડંનથી ૧૩ માઈલ દુર આ મેહેલછે. આજ ઘણા વરસ થયાં તે પાદશાહી વાપરવાસમાં આવતો નથી, પણ સધળી રીતે તે મેહેલ વખાંણવા લાએકછે. તેનાં આગલા ભાગ શવાએ બાકીનો ભાગ ઘણોજ પુરાનોછે. એ મેહેલ અસલ કારડીનલ વુલસીનો હતો, તેણે પાદશાહ આઠમાં હેનરીને ભેટ આપીએા હતો. તેનાં પછી તરીજા જારજનાં વખત શુધી પાદશાહો તેમાં રેહતા હતા. એ મેહેલ જેતી વખતે પારીસનાં વારસેલ મેહેલની યાદ આવેછે; કાંએજે તે બધે વારસેલ વાલાની બાંફક ટેપેસટરીનાં ભરતની તથા રંગની તસવીરોનો ડાગ નથી. પચીસથી વધારે ઓરડા એ પરમાંણે તસવીરોથી પુરછે. આ મેહેલમાં કેટલાએક ઓરડાઓ આગલા પાદશાહા તથા રાંણીઓ જેમ વાપરતાં હતાં, તેમજ રેહ

† વીંનડસરથી ૩૧ માઈલ દુર ટેમસ નદીમાં એક નાંધલું ટાપુછે, તાંહાં ઈંગલંડનાં પાદશાહ જંને તારીખ ૨૫ મી જુ ન ૧૨૧૫ ને દીને "મેગના ચારટા" નાં સનદ ઉપર સહી કરી હતી, તે ઉપરથી તે ટાપુને મેગના ચારટા ટાપુ કરી કેહવામાં આવેછે.

"ઈટંન કાલેજ" ની નાંમીચી અને પુરાંણી બદરેસા જે ૧૪૪૦ નાં સાલમાં પાદશાહ છઠા હેનરીએ સથાપી હતી, અ ને જેમાં ઈંગલંડનાં સઉથી નાંમીચા અને વખણાએલા શખસોએ કેલવણી લીધીછે, તે વીંનડસરની પડોસમાંછે, તે જોવા લા એકછે.

વા દીધામાં આવીઆછે. તેઓનાં સુવાનાં પલંગો તથા બેસવાની ખુરસી તથા ટેબલો જેમ આગલ હતી, તે જ હંમણાં પણ હીંઆં આપણે જોઇએછે. જે મોટી ગાડીમાં મેલીને ડીઉક આવ વેલીંગટંનનુ મુરદુ સેંનટ પાલસ કથીડરલનાં દેવળમાં દાટવાને સારૂ લઇ જયામાં આવીઉ હતું, તે ગાડી હીંઆં એક ઓરડામાં સર વેને જોવા સારૂ મેલીઆમાં આવીછે.

આ મેહેલને લગતો બાગ ઘણોજ સુંદરછે. તાંહાં એક ઘણોજ ખુબસુરત ફુંઆરો પણછે. એ બાગ માં દરાખનો એક ઘણોજ કીમતી વેલોછે, અને તેમાંની સઘળી દરાખ રાંણીને સારૂ જાએછે. કેહેછે કે એ વેલા ઉપર જેવી દરાખ થાએછે, તેવી મોટી અને સારી દરાખ યુરોપખંડ ઉપર કોઇ દેકાંણે થાતી નથી. એ બાગમાં ગમતને સારૂ, ઉંચા અને જાડા વેલાની અંદર આડો અટાડો રસતો કરીઓછે, તેની અંદર અંત જાંણુઓ દખલ થાએછે, તે પાછા નીકલી શકતા નથી, કાંએજે તેઓ ગમે તેટલા અંદર ફરેછે તોપણ તાંહાં નાં તાંહાં ફરીઆ કરેછે. એથી કરીને ઘણી ગમત થાએછે. જો કે ઘણી ટુક જગાની અંદર આ મારગો ક રીઆમાં આવીઆછે, તોપણ કેટલાએક શખસોતો કલાકનાં કલાક અંદર ફરીઆ કરેછે તોબી તેઓનો છેડો આવતો નથી.

સને ૧૮૫૭ તથા ૫૮ નાં વરસમાં ઉપલા મેહેલોની મરાંમત ઉપર (૮૬૯૧૦૦) આઠ લાખ ઓગ નોતેર હજાર અને એકશો રૂપીઆ થયા હતા.

રાંણીનાં મેહેલોનુ બયાંન પુરૂં કરતી વેલાએ, તે મેહેલોને લગતા તબેલા વીશે થોડુંએક જણાવવું જરૂ રછે. બકીંગાંમ પાલેસને લગતો તબેલો જોવાને કોઇએ ભુલવું નહી, કાંએજે તાંહાં તે નાંમદારની સવારીની કીમતી અને ખુબસુરત ગાડીઓ તથા ઘોડા જોવાને બની આવેછે. એ તબેલા જોવા જવાને વાસતે "મારસ ટર આવ ધી હારસ" ની રજા મંગાવવી જોઇએછે. ગાડીઓ સઘળી એક તબેલામાં રાખીઆમાં આવેછે, અ ને બીજામાં ઘોડાઓને. જારે નાંમદાર રાંણી પારલામેંનટની સભામાં બીરાજવાને જાએછે, તારે જે ગાડીમાં સવારી કરેછે, તે ખચીત જોવા લાએકછે, અને તેની ઉપરની નકસી અને બીજો સણગાર જે પાદશાહ જા દી અંદર બેસેછે, તેને લાએકનોછે. એ ગાડીનાં પઇડાં, અસલનાં વખતમાં ફતેહની ગાડીનાં પઇડાં જેહવાં બ નાંવીઆમાં આવતાં હતાં, તેવાંછે. તેનો વચમાંનો મોટો પુલ ભાલાનાં એક મોટાં મંડલનાં જેવોછે. ગાડીનુ છતર નાંલીએરીનાં ઝાડનાં જેવા આઠ થાંભા ઉપર આધાર રાખેછે, અને આ આઠ થાંભાની આગલનાં ખુનાંમાં બરીટંનની ફતેહનાં ચીતારોછે. છતરની વચે વચમાં ઇંગલંડ, સ્કાટલંડ અને આએરલંડનાં જીનોનાં ચીતારો પારેલાંછે, અને તેઓનાં હાથમાં તાજ તથા તલવાર અને રાજની લાકડી તથા " નાંઇટહુડ " નુ અલમત આપેલુંછે. તેઓનાં શરીરમાંથી ફુલોનાં હાર કાહાડેલાછે, તે ગાડીનાં ચાર ખુનાં શુધી પોંહોંચેછે. ઉપર જણા વીઆ પરમાંણે નાંલીએરીનાં આઠ થાંબાછે, તેની વચમાંની જે જગાછે તેની ઉપર આરસીનાં તકતા જડેલા છે, અને નીચેનાં ભાગ ઉપર તરેહવાર ચીતારોછે. આગલા ચોકટાંનાં બાહેરનાં ભાગ ઉપર તખતની ઉપર બરીટાંનીઆંને બેશાડેલીછે, તે છુટાપણાને ફુલનો હાર બખશેછે, અને તેની સાથે ધસ્પ, ઇનસાફ, ડાહાપણ, હીંમત, દેલાવરી, વેપાર, આબાદાંની, અને ફતેનાં ચીતારોછે. જમની બાજુનાં બારણા ઉપર ઉદીઓગ અને ક લા ઇંગલંડનાં બચાંઓને પોતાંની બખશેસ કરેછે, અને તેની બાજુનાં ચોકટાં ઉપર તવારીખ ફતેહનુ બયાંન કરેછે, અને સુલેહ લડાઇનાં હથીઆરોને આગથી બાળેછે. પાછલાં ચોકટાં ઉપર નેપચીઉન ઘોડાની ગાડી માં ફરીઆમાં સવાર થાઇને આખી દુનીઆંની તરફથી ઇંગલંડને વાસતે નજરાણું લાવેછે. પછવાહેનાં ચોક ટાંનાં ઉપરનાં ભાગમાં પાદશાહી અલમતોછે. દાબી બાજુનાં બારણા ઉપર મારસ, મીનરવા અને બુધનાં સેતારાઓ પાદશાહી તાજને ટેકો આપેછે, અને તેની બાજુનાં ચોકટાંઓ ઉપર હુંનર અને વીદીઆનો બં ચાવ પાહેલોછે.

અંદરની લેલીન રાતી મખમલનીછે અને તેની કોરો ઉપર સુનેરી લેસ જડેલીછે તથા તરેહવાર સોભ ઇતા જુટાછે. આ ગાડીની લંબાઇ ૨૪ ફુટ, પોહોલાઇ ૮ ફુટ ૩ ઇંચ, ઉંચાઇ ૧૨ ફુટછે અને પુલ ૧૨ ફુટ અને ૩ ઇંચ લાંબોછે. આખી ગાડીનુ વજંન ૪ ટંનછે. એ ગાડી બનાંવવામાં સુથાર તથા લુ હારકાંમનાં રૂપીઆ ૧૬૩૭૦, કોતરકાંમના રૂપીઆ ૨૫૦૦૦, ઘોર ચહડાવવાનાં રૂ૯૩૫૦, રંગવાનાં રૂપીઆ ૩૧૫૦, લેલીન ઉપર કસબનાં રૂપીઆ ૭૩૭૦ તથા બીજા પરચુટંન કાંમનાં રૂ૧૪૦૬૦ મલી, જુમલે એ ગા ડીની કીમત રૂપીઆ ૭૫૩૦૦ ની જણાંવીઆમાં આવીછે. એ ગાડી ૧૭૬૨ નાં શાલમાં બનાંવેલીછે. એ તબેલામાં બીજી ચીઆલીસ સુંદર ગાડીઓછે. નાંમદાર રાંણીને જે ઘોડાઓ બાહેરથી નજરાંણા દાખલ મલીઆછે, તે ઘણાખરા આ તબેલામાંછે. ઘોડાનાં હારનીસ રાખવાનો ઓરડો જુદોછે, અને તાંહાં રાખેલા હારનીસની ખુબસુરતી અને ગોઠવંણુ જોયાથીજ આપણને અચરતી ઉપજેછે. સઉથી મોટી પાદશા હી ગાડીમાં જોડવાનાં આઠ ઘોડાઓનાં હારનીસો રાતાં મોરાકોનાં ચામડાંનાંછે, તે જોવા લાએકછે. તેઓ ની ઉપર ધાતુનું જે કાંમછે તે સઘળુ નકસીનુ અને રૂપાંનુંછે, અને દરએક હારનીસ વજંનમાં એક ટંન થાએછે, તે ઉપરથીજ તેની કીમતનો વીચાર શેહેલથી આપણાં ખીઆલમાં ઉતરેછે.

વાંનડસર કેઆસલને લગતો તબેલો પણ જોવા લાએકછે. રાંણીનાં પોતાંનાં વેચાતા લીધેલા તથા ભે ટ થાએલા ઘણાએક ઘોડા હીંઆંછે. ઓસ્ટરનાં પાશાએ તથા સારડીનીઆનાં પાદશાહ વીકટર ઇમાંનીઉલે ભેટ કીધેલા ઘોડા ઘણાજ ખુબસુરતછે. એ ઘોડાઓનાં નાંમ, તેમને ભેટ કરનાર ઉપરથી આપીઆમાં આવી આંછે. ફરાંનસનાં પાદશાહાએ નાંમદાર રાંણીને એક મોટી ગાડી ભેટ કીધીછે, અને જેમા વીસ આદમી બેશી શકેછે અને છ ઘોડા વગર ખેંચાતી નથી, તે હીંઆં મેલેલીછે. રાંણીની સફર કરવાની ગાડીઓ ઘ ણી ફુસાદેછે. આગલા ભાગમા બેઠકછે અને પાછલા ભાગમાં સામાંન મેલવાની જગાછે. જે ગાડીમાં પ રીનસ આવ વેલસે આસરે ચાર વરસની વાત ઉપર યુરોપમાં સફર કીધી હતી, તે હીંઆંછે. નદી બંધાઇ જાએ તારે તેની ઉપર ધસડવાની ગાડી જે રૂશીઆનાં શાહાંનશાહ નીકોલાસે રાંણીને ભેટ કીધી હતી, તે પ ણ હીંઆંછે. એ તબેલાને લગતી એક "રાઇડીંગ સ્કુલ" છે તે એક ઘણો લાંબો અને પોહોલો ઓરડોછે. હીં આં રાંણીનાં છોકરાંઓને ઘોડા ઉપર સવાર થવાને સીકવવામાં આવેછે, અને તે વેલાએ રાંણી પોતે તાંહાં હાજર રેહેછે. જારે બાહેરની હવા સારી નહી હોએ, તારે રાંણી પોતે પણ એજ તબેલામાં સવારી કરેછે.

પ્રકરણ ૧૩ મું.

પારલામેંનટનો મેહેલ.

વેસ્ટમીનસ્ટરનો અસલી મેહેલ—નવા મેહેલની બાંધણી—લંબાઇ—પોહોલાઇ તથા ઉંચાઇ—મીનારા—આ મેહેલની પેહે ચણી—આઠ ખુણાનો ઓરડો—રાંણીનો પોશાક પેહેરવાનો ઓરડો—પ્રીનસ ચેમબર—રાંણીનુ પુતલું અને તેનાં બત લાવેલી બતલબ્યો—ઉમરાઓની સભાનુ દીવાંનખાંનુ—રાંણીનુ તખત—બારીઓ તથા કાચની બખીઓ—થાંબા ઉપર બા હાવલાં—સીલીંગ—ગીઆલરી—કેટલીએક ઉમરાવજાદીઓની પોતાનો હક જલવવામાં બતલાવેલી હીમત ભરેલી ચાલ—દીવાંનખાંનાંમા થંડી તથા ગરમી લાવવાનાં ઉપાએ—રાંણીનુ ઉમરાઓની સભામા જવું તથા બોરાનજવું—પીએરસ લાબી—આમની સભાનુ દીવાંનખાંનું—તેમાં રોશની તથા બીજી ગોઠવણ—પુસતકખાંનાં—બીજલીના તારનો સાંચો—એ મેહેલ બાંધવાનો ખરચ—તે જોવા જવાની પરવાંનગી.

નામદાર રાંણીનાં મેહેલનાં બયાંન પછી, આ પુસતકમાં સઉથી અગતની જગા પારલામેંનટનાં મેહેલને ઘટેછે. ફકત લંડનમા નહી એટલુંજ નહી, પણ આખી દુનીઆમાં હાવો મોટો અને ખુબસુરત મેહેલ છેજ નહી. એ મેહેલની પોહોલાઈ, ખુબસુરતી, બાહેરની તથા અંદરની કારીગરી, એ સઘળું આખી દુનીઆં ઉ પર જે સઉથી કઉઅતવાલું રાજ ગણાએછે, તે રાજના નામને લાએકનુંછે. ઇંગલંડની પારલામેંનટ પોતા નાં અને પોતાંને લગતાં મુલકોનોજ રાજકારભાર ચલાવેછે, એમ નથી, પણ તેના અવાજથી દુનીઆ ઉપર નાં બીજાં રાજે ઉપર અસર થાએછે, તેવી સભાનો મેહેલ પણ દુનીઆમાં સઉથી સારો, મોટો, અને ખુબ સુરતછે. સરકારી કાંમકાજ ચલાવવાને સારૂ તે બધે બનાંવેલી ગોઠવંણ, રોશની, હવા, પાંણી પુરૂં પાડવાના ઉપાયો, તથા આગ લાગે તો તેમાંથી તેનો બંચાવ કરવાની યુકતીઓ, એ સઘળું એટલુંતો પુરૂંછે, કે આખી દુનીઆમાં તેહવી કોઈ બીજી ઈમારત નથી. આ મેહેલ ટેમસ નદીની બાજુથી આવેલોછે, અને તેનો સ ઉથી સરસ દેખાવ તે જગેથી દેખાએછે. સું તેની બાહેરની કારીગરી, ઉંચાઇ અને મીનારાઓની ખુબસુર તી, એ સઘળું એકદંમ આપણી નજરે પડેછે, તારે આપણી નજર હેરાંન રેહેછે. તેનાં બાહેરનાં દેખાવ વી શે લંબાણથી બોલવાની કસી અગત નથી. એ ઈમારત નજરે જોયાથી, તેનો ચીતાર લખવાની કલંમથી હમેા નબલી રીતે ઉતારી શકીએ, તેનાં કરતાં પણ સરસ વીચાર આ પુસતક વાંચનારને, એ મેહેલનાં બાહેરનાં દેખાવ વીશે, અતરે આપેલા ચીતાર ઉપરથી આવશે, અને જે નજરનું કાંમછે તે કલંમ નથી કરી શકતી, એ વું હમેાએ એકથી વધારેવાર કહુંછે તેનો દાખલો મલશે.

આ મેહેલને પારલામેંનટનો મેહેલ અથવા વેસ્ટમીનસ્ટરનો નવો મેહેલ કેહેછે. આ પાછલું નાંમ આપવાનું કારણ એછે કે, જે જગાએ આ મેહેલ હમણાંછે તાંહાં આગલ એક પુરાંણો મેહેલ હતો, તેનુ નાં મ વેસ્ટમીનસ્ટર પાલેસ કરીને હતું. પેહલે નરમંન પાદશાહ વીલીઅંમ જેને ઈ૦ સને ૧૦૬૬ નાં વર સમાં ઇંગલંડમાં રાજ કરવાનુ શરૂ કીધું હતું, તે પોતાનાં પરધાંનોની સભા તે મેહેલમાં ભરતો હતો. પાદશા હ જાંને પરજાનાં છુટાપણાનો સનદ "મેગનાં ચારટા" ઇંગલંડનાં લોકોને આપીએા હતો, તે પાદશાહ તરી જ હેનરીએ તે મેહેલમાં બાહાલ રાખીએા હતો. ૧૨૩૮ ના સાલમાં ટેમસ નદીની રેલથી તે મેહેલ લગ ભગ ડુબી ગયો હતો, અને તેનાં મોટાં દીવાંનખાંનાંમાં બોટો ફરતી થાઈ હતી, અને ૧૨૯૮ નાં સાલમાં

NEW HOUSES OF PARLIAMENT.

From Lambeth Palace.

પારલામેંનટનો મેહેલ—(૧૧૨)

London, Read & Co. 10 Johnson's Ct Fleet St

આગથી તેનો નાંસ થયો હતો, પણ પાદશાહ બીજા એડવરડે તેને ફરીથી બાંધીઓ હતો. ૧૫૧૨ નાં સાલમાં તેનો મોટો ભાગ ફરીથી બળી ગયો હતો. આઠમાં હેનરીએ તેને ફરીથી બાંધીઓ, તે ૧૮૩૪ માં ફરીથી આગથી બળી ગયો હતો. જે મોટી ઈમારત હવડાં તાંહાં જોયામાં આવેછે તે આ છેલલી આગ લાગા પછી તાંહાં બાંધીઆમાં આવીછે. આ નવો મેહેલ કેવી રીતે બાંધવો, તેને વાસતે જુદા જુદા શખ્સોની તરફથી ૯૭ નકસા તઈઆર કીધામાં આવીઆ હતા, અને તેમાંથી મી૦ ચારલસ બારી નામનાં એક શખ્સનો નકસો સને ૧૮૩૬ નાં સાલમાં પસંદ કીધામાં આવીઓ હતો, અને તે ઉપરથી આ મેહેલ બાંધેલોછે, અને તે નકસાનાં બનાવનારને "નાંઈટ" નો ખેતાબ આપીઆમાં આવીઓ હતો. તારીખ ૨૭ મી એપરીલ ૧૮૪૦ ને દીને એ ઈમારતનો પેહલો પાયો નાંખીઓ હતો. પાયો ૧૨ ફુટ પોહોલોછે. ઈમારતનો બાહેરનો ભાગ સફેદ ચુનાનાં પથરનોછે, અને અંદરનો ભાગ " કેઅેન " નાં પથરનોછે. નદીની બાજુનો બાહેરનો ભાગ ગરાંનીટનાં પથરનોછે. અંદરનાં દીવાંનખાંનાંઓની દીવાલો સારી ઈટડીઓ નીછે અને છાપરૂં સઘળું લોહોડાંનુંછે. એ પરમાંણે આ આખી ઈમારતનાં છાપરાંમાં લાકડું મુતલગ વાપરી આમાં આવીછું નથી. આ આખો મેહેલ ૮ એકર જમીન રોકેછે, અને તેની ચાર મુખીચ બાજુઓ કાહાડેલીછે. જે બાજુ નદીની તરફથીછે તેની લંબાઈ ૯૪૦ ફુટછે. આ મેહેલની બાંધણીમાં ૧૧ ખુલલા ચોકછે અને પાદશાહી દીવાંનખાંનાં તથા "હાઉસ આવ લારડસ" તથા "હાઉસ આવ કાંમનસ" ની સભા ભરાએછે તે, તથા વચમાંનાં દીવાંનખાંનાં સીવાએ બીજા ૫૦૦ ઓરડાછે. આ સગલી બાંધણીમાં (૯૦૦૦૦૦) નવ લાખ ટંન પથર, (૨૪૦૦૦૦૦૦) બે કરોડ ચીઆલીસ લાખ ઈટરડી અને (૫૦૦૦) પાંચ હજાર ટંન લોહોડું ખપીઉંછે.

આ મોટી ઈમારતનો દેખાવ તે બધે બાંધેલાં ઉંચા મીનારાઓથી ઘણો સોભી નીકલેછે. એ બધેનાં તરણ મુખીચ મીનારા ઘણાજ ખુબસુરતછે, આ બયાંન સાથે આપેલા નકસામાં દાબી બાજુએ જે મોટો મીનારો દેખાએછે, તે મીનારાની નીચેના દરવાજથી નામદાર રાંણીની ગાડી એ મેહેલમાં દાખલ થાએછે, તેથી તે મીનારાને " વીકટોરીઆ ટાચ્અર " કરી નામ આપેલુંછે, અને જમણી બાજુએ જે સઉથી ઉંચો મીનારો દેખાએછે તેની ઉપર ઘડીઆલછે તેથી તેને " કલાક ટાચ્અર " નામ આપેલુંછે. વચેવચમાંનાં મોટા મીનારાને " સેનટરલ ટાચ્અર " કરી નામ આપીઆમાં આવીઉંછે. " વીકટોરીઆ ટાચ્અર " ની ચારે બાજુ ૭૫ ફુટછે, અને તેની ઉંચાઈ ૩૪૦ ફુટછે. રાંણીને દાખલ થવાનાં દરવાજનું આરકુ ઉંચાઈમાં ૬૫ ફુટછે. દરવાજની અંદરનાં ભાગને ઈંગલંડ, સ્કાટલંડ અને આએરલંડના મુખીચ " સેનટ " નાં પુતલાંથી સણગારેલાછે. એ જગા ઉપર વીકટોરીઆ રાંણીનુ બાહાવલુંછે, અને તેની આસપાસ ઈનસાફ અને દયા બતલાવનારા પુતલાંછે. ઘડીચ્આલવાલા મીનારાની ચારે બાજુ ૪૦ ફુટછે અને તેની ઉંચાઈ ૩૨૦ ફુટછે. એ મીનારા ઉપર ચારે બાજુથી ઘડીચ્આલ દેખાએછે. વચેવચમાંનાં મીનારાની ઉંચાઈ ૩૦૦ ફુટછે અને એ મીનારાની નીચે આઠ બાજુનુ દીવાંનખાંનુ બાંધેલુંછે તેનો વીચ્આસ ૬૦ ફુટછે.

આ મોહોટા મેહેલ બધેનાં સઘલા ચોક, દીવાંનખાંનાં અને ઓરડા તથા બીજા ભાગોનું પુરેપુરૂં બયાંન કરવાનું કાંમ ઘણું હુધરૂંછે, તોપણ જેમ બને તેમ તેનાં મુખીચ ભાગોનુ વરણુન હનો નીચે આપીએ છઈએ. આ ઈમારતનો દખણનો અથવા " કલાક ટાચ્અર " તરફનો ભાગ ઉમરાઓની સભા ભરવાનાં તથા તેઓનાં પુસતકખાંનાં તથા આસાએસ લેવાનાં ઓરડા અને તેઓનાં બીજાં કાંમને લગતી આફીસોથી રોકાએલોછે, અને ઓદતરનો અથવા " કલાક ટાચ્અર " તરફનો ભાગ આંમની સભાનાં અને તેઓને લગતી આફીસો તથા કાંમની જગાઓથી રોકાએલોછે. આ મેહેલ જોવા જનાર ઘણુ કરીને અસલી મેહેલનાં વરાંણમાંથી અથવા " વેસ્ટમીનસ્ટર હાલ " નાં દીવાંનખાંનામાં થઈને દાખલ થાઈ શકેછે. એ દીવાંનખાં

નુ આગલા મેહેલનો એક ભાગછે અને તે હજુર સલાંમતછે. તેની પશ્ચમ દશાની બાજુએ ઈનસાફની અ
દાલતોછે, કે જે આ મેહેલની ઈમારતમા દાખલ કરીઆમાં આવીછે. આ દીવાંનખાંનુ ઉપર જણાવીઆ પર
માંણે ઘણુ પુરાંણુછે. ઈ૦ સ૦ ૧૦૯૭ નાં વરસમાં વીલીઅંમ રૂફસે તે બાંધીઉં હતું અને પાદશાહ બીજા
રીચરડનાં વખતમાં તેમાં કેટલોએક શુધારો કરીઆમાં આવીએા હતો. આ દીવાંનખાંનુ ૨૩૮ ફુટ લાંબુ,
૯૮ ફુટ પેાહેાલું અને ૬૦ ફુટ ઉંચુંછે, તેાપણ વાંચનારને જાંણવાથી અચરતી ઉપજશે કે, તેનાં છાપરાંને ટેકેા
આપવાને સારૂ એકબી થાંબેા તાંહાં ઉભેા કરીઆમાં આવીએા નથી. તેનુ છાપરૂં એસનટ લાકડાંનુછે અ
ને તેમાં ઘણી સુંદર નકશીએાછે, અને ફ્રેસતાએાનાં આકાર કેાતરેલાછે. હેવું જણાવીઆમાં આવીઉંછે કે,
આ મેાટા દીવાંનખાંનાંમાં પાદશાહ બીજે રીચરડ કરીસ્ટમસનાં તેહવાર ઉપર કેટલાએક દીવસ શુધી દર રેા
જ બે હજાર શખસેાને મેજબાંની આપતેા હતેા, અને તે વેલાએ ખેારાકને સારૂ દર રેાજ ૨૮ બલદ, ૩૦૦
મેંહનડાં અને ગણતરી વગરની મરઘીના ભેાગ થાતેા હતેા.

હીંઆંથી પશાર થયા પછી આઠ ખુનાંનેા એક ઘણેાજ સેાભઈતેા ઓરડેા આવેછે, તે ઓરડાની જમ
ની બાજુનાં રસતાથી ઉમરાએાની સભાનાં ઓરડામાં, અને દાબી બાજુથી આંમની સભાનાં ઓરડામાં જ
વાઈ શકાએછે. એ ઓરડામા એક ઘણેાજ મેાટેા ઝુંમરછે, તે જમીનથી ૩૨ ફુટ ઉંચેા ટાંગેલેાછે, અને જેવા લાએ
કછે. આગલ જણાવીઆ પરમાણે રાંણી પારલામેંનટ સભામાં બીરાજવાને સારૂ બીજે રસતે જાએછે. વીક
ટેારીઆ ટાઅરનેા દરવાજો પશાર કીધા પછી જે જગા ઉપર તે નાંમદાર આવી પેાંહેાચેછે, તાંહાં દીવાલ ઉ
પર ઘણાજ સુંદર ચીતારેાછે, અને તાંહાંથી જમની બાજુથી નાંમદાર રાંણીનેા "રેાબીંગ રૂમ" અથવા મેાટેા
દરબારી પેાશાક પેહરવાનેા ઓરડેા આવેછે. એ ઓરડામાં ઘણાએક સારાં ચીતારેાછે તેમાં કેટલાંએક સખાવત
ની અને ઘરમાંનુ ખાશીઅત ઉતપંન કરનારાંછે. પેાશાક પેહરીઆ પછી, નાંમદાર રાંણી એક બીજા મેાટા
દીવાંનખાંનાંમાં પશાર થાએછે, તે દીવાંનખાંનુ ૧૧૦ ફુટ લાંબુ, ૪૫ ફુટ પેાહેાલું અને ૪૫ ફુટ ઉંચુછે. હીં
આંની બારીએામાં રંગીન અને ખુબસુરત કાચેા જડેલાછે. હીંઆંથી નીકલીઆ પછી રાંણી "પરીનસ ચે
મબર" નાંમનાં ઓરડામા આવેછે, તે ઓરડેા પણ ઘણેા ખુબસુરતછે. દીવાલની ઉપર ઓકનાં લાકડામાં
ઘણાએક સારાં ચીતાર તથા નકસીછે. બારીએાની ઉપર તરેહવાર ફુલેાનાં ચીતારછે. આ ઓરડામાં રાંણી
નુ એક ઘણુજ ખુબસુરત પુતલુંછે. તે નાંમદારનાં એક હાથમાં તેનાં અમલની નીશાંણ દાખલ રાજની લાક
ડી અને બીજા હાથમાં ફુલેાનેા હારછે, તે જેએા તેની બખશેસને લાએક હેાએ, તેએાને ઈનાંમ આપવા
ને તે ખાહેશમંદછે હેવું બતાવેછે. રાંણીની એક બાજુએ ઇનસાફ બતલાવનારૂ અને બીજી બાજુએ રેહેમ
દેખાડનારૂ પુતલુંછે. જે તાકની ઉપર રાંણીનુ પુતલું બેસાડેલુંછે તેની આગલી બાજુએ દરીએા અને વાંહા
ણુનેા આકાર પાડી વેપાર બતલાવેલેાછે; જમની બાજુએ એક છેાકરેા ભુગેાલ વીદીઆનેા અભીઆસ કરતેા
પાડેલેાછે, તે વીદીઆ બતાવેછે; અને દાબી બાજુએ બાફનું ઈચંતર, વીજલીનું ઈચંતર, લેાહેાડાંની સડક
બતલાવનારાં ચીતારેાછે, કે જેથી હુંનરનેા વધારેા માલંમ પડેછે. આ ઓરડામાંથી ઉમરાએાની સભાનાં દી
વાંનખાંનાંમાં જઈ શકાએછે. અંદર દાખલ થતાં તેનાં પીતલનાં મેાટાં બારણાજ પેહલલાં આપણને અચ
રતીમાં નાંખેછે. તે વજનમાં દેાહડ ટંન, અગીઆર ફુટ ઉંચા અને ૬ ફુટ પેાહેાલાંછે. આ દીવાંનખાંનાં
માં આપણે દાખલ થયા કે પછી તાંહાંનેા દબદબેા, સુનેરી રંગનેા ઝલકાટ, નકસીની ખુબસુરતી અને તરેહ
વાર રંગનેા સણગાર ઈતીઆદી, હેવેાતેા છે કે કેટલાએક કલાકેા શુધી લાગટ જોયાજ કરીએ. એક વખત
ઓરડામાં આપણે જઈને ઉભા રહીએ, તેા આપણે કદાચ વીચારમાં પડીએ કે આ હું સું જેઉંછું—હું જાગુ
છું કે સપનેા જેઉંછ. જાંહાં નજર ફેરવીએ તાંહાં કાંઈજ નહી પણ ઝલકાટ અને ખુબસુરતી આપણી આં
ખેા ઉપર હેામલેા કરેછે. આ બારી, આ થાંબ, આ સીલીંગ, આ દીવાલ, આ બેઠક, આ ચીતાર, આ

HER MAJESTY PROROGUEING PARLIAMENT.

HOUSE OF LORDS.

હાઉસ આવ લારડસ—ઉમરાઓની સભાનું દીવાનખાંનું—(૧૧૫)

London. Read & Cº 10. Johnson's Cº Fleet St.

નકશો, એ સઘળું આપણે જોયું, તેમાં એકથી વધારે સરસ બીજું કહુંછે, તે આપણીથી કેહવાતું નથી. દર એક વસતુ, દરએક સણગાર પોતાંની કીમત અને ખુબી અને તેનાં કારીગરની ભારે સકતી બતાવેછે. આ ઓરડો અને તે મધે જેછે તેનો દેખાવ કેવો સારોછે, તેની સમજ આપવાને સારૂ હરેક ભાશામાં પુરતાં વી શેશંન નથી.

આ ઓરડામાં સઉથી સરસ અને અગતનો ભાગ નાંમદાર રાંણીનુ તખતછે. એ તખત ઘણુજ સો ભઈતું તથા ખુબસુરતછે. તરણ પગતીની ઉંચી જગા કરીઆમાં આવીછે, અને તેની ઉપર ઘણોજ કીમ તી અને સોભઈતા રાતા રંગનો ગાલીચો જડી લીધેલોછે. એ ગાલીચાની ઉપર શીંહનાં અને ફુલોનાં ખુબ સુરત ચીતારોછે, અને તેની કોર સઘળી સુનેરી કસબનીછે. આ બેઠકની ઉપર માહાગનીનાં સઉથી સરસ લાકડાંની તરણ ખુરસીઓછે, તેઓની ઉપર તમાંમ સુનેરી ધોરછે. વચમાંની ખુરસી રાંણીને વાસતેછે, તે ની ખુબસુરતીનુ બયાંન થાઈ શકતુંજ નથી. એ ખુરસીનાં દરએક ભાગમાં તરેહવાર અને એટલીતો મત લબો બતલાવનારી નકશીછે, કે તેનુ બયાંન હીમાં થાઈ શકતું નથી. ખુરસીનાં માંથા ઉપર તાજ મેલેલુંછે, અને પીઠ આગલ હીરા જડેલાછે. ખુરસીની આગલ પગ મેલવાને વાસતે જે ટુલછે, તે પણ ઘણુજ સોભઈ તુ નકશીદારછે. રાંણીની ખુરસીની બંધે બાજુએ એક એક ખુરસીછે તેમાં એક રાંણીનાં ભરથાર અને બી જી વડા પુતરને સારૂછે અને તેઓની ઉપર પણ સુનેરી ધોર અને તરેહવાર સણગારછે. આ તખતની ઉ પર ઘણુજ સુંદર છતર બનાંવેલુંછે. આ બેઠકની પીઠ પછવાડે રાની ભોંએની ઉપર સીંહના ચીતારો પાડેલા છે, અને તેની ઉપર ઇંગલંડનાં રાજની કેટલીએક બીજી નીશાંણો પાડેલીછે અને તેની આસપાસ સોભઈતા દસકતથી "ખોદા અને માહારો હક" હેવા સબદો પાડેલાછે.

આ દીવાંનખાંનાંની ઉગમણુ અને પશચમ બાજુ મલી બાર મોટી બારીઓછે. એ બારીઓ અચ રતી ઉપજવનારીછે. દરએક બારીની ઉપર રંગીન કાચમાં ઇંગલંડનાં પાદશાહ અને રાંણીઓની સબી પાડેલી છે. આ સબીઓ જો કે રંગીન કાચનીછે, તોપણ ખુબસુરતીમાં કોઈબી જાતની બીજી સબીઓ કરતાં ઉતર તી નથી. આદમીનાં બદંન અને પોશાકનો દરએક ભાગ જેવા રંગનો હોએ, તેવા રંગનાં કાચોનાં કટકા એકઠા મેલવી બરાબર ભાગ પરમાંણે કાપી હેવાતો કારીગરીથી જોડીઆમાં આવીઆછે કે હાવી કાચની સ બીઓ બનાંવતાં હજારો રૂપીઆ થાએછે. એ બારીઓથી આ દીવાંનખાંનાંની ખુબસુરતીમાં ઘણો વધારો થાયોછે. રાતને સમે એ બારીઓની પછવાડે રોશની કરીઆમાં આવેછે તેથી તે ચીતારો ઘણાજ ડીપી ની કલેછે. દખણ અને ઓતર તરફની બીજી જે બે બાજુછે તાંહાં આરકાં કરી દીવાલની ઉપર ઘણાજ સું દર ચીતારો પાડેલાછે. બારીઓની અને ઉપર જણાવેલાં આરકાંઓની વચમાં જે થાંભ આવેલા છે, તેની ઉપર જે અઢાર નાંમીચા ઉમરાઓએ પાદશાહ જાંન પાસેથી જબરદસ્તીથી છુટાપણા નો (મેગનાં ચારટા) સનદ લીધો હતો, તેઓનાં કાંસાનાં ધાતુમાં ઓટી કાહાડેલાં બાહાવલાં બ નાવેલાંછે. આ દીવાંનખાંનાંની સીલીંગ ઘણીજ નાંદર અને ખુબસુરતછે અને મોટા ભારવટીઆઓથી તેનાં અઢાર ભાગ કીધાછે અને તે દર એક ભાગને વલી ચાર ભાગમાં વેંહેચીઆછે, અને એ દર એક ભાગ ઉપર તરેહવાર ચીતારોછે તથા નાંમદાર રાંણી—પરીનસ આલબરટ તથા પરીનસ આવ વેલસનાં નાંમો પાડેલાંછે. ભારવટીઆઓની ઉપર હેવોતો સારી પડે સુનેરી ધોર ચહડાવેલોછે, કે જાંણે તે ધાતુનાંજ બનાંવીઆ હોએ તેવા લાગેછે, અને તેઓની બાજુ ઉપર વફાદારી અને ધરંમની નશીઅતો કોતરેલીછે. આ ઓરડાની અંદ ર ચાર ગીઆલરી કીધેલીછે. રાંણીની તખતની સાંમેની બાજુ ઉપર વરતમાંન પતરોનાં રપોરટરોને સારૂ એ ક ગીઆલરી બાંધેલીછે, અને તેની પછવાડે એક બીજી ગીઆલરી પારકા શખસોને સારૂછે. એ બંધે જગા ની ગોઠવંણ પણ ઘણી સારીછે. એ ગીઆલરીનાં આગલા ભાગ આગલ ઇંગલંડનાં પાદશાહોની નીશાંણો પા

હેલીછે, અને તાંહાં જે આરકાં આવેલાંછે તેની ઉપર ઇંગલંડનાં સાક્ષશંન, નાંરમંન, પલાંનટાજનેટ, ટીઉડર, સ્ટુઅરટ તથા હાંનોવરનાં ખાંનદાંનનાં પાદશાહોનાં (કોટ આવ આરંમસ) અલમતો પાડેલાંછે. હીંઆં એ ક ધણુજ કીમતી ઘડીઆલછે, તે આ ઓરડામાં સરવેને વખત જાહેર કરેછે. ઉમરાવજદીઓને સારૂ જે ગી આલરી કીધીછે, તેની નીચેની સીલીંગની ઉપર સુનેરી ધોરછે, તથા ઇંગલંડનાં લારડ ચાંનસેલરોની નીશાંણોછે. †

ઉમરાઓની સભાનાં કાંમ સર આ ઓરડાની વચેવચમાં ઓકનાં લાકડાંની એક ટેબલછે અને તેની આસપાસ ચહડતા ઉતરતા લાલ ચામડાંની ગાડીની બેઠકનાં કોચો મેલેલાછે. તાંહાં ૪૫૦ ઉમરાવો ની બેથક કીધેલીછે. લારડ ચાંનસેલરને વાસતે ખુરશી જુદી હોએછે. હાઉસ આફ લારડસની સભા નુ કામ રાતને સમે ચાલેછે તેથી કરીને એ ઓરડાનાં ચાહરે ખુનાંમાં ઈશટાંન ઉપર મોટા ઝુમરોછે, તે પી તલનાં બનાંવેલાછે, અને ૧૭ ફુટ ઉંચાછે અને વજંનમાં ૧૧॥ હંદરવેટ થાએછે. એ મોટા ઝુમરોમાં તથા બીજી બતીઓમાં ગીઆસની મારફતે એટલીતો રોશની થાએછે કે, રાતની વેલાએ તાંહાં સઘળી રીતનું કાંમ કરવાને કશી અડચણ પડતી નથી. હીંઆં પાંથરેલો ગાલીચો ઘણોજ કીમતીછે અને આસમાંની રંગની ભોંએ ઉપર સુનેરી રંગનાં ફુલો પાડેલાંછે. આ ઓરડાંનાં માંથા ઉપરની સીલીંગ અને તેનાં છાપરાં વચે આ સરે તરીસ ફુટનો ઉંચો ગાલોછે, અને તેનાં બે ભાગ કરેલાછે અને જેમ જરૂર પડે તેમ ઉમરાઓને સારૂ તે ઓરડામાં થંડી અથવા ગરમી લાવવાને સારૂ ગોઠવંણ કરેલીછે. એ ઓરડામાં ગરમી દાખલ કરવાને સારૂ તેની નીચે પણ મોટું ભોંએરૂં કીધેલુંછે અને તેમાં ગરંમ હવાનો જમાવ કરીઆમાં આવેછે. જારે રાંણી પારલામેંનટની સભામાં બીરાજવાને આવવાની હોએછે, તારે બે કલાક આગમજથી તેની અંદર જાઈ તપા સ કરીઆમાં આવેછે. ૧૬૦૫ નાં સાલમાં ગાઈ ફાકસે દારૂ ગોલાની મારફતે પારલામેંનટની સભાને ઉડારી નાંખવાનુ ટરકટ કીધું હતું, તે ઉપરથી એ ભોંએરૂ પાદશાહ આવે તેની આગમંજ તપાસીઆમાં આવતું હતું, તે ચાલ હજુર શુધી ચાલુછે.

આ ઓરડો ભરતમાં ૯૧ ફુટ લાંબો, ૪૫ ફુટ પોહલો, અને ૪૫ ફુટ ઉંચોછે તાંહાં સઘળા મલી ૧૧૦૦ આદમી સેહેલથી સમાઈ શકે હેવું જણાંવીઆમાં આવીઉંછે.

ઉમરાઓનાં ઓરડાનું બયાંન પુરૂં કરીઆ પછી નાંમદાર રાંણી જારે તાંહાં આવેછે, તાહારે કેવો બ

† ઇ૰ સને ૧૭૩૮ નાં સાલમાં લેડીઓને પારલામેંનટની બંધે સભામાં હાજર થવાની મનાંઇ થાઇ હતી, તે ઉપર થી કેટલીએક પેહલેવાંધેની ઉમરાવજદીઓએ ઘણીજ હીંમતથી પોતાંનો હક લીધો હતો, તેની વીગત આ જગાએ પરગટ કર વા જોગછે. કેટલીએક ઉમરાવજદીઓએ હેવો થેડાવ કીધો, કે હાવો હોકંમ થયોછે તોપણ તેઓએ તાંહાં જવું, અને તે થે ડાવને તેઓ ઘણી હીંમતથી અમલમાં લાવીઆં. એક દીને સવારનાં ઉમરાઓની સભા બેઠી હતી, તે વેલાએ તેઓ તાં હાં ગયાં અને અંદર જતાં હતાં, તેવામાં તેમનો અટકાવ કીધામાં આવીઓ, તે છતાં તેઓએ બેહોસથી અંદર જવા માં ગીઉ. એ વીસે ઉમરાઓને બબર થયાથી તેઓએ હેવો હોકંમ કીધો કે, તેઓની સાંમને બારણા બંધ કરવાં. એ પરમાંણે થયું તોપણ તે અસતરીઓ તાંહાંથી ગઇ નહી, અને ખુશીથી પાછલા પોહોરનાં પાંચ વાગા તાંહાં શુધી ભુખાં અને તરસીઆં તેઓ તાંહાં રહેઆં, અને વારે ઘડીએ જોરથી બારણા અશારીઆ કીધાં. છેલલે સરવાલે તેઓએ એક યુકતી કીધી અને અરધો કલાક શુધી ચુપકીદાં રહેઆં, કે જેથી ઉમરાઓ એમ સંમજે કે તેઓ જતાં રહાં હશે. આ વીચાર ખરો દડીઓ, અને જેવું બારણુ હુંગાડીઉં કે તેઓ ગરોગર અંદર દાખલ થાઇ, પોતાની જગાએ જાઇને બેથી ગયાં, અને તાં હાં રાતનાં ૧૨ વાગતા શુધી રહેઆં. એ જગાએથી તેઓએ ઉમરાઓની હસી તથા આંખોથી મસ્કેરી કરવામાં બાકી રાખીઉં નહી, અને તે દીનથી ફરીથી અસતરીઓને અંદર જવાની છુટ મલી હતી. આ લેડીઓમાં, લેડી હંટીંગડંન—ડચેસ આવ કુઇનસબેરી—ડચેસ આવ આનકાસટર—લેડી વેસટમોરલાંનડ—લેડી કોબાંમ—લેડી ચારલોટ એડવીન—લે ડી આરચીબાલડ હાંમીલટંન અને તેની છોકરી—મીસીસ સ્કોટ તથા મીસીસ પેનડારવીસ અને લેડી સાંનડરસંન હતાં. આ પરમાંણે અસતરીઓનાં હકને વાસતે તેઓએ ઘણી હીમતથી પોતાંને ઘણા જોખંમમાં નાંખીઆં હતાં.

Read. Chemistre

INTERIOR OF THE HOUSE OF COMMONS.

N°55.

હાઉસ આવ કોમનસ—આંમની સભા—(૧૧૭)

London, Read & Cº 10 Johnson's Ct Fleet St.
Paris, H. Mandeville.

નાંવ થાએછે, તે વીશે જણાવવાની અગતછે. જે દીને તે નાંમદાર પારલામેંનટમાં જાએછે, તે દીને આ મેહેલ તરફ સહવારનાં દશ વાગતેથી ગાડી ઘોડાઓની દોરા દોરી ચાલેછે. જેઓ તે દબદબા ભરેલો દે ખાવ જોવાને જાએછે, તેઓની પારલામેંનટનાં મેહેલથી એક માઈલ દુરથી ગાડી દોડી શકતી નથી, પણ ભીડનાં સબબથી આસતે આસતે જેમ સરગસ ચાલતું હોએ તેમ હારેદોર ગાડીઓમાં આસતે આસતે જ વું પડેછે. એ વેલાએ રસતાઓમાં એક અજબ દેખાવ થાએછે. બકીંગાંમ પાલેસથી તે પારલામેંનટનાં મે હેલ શુધીનાં રસતાની હારેદોર લોકોની ભારે ઠઠ થાએછે. દરએક જણ રાંણીનો ચેહરો જોવાની ઉમેદમાં ક લાકો આગબજથી ઉભા રેહેછે. જેવી રાંણીની ગાડી આવી, કે લોકો ઘણા ખુશીમાં આવી પોતાની ટોપી ઓ તથા હાથો અને રૂમાલો ફેરવેછે, અને "રાંણીની ઉમર દરાજ હોજો" એ મીશાલે વારેવાર પોકાર મારેછે.

રાંણી બકીંગાંમ પાલેસમાંથી બરોબર પોંણા બે વાગતે નીકલેછે, અને તે વખતનુ સરગસ ઘણુજ જો વા લાએક થાએછે. બબે ઘોડાની જોડીની જુદા જુદા અમલદારોથી ભરાએલી છ મોટી ગાડીઓ પેહલલે ચાલેછે. તેઓની પછી નાંમદાર રાંણીનાં "મારશલમેન" તથા "પુટમેન" તથા "યોમેન ગારડ" ની એક ટો લકી ભારે દમામનાં પોશાકો સાથે પીચ્યાદા ચાલેછે. તેઓની પછવાડે કદમે કદમ નાંમદાર રાંણીની મોટી ગાડી કે જેમાં આઠ સફેદ ઘોડા જોડેલા હોએછે, તે ચાલેછે. નાંમદાર રાંણીની સાથે પરીનસ આલબરટ, મીસતરેસ આવ ધી રોબસ અને માસતર આવ ધી ગરૂમસ બેશેછે. રાંણીની ગાડી "વીકટોરીઆ ટાઅર" આગલ આવી પોંહોચેછે, એટલે ટોપોનાં અવાજ નીકલેછે, તેથી સરવેને ખબર પડેછે, કે રાંણી આવી પોં હોતી. રોયીંગ રૂમમાં દરબારી પોશાક અને તાજ પેહરીચ્યા પછી રાંણી ઉમરાઓનાં ચોરડામાં જાએછે, તા રે સઘળાઓ ટોપી કાહાડીને આદરમાંનથી ઉભા થાએછે. નાંમદાર રાંણી તખત ઉપર બેડા પછી સરવેને બેસવા ને કેહેછે, તારે તેઓ બેસેછે. તારપછી આંમની સભાનાં અધીકારીઓને તેડું મોકલેછે, તારે તેઓ આવેછે. એ વખતે રાંણીનાં દાહવા હાથ ઉપર રાંણીનો એક પરધાંન નાંગી તલવાર લઈને ઉભો રેહેછે, અને બીજા હાથ ઉપર બીજો પરધાંન "કાપ આવ મેનટેનંનસ" લઈને ઉભો રેહેછે, અને એક પરધાંન મખમલની ગા ડીની ઉપર મેલેલુ તાજ લઈને ઉભો રેહેછે. તારપછી લારડ ચાંનસેલર ગુઠણ મરડી ઉભો રહીને, રાંણીને એ ક લખેલુ ભાશાંણ આપેછે, તે તે નામદાર ધીરા અને સાફ અવાજથી વાંચેછે. પછી તુરત સભા બરખાસત થાએછે. જારે આ મોટી સભા મલેછે તારે નાંમદાર રાંણી અને પરધાંનો જેઓ સઘળા દરબારી પોશાકમાં હાજર થાએછે, તે સઘળાનો દેખાવ દીવાંનખાંનાંની ખુબસુરતીની અંદર ભેલાઈને હેવોતો બનેછે, કે જેનાંર એક સપનો જોતો હોએ તેવું બનેછે. ઈંગલંડનાં રાજનાં કઉંઅતનો આએ એકજ દાખલો મોટોછે કે રાં ણી જે ભાંશાણ કરેછે, તે વીજલીનાં તારની મારફતે થોડા કલાકમાં આખા યુરોપખંડમાં ફેલાએછે, અને તે નાં એક સખુતથી દુનીઆં ઉપર ઉલટ પાલટ થાએછે. ઉંમરાઓ હંમેસાં જે ઓરડામાં થાઈને ઉ પલા દીવાંનખાંનાંમા આવેછે તે પણ ઘણો સોભઈતાછે. એ ઓરડાને "પીઅરસ લાબી" કરી કેહેછે. તેની બંધે બાજુએ મોટાં આરકાંછે, અને તેની ઉપર ઈંગલંડના સાકસન, નાંરમન, પલાંનટાજનેટ, ટીઉડર, સ્ટુઅ રટ અને હાંનોવરનાં ખાનદાંનનાં પાદશાહોનાં અલમતછે, અને તે દરએકની ઉપર પાદશાહી તાજ પાડેલાં છે. આરકાની ઉપર ગોલાબનાં ફુલો પાડેલાંછે, અને તેની અંદરનાં ભાગ ઉપર સુનેરી રંગથી ઓકનાં ઝા ડનાં પાતરાં પાડેલાંછે.

હવે "હાઉસ આવ કામતસ" અથવા આંમની સભાનાં દીવાંનખાંનાંનુ બયાંન કરીએછ. એ દીવાંનખાંનુ જો કે ઉમરાઓનાં દીવાંનખાનાંનાં જેવું કીમતી નથી, તો પણ ઘણુ સોભઈતુંછે અને ભરતમાં ૭૫ ફુટ લાંબુ, ૪૫ ફુટ પોહોલું અને ૪૧ ફુટ ઉંચુંછે. એ ઓરડાની બે બાજુએ રંગીત કાચની બારીઓ છે, અને તેની ઉપર પારલામેંનટનાં અધીકારીઓના પરગણાનાં અલમતોના ચીતારોછે. એ ઓરડામાં રપો

૨૮૨ તથા જોવા આવનારાઓને સારૂ ફરતી ગીઆલરીઓછે. જે ગીઆલરી લેડીઓને વાસતેછે, તેની ઉપર પીતલની બારીક જરી જડેલીછે, કે જેથી આ દીવાનખાંનાં બધેનું સઘળું તેઓને દેખાએ, પણ તેઓ કોઈને દેખાએ નહી. હાઉસ આવ કામનસનાં "સ્પીકર" ની ખુરસી ઘણીજ નકસીદાર અને સોભઈતી છે. અધીકારીઓને વાસતે ફરતા કોચો મેલેલાછે. રાંણીનાં પરધાંનો સ્પીકરની જમની બાજુનાં કોચની પે હલી હાર ઉપર બેસેછે, અને તેઓની સાહાંમણે ઈઆને સ્પીકરની દાબી બાજુએ પરધાંનોની વીરૂધની ટો લકીનાં વડાઓ બેસેછે. આ ઓરડાની સીલીંગને ઘણીજ સારી રીતે બનાંવેલીછે અને તેમાં કાચનાં ચોકઠાં જડેલાછે અને કાચની ઉપર પુલોનાં તથા બીજા ચીતારો પાડેલાંછે. આ દીવાંનખાંનાંમાં જે રોશની થા એછે, તે આ કાચની સીલીંગની અંદર કરીઆમાં આવેછે, અને તેથીજ સઘળું અજવાલું ઓરડામાં પડે છે. આ ઓરડાની નીચે હવા ગરમ થવાને વાસતે ભોંએરૂ બનાંવેલુંછે, અને તેમાંથી જે હવા ઓરડામાં આવેછે, તે પાછી સીલીંગની વાટે નીકલી જાએ હેવી ગોઠવણ કરીઆમાં આવીછે. આ ઓરડાની બાંધ ણી હેવીછે કે, જો તેમાં આગ લાગે તો ફકત તાંહાંનાં બાંકો તથા સામાંન બલી જાએ, પણ ભોંએ, દીવાલ અને સીલીંગ સઘળી સલામત રેહે. દીવાલની ઉપર પણ ઘણાએક સારાં ચીતારોછે. આ ઓરડો જોઈ રહેઆ પછી તેની બાહેર એક કલુંછે, તે આપણને દેખાડીઆમાં આવેછે. મોડી રાત થાએછે અને અ ગતની તકરાર થાઇ રહી હોએ, તાહરે કેટલાએક અધીકારીઓ આશાએસને સારૂ પોત પોતાનાં ઓરડામાં જાઈને બેસેછે, અને જરે મત લેવાનો વખત આવેછે, તારે પેલું કલું ખેંચેછે, તેથી દરએક ઓરડામાં ઘંટ વાગેછે તેથી પેલા અધીકારીઓ તરત પોતાની જગા ઉપર આવીને બેસેછે, અને પછી પોતાનાં મત આપેછે. જેઓ એક બાજુએ મત આપવાનાં હોએ, તેઓ એક હલાએદા ઓરડામાં એકઠા થાએછે અને બીજી બાજુ નાં મત વાલા બીજા ઓરડાંમાં એકઠા થાએછે, તાંહાં મતોની સંખીઆ ગણીઆમાં આવેછે. આંમની સભાનાં તથા ઉમરાઓની સભાનાં પુસતકખાંનાં પણ ઘણાજ કીમતી અને સુંદરછે. જે દીવાંનખાંનાંને સેં નટ સ્ટીવંનસ હાલ કરી કેહેછે, તે ૯૫ ફુટ લાંબો અને ૩૦ ફુટ પોહોલોછે, અને ઘણોજ સારી રીતે પાર લામેંનટનાં નામીચા અધીકારીઓનાં પુતલાંથી સણગારેલોછે. આ મેહેલમાં સઘળાં મલીને ૪૫૦ પુતલાંછે. આ મેહુલનાં એક ઓરડામાં "ઈલેકટરીક ટેલીગરાફ" અથવા વીજલીનાં તારથી સંધેશો ચલાવવા ની આફીસછે અને તાંહાંનો તાર વડી આફીસ કે જે "સેંનટ જેમસ સ્કીટ" નામનાં મોહોલ્લામાંછે તાં હાં લઈ જવામાં આવીએોછે. એ તારની મદદથી પારલામેંનટની સભામાં જે કાંઈ કામ ચાલેછે તે વીશે નો સંધેશો રકતે રકતે વડી આફીસમાં જાએછે, અને તાંહાંથી છપાઈને લોકોની અંદર ફેલાએછે. આવી સા રી ગોઠવણથી ઉપલી સભામાં જે કાંઈ બનાંવ બનેછે, તે સઉથી થોડા વખતમાં આખાં લંડનમાં જાહેર થાએછે.

પારલામેંનટનો આ મેહેલ બાંધવામાં (૧૫૦૦૦૦૦) એક કરોડ અને પચાસ લાખ રૂપીઆ ખરચ થયોછે, હતું જણાવીઆમાં આવીઉંછે.

જે વેલાએ આંમની તથા ઉમરાઓની સભા ભરાતી હોએ, તે વેલાએ તાંહાં ચાલતો કારભાર જરૂર જોવો જોઈએછે. જેમ તેઓનાં દીવાંનખાંનાં ખુબસુરતછે, તેમ તાંહાંનો ઈનસાફ અદલછે, અને દરએક ભાં શાંણુ કરવાની શકતી, અને બોલવાની ઢબ તપાસવા જોગછે. ઉમરાઓની સભામાં જવાને વાસતે કોઈબી ઉમરવાનો હોકમ જોઈએ, અને આંમની સભામાં જવાને વાસતે તે સભાનાં કોઈએક અધીકારીનો હોકમ જોઇએ. બીજી વેલાએ મેહેલ જોવા જવાની પરવાનગી લારડ ચેમબરલેનની આફીસમાંથી મેલવી શકાએછે.



TOWER OF LONDON.

Engraved for "Mighty London Illustrated." Read & Co 191 Johnsons Ct Flt St

લંડનનો કીલ્લો.—(૧૧૬)

પ્રકરણ ૧૪ મું.

કીલ્લો—માંનશન હાઉસ—ગીલડહાલ—ટંકશાલ—બેંક આવ ઈંગલંડ—રાયલ એકસચેનજ—પોસટ આપીસ—ટાંઈમસ આપીસ.

લંડનનો કીલ્લો—સહુથી પુરાણો ભાગ—દેવલ—દફતરખાંનુ—દરવાજ—આગલા પાદશાહોનુ રેહથાંણુ—નાંમીચા શાપસોનુ કેદખાંનુ—આદમીઓનાં તથા ઘોડાઓને પેહરવાનાં આગલા વખતનાં બખતરોનો સંગરહ—રીબાલીને મારી નાંખવાનાં હથીઆરો—પાદશાહી જહેરાત. માંનશન હાઉસ—બાહેરનાં ભાગ ઉપર ચીતારો—ઈજપશીઅંન હાલ—લારડ મેઅરનુ સરગસ. ગીલડહાલ—એ ઇમારતનો ખરચ—દીવાંનખાંનુ—રાખસોનાં પુતલાં—લારડ મેઅરનુ ખાંણુ—કોરટ આવ એકસચેકર—કામન કાંઉનસીલ ચેમબર—આલડરમેનોનાં સભાનુ દીવાંનખાંનુ—ચેમબરલેનસ પારલર. ટંકશાલ—ધાતુ પીગલાવવાની રીત—લાડા—પતરાં—સીક્કા પાડવાનો સાંચો—દ્રવ્ય કાહાડવાની ચાલ, ઇતીઆદી. બેંક આવ ઇંગલંડ—કારભારીઓની શેજ—બેંક પારલર તથા બીજી ઓરડાઓ—નગદી—છાપેલી નોટો—નોટ છાપવાનુ કારખાંનુ—એ બેંક કેંમ ઉભી થાઇ—તેનો કારભાર, ઇતીઆદી. રાયલ એકસચેનજ—અસલની ઇમારતો—હાલની ઇમારત—દીવાંનખાંનુ—લાએડની નાંમીચી આપીસ—હવાની ખબર રાખનાર ઇબંતર—વરસાદ માંપવાનુ ઇબ્બંતર. પોસટ આપીસ—વરતમાંન પતરો તથા કાગલોનો મોટો જઠો—એક માલ ઉપરથી બીજા માલ ઉપર કાગલોનાં જઠા પેહોચાડવાની ગોઠવણ—સ્ટાંમપ છેકવાનો સાંચો—જુદાં જુદાં થપકાનાં કાગલો છૂટાં પાડવા તથા પોંહોચાડવાની રીત—લંડનમાં કાગલોની વેંહચણી—વેંહચનારાઓને મેલવાની ગાડી—લંડનમાં આવી પોંહોચવાની આગમજ કાગજો છૂટાં પાડવાની ગોઠવણ—પોસટ આપીસનો હીસાબ, ઇતીઆદી. લંડંન ટાંઇમસ—એ પતરનો વગ તથા માંન—કાગલ વેચવાનો ઓરડો—ડીબાં જોડનારાઓનાં ઓરડા—"સ્ટીરીઓટાઇપ" બનાવવાનુ કામ—કાગલ ભીંગવવાની રીત—છાપવાનો સાંચો—એ પતર સંબંધી કેટલીએક જાંણવા જોગ વીગતો.

લંડંન શેહેર મધે મુસાફરનું ધીઆંન ખેંચનારી બીજી કેટલીએક ઈમારતનું બયાંન આ પ્રકરણમાં કરીઆમાં આવીઉંછે. એ દરએક ઈમારતો તથા તે મધેની વસતુઓ જોવા લાએકછે. લંડંન જેવાં ભારે વસતી, કઉઅત, વેપાર અને દોલતવાલા શેહેરનો કીલ્લો કાંઈ જેવો તેવો હશે, હેવુંતો વાંચનાર કધી સમજ શે નહી. એ કીલ્લો ટેમસ સ્ટ્રીટનાં મોહલ્લાને છેડે નદી આગલથી બાંધેલોછે. એ કીલ્લાનો ચીતાર જે હીંઆં આપીએછે, તે ઉપરથી જોયામાં આવશે કે, તેનો દેખાવ ઘણો શારોછે. એ કીલ્લો ૧૨ એકરથી વધતી જમીન રોકેછે અને તેની મજબુતી વીશે ઘણુ શારૂ મત આપીઆમાં આવીઉંછે. તે હેવી રીતે બાંધી આમાં આવીએોછે કે, ટેમસ નદીને રસતે આવતા દુશમેનની ઉપર હોમલો કરી શકાએ, અથવા શેહેરમાં કાંઈ બળવો થાયો હોએ, તો તે બળવો બેસાડવાને પણ બની આવે. આ કીલ્લાનાં ઘણાએક ભાગછે અને તેને જુદાં જુદાં નાંમ આપેલાંછે. હેવું જણાવીઆમાં આવીઉંછે કે, એ કીલ્લામાંનો સહુથી પુરાનો ભાગ, વચમાં ચાર ઉંચા મીનારા સાથેનો જે ભાગ દેખાએછે, અને જેને "વ્હાઈટ ટાવર" કરી નાંમ આપેલુંછે તે છે, અને હેવું કેહવામાં આવીઉંછે કે, ઇંગલંડનાં પેહલા નારમન પાદશાહ વીલીઅમે તે બાંધીએોહતો, તાહરે એ કીલ્લો આજે આસરે ૧૮૦૦ વરશનો પુરાનો ગણાએછે. અસલનાં નારમન પાદશાહની વખતની બાંધણીનું એક નાંધલુ સોલઈનું દેવલ પણ એ કીલ્લામાંછે, તે હમણાં સરકારનુ દફતરખાંનુ કરીઆમાં

આવીઉંછે. આગલા વખતમાં તેમાં દાખલ થવાનાં ચાર દરવાજ હતા. એક દરવાજે જેને "લાયનસ ગે ટ" કરી કેહેછે, અને જે હમણાનાં કાંમને વાસતે મુખીઅ દરવાજેછે, તે આગલ એ કીલ્લામાં જંગલી જાં નવરોને રાખવામાં આવતાં હતાં તેઓનાં મકાંનનો દરવાજે હતો. બીજે દરવાજે નદીની બાજુથી ખોટો તથા નાંધલાં વાંહાંણોમાંથી સામાંન ઉતારવાને કીજે હતો. તરીજે દરવાજે લોહોડાંનો અને ઘણોજ મજબુત હતો, કે જે કોઈજ વેલાએ હુંગાડીઆમાં આવતો હતો, અને ચોથો દરવાજે મોટા અને પાદશાહી બંદીવાં નો, જેઓને એ કીલ્લામાં કેદ કરીઆમાં આવતા હતા, તેઓને અંદર દાખલ કરવાને શારૂ હતો. એ કી લ્લાનો આગલ એક મોટા ચરથી બંચાવ કીધેલો હતો, પણ હમણા તે જગાએ એક બાગ બનાંવેલોછે.

ઇંગલંડની તવારીખ ઉપરથી હેવું જોયામાં આવેછે કે, આ કીલ્લો ઘણી વખત મેહેલ તથા બંદીખાં નાં દાખલ વાપરીઆમાં આવીઓછે. પાદશાહ સ્ટીવંનસ ૧૧૪૦ નાં શાલમાં ભારી દમાંમ સાથે પોતાંની દરબાર એ કીલ્લામાં ભરતો હતો. તરીજા હેનરીએ વચેવચમાંનાં કીલ્લાને ઘણોએક મજબુત કીધો હતો, અને એ પાદશાહનાં વખતમાં તેનાં બલવાખોર ઉમરાઓએ તેની સામને એ કીલ્લો કેટલીએક વખત હા થ કીધો હતો. પાદશાહ બીજે એડવરડ પોતાની રઈએતનાં બલવાથી નાહસીને એ કીલ્લામાં ભરાયો હ તો. સ્કાટલંડનાં પાદશાહ ડેવીડને અને ફરાંનસનાં પાદશાહ જંનને તેનાં છોકરા ફીલીપ સાથે આ કીલ્લા માં કેદ રાખીએો હતો. વાટ ટાઈલર નાંમનાં શખસે જાહરે લંડંનમાં બલવો ઉઠાવીએો હતો, તાહરે બીજે રીચરડ પોતાંનાં ૬૦૦ ઉમરાએો સાથે બંચાવને સારૂ હીંચાં ભરાયો હતો. પાદશાહ ચોથા એડવરડે ભા રી દમાંમ સાથે પોતાંની દરબાર હીંચાં રાખી હતી. છઠા હેનરીને બે વાર હીંચાં કેદ કીધામાં આવીએો હતો, અને તાંહાં તેનુ મરણ પણ થાઈઉં હતું. આઠમો હેનરી ઘણીવાર એ કીલ્લામાં રહેએો હતો. એ પાદશાહની રાંણી આંન બુલેન અને કાથેરાઈન હાવરડને એજ કીલ્લામાં ગરદન મારીઆમાં આવી હતી. લેડી જેન ગરેને પણ આ કીલ્લામાં મારી નાંખીઆમાં આવી હતી, રાંણી એલીજાબેથને તેહની બેહેનનાં રાજમાં કેદ કરીઆમાં આવી હતી તે પણ હીંચાંજ. પાદશાહ પેહલો જેમસ હીંચાં રેહતો હતો, અને તે ને જંગલી જંનવરોની લડાઈ જોવાનો ઘણો શોક હતો, તેથી આ કીલ્લાનાં એક મોટા ચોકમાં શીંહ તથા રી છની સાથે કુતરાઓને લડાઈ કરતાં જોઈને ઘણો ધમન થાતો હતો. પેહલા વીલીઅંમનાં વખતથી તે બી જા ચારલસનાં વખત શુધી ઇંગલંડનાં પાદશાહો પોતાનાં માંથા ઉપર તાજ મેલીઆ પછી ભારે દમાંમ સાથે આ કીલ્લામાંથી નીકલીને શેહેરમાં પશાર થાઈને વેસ્ટમીનસ્ટર ખાતેનાં મેહેલમાં જતા હતા. ઇંગલંડની ત વારીખ જાંણનારને સારી પડે ખબરછે કે ધાતકી પાદશાહ તરીજા રીચરડે ચોથા એડવરડનાં બે ઘણાજ નાંષ લી વએનાં શાહાજાદાઓને બીછાંનાં ઉપર ગુંગરાવીને મારી નખાવીઆ હતા, તે બનાંવ પણ આ કીલ્લામાં જ બનીએો હતો. એ ઉપરાંત ઇંગલંડની તવારીખને લગતા બીજા સેંહકડો જાંણવા જોગ બનાંવો હીંચાં બ નીઆ હતા, તે સઘળાનું બયાંન કરવાની જગા નથી.

વચમાંનો કીલ્લો ૧૭૬ ફુટ લાંબો અને ૯૬ ફુટ પોહોલો તથા ૯૨ ફુટ ઉંચોછે. એ કીલ્લાની બા હેરની બાજુની દીવાલ ૧૦ થી ૧૨ ફુટ અને અંદરની દીવાલ ૭ ફુટ જાડીછે. સર વાલટર રાલીને આ કીલ્લામાં કેદ રાખીઆમાં આવીએો હતો, તે આ જાડી દીવાલમાં એક ઓરડો ખોદીને રાખીઆમાં આવી એો હતો, કે જેથી અંદર જવાનાં નાંધલાં બારણા શીવાએ બીજી કોઈ જગેથી તેમાં રોશની દાખલ થાએ નહી. એ ઓરડો આજ દીને પણ આપણને દેખાડીઆમાં આવેછે. એજ ઓરડામાં સર વાલટર રાલી એ આખી દુનીઆંની તવારીખ લખી હતી.

વ્હાઈટ ટાઅરનાં ઓતરનાં ભાગ ઉપર આગલ લશકરી હથીઆરો રાખવાને સારૂ ૩૪૫ ફુટ લાંબી એક ઈમારત બાંધેલી હતી, તેમાં આસરે તરીસ લાખ રૂપીઆની કીમતનો લશકરી સાંમાંન રેહતો હતો.

એ ઈમારત તથા તે બધેનો સામાંન ૧૮૪૧ નાં સાલમાં આગથી બલી ગયો હતો, તેની જગાએ હમણા ૧૦૦૦ સીપાઈઓ સમાઈ શકે તેવી બરાખ બાંધીઆમાં આવીછે.

પણ આ કીલ્લા બધેનું એક દીવાંનખાંનું કે જાંહાં અસલનાં વખતનાં ધાતુનાં બખતરો હારેદ્વાર અ ને ઘણાજ સોબઈતી રીતે ગોઠવેલાંછે, તે ઘણુ જોવા લાએકછે. લડાઈનાં કાંમમાં દારૂ ગોલો નહી વાપરીઆ માં આવતો હતો, તારે સીપાઈઓ તથા સરદારો જે બખતરો પેહેરતા હતા, તેનો એક ઘણોજ કીમતી સંગ રહ હીંચાં કરીઆમાં આવીએાછે. પેહલાં એ બખતરો વગર તારીએ મેલેલાં હતાં, પણ ૧૮૨૬ નાં સાલમાં ૧૫૦ ફુટ લાંબા અને ૩૪ ફુટ પોહોલા ઓરડામાં સઘળાં બખતરો તેમનાં પુરાતમપણા મુજબ ગોઠવીઆમાં આવીઆં હતાં, તેથી અસલી બીનાંઓની શોધ કરનારને એ બાબદનો ઘણુએક સવલ પડીઉંછે. આ ઓરડાની બારીઓ રંગીન કાચનીછે, અને તેની ઉપર અલમતો પાડેલાંછે, તથા બીજાં અસલી ચીતારોછે. દીવાલ તથા સીલીંગની ઉપર લડાઈમાં જીતેલા વાવટાઓ તથા બીજી ફતેહની વસતુઓછે. ઇંગલંડનાં પાદશા હ પેહલા એડવરડનાં વખતથી તે બીજા જેમસનાં વખત શુધી ઘોડા તથા આદમીઓને પેહેરવાનાં બખત રો, ઘોડાનાં તથા આદમીઓનાં પુતલાં ઉપર પેહેરાવીને, આ ઓરડાનાં વચે વચમાંનાં ભાગમાં ગોઠવેલાંછે. આઠમાં હેનરીએ તથા પેહલા ચારલસે જે બખતર પેહેરીઆં હતાં, તે હીંચાં આપણને દેખાડીઆમાં આ વેછે. આઠમો હેનરી ઘણોજ ડોંગો અને કદાવર હતો, તેનું બખતર પણ ઘણુજ મોટુંછે. એ બખતરો કેવાં છે તેની સમજ આપવાને વાસતે તેનાં જુદા જુદા ભાગ નીચે જણાવીએછ. હેલમેટ, માંથાંનો ભાગ—ગોર જેટ, ગરદંન ધાંકવાનો ભાગ—પાલડરંનસ, ખભાં સંભાલવાનો ભાગ—રીઅર બ્રેસીસ, ઉપરની બાજુ ધાંક વાનો ભાગ—વાંમ બ્રેસીસ નીચેની બાજુ ધાંકવાનો ભાગ—એલબો પીસીસ, કોપરીમાં ધાંકવાનો ભાગ— ગાંનટલેટસ, હાથ ધાંકવાનો ભાગ—બ્રેસ્ટ પેલંટ, અને બેક પલેટ, છાતી તથા પીઠ ધાંકવાનાં ભાગો—ટેસેટ એનડ ટાસેટ, પેટ ધાંકવાનાં ભાગો—ગારડ ડી રેનસ, કંમર ધાંકવાનો ભાગ—ટેલસ, કંમર અને પેટની બાજુ ધાંકવાનો ભાગ—જતુલેર, ગુહણ ધાંકવાનો ભાગ—જંબસ, ટેટાં ધાંકવાનો ભાગ—સાલેરટ, લોહોડાં ના જોડા. એ પરમાંણે પંદર જુદા જુદા ભાગનુ આખું બખતર બનેછે તે સઘળા આપણે હીંચાં જોઈએછે. કેટલાએક ભાગ વલી બેવડા પણ આવેછે. ઘોડાને વાસતે નીચે જણાવીઆ પરમાંણેછે. ચાંનફરન, માંથાં ને સારૂ—પાઈત્રેલ, છાતીને સારૂ—મોનફેર ગરદનને સારૂ—ફલાંચારડ પાંસરી અને ટેટાંની વચેનાં ભા ગને સારૂ અને ક્રપ્પીએર જાંગને સારૂ.

આ સઘળાં બખતરો ઘણાજ પુરાંનાંછે, તોપણ હેવી રીતે સાફ રાખીઆમાં આવીઆંછે કે, જાંણે આજે કાંમ આવી શકે. કેટલાંએક બખતરો ઉપર ઘણોજ સારો ઘોર ચહડાવેલોછે, તથા અલમતો અને બીજી નકસીઓછે. આ બખતરો જોયાથી આપણને અચરતી ઉપજીઆ વનાં રેહતી નથી, કે તે આટલાં ભારી છતાં તેનાં પેહરનારાઓએ તેમને આંગ ઉપર કેમ ઉંચકીઆ હશે, એટલુંજ નહી, પણ તે પેહરીને શી રીતે લડાઈ કીધી હશે. પણ આદત ઘણુ કરી શકેછે, અને હરેક વાતની ટેવ જે છે, તે બીજી કુદરતી શક તીછે. હાલનાં સમેમાં લડાઈમાં દારૂ ગોલાનું કાંમ નીકલીઆથી બખતરોની ચાલ નીકલી ગઈછે, પણ આ મલા વખતમાં જાહરે લડાઈનુ મુખીઅ હથીઆર તલવાર હતું, તાહરે આ બખતરો બંચાવને સારૂ ઘણા કી મતી ગણાતાં હતાં.

આ ઓરડામાંથી નીકલીઆ પછી એક બીજા ઓરડામાં આવીએેછે, તે ખચીત જોવા લાએકછે. તાંહાં લડાઈનાં હથીઆરોનુ એક સંગરહસથાંનછે. એ ઓરડાને "કુઈન ઈલીજાબેથસ આરમરી" કરી નાં મ આપીઆમાં આવીઉંછે, તેનુ કારણ એછે કે હીંચાં જે કાંઈ હથીઆરોછે, તે ઘણાખરા એ રાંણીનાં વખ તનાંછે. દારૂ ગોલાનાં હથીઆરો નીકલીઆં તેની આગમજ યુરોપખંડમાં લડાઈમાં કેવાં હથીઆરો વપરા

તાં હતાં તેનો પણ એક કીમતી સંગરહ આ ઓરડામાંછે. સેંકડો જાતનાં હથીઆરો જે આપણે હીંઆં જોઇએછ, તેથી આપણને આગલા જમાનાનાં હથીઆરો વીશે ઘણીએક માહેતગારી મલેછે. એ ઓરડાને છેડે રાંણી એલીજાબેથનું ઘોડા ઉપર એક બાહાવલુંછે.

બંધવાએાને રીબાવવા અથવા રીબાવીને મારી નાંખવાનાં આગલા જમાનાંના કેટલાંએક હથીઆરો આ ઓરડાનાં વચેવચમાંનાં ભાગમાંછે. હાથનાં આંગલા દાબવાનો ઈસકરૂ—ગરદન મંડવાનો ઈસકરૂ જે ૧૫૫૮ માં ઈસપાનીઅરડ સાથની લડાઈમાં લીધો હતો—હાથ, પગ તથા ગરદન એ સઘળાં એકઠાં કરીને દાબવાનો સાંચો, તથા એવા બીજા ઘાતકી સાંચાઓ હીંઆં જોયામાં આવેછે. આઠમાં હેનરીની રાંણી ઍાંન બુલેન તથા અરલ આવ એસેકસ નાંમનાં ઉમરાવને જે ટીમરાં ઉપર તથા કોઢારાથી ગરદંન મારીઆમાં આવીઆં હતાં, તે ટીમરૂં અને કોઢારો આ ઓરડામાંછે, તે આપણને દેખાડીઆમાં આવેછે. એક લાકડાંની ટોપ કે જે આઠમાં હેનરીએ બુલેાનની લડાઈને વખતે કાંમમાં લગાડી હતી તે પણ હીંઆંછે. આ કીલ્લામાં જુનાંમાં જુની એક ટોપ પીતલનીછે, તે સાતમાં હેનરીનાં વખતની અથવા પંદરમી સદીને છેડેની બનાંવેલીછે.

લંડનના કીલ્લાનો દરવાજે રાતના બંધ કરીઆમાં આવેછે, તે વેલાએ પુરાંની રશમ પરમાણે દબદબા ભરેલી કીરીઆ કરીઆમાં આવેછે. રાતનાં અગીઆર વાગતાની થોડી મીનીટ આગમજ, એ કીલ્લાનો એક અમલદાર રાતો જલો પેહરીને પોતાનાં હાથમાં કુંચીઓનો મોટો ઝુમખો લઈને પેહરાગીરોની જગા આગલ જાએછે, અને તે વેલાએ તેની સાથે એક બીજો અમલદાર હાથમાં ફાંનસ લઈને ચાલેછે. પેલા પેહરાનાં મકાંન આગલ આવી તેઓ પોકાર કરી બોલેછે કે "કીલ્લાની કુંચી" તેવામાં પેલા પેહરાગીરો બાહેર નીકલી તેઓની સાથે સાંમેલ થઈ બાહેરનાં દરવાજા શુધી જાએછે. એ પરમાંણે દરવાજો બંધ કીધા પછી તે ઓ ફરીથી પેહરાગીરોનાં મકાંન આગલ જાએછે, તાહરે તાંહાં જે સીપાઈ હોએછે, તે જોરથી જમીન ઉપર પોતાંનો પગ અફારીને પુછેછે કે "એ કોણ જાએછે?" તેઓને જવાબ મલેછે કે "કુંચી" ફરીથી પુછીઆમાં આવેછે કે "કોણની કુંચી" ? જવાબ દીધામાં આવેછે કે "રાંણી વીકટોરીઆની કુંચી," તારે પેલો સીપાઈ બોલેછે કે "રાંણી વીકટોરીઆની કુંચી લઈને જાઓ, સગળુ બરાબરછે." આ વેલાએ "ઈઓમન પોરટર" બોલેછે કે "રાંણી વીકટોરીઆની ઉમરદરાજ હોજો" તેને પેહરાનાં સીપાઈઓ જવાબ આપેછે કે "આંમીન." પછી પેલી કુંચીઓ કીલ્લાનાં રખેવાલ અમલદારનાં ઘરમાં લઈ જાઈને મુકીઆમાં આવેછે, અને તે પછી તે કીલ્લામાં કોઈથી જવાતુ નથી, અને હમો પણ એ કીલ્લાનુ બયાંન હીંઆં પુરૂં કરીએછે.

પાદશાહી જહવેરાત.

ઉપલા કીલ્લાનાં દીવાંનખાંનાંમાં પાદશાહી જહવેરાતછે, તે સઉથી સરસ જોવા લાએકછે. એક મોટા ઓરડાની અંદર ઘણુજ સોભઈતી રીતે કાચનાં એક મોટા કેસમાં ગરેટ બરીટંનનાં તાજ તુ પાદશાહી જહવેરાત ગોઠવેલુંછે, તે જોવાને વાસતે દર રોજ લોકોની ભારે ઠઠ મલેછે. એ કીલ્લામાં જ હવેરાત રાખવાનું ઈ૦ સ૦ ની ૧૩ મી સદીથી ચાલતું આવીઉંછે, પણ જે જગા ઉપર હમણા જહવેરાત ગોઠવેલુંછે, તે જગા ૧૮૪૧ નાં સાલમાં બાંધીઆમાં આવીછે. ઈંગલંડનાં પાદશાહ પેહલા ચારલસની આગમજ પાદશાહતનુ જહવેરાત ઘણુજ કીમતી અને પુશકલ હતું, પણ તે માંઠા ભાએગનાં પાદશાહનાં વખતમાં એ દેશ મધે માહોમાંહેની જે લડાઈ ચાલી હતી, તે વેલાએ તેમાંનુ કેટલુંએક વેચી નાંખીઆમા આવીઉં હતું. હમણા પાદશાહતનુ જહવેરાત નીચે જણાવીઆ પરમાંણેછે.

આપણી હમણાની નામદાર અને બખતાવર રાંણી વીકટોરીઆ જાહરે તખતનશીન થાઈ હતી, તા

રે તે નામદારને વાસતે જે તાજ બનાંવીઆમાં આવીઉં હતું, તે સઘળા જહવેરાતની વચે વચમાં મથાલેથી ગોઠવીઆમાં આવીઉંછે. જેમ આખા મુલકમાં રાંણી સરવેથી નેક, દબદબા ભરેલી અને જલકાટ ભરેલીછે તેમ તેનાં માંથા ઉપર મેલવાનુ તાજ, આ જહવેરાતખાંનામાં સઉથી સરસ ડીપી નીકલેછે. એ તાજ લાલ રંગની મખમલનુ બનાવેલુંછે અને તેની આસપાસ રૂપાંનાં પટાનાં અણીદાર આરકાં પાહેલાંછે અને તેની ઉપર તમાંમ છહનાં હીરા જડી લીધેલાછે, અને તેને મથાલે એક ડરો તથા "ક્રરાંસ" નો આકારછે. ક્રરાસની ઉપર તરંણ મોટાં મોતીછે, તથા એક ઘણેાજ કીમતી લીલંમ કે જે કદમાં લગભગ બે ઇંચ ચોરસછે, તથા છાતીનાં આકારનું એક ઘણુજ કીમતી પાનુછે, કે જે પેહલ વેહલે "એડવરડ ધી બલાક પરીનસ" પેહરતો હતો. એ તાજનાં બીજા ભાગોમાં પણ કીમતી હીરા જડેલાછે અને તેમાંના સઉથી મોટા ચારની કીમત (૪૦૦૦૦૦) ચાર લાખ રૂપીઆની જણાવીઆમાં આવીછે. આખાં તાજની કીમત (૧૧૯૦૦૦૦) અગીઆર લાખ, ઓગણીસ હજાર રૂપીઆની જણાવીઆમાં આવીછે. વજંનમાં એ તાજ પોનાં બે રતલછે.

એક બીજું તાજછે તે પેહલ વેહલું બીજા ચારલસને વાસતે બનાંવીઆમાં આવીઉં હતું અને એ તાજ તેની પાછી દરએક પાદશાહ જે ઇંગલંડની ગાદી ઉપર બેઠો હતો તેના માંથા ઉપર પેહલે તાજ પેહરાવવાની કીરીઆની વખતે મેલવામાં આવતું હતું. પાદશાહ અથવા રાંણીનાં માથા ઉપર ઇંગલંડનો સઉથી વડો પાદરી પેહ મે જે તાજ મેલેછે, તે એ તાજછે. ઇંગલંડનાં સીક્કાની ઉપર જે તાજ પાડેલુંછે, તે આ તાજનો આકારછે. એ તાજ સુનાંનુ બનાંવેલુંછે અને તેની ઉપર સોભઈતી રીતે કીમતી હીરા, માંનેક, પાંનાં, મોતી તથા લીલંમ જડેલાછે. પરીનસ આવ વેલસ, અથવા પાદશાહ અથવા રાંણીનો વડો છોકરો જે ગાદીનો વારેસ હોએ, તેને વાસતે પણ એક ઘણુજ કીમતી તાજછે, તે આખુ સુનાંનુ બનાંવેલુંછે, પણ તેમાં જહવેરાત જડેલું નથી. જારે તખત ઉપર પાદશાહ હોએ, તારે તેની જે રાંણી હોએ, તેને વાસતે પણ એક સુનાંનુ તાજછે, અને તે ની ઉપર કીમતી હીરા તથા મોતી જડેલાંછે. પાદશાહ બીજા જેમસની રાંણીને વાસતે બનાવેલુ સુનાંનુ તાજ પણ હીંઆંછે, અને તેની ઉપર પણ કીમતી હીરા તથા મોતી જડેલાંછે. સેંટ એડવરડસ સ્ટાફ નાંમની ચાર ફુટ અને સાત ઇંચ લાંબી અને વજનમાં નવ રતલની એક સુનાની લાકડીછે, તેને મથાલે દડો અને ક્રરાસ છે. એ લાકડી પાદશાહ અથવા રાંણીનાં માંથા ઉપર તાજ મેલવાની કીરીઆની વખતે લઈ આગલ ચાલીઆમાં આવેછે. એક બીજી લાકડી કે જેને "રાયલ સેપટર" કરી નાંમ આપેલુંછે, તે પણ સુનાંનીછે અને બેફુટ, નવ ઇંચ લાંબીછે. એ લાકડી ઉપર ઘણાંજ કીમતી હીરા જડેલાછે, અને તાજ મેલવાની કીરીઆની વખતે પાદશાહની જંમની બાજુએ તેને મેલીઆમાં આવેછે. એજ વખતે દાબી બાજુએ જે લાકડી મેલીઆમાં આવેછે અને જેને "રાડ આવ ઇકવીટી" કરી કેહેછે, તે તરણ ફુટ, સાત ઇંચ લાંબીછે, અને તેની ઉપર કીમતી હીરા જડેલાછે. એ લાકડીને મથાલે ઉડતાં ખબુતરનું એક સુંદર પુતલું જડેલુંછે. એક બીજી લાકડી જેને "કુઇનસ સેપટર" કરી કેહેછે, તેની કારીગરી ઘણીજ સુંદરછે અને તેની ઉપર હીરા જડેલાછે. બીજી બે લાકડીઓ પણ ઘણીજ સોભઈતી અને કીમતીછે. એક સુનાંનો દડો કે જેનો વીઆસ છ ઇંચછે, તેની ઉપર મોતી જડી લીધેલાં છે, અને તેને મથાલે સુનાંનો ક્રસમછે. એક બીજો દડો હેવોજછે, પણ કદમાં જરાક નાંધલોછે. એક તલ વાર કે જેને "સોરડ આવ મરસી" અથવા દયાની તલવાર કરી નાંમ આપેલુંછે, તે છેહેથી બુઠીછે, અને તે ની ઉપર સુનેરી સાણગારછે. બીજી તરણ તલવારોછે, તે પણ ઘણી કીમતીછે. એક ઘણીજ કીમતી સુનાંની બરેસલેટછે, તેની ઉપર ગોલાબનાં ફુલની નકસીછે, અને છેડે મોતી જડેલાંછે. સુનાંનાં કાંટા કે જે પાદશાહ અથવા રાંણી તાજ પેહરવાની કીરીઆની વખતે પેહેરેછે. એક સુનાંનુ વાસણછે તે ઘણુ પુરાંતુંછે, અને ગરૂડ પખશી પોતાંની પાંખ પોહરી કરી ઉડી જતું હોએ તેવા આકારનુંછે. એક સુનાંનો ચંમચોછે કે જેની અંદરથી પાક તેલ પાદશાહને તાજની વેલાએ લગાડીઆમાં આવેછે. એક ઘણીજ કીમતી નીમખદાંનીછે, તે

એકજીટર શેહેરનાં લોકોએ પાદશાહને બખશેશ કીધી હતી. એક રૂપાંનાં ઘોરનું મોટુ વાસણછે, તે પાદ શાહનાં કુટંબનાં બાલકોને "બાપટીજંમ" આપતી વેલાએ કાંમમાં લાવીઆમાં આવેછે, અને તે ચાર ફુટ ઉંચુછે. એ વખતે કાંમમાં આવતા વાંઇન (દારૂ) ને વાસતે એક રૂપાંનો કુંચારોછે, તે પલીમથ શેહેરનાં લો કોએ પાદશાહ બીજા ચારલસને ભેટ આપીએા હતો. એ ઉપરાંત બીજી ઘણીએક સુનાંની તથા રૂપાંની જી નસોછે, કે જેનુ વીગતવાર બયાંન હીંમાં થાઇ શકતું નથી. પણ આટલું કેહવામાં આવેછે કે, જેએા આ જ હવેરાત જુએછે, તેઓના જીવ ઘણો ખુશી થાએછે. જુદાં જુદાં તાજેની ખુબસુરતી, તે ઉપર જડેલાં કીમ તી જહવેરાતનો ચલકાટ, અને બીજી સઘળી કીમતી જીનસો જે સોભઇતી રીતે ગોડવેલીછે, તે સઘળાનો એ કઠો મલેલો દેખાવ ઘણોજ તલેસમાંતી લાગેછે. આ સઘળા જહવેરાતની કુલ કીમત તરણ કરોડ રૂપીઆ ની જણાંવીઆમાં આવીછે.

ઉપલાં બયાંન મધેનું બીજું તાજ ચોરવા સારૂ એક વખતે કલનલ બ્લડ નાંમનાં એક શખ્સે ઘણી જ હીમત ભરેલી કોશેસ કીધી હતી તેની વીગત ઘણી જાંણવા જોગછે.

હેવું જણાવીઆમાં આવીઉંછે કે, આ શખ્સ ઘણોજ લોભી હતો. કોઇબી રીતે તેને કાંઇ ફાએદો થતો હોએ, અને તેમાં ગમે એટલો જોખમ હોએ તોબી, તેવું કાંમ કરવાને તે કધી આચકો ખાતો નહી હતો. ઉપર જણાવેલુ કીમતી તાજ ચોરવાની એ શખ્સની ઇછા થયાથી, એક દીને તે પાદરીનો પોશાક પે હરીને આ જહવેરાત જોવા ગયો, અને પોતાની બાએડી દાખલ સાથે એક અસતરીને લઇ ગયો. આ અ સતરી તે જહવેરાત જોવાનાં ઓરડામાં ચરત કરીને આજરી પડી, તેથી તે જહવેરાતના ઓરડાનો રખેવા લ દયા કરીને તેને પોતાનાં ઓરડામાં લઇ ગયો, અને એ વખતથી કલનલ બ્લડ અને તે રખેવાલનાં કુટં બ વચે ઓલખાંણ થાઇ, તે તેણે આસતે આસતે સારી પેઠે વધારી. છેલલે સરવાલે એ દોસતીમાં એટ લોતો વધારો થયો કે તે રખેવાલની છોકરી સાથે પોતાનાં ભતરીજનાં લગન કરવાને બ્લડે ગોઠવીઉં, અને એ બંધે જોડાની ઓલખાંન કરાવાને વાસતે એક દાહાડો મુકરર કીધો. એ દાહડે પેલા પાદરીનાં લેબાસ સાથનાં ચોરે ઉપર જણાવેલુ તાજ ચોરવાની ગોઠવણ કીધી હતી. પોતાનાં ભાંનેજ અને બીજા બે દોસતો ની સાથે પીસટોલો તથા લાકડીની અંદર ગુપટીઓ અને ખંજર સંતાડીને તાંહાં ગયો. એક દોસતને કોઇ બાંહણુ કાહાડીને બારણા હેઠલ ચોકી કરવાને સારૂ ઉભો રાખીઓ, અને પેલો ચોર પોતાના દોસતોને જહ વેરાત દેખાડવાને બાહાણે ઉપર ગયો. અંદર પોંહોચતાંને વાર તેઓએ તે ઓરડાનુ બારણુ બંધ કીધું, પેલા રખેવાલને પકડીને બાંધીઓ, અને તેનાં મોહડાંમાં ડુચા ઘાલીઆ, અને જણાવીઉં કે જો તે ચુપકીદી ધરશે તો સલાંમત રેહેશે, પણ તે બચારો વફાદાર હતો, તેથી જેમ બને તેમ જુમ પાડી અને અંતે ઘણા જખમ થી લોહી લુહાંન થયો, તારે બેહોસ થયો. આ વેલાએ બ્લડે પેલું તાજ પોતાનાં દગલાનાં પરમાં સંતાડીઉ અ ને તેનાં બીજા દોસતો બીજું જહવેરાત એકઠુ કરવા લાગા. એવાંમાં પેલા રખેવાલનો છોકરો તાંહાં આવી પોંહોચીઆથી ગભરાટ થયો, અને પેલા ચોરો નાહાસવા મંડી ગયા. તેઓને કીલ્લામાંથી નીકલતાં એક પે હરાગીરે અટકાવવાની કોશેસ કીધી, પણ તેને તેઓએ તરત ગોલીથી મારી નાંખીઓ. કીલ્લાની બાહેર તે ઓનાં ઘોડા રાખેલા હતા, તેઓની ઉપર તેઓ તરત સવાર થયા, અને પોતે પણ "ચોરને પકડો" હેવો પોકા ર કરતા દોડતા ગયા, તેથી રસતામાં તેઓ ઉપર કોઇ શક લઇ ગયુ નહી અને તેઓને અટકાવવાની કોશે સ કોઇએ કીધી નહી. પણ અંતે પેલા રખેવાલનાં જમાંઇએ ઘોડસવાર થાઇને બ્લડને પકડીઓ. બ્લડે આ શખ્સને ગોલીથી મારવાની વેતરણ કીધી પણ તે તેને લાગી નહી. જાહરે બ્લડ પકડાયો, તારે તે એ મ બોલીઓ કે "આ કોશેસ સાને વાસતે હતી ! તાજને વાસતે, જોકે તેમાં હું ફતે પાંમીઓ નહી તોપણ તે ઘણી હીમત ભરેલી હતી." વાંચનારને તરત જાંણવાને ઇછા થાશે કે, આ ગુનાંહને વાસતે બ્લડને શું સ

જ કરીઆમાં આવી હતી, પણ તેને અચરતી ઉપજશે કે, એ શખ્સને કોઇ શજા થાઇ નહી હતી, પણ પા દશાહ બીજા ચારલસે તેની ઉપર મેહરબાંની રાખી હતી. કેટલાએકો એવું ધારેછે કે, બ્લડે પાદશાહને ધા સતી આપી હતી કે જો તેને કાંઇબી ઇજા કીધામાં આવશે તો, તેનાં દોસતો પાદશાહનો જીવ લીધા વગર રેહેશે નહી.

માંનશન હાઉસ.

લંડનનો જે અસલ ભાગછે અને જેને હાલમાં "સીટી" અથવા શેહેર કરીને કેહવામાં આવેછે, તાંહાંનો પોલીસખાતાંનો તથા જાહેર શુધરાઇ ખાતાંનો તથા બીજા સઘળા દીવાંની કાંમનો કારભાર અસલ નાં વખતથી "ટાઉન કાંઉનસલ" ને નાંમે શેહેરનાં કેટલાએક ગરહસથો ચલાવતા આવીઆછે. શેહેરનાં રેહ વાશીઓ "કાઉનસલર" ચુંટી કાહાડેછે, અને તે કાંઉનસલરોમાંથી કેટલાએક "આલડરમેન" ચુંટી કાહાડી આમાં આવેછે. એ આલડરમેનો પોત પોતામાંથી દર વરશે એક વડો ચુંટી કાહાડેછે તેને "લારડ મેઅર" કેહવામાં આવેછે. એ ગરહસથ "ટાંઉન કાંઉનસલ" ની સલાનો સરનશીન તથા લંડનનો સઉથી વડો કો ટવાલ ગણાએછે. લંડન શેહેરનાં લારડ મેઅરનો દરજ્જો ઘણો પુરાંણો તથા મોટો અને હંમેશાં લારે દમાં ન તથા ખરચ સાથે જાલવીઆમાં આવેછે. શેહેરમાં પાદશાહથી ઉતરતો લારડ મેઅર ગણાએછે. જારે પા દશાહ મરણ પાંમે તારે લારડ મેઅર પરીવી કોનસલમાં જાએછે, અને નવા પાદશાહને તખત ઉપર બેસા ડવાની સનદ ઉપર સઉથી પેહલે તે શહી કરેછે. તેનો પગાર વરશ દાહડે (૮૦૦૦) હેંશી હજાર રૂપીઆ નોછે, પણ તેનો હોધો જાલવવાને સારૂ જે ભારી ખરચ રાખવો પડેછે, તેમાં તેનાં પગાર કરતાં વધારે ખર ચ થાએછે. એ હોધો આબરૂ અને માંનને સારૂ લીધામાં આવેછે. એ અમલદારને સારૂ રેહવાને શેહેર માં જે મકાંનછે, તે ઘણુજ જોવા લાએકછે. ઇ૰ સ૰ ૧૭૫૩ નાં સાલમાં તે બાંધીઆમાં આવીઉં હતું, અ ને તેની ઉપર (૭૧૦૦૦૦) સાત લાખ, દશ હજાર રૂપીઆનો ખરચ થયો હતો. દર વરશે જે લારડ મેઅ ર થડે તે હીંઆં રેહેછે. આ ઘરનો બાહેરનો દેખાવ ઘણોજ સારોછે. તેનાં આગલા ભાગમાં એક સોલ ઇતો "પોરટીકો" કાહાડેલોછે, અને તેની ઉપર છ મોટા ખુબસુરત થાંબાછે, અને તે થાંબાની ઉપર જે બાં ધણીછે તેની દીવાલમાં સારાં ચીતારો કોતરેલાંછે. એ ચીતારમાં વચેવચમાં લંડન શેહેરને એક સ્ત્રીનો આ કાર આપીને તેનાં દુશમનોને તે પગ તલે ચાંપતી હોએ, તેમ દેખાડીઆમાં આવીઉંછે. આ સ્ત્રીની જમની બાજુએ એક પુરશ અને છોકરો છુટાપણાની નીશાંણ હાથમાં લઇને ઉભેલાછે અને તેઓની બાજુએ "નેપ ચીઉન" તથા દરીઓ ખેરવાની નીશાંણો પાડેલીછે. દાબી બાજુએ એક સ્ત્રી અને બે છોકરાઓનાં હાથમાં આલીવનાં ઝાડની દાંખડી આપેલીછે, અને એ ચીતારનાં ખુનાંનાં ભાગમાં વેપારની નીશાંણ દાખલ પીપ, ગાંસડી, ઇતીઆદી, પાડેલાંછે.

લારડ મેઅરનાં મેહેલની અંદર જે દીવાંનખાંનાંને "ઇજીપશીઅંન હાલ" કરી કેહેછે, તે ઘણુજ ખુ બસુરતછે. તેની લંબાઇ ૯૦ ફુટ અને પોહોલાઇ ૬૦ ફુટછે અને તેની ઉપરનુ છાપરૂ ગોલ આકારમાંછે તે ની ઉપર ઘણોજ શારો સણગારછે. એ ઓરડામાં લારડ મેઅર "ઇસટર મંનડે" નાં તેહવાર ઉપર આસરે ૪૦૦ આદમીનુ ખાંનુ કરેછે, તે વેલાએ રાંણીનાં પરધાંનો પણ તેનાં મેજબાંન થાએછે, અને હેવાં એક ખાં નાંની ધાંમધુમ જોવા લાએકછે. એ વેલાએ તેબલ ઉપર જે રૂપાંનો સાંમાન મેલીઆમાં આવેછે, તે ઘણો જ સુંદરછે અને તેની કીમત (૨૦૦૦૦૦) બે લાખ રૂપીઆની જણાવીઆમાં આવીછે. એજ દીને જે દીવાં નખાંનાંમાં બાલ અથવા નાંચ કરીઆમાં આવેછે તે દીવાંનખાંનું પણ ઘણુ સણગારેલુંછે, અને તેમાં કેટલાં એક સંગેમરમરનાં પુતલાંછે.

આ ઘરમાં એક ઓરડોછે તાંહાં લારડ મેઅર ફોજદારી ઈનસાફ કરેછે, તાંહાં પણ એક વેલાએ મુસાફરને જવાની ભલામણ કરીઆમાં આવેછે.

દર વરશનાં નવેમબર મહીનાંની ૯ મી તારીખે લારડ મેઅરને તેનાં હોધા ઉપર નેમીઆમાં આવે છે અને એ દીને એ મોટો અમલદાર "ચાંતસેલર આવ ધી એકસચેકર" (રાંણીના એક પરધાંન) ની આ ફીસમાં જઈને સોગંદ લીએછે, તે દીને એક મોટી રચનાં થાએછે અને તે દીવસને "લારડ મેઅરસ ડે" ક રી નાંમ આપેલુંછે. એ દીવસે સહવારનાં લારડ મેઅર "ગીલડહાલ" મધે આલડરમેનોની સાથે નાંસ તો કરેછે અને બપોરનાં મોટાં સરગસ સાથે વેસ્ટમીનસ્ટર ખાતે જએછે. એ વેલાએ લારડ મેઅર પોતા નાં હોધાનાં કીમતી અને દમદમા ભરેલા પોશાક સાથે એક ઘણીજ મોટી અને કીમતી ગાડીમાં સવાર થાએ છે. એ ગાડીની કીમત દશ હજાર રૂપીઆની જણાવીઆમાં આવીછે અને તેને સારી હાલતમાં રાખવા ને વાસતે તેની ઉપર દર વરશે ૧૦૦૦, રૂપીઆનો ખરચ થાએછે. એ સરધસમાં આલડરમેનો, શેરીફો અ ને બીજા ઘણાએક ઓધેદારો પોતાનાં હોધાનાં પોશાકો પેહરીને મોટી ગાડીઓમાં સવાર થાએછે, તથા તેઓ ની સાથે ટરંમપેટ વજાડતા સીપાઈઓ ઘોડા ઉપર અને પીઆદા હોએછે, તેથી લારડ મેઅરનું સરગસ જોવા લાએક થાએછે. એ વેલાએ રશતાની ઉપર ભારી ભીડ થાએછે, અને આંમનીમસો તથા ભાહેની અને બી જી ગાડીઓનો આવજાવ બંધ કરીઆમાં આવેછે. રસતામાં લોકોની ઠઠ થાએછે, એટલુંજ નહી, પણ ઘરો ની બારીઓ અને છાપરાંઓ ઉપર લોકો તે તમાસો જોવાને ચહડેછે. વેસ્ટમીનસ્ટર મધે સોગંદ લીધા પ છી તેવીજ ધાંમધુમ સાથે તે સરગસ પાછું શેહેર મધે જએછે.

ગીલડહાલ.

આ ઈમારતની બાહેરની બાંધણી જે ઘણી ખુબસુરતછે, તે લંડંન શેહેરનાં ટાઉન હાલ દાખલ ગણા એછે અને લારડ મેઅરનાં હોધા તથા શેહેરનાં કાંમ કાજને લગતીછે. અસલ જે ગીલડહાલની ઈમારત હ તી તે ઈ૦ સ૦ ૧૪૧૧ નાં વરશમાં બાંધેલી હતી, પણ તેનો ૧૬૬૬ નાં વરશમાં આગથી નાંસ થયાથી તેની જગાએ બીજી ઈમારત બાંધીઆમાં આવી હતી, અને તે હમણા આપણે જોઈએ છઈએ. આ ઈ મારત શેહેરનાં નાંમને લાએક કરવાને વાસતે કેટલીએક કંપનીઓએ ઘણું નાંણુ ભરીઉં હતું. લોકો ઉપર કેટલાએક કર નાંખીઆમાં આવીઆ હતા, તથા બંધવાઓ જેઓ ફોજદારી અનેઆએને માટે કેદ હતા તેઓની પાસેથી દંડ લઈ તેમનો ગુનાહ માફ કરીઆમાં આવીઓ હતો, અને એ રીતે મોટી થાપણ એ કઠી કરીઆમાં આવી હતી. એ ઈમારતનાં સણગારમાં વધારો કરવાને સારૂ કેટલાએક ખાનગી ગરહસથો એ સખાવતની રાહે પણ મોટી રકમો બખશેસ દાખલ આપી હતી. કેટલાએક દરવાંન આલડરમેનોએ બારીઓનો સણગાર વધારવામાં તથા શેહેરની કેટલીએક નીશાંણો તે ઉપર પાડવાને સારૂ પોતાની ગીરેનો ખરચ કીધો હતો. એ ઈમારતનાં બાહેરનાં દેખાવનાં સોભઈતા થાંભાઓથી તરણ ભાગ દેખાએછે, અને વચમાંના ભાગમાં શેહેરનાં અલમતો પાડેલાંછે. અંદર જતાં જે સઉથી મોટું દીવાંનખાંનુંછે, તે ૧૫૩ ફુટ લાં બુ, ૫૦ ફુટ પોહોલું અને ૫૫ ફુટ ઉંચુંછે, અને તેમાં છ થી સાત હજાર આદમી શમાઈ શકે તેવુંછે. એ દીવાંનખાંનાંની ઉગમણુ અને પશચંમની બાજુ એક એક મોટી બારીઓ બનાંવેલીછે, અને તે બારીની અંદર સોભઈતા થાંભાઓથી નકશીદાર આરકો પાડેલાંછે, અને તેની ઉપરનો ભાગ રંગીન કાચનોછે અને તેનાં ઉપર પાદશાહી અલમતોનાં તથા બીજા ઘણાંએક ચીતાર પાડેલાંછે. ઉગમણુ તરફથી બારીની આગલ પાદશાહ છઠા એડવરડ તથા રાંણી એલીજબેથ અને પાદશાહ પેહલા ચારલસનાં સંગેમરમરનાં પુતલાંછે. દાબી બાજુની બારી આગલ ઉંચા તાક બનાંવીને તેની ઉપર બે મોટા રાખશોનાં પુતલાં મેલેલાંછે.

Engraved for the Penny Magazine of the Society for the Diffusion of Useful Knowledge. Illustrated Bond St. & 10 Johnsons Ct. Fleet St.

એ પુતલાં ઉંચાઇમાં ૧૫ ફુટ લાંબાછે અને તેઓની દાહડી મોટી અને કાલી પાડેલીછે. એ બધે નાં એક રાખશનાં માંથા ઉપર પીછા સાથની "હેલમેટછે", તેની બાજુએ મોટી તલવારછે, અને હાથમાં એ ક ધાલ અને ભાલોછે. બીજા રાખશની બાજુએ તલવાર બાંધેલીછે, અને તેની ખાંધ ઉપર તીરકાંમઠા બાં ધેલાછે અને તેનાં હાથમાં એક મોટી લાકડી આપેલીછે, કે જેની સાથે બાંધેલી સાંકલ સાથે એક ગોલ દડો કે જેની આસપાસ સઘળા કાંટાછે, તે લટકેછે. એ દીવાનખાંનાંની આસપાસ બીજા ઘણા પુતલાંછે, તેમાં અરલ આવ ચાથાંમ, મી૦ પીટ તથા લારડ નેલસંન નાં પણ જોયામાં આવેછે.

લારડ મેઅર જે દીવસે પોતાંનો હોધો પોતાંને સવાધીન લીએછે (તારીખ ૯ મી નવેમબર) તે દી ને રાતનાં રાંણીનાં પરધાંનોને તથા બીજાઓને તે અમલદાર મોટું ખાંનુ આપેછે, તે આ દીવાંનખાંનાંમાં થા એછે. એક રાતનાં આ મોટા ખાંનાંનો ખરચ (૨૨૦૦૦) બાવીસ હજાર રૂપીઆ થાએછે, તેમાંથી દશ હ જાર રૂપીઆ લારડ મેઅર આપેછે, અને બાકીનાં બાર હજાર રૂપીઆ તે વરશનાં બે શેરીફ, જેઓનેબી લારડ મેઅરની સાથે દર વરશે ચુંટી કાહાડીઆમાં આવેછે, તેઓ આપેછે. હીંદુસથાંનથી ગએલા મુસાફર ને આ ખાંનાંનો દેખાવ અચરત શરીખો લાગીઆ વનાં રેહેશે નહી. લારડ મેઅર તથા શેરીફ અને આ લડરમેંનો સઘળા પોતાંનાં હોધાનાં મોટા જભા પેહરીને જંમવા બેશેછે તથા તે વેલાએ આસરે ૧૨૦૦ ગર હસથો હોએછે. "ટરનપેટ" વજાડીઆમાં આવેછે તારે સઘળા તેબલ ઉપર બેશેછે, અને જંમતી વખતે પણ કેટલીએક અસલની કીરીઆ થાએછે, તે સઘળું જોયાથી આપણને ઘણીએક અચરતી ઉપજીઆ વનાં રેહે તી નથી. આ દીવાંનખાંનાંમાં લારડ મેઅરોએ પાદશાહોને પણ ખાંનાં આપીઆંછે. ૧૮૧૪ નાં સાલ માં પાદશાહ ચોથો જારજ જાહરે "રીજનટ" દાખલ રાજ ચલાવતો હતો, તાહરે તેને તથા તે વેલાએ રૂશી આનો શાંનશાહ આલેકજાંનડર તથા પ્રુશીઆનો પાદશાહ ફરેડરીક વીલીઆંમ, જેઓ લંડંનની દરબારની ભે ટ લેવાને આવીઆ હતા, તેઓને લારડ મેઅરે આ દીવાંનખાંનાંમાં એક મોટુ ખાંનુ આપીઉં હતું, તેની રચનાંની ભારે તારીફ કરીઆમાં આવીછે. એ વેલાએ ખાંનાંનો ખરચ (૨૫૦૦૦૦) બે લાખ, પચાસ હ જાર રૂપીઆ થયો હતો, અને તે વેલાએ તેબલ ઉપર મેલેલી કીમતી પલેટોની કીમત (૨૦૦૦૦૦) વીશ લા ખ રૂપીઆની જણાવીઆમાં આવીછે. સને ૧૮૫૧ નાં વરશમાં લંડંન બધે સઘળા દેશોની કારીગરીનું જે મોટુ સંગરહસથાંન ઉંગાડીઆમાં આવીઉં હતું, તેની મુબારકબાદીમાં શેહેરનાં લોકોની તરફથી તે વરશની તારીખ ૯ મી જુલાઇને દીને ઉપલાં દીવાંનખાંનાંમાં રાંણી વીકટોરીઆને જે ખાંનુ આપીઆમાં આવીઉં હતું, તેનો (૫૧૨૦૦) એકાવંન હજાર બશો રૂપીઆ ખરચ થયો હતો. આ પરમાંણે ખાંનાં ઉપર મોટો ખ રચ કરીઆમાં આવેછે, તે ઉપરથી વાંચનારને સમજ પડશે કે, તે ખાંનાંની વખતે કોઇ તલેસમાંતી દેખાવ થાતો હશે. જારે આ દીવાંનખાંનાંમાં પાદશાહોને ખાંનાં આપીઆમાં આવેછે તારે તેનાં સણગારમાં વધા રો કરવાને કશી રીતની કશુર રાખીઆમાં આવતી નથી. પાદશાહ અથવા રાંણીને વાસતે સોભઇતાં છત ર સાથની ઘણીજ સુંદર બેઠક બનાંવીઆમાં આવેછે. દીવાંનખાંનાંની બંધે બાજુઓની મોટી બારીઓ ઉપર ગીઆસની રોશનીની આસરે ૭૦૦૦ જોત સલગાવીઆમાં આવેછે, તથા દીવાલો ઉપર સેતારાઓ અને બી જા આકારો રોશનીની જોતોથી કરીઆમાં આવેછે તથા "રીફલેકટરસ" ની મારફતે એક મોટો શુરજ બનાં વીઆમાં આવેછે. દીવાંનખાંનાંમાં જાંહાં જાંહાં નકશીછે તાંહાં ગીઆસની જોતો સલગાવીઆમાં આવેછે, અને તેવી જોત આસરે પાંચ હજાર થાએછે. સીલીંગને માંથેથી બે મોટા ઝુંમરો ટાંગીઆમાં આવેછે. એ દરએક ઝુંમરનો વીઆસ બાર ફુટછે, અને તેમાં પણ ગીઆસથી દીવા બલેછે. જો આ દીવાંન ખાંનાંમાં ૪૬૦૦૦ મીનમતીની રોશની કરીઆમાં આવેતો તેથી જેટલો ઉજાસ પડે, તેટલો ઉજાસ ઉપર જણાંવીઆ પરમાંણે ગીઆસની રોશનીથી પડેછે.

આ ઈમારતની અંદર "કોરટ આવ એકસચેકર" તથા "કોમન કાઉનસલ ચેમબર" તથા આલ ડરમેનોની સભાના ઓરડાઓ જોવા લાએકછે. પેહલા ઓરડામાં રંગના ઉતારેલી કેટલીએક સબીઓછે, તે માં એક ફરેનચનો પાદશાહ લુઈ ફીલીપ, જે ૧૮૪૪ નાં સાલમાં લંડંન ગયો હતો, તાહરે તેને તાંહાંનાં રેહ વાશીઓએ એક માંનપતર આપીઉં હતું, તે વખતનાં દેખાવનું એક ચીતર એજ પાદશાહે આ ઓરડામાં મેલવાને સારૂ ભેટ દાખલ મોકલીઉં હતું, તે ઘણુજ તારીફ લાએકછે. આ ઓરડામાં કેટલાએક પાદશાહ તથા લારડ મેઅરની પણ રંગમાં સબીઓછે. બીજા ઓરડામાં પણ ઘણીએક રંગમાં ઉતારેલી સુંદર સબીઓ છે, અને તેમાં એક નામદાર રાંણી વીકટોરીઆનીછે. લારડ મેઅરનાં ખાંનાં તથા શેહેરની બીજી કંપની ઓની કીરીઆનાં ચીતારો પણ આ ઓરડામાંછે. આલડરમેનોની સભાનો ઓરડો રંગથી અને સુનેરી ઘોર થી ઘણો સારી પડે સણગારેલોછે, અને તેમાં લંડંન શેહેરનાં તથા ડાહાપણ, ઈનસાફ, પહરેજી અને હીમત બ તાવતાંરાં ચીતારોછે. આ જગાએ શેહેરનાં કાંમ કાજ તથા કારભારને વાસતે લારડ મેઅર તથા આલડરમેનો ની સભા તથા શેરીફ અને બીજા અધીકારીઓની સભા ભરાએછે.

"ચેમબરલેનસ પારલર" નામનાં એક ઓરડામાં જ્યા વગર જોવા જતાંરે પાછું ફરવું નહી. લંડં ન શેહેરનુ છુટાપણુ તથા એ શેહેરની તરફથી સાબાશીઓ કોણને મલીછે, તથા કોણ કોણનો ઉપકાર માંની આમાં આવીઓછે, તેની એવડી નોધ ઘણુજ સોભઈતા દશકતથી તે ઓરડામાં રાખીઆમાં આવીછે.

કોરટ આવ કામન પલીસ, અને કુઈનસ બેંનચની અદાલતો પણ આ મકાંનમાં કીધેલા ઓરડાઓ માં ભરાએછે, તે વેળાએ તાંહાં હાજર થયાથી ઈંગલંડની અદાલતોમાં કેમ ઈનસાફ થાએછે તે માલમ પડશે.

ટંકશાલ.

આખી દુનીઆમાં સઉથી પુરી, સઉથી સરસ અને મોટી ટંકશાલ લંડંનમાંછે. ગરેટ બરીટંન ત થા આયરલંડનાં મુલક ખાતેના ચલણનો સીક્કો આ ટંકશાલમાં પાડીઆમાં આવેછે, એટલુંજ નહી, પણ બ રીટીશનાં રાજને લગતા જુદાં જુદાં સ્વસથાંનોના સીક્કો પણ એજ ટંકશાલમાં પડેછે. સાંચાની મદદથી સ ઘલા સીક્કા પડેછે, તે સાંચાઓની ગોડવંણુ તથા જહડપ અને સીક્કાઓ પડીઆ પછી તેમને તપાસવાની તરેહવાર અને બારીક રીતો અગત કરી જોવા લાએકછે. એ ટંકશાલ જોવા જવાને વાસતે ટંકશાલનાં વ ડાની આગમજથી પરવાનગી મેલવવી જોઈએ.

એ ટંકશાલ દેખાડવામાં હમેશાં એક આદમી આપણી સાથે ફરેછે, તે પેહલેથી તે છેલલે શુધી દર એ ક કાંમ આપણને દેખાડેછે, તથા રાંમજાવેછે. પેહલ વેહલલાં આપણને એક ઓરડામાં લઈ જયામાં આવેછે, કે જાંહાં સુનાંનાં તથા રૂપાંનાં તથા તરાંબાનાં સીક્કાને શારૂ સુંનું તથા રૂપું તથા તરાંબુ ગળાએછે. મોટા જડા બંધ સુનુ અથવા રૂપુ પીગલેલું કાંઈ વારેવાર આપણા જોયામાં આવતું નથી, તેથી આ ટંકશાલમાં સુનુ ગલાઈને ધોતની માફક મોટા વાશણમાં પડેછે, તે જોયાથી આપણને ખુશી ઉપજીઆ વનાં રેહતી નથી. એ પરમાંણે પીગલેલાં ધાતુનાં પછી લાથા બનાંવીઆમાં આવેછે. સીક્કો સુનાંનો અથવા રૂપાંનો અથવા તરાંબાં નો હોએ તોપણ તેને પાડવાની રીત એકજછે—વાસતે હવે તે સીક્કો કેમ પાડીઆમાં આવેછે તેનું ટુકમાં બયાંન કરીએ છઈએ.

પીગલેલાં ધાતુનાં લાથા બનાંવીઆ પછી તેને સાંચાની મદદથી ચાલતા ફરતા પરેસોની અંદર પશાર કરીઆમાં આવેછે તાંહાં તેનાં પતરાં બનેછે. એ પતરાં સીક્કાની જડાઈ બરાબરનાં થાએછે. આ પતરાંમાં જો કોઈબી ઠેકાંણે જરૂર કરતાં વધારે જડાઈ હોએ, અને અગત કરી પાંઉનડનાં સીક્કામાંતો તેની કીમતમાં ઘણો ફરક પડે, તેથી કરીને એ પતરાં સઘલી બાજુથી પાડવાનાં સીક્કાનીજ જડાઈનાં છેકે નહી, તે એક ધ

ણુજ બારીક સાંચાની મારફતે તપાસીઆમાં આવેછે. એ પરમાણે જોઈતી જડાઈનાં પતરાં થયા પછી તે પ તરાંઓને એક બીજા સાંચામાં પશાર કરીઆમાં આવેછે, તેથી સીક્કાનાં ગોલ કટકા થાએછે. તાર પછી એ દર એક કટકા ઘટટા વજનનાંછે કે નહી, તે તપાસીઆમાં આવેછે. વજનમાં તપાસ કરીઆ પછી, તે સીક્કા ઓને એક સાંચામાં નાંખીઆમાં આવેછે, તાંહાં તેમની ફરતી કોર જરાક ઉભી થાએછે, અને તાર પછી તેમની ઉપર છાપ મારવાને વાસતે વળી બીજા સાંચામાં પશાર કરીઆમાં આવેછે. ટંકશાળ જોવા જનાર ને સઉથી અચરતનો ભાગ આ જગાએછે. દર એક સીક્કો છાપની જગાએ આવીને પડેછે, અને તાંહાં ઈ સકરૂની મારફતે ઉપર તથા નીચે છાપ પડેછે, એટલુંજ નહી, પણ તે સીક્કાની કાપાદાર કોર પણ તાંહાંજ પ ડેછે. એ ઈસકરૂનાં સાંચાની ગોડવણ હેવીછે કે તે ઈસકરૂનાં નીચેનાં ભાગમાં તીખાં લોહડાંનો એક "ડાઈ" રેહેછે, જેની ઉપર સીક્કાનાં છાપની નકશી હોએછે, અને ઉપરનાં ભાગમાં બીજો "ડાઈ" રેહેછે. એ બેની વચે જારે સીક્કો ચંપાએછે તારે બંધે તરફ ઘટટો છાપ પડેછે. એ પરમાંણે એક સીક્કાની ઉપર છા પ પડીઓ કે તે સીક્કો તરત બાહેર પડેછે અને તેની જગાએ તરત બીજો આવીને ઉભો રેહેછે. હાથથી સી ક્કા મેલવાની અગત પડતીજ નથી. એક છપાયો કે તે નીકલીઓ, અને બીજો તેની જગા ઉપર આવેલો જછે. એ પરમાણે ઘણા ઈસકરૂ સીક્કા છાપવાનાં કાંમ સર આ ઓરડામાં કાંમમાં લગાડેલાછે, અને જે જ હડપથી તાંહાં કાંમ ચાલેછે, તે જોઈને આપણે અચરત થાઈએ છઈએ. દર એક કલાકમાં પાંચથી છ હજા ર સીક્કા એ પરમાંણે તઈઆર થાએછે. આ પરમાણે ટંકશાળમાં સીક્કા તઈઆર થાએછે, તેની ઉપર રાંણી ની તરફથી કેડવેલા ટચ કાહાડનારની તરફથી તપાસ થયા વગર તેમને બાહેર પાડીઆમાં આવતા નથી. રાંણીની તરફનાં ટચ કાહાડનારની તપાસ થયા પછી દર એક વખત છપાએલા જડા મથેથી એક સીક્કો જુ ડો પાડી તેને એક કોથલીમાં નાંખેછે, અને તેની ઉપર તરણ સીલ મારીઆમાં આવેછે, તથા જે બાકસમાં તેને મેલીઆમાં આવેછે, તેને તરણ તાલાં મારીઆમાં આવેછે, તેમાંની એક કુંચી ટંકશાળનાં વડાની પાશે, બીજી કુંચી રાંણીનાં ટચ કાહાડનાર પાશે અને તરીજી કુંચી "ચાંનસેલર આવ ધી એકસચેકર" પરધાંન પા શે રેહેછે. તે સીક્કો પછી "વેસટમીનસટર આબી" નાં દેવળનાં એક ઓરડામાં ઉપલા પરધાંન અને (ગો લડસમીથ કંપની) સોનીઓની કંપનીનાં બે અધીકારીઓની હજુરમાં ફરીથી તપાસીઆમાં આવેછે.

એ ટંકશાલનો હેવો ધારોછે કે વેપારી જેટલી નગદી મોકલે તેટલો સીક્કો વગર ખરચે તેને પાડી આ પવો. સને ૧૮૫૭ નાં સાલમાં એ ટંકશાલ મથે પાંઉડથી તે પેનસ શુધીનાં પાડેલા જુદા જુદા સીક્કાની કીમત (૫૨૩૫૬૪૧) બાવંન લાખ, પાંતરીસ હજાર, છશો એકતાલીસ પાંઉંડ અથવા પાંચ કરોડ, તેવીશ લા ખ, છપંન હજાર, ચારશો દશ રૂપીઆની થાઈ હતી.

બેંક આવ ઈંગલંડ.

આ બેંકમાં આખાં ઈંગલંડનુ નાંણુ રેહેછે, એટલુંજ નહી, પણ યુરોપખંડનાં ઘણાએક મુલકોનાં નાં ણાની તાંહાં સંભાલ થાએછે. એ બેંક દુનીઆમાં સઉથી મોટી જાણીઆમાં આવેછે. ગરેટ બરીટંનના મો ટા વેપાર અને તાંહાંનાં લોકોનાં ભારી દરવ મુજબ આ બેંકનુ કાંમ ઘણુજ બોહોલુંછે. ઈંગલંડની સરકારનાં ખજાંનચીનું કાંમ પણ એજ બેંક કરેછે. સરકારનાં કર જે વસુલ થાએછે, તે હીંઆંજ રાખીઆમાં આવે છે, તથા સરકારી નોટોનું વીમાન પણ તેનાં ધરાવનારાઓને સરકારની તરફથી એજ બેંકમાંથી આપીઆ માં આવેછે. એ બેંકની ઈમારતની બાહેરની બાંધણી ખુબસુરતછે, અને તેનાં બોહલા કારભાર માફક અં દરની ગોડવણ ઘણી સારીછે. જે ભારી જોખમ એ બેંકમાં રેહેછે, તેને આગથી બચાવ કરવાને વાસતે, તે ની ઈમારત ઘણી ખરી પથરની બાંધેલીછે તથા બીજી હેવી બાંધણી કીધેલીછે, કે આગની અસર તેની ઉપર થા એ નહી. એ ઈમારતની ચાર બાજુની લંબાઇ નીચે જણાવીઆ પરમાંણેછે, તે ઉપરથીજ તેની બોહલાઈનો વી

આર સેહેલથી આવશે. દખણ તરફથી ૩૬૫ ફુટ, ઓતર તરફથી ૪૧૦, ઉગમણ તરફથી ૨૪૫, અને પશ્ચ મ તરફથી ૪૪૦ ફુટછે. અંદર ૯ ખુલ્લા ચોક કીધેલાછે અને આફીસનાં કામસર અને અમલદારોનાં રેહ વાને કીજે પુશકલ ઓરડાછે. વચેવચમાંનો જે સઉથી મોટો ચોકછે, તાંહાં એક ખુશનુમાં બાગ કીધામાં આ વીએાછે, અને તેની વચમાં પાંણીનો એક સોભઇતો કુંઆરોછે. એ મોટી ઈમારતની કીમત વીશે સર જાંન સ્નીત નાંમનાં નાંમીચા એનજીનીઅરનું મત પુછીઆમાં આવીઉં હતું, તારે તેણે હેવું કહેઉં હતું, કે જે એ મ્માખી ઈમારત ભાડે આપીઆમાં આવેતેા તેનાં વરશ દાહાડે (૩૫૦૦૦૦) તરંણ લાખ, પચાસ હજાર રૂપી આનું ભાડું ઉપજે, અને તેનાં રપેર તથા બીજા કામમાં વરશ દાહાડે (૫૦૦૦૦) રૂપીઆનેા ખરચ થાએ.

બેંકને લગતાં દર એક કામનાં જુદા જુદાં ભાગછે, અને એ દર એક ભાગમાં આપણે દાખલ થઈ ઇએછે, તારે તાંહાં મેહતાએાની એક મોટી ફેાજ આપણી નજરે પડેછે. જે ઓરડામાં જાઈએ, તાંહાં મેહતા ઓનુ ટોલું દીશેછે, તેથી એ બેંકનાં બેાહેાલાં કામની આપણને સેહલથી સમજ પડેછે. સઘળા મલીને એ બેંકમાં ૧૧૦૦ શખસ ચાકરીછે, અને તેમાં દર વરશે પાંચશેા રૂપીઆથી તે ૧૨૦૦૦ રૂપીઆ શુધીનાં પ ગારનાં કારભારીએાછે. એએાને પગાર આપવામાંજ બેંકને (૨૫૦૦૦૦૦) પચીસ લાખ રૂપીઆનેા ખરચ છે. એ કારભારીએાના ફાએદાને શારૂ એક પુસતકખાંનુ પણ બેંકને ખરચે એક ઓરડામાં ઉભું કીધેલુંછે.

એક મોટેા ગેાલ ઓરેાછે અને જેની ઉપર આસરે સતાવંત ફુટ વીઆસનેા એક ખુબસુરત ગુંબજ છે તાંહાં વેંહચણી આપવાનું કામ ચાલેછે. જાહરે એ વેંહચણી આપવાનેા વખત આવેછે તારે આ ઓરડા માં થાતી ભીડ જોવા લાએક થાએછે. જે દીવાનખાંનાંમાં એ બેંકનાં ડરેકટરેા બેશેછે, અને જેને "બેંક પા ર્લર" કરી કેહેછે, તે દીવાનખાનુ ઘણુજ ખુબસુરતછે. જે ઓરડામાં નોટેાનાં નાંણા પગાર કરીઆમાં આવેછે, તે ઓરડેા ૭૯ ફુટ લાંબેા અને ૫૦ ફુટ પેાહેાલેાછે.

ઉપર જણાવેલા બે મોટા ઓરડા તથા કારભારીએાનાં કામનાં ઓરડા સીવાએ, એ બેંક જોવા જનાર ને જે ઓરડામાં નગદી રાખીઆમાં આવેછે તે, તથા જે ઓરડામાં બેંક નોટેાનેા જડેા રાખીઆમાં આ વેછે તે, તથા જાંહાં બેંક નોટેા છપાએછે, તે દેખાડીઆમાં આવેછે. એ બેંકમાં જે સુનું લીધામાં આવેછે તે ઘણુ કરીને ૧૬ રતલનાં લાથાનાં આકારમાં લીધામાં આવેછે. એ દરએક લાથાની કીમત ૮૦૦૦ રૂપીઆની થાએછે, અને જેમ આપણા ઘરમાં લાકડાંના ભારા પડેલા હેાએછે, તેમ આ ઓરડામાં હાવા સુનાંનાં લાથા પડેલા આપણા જોયામાં આવેછે. બેંકમાં જે સુનનુ તથા રૂપું આવેછે, તેને તેાલવાને સારૂ ઘણીજ સારી ગેાડવણનાં તરાજુએાછે. એક તરાજુ જે ૫ી૦ બેટ નાંમનાં એક શખસે પેાતાની અકલથી બ નાંવીઉંછે, તેમાં ૫૦ રતલથી ૮૦ રતલ સુધી રૂપાંનાં લાથા તેાલાઈ શકાએછે. સર જાંન બારટંને એક તરા જુ બનાંવીઉંછે તેમાં થેાડા આંઉસથી ૧૮ રતલ શુધી સુનાંનાં સીક્કા તેાલી શકાએછે, તથા બી૦ બેટે એક બીજું તરાજુ બનાંવીઉંછે, તેમાં ૭૨ રતલ શુધી ડાલરેા તેાલી શકાએછે. એક બાલભર પણ ફરક પશાર થા એ નહી તેવાં એ તરાજુએાછે. એ બેંકમાં એક બીજું તરાજુછે તેની ઘણી તારીફછે. વેપારીએા સાવરેન અથવા સુનાંનાં સીક્કા બેંકમાં ભરવા મેાકલેછે, તેમાંનેા કેાઈબી સીક્કેા ઘસાયાથી અથવા વપરાયાથી અથવા બીજાં કેાઈબી કારણુથી હલકેા થાયેા હેાએ, તે તપાસવાને વાસતે ઉપલું તરાજું ઘણુજ કીમતીછે. ૮૦ થી ૧૦૦ સીક્કાની ચેાર એક નલીની અંદરથી મેલીઆમાં આવેછે, તેમાંનેા દરએક સીક્કેા વારાફરતી જહડપ માં પેલાં તરાજુની એક રકાબીની ઉપર આવીને પડેછે, અને જે વજનમાં બરાબર હેાએ, તે એક બાજુનાં વાશંણુમાં પડેછે, અને જે વજનમાં એક બાલ બરાબર પણ કંમતી હેાએ, તે પેાતાની મેલે બીજી બાજુએ એક બીજાં વાશંણુમાં પડેછે. એથી કરીને કાંઇબી મેહનત વગરે હલકા સીક્કા તરત પરખાઈ આવેછે. આ તરાજુમાં એ પરમાણે આખા દાહડામાં ૩૫૦૦૦ સીક્કા તપાસીઆમાં આવેછે. જે સીક્કા વજનમાં ઓ

છા ઉતરીઆ હેાએ તેમને મંડી નાંખીને પેલા વેપારીને તાંહાં પાછા મેાકલીઆમાં આવેછે, તેએા પછી તેને ગાલીને સુનનુ કરેછે. ઉપલા સીક્કા મંડવાનું કામ પણ એક સાંચાથી થાએછે, તેમાં દર મીનીટે ૨૦૦ સી ક્કા મંડાએછે. હલકા સીક્કા તેાલવાનાં ઉપર જણાવેલા જેવાં છ તરાજુછે, તેમાં પાંચ વરશની અંદર (૪૮૦૦૦૦૦) ઉરતાલીસ કરેાડ સાવરેન તેાલીઆમાં આવીઆ હતા. દર વરશે એ પરમાણે બેંકમાં આ સરે (૯૦૦૦૦૦૦) નેવું લાખ સાવરેન જાએછે, તેમાંનેા પા ભાગ હલકા સીક્કા નીકલેછે. રૂપાંનાં સીક્કાની કેાથલીએામાં એકશેા સાવરેનની કીમતનાં સીક્કા ભરીઆમાં આવેછે, અને સુનાંનાં સીક્કાની કેાથરીએામાં એક હજાર સાવરેન નાંખીઆમાં આવેછે, અને પછી તેમને એક મજબુત ઓરડામાં જાંહાં લેાહડાંની કબ ટેાછે, અને જેને તાલાં કુંચીનેા ડાગ નથી, તેમાં મેલીઆમાં આવેછે.

જે ઓરડામાં બેંક નેાટેાનાં જડા રાખીઆમાં આવેછે, તાંહાં નેાટેાનાં બંડલેા જાએ તેવાં ખુનાંએા ની કબાટેાની હાર લાગેલીછે, તેમા સઘળી નેાટેા ભરેલી હેાએછે, અને તેનાં કરેાડા પાંઉંડ થાએછે. એક બેં ક નેાટ દશ લાખ પાંઉંડ અથવા એક કરેાડ રૂપીઆનીછે, તે પણ બેંક જોવા જનારને દેખાડીઆમાં આવેછે.

બેંક આવ ઇંગલંડે હેવેા ધારેા રાખેલેાછે કે, એક વાર એક નેાટ બાહેર જઈ આવી હેાએ, તે નેા ટ ફરીથી બાહેર પાડવી નહી. જે નેાટ એકવાર બાહેર ગઈ અને પાછી આવી, પછી તેજ દીને હેાએ, તે બી તેને રદ કરીઆમાં આવેછે. નંબર આગલથી તે નેાટેાને વચમાંથી કાતરીઆમાં આવેછે, અને તેમ નાં બંડલેા કરી એક ઓરડામાં ગેાડવીઆમાં આવેછે. ગયાં દશ વરશ શુધીનાં હેવાં બંડલેા જારવી રાખી આમાં આવેછે, અને વરશે વરશ એક વરશ આગમજનાં બંડલેા બારી નાંખીઆમાં આવેછે. એ રદ થા એલી નેાટેાને હેવીતેા સારી ગેાડવણુથી રાખીઆમાં આવીછે કે, ગયા દશ વરશની અંદરની તમેાને જે નં બરની નેાટ જોઈએે, તે પેલા દશ વરશની એકઠી થાએલી નેાટનાં જડામાંથી પાંચ મીનીટની અંદર કાઢા ડી આપીઆમાં આવેછે. બેંક આવ ઇંગલંડની નેાટમાં "ફારજરી" અથવા કેાઈ બેાટી બનાંવટ કરવામાં સેહેલથી ફાવે નહી તેવું કરવાને વાસતે આ ગેાડવણ કરેલીછે. બેાટી નેાટ બનાંવનારને શી રીતે ખબર પડે કે, આ નંબરની નેાટ બેંકમાં ગયાથી રદ થએલીછે કે બાહેરછે, તેથી કરીને તેને કેટલેાએક સંધે તેા પેહલલે બેાટી નેાટ બનાંવતાંજ ઉતપન થાએ. નેાટ લઈને નાંણા આપનારા કારભારીએાની હેવી ચાલાકીછે કે, તેએાનાં હાથમાં નેાટ જતાંને વારજ તેએા કહી શકે કે, આ નંબર બાહેરછે કે અંદર આવેલુંછે.

જે જગાએ બેંક નેાટ છપાએછે તાંહાં પણ આપણે કેટલીએક અચરત થવા જેવ ગેાડવણુ જોઈએે છે. નેાટનાં કાગલની બનાંવટ તથા તેમાંનાં "વાટર મારકસ" હેવાછે કે તેવું કાગજ કેાઈ તરકટીઆથી બની શકે નહી. દશ અથવા બાર બેંક નેાટેા એકદંમજ છપાએછે. છાપવાનાં પરેસેા જે સાંચાથી ચાલેછે, તેમાં એવી સારી ગેાડવણુછે કે, એક નેાટ છપાઈ રહી કે તે કાહાડતી વેલાએ તરત પરેસની અંદર તે પછી આવ તી નેાટેાનાં નંબરેા પેાતાંની મેલે બદલાઈ જાએછે, તેથી કરીને દર એક નેાટનાં નંબરેા હાથે મેલવાની જરૂર પ ડતી નથી. એ પરમાંણે એકથી તે એક લાખ શુધીનાં નંબરેા પેાતાંની મેલેજ ફરેછે. એ પરેસમાં બીજી હે વી ગેાડવણેાછે કે, તેમાં દર એક કામ જે થાએછે તેની નેાધ પેાતાની મેલે થાએછે, તેથી તેમાં છપાતી નેાટે માં કેાઈબી રીતનુ કશું તરકટ થાઈ શકતું નથી. દર રેાજ પાંતરીસ હજાર નેાટેા એ પરમાંણે છપાએછે. બેંક માંથી દર રેાજ પાંતરીસ હજાર નેાટેા આસરે દશ લાખ પાંઉંડની કીમતની બાહેર જાએછે, અને પાંતરીસ હજાર નેાટેા ઉપર જણાવીઆ પરમાંણે અંદર આવીને રદ થાએછે.

એ બેંકમાં એક મેાટું ઘડીઆલછે, તે ઘડીઆલની સાથે આખી બેંકમાંનાં જુદાં જુદાં ઘડીઆલેાને પીત લનાં તારની મારફતે જોડેલાંછે, તેથી કરીને જે વખત તે મેાટાં ઘડીઆલમાં દેખાએછે, તેજ વખત બીજાં સઘ લાં ઘડીઆલેામાં માલમ પડેછે.

આખી દુનીઆમાં અધેની આ સઉથી મોટી બેંક પેહલ વેહલાં ૧૬૯૪ નાં સાલમાં સથાપીઆમાં આ વી હતી. ઇંગલંડની સરકારને તે વેલાએ નાંણુ જોઇતું હતું, તેથી એક કંપની એકઠી મલીને (૧૨૦૦૦૦૦) બાર લાખ પાંઉડની થાપંણુ કરીને સરકારને તે રકંમ વીઆજે ઉછીની આપી. બે વરશ પછી તેઓ એ પોતાની અસલની થાપણુમાં વધારો કરી જુમલે ૨૨૦૧૨૭૧ પાંઉડ અથવા (૨૨૦૧૨૭૧૦) બે કરોડ, વીશ લાખ, બાર હજાર સાતશો દશ રૂપીઆની થાપન કીધી. એ બેંકનું કાંમકાજ હાલનાં એક ગવરનર તથા એક ડીપીઉટી ગવરનર અને ચોવીસ ડરેકટરો ચલાવેછે. જેની પાશે ૪૦૦૦ પાંઉડ શુધીનાં શેર હો એ, તેજ ગવરનરનાં હોધા ઉપર થડી શકેછે, અને ડીપીઉટી ગવરનરનાં હોધા ઉપર તથા ડરેકટર થડવાને ૩૦૦૦ અને ૨૦૦૦ પાંઉડની પુંજી શેરમાં જોઇએ.

ઇંગલંડની સરકાર એ બેંકને જેટલી રકમની દેવીછે, તેટલી રકમની કીમતની તથા બેંકમાં જેટલી નગદી હોએ, તેટલી સંખીઆની નોટો ફેરવવાને એ બેંકને સતા આપીઆમાં આવીછે. ઇંગલંડની સર કારને (૭૭૪૦૦૦૦૦૦) સીતોતેર કરોડ ચીઆલીસ લાખ પાંઉંડનુ કરજછે તેનુ વીઆજ (૨૫૦૦૦૦૦૦) બે કરોંડ, પચાસ લાખ પાંઉંડ થયું, તે સરકારને હસાબે આ બેંકમાંથી આપીઆમાં આવેછે. સધળા સરકારી ખાંતાંઓનુ નાંણુ હીંમાં વશુલ કરીઆમાં આવેછે, તથા તેઓનો ખરચ પણ હીંમાંથી આપીઆમાં આવે છે. એ સધળી મેહનતનાં બદલામાં એ બેંકને વરસ દાહડે (૧૨૦૦૦૦) એક લાખ વીસ હજાર પાંઉંડ મલે છે. હુંડીઓ તથા જમાંનત ઉપર એ બેંક (૨૫૦૦૦૦૦૦) બે કરોડ પચાસ લાખ પાંઉંડ શુધી ધીરધાર રાખે છે. સરકારને એકાએક કોઇ મોટો ખરચ આવી પહેછે તારે સરકારની હુંડી પણ એ બેંક વટાવેછે. ખાં નગી વેપારીઓ તથા ગરહસથો અને બીજી બેંકોનું નાંણુ પણ એ બેંકમાં રેહેછે, અને તે રકંમ (૪૦૦૦૦૦૦) ચીઆલીસ લાખ પાંઉંડ અથવા ચાર કરોડ રૂપીઆથી કોઇ દીને ઓછી થાતી નથી. હુંડી અને જમાંનતો ઉપર એ બેંક જે ધીરધાર કરેછે તેમાં આ નાંણુ વાપરેછે તે પારકાં નાંણાની ઉપરજ એ બેંકને વરશ દાહડે (૧૬૦૦૦૦) એક લાખ શાહઠ હજાર પાંઉડ અથવા શોલ લા ખ રૂપીઆ મલેછે. એ બેંક પોતાનાં ભાગી દારોને સેંકડે સાત ટકાની વેંહચણી આપેછે.

ઓટી બેંક નોટ બનાવનારાઓનાં તરકટથી આ બેંકને એકથી વધારેવાર ભારી નુકસાંન ખંમવું પ ડીઉછે. ૧૭૫૮ નાં વરશમાં એક કાપડ વેચનારે એક ખોટી નોટ બનાંવી હતી તેની ઉપર ગુનાંહ સાબેત થયાથી તેને ગરદન મારીઆમાં આવીઓ હતો. રાબરટ આસતલેટ નાંમનાં એક શખસનાં તરકટથી એ બેંકને (૩૨૦૦૦૦) તરણ લાખ વીશ હજાર પાંઉંડનુ અને ફ્રાંનટરાએ નાંમનાં શખસનાં તરકટથી (૩૬૦૦૦૦) તરણ લાખ શાહઠ હજાર પાંઉંડનુ નુકસાંન ખંમવું પડીઉ હતું. એ બેંકની ઉપર એકથી વધારેવાર નાંણાંની તાંન થાઇ હતી, પણ તેની આંટનો બંચાવ સારી રીતે થાયો હતો.

બળવાની વખતે અથવા કોઇબી તેવી અગતની વખતે એ બેંક અધેનાં સધળા કારભારીઓને સીપા ઇ બનાંવવાનો ધારોછે કે જેથી તેઓ બેંકનો બંચાવ કરી શકે, અને તેવાં કાંમને વાસતે એ બેંકનાં એક ઓરડામાં હથીઆરખાંનુ કીધેલુંછે, તે પણ મુસાફરને દેખાડીઆમાં આવેછે.

રાયલ એકસચેનજ.

યુરોપનાં ઘણાખરા મુલકોનાં મોટાં શેહેરોમાં વેપારીઓનાં મેલાપને વાસતે જાહેર મકાંનો બાંધેલાંછે, તે જગાએ એક ઠેડવેલે વખતે વેપારીઓ તથા દલાલો એકઠા મલેછે, અને વેપાર બજાર વીશે તાંહાં ઘણીએક પુછપરછ તથા આમન સામન ખબર મલેછે, તથા ઘણાએક માલનાં વેચાંણ થાએછે. હેવા મકાંનોને "એકસ એનજ" નુ નાંમ આપીઆમાં આવીઉંછે. લંડંનનાં જેવું વેપારનુ બેહોલુ શેહેર કોઇ નથી, તેથી ઉપલી મત

લબને મલતી જે ઇમારત લંડંનમાંછે, અને જેને રાયલ એકસચેનજ કરી નાંમ આપેલુંછે, તે ઇમારત બેંક આ વ ઇંગલંડની પહોસમાં અને લંડંનના વેપાર અને દોલતને લાએકનીછે. જે જગાએ હમણા આ એકસચેનજ છે, તેજ જગાએ તેવીજ કીસમની બે ઇમારત આગલ બંધાઇ હતી. પેહલી ઇમારત રાંણી એલીજાબેથનાં વ ખતમાં સર ટોંમસ ગરેશાંમ નાંમનાં એક વેપારીએ પોતાને ખરચે બાંધી હતી. ૧૬૬૬ નાં વરશની લંડંન અધે થાએલી મોટી આગમાં તે બલી ગઇ હતી. તાર પછી બેજ જગાએ (૬૬૦૦૦૦) છ લાખ શાહઠ હજા ર રૂપીઆને ખરચે ફરીથી એકસચેનજ બાંધી ૧૬૬૯ નાં વરસમાં હુંગાઠીઆમાં આવી હતી. ૧૮૩૮ નાં સાલમાં ફરીથી આગ લાગાથી તે ઇમારતનો નાંસ થયો હતો. એ બનાંવ પછી આસરે ચાર વરસે ફરીથી એ કસચેનજ બાંધવાનું શરૂ થયું હતું, અને ૧૭ મી જાંનેવારી ૧૮૪૨ ને દીને પરીનસ આલબરટે તેનો પાયો નાંખીઓ હતો. તરણ વરસની ટુંકી મુદતમાં તે ઇમારત પુરી થાઇ હતી, અને તેને બાંધવાનો ખરચ (૧૮૦૦૦૦) અઠાર લાખ રૂપીઆ થાયો હતો. તારીખ ૨૮ મી અકટોબર ૧૮૪૪ ને દીને નાંમદાર રાંણી વીકટોરીઆએ ભારે દમામ તથા કીરીઆ સાથે એ ઇમારત હુંગારી હતી. એ વેલાએ લારડ મેએર તથા આ લડરમેનો અને શેહેરનાં બીજા અધીકારીઓ પોતાનાં મોટા પોશાકો સાથે રાંણીનાં રશાલા સાથે મલીઆ હ તા, અને તે વેલાએ ઘણોજ સોભઇતો દેખાવ થાયો હતો. એ ઇમારત અધે જે મોટો ખુલ્લો ચોકછે, તાંહાં નાંમદાર રાંણીએ પોતાનાં પરધાંનો તથા બીજા સેંકરો અમલદારો વચે ઉભી રહીને કહું કે "માહરી ખુશી અ ને હોકંમ હેવોછે કે, આ ઇમારતને "રાયલ એકસચેનજ" તુ નાંમ આપવું." રોમ અધે પાંનથીઅંનતી નાંમી થી ઇમારતછે તેની નકલ કરીને આ ઇમારત બાંધેલીછે. તેનો પાયો કેટલીએક જગેથી ૧૮ ફુટ પોહોલોછે અને આખી ઇમારત પોરટલંડનાં પથરની બાંધેલીછે. એ ઇમારત તરણુંશો આઠ ફુટ લાંબી અને ૧૭૫ ફુ ટ પોહોલીછે. તેમાં પશચમ તરફથી દાખલ થવાનો દરવાજોછે તાંહાં એક ઘણોજ ખુબસુરત પોરટીકો કાહાડે લોછે, તે ૯૬ ફુટ પોહોલો અને ૭૪ ફુટ ઉંચોછે. તેની હરોલમાં આઠ સોભઇતા થાંભોછે તે દર એક થાંભ નો વીઆસ ૪ ફુટ બે ઇંચછે. થાંભાની ઉપર ચુનાનાં પથરની બાંધણીછે અને તેની ઉપર ૧૭ આકાર કો તરેલાછે. વચેવચમાંનો આકાર વેપાર બતલાવેછે, તેની પાસે દરા ફુટ ઉંચુ વેપારનુ તાનછે, અને તેનાં હાથ માં એકસચેનજનો સનદછે. તેની જમની બાજુ ઉપર તરણ બરીટીશ વેપારી દાખલ લારડ મેએર, આલડ રમેન અને કાંનસલમેન પાહેલાછે, તથા બીજાં દેશનાં વેપારની નીશાંણ દાખલ, એક હીંદુ, એક મુસલમીન, એક ઇઉનાંની અને એક તુરકી વેપારી પાહેલાછે. દાબી બાજુએ બે બરીટીશ વેપારી, એક ઇરાંની, એક ચી નો, એક મુસલમીન ખલાસી એક બરીટીશ ખલાસી, એક સુપરકારગો, અને એક શીખી પાહેલોછે. બંધે બા જુનાં ખુનાંઓમાં લંગરો તથા ગાંસડીઓ અને પીપો પાહેલાંછે. આ સધલા આકારો લંડંનનો બોહોલો વે પાર બતાવેછે. આ ઇમારતની તરણ બાજુ તરણ રસતા ઉપર આવીઆથી ખુલ્લીછે, અને તે સધલી સોભ ઇતી બાંધણીનીછે. ઉગમાંણની બાજુ ઉપર બાહેરથી એક કીમતી ઘડીઆલછે તે વખત દેખાડવામાં ઘણુજ બ રાબરછે. એ ઘડીઆલનાં કાંમની સાથે ઘંટોની મારફતે રાગ વજાડવાની પણ ગોઠવણછે, તેમાંથી થેડવેલે વ ખતે સુંદર રાગો નીકલેછે.

ઉપલા પોરટીકોમાં થાઇને રાએલ એકસચેનજમાં દાખલ થવાનાં વચે વચમાંનાં બારણાની ઉપર પાદ શાહી અલમતો પાહેલાંછે. બારણાનો દરવાજો લોહોડાંનોછે. તેની ઉંચાઇ ૨૨ ફુટ, ૬ ઇંચછે અને પોહો લાઇ ૧૧ ફુટ, ૪ ઇંચછે. આ બારણામાંહેથી આપણે એક મોટા હાલમાં જાઇએછે. એ હાલ અધેનો વચે વચમાંનો ભાગ ખુલ્લોછે અને ચારે બાજુથી ફરતી સીલીંગછે, તેની ઉપરનો સણગાર શારોછે. ચોક અને આ ઢાંકેલા ભાગને સોભઇતાં થાંભો તથા આરકાંથી છુટા પાહેલાછે, તેથી આખા હાલનો દેખાવ ઘણોજ સા રો લાગેછે. ચોકની વચે વચમાં નાંમદાર રાણીનું એક સંગેમરમરનુ પુતલુંછે, અને હાલનાં બે ખુનાંઓમાં

રાંણી એલીજાબેથ અને પાદશાહ બીજા ચારલસનાં પુતલાંછે, કાંએજે આગલ જે બે ઈમારત બલી ગઈ હતી તે તેઓનાં રાજમાં બંધાઈ હતી. આ હાલનાં ચાર ખુનાંમાં એડવરડ ધી કંનફેસર તથા તરીજા એડવરડ, ત થા રાંણી એલીજાબેથ અને પાદશાહ બીજા ચારલસનાં અલમતો કોતરેલાંછે. દીવાલની ઉપર યુરોપનાં બીજા દેશોનાં અલમતો કોતરેલાંછે. હીંચાં પાછલા પોહોરના વેપારીઓ તથા દલાલો વેપાર વનજની ખબર અંતર ને વાસતે એકઠા મલેછે, અને તે વેલાએ થાતી ભીડ આ શેહેરનાં મોટા વેપારની એક નીશાંણ બતાવેછે.

આ ઈમારતના પેહલા માલ ઉપર લાએડવાલી નાંમીચી વીમાની આફીસ, તથા બીજી બે વીમાની આફીસોછે. કોઈબી વેપારીએ લાએડનું નાંમ સાંભલીઉ નહી હશે, હેવું નથી. લંડનનો દર એક વેપારી તથા દલાલ લાએડનાં "એક્સચેનજ" માં દરમાહેએા આપીને સાંમેલ થાએછે. લાએડનાં એક્સચેનજમાં વેપારની તથા વાંહાંણુની સઘલી ખબરોનાં સઉથી ઉતાવલા સમાચારો મલેછે. એ કંપનીની આફીસમાં જવાનો દરવાજો ઉગમણુ તરફથીછે. ઉપર જવાનો દાદર પથરનો અને ઘણો સોભઈતોછે. એક એક પગતીની લંબાઈ ૧૪ ફુટછે અને દરએક પગતી ગરાનીટનાં આખા પથરનીછે. દાદર ઉપર ચહડી રહા કે પરીનસ આલબરટનું સંગેમર મરમાં એક પુતલુ આપણા જોયામાં આવેછે. લંડન ટાંઈમસનાં નાંમીયાં પતરે ૧૮૪૨ નાં વરશમાં એક મો ટું તરકટ હુંગાડુ પાડીઉં હતું, અને જેથી વેપારીઓનાં હકમાં ઘણો ફાએદો થયો હતો, તે બનાંવની યાદ ગારીમાં અને ટાંઈમસને માંન તરીકે ઉપલા બનાંવનાં બધાંનની એક તકતી આ દાદર આગલની દીવાલ ઉ પર મારીઆમાં આવીછે. પરીનસ આલબરટની શોડે જે બીજું પુતલું જોયામાં આવેછે તે મી૦ હશકીસંનનું છે. એજ જગાએ મી૦ જાંન લીડેકદ નાંમનાં ગરહસથે નાંચાર ખલાસીઓનાં ફાએદાને વાસતે (૫૮૦૦૦) પાંચ લાખ, હેંશી હજાર રૂપીઆની એકરકમ ધરમ ખાતે આપી હતી, તેની યાદગારીમાં એક પુતલુંછે. લાએ ડનાં હસતકમાં તરણ મોટા દીવાંનખાંનાંછે તેમાં સભસકરાઈબરસ રૂમ, વેપારીઓનો ઓરડો, અને કપતાંન નો ઓરડો. પેહલલો ઓરડો ૧૦૦ ફુટ લાંબો અને ૪૫ ફુટ પોહોલોછે. એ ઓરડાનાં સગલા લાલ મેલવવા ને જે સાંમેલ થાએછે, તેને વરસ દાહડે ૪૨ રૂપીઆ આપવા પડેછે. એ ઓરડામાં વાંહાંણોની પોંહોચ, તથા ભાગની તથા બંચેલા માલની અને વાંહાંણોને લગતી બીજી સઘલી ખબરો જે દેશેદેશથી અને ગાંમેગાંમથી લા એડનાં આડતીઆઓની મારફતે આવેછે, તે દીવાલો ઉપર ચોહોટાડીઆમાં આવેછે. એ ઓરડાની અંદર હ વાની ખબર રાખનાંર ઈંતર " એનાંમીટર " ની એક ઘણીજ સારી ગોઠવણુછે. એક્સચેનજનાં છાપરાં ની ઉપર એક મોટો ડોલછે, અને તેની ઉપર પવનચકીનાં આકારનો એક મોટો પંખોછે, તેની સાથે જહેલી એક ધાતુની પલેટ હેવી રીત મેલેલીછે, કે તેનુ મોહડું પવનની સાહાંમણે રેહે. આ પલેટની સાથે કમાંનો જહેલીછે, અને એ કમાંનોની સાથે જોડેલા ધાતુનાં સલીઆ પેલા ઓરડાની દીવાલ ઉપર ઉતારીઆમાં આ વીઆછે, અને તેની સાથે પેનસીલો જોડેલીછે. દીવાલની ઉપર કોરા કાગલો ચોહોટાડેલાં હોએછે. ઉપર પેલા સલીઆ મધેની પેનસીલો, ઘડીઆલનાં જેવા કાંમની ગોઠવણુથી, પેલા કાગલની ઉપર ફરેછે, અ ને તેથી પવંતનો મારગ નોધાએછે. જારે પવંન ઘણો જોરમાં હોએછે, અને પેલી છાપરાં ઉપરની પલેટ ઉપર વાગેછે, તારે તેની સાથે જડેલી કમાંન દબાએછે, અને તે કમાંન ડબાયાથી પેલા સલીઆ નીચે ઉતરેછે, અ ને દેવાલની ઉપરનાં કાગજ ઉપર પેલી પેનસીલથી લીટી પડેછે, તેથી માલંમ પડેછે કે પવંન જોરમાં ફુંકેછે. પે લાં કોરાં કાગલની નીચે એક બીજી પેનસીલ ફરેછે તેની મદદથી પડતી લીટીઓ પવંન કહી તરફનોછે તે બતાવેછે. જે કાગલની ઉપર આ પરમાણે લીટીઓ પવંનનુ જોર તથા ફરવું દેખાડેછે, તે કાગલની ઉપર ચોવીસ ચોરસ ખુનાં પાડેલાંછે, અને પેનસીલો જે ફરેછે, તે દર એક કલાકે એક એક ચોરસમાં ફરી રેહેછે, તેથી કરીને દર એક કલાક માં પવંનનુ ફરવું તથા જોર કેહવું હતું, તે જુદું જુદું માલંમ પડેછે. એ મતલબ પેલા સલીઆની સાથે ઘડીઆલ ની ગોઠવણ જોડેલીછે તેથી પારપડેછે. આ ઓરડામાં "રેન ગેજ" પણ ઉતારીઆમાં આવીછે, તેથી દર રોજ કે

ટલો વરસાદ પડેછે તેની નોધ પણ તાંહાં થાએછે. આ ઓરડાનો લાભ લેવાને ૧૯૦૦ સભસકરાઈબરોછે અને તે ઓરડાનાં માંથા ઉપર એક બીજો ઓરડોછે, તાંહાં મોટા નકશા તથા ચારટોછે. વેપારીઓનાં ઓરડામાં એક ઉપરી હોએછે, તે હમેશાં ઘણીખરી ભાશા જાંણેછે. એ ઓરડામાં આગલા ઓરડા મધેની વાંહાંણુ ત થા બીજી ખબરોની નોધોની નકલો હોએછે, તથા દુનીઆનાં ઘણાખરા ભાગોનાં વરતમાન પતરોની ફાઈલછે. એ ઓરડાનો લાભ મેલવવાને વાસતે વરશ દાહડે ૨૧ રૂપીઆ આપવા પડેછે. કપતાંનનાં ઓરડામાં વેપા રીઓ વાંહાંણુનાં કપતાંનો સાથે મલેછે, તથા તાંહાં વાંહાંણોનાં વેચાંણુ થાએછે. એ ઓરડાનો લાભ મેલવવા ને વાસતે દર વરશે ૧૦૦ રૂપીઆ આપવા પડેછે.

પોસટ આફીસ.

લંડનની પોસટ આફીસ એક અચરત સરીખુ કારખાંનુછે. કરોડો કાગલો મેલવવાં અને તેમને ઘટ ટી જગાએ પોંહોચાડવાની જે ગોઠવણુ તાંહાંછે, તે જોયાથી આપણને અચરતી ઉપજેછે. આ પોસટ આફી સનો જે હવાલ નીચે આપીઆમાં આવીઓછે, તે ઉપરથી વાંચનારની ખાતરી થાશે કે, એ ખાતું જોવા લાએકછે.

લંડનની સઘલી જાહેર તથા સરકારી ઈમારતો બાંધવામાં તેમની બાહેરની ખુબસુરતી તથા અંદરની સારી ગોઠવણ ઉપર ખરચની કસુર રાખીઆમાં આવી નથી, તેજ મીશાલે પોસટ આફીસ વીશે પણ કહી શ કાએછે. જેમ તેનો બાહેરનો દેખાવ સારોછે, તેમ અંદરનાં ભાગમાં લાખો કાગલોને તેમની ઘટટી જગાએ પોંહોચાડવામાં તથા તે કાંમમાં ગુતેલા હજારો આદમીઓને કોઈબી રીતની અડચણ નહી પડે, તથા તેઓ ની તબીઅતમાં બીગાડો નહી થાએ, તેવી ગોઠવણ કરીઆમાં આવીછે.

આ પોસટ આફીસની ઈમારત બાંધાવાનુ કાંમ ૧૮૨૫ નાં સાલમા શરૂ કીધામાં આવીઉં હતું તે ૧૮૨૯ માં પુરૂં થાયું હતું. તેનાં આગલા ભાગમાં સોભઈતા તરણ પોરટીકો કાહાડીઆમાં આવીઆછે, અ ને હારેદોર સોભઈતા થાંબાથી બાહેરનો દેખાવ ખુબસુરત કીધેલોછે. વચલા પોરટીકોની અંદરથી જવાનાં બા રણાનાં માંથા ઉપર સારી કળાનુ એક ઘડીઆલછે, જેની ઉપરનો વખત રાતને વેલાએ તેની ઉપર પોતાની મેલે થાતી રોશનીની મારફતે દેખાએછે. વચલા બારણાની અંદરથી આપણે એક મોટા હાલમાં જાઈ શકી એછ કે જે ૮૦ ફુટ લાંબો અને ૬૦ ફુટ પોહોલોછે. એ હાલમાં તરણ બારીઓની અંદર ઈંગલંડનાં તથા બાહેરનાં મુલકોનાં કાગલો તથા વરતમાંન પતરો લીધામાં આવેછે. તેની દખણ દશાએ લંડનમાં પોંહોચાડ વાનાં કાગલો લીધામાં આવેછે. નહી જડનાંર ઘણીઓનાં તથા પાછાં આવેલા કાગલોની આફીસનાં ઓરડા તથા સકરેટારી અને બીજા અમલદારોની આફીસનાં ઓરડા હલાએદાછે. સઘલી ગોઠવણ હેવીછે કે કોઈબી તરેહનો ગભરાટ ઉડે નહી. પોસટ આફીસમાં જે સઉથી સરસ દેખાવ જોવાનોછે, તે શુકરવારે દીને સાંહાંજ નાં ઉપલા હાલમાં થાએછે. પોસટ આફીસ જોવા જનારે શુકરવાર એટલા સારૂ લેવો જોઈએછે, કે લંડનમાં દર અડવાડીએ પરગટ થનારા ઘણાખરા વરતમાંન પતરો સનીવારની તારીખ ધરાવેછે, પણ શુકરવારને દી ને પાછલા પોહોરનાં છપાઈને પોસટ આફીસમાં જાએછે, કે જેથી તેમનાં ધરાકોને સનીવારને દીને મલી શ કે. એ કારણ ઉપરથી શુકરવારને દીને આ આફીસમાં સઉથી વધતી ભીડ થાએછે. આ હાલની ઉપર જે મારા આવેલોછે, તાંહાં ઉભા રહાથી આ જગાએ બનતો દેખાવ ઘણોજ રમુજ નજર આવેછે. કાગલો ત થા વરતમાંન પતરો નાંખવાની જુદી જુદી હારેદોર બારીઓછે. પાંચ અને છ વાગતાંનાં વખતની અંદર સ ઘળાં વરતમાંન પતરોની આફીસમાંથી ગુણનાં મોટા કોથરા ભરાઈને આવેછે. એ કોથરાઓ શુધાં તે પ તરો પેલી બારીની અંદર નાંખીઆમાં આવેછે, અને જેમ એક જગાએ પેહેલે જવાને વાસતે લોકો એક એ

કને આચકા મારેછે, તેમ આ હેલકરીઓ પોતાનાં માંથા ઉપરનાં વરતમાંન પતરના કોથરાઓ નાંખવાને સા રૂ બારી આગલ આવવાની જહડપ કરેછે અને કોથરાની ઉપર કોથરા પડેછે, તે એટલા શુધી કે, તેમને ખી સાડવાને સારૂ બારીની અંદર કેટલાએક માંણસો લાગેલાં રેહેછે. પેલા કોથરાઓ ઉપર દરએકની આફીસનાં નાંમ હોએછે, તે નાંમ ઉપરથી બીજે દીને તેઓ તાંહાં જઈને પોતાનાં કોથરા તપાસી લીએછે. એજ પરમા ણે કાગલની બારીઓ ઉપર પણ ઘણોજ જોવા લાએક દેખાવ થાએછે. એ બારીઓમાં એટલાંતો જહડપમાં કાગલો પડેછે કે, દર એક અથવા બે મીનીટે કાગલોનો મોટો જહો થાએછે. તાંહાં એક આદમી ઉભેલું હો એછે, તે આપણા રસતાઓ ઉપર નેતરની જાહડુથી કચરો સાફ કરીઆમાં આવેછે, તેવી મોટી જાહડુ લઈ ને ઉભો રેહેછે, અને દર મીનીટે કાગલોનો મોટો જહો થયાથી તે જાહડુથી તેમને એકડાં કરી નેતરનાં મોટા ટોપલાઓમાં નાંખેછે. એ પરમાંણે આવીને પડતાં કાગજો તથા વરતમાંન પતરોનો થોડા થોડા વારમાં બં નતો જહો જોયાથીજ આપણને લંડનનાં લોકોનાં કાગલ પતરનાં વેહવાર વીશે ઘણો મોટો વીચાર ઉતપન થાએ છે. ખચીત એ વખતે હીંચા હેવોતો રમુજી દેખાવ થાએછે કે, જેઓ દર રોજ કાગલો તથા પતરો નાંખવા પોસટ આફીસમાં જાએછે, તેઓ પણ હંમેસ થોડી મીનીટ આ તમાસો જોવાને સારૂ લલચાઈને ઓટી થાએછે. એ બારીઓ ઉપર હેવી ગોઠવણ કરેલીછે કે, જે વખતે પોસટ બંધ થવાનો હોએ તે વખતે તાંહાં પરદા પડી પોતાંની મેલે બંધ થાએછે, અને જે ઘણી મોડો આવે તે નાંસીપાસ થાઈ પાછો જાએછે.

સઘળાં કાગલો તથા પતરો એકડા થયાં કે તેમને ઘટતે થેકાંણે મોકલવાની સઘળી ગોઠવણ કરવાની જુદી જુદી જગાએ કીરીઆ થાએછે. દર એક બાર જુદાં જુદાં કામને વાસતે રાખેલોછે. એ દર એક બા ર ઉપર જવાનુ તથા કાગલો પોંહોચાડવાનુ કાંમ ઈચારીઓ કે જે સાંચાથી ઉંચકાએછે તથા નીચે ઉતરેછે, તે ઓની મદદથી બનેછે. ભોંએતલીએ જે હાલ છે તેની અંદર લોહોડાંની સડકછે, તેથી કરીને એક ભાગમાંનો સામાંન બીજા ભાગમાં તે સડકની મારફતે પોંહોચાડીઆમાં આવેછે. આ ઈમારતને ગરમ રાખવાનો સાં ચો પણ તે ભોંએતલીઆંમાંછે.

કાગલો તથા વરતમાંન પતરો ઉપર જે સ્ટાંમપ અથવા ટીકીટ હોએછે, તે છેકવાનો ધારોછે, તેમ કરવા ને વાસતે સને ૧૮૫૮ નાં વરશ શુધી ૨૦, આદમીઓ કાંમ લાગતાં હતાં, અને તેઓનુ કાંમ એજ હતું. એએાએ પોતાનાં કાંમમાં એટલી ઝડપ મેલવી હતી કે, દર એક જણ દર કલાકમાં ૩૫૦ કાગલ ઉપરની ટી કીટ છેકતા હતા, પણ હમણા એક સાંચો બનાંવીઆમાં આવીઓછે તેથી કરીને દર એક કાગજ ઉપરની ટી કીટ તેમાં છેકાએછે, અને તેથી કરીને હાથથી જાંહાં સેંહકડો કાગલ ઉપરનાં સ્ટાંમપ છેકાતા હતા, તાંહાં હ મણા હજારો છેકાએછે, અને એથી કરીને પોસટનાં બીજા કાંમમાં કેટલોએક વધતો વખત મલીએાછે. એ કીરીઆ થયા પછી દર એક કાગલ કાંહાં જવાનુંછે, તેની તપાસ થાએછે. લંડનથી ગાંમેગાંમનો પોસટ જુદા જુદા રેલવેથી જાએછે, તેથી કરીને ગાંમો ઉપરથી જે જે રેલવેની મારફતે કાગલો રવાંનાં કરવાનાં હોએ, તે પ રમાણે જુદાં પાડીઆમાં આવેછે. રેલવેની મારફતે જતાં કાગલો થડેઆથી, તે રેલવેથી જતાં જુદાં જુદાં શેહે રોનાં કાગલો છુટાં પાડીઆમાં આવેછે, અને તાંહાં વલી તે કાગલો ઉપર તેમનાં વજન મુજબ ઘટતો સ્ટાંમ પછે કે નહી, તે પણ તપાસીઆમાં આવેછે. એ કાગલ તોલનારાઓને પોતાનાં હાથમાં એટલી અજમાંસ આવીછે, કે સર સર કાગલ નાંખતાંજ તેઓ જાંણેછે, કે આ કાગજ ઉપર બરાબર ટીકીટછે કે નહી, અને કો ઈવાર તેને શક પડેછે તારે તરાજુ સાંહાંમને હોએછે તેની મદદ લીએછે.

એ પરમાણે દરએક શેહેરનાં કાગજો જુદાં પાડીઆ પછી તેમને ફંતતાંતનાં મોટા કોથરાઓમાં બાંધી આમાં આવેછે, અને તેની ઉપર શેહેરનુ નાંમ લખી સીલ કરીઆમાં આવેછે. એવા દર રોજ આસરે ૮૦૦ કોથરા થાએછે. એ કોથરાઓને દરએક માલ ઉપરથી રસતા ઉપર ઉભેલાં ગાડાંમાં મોકલવાનો અલાજ ધ

ણો સેહેલથી કીધેલોછે. દીવાલની અંદરથી ઘેડાવનાં આકારમા એક ગોલ જગા બાંધી લીધેલીછે, તેમાંથી તે કોથરાઓ શેરવી નાંખીઆમાં આવેછે અને આ મોટી નલીનું મોહડું બરાબર ગાડું ઉભું રહી શકે તાંહાંછે, તેથી તે કોથરા આબાદ તાંહાં આવી પડેછે. તાહર પછી ગાડાં દરએક રેલવેનાં મથક ઉપર જાએછે. એ પરમા ણે દર રોજ લાખો કાગલો તથા વરતમાંન પતરો પોસટ આફીસમાં એકઠાં થયા પછી બે અથવા તરણ કલા કની અંદર પોતાંને મારગે જતાં થાએછે, એથીજ લંડંતની પોસટ આફીસની ઝડપ વીશે વાંચનારને સમજ પડશે. વડી પોસટ આફીસ તથા લંડંતનાં જુદા જુદા ભાગમાંની પોસટ આફીસો મલી ૩૨૦૦ આદમીઓ લંડંતનાં રેહેવાસીઓની શેવા બજાવવામાં ગુતેલાંછે.

લંડંતમાં કાગલોથી સંબંધો ચલાવવામાં લોકોને આ પોસટ આફીસની ગોઠવણથી ઘણી સારી મદદ મલેછે. લંડંતનાં એક ભાગમાંથી બીજા ભાગમાં મોકલવાનાં કાગલો પણ પોસટ આફીસમાંજ નાંખીઆમાં આવેછે, કાંએજે એ મારગથી કાગલો તેમનાં ઘણીને સઉથી વેહલાં અને બરાબર પોંહોચેછે. આપણા મુલ કમાં ચાકરો તથા સીપાઈઓ પાસે આપણે કાગલો મોકલીએછે, તેવી ચાલ લંડંતમાં ઘણીજ જુજ હશે, અ થવા મુતલગ નથી. લંડંતમાં કાગલો લેવાની જગાને સારૂ, ઉપર જણાવેલી પોસટ આફીસ એખલીછે, એમ નહી સમજવું. એ મોટી પોસટ આફીસનાંસેંહકડો બચાં તથા કચાં લંડંતનાં ભાગમાં વેંહેચાએલાંછે. લં ડંતનાં દરએક ભાગમાં નાંખલી પોસટ આફીસછે, એટલુંજ નહી, પણ પોસટનાં કાગલો નાંખવાનાં થાંમે થાં ભ થાંભાછે, તથા બબે તરણ તરણ મોહલ્લાને આંતરે દુકાંનદારોને તાંહાં તેની દુકાંનનાં બાહેરનાં ભાગ ઉપ ર પોસટનાં બાકસો રાખીઆમાં આવેછે, તાંહાં લોકો પોતાંનાં કાગલો નાંખેછે. એ પરમાંણે આખાં લંડંત શેહેરમાં પોસટનાં કાગલો લેવાને સારૂ સઘળાં મલીને આસરે ૪૦૦ મકાંનછે. હીંચાંથી બબે અથવા તર ણ તરણ કલાકે કાગલો લઈ જઈને, તેમની ઘટટી જગોએ પોંહોચાડીઆમાં આવેછે. લંડંતમાં વેંહચ વાનો પોસટ દીવસમાં દશ વખત કાહાડીઆમાં આવેછે. પેહલલી વેંહચણી સવારનાં ૮ વાગતે થાએછે, બીજી વેંહચણી ૧૦ વાગતે અને તરીજી વેંહચણી ૧૨ વાગતે; તાહર પછી ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૮ વાગતે થાએછે. હાવી ગોઠવણથી જે શખસે ઉપલી વેંહચણીનાં વખતની થોડો વખત આગમજ લંડંતનાં હરેક ભાગમાં રેહેનારા પોતાનાં હોસત ઉપર પોંહોચાડવાનો કાગજ મુખીઆ અથવા વડી પોસટ આફીસ માં મોકલીઓ હોએ, તે કાગલ એક અથવા બે કલાકની અંદર પેલા શખસને પોંહોચેછે. સાખા પોસટ આ ફીસ મધેનાં કાગલ એકઠાં થાઈને વડી આફીસમાં જાએછે, અને તાંહાંથી વેંહચાવાને બાહેર પડેછે, તેથી તેને જરાક વધતો વીલંબ લાગેછે. પણ જો વડી પોસટ આફીસમાં કોઈ શખસે સવારનાં આઠ વાગતાંમાં કાગ લ મોકલીઓ હોએ તો, દશ વાગતાંમાં તે કાગલ તેનાં મીતરને મલે, અને જો તે શખસ તેનો ઉતર અગી આર વાગામાં મોકલે, તો તે જવાબ પેલા શખસને બાર વાગતાંની અંદર પાછો મલે. લંડંતનું શેહેર ૮ મા ઈલ લાંબુ અને ૬ માઈલ પોહોળુંછે, તાંહાંનાં હરેક ભાગમાં લખેલાં કાગલનો આ પરમાંણે જલદીથી જવા બ ફરી વલે તે અચરત શરીખુંછે, અને એથી કરીને એ શેહેરમાં કાગલનો સઘળો વેહવાર પોસટ આફીસ ની મારફતેજ થાએછે. કાગલો વેંહેચવામાં એક બીજી ગોઠવણ ઘણી સારી રાખેલીછે. વેંહચનારાઓને થે ડવી આપેલા દરએક લતા ઉપર જવાને સારૂ ઉતાવલી ચાલનાં ઘોડાની હલકી ગાડીઓ હોએછે, તેમાં ૧૪ આદમીઓ પોતાનાં કાગલોનાં કોથરા સાથે બેશી શકેછે. હેવી સેંહકડો ગાડીઓ વડી આફીસ આગલથી ઉપર જણાવેલે વખતે નીકલેછે. ગાડીઓમાંથી ઉતરવાનુ બારણુ પાછલી ગંમથી હોએછે, અને જેમ લતા પે હલલા આવતા હોએ, તે પરમાંણે તે વેંહચનારાઓ બેશેછે, કે જેથી કરીને ઉતરતી વેલાએ કોઈને ખીસવું પડે નહી. એ ગાડીઓ ઘણી ઝડપમાં જાએછે, અને ઉતરવાની જગાએ એક કડું હોએછે, તે કમાંનથી ખેં ચાઈ શકાએછે, તે ધરીને દોડતી ગાડીએ જેનો લતો આવીઓ હોએ તે ઉતરેછે. ઉપલાં કડાંથી પેલો દોડ

તી ગાડીએ ઉતરનાર પડતો નથી, કાંએજ તેને ઉતરતાં જે વખત થાએ તેમાં પેલુ કહું બેંગાયાથી તેનાં હા થમાંજ રેહેછે, અને તેણે તે છોડી દીધા પછી પાછું અંદર બેંચાએછે.

ગરેટ બરીટંનનાં બીજા શેહેરો મધેથી લંડન ખાતે આવતાં કાગલોને તેમનાં ધણીઓને તાંહાં વેહલાં પોંહોચતાં કરવાની એક બીજી ગોઠવણ ઘણી સારી કીધામાં આવીછે, તે એછે જે, જે શેહેરથી તે કાગલો આવેછે, તેજ શેહેરની પોસટ આફીસનાં કારભારીઓ લંડનનાં જુદા જુદા ભાગનાં કાગલો છુટા પાડી તેમની જગા પરમાંણે બંડલ બાંધેછે. જાંહાં એમ નથી બંનતું તાંહાંનાં કાગલો આગની ગાડીમાં આવતાં વખત થા એછે તે વખતમાં પોસટ આફીસનાં કારભારીઓ આગની ગાડી ઉપર રાખેલા હોએછે, તેઓ કરેછે. લંડનમાં દર રોજ વેંહચવાને સારૂ બીજા શેહેરો ખાતેથી આવતાં મોટા નઠા મધેનાં દોહડ લાખ કાગલો એ પરમાંણે બાહારો બાહેર છુટાં પાડીઆમાં આવેછે. એથી કરીને એમ સવલ પડેછે કે, લંડનમાં જેવાં કાગલો આવી આં કે તે બંડલો લઈને પોસટનાં માંણશો વેંહચવા નીકલી પડેછે. એજ મીશાલે ગરેટ બરીટંનનાં જુદાં જુદાં શેહેરો ખાતે તેમનાં અગતપણા મુજબ જરૂરની સારી ગોઠવણો રાખેલીછે. ગરેટ બરીટંનમાં જાંહાં જાંહાં લો હોડાંની સડકે ફેલાવો કીધોછે, તાંહાં પોસટ આફીસનાં સતાવાલાઓએ પોતાનાં પાકીટો મોકલવાને સારૂ તેની કંપનીઓ સાથે બંદોબસત કીધેલાછે, અને એથી કરીને ગરેટ બ્રીટંનને એક નોંકેથી બીજી તાંકે શુધી કાગલ પતરો ઘણાજ ટુક વખતમાં મોકલી શકાએછે. લંડન અને એડીનબરો વચે ૩૦૦, માઈલનો તફાવતછે, પ ણ લંડનથી સોમવારે સાંહાંજનાં લખેલાં કાગલનો જવાબ આપણને બુધવારે મલી શકે. જાંહાં જાંહાં રેલવે નથી તાંહાં ઘોડાની ગાડીઓથી મેલ મોકલીઆમાં આવેછે. જાંહાં જાંહાં લોહો હાંની સડકથી મેલ જાએછે તે સધળી સડકની એકદંમ લંબાઈ ગણીએતો ૨૮૬૯૨ માઈલ થાએ, એટલે જે દર રોજ મેલ એટલા માઈલ લો હોડાંની સડક ઉપર સફર કરેછે. ઘોડાની ગાડીમાં જે મેલ જાએછે, તે દર રોજ જુમલે ૩૨૭૨૧ માઈલ સફર કરેછે.

સને ૧૮૫૭ નાં વરસનો પોસટ આફીસનો જે હસાબ છપાયોછે, તે ઉપરથી નીચે જણાવેલી જાણ વા જોગ વીગત મલેછે. એ વરસમાં ગરેટ બરીટંન તથા આયરલંડ મલી જુમલે ૧૨૦૦૦ પોસટ આફી સો હતી, અને તેઓ મધે સધળા મલીને જુમલે (૫૦૪૪૨૧૦૦૦) પચાસ કરોડ, ચુંમાલીસ લાખ, એકવીસ હજાર કાગલો પશાર થયાં હતાં, તેમાંનાં ઈંગલંડ અને વેલસની પોસટ આફીસોમાં (૪૧૦૦૦૩૦૦૦) એકતા લીસ કરોડ, અને તરંણ હજાર, સ્કાટલંડની પોસટ આફીસમાં (૫૧૬૧૨૦૦૦) પાંચ કરોડ, શોલ લાખ અ ને બાર હજાર અને આયરલંડની પોસટ આફીસમાં (૪૨૮૦૬૦૦૦) ચાર કરોડ અડાવીસ લાખ અને છ હજાર. ગરેટ બરીટંન અને આયરલંડની વસતી સાથે કાગલોની ઉપલી સંખીઆનો મુકાબલો કરતાં ઈંગલંડ માં દર એક આદમી દર રોજ ૨૧ કાગલ લખતો હોએ, સ્કાટલંડમાં ૧૬ અને આયરલંડમાં ૭ એવો અર સટો આવેછે. ફકત લંડંનનીજ પોસટ આફીસમાં જતાં કાગલોનો અરસટો તાંહાંની વસતી સાથે શરકાવી એછ, તો લંડંનમાં દરએક આદમી દર રોજ ૪૧ કાગલ લખતો હોએ તેવો અરસટો મલેછે, તેથી સઉથી વધ તો કાગલ પતરોનો વેહવાર લંડંન સાથેજ હેવું હુંગાહું દીશેછે. હીંદુસથાંન અને ગરેટ બરીટંન વચે કાગલો તથા વરતમાંન પતરોનો જે આવ જાવ થાએછે તેની સંખીઆ આસરે (૨૫૦૦૦૦૦) પચીસ લાખની જ ણાવીઆમાં આવીછે. ઉપલી સધલી પોસટ આફીસમાં (૭૨૦૦૦૦૦૦) સાત કરોડ૨ દશ લાખ વરતમાંન પતરો અ ને (૬૦૦૦૦૦૦) સાહાઠ લાખ ચોપડીઓ પશાર થાઈ હતી. એ વરસમાં આખા મુલકની પોસટ આફીસની આ એપત (૨૯૨૮૮૫૮૦) બે કરોડ, બાંનુ લાખ, ઈડીઆશી હજાર, પાંચશો હેંશી રૂપીઆની થઈ હતી અને ખરચ (૧૭૨૦૮૧૫૦) એક કરોડ, બોંતેર લાખ, આઠ હજાર, પાંચશો દશ રૂપીઆનો થાયો હતો. સઉથી ઓછાં વજનનો કાગલ, ૦૧ ઉંસ, ગરેટ બરીટંનનાં હરેક ભાગમાં એક પેની અથવા બે ફ્રેંચ આંનાં સ્ટાંપ

થી, જાઈ શકેછે. આટલો ઓછો દર લેતાં પણ ઇંગલંડની સરકારને પોસટ આફીસમાંથી (૧૩૨૨૨૩૭૦) એક કરોડ, બતરીસ લાખ, બાવીસ હજાર, તરણશો સીતેર રૂપીઆનો નકી નફો મલેછે. ઉપર જણાવેલા ખરચની વીગત નીચે જણાવીઆ પરમાંણેછે. પગારનાં રૂપીઆ ૯૪૮૫૭૩૦; ઈમારતોનાં ૨૯૩૬૭૦; લોહો ડાંની સકડને મારગે મેલ મોકલવાનાં ૪૨૦૦૦૦૦; ઘોડાની ડાકે મેલ મોકલવાના ૧૬૫૦૦૦૦; વેપારીનાં વાં હાંણોમાં મેલ મોકલવાનાં ૧૨૨૯૮૦; પોસટનાં સ્ટાંપ બનાંવવાનાં ૨૮૫૬૬૦; પરચુરંન ૧૦૯૬૭૨૦ રૂપીઆ.

ઇંગલંડની સરકારે પોસટ આફીસની શાથે એક ઘણીજ સારી ગોઠવણ કીધેલીછે અને તેથી એ મુલક નાં ગરીબો તથા બીજાઓને ઘણુ શુખ થયુંછે, એટલુંજ નહી, પણ તેમાંથી આએપતની રાહે સરકારને ફાએદો પણ થાયોછે. એ ગોઠવણ હેવીછે કે હરેક શખસને એક ગાંમથી બીજે ગાંમ કાંઈ નાંણુ વાલવું હોએ તો તે પોસટ આફીસની મારફતે બની શકેછે, તે એ રીતે કે, પોસટ આફીસમાં તે નાંણુ આપવું અને કાંઈ ઘણોજ જુજ વટાવ લઈને તાંહાંથી એક "મની ઓરડર" જેવી કે હુંતડી, જે ગાંમમાં નાંણુ લેવાનુ હોએ તાંહાંની પોસટ આફીસ ઉપર આપીઆમાં આવેછે. એ હુંડી જેવી પોસટ આફીસમાં દેખાડીઆમાં આવે છે, કે તેનું નાંણુ પેલા ધણીને આપીઆમાં આવેછે. હાવી ગોઠવણથી નાંધલી રકંમનું નાંણુ ગાંમે ગાંમ ઘણુ શેહલથી મોકલાઈ શકાએછે. સને ૧૮૫૭ નાં વરસમાં સધલી પોસટ આફીસોની મારફતે જુમલે ૬૩૮૯૭૦૨ હુંડી (૧૨૧૮૦૨૭૨૦) બાર કરોડ, અઢાર લાખ, બે હજાર સાતશો વીશ રૂપીઆની કીમતની આપીઆમાં આવી હતી. આ કાંમને લગતો સરકારનો ખરચ બાદ કરીઆ પછી (૨૪૧૭૫૦) બે લાખ, એકતાલીશ હજાર સાતશો પચાશ રૂપીઆનો નફો થયો હતો. આ ગોઠવણ અગત કરીને સરકારે ગરીબ લોકોનાં ફા એદાને સારૂ કાંહાડેલીછે. ફરીંગીઆંની લડાઈની વખતે એ ગોઠવણ બાલાકલાવા તથા સ્કુટારી અને કાંનસ્ટાં નટીનોપલમાં પણ કીધી હતી તેથી કરીને ગરીબ સીપાઈઓને પોતાનાં પગારમાંથી પોતાનાં કુટંબોને વાસતે નાં ણુ વાલવાને ઘણુ સવલ પડીઉં હતું. હેવું જણાવીઆમાં આવીઉંછે કે, તે વેલાએ સીપાઈઓએ આ ગોઠવ ણથી (૭૧૦૦૦૦) સાત લાખ દશ હજાર રૂપીઆ શુધી નાંણુ વાલીઉં હતું, કે જે નાંણુ જે ઉપર જણાવી આ પરમાંણે જોગવાઈ નહી થાતે તો, તેવો લડાઈનાં મેદાંનમાં આડી રીતે વાપરી દેતે અને તેઓની બાએ ડીઓ અને છોકરાંઓનાં હકમાં મોટી નુકસાંની તથા ગેરફાએદો થાતે.

લંડંન ટાંઇમસ.

આ પતર જેમ કદમા બુલંદછે, તેમ તેની આફીસ પણ ઘણી મોટીછે, અને તે જોવા જવાને વાસ તે લંડંન ખાતે જનારાઓને હમેશાં ખાહેશ થયા વના રેહેતી નથી. એ પતર કેવું હોશીઆરીથી અ ને હીંમતથી ચલાવીઆમા આવેછે, તથા તેનો એખતીઆર કેટલોછે, તે સરવે કોઈ જાંણેછે. કદમા આટલું મોટું પતર અને તેની (૬૦૦૦૦) શાહાઠ હજાર નકલો દર રોજ સી રીતે છપાતી હશે, તે અચરતી પુરી પાડવાને વાસતે, બીજાં જાહેર ખાતાંઓની મોઆફેક ટાંઇમસ આફીસ જોવાને સારૂ પણ લોકો જાએ છે. † રાયલ એકસચેનજ મધે લાએડની આફીસમાં જેવી તકતીછે, તેવીજ આ આફીસમાં દાખલ થવાના દરવાજાના માથાં ઉપર લંડંનના રેહેવાસીઓની તરફથી સંગેમરમરની એક તકતી મારેલીછે, અને તેમાં લંડંન ટાઇમસે સને ૧૮૪૨ ના સાલમાં જે મોટું કાવતરૂં હુંધાહું પાડીઉં હતું, અને જેથી કરીને વેપારીઓ ને તેઓને ધાતાં મોટાં નુકસાંનમાંથી બંધાવીઆ હતા, તેથી કરીને લંડંનના રેહેવાસીઓ ઉપર એ પતરથી થાએ લા ઉપકારનું બયાંન કરેલુંછે. એજ વખતે લંડંન ટાંઇમસને જે ભારી ખરચ થાયો હતો, તે બાબદમાં એક ઉ

† એ આફીસ તરફ જતાં એક ગલીમાં રોમન લોકો બરીટનમાં આવીઆ હતા તે વખતની અસલી ઇમારતની થોડીએક દીવાલ ઉઘલીછે, તે આપણાં જોયામાં આવેછે.

ઘરાંણુ કરી તેની રકંમ એ પતરના માલેકોને તેઓના ખરચના બદલામાં આપવાને ઠેડવેઉં હતું, પણ તે ક બુલ રાખવાને તેઓએ ના પાડી, અને કહેઉં કે વરતમાંન પતરનાં બનાંવનારે હંમેશાં પરજાનાં લાભ તરફ નજર રાખવી જોઇએ, તેમ હુમોએ હમારી ફરજ અદા કીધીછે. એ ઉપરથી તે નાણા મધેથી ટાંઇમસનું નામ કાએમ રાખવાને વાસતે આકસફરડ તથા કેમબરીડજની મદરેસાઓમા "સ્કાલરશીપો" સથાપીઆમા આવીછે. એટલું એ પતરનું માન અને મરતબોછે.

આ આફીસમાં અંદર દાખલ થતાંનેવાર એક મોટા ઓરડામાં આપણે દાખલ થાઇએછે, તાંહાં સ હવારના પોહોરમાં બહુ ભીડ થાએછે. જેમ મુંબઇના વરતમાન પતર વાલાઓ પોતાના ઘરાકોને ઘર પત રો પોંહોચતાં કરેછે, તેમ લંડનના વરતમાંન પતર વાલાઓ કરતા નથી. ચોપડીઓ તથા કાગલ વેચનારા ઓ ટાંઇમસની ઠેરવેલી કીમતમાં કાંઇ જુજ તફાવતે જથાબંધ પતરો પોતે ખરીદ કરેછે, અને પછે તેઓને તાંહાં જે કોઇ ઘરાકોનાં નાંમ નોધાએલાં હોએ, તેઓને તે પુસતક તથા કાગજ વેચનારાઓ તે પતરો પોંહો ચતાં કરેછે. હેવા સેંહકડો તથા હજાર શખસો ટાંઇમસની શેંકડો તથા હજારો નકલ લેવાને, દર રોજ આ ઓરડામા એકઠા થાએછે, તે વખતે તાંહાં એક જોવા લાએક તમાશો બનેછે. વલી દર રોજ રસતામાં હ જારો છુટક નકલો વેચાએછે.

હીંઆંથી નીકલીઆ પછી "કમપાજીટર" એટલે ડીબાં ભરનારાઓના ઓરડામાં આપણે જાઇએછે. એ ઓરડાઓમા ડીબાં ભરવાના સેંહકડો કેસો આપણા જોવામાં આવેછે, અને તાંહાં બેહેલા ડીબાં ભરના રાઓની ચાલાકી અચરત થવા જોગછે. જેમ બને તેમ ઓછાં માણશો રાખવાને વાસતે સહથી સરસ આદમીઓનેજ રાખવામાં આવેછે, કે જેથી તરણ માંણશનું કાંમ એક માંણશ કરી શકે. ડીબાં ભરનારા ઓનાં જુદા જુદા ઓરડાછે, જેમકે જાહેર ખબર ભરવાના તથા પારલેમેંનટની સભાના હેવાલના, તથા ખ બરોના તથા બાહેરથી આવેલાં કાગલો ભરવાના જુદા જુદા ઓરડાછે, કે જેથી એક કાંમના ડીબાં ભરના રાઓ અને તેઓનું કાંમ સાથે ભેલાઇ જએ નહી. રપોરટરો તથા કરેકટરોને વાસતે જુદા જુદા ઓરડાછે.

હીંઆંથી નીકલીઆ પછી એક ઓરડામાં આપણને લઇ જવામાં આવેછે, કે જાંહાં દર રોજ છપા તાં ટાંઇમસ પતરને સારૂ "સ્ટીરીઓટાઇપ" બનાંવીઆમાં આવેછે. હમારા કેટલાએક વાંચનારાઓને ખ બર હશે કે, જારે હરેક પુસતકની જહાબંધ નકલો છાપવાની હોએછે, તારે તેવું પુસતક "સ્ટીરીઓટાઇપ" ઉપર છાપેછે, એટલેજે છાપવાના પાનાં પેહેલે ડીબામાં ભરીઆમા આવેછે, અને પછે તેની ઉપરથી ધાતુની પલેટો ઓટીઆમાં આવેછે, અને હેવી પલેટો ઉપરથી પુસતક છપાએછે, તેવા છાપવાને સ્ટીરીઓટાઇપ" કરીને કેહેવામાં આવેછે. લંડન ટાંઇમસની હજારો નકલ પણ એમજ છાપીઆમાં આવેછે. બીજે દીને પ તરમાં પરગટ થનારી સઘળી બાબદોને ડીબાંમાં ભરીઆ પછી "ફારમ" અથવા પતરના આકારમાં બાં ધીઆમા આવેછે, અને પછી તેની ઉપર એક જાડું કાગલ * કે જે તે કારણને વાસતેજ બનાવીઆમાં આવેછે, તેને મેલીને સાંચામાં દાબીઆમાં આવેછે, તેથી પેલો આખો ફારમ તે કાગલ ઉપર દબાએછે. પ છી એ કાગલોને તાંહાંથી ઉંચકી લઇને એક મોહોલમાં મેલીઆમા આવેછે, અને તેની ઉપર તવાએલું ધાતુ રેડીઆથી દસકતો સાથની જે પલેટ બનેછે તેને "સ્ટીરીઓટાઇપ" કરી કેહેછે, અને પછે એ પલેટો ને છાપવાના પરેસોમા મેલીને કાગલો છાપીઆમાં આવેછે. ધાતુ ગમે તેવું ગરમ થાએછે, તોપણ પેલું કાગલ બળતું નથી, અને દરએક દસકત સાફ અને બારીક ઉઠેછે. છાપવાની આગમજ કાગલો ભીંગવીઆમાં આ વેછે, તેથી કરીને દર રોજના ટાંઇમસનો જહો ભીંગવવાને સારૂ એક ઘણીજ સેહેલી ગોઠવણ કરીઆમાં આવીછે. એક સાંચો હેવો બનાવીઆમાં આવીઓછે કે, તેની એક બાજુએ ટાંઇમસના પતરની ચોડ જ

* આ કાગલની બનાંવટ સુઇડનજરલંડનાં એક રેહવાસીએ શોધી કાહાડેલીછે, અને તે વીશે તેને પેટેનટ મલીછે.

APPLEGARTH'S VERTICAL PRINTING MACHINE
AS USED BY THE ILLUSTRATED NEWS AND THE TIMES NEWSPAPERS

Engraved by G. Sidney Evans from a Photograph by H. Bassano

ઍપલગાર્થનું ઉભું છાપવાનું પરેસ.
(૧૪૧)

નીતની અંદર એક બાજુએરૂં કરીને તે સાંચાની સપાટી બરાબર લાવીને મેલેછે, પછે તેમાથી એક એક અથવા બબે કુચાઅેર કાગલો પોતાની મેલે પેલાં સાંચામા ખેંચાએછે. એ સાંચાની વચોવચમાં એક ગોલ "સીલિનડર" છે, તેની એક બાજુએથી બીજી બાજુએ જતાં પેલાં કાગલો પોતાની મેલે ભીંગાએછે, અને જેમ જેમ પેલો ચોડો ઓછો થતો જએછે, તેમ તેમ તે ઉપર ચડેછે, અને હમેશાં સાંચાની સપાટી બરાબર રેહેછે. એ પર માંણે સાહડ હજાર નકલ એક કલાકમાં ભીંગાએછે, જે કોંમ હાતથી આખે દીવસે બને નહી.

એ પછે જે ઓરડામા કાગલ છપાએછે, તાંહાં આપણુને લઈ જવામા આવેછે. હીંઆં એક મોટો પરેસ ઉભો કીધેલોછે, કે જે "સ્ટીમ એનજીન" અથવા બાફના સાંચાની મદદથી ચાલેછે. એ સાંચાનું ચીતર આ સફા સાથે આપીઉંછે, તે ઉપરથી જોયામા આવશે કે, એ સાંચો ફરતા રોલના જેવોછે, અને તેમા કાગલ ઉભું અને ફરતું છપાએછે. એ પરેસની વચોવચમા એક ઘણો મોટો ગોલ "સીલિનડર" છે તની ઉપર પેલી ધાતુથી ઓતેલી પલેટો બેસાડેલી હોએછે. પરેસની આસપાસ બીજા નવ નાંધલા "સીલિનડરો" છે કે જેઅો આગલ મેલેલાં કોરાં કાગલો પોતાના પંજામા પોંચેછે, અને તાંહાંથી મોટા સીલિનડર ઉપર મોકલેછે, તાંહાં તેઅો તુરત છપાઈને બીજી ગમ પડેછે. આ પ્રમાણે નાધલા સીલિનડર ઉપરથી મોટા સીલિનડર ઉપર જઈને તે કાગલો એટલાંતો ઝડપમાં છપાએછે, કે તે ફરતા પરેસ ઉપર આપણી નજર ઠરતી નથી. આ મોટા પરેસ ઉપર એક કલાકમા બારથી તે પંદર હજાર સુધી નકલ છપાએછે. આ પરેસમાં જે કાંઈ પણ હરકત નજર આવેતો તુરતજ કાંઈગી બીગાડ થાયાની આગમજ તેનું ચાલવું અટકાવી સકાએછે.

આ પતર વીશે નીચે જણાવેલી વીગત જાંણુવાજોગછે. તેની દરરોજ સાહડ હજાર નકલ ખપેછે, કે જેનું વજન નવ ટન થાએછે. એ સાહડ હજાર નકલને એક એકની ઉપર મેલી હોએતો ઉંચાઈમાં તરણ માલના ધરના જેટલી અથવા સુડતાલીસ ફુટ થાએછે. એક અઠવાડીઆનો જથો કાગલની ઉપર કાગલ મેલીઉં હોએતો ઉંચાઈમા આપણા મુંબઈના કોટનાં દેવલની તરણ ગણી ઉંચાઈ થાએ, અથવા એક અઠવાડીચાના કાગલો પોહોરાં કરીને હારેદોર મેલીઆમાં આવેતો લંડનથી લીવર અથવા મુંબઈથી થાંણે શુધી પોંહોચે. ૧૮૫૮ ના આખાં વરસમા (૧૭૨૭૨૪૨૪) એક કરોડ, બોંતેર લાખ, બોંતેર હજાર ચારસો ચોવીસ નકલે ખપી હતી. નામીચો ડીઉક આવ વેલીગટન મરણ પાંમીઓ, તેની પછી બીજે દીને તેના જનમદરાના હેવાલ સાથનું જે ટાંઈમસ પરગટ થાયું હતું, તે દીને એ પતરની (૭૦૦૦૦) સીતેર હજાર નકલ વેચાઈ હતી, તથા આપણી નાંમદાર રાણીની વડી શાહજાદી પરણી તે કીરીચ્યાના હેવાલનું ટાંઈમસ જે દીને પરગટ થાયું હતું, તે દીને એ પતરની (૬૯૫૦૦) ઓગણોતેર હજાર પાંચશો નકલ ખપી હતી. આ કારખાંનાંમાં સઘળા મલીને તરણશો ચાલીસ આદમીઓ કામે લાગેલાંછે. સગળા મલીને નવ પરેસછે, તેમાં બે પરેસના એક કલાકમા પાંચથી છ હજાર નકલ છપાએછે; બીજા બે પરેસમા એક કલાકમા ઓછામાં ઓછાં દસ હજાર કાગલ છપાએછે; બીજા બેમાં એક કલાકમા બાર હજાર; બીજા એકમા એક કલાકમાં તેર હજાર પાંચસો; બીજા એકમાં પંદર હજાર, અને બીજા એકમાં એક કલાકમાં અઢાર હજાર કાગલ છપાએછે. જે પરેસોમાં એક કલાકમા તેર હજાર પાંચશો તથા પંદર હજાર કાગલો છપાએછે, તે દરએક પરેસોની કીમત એક એક લાખ રૂપી આનીછે. દેશે દેશ અને શેહેરે શેહેર આ પતરનાં આડતીઆએછે, અને સરકારી ખબરો પણ સરકારમાં કરતાં વેહેલે તેને મલેછે, હેવી તેની સારી ગોડવણોછે. એ પતની હુંગરાણી ચહડતી રેહતીજ નથી, જુએજે જાહેર ખબરો જે પરગટ થાએછે, તે રોકડાં નાંણા લીધા વગર થાતી નથી, તથા કાગલ અને પુસતક વેસતારા એ પાસેથી પણ દર અઠવાડીએ તથા મહીને નાંણા ચુકવી લીધામાં આવેછે. હેવું કેહેછે કે આ પતરની આએપત જરમનીનાં મુલક મધેની એક રાજધાંણીનાં જેટલીછે.

પ્રકરણ ૧૫ મું.

દેવળો.

સેંનટ પાલસ કથીડરલ—બાંધણી—બારણાંનો દેખાવ—સોતાંના કઠેરાની દેવાલ—પુતલાં—સઉથી મોટું દીવાનખાંતું—કાચે ર—પુસ્તકખાંતુ—મોડેલ રૂમ—વીસપરીંગ ગીચ્યાલરી—ગોલડન ગીચ્યાલરી—બાલ—કરાસ—ઘાંટ—ઘડીચ્યાલ—લોં એરૂં—એ ઇમારતને વીજલીથી બચાવવાની ગોઠવણ—એ દેવળની ટુક તવારીખ. વેસ્ટમીનસ્ટર આબી—બાહેરનો દેખાવ તથા અંદરની કારીગરી—મોટું દીવાનખાંતુ અને તે બધેનો શણગાર—પાદશાહ અથવા રાંણીને તાજ પેહેરાવવા ની કીરીચ્યા—કાચ્યેર—ટરાનસેપટ—પોએટસ કારનર—એક અસલી અને કીંમતી ચીતાર—ચાપેલ આવ હેનરી ધી સેવંથ—એડવરડ ધી કનફેસરસ ચાપેલ—નાનીચા શપસોની કબરો—ઇતીચાદી

લંડનની અસલી, મોટી ઉંચી કારીગરીની, અને વખાંણવા તથા જોવા લાચ્યેક ઈમારતોમાં, એ શેહે રનાં દેવળો કોઇબી રીતે ઉતરતી પદવી ધરાવતાં નથી. આ શેહેરમાં સેંહકડો દેવળોછે, તે સધળાં થોડાં અથ વા ઘણા સારી બાંધણીનાં અને પરમેસવરની ભગતી કરવાનાં કાંમને લાચ્યેકનાંછે. એ બધેનાં કેટલાંચ્યેક ઘ ણા પુરાનાંછે, અને જો કે તેમાં જમાંનો જતો ગયો તેમ ફેરફાર તથા શુધારો કરીચ્યામાં આવીચ્યોછે, તોપણ તેમની ઘણીચ્યેક અસલી નીશાંણો આજ દીને આપણા જોયામાં આવેછે. અસલનાં વખતનાં દેવળોનાં જે જે ભાગછે, તે જોઇને તે વખતનાં લોકોની કારીગરી અને હુનરની જેટલી તારીફ કરીચ્યે તેટલી થોડીછે. લં ડનનાં દેવળો બધેનાં બે સઉથી મોટાં અને નામીચાં દેવળોનું બયાંન નીચે કરીચ્યામાં આવીઉંછે.

સેંનટ પાલસ કથીડરલ.

કોઇબી મુસાફર લંડંન જાઈ પોતાનાં કોઇ મીતરને પેહલલે દીવસે પુછે કે, તે શેહેરમાં સું જોવાનુંછે, તો કેટલીચ્યેક ઈમારતો તથા વસતુચ્યો જે ઘણી અગતની અને જોવા લાચ્યેક ગણાચ્યેછે, તેનાં નાંમ દેતી વે લાચ્યે, તે શખસ "સેંનટ પાલસ કથીડરલ" નુ દેવળ કધી ભુલી જનાર નથી. તરણ ચાર દીવસ સુધી રહે આ પછી, જો કોઇ મીતર આપણને મલે, અને તે જાંણે કે આપણે એટલા દીવસ થયા લંડંનમાં છઈચ્યે, તો તે આપણને તરત સવાલ કરશે કે, "તમોચ્યે સેંનટ પાલસ કથીડરલ જોયુંછ ?" ગરેટ બરીટંનનાં બાહે લાં શેહેરોમાંથી બાતર એક બે દીવસને વાસતે પોતાનાં કોઇ કાંમ કાજ માંટે જેચ્યો લંડંન જાચ્યેછે, તેચ્યો તે ટુક વખતમાં પણ, તે દેવળ જોયા વગર પાછા જતા નથી. વલી એ સાથે એ દેવળ પોતેજ તેનાં મોટા અને સોભઈતા આકારથી મુસાફરને પોતાનુ અગતપણુ દેખાડેછે. ઈસવી સને ૧૬૬૬ નાં વરસ માં લંડંન બધે મોટી આગ લાગી હતી, અને જે વેલાચ્યે તે શેહેરનો ચ્યેક મોટો ભાગ બળી ગયો હતો, તા હર પછી શેહેરને ફરીથી બાંધવાની જે ગોઠવણ થાઈ હતી, તે વેલાચ્યે શેહેરનાં જુદા જુદા ભાગ ઉપર જવા નાં ઘણા ખરા રસતાચ્યો આ દેવળની શોહેથી કાહાડીચ્યામાં આવીચ્યા હતા, તેથી હરકોઇ શખસ લંડંન જાઈ એક બે દીવસ પોતાનાં કાંમને માંટે ફરે, તોબી સેંનટ પાલનું દેવળ તેનાં જોયામાં આવીચ્યા વગર, તથા તે જોવાને તેહનાં દીલમાં અતીસે ખાહેશ ઉતપંન થયા વગર રેહશે નહી. લંડંન શેહેરનાં હરેક ઉંચા

T.H.Shepherd. Redaway.

ST PAUL'S CATHEDRAL.

from Ludgate Hill.

સેંનટ પાલસનુ દેવલ—(૧૪૨)

ભાગ ઉપર જઈને તમો ઉભા રેહોતો, તમુને આ દેવળ પોતાનાં મોટા અને દબદબા ભરેલા આકાર શાથે દેખાયા વગર રેહશે નહી. જેમ પાદશાહ પોતાની દરબારની મીનલસમાં અમલદારોની વચમાં દીપી ની કલેછે, તેમ આખા લંડંન શેહેરમાં આ મોટુ દેવળ સઘળી તરફથી ભારી દબદબા સાથે દેખાઈ આવેછે. ટેમ સ નદી ઉપરથી એ દેવલનો દેખાવ ઘણોજ સારો માલમ પડેછે. જેઓ "ઈલસટરેટેડ લંડંન નીઉજ" વાં ચતા હશે, તેઓને હમો ભલામણ કરીએછે કે, તે પતરનાં પેહલલા સફા ઉપર મથાલે જે ચીતારછે તે જુએ. એ ચીતાર ટેમસ નદી ઉપરથી લંડંન શેહર કેહવું દેખાએછે તેનોછે, અને તે ચીતારની અંદર સેંનટ પાલ સ કથીડરલ કેવું તરત પરખાઈ તથા દેખાઈ આવેછે, તે જોયામાં આવશે. જે વરણુન હમો નીચે કરીએ છે, તે વાંચીચાથી એ દેવળ કેવું જોવા લાએકછે, તેનો ખેચ્યાલ કરવાને બની આવશે.

અસલનાં વખતમાં ગરેટ બરીટંન મધે જે મોટાં દેવળો "કરાસ" નાં આકારમાં બાંધીઆમાં આ વતાં હતાં, તે મુજબ સેંનટ પાલસનું દેવળ પણ તેહવા આકાર ઉપર બાંધીઆમાં આવીઉંછે, એટલેજે, જાણે એક દેવળ ઘણુજ મોટું અને તેની આસપાસ કરાસનાં આકારમાં બે બીજાં નાંધલા દેવળો મેલીઆમાં હોએ તેવું લાગેછે. એ દેવળ આખું "પોરટલંડ" નાં પથરથી બાંધેલુંછે, અને તેનો બાહેરનો દેખાવ કેટલો દબદ બા ભરેલો તથા મોટો લાગતો હશે, તેનો કાંઈએક વીચાર આવવાને તેની બરત, લંબાઈ, પોહલાઈ, તથા ઉંચાઈની વીગત નીચે આપીએછે. દેવળની ઈમારતે રોકેલી જગા ૮૪૦૨૫ ફુટ—બાંધેલી ઈમારતનો ઘેરા વો ૨૨૯૨ ફુટ—રસતાની સપાટીથી કરાસ સુધીની ઉંચાઈ ૩૭૦ ફુટ—લોએરાંની સપાટીથી તે કરાસ સુ ધીની ઉંચાઈ ૪૦૪ ફુટ—ઉગમણુથી તે પસચમ સુધી સઉથી વધતી લંબાઈ ૫૧૦ ફુટ—ઓતરથી દખણ સુધી સઉથી વધતી પોહલાઈ ૨૮૨ ફુટ—બંધે બાજુનાં દરએક ગુંબજની ઉંચાઈ ૨૨૦ ફુટ—ફકત મોટા ગુંબજનીજ ઉંચાઈ ૬૦ ફુટ તથા મોટા ગુંબજનો ઘેરાવો ૪૨૦ ફુટછે. એ દેવળને બાંધતાં પાંતરીસ વર સ લાગાં હતાં, અને તેની પછવાડે (૧૨૨૨૪૩૭૦) એક કરોડ, બાવીસ લાખ, ચોવીસ હજાર, તરણશોને સીતેર રૂપીઆનો ખરચ થાએએોછે. †

ઉપલી વીગત ઉપરથી વાંચનારને કેટલેએક દરજજે વીચારવાને બની આવશે કે, એ દેવળનો આકા ર કેવો બુલંદ હશે. શેહેર મધેનાં ઘરનાં ધુમારીઆંમાંથી નીકલતા ધુમારાથી તથા તાંહાં પડતા કાલા ધુમસ થી, એ દેવળનો બાહેરનો દેખાવ સઘળો કાલો થાઈ ગયોછે, તેથી જાણે એ ઈમારત આખી કાલા સંગેમરમરથી બાંધી હોએ તેવી લાગેછે. વલી જારે ઘણો બરફ પડેછે, અને તેથી તેની ઉપર બરફનું સફેદ પર થા એછે, તાહરે આ મહાભારત ઈમારત જાણે આખી સફેદ સંગેમરમરથી, બાંધી હોએ તેવી લાગેછે, અને તે વખત તેનો દેખાવ જોવા લાએક થાયોછે.

હવે એ દેવનેની અંદરનો કેટલોએક હેવાલ આપીએછે. ઈમારતની આસપાસ મોટો કંમપાંઉનડછે, અને તે લોહોડાંનાં કટેરાની દેવાલથી ઘેરી લીધેલોછે. એ કટેરાની દેવાલને સારૂ ૨૦૦ ટંન અને ૮૧૨ તલ લોહડું ખપીઉં હતું, અને માતર આ કટેરા પછવાડે એક લાખ, બાર હજાર અને વીશ રૂપી આ તથા ચાર આંનાંનો ખરચ થાયો હતો. એ દેવળની અંદર જવાને વાશતે ચાહરે દશાથી બારણાછે, અને આસપાસ કાલા સંગેમરમરનાં પથરની શીહડીઓછે. શીહડી અને દેવાલની વચેનો સગળો ઓટલો કાલા સંગેમરમરનોછે, તથા ઓટલા ઉપર તથા ફરતી બાજુએ સંગેમરમરના મોટા દબદબા ભરેલા અને ઉંચી કારીગરીથી સણગારેલા થાંભાંછે. એ દેવલ ઈંગલંડની રાંણી આંનનાં વખતમાં બંધાઈ તઈઆર થાયુ હતું, તે

† સેનટ પાલસ કરતાં ઈઉરોપખંડનાં બીજાં તરણ દેવળજ વધારે ઊચાછે હેવું જણાવીઆમાં આવાણાછે. આસ્ત્રી આ મુલકનાં વીએનાં શેહેરમાં જે મોટું દેવળછે, તેની ઊચાઇ ૪૬૫ ફુટછે—સ્ત્રાટસબરગનુ દેવળ ૪૫૬ ફુટ ઊંચુછે, રોમ મધેનું સેંનટ પીટરસનું દેવળ ૪૩૭ ફુટ અને ૬ ઇંચ ઊંચુછે.

થી તેનાં પશ્ચમ તરફનાં દરવાજા આગલ તે રાણીનું સંગેમરમરનું પુતલું મેલેલુંછે. મુસાફરને હંમેશાં ઓત ૨ તરફનાં દરવાજાથી પસાર કરીઆમાં આવેછે. અંદર ગયા પછી ઉગમણુ તથા પશ્ચમ તરફની બાજુએ સં ગેમરમરનાં પુતલાંની હાર આપણાં જોયામાં આવેછે. સઘળાં મલીને ૫૦ "મોનીઉમેનટ" છે, તે બધે ૨૨ લશકરી—૨૦ વાહાંણુ ખાતાંનાં—૨ પાદરીનાં—એક સવદેશ હીતકારી ગરહસથ—૧ વીદીઆવાંન—૧ જ ડજ—૨ ડાકટર અને ૧ ચીતારાનુંછે. આ દરએક પુતલાં ઘણાજ સોભઈતાંછે, અને જે મતલબથી બનાંવી આંછે, તે મતલબ તેનાં બનાંવનાર કારીગરોએ ઘણી સારી પડે દેખાડીછે, તે સઘળાંનુ બયાન આપી શકાતું નથી, તોપણ એ પુતલાં કેવી તરાંહનાંછે, તેની સમજ આપવાને એક અથવા બેનાં બયાંન હીંઆં કરવાની જ રૂર દીશેછે, ઇંગલંડનાં દરીઆઈ ખાતાંનાં આગલા સરદાર લારડ નેલસનનું નામ સહુ કોઈ સારી પડે જાંણેછે. એ નાંમદારની યાદગારીમાં હીંઆં એક "મોનીઉમેનટ" છે. નાંઈલની લડાઈને વાસતે ટરકોનાં સુલતાંને નેલસનને જે (રોબ આવ હાંનર) જલો આપીઓ હતો, તે પેહરીને તેની દરીઆઈ ઓધાની તથા તેની દ રીઆઈ ફતેની નીશાંણ દાખલ વાંહાંણનાં લાંગરની સાથે અડીંગીને ઉભો રહેલોછે, અને તેનાં પગ આગલ દોરડાંની કલીછે. જે "પીડેસટલ" ટાક ઉપર નેલસન ઉભો રહેએોછે, તેની એક બાજુએ ઇંગલંડનાં તાજ ની નીશાંણ દાખલ (બરીટીશ લાયન) શીંહછે, અને બીજી બાજુએ બરીટાંનીઆ એારતનાં આકારમાં બે જુવાંન છોકરાએોને નેલસન તરફ હાથ બતાવી તેનો દાખલો લેવાને તથા તેની દેલાવરીની નકલ કરવાને શીખાંમણુ દીએેછે. નેલસને દરીઆએોમાં કીધેલી ફતેહની યાદગારીમાં ટાપુની ઉપર નાંરથ સી, જરમન એો સંન, મેડીટરેનીઅંન સી, અને નાંઈલ નદીની નીશાંણછે. "કારનીસ" ની ઉપર કોપંનહેગંન, નાંઈ લ, અને ત્રાફાલગરનાં નામ કોતરેલાં હતાં. એ સઘળું ધીઆંનમાં લઈ જોયાથી વીદીઆરથીએે આગલ વાં ચેલી તવારીખ તેનાં દીલમાં તરત તાજી થાએેછે. બે છોકરાએોને બરીટાંનીઆ નેલસનનો દાખલો લેવાને જે ભલામણ કરેછે, તેથી એ પુતલું જોવા જનારાએોમાંનાં કેટલા જુવાન છોકરાએો ઉપર સારી અસર કરતું હશે, તે આપણીથી કેહવાઈ સકાતું નથી. હેવાં પુતલાંએો જેમ સાધારણ જોનારનાં દીલને ગમત આપેછે તથા તવારી ખનાં અભીપ્રાશીની ઈચ્છાદ તાજી કરેછે, તેમ નીતીની રાહે તથા દેલાવરી, હુશીઆરી અને હીમતની ઉલટ આપવામાં પણ ઘણા ફાએેદા કરેછે. હીંદુસથાંનનાં આગલા ગવરનર જનરલ લારડ કારંનવાલીસનું એક પુત લુંછે, તેની સાથે યુરોપ અને હીંદુસથાંનમાં ઇંગરેજોનો અમલછે, તે પીછાંનીઆમાં આવે, તેવી તરાંહનાં કે ટલાએેક આકાર આપીઆમાં આવીઆછે. જમની બાજુએ એારતનાં આકારમાં બરીટાંનીઆ બેઠેલીછે, અને દાબી બાજુએ હીંદુસથાંનની ભાગીરથી નદીની નીશાંણ દાખલ હીંદુ અસતરીએોનો એક આકાર પાડે લોછે. એ પરમાણે ઘણાખરાં પુતલાંએો સારી મતલબથી ઉભાં કરીઆમાં આવીઆંછે. એ સઘળાં બારીકી થી જોતાં તેમની ખુબી પીછાંનતાં ઓછામે ઓછા તરણ કલાક લાગેછે. ઉપલાં ૫૦ મોનીઉમેનટ પછવાડે પં દર લાખ રૂપીઆનો ખરચ થયોછે.

પુતલાંએો જોઈ રહેઆ પછી આપણે સહુથી મોટા હાલમાં જાઈએેછે. એ હાલ એેટલોતો મોહટોછે કે તે બધે કીધેલી ધીએેટરની બેઠકમાં વીશ હજાર આંદમી સમાઈ શકેછે. હાવી ભારી ૬૦ વરસમાં બે વખ તજ આ દેવળમાં મલેછે. પાદરીએોની વીધવા તથા તેઓનાં નાંવારેસ છોકરાંએોનાં લાભને માટે એક મોટું ફંડછે, તે ફંડનાં ફાએેદાને વાસતે દર વરશ મેએે મહીનાંમાં "મીઉજીક મીટીંગ" ગાએેણ સભા ભરાએેછે, તે વખતે હજારો લોકોની ૬૦ તાંહાં મલેછે, અને ગાએેણ સાંભલવા આવનારાએોને વેચાએેલી ટીકીટની રક મ ઉપલા ફંડમાં ભરાએેછે. બીજી ૬૦ જે જુન મહીનાંનાં પેહલલા ભરેસપતવારને દીને મલેછે, તે વધારે જે વા લાએેક થાએેછે. લંડંન શેહેરમાં નાંવારેસ છોકરાંઓને વાસતે જેટલી "ચારીટી સ્કુલ" ધરમની શાલોછે, તે સઘળાની વારશીક પરીખશા કરીઆ પછે, જે "એેકજીબીશંન" થાએેછે તે દેખાવનાં જેવો આ

ખાં ઇંગલંડમાં બીજે કોઈ દેખાવ થાતો નથી. દેવળનાં મોટા ગુંમજની નીચે ધીએેટરની માફક બેઠક કરીઆ માં આવેછે, અને તાંહાં આસરે દશ હજાર બાલકોને તેમની નીશાલનાં જુદા જુદા દેડવેલા પોશાક સાથે બે સાડીઆમાં આવેછે. તેઓની સાંહામણે આસરે દશ હજાર જોવા આવનારાએોને સારૂ બીજી બેઠ ક કરીઆમાં આવેછે. પાદરીએે બંદગી તથા એક ટુકું ભાશાંણ કરીઆ પછે, ઉપર જણાવેલાં દશ હજાર બાલકોની પાસે કેટલાંએેક ગીત ગવારીઆમાં આવેછે. દશ હજાર બાલકો એેકજ અને ધીરા અને મધુર અવાજથી બેદાની બંદગીનું તથા બીજું ગાએેણ ગાએેછે, તે સાંભલી દરએેક આદમીનું દીલ ઘણુ ખુશ થાએેછે. એે દેખાવ જોયાથી તથા તેઓને ગાતાં સાંભલી આપણા દીલમાં કોઈએેક તરાંહનો હેવોતો જોસ સો થાએેછે, કે તેનું બયાંન કરવાને આ કલમ અશકતીવાંનછે. જે ઘણી હાવો દેખાવ પેહલ વેહલલાં જે એેછે, તેનાં દીલમાં પગ થીતે માથાં સુધી ઝજની ભરાઈ આવીઆ વગર રેહતી નથી. હેવું જણાવી આમાં આવીઉંછે કે, રૂશીઆનો આગલો શાહનશાહ નીકોલાસ જારે ઇંગલંડ ગયો હતો, તારે ઉપલો દેખા વ તેણે પોતાની નજરે જોયો હતો, અને તેથી તેની આંખમાં આંસુ ભરાઈ આવીઆં હતાં.

આ મોટાં દીવાંનખાંનાંની ફરસબંદી ઘણીજ સોભઈતીછે. અવાર નવાર કાલા તથા સફેદ સંગેમરમ રનાં પથરની લાડીએોથી તે બનાંવેલીછે, અને તેની વચેવચમાંનો ભાગ "મેરીનરસ કંમપસ" ની માફક બ નાવેલોછે, કે જેમાંથી કંમપસનાં બતરીસ ખુનાં બરાબર માલમ પડે. જે ભાગ ગુંમજની બરાબર નીચે આ વીએોછે તાંહાં પીતલની મોટી પલેટ જડેલીછે અને તે પલેટની નીચે ભોએેરાંમાં લારડ નેલસન તથા તેહ નાં બે નાંમીચા અમલદાર લારડ કાલીંગવુડ અને લારડ નાંરથેશકની કબર જોયામાં આવેછે. હેવું જણાવી આમાં આવીઉંછે કે, લારડ નેલસનની કબરની સાથે તે નાંમદારનો વાવટો પણ મેલીઆમાં આવનાંર હતો, પણ જે સેલરોએે નેલસનની કબર ઉંચકી હતી, તે સઘળાએોના દીલમાં એેકાએેક હેવોતો જોસસો આવી એો કે, તે વાવટો જેહવો નીચો કરીઆમાં આવીએો તેહવો તેઓએે તેને તરત ફાડી નાંખીએો, અને તે માંનો નાંધલો નાંધલો કટકો તે મોટા નાંમદારની યાદગારી દાખલ પોતાની પાસે રાખીએો.

એે દેવળનો દખણનો ભાગ જેને "કોએેર કરી કેહેછે, તે ઘણોજ સુંદરછે. એે ભાગમાં જે કોતરકાંમછે તે પુરથવી ઉપર સહુથી સારૂંછે, હેવું જણાવીઆમાં આવેછે. પાદરીનું તખત તથા તેની સાધારણ બેઠક, ત થા લારડ મેએરની બેઠક, અને તેનાં હોદાની નીશાંણો તથા નાંધલા પાદરીએોની બેઠકની કોતરનીને વાસ તેજ એેક નાંમીચા કારીગરને ૧૪૦૦૦ રૂપીઆ આપીઆમાં આવીઆ હતા. મોટા પાદરીને વાસતે ઉભો રહી બંદગી કરવાને જે જગાછે, તેનાં માંથાં ઉપર પીતલની અંદર ગરૂડ પખશીનો આકાર કોતરેલોછે, અ ને તેની ઉપર સુનાંનો ધોર ચહડાવેલોછે તેથી તે પખશી ઘણુજ સોભઈતું દેખાએેછે. એે દેવળમાં જે "આ રગન" વાંજાંની પેટીછે તેની કીમત વીશ હજાર રૂપીઆનીછે.

એે પરમાણે નીચેનો ભાગ જોઈ રહેઆ પછે, ઉપરનાં ભાગમાં લાઈબરેરી, માહેલ રૂમ, વીસપરીંગ ગીઆલરી, ગોલડન ગીઆલરી, બાલ, કરાસ તથા ઘંટ અને ઘડીઆલ જોવામાં આવેછે. વીસપરીંગ ગીઆ લરી ઉપર જવાનાં દાદરનાં ૨૬૦ ફાંડીઆંછે. ગોલડન ગીઆલરી ઉપર જવાને જાંમી ૫૬૦ ફાંડીઆં પશાર ક રવાં પડેછે, અને તારપછી બાલ ઉપર જવાને ૬૧૬ ફાંડીઆ ચહડવાં પડેછે. વીસપરીંગ ગીઆલરી ઉપર જતાં મધવચમાં એેક ઓરડો આવેછે, તાંહાં પુસતકખાંનુંછે. એે પુસતકખાંનું કાંઈ ઘણુ મોટું નથી, માતર ૭૦૦ કેતાબોછે, પણ તે સઘળી પુરાંણીછે. એે ઓરડો અગત કરીને મુસાફરને એેટલા વાસતે દેખાડીઆ માં આવેછે કે, તે ઓરડાની પાટીઆંની ભોંએે ઘણીજ અજાએેબ સરીખી રીતે બનાંવીઆમાં આવીછે. એે ભોંએે એેક લાકડાંનાં પાટીઆંનાં ૨૩૭૬ કટકાથી બનાંવીછે, પણ અચરત સરીખું એેછેકે, આટલા બધા પા ટીઆં એેકબી ચુંક અથવા લાંકડાંની ખીલીની મદદ વગર એેક એેક સાથે ઘણાજ મજબુત જડીઆમાં આ

વીઆંછે. એક બીજો ઓરડોછે તેને "ગાલેલ રૂમ" એટલા વાસતે કેહેછે કે "સર ક્રીસટોફર રેન" જેનાં ઉપરીપણા હેઠલ આ મોટું દેવળ બાંધીઆમાં આવીઉં હતું, તેણે આ દેવળ કેવા પલાંન ઉપર બાંધવું, તે નો લાકડાંનો "ગાલેલ" નમુનો બનાવીઓ હતો, તે નમુનો આ ઓરડામાંછે. આ ડેકાંણે જણાવવું જોઈ એછે કે, હમણા જે દેવલછે તે ઉપલા નમુનાં પરમાણે નથી, કાંએજે તે નમુનો તે વખતે કમીટીને પસંદ પડીઓ નહી હતો, પણ હમણા જે કાબેલ શખસો તથા હુનરમંદ કારીગરો એ નમુનો જોએછે, તેવો વ ગર આચકો ખાવે હેવું મત આપેછે કે, જો તે નમુનાં પરમાણે આ દેવળ બાંધીઆમાં આવતે તો, ખચી ત તે ઈમારત હંમણાની કરતાં વધારે સોભઈતી થાતે. એ બાબદનો વાંક તે વખતનાં ઝનુંની પાદરીઓને માથે લાગુ પડેછે, કાંએજે જે કમીટી સર ક્રીસટોફર રેનનો પલાંન તપાસવા બેઠી હતી, તે મધે ઘણાએક પાદરીઓ જેઓ બાંધકામનાં હુંનરમાં કાંઈ શંમજે નહી તેવા હતા, તેઓએ પોતાની ઝનુનમાં એજ થેડવી ઉં કે, એ દેવળ ક્રાસનાં આકારમાંજ બાંધવું જોઇએ. જો આ પાદરીઓએ "ક્રાસ" ની ઝનુન છોડી દીધી હતેતો, સેંનટ પાલસ કથીડરલ જે હંમણાછે, તેથી પણ સરસ થડતે, અને એ દેવળથી લંડંન શેહેર આ જે જે મગરૂરી ધરાવેછે, તેમાં ઓરબી વધારો થતે. ઉપલા ઓરડામાં બીજી ઈમારતોનાં પણ નમુનાંછે, તેનું અતરે બયાંન કરવાની જરૂર નથી. આ ઓરડા આગલથી આપણે એક ગોલ ચકરનાં દાદાર ઉપર જઈ એછે, કે જેને "જીઓમેટરીકલ સ્ટેરસ" કરીને કહેછે. એ દાદરની બાંધણીની ખુબી એછે કે, તેનાં સઘળા મલીને ૯૯ ફાંડીઆંછે, તે સઘલા ફાંડીઆનો આધાર માતર સઉથી નીચેના એકજ ફાંડીઆ ઉપરછે, બાકી દરએક ફાંડીઆ માતર એક એકની સાથે જાંણે વરગાવી લીધાં હોએ તેવું લાગેછે. આપણે ચકરી દાદરોને વ ચમાંથી થાંભાનો ટેકાવ જોઇએછે, તેવો ટેકાવ આ દાદરને મુતલગ નથી. જારે આ દેવળ બાંધીઉ હતું, તા રે પુસતકખાનાંમાં જવાને વાસતે તે ખાંનગી રસતો બનાંવીઆમાં આવીએ હતો.

હીંઆંથી નીકલીઆ પછે, આપણે "વીસપરીંગ ગીઆલરી" ઉપર જઈ પોંહોચીએછે. એ ગીઆ લરી અંદરની બાજુથી દેવળનાં મોટાં ગુમજની નીચેછે અને તેની આસપાસ ફરી વલવાને વાસતે લોહડાંનાં કટેરા સાથે ગોલ રસતો કીધેલોછે, એ ગીઆલરી ૫૨૦ ફુટછે, અને તે હેવી રીતે બાંધીઆમાં આવીછે કે, જે તેની ફરતી દેવાલની એક બાજુએ મોહડું કરી કોઈ શખસ ઘણુજ હલુથીબી કાંઈ બોલે, તો તેજ ગીઆલ રીમાં તેની બરાબર શાંહામણી બાજુનાં ભાગ ઉપર કોઈ પોતાંનો કાંન દેવાલ આગલ ધરે તો તેને પેલા બોલ નારનાં સખુન સંભલાયા વગર રેહે નહી અને એટલા માટે તેને "વીસપરીંગ ગીઆલેરી" નુ નાંમ આંપી આમાં આવીઉંછે. એજ ગીઆલરીની એક બાજુએ વલી એક બારણુ હેવુંછે કે તે જો આપણે હું ગાડીએ તો પોતાની મેલે તરત બંધ થાઈ જાએછે, અને બંધ થાતાં એટલોતો મોટો ગોંધાટ કરેછે, કે તેમાંથી ટોપનાં ગોલાનાં જેવો અવાજ નીકલેછે. આ બારણુ હુંગાડીને બંધ કરવાની ચાલ હમણા મોકુફ કરીછે, કાં એજે ઈનજીનીઅરોએ હેવું મત આપીઉંછે કે જો દરએક જોનારને વાસતે એમ બારણુ હુંધાડ ધાંક કરીઆ માં આવશે તો, કોઈ દીને આ મોટી ઈમારતને નુકશાંન પોંહોચશે. પણ ઈંગલંડનાં લોકો પારકા મુસાફર સાથે ઘણા માયાલુ રીતે ચાલેછે, તેથી જેવો દુર દેશથી મુસાફરી કરવા ગયા હોએ, તેઓની ઈછા પુરી પાડવાને વાસતે ઉપલું બારણુ હુંગાડીમાં આવેછે. આ ગીઆલરી ઉપરથી ગુંમજનાં અંદરનાં ભાગનો દે ખાવ ઘણોજ સારો લાગેછે. ગુંમજનાં આઠ ભાગ કરી દરએક ભાગમાં સેંનટ પાલના જંનમારાનો હેવાલ માલંમ પડે હેવાં ચીતારો રંગીઆમાં આવીઆંછે. એ ચીતારોનો સું આકાર કે સું રંગ, સું તેમની ખુબી અ ને મતલબ, એ સઘળું જોઈ આપણે અચરત થાયા વગર રેહતા નથી.

વીસપરીંગ ગીઆલરી અંદરથીછે, તેમ તેજ જગાએ બાહેરથી એક બીજી ગીઆલરીછે, તેને "સ્ટોન ગી આલરી" કરી કેહેછે, કાંએજે તે સઘળી પથરથી બાંધેલીછે. એ ગીઆલરી રસતાની સપાટીથી ૩૦૦ ફુટ ઉંચી

છે, તેથી એ જગાએથી લંડંન શેહેરનો દેખાવ સારો નજરે આવેછે. એથીબી ઉંચે જતાં "ગેાલડન ગીઆ લરી" આવેછે, તેને આ નાંમ એટલા વાસતે આપીઉંછે કે, તે ગીઆલરીનાં લોહોડાંનાં કટેરા ઉપર સુનાં નો થોર ચહડાવેલોછે. એ ગીઆલરી ગુંમજની આસપાસ આવેલીછે, અને તેની ઉપર જવાને વાસતે અં ધારામાંથી બીકટ દાદર ઉપર થાઈ જવું પડેછે. આ જગા ઉપરથી લંડંન શેહેરનો દેખાવ ઘણોજ સારો લાગે છે. શેહેરનાં મોટા અને ઘણા મારનાં ઘરો જુકરાં જેવાં દેખાએછે—રસતામાં ચાલનારા આદમીઓનાં મા તર માંથાંજ નજર આવેછે—મોટા રસતાઓ અને પુલો જાંણે લીટીઓ દોરી હોએ તેવા લાગેછે—નાંધલા ર સતાઓતો મુતલગ માલંમ પડતા નહી, અને બંધે બાજુનાં ઘરો એક એક સાથે મલી ગયાં હોએ તેમ દેખા એછે—રસતા ઉપર ફરનારાં મોટાં આમનીબસો તથા ગાડીઓ જાંણે "બચ્ચા બાલેકા ખેલ" ની નાંધલી ગાડી ઓ હોએ તેમ દીશેછે. ઘરોની તથા કારખાંનાંઓની ઉપરનાં ધુંમારીઆંઓ તથા દેવળનાં ગુંમજો એક એક ની શોડે નાંધલા શોટા હોએ તેમ દેખાએછે—ટેમસ નદી જે આખાં લંડંન શેહેરમાં ફરી વલીછે, તે એક રે લાની માફક નજર આવેછે, અને તેની ઉપર ફરતી આગબોટો છોકરાઓ વરસાદનાં દાહાડામાં આપણા મે દાંનમાં કાગલનાં વાંહાંણો તરાવેછે તેટલા આકારની દેખાએછે—કેટલાએક માઈલ સુધીનાં ઘેરાવાનાં "પાર ક" બાગો જાંણે એણીગમ પેલીગમ નાંધલી લીલી સાદરીઓ પાંથરી હોએ તેવા લાગેછે. એ જગાએથી શેહે રનો વીશ માઈલ શુધીનો ઘેરાવો આપણી નજરે પડેછે, અને જેમ આપણે એક "માપ" નકસો જમીન ઉપ ર પાંથરીને જોઈએ, તે પરમાણે ઉપલી ઉંચાઈથી લંડંન શેહેરનો દેખાવ આપણી નજર આગલ નીચે એક મો ટો નકસો પાંથરીઓ હોએ તેવો લાગેછે.

ગોલડન ગીઆલરી ઉપરથી આપણે બાલ તથા ક્રાસ જે સઉથી ઉંચો ભાગછે તાંહાંસુધી જાઈ શકીએ છે. એ જગા ઉપર ચહડવાનું શેહલું નથી. આગબોટો અથવા વાંહાંણોનાં હોલ ઉપર ચહડવાને વાસતે દો રડાંનાં નાંધલા અને સાંકરા દાદર કરીઆમાં આવેછે, તેજ મીશાલનાં લોહડાંનાં સલીઆનાં દાદર હીંઆંછે, અને આ જગેથી જો કોઈ નીચે પડીઓતો તેનાં સરીરનો ભુકે ભુકો થઈ જાએ, તોપણ મુસાફર પોતાંનો શો ખ પુરો પારવાને હંમેસ હીંમત કરેછે. "શું હીંઆંવેર આવીએ, અને હવે હીંમત છોડું" ? એમ દરએક જોવા જનાર વીચાર કરેછે. જેઓ સરીરે ડોંગા હોએ, તેઓને આ જગા ઉપર જવાને ભળામણ કરીઆ માં આવતી નથી. જેમ વાંહાંણ ઉપર કપતાંન ઉભો રહીને હોલ ઉપર જનારા ખલાસીને ધીરજ અને હીં મત આપેછે, તેમ ઉપલા બાલ ઉપર જનારા શખસને આ દેવળનો એક રખેવાલ હીંમત આપેછે અને કે હેછેકે "હજુર જાઓ—ગભરાતાનાં—કાંઈ ચંતા નથી—હવે જરાકજ બાકી રહેઉંછે—કશી ફકર નથી." આ પરમાણે હીંમતનાં સુખનો જેમ આપણે સાંભલતા જાઈએછે, તેમ ઉપર જવાને આપણને પણ શુર છુટે છે, અને જેવારે બાલ ઉપર ચહડી રહીએછે અને તાંહાંની નાંધલી બારીઓમાંથી શેહેરની બાહેરનો ઘણાં એક માઈલ સુધીનો દેખાવ જોઈએછે, તાહરે—હા ! સું સુંદર દેખાવ આપણી નજરે પડેછે—તેનુ બયાંન કલમથી થાઈ શકે નહી વાસતે જેઓએ તે મજાહ જેવી હોએ તેઓએ ઈંગલંડ જાઈ તેનો ખરો સવાદ લે વો—એજ હમારી ભળામણ. આ બાલની અંદર માતર બાર આદમી સમાંએ એટલીજ જગાછે, અને તેનુ વજન ૫૬૦૦ રતલછે. બાલની તરીસ ફુટની ઉંચાઈએ ખરીશટી ધરમની નીશાણ દાખલ કરાસછે. ક્રાસ નું વજન ૩૩૬૦ રતલછે, અને જોકે તે ૧૫ ફુટ લાંબોછે, તોપણ આપણને રસતામાંથી રોટલી કરવાનો તવા થો હોએ તેટલો દીશેછે.

આ દેવળનાં કંદ પરમાણે તેનું ઘડીઆલ પણછે, અને દખણ પશચમ તરફનાં મીનારાની અખવચ માં તે જડેલુંછે. દેવળની પશચમ તથા દખણ તરફ લોકોનો આવજાવ ઘણોછે, તેથી વખત દેખાડવા માંટે એ બંધે બાજુ "ડાએલ પલેટ" ઈમાને ઘડીઆલની તખતી જડેલીછે. એ પલેટનો ઘેરાવો ૫૧ ફુટછે તથા

તેની ઉપર ઘડી ગાલંમ પડવાને વાસતે જે આંક પાડીઆમાં આવીઆછે તેની લંબાઈ બે ફુટ અને હડી ઇંચછે. પળ જણાવવાનો કાંટો ૯ ફુટ—૯ ઇંચ લાંબોછે અને તેનું વજન ૭૫ રતલછે. ઘડી જણાવવાનો કાંટો ૫ ફુટ—૯ ઇંચછે અને તેનુ વજન ૪૪ રતલછે. તેની અંદરનું કાંમ જેમ સારું તેમ ઘણુ સરસછે. તેનાં ચકર ગાડીનાં ચાક કરતાં મોટાંછે. "પેનડીઉલંમ" અથવા લુલક ૧૬ ફુટ લાંબુછે અને તેની નીચેનાં ડુંગરાનું વજન ૧૮૦ રતલછે. એ ડુંગરો ગાટલો ભારીછે તોપણ જે તાર સાથે તેને લટકાવીઆમાં આવી ગોછે, તે તારની જાડાઈ અરધા રૂપીઆની જાડાઈ કરતાં વધારે નથી, જેમ શાધારણ ઘડીઆળોનાં લુલક એ ક બાજુથી બીજ બાજુએ દરએક પળમાં એક વખત જાએછે, તેમ આ લુલક કરતું નથી—તેનો દર એક ફેરવો બે પળે થાએછે, ઇગ્લાને દરએક મીનીટની અંદર ૬૦ ને બદલે ૩૦ વખત ટકોરી મારેછે. આ ઘડી આલ ઇસવી સને ૧૭૦૮ માં બનાંવેલુંછે.

એ ઘડીગ્યાલ ઉપરનો વખત શેહેરમાં જણાવવાને વાસતે દર ઘડી તથા ૦૧ ઘડી મોટા આવાજથી અ ને દુર સુધી સંભલાએ, તેવું કરવા માંટે સારી ગોઠવણ કરીઆમાં આવીછે. એ કારણસર એક ઘણો મોટો ઘંટછે કે જે દેવળની જમીનની સપાટીથી ૪૦ ફુટ ઉંચાઈએ ટાંગેલોછે. ઘડીગ્યાલનાં સાંગાની સાથે એક ગ જબુત તાર જોડીને આ ઘંટની હથોડી સાથે લાગુ પાડેલોછે. જાહરે ઘડી વજાડવાનો વખત થાએ, તારે પેલી હથોડી પેલા તારની મદદથી ઉંચકાઈને જેટલા વાગા હોએ તેટલી વાર ઘંટની ઉપર જોરથી પડેછે, તેથી મોટા આવાજ સાથે લોકોને વખત માલંમ પડેછે. આ ઘંટ દશ ઇંચ અથવા લગભગ એક ફુટ બટછે, અને તેનું કુલ વજન ૧૧૪૭૪ રતલછે. તે એટલો મોટોછે કે, જો તેને જમીન ઉપર મેલીએા હોએ તો ૩૫ ફુટનો ઘેરા વો રોકે. જે હથોડી એ ઘાંટ ઉપર પડેછે, તેનું વજન ૧૪૫ રતલછે અને જે ઘડી વાગેછે, તેનો અવાજ એટલો તો મોટો થાએછે કે, ગધ રાતને વખતે આપણી બખતાવર રાંણીના વીંનડસર ગધેનો મેહેલ જે લં ડનથી લગભગ ૨૧ માઈલ દુરછે તાંહાં સુધી સંભલાએછે—ઇગ્લાને જો તે ઘાંટ મુંબઈ લાવી આપણાં કોટમાં નાં દેવળમાં મેલીએા હોએ, તો રાતને વખતે તે ઘાંટ ઉપર વજાડેલો વખત થાંણે સંભલાએ. મોટા ઘંટની પાસે વલી બીજા બે નાંધલાં ઘંટોછે તેની ઉપર ૦૧ ઘડી વાગેછે.

એ દેવળની ઉપરનો સધળો ભાગ જોઈ રહેગ્યા પછે, આપણને તેનાં ભોંએરાંમાં લઈ જયામાં આવે છે. એ ભોંએરાનાં તરણ મોટા ભાગ કીધેલાછે. દર એક ભાગ ૪૦ ચોરસ ફુટછે અને તેની વચેવચમાં મો ટા અને સોભઈતા થાંબાછે. બાહેરની વરાંણુની દેવાલમાં જે બારીઓછે, તેની મારફતે આ ભોંએરાંમાં અ જવાળું પશાર કરીઆમાં આવેછે, પણ તેની વચે વચનો ભાગ દીવાની રોશનીની મદદ વગર જોઈ શકાતો નથી. એ ભોંએરૂં ઘણુ કરીને નાંમીચાં શખસોની કબર કરવાને વાસતેછે. સર કરીસટોફર રેન જેને એ નાં મીચું દેવળ બાંધીઉછે, તેની કબર હીંઆંછે. નેલસનની કબર પણ આ જગાએછે તે વીશે આગલ જણાવીઉછે.

હાવી મોટી ઈમારત ઉપર કોઈ વાર વીજ પડેતો તેથી મોટી ખરાબી થાએ, તેનો અટકાવ કરવા માં ટે કરેલી ગોઠવણ સારીછે. કેટલોએક બંચાવતો એ દેવળની બાંધણીથીજ થાઈ સકેછે. લોહડું તથા શીશું અ થવા હરેક બીજી ધાતુ હંમેશાં વીજને ખેંચેછે, તે પરમાંણે દેવળનો કરાસ જે લોહોડાંનોછે તેની ઉપર વીજ આવેતો, તે દેવળનો સઉથી ઉપલો ગોલ ભાગછે કે જેને "બાલ" કરીને કહેગ્યામાં આવેછે, તેને ટેકો આ પવાને વાસતે અંદરથી જે લોહડાંનાં થાંબાછે તેની અંદર ઉતરે—પછી તાંહાંથી એક તાર મોટો ગુંબજ જે અંદરથી લાકડાંનો પણ તેની બાહેરની બાજુ ઉપર શીશાંનુ પરછે, તે શીશાં સાથે મેલવી લીધોછે—તાંહાંથી વલી વરસાદનું પાંણી કાહાડી નાંખવાને જે નલીઓછે, તાંહાંસુધી તાર લાગુ પાડીએાછે, અને તેહાર પછી દેવળમાં પાંણી પુરૂં પાડવાને વાસતે શીશાંની જે નલીઓછે, તે નલીઓની મારફતે વીજ જમીનની અંદર જાઈ શકે. એ ઉપરથી જોયામાં આવશે કે છેક ઉપરથી તે નીચે સુધી "થંડર રાદ" (વીજ બંચાવવાને વાસ

તે લોહોડાંનો સલીએા) ગોઠવીઆને બદલે, એજ ઈમારત ગધેની વરસાદની તથા પાંણી ખેંહોચતું પાડવાની નલીઓથી તે મતલબ પાર પાડીઆમાં આવીછે.

આ નાંમીચા દેવળની ટુક તવારીખ આપીને તેનું બયાંન બંધ કરીએછે. હાલ જે જગાએ સેં નટ પાલસ કથીડરલ છે, તેજ જગાએ આગલ ઘણા દેવળ બંધાયાં હતાં, પણ જમાનાંની ગીરદસથી એક પછી એકનો નાંસ થાયો હતો. જે જગાએ આ મોટું દેવળ હમણાંછે, તાંહાં પેહલ વેહલું દેવળ રોમન લોકોએ બાંધીઉં હતું, હેવું સાબેત થાયુંછે, કાંએજે હમણાની ઈમારતને વાસતે જારે સર કરીસટોફર રેને પાયો ખો દીએા હતો, તારે જમીનની અંદરથી ઘણીએક અસલી ઈમારતની નીશાંણ મલી હતી, તે અસલનાં રોમન લોકોનાં બાંધ કાંમને મલતી આવતી હતી. આ દેવળનો પાછલથી ડાયોકલીસન પાદશાહનાં વખતમાં નાંસ થાયો હતો. તાહર પછી એજ જગાએ ખરીસટીઆનોનાં દોશત પાદશાહ કાંનસ્ટંનટાઈને એક દેવળ બંધાવીઉં હતું, તેનો નાંસ ઇંગલંડનાં બ્રુતપરશતી સાકરાંન પાદશાહાના વખતમાં થાયો હતો. તાહર પછી ઈ સવી સને ૬૦૩ નાં સાલમાં સાકસનની ઓલાદના પેહલલા ખરીસટી પાદશાહ એથલબરટનાં વખતમાં ફરી થી એ જગા ઉપર દેવળ બાંધીઆમાં આવીઉં હતું. ઇસવી સને ૧૦૮૬ નાં સાલમાં લંડન મધે મોટી આ ગ લાગી હતી તેમાં એ દેવળનો ફરીથી નાંસ થાયો હતો. તાહરપછી વલી તેને બાંધવાને વાસતે કેટલાએ ક પાદરીઓએ મેહનત લીધી હતી, તેહમાં ઇંગલંડનાં પાદશાહ પેહલલા હેનરીએ સારી મદદ કીધી હતી, અને ૧૨૨૧ નાં સાલમાં તે ફરીથી તઈઆર થાયું હતું. હમણા જે દેવળછે તેનાં જેટલું આ દેવળ ઉંચું નહી હતું, તોપણ લંબાઈમાં ઘણું વધતું હતું—તેની સઉથી વધતી લંબાઈ ૬૨૯ ફુટ હતી અને હાલનાં દેવળની લંબાઈ ૫૦૦, ફુટછે, એ દેવળની અંદર જે "આલટર" ઈગ્લાને કુરબાંનગાહ હતો, તે સોનાં તથા જહવેરાતથી સણગારેલો હતો, અને તે સીવાએ એ દેવળને અસલનાં પાદશાહોથી ઘણી કીમતી ભેટ થાઈ હતી. ફરાંનસનો પાદશાહ જાંન જાહરે ઇંગલંડ ગયો હતો, તાહરે તેણે આ દેવળને સોનાંનાં ચાર મોટાં વાસણો ભેટ આપીઆં હતાં. ઇસવી સને ૧૫૬૧ નાં વરસમાં એ ઇમારતની ઉપર વીજ પડીઆથી ઘણીએક ખરાબી થાઈ હતી, પણ તે સમારવાનું કામ લાંબી મુદ્દત પછી સરૂ કીધામાં આ વીઉં હતું, તે ૧૬૩૩ માં પુરૂ થાયું હતું. તેહારપછી એ ઈમારત ૩૩, વરસ સુધી સલામત રહી. ૧૬૬૬ નાં વરસમાં લંડન શેહેર મધે જે મોટી આગ લાગી હતી, તેમાં ફરીથી એ દેવળનો તમામ નાંસ થાયો હ તો. એ આગ પછી જે દેવળ બાંધીઆમાં આવીઉંછે તે હઈઆતછે અને હાલ આપણે જોઈએછે. તેનો પાયો ૧૬૭૫ નાં વરસમાં નાંખીએો હતો અને ૧૭૧૦ માં તે બંધાઈને તમામ થયું હતું. એ ઈમારતનો પાયો નાંખતી વેલાએ એક ઘણોજ સારો સગન મલીએો હતો, તે એજે સર કરીસટોફર રેને પાયો ગોઠવ તી વેલાએ એક બેગારીને એક ચોરસ પથર લાવવા કહેઉં, તે ઉપરથી જે પથર તે લાવીએો, તે અસલનાં દેવ ળમાં કોઈની કબર ઉપરનો હતો, અને તેની ઉપર "રીનરગંમ" લખેલું હતું. એ સબદ લાટીનછે અને તે નો અરથ "પાછું ઉઠો" એમ થાએછે. એ ઉપરથી તે વખતે સારા સગન એમ જાંણીઆમાં આવીઆ કે, તે બોલ "પાછું ઉઠો" કરીને હતો, તેથી આ દેવળ ખચીત પાછું ઉઠશે, ઇગ્લાને વલી એકવાર વધારે બંધાઈ ને તઈઆર થાશે. આ મોટું દેવળ બાંધતાં ૩૫ વરશ થાયાં હતાં, તોપણ પેહલેથી તે આખર શુધીનું કાં મ એકજ બાંધનાર, એકજ પાદરી અને એકજ ઉપરીનાં હાથ તલે થાયું હતું. આગલ જણાવીઉંછે કે, આ દેવળની પછવાડે એક કરોડ, બાવીસ લાખ, ચોવીસ હજાર, તરણશોને સીતેર રૂપીઆનો ખરચ થાયો હતો. આ મોટો ખરચ શેહેરમાં જેટલા કોલસા આવે તેની ઉપર જગાત લેતી કરીને તેની ઉપજમાંથી તથા બાકી નો સરકારી ખજાંનામાંથી પુરો કરીઆમાં આવીએો હતો. આગલ કહુંછે કે એ દેવળની સઉથી વધતી લં બાઈ પાંચશો ફુટનીછે. આપણી ટાપુ મધે સઉથી મોટી ઈમારત ટાંઉનહાલછે અને તેની કુલ લંબાઈ આસ

રે તરણુસો ફુટછે—વાસતે જે આ ટાંઉનહાલની ઈમારત જેવી પોણાબે ઘણી ઈમારત આપણાં ધીઆંતમાં લઈએતેા એ દેવળનુ કદ આપણા ધીઆનમાં આવે. સેંનટ પાલસની ઉંચાઈ ૪૦૪ ફુટછે, આપણા કોટ માંનાં દેવળની ઉંચાઈ ૧૪૦ ફુટછે—માટે જે લગભગ હેવાં તરણ દેવળ એક એક ઉપર ચહડાવીઆં હેા એ તેા, સેંનટ પાલસની બરાબર થાએ.

આપ્યુ દેવળ જોવા જનારને ચાર શીલીંગ અને બે પેનસ આપવી પડેછે.

વેસ્ટમીનસ્ટર આબી.

આ દેવળ લંડનનાં વેસ્ટમીનસ્ટર ભાગમાંછે, અને તેની કારીગરી અને પુરાંણાપણાને વાસતે ઘણુ વખણાએલુંછે. જે જગાએ આ દેવળ હુમણાછે, તે જગાએ ઈસવી સનેની સાતમી સદીમાં એક દેવળ બાંધીઆમાં આવીઉં હતું, પણ તેનેા ડેનસ લેાકેાએ નાંસ કીધેા હતેા. ૧૦૫૦ નાં સાલમાં પાદશાહ એડવરડ ધી કનફેસરે તે જગાએ ફરીથી એક દેવળ બાંધીઉં હતું, અને ઇંગલંડનાં પાદશાહેાને તાજ પેહરાવવાની કીરીઆ તાંહાં કરવાની મતલબથી, તે દેવળનાં ખજાંનાં ખાતે કીમતી પેાશાક તથા સુનાંનુ એક તાજ અને તેજ ધાતુની એક લાકડી, તથા બીજી જીનસેા બખશેસ દાખલ આપી હતી. આ પાદશાહે કીધેલેા થેડાવ આજ દીન શુધી અમલમાં લાવીઆમાં આવીએાછે, કાંએજે ઇંગલંડનાં પાદશાહ હારલડ અને "વીલીઅંમ ધી કાંનકરર" થી તે આપણી હાલની નાંમદાર રાંણીને માંથે તાજ મેલવાની કીરીઆ એજ દેવળ મધે કરી આમાં આવીછે. ૧૩ મી સદીની અધવચમાં એ દેવળનેા ઘણેા ખરેા ભાગ બલી ગયેા, પણ પાદશાહ પેહલા અને બીજા એડવરડનાં વખતમાં તેને પાછેા બાંધીઆમાં આવીએા હતેા. પાદશાહ તરીજા એડવરડ અને બીજા રીચરડનાં વખતમાં એ દેવળમાં ઘણેાએક વધારેા કરીઆમાં આવીએા હતેા. પશ્ચમ તરફ નેા ભાગ કે જે હીંઆં આવેલા નકશામાં પાડલેાછે, તે તરીજા રીચરડ તથા સાતમાં હેનરીનાં વખતમાં બંધાયેા હતેા. એ બાજુએ જે બે મેાટા અને ખુબસુરત મીનારા જોયામાં આવેછે, તે સર કરીસટેાફર રેનનાં નકશા ઉપરથી બાંધેલાછે. પેહલલા અને બીજા જરજનાં વખતમાં બારણા ઉપરની જે મેાટી બારીએા દેખા એછે, તે ફરીથી બાંધીઆમાં આવી હતી. ૧૮૦૯ નાં સાલ પછી પણ આ દેવળનાં દેખાવમાં વારેઘડી એ ફેરફાર કીધામાં આવીએાછે. આજે આપણે જે જોઈએછે, તે એક પુરાતન ઈમારત વારેઘડીએ થાએલા ફેરફાર સાથે જોઈએછે. પણ તેની અંદરની ઘણીખરી બાંધણી અને તેમાંની કારીગરી, જે જોયાથી એ દેવળ જોવા જનાર ઘણેાએક ખુશી થાએછે, તે પુરાંનાં વખતનીજછે, અને તે બરતી તપાસથી જોયાથી આપણી ખાતરી થાએછે, કે આગલા વખતમાં આ દેશમાં ઉંચી કારીગરીની કશી ખુટ હશે નહી. એ દેવળનેા સ ઘળી તરફથી બાહેરનેા દેખાવ ખુબસુરતછે. તેની બારીએા ઘણીજ મેાટી અને ઉંચી જાતનાં કેાતરકાંમથી પુરછે, અને કેટલીએકમાં રંગીત કાચેા જડેલાછે, તેથી તેમનેા દેખાવ ઘણેાજ સેાનેછે. ઘણાખરાં દેવળેાની માફક એ દેવળ પણ ક્રાસનાં આકારમાં બાંધીઆમાં આવીઉંછે. ઉગમનથી પશ્ચમ શુધી એ દેવળની લંબાઈ ૩૭૫ ફુટ, અને ઓતરથી દખંણ શુધી ૨૦૦ ફુટછે. બેાએતલીએથી છાપરાં શુધીની ઉંચાઈ ૧૪૦ ફુટછે, અ ને મીનારાઓની ઉંચાઈ ૨૨૫ ફુટછે.

ઇંગલંડનાં ઘણાખરા પાદશાહેાની કબરેા આ દેવળમાંછે. શાહાજદા, ઉમરાઓ, અને લશકરી અ મલદારેા, નાંમીચા પરધાંનેા અને પાદરીઓને પણ હીંઆં દાટીઆમાં આવીઆછે. કેટલુંએક થયું સેંનટ પાલસનાં દેવળમાં મેાટા મેાટા લશકરી અમલદારેાને દાટવાનુ શરૂ કીધામાં આવીઉંછે, તેમ આ દેવળમાં હવે ઘણુ કરીને જેઓ રાજદરબારી કાંમમાં તથા ધરમ શાસતરમાં તથા કવેત દાખલ તથા વીદીઆ અને એ લંમની માહેતગારીમાં તથા તેનેા ફેલાવેા કરવામાં નાંમ મેલવીઉં હેાએ, તેઓની નગા કરીઆમાં આવેછે. હે

WESTMINSTER ABBEY.

(from the West)

વા શખ્સોની કબરો તથા તેઓની યાદગારી રાખવાને સારૂ ઉભી કીધેલી નીશાંણો આ દેવળનાં દરએક ભા
ગમાં જોયામાં આવશે. હેવી કબરો અને નીશાંણો, કે જે દેખાવમાં ઘણી ખુબસુરત કીધેલીછે, તે જોયાથી
સાધારણ જોનારને ખુશી ઉપજેછે તેનાં કરતાં તવારીખનાં અલીઆશીઓને આગલા બનાંવોની ઇચ્છાદ
આવીઆથી, તથા તેમને પોતાંનાં મગજમાં તાજી કરીઆથી વધારે ખુશાલી લાગેછે.

વેસ્ટમીનસ્ટર આબી ગોથા એક ઘણુજ મોટું દેવળછે અને તેમાં બીજા ઘણુએક "ચાપેલ" અથવા
નાંધલાં દેવળોછે તેમને જુદાં જુદાં નાંમ આપીઆંછે, તેથી તેઓ ઓલખાએછે. જે કોઈ અનજાંણો શખ
સ બોમીઆની મદદ વગરે વેસ્ટમીનસ્ટર આબી પોતાંનીજ મેલે જોવાની કોશેસ કરેતો, અંદર તે ભુલો પ
ડીઆ વનાં રેહ નહી. જોવા જનારની સાથે ફરવાને તથા દેખાડવાને વાસતે બોમીઆ રાખેલાછે, તેઓ
થોડાં આદમીઓનો જમાંવ થાતો જાએ, તેમ તેઓને ફેરવીને સઘળું દેખાડેછે, અને તે જોવાને સારૂ દર
એક આદમી દીઠ છ પેનસ અથવા પાવલો લીધામાં આવેછે. આ દેવળમાં જોવા જનારને સવલથી સઘળી
બાજુએ ફરી વળવાને સારૂ "પોએટસ કારનર" આગલનાં બારણાથી દાખલ કરીઆમાં આવેછે, અને સ
ઉથી મોટું દેવળ જે સઉથી વધારે જોવા લાએકછે, તે છેલલે દેખાડીઆમાં આવેછે, પણ આ જગાએ બયાં
ન કરતી વેલા હમો તે મોટાં દેવળથી શરૂ કરીએછે.

પશચમનાં બારણા આગલથી દાખલ થયા કે એ મોટાં દેવળમાં આપણે જઈ શકીએછે. તેમાં બે
બાજુથી હારેદોર ઘણુજ મોટા.અને સોભઈતા થાંબાઓ બાંધેલાછે કે જેથી કરીને વચમાં એક મોટો હાલ
નીકલીઓછે જેને "નેવ" કરી કેહેછે. થાંબાની બંધે બાજુના ભાગ જે "નેવ" નાં જેટલાજ લાં
બાછે તેને "એજલ" કરી કેહેછે. આ નેવ તથા એજલ લંબાઈમાં ૧૬૬ ફુટછે તથા તે બંધે મ
લી પોહોલાઈ ૭૧ ફુટછે તથા ઉંચાઈ ૧૦૨ ફુટછે તેથી આ દીવાનખાનાંનો દેખાવ ઘણોજ ખુલંદ દીશેછે.
હીંચ્માંની બારીઓ નસતરનાં જેવી કમાંનનાં આકારનીછે અને તેમની ઉપર રંગીન કાચનાં ચીતારો તથા
બીજી કારીગરીની નકસીછે તેનાંબધાંનમાં જેટલી તારીફ કરીએ તેટલી થોડીછે. સામને આપણને વજનતર
ની પેટી તથા દેવળની બેઠક દેખાએછે તથા જગોએ જગોએ નામીચા શખ્સોની યાદગારીનાં પુતળાં તથા
બીજી નીશાંણો જે આપણે જોઇએછે, તેથી તાંહાં એક અજબ દેખાવ આપણી નજરે પડેછે. પશચમ તર
ફનાં બારણા આગલ ઇંગલંડનો નામીચો પરધાંન, વીલીઅંમ પીટ, જે ૧૮૦૬ નાં સાલમાં મરણ પામીઓ
હતો તેની યાદગારીમાં પરજાની તરફથી રૂપીઆ ૬૩૦૦૦ ને ખરચે સંગેમરમરનાં પથરમાં એક બાહાવલું
ઉભું કીધેલુંછે તેમાં મી૦ પીટને "ચાનસેલર આવ ધી એકસચેકર" નાં પોશાકમાં ઉભો રાખેલોછે, તેની જ
મની બાજુએ તવારીખ તેનાં અમલનાં વખતમાં બનેલા બનાંવોની નોધ લીએછે, અને દાબી બાજુએ બ
લવો સાંકલની અંદર બંધાઈને તેનાં પગ આગલ પડેલોછે. મી૦ ફાકસ, જે મી૦ પીટનાં વખતમાં બીજે નાં
મીચો પરધાંન ગણાતો હતો તેનુ બાહાવલું ઉપલાં બાહાવલાંની બાજુએછે. એજ જગાએ પરજાની તરફથી
લારડ હાલંડની યાદગારી રાખવાને વાસ્તે એક ઘણુજ કીમતી પુતલુંછે. હીંચાં બેન જાંનસનની કબર જોયા
માં આવેછે. સર વીલીઅંમ ટેમપલ, તેની બાએડી, અને છોકરાંની યાદગારીમાં તથા રાંણી આંનનાં નામી
ચા પરધાંન સીડની અરલ આવ ગોડાલફીનની યાદગારીમાં ખુબસુરત પુતલાંઓ ઉભાં કીધેલાંછે. દરીઆની
તથા ખુશકી ઉપરની લડાઇઓમાં જે સુરા અમલદારોએ વખાંણ મેલવી હતી તેઓની તથા નામીચા પરધાં
નોની યાદગારીની નીશાંણો જગે જગે આ હાલમાં જોયામાં આવેછે. દર એક જણનાં ગુણો પુતલાંનાં અથ
વા તકતીનાં આકારમાં ઘણા સારી પઠે જાણવીઆમાં આવીઆંછે, તે સઘળાંનુ વીગતવાર બયાંન આપવા
ની જો આ જગાએ કોશેસ કરીએતો ઘણુએક સફા ભરાએ.

ગરેટ બરીટંનનાં તખત ઉપર જારે નવો પાદશાહ અથવા રાંણી બેશનાંર હોએછે, તારે આ જગા જે

જતે ઘણીજ સોભઇતીછે, તેનાં દેખાવમાં વલી અતીઘણેા સુધારેા થાએછે, કાંએજે પાદશાહનાં મરણ પછી તખત ઉપર બેશનાર બીજા પાદશાહને માંથે પેહલ વેહલે તાજ મેલવાની કીરીઆ, જે ઇંગલંડનેા વહેા પાદ રી આરચ બીશપ આવ કાંનટરબરી કરેછે, તે હીંઆં થાએછે. તે વેલાએ પરધાંનેા તથા બીજા અમલદારેા ત થા ઉમરાવેા અને ઉમરાજદીએા પેાતાંનાં દરબારી પેાશાકેા શાથે, તાંહાં બીરાજેછે, તથા હાઉસ આવ કામનસ નાં અધીકારીએા અને બીજાએાની જે કડ મલેછે, તથા તાંહાં જે મેાટી કીરીઆ બનેછે, તે સઘળાનેા દે ખાવ ઘણેાજ દબદબા ભરેલેા લાગેછે, હેવું જણાવીઆમાં આવીઉંછે. આપણી બખતાવર અને નાંમદાર રાં ણી વીકટેારીઆને માંથે તારીખ ૨૮ મી જુન ૧૮૩૮ ને દીને તાજ મેલવાની જે કીરીઆ થાઇ હતી તે હીં આં કીધામાં આવી હતી. એ વખતે મેવની અંદર થાંબાંની શેાડેથી તથા પશ્ચમનાં દરવાજાને માંથેથી જે નાંરાએાને સારૂ ગીઆલરી બનાંવીઆમાં આવી હતી. "ટરાંનસેપટ" નાં એાતરનાં ભાગમાં ઉમરાએાને વાસતે અને દખણનાં ભાગમાં ઉમરાજાદીએાને વાસતે ગીઆલરી કીધામાં આવી હતી. કુરબાંન ગાહનાં માં થા ઉપર હાઉસ આવ કાંમનસનાં અધીકારીએાની જગા કીધી હતી, અને વજંનતરની પેટીની સાંહાંમને ૪૦૦ ગાંતરાએાને સારૂ બેઠક કીધામાં આવી હતી. કેાએર અને ટરાંનસેપટની વચમાં નાંટકની બેઠકનાં આકારમાં એક જગા બનાંવી હતી અને તેની વચેાવચમાં કીમતી ગાલીચા તથા કસબી તાકા પાંથરેલા હતા અને તેની ઉપર "ચેર આવ હાંમેજ" ની ખુરશી હતી. એ જગાની સાંહાંમને લગલગ એાતર તરફ વડા પાદરીને ઉભેા રહી બંદગી તથા ભાશાંણ કરવાની જગા હતી. એ વેલાનાં દેખાવનુ બયાંન જે કીધામાં આ વીઉંછે, તે ઉપરથી હેવું ધારવામાં આવેછે કે તે વખતે એક અજબ દેખાવ થાયેા હશે. તાજ પેહરવાની વખતે જે ખુરશી હંમેસ વાપરીઆમાં આવેછે અને જે આપણી નાંમદાર રાંણીની વખતે પણ કામમાં આ વી હતી, તેનુ બયાંન ઘટટી જગેાએ વાંચીઆમાં આવશે.

આ મેાટા હાલના ઉગમણુનાં છેડા ઉપર જે ભાગ આવેલેાછે, તેને કેાએર કરી કેહેછે. એ જગાની ભેાંએ ઘણી ખુબસુરત દેખાએછે. કાંએજે અરધી ઇંચથી તે ચાર ઇંચ શુધીનાં જુદી જુદી જાતનાં અને તરેહ તરેહ રંગનાં સંગેમરમરનાં પથરનાં કટકાથી તરેહવાર નકશી દેખાએ તેવેા આકાર કાહાડેલેાછે. એ જગાએ ઘ ણીજ સુંદર વજનતરની પેટી ઉભી કીધેલીછે, કે જે ભકતીને વખતે વજાડીઆમાં આવેછે. આ જગાએ સ ર આઇસાક નીઉટંનનું એક ઘણુજ સેાભર્તું પુતલુંછે. એ નાંમીચા ફીલસુફને અડીંગીને બેઠેલેા પાડીએાછે અને તેનેા જંમનેા હાથ તેને રચેલાં કીમતી પુસતકેાની ઉપર પડેલેાછે. રીચર્ડ આડમીરલ ટાઇરેલની યાદગા રીમાં જે પુતલુંછે તે ઘણુજ ખુબસુરતછે. એ અમલદાર દરીઆમાં મરણ પાંમીએા હતેા, તે બતાવવામાં તથા તેનેા પરાંણ બેહેસત તરફ જતેા દેખાડવાને વાસતે તેનાં પુતલાની શેાડે ઘટતા આકાર પાડેલાછે. મેજર જ નરલ સર સ્રીનજર લારેનસ જેને ૧૭૪૬ થી ૧૭૫૬ નાં વરસ શુધી હીંદુસથાંનનાં કેારોમાંનહેલ કેાસતા ઉપ ર ઘણી બાહાદુરી બતાવી હતી, તેની યાદગારીમાં એક પુતલું મેલેલુંછે. એ ઉપરાંત હીંઆં બીજી ઘણી હેવી યાદગારીની નીશાંણેછે.

હીંઆંથી નીકલીઆ પછી જે જગાને " ટરાંનસેપટ " કરી કેહેછે તાંહાં આપણે જાઇએછે. હીં આં પણ નાંમીચા શખસેાની યાદગારી કાએમ રાખવાનાં ઘણાએક કીમતી પુતલાંએાછે. પેહલલા તથા બી જા પાદશાહ ચારલસનાં વખતનાં ડીઉક તથા ડચેસ આવ નીઉકાસટલની, તથા સર પીટર વારેન અને આડમીરલ વરનનની યાદગારીનાં પુતલાંછે. મેાટા લારડ ચાટમની યાદગારીનું પુતલું જે પાદશાહ અને પારલા મેંનટનાં હેાકંમથી ૬૦૦૦૦) રૂપીઆની કીમતે ઉભું કીધામાં આવીઉં હતું, તે હીંઆંછે. તારીખ ૧૨ મી એ પરીલ ૧૭૮૨ ને દીને રાડનીની મેાટી ફતેહને વખતે દરીઆની લડાઇમાં તરણ શુરા અમલદારેા મારીઆ ગયા હતા, તેમની યાદગારીમાં પાદશાહ અને પારલામેંનટનાં હેાકંમથી ૪૦૦૦૦ રૂપીઆને ખરચે ઉભી કીધેલી

નીશાંણ પણ હીંઆં જેાયામાં આવેછે. મેાટેા લારડ માંનસફીલડ ઇનસાફને વાસતે ઘણેા વખણાએલેા હતેા તેનુ પણ એક પુતલું હીંઆં દીઠામાં આવેછે. એ ઉમરાવનુ બાહાવલું બનાંવેલુંછે, તેની એક બાજુએ દાહાપણ અને બીજી બાજુએ ઇનસાફ દેખાડેલેાછે, અને એક ગુનેહગાર છેાકરાને વચમાં પાડેલેાછે, તે એ નીશાલે કે, દા હાપણુ.તેને પકડીને ઇનસાફને સપુરદ કરેછે. આ પુતલું એક ખાનગી ગરહસ્થે પેાતાંને ખરચે ૨૫૦૦૦ રૂપીઆ ને ખરચે મેલીઉંછે. ફરાંનસીસ હારનર, જરજ કીઆંતીગ, સર જાંન માલકમ તથા જનરલ કલફનાં પુતલાં પણ હીંઆં દીઠામાં આવેછે. ઇંગલંડનાં બે નાંમીચા મરધાંન પીટ અને ફાકસ, જેએાનાં પુતલાં બીજી જગા એછે, તેએાની કબર આ જગાએછે. પાદશાહ આઠમાં હેનરીની સાત રાંણીમાંની એક રાંણી આંન આવ કલીવસની કબર પણ હીંઆંછે. ટરાંનસેપટનાં દખણુનાં ભાગની આગલ જે જગાછે તેને "પેાએટસ કારનર" કરી નાંમ આપીઆમાં આવીઉંછે કાંએજે તાંહા કવેતેાની કબરેાછે. હીંઆંથી આગલ ચાલીઆ પછી ૧૪ મી સદીનાં વખતનું એક રંગીન ચીતાર કે જે આગલા વખતમાં " આલટર " આગલ મેલીઆમાં આ વતું હતું તે કાચની કબટમા મેલેલુંછે, તે દેખાડીઆમાં આવેછે. એ ચીતારમાં કરાઇસટને હાથમાં પુરથવીના ગેાલેા આપીને આશીરવાદ દેતેા પાડેલેાછે, અને તેની બંવે બાજુએ ફરેસતાએાને નાંલીઅરીનાં ઝાડની દા ખલી હાથમાં આપી ઉભા રાખેલાછે. એ ઉપરાંત તાંહાં બીજા આકારેા હશે, તે હમણા દેખાતા નથી. એ ચીતારનાં કેટલાએક ભાગમાં તેને ખુબસુરતી આપવાને સારૂ રંગીન કાચેા તથા હીરા પણ જડેલા હતા હેવું જણાવીઆમાં આવીઉંછે.

આગલ જણાવીઆ મુજબ વેસ્ટમીનસ્ટર આબીની ઇમારતમાં આ મેાટાં દેવળ સીવાએ બીજા ઘણા એક ચાપેલછે, તે સઘળાંની અંદરની બાંધણી તથા કારીગરી ઉંચીછે અને તેએામાં પણ પાદશાહેા તથા નાંમી યા શખસેાની કબરેા તથા યાદગારી રાખવાને સારૂ ઘટતા આકારનાં પુતલાંએા તથા તકતીએા ઉભી કીધેલી જેાયામાં આવેછે. એ બધે સઉથી સેાભઇતું અને જેાવા લાએક પાદશાહ સાતમાં હેનરીનું ચાપેલછે. એ પાદશાહે પેાતાંની તથા પેાતાંનાં કુટંબની કબરને સારૂ (૨૦૦૦૦૦) વીસ લાખ રૂપીઆ ખરચીને એ ભાગ બાંધીએા હતેા, અને પાદશાહ પેહલલા ચારલસનાં વખત શુધી હીંઆં પાદશાહી ખાંનદાંનનાં શખસેા સીવા એ બીજા કેાઇને દાટીઆમાં આવીઆ નહી હતા. એ ચાપેલમાં દાખલ થવાનેા દરવાજેા ઓકનાં લાકડાં નેાછે, અને તેની ઉપર તરેહવાર નકશી તથા તાજ પાડેલાંછે. એ દરવાજાનેા દરએક ભાગ પીતલનાં પતરાં ની પટીથી બાંકેલેાછે. એ પીતલની ઉપર આગળ સુનેરી ઘેાર ચહડાવેલેા હતેા, તેની નીશાંણેા હજુર શુધી દેખાએછે. સીલીંગની ઉપર તરેહવાર નકશી તથા ચીતારેાછે, તે જેાયાથી આપણને અચરતી ઉપજેછે. દી વાલની ઉપર પણ ઘણાએક ચીતારેાછે, તથા ઘણેએક ઠેકાંણે બાઇબલમાંથી ફકરા ઉતારી સણગારનાં દસકતેા થી લખીઆછે. બારીએા પણ ઘણીજ સેાભઇતીછે. અસલ તાંહાં રંગીન કાચેામાં ચીતારેા હતાં, પણ હમ ણા તે જેાયામાં આવતાં નથી. એકજ બારીમાં સાતમાં હેનરીની સબીછે, તથા કેટલેએક ઠેકાંણે પાદશાહી અલમતેાનાં ચીતારેા રહેલાંછે. એ જગાએ ફરેસતાનાં રૂપનાં કેટલાંએક પુતલાં પણછે. એ દેવળનેા બાહે રનેા ભાગ ઘણેાએક ખરાબ થાઇ ગયાથી ૧૮૦૩ નાં સાલમાં (૪૨૦૦૦૦) ચાર લાખ વીશ હજાર રૂપી આ ખરચીને સમારીઆમાં આવીએા હતેા. એ ચાપેલની વચે વચમાં સાતમાં હેનરી અને તેની રાંણી ની કબરછે. એ કબરની ઉપર કારા સંગેમરમરનાં પથરનું ખુબસુરત તાકછે, અને તેની ઉપર તે પાદશાહ તથા રાંણીનાં તરાંબામાં એાટી કાહાડેલાં બાહાવલાંછે. તેએા બંદગી કરતાં હેાએ તેમ ઉભેલાંછે. જારે એ પુત લાં મેલવામાં આવીઆં હતાં, તારે તેમની ઉપર સુનેરી ઘેાર ચહડાવેલેા હતેા, અને તેમને માંથે તાજ પણ હ તાં, પણ તે તાજ હંમણાં જેાયામાં આવતાં નથી, તથા સુનેરી ઘેાર હવે દેખાતેા નથી. એ કબરની આસ પાસ પીતલની નકશીદાર જાલી કીધેલીછે. એ જગાએ દેવળની બેઠક તથા વજંનતરની પેટીછે. "મીલીટારી

આરડર આવ ધી બાથ" નાં બેતાબો આપવાની કીરીઆમા આ ચાપેલમાં કરીઆમાં આવતી હતી, તેથી હીંઆં તે નાંઇટોની નીશાંણો તથા વાવટાઓ ટાંગેલા આપણ જોવામાં આવેછે. હીંઆં પાદશાહ બીજા જા રજ તથા તેની રાંણીની કબરછે. એ પાદશાહ અને રાંણી બંધે એકજ કબરમાંછે, કાંએજે તે પાદશાહે મરણ ની આગમજ પોતાની રાંણી જે આગમજથી મરણ પાંમેલી હતી તેની સાથે દટાવાની ખાહેશ જણાવી હતી.

જે ભાગને "એડવરડ ધી કંનફેસરસ ચાપેલ" કરીને કેહવામાં આવેછે, તે ભાગ અગત કરીને જો વા લાએકછે. એ પાદશાહ એડવરડ, ૧૩૦૭ નાં સાલમાં મરણ પાંમીઓ હતો, તેની કબર સંગેમરમરની પે ટીનાં આકારમાં પાદશાહ તરીજા હેનરીનાં હોકમથી હીંઆં મેલીઆમાં આવીછે, અને તેની ઉપર ઘણીજ સારી કારીગરીનું કાંમ કીધેલું છે. તેની ઉપર સુનેરી અને રૂપેરી પુતલાંઓ તથા ઝવેરાત મેલીઆમાં આવી ઉ હતું. એડવરડ પાદશાહનુ શરીર ખુશબો ભરીને જલવી રાખીઉં હતું તેથી તેનાં મરણ પછી ૪૬૭ વરશનો અંતર થયા પછી, સને ૧૭૭૪ નાં સાલમાં તેની કબર હુંગાડીઆમાં આવી હતી, તારે તેનાં શરીર નાં બાહેરનાં દેખાવને કોઇબી રીતની નુકશાંની થાએલી નજર નહી આવી હતી. મોહોડાંનો આકાર જે વોનો તેવોજ હતો. એ પાદશાહનાં માંથાં ઉપર પતરાંનુ તાજ હતું કે જેની ઉપર સુનેરી ધોર હતો. તેનાં જમનાં હાથમાં તરાંબાની પણ સુનેરી ધોર સાથની રાજની લાકડી હતી, અને ડાહબા હાથમાંબી તેવીજ પ ણ ખબુતરનાં પુતલાંનાં માથાં સાથેની લાકડી હતી. આ કબર પાછી બંધ કરતી વેલાએ જે મ આગલ હતું તેમ સઘળું પાછુ મેલીઆમાં આવીઉં હતું. પાદશાહ તરીજા હેનરીની કબર પ ણ આ ચાપેલમાંછે, અને તેની ઉપર તે પાદશાહનું કાંસામાં ઓટેલું પુતલુંછે. પાદશાહ તરીજા એડવરડની કબરની ઉપર તેનુ પુતલુંછે અને તેની ઉપર છતરછે. એ પાદશાહ જારે ફરાંનસ ગયો હતો તા રે તેની હરોલમાં જે ધાલ તથા તલવાર ઉંચકાવતો હતો, તે આ છતર સાથે ટાંગેલીછે. એ તલવાર ૭ ફુટ લાંબીછે અને વજનમાં ૧૭ રતલછે. પાદશાહ બીજા રીચરડ તથા તેની રાંણીની કબર પણ હીંઆંછે, તેની ઉપર લાકડાંનુ છતરછે અને તેની ઉપર કરાઇસટ તથા તેની માં મેરીનાં ચીતારો પાહેલાં હતાં તે હજુર દે ખાએછે. આ જગાએ એક કબટની અંદર, ડીઉક આવ બકીંગાંમ જે સને ૧૭૩૫ નાં સાલમાં મરણ પાં મીઓ હતો, તેનું મીનમાં બનાવેલું પુતલું હજુર જોયામાં આવેછે. પાદશાહ પાંચમો હેનરી જેણે ફ્રેનચ લોકોની સાથે આજીનકોરટની લડાઇમાં મોટું નાંમ મેલવીઉં હતું, તેની કબર પણ હીંઆંછે. આગલ એ કબર ઉપર તે પાદશાહનું બાહાવલું હતું, તેનુ માંથુ રૂપાંનુ હતું અને બાકીનાં ભાગ ઉપર રૂપાંનો ધોર હતો. આ માંથુ ૧૬ મી સદીમાં ચોરીઆમાં આવીઉં હતું. એ પાદશાહની હેલમેટ, ધાલ, અને ધોડા ઉપર સ વાર થવાનુ જીન હીંઆં મેલેલુંછે.

હીંઆં બે ખુરશીઓ આપણ જોયામાં આવશે કે જે પાદશાહની આગલ તાજ પેહરતી વખતે આ લટર આગલ મેલીઆમાં આવેછે અને જેની ઉપર પાદશાહ બેશેછે. પાદશાહ પેહલલો એડવરડ જેણે ૧૨૯૭ નાં સાલમાં સ્કાટલંડનાં પાદશાહ બેલીઅલની ઉપર ઘણીએક ફતેહ મેલવી હતી, તેવારે તે મુલકમાંથી તાંહાં નાં પાદશાહોને માંથે તાજ મેલતી વખતે ધોલલા રંગનો એક રેતીનો પથર જેની ઉપર તેઓ બેસતા હતા, તે કબજ કરી લાવીઓ હતો, તેને ગોડવવાને વાસતે જે ખુરશી તેનાં હોકમથી બનાંવીઆમાં આવી હતી, તે ઉપલી બે ખુરશી મધેની એકછે, અને તેની ઉપર સઘળા પાદશાહ તથા રાંણી તાજ પેહરતી વખતે બેઠાંછે. ઉપલો પથર ૨૬ ઇંચ લાંબો, ૧૬ ઇંચ પોહોલો, અને ૧૧ ઇંચ જાડોછે. બીજી ખુરશી જે ઘણી પુરાંણી ન થી, તે પાદશાહ તરીજા વીલીઅંમની રાંણી મેરીને તાજ પેહરાવવાની કીરીઆની વખતે બનાંવીઆમાં આવી હતી. તાજ પેહરવાની કીરીઆની વખતે એ બંધે ખુરશીઓની ઉપર સુનેરી વરખ ચોંહોટાડીઆમાં આવેછે.

આ ઉપરાંત બીજાં નાંધલા દેવળોછે તે પણ ફરી જોવા લાએકછે, પણ તેઓનુ બયાંન પણ ઉપર જણા

વીઆ પરમાંણે કરવું પડેછે. સઘળી જગાએ કબરો અને યાદગારીની નીશાંણોછે. એ દેવળોનાં નાંમ ચા પેલ આવ સેંનટ બેનીડીકટ—ચાપેલ આવ સેંનટ એડમંડ—ચાપેલ આવ સેંનટ નીકોલાસ—ચાપેલ આ વ સેંનટ પાલ—ચાપેલ આવ સેંનટ ઇરાસમસ—અને ચાપેલ આવ સેંનટ જાંન ધી બાપટીસટ. એ સઘ ળાં ફરી વલવા લાએકછે.

આ દેવળ પછવાડે અવલથી તે હુંણણ શુધી પચાસ લાખ રૂપીઆથી વધતો ખરચ થયોછે અને ગરેટ બરીટંનની સઉથી નાંમીચી ઈમારતો મધેની એક ઈમારત ગણએછે. એ દેવળ મધે જે જે પાદશાહો તથા ઉમરાઓ તથા નાંમીચા શખસોની કબરછે તેઓનાં નાંમ પુરાતમપણા પરમાણે એકદંમ નીચે જણાવીએછે, કે જે થી તવારીખનાં અલીઆશીની યાદ પણ કેટલેએક દરજજે તાજી થાશે. પાદશાહોમાં—સેબરટ; એડવરડ ધી કં નફેસર; તરીજો હેનરી; પેહલો એડવરડ અને તેની રાંણી ઇલીઓનોર; તરીજો એડવરડ અને તેની રાંણી ફી લીપા; બીજો રીચરડ અને તેની રાંણી; પાંચમો હેનરી; પાંચમો એડવરડ; સાતમો હેનરી અને તેની રાં ણી; આંન આવ કલીવસ; છઠો એડવરડ; મેરી; મેરી સ્કાટલંડની રાંણી, રાંણી એલીજાબેથ; પેહલો જેમ સ અને તેની રાંણી; પેહલા જેમસની છોકરી બોહીમીઆંની રાંણી; બીજો આરલસ; તરીજો વીલીઅંમ અ ને તેની રાંણી મેરી; રાંણી આંન; બીજો જારજ અને તેની રાંણી કારોલાઇન. નાંમીચા પરમાંનો—લારડ ચાંનસેલર કલારેનડંન; લારડ હાલીફાકસ; સર વીલીઅંમ ટેમપલ; કરાગસ; અરલ આવ બાથ; મોટો લાર ડ ચાટંમ; પીટ; ફાકસ; કીચ્માંનીંગ અને કીચાસટલરી. નાંમીચા લશકરી અમલદારો—અરલ આવ પેમ બરોક; સર ફરાંનસીસ વીઅર; પરીનસ રૂપરટ; ડીઉક આવ આલબીમારલ; વીલીઅંમ ડીઉક આવ કંમબર લંડ, કલેડંનની લડાઇનો પેહલવાંન; તથા મારશલ વેડ. નાંમીચા દરીઆઇ ફોજનાં સરદારો—આડમીરા લ ડીન; સર ડબલીઉ સપરાગ; માંનટેગ, અરલ આવ સાંનડવીચ; અને કલાઉડસલે શાવેલ. નાંમીચા કવીઓ—ચાસર; સ્પેનસર, બેમંનટ; બેન જાંનસંન; મીકલ ડરેટંન; સર રાબરટ એટંન; સર ડબલીઉ ડેવનાં નટ; કાઉલી; ડેનહાંમ; રાસકાંમંન; ડરાઇડેન; પરાએર; કાંનગરીવ; આડીસંન; રોએ; ગેએ; માકફરસન; થે રીડંન તથા ટાંમસ કેમપબેલ. નાંમીચા નાંટક કરનારાઓ—બાટરટંન; મીસતરીસ ઓલડ ફીલડ; મીસતરી સ બરેસગરડાલ; મીસતરીસ સીબર, મીસતરીસ બારી; હેનડરશંન તથા ડેવીડ ગીઆરીક. નાંમીચા ગાએ ણ કરનારા—હેનરી લાજ; પરસેલ; દાકતર બલો તથા હાંનડેલ. નાંમીચા પાદરીઓ—દાકતર બારો; દાકતર સાઉથ. નાંમીચા અસલી શોખ કરનારાઓ કાંમડેન; સ્પેલમાંન; આરચ બીશપ અશર. બીજા નાંમીચા શખ સો તથા ઓરતો—માંઉનટ જાએ અરલ આવ ડેવનશાએર; આરાબેલા સ્ટુઅરટ; સાતમાં હેનરીની માંએ; લેડી જેન ગરેની માંએ; લારડ ડારનલીની માંએ; રાંણી મેરી તથા રાંણી આંનની માંએ; પરોટેકટર સાંમરસે ટની માંએ; મોટા લારડ બરગલીની બઇરી; સર રાબરટ સીસીલની બઇરી; વીલીઅરસ ડીઉક આવ બકીં ગાંમનો બાંપ તથા માંએ; પેહલલો ડીઉક આવ બકીંગાંમ અને તેનાં બે છોકરા; ડચેસ આવ રીચમંડ; બી જો ડીઉક આવ આરમંડ; બીશપ આવ રાચેસટર; હાકલીઅત; સર આઇસાક નીઉટંન, દાકતર જુશબી; દા કતર જાંનશંન; ટાંમ કીલીગરુ, એમ સેનટ એવરમાંટ તથા છેલલો અરલ આવ આકસફરડ.

સેંનટ પાલસ કથીડરલ તથા વેસ્ટમીનસ્ટર આબ્બી જોયાથી લંડંન જોનાર બીજાં દેવળો જોવાની ખાહે શ કદાચ કરશે નહી, પણ જો તે પોતાનો વખત બીજાં દેવળો જોવામાં રોકશેતો તેથી તેને દલગીરી ઉપજવા ની નથી. હજુર બીજાં પુરાંના દેવળોછે, કે જે પોતાંની ઘણીએક ખુબી ધરાવેછે, પણ તે સઘળાનું બયાંન ક રવા બેસીએતો બીજી બાબદોની જગા રેહે નહી, માટે આ પ્રકરણ બંધ કરતી વેળાએ વાંચનારને ઉપર જ ણાવેલી ભલામણ કરવાની હમો અગત ધારીએછે.

પ્રકરણ ૧૬ મું.

બાગ બગીચા.

હાઇડ પારક—કેનસીંગટન ગારડનસ—સેંનટ જેમસ પારક—વીકટોરીઆ પારક—ગરીન પારક—રીજેંનટ પારક—બાટરસી પારક—રીચમંડ પારક—કીલ્ડા ગારડનસ. કબ્રસ્તાનનાં બાગો.

લંડનમાં ભારી વસતી અને બીચોબીચ ઘેરો છતાં, એ શેહેરનાં લોકોની તંદરોસતી બીજા શેહેરોનાં લોકોની કરતાં સારી રેહેછે, તેનાં ઘણાએક કારણોમાં એક અગતનુ કારણ એ પણ છે કે, એ શેહેરનો કેટલો એક ભાગ ખુલલા બાગ તથા બગીચા બનાંવવામાં રોકેલોછે. હેવી જગાએા જે આ બારે અને બીચ વસતી નાં શેહેરમાં નહી હોએ તો, પછી તાંહાંની હવા ખરાબ રેહે, અને તેને શુધારવાનો કશો ઉપાએ થાઇ શકે ન હી. હજારો બલકે લાખો લોકો આખો દીવસ પોતાનાં કાંમમાં રોકાયા પછી ખુલલી હવાનાં આ બાગ બ ગીચાએામાં આસાએસ લેવાને તથા ફરવાને જાએછે, અને આખા દીવસની તેએાની થાક તાંહાં ઉતરી જા એછે. એક નાંગીચા પરધાંને કહેવું હતું કે, એ બાગ અને બગીચાએા "લંગસ આવ લંડન" છે, એટલેજે લંડનનાં આંતરડાંછે, કે જેની અંદરથી ડંમ લેવાને બની આવેછે. ખરેખર જો હેવી ખુલલી જગાએા લંડન માં નહી હોએ, અને તાંહાં પણ ઘેરો બાંધીઆમાં આવેતો, એ શેહેરની હવા ખરાબ થયા વનાં રેહે નહી, અને તેથી લોકોની તંદરોસતીમાં બીગાડ થાએ. જો સરકારનાં અખ્તીઆરમાં હોએ અને શેહેલથી બની આવતું હોએ, તો હજુર હેવી જગાએા વધારે પણ ઘટાડે નહી, એટલી બધી અગત લંડનને હેવા બાગ બ ગીચાએોનીછે. વસતીનાં હીસાબ પરજાણે યુરોપખંડનાં બીજાં મુલકોનાં મુખીઆ શેહેરો કરતાં લંડંન સઉથી વધતું તંદરોસતી વાલું ગણાએછે, તેનુ કારણ એછે કે, હાવા તથા બીજા ઉપાએો લોકોની તંદરોસતીને સારૂ એ શેહેરમાં ઘણાછે.

એ બાગો અને બગીચાએો ઉપર આદમીની હીકમત અને પરમેસવરની બખશેસ એકઠી મલીછે, અને એ બંધેની પીછાંન કરવાને તથા તેની ખરી મોજ ભોગવવાને વાસતે તે જગાએે જાઇને ઉભું રેહવું ત થા ફરવું જોઇએછે. લંડંનનાં પશ્ચમ ભાગમાં જાંહાં લંડંનની વસતીનો ઘણો ખરો ઉપલો વરગ રેહેછે, તાંહાં હાઇડપારક, કેનસીંગટંન ગારડનસ, સેંનટ જેમસ પારક અને ગરીન પારકછે. ઓતર પશ્ચમ તરફનાં ભા ગમાં રીજેનટ પારક, ઓતર ઉગમણુ ભાગમાં વીકટોરીઆ પારક અને દખણુ પશ્ચમ ભાગમાં બાટરસી પારકછે. પેહલલા ચાર બાગ એક એકની પહોસમાં આવેલાછે, તે હેવી રીતે કે એકમાં દાખલ થાઇએતો ચા રોની અંદર સદાબરૂ ફરી શકાએ. હવે એએાનુ બયાંન શરૂ કરીએછે.

હાઇડ પારક.

આ મોટો બગીચો સધળી મલીને ૪૦૦ એકર જમીન રોકેછે, અને તેમાં પગથી તથા ઘોડા ઉપ ર સવાર થાઇને તથા ગાડીમાં બેશીને ફરવાનાં જુદા જુદા રસતા કાહાડેલાછે. પગ ઉપર ફરવાનાં જે જે ર સતાએોછે, તેએાની આસપાસ ફુલોનાં ઝાડો લગાડેલાંછે તથા હેવી રીતે બીજાં ઝાડો રોપેલાંછે કે, જેથી કરીને

બપોરને વખતે પણ તાંહાં ચાલનારને છાંએડો મલી શકેછે. પગે ચાલનાર અને ઘોડા અને ગાડીમાં સવાર થાએલાંઓને એક એકથી અડચણ નહી થવાને વાસતે, ગાડી અને ઘોડાનાં રસતા જુદાછે કે જેને "રાઇડન રોએો" કરીકેહેછે. હીંઆં હુનાંલાની મોહસમમાં ઉમરાએો તથા ગરહસથો તથા નાંગીમી લેડીએોની સવારીએો નીકલેછે. ચાર અથવા પાંચ વાગતાંનાં વખતમાં એએોનો જમાંવ ઘણો થાએછે. એ વખતે એકદમ એક હજાર ગાડીએો ફરતી હોએ, તેવી ગણુતરી મલીછે. સઉથી સોભઇતી ગાડીએો અને સઉથી તેજ ઘોડાએો જે ઉમરાએો તથા દરવાંનો વાપરેછે, તે જોવા હોએતેતો પાછલા પોહોરનાં એ જગાએે ગયાથી દેખાશે. ઘો ડા ઉપર તથા ગાડીમાં ફરવાનાં રસતાની હારેદોર, આપણા ચર આગલ લાકડાંનાં કટેરાછે, તેવા કટેરા બાં ધેલાછે, તેથી પગે ફરવાનાં રસતા તથા મેદાંન ઉપર ગાડી ઘોડા આવી શકે નહી. હાઇડ પારકનો બગીચો પશચમથી ઉગમણુ તરફ જતાં એક મોટા ધોરી રસતાની કોરેથી લાગેલોછે, તેથી કરીને જેએો પગ રસતે સ હવાર અથવા બપોર અથવા સાંહાંજનાં પોતાનાં કાંમસર તે રસતેથી જવાનાં હોએ, તેએો ઘણાખરા ઉપલા બાગ મધેનાં પગ રસતાનો લાભ લીએછે. હેવી જગાથી ચાલી જવામાં આપણને કસો વખત મોલંમ પડતો નથી, તથા થાક લાગતી નથી. એ પગ રસતાએો ઉપર વલી સાંહાજને વખતે બેશીને આશાએસ લેવાને ત થા જેએો ચાલતા થાકી જાએ તેએાને થાક લેવાને સારૂ, થોંને થોંમ બાંકો ગોઠવેલાછે. જારે આપણી નાં મદાર રાંણી એ બાગમાં ફરવા જાએછે, તારે તેને જોવાને સારૂ લોકોની મોટી ઠઠ મલેછે, અને "ગાડ સેવ ધી કુઇન" "પરવરદેગાર રાંણીને સલાંમત રાખે" હેવા સધળી તરફથી અવાજો નીકલેછે. રાંણીની ઉપર પ રજાનો પીઆર એટલો બધોછે, કે રાંણી તાંહાં ફરવા જવાની હોએ, તે વીશેની ખબર જે આગમજથી એક મોટો દરવાજે હુંઘાડીઆથી ફેલાએેછે, તારે હજારો લોકોની તાંહાં ઠઠ મલેછે. સધળાએો ખુશાલીથી પોતા ની રાંણીની તરફ જુએછે, અને રાંણી પણ પોતાની રઇએતની સલાંમો મોહમત અને પીઆરની રાહે ક બુલ રાખેછે.

હાઇડ પારકની અંદર હીકમતથી એક નાંધલું નાંલું બનાંવીઆમાં આવીઉંછે, તેને "સરપેનટાઇન" કરી કેહેછે, કાંએજે તે સરપની માફક આડું અવડુંછે. એ નાંલું આસરે ૫૦ એકર જમીન રોકેછે. એ નાંલાંની અંદર ઘણાએક ઝરા પણછે, અને અસલ તેને લંડનનાં પશચમ તરફનાં ભાગમાંથી નદીની મદદ પણ મલતી હતી, પણ હાલમાં એ નાંલાંનાં ખોરાકને સારૂ " ચેલસા વાટર વરકસ " માંથી કેટલુંએક પાંણી મલેછે. ઉગમણુ તરફથી એ નદીમાંથી ૧૮૧૭ નાં સાલમાં હીકમતથી એક ધોત બનાંવીઆમાં આવીએોછે, અને તે મધેનુ પાંણી એક ઉંડા તલાવમાં પડેછે, અને પછી તે નાંલું ટેમસ નદી સાથે મલેછે. એ નાંલું હાઇડ પારકની અંદર ૧ થી ૪૦ ફુટ શુધી ઉંડુંછે. "કેનસીંગટન ગારડનસ" તરફ જવાને વાસતે આ નાંલાંનાં પશ ચમ તરફનાં ભાગ ઉપર પથરનો એક સોભઇતો પુલ બાંધેલોછે, તે જગાએે સરપેનટાઇન સઉથી વધતી ઉંડીછે. એ પુલ બાંધવામાં (૩૬૫૦૦૦) તરણુ લાખ, પાંસટ હજાર રૂપીઆ થયા હતા. એ આખુ નાંલું ઉંડું કરવા માં (૨૦૦૦૦૦) બે લાખ રૂપીઆનો ખરચ થયો હતો. હુનાલામાં એ નાંલાંમાં લંડંનનાં લોકોને નાંહવા ની છુટછે, તેથી એક વરસમાં આસરે બે લાખ આદમીએો હીંઆં નાંહેછે. શીઆળાની રૂતમાં એ નાંલું બં ધાઇ જાએછે, તારે તેની ઉપર " સ્કેટીંગ " લોહડાંનાં જોડા પેહરી સરી જવાની રમત કરીઆમાં આવેછે. એ નાંલાંમાં કેટલીએક બોટો રેહેછે, તેમાં પાવલો તથા અરધો રૂપીએો આપીઆથી આપણને અરધો કલા ક અથવા કલાક ફેરવીઆમાં આવેછે. એ નાંલું પેહેલ વેહલલાં પાદશાહ બીજા જારજની રાંણી કારોલાઇ નનાં હોકમથી કીધામાં આવીઉં હતું. એ જગાએે અસલ એક ખુદરતી નાંલું હતું, પણ તે સુકાઇ ગયાથી તે ને પાછુ તાજું કરવાને સારૂ ઉપલો અલાજ કરીઆમાં આવીએો હતો.

હાઇડ પારકમાં એક મોટું ખુલ્લુ મેદાંનછે તાંહાં લશકરનાં સીપાઇએોની " પરેડ " કરીઆમાં આ

વેછે, તે વેલાએ થાતો ખુબસુરત દેખાવ જોવાને હજારો લોકોની ઠઠ મલેછે. એ પરેડ ઘણુકરીને હુનાલાની મોહસંમમાં અથવા જુન અને જુલાઈ માંસની વચમાં થાએછે.

હાઈડ પારકમાં ફરવા જનારને દખણ-ઉગમણ તરફનાં ભાગમાં ગરાંનીટનાં પથરનાં એક મોટા તા ક ઉપર અઢાર ફુટ ઉંચું એક પુતલું દેખાશે. રોમ મધેનાં એક પુતલાં ઉપરથી આ મોટાં અને કદાવર પુતલાં ની નકલ લીધીછે, અને નાંમીચા પેહલવાંન ડીઉક આવ વેલીંગટન અને તેનાં બાહાદુર સોબતીઓની યાદ ગારી રાખવાને વાસતે ઈંગલંડની સ્ત્રીઓએ પોત પોતામાં (૧૦૦૦૦૦) એક લાખ રૂપીઆનું ઉઘરાંણુ કરી ને ઉભું કીધુંછે. તાકની ઉપર એમ કોતરેલુંછે કે "આરથર ડીઉક આવ વેલીંગટન અને તેનાં લશકરનાં બી જા બાહાદુર સોબતીઓની યાદગારીમાં તેઓની દેશી સ્ત્રીઓએ આ "આચીલીસ" નુ પુતલું કે જે સાલામાંનકા, વીટોરીઆ, ટુલોન અને વાટરલુની લડાઈમાં હાથ કીધેલી ટોપોનાં ધાતુમાંથી ઓટીડેંછે, તે ઉભું કીધુંછે" તે ની નીચે એમ લખીડેંછે કે, "આ પુતલું તારીખ ૧૮ મી જુન ૧૮૨૨ ને દીને આ જગાએ પાદશાહ ચો થા જારજનાં હોકંમથી મેલીડેંછે." આ બાગમાં એક કેકાંણે સરકારનુ દારૂખાંનુછે તાંહાં દશ લાખ ગોલી ઓ તથા ખાલી કારટરીડજછે, કે જે અગતને વખતે તુરત કામ આવી શકે.

દુનીઆનાં સઘળા ભાગો ઉપરની કારીગરી, હીકમત, હુંનર, અને ઉદ્દીઓગની જીનસોનું સને ૧૮૫૧ નાં વરસમાં લંડંન મધે જે સંગરહસથાંન હુંગાડીઆમાં આવીડેં હતું, તે આ પારકમાં હતું, અને તેથી એ બગીચાની રચનાંમાં અતીધણો વધારો થાયો હતો. તે સંગરહસથાંનનો કાંઈએક હેવાલ હવડાંનાં બીલોરી મેહેલ વીશેનાં પ્રકરણમાં જોયામાં આવશે.

આ પારક મધે દાખલ થવાનાં ઘણી તરફથી દરવાજછે, તેમાંનાં બે મુખીઅછે. આકસફરડ સ્ટીટ મધેથી દાખલ થવાનો મોટો દરવાજોછે, તેને "મારબલ આરચ" કરીને નાંમ આપેલુંછે, કાંએજે તેની સઘ ળી બાંધણી સંગેમરમરનાં પથરનીછે. એ દરવાજો અસલ બકીંગાંમ પાલેસને લગતો હતો, પણ જારે તે મે હેલનો હાલનો ઉગમણ તરફનો આગલો ભાગ બાંધીઆમાં આવીએો હતો, તારે તાંહાંથી તેને કાહાડીને આ જગાએ મેલીએાછે. એ દરવાજા પછવાડે અસલ ખરચ (૮૦૦૦૦૦) આઠ લાખ રૂપીઆનો થાયો હતો, અને તેને ઉપલા મેહેલ આગલથી લાવીને આ જગાએ મેલવાનો ખરચ (૧૧૦૦૦૦) એક લાખ દ શ હજારનો થાયો હતો. બીજો દરવાજો પીકાડીલીનાં રસતા ઉપરથીછે, તે પણ ઘણોજ સોભઈતોછે. હીંઆં ગાડી જવાને વાસતે હારેદોર તરણ દરવાજછે, અને તેમની બંધે બાજુએ પગે જવાનાં દરવાજાછે. આ ત રણ દરવાજને ગાલે ગાલે ઘણોજ સોભઈતા થાબાંછે, અને તે સઘળા દરવાજા મલી તે બાજુની લંબાઈ ૧૦૭ ફુટ થાએછે. એ ઉપરાંત એ પારકમાં દાખલ થવાનાં બીજા દરવાજાછે, તેમાં વીકટોરીઆ ગેટ પણ લોહ ડાંનાં કટેરાનો ઘણોજ સોભઈતો દરવાજોછે, અને એ પારકની દખણ તરફથી દાખલ થવાનો કેનસીંગટનનો નવો દરવાજો જે ૧૮૫૮ નાં સાલમાં મેલીઆમાં આવીએાછે તે પણ ઘણોજ સોભઈતોછે. આ આખા પાર કને લોહડાંનાં કટેરાથી બેરી લીધેલાછે.

કેનસીંગટન ગારડનસ.

હાઈડ પારકની બરાબર પહોશમાં એ બગીચો આવેલોછે, અને ભરતમાં તે આસરે ૩૭૫ એકર જ મીન રોકેછે. જેમ હાઈડ પારક મધે ગાડી તથા ઘોડા જવાની છુટછે, તેમ હીંઆં નથી. પણ હાઈડ પાર ક કરતાં આ બગીચાનો દેખાવ વધારે સારોછે. હીંઆં જંગલનાં જેવાં મોટાં ઝાડોની વચમાંથી તથા ખુશ નુમાં બાગની અંદરથી ફરવાનાં રસતાઓ કાહાડેલાછે. બપોરનાં જારે સુરજ સારી પઠે પરકાશતો હોએ, તા રે પણ આ બાગ મધે ઉગેલાં મોટાં ઝાડોથી આપણને છાંએડો મલેછે. મોટાં ઝાડોની વચમાંથી ૫૦ ફુટ

પોહલા રસતા કીધેલાછે. હુંનાલાની મોહોસંમમાં આ બાગમાં આખો દીવસ લોકો આવ જવ કરેછે. રવી વારને દીને તાંહાં બંનતા દેખાવનુ બયાંન કરવામાં કવીઓએ પોતાની કલમ કામે લગાડેલીછે. સવારથી તે સાંહાંજ શુધી તાંહાં એક તમાશો થાઈ રેહેછે. નાંધલામાં નાંધલાં બાલકોથી તે ચહડતી ઉમરનાં બાલકો સો ભઈતા પોશાકો સાથે તેમની ધાઈનાં રાંબાલમાં હસતાં, રંમતા, દોડતાં અને તરેહવાર મોજ ભોગવતાં દીશેછે. મરદો તથા સ્ત્રીઓ દેવળમાં જયાની આગમજ, અથવા તાંહાંથી ફારગ થયા પછી, સારા અને સુંદર પોશાકો સાથે તાંહાં ફરવા જાએછે. ફરએ મેંહનડાંઓ લીલાં ઘાસ ઉપર ચરેછે, અને બટકો પાંણીનાં ચસમાંમાં ખુ શી સાથે તરેછે. પંખેરાંઓ ઝાડોની ઉપર બેશી લીલા રંગનાં પાતરાંની વચમાં પોતાંનાં રંગ બેરંગ આકારથી ઝાડોનાં દેખાવને વધારે ખુબસુરત કરેછે, અને આસપાસની હવાને પોતાનાં મધુર રાગથી મીઠી કરેછે. આ ખુદરતી દેખાવ અને ખુબસુરતીનાં વચમાં સોભઈતા પોશાકો સાથે ફરવા આવનારાઓ તેમાં અગત કરી બા લકો અને સ્ત્રીઓનાં મોહડાંઓની ખુબસુરતી અને તરેહવાર રંગનાં પોશાકોથી, સઘળા દેખાવમાં એ ક અજબ હુંબેરો થાએછે. કોઈ રમેછે, કોઈ બેહુંછે, કોઈ ચાલેછે, કોઈ દોડેછે, એ ત્રીસાલે સઘળી તરફ ખુ શાલી દેખાએછે. કોઈ દલગીર હોએ, તો તેહની ગંમગીની પણ તાંહાં ગયાથી કેટલેએક દરજજે ઓછી થયા વગર રેહે નહી, હેવી એ જગાછે.

સરપેનટાઈન જે હાઈડ પારકમાંછે, તે હીંઆં પણ લાગુ પાડેલીછે, અને તેની ઉગમણ બાજુએ કેટ લાંએક ઘણોજ પુરાંણો, અને મોટા રપાંનીશ ચેસનટનાં ઝાડોનાં છાંએડો તલેથી ફરવાનો એક ઘણોજ ખુશનુમાં મારગ કીધેલોછે. એ નાંલાં ઉપર પથરનો જે પુલછે તેની ઉપર થાઈને હાઈડ પારકમાં આવજવ કરી શકાએછે. આ બાગ મધે જે મેહેલછે, તેનુ બયાંન આગલ કીધેલુંછે, તે મેહેલની સામને ફુલોનો એક ઘણોજ ખુબસુર ત બાગ બનાંવેલોછે અને તે બાગ અને મેહેલની વચમાંની જગામાં કેટલાંએક જુનાં એલમનાં ઝાડોછે. આ બગીચાનાં દખણનાં ભાગ ઉપર નાંમીચા તથા નહી મલતાં ફુલોનો એક બાગછે અને તેની શોહેથી ચા લવાનો રસતો કાહાડેલોછે, તાંહાં ફરીઆથી નજર અને ઝાડપાંણુની વીદીઆ, એ બંધેનાં શોખીને ઘણી ખુ શી ઉપજેછે. હીંઆં કીમતી તથા નવાઈનાં ફુલો તથા રોપાછે, તેમની ઉપર તેઓનાં ઈંગરેજીમાં તથા લાટીન માં જે નાંમોછે, તેની ટીકીટો મારેલીછે તથા તે રોપા અસલ કહા દેશનાંછે, તે પણ જણાવીઆમાં આવી ઉંછે, તેથી ઝાડ પાંણુની વીદીઆનાં શોખીને તેનાં અભીઆશમાં આ બાગથી કેટલીએક મદદ પણ થાઈ શ કેછે. આપણે એક શાધારણ જગામાં એકથી વધારેવાર જાઈએ, તો તેથી આપણને કેટલોએક કંટાલો ઉપ જે, પણ આ બગીચામાં આપણે વરસનાં ૩૬૫ દાહાડા જાઈએ, તો તેથી આપણને દરરોજ વધારે ખુશી ઉ પજશે પણ ઓછી નહી. લંડંનનાં પશચમ ભાગનાં રેહનારાઓને આ બાગમાં ફરવા જવાનુ ઘણુ સવલ પ ડેછે, તેથી તે સઘળાઓ તેનો લાભ લીએછે. મોટાં અને પુરાંનાં અને પાંતરાઓથી પુર ઝાડોનાં છાંએડા તલેથી એ બગીચામાં ઘણાએક રસતા કાહાડેલાછે, તેથી હજારો આદમીઓ તાંહાં ફરવા જાએછે તોપણ તાં હાં કોઈ રીતની ઠઠ માલંમ પડતી નથી. જેમ આદમીને દર રોજ ખોરાક જરૂરછે, તેમ આ બગીચાની પ ડોશમાં રેહનારાઓને તાંહાં દર રોજ જાઈ તાંહાંની હવાનો દંમ લેવાની અગત થાઈ પડીછે. જેઓ દુર રે હેછે અને જેઓ કોઈવાર હીંઆં ફરવા આવે, તેઓને મંનશે કે તાંહાં જવાને દીને તેહવારછે, એટલો બધો એ બગીચો લોકોને ગંમતોછે. આ બાગ મધે અડવાડીઆંમાં બે વાર ૪॥ વાગતાં થીતે ૬॥ વાગતાં શુધી વા જું વજાડીઆમાં આવેછે, તે વખતે તાંહાં જોવા લાએક રચનાં બનેછે. જેઓ આપણા પાલવાનાં મેદાંન ઉપર વાજું વાગતું સાંભલેછે, તાંહાંનો દેખાવ પોતાની નજરે જુએછે, તેઓ કેનસીંગટન મધેનાં વાજાંની ગ મત તથા તાંહાં બનતા દેખાવ વીશે સપનાંમાં પણ અરશટો નહી કરી શકશે. વાજું વજાડનારાઓ જેઓની સંખીઆ આસરે પચાસ આદમીઓની હોએછે, તેઓ પોતાનાં લાલ અને સઘળા પોશાક સાથે

હાજર થાએછે, તેઓનોજ દેખાવ જોવા લાએક બનેછે. તેઓથી થોડીએક વેગલાઈએ લોહડાંની નાં ધલી ખુરસીઓ માંડેલી હોએછે, તેની ઉપર સેંકડો અરદો અને હજારો સ્ત્રીઓ તથા બાલકો સોભઈતા પોશા કો સાથે બેશેછે. ઘણાએકો આસપાસ ફરીઆ કરેછે. વાજું વાગેછે, તારે જરાક પણ અવાજ બીજા આ દમીઓમાંથી નીકલતો નથી, અને આખો બાગ તે ગાએણની લેજતમાં સાંમેલ થતો હોએ તેવું લાગેછે. લં ડંન જોવા જનારને કેટલીએક અગતની ભલામણ કરીઆમાં આવેછે, તેમાં આબી એક થાએછે કે જારે વા જું વાગતું હોએ તારે કેનસીંગટનનાં બાગમાં જવું. તાંહાં વાગતાં વાજાંની ખુબીમાં આ લખનારની તરફ થી બોલવાની કશી અગત નથી. કાંઈબી બીજે વાંધેનુ લંડંનમાં પોશાએ નહી, તેમ હાવા બાગમાં થાતું ગા એણ કેવું હશે અને તે વજાડનારાઓ કેવા ચાલાક અને પોતાનાં હુનરમાં માહીતગારી ધરાવતા હશે, તે વી શે વાંચનાર પોતાંની મેલેજ સમજશે. હવે

સેંનટ જેમસ પારક.

નુ બયાંન કરીએછે. એ બગીચો રાંણીનાં બકીંગામ તથા સેંનટ જેમસ પાલેસનાં મેહેલને લગતોછે અને તે ને શુધારવામાં કશી રીતની ખામી રાખીઆમાં આવી નથી. એ બગીચા મધે આગલ જે નાંલું શીધું અને સરખું હતું, તેને આડું અવડું કરીને હવડાં તેની વચમાં લીલાં ટાપુઓ કરીઆમાં આવીઆંછે, અને તેમાંનાં એકની ઉપર એક ઘણુજ ખુબસુરત "કાટેજ" બાંધીઆમાં આવીઉંછે. એ બાગ મધે એક ઘણોજ ખુબસુરત ડુંઆ રો પણછે. હીંઆં ફરવાને વાસતે જે જે રસતા કાહાડેલાછે તેની આસપાસ ઘણા સારાં ઝાડો રોપેલાંછે, અને તે ઓની ઉપર તેમનાં નાંમોની ટીકીટો ચોંહોટાડેલીછે. કેટલાંએક પુરાંનાં એલમનાં ઝાડો હજુર હીંઆં જોયામાં આવેછે. એ બાગમાંની રાંણીનાં મેહેલો તથા વેસ્ટમીનસ્ટર આબી અને પારલામેનટનાં મેહેલનાં ત્રી નાંરાઓ તથા " હારસ ગારડસ " ની ખુબસુરત ઈમારત દેખાએછે. એ બાગમાં લોકોને બેસવાને વાસ તે ખુરસીઓ હોએછે. હીંઆં ફરવાનાં એક રસતાને "બરડ કેજ વાક" કરી નાંમ આપેલુંછે, તેનુ કારણ એ જે પાદશાહ બીજા ચારલસનાં વખતમાં હીંઆં હારેદોર રોપેલા ઝાહોની ઉપર પંખેરાનાં પીંજરાં હતાં. શુ લેહની ખુશાલીમાં ૧૮૧૪ નાં વરસનાં આગસટ મહીનાંની ૧ લી તારીએ આ બાગ મધે ભારી રચનાં કી ધામાં આવી હતી, તે વખતે આ રસતા ઉપરનાં ઝાહોની સાથે ચીનાંઈ ફાંનસોમાં રોશની સલગાવીઆમાં આવી હતી, તથા નાંલાની ઉપર એક ચીનાંઈ પુલ તથા સાત મારનુ ચીનાંઈ દેહડું બાંધીઉ હતું, તેથી તે વખ તનો દેખાવ ઘણોજ તલેસમાતી લાગતો હતો હેવું જણાવીઆમાં આવીઉંછે.

આ બાગ સધળી મલીને ૯૧ એકર જમીન રોકેછે. રાતને વેલા તેમાં ફાંનસોમાં ગીઆસની રોશની કરીઆમાં આવેછે. એ બાગની એક બાજુએ ઈંગલંડના નાંમીચા કવી મીલટનનુ ઘર હતું તે જગા હં મણા પણ આપણને દેખાડીઆમાં આવેછે.

ગરીન પારક.

ઉપલા પારક અને પીકાડીલી વચે જે બાગ આવેલોછે તેને ગરીન પારક કરી કેહેછે અને તે ભરતમાં ૬૦ એકરછે. આગલ તેને સેંનટ જેમસ પારકનો ઉપલો ભાગ ગણીઆમાં આવતો હતો, પણ હાલમાં આ જુદું નાંમ આપીઆમાં આવીઉંછે. હીંઆં પણ હજારો લોકો દરરોજ ફરવા જાએછે.

વીકટોરીઆ પારક.

આ બગીચો જે ભરતમાં ૨૯૦ એકરછે, તે હાલની રાંણીનાં વખતમાં બનાંવીઆમાં આવીએોછે, અ ને તે ઉપરથી તેને આ નાંમ આપીઆમાં આવીઉંછે. એ બાગ બનાંવવામાં, જમીન વેચાતી લીધી તેની કીમત ઉપરાંત, બીજા (૭૨૦૦૦૦) સાત લાખ વીશ હજાર રૂપીઆનો ખરચ થયો હતો. એ બાગમાં જુદી જુદી જા

તનાં ઝાડોથી ઘણાએક ચોક કરીઆમાં આવીઆછે. નાંહવાને સારૂ તથા બોટમાં ફરવાને સારૂ સોભઈતા ડું આરા સાથે તાંહાં પાંણીના એક ખુશનુમાં અસમોછે, તેની વચે વચમાં એક ટાપુ બનાંવી તાંહાં બે મારલનુ એક ચીનાંઈ દેહડું બાંધેલુંછે. હીંઆં એક કશરતશાલા ઉભી કીધેલીછે તથા કરીકેટ અને તીરકાંમઠાંની રમતને સારૂ ખુલ્લી જગા રાખેલીછે. ખજુતર, તથા કનેરી પંખેરાં તથા તરેહવાર ફુલોના દેખાવ પણ હીં આં થાએછે. એ બાગ આસરે પાંચ લાખ, પચાસ હજાર આદમીઓની વસતીની વચમાંછે અને દર રોજ તાંહાં તરીશ હજાર આદમીઓ જાઈને ગમત કરેછે. બુધવારને દીને પાછલા પોહોરનાં તાંહાં બાલકો શીવા એ બીજાં કોઈને દાખલ કરીઆમાં આવતાં નથી, તે દીને આ બાગ વધારે લેહજત ભરેલો દેખાએછે.

રીજેંનટસ પારક.

આ બગીચો જે ભરતમાં ૪૭૨ એકરછે, તે પાદશાહ ચોથા જારજ, જારે " પરીનસ રીજિનટ " હતો તારે ૧૮૧૨ નાં સાલમાં બનાંવીઆમાં આવીઓ હતો, તે ઉપરથી તેને એ નાંમ આપીઆમાં આવીઉંછે. એ બગીચો ઘણોજ ખુબસુરતછે, અને તેનો દેખાવ શુધારવામાં મેહનત તથા પઈસાની કસી કશુર કીધામાં આવી નથી. તેનો આકાર ગોલછે અને તેની આસપાસ ગાડીમાં બેશી ફરવા સારૂ બે માઈલનો ફરતો રસતો કીધેલોછે. પશચમ—દખણનાં ભાગમાં પાંણીનું ખુબસુરત નાંલુંછે, અને તેની અંદર લીલોતરીથી પુર અને ખુબસુરત વેલા સાથનાં નાંધલા ટાપુ બનાંવીઆમાં આવીઆંછે. પાંણીનાં નાંલાંઓની આરપાર નાંધલા પ ણ લોહોડાંનાં તારનાં ઘણાજ ખુબસુરત પુલો બાંધેલાછે. એ પુલો ઝુલતા (સસપેનશન બરીડજ) છે, અને તેની ઉપર આપણે ગમે તેટલા ધીરે ચાલી જાઈએ તોપણ તે ઝુલેછે. આ બગીચાનાં દખણ ભાગમાં ઝાડ પાં નની વીદીઆનો ભાગ બનાંવેલોછે તે ખરેખર જોવા લાએકછે, પણ તેમાં દાખલ થવાને સારૂ " બોટાંનીક સો સાઈટી " નાં કોઈબી અધીકારીની પરવાંનગી જોઈએછે. દર એક રોપા તથા ઝાહોની ઉપર તેમનાં નાંમ ચોં હોટાહેલાંછે, અને દર એક જાતનાં અને ખાશીઅતનાં રોપા ગોઠવવામાં જે કાએદો અને ખુબસુરતી ધી આંતમાં રાખીઆમાં આવીછે, તે ખરેખર તારીફ લાએકછે. હીંઆં ફરીઆથી આપણા જાંણીઆમાં આ વેછે, કે ફલાણો રોપો સુંછે, તેની ખાશીઅત કેવીછે, તેમાં ગુણ સુંછે, તે બધેથી કહી દવા નીકલેછે, તે દવા કહા મરજ ઉપર લાગુ પડેછે, એ સધળાનો કોઈ અલીઆસ કરવા ચાહેતો આ બાગમાં થાઈ શકેછે. જે ઝાડ પાંનની વીદીઆનો શોકી નહી હોએ, અથવા જેને ઉપર જણાવીઆ પરમાંણે અલીઆસ કરવાની અગત નહી હોએ, તેને પણ તે બાગમાં ફરીઆથી અને તાંહાં લેહજતદાર રીતે ઉગેલા રોપા તથા ફુલો જોયાથી ઘણી એક ખુશી ઉતપંત થાશે. એ બાગમાં મોટા તંબુ મારી વસંત રૂતુ તથા હુનાલાની મોહસમમાં "ફલાવર શો" પુ લોનો દેખાવ કરીઆમાં આવેછે, પણ તે જોવાને સારૂ જેઓને આગમજથી પરવાંનગી મલી હોએછે તેઓ નેજ અંદર દાખલ કરીઆમાં આવેછે. તે વખતે હીંઆં એક બેહસતનાં બાગનો દેખાવ થાઈ રેહેછે. દર એક જાતનાં ફુલોનાં કુડાં ઘણીજ સોભઈતી રીતે ગોઠવીઆમાં આવેછે. "બોટાંનીક સોસાઈટી" ની તરફથી આ સંગરહ દેખાડીઆમાં આવેછે, અને સધળા માલીઓ તથા બાગનાં શોકીઓ પોતપોતાંની વાડીમાંથી જે સઉથી સરસ ફુલો થયાં હોએ તેમનાં કુડાં તાંહાં દેખાડવાને વાસતે મોકલેછે. જે માલીઓએ પોતાંની વાડીમાં સઉથી સારૂ ધીઆંન આપીઉં હોએ, અને જેઓનાં નમુના સઉથી સરસ થડીઆ હોએ, તેઓને ચહડતાં ઉતરતાં ઈનાંમ આપીઆમાં આવેછે, તેથી માલીઓને પોતાનાં બાગો તથા તે બધેનાં ઝાડો તથા ફુલો અને ફળો શુધારવાને ઘણીએક ઉલટ થાએછે. જેમ સારાં ફુલો ઉગાડવાનું ઈનાંમ આપીઆમાં આવેછે, તે મ સારા ફળો પાકવવાનું પણ ઈનાંમ મલેછે, અને તે ફળોનો દેખાવ પણ ઉપલીજ વેલાએ કરીઆમાં આવેછે. યુરોપખંડ અને આપણા હીંદુસથાંનનાં મુલકમાં ઉગતાં ફુલોમાં ઘણોએક ફરકછે. આપણા મુલકનાં મોધરાં

અને ચંપેલી જેવાં ખુશબોદાર ફુલ ઇંગલંડમાં મલતાં નથી તથા આપણા ગુલાબની ખુશબોની અરધા અરધ ખુશબો ઇંગલંડનાં ગોલાબની નથી, તોપણ એ મુલકનાં બીજાં ફુલો ખુબસુરતીમાં તથા તેમનાં તરેહવાર રંગમાં આપણા ફુલો કરતાં કોઇની રીતે ઉતરતાં નથી. એ ફુલોની ખુબસુરતી વલી જે રીતે તેમને ઉપલા દેખાવની વેલાએ ગોઠવીઆમાં આવેછે તેથી અતીધણી વધી પડેછે. તરેહ તરેહની જાતનાં ફુલનાં ૨૦૦ અથવા ૩૦૦ કુંડાં એકઠાં કરવાં અને સોભી નીકલે હેવી રીતે તેમને ગોઠવવાં, તેમાં કાંઇ થોડી હીકમત અને હોશીઆરી જોઇતી નથી. દરએક કુંડાંની ઉપર તેનાં ધણી અથવા ત્રાલી અને ફુલનાં નાંમની ટીકીટો મારીઆમાં આ વેછે, તે સાથે તેને વાસતે પેહલલા અથવા બીજા અથવા તરીજા વરગનું જે ઈનામ આપીઆમાં આવીઉં હો એ, તે પણ જણાવીઆમાં આવેછે. જે નમુનાંને સારૂ ઈનાંમ નહી આપીઆમાં આવીઉં હોએ, પણ તે પ શંદ પડતા થાયા હોએ તેને વીશે પસંદગીની ટીકીટ મારીઆમાં આવેછે. હેવા દેખાવને વાસતે લંડનનાં તથા ઇંગલંડનાં બીજા શેહેરોનાં બાગોમાંથી ફુલોનાં હજારો કુંડાં આવેછે, તેમાંનાં સઉથી સરસજ હીંઆં દેખાડી આમાં આવેછે. આ દેખાવની વેલાએ એક લશકરી વાજું પણ તાંહાં ગાએણને સારૂ હાજર થાએછે, અ ને ફુલોનાં બાગની વચે ગાએણનો મધુર રાગ ફેલાયાથી, તે વખતે જેઓ તાંહાં હાજર હોએછે, તેઓને એ ક અજબ તરેહની ખુશાલી ઉપજેછે.

આ બગીચાનાં ઓતર પશ્ચમ ભાગ ઉપર "ઝુઓલાજીકલ ગારડનસ" અથવા દુનીઆનાં સઘળા ભાગો ઉપરનાં જાનવરોનો સંગરહ કીધામાં આવીએાછે. જો કોઇ શખસને હેવોજ શોક હોએ કે, દુનીઆ માં પેદા થાએલાં સઘળા જાનવરોને જોવાં, અને તે વાસતે તે આખી દુનીઆમાં સફર કરવા નીકલે, તે નાં કરતાં લંડનમાં જાઈ આ શંગરસથાંન જોયાથી તેની ઘણી ખરી મતલબ પાર પડીઆ વનાં રેહ નહી. મોટાંમાં મોટાં પરાંણી હાથી તથા ગેનડાથી, ઝીનાંમાં ઝીનાં જાનવર તથા પખશીનો જમાંવ આ શંગરહ સથાંનમાં જોયામાં આવશે. દરએક જાતનાં જાનવરોનો સંગરહ જુદો જુદો કીધામાં આવીએાછે, અને દ રએકને તેનાં ઘટતા વરગમાં મેલવાને ઘણીએક ચોકશી રાખીઆમાં આવીછે. કઉઅતવાલાં તથા ફાડી ખાનારાં જાનવરોને લોહડાંનાં કટેરાનાં મજબુત પીંજરાએામાં રાખીઆમાં આવેછે. જે જાનવરોથી કોઇને દુખ થવાની ધાસતી નહી હોએ, તેઓને ફકત એક હદની અંદર રાખીઆમાં આવેછે. જાત જાતનાં પંખે રાંએો જેઓ સાથે રહાથી એક એકને દુખ નહી કરે, તેઓને લોહડાંનાં તારનાં સલીઆએાનાં મોટાં અને લાંબા પીંજરામાં સાથે રાખેલાંછે. એ પીંજરાંએોમાં ઝાડની ફાંખલીઓ ઉભી કીધેલીછે, તેની ઉપર તેઓ રમેછે તથા ઉડેછે. પીંજરાંની સપાટી ઉપર તેઓનાં ખોરાકને વાસતે દાનાં નાંખીઆમાં આવેછે, તથા રા તની વેલાએ બેસવાને સારૂ ઘાસ તથા તેવી બીજી હુંફ આવવાની જીનસો રાખીઆમાં આવેછે. જે જ ગાએ પંખેરાંએા રાખેલાંછે તે જગાએ તેઓનાં અવાજથી આપણા કાંન, અને તેઓનાં ખુબશુરત આકાર અને રંગથી આપણી આંખને ઘણીએક મજાહ લાગેછે. એ સંગરહસથાંનમાં થોડા વખતમાં દુનીઆ ઉપ ર પેદા થતાં ઘણાખરા જાનવરો એક નજરે આપણે જોઈ શકીએછે, તેથી આપણને ઘણીએક ખુશી ઉપજે છે, અને હેવા સંગરહસથાંનોથી આદમીનાં ગનેઆંતમાં, તેની અકલમાં અને વાકેફગારીમાં કેટલો વધારો થાએછે, તેનો આપણને તરત વીચાર આવેછે. જે કાંઇ આપણે મોટી સફરથી નહી કરી શકીએ, તે હા વું એક સંગરહસથાંન જોયાથી થાએ, એ કાંઇ થોડો ફાએદો નથી. મોટાં ચોપગાં જાનવરથી તે નાંધલાંમાં નાંધલાં જાનવર તથા પખશી શુધી જે જે આપણાં દીઠામાં હીંઆં આવેછે, તેની ગણતરી કરવા બેશીએતો, હજારોની થાએ અને તે દરએકનુ બયાંન આ પુસતકમાં થાઈ શકવું મોહાલછે. તોપણ આ સંગરહસથાં નમાં સું સું છે, તેનો કાંઇએક વીચાર આવવાને સારૂ થોડીએક વીગત નીચે આપીછે. આંમેરીકાનાં ઓ તર ભાગમાં કારોલાઇનાંમાં પકડેલા બે સોસવાટ હીંઆંછે, અને તેઓને રાખવાને સારૂ એક નાંધલો તલા

વ કીધામાં આવીએાછે. હીપોપાટેમસ નાંમનાં મોટાં દરીઆઈ જાનવરનો એક જોડો મીસરનાં પાદશાહે આ સંગરહસથાંનને ભેટ આપીઓ હતો, તે એક મોટા તલાવની અંદર જોયામાં આવેછે. એ જાનવર ઘણુજ મોટું અને ભારી આવેછે, અને જમીન ઉપર તથા પાંણીમાંથી તે રહી શકેછે. ઘણાએક મુરગ પ ણ હીંઆં જોયામાં આવેછે. મરનાર અરલ આવ ડરબીએ ઇલાંડસ નાંમનાં ખુબસુરત જાનવરો, સને ૧૮૫૧ માં ભેટ કીધાં હતાં, તે હજુર શુધી તાંહાંછે. આપણે સઘળાએાએ કીડી ખાનાંર જાનવરની વાત સાંભલીછે, તે જાનવર હીંઆં જોયાથી આપણને કેટલીએક ગમત ઉપજેછે. એ જાનવર પોતાની જીભ બા હેર કાહાડીને બેશેછે, અને તે ઘણી ચીકણી અને મીઠીછે, તેથી સઘળી કીડીઓ તેની જીભ ઉપર આવીને બેશેછે, અને જારે મોટો જહો એકઠો થાએછે, તારે તે પોતાની જીભ અંદર ખેંચી લઇને, સઘળી કીડી ખાઈ જાએછે. એ જાનવર ૨૦૦૦ રૂપીએ ખરીદ કીધામાં આવીઉંછે. એક હાથી તથા તેનુ બચુંછે. હા થીની પાસે તેને ખોરાક આપનાંર વગર ધાસતીથી જઇ શકેછે. જેવા જનાંરાએા તેને પાંઉનાં નાંધલા કટ કા નાંખેછે, તેને તે ઘણીજ રમુજી રીતે પોતાની સુંતથી ઉંચકીને ખાઈ જાએછે. રીંછોનુ એક મોટું ટોલુંછે. સને ૧૮૩૬ નાં વરસમાં ૨૩૦૦૦ રૂપીઆની કીમતે જીરાફ નાંમનાં ચાર ઉંચા અને ઉંચી હોકનાં જાનવ રો વેચાતા લેઇને હીંઆં રાખીઆમાં આવીઆં હતાં. એ બધેની બાંદાએ અગીઆર વરસની અંદર છ નર જણીઆ હતા. આસરે એક ડજન સીંહછે, તેમાં એક નર અને એક બાંદા ગુજરાતનાં જંગલમાંથી પ કડેલીછે. આ સીંહની જોરને આપણી ટાપુનાં આગલા વડા નેઆએધીસ સર એરસકીન પેરીએ તે સંગર હસથાંનને ભેટ કીધી હતી, અને તે અતરેથી ગઈ હતી, તારે ઘણાએક જણનાં જોયામાં પણ આવી હતી. એક જોર એજ બાગમાં જંનમી હતી, અને એક બીજી જોર આફરીકાનાં જંગલ બધેથી પકડેલી ઘણીજ મો ટીછે. કાળરચીતરા અને ખુબસુરત વાધો પણ હારેદોર મજબુત પીંજરાંમાંછે. તેમાં એક જોર સને ૧૮૫૧ નાં વરસમાં વરોદરાનાં ગાએકવાડે અતરેથી મોકલેલી આપણા દીઠામાં આવેછે. એક સીંગડાનો એક મો ટો ગેનડોભી હીંઆં જોયામાં આવેછે. હરણ, બકરાં, અને બીજા ઘણાએક ચોપગાં જાનવરોછે. જે જગા એ વાંદરાએા રાખેલાછે, તાંહાં ઘણી મજાહ પડેછે. વાંદરાએાની ખાશીઅત સરવે કોઇ સારી પડે જાંણેછે, તેથી જાંહાં એ જનાંવરોનુ એક મોટું ટોલું જેમ બને તેમ થોડી જગામાં એકઠું કરીઆમાં આવીઉંછે, તાં હાં કેવો દેખાવ થાતો હશે, તે વીશે વાંચનારને સેહેલથી સમજ પડશે. એ વાંદરાએોને તેમની ચાલ પર માણે તારનાં મોટા ઘેરમાં બંધ રાખેલાછે, અને તેમાં જાહડનાં દાખલાંએા તથા થાંભા ઉભા કીધેલાછે, તેની ઉપર તેઓ આખો દીવસ કુદેછે, તથા નાંચેછે. હીંઆં હંમેસાં જોનારાએોનું મોટુ ટોલું થાએછે. ઉરાંગાટાં ગની જાતનાં માંણસનાં આકારને કાંઇએક મલતા કેટલાએક વાંદરાએા પણ હીંઆંછે તેમાંનો એક ચાલાક તથા ઘણોજ ગરીબછે, અને સારી પડે પાલીઆમાં આવીએાછે, તેને બોરનીઓનાં ટાપુમાંથી મેલવીઆમાં આવીએાછે. ગણતરી વગરનાં પંખેરાંછે. હારેદોર પીંજરાંમાં લગભગ દરએક જાતનાં પોનાંસો પોપટોછે. કાકાટઉઆ, નુરી, હીરામલ, અને તરેહવાર પંખેરાંએાછે. ફાડી ખાનારા પંખીઓમાં ખલીલ, ગરૂડ પખશી અતીધણાછે, અને તેટલી સંખીઆ બીજા કોઇ સંગરહસથાંનમાં નથી. નીઉ ઝીલંડ બધે કી વી નાંમનુ કોઇજ વખતે મલતું પખશી એક હીંઆંછે, તેને ઘણી બરદાસતથી રાખીઆમાં આવીઉંછે. દ રીઆઈ પેદાશ દેખાડવાને સારૂ એક મોટો તલાવ કીધોછે અને તેની અંદર સઘળી જાતની માછલીઓ નાં ખેલીછે. મોટી માંછલી અને નાંધલી માછલી સઘળી સાથેછે. જેમ દરીઆમાં એ વસતી રેહેછે તથા તે નો વધારો થાએછે, તેમ હીંઆં પણ થાએછે. મોટી માંછલી નાંધલી માંછલીઓને ખાએછે, અને વલી ખુદરતી કાએદા પરમાણે તેઓની વરધી પણ થાએછે. એ પરમાણે જીવતી માછલીઓનો એક નાંધલો દ રીઓ આદમીની હીકમતથી બનાંવીઆમાં આવીએાછે, તે જોયાથી બહુ આનંદ ઉપજેછે. ઝીનાં જાનવરો

જેવાં કે ઉંદર, ધલેાડી, દેડકા અને બીજા પેટે ચાલનારા જાનવરેાના પણ મેાટેા સંગરહછે. સરપેાના મેાટેા જમાંવછે, અને જીવતા સરપેાના જેટલેા સંગરહ હીંઆં કીધામાં આવીએાછે, તેટલેા બીજે કેાઈ ઠેકાણે ન થી હેવું જણાવીઆમાં આવીઉંછે. હીંઆં રાખેલા એક નાંગે આ બાગનાં એક રખેવાલને દંખ દીધેા હ તેા તેથી થેાડા કલાકમાં તે મરણ પાંમીએા હતેા. કેટલાએક અજદા પણ છે તેમાંનાં એકે એક વખત એક મેાટી ધાલરી આખી ગલી હતી. એ અજદા આખું બકરૂં ગલી જવામાં વાર લગાડતેા નહી હતેા. સાત ફુટ, આઠ ઇંચ ઘેરાવાનેા ૧૮૦ વરસની વએનેા એક કાચબેાછે તે જેાયાથી આપણને ઘણી અચરતી ઉપજેછે.

એ સંગરહસથાંત જેવા જવાને સારૂ લેાકેા પાછલા પેાહેારનાં ચાર વાગતાંનેા વખત પસંદ કરેછે, કાંએજે તે વખતે સીંહ અને વાઘ અને બીજાં ફાડી ખાનારા જાનવરેાને ખેારાક આપીઆમાં આવેછે. એ વખતે તે જાનવરેા ભુખ્યાં હેાએછે, અને ખાવાનેા વખત થાએછે તેથી ઘણાજ હેાશીઆરીમાં તથા જેસસા માં આવી ધબરાટ કરેછે, અને ઘુમેા પાડેછે. વાઘ અને સીંહને આસરે છ રતલનાં માંસનાં કટકા નાંખી આમાં આવેછે, તે તેઓ એક પલમાં ખાઈ જાએછે, અને પછી બીજે દીવશે તેજ વખત આવે તાંહાંશુધી તેમને કાંઈ મલતું નથી.

દર વરસે એ સંગરહમાં નવેા વધારેા થાએછે, અને જાનવરેાને રાખવાનેા ખરચ દર વરશે ચીઆ લીસથી પચાશ હજાર રૂપીઆ શુધી થાએછે. આખાં વરસમાં જેવા જનારાઓની સંખીઆ પાંચથી છ લા ખ આદમીની થાએછે.

બાટરસી પારક.

આ બગીચેા થેાડુજ થયું તઈઆર થયેાછે, અને તેને બનાંવવામાં (૩૦૦૦૦૦) તરીસ લાખથી વ ધારે રૂપીઆનેા ખરચ થયેાછે.

રીચમંડ પારક.

લંડનથી નવ માઈલ દુર આ મેાટેા બગીચેાછે. એક બારણેથી તેમાં દાખલ થયા તેા બરાબર સીધા નાં સીધા આસરે તરણ માઈલ શુધી ચાલીઆ પછી બાહેર નીકલવાનેા દરવાજો આવેછે. એ બગીચામાં તેહુવારને અથવા ફરસુદને દીવશે ઘણા લેાકેા ફરવાને જાએછે. હીંઆં ઘણાએક પુરાંનાં અને મેાટાં છાંએડાં નાં ઝાડેાછે તથા એાકનાં મેાટાં ઝાડેા હીંઆં ઘણુ દીકામાં આવેછે. મેાટાં ઝાડેાનાં જંગલમાં આપણે હેાઈ એ તેવેા દેખાવ આ જગાએ આપણને લાગેછે. આ બગીચાની જગા લંડનની જમીનની સપાટી કરતાં ઉંચી છે, તેથી તાંહાંની કેટલીએક તેકડીએાે ઉપરથી કેટલાએક માઈલ શુધી ઘણેાજ સરસ દેખાવ આપણી નજરે પડેછે. એક દેકાંણે ટેમસ નદી અને તેની આસપાસનેા દેખાવ નજર આવેછે, તે દેખાવની હદથી તારીફ થાઈ શકતી નથી. પેલી ગંમ ટેમસ નદીનેા ભાગ ચલકેછે, અને તેની અંદર ફરતાં બારકસેા આપણી નજરે નાંધલા પડેછે, અને એ નદીની પહેાસમાં આવેલી લંડનની મેાટી ઈમારતેાનાં અને દેવળેાનાં મીનારા દેખા એછે. સાંહાંમણે નાંધલા અને લીલા ડુંગરેા આકાશની સાથે મલી ગએલા દેખાએછે, અને બીજી તરફ ફ રીએચતેા વીંનડસરનાં પાદશાહી મેહેલનાં મીનારા આપણી નજરે પડેછે. રીચમંડનું ગાંમડું જે સરેનાં પરગણામાં આવીઉંછે, તે પરગણાનાં ફલવંત ખેતરેા આ જગાએ આપણને સારી પડે દેખાએછે. લંડન જે વા ભારી વસતીનાં શેહેરની થેાડીજ વેગલાઈએ હાવા ખુમસુરત દેખાવનેા અને દેખાવ આપનારેા બાગ આ વીઆથી હજારેા લેાકેા આગબેાટ, અથવા રેલવે, અથવા આંમનીબસથી તાંહાં જાએછે, લંડનના રેહવાસીએ એક દીવસ રીચમંડમાં કાહાડીએાે હેાએ, તેા તેણે પેાતાનેા વખત બેાએલેા કેહવાતેા નથી, હેવી તે જગાની તારીફછે. આ બગીચેા ઘેરાવામાં આઠ માઈલછે, અને સઘળી મલીને ૨૨૫૩ એકર જમીન રેકેછે. હાલ

GREAT PALM HOUSE, KEW GARDENS.

ત્યાં એ બાગમાં એક મેહેલ "પરીનસ આવ વેલસ" રાંણીનાં વડા છોકરાને સારૂછે, તથા લારડ જાંન રશલ નેા રેહવાનેા મેહલ પણ તાંહાંછે. અસલનાં વખતમાં તાંહાં એક પાદશાહી મેહેલ હતેા. પાદશાહ પેહલ લેા તથા બીજો અને તરીજો એડવરડ, એએા સઘળા તેમાં રહા હતા. બીજો રીચરડ પણ હીંચાં રેહે તેા હતેા અને તેની રાંણી આંન કે જેણે સ્ત્રીઓને સારૂ ઘેાડા ઉપર એકજ બાજુથી સવાર થવાની રીત તથા તે કરાણુસર જીનની બનાવત પેહલી કાહાડી હતી, તે આ મેહેલમાં મરણ પાંમી હતી. ૧૪૯૯ નાં સાલમાં તે મેહેલ આગથી બલી ગયેા, તે પાદશાહ સાતમાં હેનરીનાં વખતમાં ફરીથી આગલનાં કરતાં વધારે મેાટેા બાંધી આમાં આવીએા હતેા. પાદશાહ આઠમેા હેનરી પણ થેાડું શુધી તાંહાં રહેા હતેા. રાંણી એલીજાબેથ ૧૬૦૩ નાં સાલમાં તે મેહેલમાં મરણ પાંમી હતી. પાછલથી એ મેહેલમાં કેાઈ પાદશાહે રેહવાનું નહી કીધાથી આ સતે આસતે તેનેા નાંસ થાઈ ગયેા. હમણા ઉપર જણાવેલા બે મેહેલ જે તાંહાંછે તે હાલ જમાંનેનાંછે.

કીઉ ગારડનસ.

આ બાગ લંડનથી ૭ માઈલ દુરછે, અને કીઉનાં ગાંમડાંમાં આવેલેાછે. યુરેાપનાં સઉથી સરસ બા ગેાની સાથે આ બાગનેા મુકાબલેા કરીઆમાં આવેતેા તે ઉતરતેા નીકલે નહી. તાંહાં એટલીતેા સફાઈ ત થા તકેદારી રાખીઆમાં આવેછે, કે જેવા જનારાઓની સાથે કાંઈબી સાંમાન તથા ખેારાક લઈ જવા દીધા માં આવતેા નથી. એ બાગનાં વડા ઉપરીને વરશ દાહાડે ૮૦૦૦ રૂપીઆનેા પગાર મલેછે, અને એ શખ સ હમેશાં ઝાડ પાંનની વીદીઆનેા કેાઈ કાબેલ શીખશાગુરૂ હેાએછે. આ બાગમાં આપણે દાખલ થયા કે, જાંણે આપણે એક લીલી સાદરી ઉપરજ ચાલીએ છઈએ. આખા બાગની સપાટી લીલાં ઘાસની હેાએછે, અને આખી સપાટી ઉપરનું ઘાસ ઈચંતરની મદદથી એક સરકું કપાએલું હેાએછે. ઘાસ કાપવાનેા એક સાંચેા આવેછે તેનાં નીચેનાં ભાગમાં એક લાંબી છરી આવેછે, તેની મદદથી તે ઈચંતર ચાલતું જાએ, તેમ એક સરકું ઘાશ કપાતું જાએ, અને એ રીતે કાપેલાં એક સરકાં ઘાસની કીઉનાં બાગમાં ઘણીજ સરસ એક ખુદરતી લીલી સાદરી બનેછે, તેની ઉપર બેસવાને તથા તે જગા ઉપરથી ચાલવાને આપણને અતીઘણેા આનંદ ઉપજીઆ વનાં રેહેતેા નથી. સઘળી હવા અને સઘળા દેશેાનાં મુલકનાં ઝાહેા તથા રેાપા હીંચાં ઉ ગાડવામાં આવેછે, અને તે ઉગાડવાની કળા અને ગેાડવણ ઘણીજ તારીફ લાએકછે. ખુદરતી આકાર અ ને ખુદરતી ખુબસુરતી કાગલ ઉપર કધી ઉતરતી નથી, તેાપણ આ સફા સાથે એ બાગનેા જે નકશ આપે લેાછે, તે ઉપરથી કેટલેએક દરજજે એ બાગની ખુબસુરતી વીશે વાંચનારને વીચાર આવશે. આ નકશ માં જે ઉંચી ઈમારત દેખાએછે તે આંખી કાચની બાંધણીનીછે અને તેમાં ગરમ દેશનાં રેાપા તથા ઝાહેા રેાપેલાંછે. એ મધે નાંલીએરી તથા ખજુરી અને કેલનાં તથા ગરમ દેશનાં બીજાં ઝાહેા જે યુરેાપમાં થતાં નથી, તે ઉગાડીઆમાં આવીઆંછે. એ ઝાહેા ઈંગલંડમાં ખુલ્લી અને થંડી હવામાં ઉગે નહી, તેથી કાચની ઈમારત બાંધી તેમાં અગતની ગરમી દાખલ કીધાથી ઉગેછે. તેમાં આપણે દાખલ થઈએ તારે આપણને ગ રમ વરાર મારેછે. નાંલીએરી અને કેરનાં ઝાહેા જે મુલકમા ખુદરતી ઉગેછે, તાંહાં તેમને આપણે જેતા પ ણ નથી, પણ આ મુલકમાં તે નવાઈ સરીખાંછે, અને હીંદુસથાંનનેા રેહવાસી પણ પેાતાનાં મુલકનાં આ ઝાહેાને આટલે મેાટે તફાવતે અને નવાઈની રાહે અને મેહનતથી ઉગાહેલું જેાઈને, ખુશી થાએછે. આ કાચની ઈમારત ૩૨૬ ફુટ લાંબી, ૧૦૦ ફુટ પેાહેાલી અને ૬૬ ફુટ ઉંચીછે. તેને બાંધવાનાં કાંમમાં આ સરે પચાશ હજાર ચેારસ ફુટ કાચ કાંમમાં આવેલેાછે, અને આખાં બાંધકાંમ પછવાડે (૩૦૦૦૦૦) તરણ લાખ રૂપીઆનેા ખરચ થયેાછે. બીલેારી મેહેલ બાંધીએા તેની આગમજ લંડનમાં સઉથી મેાટી કાચની ઈ મારત આ ગણાતી હતી. આ બાગમાં દશ મારનાં ચીનાઈ દેહડાંનેા એક નમુનેા બાંધીએાછે, અને તેની

કુલ ઉંચાઈ ૧૬૩ ફુટછે. હીંચ્યાં પાંણીનાં ખુસનુમાં ચસમાં પણ કાહાડેલાછે, કે જેથી એ બાગ પુરો લેહજ તદાર બનીએાછે. આ બાગ આગલ પાદશાહનાં ખાંનગી વાપરવાસ તથા મોજને સારૂ હતો, પણ ૧૮૪૦ નાં સાલમાં આપણી પરજાહેતુ રાંણીએ સઘળી રઈએતની મોજને વાસતે તે વરસથી હુંગાહો મેલીએાછે, અને રવીવાર તથા તેહવાર અથવા ફરસુદને દીને તાંહાં મોટી ઠઠ મલેછે. ખરેખર હેવા બાગમાં ફરવાન યાથી આદમીની તંદરોસતીમાં વધારો થયા વનાં રેહે નહી.

એ બાગને લગતું એક સંગરહસથાંનછે તેમાં દુનીઆમાં ઉગતા સઘળા ફુળો અને બીના ઘણોજ તા રીફ લાએક સંગરહ કીધામાં આવીએાછે. જે ફુળો ખુલ્લી હવામાં બીગડી જાએ, તેમને ઘટતા અરકોમાં રા ખીઆમાં આવીઆંછે. હીંચ્યાં ગરમ દેશનાં ગાંધીની દુકાંનમાંની સઘળી જીનસોનો પુરો પુરો સંગરહ આ પણી નજરે પડેછે.

બાગો વીશે બોલતાં આટલું કેહવાની અગતછે કે, મુરદાં દાતવાની જે જે જગા કીધેલીછે, તે જગા ઉપર પણ સારા બાગો બનાંવેલાછે. હેવી એક જગા ઉપર ફરવા જવું અને બાગમાં જવું બરાબરછે, તેમાં અગત કરીને જે દાતવાની જગાને "કેનસાલ ગરીન સીમેટરી" કરી કેહેછે તે ખરેખર એકવાર જાઈને જે વા લાએકછે. તાંહાં ઘણાએક નાંમીચા શખસોની પણ કબરછે, અને તેઓનાં મરણની યાદગારી ની તખતીએાછે. હીંદુસથાંન ખાતે નાંમ મેલવેલા એક અમલદારની કબરની ઉપર એક છતરછે, તે ચા ર બંગાલીઓનાં પુતલાં પાડી તેઓનાં માંથાં ઉપર આપીઉંછે. દેવળોમાં મુરદાં દાતવાની ચાલ જેમ બને તે મ હવે લંડંનમાંથી કાહાડી નાંખીઆમાં આવીછે. ઉપલી જગા એક કંપનીએ બાંધીછે અને તેમાં દાતવા નો લવાજમો લીધામા આવેછે. એ કંપનીનાં ભાગીદારોને સારી વેંહચણી થાએછે, હેવું જણાવીઆમાં આ વીઉંછે. હીંચ્યાં મુરદાંઓ બાગની અંદર સુતેલાંછે, કાંએજે તે જગાને સઘળુ બાગનુ રૂપ આપેલુંછે. હીંચ્યાં આપણે એક બાગમાં ફરીએછે એટલુંજ નહી, પણ બાગની અંદર ફરતાં આસપાસ સુતેલાઓને જોઈ ને આપણા દીલમાં ઘણીએક ગંભીરાઈ ઉતપન થાએછે. આપણને આદમીની ટુંકી હઈઆતી વીશે વીચાર આવેછે. આપણે પણ એમજ સુઈશું, કોણ જાણે કે આ પલે અથવા ઘડીએ, કે આજ દંને, કે આવતી કા લે, વાસતે તે સાહેબને આપણા કાંમો વીશે જવાબ આપવા જવાને વાસતે હંમેશાં તઈઆર રેહવું જોઈએ. એ જવાબ આપવાની ધાસતીથી આપણે જે માંડા કરમ કીધાં હોએ તેની દલગીરી લાગેછે અને સારાં કરમો કરવાની અગત વીશે આ બાગમાં જેવી આપણને જેની નશીહત થાએછે, તેવી બીજા બાગોમાં થતી નથી.

પકરણ ૧૭ મું.

સંગરહસથાંનો—તસવીરખાંનાં.

બરીટીશ મીઉજીઅમ—કેનસીંગટન મીઉજીઅમ—ઇસ્ટ ઇનડીઆ કંપનીસ મીઉજીઅમ—યુનાંઇટેડ સરવીસ ઇનસ્ટીટી ઉશન મીઉજીઅમ—સંસારી, વેહવારી, ભુસતર વીદ્યાનુ સંગરહસથાંન—રાએલ કાલેજ આવ સરજીકલ એનજીનસનુ સંગરહસથાંન—રાએલ કાલેજ આવ સરજનસનુ સંગરહસથાંન—સોન મીઉજીઅમ—રાએલ એશીઆટીક સોસાઇ ટીસ મીઉજીઅમ—નેવલ મીઉજીઅમ—રાએલ સોસાઇટીસ મીઉજીઅમ. નાંશનલ ગીઆલરી—મારલબરો હાઉ સ બધેની ટરનર તથા વરનંન ગીઆલરી—ડલવીચ ગીઆલરી—રાએલ આકાડેમી આવ આરટસનું તસવીરખાંનું—સોસાઇટી આવ બરીટીશ આરટીસટસનું તસ્વીરખાંનું—બરીટીશ ઇનસ્ટીટીઉશનનુ તસવીરખાંનું—વાટર પેનટરસનુ તસવીરખાંનું—હીંદુસથાંનને લગતી બાબદોનુ તસવીરખાંનું—શેાડોગરાફીનું તસ્વીરખાંનુ—આદમીઓનાં મીનમાં બનાંવે લાં પુતલાંનો સંગરહ.

શુધરેલા દેશોમાં સઘળી બાબદમાં સમપુરણ હાલત લાવવાની ભારે કોશેસ, કરીઆમાં આવેછે, તે મીશાલે લંડંન શેહેર બધે હેવી કોઈબી બાબદ નથી, કે જેને પેહલલે દરજજે તથા દુનીઆમાં સઉથી સરસ, અથવા દુનીઆમાં જે સઉથી સરસ હોએ, તેમાંની એક, કરવાને અતીશે કોશેસ કરીઆમાં આવતી નહી હોએ. જાંહાં જાંહાં આપણી નજર પોંહોચાડશું, તાંહાં આપણે હંમેસાં પેહલલે વાંધેનીજ વસતું જોસું. જે જે કામ પરજાનાં લાભનું હોએ, અથવા જે કાંમ ઉઠાવીઆથી દેશની મોતેબરી જણાતી હોએ, અથવા જે માં હવડાંની તથા હવે પછીની ઓલાદનો ફાએદો હોએ, તે કાંમ પછવાહે સરકાર તથા પરજાની તરફથી મે હનત કરવામાં તથા ગણતરી વગરનો દરવ ખરચવામાં કશી કશુર રાખીઆમાં આવતી નથી. કોઈબી બા બદ ઉઠાવવી હોએ તો, તે ઇંગરેજનાં મોટાં અને કઉઅતવાલા રાજ અને લંડંન શેહેરનાં નાંમને લાએકની થવી જોઈએ, એવી મતલબ હંમેસાં ધીઆંનમાં રાખી કાંમ કરીઆમાં આવેછે, અને તેનાં ફળ ઇંગલંડ દેશ મધે મુસાફરી કરનાંર પોતાની નજરે જુએછે. દરએક ચીજ આપણે જોઈએછે, તે કાંઈજ નહી, પણ તારીફ કરવા લાએકછે. જેમ મેહેલો પાદશાહી દબદબાને લાએકનાંછે, જેમ પારલામેંનટનો મેહેલ દુનીઆ મધેની સઉથી મોટી રાજદરબારી સભાનાં નાંમને લાએકનોછે, જેમ સરકારી આફીસો તથા બીજાં ખાતાં ઇંગલંડનાં રાજને લાએકનાંછે, જેમ દેવળો તાંહાંનાં ધરમ પાલનારાઓની દોલત અને હીમત પરમાણે મોટાં તથા ખુ બસુરતછે, અને તાંહાંનાં બાગો આખી દુનીઆનાં પાએતખતનાં લાએકનાંછે, તેમ એ શેહેરનાં ગમત અ ને ગનેઆંન આપનારાં સંગરહસથાંનો દુનીઆનાં બીજા કોઈ ભાગ ઉપરનાં તેવાં કારખાંનાંથી ઉતરતો દરજજો ધરાવતાં નથી, બલકે સઉથી સરસ ગણાઈ શકે તેવાંછે. એટલુંજ કહીને મુખીઅ સંગરહસથાંનોનુ બયાંન કરવાનુ શરૂ કરીએછે.

બરીટીશ મીઉજીઅમ.

ઇંગલંડ દેશ ખાતે મુસાફરી કરવા આવનારે નવાઈ સરખી, અચરત ઉપજાવનારી, અને તે સાથે ગનેઆંન આપનારી બીનાઓ જોવાની ઇચ્છાદાસતમાં બરીટીશ મીઉજીઅમને સઉથી પેહલલે નોધવું જોઈ

એછે. એ સંગરસથાંનને જે "ધી વરલડસ મીઉજીઅમ" એટલે જે આખી દુનીઆંનું સંગરસથાંન કરીને નાંમ આપીઆમાં આવીઉં હોએ તો, તે કોઇબી રીતે ખોટું નહી કેહવાએ, કાંએજે એ સંગરસથાંન આખી દુનીઆંની ગેાયા અસલની તથા હમણાની તવારીખછે. સું અસલનાં કે સું હમણાનાં વખતમાં દુનીઆની સપાટી ઉપર સઘળા ભાગેામાં જે હુનર, ઉદ્દીએાગ અને કારીગરી હતી, અને હમણાછે, તે સઘળાનાં નમુનાં આ સંગરસથાંનમાંછે. આ પુરથવી ઉપર જે આગલાં દેશેા અથવા રાજે થાઇ ગયાંછે, તેઓની અસલી અવથવા જાણવાજોગ નીશાંનેા તમેાને જોવી હોએતેા બ્રીટીસ મીઉજીઅમમાં ગયાથી તમારી ઇછા પુરી પડશે. ફલાંણી ચીજ દુનીઆનાં કહેઆ ભાગમાં અને કેવી રીતે થાએચ, તે તમારે જાણવું હોએ તેા, જાવેા બ્રીટીશ મીઉજીઅમમાં, તાંહાં તમેાને તે પેાતાંની મેલે દેખાશે. આખી દુનીઆમાં અસલનાં અને હમણાનાં વખતમાં નમીન, પાંણી અને હવા અથવા આકાશમાં વસનારા કેવાં અને કેટલી કીસમનાં પરાંણીએા હતાં તથા હમણાછે, તે વીશે તમારે ગનેઆંન મેલવવું હોએ તેા, જાવેા બ્રીટીશ મીઉજીઅમમાં, તાંહાં તે વીશે તમેાને પુરતી માહેતગારી મલશે. જો તમારે હેવું પુસતકખાંનું જોવું હોએ કે જાંહાં સઉથી પુરાંણી, સઘળા ધરંમની, સઘળી ભાશાની, સઘળા રાજેની, અને સઘળી વીગતની કેતાબેા હોએ તેા, તે તમારી ખાહેશ બ્રીટીશ મીઉજીઅમમાં સારી પઠે પુરી પડશે. હાવી રીતનું નાંમીચું અને બેાહલું સંગરસથાંન કાંઇ આજ કાલનું બનેલું નથી, પણ તેની હમણાની હાલતમાં લાવતાં એક સદીથી વધારે મુદત થાઇચ. એ સંગરસથાંનનાં જુદા જુદા ભાગેાનું કેટલુંએક અગતનુ બયાંન નીચે આપીઉંછે, પણ તેમ કરેઆની આગમજ તેની ઉતપંતની તવારીખ ઘણીજ અગતની અને જાંણવાજોગછે, તે વાંચનારને પેહલલે જણાવવાની જરૂરછે.

એ સંગરસથાંનની ઉતપંતી.—ઇસવી સને ૧૭૫૩ નાં વરસમાં સર એચ સ્લેાન નાંમનેા એક નાંમીચેા વીદ્દીઆવાંન ગરહસથ મરણ પાંમીએેા, તેનું પેાતાની ગીરેાનુ એક ઘણુજ નાંમીચું સંગરસથાંન હતું, અને તે સંગરસથાંન એકઠુ કરવામાં તેને (૫૦૦૦૦૦) પાંચ લાખ રૂપીઆ બેઠા હતા. એ ગરહસથે પેાતાનાં વશીઅતમાં હેવું લખીઉં હતું કે, જો ઇંગલંડની સરકાર પેાતાને ખરચે એક કેાશાદી ઇમારત ખરીદ કરી, તાંહાં તેનું સંગરસથાંન પરજાનાં ફાએદાને વાસતે રાખે તેા, તે સઘળું સંગરસથાંન ૫૦૦૦૦૦ રૂપીઆનું હતું પણ ૨૦૦૦૦૦ રૂપીએે તેનાં વારેસેાએે સરકારને હવાલે કરવું. આ દરખાસત તે વખતની પારલામેંનટે ઘણી ખુશીથી કબુલ રાખી, અને અરલ આવ હાલીફાકસની એક નાંમીચી ઇમારત "માંનટેગ હાઉસ" (૧૦૨૫૦૦) એક લાખ, બે હજાર પાંચશેા રૂપીએે ખરીદ કીધું. એજ વખતે ઇંગલંડની સરકારે હાથનાં લખેલાં ઘણાએક કીમતી પુસતકેા (૧૦૦૦૦૦) એક લાખ રૂપીએે ખરીદ કીધાં. માંનટેગહાઉસને સંગરસથાંનને લાએક કરવામાં તથા સમારવાનેા ખરચ મલી, તે ઘર ઉપર જુમલે (૨૩૦૦૦૦) બે લાખ, તરીસ હજાર રૂપીઆ બેઠા. એ પરમાણે સરકારને સઘળેા મલીને (૫૩૦૦૦૦) પાંચ લાખ, તરીસ હજાર રૂપીઆનેા જે ખરચ લાગેા, તે રકમ સેારતીથી ઉપજાવીઆમાં આવી હતી. એ પ્રરમાણે ગેાઠવણ થાયા પછી ૧૫ મી જાંનેવારી ૧૭૫૯ નાં વરસમાં "બ્રીટીશ મીઉજીઅમ" નાં નાંમથી એ સંગરસથાંન આલમને વાસતે હુંગાડીઆમાં આવીઉં હતું. એ દીનથી આજ શુધી બખશેસ અને ખરીદીથી તેમાં દર રેાજ વધારેા થાતેા આવીએાછે, અને તેમાં હમણા કેતાબેાનેા તથા હુનર, ઉદ્દીએાગ અને કારીગરીનાં નમુનાં તથા નવાઇની ચીજેાનેા જે જડેા થાયેાછે, તે ખરે ખર ઇંગલંડનાં મેાટાં નાંમ અને રાજને લાએકનેાછે.

નવું ઘેર.—જેમ એ સંગરસથાંનની અંદર જુદા જુદા પદારથેા વધતા ગયા, તેમ પેહલલું ઘેર નાંખલું પડતું ગયું, અને પેહલલે જે ઘેર જોઇએ તે કરતાં વધારે મેાટુ હતું, તે પાછલથી બીલકુલ નાંખલું પડીઉં, તેથી એ સંગરસથાંનને લાએકનું એક મેાટું ઘેર બાંધવાનું સને ૧૮૨૩ નાં વરસમાં શરૂ કીધું હતું, તે થેાડાં વરસમાં પુરૂં થાયાથી આખું સંગરસથાંન તાંહાં લઇ જયામા આવીઉં હતું. એ ઘેર અસલનાં ગરીક અથવા ઇઉના

ની લેાકેાની નાંમીચી ઇમારતેાની લહત ઉપર બાંધેલુંછે. તેનેા આગલેા ભાગ પેાહેાલાઇમાં ૩૭૦ ફુટછે. એ ઇમારત પછવાડે આજ દીન શુધી (૮૦૦૦૦૦) હેંશી લાખ રૂપીઆ થાયાછે, એટલુંજ જાણીઆ ઉપરથી તે ઇમારતનું કદ, તેની ખુબસુરતી અને માહાભારતપણુ વાંચનારનાં ધીઆનમાં આવશે. એ ઇમારતની અંદર મેાટા દરવાજામાંથી પેસતાં ઘણેાજ મેાટેા અને ખુબસુરત વરાંણછે, કે જેની ઉપર ઉગતું લીલું ઘાસ હેવું દેખાયેચ કે જાંણે હીંઆં એક ખુદરતી સાદરી પાંથરેલીછે. એ વરાંણ પશાર કરીઆ પછી પથરની ઘણીજ પેાહલી બાર પાએરીની એક સીહીડીથી, તે નાંમીચી ઇમારતની અંદર દાખલ થવાએચ. સંગરસથાંનની અંદર જવાનેા રસતેા ઇમારતની વચેા વચમાંથીછે, અને અંદર દાખલ થવાનું બારણુ એાકનાં લાકડાંનું નકસી દાર બનાંવેલુંછે. એ બારણુ નવ ફુટ, ૬ ઇંચ પેાહેાલું, અને ૨૪ ફુટ ઉંચુંછે. અંદર જતાં તરતનેા મેાટેા હાલ ૬૨ ફુટ લાંબેા, ૫૧ ફુટ પેાહેાલેા, અને ૩૦ ફુટ ઉંચેાછે, અને એ હાલમાં સંગેમરમરના તરણ નાં મીચાં બાહાવલાંછે તથા મીસટર લેચ્મરડની નીમરાડથી લાવેલી કેટલીએક તખતીએાછે. એ સંગરસથાંનનેા નીચેનેા, એટલેજે ભેાએ તલીએેનેા ભાગ એક હાથ ઉપર અસલી નીશાંણેાથી, અને બીજા હાથ ઉપર પુસતકખાંનાંથી રેાકાએલેાછે. તેનાં પેહલા માલ ઉપર ઉદ્દીએાગ, હુંનર અને કારીગરીનાં નમુનાં તથા જાંનવરેાનુ સંગરસથાંનછે, તે સંઘળાંનું એક પછી એક હવે વરણન કરીએેછે.

ગરીકેા રેામન ગીચ્માલરી.†—આ ગીચ્માલરીનાં એારડાએેામાં અસલનાં ગરીક તથા રેામન લેાકેાનાં વખતની કારીગરી તથા હુનરનાં સંગેમરમર તથા બીજા પથરનાં બનાંવેલાં માણસનાં પુતલાંનાં નમુનાં મેલેલાછે, તે ઇટાલીમાં રેામન લેાકેા પેાતાની ભર પાદશાહીમાં હતા તે વખતનાંછે, હેવું ધારીઆમાં આવેછે. અસલનાં રેામન તથા ગરીક લેાકેા ૧૨, "ઓલીમપીઅંન ડીઇટીસ" ઓદાએેને માંનતા હતા, તેઓનાં તે વખતનાં ઇઉનાંની કારીગરેાને હાથનાં બનાવેલાં પુતલાં આ એારડામાં મેલેલાંછે. એ ઉપરાંત એ વખતનાં બીજા ઘણા નાંમીચા શખસેાનાં પુતલાંબી હીંઆંછે, કે જે જોયાથી તે વખતનાં બાહાવલાં બનાંવવાનાં હુંનરની આપ ણીથી તારીફ કરીઆ વગર રેહવાતું નથી.

નીનીવી ગીચ્માલરી.—બ્રીટીશ મીઉજીઅમનેા આ ભાગ ખરેખર જોવા લાએકછે. ઉગમણુ પરાંત નેા નાંમીચેા મુસાફર મી૦ લેચ્મરડ, જેનુ નાંમ હીંદુસથાંનનાં ઘણાખરા લેાકેાએે આગલ સાંભલીઉં હશે, અને જે ગરહસથ ચાર વરસની વાત ઉપર હીંદુસથાંન મધે થાએલા બળવાનાં કારણેા તપાસવા સારૂ હીંદુસથાંન તરફ આવી ગયેા હતેા, તેણે ઇરાંન તથા સીરીઆ, ટરકી, અને બીજા દેશેામાં ઘણી મુસાફરી કરીછે. તે વેલાએે તેણે અસલની ઘણી એક નીશાંનેા એકઠી કરી હતી, તે સઘળી તેણે બ્રીટીશ મીઉજીઅમને ભેટ કરીછે. મીસતર લેચ્મરડની એકઠી કીધેલી ઘણી ખરી જીનસેા, મેાટાં અને કદાવર પુતલાં, તથા પાહરેા અને મેહેલેા ઉપર કેાતરેલી તખતીએાછે. આ ગીચ્માલરીમાં જે જોવા લાએક પુતલાં ગેાઠવીઆમાં આવીઆંછે, તે ટાઇગરીસ નદીનાં કીનારા ઉપર મેાસલ નાંમનાં શેહેરથી પચીસ માઇલની વેગલાઇએે એક મેાટી ઇમારત માંથી ખેાદી કાહાડેલાંછે. જે જગાએેથી એ ચીજે ખેાદી કાહડીઆમાં આવીછે, તાંહાં અસલનાં વખતમાં મેાટું શેહેર હશે, હેવું ધારીઆમા આવછે. મીસતર લેચ્મરડે જે નાંમીચા મેહેલેાનુ બયાંન કીધુંછે તથા તેને તાંહાં મલેલાં માહાભારત પુતલાં તથા તખતીએાની જે વીગત જણાવીછે, તે ઉપરથી આપણે કહી શકીએેછે કે તે પુતલાં તથા તખતી સીરીઆની પાદશાહીનાં સઉથી આગલા વખતની હશે. આટલી વાતેા ખાતરી થી કહી શકાએેછે કે, એ નાંમીચી કારીગરીની અને માહાભારત તખતીઓ આસીરીઆ દેશનેા સેનાંચરીબ

† જુદી જુદી વસ્તુને સારૂ જે એારડાએેા છુટા પાડેલાછે તેમને "ગીચ્માલરી" તથા "સલુન" તથા "રૂમ" કરી નાંમ જોડેલાંછે તે નાંમેા સવલ પડવાને સારૂ હમે પણ હીંઆં વાપરીઆંછે.

પાદશાહ, કે જે આસરે ૨૫૬૩ વરસ ઉપર થઈ ગયો હતો, તેની આગમજની હશે, કાંએજે તેની પછી એક સદીએ આસીરીઆની પાદશાહી પડી ભાગી, તે મુદતની અંદરની હાવા માહાભારત કાંનો બની શકે તેવું લાગતું નથી. નીમરાડનાં મેહેલની દેવાલો કે જેની ઉપરથી એ તખતીઓ ખોદી કાહારેલીછે, તે દેવાલો ૫ ટોડીની હતી, પણ તેની અંદર જે તખતીઓ હતી, તે સંગેમરમરના આઠ ઇંચ જાડા અને સાત અથવા આઠ ફુટ પોહોલા પથરો ઉપર કોતરીઆમાં આવી હતી. હેવી તખતીઓ થોડી નહી હતી, પણ મે હેલની દેવાલોની સઘળી બાજુઓ ઉપર હતી, અને તેઓની ઉપર દર એક પાદશાહે શેકારમાં અથવા લ ડાઇમાં બતલાવેલી હેલાવરીનો નકશો તથા ખીલારોકી હરફમાં તેનું બયાંન કોતરીઆમાં આવીઉં હતું. મી સતર લેઅરડે મેલવેલી તખતીઓ તથા પુતલાંઓને જેમ જેમ આપણે બારીકીથી તપાશીએછે, તેમ તેમ તે વખતનાં કારીગરોની કાબેલીઅત ઉપર આફરીન કરીઆ વગર આપણીથી રેહવાતું નથી. આદમીઓનાં ત થા જનવરોનાં જે બાહાવલાં બનાંવીઆમાં આવીઆંછે, તેમાં જે રીતે બદનનાં જુદા જુદા ભાગો તથા નેસો દેખાડીઆમાં આવીછે, તે ઉપરથી આપણીથી ખાતરીથી કહી શકાએછે, કે તે વખતનાં કારીગરોની કાબેલીઅત જેવી ઉંચી હશે, તેજ પરમાણે તે વખતમાં "આંનાટમી" એટલે શરીરની વીદીઆનો સારો ફેલાવો થા એલો હશે. દર એક પુતલાં તથા તખતીનું બયાંન કરતાં આ જગોએ ઘણુ લંબાણ થાએ, વાસતે તેમ કરવાને પરવડતું નથી, તોપણ એક મોટો "પીલર" થાંબો કે જે ઉપર જણાવેલા એક મેહેલમાંથી મેલવીઆમાં આવીઓછે અને જે બરીટીશ મીઉજીઅમનાં જે ઓરડામાં મી૦ લેઅરડે એકઠી કીધેલી નવાઈની વસતુઓ મેલેલીછે, તેની વચોવચમાં ગોઠવીઆમાં આવીઓછે, તેનું ટુક બયાંત હીંઆં આપીએછે. એ થાંબો આકારમાં ચોખુનછે. તેની દ રએક બાજુની પોહોલાઈ પાંચ ફુટછે અને ઉંચાઈ આસરે ૨૦ ફુટછે. એ આખો થાંબો કાલા સંગેમરમરનોછે અને તેની દરએક બાજુએ ચીતાર તથા ખીલારોકી હરફોછે. ચીતારો સંઘળા મલીને વીશછે, અને હરફોની ૨૧૦ ઓલછે. એ હરફો અને ચીતાર આજ દીત શુધી હેવી હાલતમાં રહેલાછે, કે જાણે આજે કોતરી કાહાડીઆ હોએ. એક મુખીઅ ચીતારની અંદર પાદશાહ કોતરેલોછે, તેની બાજુએ તેનાં બે ખીદમતગાર ઉભેલાછે, તેનાં પગ આગલ એક બંધવેલોછે, અને તેનાં વજીર અને બીજા હોધેદારો, કેટલાંએક માણશો, જેઓ પાદશા હને સારૂ જાનવરો તથા બીજી નજરાંણાની ચીજો લાવીઆછે, તેઓને પાદશાહની હજુરમાં હાજર કરેછે. જાનવરો પાદશાહને નજર કરીઆમાં આવીઆંછે, તેમાં હાથી, ગેનદો, બે ખુનનું ઉંઠ, જંગલી ગોધો, સીંહ, સાંબર અને જાત જાતનાં વાંદરા દેખાડીઆમાં આવીઆછે. પાદશાહને નજરાંણાની વસતુઓમાં હાથીદાંત, શાલ, કીમતી ધાતુઓનાં વાશણો, મેવો, તથા નવાઈ જેવા અને નહી મલતાં લાકડાંનાં ભારા જોયામાં આ વેછે. આ તથા એ થાંબા ઉપર જે બીજા ચીતારોછે, તે ઉપરથી મી૦ લેઅરડ હેવું મત બાંધેછે કે, આ "મોનીઉમેનટ" આસીરીઆનાં રાજે હીંદુસથાંન ઉપર અથવા આસીરીઆની ઉગમણ તરફનાં કોઇબી દેશ ઉપર ફતેહ મેલવી હશે, તેની નોધ દાખલ ઉભું કરીઆમાં આવીઉં હશે. એજ પરમાણે બીજા ચીતારો, ત થા પુતલાંઓ તથા તખતીઓછે, તે ઉપલા વખતનાં આસીરીઆ દેશનું બલ તથા તવારીખ જણાવેછે. જે મેહેલમાંથી મી૦ લેઅરડે ઉપલી તખતીઓ અને પુતલાં મેલવીઆંછે, તેમાંથીજ તેને તરાંબાનાં તથા બીજાં ધાતુનાં વાશણો કે જે તે વખત તે દેશનાં વાપરવાસમાં હશે, તે જડીઆંછે, અને તેબી આ સંગરસથાંનમાં મેલીઆંછે. તે વખતનાં લોકો ધાતુનાં તથા હાથીદાંતનાં બીજા સણગારો પેહરતાં હશે, તેનાં પણ કેટલાએક નમુનાંછે. બરીટીશ મીઉજીઅમને મી૦ લેઅરડે આ પરમાણે કીમતી કીધુંછે, અને તેણે પોતાની મુસાફરી અને મેહનતથી જે અચરત સરીખી વસતુઓ મેલવીછે, તેથી તેણે અસલની વસતુઓ તથા તવારીખ જાણુ વાનાં શોખીઓને મોટા આભારમાં નાંખીઆછે. જાંહાં શુધી બરીટીશ મીઉજીઅમ રેહેશે, તાંહાં શુધી આ વસતુઓ તેનો એક મોટો અગતનો ભાગ ગણાશે, અને મીસતર લેઅરડનું નાંમ કાએમ રેહેશે.

એલગીન સલુન.—જે ઓરડાઓમાં આ જોવા લાએક પુતલાંઓ મેલીઆમાં આવીઆંછે, તે ભાગ ને એલગીન સલુન કરીને એટલા વાસતે નાંમ આપીઆમાં આવીઉંછે કે, તે પુતલાં અરલ આવ એલગીને એકઠાં કીધાં હતાં. સને ૧૮૦૪ નાં સાલમાં એ ઉમરાવ ટરકી ખાતે એલચી હતો, તે વખતે તેણે આથેનસનાં એક દેવળમાંથી પારલામેનટનાં ખરચે (૩૫૦૦૦૦) તરણુ લાખ પચાશ હજાર રૂપીઆ ખરચી ને અસલનાં વખતમાં પારથેનાંનસનાં દેવળનાં સઘળાં પુતલાંઓ ખરીદ કીધાં હતાં. પારથેનાંનસનુ દેવળ ઘણુ પુરાંણુ ગણાતું હતું, કાંએજે ઇસવી સનની ૪૫૦, વરસ આગમજ તે બાંધીઆમાં આવીઉ હતું, અને તે મધેનાં પુતલાંઓ તે વખતનાં સઉથી નાંમીચા કારીગર ફાઈડાસનાં ઉપરીપણા હેઠલ બનાંવીઆમાં આવી આં હતાં. એ પુતલાંઓ, જે તે વખતનાં ઈઉનાંનીઓના ખોદા તથા પેહલવાંનોનાંછે, તેઓને આપણે સારી પડે તપાસીએછ તો, તે વખતે કોતરવાનાં હુંનરની અતીશે તારીફ કરીઆ વગર આપણીથી રેહવાતું નથી, અને તે અસલના વખતની કારીગરીનાં ઘણા સુંદર નમુનાં ગણીઆમાં આવેછે. એ ઓરડામાં પારથેનાંન સનાં દેહડાંનો એક "આંરેલ" નમુનો પણછે.

લાઈશીઅન સલુન.—એલગીન સલુનની અંદર જે નાંમીચા પુતલાંછે તેનાં કરતાં આ ઓરડામાનાં પુતલાં કોઇબી રીતે ઉતરતાં નથી. એ પુતલાંઓ સર સી ફેલોજ નાંમનાં એક નાંમીચા વીદીઆવાંને "એ શીઆ માઇનર" નાં દખણ પશચમ તરફનાં લીશીઆ નાંમનાં પરગણાનાં અસલ પાએતખત જાનતસ શે હેરમાંથી સને ૧૮૪૧ ના સાલમાં શોધી કાહાડીઆં હતાં. ઇસવી સને શરૂ થાયાની ૫૪૫ વરસ આગમ જ અસલનાં ઈરાનીઓએ આ મુલક પોતાને હાથ કીધો હતો, તાહરથી તે કાંનસ્ટંનટાઇન ધી ગરેટનાં વખ ત શુધીમાં બનેલાં પુતલાં તે શેહેરમાંથી ઉપલા શખસને હાથ લાગાં હતાં, તે ઇંગલંડની સરકારને ખરચે મંગા વીને આ સંગરહસથાંનમાં મેલીઆમાં આવીઆંછે. આથેનસના પારથેનાંનસ મધેનાં દેહડાંનાં પુતલાં કર તાં આ પુતલાં તરણશો વરસ વધારે પુરાંનાંછે. હુંનર અને કારીગરીનાં નમુના દાખલ તે સરસછે, એટલું જ નહી, પણ એ પુતલાંઓ તથા તે ઉપર કોતરેલી બીનાંઓ વાંચીઆથી લીશીઆ પરગણાની અસલની કે ટલીએક તવારીખ કે જેથી આપણે અંતજાંણુ હતા, તે પણ માલંમ પડી આવીછે.

ઈજપશીઅન સલુન.—ઈજપટ કે જેને આપણુ લોકો મીસરને નાંમે જાણેછે, તે મુલક મધેથી અ સલનાં વખતનાં પુતલાંઓ તથા બીજી જાંણવા અને જોવા જોગ વસતુઓ, આ ઓરડામાં મેલીઆમાં આ વીછે. એ મધેનાં કેટલાંએક પુતલાંઓ એટલાંતો પુરાનાંછે, કે ઇસવી સને શરૂ થાયો, તેની લગભગ પંદરશો વરસ આગમજનાંછે, અને તેથી સાફ માલંમ પડેછે કે, ઇઉનાંની લોકોમાં શુધરાઈ શરૂ થાઈ તેની ૫૦૦, વર સ આગમજ મીસર દેશમાં એલંમ અને હુંનરનો ફેલાવો થાયો હશે. એ ઓરડામાં જે જે વસતુઓ મેલે લીછે, તે ઘણીજ બારીકીથી તપાસવા લાએકછે, કાંએજે તેથી મીસર દેશનાં ઘણા પુરાનાં વખતની આપણ ને તવારીખ મલેછે. ઘણા ખરાં પુતલાંઓ મીસરનાં ઓતર ભાગમાંનાં થીબસ શેહેરમાંથી મલેલાંછે. સઘ ળાં પુતલાંઓ એક જાતનાં નથી, પણ કેટલાંએક રૂપાંનાં, કેટલાંએક તરાંબાનાં તથા મટોડી તથા મીન તથા લાકડાંનાં બનાંવેલાંછે અને તેમાં કેટલાંએક પુતલાંઓનાં આકાર એટલાતો મોટાછે કે, દરએક પુતલું ઓછાં માં ઓછું ૧૫ ફુટ જગા રોકેછે. તે વખતે મીસરનાં લોકોનાં વાપરવાસમાં આવતા ઘેર સણગારનાં સામાંન તથા પોશાકે તથા રાંધવાનાં વાશણો તથા બીજી ઘણીએક વસતુનાં જેવા લાએક નમુનાં જે ઉપલાં પુતલાં ઓની સાથેજ હાથ લાગાંછે, તે પણ આપણને અચરતી ઉપજાવેછે. અસલનાં વખતમાં મીસર દેશનાં લો કો પોતાનાં મરણ પામેલા લોકોને દાટતા નહી હતા, પણ તેઓનાં પેટમાં ખુશબો ભરી "મમી" કરીને હ મેશાં ઘરમાં રાખતા હતા, તે મધેની છેક પુરાનાં વખતની મલેલી "મમી" ઓ હીંઆં મેલેલીછે. જે જાંન વરોને મીસરનાં લોકો પવીતર ગણતા હતા, તેમને પણ તેઓ દાટતા નહી હતા, અને "મમી" કરતા હતા,

તેનાં પણ ઘણા નમુનાંછે. કુતરાં, બીલાડાં, ઘોધા, મેહનડાં, બકરાં, સાંઢ, કાચબા અને બીજાં જાનવરોની "મમી" હીંઆં આપણે જોઈએછે, અને એ ભાગ ખરેખર જોવા લાએકછે.

બરાંનજ રૂમ.—આ ઓરડામાં અસલનાં રોમન તથા ઈઉતાંની લોકોનાં તરાંબાનાં પુતલાં, તથા સોલ ઈતાં વાશણોછે. ખુબસુરતી અને હુંનરમાં તે ઘણાજ સરસછે.

ફીગાલીઅન સલુન.—આ ઓરડામાં સંગેમરમરનાં જે નાંમીચાં પુતલાંછે, તે આરકેડીઆનાં પરગણા માં ફીગાલીઆ શેહેરની નજદીકનાં ડુંગર ઉપર આપાલોનું દેવળ હતું, તેમાંથી મલીઆંછે. એ પુતલાં પણ ઘણાજ ખુબસુરતછે.

બરીટીશ રૂમ.—આ ઓરડામાં મેલેલી વસતુઓ ઈંગરેજ લોકો ઘણાજ ધીઆંનથી જુએછે, કાંએજે તે તેઓનાં દેશને લગતીછે. રોમન લોકોએ બરીટન ઉપર હોમલો કરીઓ, તેની આગમજનાં વખતથી તે વીલીઅમ ધી કાંનકરરે ઈંગલંડ ફતે કીધું, તે જુદતની વચમાંનાં હથીઆર, પોશાક, છરી, કાંટાં તથા બીજી વસતુઓ આ ઓરડામાંછે. રોમન લોકોએ ઈંગલંડ ફતે કીધું, તેની આગમજની જે કાંઈ વસતુઓ હાથ લા ગેલીછે, તેથી ૩૩ કબટ ભરેલીછે. બીજી ૩૯ કબટોમાં રોમન લોકોએ ઈંગલંડમાં રાજ કીધું તે વખતની વસ તુઓછે. પાંચ કબટોમાં ઘોડાનો સાજ તથા પીતલનો સણગારછે. બે કબટમાં શાકસન લોકોનાં વખતનાં હથીઆરો તથા બીજે સાંમાનછે. બાકીની થોડીએક કબટોમાં ૧૧ મી તથા ૧૨ મી સદીનાં તથા તે પછે નાં વખતનાં પેહેરવાનાં જરીઆંન તથા લડાઈનાં હથીઆરોછે.

એથનોગરાફીકલ રૂમ.—ગરીક ભાશામાં એથનાંસ બોલનો અરથ પરજા અથવા ગનેઆત કરીને થા એછે, તે ઉપરથી પરજા અથવા ગનેઆત પીછાંનવાની વીદીઆને ઈંગરેજીમાં "એથનાંલોજી" કરી કેહેછે. આ ઓરડાઓમાં જે કાંઈ મેલીઆમાં આવીઉંછે, તે હેવુંછે કે તે ઉપરથી આપણે કહી શકીએ કે, આ વસ તુ કહેઆ લોકોને લગતીછે, તથા આદમીઓનાં જે કાંઈ આકારછે, તે ઉપરથી તેમની જાત પીછાંની શકા એછે, માટે મીઉજીઅમનાં આ ભાગને "એથનોગરાફીકલ રૂમ" કરી નાંમ આપીઆમાં આવીઉંછે. દર એક જુદી જુદી પરજની ચાલ ચલણ, હુંનર તથા કારીગરી બતાવનારી ચીજો હીંઆં ગોઠવીઆમાં આવી છે. એ ભાગ ઘણોજ જોવા લાએકછે અને કીમતીછે, કાંએજે તેમાં આપણી નાંમદાર રાંણી તથા લારડ ડડલી અને બીજા નાંમીચા શખસોએ ઘણીએક બખશીસ કીધીછે. એ ઓરડાઓમાં મેલેલી વસતુઓની થો ડીએક વીગત હીંઆં આપીછે, તેથી બરાબર સમજ પડશે. હીંદુસથાંનનાં ઠગ અથવા ફાંસીગર લોકો નાં આકારનાં નમુનાંછે, કરનાંટીક મધે એક દેહડું હતું, જે જાંહાં જોઈએ તાંહાં લઈ જવાએ તેવું હતું, તે નો એક નમુનોછે. નીંગપો આગલ ચીનાંનાં એક દેહડાં મધેનો ધાંટછે. હીંદુસથાંનના રાજાની દરબારનો એક નમુનોછે. બરમી લોકોનાં દેવ "ગાડમાં" નો લાકડાંનો બનાંવેલો એક મોટો આકારછે, તેની ઉપર સુ નાંનો ઘોર ચહડાવેલોછે. પટની દેવીનું એક મોટું પુતલુંછે. સાઈબીલીનાં દેહડાંનો બુચમા બનાંવેલો નમુનો છે. એસકુઈમાં લોકોનો તરેહવાર પોશાક તથા આમેરીકાનાં ઓતર તરફ રેહનારા લોકોનાં વાપરવાસની ઘણીએક વસતુઓ, આ ઓરડામાં મેલેલીછે, તે સાથે હીંદુઓનાં તથા ચીનાંઓનાં અને બુધ્ધ લોકોનાં દે વો તથા બીજા આકારો કે જેથી જુદી જુદી જાત પરખાએ તેવા ઘણાએક પુતલાંછે. જુદી જુદી કોમમાં વ પરાતા વાશણ તથા હથીઆરો પણ હીંઆંછે.

નાંચરલ હીસટરી ગીઆલરી.—બરીટીશ મીઉજીઅમનો આ ભાગ જેમ વીદીઆવાંનો અને શોધ ક રનારાઓને અભીઆસ કરવા જોગછે, તેમ શાધારણ જોનારને પણ ઘણોજ ગમત આપનારોછે. આદમી વગરે દુનીઆંની સપાટી ઉપર સઘળી જાતનાં જીવજંતોનો હીંઆં માહાભારત સંગરહછે. મોટાંમાં મો ટાં ચોપગાં જાનવરથી તે તે વરગનું નાંધલાંમાં નાંધલું જાનવર હીંઆંછે. માંછલીમાં મગરથી તે નાંધલામાં નાં

ધલી કોલમી હીંઆંછે. પંખેરાંમાં મોટામાં મોટાં પંખેરાંથી તે શોએની અની જેટલાં ઝીનાં પખશીછે. મોટામાં મોટા અજદાથી તે નાંધલામાં નાંધલા કીડાછે. મીઉજીઅમનાં આ ભાગમાં પેશતાંને વારજ ભ યંકાર આકારનાં અને મોટાં કદનાં ગેનડા તથા હાથી, સીંહ, વાધ, વરૂ, ઘોધા, જીરાફ, હીપોપાટેમસ, ઉંઠ, ઘોડા, ઘવેડાં, સાંભર, હરણ, ઈતીઆદી જાનવરોછે. એ સઘળાં જીવતાંછે હેવું નહી સમજવું. તે સઘળાનાં ચામડાંમાં ઘાસ ભરી જાંણે જીવતાં હોએ, હેવા દેખાડીઆમાં આવીઆંછે. એ સઘળાં જાનવરો તપાસીઆથી જુદાં જુદાં દેશોમાં કહી તરેહનાં જાનવરો પેદા થાએછે, તથા એકજ જાતનાં જાનવરો જુદાં જુદાં દેશમાં પે દા થાએછે, તેનાં આકારમાં કેટલો ફરકછે, તે સઘળું આપણને માલમ પડેછે. એજ મીશાલે મગરમછથી તે સઘળી જાતની માંછલીઓ તપાસીઆથી દુનીઆનાં જુદા જુદા ભાગો ઉપર કહી માંછલીઓ મલેછે, તે આ પણને ખબર પડેછે. દેવાલની સાથે કાચમાં જડેલા કેસોમાં આ માંછલીઓ હારબંદ ગોઠવેલીઓછે, તેથી તે દેખાવ ઘણોજ સારો લાગેછે. જે માંછલીઓ જોવાને આપણા સપનામાંબી આપણે ધારીએ નહી તેવી માંછલીઓ હીંઆં જોવામાં આવેછે. સઉથી સોહામણો અને ખુબસુરત દેખાવ જે હારબંદ ઓરડાઓમાં સ ઘળી જાતનાં અને દુનીઆનાં સઘળા ભાગો ઉપરનાં પંખેરાં ગોઠવીઆમાં આવીઆંછે તે છે. માંછલીઓની માફક આ પંખેરાંઓ પણ દેવાલની સાથે જડેલા કાચનાં કેસોમાં ગોઠવીઆમાં આવીઆંછે, અને ભાંત ભાં ત અને રંગ બે રંગનાં અને જુદા જુદા કદનાં જે પંખેરાંઓ હીંઆં આપણી નજરે પડેછે, તેથી આપણી આંખ આગલ ઘણો જોવા લાએકછે દેખાવ થાએછે. કુદરતની ખુબસુરતીની આગલ સઘળું રદછે, તેનો નમુ બુત દાખલો હીંઆં મલેછે. હીંઆં હેવાં ઘણાએક પંખેરાંછે કે જેહનાં તરેહવાર અને સોભઈતા રંગ અને ખુબસુરત આકારની તારીફ કરવાને પુરતા સબદો નથી, અને એ ઓરડામાં જેઓ આવેછે તેઓ તરણ ત રણ વખત સઘળી બાજુએ ફરી જાએછે, તો પણ તે દેખાવ છોડી તાંહથી તેઓને જવા ગમતું નથી. આ જગોએ જાંણવું જોઈએછે કે એ સઘળાં પંખેરાં "સ્ટફ" કીધેલાંછે પણ આબેહુબ જીવતાં હોએ તેહવાં દેખા એછે. તેઓની જાતી ખુબસુરતીમાં કશો ઘટાડો થાયો નથી, માતર તેઓમાં જીવ મુકવાનોજ બાકીછે. એ ઓરડાઓની વચોવચમાં જે કેસોછે, તે મધે દુનીઆંનાં સઘળા ભાગો ઉપર વસનારા પંખીઓનાં ઈડાં ગો ઠવીઆમાં આવીઆંછે, કે તેથી દરએક પંખીનાં ઈડાંનો કેહવો આકારછે તે આપણને માલમ પડે. વલી પં ખેરાંઓનાં માળા મેલવીને તે પણ હીંઆં મેલીઆમાં આવીઆંછે, તેથી જુદી જુદી જાતનાં પંખેરાંઓ કેહ વી રીતે અને કેહવી ગોઠવણથી પોતાનાં માળા બનાંવેછે, તે જોવાને આપણને હીંઆં બની આવેછે. પોતા નાં દુશમનોથી બંચાવને વાસતે પંખેરાંઓ પોતાનાં માળામાં કેહવી ગોઠવણ અને ઈઉકતી કરેછે, તેની કેટ લીએક તરેહ જોયાથી આપણને થોડી અચરતી નથી ઉપજતી, તે સાથે પરમેશવરે હલકાં જનાંવરોને "ઈન સ્ટીંકટ" સમજ મુકીછે તેને તેઓ કેહવી રીતે વાપરેછે, તે પણ આપણે હીંઆં અચરતીથી જોઈએછે. ભમ રાઓનો માળો સઉથી જોવા લાએકછે, તેમાંનાં ઘણા નમુનાં હીંઆંછે, પણ તે મધેની ગોઠવણ આપણને બ રાબર સમજ પડવાને વાસતે એક "બાંડેલ" નમુનો બનાંવી હીંઆં મેલીઆમાં આવીઓછે, તેથી ભમરાનાં માળાનો દરએક ભાગ સેહેલથી સમજ પડેછે. વલી કેટલાએક ઓરડાઓમાં સાંપ તથા "રેપટીલસ" અને બીજાં પેટે ચાલનારાં ઝીના જાનવરોનો તથા દરીઆ કીનારે "કોરલસ" તથા આકાર વગરની પણ દમ લેનારી માંછલીઓ મલેછે, તેનો પણ મોટો સંગરહછે. ટુકામાં કહીજીએછે કે "નાંચરલ હીસટરી" ખુદરતી તવારીખ સીખનારને પોતાનો અભીઆસ કરવાને આ કરતાં સરસ મુકામ દુનીઆનાં કોઈ ભાગ ઉપર મલશે નહી.

બોટાંનીકલ રૂમ.—આ ઓરડામાં ઝાડપાંણુનાં શોકીની ગમત તથા વીદીઆરથીનાં અભીઆસને સારૂ ઘણાએક સોભઈતા નમુનાંછે. એ ઓરડામાં ફરતી વેલાએ આપણે જાંણે એક બાગમાં હોઈએ તેવું લાગેછે.

ફાસીલસ.—હરેક વસતુ, ફળ, અથવા જાનવર એકાએક જમીનમાં ડટાઈ જાએ, તે લાંબા જમાનાં

પછી કોઇ બનાંવથી અથવા ખોદીઆથી નીકલી આવે, અને તેહારે તેનો આકાર જે કકટ મોડી અથવા પથરનાં જેવો બની ગયો હોએ, તેને "ફાસીલસ" કરી કેહેછે. આ ઓરડાઓમાં અસલનાં જમાનાનાં મોટા તથા નાંધલાં જાનવરો તથા માછલી, ફળ અને બીજી વસતુઓનાં અને આદમીઓનાં ફાસીલસછે, તે જોથી આપણને ઘણીએક અચરતી ઉપજેછે. જાનવરોનાં જે ફાસીલસછે, તે જાતનાં જાનવરો હમણાનાં જમાનામાં પેદા થાતાં નથી, અને તે કહેવા જમાનામાં પેદા થાયાં હશે, તે કેહવાને બીકટ પડેછે, પણ હેવું ધારીઆમાં આવેછે કે, દુનીઆની શરૂઆતનાં વખતમાં તે હઈઆત હશે.

ધાતુઓનો સંગરહ.—આ વસતુઓથી તરણ મોટા ઓરડા રોકાયાછે. રશાઓણ શાસતરનાં વીદી આરથીની હીંઆં એક નીશાલછે. સુતનું, રૂપું, લોહડું, તરાંબુ, શીસું, પારો અને બીજાં ધાતુઓ, તથા રશાએણી પદારથો ખાંત મધેથી કેવી કેવી હાલતમાં મલેછે, તેનાં તરેહવાર નમુનાં હીંઆંછે. જેમકે તે ધાતુ ઓ જુદી જુદી વસતુઓ સાથે ભેલાએલાં હોએ, તાહરે કેવી હાલતમાં હોએછે, તથા ખાંતમાંથી ચોખી હાલતમાં નીકલેછે, તાહરે કેવાં હોએછે, તે સઘળું આપણને હીંઆં મેલેલા નમુનાં જોયાથી માલંમ પડેછે. જે વસતુઓથી હીરા, માંણેક, પાંતાં, ઇતીઆદી બનેછે, તેની અસલ તથા જુદી જુદી હાલત પણ હીંઆં આપણે જોઇ શકીએછે. કેટલાએક નમુના ઘણા કીમતી સોભઇતા અને મોટાછે. આ બાબદને લગતા એક કેસમાં હાલનાં જમાનામાં જે નાંમીચા હીરા જણાએછે, તેમની સફેદ કાચથી બનાંવેલી નકલોછે. કોહીનુરનો નાંમીચો હીરો જે ૨૮૯ રતીનોછે, તેનો આબેહુબ કાપેલો નમુનો હીંઆંછે તથા યુરોપખંડનાં મુલકોનાં જે પાદ શાહોનાં હસતકમાં લગભગ ૨૦૦ રતી શુધીનાં નાંમીચા હીરાછે, તેનાં નમુનાં પણ હીંઆંછે. આ બીનાં વાંચનારાઓમાંનાં કેટલાએકોને ખબર હશે કે, જાહરે કોહીનુરનો નાંમીચો હીરો આપણી નાંમદાર અને બખતાવર રાંણી વીકટોરીઆનાં સવાધીનમાં આવીઓ હતો, તાહરે તેનો આકાર ફેરવીને તેને વધારે ખુબ સુરત કરવાને ધારીઆમાં આવીઉં હતું, પણ તેમ કરતાં રતીમાં ઓછો થાએ, વાસતે તે વીચાર પડતો મે લીઆમાં આવીઓ હતો. પણ કોહીનુર કે જે હમણાં અરધાં ઈડાંનાં આકારનોછે, તેને કાપીને ખુબસુરત કેમ કરીઆમાં આવે, તેનો નમુનો હીંઆં મેલેલોછે.

લોહોચુંબકનાં પથરો આસમાંન ઉપરથી પડેચ, તે વીશે અલબતાં ઘણા જણાઓએ સાંભલીઉં હશે. હેવા પથરોનાં આ ઓરડામાં કેટલાએક નાંમીચા નમુનાંછે. લોહોચુંબકનો એક મોટો પથર કે જે વજનમાં ૧૪૦૦ ચઉદશો રતલછે, તે "બીઉનો એરેશ" માં આકાસ ઉપરથી પડીઓ હતો, તે આ મીઉજીઅમને વાસતે "સર વુડબાઇન પારીશે" મોકલીઓ હતો. એ પથર સરવે કોઇ ભારી અચરતી સાથે જુએછે. બીજા પથરો એ કરતાં કાંઇએક નાંખલાછે, તેમાં એક પોતાંતરણ હંડરવેટનોછે. એ પથર ૧૪૯૨ નાં સાલમાં જે વખતે શાંહાંતશાહ મેકસીમીલીઅન ફ્રેંચતાં લશકર સાથે લડાઈ કરવાની તઈઆરીમાં હતો, તે વખતે આલસેસનાં પરગણામાં "એનસીસંમ" શેહેરમાં પડીઓ હતો. બોહીમીઆ, ગાસકની તથા બીજા દેશોમાં પડેલા પથરો પણ હીંઆંછે. એક પથર ૫૬ રતલનો ઈસવી સને ૧૭૯૫ નાં સાલમાં ઈબારકશાએરમાં પડીઓ હતો.

ચાંન તથા સીક્કા.—સર હાંનસ સ્લોન તથા સર રાબરટ કાટન એઓએ આ મીઉજીઅમને પેહલે લે ચાંન તથા સીક્કાની ભેટ કીધી હતી, તે ઉપરથી આ ઓરડાઓનો પાયો નખાયો હતો. ઇંગલંડનાં પાદ શાહ ચોથા જારજે તેહમાં ઘણોએક વધારો કીધો હતો. એ ઓરડાઓમાં પુરાનાં તથા હમણાનાં વખતનાં સીક્કા તથા ચાંનો ગોઠવીઆમાં આવીઆછે. ઇંડનાંતીઓમાં જે સીક્કાઓનુ ચળણ હતું, તે સઘળા તેમ નાં પુરાતમપણા પરમાણે ગોઠવીઆમાં આવીઆછે, તે સાથે રોમન સરકારથી જે પાદશાહો, પરગણા તથા શેહેરો અસલના વખતમાં આપઅખતીઆર હતા, અને જેઓએ પોતાનાં સીક્કા ઇંડનાંની હરફો સાથે

બનાંવીઆ હતા, તે સીક્કા પણ ઉપલા સીક્કાની સાથે ગોઠવીઆમાં આવીઆછે. આપઅખતીઆર મુલકો તથા શેહેરો જેઓએ પોતાનાં સીક્કા ઇત્રસકન, રોમન, પુનીક, ઇસપાંનીશ અથવા બીજી ભાશાના હરફો સાથે બનાવેલા હતા તે પણ હીંઆં હારેબંદછે. રોમની સરકારનાં સીક્કા પણ તેમનાં વરશ પરમાણે જુદા ગોઠવીઆમાં આવીઆછે. હાલ જમાનાનાં સીક્કાઓમાં આંગલો-શાકસન, ઇંગલીશ, આંનગલો-ગાથીક, સ્કાટચ તથા આઇરીશ તથા પારકા દેશોનાં સીક્કાછે. દરએક મુલકનાં સીક્કા દેશ પરમાણે જુદા જુદા ગોઠવેલાછે. ચાંનોમાં પુરાંણા તથા હમણાનાં વખતનાં જે મલી આવીઆછે, તેબી હીંઆં ગોઠવેલાછે.

પીકચર ગીઆલરી અથવા તસવીરખાંતુ.—ઇંગલંડનાં તથા ઇંડરોપખંડનાં બીજા દેશોનાં આગલા પાદશાહ તથા નાંમીચા શખસોની સબીઓથી પાંચ મોટા ઓરડા રોકાએલાછે. સર એચ સ્લોન કે જેની પે હલલી બખશીસથી આ નાંમીચા સંગરસથાંનનો પાયો નખાયોછે, તેની બે સબી હીંઆંછે.

પુસતકખાંતુ.—બ્રીટીશ મીઉજીઅમનો સઉથી કીમતી, અગતનો અને નાંમીચો ભાગ, તેનુ પુસતકખાંતુંછે. પારીસ અને મીઉનીચ શેહેરનાં પુસતકખાંનાં વીગરે દુનીઆમાં બીજા સઘળા પુસતકખાંનાં કરતાં એ પુસતકખાંતું સઉથી મોટું, કીમતી અને નાંમીચુંછે. ઉપર કહેલાં બે શેહેરોનાં પુસતકખાંનાંમાં બ્રીટીશ મીઉજીઅમનાં કરતાં કેતાબની સંખીઆ વધારેછે, હેવું જણાવીઆમાં આવીઉંછે, પણ બ્રીટીશ મીઉજીઅમ નાં બીજા ભાગોને આપણે વીચારમાં લઇએચ, તથા એ પુસતકખાંનાંમાં કેતાબોની જે વખાંણવાજોગ અને શોભઇતી ગોઠવણછે, તથા વાંચનારને વાસતે જે સેહેલ અને સગવડછે, તે સઘળા ઉપર નેગાહ કરતાં બ્રીટીશ મીઉજીઅમ આખી દુનીઆનાં સંગરસથાંનો ઉપર સરદારી ભોગવેછે.

સને ૧૭૫૯ નાં જનેવારી મહીનાંમાં જારે એ પુસતકખાંતાંનો ઓરડો જાહેરમાં વાંચનારાઓને સા રૂ હુંગાડીઆમાં આવીઓ હતો, તારે પેહલલાં વરસમાં માતર પાંચ વાંચનાર તાંહાં ગયા હતા, પણ હમણા કેટલો ફેરછે ! હાલમાં દર વરશે સીતેરથી તે હેંશી હજાર શખસો એ પુસતકખાંનાંનો લાભ લીએછે. એ પુસતકખાંનાંમાં વાંચનારાઓને દાખલ થવાને કશી મેહનત પડતી નથી. હરેક આબરૂદાર શખસ અથવા વીદીઆરથીને કોઇબી લવાજમ આપીઆ વગર તાંહાં જઈ તેનો લાભ લેવાને છુટછે. એ પુસતકખાંનાં વીશે જણાવીઆમાં આવીઉંછે કે, લંડંન શેહેરમાં તેથી જેટલો ગનેઆંનનો વધારો થાએછે, તેટલો બીજા કશાથી થાતો નહી હશે. હીંઆં સઘળી જાતની વીદીઆ, સઘળી જાતનાં હુંનર અને સઘળી ભાશાનાં પુસતકોનો એક મોટો જડોછે. તમોને કોઇબી કેતાબ જોઇએ તે આ પુસતકખાંનાંમાં મલીઆ વગર રેહેશે નહી, અને જારે હીંઆં નહી મલે, તારે કોઇબી બીજે ઠેકાંણે મલે, હેવી ઉમેદ રાખવી નહી. અસલનાં વખતથી તે હમણા શુધી છપાતી કેતાબોનો હીંઆં એક નાંમીચો સંગરહછે. જુનાંમાં જુની કેતાબ જોઇએ તો હીંઆં જ મલશે. સું બાટીન કે સું ઇંડનાંતી, સું જંદ કે સું પેહલવી, સું ફારશી કે સું તુરકી, અને તે વીગરે સઘળી જુબાંનોનાં " માંનસકરીપટ " અથવા હાથ દશકતનાં પુસતકો તથા બીજા દસતાવેજો હીંઆં મલશે. એ પુસતકખાંનું આટલી નાંમીચી હાલતમાં કેમ આવીઉંછે, અને માહાભારત કેમ બનીઉંછે, તે નીચે જણાવેલી વીગત ઉપરથી માલંમ પડશે. એ પુસતકખાંતાંનો પેહલલો પાયો સર એચ સ્લોનની બખશીસથી થાયો હતો. એ ઉપરાંત સર જોંન કાટન નાંમનાં એક નાંમીચા વીદીઆવાંત ગરહસથે પોતાનું પુસતકખાંનું બરીટીશ મીઉજીઅમને બખશીસ કીધું હતું. સને ૧૭૩૮ નાં સાલમાં મેજર એડવરડસે ઘણીએક કીમતી કેતાબો બખશીસ કીધી હતી તથા (૩૦૦૦૦) સીતેર હજાર રૂપીઆ આપીઆ હતા, કે તેનાં વીઆજમાંથી કે તાબો ખરીદ કરે. ઇંગલંડનાં પાદશાહ સાતમાં હેનરીનાં વખતથી તે તરીજા વીલીઅંમનાં વખત શુધી, જે પાદશાહી પુસતકખાંનું જમાવ થાયું હતું, તે આખું પુસતકખાંનું બીજા જારજ પાદશાહે બરીટીશ મીઉજીઅમને પરજાનાં ફાએદાને કીજે ભેટ કીધું હતું. ઈસવી સને ૧૬૪૦ થી ૧૬૯૦ નાં સાલમાં જે કાંઇ પુસતકો

અથવા ચોપાનીઆ છપાયાં હતાં, તે તરીજા જારજે આ પુસતકખાંનાંને બખશીઆં હતાં. એક પાદરી નાં મે રેવરંડ કરાકરોહે (૧૦૦૦૦૦૦) દશ લાખ રૂપીઆનું પોતાનુ નાંખીયુ પુસતકખાંનું બ્રીટીશ મીઉજીઅમ ને આપા દીધું હતું. ઇંગલંડનાં પાદશાહ તરીજા જારજે પોતાનાં મેહેલમાં કીમતી અને નાંખીયાં પુસતકોનો સારો સંગરહ કરેલો હતો, તે સઘળાં પુસતકો ચોથા જારજે બ્રીટીશ મીઉજીઅમને બખશેસ કીધાં. ઇસવી સને ૧૮૪૬ નાં સાલમાં રાઇટ હાંનરેબલ ટાંમસ ગરેનવીલે એ પુસતકખાંનાંને વીસ હજાર કેતાબો બખશેસ કીધી હતી, કે જેની ઉપર તેને (૫૪૦૦૦૦) પાંચ લાખ ચોઆલીસ હજાર રૂપીઆ લાગા હતા. એ ઉપરાંત એ પુસતકખાંનાંને બીજી મોંટી તથા નાંખલી ઘણી બખશેસ થાઇછે, તથા વલી તેનાં પોતાનાં ખરચે દર રોજ ઘણીએક કેતાબો વેચાતી લીધાનાં આવેછે. હાથ દસકતથી લખેલાં અસલનાં નાંમીયા પુસતકો મેલવવામાં બ્રીટીશ મીઉજીઅમને (૨૧૦૦૦૦) બે લાખ દશ હજાર રૂપીઆ ખરચ લાગેાછે. એ પુસત કખાંનાંમાં જુદી જુદી જાતની સઘળી કેતાબો મલી આઠ લાખ પુસતકોછે—તે સાથે તરણ હજાર રોલછે—નકશા તથા ચારટ, દશ હજારછે—હાથ દસકતથી લખેલાં પુસતકો, ઓગંનતીશ હજાર—લાકડાંની છાલ તથા બરૂની ચીપ પર હાથ દસકતનાં દસતાવેજો, બશો—તથા અસલનાં જનાનાંની નાંમીચી મોહરો આડશોને પ ચાશછે. ટુકાંમાં કહીજીએછે કે, એ પુસતકખાંનાં અધેની સઘળી કેતાબોને જો એક કબટની હારમાં ભરીઆમાં આવેતો તે કબટ સોલ માઇલ અથવા મુંબઇથી ભાંડુપ સુધી પોંહોંચે. હેવો એ પુસતકખાંનાંનાં ટરસટીઓએ હીશાબ કાહાડીએાછે. વલી આ મોટા સંગરહની ઉપર દર વરસે વીશ હજાર કેતાબોનો વધારો થાતો જા એછે. જેએા ઇંગલંડમાં કેતાબ છાપે અને " કાપી રાઇટ " નો હક મેલવે તેઓએ એક કેતાબ આ પુસત કખાંનાંમાં મુફત મોકલવી હેવો પારલેમેંનટ સલાએ ધારો બાંધીએાછે. આ પરમાણે દર રોજ વધતાં પુસતકખાં નાંને વાસતે હેવી જગા કરવી કે જેમાં કંધી ખુટ પડે નહી, તે વીશે ટરસટીઓનું ધીઆંન ઘણાએક વરસ શુધી લાગું હતું, અને હમણા એ કારણુને વાસતે જે જગા થાએલીછે, તે બીજાં પચાસ વરસ શુધી પુરી પડે હેવીછે. પુસતકખાંનાંમાં વાંચવા જનારાએાને વાસતે જે હાલ અથવા દીવાંનખાંનું બાંધીઆમાં આવીઉંછે તેજ ફકત જોયાથી આપણી નજર હેરાંન રેહેછે, કાંએજે તેનુ મોહાભારતપણુ, તેની ખુબસુરતી, તેમાં ચોપરી ઓની ગોઠવણ, વાંચનારાએાને સારૂ બેઠક, એ સઘળું હેવુંતો નાંમીચી રીતથી કરીઆમાં આવીઉંછે કે, તે સઘળાંની ગોઠવણ કરનારની અકલવીશે તારીફ કરીઆ વગર આપણીથી રેહવાતું નથી. વાંચવાનાં ઓરડાનો આકાર ગોલછે, અને તેનો વીઆસ ૧૪૦ ફુટછે. એ ઓરડાની ઉંચાઇ ૧૦૬ ફુટછે અને તેનુ છાપરૂં ગું બજનાં આકારમાંછે. બરાબર અજવાલુ પડવાને વાસતે ગુંબજ ઉપર ૪૦ ફુટની "સ્કાઇ લાઇટ" એટલે કા ચનુ છાપરૂંછે, અને વલી તેની આસપાસ વીસ મોટી અને સોભઇતી બારીઓ કીધેલીછે. ગુંબજનો બા કીનો ભાગ નાંમીચા અને સોભઇતા રંગનાં ચીતારોથી સણગારીઆમાં આવીએાછે. પુસતકો મેલવાને વા સતે કાંઇ લાકડાંની કબટો નથી, પણ લોહોડાંનાં સલીઆનાં "શેલવસ" સઘળી તરફ જડી લીધાંછે. ઉપલા ગોલ ઓરડાની દેવાલ સાથે જેમ પુસતકો ગોઠવીઆમાં આવીઆંછે, તેમજ તે દેવાલની બાહેરની બાજુએ પણ પુસતકો ગોઠવેલાંછે, અને વલી તેની આસપાસ તેજ પરમાણે બાતર લોહડાંનાં સલીઆનાંજ "શેલવસ" થી બીજી દેવાલો ફરતી કરી તાંહાં પણ પુસતકો ગોઠવીઆમાં આવીઆંછે, તેથી જાણે પુશતકોથીજ ફરતી દે વાલ બાંધી લીધામાં આવી હોએ, હેવો દેખાવ આપણી નજરે પડેછે. આ પરમાણેની ગોઠવણ ૧૮૫૭ ના વરસથી થાએલીછે અને એ પરમાણે કરવામાં તથા વાંચનારાએાને વાસતે ઉપર કહેલું દીવાંનખાંનુ બાંધ વામાં (૧૦૦૦૦૦૦) દશ લાખ રૂપીઆનો ખરચ થાયોછે. એ ઉપરાંત પણ અસલ હતું તેમ બીજા ઓરડા ઓમાં હજારો કેતાબો ગોઠવેલીછે, પણ તાંહાંની જેમ બને તેમ થોડી જગામાં ઘણા પુસતકો સમાએ હેવી ગોઠવણ કીધેલીછે.

વાંચવાનાં ઓરડામાં બેઠેલા ગરહસથોને જે પુસતક જોઇએ, તે સેહેલથી મલી આવવાને વાસતે ધ ણોજ બખાંણવા લાએક મંદોબસતછે. ઓરડાની વચોવચમાં એક ઉપરી બેશેછે અને વાંચનારને જે કેતાબ જોઇએ તેની ઇચ્છાદદાસત તે ગરહસથને આપીઆથી, હાવાં બોહોલાં પુસતકખાંનાંમાંથી એક અથવા બે ની નીટની અંદર તે કેતાબ મલી શકેછે. દરએક બાબદનાં સઘળાં પુસતકો જુદા જુદા ભાગમાં ગોઠવીઆમાં આવીઆંછે, જેમકે તવારીખનાં સઘળાં પુસતકો સાથે, અરથ વીદીઆ ઉપર લખાએલાં સઘળાં પુસતકો સાથે, ગણીત શાસતર ઉપર પરગટ થાએલાં સઘળાં પુસતકો સાથે, રશાએણ શાસતર વીશેનાં સઘળાં પુસત કો સાથે, ધરમને લગતાં તથા ઇતીઆદી પુસતકો સાથે. વલી એ પરમાણે દરએક બાબદનાં ભાગોની દર એક કબટ ઉપર મુલ અખશરોની નીશાંણુછે. જેમકે તવારીખનો ભાગછે તેમાંની પેહલલી કબટ ઉપર એ, બીજી ઉપર બી, તરીજી ઉપર સી, ઇતીઆદી. એ પરમાણેની નીશાંણુની કબટો અધેની કેતાબો ઉપર જુદાં નંબરોછે તેથી હરેક ચોપડી સેહલથી મલી શકેછે. પુસતકખાંનાં અધેની સઘળી કેતાબોનો તેમનાં ભાગ પ રમાંણે "આલફાબેટીકલ કાટલગ" છે તેથી જેને કોઇ કેતાબ જોઇએ, તે પેલો કાટલગ હુંગાડેછે. તવારીખ ની કેતાબ જોઇએતો તે ભાગ હુંગાડી, તરત પોતાની ચોપડી શોધી કાહાડેછે, અને તે ચોપડીનાં નાંમ ની સાંહાંમને તે કહા દસકતવાલી કબટમાંછે, અને તેની ઉપર નંબર કહેએાછે, તે નોધેલુંછે, તે જોઇને તુ રત તેની ઇચ્છાદદાસત કાગજ ઉપર ટપકાવીને પેલા ઉપરીને આપેછે, તે ગરહસથ તરત તે ઇચ્છાદદાસત જે ખાતાંની કેતાબ હોએછે, તેનાં ઉપરીને આપેછે, તે શખસ એક મીનીટની અંદર તમોને જોઇતી કેતાબ લા વી તમારી નજર આગલ હાજર કરેછે. આ ઝડપ ખચીત અચરત થવા જોગછે.

વાંચવાનાં મોટા ઓરડામાં સેંહકડો ગરહસથો અભીઆસમાં ગુંતેલા જોયાથી આપણી નજરને એક ધણોજ સારો દેખાવ મલેછે. ઘણી વખત ઓરડામાં શોથી વધારે ગરહસથો હોએછે, પણ તાંહાં એક મલી આંનાં સાહાડ જેટલો આવાજ થાતો નથી. દરએક જણ પોતાનાં કાંમ અને અભીઆસમાં એવોતો મશગુલ રેહેછે કે, બીજી કોઇ બાબદ ઉપર તેઓનું ધીઆંન દોડતું નથી. આવતા જતા લોકોનાં પગનાં આવાજથી જેવો વાંચવા બેઠેલા હોએ, તેઓને હરકત નહી થાએ તેને વાસતે તે ઓરડાની ભોંએ (ગટાપરચા) રબરનાં જેવી એક વસતુની બનાંવેલીછે, તેથી ચાલી જનારનાં પગનો કશો આવાજ નીકલતો નથી. એ ઓરડામાં એકદમ ઘણા શખસો જમાંવ થાએછે, તેથી તંનદરોસતીનો બગાડ થાએ, હેવુંબી નથી, કાંએજે ગરમી હોએ તા રે એ ઓરડામાં હવા દાખલ કરવાની તથા સરદી હોએ તારે ગરમી લાવવાની સારી ગોઠવણછે. એ ઓર ડામાં બાર લાખ પચાસ હજાર કીઉબીક ફુટ હવા રેહેછે, હેવો હીશાબ કાહાડેલોછે. દરએક આદમી ચાર ફુટ જગા રોકે તો તેમાં ૩૩૬ ગરહસથો સેહેલથી પોતાનો અભીઆસ કરી શકે.

જરતોસતી ધરમનાં પુસતકો.—પારસીઓનો હેવો વીચારછે કે, તેઓની પાદશાહી ગયા પછી તેઓ નાં ધરમનાં કેટલાંએક પુસતકો, જે હાલ તેઓની પાસે રહાં નથી, તેમાંનાં કોઇબી યુરોપખંડનાં નાંમીચાં શે હેરોનાં વખણાએલાં પુસતકખાંનાંઓમાંથી મલી આવશે. એ વીચાર ભુલ ભરેલોછે, હેવું બ્રીટીશ મીઉજીઅમ તથા પારીસ, મીઉનીક, બરલીન અને કોપનહેગનનાં નાંમીચાં પુસતકખાંનાંઓ અધે કરેલી તપાસ ઉપરથી મા લમ પડેછે.

બ્રીટીશ મીઉજીઅમમાં જરતોસતીઓનાં ધરમને લગતાં પુસતકો કેટલાંછે, તેની વીગત નીચે જણા વીઆ પરમાણેછે. એ પુસતકખાંનાંમાં ધરમની હેવી કોઇ કેતાબ નથી કે જે જરતોસતીઓ પાશે હીંદુ સથાંનમાં નહી હોએ. આ બાબદ જાંણીઆથી પારસીઓને કાંઇએક દલગીરી ઉપજશે, પણ ખરેખરી વીગ ત જાંણીઆથી જે ખોટો ભરમછે તે નીકલી જવાથી ફાએદો થાશે. આ પુસતકખાંનાંમાં જે કેતાબોછે તેની વીગત.

૧—વંદીદાદ જંદ ભાશામાં—એ પુસતક હાથથી લખેલુંછે, અને ઈસવી સને ૧૬૫૦ અને ૧૬૭૫ ની વચમાં લખાએલું દીશેછે. ડાકટર ફારબસ હેવું મત આપેછે કે, ઈસવી સનેની સતરમી સદીના પાછલા ભાગમાં એ પુસતક લખેલુંછે.

૨—ઈજશની જંદમાં—એ પુસતક ઈચ્મજદજરદી ૧૧૦૫ અથવા ઈસવી સને ૧૭૩૭ માં લખાએલુંછે.

૩—ઈચ્મશનાં જંદમાં—એ કેતાબનાં બે વાલંમ પારીસમાં એમ બરનુફે છાપી પરગટ કરીઆંછે.

૪—ખોરદે અવસતાનો કેટલોએક ભાગ, ઈચ્મજદજરદી ૧૦૪૨ અથવા ઈસવી ૧૬૭૩ નાં સાલમાં લખેલોછે.

૫—હોરમજદ ઈચ્મશત, ફારસીમાં, ઈસવી સને ૧૮૦૯ માં લખેલીછે.

૬—અરદીબેહસત ઈચ્મશત, ફારસીમાં—ઓગનીસમી સદીની શરૂઆતમાં લખેલીછે.

૭—પતેત ઈરાની, ફારસીમાં—ઈસવી સને ૧૮૦૮ માં લખેલીછે.

૮—એક કેતાબ જંદમાં—તેમાં આફરંગાન, ફરવરદીન ઈચ્મશત, ગંહંમબારનું આફરંગાન, ગાથા આફરંગાન તથા ઈજશનીનો થોડોએક ભાગછે.

૯—વીસપરદ જંદમાં—તારીખ માલંમ પડતી નથી.

૧૦—જંદ—સંનસકરૂત તથા ફારસી (વાકાબીઉલરી) ફરંગ.

૧૧—પેહલવી—જંદ—તથા ફારસી (વાકાબીઉલરી) ફરંગ.

૧૨—જંદ—ફારસી તથા પેહલવી ફરંગ—એ કેતાબનાં દીબાચા ઉપરથી હેવું માલંમ પડેછે કે, હીંદુસથાંન નાં પાદશાહ સુલતાંન શેકંદરનાં વખતમાં શેક મહમદ ઈબને જુઆલીદીન નાંમનાં એક કાબેલ શખસે હીજરી ૯૧૯ નાં સાલમાં બનાવેલીછે.

૧૩—સદદરે નજંમ—એ કેતાબ ઈસવી સને ૧૬૪૦ અથવા હીજરી ૧૦૫૦ માં લખેલીછે.

૧૪—કેતાબે સદદર—ઈસવી સનેની ૧૮ મી સદીનાં છેલલા ભાગમાં લખાઇ હોએ, હેવું લાગેછે.

પારીસનુ પુસતકખાંનું.—પારીસની પાદશાહી લાઈબરેરીમાં આપણા ધરમને લગતાં પુસતકો વીશે પુછપરછ કરી આ લખનારે જે તપાસ કીધીછે, તે ઉપરથી માલંમ પડેછે કે, તે પુસતકખાંનાંમાં આપણા ધરમને લગતું, હેવું કોઈ પુસતક નથી, કે જે પારસીઓ પાશે નથી. જંદમાં વંદીદાદની તરણ નકલો તાંહાંછે, અને તે તરણ નકલો જુદા જુદા વખતમાં લખાએલીછે, અને તે તરણડે કેતાબોમાં ફેરછે. એ મથેની બે કે તાબ આંનકુટીલ ડુ પેરો સુરતથી લઈ ગયો હતો. બીજી એક ઈજશનીની કેતાબછે, તથા જુદી જુદી બાબ દ ઉપર થોડાએક જુજ આપણી ટાપુના શેઠ માંણેકજી ખરશેદજી શરાફે એ પુસતકખાંનાંને ભેટ કરેલાછે. એ વતરોગે હીંયાં બીજું કાંઇ નથી. આ જગોએ જાંણવાને અગતનુંછે કે, જાહરે આ લખનાર પારીસની પાદશાહી લાઇબરેરીમાં ગયો હતો, તાહરે તાંહાં એક ફરેનચમન જરતોસતીઓના વંદીદાદનું પુસતક થોડાએક છાપેલા જુજ સાથે તપાસતો હતો, તે જોયાથી અલબતાં આ લખનારને અચરતી ઉપજી, અને આ લખ નારને ફરેંનચ આવડતી નહી હતી, તેથી તેને દોભાશીઆની મારફતે પુછીઉં કે, આ વંદીદાદને તે શું કરેછે. તે ફરેંનચે ઘણી ખુશી અને સાલેસાહીથી જવાબ આપીઓ કે, જરતોસતીઓના ધરમ પુસતકો તપાસવાનો તેને ઘણો શોકછે, માંટે તે ઘણી મેહનતથી જંદ તથા પેહલવી પોતાંની મેલે શીખીઓછે. તેનો ઈરાદો ફરે નચમાં વંદીદાદ પરગટ કરવાનોછે, તેથી પરોફેસર સ્પીગલનાં છાપેલા વંદીદાદની સાથે તે ઉપલા વંદીદાદ મે લવી ફરક કાહાડતો હતો. એજ ફરેંનચમને કહેઉં કે ઉપલી લાઇબરેરીમાં વંદીદાદની જુદી જુદી તરણ ન

કલેાછે, તે ઘણે થેકાંણે એક એક સાથે ફરક ધરાવેછે, પણ જાંહાં તેને જે વાત શાધારણ અકલ સાથે મલતી દીશેછે તે, કબુલ રાખેછે. †

યુરોપખંડમાં છપાએલાં અસલી પુસતકો.—પુસતકખાંનાંને લગતા બીજા તરણ ઓરડાછે, તે મથે જે ચીનોછે, તે પણ હરેક વોદીઆરથીને અભીઆસ કરવા જોગછે, વાસતે તે વીશે હીંયાં લખવાની અગતછે. ડીબાંથી છાપવાનો હુંનર શરૂ થયો તેની આગમજ લાકડાંનાં હીંમરાની ઉપર દસકતો કોતરીને કેતાબો છાપી આમાં આવતી હતી, તે વીશે ઘણા જણને સારી પરે ખબરછે. હેવી રીતે અસલનાં વખતમાં છાપેલી કે તાબોનાં ઘણાએક નમુનાં ઉપલા તરણ મથેનાં એક ઓરડામાંછે. હેવી રીતે છાપેલી કેતાબોમાં સઉથી પુરા નીમાં એક કેતાબ જે પંદરમી સદીનાં પેહલા ભાગમાં છપાઇ હતી તે છે. એ કેતાબ મથે ચીતારોબી છા પેલાછે, પણ તેમા રંગ હાથથી પુરેલોછે. એ કેતાબ તે વખત ખરીસટી લોકોને વાસતે પદવાની બાઇબલ હ તી અને તે જરમનીમાં છાપેલી હોએ, હેવું ધારીઆમાં આવેછે. વલી ડીબાંથી છાપવાનો હુંનર શરૂ થયો તે વખતમાં છપાએલી કેટલીએક કેતાબો હીંઆંજ જુદી બતાવીઆમાં આવેછે. એ કેતાબો મથે સઉથી પુરાં ની કેતાબ મેનટજ શેહેરમાં ૧૪૪૫ નાં વરસમાં ગટેનબરગ તથા ફસટ નાંમનાં શખસોએ છાપેલી બા ઇબલછે. એ બાઇબલ કારડીનલ માજરીન નાંમનાં પાદરીનાં પુસતકખાંનાંમાંથી મલી હતી, તેથી તેને મા જરીન બાઇબલ કરીને કેહેછે. ઇંગલંડનાં પાદશાહ તરીજ જરજનું પુસતકખાંનું જે બ્રીટીશ મીઉઝીઅમને ભેટ કીધામાં આવીઉં હતું, તેમાંથી એ પુસતક મલીઉંછે. એ ઉપરાંત બીજાં તરેહવાર પુસતકો કે જેનું બ થાંન કરતાં લંબાંણુ થાએ, તે ૧૪૫૫, ૧૪૫૬, ૧૪૫૭, ૧૪૫૯, ૧૪૬૨, ૧૪૬૫, ૧૪૬૮, ૧૪૭૧, નાં વર સમાં છાપેલાંછે. એ પુરાંની કેતાબો જોયાથી આપણને ઘણો હરખ ઉપજેછે, અને તેઓને બારીકીથી તપા સીઆથી છાપવાનો હુંનર આસતે આસતે કેમ વધીઓ તથા શુધરીઓ હશે, તેનો વીચાર કરવાને આપણુ ને બની આવેછે. આ અસલી કેતાબો દેખાડવાની ગોઠવણ ઘણી સારીછે. જરમનીમાં જેટલી ચોપડીઓ છપાઇ હોએ, તે સઘળી સાથે મેલીઆમાં આવીછે, તેજ પરમાણે ઇટાલી, ફરાંનસ તથા ઇંગલંડમાં છપાએ લી કેતાબો જુદી જુદી ગોઠવેલીછે. ઇંગલંડ મથે છપાએલી કેતાબો મથેનો સઉથી પુરાંનો નમુનો સેતરંનજની રમત વીશે છપાએલી ચોપડીછે. એ કેતાબ કીઆકસટને ૧૪૭૪ નાં વરસમાં વેસ્ટમીનસ્ટર આબી મથે છાપી હતી.

એ ઉપરાંત અસલનાં વખતમાં કાગલ તથા ચાંમરા ઉપર છપાએલી સોભઇતી કેતાબોનાં તથા લાકડાં તથા તરાંબાની પલેટ ઉપર છાપેલાં ચીતારોનાં પણ ઘણા સારા નમુનાંછે. વલી અસલનાં વખતમાં કેતાબો ની સોભઇતી જેલદનાં પણ ઘણાએક નમુનાંછે.

ઉગમણુ પરાંતનાં પુસતકો.—ઉગમણુ પરાંત તથા હીંદુસથાંનમાં હાથથી લખાએલી નાંખીચી તથા સોભઇતી કેતાબો અથવા દસતાવેજોનો પણ હીંયાં એક સારો સંગરહછે. તેમાંની થોડીએકનું ટુક વરણુન જાંણવા જોગછે. લાકડાંની છાલ ઉપર ઘણાજ બારીક દસકતથી સંસકરૂત ભાશામાં ભગવત ગીતાનાં તરણ રોલછે. એ રોલ ઉપરનાં દસકતો એટલાતો ઝીનાંછે કે, ભગવત ગીતાની આખી કેતાબ આ તરણ નાંય

† બીઉનીક, બરલીન, કોપંનહેગન તથા બીએનાં શેહેરનાં પુસતકખાંનાં આ લખનારનાં જોયામાં આવીઆં નથી, પણ પેહલાં તરણ શેહેરો ખાતે મુસાફરી કરતી વેલાએ એક બીતરે તાંહાં ઉપલી બાબદમાં થઇતી તપાસ કરી હતી, અને તે તપાસ ઉપરથી તેણે હેવું મત આપીઉંછે કે, એ પુસતકખાંનાંઓમાં પણ જરતોસતી ધરમને લગતું હેવું કોઇ પુસ્ત ક નથી કે જે હીંદુસથાંનમાં પારસીઓ પાશે નહી હોએ. ઇચ્મજદજરદી ૬૯૨ અથવા ઇસવી ૧૩૨૨ નાં સાલમાં લખા એલા વંદીદાદ તથા ઇજશનીનાં પુસતકો પરોફેસર ઇરાસમસ રાસક જે ૧૮૨૦ નાં સાલમાં અતરે તથા ઇરાન ખાતે મરી ગયો હતો, તેણે કોપનહેગનનાં પાદશાહી પુસતકખાંનાંમાં મેલીઆંછે.

લા રોલમાં સમાવીઆમાં આવીછે, અને તે દસકતો જે ઘણીની આંખ જરાકથી ખરાબ થાઇ હોએ, તે વાંચી શકે નહી એટલા ઝીનાંછે. સીનગાલી દસકતમાં બુહદી ભાશાનુ "શાતીપતાંન શુફ" નું પુસતક સુનાં નાં ઘેાર સાથનાં તરાંબાનાં પતરાંની પ૩, ચીપ ઉપર લખેલુંછે. વલી એક બીજું પુસતક સીનગાલી દસકત થી રૂપાંનાં પતરાંની ૨૫, ચીપની ઉપર લખેલુંછે. પલમાઇરાનાં પાતરાં ઉપર સુનાંનેા ઘેાર ચહડાવી તે ઉપ ૨ બુહદી ભાશામાં "કાંમાં વીકા" નું પુસતક લખેલુંછે. એજ પુસતક વલી હાથીદાંતની ચીપેા ઉપર ઘણાજ બારીક દસકતથી લખેલુંછે. "શીવ કાવચ" નામનુ સંસકરૂત ભાશામાં કવીતાનુ પુસતક રૂપાંનાં ઝીનાં દસ કતથી લખેલુંછે. હીંદુઓની દેવી દુરગાની વખાંણમાં "દેવી માહાતમાં" નામનું કવીતાનું પુસતક ઘણુજ સેા ભઇતુંછે. એ પુસતક ઘણાજ ઝીનાં દસકતથી આસમાંની રંગની ભોંએ ઉપર સુનાંનાં દસકતથી લખેલુંછે. ચીનાં લેાકેાનાં અંનજીરનાં પવીતર ઝાડની છાલ ઉપર બુહદી ભાશામાં "કવાંનટજી" નામનું એક સુંદર પુ સતકછે. એ પુસતકમાં ચીનાંઓનાં ખેાદાયેાની તસવીરેા આપેલીછે, અને તેની સમજણ સુનાંનાં દસકતેા ની એબારતથી આપેલીછે. આઉદનાં છેલલા પદલશટ થાએલા પાદશાહે ૧૮૫૫ નાં સાલમાં "એશક" ઉપર કવીતાનાં આકારમાં ૧૩૦, સફાનુ એક પુસતક બનાંવીઉ હશે તે હીંમાં મેલેલુંછે. એ પુસતક રંગીન કાગ લ ઉપર સુનેરી રંગનાં ઘણાજ શેાભઇતા દસકતથી હીંદુસથાંનીમાં લખેલુંછે. શાહનાંમુ, તથા બીજી નાંમી ચી ફારસી કેતાબેા જેનાં દસકતેા ઘણાજ શેાભઇતા તથા ચીતારેા સુનેરી રંગનાંછે, તેવાં એકથી વધારે પુસત કેાછે, પણ તેનાં બયાંનથી જગા રેાકવાની અગત નથી.

આટેાગરાફ, એટલે નાંમીચા શખસેાનાં હાથનાં દસકતેા.—ઉપલા એારડાએામાંથી નીકલીને પછી આપણે જે એારડામાં જાઇએછે, તાંહાં જે જેવાનુછે તેથી જેનારનાં દીલમાં કેટલેાએક જોસસેા ઉપજીઆ વ નાં રેહેતેા નહી. અસલનાં વખતનાં કામેલ અથવા બીજી રીતે નાંમીચા થાઈ ગએલા શખસેાની આપણે ત વારીખ વાંચીએછે, તેવારે આપણા મનમાં તેઓનાં આકાર તથા બીજી ખાસીઅત વીશે તરેહવાર વીચાર ઉ તપન થાએછે, અને જે તે શખસેા જીવતા આપણા જેાયામાં આવેતેા આપણે તેઓને ઘણા હરખ તથા અ ચરતીથી જોઇએ. પણ તેમ બનતું નથી, તેથી આપણે તેઓની સખી જોઇને કેટલેએક દરજજે ધરાઇએછે, તેજ મીસાલે મેાટાં માંણશેાના "આટેાગરાફ" હાથ દસકતેા જેાવાને ઘણાએક આદમીઓ અતીશે આહેશમંદ થાએછે, વાસતે જે એારડામાં સું ઇંગલંડનાં કે સું બીજા દેશેાનાં નાંમીચા શખસેાનાં "આટેાગરાફ" હા થ દસકતછે, તે એારડેા હમેશાં જેનારાઓની ભીડથી ભરાએલેા રેહેછે. એ એારડામાં સેંહકડેા આટેાગરા ફછે, પણ સઘળાઓનુ બયાંન હીંમાં થાઇ શકતું નથી. પુરાંનાં જમાંનાંનાં પાદશાહ તથા શખસેાનાં કેટલા દસકતેા હીંમાં રાખેલાછે, તે નીચે જણાવેલી વીગત ઉપરથી દેખાશે. ઇંગલંડનાં પાદશાહ વીલીઅમ રૂફસે સેંનટ આંનડરૂનાં દેવળને એક બખશેસ કીધી હતી, તેનું અસલ ખત તે પાદશાહની સહી સાથનુંછે. એ ખતની તારીખ ઇસવી સને ૧૧૦૮ ની છે. એજ પરમાણે ૧૧૨૨—૩૫ ના સાલની વચે ઇંગલંડનાં પા દશાહ પેહેલા હેનરીએ બીજાં એક દેવળને બખશેસ કીધી હતી, તેનાં દસતાવેજ તે પાદશાહની સહી સાથનાં છે. ઇંગલંડનાં રાજની તવારીખનાં અભીઆશીને સારી પરે માલુમછે કે, એ રાજનાં છુટાપણાનેા પેહલલેા પાયેા પાદશાહ જાંનનાં વખતમાં ૧૨૧૫ નાં સાલમાં "મેગનાં ચારટા" થી નખાયેા હતેા. એ અસલ "મે ગનાં ચારટા" આ એારડામાં આરસીમાં જડેલેાછે, તે જેાયાથી હરેક વીદીઆરથીને તથા ઇંગલંડનાં રાજ કા રભારના છુટાપણાને સમજનાંર અને પીછાંનનાંરને થેાડી ખુશી નથી ઉપજતી. ઇસવી સને ૧૨૧૪ નાં સા લમાં રેાજનાં પેાપ ઇનેાસેંનટ બી થરડે ઇંગલંડનાં દેવળેા તથા ધરમ સંબંધી બાબદેા ઉપર પેાતે અખતીઆર લીધેા હતેા, તે વીશે તેણે લખેલું હેાકમનાંમુ જેહની ઉપર પાદશાહ જાંનનુ સીલ હતું, તે અસલ હેાકમનાંમું ઉપલા એારડામાં આપણા જેાયામાં આવેછે. ઇંગલંડનાં પાદશાહ આઠમાં હેનરીને રેાજનાં પેાપ લીએાપેાલ

હે જે હેાકમનાંમાંથી "ડીફેનડર આવ ધી ફેથ" નેા ખેતાબ આપીએેા હતેા, અને જે ખેતાબ આજ સુધી ઇંગ લંડના પાદશાહેા વાપરતા આવીઆછે, તે અસલ હેાકમનાંમુ આજે આપણે હીંઆં જોઇ શકીએછે. નાંમીચા શેકસપીઅરે પેાતાનું ઘેર ગીરવી આપવાને જે ખત પેાતાને હાથે કીધું હતું, તથા મીલટને પેાતાનુ " પારાડા ઇજ લાસટ " નું નાંમીચું પુસતક વેચવાને વાસતે ૧૭ મી એપરીલ ૧૬૬૭ ની તરીખનેા જે કબાલેા કીધેા હતેા, તે બંધે અસલ દસતાવેજે આપણી આંખે જોતાં આપણા દીલમાં જે ખીઆલ ઉતપન થાએછે, તેનું બયાંન કરવાને આ કલમ અસકતછે. ઇંગલંડનાં ઘણાખરા પાદશાહેાના અસલ સહી સાથનાં ઘણાએક દસ તાવેજે હીંઆંછે. ઇસવી સનેની અગીઆરમી સદીની શરૂઆત પછી સું ઇંગલંડ, કે સું ઇઉરેાપખંડનાં બીજા ભાગેામાં જે નાંમીચા પાદશાહેા થાઇ ગયાછે તેઓની "આટેાગરાફ" સહી પણ હીંઆંછે, અને તે સઘળી મેલ વવાને વાસતે થેાડી મેહનત નહી પડી હશે. પાદશાહેાનાં હાથ દસકતનાં કાગલેામાં એક કાગલ પુરૂશી આનાં પાદશાહ ફરેડરીક બી ગરેટે બારમાં ચારલસની લડાએકે હીમત ઉપર પેાતાનેા જે વીચાર આપીએેા હતેા, તે કાગલ વાંચવા લાએકછે. તારીખ ૬ ઠી આગસટ ૧૭૬૬ ને દીને ઇસ્ટ ઇનડીઆ કંમપની વીશે પાર લામેનટની સભામાં કાંઇ મેાટી ચકચાર થાઇ હશે, અને પછી તેનું સેવટ પાદશાહ તરીજા જારજનાં મત પર આણે આવીઉં હશે, તે ઉપરથી એ પાદશાહે તેજ દીને રાતનાં પેાનાં આઠ વાગતાંને અમલે ખુશીમાં આવીને જનરલ કાંનવેને એક કાગલ લખીએેા હતેા, તે અસલ કાગલ આપણે હીંઆં જોઇએછે. બીજા પાદશાહેાની ઘણીખરી માતર સહીએાછે. કારડીનલ વુલસી, સર આઇસાક નીઉટન, આલેકઝાંનડર પેાપ, જાંન ડરાઇડેન, જાંન લાક, ફરાંનસીસ બેકન, સર વાલટર રાલી, સર ફીલીપ સીદની, બેનજમીન ફરાંનકલીન, જનરલ વાશીં ગટંન, વીલીઅમ પીટ, એડમંડ બરક, મી૦ ફાકસ, દીઉક આવ વેલીંગટન, નેપેાલીઅન બેાનાપારટ અને બીજા સેંહકડેા નાંમીચા શખસેાની અસલ સહી હીંઆં આપણા જેાયામાં આવેછે.

મેાહરેા.—જે એારડામાં સહીએાછે, તે એારડામાં એક કાચનાં કેસમાં ઇંગલંડના પાદશાહ વી લીઅમ બી કાંનકરરથી તે હમણાનાં વખત શુધીનાં દરએક પાદશાહનાં સીલ અથવા મેાહારેાછે. એ મેા હરેા તપાસીને જેવા લાએકછે. દરએક પાદશાહની મેાહર જુદી જુદી તરેહનીછે. સઘળી મેાહરેા પડતી મેલી આપણી નાંમદાર રાંણી વીકટેારીઆનાં સીલની વીગત તપાસી જેવા લાએકછે. આગલી મેાહરેા કર તાં એ મેાહર દેખાવમાં ઘણી ખુબસુરતછે.

ઉપલેા હેવાલ વાંચીઆથી આ નાંમીચાં સંગરહસથાંનનાં માહાભારતપણા વીશે ઘણેા નહીતેા થેાડેા પણ અટકલેા કરવાને સરવેને બની આવશે. એ કાંમ કાંઇ આજ કાલનું બનેલું નથી, પણ એક સદી ઉપ રની મુદતની મેહનતનું ફલછે. સર એચ સ્લેાન જેની પેહલલી બખશેસથી એ સંગરહસથાંનનેા પાયેા ન ખાયેા હતેા, તેણે પેાતાની પછીની ઓલાદને મેાટા આભારમાં નાંખીછે. વધતાં વધતાં એ સંગરહસથાંન એટ લુંતેા વધી ગયુછે, કે તે આખું જેાવાને વાસતે થેાડા કલાકતેા સું, પણ થેાડા દાહડાએ બસ નથી થાતા.

કેનસીંગટન મીઉજીઅમ.

એ સંગરહસથાંનની મુલ મતલબ વીદીઆ તથા હુંનરને લગતી નીસાળેાના વીદીઆરથીઓને તેમનાં અભીઆસમાં મદદ કરવાનીછે. હરેક ચીજનેા અભીઆસ કરનાર જોવારે પેાતાની સાંહાંમને તે ચીજ જે એછે, તથા તેને સઘલી રીતે તે તપાસેછે, તારે તેનેા અભીઆસ ઘણેાજ પકેા અને ઉતાવલેા થાએછે, અ ને તે ચીજ પછી તેની નજરમાંથી કેાઇ કાલે ખીસતી નથી. એ કારણસર ઉપલું સંગરહસથાંન માતરે લેાક ની ગમતને સારૂંજ નથી હુંગાડું મેલીઉં, પણ તે માંહેલી ઘણીએક ચીજો ઇંગલંડના જુદાં જુદાં પરગણાંઓ ની નીસાલેામા વારા ફરતી ફેરવીઆમાં આવેછે, તથા હરેક વીદીઆરથી જે તાંહાં જઇને હરેક બાબદમાં

પોતાનું ગનેચ્યાંત પકું કરવા ઈચ્યા વધારવા ચાહેતો તેમ તે સેહેલથી કરી શકેછે. એ સંગરહુસથાંત એટલું મોટું તથા તાંહાં એટલી બધી ચીજે જોવાનીછે કે, સાત ઈચ્યા આઠ કલાકમાં તાંહાંની સઘળી ચીજે ફકત ચાલતાં ચાલતાં ફરીને જોવાઈ નહી શકાએ, તેવારે તે ચીજેનો અભીચ્યાસ કરનાર શખ્સોનેતો તાંહાં કેટલા બધા મ્હાંસ ગુજારવા જોઈએ. આ સંગરહુસથાંતના બે મોટા ભાગ કીધામાં આવીચ્યાછે. એક ભાગમાં હુંનરને લગતી સઘળી ચીજે, અને બીજામાં વીદીચ્યાને લગતી સઘળી ચીજેનો જમાંવ કીધેલોછે. પેહેલા ભાગની અંદર એક ઓરડામાં હુંનરની બાબદો ઉપર લખેલી ૩૦૦૦, ચોપડીઓનુ પુસતકખાંતુંછે. બાંધકામ અને બીજા ઘેર સણુગારને લગતા કાપર પલેટથી છાપેલા તથા ફોટોગરાફીથી લીધેલા તથા હાથના પાહેલા ઘણા વખાણવા જોગ ચીતારો પણ તાંહાં ટાંગેલાછે. એ પુસતકખાંતાંમાં હુંનરને લગતા કેટલાએક હેવાં પુસત કોછે કે જે ઈંગલંડના કોઈબી બીજા ભાગમાં મલી નથી આવતાં, અને એ પુસતકો કેટલીએક મદરેસાઓ માં ફેરવીચ્યામા આવેછે.

એક ભાગમાં હુંનરને લગતી નજદીક સાત હજાર તરેહવાર જાત જાતના સણુગારોની ચીજેનો સંધરહ કીધેલોછે, અને તે ચીજે ઈડરોપખંડને તથા હીંદુસથાંત, ચીન, જેપાંત, અને સાએમને લગતીછે. એક જગો ઉપ ર રોમના મોટાં સેંનટ પીટર દેવળનો તથા ઈંગલંડના મોટાં સેંનટ પાલનો નમુનો દીડામાં આવેછે. સેંનટ પાલનાં દેવળનુ બયાંન કરતી વેલાએ હનોએ કહેઉંછે, કે એ દેવળ હમણાછે તેનાં કરતાં વધારે સરસ બાંધવાને સર કરીસટોફર રેંને ભલામણ કીધી હતી, તે પાદરીઓની ઋતુન આગલ ચાલી નહી, તે સર કરીસટોફરનો લાકડાંનો નમુનો હીંચ્યાં જોયામાં આવેછે. ગરક ગએલાં પાંમપીચ્યાઈ શેહેરને પાછું ખોદતાં તાંહાંથી જે હુંનર તથા સણુગારની ચીજે મલી આવીછે, તેમનાં ચીતાર પણ આ ઠેકાંણે દેવાલો ઉપર ટાંગેલાછે. એ ઠેકાણે વલી કેટલુંએક અજાએબ જેવું કોતર કાંમ તથા અસલી રોમ શેહેરની કાચની સેંકડો ચીજે મેલીછે. વલી એ જગાએ ઈટાલી તથા સીસીલીના કેટલાંએક નાંસ પાંમેલાં દેવળોના બુચના બનાવેલા નમુનાં ગોઠવીચ્યાછે. એ સીવાએ બીજી સેંહકડો ચીજે તથા વખાણવા લાએક કોતર કાંમ તથા સુનેરી તથા રૂપેરી વેાર તાંહાં જોયા મ્હાં આવેછે. જેમ બરીટીશ મીઊજીઅમમાં મીસર દેશનાં મુરદાંઓની " મમી " છે તેમ આ જગાએ પણછે.

જે ઠેકાંણે બાંધ કાંમનો સંગરહ કીધેલોછે, તાંહાં કેટલીએક હાલની ઈંગલંડની નીસાળો તથા મદરેસા ઓનાં નમુનાં મેલેલાછે કે જેથી વીદીચ્યારથી ઈચ્યા તમાસગીરને તે નીસાળોની કેવી ગોઠવણીછે તે એકદંમ મા લુંમ પડી આવે. દેવાલો ઉપર ફરાંનસ અને જરમનીની કેટલીએક નીસાળોનાં ચીતરો ટાંગેલાછે. એ ઠેકાંણે દશ હજાર કેતાબોનુ એક બીજું પુસતકખાંતુંછે. એ પુસતકખાંનાંથી ડાવી બાજુએ જતાં રૂ, રેશમ, અને ધાતુની કેટલીએક ચીજે તથા તેમને બનાવવાનાં જુદાં જુદાં ઈમંતરોનાં નમુના જોવામાં આવેછે. માનચેસટર ની " કાટન સપલાઈ આસોશીએશન " નાંમની મંડલીએ રૂનાં કપાસ, તથા તેનુ તેલ તથા તે કપાસનો ખોલ, (જે ઢોરને ખવાડીચ્યામાં આવેછે) દુનીચ્યાનાં સઘળા ભાગનો રૂ, જંગલી રૂનાં ઝાડનાં ફળ અને કા ચા રૂથી તે છેક તેના ઝીણાં દોરા શુધી સું સું ચીજે બનેછે, તેમનાં નમુનાં ઈતીચ્યાદી જે એ સંગરહસ થાંતને ભેટ કીધાછે, તે એક કાચની કબટમાં જોયામાં આવેછે. તેની પાશે જાત જાતની કારીગરીથી તથા તરેહવાર મતલબને લાએક બનાવેલાં રમકડાંઓનો જમાંવ કીધેલોછે. આગલ ચાલતાં મુગાં તથા બેહેરાં અ ને આંધલાં માંણશોને કેલવણી આપવાનાં હથીચ્યારો તથા ચોપડીઓ જોવામાં આવેછે. આંધલાંઓને સી ખવવાની ચ્યાઠ જુદી બનાંવટની અને ઉપશાએલાં હરફની ચોપડીઓ તાંહાંછે. તારબાદ ઘર સણુસારની, જેવી કે રાંધવાના વાસણો, જાત જાતની સઘડી તથા ચુલા, ઈતીચ્યાદી, તથા ઘણા ખુબસુરત રાગના હથી ચ્યારો જોયામા આવેછે. એ ઠેકાંણે અને સંગરહુસથાંતનાં હરેક બીજા ભાગમાં દેવાલો ઉપર જાત જાતનાં વીદીચ્યા હોનરને લગતાં ઘણાજ સરસ ચીતારો ટાંગેલાંછે. દાદર ઉપર ચહડતાં પણ જોનારની નજર

ખાલી દેવાલો ઉપર નથી પડતી, પણ તાંહાં ટાંગેલી વસતુઓબી બરાબર જોતાં હરઘો કલાક લાગેછે.

એ સંગરહુસથાંતનાં દખશીણ ભાગ તરફનાં માંલા ઉપર ગીચ્યાથી કાચની કબટ તથા કેસોમાં જુદી જુદી જાતનાં મેંહનદાચ્યોની ઉંન અને તેઓમાંથી બનાવેલું કાપડ આપણી નજરે પડેછે. એ સઘળી જાત જાતની ઉંન કેટલી લાંમબી તથા તેનો કુમાસ કેવો હોચ્યેછે, તે તથા ઉંનને મેંહનદાંના બદન ઉપરથી કાપી ચ્યા પછી તેનું કપડું બનાવવા સારૂં તેની ઉપર કેટલી તરેહની કીરીચ્યા કીધામા આવેછે, તે સઘળાંનો એક નમુનો તથા ફલાનેલ, સકલાથ અને બીજાં સઘળી જાતનાં ઉંનનાં કપડાંનો એક એક નમુનો, એ સઘળું તાં હાં ઘણીજ રોનકદાર રીતે ગોઠવેલુંછે, તથા જે નમુનાં તાંહાં મેલીચ્યાછે તે ખચીત વખાણવા લાએકછે. જુ નાં ઉંનનાં કપડાં, ફલાનેલના મોજાં, તથા બીજાં તેવાંજ ઉનનાં ચીથડાંમાંથી નવાં ઉંનનાં કપડાં બનાવવાની એક નવી કલા સોધી કાહાહેલીછે, તે કલાથી બનાવેલાં કપડાંના નમુનાં પણ તાંહાં જોવામાં આવેછે, અને તેમને જોઈને કદીબી કોઈ હેવો વીચાર નહી કરે કે, એ કપડાં ફાટેલાં ચીથરાંઓ માંહેથી બનાવેલાંછે.

એ સંગરહની પાશે માંણસ, ઘોડા, ઉંઠ અને બીજાં જાંનવરોનાં બાલનાં નમુનાં, તથા બાલમાંથી કેટ લી સણુસારને ઉપીઓગી તરેહવાર ચીજે બની શકેછે, તે ચીજોના નમુનાં ગોઠવેલાછે, તેમાં એક વલંદા ખેડુ તની ઓરતે બાલથી ગુંથેલું કપડું બનાંવીઉંછે, તે ખચીત તારીફ લાએકછે, તથા એક બીજે નમુનો ઉંદના બાલમાંથી બનાવેલી મખમલનોછે તે જોયાથી તેનાં બનાવનારની કારીગરી ઉપર આપણુથી આફરીન કરીચ્યા વીનાં રેહેવાતું નથી.

તારબાદ જાંનવરોના રૂચ્યાં તથા પખશીઓનાં નરમ પીછનાં તથા તેઓમાંથી બનાંવેલી ઘણીજ અ જાએબ જેવી ચીજોના નમુનાં આપણે જોઈએછે. જે જાંનવરોનાં રૂચ્યાં વીશે આપણે સપનામાં પણ વી ચાર નહી કરીએ કે, તેઓ હાવી રીતે માંણસના કાંમની ચીજે બનાવીચ્યામાં વપરાતાં હશે, તેવાં જાંનવરો જેવાં કે ઉંદર, બીલાડી, ખલેડી, ઈતીચ્યાદી, તેમના રૂચ્યામાંથી ઓરત જાત જેવી નાંજુક પંથને કંડીની વે લાએ હાથે લપેટવાના મફ, તથા ગલે બાંધવાનાં ઘણાજ ખુબસુરત ગલેબંદ, ડગલા, મોજાં અને તેવીજ બીજી નાંજુક ચીજે બનાવેલી તાંહાં મેલેલીછે. પખશીઓના પીછની બનાવેલી ચીજે કાંઈ થોડી વખાણવા લાએ ક નથી. તેઓમાંથી પણ ઓરત જાતને સારૂ મફ, ગલેબંદો, ખુબસુરત અને રંગ બેરંગી ફુલો, માંથાં ઉપર મે લવાનાં તાજ તથા તેવાજ બીજા સણુગારો, અમેરીકાના જંગલીઓના હાથની બનાવેલી કલગીર ઈતીચ્યાદી ચીજેનાં ઘણાજ સરસ નમુનાં ગોઠવેલાછે. એ ખાતાંની પાશે રેશમ તથા રેશમી જાત જાતનાં કાપડોનો જ માંવ કીધેલોછે, તેમાં કેટલીએક રેશની ચીજે તથા જરથી ભરેલાં કપડાંતો ઘણાજ સરસછે. ટુંકામાં કહીએછે કે, એ રૂચ્યાં, બાલ, પીછ, અને રેશમમાંથી બનાંવેલી ચીજે એટલીતો ખુબસુરતછે કે, તેમની આગલથી આપણને જરાક ખીસવા ગમતું નથી કાંએજે આપણી નજર તેમને જોતાં ધરાતી નથી.

હાથીદાંત, સીંગડાં, હાડકાં, "વેલબોન," (એટલે મગરમચ્છનું હાડકું) કચકડું, કાચબાનું હાડકું, તથા ખડી એ ચીજેમાંથી બનાવેલી જાત જાતની બારીક કારીગરીની અને ખુબસુરત ઉપીઓગી વસતુઓનો પણ આ સંગરહુસથાંતમાં જમાંવછે. એ ઠેકાંણે જેંનડાના સીંગડાંમાંથી બનાંવેલાં પેચ્યાલાં તથા એકુ બેએ બીજી તેવી જ ચીજે પણ જોયામાં આવેછે. ઉપલી વસતુઓમાંથી જે પેચ્યાલાં, પંખા, લાકડીઓ તથા બીજી ચીજે બ નાવીને હીંચ્યાં મેલેલીછે, તે સઘળી સાધારણ ચીજે હશે હેવું સમજવું નહી. તે ચીજેને એવોતો સારો ઘા ટ તથા આકાર આપેલો હોચ્યેછે કે, તેઓ ખચીત હાવાં સંગરહુસથાંતમાં મેલવા લાએકનાં આપણને જોતાં નાં વારમાંજ માલુમ પડી આવેછે.

વલી એજ ઓરડાઓમાં એક બાજુથી મીણુ તથા મીણુની તથા સાબુની બનાવેલી ચીજેનો સંગર હ જોયામાં આવેછે. મગરમચ્છમાંથી કાહાડેલી ચરબીમાંથી બનાવેલી ઘણીજ સફાઈદાર અને સફેદ મીણબ

તીઓ, સાબુની બનાવેલી બરણી, મીણના ફુલ, ફલ, પાતરાં, તરેહવાર જાતનું મીણ અને તે શીવાએ મીણ તથા સાબુની બીજી ચીજો હેવીતો કલાથી બનાંવેલીછે, કે જાંણે આપણનેતો તે ખરેખરી કુદરતીજ નજર આવે. સીપની તથા બીજી માછલીઓનાં કોટલાંની બનાવેલી ખુબસુરત ચીજોનો પણ હેની પાશેજ જમાંવ કીધે લોછે તેમા પેટી, ફુલ, શાંકડી, જોડા, ટોપલીઓ અને એ વગેરે બીજું ઘણ કોતરકાંમ જોઈ આપણા જીવને આનંદ થાએછે.

એ ભાગ છોડીઆ પછી આપણે ખોરાકીના સંગરહસથાંત આગલ આવીએછે. એ ડેકાંણે ગોસના કટકા, જાત જાતની તરકારીના પકવાંનો, દુધ, તરેહવાર જાતનો દારૂ અને અરકો, જુદી જુદી જાતના ફળો, સુકો મેવો, જુદાં જુદાં દેશની મીઠાઈ, અને એ શીવાએ બીજી ઘણી જાતનાં ખોરાકનો જમાંવ કીધેલોછે. એ ચીજો માંતરે તાંહાં તમાસગીર લોકને જોવાને સારૂ મેલી નથી, પણ વીદીઆનાં અભીઆસીઓને વાસતે મે લેલીછે. રશાએણ શાસતરથી એ માંહેલી એકકી ચીજને તપાસતાં તે કીઆં કીઆં તતવોથી બનેલીછે, તથા તેમાં તે તતવોનો વજન કેટલોછે, તે સઘળું તેમનાં તોલ અને વજન શુધાં આપણી નજર આગલ ખોલલું કરીને મેલેલુંછે, તે સાથે વલી એ ખોરાકની ચીજો કેમ અને કાંહાંથી મલેછે, તથા જે દેશની તે ચીજો હો એછે, તે દેશનાં લોક તેમને કેમ વાપરેછે, તેનો સઘળો હેવાલ પણ ઘણે ડેકાંણે લખી ઈઆ છાપીને પાટીઓ ઉપર ચોંટાડેલોછે. ઝેરી પદારથોનો પણ એક ડેકાંણે સંગરહ કીધેલોછે અને તેમનો ખવાસ તથા ઉતારનો હેવાલ પણ આપીઓછે. એ ખોરાકના સંગરહમાં લોહીથી બનાવેલી કેટલીએક મીઠાઈ આપણા જોયામાં આવેછે, અને તે ઉપર જો લોહીની મીઠાઈ કરીને લખીઉ નહી હોએતો, કોઈનો પણ જીવ તે ખાવાને લ લચાયા વીનાં રેહે નહી. કહી કહી ખોરાકની ચીજોમાં કાવતરાં કરીઆમા આવેછે તથા તે કાવતરાંની ચીજો સુંછે, તે પણ સઘળું આ ડેકાણે આપણી નજર આગલ ખોલલું કરીને મેલેલુંછે. જે ખોરાક ખરાબ થાઈને વાસ મારી આવે તેવા હોએછે, તેમને એ ડેકાંણે હેવી મહાવનજતથી રાખેછે કે, તે જલદીથી બીગડી જા એ નહી અને જે બીગડેછે તેને કાહાડીને તેજ જગો ઉપર બીજો તાજો મેલીઆમાં આવેછે. ઈંગરેજ, ફરે ચ, તથા વલંદા લશકરી શીપાઈઓને કેવી જાતનો ખોરાક આપીઆમાં આવેછે, તે ખોરાક તથા તેમાંથી બદન ને કેટલું કુવત મલેછે, તેનાં હીસાબનો કોઠો પણ એક જગો ઉપર રાખેલોછે.

એ ડેકાંણેથી નીચે ઉતરીઆ પછી આપણે એક ઓરડામાં દાખલ થાઈએછે કે જાંહાં સઘળી જાતની બાંધકાંમની હાલની તથા અસલનાં જમાનાંની ચીજો જેવીકે ઈતરડી, ફરસબંદી કરવાના પથરો, રંગ બે રંગી તથા કોતરકાંમથી સણગારેલા કાચ, જાત જાતના નલીઆં, કોડી કાંમનાં બનાવેલા હોએ તેવાં પણ ખરેખ રાં મટોડીનાં નમુના, સંગેમરમરનાં પથરો, તરેહવાર જાતના લાકડાં તથા લોહોડાં કાંમ અને હેવીજ બી જી ચીજો તાંહાંછે. હીંઆં ફરાંનસમાં એક મોટા દેવળના કાંસાંનાં દરવાજા માહેથી ઓતી કાઢેલો લોહોડાં નો નમુનો જોવા લાએકછે. કેટલીએક ફરેંનચ તથા અસલી રોમ શેહેરમાં વપરાતી પોકલ ઈતરડીઓનાં ન મુનાંછે, તેને સારૂ કેહેછે કે, એ ઈતરડીઓ આગમાં ફાટતી નથી, તથા જે નીચેનો ભાગ તાતી જાએછેતો ઉપલો ભાગ તાતતો નથી. હવે જે હેવી ઈટરડીથી જમીનની ફરસબંદી કીધી હોએતો આગની વેલાએ તે ઘણીજ ઉપીઓગી થાઈ પડે.

આ સંગરહસથાંતનાં એક હલાએદા ભાગમાં તરેહવાર યંતરો તથા સાંચાઓ જોયામાં આવેછે. જે ઓએ કોઈ નવી શોધ કીધી હોએ અને તે વીશે તેઓને સરકારની તરફથી " પેટેંનટ " મલીઉં હોએ, તે શોધનાં નમુનાં હીંઆં તેમનાં બયાંન સાથે મેલેલાછે, તેથી આ ભાગ સાંચા તથા યંતર બનાંવનારાઓને ઘણો અગતનોછે.

હાવું કીમતી સંગરહસથાંત જોવા જવાને ફકત એક પાવલો આપવો પડેછે.

ઈસ્ટ ઈનડીઆ કંપનીસ મીઊઝીઅમ.

તારીખ ૧ લી નવેમબર ૧૮૫૮ ને દીને હીંદુસથાંનનું રાજ નામદાર રાંણીનાં તરત તાબામાં ગયું, તે ની આગમજ તે ઈસ્ટ ઈનડીઆ કંપનીનાં હાથમાં હતું, તે કંપનીની લંડન ખાતેની મુખીઅ આફીસની ઈમા રત જેને "ઈસ્ટ ઈનડીઆ હાઉસ" કરીને કેહવામાં આવેછે, તે ઘરનાં એક ભાગમાં એક ઘણુજ કીમતી સં ગરહસથાંનછે. એ સંગરહસથાંનનું બયાંન કરીઆની આગમજ તે ઈમારતનુ ટુક બયાંન કરવું જરૂરછે, કાં એજે હીંદુસથાંનનો રાજકારભાર સઘળો ઈસ્ટ ઈનડીઆ કંપનીનાં વખતમાં તાંહાં ચાલતો હતો. આ ઘર લંડ નનાં એક ભારી ઠકનાં રસતા ઉપરછે, અને બાહેરથી તેનો દેખાવ ઘણોજ દબદબા ભરેલોછે. રસતાની બા જુ ઉપરનાં ભાગ આગલ એક ઘણોજ સોભઈતો ઓટલો કાહાડેલોછે, અને તેની ઉપર મોટા અને ઉંચી કા રીગરીનાં થાંબો ઉભા કીધેલાછે. થાંબાની ઉપરની દેવાલ ઉપર કેટલાએક ચીતારો કોતરેલાછે, તેની મતલબ ઈસ્ટ ઈનડીઆ કંપનીનો લાલ પાદશાહ તરીજ જરજે જાલવીઓ હતો તે દેખાડવાનીછે. બરીટાંનીઆ અને છુટાપણાને એક એકની સાથે જોડેલાંછે. એક બાજુએ "મરકરી" (બુધ) દરીઓ ખેડવાનાં હુનરની સાથે જોડાઈને એશીઆખંડ દેખાડેછે, અને બીજી બાજુએ સુલેહ, ધરમ, અને ઈનસાફ, ઈમાંનદારી અ ને ઉદીઓગની સાથે જોડાએલાં પાડેલાંછે. ખુનાંનાં ભાગમાં ગંગા નદી તથા ટેમસ નદીની નીસાંણો દેખા ડીઆમાં આવીછે. ઓટલાને મથાલે બરીટાંનીઆનું પુતલું પાડેલુંછે, તેની જમની બાજુએ એશીઆખંડને એક ઉંઠની ઉપર બેશાડેલોછે, અને દાબી બાજુએ યુરોપખંડને ઘોડા ઉપર પાડેલોછે. આ ઈમારતનાં અંદ રનાં ભાગમાં એકશોથી વધારે ઓરડાછે. જે દીવાંનખાંતાંમાં ઈસ્ટ ઈનડીઆ કંપનીનાં ભાગીદારોની સભા મલેછે તાંહાં ઘણો સારો સણગારછે.

એટલું કહેવા પછી હીંઆંનાં સંગરહસથાંત વીશે બોલીએ છઈએ. આ સંગરહસથાંનમાં હીંદુસથાં નમાં ઉતપન થાતી વસતુઓનો જહો સઉથી વધતોછે, કાંએજે અગત કરીને આપણા મુલકની ઘણીએક વ સતુઓ સંગરહવા પછવાડે વધારે ધીઆંન આપીઆમાં આવીઉંછે. આ સંગરહસથાંન જોયાથી આપણને એક રીતે ખુશાલી ઉપજેછે, અને બીજી રીતે દલગીરી ઉપજેછે. ખુશાલી એટલા વાસતે કે આપણા મુલક ની પેદાશ તથા ઉતપનતીની જીનસોનો સંગરહ ઘણેએક ખરચે અને મેહનતે હીંઆં કરીઆમાં આવીઓ છે તે આપણે તાંહાં જોઈએછે. દલગીરી એટલા વાસતે કે આપણા પોતાનાં મુલકની પેદાશ તથા ઉતપનતી શુંછે, તે દેખાડવાને વાસતે આપણા પોતાનાંજ મુલકમાં હેવું એક સંગરહસથાંન નથી અને તેથી આપણને શરમાવું જોઈએછે. હીંદુસથાંનનાં રેહવાસીને આ સંગરહસથાંન ઘણુજ અચરતી સાથે જોતાં જોઈને, તાંહાં ઉભેલા ઈંગરેજોને કેટલીએક અચરતી ઉપજેછે, કે પોતાનાં મુલકની વસતુઓને એટલા ધીઆંનથી જુએછે, તેનું કારણ શું હશે. એ કારણ ઉપર જણાવીઉંછે. હીંઆં કાચની કબટમાં હીંદુસથાંનની જુદી જુદી ગને આતનાં તેમનાં પોશાક સાથે પુતલાં ગોઠવેલાંછે, તથા જુદી જુદી કીસંમનાં ધંધાદારીઓનાં તેમનાં ધંધાનાં કા મમાં ગુતેલા હોએ તેવા આકારોછે. આ પુતલાં ઘણુ કરીને આપણે પુનાંમાં જોઈએછે તેવાંછે, તોપણ જુદા જુદા પોશાક અને ધંધાની રીત જોયાથી જે ઈંગરેજો હીંદુસથાંનમાં નહી આવી ગયા હોએ, તેઓને ગમત મ લેછે. ગાંમઠી રાજાઓની દરબારનો પણ એક નમુનો હીંઆં પાડેલોછે. રાજાને પલાંડી વાલીને કસબી પો શાક સાથે પાડેલોછે, તેની આસપાસ તેનાં વજીરો તથા ઉમરાઓ અને સરદારોછે, અને તેઓની સાંહાંમ ને ગાએણ કરનારા અને રાંમસગરો ગાવામાં તથા નાંચવામાં ગુતેલીછે. એ જોવાથી ઈંગરેજોને ગાંમઠી રાજા ની બેઠકનો વીચાર આવેછે. બાબીલોન મધે પથરોની ઉપર અસલી જુબાંનમાં કોતરેલી કેટલીએક તખતીઓ આ જગાએછે, તેમની ઉપરનું કોતરકાંમ હેવુંતો સારૂ રહેલુંછે કે જાંણે આજે કીધું હોએ. એ તખતીઓ સર

હારફરડ જેનસે બગડાડ મધેથી મેલવી હતી. જસપરનાં કીમતી પથરનાં બે ફુટ લાંબા એક તકતા ઉપર પણ કાંઇ અસલી દશકતોમાં કોતરેલુંછે. આફગાંનીસથાંન મધેથી ઇંગરેજોને મલેલી કેટલીએક અસલી વ સતુઓ પણ હીંઆંછે. ચીનાંઓનાં બાગ તથા રેહવાનાં બંગલાનાં પણ કેટલાએક નમુનાંછે. હીંદુસથાંન, મલાકા, જવા, અને આબીસીનીઆનાં રેહવાસીઓનાં પોશાકો તથા તેઓનાં સણગારની જીનસો અને હ થીઆરોનો એક સારો સંગરહછે. એશીઆખંડનાં જુદાં જુદાં મુલકોમાં બાંધીઆમાં આવતાં બારકશોનાં નમુનાંછે. લાહોર શેહેરનો એક જોવા લાએક નકશોછે. ટીપુ સુલતાંનની સાથેની લડાઈમાં ઇંગરેજોએ જીતની વેલાએ તેની વસતુઓ જે હાથ કીધી હતી, તેમાંની કેટલીએક આ સંગરહસથાંનમાં જોયામાં આવેછે, તેમાં વાવટા, હથીઆરો, અને બખતરોછે. ટીપુ સુલતાંનના તખતની આગલ પગ મેલવાને સારૂ જે સુનાં નુ ટુલ હતું તે હીંઆં મેલીઆમાં આવીઉંછે. તેની ધાલ જે મકકાનાં કુઆમાં બોરી કાહાડેલીછે, તે પણ હીંઆં છે. ટીપુ સુલતાંનને ઇંગરેજોની ઉપર ઘણી ચીહડ હતી, તે તેણે પોતાની ગમતને સારૂ બનાંવેલાં એક મોટાં રમકડાં ઉપરથી આલુંમ પડેછે. એક મોટો વાઘ બનાંવેલોછે, તેનાં પંજામાં એક ઇંગરેજી સીપાઇ આવી ગ યોછે, તેને તે ઘણો ગોસસાથી ફાડી નાંખેછે. વાઘનાં સરીરની અંદર એક સાંચો ગોઠવેલોછે, તે ફેરવીઆ થી તેમાંથી વાઘનો ગોસસા ભરેલો અવાજ અને માંણસનુ મોટેથી રડીને પોકાર મારવું નીકલેછે. જરે આ રમકડું ટીપુ સુલતાંને પોતાની ગમતને સારૂ બનાંવીઉં હશે, તારે તેણે થોડો વીચાર કીધો હશે, કે તે પો તે અને તે પુતલું બંધે ઇંગરેજોનાંજ હસતકમાં જશે. ટીપુનાં હાથીની ઉપરની અંમારી તથા તેની ઉપરનું પં ખેરાનાં આકારનુ છતર પણ હીંઆંછે. પંખેરાંની આંખમાં હીરા જડેલાછે. "આજંનટા પાસ" આગલનાં ખડકમાં કોતરી કાહાડેલાં દેહડાંની દેવાલ તથા સીલીંગ ઉપર આસરે ૨૦૦૦ વરસની વાત ઉપર હીંદુ તથા બુદ્ધ ધરમ બતલાવનારા ચીતારો હતાં, તે મધેની કેટલીએક તખતીઓ હીંઆંછે. એક મોટો ઓરડો ઉગમણુ પરાંતોમાં થાતાં પંખેરા તથા બીજાં જંતવરોનાં સંગરહથી ભરીઆમાં આવીએોછે.

હીંદુઓની પુંજવાની ઘણીએક મુરતીઓછે તેમાં કેટલીએક સુનાં તથા રૂપાંની પણછે, તથા તેઓનાં ધ રમનાં હાથનાં લખેલાં પુસતકો પણ છે. હીંદુ તથા બુરકા સીપાઇઓની તલવારોનાં નમુનાંછે. સીલોનનાં આગલા રાજમાં પાદશાહનાં મેહેલ સાથે જે જલાદ રેહતો હતો, તેની એક તલવાર હીંઆં દીઠામાં આવેછે. ફારકરસંન નામનાં વાંહાણુમાં તરાંબાનાં પતરાંમાં થાઇને એક મોટી માહી જેનું ઇંગરેજીમાં "માંનોહંન" ક રીને નામછે, તેનુ મોટું સીંગડું અંદર લોકાયું હતું, તેટલો તે વાંહાંણુનો ભાગ હીંઆંછે, તે સરવે કોઇ અચર તીથી જુએછે. ભરતપુરનું રાજ છીનવી લેનાંર કુરગનશાલની પાદશાહી અમારી પણ હીંઆંછે. નાંદરશાહની એક સખી પણ હીંઆં મેલેલીછે.

આ સંગરહસથાંનમાં હીંદુસથાંનનાં જુદા જુદા ભાગમાં ઉતપન થતી વસતુઓ તથા કારીગરી અને ઉદ્દીઓગથી બનેલી જીનસોનો ઘણોજ સારો સંગરહછે. હાથથી વણવાનું કાંમ હીંદુસથાંનનાં મુલકમાં ઘણુ વખણાએલુંછે, તેની સાબેતીમાં આ સંગરહસથાંનમાં ઘણાએક નમુનાં જોયામાં આવેછે. એ નમુનાં ઉપર થી આપણા દેશ વીશે આપણને કેટલીએક અગતની ખબર મલેછે. કહો ભાગ શું પેદા કરેછે, તે આપણા જાંણીઆમાં આવેછે. મદરાજ ઇલાકામાં વણવાનો હુંનર ઘણોજ સારોછે હેવું માલંમ પડેછે, કાંએજે રેશમ તથા સુતરમાં તાંહાંનાં વણેલા ઘણાએક કીમતી નમુનાંછે. ડાકાની મસલીન જેની તારીફ આપણે ઘણી સાં ભલીછે તેનાં ખુબસુરત તાકા હીંઆં મેલેલાછે. હીંદુસથાંનની લાકડાંની કારીગરીનાં નમુનાં બતાવવાને સા રૂ પણ કેટલોએક સામાંન હીંઆંછે. અંમદાવાદની કસબી તથા સુરતી અને ચીનાંઇ રેશમી ખીનખાબો ત થા ચીકંનની સારીઓ હીંઆં જોયામાં આવેછે. એ ઉપરાંત બીજી ઘણીએક વસતુઓછે, કે જેનું વીગતવાર બયાંન થાઇ શકતું નથી. હીંદુસથાંન તથા ઉગમણુ પરાંતનાં બીજા મુલકોનાં આગલા ચળણુનાં સીક્કાનો પ

ણ એક સારો સંગરહ હીંઆં જોયામાં આવેછે. હીંદુસથાંનના ઓતર ભાગમાં હીમાલીઆ પરવત આ ગલથી જડેલાં "ફાસીલસ" નો એક સારો અને ખુદરતી તવારીખનાં અલીઆસીને તપાસવા લાએક જડોછે. અસલનાં જમાંનાંમાં એક ગેનડો થાતો હશે, કે જે હમણા નથી, તેનું તથા એક મોટા કાચબાનું ફાસીલછે. હીંદુસથાંન તરફ મલતી માહીઓનો પણ સંગરહ હીંઆંછે. હાલમાં હીંદુસથાંનનાં ગાંમડી સી પાઇઓને માંન લાએક પાંચ જાતનાં જે "મેડલ" માંન આપીઆમાં આવેછે, તે કેહવાછે તે જાણવાને સારૂ તેનાં નમુનાં હીંઆં સરવેને દેખાડીઆમાં આવેછે.

ઇસ્ટ ઇનડીઆ કંપનીની ચાકરીમાં જે અમલદારોએ હીંદુસથાંનમાં માંન મેલવીઉંછે, તેઓની યાદ ગારી કાંએમ રાખવાને તેઓનાં પુતલાં તથા સબીઓ આ ડેકાંણે ઉભી કીધેલીછે. લારડ કલાઇવ, જેને હીં દુસથાંનમાં કંપનીનાં રાજનો પાયો પેહલલાં નાંખીઓ હતો, તેની તથા મેજર લારેનસની યાદગારીમાં પુતલાંછે. વારેન હેસટીંગસ, મારકુઇસ આવ વેલેસલી, ડીઉક આવ વેલીંગટન, તથા મી૦ કોલબરૂકનાં બા હાવલાંછે.

આ કંપનીનું પુસતકખાંનું જે સંગરહસથાંન જોવા જનારને દેખાડીઆમાં આવેછે, તેમાં ઘણીએક પુ રાંની કેતાબોછે, તથા હીંદુસથાંનની બાબદોથી છપાએલાં પુસતકો ઘણાંછે. આ પુસતકખાંનાંની દેવાલ ઉપર એક આરસીની અંદર હાથનું લખેલું એક કાગલછે. મીસરમાં નાંઇલ નદીની લડાઇમાં ઇંગલંડનાં અમર થાએલા દરીઆઇ સરદાર નેલસને ફ્રેનચની ફોજ ઉપર જે ફતેહ મેલવી હતી, અને જેથી હીંદુસથાંન ઉપર ફ્રેનચ લોકોની તરફથી હોમલો થાવાની ધાસતીનો અંત આવીઓ હતો, તે માટે કંપની સરકારે નેલસનને એક લાખ રૂપીઆની બખશેસ કીધી હતી, તેનાં જવાબમાં નેલસને જે ઉપકાર માંનીઓછે, તે ઉપર જણાવેલી આરસીમાં મેલેલોછે.

યુનાંઇટેડ સરવીસ ઇનસ્ટીટીઉશન મીઊજીઅમ.

વીદીઆ, હુંનર, અનેખુદરતી તવારીખને લગતી વસતુઓ તથા તેમને લગતાં પુસતકો તથા દસતાવેજો રાખવાને વાસતે અને તે બાબદો ઉપર ઘટટા સબકો આપવાને કીજે સને ૧૮૩૦ નાં સાલમાં આ સંગર હસથાંન સથાપીઆમાં આવીઉં હતું. હીંઆં અસલનાં વખતમાં વપરાતાં બખતરોનો એક ઘણોજ સારો સંગરહછે. ચીનાંઓનાં હાથની તથા દેશે દેશની કારીગરીની ઘણીએક જીનસોછે. દુનીઆનાં સઘળા ભાગો માં અસલનાં વખતમાં જે હથીઆર વાપરીઆમાં આવતાં હતાં તથા હમણા વાપરીઆમાં આવેછે, તેનો ઘ ણો સારો જહો હીંઆં દીઠામાં આવેછે. અસલનાં વખતની કેટલીએક તલવારોછે. ૧૬૪૯ નાં સાલમાં ડ રાયેડાની લડાઇને વખતે આલીવર કરાંમવેલે ટોપલીનાં આકારનાં હાથાની તલવાર વાપરી હતી, તે હીંઆં આપણા દીઠામાં આવેછે. જનરલ વુલફે ૧૭૫૯ નાં વરસમાં કુએબેકની લડાઇમાં જે તલવાર વાપરી હતી, તે પણ હીંઆંછે. ઓવાહી મધે કપતાંન કુક જે પથરા ઉપર પડી મરણ પાંમીઓ હતો, તે હીંઆં આપ ણે જોઇએ છઇએ. "વીકટરી" નાંમનાં વાંહાંણુ ઉપર નેલસનને ગોળી લાગી હતી, અને તુતક ઉપર જે જગાએ તે પડીઓ હતો, તે તુતકનો ભાગ આ સંગરહસથાનમાં મેલેલોછે. નેપોલીઅન બોનાપારટનો હજાં મત કરવાનો બાકસ તથા વાટરલુની લડાઇનાં મેદાંનમાંથી મલેલી બીજી ઘણીએક જીનસો હીંઆંછે. ઇંગ લંડનાં પાદશાહ બીજા જેમસથી ચોથા વીલીઅમનાં વખત શુધીનાં દારૂગોલાનાં હથીઆરો તેમનાં પુરાતનપણા માફક ગોઠવેલાંછે, તે જોવા લાએકછે. વાટરલુ મધે જે ઘોડા ઉપર નેપોલીઅન બોનાપારટ સવાર થયો હતો, તે ઘોડાનુ આખું પાંજરૂ હીંઆં ઉભું કીધેલુંછે. ઓતર દરૂ ઉપરનુ એક વરૂ તથા રીછ જે સર જારજ એકે ગો લીથી મારીઆં હતાં, તે હીંઆં જોઇએછ. ચીનાંઓ કેદીઓને લાકડાંનાં પીંજરાંમાં બંધ કરેછે, તેમાંનુ એ ક હીંઆંછે. બરીટીશની વાંહાંણુખાતાંની ફોજનાં સીપાઇઓને વાસતે જે પેહલવેહલલાં પોશાક કરીઆમાં

આવીએ હતા, તેનો તે વખતનો એક નમુનો આ જગાએ દીઠામાં આવેછે. દુનીઆં ઉપર વસનારી સઘળી કોમનાં વાંહાંણોનાં નમુનાં હારેદોર ગોઠવેલાછે તે ધીઆંનથી જોવા લાએકછે. લારડ નેલસનની ટોપી— તરેહવાર દેખાવોની ચીનાંઈ આરસી તથા બીજી તેવી ઘણી જોવા લાએક વસતુઓછે. મોટી લડાઈઓનાં કે ટલાંએક ચીતરોછે. ટીપુ સાએબની એક પીસટોલ તથા તે ઈંગરેજોને હાથે મરણ પાંમીએા તે વખતે તેનાં સરીરમાં જે પોશાક હતો તે, તથા સર જાંન ફરાંનકલીન વાલા વાંહાંણ ઈરીબસ તથા ટેરર મધેથી જે જીન સો વારેવાર શોધ કરીઆથી મલી હતી, તેમાંની કેટલીએક હીંઆંછે. આ સંગરહસથાંનમાં કેટલીએક મોટી લ ડાઈઓ અને છાવનીઓનાં નમુનાંછે. લીનજની મોટી છાવણીનો તથા વાટરલુની લડાઈનો પથર ઉપર મો ટો નકસો પાડેલોછે. છેલલો નકસો દરએક માઈલનાં નવ ફુટનાં અડસટા ઉપર પાડીએાછે અને એ નકસો ૪૪૦ ચોરસ ફુટછે. જેણે વાટરલુની લડાઈ નજરે નહી જોઈ હોએ તેને આ નકસાથી તેની સારી પઠે સમજ પડીઆ વનાં રેહ નહી. બરીટીશ તથા ફરેંનચ અને પ્રશીઅન લશકર એક એકથી કેવી બાજુએ હતા તે સારી પઠે દેખાડીઆમાં આવીઉંછે, એટલુંજ નહી, પણ તાંહાંનાં ગાંમડાં, ધરો, ખેતરો અને ઝાડો પણ દે ખાએછે અને એ સઘળું બતાવવાને સારૂ (૧૯૦૦૦૦) એક લાખ, નેવું હજાર ધાતુનાં દીબાં ગોઠવીઆમાં આવીઆંછે. આ નકસો કપતાંન સીબોરંન નાંમનો એક અમલદારે બનાંવીએા હતો તેને (૪૦૦૦૦) ચી આલીસ હજાર રૂપીઆ ખરચ થયો હતો. તેની પાસેથી વેચાતો લઈને આ સંગરહસથાંનમાં મેલીઆમાં આવીઓછે, તે સઘળાએા ઘણા ધીઆંનથી જુએછે. સબાસટેપોલનાં કીલ્લાનો પણ એક મોટો નકશો હીં આં મેલેલોછે. ઈંગલંડનાં કીનારા ઉપર કોઈ વાંહાંણ માંઠી અવસથામાં આવેછે તેમાંનાં પરાંણીઓનો બંચા વ કરવાને જે યુકતી કામે લગાડીઆમાં આવેછે તેનો એક નમુનો હીંઆંછે.

લુસતર વીદીઆનું સંસારી, વેહવારી સંગરહસથાંન.

સંસાર વેહવારમાં લુસતર વીદીઆ કેટલી ઉપીએાગીછે, તે જણાવવા સારૂ આ સંગરહસથાંન બનાંવી આમાં આવીઉંછે. સને ૧૮૩૫ નાં સાલમાં તે સથાપીઆમાં આવીઉં હતું, અને તેની ઈમારત પછવાડે તરણ લાખ રૂપીઆનો ખરચ થયો હતો. જુદી જુદી ખાંનો મધેથી નીકલતી વસતુઓનો અભીઆસ ક રવાને આ એક નીશાલછે. એ સંગરહસથાંન મધેનો સઉથી મોટો ઓરડો જે ૯૫ ફુટ લાંબો અને ૫૫ ફુટ પોહોલોછે, તેનુ છાપરૂં લોહોડાંનુછે અને તેની ઉપર જડા પલેટનાં કાચ જડેલાછે. હીંઆં ગરેટ બરીટન અને ફુનીઆનાં બીજા ભાગો મધેની ખાંનો મધેથી નીકલતાં લોહડાં, તરાંબા, કલ્લાઈ, શીસું, સુરમો, માંનગની સ, કોબાલટ ઈતીઆદીનાં નમુનાં ગોઠવેલાછે. આ ધાતુઓને તેમની ખાંનો મધેથી સી રીતે અને કેવાં હથીઆરો અને ઈંજનેરોની મદદથી કાહાડીઆમાં આવેછે, તેનાં નમુનાં તથા તે ધાતુઓને બજારમાં લાવી આની આગમજ કેવી રીતે રૂપ આપીઆમાં આવેછે, તે વીશેનાં ઘટતા નકસા તથા ચીતારો, તથા એ વસ તુઓ આપણા સંસારી તથા વેહવારી કામમાં કેવી અને કેટલી રીતે આવેછે, તે સઘળું આપણે આ જગા એ જોઈ શકીએછે. છેક ખાંનની અંદરથી ધાતુ કાહાડવાનાં ઈજંતરનાં જે નમુનાં હીંઆંછે તેઓની ગોઠવ ણ તથા તેઓ કેમ ચાલેછે તે પણ આપણને હીંઆં દેખાડીઆમાં આવેછે. ઈંગલંડ, જરમની, રૂશીઆ અ ને મેકસીકો મધેની ખાંનોમાં જુદી જુદી તરેહનાં હથીઆરો વાપરીઆમાં આવેછે, તેમનાં નમુનાં પણ છે. એ જગાએ સુનાં, રૂપાં, પીતલ અને કાંસાંમાં બનાંવેલા ઘરેણા તથા સણગારોછે, તે ઉપરથી એ ધાતુઓ અ સલનાં વખતથી કેવાં કેવાં ઘરેણામાં વાપરીઆમાં આવતાં હતાં તે વીશે ગનેઆન મેલવવાને પણ આપણ ને બની આવેછે. ધાતુઓને કેમ ઓટીઆમાં આવેછે, તથા લોહડાંનુ તીખું કેવી રીતે બનેછે તેનાં તથા જુદા જુદા ઘોર મહડાવાનાં દાખલા તથા ધાતુનાં પુતલાંઓ આપણે આ જગાએ જોઈએછે. હીંઆં અસ

લનાં વખતનાં કાચો અને તેમાં બનાંવેલી વસતુઓનો એક ઘણોજ સારો સંગરહછે. એક ઓરડાની અંદર દેશે દેશનાં અને અસલનાં અને હમણાનાં વખતનાં મઠોડી તથા ચીની કાંમનાં વાશણો ગોઠવીઆમાં આ વીઆંછે, તેથી એ હુંનરની તવારીખથી આપણે વાકેફ થાઈ શકીએ છઈએ. મોટા ઓરડાની આસપાસ બે ગીઆલરીઓ કીધેલીછે તેમાં ગરેટ બરીટન મધે અસલી વસતુઓનાં મલેલાં ફાસીલસનો એક મોટો અ ને કીમતી સંગરહ કીધેલોછે. આ સંગરહસથાંનનાં બોએતલીઆંનાં ઓરડામાં ગરેટ બરીટન મધે ઈમારતો બાંધવાનાં તથા સણગારનાં કામમાં વાપરીઆમાં આવતા પથરોનાં નમુનાંછે. હીંઆં દાખલ થવાનાં દરવા જની હારમાં ડરબીશાએરનાં પરગણામાં આલાબાસટરનાં સફેદ પથર દીઠામાં આવેછે, અને એ દીવાંનખાં નાંમાં જે થાંભો જોવામાં આવેછે, તે સ્કાટલંડનાં ગરાંનીટ, આએરલંડનાં સરપેનટાઈન, અને ડરબીશાએર અને હેવંનશાએર પરગણાનાં સફેદ પથરનાછે. આબરડીનનાં ગરાંનીટ પથરમાં કોતરેલું એક ઘણુજ સો ભઈતું વાશણ તથા બીજા તરેહવાર વાશણો તથા પુતલાંઓ આ જગાએ જોવામાં આવેછે.

આ સંગરહસથાંનને લગતો એક ઓરડોછે તાંહાં હાલમાં વપરાતી ખાંનો તથા આગલા વખતની ર દ થાએલી ખાંનોનાં નકસા પાડેલાછે. એ સંગરહસથાંનની સાથે, તેમાં જમાંવ કીધેલી વસતુઓની બાબદ ને મલતું એક કીમતી પુસતકખાંનુછે તથા લુસતર વીદીઆ અને તેનુ ગનેઆંન સંસારી તથા વેહવારી કા મમાં કેવું અગતનુંછે, તે વીશે વારેવાર ભાશણ કરવાને વાસતે એક ઓરડોછે, તાંહાં ૫૦૦ થી વધારે આદમીઓ બેશી શકેછે. અડવાડીઆંનાં તરણ દાહડા આ સંગરહસથાંન લોકોને વાસતે જાહેરમાં અને બીજા તરણ દીવસ ફકત વીદીઆરથીઓને વાસતેજ ઉંગાડું રાખીઆમાં આવેછે.

રાએલ કાલેજ આવ ફીજીશીઅનસનું સંગરહસથાંન.

વઈદોને લગતાં લંડંન મધેનાં બે અગતનાં ખાતાં, રાએલ કાલેજ આવ સરજનસ અને રાએલ કાલે જ આવ ફીજીશીઅનસ વીશે અલબતાં ઘણા જણાવો જાંણીતાછે. એ ખાતાંઓની સાથે વઈદક શાસતરને લગતી બાબદોનાં કીમતી સંગરહસથાંનોછે. ફીજીશીઅનસ કાલેજનાં સંગરહસથાંનમાં સઉથી અગતની જોવા લાએક વસતુ છ મોટી તેમલ ઉપર પાંથરેલીછે. જેમ એક સાંચો ગોઠવીને એક ઈંચતર આપણે બરાબર ચ લાવીએછ, તે મીશાલે આદમીનાં શરીરમાં રગો તથા લોહોની બીજી નલીઓની મારફતે લોહીનું ફરવું થા એછે, અને જેથી આપણો પરાંણ સલામત રેહેછે, તે બીનાં જે દીનેથી માલંમ પડીછે, તે દીનેથી વઈદક શા સતરમાં એક અગતનો શુધારો થયોછે. એ તેમલો ઉપર આદમીનાં શરીર મધેથી દરએક રગો તથા લોહીની નલીઓ કાહાડીને જેમ આપણા શરીરમાંછે તેમ પાંથરીછે, તે સારી પઠે ધીઆંનથી તપાસીઆથી આપણા દીલમાં લોહી કેવી રીતે ફરેછે, તે આપણને બરાબર માલંમ પડેછે. એ લોહીનુ ફરવું નાંમીચા દાકતર હાર વીએ સને ૧૬૧૬ નાં વરસમાં શોધી કાહાડીઉં હતું. તે બાબદમાં એ કાબેલ દાકતરે આ કાલેજમાં જે ભાશાંણ કીધાં હતાં તેની તેનાં હાથની લખેલી અસલ નકલ હાલમાં બરીટીશ મીઉજીઅમનાં સંગરહસથાંનમાં મોજુદછે. એક બીજા નાંમીચા દાકતર બેલીએ આદમીનાં શરીરનાં સઘળા ભાગોને હીંઆં ગોઠવીઆછે, તે જોયાથી આપણા શરીરની અંદરની હાલત આપણે જોઈ શકીએ છઈએ.

રાએલ કાલેજ આવ સરજનસનુ સંગરહસથાંન.

ઉપલાં સંગરહસથાંનનાં કરતાં આ વધારે મોટુંછે. એમાં પણ ઉપર જણાવીઆ પરમાંણે લોહીનુ ફ રવું બતાવનારા નમુનાંછે. એ સંગરહસથાંનમાં ખુદરતી તવારીખ, વાહાડ કાપની વીદીઆ, તથા જુદા જુ દા રોગને લગતી જીનસોછે. જાંન હંનટર નાંમનો એક નાંમીચો દાકતર જે ૧૭૯૩ નાં સાલમાં મરણ પાં મીઓ હતો તેનું પોતાનુ એ બાબદને લગતું ઘણુજ નાંમીચું સંગરહસથાંન હતું, અને તેમાં સઘળા નલીને દ

શ હજાર નમુનાં હતા. એ સંગરહસથાંન પારલામેનટનાં હોકમથી (૧૫૦૦૦૦) એક લાખ પચાસ હજાર રૂ પીએે વેચાતુ લઈને આ કાલેજની સાથે જોડીઆમાં આવીઉં હતું, અને પછવાડેથી તેમાં બીજે ઘણેાએેક વ ધારેા થાયેા હતેા, અને હમણા સધળા મલીને તેમાં ૨૫૦૦૦ નમુનાંછે. આ સંગરહસથાંનને બે ભાગમાં ગોડવીઆમાં આવીઉંછે. એેક ભાગમાં શરીરનાં તંદરોસત ભાગેાછે, અને બીજા ભાગમાં તે ભાગેા ઉપર થા એેલાં દરદેા દેખાડીઆમાં આવીઆંછે. આદમીનાં શરીરનાં જુદા જુદા ભાગનાં કીમતી નમુનાં શીવાએે બીજી ઘણીએેક જોવા લાએેક વસતુએેા હીંઆંછે. આરમડીલા નાંમનુ જે જંતવર હમણા થાએેછે, તે જત નું એેક ઘણુજ મેાટુ જંતવર જે હાલ જમાંનાંમાં નથી થાતું, તેનુ તથા માઈલોકાંન નાંમનુ અસલ એેક મેાટું "સ્લાથ" જંતવર થાતું હતું, તેનાં ફાસીલ હીંઆં જોયાંમાં આવેછે. હીપેાપાટેમસ અથવા દરીઆઈ ઘેાડાનાં તથા ચારલસ એેા બરીએેન નાંમનેા એેક આએેરલંડનેા રાખશ રેહવાસી જે વીસ વરશની વએેનાં મરણ પાંમીએેા તારે આઠ ફુટ ઉંચેા હતેા, તેનાં પાંજરા ઉભાં કીધેલાં હીંઆં આપણા જોયાંમાં આવેછે. એેક બીજે આઈરીશ રાખશ, કે જે આઠ ફુટ, સાત ઇંચ ઉંચેા હતેા તેનેા પલાસટરમાં એેાટેલેા હાથછે. એેા બરીએેનનાં હાથમાં પેહરવાનાં મેાજા જે એેક તાંધલા કેાથરા જેવાં લાગેછે તે પણ હીંઆંછે. સીસીલી મધે એેક વેંહટીઉં છેાકરી જે દશ વરશની ઉમરે ફકત ૨૦ ઇંચ હતી, તેનાં શરીરનુ પાંજરૂંછે. નીઉઝીલંડ મધે ડાઈનારનીસ ગાઈગાંનટીઉસ નાંમનુ અસલ જે મેાટું પંખેરૂ થાતું હતું, તેનાં હાડકાંનાં પલાસટરમાં એેા ટેલા આકારછે. અસલ એેક મેાટું હરણ થાતું હશે તેનુ પાંજરૂ આએેરલંડ મધે એેક મેાટી ખાહી ખેાદતાં મલીઉં હતું. એે હરણ સાત ફુટ, છ ઇંચ હશે. એેક મેાટાં જીરાફતુ તથા હાથીનુ પાંજરૂ પણછે. એે હાથી અસલ ૯૪૫૦ રૂપીઆની કીમતે "કેાવેનટ ગારડન થીએેટર" વાલાએેાએે, નાટક કરતી વેળાએે હાજર કરવા સા રૂ વેચાતેા લીધેા હતેા. તાહર પછી તે હાથીને રીજેનટસ પારક મધે જીવતાં જંતવરેાનાં સંગરહમાં રાખીઆ માં આવીએેા હતેા. આ જગાએે તેણે ઘણી મસતી કરવાનુ શરૂ કીધું, અને તેનું કારણ હેવું માલંમ પડી ઉં કે, તેનાં આગલા બે દાંતની અંદર તેને કાંઈ દરદ થાયું હતું, તેનાં દુખથી તેને ઘણેા ગેાસસેા આવતેા હતેા. જરે નહી રખાઈ શકાયેા, તારે તેને ગેાલીથી મારવાનેા થેડાવ થાયેા હતેા, અને આસરે ૧૦૦ ગેાલી વાગી તાંહાં શુધી તે મરણ પાંમીએેા નહી. તે હાથી આગલ ઘણેાજ ગરીબ હતેા, અને હેવું જણાવીઆમાં આવી ઉંછે કે, ગેાલીનેા વરસાદ તેની ઉપર પડતેા હતેા, તાહરે તેને ગેાલી બરાબર વાગવાને સારૂ તેનેા રખેવાલ તેને ગુકંન મરડીને ઉભેા રહી માંધુ આગલ ધરવાને કેહતેા હતેા, તે હોકમ પરમાંણે તે ઉભેા રેહતેા હતેા. એે હાથી હીંડુસથાંનથી ગયેા હતેા, અને તેનું નાંમ ચુની કરીને હતું. મારી નાંખીઆમાં આવીઆ પછી તેનુ મુરદું આ સંગરહસથાંનને સારૂ ૧૦૫૦ રૂપીએે વેચાતું લીધામાં આવીઉં હતું. તેનાં શરીરમાંનુ સધળું માસ કાહાડી નાંખીને વરગેલાં હાડકા શુધાંનુ પાંજરૂં હીંઆં ઉભું કીધેલુંછે. તેનાં સધળા હાડકાંનુ વજન ૮૭૬ રતળ, અને તેનાં આખા ચાંમડાનું વજન ૧૭ હંદરવેટ થાયું હતું. એેક જુવાંન શીધીનું પલાસટર માં એેાટેલું બાહાવલું, તથા એેક આદમી જેનાં બેજાંમાં પાંણી થયાથી મરણ પાંમીઉં હતું, તેનું પાંજરૂ હીંઆં દીઠામાં આવેછે. એે આદમીનાં માંથાનેા ઘેરાવેા ૪ ફુટ હતેા. બંગાલ મધે બે માંથાંનુ એેક બાળક જનમીઉં હતું, તે ચાર વરશની વએેમાં સાંકનાં દંખથી મરણ પાંમીઉં હતું તેનુ માંથુછે. આ બાળકને ચાર આંખ હતી, તે એેકજ વખતે જુદી જુદી બાજુએે ફરતી હતી. કેટલીએેક મમી પણ હીંઆંછે તેમાંની એેક પીરૂ નાં એેક અમીરનીછે, હેવું ધારીઆમાં આવેછે. એેક જતની માંછલીનાં મીનમાં બનાંવેલા આકારછે. આ ગલ નીઉઝીલંડ મધે પાંખ વગરનુ એેક મેાટું પંખેરૂ થાતું હતું, તેનાં હાડકાંનાં ફાસીલછે. માડાગાસકારનાં મુલકમાં આગલ એેક મેાટું પંખેરૂ થાતું હતું, તેનાં બેદાંનાં એેાટી કાહાડેલા નમુનાંછે. એે બેદું ઘણુજ મેાટુંછે કાંમેજે તે એેક બેદાં મધે સીમુરગનાં ૧૨ અથવા મરઘીનાં ૧૪૦ અથવા "હમીંગ બરડ" નાંમનાં પંખેરાં

નાં ૧૦૦૦૦ બેદાં મધેની વસતુ માંઈ શકે. એે ઉપરાંત બીજાં ઘણાએેક જંતવરેા તથા પખશીએેાનાં પાંજરાછે. જુદી જુદી જતનાં જંતવરેાનાં હાથથી બનાંવેલા કેટલાએેક ચેહરા હીંઆં મેલેલાછે. આ સંગરહસથાંનને સા રી પડે ધીઆંતથી જોયાથી તથા તપાસીઆથી આદમી તથા પુરથવી ઉપર થાતાં ઘણાએેક જંતવરેાનાં શરીર ની અંદરની બાંધણી વીશે આપણને માહીતગારી મલેછે.

સેાન મીઊજીઅમ.

આ સંગરહસથાંનનુ નાંમ તેનાં અસલ ધણી ઉપરથી રાખીઆમાં આવીઉંછે. ઘર તથા ઈમારતેા બાંધવાનાં કાંમમાં સર જાંન સેાન નાંમનેા એેક પુરવીન કારીગર હતેા. તે એેક કડીઆનેા છેાકરેા હતેા પણ પેાતાનાં હુંનરમાં તેણે અતી ઘણી માહેતગારી મેલવી હતી, અને હમણા લંડન શેહેરની ખુબસુરતીમાં હુંબેરેા કરનારી ઘણીએેક ઈમારતેા એે ગરહસથે બનાંવેલા નકસા ઉપરથી બાંધીઆમાં આવીછે. એે શખસે ઘણી મે હનતથી અને (૫૦૦૦૦) પાંચ લાખ રૂપીઆ ખરચીને એેક કીમતી સંગરહસથાંન બનાંવીઉં હતું. તેનાં મરણ પછી પારલામેનટની સભાએે થેડવેલા તરસટીએેાનાં હસતકમાં તે ગયું હતું, અને એે તરસટીએેાનેા હોકમ મેલવી આથી વગર ખરચે તે જોવાને સરવે કેાઈને છુટછે. આ સંગરહસથાંન ૨૪ ઓરડા રેકેછે. સર જાંન સેાને જે ટલી ઈમારતેા બાંધીછે, તે સધળીનાં ચીતારેા એેક ઓરડાની અંદર મેલેલાછે. અસલનાં વખતની રેામ ત થા ગરીસ મધેની ઈમારતેા જે હાલમાં તે દેશમાં સમારીઆમાં આવીછે, તેનાં સફેદ મટેાડીનાં નમુનાં બનાંવીઆમાં આવીઆછે. પાંમપીઆઈ શેહેરનેા બુચમાં નમુનેા બનાંવેલેાછે. હેામર, શેકસપીઅર, બેન જંતસન અને બીજા નાંમીચા શખસેાનાં પુતલાંછે. ઈંડનાની તથા બીજાં સેાભઈતા વાશણેાનેા સારેા સંગર હછે. સર જેાશુઆ રેનલડશે બાસની અંદર પડેલા સરપનેા પાહેલેા ચીતાર, સર જાંન સેાને ૫૫૦૦ રૂપીએે વેચાતેા લીધેા હતેા તે હીંઆંછે. વેનીસનાં બારાંનુ એેક ઘણુજ ખુબસુરત ચીતારછે. પારલામેનટનાં અધીકા રીએેા ચુંટી કાહાડીઆમાં આવેછે, તે બનાંવનાં ચાર ચીતારેાછે, તે સતર હજાર રૂપીએે સર જાંન સેાને ખ રીદ કીધાં હતાં. બીજાં ઘણાએેક કીમતી ચીતારેાછે, તે અસલ મેાટી કીમતે ખરીદ કીધામાં આવીઆં હતાં. એેક ભાગમાં જુદાં જુદાં દેશેાની ઈમારતનાં નમુનાંછે. આલાબાસતર અથવા એેક જતનાં સફેદ સંગેમરમ રનાં પથરની ૯ ફુટ, ૪ ઇંચ લાંબી, ૩ ફુટ, ૮ ઇંચ પેાહેાેાલી, અને ૨ ફુટ, ૮ ઇંચ ઉંડી એેક પેટીછે. તે ની અંદર તથા બાહેર, નહી વાંચી શકાએે તેવા દસકતેા કેાતરેલાછે. જો કે આ પેટીનેા પથર હડી ઇંચ જા ડેાછે, તેાપણ તે પેટીની અંદર રેાશની મેલી બંધ કીધી હેાએે તેા, તેમાંથી અજવાલું પડેછે. એે પેટીનાં તલી આમાં એેક આકાર પાહેલેાછે તે મીસરનાં લેાકેા એેક બેદાને માનતા હતા, કે જે મરણ પાંમેલાએેાની ઉપ ર નગેહબાંની રાખતેા હતેા, તેનેાછે. એે પેટી વીશ હજાર રૂપીઆની કીમતે સર જાંન સેાને વેચાતી લીધી હતી. એેક કબટની અંદર અસલનાં વખતનાં કેટલાએેક હીરાછે. સર ફરીસટેાફર રેન કે જેણે સેંનટ પાલસ તથા બીજાં દેવળેા તથા ઈમારતેા બાંધી હતી તેનુ ઘડીઆળ તથા માંપની લાકડી તથા કંપસછે. સી રીંગાપટામ મધે ટીપુ સાહેબનાં મેહેલમાં હાથીદાંતની એેક ટેબલ તથા ચાર ખુરશી હતી, તે પણ હીંઆંછે. એેક કીમતી પીસટેાલ આપણા જોયાંમાં આવેછે, તે આજફ આગલ ટુરકી લશકરનાં એેક સરદાર પાસેથી રૂ શીઆનાં આગલા શાહાંનશાહ પીટર ધી ગરેટે લીધી હતી. એે પીસટેાલ આલેકઝાંનડર શાંહાંનશાહે નપેા લીઅન બેાનાંપારટને આપી હતી, તે તે શાંહાંનશાહ સેંનટ હેલીનાં ખાતે પેાતાની સાથે લઈ ગયેા હતેા, તાં હાંથી એેક ફરેનચ અમલદારને મલી હતી, તે હમણા હીંઆંછે. એે પરમાંણે નાંમીચી વસતુએેા મેલવવામાં ઉપલા ગરહસથે ઘણેાએેક ખરચ કીધેા હતેા. આ ઘરનાં ભેાએેરાંનાં ઓરડાની અંદર અસલનાં વખતની ક બરેાનાં બુચમાં બનાંવેલા નમુનાંછે.

રાએલ એશીઆટીક સોસાઇટીસ મીઊજીઅમ.

ઉગમણુ પરાંતની વીદ્યાઆ તથા એલમની ખોલ કરવાને સારૂ ૧૮૨૩ નાં સાલમાં રાએલ એશીઆટીક સોસાઇટી નાંમની એક મંડળી સ્થાપીઆમાં આવી હતી. એ મંડળી મહીનાંમાં એક અથવા બે વાર મલેછે, અને તાંહાં અગતની બાબદો ઉપર ભાશાંણેા થાએછે. એ મંડળીનું સંગરહસથાંનછે તેમાં અગત કરીને નીચે જણાવેલી વસતુઓ જોવા લાએકછે. મલાહી ભાલા જેની ઉપર સુનેરી નકસીછે. ઈરાંની બખતર કે જેની અંદરનેા સધળેા ભાગ સુનાંનેાછે, એક બંગાલી ખંજર, સીલેાન બધે બંગલી ડુકરેાનેા શેકાર કરવાનાં ભાલા, લાહેારનાં લેાકેાનાં તીરકાંમઠા, લાહેાર બધેનાં એક દેહડાં બધેનેા ખુબસુરત થાંભ જેની ઉપર નકસી કેાતરેલીછે તથા ડુરગ, શુરગા અને બુધનાં પુતલાંએાછે.

નેવલ મીઊજીઅમ.

આ સંગરહસથાંન સાંમરસેટ હાઉસ નાંમની એક મેાટી ઈમારત જે સરકારી આફીસેાનાં કાંમમાં રેાકાએલીછે, તેનાં એક ભાગમાંછે. એ ભાગને "માંડેલ રૂમ" કરીને પણ કેહેછે. ગરેટ બરીટંનમાં જે કાંઇ મેાટાં લડાઈનાં બારકસેા બંધાયાછે, તે સધળાનાં લાકડાંમાં બનાંવેલા નમુનાં હીંમાં મેલીઆમાં આવીઆછે અને તેટલા ઉપરથી ઉપલાં નામેા એ સંગરહસથાંનને આપીઆમાં આવીઆંછે. આસરે ૨૦૦ વરસની વાત ઉપર જે વાંહાંણેા બાંધીઆમાં આવીઆં હતાં, તેમાંનાં કેટલાંએક નાંમીચા બારકસેાનાં નમુનાં પણ હમણા આ જગાએ આપણે જોઇએછે. એ ઉપરાંત ફરાંનસ તથા ચીન અને બીજાં દેશેાનાં લડાઈનાં બારકસેાનાં પણ કેટલાએક નમુનાંછે. આપણી નાંમદાર રાંણીને બેશી ફરવાની કટરનેા એક ઘણેાં સુંદર નમુનેાછે. એ કટર કલાક એકમાં દશ માઈલ જાઈ શકેછે, હેવી તેની બાંધણીછે. વાટીઆએાને અગતકરી આ સંગરહસથાંન ઘણુ કીમતીછે.

જે ઘરમાં આ સંગરહસથાંન તથા સરકારી આફીસેાછે, તે આગલ એક મેહેલ હતેા. હવડાં એ ઈમારતમાં ૩૬૦૦ બારીએાછે અને તે સધળી ગણવામાં એક શખસને તરણ દીવસ લાગી હતા. ઉપલાં સંગરહસથાંન વીગરે આ ઈમારત પણ જોવા લાએકછે.

રાએલ સોસાઇટીસ મીઊજીઅમ.

૧૬૬૩ નાં સાલમાં પાદશાહી સનદથી રાએલ સોસાઇટીની મંડળી સ્થાપીઆમાં આવી હતી. પાદશાહ બીજો ચારલસ, તથા પાદશાહ બીજો જેમસ તે મંડળીમાં અધીકારી દાખલ સાંમેલ થયા હતા. નીઉટન, રેન, હાલી, હરશેલ, ડેવી અને વાટ જેવા ચંચલ ફીલસુફેા તથા નાંમીચા શખસેા પણ તેનાં અધીકારી હતા. હાલમાં એ મંડળીમાં આસરે ૮૦૦ ગરહસથેા સાંમેલછે, અને તેએા પેાતાના નામને છેડે "એફ આર એસ" કરી લખેછે. એ મંડળીમાં જેએાએ વીદ્યાઆ તથા હુનરમાં કેાઈબી રીતે નાંમ મેલવીઉં હેાએ, તેએાનેજ અગત કરીને દાખલ કરીઆમાં આવેછે, અને એ મંડળીની મતલબ વીદ્યાઆ અને હુંનરની શેાધ તથા ફેલાવેા કરવાનીછે. એ મંડળીનું એક સંગરહસથાંનછે, તાંહાં એક ઘણીજ સુંદર રૂપાંની મેસ અથવા લાકડી, જે આપણા જોયામાં આવેછે, તે પાદશાહા બીજા જેમસે આ સલાને ભેટ આપી હતી. નીઉટન જારે છેાકરેા હતેા, તારે તેણે પેાતાને હાથે એક "સેાલર ડાએલ" બનાંવીઉં હતું તે, તથા ૧૬૭૧ નાં વરસમાં એક દુરબીન બનાંવી હતી તે હીંમાં આપણે જોઇએછ. આ નાંમીચા ફીલસુફનાં સફેદ રૂપેરી બાલનું એક ઝલકું જે ઘણુ સંભાલીને રાખીઆમાં આવીઉંછે તે તથા તેનાં ચેહરાનેા મરેાડીમાં લીધેલેા આકાર હીંમાંછે. જે ઘડીઆલ તે વાપરતેા હતેા, તે પણ છે. સર હંમફરી ડેવીએ "સેફટી લાંપ" અથવા કેાલસાની ખાંનમાં વગર

ધાસતીએ લઈ જવાનુ રેાશનીનું ફાંનસ બનાંવીઉં હતું, તેનેા તે ફીલસુફનાં હાથનેા બનાંવેલેા અસલ નમુનેા હીંઆંછે. એ ઉપરાંત હીંઆં કેટલીએક પુરાંની તથા કીમતી વસતુઓછે. સર આઇસાક નીઉટન તથા સર હંમફરી ડેવી અને બીજા તેવા નાંમીચા શખસેાની રંગીન તસવીરેા પણ આ સંગરહસથાંનમાં ટાંગેલીછે.

ઉપર જેટલાં સંગરહસથાંનેાનુ બયાંન કીધુંછે તે મુખીએ ગણાએછે, પણ તેએા ઉપરાંત લંડંન શેહેરમાં બીજાં ઘણાએક નાંધલા સંગરહસથાંનેાછે, તથા કેટલાંએક ખાંનગીછે તેનાં મેાલેકેા પણ જેએા જોવા જાએછે તેમને સખાવતની રાહે દેખાડેછે. હવે તસવીરખાંનાંઓનું બયાંન શરૂ કરીએછ.

નાંશનલ ગીઆલરી.

આ તસવીરખાંનું લંડંનનાં એક સઉથી સરસ ભાગમાં અને ઘણી સેાભઈતી ઈમારતમાંછે. એ ઈમારત "ત્રફાલગર સ્કુએર" નાંમનાં ખુબસુરત ચેાકની એક બાજુએછે. પારીસમાં પલાસ ડી લા કાંનકારડ નેા ચેાકછે, તેમ આ લંડંનનેા ચેાકછે, તેાપણ મેાટલું કેહવું જોઇએછ કે, ખુબસુરતીમાં પારીસનાં ચેાકની આગલ તે કસસા હીસાબમાં નથી, તેાપણ લંડંનમાં તે સઉથી સરસછે. એ ચેાકની અંદર બે ફુંવારાછે તથા ઈંગલંડનાં સુરા પેહલવાંન નેલસનની યાદગારી રાખવાને સારૂ એક મેાટેા મીનારેાછે, અને તેની ઉપર તેજ પેહલવાંનનુ ૧૮ ફુટ ઉંચું પુતલુંછે. આ મીનારેા ૧૮૪૩ નાં વરસમાં ઉભેા કીધામાં આવીએા હતેા. પુતલાં શુધાં તેની કુલ ઉંચાઈ ૧૬૨ ફુટછે. આ મીનારાનાં તાકની ચાર બાજુએ નેલસનની ચાર મેાટી લડાઈ બતાવનારા ચીતાર કેાતરેલાંછે. જે ભાગ નાંશનલ ગીઆલરીની સાંમને આવેલેાછે, તેની ઉપર નાઈલ નદી ઉપરની લડાઈનેા ચીતારછે. એ લડાઈમાં નેલસનને માંથામાં ગેાલી લાગી હતી તે દેખાવ તાંહાં પાડેલેાછે. એક ડાકતર તે વખતે એક જખમી થાએલા ખલાસીનાં જખમ સાફ કરતેા હતેા, પણ તેને પડતેા મેલીને નેલસનને મદદ કરવા ગયેા, તેવામાં તેને તે સુરા પેહલવાંને કહેઉં કે, "નહી મારી વારણ આવે તાહરે, મેહલે પેલા ખલાસીને તપાસ." બીજી બાજુએ ત્રફાલગરની લડાઈમાં નેલસનનુ મેાહેાત થયું તેનેા ચીતારછે. એ ચીતારની નીચે નેલસનનાં નાંમીચા સબદેા કેાતરેલાછે કે "ઇંગલંડ હેવી ઉમેદ રાખેછે કે દરએક આદમીએ પેાતાની ફરજ અદા કરવી." તરીજી બાજુએ કેાપનહેગંન અને ચેાથી બાજુએ સેનટ વીનસેનટની લડાઈનાં ચીતારેાછે. એ મીનારેા ઇંગલંડની પરજાની તરફથી હુગરાંણુ કરી બાંધીઆમાં આવીએાછે. તેનેા સધળેા ખરચ આસરે (૩૩૦૦૦૦) તરણ લાખ તરીસ હજાર રૂપીઆનેા થયેાછે, તેમાં એક લાખ વીશ હજાર રૂપીઆ સરકારે આપીઆ હતા. પાંચ હજાર રૂપીઆ રૂશીઆંનનાં શાંહાંનશાહે ભરીઆ હતા. આ ચેાકની એક બાજુએ પાદશાહ ચેાથા જારજનુ ઘેાડસવાર પુતલુંછે. એજ ચેાકમાં સર ચારલસ નેપીઅર તથા જેનીંગસનાં પુતલાંછે.

નાંશનલ ગીઆલરીની ઈમારતનેા બાહેરનેા દેખાવ ઘણેાજ સારેાછે. આઠ સેાભઈતા થાંબા સાથનેા એક મેાટેા ઓટલેાછે, તેની ઉપર ચહડીઆ પછી આપણે અંદર દાખલ થાઈ શકીએછે. અંદર જતાં ચહડવાનાં મેાટા દાદરની બાજુએ નાંમીચી અને ખુબસુરત રંગીન તસવીરેા તથા પુતલાંએા આપણા જોયામાં આવેછે. લંડંનમાં હાવું એક જાયુક તસવીરખાંનુ સથાપવાનેા પારલામેંનટની સલાની તરફથી ૧૮૨૪ નાં સાલમાં હુકમ થયેા હતેા. એજ વરસમાં મી૦ આંનગરસ્ટેન નાંમનાં એક ગરહસથનાં ૩૮ રંગીન ચીતરેા (૫૭૦૦૦) પાંચ લાખ સીતેર હજાર રૂપીએ વેચાતાં લીધામાં આવીઆં હતાં. ૧૮૨૬ નાં સાલમાં સર જારજ બેમંનટે (૩૮૫૦૦) સાત લાખ, સીતીઆસી હજાર, પાંચશેા રૂપીઆની કીમતનાં ૧૬ ચીતરેા આ તસવીરખાંનાંને ભેટ આપીઆં હતાં. હાલમાં આ જગાએ આસરે તરણશેા ચીતરેાછે તેમાં કેટલાંએક ભેટ મલેલાંછે, અને બાકીનાં મેાટી કીમત અપીને ખરીદ કીધેલાંછે. આ તસવીરખાંનાંમાં ખરીસટી ધરંનની પેાથીમાં લખેલા બનાંવેાનાં ઘણાએક ચીતરેાછે.

વેનીસનાં પાઇજનાં મેહેલ મધે ઈરાંનનાં દારાં પાદશાહનાં તંબુનું એક ચીતર હતુ, તે ૧૮૫૭ નાં સાલમાં (૧૪૦૦૦૦) એક લાખ, ત્રીઆલીસ હજાર રૂપીઆની કીમતે વેચાતું લઈ હીંઆં મેલીઆમાં આવીઉંછે. વાંચનાર પોતાનાં મનમાં હેવો સવાલ કરશે કે, શું એક ચીતરની કીમત એક લાખ ચીઆલીસ હજાર રૂપીઆ ! હેવાં ચીતરોનુ બર્યાન કલમથી કરવું ત્રાહાલછે. તેની મોટી કીમત ઉપરથીજ તેનો અટક લો થાઈ શકશે, અને નજરે જોયાવનાં તેની ખુબી માલમ પડવાની નથી. બીજા જે ચીતરોછે, તેમાંનાં જે મોટી કીમતનાંછે, તે હમો હીંઆં જણાવીએછે અને તેમની ખુબી વીશે કીમત ઉપરથીજ વીચાર કરવાની બલામણ કરીએછે. લાજારસને ક્રાઈસટે સારો કીધો હતો, તેથી તેને અચરતી ઉપજી હતી, તે દેખાવનાં ચીતરનાં ૩૫૦૦૦ રૂપીઆ; આલેકઝાંનડરીઆ વાલી સેંનટ કાથેરાઈનની તસવીર ૫૦૦૦૦ રૂપીઆ; ક્રાઇસટ, તેની માં અને બે ફરેસતા, ૪૦૦૦૦ રૂપીઆ; ક્રાઇસટનાં માંથા ઉપર કાંટાંનુ તાજ પેહરાવીને તેનાં દુસમેનો એક નેઆએધીસ પાસે લઈ ગયા તે બનાંવનાં ચીતરનાં ૧૦૫૦૦૦ રૂપીઆ; ક્રાઇસટની માં અને એક ટોપલી પાડેલીછે તેનાં ૩૯૦૦૦ રૂપીઆ; એક બંદરનુ ચીતર, ૪૦૦૦૦ રૂપીઆ; લડાઈ અને સુલેહનુ ચીતર, ૩૦૦૦૦ રૂપીઆ, દુરથી એક જગાનાં દેખાવનાં, ૧૫૦૦૦ રૂપીઆ; મીલાંન મધે શાંહાંનશાહ થીઓ ડોશીઅસને સેંનટ આંબરોશીઅસ નાંમનાં એક પાદરીએ દેવળમાં દાખલ થવા દીધો નહી હતો, તેનુ ચીતર, ૧૬૦૦૦ રૂપીઆ; છીનાંલુ કરતાં પકડાએલી સ્ત્રી, ૫૨૫૦૦ રૂપીઆ; સ્પેનનો પાદશાહ ચોથો ફીલીપ જંગલી ડુકરનો શેકાર કરેછે, ૨૨૦૦૦ રૂપીઆ; " હોલી ફેમેલી " ૩૦૦૦૦ રૂપીઆ; સેંનટ જાંન અને મેંહનડું, ૨૧૦૦૦ રૂપીઆ; પારીસ ઉપર ઉતરેલો ઈનસાફ, ૪૨૦૦૦ રૂપીઆ. એ ઉપરાંત બીજા ઘણાએક મોટી કીમતનાં ચીતરોછે. કોઇબી ચીતર એક હજાર રૂપીઆની અંદરનું નથી. આ પરમાણે મોટા ખરચે હાવા ચીતરો એકઠા કરીઆમાં આવેછે, તેથી ચીતરો રંગવાનો હુનર ઇંગલંડમાં કેટલો પસંદછે, તથા તેને વધેલો જોવાને કેટલી ખાહેશછે તેનો અડસટો ઉપલી વીગત ઉપરથી મલશે. આ તસવીરખાંનાંનાં દીવાંનખાંનાંમાં સંગેમરમરનુ એક મોટું વાશણછે, તે ખચીત જોવા લાએકછે. એ વાશણને "વાટરલુ વાજ" કરી નાંમ આ પેલુંછે. તેની ઉંચાઈ ૧૬ ફુટ, વીઆસ ૧૦ ફુટ અને વજનમાં ૨૦ ટનછે. આ વાશણ સંગેમરમરનાં તરણ મોટા કટકાનુ બનાંવીઆમાં આવીઉંછે. તે કટકા પેહલલે નેપોલીઅન બોનાંપારટે પોતાની લડાઈઓની યાદગારીમાં એક વાશણ બનાંવવાને વાસતે મેલવીઆ હતા, પણ તે પોતાની ઉમેદમાં પાર પડીઓ નહી હતો. એ પથરો ટસકનીનાં ડીઉકે પાદશાહ ચોથા જારજને ભેટ આપીઆ હતા, તે ઉપરથી આ મોટુ વાશણ નેપોલીઅન બોનાંપારટનાં પડી ભાગવાની યાદગારી રાખવાને બનાંવીઆમાં આવીઉં હતું.

આ તસવીરખાંનુ સપટેમબર મહીનાંનાં બે અઠવાડીઆં તથા આખા અકટોબર મહીનાં વગરે આખું વરસ હુંધાકું રેહેછે. ચીતરો ખરીદ કરવાનો ખરચ જુદો ગણતાં તેની પછવાડે દર વરશે દશ હજાર રૂપીઆ ખરચછે. એક વરસનાં પાંચ લાખ આદમીઓ એ તસવીરખાંનાંની ભેટ લીએછે.

ટરનર તથા વરનન ગીઆલરી.

નાંશનલ ગીઆલરી મધેનાં કેટલાંએક ચીતરો જે જગાની કોતાઈને લીધે તાંહાં સમાઈ શકી આં નથી, તે આ તસવીરખાંનાંમાં મેલીઆમાં આવીઆંછે. જે ઘરમાં આ તસવીરખાંનુછે તેને " મારલ બરો હાઉસ " કેહેછે, કાંએજે આગલ તે ડીઉક આવ મારલબરોનો રેહવાનો મેહેલ હતો. ૧૮૧૭ નાં સાલમાં એ મેહેલ પાદશાહાની તરફથી પરીનસેસ ચારલોટ તથા પરીનસ લીએોપોલડને વાસતે વેચાતો લીધામાં આવીએો હતો. પાદશાહા ચોથા વીલીઅમની રાંણી હીંઆં છેલી રહી હતી. હાલમાં એ મેહેલ પરીનસ આવ વેલસને વાસતેછે, પણ તેમાં હાલ તરત રાંણીનાં હોકમથી તસવીરો મેલીઆમાં આવીછે. મી૦ વરનંન

તથા મી૦ ટરનર નાંમનાં બે ગરહસથોએ પોતાની પાસની સઘળી તસવીરો જાહેરમાં હુંગાડી મેલવાને વાસતે સરકારને બખશી હતી, તે મુજબ તે સઘળી હીંઆં મેલીઆમાં આવીછે. વરનને ૧૬૨ તસવીરો આપી હતી. ટરનર પોતે ઘણો કાબેલ તસવીર પાડનાંર હતો, અને તેની પાસે જેટલી હતી તે સઘળી તેનાં મરણ પછી પરજને આપીઆમાં આવી હતી. તેનાં પોતાનાં હાથનાં ચીતરો ઘણાજ વખાંણવા લાએક અને કીમતીછે, અને ટરનર અને વરનનની બંધેની ભેટની લાખો રૂપીઆથી વધારે કીમત થાએછે.

ડલવીચ ગીઆલરી.

લંડંનનાં "વાટરલુ બરીડજ" નાંમનાં પુલથી પાંચ માઈલ દુર ડલવીચ મધે "ગાડ ગીફટ કાલેજ" નાં મની એક મદરેસાછે, તેને ફરાંનસીસ બરજેઈસ નાંમનાં એક કાબેલ અને વીદીઆવાંન શખસે મોટી કીમતનાં ૩૫૪ ચીતરો બખશેસ કીધાં હતાં, તે સરવેને જોવાને વાસતે એ મદરેસાને લગતી ઈમારતમાં હુંગાડાં મેલીઆમાં આવીઆંછે. એ ચીતરો મેલવાની ઈમારત બાંધવાને વાસતે એક લાખ રૂપીઆ, અને ચીતરોને તથા ઈમારતને સારી હાલતમાં રાખવાને સારૂ બીજા વીશ હજાર રૂપીઆ પણ તે ગરહસથે આપીઆ હતા. આ ચીતરોની પણ ઘણી તારીફ થાએછે. એ પરમાંણે ખાંતગી ગરહસથોએ લાખો રૂપીઆનો પોતાનાં માલ પરજનાં ફાએદા અને ગમતને સારૂ ભેટ કીધાછે, તેજ ઉપરથી તેઓની સખાવત અને પોતાનાં દેશ ઉપરનાં હેતની નીસાંણ માલમ પડેછે. હજારો લોકો દર રોજ હેવાં તસવીરખાંનાંઓ જોવા જાએછે, તે ઉપરથી હેવા હુંનર ઉપર લોકોને ભારી શોક તથા ઉલટછે, તેની સાબેતી મલેછે.

રાએલ આકાડમી આવ આરટસનુ તસવીરખાંનું.

ઉપર જણાવેલાં જાથુક હુંગાડા તસવીરખાંનાં સીવાએ, વરસનાં કેટલાએક ભાગમાં થોડી મુદત શુધી તસવીરખાંનાં દેખાડીઆમાં આવેછે, તે પણ ઘણા જોવા લાએકછે. ચીતરો પાડવાનાં હુંનરમાં શુધારો તથા વધારો કરવાની, તથા એ હુંનરનો શોક વધારવાની મતલબથી "રાએલ આકાડમી આવ આરટસ" નાં મની એક મંડળીછે, તેમાં ૬૬ અધીકારીઓછે. એ અધીકારીઓ રાંણીનાં હોકમ સીવાએ થડતા નથી, અને તેઓની ઉપર રાંણીનોજ હોકમ ચાલેછે. એ મંડળીનાં હસતકમાં ચીતરો પાડવા સીખવવાની એક મદરેસાછે, તેમાં દાખલ કરવાનો કાએદો ઘણો સકતછે. જે શખસે રાએલ આકાડમીમાં વીદીઆરથી માફક દાખલ થવું હોએ, તેણે પેહલ વેહલાં પોતાનાં હાથનુ એક ચીતર અથવા નમુનો અધીકારીઓની મંડળી ઉપર મોકલવો જોઈએ, તે સાથે સારી આબરૂ વીશે ખાતરી કરવી જોઈએ, અને તેઓને તે ઉપરથી હેવું માલમ પડે કે, તે ઘણી ચીતર પાડવાનાં કાંમમાં સારો માહાવરો ધરાવશે, તો એ મંડળીનાં હસતકમાં જે ચીતરોછે, તેની ઉપરથી નકલ કરવાને તેને છુટ આપીઆમાં આવેછે. હીંઆં જે ચીતર તે પાડેછે, તે ફરીથી તે મંડળીને રજી કરીઆમાં આવેછે, અને જો તે પસંદ પડે, તો તે શખસને એ મંડળીનાં વીદીઆરથી દાખલ ગણીઆમાં આવેછે, અને પછી તેને તાંહાં જવાને હંમેસાં છુટ મલેછે. જો ઉપલું ચીતર પસંદ નહી પડેતો ફરીથી તેને તાંહાં દાખલ કરીઆમાં આવતો નથી. એ પરમાણે જેઓ આ મંડળીનાં વીદીઆરથી દાખલ નાંમ ધરાવેછે તેઓને ઘણુ માંન મલેલું ગણીઆમાં આવેછે. એજ પરમાણેનો કાએદો બાહાવલાં બનાંવનારાઓ તથા ધાતુની પલેટ ઉપર તસવીર કોતરનારાઓને લાગુ પાડેલોછે.

એ સભાની તરફથી દર વરશે હુંનાલાની મોહોસમમાં એક મોટું તસવીરખાંનું હુંગાડીઆમાં આવેછે, તાંહાં ગયાં વરસમાં જે ચીતરો પાડીઆમાં આવીઆં હોએ, તે ગોઠવીઆમાં આવેછે. ગાંમમાં જેટલા તસવીર પાડનારા હોએ, અને તેઓએ વેચવાને વાસતે જેટલાં ચીતર પાડીઆં હોએ, તેમને જાહેરમાં દેખાડવાને તેઓ હીંઆં મોકલેછે. પણ ઉપલી મંડળીનાં અધીકારીઓએ હેવો ધારો રાખેલોછે કે, જે ચીતર

સારૂં હોએ તેજ તાંહાં મેલવું. કોઈ સાધારણ ચીતર મોકલેતો તે લીધામાં આવતું નથી. જેટલાં ચીતરો મોકલીઆમાં આવેછે, તેમાંનો તરીજે હીસસો પસંદ રાખીઆમાં આવેછે. જે ચીતર એક વખત બાહેર દેખાડીઆમાં આવીલું હોએ, તેને દાખલ કરીઆમાં આવતું નથી. દરએક કારીગરને આઠ ચીતર દેખાડવાની છુટછે. આ જોડવણથી ચીતર પાડનારાએોને અને ખરીદ કરનારાએોને બંધેને ફાએદો થાએછે. મે એથી જુલાઈ મહીનાં શુધી ઉપર જણાવીઆ પરમાણે તે ચીતરો દેખાડીઆમાં આવેછે, અને તેમની દરએકની કીંમત તસવીર પાડનારે ઉપલી મંડળીનાં સકરેટારીને આપેલી હોએછે, તેને પુછીઆથી માલંમ પડેછે. સઉથી સરસ ચીતરોજ તાંહાં હોએછે, હેવી લેનારની ખાતરી થાએછે, તથા હાવા તસવીરખાંનાંમાં ગયાથી તેને એ ટલાંતો ચીતરો જોવાને અને પોતાને પસંદ પડતું ખરીદવાને બની આવેછે, કે તેવી જોગવાઈ બીજે કેકાંણે મલતી નથી. જારે એ તસવીરખાંનું બંધ થાએછે, તારે ખરીદ કરનારાએો પોતાનાં ચીતરો લઈ જાએછે, અ ને જે નહી વેચાયાં હોએ, તે તેમનાં માલેકોને તાંહાં મોકલીઆમાં આવેછે, પણ ઘણુ કરીને દર વરશ તાં હાં ગએલાં ઘણા ખરાં ચીતરો વેચાયા વગર રેહતાં નથી. ચીતર વેચવાનું આ એક સારૂં બજારછે, એમ સમજવું, અને આ તસવીરખાંનાંને હુંગાડવાનો વખત આવેછે તેની આગમજ જે ચંચલ કારીગરોછે, તે તાંહાં વેચવાને વાસતે કીમતી ચીતરો બનાંવવામાં ગુંતેલા રેહછે, કાંએજે સારા નમુનાં વેચવાની જગા એ જછે. આ તસવીરખાંનુ નાંશનલ ગીઆલરીનાં એક ગાલામાંછે અને જે દરવાજેથી તેમાં જાઈ શકાએછે, તે જ દરવાજેથી હીંઆં પણ જવાએછે. જેટલી તસવીરો હીંઆં દર વરશે દેખાડીઆમાં આવેછે, તેની જુમ લે કીમત ગણીએતો લાખો રૂપીઆની થાએ. આ તસવીરખાંનાં બધે જે જે ચીતરો દેખાડીઆમાં આવે છે, તે દર વરશે જુદાં જુદાં હોએછે, તેથી તેમાંનાં કોઈ ચોકસનુ વરણુન કરવાની આ જગાએ જરૂર નથી. ૧૮૫૮ નાં વરસમાં જારે આ લખનાર તાંહાં હતો, તારે તાંહાં સઘળાં મલીને ૧૧૬૦ ચીતરો અને સંગેમર મર તથા બીજા પથરનાં ૧૬૦ પુતલાં દેખાડીઆમાં આવીઆં હતાં.

આ મંડળીનો સઘળો ખરચ આ તસવીરખાંનાંમાંથીજ નીકલેછે. જોવા જનારાએો પાસેથી દર આ દમી દીઠ અરધા રૂપીએો લીધામાં આવેછે, તથા જેટલી તસવીર તાંહાં હોએછે, તેની ટીપનુ ચોપાંનીઉ છા પી દર એક નકલનાં અરધા રૂપીઆને ભાવે વેચેછે, તે બંધે મલી દર વરશે ૬૦૦૦૦ રૂપીઆની આએપત થાએછે.

ઉપલી મંડળીનું જે જાયુક તસવીરખાંનુંછે તે સકરેટારીનાં હોકંમ વગર દેખાડીઆમાં આવતું નથી. તેને લગતું એક પુસતકખાંનુંછે, તાંહાં કોઈ કોઈ વાર ચીતરો રંગવાનાં હુંનર ઉપર ભાશાંણ પણ કરીઆમાં આવેછે, તે વખતે જે તસવીર પાડનારાએોનાં ચીતરો આ તસવીરખાંનાંમાં દાખલ થયાં હોએ, તેઓને તાં હાં જવાને છુટછે.

સોસાઈટી આવ બરીટીશ આરટીસટસનુ તસવીરખાંનું.

ઉપલીજ મતલબને લગતી બીજી ઘણીએક મંડળીએોછે. "સોસાઈટી આવ બરીટીશ આરટીસટસ" નાંમની મંડળી પણ પોતાનુ તસવીરખાંનું દર વરશે "સફોક સ્ટીટ પાલ માલ" નાંમનાં મોહોલ્લામાં એક ઘર માં હુંગાહેછે. હીંઆં પણ ઘણાજ કીમતી ચીતરો દેખાડીઆમાં આવેછે, અને જોવા જનારાએો પાસેથી ત થા ચીતરોની ટીપનાં ચોપાંનીઆનો જુજ ભાવ લીધામાં આવેછે. સને ૧૮૫૮ નાં વરસમાં હીંઆં ૯૧૯ ચીતરો દેખાડીઆમાં આવીઆં હતાં.

બરીટીશ ઈનસટીટીઉશનનુ તસવીરખાંનું.

આ તસવીરખાંનાંમાં ફકત અસલનાં વખતનાં કારીગરોનાં અને મરણ પાંમેલા ઇંગરેજી કારીગરોનાં

હાથનીજ તસવીરો દાખલ કરીઆમાં આવેછે. નાંમદાર રાંણી આ ખાતાંની મુરબીછે, અને કારભાર ચલા વનાર અધીકારીઓમાં મોટા મોટા ઉમરાએો તથા નાંમીચા શખસોછે.

વાટર પેનટરસનું તસવીરખાંનું.

ઉપર જણાવેલાં તસવીરખાંનાંએોમાં તેલ અને રંગનાં ચીતરો દાખલ કરીઆમાં આવેછે, તેથી પાં ણીનાં રંગથી તસવીર પાડનારાએોની એક જુદી મંડળીછે, તેએો પણ પોતાનુ તસવીરખાંનું હુંનાલાની મોહો સંમમાં હુંગાહેછે. હીંઆં ૧૮૫૮ નાં વરસમાં ૩૨૯ ચીતરો દેખાડીઆમાં આવીઆં હતાં.

હીંદુસથાંનને લગતી બાબદોનું તસવીરખાંનું.

૧૮૫૮ નાં વરસમાં એક તસવીરખાંનાં બધે ઘણાખરાં ચીતરો હીંદુસથાંનને લગતી બાબદોનાં હતાં, તે ઘણા લોકો જોવાને જતા હતાં. એ સઘળી તસવીરો હેર એ સુફટ નાંમનાં એક કારીગરે આઠ વરસ શુધી હીંદુસથાંનમાં ફરીને પાડી હતી. હીંઆં સઉથી કીમતી અને સઉથી મોટું એક ચીતર લાહોરની દરબારનુ પાડેલું હતું. દશેરાનાં તેહવારને દીને પાદશાહ તખત ઉપર બેશીને પોતાનાં સગા તથા વજીરો ત થા અમલદારો અને રઈએતની પાસેથી નજરાંણા લીએછે, તે દેખાવ આ ચીતરમાં ઉતારેલોછે. એ દેખાવ કાંઈ ફકટ કીરીઆનો નથી, પણ તેમાં પાડેલી તસવીરો ખરેખરી સભીએોછે. પંતજાબનો છેલલો પાદશાહ રંજીતસીંગ એક વખતે એ નજરાંણા લેતો હતો, તે આ કારીગરે પોતાની નજરે જોયું હતું, અને તેમાં જે જે સભીઓ પાડેલીછે, તે ખરેખરી તેઓનાં આકારને મલતી આવતી પાડેલીછે, હેવું ખાતરીથી જણાવીઆમાં આવીઢછે. આ ચીતરમાં રંનજીતસીંગ સુનાંની ખુરશી ઉપર બેશીને પોતાનાં હાથની નીશાંણુથી નજરાં ણા લેવાની ખુશી બતાવેછે, અને તેની પાસે ગુહંણુ મરડીને બે હાથે સરવે કોઈ પોત પોતાની શકતી પર માણે નજરાંણા મેલેછે. આ ચીતર બરતમાં ૧૬ ફુટ, ૬ ઇંચ લાંબુ અને ૧૧ ફુટ પોહોલું હતું. બીજાં ચી તરો નીચે જણાવીઆ પરમાણે હતાં. કલકતાનું બારૂં—કલકતા શેહેર—બગદાદ મધેનુ કાવાખાંનુ—વા લકેસવર ઉપરથી મુંબઈનો દેખાવ—અમરીતસર શેહેર મધે થાએલી પાદશાહની દરબાર—પુનાં મધેનુ એક પુરાંનુ દેહડું—નીકોલાસ શાહાંતશાહ—વાઘનો શેકાર—મહારાજા શેહેરસીંગ—હીંદુસથાંનનાં ઠગ અથવા ફાંસીગરો—ઈરાંનનાં શાહાજાદાનો જનાંનો, તેમાં શાહાજાદો પોતાંની સ્ત્રીઓની સાથે બેશીને ખાંણુ આવ વાની વાટ જુએછે—નીલગડીનો પાહાડ—દીલ્લીનો મેહેલ—બનારસ શેહેરનો દેખાવ—કરનાંટકનો જુવાં ન નવાબ—સરકાશીઆની એક ખુબસુરત ઓરતનુ વેચાંણુ—ધારાપુરીનાં દેહડાંનો દરવાજે—પોલીસનો એ ક સીપાઈ, એક ઠગ અને એક અમલદાર—એક ટરક એક છોકરીને ચોરી લઈ જતો હતો—બશોરાનુ શે હેર—લકનો શેહેર—આગરા શેહેર—સીમલા—બનારસ મધે કંનચનીઓનો નાંચ, ઇતીઆદી.

ફેાટોગરાફીનુ તસવીરખાંનું.

સરવે કોઈને ખબરછે કે હાલનાં વખતમાં "ફેાટોગરાફી" ઈઆને સુરજનાં કીરણુથી તસવીર લેવા નો હુંનર ઘણો ફેલાયોછે, અને તસવીર ઉતારવાનાં કાંમમાં એ હુંનર આજે ઘણી અચરત સરીખી મદદ કરેછે. લંડનમાં ફેાટાગરાફીક સોસાઈટી નાંમની એક મંડળીછે, તે પણ દર વરશે હુંનાલાની મોહોસમમાં પો તાનું તસવીરખાંનું હુંગાહેછે, અને તાંહાં એ હુંનરથી પાહેલાં ચીતરો તથા તસવીરો જે સઉથી સારી હોએ, તે દેખાડેછે, તાંહાં ગયાથી ઉપલા હુંનરથી પાડીઆમાં આવતી મોટાંમાં મોટી તથા સુંદર તસવીરો તથા ચી તરો જોવાને આપણને બની આવેછે, કે જે કોઈ બીજે કેકાંણે આપણે જોઇ શકીએ નહી. આ હુંનરનાં શોકીએો ઘણીખરી તસવીરો હીંઆંથીજ વેચાતી લીએછે. સને ૧૮૫૮ નાં વરસમાં આ જગાએ મરહુમ સર જંમશેદજી જીજીભાઈનાં સંગેમરમરનાં બાહાવલાંની તસવીર દેખાતી મેલી હતી, તેની ઘણી નકલો

વેચાતી લેવાનો હોકમ સકરેટારીની સાથે નોધાએલો હતો. હીંઆં જે નકલ મેલેલી હોએછે, તે વેચીઆ માં આવતી નથી, પણ તેમનાં ધણીને ખબર કરીઆથી બીજી જેટલી જોઈએ તેટલી નકલો છાપી આપી આમાં આવેછે, કાંએજે જે કાચો ઉપર અસલ "નેગેટીવ" તસવીર લીધી હોએછે, તેમને તેઓ હંમેસાં સં ભાલીને રાખેછે.

આદમીઓનાં મીનમાં બનાંવેલા પુતલાં-

પથરમાં કોતરેલાં પુતલાં અને રંગમાં ઉતારેલી તસવીરો આપણે જોઈ, પણ હરેક આદમીનો ખરેખરો આકાર આપણા ધીઆંતમાં ઉતારવાને સારૂ મીનનાં પુતલાંનો જે નાંમીચો સંગરહ માડંમ ટુસાનાં દીવાં નખાંતાંમાં કરીઆમાં આવીએોછે, તે ખરેખર જોવા લાએકછે. જો કોઈ અંતજાંણ શખસને આ દીવાંન ખાંતાંમાં એકાએક લઈ જઈને ઉભો રાખીઆમાં આવે તો, તે ખચીત ગભરાઈને એમ પુછેકે, આ મોટી મી જલસ સાંને વાસતે એકઠી મલીછે. હીંઆં દરએક નાંમીચા શખસો તથા મોટી સ્ત્રીઓનાં પુતલાંછે. નાં મદાર રાંણી તથા યુરોપનાં બીજા મુલકનાં પાદશાહોથી તે જે કોઈ ઉમરાવ અથવા ઉમરાજાદી અથવા શખ સ અથવા સ્ત્રી, જેને કોઈબી રીતે નાંમ મેલવીઉં હોએ, તેનાં પુતલાંછે. એ પુતલાંઓ જીવતાં આદમીનાં કદનાં અને દરએકનાં આબેહુબ આકારનાંછે. તે પુતલાંઓને જે પોશાક પેહરાવીઆમાં આવીઆછે, તે ક પડાંનાંછે અને ઘણુ કરીને જે ધણી જે જાતનાં અને જેવી રીતનાં કપડાં પેહરતો હોએ, તેવાંજ કપડાં તે પુ તલાંને પણ પેહરાવીઆમાં આવીઆંછે. એ પુતલાંઓની તારીફ અગત કરીને એમ ઘણી થાએછે કે, જેનુ જે પુતલુંછે, તે તેનાં આકારને બરાબર મલતું આવેછે, અને તેની માફકનોજ પોશાક તે પુતલાં ઉપર આવી આથી, તેમાં જીવ મુકવાનુંજ બાકી હોએ તેવું લાગેછે. એ સંગરહ રાતનાં આઠથી દશ વાગા શુધી હુંગા ડો રાખીઆમાં આવેછે, અને ગીઆસની રોશનીથી સઘળો દેખાવ સોભી નીકલેછે. દીવસનાં વખતનાં ક રતાં રાતને વખતે એ પુતલાં વધારે સારાં દેખાએછે. મુંબઈમાં થોડાંએક વરસની વાત ઉપર કેટલાંએક હે વાં પુતલાંઓ દેખાડીઆમાં આવીઆં હતાં, તે ઉપરથી આ પુસતક વાંચનારાઓને સમજ પડશે કે, હમો કે વાં પુતલાંઓ વીશે લખીએછે, પણ આટલું કેહવાની જરૂરછે કે, માડંમ ટુશાનો સંગરહ કેવો કીમતીછે, અ ને તે જોયાથી આપણને કેટલી ખુશી અને ગમત ઉપજેછે, તેનો અટકળો થોડાં પુતલાં જે આ ટાપુમાં દે ખાડીઆમાં આવીઆં હતાં, તે ઉપરથી થાઈ શકવાનો નથી.

એ પુતલાંઓ મોટા ઓરડાઓમાં સોભઈતી રીતે, અને બરાબર જોવાઈ શકાએ, તેવી રીતે ગોઠવી આમાં આવીઆંછે. સઉથી મોટો ઓરડો ૨૪૦ ફુટ લાંબો અને ૪૯ ફુટ પોહોલોછે. હીંઆં આપણે દા ખલ થયા કે પાદશાહ, રાંણી, નાંમીચા ઉમરાવો તથા ગરહસથોનાં પુતલાં આપણી નજરે પડેછે, અને જાંણે કોઈ ઘણીજ મોટી અને નાંમીચી મંડળી અથવા બેઠકમાં આપણે હોઈએ તેવું લાગેછે. જે પુતલાંઓ હીં આંછે, તે જોવામાં ઘણા જણાવો ગુતેલા હોએછે, અને એ પુતલાંઓનાં આકાર તથા તેઓનાં પોશાકની એ ટલીતો તારીફછે, કે એક નાંકે જોવા ઉભેલા શખસો બીજે નાંકે ઉભેલા શખસોમાં અને તે તરફ જોઠવેલાં પુતલાંમાં જીવતાં આદમી કોણછે અને પુતલાં કહેવાંછે, તે વીશે એકદંમ કહી શકતા નથી. એટલા ઉપરથીજ તે પુતલાંઓની ખુબી સમજવી. જે પુતલાંઓ ગયા વખતનાં નાંમીચા શખસોનાંછે, તેઓની ઉપરનો પોશા ક તેમનાં વખતનોજછે, અને એ પરમાંણે સઘળી રીતે ખરો આકાર બતાવવાની કોશેસ કરીઆમાં આવી છે, તેથી આ પુતલાંઓનું સંગરહસથાંન ઘણુજ કીમતી તથા લંડનનાં લોકોને ઘણુજ પસંદ પડતું થાયુંછે, અને દરરોજ હજારો લોકો તે જોવાને જાએછે. પાદશાહોનાં પુતલાં ઉપર ખરેખરા કીમતી પાદશાહી પોશાકજછે. પાદશાહ ચોથા જારજને માંથે તાજ મેલીઆમાં આવીઉં હતું, તે વખતે તેણે જે મોટો જભો પેહરીઓ હ

તો, તે તથા જે ખુરશી ઉપર તે બેઠો હતો, તેવી ખુરશી તથા બીજે સાંમાનછે. એ જભા અને બીજા બે જ ભા પછવાડે ૫૬૭ ફુટ મખમલ લાગી હતી, અને તેઓને બનાંવવામાં (૧૮૦૦૦૦) એક લાખ, હેશીં હજાર રૂપી આનો ખરચ થયો હતો. બીજા પાદશાહોનો તથા આપણી રાંણીનો પોશાક પણ તેમજ કીમતીછે. જે ઓરડા માં ઘણા ખરા પાદશાહોનાં પુતલાં તથા તસવીરોછે તાંહાંની સીલીંગ ઉપર સોભઈતા ચીતારો તથા સુનેરી ધો રછે. જેવા જનારાઓ પાસેથી દરએક આદમી દીઠ અરધો રૂપીઓ લીધામાં આવેછે, અને તેઓને સવળ પડવાને વાસતે પુતલાંઓ કોણ કોણનાંછે, તેઓનાં નાંમ તથા બીજી ટુક વીગતનું એક નાંધલું ચોપાંનીઉ અ રધા રૂપીઆની કીમતે મલેછે, તે લીધાથી તે સંગરહ ઘણોજ સારી રીતે જોઈ શકાએછે.

આપણી નાંમદાર અને બખતાવર રાંણી વીકટોરીઆ તથા તેનો ભરથાર પરીનસ આલબરટ તથા તેઓનાં છોકરાંમાં પરીનસ આવ વેલસ, તથા પરીનસેસ રાએલ, પરીનસેસ આલીસ માડ, પરીનસ આલફરે ડ, પરીનસેસ હેલીનાં, પરીનસેસ લુઈજ અને પરીનસ આરથર એઓનાં આબેહુબ પુતલાં હીંઆં જોયામાં આવેછે. નાંમદાર રાંણીની વડી છોકરી પરીનસેસ રાએલ જે પ્રુશીઆની ગાદીનાં વારેસ પરીનસ ફરેડરીક વી લીઆંમની સાથે પરણીછે, તે બંધેનાં હીંઆં લગનનાં પોશાક સાથેનાં પુતલાંછે. સવળાં મલીને આસરે ૨૦૦ પુતલાંછે, તેની ટીપ આ જગાએ આપવામાં ઘણી જગા રોકાએ તેથી ઘણુ કરીને જે સઉથી અગતનાં ગણી આમાં આવેછે, તેઓનાંજ નાંમ હીંઆં જણાવીએછ, અને તેટલા ઉપરથીજ સમજ પડશે, કે આ સંગરહ કે ટલો જોવા લાએકછે. ઈંગલંડનાં પાદશાહોમાં, તરીજે રીચરડ; સાતમો હેનરી; આઠમો હેનરી અને તેની છ રાંણી; છઠો એડવરડ; રાંણી મેરી; રાંણી ઈલીજાબેથ; પેહલો જેમસ; પેહલો ચારલસ; બીજો ચારલસ; બી જો જેમસ; રાંણી આંન; પેહલો જારજ; બીજો જારજ; તરીજો જારજ; ચોથો જારજ; તરીજો તથા ચોથો વી લીઆંમ; રાંણી વીકટોરીઆ અને તેનો ભરથાર પરીનસ આલબરટ તથા રાંણીની માં ડચેસ આવ કેનટ. આલીવર ક્રોંમવેલનુ પુતલું પણ હીંઆંછે.

યુરોપખંડનાં બીજા મુલકોનાં આગલા તથા હાલનાં શાંહાંનશાહ તથા પાદશાહોમાં—રૂશીઆનો શાં હાંનશાહ નીકોલસ જેને ઈંગલંડ, ફરાંનસ અને ટુરકીની સાથે લડાઈ કીધી હતી; ટુરકીનો સુલતાંન અબદુલ મેડજીદ; ફરાંનસનો હાલનો શાંહાંનશાહ લુઈ નેપોલીઆંન અને તેની રાંણી; આસટરીઆનો હાલનો શાં હાંનશાહ ફરાંનસીસ જોસેફ અને તેની રાંણી; રૂશીઆનો હાલનો શાંહાંનશાહ આલેકજાંનડર; સારડીનીઆ નો હાલનો પાદશાહ વીકટર ઈમાંનીઉએલ; સ્પેનની રાંણી ઈસાબેલા; પ્રુશીઆનો પાદશાહ ચોથો ફરેડરીક વી લીઆંમ; ડેનમારકનો પાદશાહ આઠમો ફરેડરીક; પોરટુગલનો પાદશાહ પાંચમો પેદરો; નેપલસ તથા સીસી લીનો પાદશાહ બીજો ફરડીનાંનડ; સુવીડન અને નાંરવેનો હાલનો પાદશાહ ઓસકાર; ફરાંનસનો આગલો નાંમીચો અને બાહાદુર શાંહાંનશાહ નેપોલીઆંન બોનાંપારટ; નેપલસનો પાદશાહ મુરાટ; નેધરલંડસનો પાદ શાહ તરીજો વીલીઆંમ; ફરાંનસનો આગલો પાદશાહ ચોથો હેનરી; પેહલો ફરાંસીસ; શોલનો લુઈ તથા લુઈ ફીલીપ; બેલજીઆમનો પાદશાહ પેહલો લીઓપોલડ; હાંનોવરનો છેલલો મરનાર પાદશાહ; આસટરીઆનો આગલો શાંહાંનશાહ ફરાંસીસ; પ્રુશીઆનો આગલો પાદશાહ તરીજો વીલીઆમ; રૂશીઆનો આગલો શાં હાંનશાહ આલેકજાંનડર; રોમનો પોપ નવમો પાયસ.

નાંમીચા શખસોમાં—ક્રીમીઆની લડાઈને વખતે ફ્રેનચનાં લશકરનાં વડા સરદારો, મારશલ સેં નટ આરનડ, પેલીશીઅર, અને જનરલ કાંનરોબરટ; એજ વખતે બરીટીશ લશકરનો વડો સરદાર લારડ રા ગલંન, અને ટુરકી લસકરનો સરદાર ઓમર પાશા; પરીનસ મેનસચીકાફ; નાંમદાર રાંણીનાં નાંમીચા પરધા નો લારડ પાલરસટન; લારડ ડરબી; લારડ જાંન રશલ; મી૦ ડીજરાએલી; ઈંગલંડનાં લશકરનો વડો સરદાર ડીઉક આવ કેમબરીડજ; હીંદુસથાંનનો આગલો ગવરનર જનરલ લારડ હારડીંજ, તથા વડો લસકરી સરદાર

સર ચારલસ જેમસ નેપીઅર અને લારડ ગફ; આમેરીકાનાં ઇઉનાંઇટેડ સ્ટેટસનો વહો; હંગરીનો આગલો ગવરનર લુઈ કાસથ જેણે પોતાનાં દેશનાં છુટાપણાને સારૂ પોતાનાં જાંન અને માલ ઉપર તરેહવાર જોખં મ ખેંચીએ્યો છે; ફરાંનસની નામીચી જેમ્યાંન આવ આરક જેણે ફરાંનસનાં લસકરની તરફથી ઇંગરેજી લસ કર સાથે બાહાદુરીથી લડાઈ કીધી હતી; લારડ બરોહામ; આએ્યરલંડનાં છુટાપણાને વાસતે લડનાર ડેનીએ્ચ લ એો કોનેલ; શેકસપીએ્યર; વાલટેર; ઇંગલંડની દરીએ્યાઈ ફોજનો સુરો સરદાર નેલશન; અમર થાએ્લાં નામનો ડીઉક આવ વેલીંગટન. ઇંગલંડનાં આગલા નામીચા પરધાનો—ચારલસ જેમસ ફાકસ, વીલીએ્મ પીટ, તથા સર રાબરટ પીલ; નામીચો ગાનાર પીગાનીની; નાટક કરનાર બરૂક તથા ચારલસ કીન † ; સર વાલટર સ્કાટ, કારડીનલ વુલસી; કારડીનલ વાઈજમેન; આફરીકા મધે આલજીએ્રસનાં મુલકનો પેહલવાન અબદુલ કાદર; વખણાએ્લી ગાનારી જેની લીંડ; કારસનો પેહલવાન જનરલ વીલીએ્મસ; પારલામેંનટનો વખણાએ્લો અધીકારી રીચરડ કાબડેન; લારડ લીનડરસટ; હીંદુસ્થાનનો આગલો ગવરનર જનરલ મારકુઈસ આવ વેલેસલી; પારલામેંનટનો આગલો હીમતવાન અધીકારી જોસેફ હીઉમ; એેક મોમલુખ જેણે નેપો લીએ્ન બોનાંપારટનો મીસરમાં જીવ બંચાવીએ્યો હતો; વાંન બલુચર; જાંન નાકસ; મારટીન લુથર જેણે પ રાટેસટંન ધરમનો પાયો નાંખીએ્યો હતો; વખણાએ્લો ચીનો વેપારી હોકુઆ જે ઇંગરેજોનો ઘણો દોસત ગણાતો હતો, પંનજાબનો લફટેનંનટ ગવરનર સર જાંન લારેનસ; આઠ ફુટ પાંચ ઇંચ ઉંચો એેક રૂશીઆં ન રાખશ. એે શખસનાં એેક હાથમાં એેક શાધારણ કદનુ બચું આપીઉંછે, તેને ઉંચકીને તે રમાડેછે, તેથી તેનું કદ અતીઘણુ વધતું દેખાએ્છે. આ સંગરહમાં બીજાં બે પુતલાંછે, તેથી જોવા જનારાએ્ને ઘણીએ્ક ગમત ઉતપંન થાએ્છે. એેક બુઢા આદમીનુ પુતલું એેક ખુરશી ઉપર બેસાડીઉંછે, તેને અસલો પેહરાવેલો છે, અને તેની ડોક માંમાં હેવી હીકમત કીધેલીછે કે, જેમ જીવતું આદમી પોતાની ડોક એેણીગંમ પેલીગંમ ફેર વી શકે, તેમ તેની ડોક ફરેછે. એે પુતલું હેવી જગાએ્ મેલીઉંછે કે તેની આગલથી ચાલી જનાર શખસ જો શાહુચેતી નહી રાખેતો જરાક અથડીઆ વગર રેહે નહી. એેમ ઘણા લોકો તેને અથડે પણ છે, અને કેટલા એેકો પેલું ડોકું ફરતું જોયાથી એેમ સમજેછે કે, હીંઆં કોઈ બુતો મરદ થાકી ગયો હશે તે બેઠોછે, અને તેને અથડવાનાં સબબ ઉપરથી તેની પાસે માફ માંગેછે! એેક બીજું પુતલું એેક હુંગાએ્લી અસતરીનુંછે. જારે આદમી હુંગાએ્છે, તારે તેની છાતી દંમ લેતી માલુંમ પડેછે, તેમ આ પુતલાંમાં આપણને દેખાએ્છે. બી જાં બે પુતલાંછે, તે સરવે કોઈ ઘણાજ ધીઆંનથી જુએ્છે. ડીઉક આવ વેલીંગટનને તેનાં સઘળા માંનતાં પોશાક અને બેતાબોની નીશાણ સાથે એેક છતરની નીચે સુવારીએ્છે. એે નાંમીચા પેહલવાંનને મર ણ પછી જે રીતે રાખીએ્ો હતો, તેની આ નકલછે. એેક બીજું પુતલુંછે તેમાં નેપોલીએ્ન બોનાંપારટને મ રણ પામેલો સુવારેલો પાડેલોછે, અને તેની આગલ ડીઉક આવ વેલીંગટન ઘણો ધીઆંનથી ઉભો રહી તેને જોતો હોએ્ તેમ ઉભેલોછે. કેહેછે કે હીંઆં ડીઉકનુ પુતલું પાછલથી મેલીએ્માં આવીઉંછે, કાંએે્જે જે મી શાલે હમણાં તેને પાડેલોછે, તે મીશાલે તે દર મહીને એેક વખત પણ તાંહાં જાઈને બોનાંપારટને જોતો હ તો. માડમ તુશાનુ પોતાનુ પુતલું પણ હીંઆંછે.

માડમ તુશાનાં સંગરહસથાંનમાં જેમ વખણાએ્લા શખસોનાં પુતલાંછે તેમ જેએ્ોનું નાંમ ખરાબ કા મથી ઘણુ જાંણીતું થાએ્લુંછે, તેએ્ોનાં પુતલાં પણ એેક જુદા ઓરડામાં ગોઠવેલાંછે. એે ઓરડાને વાજબીની રાહે "ચેમબર આવ હારરસ" નુ નાંમ આપેલુંછે. હીંઆં નીચે જણાવેલાં પુતલાંછે. વીલીએ્મ પાંમર નાં મનો એેક દાકતર જેણે "સ્ટ્રીકનીએ્ા" નાં જેહેરથી ઘણા જણાએ્ોને મારી નાંખીઆં હતાં, અને જેની ત

† આ શખસનાં ઊપરીપણા હેઠલ "પરીનસેસ મીએ્ઠરે" ઘણુજ નાંમ મેલવીઉંછે, તે વીશેનો હેવાલ ગમતનાં કારમાં નાંનાં પ્રકરણમાં જોયામાં આવશે.

પાસની ખબર થોડાં વરસની વાત ઉપર આખી દુનીઆમાં ફેલાઈ હતી, અને જેને ફાંસીની શીખશા થા ઈ હતી; પીએે્રી તથા આરસીની તથા પીએે્નોરી જેએ્ોએે ફરાંનસનાં શાંહાંનશાહને મારી નાખવાની કોશે સ કરી હતી; પાલ, સ્ેહાંન અને બેટસ વેપારીએ્ો, જેએ્ોએે ગુનાંહ ભરેલી રીતે લોકોનાં નાંણા દુબાડીઆં હતાં, તેએ્ોનાં તથા બીજા ઘણાએે્ક ડગારા અને ખુનીએ્ોનાં પુતલાં હીંઆંછે.

મીનનાં પુતલાંનુ આ સંગરહસથાંન લંડંનમાં ૧૮૦૨ નાં શાલમાં એેટલેજે ૫૮ વરશની વાત ઉપર હુંગાડીઆમાં આવીઉં હતું, તાહરથી આજ દીન શુધી જરીછે, પણ થોડાંએે્ક વરશ થયાં, એે સંગરહસથાંનનુ કીમતીપણુ એેક નવા વધારાથી અતીશે વધીઉંછે. જેએ્ોએે દુનીઆમાં મોટો દરજજો ધરાવીએ્ો હોએે્, અ થવા જેએ્ોએે પોતાની બાહાદુરીથી તથા બીજી રીતે દુનીઆમાં નાંમ અને વખાંણ મેલવી હોએે્, તેએ્ોને લગ તી જનસો મોટી કીમતે વેચાતી લઈને આ જગાએે્ મેલીઆમાં આવીછે.

નેપોલીઅન બોનાંપારટને ઇંગરેજોએે પકડીઆ પછી સાત વરસ શુધી તેને સેંનટ હેલીનાંનાં ટાપુમાં કેદ રાખીએ્ો હતો, તે વખતે તેનો સુવાનો જે ખોલીએ્ો તથા બીછાંનુ તથા તકીઆ હતા તે ૩૪૫૦૦ ની કીમતે માંડંમ ટુશાએે્ વેચાતા લઈને હીંઆં મેલીઆછે. બોનાંપારટને માંથે તાજ મેલીઆમાં આવીઉં હ તું, તે વખતે તેણે જે પોશાક પેહરીએ્ો હતો, તથા તેની રાંણી જોસેફાઈને જે જભો પેહરીએ્ો હતો, તે પણ હીંઆંછે. બીજી જનસો નીચે જણાવીઆ પરમાંણેછે. વાટરલુ મધેથી લીધેલા તરણ વાવટા; બોનાંપારટનાં છોકરાની ઝોરી કે જે ૫૦૦૦ રૂપીએે્ વેચાતી લીધામાં આવી હતી, અને તેની અંદર તેનુ પુતલું પણ મેલી ઉંછે; નેપોલીઅન બોનાંપારટ જારે રૂશીઆમાં લડાઈ કરવા ગયો હતો, તારે તેની બેશી ફરવાની ગાડી જેમાં ખાંનુ ખાવાની તથા લખવાની તથા કાગલો રાખવાની ગોઠવંણ સધળી શારીછે, તે વાટરલુની લ ડાઈને દીને શાંહાંજનાં ઇંગરેજોનાં હાથમાં આવી હતી તે (૩૫૦૦૦) પચીસ હજાર રૂપીઆની કીમતે મીo બુલક નાંમનાં એેક શખસે વેચાતી લીધી હતી અને એેક નાંખલી કીમતે સરવેને દેખાડી હતી, અને થોડી મુદતમાં આઠ લાખ આદમીએ્ો તે જોવા ગયાં હતાં. એેક બીજી ગાડીછે, તે બોના પારટને વાસતે મીલાંનમાં બનાંવીઆમાં આવી હતી; સેંનટ હેલીનાંમાં એે શાંહાંનશાહે વાપરેલી ખુર શીએ્ો; એે ઉપરાંત નેપોલીએ્ન બોનાંપારટને લગતી બીજી ઘણીએે્ક વસતુએ્ો તેમાં તેનાં ખાવાનાં ચંમચા, કાં ટા, આહે પીવાનુ પીએ્ાલુ, લખવાની પેટી, પેહરવાનો પોશાક, જોવાનો નકશો, તપકીરની દાબડી, ઈતીઆદીછે. બીજી કીમતી જનસોમાં પાદશાહ બીજા જેમસની તપકીરની દાબડી, પાદશાહ ચોથા જારજ તથા ચોથા વીલી અમનાં હાથ દસકતોનાં કાગલો; ચોથા જારજનો રૂમાલ; તરીજા જારજનાં બાલ; તરીજા જારજને મારી નાંખ વાને વાસતે મારગારેટ નીકલસન નામની એોરતે જે છરી લીધી હતી તે; ડીઉક આવ વેલીંગટનનો ડગલો તથા ચોથા જારજની તલવાર. ફરાંનસમાં પેહલલી વાર બલવો થયો હતો, તે વખતે બનેલા બએે ભરેલા બનાંવની ઈઆદ આપનારી એેક જીનસ હીંઆંછે. જે હીમરાં ઉપર અને છરીથી ફરાંનસનાં પાદશાહ સો લમાં લુઈ તથા મેરી આંનટોનેટ, તથા માડંમ ઈલીઝાબેથ તથા ડીઉક આવ આરલીએ્મનસ અને બીજાએ્ો ને ગરદન મારીઆમાં આવીઆં હતાં, તે આ જગાએે્ આજે આપણે જોઈએે્છે. આ ઉપરાંત પણ બીજી ઘણીએે્ક વસતુએ્ોછે તથા કેટલાએે્ક પાદશાહોની રંગમાં તસવીરોછે, તથા થોડાંએે્ક પુતલાં સંગેમરમરનાં પણ છે. આ આખો સંગરહ બે કલાકનાં ટુક વખતમાં બરાબર જોઈ શકાતો નથી તેથી એેકથી વધારેવાર તાં હાં જવાની ભલામણ કરીઆમાં આવેછે.

પ્રકરણ ૧૮ મું.

કેલવણી ખાતાં.

કેલવણીની બાબદના સરકાર તથા પરજની કોશેસ—દર વરસ એ કાંમ પછવાડે ખરચ—ભાગીદારોએ સ્થાપેલી નીશાલો—યુનીવરસીટી કાલેજ તથા સ્કુલ—કીંગસ કાલેજ તથા સ્કુલ—સેંનટ પાલસ સ્કુલ—વેસ્ટ મીનસ્ટર સ્કુલ—ચારટર હાઉસ—મરચંનટ ટેલરસ સ્કુલ—સીટી આવ લંડંન સ્કુલ, ઇતીઆદી. કશરતશાલા—શીખશકો તઇઆર કરવાની મદરેસા. લંડંન, બ્રાકસપરડ, કેમબરીડજ, એડીનબરો, સેંનટ આંનડરઝ અને ડબલીન બાતેની યુનીવરસીટી તથા મદરેસાઓ.

ઇંગરેજ સરકાર પોતાનાં દેશનાં લોકોની કેલવણી પછવાડે અતીઘણુ ધીચ્માંન આપેછે, તે સાબેત કરવાને વાસતે આ પુસતકમાં લંબાણથી લખવાની બગત દીસતી નથી, કાંબેજે તે વાતથી કોઈ નાવાકેફ નથી. એ સરકાર પોતાનાં તાબાનાં સ્વસથાંનોમાં કેલવણીનો ફેલાવો કરવાને ઘણી ઇછા બતાવેછે, તે પોતાનાં જ મુલકમા તેનો વધારો કરવાને કેટલી બાહેશમંદ હશે, તેનો સેહેલથી વીચાર કરી શકાબેછે. આ પ્રકરણ માં લંડંન બધેની દરબેક નીસાળ તથા મદરેસાનું બયાંન કરવાને ધારીઉં નથી, કારણકે તેવાં બાતાં ઘણાછે, બને તે નીસાળો તથા મદરેસામાં કેવી રીતે કેલવણી આપીબામાં આવેછે, તેથી વાકેફ થવું હોબેતો તે બા તાં જઇને જોયા વગર ઘટતી વાકેફકારી મલતી નથી. માંટે આ સફાબેમાં જે વીગત જણાવવાને દુરસત ધારીઉંછે, તે ઉપરથી વાંચનારનાં જોયામાં આવશે કે, ઇંગલંડની સરકાર બને ઇંગરેજ લોકો પોતાનાં દેશની કેલવણીને વાસતે કેટલું કરેછે. ગરેટ બરીટન તથા બાબ્રેરલંડમા કેલવણીનો ફેલાવો કરવાને વાસતે સરકાર પોતાથી બનતી મદત કરેછે ખરી, પણ તે ઉપરાંત તે દેશના લોકો પોતે જેમ બીજાં ધરમનાં બને રૂડાં કાંમો ઉઠાવેછે, તેમ આ કાંમનાં મદત કરવાને પછાત પડીબા નથી. બે કાંમને સારૂ તરેહવાર મંડલીબ્રો ઉભી થાઇછે, બને કેલવણીનાં કાંમને સારૂ તેબ્રોબ્બે જાહેર ઉઘરાણુથી લાખો રૂપીબા બેકઠા કીધાછે. સરકારી તથા બાંતગી નીસાળ તથા મદરેસાબ્રો મલીને ગરેટ બરીટન બને બાબ્રેરલંડમાં દર રોજ ચાલતી (૫૦૦૦૦) પચાસ હજાર નીસાળછે, તથા દર રવીવારે ચાલતી બાસરે (૩૦૦૦૦) તરીસ હજાર નીસાળછે, બને તેમના ખરચને વાસતે સરકારના લવાજમાં બને લોકોનું ઉઘરાંણુ મલી દર વરસે (૧૧૫૦૦૦૦૦) બેક કરોડ પંદર લાખ રૂપીબા ઉપર જમાંવ થાબ્બેછે. વલી કેટલાબ્બેક તવંગર લોકો પોતાનાં બાળકોને મોટા પગારના શીખસાગુરૂબ્રો રાખી ઘરમાં કેલવણી આપેછે.

લંડંન બધે શકતીવાલા છોકરાબ્બેને કેલવણી આપવા સારૂ કેટલાબ્બેક ભાગીદારોબ્બે મલીને યુનીવરસીટી કાલેજ, તથા સ્કુલ તથા કીંગસ કાલેજ તથા સ્કુલ જેવી નીસાળો તથા મદરેસાબ્રો સથાપીછે. બે ભાગીદારો તે કેલવણી બાતામાં જનારા છોકરાંબ્બેના બાબાપોજ હોબ્બેછે. વલી સરકારની તરફથી તથા ધરમાતુ શબ્બસોની તરફથી કેટલીબ્બેક નીસાળો જે સથાપીબ્માં આવીછે, તાંહાં પણ પગાર લઈને શકતીવાલા છોકરાંબ્બેને લીધામા આવેછે, બને હેવી નીસાળોની સંબ્બીબ્મા બાસરે (૨૫) પચીસછે.

લંડંન બધે યુનીવરસીટી કાલેજ તથા સ્કુલ બને કીંગસ કાલેજ તથા સ્કુલ ભાગીદારોથી સથાપેલાં બાતાંછે, તેબ્રોની તથા ગરીબ બને તવંગરો સાથે શીબ્બેછે, તેવી બે તરણ નીશાલોની ટુક વીગત હીંબાં આપીબ્બે છબ્બે.

યુનીવરસીટી કાલેજની મદરેસા નાંમીચા લારડ બરોહાંમ તથા કવી ટામસ કેમપબેલ બને બીજા નાંમીચા શબ્બસોની મેહનતથી સથાપીબ્માં બાવી હતી. બે મદરેસામાં કોઇબી ધરમની કેલવણી બાપી બ્માં બાવતી નથી. બે મદરેસાને લગતી વઇદક શાસતર સીબ્બવવાની મદરેસાછે, તેની ઘણી તારીફ થાબ્બેછે, કાંબ્બેજે તાંહાં શીબ્બશાગુરૂ દાબ્બલ હંમેસા સઉથી કાબેલ દાકતરોને થેડવીબ્માં બાવેછે. બા મદરેસાની ઇમારત પણ ઘણી સોભઇતીછે. બ્બેજ ઇમારતમાં બે મદરેસાને લગતી બ્બેક નીસાળછે, તેને યુનીવરસીટી કાલેજ સ્કુલ કરી કેહેછે. બ્બે નીસાળમાં પણ મદરેસાની બાફક કોઇબી ધરમની કેલવણી બાપીબ્મા આવતી નથી, તેથી બ્બરીસટીબ્માંત વીગરે પારકા ધરમવાલાબ્બેને બે બંધે બાતાંબ્બેમાં કેલવણી લેવા જવાને બની બાવેછે. મુંબઈથી કેટલાબ્બેક પારસી ગહરસથોબ્બે કેટલાબ્બેક વરસની વાત ઉપર પોતાનાં છોકરાબ્બેને કેલવણી આપવાને સારૂ ઇંગલંડ મોકલીબ્મા હતા, તબ્બેને પણ ઉપલાંજ કારણને લીધે બ્મા નીસાળમાં મેલીબ્માં બાવીબ્મા હતા. હવે પછી હીંદુસથાંનથી જેબ્બે ઇંગલંડ બાતે કેલવણી લેવા જાબ્બે, તેબ્બે પણ ઘણુ કરીને ઉપલા કારણુને લીધે બ્મા નીસાળ પસંદ કરે, માંટે તે વીશે કેટલીબ્બેક વીગત જાહેર કરવાને દુરસત ધારીબ્બેછ. સહવારનાં સવા નવ વાગતે બે નીસાળ હુંગરેછે, તે પેણા ચાર વાગતે બંધ થાબ્બેછે. બ પોરનાં સવા કલાક બાશાબ્બેસ તથા રમતને સારૂ છુટી મલેછે. કરીસટમસનાં તેહવારની તરણ બઠવાડીબ્માં, ઇસટરના તેહવાર ઉપર દશ દીવસ બને હુંનાંલાની મોહોસંમમાં સાત બઠવાડીબ્માં શુધી છુટી મલેછે. બ્બે નીસાળમાં જનારા દરબ્બેક છોકરા દીઠ વરસ દાહડે બઢાર પાંઉનડ બથવા ૧૮૦ રૂપીબા લીધામાં બા વેછે. બે રકમ દર ચાર મહીને શાહુક રૂપીબા લઈ વસુલ કરીબ્માં બાવેછે. છોકરાબ્બેને કાપી લખવાનાં કાગલ તથા કલમ પણ નીસાળમાંથી પુરી પાડીબ્માં બાવેછે, બને તેનાં બદલામાં વરસ દાહાડે સવા પાંચ રૂપીબા જુદા લીધામાં બાવેછે. સીખવાની કેતાબો પણ નીશાલમાંથી આપીબ્માં બાવેછે, પણ તેનો જુદો બાંકડો કરી છોકરાબ્બેનાં બાબાપ પાસેથી વસુલ કરીબ્માં બાવેછે. પંદર વરસની ઉમરની બંદરનાં છોકરાબ્બેને તેમાં દાબ્બલ કરીબ્માં બાવેછે. બ્બે નીસાળમાં વાંચવું; લખવું; ઇંગરેજી, લાટીન, ગરીક, ફરેંચ તથા જરમંન ભાશા; બસલી તથા ઇંગરેજી તવારીબ્મ; લુગોલ, હીસાબ, વેપારીબ્બેની ચોપડી રાબ્મવાની રીત, ગણીત સાસતરનાં તતવ, સીધ પદારથ વીગનાંત, બીતર પાડવાનો હુંનર, નાંચવું; ઇતીબ્માદી સીબ્બવવા બ્માં બાવેછે. બ્બે નીસાળમાં નેતરે શીબ્બસા કરવાનો હોકમ નથી. સઉથી મોટી શજા નીસાળમાંથી કાહાડી મેલવાનીછે. શોલ વરસની ઉમરનો છોકરો થબ્બો કે તેને બ્બે નીસાળમાં રાબ્બીબ્માં બાવતો નથી. જો તે બ્બે નીસાળને લગતી મદરેસામાં જવાને લાબ્બેક હોબ્બેતો, તેને તાંહાં મોકલીબ્માં બાવેછે, નહીતો નીસાળ છોડવી પડેછે. મદરેસામાં કેલવણીને સારૂ દરબ્બેક શીબ્બશાગુરૂને તેનાં ભાશાંણુ સાંભલવાનો જે લવાજમો થેડવેલો હોબ્બેછે તે બાપવો પડેછે. નીસાળનાં કેટલાબ્બેક શીબ્બશાગુરૂબ્બો પોતાનાં ઘરમાં "બોરડર" દાબ્બલ પણ છોકરાબ્બેને રાબ્બેછે. બ્બેથી પેલા છોકરાબ્બેને પોતાની નીસાળનો બભીબ્માસ પણ વધારે સારી રીતે કરવાને બની બાવેછે. જે છોકરાબ્બો નીસાળમાં જબ્બેછે, તેબ્બોનાં દર મહીનાંનાં બભીબ્માસ તથા ચાલ ચલણ વીશે તથા વરગમાં કેટલું નંબર ધરાવીઉ હતું, તેનો હેવાલ તેબ્બોનાં બાંબાપ ઉપર લખીને નીસાળનો વહો મોકલેછે, તેથી તેબ્બોને પોતાનાં છોકરાબ્બે કીધેલા દર બાસનાં બભીબ્માસ તથા તેમની ચાલ ચલણ વીસે જાંણવા જોગ બ્મબર મલેછે.

કીંગસ કાલેજ તથા સ્કુલ.

બા મદરેસા તથા નીસાળ ભાગીદારોથી ઉભી થાઇછે. બા મદરેશામાં ઘણી બોતંબ્ર કેલવણી મલેછે બને તેમાં ધરમ શાસતર, તથા સબળી જાતની વીદીબ્મા બને બેલંબ્મ તથા હુંનર તથા વઇદક શાસતર શીબ્બવવામાં બ્માવેછે. કેટલાબ્બેક વીદીબ્મારથીબ્બો બે મદરેસામાં રહી શકે તેવી પણ ગોઠવણછે. દરબ્બેક ભા

ગીદારને એક વખતે મદરેસામાં અથવા નીસાળમાં બે છોકરાઓ સાથે, અથવા એક મદરેસામાં અને એક નીસાળમાં મોકલવાનો હકછે. નીસાળમાં બદતી માહેતગારી મેલવીઆ પછી મદરેસામાં દાખલ કરીઆમાં આવેછે.

સેંનટ પાલસ સ્કુલ.

આ નીશાલ ઘણી પુરાંણીછે. સને ૧૫૧૨ નાં સાલમાં સેંનટ પાલના દેવળનાં એક પાદરીએ ૧૫૩ છોકરાઓની કેલવણીને સારૂ સથાપી હતી. હાલમાં એ નીસાળ ઘણી વખણાએછે. ઇંગરેજ લોકોનો અ મર થાઈ ગએલો કવી જાંન મીલટન એ નીસાળમાં સીખીએા હતો. મોટો ડીક્ક આવ મારલબરો અને વીઆકરણ બનાંવનાર લીલી પણ હીંમાં વીદીઆરથી હતા.

વેસ્ટ મીનસ્ટર સ્કુલ.

આ નીસાળ પેહલલે ૧૫૬૦ નાં વરસમાં રાંણી એલીજાબેથે ચીઆલીસ છોકરાઓની કેલવણીને સારૂ સથાપી હતી, પણ હમણા તેનો ફાએદો વધતા લોકોને આપીઆમાં આવેછે. બીજા જે કોઈ પ ગાર આપીને તાંહાં સીખવા જવાને ચાહતા હોએ, તેઓને તેમ કરવામાં અડચણ નથી. જે રાંણીએ આ નીસાળ સથાપી હતી તેની મતલબ પરમાણે જે ચીઆલીસ છોકરા કેલવણી લીએછે, તેઓને "કુઈનસ સ્કાલ રસ" કરી કેહેછે અને દર વરશ જે પરીખશા થાએછે, તેમાંથી સઉથી સરસ આઠ વીદીઆરથીઓને ચુંટી કાહાડીને ચાર જણને ટરીનીટી કાલેજ કેંમબરીડજ અને ચાર જણને કરાઈસટ ચરચ આકસફરડની મદરે સામાં વધારે ઓતમ કેલવણી આપવા સારૂ મોકલીઆમાં આવેછે. આ નીસાળમાં વીઆકરણ, કવીતા, અને લાટીન તથા ગરીક ભાશા સીખવવામાં આવેછે. બેન જાંનસન, ફલેટચર, કાઉલી ડરાઈડેન, ચરચી લ, કાઉપર, સાઉથી તથા બીજા નામીચા કવીઓ આ નીસાળમાં વીદીઆરથી હતા. સર ફરીસટોફરરેન જે ને સેંનટ પાલસ કથીડરલ તથા બીજી નામીચી ઈમારતો બાંધીછે તે, તથા બીજા શખસો જેઓએ પાછલથી સારાં નાંમ મેલવીઆંછે તેઓએ અસલ હીંઆં કેલવણી લીધી હતી.

ચારટર હાઉશ.

આ નીસાળના ચીઆલીસ છોકરાઓને મુફત કેલવણી આપીઆમાં આવેછે, અને ટામસ સટંન નાં મના એક ગરહસથની સખાવતથી ઈસવી સને ૧૬૧૧ ના વરસમા એ કેલવણી ખાતું સથાપીઆમાં આ વીઉં હતું. એ નીસાળના પણ સકતીવાલા છોકરાઓને લીધામાં આવેછે, અને એ કેલવણી ખાતાં મધેથી ઇંગલંડનો આગલો વડો નેઆએધીસ લારડ એલેનબરો તથા આગલો વડો પરધાંન લારડ લીવરપુલ તથા નામીચો ગરંથકાર થાકરે તથા ઈડનાનની નામીચી તવારીખ લખનારા થરવાલ તથા ગરોટ જેવા વીદીઆર થીઓ નીકલીઆ હતા. સર હેનરી હેવેલાક જેણે સને ૧૮૫૭ નાં વરસમાં હીંદુસથાનમાં થાએલા બલ વામાં મોટું નાંમ મેલવીઉં હતું, તે પણ હીંઆં નીસાળીઓ હતો.

"મરચનટ ટેલર સ્કુલ" ઘણી પુરાંણીછે. એ નીસાળમાં શીખવા જનાર છોકરાઓ પાસેથી દર વરસે ૧૦૦) રૂપીઆ લીધામાં આવેછે. "સીટી આવ લંડંન સ્કુલ" જે આબરૂદાર લોકો વેપારના તથા ધનધામાં ગુંતેલા હોએ, તેઓના છોકરાઓને કેલવણી આપવાને વાસતેછે. "કરાઈસ્ટ હાસપીટલ" ની નીસાળમાં ગરી બ નાવારેસ છોકરાંઓને ધરમ ખાતે કેલવણી આપીઆમાં આવેછે. એ નીસાળ પેહલ વેલી પાદશાહ છઠા એડવરડે ૧૫૫૩ ના સાલમાં સથાપી હતી.

એ સઘળી નીસાળો તથા મદરેસામાં જે કેલવણી આપીઆમાં આવેછે, તે ફકત વાંચવા લખવા ત થા વીદીઆ એલમની માહેતગારી મેલવવાનીજ નથી, પણ વીદીઆરથીઓનુ મંન અને સરીર એ બંધે સ

કત થાએ તેવા ઉપાયો તાંહાં કીધામાં આવેછે. દરએક નીસાળની સાથે કસરતશાળા જોડેલી હોએછે, તાંહાં પણ જેમ બીજી કેલવણી વીશે ચોકસી રાખીઆમાં આવેછે, તેમ તકેદારી કીધામાં આવેછે. દર વરસે વી દ્યીઆ અને એલમનાં અભીઆસને સારૂ ચાલાક છોકરાઓને જેમ ઈનામ આપીઆમાં આવેછે, તેમ જે ઓએ કસરત કરવામાં તથા પોતાની તંદરોસતી શુધારવામાં મેહનત લીધી હોએ, તેઓને પણ ઈનામ આપી આમાં આવેછે.

ગરીબ, લાચાર, અને નાંવારેસ છોકરાંઓને તથા આંધલાં બેહેરાં અને મુંગાં બાળકોને વાસતે લંડંનમાં જે કેલવણી ખાતાંઓછે તેમનુ બયાંન આ પછેનાં "ધરમખાતાંનાં" પ્રકરણમાં જોયામાં આવશે.

કેમ સીખવવું, તે વીશેની જેઓ સીખવવાનો ધંધો પકડવાને ધારતા હોએ, તેઓને તરબીઅત આ પવા સારૂ કેટલીએક "ત્રેનીંગ સ્કુલ," સથાપીઆમાં આવીછે, ગરેટ બરીટંન મધે સઘળી મલીને હેવી પચા સ નીશાળોછે.

કેટલાએકોને પોતાનાં ધંધાસર નીસાળ વેહલી છોડવી પડેછે, તેઓને તેમની કેલવણી પુરી કરવા ને બની આવવાને સારૂ કેટલીએક મદરેસાઓમાં "ઈવનીંગ કલાસીસ" એટલે સાંહાંજનાં વરગો બનાંવીઆ માં આવેછે, તેથી ધંધામાં રોકાયા છતાં, જેઓને વીદીઆનો અભીઆસ કરવાની ઈછા હોએ તેઓને તેમ કરવાને સેહેલથી બની આવેછે.

ઘણીખરી નીસાળોમાંથી શીખસા દાખલ હવડાંનાં વખતમાં નેતરને રદ કરીઆમાં આવીછે. ઈન સાંન ગનીઆંન ધરાવેછે, તેથી હરેક કાંમ કરવું અથવા નહી કરવું, અને કહેવું કાંમ સારૂં અને કહેવું કાં મ ખરાબ અથવા કપકા ભરેલુંછે, તે સઘળું તેનાં ગનીઆન ઉપર અસર કરે તેવી રીતેજ સંમજાવીઆમાં આવેછે. નીસાળોમાં તથા મદરેસાઓમાં જે જે બાબદો સીખવીઆમાં આવેછે, તે દરએક બાબદ ઉપર જે ઓ ઘણી સારી માહેતગારી ધરાવતા હોએ તેઓનેજ રાખીઆમાં આવેછે.

મદરેસાઓ.

આકસફરડ, કેંમબરીડજ, એડીનબરો, સેંનટ આંનડરૂસ અને ડબલીન મધેની મોટી મદરેસાઓ વીશે આ જગાએ જે કાંઈજ લખીએ નહી, તો ખરેખર ઇંગલંડનાં મોટાં કેલવણીખાતાંઓ વીશે વાંચનાં રને કાંઈજ ખીઆલ આવે નહી. લંડંનથી કેટલીએક વેગલાઈએ આકસફરડનું પુરાંણુ શેહેરછે, તે તેની યુનીવર સીટી તથા મદરેસાઓને વાસતે અસલથી વખણાએલુંછે. કેટલાએક શખસોનો હેવો વીચારછે કે યુનીવરસીટી જેછે, તે મદરેસાછે કે જાંહાં કેવલણી આપીઆમાં આવેછે, પણ એ વીચાર ભુલ ભરેલોછે. યુનીવરસીટી જેછે, તે માતરે જાહેર કેલવણીખાતાંઓ મધેનાં વીદીઆરથીઓની પરીખશા લઈ, વીદીઆ અને એલમની માહેતગારી વીશે ખેતાબ અથવા સનદ આપનારી સભાછે. "લંડંન યુનીવરસીટી" છે તે લંડંન મધે યુની વરસીટી કાલેજ; કીંગસ કાલેજ; સ્ટેપની કાલેજ; હાઈબરી કાલેજ; હોમરટન કાલેજ અને બીજી કેટલીએક મદ રેસામાં કેલવણી પાંમેલા વીદીઆરથીઓની પરીખશા લઈ તેઓને ખેતાબ આપેછે. એ ખેતાબો ડાકટર આ વ લાજ; માસટર આવ આરટસ; બેચેલર આવ લાજ; બેચેલર આવ મેડીસીન; ડાકટર આવ ડીવીનીટી, ઈતીઆદીછે. એજ પરમાંણે આકસફરડ, કેંમબરીડજ, એડીનબરો, સેંનટ આંનડરૂસ અને ડબલીનની યુ નીવરસીટીઓ જુદાં જુદાં થેડવેલાં કેલવણી ખાતાંઓ મધેનાં વીદીઆરથીઓની તપાસ કરીને ઘટતા ખેતા બો આપેછે. યુનીવરસીટી સભામાં ચાંનસેલર તથા વાઈસ ચાંનસલરનો હોધો ઘણોજ આબરૂનો ગણાએ છે, અને તેઓ ઘણાએક અગતનાં હક ધરાવેછે. આકસફરડ મધે સઘળી મલીને ૧૯ અને કેંમબરીડજ મધે સઘળી મલીને ૧૭ મદરેસાછે, તાંહાં અતીઘણી ઓતમ કેલવણી આપીઆમાં આવેછે. હીંઆં જે જુ

વાંન છોકરાઓને આપણે જોઈએછે, તેમાંનાં કેટલાએક દુનીઆનાં રાજકારભારમાં પાછલથી મોટો ભાગ લે નારા નીકલેછે. હીંઆં સીખનારા વીદ્યાર્થીઓ બીજાઓની માફક શાધારણ પોસાક પેહેરતા નથી, પણ પાદરીનાં જેવા જભા અને એક ટોપી જેનુ મથાલુ લખવાની સ્લેટનાં જેવું હોએછે, તે પેહેરેછે, શીખસકો પણ તેવોજ પોશાક પેહેરેછે, અને શીખસકોનાં તથા દરએક મદરેસાનાં વીદ્યાર્થીઓનાં પોશાકો જુદી જુ દી નીશાંણથી ઓલખાએછે. ચાંનસેલર તથા વાઈસ ચાંનસેલરનાં પોશાકો ઘણાજ દબદબા ભરેલા હોએ છે. આ સઘળી મદરેસાઓની ઈમારત ઘણીજ ખુબસુરતછે. આકસફરડ અને કેમબરીડજ શેહેરોને એ ઈમારતથીજ સોભાછે. દરએક મદરેસાની સાથે નાંધલું દેવળ હોએછે અને વીદ્યાર્થીઓ હંમેસાં સા થે જનેછે તેટલા સારૂ પણ એક મોટું દીવાંનખાનું હોએછે. દરએક મદરેસાને લગતાં કીમતી પુસતકખાનાં છે. ઈમારતની વચે વચમાં હમેસાં ખુલલા ચોક હોએછે અને તાંહાં ખુશનુમાં બાગો કરેલાછે. એ બા ગો ઘણાજ ખુબસુરતછે. અને સકત અભીઆસ કરીઆ પછી વીદ્યાર્થીઓની આશાએસને વાસતે ઘણુ જરૂરનાંછે. સઘળા વીદ્યાર્થીઓ એ મદરેસાઓમાં સાથે રેહેછે, સાથે ખાએછે અને સાથે રમત તથા ગમતમાં ફરેછે, તેથી દરએકને ફાએદો થાએછે અને તેઓની મીતરાચારીમા પણ અતીઘણો વધારો થાએછે.

ઉપલી મદરેસાઓમાં કેલવણી આપવાનાં કામને સારૂ દરએક બાબદનાં જુદા જુદા પુરવીન શીખ સાગુરૂએોછે, તેઓ તેમને લગતી બાબદો ઉપર સબકો આપેછે, અને દરએક વખતનાં સબકનો જે લવાજ મ તે મદરેસાથી થડેલો હોએ, તે તેઓને વીદ્યાર્થીઓ પાસેથી મલેછે.

પ્રકરણ ૧૮ મું.

ધરમખાતાં.

ઈંગલંડનાં લોકોની સખાવત—જુદાં જુદાં ધરમખાતાંઓની સંખીઆ, તેઓની ઊપજ અને ઊપીઓગીપણુ—ગરીબ, લાચાર અને નાંવારેસ છોકરાંઓને કેલવણી આપવાની નીસાળો—હાસપીટાલો તથા દવાઈદારૂનાં ધરમખાતાં—નાંવારેસ બાળકોને શુધારવા તથા ધંધો સીખવવાનાં ધરમખાતાં—બેહેરાં તથા મુંગા તથા હોંધલાઓની પરવરસીને સારૂ ધરમખાતાં—દેવાનાંઓને સારૂ ધરમખાતાં—ગરીનીચ હાસપીટાલ—ચેલસા હાસપીટાલ—સ્ક્રેનજરસ હોમ ઇતીઆદી.

લંડંન શેહેરમાં જેમ મોંજ, ગમત, હુંનર, ઉદ્યોગ તથા કેલવણીનાં અને બીજાં તરેહવાર ખાતાંઓ ઉપર મુસાફરનું ઘણુએક ચીત રોકાએછે, તેજ મીશાલે તાંહાંનાં તરેહવાર ધરમખાતાંની તપાસ ઉપરથી અગત કરી ધીઆંત આપવું જોઈએછે, કાંએજે તેમ કરીઆથી ઈંગરેજ લોકોની સખાવત, તથા ગરીબ, લાચાર અને દરદીઓનાં ફાએદાને કીજે તેઓએ પોતાની અકલ અને દોલત થી કેવી ઈઉકતી અને ઈલાજો કામે લગાડીઆ છે, તે વીશે આપણને સમજ પડેછે. ઈંગલંડના લોકો સખાવતમાં પેહલે દરજજેનો મરતબો ધરાવેછે, હવું જે હમો કહીએછે, તે વીશે નીચે પરગટ કરેલી વીગત જાંણીઆથી વાંચનારની ખાતરી થાશે. એખલાં લંડંન શે હેરમાં લગભગ ૫૫૦, ધરમખાતાંછે તેમાં સઘળા દરદોની દવાઈદારૂ કરવાને વાસતે ૧૨, મોટી હાસપીટાલ છે તથા ૪૬, હાસપીટાલ જુદાં જુદાં અને ચોકસ દરદોની દવાઈદારૂને વાસતેછે, જેમકે તાવના રોગવાલા ઓને વાસતે હાસપીટાલ જુદી, ખહીના રોગવાલાઓને વાસતે હાસપીટાલ જુદી, દીવાનાં લોકોને વાસતે જુદી, બાળકોને વાસતે જુદી, ઇતીયાદી. એ બંધે જાતની હાસપીટાલોમા દરદીઓને રાખીઆમાં પણ આ વેછે. એ ઉપરાંત લંડંનમાં ૩૪, "ડીસપેનસરી" એટલે જાંહાં દરરોજ દવાદારૂ લેવાને વાસતે લોકો જએછે, તેવાં દવાખાનાંછે આ તરણ જાતનાં દવાઈનાં ધરમખાતાંને સારૂ જાહેર હુંગરાંણામાં લોકો દર વરસે (૨૬૬૯૨૫૦) છવીસ લાખ, ઓગનોતેર હજાર, બશો પચાસ રૂપીઆ ભરેછે. લોકોનો જીવ બંચાવવાને સારૂ તથા તંદરોસ તી અને નીતીમાં વધારો કરવાને વાસતે બાર મંડળીઓ ઉભી થાઈછે, અને એ ખાતાંની દર વરસે (૩૫૭૧૭૦) તરણ લાખ, સતાવંન હજાર, એકશો સીતેર રૂપીઆની આવક થાએછે. જેઓએ એકવાર ઘણો પાપી તથા ગુનાહ ભરેલો મારગ પકડીઓ હોએ, તેવા લોકોને સુધારવાને સારૂ ૧૭, મંડળી ઉભી થાઈ છે. એ બધેની એક મંડળીએ એક "ફાઉંનડલીંગ" એટલેજે હરાંમ ઉલતના છોકરાંઓની પરવ રશી કરવાને વાસતે ધરમખાતું સથાપીઉંછે, તેમાં દર વરશે ૫૧૦ છોકરાંઓની પરવરશી થાએછે. છોકરીઓને સુધારવાને વાસતે ૧૧, ધરમખાતાંછે તે સઘળાંમાં ૧૦૦૦ ઉપર છોકરીઓને આસરો મ લેછે. છુટેલા ગુનેહગારોને મદદ કરવાને વાસતે તથા બંધવાઓને બંદીખાનાંમાં જઈને સુધારવાને તથા તે ઓને નાંણાનો કાંઈએક આસરો આપવાને તરણ ખાતાંછે, તથા હેવીજ કીસમની મદદ કરવાને બીજાં કેટ લાંએક ધરમખાતાંછે, તેમની વરસ દાહાડાની આવક (૩૯૪૮૬૦) તરણ લાખ, ચોરાણુ હજાર, આઠસો સા હઠ રૂપીઆ થાએછે. ગરીબ લાચાર અને નાંવારેસ લોકો જેઓ ઘરબાર વગરના દુખથી રસતામાં ભટકેછે, તેઓની મદદને સારૂ ૧૩ મંડળીઓ ઉભી થાઈછે. તેઓ ગરીબ લોકોને નાંણાની મદત કરેછે, તથા શીખ્યા

ળાના દીવસમાં રાતની વેલાએ રેહેવાને ઘર આપેછે, તથા કોલસા તથા પટેટા અને ખોરાકની બીજી અગત ની ચીજો આપેછે. એ મંડળીઓની વરસ દાહાડે (૧૮૩૨૬૦) એક લાખ, તેત્રાસી હજાર, બશો સાહાડ રૂપી આની આવક થાએછે. એ ધરમાણેના ધરમ કરવામા ખરચ લાગતી રકમ દર વરસે ફેરફાર થાએછે, અને જેમ બને તેમ હેવો આસરો દર વરસે વધતો આપીઆમાં આવેછે. બીજી ૧૪, મંડળીઓછે, તેઓ હેડવે લી બાબતનો ધરમ કરવાને વાસતે ઉભી થાઈછે. જેમકે જેઓ એકાએક કાંઈ નુકસાંન થાયાથી દુખમાં આ વી પડીઆ હોએ, તેઓને મદદ કરવાને વાસતે ધરમખાતાંછે; બે ધરમખાતાં વીધવાઓની મદદને વાસતે છે; બે ધરમખાતાં નાંધલા કરજદારોને વાસતેછે; તરણ ધરમખાતાં લાચાર ખલાસીઓને વાસતેછે; એક ધર મ ખાતું ગરીબ સ્કાચ લોકોને વાસતેછે; એક ધરમખાતું દુર દેશથી આવેલા ગરીબ લોકોને સારૂછે. બે ફ્રેંચ લોકોને સારૂછે; એક જરમન લોકોને સારૂછે; અને એક દરના લોકોને સારૂછે. એ ધરમખાતાંઓની વરસ દાહાડાની આવક (૨૭૩૮૭૦) બે લાખ, તોંહોતેર હજાર, આઠસો સીતેર રૂપીઆની થાએછે. જે ગ રીબ લોકો ઉદીયોગમાં હોએ, અને જેઓને નાંણાની કાંઈએક મદત જોઈએ, તેવા લોકોને વગર વેચાજે નાં ણા ધીરવાને વાસતે, તથા કેટલીએક મદદ કરવાને સારૂ ૧૯, ધરમખાતાંછે, તેનાં ખરચને સારૂ દર વરસે લગભગ (૧૦૦૦૦૦) એક લાખ રૂપીઆની આવક થાએછે. લાચાર લોકોને ઘેર બેઠાં મુશારો પોંહોંચાડવા ને ૧૨, ધરમખાતાંછે તેમાં દર વરસે (૨૪૦૦૦૦) બે લાખ ચીઆલીસ હજાર રૂપીઆ ભરાએછે. ગરી બ પાદરીઓની મદદને વાસતે ૧૫, ધરમખાતાંછે, તેમાં દર વરસે (૩૫૦૦૦૦) તરણ લાખ, પચાસ હજાર રૂ પીઆ ભરાએછે; ધંધા તથા ઉદીયોગમાં રોકાએલા ગરીબ લોકોને મદદ કરવાને વાસતે ૫૨, ધરમખાતાંછે, તે મા દર વરસે આસરે (૮૦૦૦૦૦) આઠ લાખ રૂપીઆ ભરાએછે. ઉમરે પોંહોચેલા ધરડાં આદમીઓને ઘર મધે આસરો તથા ખોરાકી પોશાકી આપવાને વાસતે ૧૨૬, ધરમખાતાંછે, તેમાં વરસ દાહાડે આસરે (૧૦૦૦૦૦૦) દસ લાખ રૂપીઆ ભરાએછે. આંધલા, બેહેરાં અને મુંગાઓની મદદને સારૂ ૯, ધરમખાતાં છે, તેમાં વરસ દાહાડે (૨૫૦૦૦૦) બે લાખ, પચાસ હજાર રૂપીઆ ભરાએછે. મા બાપ વગરના બાળકોની પરવરશીને વાસતે ૧૩, ધરમખાતાંછે, તેમાં દર વરસે આસરે (૫૦૦૦૦૦) પાંચ લાખ રૂપીઆ ભરાએછે. જે મા બાપો ગરીબ હોએ પણ પોતાના બચાંઓની પરવરશી નહી કરી શકતાં હોએ, તેવાં બાળકોની પરવ રશીને વાસતે ૧૬, ધરમખાતાંછે, તેમાં દર વરસે આસરે (૧૦૦૦૦૦૦) દશ લાખ રૂપીઆ ભરાએછે. એ ઉપરાંત લંડંન શેહેરના દરએક જીલ્લાના ગરીબ લોકોની મદદને વાસતે તાંહાંનાં તવંગર રેહેવાસીઓએ કેટ લાંએક ધરમખાતાંઓ ઉભાં કીધાંછે, તથા બીજાં ઘણાએક પરચુરણ ધરમખાતાંછે, તેઓની વીગત આપી અતરે લંબાણ કરવાની અગત દીસતી નથી. પોતાના મુલકમાં ખરીસટી ધરમની સહમજ આપવાને વાસ તે તથા દુર દેશોમાં એ ધરમનો ફેલાવો કરવાને વાસતે ૬૨, ધરમખાતાંછે તેમાં દર વરસે (૮૦૦૦૦૦૦) હેંસી લાખ રૂપીઆ ભરાએછે. એ પરમાણે પાંચશોથી વધારે ધરમખાતાં લંડંન શેહેર મધે છે, તેઓની મારફતે દર વરશે (૨૦૦૦૦૦૦૦) બે કરોડ રૂપીઆનો ધરમ થાએછે. ઉપલી વીગત લંડંનનાં ધરમખાતાંઓનાં એહ વાલનાં ૧૮૫૪ નાં વરસમાં છપાએલાં એક પુસ્તક ઉપરથી લીધીછે, પણ તારપછી દરએક ખાતાનું અગતપ ણ વધારે માંલુમ પડીઆથી તેનું કાંમ બેહોલું થાયાથી આજના વખતમાં દરએક ખાતાંનો ધરમ વધીઓ હશે, અને આજે દર વરશે સધળાં ધરમખાતાંઓમાં (૩૦૦૦૦૦૦૦) તરણ કરોડ રૂપીઆ ભરાતા હશે તે માં કશો શક નથી.

ગરીબ, લાચાર અને નાંવારેસ છોકરાંઓને લંડંનનાં તવંગર અને સખી તએના લોકો કેલવ ણી આપીઆ વગર રેહેવા દેતા નથી. એએઓને વાસતે લંડંન મધે આસરે ૪૦, નીસાળોછે, તેમાંની ઘણીએકમાં તે બાળકોને ખોરાકી પોશાકી પણ પોંહોચાડીઆમાં આવેછે. એ ઉપરાંત પણ લંડંનના દરએક

પારીશ તથા જીલ્લાના ભાગમાં તાંહાનાં રેહેવાશીઓની તરફથી નાંણુ ઉધરાવીને તે ભાગમાં રેહેનારા ગરીબો નાં છોકરાંઓને કેલવણી આપવા સારૂ નીસાળો સથાપેલીછે. એ ધરમની નીસાળોની મતલબ કેવીછે તથા તેઓ કોણને ફાએદો કરેછે, તે નીચે જણાવેલી ટુંક વીગત ઉપરથી માલુંમ પડશે. પાદરીઓના નાંવારેસ છોકરા તથા છોકરીઓને કેલવણી આપવાને વાસતે નીસાળોછે. નાંવારેસ તથા નાંદોસત છોકરીઓને વાસતે ની સાળોછે. નાંવારેસ છોકરીઓને ઉદીઓગ સીખવવાને વાસતે નીસાળોછે. આબરૂવાલાં મામાપોના નાંવા રેસ છોકરાંઓને ઓતમ કેલવણી આપવાને વાસતે નીસાળોછે. પાદરીઓ તથા લશકરી અને દરીઆઈ સ રદારોની નાંવારેસ છોકરીઓને મોંટાં કુટંબોના ગવરનેસનું કાંમ ચલાવવાને લાએક ઓતમ કેલવણી આપ વાને વાસતે નીસાળોછે. કેટલીએક નીસાળોમાં બાળપણથી તે ચઉદ વરસની ઉમર સુધીના સેંહકડો છોકરાં ઓને કેલવણી તથા ખોરાકી પોશાકી મલેછે. એક નીસાળ જે છોકરાંઓના મામાપો કોગલીઆના રોગ થી મરણ પાંમીઆં હોએ તેઓને વાસતેછે. કેટલીએક નીસાળો સીપાઈ તથા ખલાસીઓના નાંવારેસ છો કરાંઓને કેલવણી તથા ખોરાકી પોશાકી આપવાને વાસતેછે. એક વાર જેઓ દોલતમંદ હોએ, પણ પછવા ડેથી માઠાં ભાએગને લીધે ગરીબી હાલતમાં આવીઆં હોએ, તેઓનાં બાળકોને કેલવણી આપવાને વાસતે પણ એક નીસાળછે. કેટલીએક નીસાળમા ગરીબ લોકોની છોકરીઓને ઘરગતુ તથા સીવવાનું તથા રાંધવાનું અને કપડાં ધોવાનું તથા વાંચવા લખવાનું કાંમ સીખવીઆમાં આવેછે. "ફરીનિસનો" નાં નાંવારેસ છો કરાંઓને ખોરાકી પોશાકી સાથે કેલવણી આપવાને એક જુદી નીસાળછે. એ ઉપરાંત ઘણીએક નીસાળોમા ગરીબોનાં છોકરા તથા છોકરીઓને મુફત કેલવણી આપીઆમાં આવેછે, અને છોકરા તથા છોકરીઓની ની સાળો હમેશાં એલાહેદી હોએછે. ઉપર જણાવેલી નીસાળો મધેની ઘણીએકમાં નાંવારસ છોકરાંઓને વાંચવા લખવા સાથે અગત કરીને ઉદીઓગ તથા હુંનર સીખવવામાં આવેછે, જેથી તેઓને પાછલથી માંન અને આબરૂ સાથે પોતાનું ગુજરાંન ચલાવવાને બની આવે, અને હેવી ઉદીઓગશાળાઓ ઇંગલંડ ખાતે મુસાફ રી કરનારે અગત કરીને જોવી જોઈએછે. આંધળા, મુંગા તથા બેહેરાઓને કેલવણી આપવાને વાસતે પ ણ નીસાળોછે, તાંહાં તેઓને હેવી તરબીઅતથી કેલવણી આપીઆમાં આવેછે કે તે જોવાથી આપણને ખચી ત અચરતી ઉપજેછે. હવે કેટલાંએક અગતના ધરમખાતાંઓનો એહવાલ આપવાને શરૂ કરીએચ.

હાસપીટાલો.

દરદીઓને હાસપીટાલમાં રાખવાને તથા બાહેરના આજારીઓને દવા આપવાને વાસતે સેંનટ બરથા લોમીઉ હાસપીટાલછે. હીંમાં ૫૮૦ દરદીઓ રહી શકે એટલી જગોછે, અને દર વરસે (૭૦૦૦૦) સીતેર હજાર આદમીઓને આ દવાખાંનાંથી ફાએદો થાએછે. ફકત જુલાબની દવાના કારણુસર વરસ દાહાડે ૨૬૦૦૦, છવીસ હજાર રૂપીઆનો ખરચ થાએછે, તથા આસરે તરણ હજાર રૂપીઆ રેહેનારા દરદીઓને પાવાના "પોરટ વાંઇન" નાં થાએછે. એ હાસપીટાલમાં દરદીઓની સઘળી રીતની માહવજત થાએછે. સેંનટ ટાં મસ હાસપીટાલ પણ ઘણી મોટીછે, અને તાંહાં પણ આપવામાં આવતી દવા દારૂથી લોકોને ઘણો ફાએદો થાએછે. ઈસવી સનેની અઢારમી સદીની શરૂઆતમાં ટાંમસ ગાઈ નાંમના એક શખ્સે પોતાનાં ધંધામાં અતીઘણી કમાઈ મેલવીઆથી "લંડંન બરીડજ" આગલ આસરે (૧૯૦૦૦૦) એક લાખ નેવું હજાર રૂપી એ એક હાસપીટાલ બાંધી હતી, અને તેના ખરચને સારૂ લગભગ (૨૨૦૦૦૦૦) બાવીસ લાખ રૂપીઆ આપીઆ હતા. એ ઉપરથી એ હાસપીટાલનુ નાંમ ગાઈસ હાસપીટાલ કરીને રાખીઆમાં આવીઉંછે. હીં આં પણ દરદીઓને રાખીઆમાં આવેછે. એ પરમાણેની બીજી હાસપીટાલોના નાંમ નીચે જણાવીઆ પ રમાણેછે. વેસ્ટમીનસ્ટર હાસપીટાલ, સેંનટ જારજ હાસપીટાલ, લંડંન હાસપીટાલ, મીડલસેકસ હાસપી

ટાલ, ચેરીંગ ક્રાસ હાસપીટાલ, રાએલ ફરી હાસપીટાલ, કીંગસ કાલેજ હાસપીટાલ, યુનીવરસીટી કાલેજ હાસપીટાલ, સેંટ મેરીસ હાસપીટાલ, લંડન ફીવર હાસપીટાલ, ઈતીયાદી.

નાંવારેસ બાળકોને શુધારવા તથા ધંધો સીખવવાનાં ધરમખાતાં.

જે બાળકો નાંહની વએમાં કાંઈ ગુનાંહ કરતાં પકડાયાં હોએ, અને જેઓની ઉપર ગુનાંહ કરવાનો અનીઆ સાબેત થાયો હોએ, તેઓને માજીસટરેટ બંદીખાનાંમાં મોકલતા નથી, પણ "રેફરમેટરી" હેવે નાંમ નાં કેટલાંએક ધરમખાતાંછે, તે હાવા છોકરાઓને શુધારવાને સારૂ ઉભાં કીધેલાંછે. નાંહની વએનાં છોક રાઓ બંદીખાંનાંમાં મોટી ઉમરનાં અને પક્કા ચોરોની સંગતમાં આવીજાથી શુધરીઆને બદલે બીગડે, તે ઉ પરથી તેઓને સારૂ હાવા ખાતાં સથાપવાની અગત પડીછે. વળી કેટલાંએક ધરમખાતાંછે, તાંહાં ગુનાંહ ક રેલાં છોકરાં નહી, પણ રસતામાં રખડતાં રઝડતાં જે છોકરાંઓ મલે તેઓને વાસતેછે. એ બંધે ખાતાંનો કારભાર એકજ રીતનોછે, તથા તાંહાં કેલવણી પણ ઘણી ખરી એક સરકીજ આપીઆમાં આવેછે. ફકત એ બંધે માં તફાવત એટલોજછે કે, પેહલલે જણાવેલાં ધરમખાતાંમાંથી છોકરાંઓથી પોતાની મેલે નીકલી જવાએ નહી, અને બીજાંમાં છોકરાંઓને તેમની મરજીની વીરૂધ રખાએ નહી. એ બંધે તરાંહનાં ખાતાંઓ આ લખનારનાં તપાસીઆમાં આવીઆંછે, અને તાંહાં એ માઠાં ભાએગનાં છોકરાંઓને જે માયાલુ રીતે રાખીઆમાં આ વેછે, તથા તેઓને શુધારવાને સારૂ જે અનેક પરકારનાં ઉપાયો કાંમે લગાડીઆમાં આવેછે, તે જોઈને આપ ણને અચરતી ઉપજીઆ વગર રેહતી નથી. જે ધરમખાતાંમાં રસતામાં રઝડતાં રખડતાં છોકરાં જાએછે, તેવાં લંડન મધેનાં એક ખાતાંને " હાઉસ આવ આકુપેશન " કરી કેહવામાં આવેછે. હીંઆં ૧૨૦ છોક રા અને ૧૨૦ છોકરી રહી શકે એટલી જગાછે. એ ખાતાંનાં ખરચને સારૂ નવ લાખ રૂપીઆની પુંજીછે અને દર વરશે લોકો તેમાં ઘણુએક નાંણુ ભરેછે. પેહલલે વેહલલે છોકરાઓને પકડીને હીંઆં લાવે છે, તારે તેમને લખવા તથા વાંચવાનુ સીખવેછે, અને તેહાર પછી, જેને જેવો ધંધો પસંદ પડે, તેવો દરજી નો, અથવા મોચીનો અથવા સુથારનો, અથવા સાદરી બનાંવનારનો ધંધો સીખવવામાં આવેછે. જે છોક રાઓને દરીઆઈ જનમારો પસંદ આવતો હોએ, તેઓને " રાએલ નેવી " નાં વાંહાંણો ઉપર ચાકરી રાખી આમાં આવેછે. આ જગાએ હોલ તથા સડ સાથની એક બોટ મેલેલીછે, તેની ઉપર છોકરાઓ ચહડેછે અ ને વાંહાંણ ઉપર ચાકરી જયાની આગમજ ખલાસીનાં કાંમની કેટલીએક માહેતગારી મેલવેછે. છોકરીઓને પણ વાંચવા લખવા સાથે તેમને લાએક દરજંનનાં અથવા બીજા ધંધા સીખવવામાં આવેછે. એ છોકરાંઓ ને ખોરાકી પોશાકી પણ હીંઆંજ પોંહોંચાડીઆમાં આવેછે. રાતને સમે સઘળાઓને એક મોટા ઓરડા માં હારેદોર સુવાડીઆમાં આવેછે, અને દરએક જણને જુદું બીછાંનુ હોએછે, તે તેઓ પોતાંને હાથે દર રોજ પાંથરેછે. જે છોકરાંઓ આ ખાંતાંમાં રહેમાં હોએ, તારે સારી ચાલ બતાવી હોએ, તેઓને તાંહાંથી જતી વેલાએ સારી ચાકરી મેલવવામાં તાંહાંનાં કારોબારીઓથી ઘટતી મદદ મલેછે, એટલુંજ નહી, પણ તેઓને એ ક જોડી પોશાકની મલેછે. આ ખાંતાંમાં રહેઆ પછી જેઓ ધંધે અથવા ચાકરીએ લાગાં હોએ, તેઓ જો પોતાનાં ધણીઓ પાસેથી સારી ચાલની "સરટીફીકિટ" લાવે તો, તરણ વરસ સુધી તેઓને આ ધરમખાતાંમાં થી દર વરશે એક પાંઉડ અથવા દશ રૂપીઆનું ઈનાંમ આપીઆમાં આવેછે. એ પરમાંણે આ તથા બીજાં હેવાં ખાતાંથી ગરીબ બાળકોનાં હકમાં બેહદ ફાએદો થાએછે.

બેહરા, મુંગા તથા હાંધલાઓની પરવરશીને સારૂ ધરમખાતાં.

આપણા દેશમાં જેવો માંઠા ભાએગે મુંગા તથા બેહરાં હોએછે, તેઓ હંમેસાં અગનીઆંત તથા હેવાંત નાં જેવી હાલતમાં રેહેછે. પણ ઈંગલંડ અને યુરોપખંડનાં બીજાં સુધરેલાં દેશોમાં તેઓને તેવી માંઠી અ

વસથામાંથી કેટલેએક દરજજે ટાલવાને અતીઘણી કોશેસ કરીઆમાં આવેછે. હેવું જણાવીઆમાં આવીઉંછે કે, જેઓ જનમથી બેહરા હોએછે, તેઓ જનમથી મુગા પણ હોએછે, અને જેઓમાં આ બંધે દુખ એકઠાં હો એછે, તેઓને કેલવણી આપવાનું કાંમ ઘણુ બીકટ પડેછે. એ કાંમ ગમે તેટલું બીકટછે, તોપણ તેઓને ગને આંન આપવાને તથા કેલવણી આપવાને જેમ બને તેમ કોશેસ કરીઆમાં આવેછે. બેહરાં તથા મુંગા છો કરા અને છોકરીઓને સારૂ કેટલીએક નીસાળોછે, અને આ માંઠા દુખમાં ફસેલા જેઓ ગરીબ અથવા નાં વારેસછે, તેઓનીતો તે નીસાળમાં ખોરાકી પોશાકી સાથે પરવરશી પણ થાએછે. એ છોકરાંઓને અગત કરીને નીશાણ તથા અસારતથી બધું સીખવવામાં આવેછે. એઓને કેલવણી આપવાને સારૂ પેહલી નીસા ળ લંડન મધે ૧૭૯૨ નાં સાલમાં હુંગાડીઆમાં આવી હતી. "ઓલડ કેંનટ રોડ" નામનાં રસતા ઉપર હમણા જે મોટી નીસાળછે, તે ૧૮૦૯ નાં સાલમાં જાહેર હુગરાંણાથી બાંધીઆમાં આવી હતી. હીંઆં ૩૦૦ મુગાં તથા બેહરાં બાળકો કેલવણી લીએછે. તવંગરનાં મુગાં તથા બેહરાં બચાંઓ પણ હીંઆંજ કેલવ ણી લીએછે, પણ રાતનાં તેઓ પોતાને ઘેર જાએછે, અને ગરીબ તથા નાંવારેસ બાળકો હીંઆંજ રેહેછે. પે હલ વેહલાં એ બાળકોને અખ્ખરો પારખવા તથા તે અખ્ખરો બોલતી વખતે કેવો અવાજ નીકલેછે, તે હાથની તથા મોહડાંની નીશાંણોથી સંમજાવીઆમાં તથા સીખવવામાં આવેછે. ઈંગરેજી ભાશાનાં ૨૬ મુલ અખ્ખરોછે, તે દરએક અખ્ખસર બતાવાને તથા સમજાવાને હાથનાં આગલાંથી નીશાંણો પેડવેલીછે, તે ની શાંણો વારેવડીએ બતાવીઆથી તથા તે નીશાંણ કરતી વેલાએ તે અખ્ખર સ્લેટ ઉપર લખીને તથા મોહો ડાંથી બોલી હોટ કેવી રીતે હીલેછે તે બતાવીને પેલાં બાળકોને અખ્ખરોનુ ગનેઆંન આપીઆમાં આ વેછે. એ પરમાણે અખ્ખરોનું ગનેઆંન આવીઉં કે, પછી તેઓને નાંધલા નાંધલા શબદો સીખવવામાં આવેછે. એ શબદોમાં આવતા દરએક અખ્ખરની વારાફરતી હાથનાં આંગલાંથી નીશાંણ કરીઆથી, તે શબદો તે બાળકો ધીઆંનમાં લીએછે, તથા તે શબદોનો સું અરથ થાએછે, તે અસારતથી અથવા વસતુઓ જોયાથી તેઓને સમજ પડેછે. જેમકે "ઈટ" એટલે ખાવું, તારે મોહડાંમાં કાંઈ ખાવાનુ મેલી ખાઈ જઈ ને બતાવે કે આ બોલનો અરથ ખાવાનો થાએછે; અથવા "બુક" એટલે કેતાબ, તે એક કેતાબ દેખા ડીને સમજાવે કે તે શબદનો આંએનો કેતાબ થાએછે. વલી એવી સમજ આપવાને સારૂ કેતાબો પણ છા પીને પરગટ કરીઆમાં આવીછે, તેમાં આપણુ સંસારી તથા વેહવારી તથા બીજા કાંમકાજમાં આવતી સઘ ળી જીનસોનાં તથા દુનીઆ ઉપરનાં સઘળા પરાંણીઓનાં આકાર છાપીઆછે, અને તેમની નીચે તેનાં નાં મો છાપીઆંછે, તે નાંમો જોઈને આ માઠાં ભાએગનાં બાળકો સમજેછે કે ફલાંણી ચીજ ફલાંણી ચીજને કે હેછે. એ મોશાલે ઘણો અભીઆસ થાયાથી જરે શબદોનાં અરથ તેઓનાં ધીઆંનમાં ઉતરેછે, તારે તેઓ વાકીઆ સમજવાનુ, તથા લખવાનુ તથા વાંચવાનુ શરૂ કરેછે, અને એમ કરતાં કરતાં તેઓનો અભીઆસ વધેછે. પેહલ વેહલલું અંડાંત સઘળું હાથની નીશાંણ ઉપરછે. એકવાર તેઓ દસકતો પારખી મનમાં વાંચવા સીખી આ, કે પછી બીજું કાંમ સેહલું થાયેછે. જે ચોપડીઓ તેઓ વાંચે, અને તેમાં તેઓ સું સમજીઆ તે તેઓ પણ પોતાનાં હાથનાં આંગલાંની નીસાંણુથી પોતાનાં શીખશકને જણાવેછે, તથા તેઓને જે કાંઈ સવાલ શી ખશક પુછેછે, તેનો જવાબ પણ તેજ રીતે આપેછે. કેટલીએક બાબતો ઉપર એ છોકરાઓ પાશે નાંધલા ર શાલા પણ લખાવીઆમાં આવેછે અને પછી તેઓનાં શીખશકો તે શુધારેછે, તેથી તેઓમાં કેટલેએક દર જજે વીચાર કરવાની શકતી વધેછે, અને ભાશા લખવાનો ફાએદો પણ સીએછે. એ મુગાં તથા બેહરાં છો કરાંઓ પોત પોતા વચે વાતો કરેછે, તે પણ હાથનાં આગલાંઓની નીસાંણથી અને તે વલી એટલી ઝડપથી કે આપણે વાત કરતા હોઈએ તેથી વધતો વખત લાગે નહી. એ મુજબ આસતે આસતે તે બાળકોને લ ખવા તથા હીસાબો તથા ધરમ શાસતર તથા જુજ તવારીખ તથા ભુગોલ પણ સીખવવામાં આવેછે. એ

પરમાણે તેઓને કેલવણી આપીઆ પછે, કોઈ ધંધાદારીને તાંહાં તેઓને રાખીઆમાં આવેછે, તાંહાં તેઓ ઉદમ સીખેછે, અને પછી તે ઉદમથી પોતાનુ ગુજરાંણ કરી શકેછે. આ છોકરાંઓને હીંઆં જે સીખવીઆમાં આવેછે, તે નજરે દેખાડીને અથવા જે સમજ આપવી હોયે, તે તેને લખીને જણાવીઆથી બનેછે. આ પરમાણે જો એ બાળકોને કેલવણી આપીઆમાં નહી આવી હોયે તો, તેઓ કાંહાં જનમીઆંછે અને આ દમી સું ચીજછે અને બોદા કોણછે, તે પણ સમજીઆ વગર જેમ જનમે તેમ મરણ પાંમે, અને દુનીઆ માં કોઈજ કાંમને લાએકનાં થાયે નહી, વાસતે આ ધરમખાતુ કાંઈ થોડાં પુનનું કામ નથી. એજ ખાતાં માં છોકરીઓની પણ નીસાળછે, તાંહાં સઘળી કેલવણી જેમ છોકરાઓને આપીઆમાં આવેછે, તેમ તેઓ નેબી આપીઆમાં આવેછે, તે વતરોગે તેઓને ભરવાનું, તથા ગુંથવાનુ તથા સીવવાનુ સીખવીઆમાં આવેછે.

વલી જેઓ જનમથી આંધળાંછે, તેવાં બાળકોને કેલવણી આપવા તથા તેઓની પરવરશી કરવાને સારૂ, તથા જે ગરીબ મરદ તથા ઓરતો આંધળા થયા હોયે, તેઓની પરવરશીને વાસતે જે ધરમખાતાં સ થાપીઆમાં આવીઆંછે, તાંહાં જઈ તે જોયાથી ગમે તેવું સખત દીલ હોયે, તેપણ પીગલી જાયેછે. જેઓ આંખે આંધળા, તેઓ આ દુનીઆનું કોઈ શુખ હાંશલ કરી શકતા નથી, તેઓની હાલત જેમ બને તેમ સુ ખી કરવાની કોશેસ કરવી, એ મોટું પુનનું કાંમછે. આ માડા ભાએગનાં લોકોને પેહલલાં કેલવણી આપીઆ માં આવેછે. તેઓને સારૂ લાકડાંનાં દીબાંનાં દસકતો કરીઆમાં આવીઆછે, તેની ઉપર હાથ ફેરવી તે દ સકતો પારખવાને તેઓને સીખવીઆમાં આવેછે, અને એ પરમાણે દસકતો તથા શબદો વાંચવા સીખી આથી તેઓની કેલવણીનું કાંમ આગલ વધેછે. હવડાં ઈંગલંડ મધે તેઓને સારૂ કાગલ ઉપર ઉઠેલા દસક તોનાં પુસતકો છાપીઆમાં આવીઆંછે અને તે પુસતકની લીટીઓ ઉપર આંધલાઓ હાથ ફેરવતા જાઈને વાંચે છે. એઓને સારૂ હેવા દસકતોથી આખી બાઇબલ છાપીઆમાં આવીછે. આંધળાઓને અગત કરીને તેમ નો વખત વગર કંટાલો આવવે રોકવાને બની આવવાને સારૂ, તેઓને ગાએણ ગાવાને તથા "આરગન" વાજાંની પેટી વજાડવાને સીખવીઆમાં આવેછે. હેવી પેટીઓ એકથી વધારે હોયેછે, તેથી ઘણા જણાઓને વારા ફરતી તે ગમતમાં રોકાવાને બની આવેછે. આ શખસોને કેટલીએક તરખીબતથી કેટલાએક હુંનર, જે મકે સાદરી બનાંવવાનું, તથા સાધારણ સુથારનું, તથા હાથે કાપડ બનાંવવાનું કાંમ સીખવીઆમાં આવેછે અ ને તેમાં તેઓ ખુશીથી પોતાનો વખત કાહાડેછે. કેટલાએક આંધળાઓને મોચીનુ કાંમ પણ સીખવીઆમાં આવેછે અને જો કે આ મોચીઓનાં બનાંવેલા જોડા બજારમાં નહી ખપે, તોપણ તે ખાતાંમાં કામ લાગી શ કે તેવા બનેછે. જેઓ મેહનત કરેછે, તેઓ સારી તંદરોસતી ભોગવેછે, તેથી ઘણા જણ કાંઈબી મેહનત કરવાને આલશી કરતા નથી. આંધલી અસતરીઓને ઇસટાકીન તથા ટોપી તથા બીજું ગુંડવાનુ કાંમ સીખવીઆ માં આવેછે, અને તેઓને વાસતે પણ સઘળી રીતની સારી ગોઠવણછે. એઓની માહવનજતને વાસતે તેઓ ને લગતાં ખાતાંમા અસતરીઓનેજ ચાકરી રાખેલીછે.

બેથેલમ હાસપીટાલ † દેવાનાંઓને સારૂ ધરમખાતું.

એ હાસપીટાલમાં દેવાંનાંઓને શુધારવા સારૂ ઘણા ગુણગારા ઉપાયો કરીઆમાં આવેછે, તેથી તે ધરમ ખાતુ જોવા લાએક થાયુંછે, અને તેમાં અગત કરીને પારકા દેશનાં મુસાફરને તે જોવાથી ઘણીજ અચર

† ખરીસટીઆંન લોકોના પેગંમબર જીજસ ક્રાઇસટનો જનમ બેથલેમ સેહરમાં થયો હતો. જંહાં હમણા આ હાસ પીટાલછે તે જગાએ આગલે રોમન કેથેલીક પાદરીઓનાં હસતકમાં એક ધરમખાતું હતું, અને તે ધરમખાતાં મધે જેઓ ની પરવરશી થાતી હતી તેઓ બેથલંમનો "સ્ટાર" અથવા નીસાંણ પેહરતા હતા, તે ઊપરથી પાછલથી જહરે એ જગો ઉ પર આ હાસપીટાલ બાંધીઆમાં આવી, તારે તેને બેથલેમ હાસપીટાલનુ નાંમ આપીઆમાં આવીઉ હતું.

તી તથા ખુશી ઉપજેછે. જે દેશમાં તાંહાંનાં રેવાજથી પારકા પોશાક સાથનાં બીજા દેશાવરનાં લોકોનો આવ જવ થોડો હોયે, તે દેશમાં અલબતાં કોઈ કોઈ વાર પારકા લોકો દેખાયે, તારે તેઓને જોવાને રસતામાં લોકોની ઠઠ મલે, અથવા મસખેરીબી થાયે તેમાં નવાઈ જેવું નથી, તે મીશાલે જારે આપણા પારસીઓ લંડન નાં રસતામાં દેખાએછે, તારે આપણી (તાંહાંનાં લોકોને મનસે અચરત સરીખી) પાઘડી જોવાને લોકો એ કઠા થાયેછે, અને ઘણી વેલા મસખેરીની રાહે "હુ ઈજ ઈએર હાટર" એટલેજે તમારી પાઘરી બનાવનાર કોણછે, એ પરમાંણેના સવાલ સાથનાં પોકાર પણ મારેછે. આ રીતનાં ઠઠાનાં સખુનો સાંભલવાની જે પા રકા મુસાફરને આડત પડી હોયે, તે તાંહાંનાં દેવાનાંઓની હાસપીટાલ જોવા જવાનો હોયે, તેની આગમ જ ખચીત હેવો વીચાર કરે કે, તેની પાઘડી તથા બીજે પોશાક જોઈને તે દેવાંનાંઓ ઘણુજ હસશે, તથા ગ ભરાટ કરી નાંખશે, તથા સેંહકડો વખત "હુ ઈજ ઈએર હાટર" કરી પુછશે. જે શખસ આ પરમાણે વી ચાર કરે તેનો આપણીથી કસો વાંક કહડાયે નહી, પણ ઉપલી હાસપીટાલ મધેની ગોઠવણ હેવીતો સારીછે, તથા દરદીઓને તાંહાં દાખલ કરીઆ પછી તેઓની હાલત અને ચાલ ચલણમાં એટલોતો ફેરફાર થાએછે, કે તે ખાતું જોવા જનાર શખસ પોતાનાં આગલા વીચારની તરત ભુલ જુએછે; અને જો તે આગમજથી જાણતો નહી હોયે કે, તે દેવાંનાંઓની વચમાંછે, અને વગર જાણ્યે તેને તાંહાં લઈ જઈ મેલીઆમાં આવી ઓ હોયેતો, તે શખસ કધી હેવો વીચાર નહી કરશે કે, તે દેવાંનાઓની હાસપીટાલમાંછે, પણ હેવું ધારશેકે લંડન શેહેર મધે ગનેમાંન અને ગમત આપનારા સેંહકડો ખાતાંછે, તેમાંનુ આ પણ એક હશે. કેટલાએક લોક જાણે પોતાનાં સાધારણ કાંમમાં ગુતેલા હોયે તે મીશાલનો દેખાવ અંદર દાખલ થતાંને વાર આ પણી નજરે પડેછે. જોવા જનારની તરફ કોઈબી દરદી પોતાનું ધીમાંન દોડાવતો નથી, વખતે સલાંમ કરી પોતાને મારગે ચાલતો થાએછે. રસતામાં ફરનારા લોકો હજુર પારકા લોકોને તીકેછે, તેઓની તરફ જોઈ ને હશેછે, અથવા મસખરી કરેછે, પણ આ દેવાંનાંઓતો એટલુંબી નથી કરતા. આ પરમાંણેનો માંમલો જોઈ ઘણાએક મુસાફરો હેવું બોલી ગયાછે કે, શેહેરમા ફરતા ચીબાવલા શખસો કરતાં આ દેવાનાંઓ વધા રે શેમાંણપણ ધરાવતા માલુંમ પડેછે.

આ હાસપીટાલમાં લોંએ તલીઆં સાથે બે માલછે, અને ચહડતા ઉતરતા મરજ પરમાણે દરદીઓ ને ગોઠવીને તેમનો દરએક માલ ઉપર સમાંવ કરીઆમાં આવીઓછે. એક માલ ઉપરનાં દરદીઓને બીજા માલ ઉપર જવાની છુટ નથી, કાંએજે જેમ બને તેમ એક સરખાં મગજની હાલતનાં શખસોને સાથે રાખ વાનો ફાએદો માલુંમ પડીઓછે. જેઓ ઘણાજ દેવાંની હાલતમાં હોયે, તેઓને લોંએ તલીએ રાખીઆમાં આવેછે; જેઓ કાંઈએક શુધરીઆ હોયે અથવા જેઓનો મરજ વચલે દરજજેનો હોયે, તેઓને પેહલલે મા લે રાખીઆછે અને જેઓએ દેવાંનાંપણાની અંદર ખુન કીધાં હોયે, અથવા તેવું કરમ કરવાની કોશેસમાં પકડાયા હોયે, તેઓને બીજા માલ ઉપર રાખેલાછે. એ સઘળા દરદીઓ પોત પોતાનાં માલ ઉપર છુટા ફરે છે, કોઈનેબી બેડી અથવા કશી રીતની બંદી નથી. જેમ જેનો શોખ હોયે, તેમ કોઈ વાંચેછે, કોઈ લખે છે, કોઈ ગાએણ કરેછે, કોઈ ઉદીઓગમાં રોકાએછે. આ બીનાં જોયાથી આપણને અલબતાં અચરતી ઉપ જેછે કે, જેઓ પોતાનાં કાંમને વાસતે જોખમ ધરાવતા નથી, તેઓને આ પરમાણે સી રીતે છુટા રાખી આમાં આવેછે. પણ એ વીશે બોલાસો એછેજે, આગલા વખતોમાં દેવાંનાં આદમીઓને બાંધી રાખતા હ તા, પરેજ કરતા તથા માર મારતા હતા, તેથી તે શીખશાની ધાસતી અથવા તેથી ઉપજતા ગોસસાથી દર દીઓનાં મગજ ઉપર વધારે ખરાબ અશર થાતી હતી, અને તેઓની હાલતમાં શુધારો થાયાને બદલે ઓ ર વધારે ખરાબી થાતી હતી. અનભવએસથી હમણા હેવું માલુંમ પડીઉંછે કે, દેવાનાં શખસને જેમ જે મ તેનાં મારગસર રેહવા દઈજીએ અથવા તેનાં જતી અથવા ખુદરતી શોખની ચીજ આગલ તેને મેલી

તેને ગમે તેમ તેનું ધીચ્યાંન રોકવાની જોગવાઈ આપીએ, તેમ તેમ તેની સુધ ઠેકાંણે આવતી જાએછે, અને તેનાંમાં સુધારો થાતો જાએછે. જો કોઈ શખસ તોફાંન કરેછે, તો તેને કોઈબી રીતના મારની શીખશા થા તી નથી, પણ તેને બાતર એક ઓરડામાં એક અથવા બે કલાક સુધી એખલો રાખીચ્યામાં આવેછે. એ ઓરડાની જમીન તથા ચાહરે બાજુ ઉપર નરમ બીછાંનાં જડી લીધેલાંછે, તેથી પેલો શખસ દેવાલ અથવા જમીન સાથે ગમે તેટલો અથડે, તોબી તેનાં શરીરને કસું નુકશાંન થાએ નહી. એ વગરે બીજો કોઇ વધા રે સખત ઈલાજ તાંહાં કરીચ્યામાં આવતો નથી, અને હંમેસાં હેવું બનેછે કે, પેલા ઓરડામાં એક અથ વા બે કલાક રહેચ્યા પછી પેલો દરદી પોતાની મેલે સુધમાં આવી બાહેર નીકલવાને વાસતે કાલાવાલા કરે છે. ઉપર જણાવીઉંછે કે દેવાનાં શખસનું ધીચ્યાંન તેનાં ખુદરતી શોખ ઉપર લાગાથી શુધરેછે, માંટે તે વી શે ઘટટા ઉપાએ એ ખાતાંમાં કરીચ્યામાં આવીચ્યાછે. વરતમાંન પતરો તથા કેતાબો વાંચવાનાં શોખીઓ ને સારૂ દરએક માલ ઉપર પુસતકખાનાંછે; ગાએણનાં સોખીઓને સારૂ "પીએનોફોરટ" વાજાંની પેટીઓ છે; પંખેરાંનાં શોખીઓને વાસતે મોટાં પીજરાંઓમાં તરેહવાર જીવતાં પંખેરાંઓનો જમાંવછે; ઝાડ પાંણુ નાં શોખીને વાસતે ફુલનાં તથા બીજાં તરેહવાર ઝાડનાં રોપાનાં કુંડાંની હાર મેલેલીછે; લુસતર વીદીઆ નાં શોખીને સારૂ તાંહાં એક સંગરહસથાંન છે; લડાઈનાં શોખીને સારૂ મોટી અને નાંમીચી લડાઈઓનાં ચીતાર તથા લડાએક પેહલવાંનોની સબીઓછે; ધરમી અને કુટંબના શોખીઓને સારૂ બંદગી અને એબાદતમાં ગુતેલાં ટોલાંનાં તથા બીજાં સારાં ચીતારોછે; રમતનાં શોખીને સારૂ રંમવાનાં પાંનાં તથા બીલરડ તેમલ તથા બી જાં તરેહવાર રમત દાવનાં હથીચ્યારોછે. એ પરમાણેની જોઠવણુથી કેટલાએકો કેતાબ વાંચવામાં ગુતેછે, કે ટલાએકો વરતમાંન પતરો વાંચેછે, કેટલાએકો વજંનતર વજાડેછે, કેટલાએકો પંખેરાંઓ સાથે ગમત કરેછે, કેટલાએકો ફુલ અને ઝાડ પાંણુ સાથે વખત કાહાડેછે, કેટલાએકો રમતમાં ગુતેલા હોચ્યેછે. વલી એ ઉપરાં ત આ હાસપીટાલની સાથે સુથારનું તથા લુહારનું તથા કાપડ વનવાનું એક નાંખલું કારખાંનું જોડેલુંછે, તેથી જેનાં ધીચ્યાંનમાં મેહનત તથા ઉદ્દીઓગ કરવાનું આવે, તે તાંહાં જાઈને પોતાનો વખત રોકી શકેછે. જાહરે આપણે આ સઘણું એક વખતે એક નજરે જોઈએછે, તારે ઉપલું ખાતું દેવાનાંઓને સારૂછે અથવા તે ઘરમાં નાં રેહવાશીઓ દેવાનાંછે, હેવું મુતલગ લાગતું નથી, પણ એક મોટો મેહેલ માલુંમ પડેછે, કે જાંહાં દરએક ગરહસથ પોતાનાં શોખ પરમાંણે રોકાએલો દીશેછે. ઈમારતની આસપાસ એક મોટો વરાણુછે અને તેમાં સારો બાગ બનાંવેલોછે તાંહાંપણ જેઓની ખુશીમાં આવે તે થેડવેલે વખતે જાઈને ફરી શકે. હાવી રીતે દેવાંનાં આદમીઓનું મંન રોકાયાથી મસતી તથા તોફાંન કરવાનું તેમને સુજ પડતું નથી, અને તેમનુ મગજ ઠેકાંણે રહી આસતે આસતે શુધરેછે. આપણા લોકોમાં હેવો વીચારછે કે દેવાનાં આદમીને ઘણો ખોરાક નહી આપવો જોઈ એ, અને એ વીચાર આગલ ઇંગરેજોમાં પણ હતો, તે વીચાર હમણાની અજમાંએસથી ખોટો ડડીઓછે. આ હાસપીટાલમાં જેને જોઈએ તેટલો ખોરાક આપીચ્યામાં આવેછે, પણ તે ખોરાક સાદો અને સુતરો હોચ્યેછે. એ ખાતાંની સાથે હમેસાં એકથી વધારે ડાકટરો રેહેછે, તેઓ દરરોજ દરદીઓને તપાસેછે અને જો કોઈ બી જો મરજ નહી હોચ્યે તો, દરએક દરદીને એક પેંટ બીર આપવાનોબી તે ડાકટરોનો હોકંમછે. એક મોટી ટેમલ ઉપર સગળા દેવાનાંઓ સાથે ખાએછે, અને સાજાં આદમીની માફક પેહલલાં બંદગી કરેછે અને પછી ખાએછે. તેઓની આગલ જે છરી કાંટા મેલીચ્યામાં આવેછે, તે ધાતુનાં નહી પણ હાડકાંનાં બનાંવેલા હો એછે, અને એ જોઠવણુ સાહુચેતીથી દાખલ કરીચ્યામાં આવીછે.

આ ઈમારતને લગતો એક બીજો ભાગછે તાંહાં દેવાંની ઓરતોને રાખીચ્યામાં આવીછે. ઓરતોનાં ખાતાંમાં ડાકટર સીવાએ એકબી મરદ ચાકરી નથી. ઉપરી તથા સગળા ખીદમતગારો ઓરતજછે. મરદોનું ધીચ્યાંન રોકવાને સારૂ જેવી જોઠવણુ તેઓનાં ખાતાંમાંછે, તેવીજ જોઠવણ આ ખાતાંમાંછે, અને તેનાં ફાએ

દાની જેવી સારી અસર મરદો ઉપર થાએછે, તેવીજ ઓરતો ઉપર પણ થાએછે. ઉદ્દીઓગી મરદોને વાસતે કારખાંનાંછે તેમ ઓરતોને સીવવાની તથા ચીકન ભરવાની તથા સ્ટાકીન ગુંડવાની જોગવાઈ આપીચ્યામાં આવેછે. આ જગાએ એક મોટું દીવાંનખાંનુછે તે નાંચ તથા ગાએણનાં કાંમમાં વાપરીચ્યામાં આવેછે. એ ઓરડામાં અથવાડીચ્યામાં એક અથવા બે વાર નાંચ કરીચ્યામાં આવેછે. જે મરદો તથા ઓરતોને નાંચવાનો શોખ હોએ, તેઓને એ ઓરડામાં જવાની પરવાંનગી મલેછે, અને તાંહાં તેઓ પોત પોતા વચે નાંચેછે, અને તાંહાંનાં ઉપરીઓનું એવું મતછે કે, જેઓ તે નાંચમાં ઘણા ખુશી અને ઉલટથી સાંમેલ થાએ છે તેઓ બીજા દીને સારી સુખાકારી પાંમતા માલંમ પડેછે. દર સંતવારે સારંગી સાથનું ગાએણ થાએછે, તેમાં પણ મરદ ઓરતોને સાંમેલ કરીચ્યામાં આવેછે, અને એ બે વખત વતરોગે મરદ અને અસતરીઓને તેઓની હલચ્યેદી જગોએ રાખીચ્યામાં આવેછે.

ઉપર જણાવેલી વીગત ઉપરથી આ હાસપીટાલની જોઠવણ તથા તે મધે દરદીઓની માહવજત કેવી કરીચ્યામાં આવતી હશે, તે વીશે વીચાર કરવાને વાંચનારને મની આવશે. હવે એ હાસપીટાલની કાંઈએ ક તવારીખ ટુકમાં જણાવવાની જરૂરછે. ઇસવી સને ૧૪૦૨ નાં સાલમાં આ હાસપીટાલ દેવાંનાંઓને વા સતે હતી હેવું વાંચીચ્યામાં આવેછે. પેહલલાં પાદરીઓ જે ઈમારત વાપરતા હતા, તે ભાગી ટુટી હાલત માં આવી પડીચ્યાથી ૧૬૭૫ નાં સાલમાં (૧૭૦૦૦૦) એક લાખ સીતેર હજાર રૂપીચ્યાનાં ખરચથી બાંધી આમાં આવી હતી. પાછલથી એ હાસપીટાલ દેવાંનાંઓનાં કાંમને લાએકની નહી જાણીચ્યામાં આવીચ્યા થી ૧૮૧૫ નાં સાલમાં ફરીથી બાંધીચ્યામાં આવી હતી, અને એ નવી ઈમારત જે લંમાઈમાં ૮૯૭ ફુટછે તેની ઉપર (૧૨૨૫૭૨૪) બાર લાખ, પચીસ હજાર, સાતશોને ચોવીસ રૂપીચ્યા ખરચ થાયો હતો. એ મોટી રકમ સરકારની તથા લોકોની બખશેસથી જમાવ થાઈ હતી. સને ૧૮૪૫ ના સાલમાં એ ઈમારતની વચે વચમાં એક ગુંબજ બાંધીચ્યામાં આવીઓ હતો તે ગુંબજની જમીનથી ઉંચાઈ ૧૫૦ ફુટછે.

આ હાસપીટાલમાં હમણા જેવી સારી જોઠવણુછે તેવી અસલથીજ હશે, હેવું કોઈએ સમજવું નહી. ઇસવી સને ૧૪૦૩ નાં સાલમાં એ ખાતાંનો હસાબ જોઈએછે, તો તેમાં લોહોડાંની બેડી તથા સાંક લો અને તેવાજ બીજા સામાંનનો મોટો ખરચ થાએલો જોયામાં આવેછે. ૧૫૯૮ નાં સાલમાં એ ખા તાંની હાલત હેવીતો ખરાબ હતી કે, તાંહાંનાં દરદીઓને બંદીવાંન કેહતા હતા. એ વખતમાં જે શખસ તે ખાતું જોવા જાએ તેની પાસેથી એક પેની અથવા બે ફદીઆં લીધામાં આવતાં હતાં, અને એ પરમાણે ની ઉપજનાં દર વરશે ચાર હજાર રૂપીચ્યા થાતા હતા. આ ચાલ હમણા કાહાડી નાંખી જેઓ સારાં આ દમી હોચ્યે તેઓને મુકત જોવા દીધામાં આવેછે, અને આગલી ચાલ જેથી એક પેની ખરચી હરકોઈ શખસ તાંહાં જતો હતો અને તેથી દરદીઓને ઘણુ હીનું લાગતું હતું તે મોકુફ કરીચ્યામાં આવીછે. સને ૧૮૧૪ નાં સાલમાં પણ એ હાસપીટાલની હાલત ઘણી ખરાબ હતી. તાંહાંનાં ઓરડાઓ કુતરાં બાંધવાનાં તબેલા જેવા લાગતા હતા. દેવાલની અંદર જડેલી સાંકલોની સાથે ઓરતોનો એક પગ અથવા હાથ બાંધીચ્યામાં આવતો હતો તથા તેઓનાં આંગ ઉપર વસતર દાખલ ધાબરીનો એક જબો પેહરાવીચ્યામાં આવતો હતો અને જમીન ઉપર બાતર પેંનડાનું ઘાસ પાંથરીચ્યામાં આવતું હતું. મરદોનાં હાથમાં તથા પગમાં બેડી અને કંમરમાં સાંકલ નાંખી તેઓને દેવાલ સાથે બાંધીચ્યામાં આવતા હતા. એ હાસપીટાલમાં "નારીસ" નાં મનો કોઈએક મસતીખોર શખસ હતો તેને ગલાંમાંથી સાંકલ સાથે બાંધી તે સાંકલ દેવાલમાં જડીચ્યામાં આવી હતી તથા તેનાં હાથે અને પગે બેડી હતી અને તેની કંમરેની સાંકલ એવી રીતે બાંધી હતી કે દેવાલ થી ફકત બાર ઇંચ શુધી તે હીલી સખે. હાવી હાલતમાં તે બાર વરસ શુધી રહેઓ હતો, તોપણ તે દરરોજ વરતમાંન પતરો વાંચતો હતો, તથા અકલથી વાત કરતો હતો. તેની આ હાલતમાં તસવીર ઉતારીચ્યામાં

આવી હતી અને પારલામેંનટની સભાનાં ઘણાએક અધીકારીઓ તેને જોઈ ગયા હતા, અને તે ઉપરથી શેહે રમાં જે ધોંગાટ થયો, અને પારલામેનટમાં ચકચાર ચાલી, અને તે સઘળાંનું ફલ એ નીપજ્યું કે હમણા એ ખાતામાં જે ઉતમ શુધારો તથા શુખ્છે તે શરૂ થાયું. દરદીઓની ઉપર ઘણી બંધી રાખવાનાં નુકસાનમાં હેવો એક દાખલો બતાવીઆમાં આવીઓ કે તાંહાં એક અસતરી હતી તેને પણ ઉપલા શખસની માફક આડ વરશ શુધી બાંધી રાખી હતી, કાંએજે હેવું ધારતા હતા કે, જો તેને છુટી કરીઆમાં આવેતો કોઈને મારી નાખશે, પણ જેમ જેમ તેની ઉપર બંધી થાતી હતી તેમ તેમ તે ધવારે ચીરડાતી હતી. જરથી તેને છોડીઆમાં આવી તારથી તેની હાલત શુધરી અને આખી હાસપીટાલમાં ઓરડાનું બારણુ બંધ કરીઆ વગર શુવાની પરવાનગી તેનેજ હતી, કાંએજે તેનાં દીલમાં કદાચ હેવો વીચાર આવે કે મહને કેદ કીધીછતો તે વીશેનાં ગોસસાથી તેની તંદરોસતી પાછી બીગડે. અંતે એ અસતરી એટલીતો શુધરી ગઈ કે પાછલથી તે કાંઈ કરતી નહી હતી, પણ આખો દાહડો બે "ડાલ" પુતલાંની સાથે રમીઆ કરતી હતી, અને એમ સમજતી હતી કે તે તેનાં છોકરાંછે. એ ઉપરથી માલુંમ પડેછે કે, દેવાંનાઓની હાલત સુધારવાને કેહવા ઈલાજ કરવા જોઈએ.

ગુનાંહુ કરીઆ પછી સરકારની તરફથી જે દરદીઓને આ ખાતાંમાં મોકલીઆમાં આવેછે તેઓને માંયે દર વરશે બીઆલીસ હજાર રૂપીઆનો ખરચ થાએછે. દરએક દરદીને માંયે દર વરશે ૩૫૦, રૂપીઆ થાએછે હેવો અરશરો કાહાડેલોછે. શકતીવાલા દરદીઓનો ખરચ તેમનાં સગા વાહાલાં પુરો પાડેછે. વલી ગરીબ નાંચાર દરદીઓને વાસતે હેવીજ એક બીજી હાસપીટાલછે તેનો ખરચ સરકાર તથા લોકોનાં હુગરાં ણામાંથી પુરો થાએછે. એનુ નાંમ હાંનવેલ હાસપીટાલ કરીનેછે અને તાંહાં ઘણુ કરીને ૮૦૦ થી ૧૦૦૦ દર દીઓ હોએછે. ઈંગલંડ અને ઈસકાટલંડનાં બીજાં મોટાં શેહેરોમાં પણ દેવાંનાંઓને સારૂ હાસપીટાલોછે, તે ઉપરથીજ વીચાર કરવાને મની આવશે કે, આ વાંધેનાં કમનસીબોને સારૂ ઈંગલંડનાં લોકો કેટલી મદદ ત થા મેહનત કરેછે.

ગ્રીનીચ હાસપીટાલ.

જેઓની ઉપર ઈંગલંડનાં મોટાં નાંમનો આધારછે, જેઓ ઈંગલંડની ઉપર આવતી હગરાઈને વખ તે પોતાની દેલાવરી બતાવવામાં પોતાનાં જાંનને ભારી જોખમમાં નાંખેછે, તથા દુનીઆનાં સઘળા ભાગો ઉપ ર ઈંગલંડની સતાને સારૂ માંન મેલવેછે, તેઓ જાહરે અશકત અથવા બુઢા થાએ, તારે તેઓની માંન ભરેલી રીતે પરવરશી કરવાને ઈંગલંડની સરકારે એક મોટું ધરમખાતું સથાપીઉંછે. પાદશાહની દરીઆઈ ફોજનાં લ શકરનાં સીપાઈઓ તથા "રાએલ નેવી" નાં ખલાસીઓએ અગત જોગ વરશ ચાકરી કીધા પછે, અથવા અ સકત થયાથી વધારે ચાકરી નહી કરી શકે, તારે તેઓને સુખ અને આદરમાંનથી રેહવાને મની આવવાને સારૂ ઉપલું ધરમખાતું ઉભું કરીઆમાં આવીઉંછે. એ સીપાઈઓને દરરોજ એક શીલીંગની પેનશંન મલેછે, પણ જેઓ આ ખાતાંનો લાભ લીએછે, તેઓને ઉપલી રકમ છોડવી પડેછે, કાંએજે તેઓની ખોરાકી પોશા કી ઉપર હીંમાં વધારે ખરચ થાએછે. આ ધરમખાતાંની ઈમારત લંડનથી છ માઈલ દુર ગ્રીનીચ મધે બાંધેલીછે, અને તેની આસપાસ એક મોટો બાગ કીધેલોછે. ટેમસ નદી તેની જુજ વેગલાઈએ વેહેછે, અને આ ધરડા પેહલવાંનોને જેમ મને તેમ સારી અને ખુશનુમાં હવામાં રાખીઆમાં આવેછે. આ ઈમારત માં આસરે તરણ હજાર આદમીઓ સમાંઈ શકેછે. તેમાં કેટલાંએક મોટાં દીવાંનખાનાં કરી પછે તેમાં હા રેદોર નાંખળા ઓરડા કરીઆમાં આવીઆછે, અને દરએક ઓરડામાં એક જણ રેહેછે, અને તાંહાં એક કબટ અથવા પેટી અને એક નાંખલો ધોલીઓ રહી શકે તેટલીજ જગા હોએછે, પણ પેલા રેહનારને કોઈ રીતે અડચણ પડે તેવું નથી. તેઓનાં થોડા સામાંનની ગોડવણ અને સફાઈ જોયાથીજ આપણને ખુશી ઉપ જેછે. દરએક જણનાં ઓરડામાં લડાઈનાં અથવા વાંહાંણોનાં નાંખલા ચીતરો હતાં. જે વખતે હમો આ

ખાતું જોવા ગયા હતા, તે વેલાએ તાંહાં ઘણાએક ધરડા સીપાઈઓ હતા, તેમાંનો એક ૧૧૦ વરસનો હતો, પણ તે ઘણો આજારી હતો. બીજા બે ૭૯ વરસની વએનાં હતા, તેમાંનાં એકે ત્રફાલગરની લડાઈમાં જે વાંહાંણ ઉપર લારડ કાલીંગબરોક સરદાર હતો, તે વાંહાંણમાં ચાકરી કીધી હતી, તેની સાથે કેટલીએક વાત ચીત કીધા ઉપરથી હેવું માલુંમ પડીઉં કે, આ લાંબી ઉમરે પણ તેને પોતાનાં આગલા જનમારાની સઘળી વીગત યાદ હતી. જે જે લડાઈઓમાં તે ગુંતો હતો, તેનું વીગતવાર બયાંન તેણે કીધું, અને સરકારની ચા કરી તેણે સારી પેરે બજાવી હતી, તે વીચારથી તે ઘણો હરખમંદ દેખાતો હતો. એ શખસને હમોએ પુછીઉં કે, હવે લડાઈમાં જવાને તે ખુશીછે ? તારે તેણે જવાબ આપીઓ કે નહી, હવે મારી વએ ઘણી પોં હોચી, અને હવે જુવાંન શખસોનુ એ કામછે. પણ હમોએ તેને ફરીથી પુછીઉં કે, દુર દેશની લડાઈતો નહી, પણ કદાપી ઈંગલંડની ઉપર, ફરેંનચ અથવા બીજે કોઈ રાજવાલો હુમલો કરે, અને ઈંગલંડની સરકારની તર ફથી હેવો હોકમ થાયે, કે દરએક આદમી જેનામાં કાંઈમી શકતી હોએ, તેણે ચાકરીમાં આવવું તો તે સું કરે ? એ ઉપરથી તે ભારે જોસસામાં આવીએ, અને બોલીઓ જે સું ! ઈંગલંડની ઉપર હોમલો ! જો એ મજ હોએતો આ ઘડીએ હું તઈઆર થાઉં અને બુઢો છઉં તોપણ ઘણાએક જુવાંનોનાં કરતાં સારી ચાકરી કરૂં, અને જે મારીથી વધતું નહી બનેતો, આ ઓરડાનાં કરતાં હેવી લડાઈમાં મરવું બેહતર સમજુંછ. આ વીગત ઉપરથી વાંચનારનાં જોયામાં આવશે કે, ઈંગલંડનાં લોકોનો પોતાનાં દેશ ઉપર કેટલો પીઆરછે. આ ઉમરે પણ, પોતાનાં દેશને માટે લડવાને સારૂ પેલો સીપાઈ તઈઆર થયો. હેવા દેલાવર શખસોનાં પા છલા દાહડા સુખ અને નીરાંતમાં કાહાડવાને આ ધરમખાતું સથાપીઆમાં આવીઉંછે તેથી સરકાર અને તે સરકારની ચાકરીમાં રેહનારાઓ, એ બંધેને માંનછે. એજ ખાતામાં ૭૯ વરસનો બીજો શખસ હતો, તે લારડ નેલસનનો ચાકર હતો, અને તે કેહતો હતો કે, જારે નેલસનને વાંહાંણ ઉપર ગોલી લાગી, તારે તે તેની પાસે હતો, અને નેલસનને છેલલુ કાફીનુ કપ તેણે પાયું હતું. જે જે લડાઈમાં નેલસન ગુતેલો હતો, તેનાં સીલલા છાપા ઉપર છાપેલાં ચીતારો તેનાં ઓરડામાં ટાંગેલાં હતાં, અને એ સઘળા ચીતરો મધેનાં બ નાંવનુ વીગતવાર બયાંન તેણે હમારી અરજ ઉપરથી કીધું હતું.

આ સીપાઈઓને દર રવીવારે બંદગી કરવાને દુર નહી જવાને વાસતે તેજ ઈમારતને લગતું એક દેવળ બાંધીઆમાં આવીઉંછે. તેઓને ફરસુદનો વખત ગુજારવાને કંટાલો નહી આવે, તેવું કરવાને સારૂ તાંહાં એક પુસતકખાંનું પણ બનાંવીઆમાં આવીઉંછે, તાંહાં સારાં પુસતકો તથા દરરોજનાં વરતમાંન પતરો મેલીઆમાં આવેછે. આ ઈમારતમાં એક મોટું દીવાનખાંનુછે તેને "પેનટીંગ હાલ" કરી કેહેછે, તેનાં તરણ ભાગ કીધેલાછે. એ મધેનો સઉથી મોટો ભાગ જેને "ગરાંનડ હાલ" કરી કેહેછે તે ૧૦૬ ફુટ લાંબો અને ૫૬ ફુટ પોહેલોછે, તેમાં નાંમીયા દરીઆઈ સરદારોની તસવીરો તથા સમુદરોમાં થાએલી મોટી લડાઈઓનાં ચીતારોછે. સઉથી નાંમીચો દરીઆઈ સરદાર નેલસન જાહરે પંદર વરસની વએનો હતો, તાહરે બરફથી બંધાઈ ગીએલા દરીઆમાં એક રીછની ઉપર હોમલો કરવાને દોડીઓ હતો તાહરથી તેની દેલાવરી માલુંમ પડી હતી, તે બનાંવ પછી જેટલી લડાઈઓમાં તે ગુતેલો હતો તે દર એક લડાઈઓનાં ચીતારો આ દીવાંન ખાનાંમાં મેલીઆમાં આવીઆંછે, તેજ ઉપરથી જો કોઈ શખસ નેલસનની તવારીખ લખવા ચાહેતો, આ ચીતરો જોયાથી કેટલેએક દરજજે બની શકે. ૧૭૯૮ નાં વરસમાં નાંઈલ નદીની લડાઈની વેલાએ જે પોશા ક નેલસને પેહરીઓ હતો, તે આ દીવાંનખાનાંમાં જાલવી રાખીઓછે. ત્રફાલગરની લડાઈની વેલાએ જે ડગલો નેલસને પેહરીઓ હતો, અને જેની અંદર થાઈને તેને ગોલી લાગી હતી, તે ડગલો પણ આ જગાએછે. તેની અંદર પેહેરેલાં વાસકુટ ઉપર લોહીનાં દાગ હજુર દેખાએછે.

સર ફરાંનસીસ ડરેક નાંમનો નાંમીચો દરીઆઈ સરદાર, જેણે આખી પુરથવીની આસપાસ દરી

આઈ સફર કીધીછે તેણે જે "ગ્યાસ્લેમ" એટલે દરીઆમાં ગુરજ તથા સેતારાઓની ઉંચાઈ તપાસવાનું યંતર વાપરીઉં હતું તે હીંઆં આપણા દીકામાં આવેછે. સર જંન ફ્રાંનકલીનની શોધ કરતી વેલાએ, તે સુરા અમલદારની કેટલીએક છતસો જેમકે છરી, કાંટા, એક નાંધલી ચોપડી, તથા ઈંગરેજી સીક્કા વીગરે બીજી છતસો ડાકટર રેએને મલી હતી તે હીંઆં જોયામાં આવેછે.

આ ઈમારતમાં રેહનારા સીપાઈઓની સંખીઆ ઘણી મોટીછે, તેથી તેઓને સારૂ ખાંડું પકાવવાનુ બંબરચીખાનુ જોવા લાએકછે. સઘળુ ખાંણુ બાફની ગરમીથી પકાવીઆમાં આવેછે. આપણા લોકોનાં ની આતનાં જમણને સારૂ વાશણ વાપરેછે, તેનાં કરતાં પણ મોટા વાશણોમાં ઉપલા શખસોને સારૂ સેરવો તથા પુડીંગ બનાંવીઆમાં આવેછે. તેઓને ખાંડુ સારૂ અને સુતરૂં મલેછે અને તે સાથે બીર તથા પોરટર પણ આપીઆમાં આવેછે. એ પરમાણેની સઘળી માવજતથી દરએક જણ સરકારની લાંબી ચાકરી કીધા પછી પોતાનાં બાકીનાં દીવશ શુખ અને સંતોશમા ગુજરતા હતા. જે સેલરોની બઈરીઓ હોએ, તેઓને તાંહાં રેહવા દીધામાં આવતી નથી, પણ તાંહાં આવીને તેઓને મલવાને પુરતી છુટછે.

જે ઈમારતમાં આ ધરમખાતુંછે, તે પેહલલાં એક પાદશાહી મેહેલ બનાંવવાને ધારેલી હતી. એ ઈમારત ઘણી ખુબસુરતછે અને ચાર બાજુથી ચાર લાંબી હાર કરી વચમાં એક મોટો ચોક કાહાડેલોછે. એ ઈમારતનો એક ભાગ પેહલાં સરકારનાં ખરચથી (૩૬૦૦૦૦) તરણ લાખ શાહાડ હજાર રૂપીએ બંધાયેા હતો, તાહર પછી જારે હીંઆં ઉપલું ધરમખાતું સથાપવાને થટીઉં, તારે લોકોએ તે કાંમની મદદમાં (૬૦૦૦૦૦) છ લાખ રૂપીઆ ભરીઆ હતા. આ ધરમખાતાંનાં ખરચને સારૂ દર વરસે (૧૪૦૦૦૦૦) ચઉદ લાખ રૂપીઆની આવકછે, તેમાં બે લાખ રૂપીઆ દર વરસે પારલામેનટનાં હોકમથી સરકારની તરફથી મલેછે, તથા દાંનચોરીથી જેવો માલ પશાર કરેછે તેઓને થાતા દંડ એ ખાતાંમાં જાએછે. કાપતંન કીડ નાંમનાં એક મોટા દરીઆઈ ચોરની મતા જે સરકારે જપત કીધી હતી તેનાં ૬૪૦૦૦ રૂપીઆ તથા ૧૭૧૦ નાં શાલમાં સરકારે કોલસા ઉપર જે જકાત લીધી હતી, તેનાં ૬૦૦૦૦ રૂપીઆ તથા અરલ આવ ડરવેનટવાટર નાંમનાં ઉમરાવે પાદશાહની સાંમને બલવો ઉઠાવીઓ હતો, તેને ગરદન મારીઆ પછી તેની વરસ દાહડે ૬૦૦૦૦ રૂપીઆ ઉપજે, તેટલી અસકીઆંમત આ ધરમ ખાતાંની થાપણમાં આપીઆમાં આવીછે. રાબરટ આસબલસટંન નાંમના એક શખસે આ ખાતાંને (૨૦૦૦૦૦) બે લાખ રૂપીઆની બખશેસ કીધી હતી, તે પણ અસલ થાપણમાં દાખલ કીધીછે. આ હાસપીટાલની પહોસમાં ખલાસીઓનાં આસરે ૧૦૦૦ નાંવારેસ છોકરા તથા છોકરીઓની પરવરસીને સારૂ એક ધરમખાતુંછે.

ચેલસા હાસપીટાલ.

જેમ વાંહાંણ ખાતાંનાં ખલાસીઓ અથવા સીપાઈઓને વાસતે ઉપર જણાવેલું ધરમખાતુંછે, તેમ લશકરમાં ચાકરી કીધા પછી તાંકઉમ્મત તથા અશકત થાએલા સીપાઈઓની પરવરસીને સારૂ ચેલસા હાસપીટાલછે. આ ધરમખાતાંની ઈમારત બાંધવામાં (૧૫૦૦૦૦૦) પંદર લાખ રૂપીઆનેા ખરચ થાયેાછે. તે બધેની સઘળી ગોઠવણ ગ્રીનીચ હાસપીટાલનાં જેવીછે. આસરે ૪૦૦ સીપાઈઓ તાંહાં રહી શકેછે, પણ આસરે ૭૬૦૦૦ બુઢા સીપાઈઓને એ ખાતાંમાંથી દરરોજ પાવલેા, છ આનાં તથા અરધા રૂપીઆને હસાબે મદદ મલેછે, તેથી તેઓ બાહેર રહી પોતાનું ગુજરાંણ કરેછે. જેઓ ધરમખાતાંમાં રેહેછે તેઓને સારૂ માંથાં દીઠ દર મહીને ૩૦ રૂપીઆ થાએછે.

ક્વેનજરસ હોમ.

આ ખાતાં વીશે હીંદુસથાંનનાં લોકોએ અગત કરીને જાંણવું જોઈએછે. હીંદુસથાંન, આરબસથાંન, આફરીકા, ચીન, મલાકા, જાપાંનમીક તથા પસીફીક સમુદરનાં દખણ ભાગનાં ટાપુનાં ગરીબ લોકો જેઓ

લેંડનમાં જાએ, તેઓનાં ઉતારાને સારૂ "ક્વેનજરસ હોમ" એટલે "બારકા લોકોને સારૂ ઘર" એવે નાંમનુ એક ખાતું સથાપીઆમાં આવીઉંછે. ઉપલા દેશેા ખાતેથી વાંહાંણોમાં જે ખલાસીઓ જતા હતા, તેઓને પાછી ચાકરી નહી મલીઆથી તાંહાંજ રખડતા ફરતા હતા, અને તેઓની પાશે કાંઈ જુજ નાંણુ હોએ તેનેા તેઓ સંભાલ પણ કરી શકતા નહી હતા, તેથી કરીને તેઓની અવસથા ઘણી માંઠી થાતી હતી, અને તે જોયાથી ઈંગરેજોનાં દીલમાં દયા ઉતપન થાઈ અને આસરે એક લાખ રૂપીઓ ખરચીને "વેસ્ટ ઈન ડીઆ ડાક રોડ" નાંમનાં રસતા ઉપર એક મોટી અને સોભઈતી ઈમારત બાંધીછે. એ ખાતું સને ૧૮૫૭ નાં વરસમાં હુંગાડીઆમાં આવીઉં હતું. જો કે એ ખાતાંમાં જેઓ જાઈને રેહેછે, તેઓ ધરમ ખાતે રેહે છે હેવું કેહવામાં આવે નહી, કાંએજે તેઓ પાસેથી જુજ લવાજમેા લીધામાં આવેછે, તેાપણ જે લવાજમેા તાંહાં લીધામાં આવેછે, તે હેવોછે, કે તે ભાવે કોઈની ઠેકાંણે તેઓને રેહવાનું તથા ખાવાનું મલે નહી. દર એક આદમી દીઠ દર અઠવાડીએ ૪ રૂપીઆ લીધામાં આવેછે. અને તેટલા ભાવમાં દર રોજ તરણ વખત ખાંણુ મલેછે. ડાકટરનેા તથા ધોબી તથા નાંહવાનેા ખરચ પણ ઉપલીજ રકમમાં આવીએા. આ ખાતાંનેા લાભ વાંહાંણનાં ઘણાખરા ખલાસીઓ લીએછે અને આખાં વરસનેા હીસાબ કાહાડતાં તાંહાં દર રોજ ૫૫, થી ૬૦, આદમી રેહેછે હેવું માલુંમ પરેછે. તારીખ ૧ લી જુન ૧૮૫૭ થીતે તારીખ ૩૧ મી મેએ ૧૮૫૮ શુધીનાં વરસમાં સઘળા મલીને ૪૮૫ આદમીઓએ આ ખાતાંનેા લાભ લીધેા હતેા. આ ગરીબ માણસેા પાસે જે કાંઈ હોએ, તે જાલવવાને પણ એ ખાતાંનાં કારોબારીઓ મેહનત કરેછે, તથા તેમને દેશ મોકલવા સારૂ વાંહાંણોમાં ચાકરી મેલવવાને પણ ઘટતી કોશેસ કરેછે. આ ગરીબ લોકોની આ પરમાંણે મદાવજત થયાથી તેઓ ઈંગરેજ લોકોનેા ઘણેા ઉપકાર માંનેછે, અને જેઓ એ ખાતું જોવા જાએછે તેઓની આગલ તે ઉપકાર ઘટતા સબદોમાં કહી સંભલાવેછે.

પ્રકરણ ૨૦ મું.

ગમત અને મોંજનાં કારખાંનાં.

ગમતનાં કારખાંનાં જોવાનો સસતો ભાવ—નાંટક તથા ગાએણ અને નાંચનાં કારખાંનાં. રાએલ ઈટાલીએંન ઓપેરા તથા હર માજેસટીસ થીએટર. એ બંધે ખાતાં બધે થાતી ઊંચી રમતો તથા ગાએણુ—ઈમારત તથા બેઠકોની ખુબસુરતી—એ ખાતાંનો એક મોહોસભનો ખરચ, ઇતીઆદી. પરીનસેસ થીએટર—એ જગાએ "સીઈનરી" નો ભારી ખરચ—બીજા થીએટરો. "કોંનસરટસ" એટલે ફકટ ગાએણનાં કારખાંનાં—સીરિનેડરસ—સોંગ તથા હોંગની રમતો—ઘોડાની તથા આદમીઓની કસરતનાં ખેલ—કરીમોરન ગારડનસમા મલતી તરેહવાર ગમત—નાંચવાનો ઓટલો—પુતલાંઓનો નાંચ તથા નાંટક—કસરતનો તમાસો—નાંટકનો ખેલ—બાલકોનો નાંચ—"કાસમોરામીકવીઊસ" નાં ચીતરો—બાગની ખુબસુરતી અને તેમાં રમત સારૂ કીધેલી તરેહવાર જગા—આતશ બાજી ઇતીઆદી. વાકસહાલ ગારડનસ. કોલોશીએમ—લંડંન શેહેરનો દેખાવ તથા તરેહવાર બીજી ગમત. ગલોબ—પાલીટેકનીક ઇનસટીટીઊશંન—એપસમ તથા આ સકાટ ખાતે થાતી ઘોડાની સરતો. રસતે રસતે થાતા તમાશા.

હરેક શેહેરમાં જાઈએ, તાંહાંનાં ગમત અને મોંજનાં કારખાંનાં જોવાને આપણને ઘણી ઉલટ થાએ છે, અને અગત કરીને પારીસ તથા લંડંન જેવાં શેહેરમાં તેવી ઈછા વધારે છુટેછે. જેટલી ગમત અને મોંજ પારીસમાં મલેછે, તેટલી લંડંનમાં મલતી નથી, તોપણ આ શેહેર ખાતે સારી ગમત અને મોંજ પુરી પાડવાનાં પુરતાં ખાતાંછે. વળી એ ગમતનાં કારખાંનાં હેવી રીતે બનાવીઆમાં આવીઆંછે કે તેમાંથી આપણને ખુશી અને અકલ એ બંધે મલેછે. એ મોંજ અને ગમતનાં કારખાંનાંઓ જોવા જવાને આપણને જે દર આપવો પડેછે, તે કાંઈ ઘણો મોંઘો પડતો નથી. જેમ ઓછી કીમત કરીઆમાં આવેછે, તેમ વધતા લોકો જોવાને જાએછે, તેથી ખેલ કરનારને વધારે નફો થાએછે, તે ઉપરથી જેમ બને તેમ સઘળી જગાએ ઓછો ભાવ કરીઆમાં આવેછે, અને તેથી તવંગર અને ગરીબ, સઘળાઓને તે મોંજ અને ગમત નો લાભ લેવાને બની આવેછે. આપણી ટાપુમાં ઉંચે દરજજેની ગમતની કેટલી ખુટછે, અને જેવારે કોઈ સારી ગમત મેલવવાની જોગવાઈ બનેછે, તેવારે તેનો લાભ લેવાને કેટલું મોંધું પડેછે, તે આપણે સારી પડે જાણીએછે. અતરે થાતા સારા નાંટકો જોવા જવું હોએતો તરણથી વધારે રૂપીઆ આપીઆ વગર છુટકો નહી. ઘોડા ઉપરની કસરત જોવા જાઓ તો તેમજ વધારે નાંણુ કાહાડવું પડે. કોઈ હાથ ચાલાકીનો ખેલ કર નાર આવીઓ તો તેની તીકીટનો ભાવ આપણને પરવડે નહી. વલી તે સાથે આપણને હીંઆં જે ગમંત મલેછે તે ઇંગલંડની સસતામાં સસતી ગમત આગલ કસા હીસાબમાં ગણીઆમાં આવી શકે નહી. જે ઇંગલંડમાં આપણે અરધા રૂપીઆમા જોઈ શકીએ છઈએ, તે મુંબઈમાં દશ રૂપીઆ આપવાને આપણે ઘણા સમજીએ નહી એટલેાતો ગમતની અંદરજ ફેરછે. બીલોરી મેહેલ જેવી આખી પુરથવીમાં તાંબીચી ઈમારત એક અરધા રૂપીઆમાં જોવાઈ શકાએછે. ગાએણુ તથા નાંચ અને નાંટકનાં મોટાં કારખાંનાંઓમાં બેઠક પરમાંણે ચહડતા ઉતરતા ભાવછે, તેમાંનાં કેટલાએક મોંઘાછે તો પણ બેસવાની જગાની ખુબસુરતી તથા ઉંચી ગમત તરફ નેગાહ કરતાં તે મોંઘા ગણાતા નથી. બાકી બીજાં ઘણા ખરાં ખાતાંઓતો અરધા રૂપીઆ માંજ જોઈ શકાએછે.

નાંટક તથા ગાએણ અને નાંચનાં કારખાંનાં.

"કોવેનટ ગારડન થીએટર" અથવા "રાએલ ઈટાલીએંન ઓપેરા" તથા "હર માંજેસટીસ થીએટર" નામનાં નાંટકનાં જે બે મોટાં ખાતાંછે, તે ખરેખર મેહેલ જેવાંછે. એમેાની અંદરની બાંધણી તથા રમત કરનારાઓની અને તમાસગીરોની બેઠકની જગાનો સણગાર જોઈનેજ આપણે ઠઠ થાઈ જાઈએછે. તરેહ વાર રંગ અને સુનેરી ઘોર સાથનાં સણગારો સઘળી બાજુએ આપણી નજરે પડેછે. આપણી ટાપુમાં નાંટકનું જે ઘરછે, તે આ નાંટકનાં મેહેલોની આગલ ઝુફડી બરાબરછે. ઉપલા બે થીએટરોમાં પાંચ માલછે અને દરેકની ઉપર "બાકસ" એટલે નાંધલા નાંધલા ઓરડાઓની હાર બનાવીછે, અને હેવા દર એક "બાકસ" ની અંદર છ જણને દાખલ કરીઆમાં આવેછે. એ નાંધલા ઓરડાઓની બાજુએ રેશમી સાટીનની ઝાલરો હોએછે, તથા બીજો સણગાર પણ ઘણો સારો હોએછે. ઉપર જણાવેલા બે થીએટરમાં જે રમત તથા ગાએણ કરીઆમાં આવેછે, તે ઈટાલીએંન ભાશામાં થાએછે તેથી જેઓ તે બોલી સમજતા નહી હોએ, તેઓ તે રમતને બરાબર સમજી શકે નહી, તોબી દરરોજ હજારો લોકો તાંહાં જાએછે. જે નાંટક હીંઆં થાએછે, તે ગાએણનાં રાગમાં થાએછે, અને જેઓ નાંટક કરેછે તેઓ હંમેસાં સઉથી સરસ ગાણારા હોએછે, તેથી ફકત ગાએણથીજ આપણે જીવ ખુશી થાએછે, અને જેઓ રમત નથી સમજતા તેઓ પણ તાંહાંથી ખુશ થાઈને જાએછે. જેઓ હીંઆં રમત કરેછે, તેઓને એક એક રાતની મેહનતનો મોટો લવાજમો મલેછે. હાલમાં રાએલ ઈટાલીએંન ઓપેરા એ જાતનુ સઉથી મોટું ધરછે, અને તેનો માલેક તેમાંથી મોટો દોલતમંદ શખસ થાયોછે. ઘણી વખતે સાંહાંજનાં મોડેથી ગયા હોઈએ તો તીકીટ મલે નહી, વાસતે હેવાં ખાતાં જોવા જવાની તીકીટ એક દાહડો આગમજથી મંગાવવી જોઈએ. આ ઈમારત બાંધવામાં ચાર લાખ રૂપીઆથી વધારે ખરચ થાયોછે. આથી ઉતરતો હર માંજેસટીસ થીએટર ગણીઆમાં આવેછે, તાંહાં પણ સઘળી રમત તથા ગાએણ "ઈટાલીએંન" માં થાએછે. એ જગાએ માડેમોઈજલ પીકીલોમીનીનાં ગાએણની અતીશ તારીફ થાતી હતી, અને હરેક રમતમાં તેનું નાંમ જણાવીઆમાં આવીઉં કે હજારો લોકોની ઠઠ તે દીને તાંહાં ખેંચાએલીજછે. આ ગાણારીનાં ગીતની કીમત તથા ખુબીમાં આ એકજ દાખલો જાણવાને બસછે કે, એક વેલા ડબલીન શેહેરનાં એક થીએટરની રમતમાં તે સામેલ થાઈ હતી, તારે તેનાં ગાવાથી લોકો એટલાતો ખુશ થાયા હતા કે રમત ખલાસ થયા પછે, તેની ગાડીનાં ઘોડા છોડી નાંખીને પોતે ખેંચતા ખેંચતા તેને ઘર લઈ જાઈ પોંહોચાડી હતી. એજ થીએટરમાં આગલ જેની લીંડ ગાતી હતી, તે વેલાએ તાંહાં મલતી ઠઠનો પાર નહી હતો. એ થીએટરો હંમેસાં આખાં ભરાઈ જાએછે. સઉથી સરસ જગા પેહલલા માર ઉપરનાં બાકસોની ગણીઆમાં આવેછે, પછી ઉપરનાં માળની અને પછી આંમફીથીએટર અને ગી આલરીની. ગીઆલરીનો ભાવ સઉથી ઓછો હોએછે. રમત કરનારાઓની સપાટીને લગતી "સ્ટાલ" ની જે બેઠકછે, તાંહાં ખુરશીઓ ગોઠવીઆમાં આવેછે, તે જગા પણ ઘણીજ સરસછે અને તાંહાં બેસનારાઓ પાસેથી આદમી દીઠ એક ગીની લીધામાં આવેછે. કોઈ વાર એ ભાવ અમથો કરીઆમાં આવેછે. એક એક બાકસ જેમાં છ છ જણ બેસી શકે તેનાં માર પરમાંણે તરીસથી હેંશી રૂપીઆ લીધામાં આવેછે. વખતે કેટલા એક લોકો આગમજથી હેવા બાકસો માંડી રાખેછે, અને પછી રમતને દીને વધારે ભાવે જેને ગરજ હોએ તેને આપેછે, એટલી ભીડ એ જગાએ થાએછે. આંમફીથીએટરમાં જગા પરમાંણે હડીથી પાંચ રૂપીઆ અને ગીઆલરીમાં તેથી ઉતરતો ભાવછે. એ પરમાંણે તવંગર અને ગરીબ સઘળાઓ આ ઉંચે દરજજેની ગમત નો લાભ લઈ શકેછે. હર માંજેસટીસ થીએટરમાં આસરે ૧૮૦ બાકસછે અને રાએલ ઈટાલીએંન ઓપેરા માં ૨૦૦ થી વધારેછે અને દરએકમાં તરણ હજારથી વધારે આદમીઓ શમાઈ શકેછે. હાવા એક ખાતાંનો એક મોહસભનો ખરચ નીચે જણાવીઆ પરમાંણેછે. ગાએણ સાથનાં નાંચનાં ૧૦૦૦૦ રૂપીઆ; બાલેટનાં

નાંચનાં ૧૦૦૦૦૦ રૂપીઆ; ગાણારાઓનાં ૩૫૦૦૦ રૂપીઆ; જે રમત હોએ તેનાં બનાંવો પરદા ઉપર રંગવ નાં તથા તે પરમાંણે રમત કરનારાઓનાં પોશાકનાં ૬૦૦૦૦ રૂપીઆ; રોશનીનાં ૧૩૦૦૦ રૂપીઆ; પગાર તથા માંણુસોનાં ૩૦૦૦૦ રૂપીઆ; બારણા આગલ લશકરી સીપાઈઓ રેહેછે તેનાં ૧૫૦૦ રૂપીઆ; જીમલે એક મોહોસમનો ખરચ ઉપર જણાવીઆ પરમાંણે આસરે (૨૫૦૦૦૦) બે લાખ પચાસ હજાર રૂપીઆનો થાએછે.

બીજા થીએટરો નીચે જણાવીઆ પરમાંણેછે; પરીનસેસ થીએટર, ડરૂરીલેન થીએટર; હે મારકેટ થીએટર: આડેલફી થીએટર; લાઈશીએમ થીએટર; વીકટોરીઆ થીએટર; સરે થીએટર; સેંટ જેમસ થીએટર; સોહો થીએટર; ઓલીમપીક થીએટર; સીટી થીએટર, ઈતીઆદી. આ સઘળા થીએટરો અડવાડી આનાં ઘણાખરા દીવશ ચાલુ રેહેછે. પરીનસેસ થીએટર દર રોજ ચાલુ રેહેછે અને જે થીએટરોનુ કાંમ ઇંગરેજી જુબાંનમાં ચાલેછે, તેમાં આ સઉથી સરસ ગણાએછે. નાંમદાર રાંણીની વડી છોકરી પરીનસેસ રાએલ ઉપરથી એ થીએટરને ઉપલું નાંમ આપીઆમાં આવીઉંછે. એમેં નાંટકશાળાનેા વહેા કારભારી મી૦ ચારલસ કીન કરીને હતેા તેણે તેને સારૂ મેાટું નાંમ મેલવીઉં હતું. એ થીએટરમાં ઘણુ કરીને શેકસપીઅર ની રમતેા કરીઆમાં આવેછે, અને રમત કરનારાએા હુંમેસાં ઉંચી શકતીનાં શખસેા હેાએછે. મીસતર તથા મીસતરીસ કીન પેાતે ઘણાજ સરસ રમત કરનારાંછે, અને નાંટકનાં કાંમમાં તેઓની શકતી પેહલલે દરજે નીછે. મીસતર કીનનાં વખતમાં એ થીએટરમાં જે જે રમત થાતી હતી, તે રમત કરવામાં હેાશીઆર શખસેા કાંને લાગતા હતા એટલુંજ નહી, પણ જે જે રમત થાએ તેને લગતા બનાંવેાની "સીઈનરી" દેખાવેા આબેહુબ અને ઘણાજ સેાભઈતી રીતે દેખાડીઆમાં આવતા હતા. મીસતર કીન પેાતે જાતે એક મેાટેા વીદીઆ અભીઆસીછે, અને જે જે રમત તે લાવતેા હતેા, તે બાબદમાં ઘટતી બેાલ તથા તપાસ કરી તે વખતની જગા તથા તે વખતનાં પેાશાકેા વીશે ખાતરી કરી, તેજ પરમાંણેનાં પેાશાક તથા બનાંવેા સાથે લેાકેાની આગલ સઘળી રમતેા મેલતેા હતેા. જેમ કે એક બનાંવ બજારમાં બનીએા હેાએ તેા તે વખતે આપણે ખરેખર "સ્ટેજ" રમત કરવાની જગા ઉપર બજાર માંડેલું જોઈશું—જે કોઈ બનાંવ રાતની વેલાએ તેાફાંનમાં બનીએા હેાએ, તેા તે ભાગ આવે તાહરે તાંહાં ખરેખર મેાટું તેાફાંન અને ગાજ અને વીજનાં અવાજો થાએછે અને આપણે ખરેખર એક મેાટાં તેાફાંનનીજ વચમાં હેાઈએ તેવું લાગેછે—પાહાડ ઉપર ચહ ડી જવાની તથા નદીમાં બેસી જવાની વાત આવી હેાએ તેા તે સઘળા બનાંવેા આબેહુબ આપણી નજરે પડેછે. જો કેાઈ બનાંવ લડાઈનેા થાયેા હેાએ, તેા તેનેા બરાબર ખીઆલ આપવાને સારૂ તેજ પરમાંણે હથીઆરબંધ લશકરેા અને કીલ્લાઓ આપણાં જોયામાં આવેછે. જો કેાઈ બનાંવમાં ફરેસતાએા દેખાડવા હેાએતેા તે પણ આબેહુબ નકલ કરીઆમાં આવેછે. પાંખેા સાથની પરીએા આપણે જોઈએછે અને એક ગમથી બીજી ગમ તેઓ ઉડે પણછે. એ પરમાંણે આંખ, મંત અને કાંત એ સઘળાંને ખુશી કરવામાં મી૦ કીન હ જારેા રૂપીઆનેા ખરચ કરતેા હતેા, તેમ હજારેા તમાંસગીરેા તાંહાં ગયાથી હજારેા રૂપીઆ તે પેદા કરતેા હતેા. શેકસપીઅરની રમતેા આપણે ગમે તેટલી વાર વાંચીએ, પણ તે રમતેાની ખરેખરી સમજ આપણા મંતમાં બેસતી નથી, પણ જો એક વાર તેવી રમત હીંમાં જોઈ હેાએતેા, તે આપણા મગજમાંથી કધી ખીસવાની નથી, અને એ રમતેા એ પરમાંણે કીધેલી જોયા વગર શેકસપીઅરની અકલ અને તેની બનાંવેલી રમતેાની ખુબી બરાબર આપણે પીછાંની શકતા નથી. આ થીએટરમાં દાખલ થવાનેા ભાવ ઘણેા નથી. બાકસેાનેા ભાવ બેથી તરણ ગીનીછે, સ્ટાલમાં એક ખુરશીનેા પાંચ શીલીંગછે અને પીટનેા બે શીલીંગછે અને ગીઆલ રીનેા ભાવ તેથીબી ઉતરતેાછે. બીજા થીએટરેાછે તે પણ સારાછે અને તેમાં દાખલ થવાનેા ભાવ ઉપર કરતાં પણ ઓછેાછે. ઘણા ખરા થીએટરેામાં નાંમદાર રાંણીને સારૂ બાકસ જુદા હેાએછે અને તેઓનેા સણગાર ઘણેાજ સરસ હેાએછે.

થીએટરેા વગરે લંડનમાં ગમત અને મેાજની બીજી ઘણી જગાએાછે. ફકત ગાએણુનાં શેાકીએાને સારૂ ઘણા ખાતાંછે તેને "કાંનસરટસ" કરી કેહેછે. હેવા ઘણાખરાં "કાંનસરટસ" અરધા રૂપીઆમાં જે ઈ શકાએછે. "સીરેનેડરસ" એાનાં ગાએણ તથા સેાંગ જોવા જનારાએા તાંહાં હરખમંદ થયા વગર પાછા ફરતા નથી. મીસતર તથા મીસતરીસ હાવરડ પાલ, તથા મીસતર અને મીસતરીસ જરમન રીડ તથા એ વા બીજા ચાલાક શખસેા નાંધલી નાંધલી રમતેા કરેછે, અને તેમાં ઘણીએક તરાંહનાં સેાંગ લાવેછે, તથા ચાલુ રવાજ અને લેાકેાની ખાંમી તથા સારી માંડી ચાલનાં હસવા સરીખા ટાંગેા સાથે ડેકડી કરેછે, તેવી જગાએ પણ દર રેાજ તમાસગીરેાની ભારી ઠઠ જમેછે. "ઓસટલીસ આમફી થીએટર" માં આદમીની ત થા ઘેાડાની કસરતનેા અજાએબ ખેલ દેખાડીઆમાં આવેછે, કે જેવેા આપણે દુનીઆનાં કેાઈ બીજા ભાગ માં જોઈ શકીએ નહી. ઘેાડાએા હેવા કેરવેલા હેાએછે કે બચાંને તાએબે રહી શકે, અને આદમીઓની કસરત જોઈએતેા જાંણે તેઓનાં દીલમાં હાડકાંજ નથી. રબરનાં બનાંવેલા રમકડાંને જેમ આપણે ગમે તેમ મરડી તથા ફેરવી શકીએ તેમ વલીને તેઓ કસરત કરેછે. સાત ઘેાડાઓને એક એકને સાથે ઉભા રાખી તે ઉપરથી કુદી જવું તે કાંમ તેઓને મનશે જેમ આપણે દાદર ઉપર ચહડીએછે તેવું સેહલુંછે. એ સઘળી રમતેા તથા કસરતેા બરાબર પીછાંનવાને સારૂ નજરે જોવી જોઈએછે.

કરીમારન ગારડનસ.

મેાજનાં શેાકીને આ બાગમાં જેવી ખુશી ઉપજેછે, તેવી કેાઈ બીજે ઠેકાંણે ઉપજતી નથી. આદ મીની મેહેનત અને ખુદરતી દેખાવથી આ બાગ હેવાતેા રળીઆમનેા બનીઓછે, કે લંડનનેા કેાઈબી રેહ વાસી એક વેલા તાંહાં જયા વગર રહેએા નહી હશે. હીંઆં ઘણીએક રમતેા થાએછે, તે સઘળી જોવા લા એકછે. અરધા રૂપીઆની કીમતે આપણે તાંહાં દાખલ થાઈ શકીએ છઈએ, અને ખુલલી હવામાં જેટ લી રમત થાએછે, તે સઘળી તે ભાવમાં આપણે જોઈ શકીએછે, બાકી બીજ જે કાંઈ રમત તથા નાંચ થા એછે, તેનેા જુજ છુટેા દર આપવેા પડેછે. એ બાગમાં એક ઘણેાજ સેાભઈતેા ગેાલ એાટલેા બાંધેલેાછે, તેની ઉપર એ બાગમાં આવનારા મરદેા તથા ઓરતેાને નાંચવાને છુટછે. વચલે વાંધે કરતાં ઉતરતા લેાકેા તથા ગરીબેાને નાંચવાનેા શેાક ઘણેા હેાએ તેઓને તે શેાક તાંહાં પુરેા પાડવાને બની આવેછે. હીંઆં મરદેા તથા ઓરતેા એક એકને ઓલખીઆ વગર સાથે નાંચેછે. એ બાગમાં એક થીએટરછે; તાંહાં નાંટક તથા ગાએણુની રમત કરીઆમાં આવેછે. હીંઆં "મેરીઓનેટ" અથવા પુતલાંઓનેા નાંચ કરીઆમાં આવેછે, તે જોયા થી આપણને ઘણી ખુશાલી ઉપજેછે. એ રમતમાં જેમ આદમીઓ નાંટક કરેછે, તેમ પુતલાંઓ બેાલેછે, હી લેછે, ચાલેછે તથા હશેછે અને બેાલતાં તથા ચાલતાં સઘળી એસારતેા આદમીની માફક કરેછે. જે ઘણી ઘણેા દુર હેાયે તેતેા એમજ સમજે કે, આદમીઓ પેલેા નાંટક કરેછે. હેવી ગેાઠવણ કરેલીછે કે "સ્ટેજની" ઉપર મેલેલાં પુતલાંઓને તેઓની ઉપરનાં માલ ઉપર ઉભેલાં આદમીઓ, તરેહવાર દેારીઓથી બેંચીઆથી જેવી રીતે ચાલવું તથા હીલવું હેાએ, તેમ તેઓને ચલાવી તથા ફેરવી શકેછે, અને પેલાં પુતલાંઓનાં હેાત અમસથા હીલેછે, પણ જે અવાજ તેઓનાં મેાહેાડાંમાંથી નીકલેછે, હેવું આપણે સાંભલીએછે, તે પેલા દેારી બેંચનાર અથવા બેંચનારાઓનાંજ અવાજછે. તેઓ આપણી નજરે પડતા નથી. એ પુતલાંઓ જરે નાં ટક કરેછે, તારે તેમાં જીવ મેલવાનુંજ બાકીછે એવું લાગેછે. એ તમાસેા જોયા પછે કાંનસરટસ અથવા ગા એણ જોઈએછે. તાહર પછી "બાલેટ" એટલે નાંધલા બાળકેાનેા ખુબસુરત અને ફેનસી પેાશાકેા સાથનેા નાંચ થાએછે. પછી કેટલીએક કસરતનેા ખેલ થાએછે. પછી એક સરકસ કીધેલેાછે, તાંહાં ઘેાડાની ઉપર કસરત કરીઆમાં આવેછે. એ બાગમાં એક જગાએ "ફાસમેારાબીક વીઉસ" નાં કેટલાંએક ચીતરેા આપણે

જોઇએછે. જેમ "સ્ટીરીઓસકોપ" ની મારફતે આપણે નાંખલા ચીતરો જોઈ શકીએછે, તેમ આ મોટાં ચી તરો જોઈ શકાએછે. જેવો જે દેખાવ હોએ તેમ રાત અથવા દીવસ, તોફાંન અથવા બરફ પડતો હોએ, તે પરમાંણે આખેહુબ આપણને સઘળા દેખાવો નજરે આવેછે. એ દેખાવો મોટાં શેહેરો તથા મેહેલોની અંદ રનાં નાંચો તથા દેવળોની અંદર થાતી મીસનો તથા આબાદ અને નાંસ પાંમેલાં શેહેરોનો હતો. † વેની સ એ જે સઉથી મોટી મેહેરછે તેનો તથા પારીસનાં ફાંનટેબલુ મેહેલમાં જે નાંચ થાયો હતો, તેનો દેખાવ ઘણોજ સરસછે. વેહમીઓને આ બાગમાં એંચવાને વાસતે તાંહાં એક નસીબ જોનાર રેહેછે, તે જેમો કોઇ સવાલ પુછેછે તેનાં જવાબ આપેછે. પુછનાર અને સવાલ કરનાર એક એકને જોતા નથી. એ જ વાબો કાંઇ ખરા પડતા નથી, પણ પેલો ઠગારો તે જવાબો લખવામાં ઘણાખરા સાધારણ બનાંવોનુ બયાંન કરેછે, તેમાં દરએક આદમીને કાંઇકી પોતા વીશે ખરૂં લાગે, તેથી વેહમીઓ ઠગાએ. આ ઠગારાનુ નાંમ મીસતર થાલાબા કરીને હતું પણ કેહવાને ખુશાલી ઉપજેછે કે આ ઠગાઈ એક બે વરસ થયાં મેજીસતરેટનાં હોકમથી કાહાડી નાંખીઆમાં આવીછે.

આ બાગમાં તમાસગીરોને તીર કામઠાની રમત કરવાને વાસતે તથા બીજી કસરતો કરવાને સારૂ હલાએદી જગાઓ કીધેલીછે. હીંઆં તમાસગીરોની મરજીમાં આવે કે તેમનું તોલ કેટલુંછે તો એક ફદીઉં આપીઆથી તે માલુંમ પડેછે, કાંએજે એક ઝુલતી ખુરશી ઉપર બેશીઆથી તેની સાથે જોડેલું એક તરાજી આપણ વજન કેટલુંછે તે જણાવેછે. હીંઆં એક સાંચોછે, અને તેની ઉપર પોચી ગાદી જડેલીછે, તેની ઉપ ર આપણે જોરથી એક મુકી મારી હોએતેતા, તે મુકીનુ જોર વજનમાં કેટલા રતલ થયું, તે ઉપલાં સાચાંની સાથે બાજુએ માંડેલા આંકરા ફરીઆથી તુરત માલુંમ પડેછે. થોડુંએક શુધી એક આદમીએ આગનાં ભારી બલતાંમાં ચાલી જવાની ખબર આપી હતી તે જોવાને હજારો લોકો જાતા હતા. ઝાવલીની સાંકલી ગલી કરીને તેને આગથી સલગાવી નાંખીઆમાં આવતી હતી અને પેલો આદમી તે આગની વચેવચમાં ફરી આ કરતો હતો. એ શખસે પોતાનાં આંગને નહી બલે હેવી વસતુથી લપેટી નાંખીઉ હતું. રાતનાં બાર અથવા એક વાગે તાંહાં આતસબાજી થાએછે, અને બલુન હવાની ઉપર જાએછે. એ પરમાણે આ બાગની અંદર તરેહવાર રમત મલેછે, તે સઘળાનું વીસતારીને આ જગાએ બયાંન કરવાની જરૂર નથી. આ સઘ ળો તમાસો રાતની વેળાએ થાએછે અને તાંહાં કીધેલી રોશની બાગના રલીઆમના દેખાવમાં ભેલાયાથી તે જગા ઘણીજ ખુશ બનેછે. બાગમાં જુદે જુદે હેકાંણે મોટાં "પાંનોરામીક" ચીતરો મેલેલાંછે. હીંઆં ખાવાની તથા પીવાની સઘળી વસતુઓ તુરત મલી આવેછે. ઉંચારા તથા નાંખલા ડુંગરોનાં જેવા આકારો કાહાડી બાગને ઘણાજ ખુશનુમાં કીધેલોછે. દુકાંમાં કહીજએછે કે એક રાત કરીમોરનમાં કાહાડેલી નકાંમની નહી કેહવાશે. દર રોજ હજારો લોકોની તાંડાં ઠઠ મલેછે.

વાકસાહાલ ગારડનસ.

ઉપલા બાગની મતલબને મલતોજ આ બાગછે, અને તાંહાં પણ નાંચવાને વાસતે એક મોટો અને સોભઇતો ઓટલોછે. જેવી રમતો કરીમોરનમાં થાએછે, તેવીજ ઘણીખરી હીંઆં પણ થાએછે, માટે આ જગાએ વધારે લખવાની અગત નથી. તોપણ જેણે કરીમોરન જોયું હોએ, તેણે આ બાગ અને તે મધેની રમત જોવા જવાને ભુલવું નહી.

કોલોશીઅમ.

હમોએ આગલ કહેઉંછે કે, લંડનમાં જે જે તમાસાનાં કારખાંનાંછે, તે સઘળાંમાં અમસથી મજાહ અને ખુશીજ મલેછે હેવું નથી, પણ તેમાંથી આદમીનું ઘણુ એક ગનીઆંન વધેછે. હેવી રીતની મજાહ અ

† એ પરમાણેના દેખાવો લંડનમાં ઘણેએક હેકાંણે ૧ા અથવા ૦॥ રૂપીઓ લઇને દેખાડીઆમાં આવેછે.

ગત કરીને "કોલોશીઅમ, ગરેટ ગલોબ અને પાલીટેકનીક ઇનસટીટીઉશન નાંમનાં ખાતાંઓમાંથી મલેછે, તેઓનો થોડોએક હેવાલ આ પ્રકરણમાં આપવાને જરૂર જાંણીએછે. કોલોશીઅમમાં દીવસને વખતે બપોર થી શાંહાજ શુધી તરેહવાર રીતે આપણને ગમત મલેછે, અને તેજ પરમાણે રાતની વેલાએ પણ ગમત મલેછે. બપોરનો તમાસો નીચે જણાવીઆ પરમાણેછે. અંદર દાખલ થતાંને વાર ડુંગરોનો ચહડતો ઉતરતો દેખાવ અને તેમાંથી પડતા પાંણીનાં ધોત આપણા જોયામાં આવેછે. એ ડુંગરનો અને તેમાંથી પડતા ધોતનો દેખા વ હેવોતો ખુદરતને મલતો આવેછે કે, જો કોઈ આદમી આ ઘેરમાંછે તે ભુલી જએ, અને એમ સમજે કે હું જંગલમાં ડુંગર આગલ ઉભેલો છેઉં અને આ ધોત છેક ઉંચેથી આવેછે, તો તેને આપણે કપકો આપી શકીએ નહી. જે ડુંગર દેખાડીઆમાં આવેછે તે શીશાંનાં પતરાંનો કીધામાં આવીએછે, અને બીજી તર ફથી સાંચાની મારફતે તે પાહાડ ઉપરથી ધોત ચલાવીઆમાં આવેછે. એ ધોત દર કલાકે ૯૦ ટન પાંણી આ પેછે. હીંઆંથી નીકલીઆ પછી આખાં લંડન શેહેરનો દેખાવ "પાંનોરામાં" દેખાડીઆમાં આવેછે. એ દેખાવ (૪૮૦૦૦) ઉરતાલીસ હજાર ચોરસ ફુટ જગા રોકેછે અને ફરતી દેવાલ ઉપર કંનતાંનનુ કપડુ જડી તેની ઉપર ચીતારેલોછે. તરણ માર ચહડીઆ પછી, વચે વચમાં એક ગીઆલરી કીધામાં આવીછે, તાંહાં ઉભું રહીને એ દેખાવ જોવાનોછે. જો એક આદમી જેણે "પાંનોરામાં" નાં દેખાવો આગલ નહી જોયા હોએ, તેને આંખે પાટા બાંધીને, એકાએક બીજે દેશથી આ શેહેરમાં લાવી, ઉપલી જગોએ ઉભો રાખી પુછીઉં હોએ કે, તુંને હીંઆં સું દેખાએછે, તો તે ખરેખર કેહેશે કે, આ એક મોટું શેહેર દેખાએછે. તે એમ નહી સમજશે કે મારી સાંહાંમાણે ચીતારછે, તે એમજ સમજશે કે હું ઉંચી જગોએથી આ એક ખરૂં શેહેર જોઉંચ. જેણે હેવા દેખાવો જોયા નહી હોએ, તથા જેને બારીકીથી જોવાની ટેવ નહી હોએ, તે આ મીશાલે છેતરાએ તેમાં નવાઈ નથી, કાંએજે તે દેખાવ ઘણોજ આબેહુબછે. લંડનની વચે વચમાં સઉથી ઉંચી જગાએ જઈને ઉભા રહીને આપણે તે શેહેરનો દેખાવ જોઈએ, તેજ મીશાલનો દેખાવ હીંઆં આ પણી નજરે પડેછે. મોટા મોહલ્લા જુદી જુદી ગલીઓમાં કેવી રીતે વેંહેચાએલાછે, તે હીંઆં ખુલી રીતે આપણને દેખાએછે—વલી આપણે જોઈએછે કે જાંણે આ ચેરોની હાર ખરી બાંધેલીજછે—રસતા ઉપર ગા ડીઓ તથા આંમનીબસો માંણસોથી ભરાઈને જોરમાં દોડતી હોએ હેવું ખચીત આપણી આંખે દેખાએછે. જુદી જુદી જગાનાં બાગો તથા લીલાં ખેતરો આપણને હેવાંતો દેખાએછે કે જાંણે આપણે ખરાં ખેતરોથી દુર નહી હોઈએ. લંડન શેહેરમાં ટેમસ નદી દોડેછે, તે જાંણે તમારી આગલથીજ વેહેછે—તમો જુએોછે કે જાંણે નદીમાંથી આગબોટો ઉતારૂઓ સાથે સર સર ચાલી જએછે, અને વલી નદીની ઉપર બાંધેલા પુલ સુરત પુલો ઉપરથી આદમીઓ અને ગાડીઓ ચાલતી જએછે. જે ધણી લંડન શેહેરથી પુરી રીતે વાકેફ હોએ તે આ ચીતાર ઉપરથી અમુકજાંણને ઘણીએક રીતની સમજ આપી શકેછે. એક જગાએથી બીજી જ ગાએ જવું હોએતો કીએ કીએ રસતે જવું તે પેલા સાંભણેનાં ચીતાર ઉપરથી સેહલથી સમજાવી શકાએછે. ફ લાંણુ ઘેર કોણનું—ફલાંણાની દુકાન કાંહાંછે—ફલાંણુ દેવળ કાંહાંછે—ફલાંણો મેહેલ કીએો—તે સંઘળાંની જ ગા કાંહાંછે, તેજ આપણે જોઈ શકીએ, એટલુંજ નહી, પણ તે ઈમારતો પોતે તાંહાં ઉભેલી હોએ એ મીશાલે આપણને દેખાએ, અને શેહેરનો જે ભાગીઓ હોએ તે એક તરાકામાં એ સઘળું પારખી શકે. વલી એ ચીતારની ખુબી હેવીછે કે, દરએક ચીજ બાંધેલી હોએ તે મીશાલેજ દેખાએછે. જાંણે હમણાજ તમો આ નદી આગલની શીઢીમાં ઉતરી શકો—જાણે હમણાજ તમો આ ગલીમાં જઈ શકો—જાંણે હમણાજ તમો આ ગાડીમાં બેશી ચાલતા થાઓ—જાંણે હમણાજ તમો આ ઘરનું બારણુ ઉઘડેછે તેમા દાખલ થશો—નદી ઓની ઉપર બાંધેલા પુલનાં આરકાંની અંદરથી જાંણે હમણાજ આ આગબોટ પસાર થાઈ જશે. એ પરમાણે આપણી નજર આગલ એક તલેસમાંતી દેખાવ લાગેછે. સેંનટ પાલસનાં મોટાં દેવળનાં સઉથી ઉંચા ભા

ગ ઉપરથી જે દેખાવ દેખાએછે તે આ ચીતારમાં આપેલોછે. એ દેખાવની ખુબીમાં આ જગાએ જેટલું લખીએ તેટલું થોડુંછે. જે જગાએ તે ચીતારેલોછે તેની ઉપર એક મોટો ગુંબજ બનાવેલોછે અને તે ગુંબજને અંદરથી હેવી રીતે રંગીએોછે કે, ઉપલો ચીતાર જે શેહેરનાં જેવોછે તેની ઉપરનાં આકાશને મલતો આવે. જાણે આપણે ગુંબજ જોતા નથી, પણ આકાશ જોઇએછે તેવું લાગેછે. આ દેખાવ પુરો થાયા પછી વલી એક દીવાનખાનામાં આપણને લઇ જયામાં આવેછે, તાંહાં એક ફ્રેંચમન હાથ ચાલાકીના કેટલાએક ઘણુ જ અચરત થવા જોગ અખતરા કરી બતલાવેછે, તે કાંચ ૦ા અથવા અરધા કલાકની અંદર પુરૂ કરીઆમાં આવેછે. પછી તાંહાંથી નીકલીને તમાસગીરોને બીજા ઓરડામાં જવું પડેછે, તાંહાં વલી એક નવીજ રીત ની ગમત મલેછે. હીંઆં ચીનાં લોકોની ચાલચલણ, તેઓનાં ધરમ અને હુંનર સબંધી કેટલાએક માહાભા રત "ડીસાલવીંગ વીઉસ" ચીતારો દેખાડીઆમાં આવેછે, એટલુંજ નહી, પણ આપણી સાંહાંમણે જે જે દેખાવ આવેછે, તેનુ ટુક બયાંન સરવેને સમજ પડે, તેવી રીતે કરીઆમાં આવેછે. વલી એ પુરૂં થયા પછે, એક બીજા ઓરડામાં સધળાએો જાએછે, તાંહાં "મેસમેરીજમ" અથવા "કલેરોવાએનસ" નાં કેટલાએક અખતરા કરી બતાવીઆમાં આવેછે. એથી અણજાંણાએોને ઘણી અચરતી ઉપજેછે, અને જે યુકતીથી સવાલોનાં જવાબો હીંઆં આપીઆમાં આવેછે, તેથી જેઓ નાંવાકેફછે, તેઓ "કલેરોવાએનસ" ખરૂં માંનેછે. તારપછી જોતીશ શાસતર ઉપર એક નાંધલું પણ ઘણુ શારૂં ખાશાંણ કરીઆમાં આવેછે, અને તેમાં સુરજ ત થા ચંદરમાં તથા શેતારાએો એક એકની કહી બાજુએછે તથા કેટલી વેગલાઇએછે તે તથા બીજી કેટલીએક જાણવા જોગ વીગત કહી સંભલાવીઆમાં આવેછે. તાહારપછી વલી એક શખ્સ આવીને અસલના ઇંગરે જ લોકોની કેટલીએક ચાલ ચલણ તથા ઘેર રાખવાની રીત તથા તેવો પોતાનો વખત કેમ કાહડતા હતા તે વીશે એક નાંધલું ખાશાણ કરેછે, કે જેથી આપણને ખચીત કેટલીએક જાંણવા જોગ બીનાં માલમ પડેછે. તે થાઇ રહેચ્યા પછી વલી એક ઘણોજ અચરત શરીખો દેખાવ આપણા જોયામાં આવેછે. ઇઉરોપખંડની ત વારીખનાં અભેચ્યાસીને સારી પડે ખબરછે કે ૧૮૨૦ નાં સાલમાં પોરટુગાલનાં પાએતખત લીસબન મધે ધરથીકોપ તથા મોટું તોફાંન થાઇ તે શેહેરનો ઘણોએક ભાગ બલી ગયો હતો. તવારીખને લગતો એ બના વ જેમ બનીઓ હતો તેમ ખુદરતને નકલ કરીને હીંઆં બતાવીઆમાં આવેછે. જેમ પેહલ્લે લંડંન શેહેરનો ચીતાર જોયો તેમ હવે લીસબનનો ચીતાર આપણી નજરે પડેછે. પાદશાહાનાં મેહેલો અને બી જી ઇમારતો તથા દરીઓ અને બારાંનાં વાંહાંણો એ સંધળા આબેહુબ પાહેલાં હતાં. એ દેખાવ પણ ૪૮૦૦૦ ચોરસ ફુટ કાનવસ ઉપર ચીતારીઆમાં આવીએોછે અને તે એટલોતો બરાબરછે કે જે ઘણીએ લીસ બન શેહેર જોયુ હોએ તે તરત કહી શકે કે, એ તે શેહેરજછે. સધળા મેહેલો તથા રસતાઓ તથા દેકાણા અને ધરો આ નકશા ઉપરથી તે પારખી શકીઆ વનાં રેહે નહી, હેવી તે ચીતારની ખુબીછે. એ આખું શેહેર જે તે ચીતારમાં ઘણુજ રોનકદાર અને સોભઇતું દેખાતું હતું તે આપણે જોઇ ખલાસ થાઇએછે તેટ લામાં જરાક વીજલીના ચંમકાટ આપણા જોયામાં આવેછે. એકાએક વાદલ થાઇ આવી વીજલી અને ગગરાટ વધી જાએછે. એ દેખાવ જોઇને તથા ગગરાટ સાંભલીને કોઇ હેવું નહી કહી શકે કે, આતો આદ મીનુ કાંમછે. પેલાં શેહેરની ઉપર જે વીજલી પડેછે તે ખરી વીજલી પડતી હોએ તેવુંજ લાગેછે. વાદલનો અવાજ જે આપણે સાંભલીએછે તેમાં અને જે અવાજ હીંઆં સાંભલીઆમાં આવેછે તેમાં કસો ફરક લા ગતો નથી. વલી એકાએક આગ લાગી આવી, તે જાંણે આપણી નજર આગલ બલતાંજ બળેચ. વલી આપણી નજર આગલ લીસબનનું બારૂં દેખાએછે તેમાં મોટું તોફાંન થાએલુંછે, અને તેની અંદર વાંહાંણો મોટા જોંહકા સાથે એક એકની સાથે ભારે જોરથી અથરેછે, તેનો તથા ભારી ઉછલતા મોજાઓનો સાહાદ પણ આપણે કાને સંભલાએછે. એ પછે આસતે આસતે તોફાંન નરમ પડવા લાગેછે, આગ હોલવાઇ જા

એછે અને પછી તે નાંસ પામેલાં શેહેરનો દેખાવ જે જોઇએછે તે ઘણોજ દરામણો લાગેછે. આગમાં બળી ગએલા આખા મોહલ્લાઓ આતસના જેવા લાલ દેખાએછે અને આપણે એક તરફ આગથી બળેલા મો હલ્લા આગલ ઉભા હોઇએ, અને બીતો તથા મારી મારણ આતસના રંગનાં જેવા લાગે તેમ મીશાલે હીંઆં આપણી નજર આગલ સધળું દેખાએછે. દરીઆની અંદર ડુબેલા માણશો તથા વાંહાંણના કટકે ક ટકા એણીગમ પેલીગમ ધસડાએલાં આપણા દીઠામાં આવેછે. એ દેખાવ એટલોતો ખુદરતને મલતો કીધા માં આવીએોછે, કે તે સધળું જોતી વેલાએ જાંણે આપણે પોતે હમણા એક શેહેર કે જાંહાં આગ, તોફાંન અ ને ધરથીકોપ થાતો હોએ, તાંહાં ઉભા હોઇએ. ધરથીકોપ આગ અને તોફાંનથી કેટલી ખરાબી થાએછે તેનો ખરો વીચાર આ દેખાવ જોયાથી આપણા મનમાં કેટલેએક દરજજે ઉતરેછે.

આ પરમાંણે બપોરના બાર વાગતા થીતે પાછલા પોહોરનાં પાંચ વાગતા સુધી જીવને તથા મનને તરેહવાર ગમત હીંઆં મલેછે અને વલી એક દેખાવ ઉપરથી બીજા દેખાવ જોવા જવાને થોડી થોડી મીની ટનો અંતર હોએ તાહરે ગાએણનાં મધુર રાગથી આપણને ખુશી કરીઆમાં આવેછે. એ પરમાણે એક શીલીંગની ટીકીટની અંદર આપણે કેટલી ખુશી અને ગનીઆંન મેલવી શકીએછે તેનો વીચાર હવે વાંચ નારે કરવો.

આ પરમાંણે કોલોશીઅમ મધે દર રોજ રમુજ ચાલુ રેહેછે. થોડે થોડે મહીને કેટલીએક ગમતમાં ફેરફાર કરીઆમાં આવેછે, અને ઉપર જે એક દીવસની ગમત જણાવીછે, તે જેમ આ લખનારે એક દીવસે જોઇ હતી તેમછે. રાતને વેલાએ પણ એજ રીતે કાંઇ કાંઇ ફેરફાર સાથે રમત કરીઆમાં આવેછે. જેમ દીવસમાં લંડંનનો ચીતાર દેખાડીઆમાં આવેછે, તેમ રાતની વેલાએ પારીસ શેહેરનો દેખાવ દેખાડીઆ માં આવેછે, તે પણ ઘણોજ ખુબસુરત તથા આબેહુબછે. એ જગા જોવા જનારા પાસેથી અરધો રૂપીઓ લી ધામાં આવેછે. રાતે જનારાઓ પાસેથી પણ તેજ ભાવ લીધામાં આવેછે. આ ખાતું ઉભું કરવામાં તેનાં અસલ માલેકને મોટો ખરચ થાયો હતો. પાછલથી તે ચાર લાખ રૂપીઆની કીમતે વેચાયું હતું, તે હમણા ના માલેકે બે લાખ, પચાસ હજાર રૂપીએ લીધુંછે.

ગરેટ ગલોબ.

કોલોશીઅમનાં જેવીજ મતલબનુ એક બીજું ખાતુંછે તેને ધી ગરેટ ગલોબ કરીને કેહવામાં આવેછે. આ જગાએ પણ કેટલાએક દેખાવો આપણે જોઇએછે તથા ગમત અને ગનીઆંન આપનારા ભાશાંણ સાં ભલીએછે. આપણી પુરથવીનાં ગોલ આકારનો એક મોટો નમુનો હીંઆં દેખાએછે. ૬૦ ફુટ અને ૪ ઇંચ વીઆસનો એક મોટો ગોલ ઓરડો આપણે હીંઆં જોઇએછે, અને તેની ફરતી દેવાલમાં એકબી બારી નથી, પણ તેની ઉપર બાંધેલા ગુંબજની અંદરથી દીવસને વખતે રોશની દાખલ થાએછે, અને રાતની વેલાએ ગીઆસની રોશનીથી તાંહાં ઉજરડું કરીઆમાં આવેછે. પુરથવીનો આપણે જે ગોલ "ગલોબ" જોઇએછે તેની ઉપર બાહેરની બાજુથી નકસો હોએછે, પણ હીંઆં ઉપલા ગોલ ઓરડાની અંદરની બાજુથી સધળુ પાહેલુંછે. અંદરનો ગોલ ઘેરાવો આસરે ૨૦૦, ફુટછે અને તેની સપાટીની ઉપર આપણે એક નાંધલી પુરથવી જોઇએછે. સમુદરો, પાહાડો, નદીઓ દેશો અને શેહેરો સધળા ખુલી રીતે દેખાડીઆમાં આવીઆંછે એટલુંજ નહી, પણ તે દેશોનાં જંગલ કાંહાંછે, ફલવંત જગા કહીછે, ફલાણા દેશની ઉતપંતી કેહવી હશે તે સધળું સેહેલથી, આપણાં જોયામાં આવેછે. આ ગલોબને સધળી તરફથી બરાબર જોઇ શકવાને તેની આસપાસ ફરતો દાદરછે. આ ખાતાંમાં જુદી જુદી ગનેઆતનાં લોકોનાં મડોદીનાં તથા લાકડાંનાં પુતલાંછે અને તેમની ઉપર ખરેખરા પોશાકો પેહરાવેલાછે તે જોયાથી પણ આપણને ઘણીએક ગમત ઉપજેછે. આ ખાતાંમાં પણ ડીસાલવીંગ વીઉસનાં

ચીતરો તથા કેટલાંએક શેહેરોનાં "પાંનોરામીક" દેખાવો દેખાડીઆમાં આવેછે. કલકતા, મદરાજ, મુંબઈ, લખનો, દીલ્લી અને હીંદુસથાંનનાં બીજા શેહેરોનાં હેવાં ચીતરો હીંઆં જોયામાં આવેછે. એ ઉપરાંત બીજી ઘણી ગમત હીંઆં મલેછે.

પાલીટેકનીક ઈનસટીટીઉશન.

આ ખાતાંમાં " ડીસાલવીંગ વીઉસ " નાં ચીતરો તથા ભાશાંણેા ઘણુ કરીને કેાલેાશીચંમ તથા વાઈલડ ગલેાબની મતલબને મલતાંછે. પણ પાલીટેકનીક ઈનસટીટીઉશનમાં વીદ્યીઆને લગતાં ભાશાંણેા વધારે થાએ છે. એ ખાતાંની મુલ મતલબ હેવીછે કે વીદ્યીઆનાં શાધારણ ગનીઆંનનેા જેમ બને તેમ લેાકેામાં ફેલાવેા કરવેા અને તે ગનીઆન મેલવવાને સારૂ લેાકેા તાંહાં ખેંચાએ તેવું કરવાને વાસતે તાંહાં કેટલીએક ગમતેા પણ દાખલ કરીઆમાં આવીછે. આ ખાતું વીદ્યીઆ અને હુંનરનું એક નાંધલુ સંગરસહથાંન પણછે, તાંહાં મેલેલી વસતુએા જોયાથી કેટલુંએક શાધારણ ગનીઆંન મલેછે. રશાએણ સાસતરનાં નાંમીચા શીખસાગુરૂ પરેાફેસર ફારાડેએ ઘણીએક વાર હીંઆં ભાશાંણેા પણ કરીઆંછે. હીંઆં પણ "કાસમેારામીક વીઉસ" નાં ચીતરો દેખાડીઆમાં આવેછે. આ જગાએ કેટલાએક અચરત સરીખા સાંચા ચાલુ રાખીઆમાં આવેછે તથા તેમનાં નમુનાં દેખાડીઆમાં આવેછે.

ઘોડાની સરત.

લંડનથી કેટલીએક વેગલાઈએ, એપસમ તથા આસકાટ નાંમનાં ગાંમડાંએામાં ઘોડાની હોડની મેાટી સરતેા થાએછે, તાંહાં લંડનનાં લેાકેાનેા મેાટેા જમાવ થાએછે. લંડંન એટલું મેાટુંછે કે તે શેહેરમાંથી ગમે તેટલાં લેાકેા કેાઈ ગમતને સારૂ બાહેર જાએ, તેાબી શેહેરનેા કારભાર રેાજનાં જેવેાજ દીશે, પણ એપસમ મધે ડરબીની સરત જે દીને થાએછે, તે દીવશે લંડંનનેા દેખાવ હુંમેસનાં જેવેા ઠઠનેા લાગતેા નથી. બે ત રણ દીવસ આગમનથી સધળાએા ડરબીની સરતની વાત કરેછે. તે દીને સહુવારનાં મરદેા અને ઓરતેા એપસમ જાઈ એ સરત જેવાની તઈઆરી કરેછે. આંમનીબસેા, ઘરની ગાડીએા, આગની ગાડીએા સધળી એકજ તરફ જાએછે. એપસમ મધે ચાર પાંચ દાહડા સરત થાએછે, પણ જે દીને ડરબીની સરત થાએછે, તે ખરેખરેા સરતનેા દીવશ ગણાએછે. એ દીને આસરે બે લાખ આદમીએા સરતની આસપાસનાં મેદાંનમાં તે સરત જેવાને વાસતે એકઠાં થાએછે. એ સરતને વાસતે એાછાંમાં એાછા તરીસ ઘોડા સાથે દેાડેછે, અને એ જાંનવરેા સઉથી સરસ પાંણીનાં હેાએછે. સધળા ઘોડાએા એક ટોલાંની માફક દેાડેછે, નહી કે એક કાંહાં અને બીજે કાંહાં. જે ઘોડેા જીતેછે તેનાં ધણીને શાહાડ હજારથી એક લાખ રૂપીઆ શુધી મલેછે, અને બીજી હારજીતની સરતેા ઘોડાનાં ધણીએા તથા બીજાએા સાથે થાએ તે જુદી. એ વેળાએ આ પણે ઘોડાની સરતજ જોઈએછે એમ નથી. લંડંનની એક મેાટી વસતી ખુબ મેાજ અને ખુશીમાં આવેલી આપણે હીંઆં જોઈએછે. આ સરતનાં રસતાની બરેાબર બાજુએ, જેએા પઈસા આપી શકે તેવા શખસેા ને ઉભા રેહવાને વાસતે જગાએા બાંધીછે, તેમાં દાખલ કરવાનેા ભાવ પાંચથી દશ રૂપીઆ શુધીનેાછે. એ જગાએ ઉભા રહીને સરતનાં મેદાંનમાં એકઠુ થાએલું આસરે બે લાખ આદમીનુ ટેાળું જેમ બને તેમ ખીચેાખીચ ઉભેલું જોવાનીજ એક મજાહછે. એ દીવશ લંડંનેા એક મેાટેા તેહવારછે. પારલામેનટની સભાનું કાંમ પણ બંધ રેહેછે અને પરધાંનેા પણ મેાટાં દેશેાનાં કારભારની વાત એક દીન પડતી મુકી ડરબીની સર તની મજાહ જોવા જાએછે. નાંમીચેા ફરેનચમન " માંટેલાંબરટે " બે વરસની વાત ઉપર ફરેનચ ભાશામાં એક ચેાપાંનીઉ છાપી ઈંગલંડ અને ફરાંનસની રાજધાંણીને સરકાવી હતી, અને જે ઉપરથી ફરેનચ સરકારે તેની ઉપર લાઈબેલની ફરીઆદી માંડી હતી, તે ગરંથકારે તે ચેાપાંનીઆમાં એક ઠેકાંણે હેવું કહેઉંછે કે "જે

ધણીએ ડરબીની સરત નહી જોઈ હેાએ, તેણે ઈંગલંડ જોયું એમ કેહવાએ નહી" અને એ વીચાર માંટેલાં બરટનેા એેખલાનેા હતેા એેવું નથી. સરવે કેાઈનેા વીચાર એેવેાજછે. વાંચનારને અચરતી ઉપજશે કે, એ સરતમાં ચાટલું બધું સુંછે કે જેણે એ સરત નહી જોએ તેણે ઈંગલંડ નહી જોયા બરાબરછે, પણ એ અચરતી નેા ખેાલાસેા એક કાગલ ઉપર શહી અને કલમથી કીધેલા બયાનથી કધી થનાર નથી. આંખજ તેનેા ખેાલાશેા કરેછે. વધારે કહી શકાતુ નથી. આસકાટમાં જે સરત થાએછે તે પણ સારી થાએછે અને તે જોવા પણ હજારેા લેાકેા જાએછે.

લંડંનનાં રસતાએામાં ચાલતાં હાલતાં પણ આપણને ઘણી ગમત મલેછે. રેહવાનાં મેાહલ્લાએામાં લેાકેા વાજાંની પેટીએા વજાડેછે તથા ગાએણ ગાએછે. કસરત કરનારાએા પેાતાનાં બેલેા રસતામાં કરેછે. સી રેનેડરસેા મેાહલ્લે મેાહલ્લે પેાતાનાં ટેાંગ કરેછે. આઠ દશ આદમીએા પેાતા વચે ટેાલી કરીને સીસેાડી તથા પરધમ અને વાજાં સાથેનું વાજું વજાડેછે. એ સધળાએા રસતામાં જે રમત કરેછે તેનાં બદલામાં તે મેાહલ્લાનાં રેહવાસીએા પેાતાની ખુશી મુજબ પાવલેા અથવા અરધેા રૂપીએા તેઓને આપેછે, અને મેાહલ્લા માં જારે વાજું વાગેછે તાહરે તાંહાં ઘરમાં રેહનારાએાને ઘણી ખુશી ઉપજેછે.

પણ આદમીને ગમત આપનારાં ખાતાંએામાં સઉથી સરદાર બીલેારી મેહેલ ગણાએછે તેનુ બયાંન આ પછેનાં સફાએામાં જોયામાં આવશે.

પ્રકરણ ૨૧ મું.

બીલોરી મેહેલ.

૧૮૫૧ નાં મેહેલની ઊતપંતી અને કેટલીએક હકીકત. નવો બીલોરી મેહેલ, તેનું કદ, બાંધવાનો ખરચ, ઇતીઆદી. એ મેહેલમાં ગરમી દાખલ કરવાની યુકતી. એ મેહેલનો બાહેરનો દેખાવ—લંડનથી પોહોંચવાની રીત—તેમાં દાખલ થવાનો ભાવ. અંદર જતાંને વાર નજરે પડતો દેખાવ. ખુદરતી તવારીખનો ભાગ—ઇંગલંડનાં પાદશાહોની સખી—નેવ તથા તરાંનસેપટ—ઇજીપશીઅન કોરટ—ગરીક કોરટ—રોમન કોરટ—આલોહાંનબરા કોરટ—આસીરીઅન કોરટ—બીજંન ટાંઇન કોરટ—જરમન, ઇંગલીશ અને ફરેંનચ મેડીવલ કોરટ—રેનેસાં કોરટ—ઇલીઝબેથન કોરટ—ઇટાલીઅન કોરટ—સ્પેનારી કોરટ—હારડવેર કોરટ—કોરટ આવ નીઓ ઇનવેનશંનસ—બરમીંગાંમ કોરટ—શેરીલડ કોરટ—પોમપીઅન કોરટ—કાચ તથા ચીનીકાંમ, ઇતીઆદી—કેનેડીઅન કોરટ—પુસતકખાંનું—રાંણીનું દીવાંનખાંનું—તસવીરખાંનું—વેચવાની તથા જોવાની વસતુઓ—ખુદરતી વસતુઓ અને તેમાંથી આદમીનાં ઊદીઓગથી પેદા થાતી જીનસો—ઇનડીઅન કોરટ—સાંચા—ખાવાની જગા. જુદી જુદી મેહોસમે એ મેહલમાં થાતા દેખાવો તથા ગાએણ. એ મેહેલની આસપાસનો બાગ—ફુંવારા—પાંણીનાં ચસમાં—રમવાની જગા—આગલા જનાનાંનાં જાનવરોનાં આકારો ઇતીઆદી. એ મેહેલની આવક તથા ખરચ.

"આરેબીઅન નાંઇટસ" ની વારતામાં આલાડીનનાં ફાંનસની વાત સરવે કોઇએ વાંચી હશે. એ ફાંનસનાં ચમતકારથી જે મોટો મેહેલ નીકલીઓ હતો, અને જેનુ બયાંન આદમીએ પોતાની અકલનાં બલથી પોતાનાં મગજમાંજ ઉભું કીધું હતું, તે મેહેલનું બયાંન ઇંગલંડના ખરેખરા અને હસતી પાંમેલા બીલોરી મેહેલ આગલ કસા હીસાબમાં નથી. ફરેસતાઓનાં મેહેલો અને પરીઓનાં રેહથાંનોનાં બયાંન આજે પણ વાંચતી વેલાએ આપણે સમજીએછે કે, તે સઘળા લખનારનાં ખીઆલછે અને તેવું બનવું મુશકેલ છે, પણ તે ખીઆલોમી આ ખરેખરી ઇમારત જે બીજાં ઘરોની માફક જમીન ઉપર ઉભેલીછે, તેની આગલ કસા હીસાબમાં આવતા નથી. અસલનાં તથા હાલનાં વખતનાં મોટા મેહેલોને મોતી બાગ અને હીરા બાગ અને તેવાં મોટાં નાંમો આપીઆંછે, પણ તેઓ કાંઇ મોતી અને હીરાનાં બનાંવેલાં નહી હતા, પણ હાલમાં લંડનમાં જે બીલોરી મેહેલ કેહવામાં આવેછે, તે ખરેખર આખો બીલોરનોજ બનાંવેલોછે. હેવો મેહેલ દુનીઆનાં બીજા કોઇ ભાગ ઉપર નથી. જે ધણી એ મેહેલ પેહલ વેહલો જોવા જાએછે, તે એકદમ એટલોતો અચરતીમાં ગરક થાએછે, કે તે અચરતીનુ બયાંન થાઇ શકતું નથી. હાલમાં જે બીલોરી મેહેલ લંડનથી જીજ વેગલાઇએ સીડેનહાંમનાં ગાંમડાંમાંછે, અને જે મેહેલ ૧૮૫૧ ના વરસમાં હાઇડ પારકનાં બગીચામાં ઉભો કીધો હતો, તે બે જુદાછે. હાલ જે મેહેલછે તે જાયુકનોછે અને તે ૧૮૫૧ નાં મેહેલ ઉપરથી બાંધીએછે, અને આગલો મેહેલ હવડાં તવારીખમાંજ જીવેછે. હાલનો મેહેલ કે જે આગલા મેહેલ ઉપરથી જતમ પાંમીએછે, તેનુ બયાંન કરવાનું શરૂ કરીઆની આગમજ ૧૮૫૧ નો મેહેલ કેમ ઉભો થાયો હતો, તે વીશે ટુકમાં લખી જણાવવાની અગત દીશેછે.

યુરોપખંડમાં હરેક નવી શોધ કરવામાં ફરેંનચ લોકો બીજી કોંમ કરતાં વધારે વખણાએલા છે, પણ કોઇ નવી શોધો કરે તેની ઉપર તુરત સુધારો કરવામાં ઇંગરેજે જલદીથી તઇઆર થાએછે, તેજ મીસા



THE OPENING OF THE GREAT EXHIBITION
BY HER MOST GRACIOUS MAJESTY QUEEN VICTORIA MAY 1851

મહારાણી વિક્ટોરીઆ દ્વારા મહાપ્રદર્શનનું ઉદ્ઘાટન (૧૮૫૧)

લે ૧૮૫૧ નાં વરસમાં લંડન મધે બીલોરી મેહેલમાં આખી પુરથવીનું જે સંગરહસથાંન હુંગાડીઆમાં આ વીઉં હતું, તે વીશે કેહવાઇ શકાએછે. ૧૭૯૮ નાં વરસમાં ફરાંનસમાં એક મોટું સંગરહસથાન હુંગાડીઆ માં આવીઉં હતું, અને તેહારપછી થોડે થોડે વરસને આંતરે તે જારી કરીઆમાં આવીઉં હતું. ૧૮૪૪ નાં સાલમાં ફરાંનસમાં હુંગાહેલા સંગરહસથાંને ઘણુ માંન અને મોટું નાંમ મેલવીઆથી, ગરેટ બરીટનનાં લો કોનાં દીલમાં તેવું એક સંગરહસથાંન પોતાનાં દેશમાં હુંગાડવાને ભારી ઉલટ આવી. ઇંગરેજ લોકો જારે ઉ લટમાં આવેછે, તારે કેવાં મોટાં કાંમો ઉઠાવેછે, તે આપણે સારી પેઠે જાંણીએછે, તે સાથે વલી હરેક બીનાં ઉપર શુધારો કરવામાં ઇંગરેજો ઘણા વખણાએછે, તે બીશાલે એ લોકોએ પોતાની દોલત, અને અકલનુ બલ એકદંમ આ બીલોરી મેહેલ ઉભો કરી તાંહાં આખી દુનીઆં ઉપરનાં હુંનર અને ઉદ્દીઓગ અને કારીગરી થી ઉતપન થાતી જીનસોનું સંગરહસથાંન સથાપવામાં કાંમે લગાડીઉં. વલી ઇંગરેજ લોકોની તારીફમાં આ બીનાં પણ જાંણવા જોગછે કે, યુરોપખંડમાં જેમ ફરાંનસ અને બીજાં મુલકોમાં સરકારની મદદ વગર કોઇ મો ટું કાંમ ઉભુ થાઇ શકતું નથી, તેમ ઇંગલંડમાં નથી. ઇંગલંડનાં લોકોને એક કાંમ દરૂસત લાગું અથવા પસંદ પડીઉં કે, પછી તે પાર પાડવામાં ખાંનગી લોકો પોતાનાં દરવ સાથે બાહેર પડવાને કસો વીલંમ લગાડતા નથી. ૧૮૫૧ માં જે મોટું સંગરહસથાંન હુંગાડીઆમાં આવીઉં હતું, તેમાં સરકારની તરફથી નાંણાની મદ દ કાંઇ થાઇ નહી હતી. લંડનમાં જે મંડલી "સોસાઇટી આવ આરટસ" ને નાંમે ઓલખાએછે, તેની તર ફથી આ મહાભારત કાંમ ઉઠાવીઆમાં આવીઉં હતું, અને આપણી નાંમદાર રાંણી વીકટોરીઆનો ભર થાર જે તે મંડલીનો સરતશીન હતો, તેણે તે કાંમને પોતાથી બનતી મદદ કીધી હતી. આ બાબદ નાંમદા ર રાંણીનાં ધીઆંન ઉપર લાવી, તે કાંમ શરૂ કરવાને તે નાંમદારની પરવાંનગી માંગી, તે તેણે મોટી ખુશીથી આપી અને તે કાંમ ઘટતી રીતે પાર પાડવા સારૂ "રાએલ કમીશનરો" થેડવીઆ. તાહરપછી લોકોનાં ઉઘ રાંણ કરવાનું શરૂ કરીઆમાં આવીઉં, અને થોડી મુદતની અંદર (૭૫૦૦૦૦) સાત લાખ, પચાશ હજાર રૂપીઆ એકઠા થયા, તેમાંનાં (૪૦૦૦૦૦) ચાર લાખ રૂપીઆ એખલાં લંડન શેહેરમાં ભરાયા હતા. એ ઉપ રાંત "રાએલ કમીશનરોએ" તથા આ કાંમનાં બીજા દોસતોએ પોત પોતામાં (૨૩૦૦૦૦૦) તેવીસ લાખ રૂ પીઆનું એક જંમીનગીરી ખાતું ઉભું કીધું અને એ જંમીનગીરી ઉપર બેંક આવ ઇંગલંડે વખતે વખત જેટ લું નાંણુ જોઇએ, તેટલું નાંણુ આપવાને કબુલ કીધું. (૨૦૦૦૦૦) બે લાખ રૂપીઆ ઇનાંમો આપવાને છુટા પાડીઆ હતા. આ કાંમ ઉઠાવવામાં અને તેને પાર પાડવામાં, જે ઝડપ બતાવીઆમાં આવી હતી, તે ખ રેખર વખાણવા જોગછે. ૩ જી જુન ૧૮૫૦ ને દીને નાંમદાર રાંણીએ "રાએલ કમીશનરો" થેડવીઆ, તાહરપછી નાંણાની બાબદ વીશે ટુક મુદતમાં ઉપર જણાવીઆ મુજબ ગોઠવણ થાઇ, અને જે મહાભારત ઈમારત ઉઠાવીઆમાં આવનાર હતી તેનાં નકસા જાહેર ખબરથી કમીશનરોએ તાકીદથી માંગીઆ. એ ઉપ રથી કમીશનરો ઉપર ૨૪૫ નકસા ગયા, પણ તેમાંનો એકે પસંદ આવીએો નહી. અંતે મી૦ પાકસટન નાં મનાં એક ગરહસથે જે નકસો પાછલથી મોકલીએો તે પસંદ પડીએો. એ ઈમારત ૧૮૫૧ ફુટ લાંબી હતી અને તેનો સહુથી પોહોલો ભાગ ૪૫૬ ફુટ હતો. એ ઈમારતનાં તરણ માર હતા અને દરએક માલની ઉં ચાઇ ૨૪ ફુટ હતી. નકસો તઈઆર થયા પછી તે ઈમારતનું બાંધકાંમ બરમીંગામ વાલા મેશરસ ફાકસ ત થા હેનડરસનને સોંપીઆમાં આવીઉં હતું. આ ગરહસથોએ હેવી બોલી કીધી હતી કે, સંગરહસથાંનની મુ દત પુરી થયા પછી તે ઈમારત બાંધવામાં રોકાએલો સધળો સાંમાન તેઓને પાછો હસતક કીધામાં આવે તો, તેઓ તે ઈમારત (૭૯૮૦૦૦) સાત લાખ અઠાંનું હજાર રૂપીએ બાંધી આપે, અને અગરજો તે સાંમાન તે ઓને નહી મલેતો, તે બાંધવાનાં (૧૫૦૦૦૦૦) પંદર લાખ રૂપીઆ પડશે. આ બોલી કમીશનરોએ ૨૬ મી જુલાઇ ૧૮૫૦ ને દીને કબુલ રાખી અને ચાર દીવસની અંદર તેઓએ એ કારણુસર હાઇડ પારકનાં બગી

ચામાં જગા મેલવી. ૧ લી જાંનેવારી ૧૮૫૧ ને દીને એ ઈમારતનું કાંમ એટલુંતો પુરૂં થાવા આવીઉં હતું કે બાંધનારાઓએ તેને કમીશનરોનાં હસતકમાં આપી હતી. આ ઈમારત બાંધવામાં ચુનાં અથવા પથ્થર અથવા ઈટરડી મુતલગ કાંમે લગાડી હતી નહી. લાકડું, લોહડું અને કાચ સીવાએ તેમાં બીજી કસું હતું નહી. દેવાલો સઘળી કાચની હતી અને એ કારણસર (૯૦૦૦૦૦) નવ લાખ ફુટ કાચ ખપીઓ હતો. એ ઉપરથી આ ઈમારતને બીલોરી મેહેલનું નાંમ આપીઆમાં આવીઉં હતું, અને તે ખરેખર બીલોરી મેહેલ જ બનીએ હતો.

આખી દુનીઆનું સંગરહસથાંત, આખી દુનીઆમાં આ સઉથી સરસ અને નવાઈ સરીખી ઈમારત બધે હુંગાડવાનો દીવસ ૧ લી મેએ ૧૮૫૧ નો થેડવીએ હતો, તે મુજબ બારાબર તે દીને નાંમદાર રાંણીએ પોતે હાજર થાઈને તે વીશેની કીરીઆ કરી હતી. એ કીરીઆ ઘણીજ દબદબા ભરેલી થાઈ હતી, અને તેનો દેખાવ ઘણોજ રલીઆમનો લાગતો હતો, હેવું તે વખતનાં લખનારાએ જણાવેછે. આ સંગરહસથાંતનાં નીચે જણાવીઆ પરમાણે ચાર ભાગ કરીઆમાં આવીઆ હતા. ૧, ખુદરતી પેદાશની વસતુઓ; ૨, સાંચા; ૩, કારીગરીની વસતુઓ; ૪, પુતલાં તથા બીજા હુનરનાં નમુનાં. વલી કેટલાએક ભાગો જુદાં જુદાં દેશ પરમાણે થેડવીઆ હતા, તાંહાં દરએક દેશના નમુનાં સાથે હતા. હીંઆં સઘળી વસતુઓ હારેદોર હેવી રીતે ગોઠવી હતી કે, તે સઘળી તપાસવાને સારૂ સઘળી હાર ફરીએતો દશ માઈલની મુસાફરી થાએ. તાંહાં મેલેલી જીનસોમાંથી જે વસતુઓ સરસ નીકલે તેમનાં બનાવનારાઓને ધટતાં ઈનાંમ આપવાને સારૂ એક કમીટી થેડવીઆમાં આવી હતી, અને તેઓએ અપખસપાતીથી સઘળા ચુકાદા કીધા હતા. જે દીને નાંમદાર રાંણીએ આ સંગરહસથાંત હુંગાડીઉં હતું, તે દીવસ ઈંગલંડની તવારીખમાં સઉથી નાંમીચો નોધાયોછે. એ દીને ઈંગલંડની ખરેખરી મોટાઈ માલુંમ પડી હતી, અને ઈંગરેજોજ હેવાં કાંમ ઉઠાવી શકે, તે સાબેત થયું હતું. જે ટુક મુદતમાં સઘળી ગોઠવણ થાઈ અને ઈમારત ઉભી થાઈ, જે રીતે દુનીઆનાં સઘળા ભાગો ઉપરની કારીગરી તથા હુંનરની વસતુઓ તાંહાં ઉતાવલેથી આવી પોહોચી હતી, તથા તાંહાં ગોઠવીઆમાં આવી હતી, જે રીતે તે મેહેલ હુંગાડીઆમાં આવીએ હતો, અને લાખો લોકો તેની ઉપર ઈંતેજારીથી જોતા હતા, તથા હજારો લોકો પેહલે દીવસે તાંહાં એકઠા થાયા હતા, તે કાંઈજ નહી, પણ ઈંગલંડની એક મોટી ફતેહ થાઈ હતી. સંગરહસથાંત હુંગાડતી વેળાએ રાએલ કમીશનરોની તરફનો હેવાલ જે નાંમદાર રાંણી ની હજુરમાં વાંચી સંભલાવીઆમાં આવીએ હતો, તેમાં આ પરમાણે લખીઉં હતું કે "આ કાંમ જે ઉઠાવી આમાં આવીઉંછે, અને જેની મતલબ હેવીછે કે, આદમી જાતનાં સઘળી તરેહનાં ઉદીએોગમાં વધારો થાએ, અને દુનીઆ ઉપર વસનારી જુદી જુદી કોંમ વચે સુલેહ અને મીતરાચારીનો ગાંઠ બંધાએ, તે કાંમથી બો દાની મેહરબાંનીથી તમો નાંમદારની પરજાનાં સુખમાં વધારો થાએ, અને તમો નાંમદારનાં સુલેહ ભરેલાં અને શુખી રાજમાં સઉથી નાંમીચા બનાંવ દાખલ એ બીનાં જાવેદાંન શુધી ઈઆદ રેહે, હેવી હમારી દીલો જાંનથી દુઆછે." આ સંગરહસથાંતનુ ફલ હેવુંજ નીપજશે તેમાં કશો સંધે નથી.

હાવું મોટું સંગરહસથાંન જોવા જવાને કેટલો મોટો લવાજમો લેતો કરીએ હશે, તે વીશે ઘણા જણાએ જાંણવા માંગશે. તેએો હેવું ધારશે કે અલબતાં હાવું અગાતનું અને મોટું ખાતું નાંખલી રકમ આપીઆથી જોયામાં આવે નહી, પણ તેઓને જાંણવાથી અચરતી ઉપજશે કે, આખી દુનીઆ બધેનાં હુંનર અને કારીગરીનું બીલોરી મેહેલમાં કીધેલું આ સંગરહસથાંન તવંગર અને ગરીબોને સઘળાને જોવાને બની આવે તેવી રીતે ભાવ થેડવીઆમાં આવીએો હતો. જે મરદોએ એકદમ તરણ પાંઉનડ અને તરણ શીલીંગ એટલે ૩૧॥ રૂપીઆ આપીઆ હતા, તેઓને જાંહાં શુધી તે સંગર હસથાંત હુંગાડુ રહેઉં હતું, તાંહાં શુધી દર રોજ જવાની છુટ હતી, અને સ્ત્રીઓને એવોજ હક ૨૧ રૂપીઆ લેતા કરીને આપીએો હતો. એ સંગરહસથાંત



"ખાલી કરવાનો દીવસ ૧૫ મી જુન ૧૮૫૧."



THE NEW CRYSTAL PALACE AT SYDENHAM.

નવો બીલોરી મહેલ.—(૨૩૩)

જે દીને હુંગડીઉં, તે દીને આ ટીકીટ ધરાવનારાઓનેજ દાખલ થવાની છુટ હતી. બીજે અને તરીજે દીને દરએક આદમી દોઢ રૂપીઆ દશ લીધામાં આવીઆ હતા; ચોથે દીને શા રૂપીઆનો ભાવ થયો હતો, તે ૨૬ મી મેએ શુધી ચાલીઆ પછી, અડવાડીઆના ચાર દીવસ એટલે જે સોમ, મંગલ, બુધ અને ભરેસપત વારને દીને દર એક આદમી દોઢ અરધો રૂપીઓ, અને સુકરવારને દીને ૧૧ રૂપીઓ અને સનીવારને દીને શા રૂપીઆ લીધામાં આવતા હતા. એ ઉપરથી વાંચનારનાં જોવામાં આવશે કે, આ નોમીચો મેહેલ, તેમાં ની કીમતી વસતુંઓ શુધાં, જોવાને સરવે વાંધેનાં લોકોને જોગવાઇ મલી હશે. મેએ મહીનામાં આ સંગરહ સથાંત હુંગડીઉં, તે મહીનામાં સઘળા મલીને ૭૩૪૭૮૨ લોકો તાંહાં ગયા હતા; જુનમાં ૧૧૩૩૧૧૬; જુલા ઇમાં ૧૩૧૪૧૭૬; આગસટમાં ૧૦૨૩૪૩૫; સપટેમબરમાં ૧૧૫૫૨૪૦; અને અકટોબર મહીનાંનાં ૧૧ દી વસમાં ૮૪૧૧૦૭ મળી જુમલે (૬૨૦૧૮૫૬) બાસઠ લાખ, એક હજાર, આઠશો છપંત આદમીઓએ આ સંગરહસથાંન જોયું હતું. એકજ દીવસે સઉથી વધતી સંખીઆ તારીખ ૭ મી અકટોબરને દીને થાઈ હતી. એ દીને (૧૦૯૯૧૫) એક લાખ, નવ હજાર, નવશો પંદર આદમી આ બીલોરી મેહેલ જોવા ગયાં હતાં. આ સંગરહસથાંનની કુલે આએપતનો જે હીસાબ છાપીઆમાં આવીઓ હતો, તે ઉપરથી જોયામાં આવેછે કે, "સીજન ટીકિટ," એટલે જથુક ટીકિટનાં (૬૭૦૦૦) છ લાખ, સીતેર હજાર રૂપીઆ; બારણા આગલ છુટક લઈને દાખલ કરવાનાં (૩૫૬૭૫૬) પાંતરીસ લાખ, શડસટ હજાર, પાંચશો છોંતેર રૂપીઆ; આ ના હાલારત કાંમની મદદને સારૂ પેહલલે ઉઘરાંણું કરીઆમાં આવીઉં હતું તેનાં (૬૭૨૯૮૬) છ લાખ, બોંતેર હજાર, નવશો છીઆશી રૂપીઆ; "રીફ્રેશમેનટ," ખાવા પીવાનાં ઈજારાનાં (૫૫૦૦૦) પંચાવંન હજાર રૂપીઆ; કાટલગ વેચવાનાં ઈજારાનાં (૩૨૦૦૦) બતરીસ હજાર રૂપીઆ; થાકને વાસતે બેસવાની જગા ઇતી આદીનાં (૩૩૫૦૬) તેતરીસ હજાર પાંચશો છ રૂપીઆ; "એકસચેકર બીલ" નાં વીઆજનાં (૨૦૫૬૭૨) બે લાખ પાંચ હજાર છશો બોંતેર રૂપીઆ મલી જુમલે (૫૨૩૬૭૪૦) બાવંત લાખ, છતરીસ હજાર, સાતશો ચીઆલીસ રૂપીઆ ઉપજીઆ હતા. ખરેખર ઇંગલંડનાં લોકો હાવા ખાતાંઓની કીસત પીછાંનેછે અને તેનો લાભ કેમ લેવો તે સંમજેછે. એ સઘળું ઉપલી વીગત ઉપરથીજ દેખાએછે, તે વીશે વધારે લખવાની અગત નથી. તારીખ ૧૧ મી અકટોબરને દીને આ સંગરહસથાંન બંધ કરીઆમાં આવીઉં હતું. તેની અંદરનો સાંમાંન જેઓએ વેચાતો લીધો હતો તેઓને તાંહાં, તથા જે માલ નહી વેચાયો હતો તે તેઓનાં આ લેકોને તાંહાં મોકલવાનો હોકમ થયો હતો, અને બીલોરી મેહેલનાં બાંધ કામનો સામાંન ઉંચકી લઇ જવાની પરવાંનગી આપીઆમાં આવી હતી. આ પરમાણે દુનીઆમાં સઉથી મોટી અને નાંમીચી ઈમારત એક વ ખત જનમી ગઈ, તે હવડાં નથી, તોપણ તવારીખમાં હંમેસાં અમર રેહેશે.

ઉપલો મેહેલ બાંધવામાં મીસતર કીઉબીટ, મી૦ ફાકસ અને મીસતર પાકસટને ઘણી મોલાકી બતાવી હતી, માટે તેમને નાંમદાર રાણીએ "નાંઈટ હુડ" નો ખેતાબ આપીઓ હતો.

નવો બીલોરી મેહેલ.

જે મેહેલનુ ઉપર બયાંન કીધુંછે, તે મેહેલ મેશરસ ફાકસ તથા હેનડરસને હેવી બોલીથી બાંધીઓ હતો કે, સંગરહસથાંનની મુદત પુરી થયા પછી, તે ઈમારત બાંધવામાં રોકાએલો સઘળો સાંમાન તેઓને પાછો હસતક કીધામાં આવેતો તેઓ તે ઈમારત ૭૯૮૦૦૦ રૂપીઆ બાંધે, અને જે સરકાર અથવા કોઈબી બે તાનાં હસતકમાં તે લીએતો તેઓને ૧૫૦૦૦૦૦ રૂપીઆ આપવા. જારે ઉપર જણાવેલું સંગરહસથાંન બંધ કીધામાં આવીઉં, તારે તે બીલોરી મેહેલનુ સું થાશે, એવો સઘળા લોકો વીચાર કરવા લાગા. સઘળી તરફ થી હેવી બાહેશ થાઈ કે, એ મેહેલ જથુક રેહવા દેવો અથવા એ બધેનો સાંમાન ઉખેરી બીજી ગમ ફરીથી

બાંધવો. ઈંગલંડની સરકારે એ બાબદમાં વચે પડવાને દરૂસત ધારીઉં નહી, અને પેહલલો મેહેલ જેમ લોકોની જ ઉલટ અને મદદથી ઉભો થાયો હતો, તેમજ જાથુકનો મેહેલ બાંધવાનું પણ લોકો ઉપરજ રાખવાને દરૂસત ધારી ઉં. જે મજાહ અને ગમત લોકોને હાઈડપારકનાં બીલોરી મેહેલથી મલી હતી, તે તેઓ કધી વીસરીઆ નહી, અને હેવી મજાહ અને ગમત જાથુક મલે તેવું કરવાને વાસતે તરેહવાર વીચારો ચાલવા લાગા. અંતે મી૦ લીચ નાંમનાં એક શખસને હેવું સુજ્ઉં કે, એક કંપની કરીને આ મેહેલ વેચાતો લઈને કોઈ લાએક જગા ઉપર ઉભો કરવો. મી૦ લીચનો આ વીચાર કેટલાએકોને પસંદ પડીઓ, અને નવ ગરહસથોએ એ કડા થઈને તે ઈમારત મેશરસ ફાકસ અને હેનડરસન પાશેથી વેચાતી લીધી. તેહારપછી તેઓએ એક "કંપની" ઉભી કરવાની મદેહુ નજર પરગટ કીધી, અને તેને "કરીસટલ પાલેસ કંપની" કરીને નાંમ આપીઉં અને તેની થાપણ (૫૦૦૦૦૦૦) † પચાસ લાખ રૂપીઆની કીધી તેમાં દરએક શેર અથવા ભાગની કીમત ૫૦ રૂપીઆ કીધી હતી. થોડા દીવસની અંદર ઘણાખરા શેરો ભરાઈ ગયા, અને જેઓએ આગલો મેહેલ બાંધવામાં ઘણીખરી મદદ કીધી હતી, તેઓનેજ આ મેહેલ ઉભો કરવાનું કાંમ સોંકીઆમાં આવીઉં હતું. વલી એ મેહેલ મધે મેલવાની વસતુઓ ચુંટી કાહાડવાને વાસતે વીદીઆ, એલમ અને હુંનરમાં પેહેલે વાંધે નાં નાંમ ધરાવનારા કાબેલ શખસોને થેડવીઆમાં આવીઆ હતા. કેટલાએક ગરહસથોને એ કાંમને સારૂ યુરોપખંડનાં બીજાં મુલકોમાં અસલની અને નવાઈની વસતુઓ મેલવવાને મોકલીઆમાં આવીઆ હતા. એ પરમાણે નવો બીલોરી મેહેલ ઉભો કરવાને વાસતે સધળી તરફથી તારીફ લાએક ઉતાવલ કરીઆમાં આવી હતી.

આ નવી ઈમારત ઉભી કરવાની જગા શોધતી વેલાએ આ વાત ધીઆંનમાં રાખીઆમાં આવી હતી કે, જેમ બને તેમ એ મેહેલ જાંહાં ખુદરતી દેખાવ સારો હોએ, જાંહાં હવા હંમેસાં સારી અને તાજી હોએ, અને જાંહાં જવાને સારૂ લોહોડાંની સડકની મદદ મલે, તેવી જગા ચુંટી કાહાડવી. આ સધળી મ તલબ લંડનથી પંદર માઈલ દુર સીડેનહાંમ નાંમનાં ગાંમડામાં પાર પડે હેવું લાગું, અને તેથી તુરત તાં હાં આ મેહેલ બાંધવાનો થેડાવ થાયો, અને એ મેહેલને હવડાં "સીડેનહાંમ કરીસટલ પાલેસ" કરી કેહેછે. હાઈડ પારક વાલા તેનાં આગલા ભાઈ કરતાં, આ મેહેલની બાંધણીનો બાહેરનો તથા અંદરનો દેખાવ કોઈ બી રીતે ઉતરતો નથી, બલકે વધારે સરસછે. આ મેહેલ બાંધવામાંબી મોટો ભાગ લાકડાં, લોહોડાં તથા કા ચનોછે. આગલા મેહેલને ઉખેડતી વેલાએ મલેલો સધળો સાંમાંન પાછો હીંઆં કામે લગાડેલોછે. તેમાં કાંમે લાગેલાં કુલ સામાંનતી વીગત નીચે જણાવીઆ પરમાણેછે. લોહોડું ૯૬૪૨ ટંન; ૨૫ એકર, અથવા ૫૦૦ ટંન કાચ; એ કાચનાં તકતા હારેદોર મેલીઆમાં આવેતો તેઓની લંબાઈ ૨૪૨ માઈલ થાએ. બારણાઓની કલ અને બીજંગરાંજ સધળાં એકડાં કરીએ તો તેઓનુ વજંન ૧૭૫ હંદરવેટ થાએ; ફકત એ ઈમારતમાં મારેલા ખીલાનુ વજન ૧૦૩ ટંન અને ૬ હંદરવેટ થાએછે. એ ઈમારતની કુલ લંબાઈ ૧૬૦૮ ફુટછે, તથા તે ઈ મારતની બે "વીંગ" અથવા બાજુ કીધીછે તેની લંબાઈ સાથે મેલવીએતો કુલ લંબાઈ ૨૭૫૬ ફુટ થાએ, અને સહુથી વધતી પોહોલાઈ ૩૮૪ ફુટછે તથા ઉંચાઈ ૧૭૪ ફુટછે. આખા મેહેલનો જુદી જુદી ગીઆલ રીઓ શુધાં ક્ષત્રફલ (૮૬૪૬૪૦) આઠ લાખ ચોસઠ હજર, છશો ચાલીસ ફુટ થાએછે, અથવા મેહેલ અને તેને લગતો ભાગ ૨૦૦ એકર જમીંન રોકેછે. આ સફા સાથે આપેલા નકસા ઉપરથી જોયામાં આવશે કે તેનો બાહેરનો દેખાવ કેવો ખુબસુરતછે. હરેક નવું કાંમ એક વખત પુરૂં કરીઆ પછી તેમાં શુધારો કરવા નું ઘણુએક સુજ પડેછે, તે પરમાણે હાઈડ પારકનો મેહેલ ગમે તેવો સારો હતો, તોપણ તે મધે જે જે ખા

† આ થાપણ પાછલથી પુરી પડી નહી અને આ નવા બીલોરી મેહેલને તેની સધળી સોભા સાથે ઉભો કરતાં (૧૪૫૦૦૦૦૦) એક કરોડ, પીસ્તાલીસ લાખ રૂપીઆનો ખરચ થાયેછે.

મીઓ હતી તે આ મેહેલ બાંધતી વેલાએ સમારીઆમાં આવીછે. આ મેહેલ જાંણે તરણ મારનો હોએ તેવો લાગેછે. એ મેહેલનો સહુથી નીચેનો ઈમાને ભોએ તલીએનો ભાગ લાંબોનો લાંબો બાંધેલોછે. પેહલલો માર આ ઈમારતનો સહુથી સરસ ભાગછે અને એ મેહેલની સહુથી વધતી ગમત તાંહાં મલેછે. આ મર મેલીઆ પછી ઘરોની બારૂક સધલા મર આવતા નથી પણ બાજુએથી એક એકની ઉપર ગીઆલરીઓ કીધેલીછે, એ ટલે બીજા મારો ગીઆલરીનાંજછે એમ સમજવું. એ ગીઆલરીઓ પોકલ થાંબા અને ભારવતીઆઓની ઉપરજ આધાર રાખેછે અને અસલ મેહેલનાં જે નકસા આગલ આપીઆછે તે ઉપરથી એ ગીઆલરીઓની બાંધ ણીની સમજ પડશે. એ ગોડવણથી પેહલલો માર ઘણોજ ખુબસુરત લાગેછે, કાંએજે સહુથી ઉંચુ કાચનું છા પરૂં તાંહાંથી બરાબર આખું દેખાએછે, અને પેહલલા મારની ઉભરણી ઉંચી દેખાયાથી તે જગાની ખુબસુર તીમાં અતીઘણો વધારો થાએછે.

ઈંગલંડ જેવાં થંડી હવાનાં મુલકમાં હાવી ઈમારતમાં થંડી ઘણી લાગે તથા શીઆલાની રૂતમાં તાંહાં ઉભું રેહવાએન નહી, તે ઉપરથી તાંહાં ગરમી દાખલ કરવાને સારૂ વખાંણવા જોગ ગોડવણ કરીઆમાં આ વીછે. આ ઈમારતનાં ભોએરાંની અંદર હારેદોર બાવીસ "બાઈલર" મેલીઆમાં આવીઆંછે, તેમાં એક લાખ એકવીસ હજર ગીઆલંન પાંણી માઈ શકેછે. એ બાઈલરોની સાથે લોહડાંની ચાર પોકલ નલીઓ જોડેલીછે, તેમાંથી બે નલીઓની મારફતે તે બાઈલરોમાં થાતું ગરમ પાંણી દર એક માલની જમીનની નીચે મેલેલી નલીઓમાં ફરી વલેછે, અને બીજી બે નલીઓની મારફતે પાછું તે બાઈલરમાં આવીને ગરંમ થાએછે. એ પરમાંણે ફકત ગરમીનાં જોરથી આખા મેહેલમાં પાંથરેલી નલીઓમાં ગરંમ પાંણી ફરી વલેછે, તથા પાછું તાંહાં આવી પહેછે, અને એમ વારા ફરતી થયાજ કરેછે, અને મેહેલની હવાને શુધારીને મડીરાનાં ટાપુનાં જેવી બનાવેછે, હેવું જણાવીઆમાં આવીઉંછે. આ મેહેલનાં જે ભાગમાં ગરમ દેશનાં ઝાડ તથા ફુલનાં રોપાછે, તાંહાં વધારે ગરમી લાવવાને સારૂ વધતા માઈલર મેલી, વધારે નલીઓથી ગરમ પાંણી વધતું ફેરવી, જેટલી જોઈએ તેટલી ગરમી તાંહાં લાવીઆમાં આવેછે. એ કારણને સારૂ આખા મેહેલમાં મેલેલી નલીઓ ની હારેદોર લંબાઈ ગણીએતો પચાસ માઈલ થાઈ, અને તેમાં ફરી વલવાને સારૂ પાંણીને પોણાએ માઈલ સફર કરવી પડેછે.

આગલ જણાવીઉંછે કે સીડેનહાંમ લંડનથી પંદર માઈલ દુરછે. એ થેકાંણે ચાર ઘોડા જોડેલી આંમ નીબસ અથવા આગની ગાડીની મારફતે જવાઈ શકાએછે. લંડન બરીડજ સ્ટેશન આગલ ગયા કે ૦૧ રૂપીઓ આપીઆથી મેહેલ પોંહોચવાની પેહલલા વરગની ગાડીની ટીકિટ મલેછે. એ મેહેલમાં સાધારણ દી વસે અંદર જવાનો ભાવ દર આદમી દીઠ અરધો રૂપીઓછે, અને જો કોઈ જાતનો તેહવાર હોએ અને એ મેહેલમાં દર રોજ મલતી ગમતમાં વધારો કીધામાં આવીઓ હોએ તો, તે દીનેનો ભાવ જેમ વધતી ગમત હોએ તેમ, ૧૧, ૨૧ અથવા ૫, રૂપીઆ કરીઆમાં આવેછે. એથી વધતો ભાવ થાતો નથી. લંડનથી ની કલેલી આગની ગાડી દશ મીનીટમાં આ મેહેલની નજદીક જાઈ પોંહોચેછે. સાધારણ દીવસે દર ૦૧ કલાકે એ તરફ જવાને ગાડી નીકલેછે, પણ જે દીવસે તે મેહેલમાં વધતી ગમત હોએછે, તાહરે તાંહાં તરીસ અને ચીઆલીસ હજાર આદમીઓ જાએછે, તે દીને દર પાંચ મીનીટે ગાડીઓ જાએછે તથા આવેછે. એ ગોડ વણથી હજારો લોકોને પોતાને ગમે તે વખતે જવાને બની આવેછે. આગની ગાડીઓ આગલ ભારી ટોલાં થાએછે, અને આખી ટરેન ભરાઈ જતાં જેઓ વધેછે, તેઓ વલી પાંચ મીનીટ પછી જનારી ટરેનમાં જાએછે. લંડનનું મથક છોડીને જરાક આગલ ચાલીઆ કે, આપણને દુરથી બીલોરી મેહલ દેખાએછે અને જો હવા ખુલલી અને શુરજ પરકાશતો હોએતો, તે ઈમારતનો ભારી ચલકાટ અસપણી આંખને દીપાવેછે. જેમ હી રો રોશનીની આગલ ચલકે, તેમ આ બીલોરી મેહેલ સુરજનાં તડકાંથી ચલકી રેહેછે. એ મેહેલની બંધે બા

જુએ જે મોટા બીલોરી મીનારા કુંઆરાઓમાં પાંણી પોંહોચતું કરવાને સારૂ ઉભા કીધાછે, તથા તે મેહેલનાં છાપરાં ગોલ આકારનાંછે, તેથી દુરથી એ મેહેલનાં ખુબસુરત દેખાવમાં ઘણોએક વધારો થાએછે, અને જેઓ પેહલવેહલા તાંહાં જવાનાં હોએ તેઓને તાંહાં પોંહોચવાની ઈનતેજારીનુ બયાંન થાઈ શકતું નથી. જે બીલોરી મેહેલ વીશે આટલું બધું સાંભલીઉં હતું, અને જે આ જમાંનાંમાં નહી માંની શકાએ તેવી બનાંવટો વીદ્યોઆ અને હુનરથી થાએછે હેવી આપણી ખાતરી નહી હતે, તો હાવા મેહેલ વીશે આપણે કાંહાંણી સમજતે, તેવો મેહેલ જોવાને દીવસતો સું પણ જે પલ જાએછે તેમાં તે જોવાશે, હેવી ઉમેદથી તાંહાં જનાંર ઘણીનાં દીલમાં કેટલી ખુશી ઉપજેછે, તે ખુશીનુ બયાંન આ જગાએ થાઈ શકતું નથી. અંતે આપણે બીલોરી મેહેલમાં પસાર થાયા. આપ ણી આસપાસની દેવાલો બીલોરનીછે, આપણા માંથાં ઉપરનું છાપરૂં બીલોરનુંછે. સઘળી તરફથી દેખાવ બીલોરનો છે. આપણી અચરતીનો પાર નથી. પણ એ મેહેલની અંદર આપણે દાખલ થયા અને તેનાં પેહલલા માર ઉપર જાઈને ઉભા રહેઆ, તો તાંહાં શું જોઈએછે ! તાંહાંનાં દેખાવથી થોડીએક મીનીટ સુધીતો આપણી અકલ અને ન જર હેરાંન રેહેછે. આદમી પણ કેટલું કરી શકેછે, તે આપણને હીંઆં સમજ પડેછે. બીલોરી ઈમારતની અંદર એ ક ખુશનુમા બાગની અંદર આપણે ઉભેલા છઈએ, કે જાંહાં ઈંગલંડનાંજ નહી, પણ જુદા જુદા દેશ અને જુદી જુદી હવામાં ઉગતાં ઝાડ તથા રોપા ઉગેલાછે. સરવેમાં સરદાર દાખલ બીલોરી કુંઆરો દેખાએછે તેમાંથી તરેહવાર રીતે પાંણીની ધારો ઉડેછે અને તેની આસપાસ જાંણે એક નાંધલુ તલાવછે તેમાં સઘળુ પાંણી પડેછે. એ તલાવમાં વીક્ટોરીઆ રીજીઆ નામનાં ઝાડનાં મોટાં પાતરાં અને પાંણીમાં ઉગતાં બીજાં ઝાડો જાંણે પોતાંનુ ખરેખરૂ વતંન હોએ તેમ તાંહાં ઉગેલાંછે. જરા આસપાસ નજર કરીએછ તો અસલ અને હા લનાં જમાંનાંનાં નાંમીયાં શખ્સોનાં પુતલાંઓની નકલો સોભઈતી રીતે બાગમાં ગોઠવેલી હોએ તેમ દીશેછે, કાં એજે તેમની વચમાંનાં ગાલા સોભઈતાં ઝાડો અને રોપાથી સણગારેલાછે. તેથીબી વધારે આપણી નજર પોંહોચાડીએતો આપણી બંધે બાજુએ તરેહવાર સણગાર અને બાંધણીનાં ઓરડાઓ દેખાએછે અને તેમાં હુંનર અને કારીગરીની તરેહવાર કીમતી વસતુઓનો સંગરહ કીધેલોછે. જરાક આગલ ચાલીઆ તો આ મેહેલમાં ગાએણાનો મધુર રાગ ફેલાવાને વાસતે ઉભી કીધેલી વજનતરની એક રાખશી પેટી દેખાએછે અને તેની નીચે થોડી જગામાં હજારો આદમીઓ બેશી શકે તેવી ચહડતી ઉતરતી બેડક કીધામાં આવીછે. માંથુ ઉંચકી જરાક ઉંચી નજર કરીએતો બીલોરી છાપરૂં આપણી નજરે પડેછે, અને તેની આસપાસ સોભઈ તા રંગોથી રંગેલી હારેદોર ગીચાલરીઓ તેમાં ગોઠવેલી ખુબસુરત ફુકાનો સાથે આપણી નજરે પડેછે. ફુકા નાં બોલીએતો, ફલવંત અને લીલા બાગની અંદર લોકોને વાસતે, આ એક કીમતી મેહેલછે, તાંહાં તેઓને ગમત અને ગનીઆંત મંધે મલેછે, આંખે જોઈને તેઓ કેટલીએક કેલવણી લીએછે, ખુબસુરત ચીજે જોવા થી અને પારખીઆથી તેઓનાં સવારથમાં સુધારો થાએછે. હીંઆં તેઓને સઘળી હવા અને સઘળા દે શનાં ઝાડ પાંન અને ફુલોનાં બાગની અંદર મેલીઆછે, તાંહાં તેઓને ખુદરતી વીદ્યીઆ સીખવાને સારી જોગવાઈ મલેછે, તથા હાલ જમાંનાંમાં વીદ્યીઆ, હુંનર અને એલમનાં બળથી અને કારીગરીથી સું સું બનેછે તે જોવાને તથા તપાસવાને તથા તે વીશેની વધતી માંહેતગારી મેલવવાને બની આવેછે. ખરેખર હેવો દે ખાવ આપણે દુનીઆનાં બીજા કોઈ ભાગ ઉપર જોઈ શકતા નથી.

ખુદરતી તવારીખનો ભાગ.—આ બીલોરી મેહલમાં પગ મેલતાંને વાર આપણુ પેહલ વેહલું ધીઆંત "નીઉ વરલડ" એટલે આંમેરીકાની ખુદરતી તવારીખનાં ભાગ ઉપર પોંહોચેછે. એ જગાએ મેકસીકોનાં ગાંમ ડીઓ શેકાર કરતા પ્રાહેલાછે. એ જગાએ બ્રજીલનાં આસતરીય તથા કીડી ખાનાંર જાંનવરો તથા આલ પાકા નામનાં જાંનવરો, જેનાં બાલનાં કપડાં થાએછે, તેઓનાં આબેહુબ આકારોછે. એ જોયા પછી આમેરી કાનાં દખંણ ભાગમાં જે સઉથી જંગલી જાત રેહેછે, તેનાં કેટલાએક આકારોછે. તે લોકોની ચાંમડી પી

રીછે, બાલ લાંબણા અને કરચલી વલેલાછે, આંખ નાંધલી અને ગાલની હાડકીઓ મોટીછે. કાંનમાં તથા હોટમાં તેઓ લાકડાંનાં મોટા કટકા ખોશેછે અને તેથી તેઓનો ચેહરો ઘણોજ દરાંમણો લાગેછે. તાહરપછી આપણે આમેરીકાનાં ઓતર ભાગનાં ગાંમડીઓનુ એક તાંચતું ટોલું જોઈએછે, તે ઉપરથી તે જંગલીઓ લ ડાઈમાંથી પાછા ફરીઆ બાદ કેવી રીતે ખુશાલી કરેછે તે આપણા જોયામાં આવેછે. તાહરપછી આમેરીકા નાં વચલા ભાગનાં રેહવાસીઓનાં કેટલાએક આકાર આપણે જોઈએછે. ઉપર જણાવેલા સઘળા આકારો આબેહુબ તાંહાંનાં દેશીઓને મલતાછે અને તેમની ઉપર જે રંગ આપીઆમાં આવીઓછે, તે તેઓનાં ખુદરતી રંગનાં જેવોજછે. આ આકારો ગોઠવતાં વચમાં જે જે ખાલી જગા રહીછે, તેમાં આમેરીકામાં થાતાં જાંન વરો તથા પંખેરાંઓ તથા રોપાઓ અને ઝાડો ગોડવીઆમાં આવીઆંછે તેથી કરીને આમેરીકાની ખુદરતી તવારીખનો સારો અભીઆસ એ જગાએ થાઈ શકેછે. આરકટીક સમુદર આગલ થાતાં પંખેરાંઓનાં આકાર જે હીંઆં મેલીઆમાં આવીઆછે, તે ઘણાજ સુંદરછે. આ ભાગની બીજી બાજુએ "ઓલડ વરલડ" એટલે યુરોપ, એશીઆ અને આફ્રીકાની ખુદરતી તવારીખ જણાવનારી વસતુઓછે. હીંઆં આફ્રીકાનાં જુલુ કાફરો તથા એ ખંડનાં ઉગમણુ ભાગ ઉપર વસનારા ડાંનાંકીલ નાંમની બટકતી જાતનાં લોકોનાં, તથા એ ખંડનાં પશ્ચમ ભાગ ઉપર રેહનારા ગોલાંમોનાં આકારો આપણા જોયામાં આવેછે. એ આકારો ગો ઠવેલાછે તેમની વચમાંની જગામાં ઉપલા ભાગો ઉપર વસતાં જાંનવરો તથા ઉગતાં ઝાડોનાં નમુનાં ગોઠવેલાછે. મડાગાસકાર મધે થાતાં કેટલાંએક જાંનવરો, તથા એક હીપોપાટેમસ જોયામાં આવેછે. તાહરપછી એશીઆ ખંડમાં વાધનાં શેકારનો એક આકાર આપીએછે તથા હીંદુસથાંનમાં વસનારી જાતનાં કેટલાએક આકારોછે. હીમાલીઆ પરવતમાં વસનારા લોકોનાં બે પુતલાંછે, તથા તે તરફ થાતાં પંખેરાંઓનો એક સારો જમાવ આ જગાએછે. આસતરેલીઆનાં ગાંમડીઓ તથા તાંહાં થાતાં જાંનવરોનાં આકારો પણ હીંઆંછે. ચીન, જે પાંન, નીપાલ, સાઈબીરીઆ અને બીજા મુલકોમાં થાતાં જીવજંતોનાં કેટલાએક નમુનાંછે. એ સઘળા આદ મીઓ તથા જાંનવરોનાં આકારો, તથા ઝાડો હેવી રીતે ગોઠવીઆમાં આવીઆંછે કે, દરએક ભાગની વસતી જુદી જુદી માલમ પડેછે તથા જેનાંરને દરએક ભાગની ખુદરતી તવારીખ મેહેલથી સમજ પડી શકેછે.

ઈંગલંડનાં પાદશાહોની સબી.—ઉપલી જગાએથી દખણ તરફ નજર કરતાં એક દેવાલની ઉપર એક એકની નીચે બે હારમાં તેમનાં જનંમનાં વખત પરમાંણે ઈંગલંડનાં પેહલલેથી તે હમણા શુધીનાં પાદશાહ તથા રાંણીની સબીઓ પાડીછે. એ સબીઓમાં જેમ બને તેમ ખરો આકાર આપવામાં અતીઘણી કોશેસ કરવામાં આવીછે. આ સબીઓ જોયા પછી આ મેહેલનાં વચમાંનો ભાગ જેને નેવ તથા તરાંનસેપટ કરી કેહવા માં આવેછે, તેમાંની વસતુઓ ઘણી જોવા લાએકછે.

બીલોરી કુંઆરો.—ઉપલી તસવીરો જોયા પછી આપણે એક બીલોરી કુંઆરા પાશે જઈએછે. એ કુંઆરો તેનાં નાંમ મુજબ આખો બીલોરનાં કાચનો બનાવેલોછે. તે અસલ ૧૮૫૧ નાં સંગરહસથાંનને સારૂ બનાંવી તાંહાં મેલેલો હતો, તે જગાએ તેની ઘણી વખાંણ થયાથી, હમણા તેને આ જગાએ જાયુક મે લીઓછે. એ કુંઆરો બનાંવવામાં ૩૨૦ મણ કાચ કાંમે લાગેછે. ઉંચાઈમાં તે ૨૭ ફુટછે, અને એ ઉંચાઈ થી પાંણીની જે ખુશનુમાં ધાર સઘળી તરફથી પડેછે, તે વચમાં બનાંવેલી કાચની ખુબસુરત અને સોભઈતી થારીઓ ઉપર પશાર થઈ નીચે બનાંવેલાં એક નાંધલા તલાવમાં પડેછે, કાંએજે તે કુંઆરાની આસપાસ પાંણીનું હુંગાડું ટાંકું કીધેલુંછે. એ ટાંકામાં પણીમાં ઉગતા રોપાઓ પણ રોપેલાછે, તેથી આ કુંઆરો ઘણાજ ખુશનુમાં દેખાવની અંદર ઉભેલો દીશેછે. હાઈડ પારકનો મેહેલ હુંગાડતી વેલાએ થાએલા દેખાવનો જે નકસો આગલ આપીઓછે, તેને એક છેડે જે મોટો કુંઆરો દેખાએછે, તેજ આ કુંઆરોછે.

નેવ તથા તરાંનસેપટ.—આ મેહેલનો ઘણો ખરો વચલો ભાગ જે ઉપલાં નાંમોથી ઓલખાએછે,

તાંહાં તરેહવાર અસલનાં તથા હમણાનાં વખતનાં પુતલાંઓછે. હમણાનાં તથા અસલનાં વખતમાં જે શ ખસોએ સારૂ નામ મેલવીઉછે તેઓનાં બાહાવલાં, તથા અસલનાં અને હમણાનાં વખતની ઉંચી કારીગ રી બતાવવાની મતલબથી ઘણાએક પુતલાંઓ હીંઆં આપીઆંછે. એ પુતલાંઓ ગોઠવવામાં તથા તેમની આસપાસ બાગો બનાંવવામાં ઘણી હોશીઆરી બતાવીઆમાં આવીછે. દરએક પુતલાં છુટાં છુટાં જોવા લા એકછે. હીંઆં ફરીઆથી અસલનાં તથા હમણાનાં ઘણાએક નામીચા શખસોની આપણને ઈઆદ આવે છે, એટલુંજ નહી, પણ તેઓનાં ચેહરાનો ખીઆલ કરવાને બની આવેછે. એ સઘળાં પુતલાંઓનાં ફક્ત નામ આપીએ, તોજ એક મોટી ટીપ થાએ, માટે એ બાબદમાં ઉપલી વીગતજ અતરે બસછે. ગરેટ તરાંનસે પટનાં પશ્ચમ તરફનાં ભાગમાં મેશરસ ગરે અને ડેવીસંનની બનાંવેલી એક મોટી વાજાંની પેટીછે, તે વાગેછે તાહરે તેનો અવાજ આ મેહેલનાં એક છેરેથી બીજી છેરે શુધી સંભલાએછે. આ પેટીની નીચે "આરચેસટરા" નામની ચહડતી ઉતરતી જગાની બેઠક કીધીછે, તેમાં તરણ હજાર ગાણારા બેશી શકે તેવી ગોઠવણછે. તરાંનસેપટનાં ઓતર તરફનાં ભાગમાં ગરમ દેશનાં મુલકોનાં ઝાડો ઉગાડીઆમાં આવીઆંછે. હીંઆં આપણે ખજુરી અને તાડ જોઈએછે. આ જગાએ તે ઝાડોને જીવતાં રાખવાને સારૂ તેમનાં અસ લ દેશ પરમાણેની ગરમી દાખલ કરીઆમાં આવીછે. એ પરમાણે દાખલ કીધેલી હવા તે ઝાડોને ઘણી માફક આવેછે, કાંએજે કેટલાંએક ઝાડો જરે રોપીઆં હતાં તાહરે કુબલાં હતાં, તે પાછલથી ઘણાજ મજબુ ત થયાંછે અને તેઓની ઉપર જે લીલો બાહાર આવીએાછે તે અચરત થવા જોગછે. આ મેહેલનાં જુદા જુદા ભાગમાં મોટાં ઝાડો ઉગાડીઆમાં આવીઆંછે. ઘરોની અંદર મોટાં ઝાડો ઉગે એ બીનાં અચરત સ રીખીછે, પણ એમ આ મેહેલમાંછે. નીઉઝીલંડ મધે ઉગતાં મોટાં તીમબરનું એક ઝાડ અતરે ઉગાડેલુંછે તથા ચીન, જેપાંન, આસટરેલીઆ અને બીજા મુલકોમાં ઉગતાં મોટાં ઝાડો હીંઆં ઉગાડીઆમાં આવી આંછે. ઝાડપાંણ જોયા પછી જાંહાં લોહોડાંનાં તારથી ઘેરી લીધેલી જગામાં જીવતાં પંખેરાંઓનો જમાંવ કી ધેલોછે, તાંહાં જે દેખાવ આપણી નજરે પડેછે તેથી ખરેખર ખુશી ઉપજેછે. હીંઆં ઘણા ખરાં ગરમ મુ લકમાં રેહનારા પંખેરાંઓછે. એજ જગાએ આપણે મધુર રાગ વાલું નાંઈટીંગેલ અથવા બુલબુલ પણ આપ ણે જોઈએછે, અને જોકે સેંહકડો આદમીઓ તેને જોવાને તાંહાં એકઠાં મલેછે, તોપણ ગભરાયા વગર એ ખુબસુરત પંખેરૂ પોતાનો રાગ કાહાડેછે અને આસપાસ ઉભેલાઓને ખુશી કરેછે. એ જગાએ પંખેરાંઓ પોતાનાં માલા બાંધેછે તે જોયાથી આપણને ઘણી અચરતી ઉપજેછે. દર રોજ હજારો આદમી તેઓની આગલ આવી જાએછે તેથી એ જંતવરોને તે દેખાવ હંમેસનો થાયોછે અને કાંઈબી ધાસતી ખાતાં નથી, તેથી જોનારાઓની હજુરમાં એ પંખેરાંઓ પોતાનાં માલા બાંધેછે, તે કાંમ જોયાથી આપણને ઘણીજ ગમત ઉપજેછે, અને આ પંખેરાંઓની ચાલાકી, ઝડપ અને હીકમત જે તે વખતે આપણે નજરે જોઈએછે, તેથી બહુ આનંદ થાએછે. એ પંખેરાંઓનાં ઘરની એક બાજુએ કાચનો એક મોટો તલાવ બનાંવી તેમાં નવા ઈ જેવી માંછલીઓને જીવતી રાખીઆમાં આવીછે.

આ પરમાણે એ મેહેલનો વચલો ભાગ તપાસીચ્યા પછી તેની સઘળી બાજુએ જે જે ઓરડાઓ કી ધામાં આવીઆછે, તેઓની બાંધણી અને તેમાં મેલેલી વસતુઓ જોયાથી ઘણીએક ગમત તથા ખુશી ઉપજે છે. એ ભાગો તથા ઓરડાઓને "કોરટ" કરી નામ આપીઆમાં આવીઆંછે અને દરએક ભાગ કેવી બાંધણીનોછે તથા તેમાં શુંછે તે તેને જોઈલાં નામો ઉપરથી માલુમ પડશે.

ઈજીપશીઅન કોરટ.—એ ભાગની બાંધણી મીસર દેશનાં અસલનાં વખતની કેટલીએક નામીચી ઈમાર તો ઉપરથી લીધીછે, અને તાંહાં જે કાંઈ વસતુઓ જોવાનીછે, તથા જે કાંઈ થાંબા ઉભા કીધાછે, તથા દેવાલ અને થાંબાઓ ઉપર રંગ અને નહી વંચાએ હેવા દસકતો પાડેલાછે, તે સઘળું મીસરનાં અસલનાં વખતની

નામીચી ઈમારતો ઉપરથી લીધુંછે. એ જગાએ જે જે વસતુઓ તથા બાંધણીછે, તે કાંઇ મીસરથી લાવીને હીંઆં મેલેલી નથી, પણ તે જોઈને આબેહુબ હીંઆં નકલ કીધીછે, તેથી જોયા અસલનાં વખતની ઈમાર તોનો કેટલોએક ભાગ જાંણે આજે ફરીથી બાંધીઓ હોએ, અથવા તે જગાઓ પાછી તાજી થાઈ હોએ તેવું લાગેછે. એજ પરમાણે બીજી સઘળી કોરટોમાં પણ જુદે જુદે દેશની અસલી ઈમારતો તથા વખાંણવા લા એક વસતુઓની નકલ કરી અસલ દેખાવ તાંહાં પાછો તાજો કરીઓછે. મીશર દેશની બાંધણીમાં જે મોટા સીંહનાં આકાર આવતા હતા તે ઈજીપશીઅન કોરટમાં આબેહુબ ઉતારેલાછે. એ ભાગની દેવાલની ઉપરની કોર ઉપર જેમ અસલનાં વખતમાં નહી વાંચી શકાએ તેવા "હીરોગલીફીકસ" નાં લખાંણ આ વતાં હતાં તેમ ચીતરેલુંછે. એ જાતનાં દસકતોમાં તાંહાં નામદાર રાંણી તથા તેનાં બરથાર પરીનસ આલબ રટનાં નામો પાડેલાંછે. વચે વચમાંનાં બારણાની ઉપર મીસરના પાદશાહોનાં નામો લખેલાંછે, અને તેમાંથી અંદર દાખલ થયા કે મીસરનાં એક અસલી દેહડાંનો ખુબસુરત દેખાવ આપણી નજરે પડેછે. દાહવા હાથ ઉપરની દેવાલ ઉપર એક મોટું ચીતર પાડેલુંછે, તે "રાંમીસીસ ધી થરડ" નાં મોટા દેહડાંમાંથી નકલ લી ધેલીછે. એ ચીતરમાં પાદશાહ પોતાની ગાડીમાં સવાર થાએલોછે અને તેની પાસે લડાઈમાં મારીઆ ગએ લાં આદમીઓની હાથથી ગણતરી કરીઆમાં આવેછે. જમની બાજુની દેવાલ ઉપર એક લડાઈનો ચીતરછે તેમાં મીસરનાં લોકો એક કીલ્લો હાથ કરતા પાડેલાછે. આ કોરટનાં એક બીજા ભાગમાં બેની હાસંનની એક કબર બનાંવીઆમાં આવીછે તે જોવા લાએકછે. આબુ સીમબલનુ દેહડું જે નીઉબીઆમાં એક પાહા ડની અંદર કોતરી કાહાડેલું હતું તેનો નમુનો હીંઆં મેલીઆમાં આવીએાછે. એ ઉપરાંત મીસરની ઘણી એક વસતુઓ તથા બીનાં આ જગા ઉપર જોયામાં આવેછે, પણ તે સઘળાનું બયાંન વીસતારીને આ જગા એ થાવું મોહાલછે, માટે હુકમાં બીજા કોરટો વીશે જણાવીએ છઈએ.

ગરીક કોરટ.—હીંઆં અસલનાં યુનાંન દેશની ઈમારતોની કારીગરી તથા બાંધણી બતાવીઆમાં આ વીછે. યુનાનમાં બજારને સારૂ તથા રાજ દરબારી કાંમ સર જે જગાએ લોકોની મોટી સભા ભરાતી હતી, તે જગા આ કોરટમાં દેખાડીઆમાં આવીછે. આ ઓરડાની બાજુઓ ઉપર યુનાંનનાં કવી તથા ફીલસુ ફો તથા હુંનરમંદ શખસોનાં નામો લખેલાંછે. આંધલો હોમર જે કવીઓનો બાપ ગણાએછે, તેનું નામ બાર ણામાં દાખલ થતાંજ આપણા જોયામાં આવેછે. એ સઘળા નામો યુનાંની ભાશામાંજ લખીઆંછે. એ ભાગમાં જનમનાં વખત પરમાણે યુનાંનનાં નામીચા શખસોનાં પુતલાં ગોઠવેલાંછે તે જોયાથી તે દેશની અ સલી તવારીખ જાંણનારની ઘણીએક ઈઆદ તાજી થાએછે. આથેનસ મધે પારથેનાંનસનું જે ઘણું નામીચું દેહડું હતું, તે આખા દેહડાંની બરાબર સમજ પડે એ પરમાણે તેનાં એક ભાગનો હીંઆં નમુનો મેલેલોછે.

રોમન કોરટ.—જેમ ગરીક કોરટમાં યુનાંન દેશનાં નામીચા શખસોનાં પુતલાંછે, તેમ આ જ ગાએ રોમનાં નામીચા શખસોનાં પુતલાંછે. રોમ મધે અસલનાં વખતમાં "કોલીશીઅમ" નામની જે ના મીચી ઈમારત હતી, તેની બાહેરની આરડા અને થાંબથી બાંધેલી દેવાલની માફક, આ જગાની એક દેવાલ બાંધીઆમાં આવીછે તે ઘણીજ ખુબસુરત લાગેછે અને રોમની સઉથી ખુબસુરત ઈમારતનો નમુનો તે ઉપ રથી આપણને હીંઆં મલેછે. કદમાં મીસરનાં પીરામીડ વગરે બીજી કોઈ ઈમારતો આ કોલીશીઅમની બ રોબરી કરી શકતી નથી. એ ઈમારત ગોલ આકારમાં હતી, અને તેનાં બાહેરથી ચાર મારે હતા અને વ ચેવચમાં એક મોટી ખુલ્લી જગા હતી કે જાંહાં ગાડી અને ઘોડાઓની સરતો તથા કુસતી તથા જંગલી જં નવરો વચેની લડાઈ તથા બીજી રમતો કરીઆમાં આવતી હતી. આ ખુલલા ચોકની આસપાસ નજ દીક એક લાખ આદમી બેશી શકે તેવી ચહડતી ઉતરતી જગા કીધામાં આવી હતી. એ નામીચી ઈમાર તનો એક નમુનો જે રોમ મધે બનાંવીઆમાં આવીઓ હતો, તે હીંઆં એક મોટી તેમલ ઉપર મેલેલોછે.

એક વાશણ ગમે તેવું મોટું હોયે, પણ તેનો બરાબર નમુનો લાકડાંમાં ગમે તેટલો નાંખલો બનાંવીઓ હોયે, તે જોયાથી આપણને તે મોટાં વાશણનો બરાબર વીચાર આવે, તેજ મીશાલે ઉપલો નમુનો જોયાથી ઉપર જણાવેલી નાંમીચી ઈમારત કેવી હશે, તેનો ખીઆલ બરાબર આપણા મનમાં ઉતરી શકેછે. રોમ મધેનાં પારથેનાંનસનાં દેહડાંનો પેણ આ જગાએ એક નમુનોછે. આ જગા મધેની કેટલીએક દેવાલ રોમની નાં મીચી દેવાલો પારફરી, મોલાશાઈટ, અને ઉંચી જાતનાં સંગેમરમરની બાંધીઆમાં આવતી હતી, તેવી બાં ધીઆમાં આવીછે. ટુકમાં કહીજીએછે કે, આ જગાએ અસલના નાંમીચાં અને વખણાયેલાં રોમ શેહેરની ઈમારત તાજી કરવાની સઘળી તરેહની કોશેસ કરીઆમાં આવીછે.

આલાહાંમબરા કોરટ.—આખા બીલોરી મેહેલમાં સઉથી ખુબસુરત ભાગ આ છે. એ જગાએ જે ઓરડા બનાંવીઆમાં આવીઆછે, તાંહાં કીધેલી બારીક નકસી અને સુનેરી ધોર તથા તરેહવાર રંગથી બનાં વેલી તરેહ અને ખુબસુરત થાંભો જોઈ આપણી આંખ હેરત રેહેછે. એ જગા આપણે એક વાર જોઈએ, બે વાર જોઈએ, તરણવાર જોઈએ અને ડનન વખત પણ જોઈએ, તોભી તાંહાંથી ખીસવા ગમતું નથી. જાંણે આપણા પગ તે જગા સાથે ચોંટી ગયા હોયે, અને તેઓને પણ તાંહાંથી જવા નહી ગમતું હોયે, તેમ આપણા પગલાં તાંહાંજ બેંચાએછે, હેવી એ જગાની ખુબસુરતીછે. યુરોપખંડમાં સ્પેનનાં દખણ ભા ગમાં ગરેનેડા નાંમનાં શેહેરમાં આલાહાંમબરાનો કીલ્લો હતો. એ શેહેર તે વખતે મુર લોકોનાં હાતમાં હતું અને ૧૪૯૨ નાં વરસમાં સ્પાંનીઅરોએ જીતીને પોતાનાં હસતકમાં લીધું હતું. ઉપલા કીલ્લાનો સઉ થી ખુબસુરત ભાગ હીંયાં પાછો તાજો કરીઆમાં આવીઓછે, અને જેવો તે અસલ મેહેલ હતો, તેવોજ હીંયાં પણ લાગેછે. તાંહાંનો સઘળો અસલી સણગાર હીંયાં પાછો કીધોછે, તેથી જોયા આ એક બીજે આલાહાંમબરાનો મેહેલછે. હીંયાંની નકસીદાર અને સુનેરી ધોર સાથની દેવાલ અને થાંભાંનો ભપકો ન જરે જોયા વનાં સમજ પડેજ નહી. આ ભાગમાં જેટલા ભાગને " કોરટ આવ ધી લાયનસ " કરી કેહેછે, તે સઉથી સરસ અને ખરેખર ખુબસુરતછે. હીંયાં બનાંવેલો ઓરડો ૭૫ ફુટ લાંબોછે, તે અસલ મેહલનાં ઓરડાનો બે તરીતીઆંઉસ ભાગછે, પણ હીંયાંની ઉંચાઈ અને થાંભો અસલની ઉંચાઈ બરાબરછે. એ ઓ રડામાં વચે વચમાંનાં ભાગમાં સીંહોનાં પુતલાંનુ ટોલુંછે, તેઓનાં મોહોડાંમાંથી ફુંચારા ઉડેછે, અને તે ઉપ રથી આ ભાગને " કોરટ આવ ધી લાયનસ " કરીને નાંમ આપીઆમાં આવીઉંછે. ઉપલા મેહેલ મધે ઈનસાફની અદાલતનું તથા દીવાંનનુ જે દીવાંનખાંનું હતું, તે આમ્બેહુળ હીંયાં બનાંવીઆમાં આવીઉંછે. જે ભાગને " હાલ આવ ધી આમ્બેસરેજીસ " કરીને કેહવામાં આવેછે, તે અસલ દીવાંનખાંનાંની સીલીં ગ પડાનાં આકારનાં પાંચ હજાર છુટા કટકાની બનાંવેલી હતી. એ પડા એક એકની અંદર ખીલા તથા ચુંકની મદદ વગરે બેસાડીઆમાં આવીઆ હતા, તેની નકલ હીંયાં આપણા જોયામાં આવેછે. ફરીથી કહીજીએછે કે, આખા બીલોરી મેહેલમાં આલાંહાંમબરા કોરટ સઉથી ખુબસુરતછે અને તે ભાગ ઉપર એક મોટી રકમ ખરચીઆમાં આવી હશે.

આસીરીઅન કોરટ.—બીલોરી મેહેલ મધે બીજી કોરટો કરતાં આ ભાગ વધારે જગા રોકેછે. એ ભાગ ૧૨૦ ફુટ લાંબોછે અને ૫૦ ફુટ પોહોલોછે. હીંયાં જે બાંધણી બતાવીઆમાં આવીછે, તે હાલ જમાં નાંમાં થોડાંજ વરસ થાયાં જાંણીતી થાઈછે. આસરે વીસ વરસની વાત ઉપર મોસલ ખાતેનાં ફરેનચ એ લચી મોંશીઓ બોટાએ આસીરીઆની પાદશાહીનાં વખતનાં કોતર કાંમની વસતુઓ બોરશાબાદ મધે શોધી કાહાડી હતી. તાહાર પછી એ જગાએ આસરે ૨૫૦૦ વરસની વાત ઉપર જે મેહેલ બાંધેલો હતો તેની, તથા કોયંનજીક ખાતે સેનાચરીબનાં મેહેલની અને નીમરાડ મધેનાં કેટલાંએક મેહેલની શોધો કરીઆમાં આવીછે. વલી બાબીલાંન અને સુસા ખાતે જે જગાએ અસલ મેહેલો હતા, તે જગા ઉંડી ખોદીને તાંહાં

બાંધેલા મેહેલોની જે કાંઈ નીશાંણો મલીછે, તે પણ હાથ કરીઆમાં આવીછે. ઉપર જણાવેલી સઘળી જગા ઓ ઉપરથી મલેલી વસતુઓ ઉપરથી તે દેશોમાં અસલનાં વખતનાં મેહેલોની બાંધણી કેવી હશે, તે જાંણી આમાં આવીઉંછે, અને તે ઉપરથી નકલ કરી બીલોરી મેહેલનો આ ભાગ બાંધીઆમાં આવીઓછે. મી૦ લેઅરડને બાબીલાંન, નીનીવી અને પરસેપોલીસ મધેથી જે જે અસલની વસતુઓ મલીછે, તે અસલ વસતુઓ બરીટીશ મીઉજીઅમનાં સંગરહસથાંનમાંછે, તથા મોશીઓ બોટાની શોધની વસતુઓ જે પારીસ મધે લુવર નાં મોટાં સંગરહસથાંનમાંછે, તે સઘળું ધીઆંનમાં લઈ આ જગાની બાંધણી કરીઆમાં આવીછે. ઉપલા મે હેલોની જેવી દેવાલ તથા બીજી બાંધણી હતી તેવી હીંયાં કરીઆમાં આવીછે. નીનીવી કોરટની અંદર જ વાનાં દરવાજા આગલ રાખશી બોધાઓનાં પુતલાં જેમ અસલી મેહેલોમાં હશે, તેમ બનાંવીઆંછે. આ ભાગ મી૦ લેઅરડનાં ઉપરીપણા હેઠલ બાંધીઆમાં આવીઓછે અને તાંહાં ફરીઆથી આપણે જાંણે બાબીલાંન અને નીનીવીનાં અસલી મેહેલોમાં ફરતા હોઈએ તેવું લાગેછે.

બીજાંનટાંઈન કોરટ.—કાંનસ્ટાંનટીનોપલ અથવા બીજાંનશીઅમનાં શેહેરને, કાંનસ્ટંનટાઈન ધી ગરે ટ પાદશાહે પોતાની રાજ ધાંણીનુ મુખીઅ મથક કીધું હતું, તાહરપછી એ શેહેરમાં દેવળો તથા બીજી મોટી જાહેર ઈમારતોમાં જે બાંધણી કીધામાં આવી હતી, તે બાંધણીની ઈસવી સનેની ૬ ઠ્ઠી થી, ૧૧ મી સદી સુધી યુરોપખંડનાં ઘણાખરાં મુલકોમાં નકલ કરીઆમાં આવી હતી. માટે આ ભાગમાં યુરોપખંડનાં જે જે મુલકોમાં બીજાંનશીઅમ શેહેરની બાંધણી દાખલ થાઈ હતી તેનાં જે વખાંણવા લાએક નમુનાં હતા, તે હીં આં બતાવીઆમાં આવીઆછે. ઉપલા વખતની બાંધણીમાં આરકાં અને કોતરકાંમ ઘણુજ સારૂ કરીઆ માં આવતું હતું તથા દેવાલો ઉપર તરેહવાર રંગ અને મોસાઈક કાંમની નકસી કરીઆમાં આવતી હતી તેનાં ઘણાએક ખુબસુરત નમુનાં હીંઆંનાં ઓરડાઓમાં કાહાડીઆમાં આવીઆછે. આ જગાનાં ઓરડા ઓનાં જે બારણા કરીઆમાં આવીઆંછે, તે ઉપલા વખતમાં યુરોપ મધેનાં કેટલાંએક નાંમીચા દેવળોનાં બારણાની નકલોછે.

જરમન મેડીવલ કોરટ; ઈંગલીંશ મેડીવલ કોરટ; અને ફરેનચ તથા ઈટાલીઅંન મેડીવલ કોરટ.— આ તરણ કોરટો જે એક એકથી જુદીછે, તેમાં જરમની, ઈંગલંડ, ફરાંનસ અને ઈટાલી મધે, રોમની પાદશા હી ભાગી પડીઆ પછી પંદરમી શદી સુધી, કે જે વખતને તવારીખ લખનારાઓ "મીડલ એજીસ" કરીને કેહેછે, તે વખતમાં જે જે રીતની બાંધણીઓ હતી, તે દેખાડીઆમાં આવીછે. ઉપર જણાવેલા વખતમાં ઉપલાં દેશો મધે જે નાંમીચી અને સારી કારીગરીની બાંધણી હતી, તે આ તરણ કોરટોમાં દાખલ કીધામાં આવીછે, તેમાં અગત કરીને કેટલાંએક પુરાંણા દેવળોનાં બારણા અને તે મધેની બીજી બાંધણી વધારે જોયામાં આવેછે. આ તરણહે કોરટોનુ બીજુ કાંમ પણ ઘણુ સરસછે, અને ઉપલા વખતમાંનાં તે દેશનાં કેટલાંએક પુતલાંઓનાં ઓટેલા ન મુનાં પણ હીંયાં આપણા જોયામા આવેછે. આ દરએક કોરટ છુટી છુટી કેટલીએક વાર જોવી જોઈએછે.

રેનેસાં કોરટ.—કેટલુએક શુધી બાંધકાંમની ખુબસુરતીમાં બીગાડો થયા પછી પંદરમી સદીમાં ઈટા લીમાં એ હુંનર ઉપર પાછું ધીઆંન આપવાનુ શરૂ થયું, અને તાંહાંથી તે હુંનર પાછો યુરોપખંડમાં ફેલાયો તેવાર પછી જે નાંમીચી બાંધણીઓ તાજી થાઈ હતી, તેનાં નમુનાં આ કોરટની બાંધણીમાં જોયામાં આવેછે. એ જગાએ જુદી જુદી બાજુએ કીધેલી નકસી જોઈ આપણી આંખ હેરાંન રેહેછે.

ઈલીજાબેથન કોરટ.—ઈંગલંડની રાંણી ઈલીજાબેથનાં વખતની જરાક આગમજ અને તેનાં પછી બાં ધકાંમમાં જે હુંનર અને કારીગરી વાપરીઆમાં આવતી હતી તે હીંયાં દેખાડીઆમાં આવીછે. એ વખત માં ઘણીખરી ઈમારતો મજબુત પથર અને ભારી કોતરકાંમ સાથે બાંધીઆમાં આવતી હતી, તેનાં નમુ નાં હીંયાં દેખાડીઆમાં આવીઆછે. ઈસવી સને ૧૬૦૭ નાં વરસમાં હાલંડ હાઉસ નાંમનું એક મોટું ઘેર

લંડનમાં હાઈડ પારકનાં બાગથી બે માઈલ દુર બાંધીઆમાં આવીઉં હતું, તે ઉપરથી આ કોરટની બાંધણીમાં ઘણીએક નકલ કરીઆમાં આવીછે. આ પુરાણુ ઘર હજુર શુધી આપણા જેવામાં આવેછે. હીંઆં ઉપલા વખતનાં કેટલાએક નાંમીયા શખ્સોની કબરો તથા પુતલાંએાનાં નમુનાં પણ છે.

ઈટાલીઅન કોરટ.—ઈટાલીનાં લેાકેા હુંનર અને કારીગરીને માંટે સારી પડે વખણાએલાછે, તે વાત જેએા જાંણેછે, તેએા આ કોરટ જે તે દેશની ઈમારતેાની બાંધણી ઉપરથી બાંધીછે, તે જેઈને નાંઉમેદ નહી થાશે. "ફારનેસ પાલેસ" નાંમનેા રેામ મધે જે સઉથી સરસ મેહેલ ગણાતેા હતેા, તેનાં ઉપરથી આ કોરટ બાંધીઆમાં આવીછે. આ કોરટનાં વચે વચમાંનાં ભાગમાં તે મેહેલ મધેનાં એક ફુંઆરાની આબેહુબ નકલછે. એ ફુંઆરેા કાચબાનાં આકારમાંછે. ફલારેનસ મધેનાં એક દેવળમાં કરાઈસટ અને તેની માંનુ જે પુતલુંછે તેવું પુતલું હીંઆં ઉભું કરીઉંછે. રેામ મધેનાં "વાટીકન પાલેસ" નાંમનાં મેહેલમાં દેવાલ ઉપર કેટલાંએક ચીતારેાછે, તેવાં હીંઆંમાં પણ એક એારડામાં પાડેલાંછે. આ કોરટમાં ઘણાએક નાંમીચાં પુતલાં પણ છે. આ ભાગની ગીઆલરીમાં જતાં સીલીંગ ઉપર જે ખુબસુરત ચીતાર પાડીઆમાં આવીઆંછે, તે વેનીસ મધેની "ઓલડ લાઈબરેરી" મધેનાં ચીતાર ઉપરથી પાડીઆંછે. એ જગાએ મુસા પેગંમબરનુ એક ઘણુજ ખુબસુરત પુતલુંછે. આ જગાએથી નીકલતાં દેવાલ ઉપર ઘણીએક સારી તસવીરેા આપણે જેઈએછે.

સ્ટેશનરી કોરટ.—આ ભાગમાં આપણે સઘળી કાગલની જાતસેા જેઈએછે. દેવાલની ઉપર કાગલ બનાંવવાનાં હુંનરનાં તથા બીજાં તરેહવાર ચીતારેા જેવામાં આવેછે. એ જગાએ તરેહ તરેહ અને ભાંત ભાંતનાં કાગલેા કે જે એક દેખાવે આપણે બીજીગમ જોઈ શકતા નથી, તે દેખાએછે. હીંઆં બેંક નેાટ બનાંવવાનાં તથા ચાંન કેાતરવાનાં હુંનરનાં ઘણાએક કીમતી નમુનાંછે. "કરીસટલ પાલેસ મેડલ પરેસ" નેા સાંચેા, જે એ મેહેલની તરફથી આપવામાં આવતા ચાંન બનાંવવાનાં કાંમમાં આવેછે તે આપણે હીંઆં જેઈએ છઈએ. કીતાબ બાંધવાનાં તથા સણગારથી છાપેલા કાગલેાનાં નમુનાં તથા સ્ટીરીએાસકેાપમાં જેવાનાં ચીતરેાનાં કાગલેા હીંઆં ઘણાછે.

હારડવેર કોરટ.—એ જગાએ ઘરનાં વાપરવાસમાં આવતાં ધાતુએાનાં તરેહવાર વાશણેા તથા બીજે ઘર સણગારનેા ધાતુએાનેા સામાંન જેવામાં આવેછે.

કોરટ આવ નીઉ ઈનવેનશનસ.—હુંનર તથા બનાંવટમાં જે જે નવી શેાધેા થાઈછે, તેનાં કીમતી નમુનાં હીંઆં જેવામાં આવેછે. હીંઆંથી નીકલીઆ પછી જે એારડાએા આવેછે, તાંહાં ઘર સણગારતાં લાકડાંની તથા કેાતરકાંમની તથા બીજા સામાંનની ઘણીએક વસતુએાછે, તે સરવે જેવા લાએકછે.

બરમીંગાંમ કોરટ.—ઈંગલંડ મધે બરમીંગાંમનું શેહેર તેનાં તરેહ તરેહનાં કારખાંનાંએાને સારૂ ઘણુ વખણાએલુંછે, અને તે કારખાંનાંએામાં બંનતા સઉથી સરસ માલેાનાં નમુનાં આ જગાએ મેલીઆમાં આવી આછે, તેથી બરમીંગામમાં સું સું બનેછે, તેટલું જાંણવાનેજ નહી, પણ તેનાં સઉથી સરસ નમુનાં જેવાને પણ આ જગાએ આપણને જોગવાઈ મલેછે.

શેફીલડ કોરટ.—તલવાર, છરી, કાંટા, ચંમચા તથા ધાતુની બીજી તરેહવાર વસતુએા તથા હથીઆરેા શેફીલડ શેહેર મધે બનેછે, તેનાં સઉથી સરસ નમુનાં આ કોરટ મધે આપણે જેઈએછે.

પાંમપીઅન કોરટ.—નેપલસની ખાડીનાં કીનારા ઉપર હેરકીલેનીઅમ અને પાંમપીઆઈ નાંમનાં બે શેહેરેા હતાં, તે આસરે ૧૮૦૦ વરસની વાત ઉપર ધરથીકેાપથી તમાંમ ગરક ગયાં હતાં. એ નાંસ એટલેાતેા જલદીથી થાયેા હતેા કે, કેાઈને નાંહાસવાને વીચાર કરવાને પણ વખત મલીએા નહી હતેા. થેાડાવાર માં જમીન ઉપર પાંણી અને રાખ સીવાએ બીજું કાંઈ દેખાવા નહી લાગું. આ હાલત ૧૬૦૦ વરશ શુધી રહેઆ પછે, તે શેહેરની જમીન ખેાદીને અંદરથી આગલા વખતનાં શેહેરની કાંઈકી નીશાણ મેલવવાની કેા

શેસ કરવાનેા વીચાર આવીએા. એ વીચાર અમલમાં લાવતાં ફતે મલી અને આગલા શેહેરનાં ઘરેા અને આદમીએાનાં મુરદાં વટીક અંદરથી મલીઆં. હવે આ શેાધ કીધાથી ઉપલાં નાંમીચા શેહેરેાની ઈમારતની બાંધણી જે માલુંમ પડી, તે ઉપરથી આ ભાગ બનાંવીઆમાં આવીએાછે, અને તે માંટે તેને પાંમપીઅન કોરટનુ નાંમ આપીઆમાં આવીઉંછે. હીંઆં તે શેહેર મધેથી મલેલી ઘણીએક વસતુએાની આબેહુબ નકલ જેવામાં આવેછે. જે વાત આપણે તવારીખમાં વાંચીએેય, તે હીંઆં જેઈએ છઈએ.

કાચ તથા ચીની કાંમ, ઈતીઆદી.—ઉપલી જગાએથી નીકલીઆ પછી કેટલાએક સેાભઈતા એારડાએા આપણા જેવામાં આવેછે, તાંહાં ઈંગલંડ, બેાહીમીઆ અને બલેરીઆમાનાં મુલકમાં બનાંવેલી તરેહવાર બીલેારી વસતુએા ગેાઠવીઆમાં આવીછે. એજ જગાએ કેારી તથા ચીની અને મેાટેાડી કાંમના જાત જાતનાં અને તરેહ તરેહનાં વાશણેાછે, તે સાથે બીજી ઘણીએક "ફેનસી" સેાભઈતી વસતુએા સારી રેાનકથી ગેાઠવેલીછે તે સઘળી વેચવાને વાસતે હીંઆં મેલેલીછે.

કેનેડીઅન કોરટ.—કેનેડાનુ સ્વસથાંન ઈંગલંડનાં રાજને તાબેબેછે, તે દેશ મધે ઉતપન થાતી વસતુએાનું એક સંગરહસથાંન હીંઆં બનાંવીઆમાં આવીઉંછે. આ સંગરહસથાંન સથાપવાનેા તથા તેને ચાલુ રાખવાનેા ખરચ કેનેડાની સરકારે પેાતાંને માંથે રાખીએાછે અને તેમ કરવાની મતલબ હેવીછે કે, કેનેડાની ઉતપંતીની વસતુએા ઈંગલંડમાં જાહેર થાયાથી કેનેડાનાં વેપારમાં વધારેા થાએ. જેએા એ દેશ જવાનાં હેા મેછે તેએાને આ સંગરહસથાંનથી ઘણીએક વાતની ખબર આગમજથી મલેછે.

પુસતકખાંનું.—હાવા મેાટા મેહેલમાં એક પુસતકખાંનું નહી હેાએ, હેવું વાંચનાર કધી વીચારશે નહી. છાપનારાએાએ તથા પુસતક બનાંવનારાએાએ પેાતાંનાં પુસતકેાની નકલેા ભેટ આપવાને શરૂ કીધુંછે તેથી એ જગાએ આસતે આસતે એક મેાટું પુસતકખાંનું થાશે. નવાં પુસતકેાની જાહેર ખબરેા તથા ટીપેા હીંઆં વેચનારાએા મેલેછે તેથી તેએાની ખબરનેા ફેલાવેા પણ વધતેા થાએછે. એ જગાએ ઘણાખરાં વરતમાંન પતરેા પણ મેલીઆમાં આવેછે.

રાંણીનું દીવાંનખાંનું.—રાંણી જરે આ મેહેલમાં જાએ, તારે તે નાંમદારને આશાએસ તથા ખાંનગી બેઠકને સારૂ એક ઘણુજ સેાભઈતું દીવાંનખાંનુ બનાંવીઆમાં આવીઉંછે તે જેવા લાએકછે.

તસવીર ખાંનુ.—આસરે ૩૬૦ ફુટ લાંબી એક ગીઆલરીમાં હાલનાં તથા અસલનાં વખતનાં કીમતી ચીતરેા તથા તસવીરેા જેવામાં આવેછે.

વેચવાની તથા જેવાની વસતુએા.—પેહલા માળની કોરટેા જેવા પછે, આપણે ગીઆલરીએા ઉપર જાઈએેય. તરાંનસેપટનાં વચે વચમાંનાં ભાગનાં માંથા ઉપર જે ગીઆલરી આવીછે તેનાં બે ભાગ કીધેલાછે. એક ભાગમાં વેચવાની વસતુએાની દુકાનેાછે, અને બીજા ભાગમાં વેચવાની નહી, પણ ફકત જેવાને સારૂ વસતુએા મેલેલીછે. પેહલલા ભાગમાં તરેહ તરેહની ખુશબેા, રમકડાં, "ફાંનસી" તથા તરેહવાર રંગની અને સેાભઈતી જીનસેા વેચવાને સારૂ મેલેલી હેાએછે, તે જગાએ એક ખુશ જાતરા હેાએ, તેવું લાગેછે. એ જગાએ પીસટેાલ, બંદુક તથા હુંનર તથા વાહાડ કાપને લગતાં જાત જાતના હથીઆરેા પણછે. બીજા ભાગમાં ઘેર સણગારના તથા પેહરવાનાં કપડાંનાં નમુનાંછે, તથા રશાએણી તથા ખેારાકની વસતુએાનેા સંગરહછે, તે જેમાંથી આપણને ઘણીએક ખબર મલેછે.

ખુદરતી વસ્તુએા અને તેમાંથી આદમીનાં ઉદીએાગથી પેદા થાતી જીનસેા.—તરાંનસેપટને માંથે આવેલી બીજી ગીઆલરી ઉપર ગરેટ બરીટનનાં પરગણુાએા ઉદીએાગથી ઉતપંન થાતી વસતુએાનેા જમાવ કરીઆમાં આવીએાછે. એ સંગરહસથાંનની મતલબ એછે કે, નજરે દેખાડીને આદમીને સઘળી વાત સીખાડવી; તેને દેખાડવું કે કુલાણી ચીજ કેવીછે, તે કાંહાં મલેછે, તે કેમ બનાવીઆમાં આવેછે અને આપણને

સું કાંમ લાગેછે. એ મતલબથી સઘળી જાતની ભુમીનાં નમુના તથા તે ભુમી ઉપર પેદા થાતી કાચી વસતુ ઓ હીંઆં મેલેલીછે અને તે વસતુઓમાંથી કેવી કેવી જીનસો બનેછે, તે પણ તાંહાંજ જોયામાં આવેછે.

ફોટોગરાફ.—"નેડીવલ કોરટો" ની ઓતર ઉગમણ તરફ જે મુખીચ ગીચાલરી આવીછે, તાંહાં આસરે ૪૦૦ ફ્રેંચ તથા ઈટાલીચંન ફોટોગરાફછે. હીંઆં તસવીરખાનાંને લગતાં ઘણાએક પુતલાં પણ ગોઠવેલાંછે.

દરીઆઈ બારકસો તથા પુલોનાં નમુનાં.—ઉપલી જગાની પાસેની ગીચાલરીઓમાં અસલનાં વખ તથી તે હમણાનાં વખત સુધી જેવાં જેવાં દરીઆઈ બારકસો બાંધીઆમાં આવીઆંછે, તેમનાં લાકડાંનાં બ નાંવેલા નમુનાંછે. ગરેટ ઈસટરન નાંમની રાખશી આગબોટ જેને વીશે આખી દુનીઆમાં ખબર ફેલાઈછે, તેનો પણ એક નમુનો હીંઆંછે. એ જગાની પાશે કેટલાએક મોટા ઝુલતા પુલોનાં નમુનાં પણ છે. ડનાં ઈપર નદી ઉપર અરધો માઈલ લાંબો ઝુલતો પુલછે, તેનો નમુનો ઘણોજ ખુબસુરતછે. મોસતર ફરગીઉસંન નાંમનાં નાંમીચા શખસે કીલ્લા બનાંવવાની જે ગોઠવણ બતાવીછે, તેનાં નમુનાં પણ આ જગાએ ઘણીએક અચરતી સાથે જોઈએછે. હાઈડ પારક મધે જે બીલોરી મેહેલ બાંધીઆમાં આવીઓ હતો, તેનાં કાચમાં બનાંવેલા બે નમુનાં હીંઆં આપણે જોઈએછે, તેમાં એક, એક ફુટની અરધી ઈંચને માંપે બનાંવીએાછે તે ઘ ણોજ ખુબસુરત અને મોટો લાગેછે.

ઈનડીઅન કોરટ.—એક ગીચાલરીમાં આ કોરટ બનાંવીઆમાં આવીછે, તે જોવાથી હીંદુસથાંન નાં રેહવાસીને ઘણીએક ખુશી ઉપજેછે. હીંદુસથાંનનાં હથીઆરો તથા બખતરો તથા બીજી વસતુઓ ઘ ણીજ સોભઈતી રીતે ગોઠવેલીછે તે ઉપર આ ભાગમાં જતાંનેવાર આપણી નજર પડેછે. ઈસ્ટ ઈનડીઆ કં પનીની તરફથી મલેલાં હીંદુસથાંનને લગતાં ઘણાએક ચીતરો હીંઆં દેવાલ ઉપર જોયામાં આવેછે. હીંદુસ થાંનનાં લોકોની પુંજવાની મુરતીઓ પણ હીંઆંછે. ગાએણ તથા વજાડવાનાં ઈચંતરો તેમાં ઘોલ તાસા, ઈ તીઆદીછે. કોતરેલાં લાકડ કાંમનાં ઘણાએક નમુનાં તથા ઘોડાનો કીમતી સાજ તથા બીજી ઘણીએક કીમ તી વસતુછે, તેમાં એક રૂપાંનો હુકો, રૂપાંનુ ખંજર, રૂપાંની ધાલ અને મોતીની સપાટ જે ઈરાંનથી મેલવી આમાં આવીછે તે છે. ચીનાંઓનાં હુંનર તથા કારીગરીની પણ ઘણીએક વસતુઓ હીંઆંછે અને દેવાલની ઉપર તે મતલબને લગતાં ચીતરોછે. ઓરડાની વચેવચમાં દબદબા ભરેલા પોશાક સાથે એક માંદરીનુ પુતલું છે. આ ઓરડામાંથી નીકલતાં આપણી બંધે બાજુએ હીંદુસથાંનનાં દેહેડાં તથા મસજીદોના નમુનાં જો યામાં આવેછે. એ નમુનાંઓ ઉપરથી તેમની અસલ કારીગરીની ખુબી આપણને માલુંમ પડેછે. ગાંમઠી રા જની છાવણીનો એક નમુનો પણ આ જગાએછે, અને તેની પાસે જવા દેશમા વપરાતાં કેટલાંએક હથી આરોછે તેમાંનાં કેટલાંએક સુનાં તથા રૂપાંનાંછે. સોમનાંથનાં નાંમીચા દેહડાંના દરવાજાનો નમુનો પણ આ જગાએછે.

સાંચા.—આ પરમાણે ગીચાલરીઓ તપાસીઆ પછે, આપણે આ મેહેલને ભોંએતલીએ જઈએ છ ઈએ, તાંહાં તરેહ તરેહનાં સાંચા આપણા જોયામાં આવેછે. એ સઘળા હીંઆં વેચવાને સારૂ મેલેલાછે અને ખરીદ કરનારને એટલો સંતોશ હોએછે, કે તે જીનસો ખરાબ નથી. હીંઆં ખેડવાનાં હુંનરનાં તથા કાપડ વણવાનાં અને બીજા ઉદીઓગનાં સાંચાઓ આપણે જોઈ શકીએછે.

આ મેહેલમાં દરરોજ જનારાં હજારો તમાસગીરોને ચાહે, કાફી, દારૂ આઈસકરીમ તથા ખાવાનો ખોરાક મલવાને સારૂ તાંહાં સઘળી તરેહની ગોઠવંણછે. કેટલીએક જગાઓ એ કારણને સારૂ કીધેલીછે. આ અગત પુરી પાડવાનું કાંમ "કરીસ્ટલ પાલેસ કંમપની" એ હલાએદા શખસોને સોપીઉંછે, તેઓ પોતાનાં કાંમ મા સારી કમાંઈ કરેછે કાંએજે જે ખોરાક તેઓ હીંઆં તમાસગીરોને આપેછે તેનો ભાવ સારો લીએછે.

કેટલાએક લોકો સહવારથી આખો દીવસ બીલોરી મેહેલમાં રોકવાને થેડવેછે, તાહારે તેઓ પોતાનાં કુટંબો સાથે તાંહાં જાએછે, અને આખા દીવસનાં બે તરણ ખાંનાં તાંહાંજ ખાએછે. જેઓ હેવી રીતે તાં હાં જાએછે, તેઓને કોઈબી તરેહની હરકત થાતી નથી તથા કોઈબી રીતે દલગીર થાવું પડતું નથી. જેવો સુતરો ખોરાક ઘરમાં મલેછે, તેવોજ તાંહાં મલેછે, અને હેવી ગોઠવણથી આ મેહેલ જોવા જનારાઓનાં હ કમાં ઘણો ફાએદો થાએછે.

આ મેહેલ એક સંગરહસથાંન દાખલજ કાંમ આવેછે, હેવું નથી. બીજી ઘણીએક રીતે તેને ઉપીઓગી કરીઆમાં આવેછે. દર વરશે જુદી જુદી મોહોાસમનાં ફુલ તથા ફળો હીંઆં દેખાડીઆમાં આવેછે. રીજે નટસ પારકમાં "ફલાવર શો" થાએછે, તેજ પરમાણે હીંઆં પણ થાએછે. આદમીનાં હુંનર અને ઉદીઓગથી બનેલી આ અચરત સરીખી ઈમારતમાં ખુદરતથી ઉતપન થાએલી સોભઈતી અને ભાંત ભાંત તથા તરેહ વાર રંગ અને આકારો અને લેહજતી ખુશબો સાથની વસતુઓ ગોઠવીઆમાં આવેછે, તાહરે આપણે ખચીત હેવું ધારીએચ કે બેહસતનાં બાગમાં આપણે છઈએ. એ કરતાં કોઈબી રીતે ઉતરતો વીચાર આપણાથી થાઈ શકતો નથી. ગરેટ બરીટનનાં મુલકમાં કેટલી જાતનાં અને કેહવાં ફુલો થાએછે, તે હીંઆં જોવાને આપણ ને બની આવેછે. તે સાથે એ ફુલોનાં કુંડાંને હેવાંતો સોભઈતી રીતે ગોઠવીઆમાં આવેછે કે, તેથી આખા દેખાવની ખુબસુરતીમાં અતીધણો વધારો થાએછે. આપણી બંધે બાજુએ ફુલોની હાર લાગેલીછે. ફુલોનાં બા ગની અંદરજ આપણે ચાલીએ છઈએ અને આપણી આસપાસ ખુબસુરત અસતરીઓ અને બાલકો સો ભઈતા પોશાકો સાથે ફરેછે, તે સઘળાંથી એ દેખાવની વખતે એ મેહેલનો એક તલેસમાતી દેખાવ બની રે હેછે. એજ વેલાએ તરેહવાર ફળોનો પણ દેખાવ હીંઆં થાએછે, તેથી ગરેટ બરીટનમાં થાતાં ફળોનાં સઉથી સરસ નમુનાં આપણે આ જગાએ જોઈએછે. જેમ રીજેનટસ પારક મધેનાં દેખાવમાં સઉથી સરસ ન મુનાં બતાવનારાઓને ઈનાંમ આપીઆમાં આવેછે, તેમ આ જગાએ પણ જેઓએ સારી મેહનત લઈ સારાં ફુલ ત થા ફળ ઉગાડીઆં હોએ તેઓને ઈનાંમ મલેછે. એ જગાએ વળી ગાએ, ઢોર, મેંહનડાં, બકરાં તથા બીજાં ચોપગાં જાં નવરોનો પણ દેખાવ થાએછે અને તે વેળાએ જે જાંનવરો ઘણાજ આસુદાં નીકલેછે, તેમનાં ઘણીઓને ઈનાંમ મ લેછે. એજ પરમાણે પંખેરાંઓનો દેખાવ થાએછે, તાહરેતો ખરેખર આ મેહેલમાં ઘણીજ ભીડ થાએછે, કાં એજે હીંઆં તરેહ તરેહનાં પંખેરાઓ આપણા જોયામાં આવેછે. શેકારનાં પખશીઓનો દેખાવ પણ હીંઆં થાએછે. આ સઘળા દેખાવો જે થેડવેલે વખતે થાએછે, તારે જે જે વસતુઓ તાંહાં મેલેલી હોએછે, તે વેચવાને તેમનાં ધણીઓને ફરજ પાડીઆમાં આવેછે. જેઓને જે ચીજ નહી વેચવી હોએ તેની ઉપર તેઓ હેવી કીમત મેલેછે, કે તેને કોઈ ખરીદી શકે નહી. આ લખનારે ૧૮૫૮ નાં વરસમાં જાહરે પંખેરાંઓનો દેખાવ જોયો હતો, તારે તરણ મરઘીની કીમત દશ હજાર રૂપીઆની માંહેલી જોઈ હતી. એ ઉપરથી એમ સમજવું કે તે મરઘીઓને તેનો ધણી વેચવા માંગતો નથી, પણ જે વસતુ તાંહાં મેલીઆમાં આવે તેની ઉપર કીમત માંડવાને બીલોરી મેહેલની કમીટી ફરજ પાડેછે. એ ચાલથી આ મેહેલ ગમત તથા ગનેઆન બખશનાર એક કારખાંનુ બનેછે, એટલુંજ નહી, પણ સઉથી શારા માલનુ બજાર પણ થાએછે.

વળી આ મેહેલની હંમેસની ગમતમાં તેહવારને દીને અતી ઘણો વધારો કરીઆમાં આવેછે. ઘણી વખત તાંહાં મોટાં ગાએણો થાએછે. મોટા બનાંવોનાં વારશીક દીવસને દીને હીંઆંની ગમતમાં તરેહવાર વ ધારો થાએછે. હાલનાં સમેમાં ઈંગલંડમાં ઘણીએક રીતે જેમ બને તેમ વધતાં આદમીઓનો જમાંવ કરી, હ રેક રીતની ગમત તથા તમાશો કરવાની ચાલ ઘણી નીકલીછે, તેમાં વધતી સંખીઆનાં ગાણારાઓથી ગાએ ણ કરવાની ચાલમાં ઘણી કુતેજંદી મેલવીઆમાં આવીછે. હજારો આદમીઓએ એક અવાજથી ગાવું તથા વજાડવું એ કાંઈ સેહલું કાંમ નથી, અને જાંહાંસુધી ગાણારાઓ ચાલાક નહી હોએ, તાંહાંસુધી તે કાંમ બન

વું મુશકેલછે. હાંનડેલ નામનો નાંમીચો ગાનારો મરણ પાંમીએો હતો, તેની શો વરશની વારશીક યાદ આ મેહેલમાં કરીઆમાં આવી હતી, તે દાહાડે ૫૦૦૦, ગાનારાઓએ એક અવાજે સાથે ગાયું હતું. ઉપલા દેખાવો તથા હાવાં ગાએણને વખતે ૨૦ થી ૫૦ હજાર આદમીએો એ મેહેલમાં જાએછે, અને તેવી વે લાએ આપણો નાંમદાર રાંણી પણ તાંહાં બીરાજેછે.

આ મેહેલને ભોંએ તલીએે આવીઆ પછી સોભતી સીહડીઓને રસતે બાગમાં ઉતરી શકાએછે. એ બાગ લંડનનાં બીજ બાગો કરતાં કોઈબી રીતે ઉતરતો નથી, બલકે હીંઆં કેટલીએક ગમતોની તથા બીજી ગે ાવણ કરીઆમાં આવીછે, તેથી તે બાગો કરતાં આ બાગને લોકો વધારે પસંદ કરેછે. એક દીવસ બીલોરી મેહેલ ખાતે કાહાડવો હોએે, તો મેહેલની અંદરની અને બાગની મજાહ, એ બંને સાથે ભોગવી શકાતી નથી, તેથી જે ઓએ એક બે વાર મેહેલ જોયો હોએે, તેઓ બીજી વખતે પોતાનો ઘણો ખરો વખત બાગમાંજ કાહાડેછે. એ બાગ માં ઉતરવાની સીહડીઓની બંધે બાજુએ સોભતાં પુતલાંઓ ગોઠવેલાંછે તથા ઝાડો રોપેલાંછે. સીહડી ઉપરથીજ નજર કરતાં આપણી સાહાંમણે હેવેોતો રસીઆમનો અને ખુશાતુમાં દેખાવ નજરે પડેછે, કે જાંણે તે દેખાવ જોયા કરવાને વાસતે તાંહાંજ આપણે ઉભા રહીએે. આ એક બાગ નથી, પણ ગોયા ઘણા બાગોછે. જુદી જુદી જાતનાં ફુલો અને ઝાડોનાં જુદા જુદા બાગોછે અને તેમની વચમાં ચાલવાને સારૂ પોહોારા રસતાઓ કીધે લાછે. એક ઠેકાંણે "રોજરી" એટલે ગોલાબની વાર કીધીછે, તાંહાં ભાંત ભાંતનાં ગોલાબો ઉગેછે, તે જગા છોડીને આપણને જવા ગમતુ નથી. આ બાગની અંદર જે લીલું ઘાંસ ઉગેછે, તેને ઈચ્છંતરથી હેવુંતો સરકું અને સાફ કાપીઆમાં આવેછે કે, જાંણે તાંહાં લીલી સાદરી બીછાવી હોએે. એ ઈચ્છંતર ગાડીનાં આકારનું આવેછે, અને જમીનથી બે અથવા તરણ ઈંચની ઉંચાઈએ તેની સાથે એક ઘણીજ ધારદાર લાં બી છરી જડેલી હોએેછે, તેથી તે ગાડી ઘાસ ઉપર ફેરવતાં પેલી છરીથી સઘળું ઘાંસ એક સરકી રીતે કપાએેછે. એ બાગની અંદર ઘણાજ ખુબસુરત ફુંઆરાછે અને તે મધેથી ઉડી ધારો હેવીતો તરેહવાર આકારોમાં પડેછે, કે આ પણી આંખ અચરતીમાં પડેછે. આ ફુંઆરાઓ મધેની જે સઉથી ઉંચી ધાર ઉડેછે, તે ૪૦ ફુટ શુધી ઉંચી જા એેછે. જેટલા ફુંઆરા હીંઆંછે તે સઘળા દર રોજ ઉરાડીઆમાં આવતા નથી, પણ અડવાડીઆમાં એક અથ વા બે વાર થેડવેલે દીવસે ઉરાડીઆમાં આવેછે, અને તેટલા કારણ ઉપરથી શાધારણ દીવસો કરતાં તે દીને તે મેહેલ ખાતે વધારે લોકો એેંચાએેછે. જેઓને બોટમાં બેશી પોતાને હાથે હાલેસાં મારી નાંલાંમાં ફરવા નો શોક હોએે, તેઓની ખુશી પુરી પાડવાને સારૂ એ બાગમાં એક નાંધલું નાંલુ બનાંવેલુંછે, તેમાં ઉપલી ગમ ત મેલવવાને પણ બની આવેછે. ક્રીકેટ રમવાની તથા "આરચરી" એટલે તીર મારવાની તથા બીજી કસરત કરવાની જુદી જુદી જગાએોછે. પાછલા પોહોારમાં એ મેહેલને લગતુ વાજું બાગમાં વાગેછે, તારે ગાએણનો મધુર રાગ ખુદરતી ખુબસુરતીનો અંદર ફેલાયાથી એ જગા બેહસતખાંનાં જેવી બનેછે. બાગની અંદર ઠેકાંણે ઠેકાંણે ખુબસુરત પુતલાંએોછે. નોહાનાં વખતમાં આખી દુનીઆમાં રેલ આવી હતી, તેની આ ગમજ પુરથવી ઉપર મોટાં જાંનવરો થાતાં હતાં, તેમનાં જેફાસીલ જડેઆંછે, તે ઉપરથી તે જાંનવરોનાં ધાતુનાં આકારનાં ઓટલાં પુતલાં આ બાગને છેડે મેલેલાંછે. આ જનાંનાંમાં જે જાંનવરો આપણે જોઈએેછે તેનાં કર તાં આ જુદીજ જાતનાં દીશેછે. એ આકારો સરવે કોઈ ઘણી અચરતી સાથે જુએેછે, કાંએેજે તે જાંનવરોનાં કદ ઘણાજ મોટાં અને રાખશીછે. લંડનથી બીલોરી મેહેલ આગલ આગની ગાડીમાં આવતાં પેહલી નજર આપણી એ જાંનવરો ઉપર પડેછે. ઉપર કહુંછે કે બાગમાં ઘણાએેક ખુબસુરત ફુંઆરાછે. એ ફુંઆરાઓને પાંણી પોહોાચતું કરવાને વાસતે બીલોરી મેહેલની બંધે બાજુએે મેહેલની બાંધણીની માફક કાચની બાંધણીનાં મીનારાઓ બાંધેલાછે, તે મીનારાઓ મેહેલની બંધે બાજુએે આવીઆથી મેહેલનાં બાહેરનાં દેખાવની ખુબ સુરતીના વધારો થાએેછે. એ મીનારાને મથાલે એેક ગોલ દાદરથી જવાઈ શકાએેછે અને પછી તાંહાંથી

ઘણાએેક બાઈલ શુધી લીલાં, ફલવંત અને ખુબસુરત ખેતરોનો જે દેખાવ આપણી નજરે પડેછે, તે ખરેખર રલીઆંમનો લાગેછે.

ઉપલાં બયાંન ઉપરથી વાંચનારાઓનાં જોયામાં આવશે કે, આ બીલોરી મેહેલ ખરેખર આ જમાંનાંની એક અચરતીછે. એ ઈમારત જોકે ઈંગલંડમાંછે, તોપણ તેની અંદર સું હાલતી કે સું અસલનાં જમાંનાંની અને સઘળા દેશોની ઈમારતનાં નમુનાંછે, અને તરેહ તરેહની અને જુદે જુદે દેશની કારીગરીની વસતુઓ છે. આ મેહેલ જોછે, તે એક નાંધલી દુનીઆંછે. એ નાંધલી દુનીઆમાં આપણે તરેહવાર ચીજો જોઈ એેછે, એક ઓરડામાંથી બીજા ઓરડામાં ગયા કે એક મુલકથી બીજે મુલક ગયા બરાબરછે. હેવું કેહવામાં આવીઉંછે કે, જો કોઈ શખસ મેહેલમાંની દર એક ચીજ તપાસીને તે વીશે ઘટતું ગનેઆંત મેલવે, તો તેવી કેલવણી ગમે તેટલા પઈસા ખરચે તોબી બીજે ઠેકાંણે તેને મલે નહી. પણ જો કોઈ શખસ એટલું કાંમ કરવાને આલશુ હોએે, તથા દરએેક ચીજ તપાસી ઘટતી માહેતગારી મેલવવાને તે નાંમાં શકતી નહી હોએે, તોપણ જો એે મેહેલ ખાતે તે જાએે, તો તેની અકલમાં કાંઈબી વધારો થયા વના રેહ નહી. કોઈ મુરખને પણ એ મેહેલમાં થોડી વાર ફેરવીએો હોએે તો તેનાં મગજમાં કાંઈ શારીજ અસર થાશે. હરેક ખુબસુરતી પસંદ કરવી અને તેનો ગુણ સમજવો, એે આદમીનાં હકમાં થોડું ફાએેદા ભરેલું કાંમ નથી. એેથી આદમી પોતે શુધરેછે અને દુનીઆમાં ઘણાએેક શુધારો કરી શકેછે અને તેથી પરજાને મોટો ફાએેદો થાએેછે, અને એે મતલબ બીલોરી મેહેલથી ઘણાએેક દરજજે પાર પડેછે.

એ મેહેલ લંડનમાં બંધાયાથી લોકોને ગમત મલેછે, એટલુંજ નહી, પણ આખી દોમને મોટો ફાએેદો થાયોછે. યુરોપ ખંડમાંતો શું પણ આખી દુનીઆમાં હેવી કોઈ ઈમારત નથી, અને તેથી ઈંગરેજ લોકોનાં નાંમને ઘણી મોટાઈ મલેછે. યુરોપનાં બીજા રાજની કોઈબી પરજા લંડનમાં જાએેતો પેહલલે બીલો રી મેહેલ જોવાની તે ઈછા બતલાવશે, એે કાંઈ ઈંગરેજનાં નાંમને થોડું માંન આપનારી વાત નથી. તેઓ જા રે પાછા પોતાનાં દેશમાં જાએેછે, તારે લંડનની સઉથી સરસ યાદ એે મેહેલથી રાખેછે, અને જે આખા લંડ નમાં એે મેહેલ સીવાએે બીજું કાંઈબી જોવાનું નહી હોએે, અને આ મેહેલ જોવાને મલીઓ કે, પછી તે લંડ ન જયાથી દલગીર થનાર નથી. આજ દીન શુધી જેટલા ગરહસથો હીંદુસ્થાનથી ઈંગલંડ જાઈ આવીઆ છે, તે સઘળાઓ એે મેહેલની બેહદ તારીફ કરેછે, એટલુંજ નહી, પણ તે મેહેલ વીશે ભારે પીઆરથી વાત કરેછે, એટલી બધી તે ઈમારતે તેઓનાં દીલ ઉપર અસર કીધીછે. તેઓ જારે પોતાને વતન આવવા ઈંગલં ડ છોડેછે, તારે સઉથી વાતા દલગીર એેમ થાએેછે કે, હાવો બીલોરી મેહેલ ફરીથી કાહારે અને કાંહાં જો વાને તેઓને મલશે. હેવા વીચારથી તેઓની આંખમાં આંસુ પણ આવેછે. એે મેહેલની આ લખતાંરની ઉપર કેટલી અસર થાઈ હતી, તેહનાં દાખલામાં આ એેકજ વાત હીંઆં જણાવીઆમાં આવેછે કે, જો કે એે મેહેલ ઘણી વાર જોયો હતો તોબી ઈંગલંડનો કીનારો છોડીઆતી એેક દીવસ આગમજ આખો દીવસ એે મે હેલમાં તેણે કાહાડીઓ હતો, જાંણે તે મેહેલ છોડવા ગમે નહી, અને રાતે સાંહાંજનો વખત થાયો અને ઘડીઆલે કહેઉં કે હવે તારે નીકલવું જોઈએે, તાહરે આંખમાંથી આંસુ આવીઆં અને મેહેલ છોડીઆ પછી આગની ગાડીમાંથી જાંડાં શુધી તેહનો બાહેરનો દેખાવ દેખાએે તાંહાં શુધી તે તરફ નજર રાખી.

એે મેહેલમાં આવનારા તમાસગીરોને સારૂ તેજ મેહેલમાં એેક વરતમાંન પતર દરરોજ છપાએેછે. તાંહાં વીજલીના તારની આફીસ પણછે, કે જેથી કોઈને અગતના કાંમ સર લંડન સંવેસો મોકલવો હોએેતો તેમ કરવાને પગુભનો આવે.

ઉપર લખેલી હકીકત ઉપરથી વાંચનાર પોતાની મેલે સમજશેકે, આ મેહેલ આખો એેક દીવસમા જો વાઈ શકાએે નહી. લાગટ દરરોજ એેક અડવાડીઉ શુધી જાઈએે, અને તાંહાંની દરએેક વસતુ જોવામાં આ

ગત જોગ ધીમાંન આપીએતેા, તે મુદત પણ બશ નથી. આ સફાએામાં જે બયાંન કીધુંછે, તે કાંઈજ નહી, પણ અધુરૂંછે. આ કીતાબનાં કદ તરફ નેગાહ રાખતાં એ કરતાં વધારે લખાઈ શકાયું નથી. આ મેહેલમાંની દરએક વસતુનુ બયાંત કરવા બેશીએ તેા આ જેવાં તરણ પુસતકેા ભરાએ તેમાં કશેા શક નથી, પણ ઉપર જે કાંઈ લખીઆમાં આવીઉંછે, તેથી આ પ્રકરણનાં દર એક વાંચનારનાં દીલમાં બીલોરી મેહેલ જોવાની ઈછાનેા આતશ સલગીઆ વનાં રેહેશે નહી, હેવી ઉમેદછે.

તારીખ ૩૦ મી એપરીલ ૧૮૫૮ ની આખેરીનાં વરસનેા આ મેહેલનાં કારભારનેા જે હીસાબ છપાયેાછે, તે ઉપરથી હેવું જોવામાં આવેછે કે, એ ખાતાંને હસાબે તે વરશમાં (૧૨૨૬૬૨૦) બાર લાખ, છવીશ હજાર, છશેા વીશ રૂપીઆની આવક થાઈ હતી. એજ વરશમાં કુલે ખરચ (૮૭૫૮૮૦) આઠ લાખ, પંચેાતેર હજાર, આઠશેા હેંશીનેા થાયેા હતેા, તેથી નફાની બાકી (૩૫૦૭૪૦) તરણ લાખ, પચાશ હજાર, સાતશેા ચાલીસ રૂપીઆની રહી હતી.

પ્રકરણ ૨૨ મું.

ગરેટ બરીટનનાં માહેલાં શેહેરેા બાતે સફર.

મેનચેસટર—રૂની અને કાપડનેા વેપાર—કાપડ બનાંવવાનાં કારખાંનાં—પરેસટન બધે હારક મીલરનુ નાંખીસું કારખાંનુ—બખમલનુ કાપડ બનાંવવાનાં કારખાંનાંઇતીઆદી—કાપડની વખારેા—માલ પેક કરવાની રીત—લેહેાડાંનાં કારખાંનાં—જહેર ઇમારતેા. લીવરપુલ—એ શેહેરનાં બંદરનેા વેપાર—રૂની આઇઆત—સેનટ જરજસ હાલ, ટાઉન હાલ અને બીજી જહેર ઇમારતેા. લીડસ—બનાંતનું કાપડ બનાંવવાનાં કારખાંનાં—ટાઉન હાલ—એ શેહેરનાં ઉદીઓગથી ઊતપન થાતી જીનસેાનુ સંગરહ સ્થાંન. બરાડફરડ—ગુહેલુ કાપડ બનાંવવાનાં કારખાંનાં—સાલેટર બધેનુ મેાટું કારખાંનુ—તાંહાંનુ દેવલ અને સર પીટ ર સાલટની સ્નાવત—હાલીફાકસ—ગાલીચા બનાંવવાનાં કારખાંનાં. નાટીંગાંમ અને તાંહાંનું "હેાઝીઅરી" નું કાપડ બનાંવવાનાં કારખાંનાં. શેફીલડ—છરી, કાંટા, તલવાર અને તેવેા બીજેા કટલરીનેા સાંમાંન બનાંવવાનાં કારખાંનાં. કેવેનટરી—રીબ્ંન અને ઘડીઆલ બનાંવવાનાં કારખાંનાં. સ્ટાફરડ—પીઆલા, રકાબી અને ચીની કાંમનેા સાનાંન બનાંવવાનાં કારખાંનાં. બરમીંગાંમ—લેાહેાડાં કામનાં કારખાંનાં—દારૂ ગેાળાનાં હથીઆર બનાંવવાનાં કારખાંનાં—પલેટેડ તથા નકસી કાંમનાં કારખાંનાં—બટન—સેાએ—ટાંચની—સ્ટીલ પેન બનાંવવાનાં કારખાંનાં—પેપર માંશ અથવા કાગળથી બનતા સાનાંનનાં કારખાંનાં—ઇતીઆદી. કેાલસાની ખાંન. વારીક—કીલ્લેા—આકસફરડ. વેલસનુ પરગણુ. માંનચેસટર નાંઇ સકપેનશાંન બરીડજનેા ઝુલતેા પુલ—રેલવેની ગાડી પશાર થવાને સારૂ ચેાખંડ બંદ કીધેલેા "ટીબ્યુબીલર બરીડજ". ઇંગલીશ લેકસ અને તાંહાંનેા ખુબસુરત દેખાવ.

આગલ પરગટ થાએલા સફાએા ઉપરથી આ પુસતક વાંચનારાએાને કેટલેએક દરજજે સમજ પડી હશે કે લંડન કેહવું શેહેરછે, અને તેમાં સું સું જોવાનુંછે. નજરે જોયાથી એ શેહેરની મેાટાઇ એકદમ માલુંમ પડેછે, તેમ ઉપલુ બયાંન ગમે તેટલું હધુરૂંછે, તેાપણ તેની મેાટાઇનેા કાંઈબી ખ્યીઆલ એ સફાએા વાંચીઆથી વાંચનારનાં મંનમાં આવશે, હેવું નમનતાઇથી કેહવાને હમેાને આચકેા લાગતેા નથી. લંડંન શેહેર ઇંગલંડનાં રાજની મેાટાઇ બતાવેછે ખરૂં, પણ એ રાજની ખરી મેાટાઇ, એ દેશની અતીશે દેાલત, અને એ દેશનાં લેાકેાની ભારી હીમત અને તરેહવાર હીકમત કે જેથી તેને આખી પુરથવીની તરફથી માંન મલેછે, તે સઘળું પીછાંનવાને વાસતે, ઇંગલંડનાં બીજા મેાટાં શેહેરેા જે તેમનાં તરેહવાર કારખાંનાંએાને વાસતે વખણાએલાછે, તે શેહેરેા ખાતે જવું જોઇએછે, અને ઇંગરેજ લેાકેાની હીકમત અને હીમત અને તે એાનાં દરવે એ દેશની પેદાએસમાં કેટલેા વધારેા કીધેાછે, તે તપાસવું જોઇએછે. મેનચેસટર, લીવરપુલ, બરમીંગાંમ, શેફીલડ, લીડસ, હાલીફાકસ, બરાડફરડ, સ્ટાફરડ, નાટીંગાંમ અને હેવાં બીજાં શેહેરેા ખાતે જાઈ તાંહાંનાં મેાટાં કારખાંનાં જોયાથી આપણે ઇંગલંડ વીશે બરાબર વીચાર કરી શકસું, એટલુંજ નહી, પણ આદમી જાતનાં ફાંમ અને ફાએદાને સારૂ એલમ અને હુનરથી કેટલું બની શકીઉંછે, અને આપણે વાસતે તરેહવાર જીનસેા બનાંવવામાં કેવી કેવી કળા અને યુકતીએા કાંમે લગાડીઆમાં આવીછે તે આપણા જોયામાં આવશે, અને તેથી આપણને ઘણીએક વાતની અગત જોગ ખબર પડશે. એલમ અને હુનરથી આદમી જાતની પેાતાની મેહનત કેટલી ઓછી થાઈછે, અને સંચાએાની મારફતે આપણે લાખેા આદમીએાનાં જેટલું ફાંમ કરીએછ, તેની પુર સમજણ ઉપલાં શેહેરેાનાં કારખાંનાંમાં આપણને મલી શકેછે.

હીંદુસથાંનનાં વેપારીઓ ઇંગલંડ ખાતે રૂઉ, રેશમ, ઉન ઇતીઆદી મોકલેછે, તેનાં તરેહવાર કાપડ બનીને અતરે પાછાં આવેછે. આપણા દેશની વસતુને ફેરવીને પેહરવાનાં કપડાં કેમ બનાવીઆમાં આવેછે, ત થા આપણા ખપની બીજી તરેહવાર ચીજો કેમ બનેછે, તે જોવાને ઘણુ અચરત શરીખુંછે. વાસતે હેવાં કે ટલાંએક શેહેરો ખાતે ફરવાની ઘણી અગતછે.

મેનચેસ્ટર.

ગરેટ બરીટન મધે લંડંન કરતાં વસતીમાં બીજું અને કારખાંનાંઓમાં પેહલું આ શેહેર ગણીઆમાં આવેછે, અને તે લંડંનથી ૧૮૬ માઈલ દુરછે. એ શેહેર તાંહાંનાં લોકોનાં ઉદ્દીઓગને સારૂ અસલથી વ ખણાએલુંછે. ૧૬૫૦ નાં વરસમાં એક લખનાંર હેવું કહી ગયો હતો કે "ગરેટ બરીટનનાં ઓતર ભાગમાં મે નચેસટરનાં લોકો સઉથી ઉદ્દીઓગીછે." ૧૮ મી સદીની શરૂઆતમાં એ શેહેર મધે દર વરશે (૬૦૦૦૦૦૦) શાહાડ લાખ રૂપીઆનો માલ બનાંવીઆમાં આવતો હતો. પણ તારપછી તેમાં જાયુક વધારો થાતો ગ યોછે અને આજે મેનચેસટરનાં કારખાંનાં જોઇએતો આપણે હેરત થયા વનાં રેહતા નથી. લાંનકાશાએ રનુ પરગણુ કે જેમાં મેનચેસટર શેહેર સઉથી અગતનુછે, તે રૂઉનું કાપડ બનાંવવાનાં કારખાંનાંને સા રૂ નાંખીચું થયુંછે, અને એ જીનસનું કાપડ બનાંવવાનું કાંમ તાંહાં આસતે આસતે કેટલું વધીઉંછે, તે વ ખતે વખતે થાએલી રૂઉની આઇઆતની નીચે જણાવેલી વીગત ઉપરથી માલુંમ પડશે. ૧૭૫૧ નાં વરસ માં ઉપલાં પરગણાંઓનાં કારખાનાંનાં ખપને સારૂ જુદે જુદે દેશથી મલી ૨૯૭૬૬૧૦, રતલ રૂઉ ગયો હતો; ૧૭૮૦ માં ૬૭૦૦૦૦૦, રતલ; ૧૭૯૦ માં ૩૧૫૦૦૦૦૦, રતલ; ૧૮૦૦ માં ૫૬૦૦૦૦૦૦ રતલ; અને ૧૮૫૬ માં (૧૦૦૦૨૧૦૨૧૦૦૦) એક માહાપદમ, બે કરોડ અને એકવીશ હજાર રતલ. વળી આ તર ણ વરસની અંદર ઉપલી મોટી સંખીઆમાં પણ કેટલોએક વધારો થાયોછે. ૧૮૫૬ નાં વરસમાં મેનચેસટ ર ખાતે ગએલા રૂઉની કીમત (૨૩૯૫૮૦૦૦૦) તેવીસ કરોડ, પંચાનુ લાખ, હેંશી હજાર રૂપીઆ થાઈ હ તી તેમાંથી (૮૬૫૨૦૦૦૦) આઠ કરોડ, પાંસટ લાખ, વીશ હજાર રૂપીઆનો દોરો તથા સુતર બનાંવીઉં હતું; (૨૯૬૩૨૦૦૦૦) ઓગંનતીસ કરોડ, તેંસટ લાખ, વીશ હજાર રૂપીઆનું કાપડ બનાંવી દેશાવરો ખા તે મોકલીઉં હતું અને (૨૩૨૦૦૦૦૦૦) તેવીસ કરોડ, વીસ લાખ રૂપીઆનું કાપડ ગાંમમાં ખપીઉં હતું. એ પરમાંણે ૨૩૯૫૮૦૦૦૦, રૂપીઆની કીમતનાં રૂઉમાંથી મેનચેસટરનાં લોકોએ (૬૧૪૮૪૦૦૦૦) એકસટ કરોડ, ઉરતાલીસ લાખ, ચોંઆલીસ હજાર રૂપીઆનો માલ બનાંવીઓ હતો. આ પરમાંણેનાં માલનો મોટો જદો પેદા કરવાને વાસતે મેનચેસટરમાં કેવાં મોટાં કારખાંનાંઓ ચાલતાં હશે તેનો અટકલો ધારવા ને વાંચનારને બની આવશે. મેનચેસટર અને તેની આસપાસનાં ગાંમડાં મલી કાપડ બનાંવવાને સારૂ ૧૫૦ કારખાંનાંછે, તે ચલાવવાને સારૂ જુમલે ૭૦૦૦ ઘોડાનાં બળનાં ૨૦૦ "સ્ટીમ એનજીન" બાફનાં સાંચાછે, અને સઘળાં મલીને પચાસ હજાર આદમીઓ તે કારખાંનાંમાં કાંમે લાગેછે. આખાં લાંનકાશા એરનાં પરગણામાં સુતર તથા કાપડ બનાંવવાનાં કારખાંનાંઓની સંખીઆ ૫૭૫, થી વધારે થાએછે અને જુમલે ૨૦૫૦૦ ઘોડાનાં બળનાં મલી તે કારખાંનાંઓ ચલાવવાને સારૂ ૭૨૫ બાફનાં સાંચાછે અને તેમાં (૩૦૦૦૦૦૦) તરંણુ કરોડ "સ્પીનડલસ" કાંમ કરેછે તથા દોહડ લાખથી વધારે આદમીઓ કાંમે લાગેછે. ઉપલી મોટી સંખીઆ પરમાંણે એ કારખાંનાંમાં "સ્કરટચરસ"—"કારડીંગ એનજીનસ"—"બાબીન" અને "ફલાઇ ફ્રેમસ" તથા બીજા તરેહવાર ભાગોની સંખીઆની ગણતરી કરવી મુશકેલછે. હાથથી ત થા સાંચાનાં બળથી ચાલતા સાર બેહદ્દછે, અને વલી એ ઉપરાંત કાપડ બનાંવીઆ પછી તેમને ધો વાને તથા રંગવાને તથા છાપવાને વાસતે બીજાં બેહદ્દ કારખાંનાંઓછે તેઓ વલી પોત પોતાનાં કારખાંનાં

માં તરેહવાર સાંચાઓ કાંમે લગાડેછે. આ કારખાંનાંઓનાં ખપને સારૂ જીનસો લાવવાને સારૂ તથા માલ બનીઆ પછી બાહેર લઈ જવા સારૂ નોલનો તથા એ કારખાંનાંઓનાં બાફનાં સાંચાને સારૂ કોલસાની ખાં નો ખોદવાનો અને તે બાબદ્દમાં થાતો બીજો સઘળો ખરચ ગણીએતો કાપડનાં આ કારખાનાંઓને ચાલતાં રાખવાની (૧૦૦૦૦૦૦૦૦) એક અબજ રૂપીઆની થાપણ ધારીએતો તે વધતી નહી કેહવાશે.

પણ હાલનાં વખતમાં મેનચેસટરમાં રેશમ અને ઉનનાં કાપડ બનાંવવાનાં પણ ઘણાએક કારખાં નાં નીકલીઆંછે. હાલનાં સમેમાં મેનચેસટર કાપડ બનાંવવાનાં કારખાંનાંઓને વાસતે આખી પુરથવીમાં સઉથી પેહલલું શેહેર ગણાએછે, અને આ પદવી કાંઈ ઓટી નથી, તે ઉપર જણાવેલી વીગત ઉપરથી ખોલલુ દીશેછે. સુતરાઉ કાપડ બનાંવવાનાં બેહદ્દ કારખાંનાંઓમાંનાં થોડાંએક અગત કરી એ શેહેર ખાતે ગએલા શખસે જોવાં જોઇએછે.

આપણા લોકો હારકનાં લાંગકલાથની ઘણી તારીફ કરેછે, તેમાં કાંઈ ખોટું નથી. મેનચેસટરથી આ ગની ગાડીએ એક કલાકમાં પરેસટંન નાંમનાં ગાંમડાંમાં જઈ શકાએછે તાંહાં હારક મીલરનું કાપડ બનાંવવાનુ મોટું અને નાંમીચું કારખાંનુંછે. એ કારખાંનાંનાં પાંચથી વધારે મારછે અને દર એક માર ઉપર એક એક જાતનું કાંમ થાએછે. સફાઇમાં આ કારખાંનાં જેવું બીજું કોઇ નથી. હીંઆં રૂઉનું કાપડ કેમ બનેછે તે હમો ટુકમાં સં મજાવીએચ. સાંચાઓ આપણી નજર આગલ આવીઆ વગર તેમાંની દરએક વીગતની સમજ પડે નહી, માં ટે વીગતવાર હેવાલ આપી શકાતો નથી, પણ જે કાંઈ નીચે લખીઉંચ અને મુખીએ નકસા હીંઆં જોડીઆ ચ તેથી શાધારણ રીતે સમજ પડશે કે, રૂઉનું કાપડ કેમ બનેછે. કારખાંનાંમાં જે રૂઉ આવેછે તે અલબતાં કચરાથી ભરેલો હોએછે, તેમાંથી સુતર બનાંવીઆની આગમજ તેને સાફ કરવો જોઇએ, અને એ કારણને સારૂ સારી કરાંમત કીધેલીછે. એક પેટી હોએછે તેની અંદર દાંતાં સાથનું લોહોડાંનુ ચકર વીજલીની મા ફક ફરેછે અને તે પેટીમાં જે રૂઉ નાંખીઓ હોએછે, તે પેલાં ચકરની મારફતે પીંજાએછે. એ પરમાંણે ઉપલી પેટીમાં સાફ થાએલો રૂઉ એક બાજુએ પોતાની મેલે પડેછે અને બીજી બાજુએ કચરો જુદો પડેછે. એવી ગોડવણુની પેટીઓમાં તે રૂઉને વારા ફરતી પશાર કરીઆમાં આવેછે, જાંહાં શુધી તે બરાબર સાફ થાએછે તાં હાં શુધી. હેવી છેલલી પેટીમાં સાફ થાતી વેલાએ તેની સાથે એક બીજો સાંચો ગોડવેલો હોએછે, તેમાં તે રૂ ઉ પોતાની મેલે પોહોરો થાઇને જાણે એક ગોદરી લોહોડાંનાં સલીઆની આસપાસ વીતરાતી હોએ તેમ વી તરાએછે. એ પરમાંણે થાએલો રોલ વલી એક બીજા સાંચામાં પશાર થાએછે અને તાંહાં તે રૂઉમાં જે કાંઇ છેલલો કચરો હોએછે, તે નીકલીને આગલની માફક ફરીથી રોલ બનેછે. એ પરમાંણે બનેલા રોલ ને દાંતાં સાથનાં એક સાંચાને છેડે જોડીઆમાં આવેછે, તે સાંચાનો નકસો હીંઆં આપેલોછે, જેને કારડીંગ એનજીન કરીને કેહેછે, અને જે દાબા હાત ઉપર પાડેલોછે. એ સાંચો એક મોટાં પીપ જેવો દેખાએછે તે છે. એને છેડે પેલો રોલ મુકીઆમાં આવેછે અને જે મોટો ગોલ આકાર દેખાએછે તેની નીચે રૂઉ દબાઇ ને તેની આગલનાં દાંતાના નાંધલા ગોલ આકાર ઉપર આવેછે, અને તે દાંતાની મદદથી રૂઉનાં તાર છુટા પડેછે, તે તાર તેની આગલનાં એક નાંકામાં એકઠા થાઇને પતરાંનાં વાશાંણમાં જાડી દીવેત થાઇને પડેછે, અ ને એ પરમાંણે હારેદોર ઘણાએક સાંચા ગોડવેલા હોએછે. આ પરમાંણે બનેલી રૂઉની દીવેતનાં તારને હ જુર બરાબર કરવાને વાસતે બે અથવા વધતા ગોલ સીલેનડરોની વચમાંથી પશાર કરીઆમાં આવેછે તે વ ખતે તેનાં તાર બરાબર બનેછે અને જેવી જાતનું સુતર બનાંવવુ હોએ તે પરમાંણે તેટલી વખત તેને તેવા સાંચામાં પશાર કરીઆમાં આવેછે. એ દીવેતોને પછી (બાબીન) ચાતરડાં ઉપર ચહડાવીને વલ આપીઆમાં આવેછે જેને ઇંગરેજીમાં "રોવીંગ" કેહેછે અને એ પરમાંણે ચહડતાં ઉતરતાં ચાતરડાંઓમાં ફરીઆ પછી સુતર બનેછે. એ પરમાંણે સુતર વણાએછે તેનો ચીતાર કારડીંગ એનજીનની સામને પાડેલોછે.

પછી જે ચાતરડાં ઉપર સુતર વીતરાએ્છે, તે સુતરને વધારે વલ દેવા સારૂ તથા જુદા જુદા નંબરનું સુતર બનાંવવા સારૂ પાસે દેખડાવેલા નકસામાં "મીઉલ" નાંમનાં સાંચા ગોડવેલાછે, તાંહાં લઈ જવામાં આવે છે. એ સાંચાંમાં મંતગંમતી રીતનાં નંબરનું સુતર કાહાડી શકાએ્છે. એ સાંચા ગાડી રોકાછે અને તે પેા તાંની મેલે આગલ અને પાછલ ફરતા રેહેછે. " રોવીંગ ફરેમ " માંથી નીકલેલાં ચાતરડાં આ સાંચાની સાં હાંમણે લાવીને મેલેછે, જેમાંથી નીકલેલા દોરા ગાડી સાથનાં પાંચશેાથી વધારે (સ્પીનડલેા) નાંધલાં ચાતરડાં સાથે જોડીઆમાં આવેછે, અને જેમ ગાડી દુર જતી જાએ્છે, તેમ તે સુતરને વધારે વલ આવેછે અને ગા ડીનાં પાછા હટવાથી વણાએલું સુતર પેલાં નાંહાંનાં ચાતરડાં ઉપર વીતરાઈ તઈઆર થાએ્છે. પછી એ સુતરને ચરખાએા ઉપર ચહડાવી બજારમાં જેવી ગોડીઆંની આંટીએા વેચાએ્છે તેવી આંટીએા બનાંવીઆમાં આવેછે.

હવે જો કાપડ વણવું હેાએ તેા ગોડીઆંનાં જેવી આંટીએા બનાંવવાને હેકાંણે ઉપર જ ણાંવેલા નાંહાંનાં ચાતરડાંને એક ચેાકસ રીતે ગોકવીઆમાં આવેછે, તે હેવી રીતે કે દરએ્ક નેા તાર બરાબર એક ગેાલ સીલેનડર ઉપર આવેછે અને સાંચાની મારફતે પેલા ચાતરડાં ફ રતાં જાએ્છે, અને તેની ઉપરનાં સુતરનાં દોરા પેાહેારાં કપડાની માફક હારેદોર વીતરાએ્છે. એ પર માંણે લપેટાએલા દોરાનાં રોલરને વલી એક બીજા સાંચામાં જોડીઆમાં આવેછે, તાંહાંથી વચમાંથી તે દોરા પશાર થાતી વેળાએ કાંજનુ પાંણી પીએ્છે અને બીજી બાજુએ ફરીથી આગમજની માફક ગેાલ રોલર ઉપર લપેટાએ્છે. એ રોલરેાને પછી વણવાનાં સારની સાથે જોડીઆમાં આવેછે. એ સારનેા એક નકસેા આ જગાએ આપીએ્છે તેની અંદર જોયાથી માલંમ પડશે કે તે સારમાં મજબુત સુતરનાં ઉભા દોરા સા થનાં ગાલાછે તેમાંથી કાપડનાં તાંણા પશાર થાઈ તેવાજ પીતલનાં દાંતાનાં ગાલામાં પશાર થાએ્છે અને જેમ વાંણેા અને તાંણેા લેવેા હેાએ તેમ તે દાંતામાં સુતર ઉચું અને નીચું થાએ્છે અને પછી શટલ અથવા ચા તરીની મારફતે વાંણેા ભરીઆમાં આવેછે અને એ પરમાંણે કાપડ વણાએ્છે. જાહરે એ સાંચેા ચાલેછે તા રે તેની ઝડપ ઉપર આપણી નજર બીલકુલ થરતી નથી. આ સઘળા સાંચાએા બાકનાં એક મેાટા સાંચાનાં બળથી ચાલેછે, આદમીએા જે ઉભાં રેહેછે તે માતર કાંઈ ભુલ થાએ્છે અથવા દોરેા તુટી જાએ્છે તે જોવાને તથા અટકાવવાને વાસતે રેહેછે. બાકી આદમીને બીજી મેહનત હીંઆં કાંઈ પડતી નથી. આ પરમાંણે કા પડ વણાએ્યા પછી તેની ઘરી વાલવાની રીત પણ ઘણી શેહલીછે. એ કાંમ પણ સાંચાથી બની શકેછે.

જેએા એ પરમાંણે કાપડ બનાંવેછે તેએા તે કાપડ પેાતાંનાંજ કારખાંનાંમાં વેાતા નથી, પણ એ કાર ણને સારૂ વલી બીજા કારખાંનાં વાલાએા હેાએ્છે. મેનચેસટરની પાસે બેાલટન મધે હેવાં કેટલાંએ્ક કાર ખાંનાંછે તેમાંનુ એક જોયાથી કાપડ કેમ વેાવાએ્છે તેની આપણને સમજ પડશે. હીંઆં એક ઘણીજ અચ રત સરીખી કળા આપણા જોયામાં આવેછે. કોરાં કાપડની ઉપર જે રૂંઆં હેાએ્છે તે બાલી નાંખવાને વાસ તે તે કાપડને આતસ જેવા લાલ રંગનાં અને ગરમ લેાહેાડાંનાં રોલર ઉપરથી પશાર કરેઆમાં આવેછે. પેલેા આતસ જેવેા લેાહેાડાંનેા રોલર ઘણેાજ ઉતાવલમાં ફરેછે અને તેની ઉપરથી પેલાં કાપડનેા તાકેા એટલેા તેા ઉતાવલમાં ફરી જાએ્છે કે તે કપડાંને કસી નુકસાંની થતી નથી, ફકત તેની ઉપરનાં રૂંઆજ બલી જા એ્છે. આ સાંચેા જોયાથી આપણને ઘણીજ અચરતી લાગેછે કે હાવા ગરમ લેાહેાડાં ઉપરથી કપડાં જેવી ચીજ ફરી જાએ્છે, તેાબી તે બલતી નથી, પણ એનેા બેાલાસેા એટલેાજછે, કે કપડું અને પેલેા રોલર એ બં ધે એક એક ઉપરથી એટલાંતેા ઝડપમાં ફરી જાએ્છે કે, કપડાંને બલવાને જોગવાઈ મલતી નથી. એ પરમાં ણે રૂંઆં બારેઆ પછી તે કાપડને ચુનાં અને પાંણીની ટાંકીમાં નાંખી સારી પડે વેાવામાં આવેછે અને પછી તેને સુકવીને સાંચાની મારફતે ધડી કરેછે. એ પરમાંણે કાપડ તઈઆર થાએ્છે.

હારક મીલરનાં કારખાંનાંમાં સઘળા મલીને ૨૦૦૦ સારછે અને તેમાં દર અઠવાડીએ્યે ૧૧૦૦૦ તા



POWER LOOM WEAVING

કળ ચલાવવાનું કારખાનું.—(૨૫૩)



Cotton Mule-spinning.

સુતર વણવાનો સાંચો—(૨૫૨)

કા વણાએછે. એ સઘળા સારોને તથા સુતર વણવાનાં સાંચાઓને ૫૦૦ ઘોડાનાં બળનાં બાફનાં સાંચાની મારફતે ચલાવીઆમાં આવેછે. દરએક સારમાં બે દાહાડે એક તાકો વણાઈ રેહેછે હેવું જણાવીઆમાં આવે છે. જે ઓરડામાં વણવાનાં સારછે તે દરએક સારની આગલ એક અસતરી ઉભી રેહેછે તેથી તે ઓરડા માં જાણે અસતરીઓની એક મોટી ફોજ હોએ હેવું દીશેછે. આ કારખાંનાંનો માલેક આગલ મી૦ હારક ક રીને હતો, તે હમણા જીવતો નથી. હાલમાં તેનો એખલો માલેક મીસતર મીલર કરીનેછે અને એ શખસ ઘણોજ આબરૂદાર અને દોલત વાલોછે. પોતાનું કારખાંનું પારકા મુસાફરોને મોટી ઉલટથી દેખાડેછે અને જે કાંઈ આપણે પુછપરછ કરીએ તેનો ઘણો ખોલાસા ભરેલી રીતે જવાબ આપેછે. પરેસટનમાં એ શખસ નું રેહવાનુ ઘરછે તે ઘણુજ સોભઈતુંછે, અને તે ઘરેનો સણગાર ઘણો કીમતીછે અને તે જોવા જવાને વાસ તે તેણે પોતે હમોને ભલામણ કીધી હતી. એ ગરહસથનાં દીવાનખાંનામાં જે તસવીરખાંનુછે તેની કીમત (૨૦૦૦૦૦) બે લાખ રૂપીઆની જણાવીઆમાં આવેછે. તેની બાએડી મીસતરીસ મીલર પણ ઘણીજ મા યાલુ અસતરીછે અને તેણે ઈંગરેજ લોકોનાં ઘેરબારની રીતથી હમોને વાકેફ કરવાને સારૂ પોતાનાં ઘરની રાંધણી તથા દરએક ઓરડા દેખાડીઆ હતા. બબરચીખાંનામાં કેટલુંએક ખાંનું બાફની ગરમીથી પકાવી આમાં આવતું હતું.

મખમલનુ કાપડ પણ ઘણું ખરૂં આ શેહેરમાં બનેછે. એ કાપડની ઉપર પેહલલે રૂઆં આવતાં નથી, પણ હેવી રીતે વણીઆમાં આવેછે કે તેની ઉપરના ભાગનાં વાંણા તથા તાંણા છરીઓથી કાપી શકાએ. એ કારણને સારૂ જે છરીઓ આવેછે, તે આપણી સાધારણ છરીઓનાં જેવી નથી. એ છરી કલમ ઘડવાની છરીનાં જે વી પાતલી પણ આસરે એક ગજ લાંબી, અને અતીશે ધારદાર આવેછે, તે એક નાંકેથી ખોશીને સીધી ચ લાવી દીધામાં આવેછે તેથી એક નાંકેથી તે બીજે નાંકે શુધી તે કાપડની ઉપરનો વાંણો તથા તાંણો કપાએ છે. એ છરીની જુઠી બાજુ નીચે રાખીને એ પરમાંણે તે કાપડનો દરએક વાંણો તથા તાંણો કાપીઆમાં આવેછે અને તેથી કાપડની સપાટી ઉપર દોરા દેખાએછે. આ પરમાંણે કપડું કાપવાનું કામ કાંઈ સેહલું નથી, જેઓને અનભાંએસ હોએછે, તેઓથીજ એ કાંમ બની શકેછે, અને તેવાં માંણસોને ઘેર તે કારણસર કાપડનાં તાકા મોકલીઆમાં આવેછે. એ શખસોનાં હાથ હેવાતો હલકા થયા હોએછે, તથા તેઓએ પોતા નાં કાંમમાં એટલીતો ચાલાકી મેલવેલી હોએછે, કે વગર ચડઘણુ અને કાપડ બગાડવે સેંહકડો તાકા તેઓ બરાબર કાપી શકેછે. એ રીતે કાપડની ઉપર ઉભા દોરા કાહાડીઆ પછી તે તાકાઓને એક ફરતા સાંચા માં પસાર કરીઆમાં આવેછે અને તે વેળાએ તે કાપડ કઠણ દાંતાનાં બરસોની સાથે સારી પેઠે ઘસાએછે તેથી પેલી છરીઓની મદદથી કપાએલા ઉભા દોરા કપડાંની સપાટી ઉપર રૂઆં જેવા બની જએછે. તાહર પછી તે કાપડને વળી એક બીજા સાંચામાં પશાર કરીઆમાં આવેછે, તાંહાં જે સીલેનડરની ઉપરથી કાપડ ફરેછે, તે સીલેનડરની ઉપર લાંબી અને ઘણીજ ધારદાર છરી રાખીઆમાં આવેછે. એ સીલેનડર અને છરી ની વચેથી કાપડ જવાનો મારગછે, તે એટલોતો બારીક હોએછે કે તે કાપડની ઉપરનાં રૂઆં તાંહાંથી પશાર થાતી વેલાએ બરાબર અને સફાઈથી કપાએછે અને મખમલની ઉપર આપણે જે સાફ અને સુંવારા રૂ આંની સપાટી જોઈએછે તે આ સાંચામાં નીકલેછે. તાહર પછી તે કાપડને ધોઈને અને રંગીને બાફની ગરમીથી સુકવીઆમાં આવેછે અને પછી પતરાંનાં પડમાં પરેસોની અંદર દાબીઆમાં આવેછે તાંહાં તે મ ખમલની ઉપર વધારે સફાઈ તથા ચલક નીકલેછે.

મેનચેસટરમાં ભરતનું કાપડબી વણીઆમાં આવેછે. એ કાપડ વણવાનો સાંચો અચરત સરીખોછે તેનો નકસો હીંઆં આપેલોછે. એ કાપડનાં સઘળા તાંણા સાંચામાં ઉભા રેહેછે તે તાંણાં એક ચોકસ ગોઠ વણથી જેમ ભરત લાવવુ હોએછે તેમ ઉપર તથા નીચે ઉંચકાએછે. જેમ ભરત લેવું હોએ, તેમ તાંણા અને

વાંણુ ઉંચકાએ્છે, તે એક અચરત સરીખી રીતે બનેછે. એ સાંચામાં ઉભા દોરાની પાશે દાબી બાજુએ વલાંણુમાં બે પટા દેખાએ્છે તે કાગલનાં બનાંવેલાછે અને જેમ ભરત લેવું હોએ્ય તેમ તે કાગલમાં આંધરાં પાડેલાંછે, તેથી કાગલ જેમ જેમ ફરેછે, અને તેમાંનાં આંધરાં સાંચાનાં ઉપરનાં ભાગમાં જેમ જેમ દાંતામાં પશાર થાએ્છે, તેમ તેમ પેલા દોરા ઉભા અને નીચા થાએ્છે અને કાપડ ઉપર જોઈતું ભરત આવેછે.

ઉપલા સફાએા ઉપરથીજ વાંચનાર સમજશે કે મેનચેસટર કાપડનું એક મોટું બજારછે. હીંઆં કાપડની વખારો જોઈને આપણે ઠઠ થઈ જાઈએ્ય. મેશરસ એસ એનડ જે વાટસની જે વખારછે, તેની ઉપર જો પાટીઉં નહી મારેલું હોએ્તેતો, બાહેરથી જોતાં આપણે એમ સમજીએ કે આ કોઈનો મહાલારત મે હેલછે. જેમ બીજા ખાતાં તથા જાહેર ઈમારતો મુસાફરો જોવા જાએ્છે, તેમ આ મોટી વખાર પણ લોકો જોવા જાએ્છે. કેહેછે કે જો આ વખાર લંડનમાં હતે તો, તાંહાં પણ તેની અતીશે તારીફ થાતે અને પેહલલે વાંચેની ગણુતે. આ ઈમારતનાં તરણ મારછે, અને એક એક માર ઉપર જુદી જુદી જાતનો સાંમાંન ગોઠવેલોછે. હીંઆં જે માલ વેચાએ્છે, તે પરચુટન વેચીઆમાં આવતો નથી, પણ દુકાંનદારોને જડાબંદ વેચીઆમાં આવેછે. અંદર દાખલ થયા કે દરએક માલ ઉપર મોટાં દીવાંનખાંનાં દેખાએ્છે, અને મેહેલોનાં દીવાંનખાનાંએાને આરસીએા અને નવાઈની અને કીમતી વસતુએા સણુગાર આપેછે, તેમ આ દીવાંનખાંનાંએાને તેમાં વેચવાને સારૂ સોભઈતી રીતે ગોઠવેલા માલથી સણુગાર મલતો હતો. એક માર ઉપરથી બીજા માર ઉપર જવાનાં દાદરો મેહેલનાં દાદર જેવા સોભઈતાછે. એક માર ઉપરથી બીજે માર માલ પોંહોચાડવાની ગોઠવણ ઈંચારીની મારફતે કીધેલીછે અને દીવાંનખાંનાંને એક નાંકેથી બીજે નાંકે સાંમાંન મોકલવાને સારૂ ગોયા નાંધલી લોહોડાંની સડકોછે, જેની ઉપરથી પઈડાં સાથનાં બાકસો સેરવી દીધામાં આવેછે. આ વખારમાં કેટલો માલછે તેનો અટકલો આપવાને વાસતે આટલું કેહવામાં આવેછે કે મરદ ઓરત અને બાળકો મલી આખી મેનચેસટરની વસતીનાં પેહરવાનાં એકદંમ કપડાં કરવાં હોએ, તો તેટલું અને સઘળી જરૂરનું કાપડ હીંઆંથી એકદંમ મલી આવશે. કોઈબી વસતુ બાહેર લેવા જવી પડે નહી. વલી કાપડ જાતની એકબી વસતુ હીંઆં નહી હોએ તેવું નથી. આ વખાર હુંગાડીઆને આસરે પાંચ વરસ થયાંછે, અને જે દીને તે પેહલલે હુંગાડીઆમાં આવી તે દીવસથી છ અઠવાડીઆંની મુદ્દતમાં તાંહાં (૧૫૦૦૦૦૦) પંદર લાખ રૂપીઆનો સાંમાંન વેચાયો હતો. આ મોટી ઈમારત બાંધવામાં (૧૦૦૦૦૦) દશ લાખ રૂપીઆનો ખરચ થાયો હતો અને તેમાં ગરમી તથા હવા દાખલ કરવાની ગોઠવણ ઘણીજ સારીછે.

જાંહાં આટલો બધો માલ ઉતપન થાએ્છે તાંહાં માલની ગાંસડીએા બાંધવાની તથા પેટીએા બનાંવવાની ગોઠવણ આદમીનાં હાથ ઉપર રાખીઆમાં આવી હોએ્તેતો ભારે અડચણ પડીઆ વગર રેહે નહી, તેથી માલની ગાંસડીએા હંમેસાં સાંચાની મારફતે બાંધીઆમાં આવેછે અને જાંહાં એ પરમાંણે માલ બંધાતો હોએ્ય તાંહાં એકવાર જાઈ તે જોવું જોઈએ્છે. જાંણે ચાહે શાકરનાં પડીકાં બંધાતાં હોએ્ય તે મીશાલે કાપડનાં ખાંડીબંદ તાકાએાની જહડપમાં ગાંસડીએા બંધાએ્છે તે જોયાથી આપણને કેટલીએક રમુજ અને અચરતી ઉપજેછે.

મેનચેસટર મધે શારપ સ્ટુઅરટ તથા મી૦ ફેરબરનનાં "આયરન ફાંઉંનડરી" એટલે લોહોડાંનાં સાંમાંનો બનાંવવાનાં કારખાંનાંછે, તે ખચીત જોવા લાએ્કછે. આ કારખાંનાંએા ઘણા મોટાંછે અને લોહોડાં કાંમની મોટી જીનસો જે રીતથી તાંહાં બનેછે તે જોયથી આપણને ઘણીએક અચરતી ઉપજેછે. મોટી ભડીએાની અંદર લોહોકુ તવાઈને લાલ અથવા સફેદ રંગનું બનેછે, તેવાં તાવેલાં લોહોડાંથી ભરેલી ટ્રેઓ સાંચાની મારફતે ઉંચકાએ્છે, તેમાંથી પછી જે જીનસો બનાંવવાની હોએ્છે તે ઓટી કાહાડેછે, તથા બીજી તરેહવાર મોટી જીનસો બનાંવવામાં જે તરેહ તરેહનાં સાંચા બનાંવેલાછે, તે સઘળાને પોત પોતાનું કાંમ કર

તા જોઈને આપણને ઘણી અચરતી ઉપજેછે. એવાં મોટાં કારખાનાંએામાં જે મોટી હથોડીએા હોએ્છે તે બાફનાં સાંચાનાં જોરથી વાગેછે. એવી એક હથોડીનુ પડવું છથી બાર હંડરવેટનાં વજનનુ થાએ્છે, અને તેનાં જોરથી મોટા લોહોડાંનાં કટકાએા થોડા વારની અંદર જેવા જોઈએ તેવા થાઈ જાએ્છે. એક ફુટ જાડા લોહોડાંનાં કટકાને ફરતા રોલરોની અંદર મેલીઆથી થોડી મીનીટની અંદર કાગલ જેવા પાતરા પટા થાઈ જાએ્છે. જાડાં પતરાંએાની અંદર આંધરા પાડવાનુ કાંમ ગોયા કાગલમાં ટાંચનીથી હાંધરા પાડીએ તેમ બનેછે. મોટા મોટા "ઈસકરૂ" થોડા વારમાં બનેછે. મી૦ ફેરબરનનાં કારખાંનાંએામાં બાફનાં સાંચાની મોટી જીનસો બનાંવીઆમાં આવેછે. આ ઘણીનાં તથા શારપ સ્ટુઅરટનાં લોહોડાં કાંમ બનાંવવાનાં મોટા કારખાંનાંએામાં અગત કરીને બાફનાં સાંચાનો સઘળો સામાંન બનાંવીઆમાં આવેછે. આપણા દેશનાં લોહોડાંની સડક ઉપર જે બાફનાં સાંચા દોડેછે તે ઘણાખરા શારપ સ્ટુઅરટની ફાંઉંનડરીમાં બનાંવેલાછે.

જાહેર ઈમારતો મધે મેનચેસટરમાં ફરી ટરેડહાલ, ટાંઉનહાલ, એકશચેનજ હાલ—કથીડરલ, અને બીજી ઘણીએક જોવા લાએ્કએ ઈમારતોછે. બાગોમાં પીલ પારક તથા ફુઈનસ પારક ફરવા લાએ્કછે. પીલ પારકની સાથે એક ઘણુજ કીમતી સંગરહસથાંન તથા પુસતકખાંનું જોડેલુંછે. એ વગરે મેનચેસટરમાં બીજા ઘણાએક સંગરહસથાંન તથા પુસતકખાંનાંછે. એક પુસતકખાંનું ગરીબ કારીગરો તથા ઉદ્યોગી શખસોને સારૂ મુકત હુંગાડું મેલેલુંછે.

લીવરપુલ.

આ શેહેર ખાતે મેનચેસટરથી આગની ગાડીની મારફતે એક કલાકમાં જાઈ શકાએ્છે અને એ શેહે ર અગત કરીને રૂઉનાં બજાર અને તેનાં બીજા મોટા વેપાર અને બોહોલાં બંદરથી ભારી વખણાએ્લુંછે. આ નથી પચાશ વરસની વાત ઉપર લીવરપુલ ઘણુ અગતનું ગણાતું નહી હતું. તે વખતનાં કરતાં હાલમાં તે નો પાંચ ઘણો વધારો થાયોછે. એ શેહેરમાં જુદાં જુદાં વરસમાં જેટલાં વાંહાંણુ આવીઆં હતાં તથા તેમ ની જે "ડાક ડીઉટી" થાઈ હતી તેની વીગત જે નીચે આપીછે તે ઉપરથી એ શેહેરનાં બેપારનાં વધારાની સમજ પડશે. ૧૮૦૦ નાં વરસમાં ૪૭૪૬ વાંહાંણુ લીવરપુલમાં ગયાં હતાં તેની ડાક ડીઉટી ૨૩૩૭૯૦ રૂપીઆ થાઈ હતી; ૧૮૨૦ માં ૭૨૭૭ વાંહાંણુ—ડાક ડીઉટી ૯૪૪૧૨૦ રૂપીઆ; ૧૮૩૦ માં ૧૧૨૧૪ વાંહાંણુ—ડાક ડીઉટી ૧૫૧૩૫૯૦ રૂપીઆ; ૧૮૪૦ માં ૧૫૯૯૮ વાંહાંણુ—ડાકડીઉટી ૧૭૮૧૯૬૦ રૂપીઆ; ૧૮૫૦ માં ૨૦૪૫૭ વાંહાંણુ—ડાક ડીઉટી ૨૧૧૭૪૩૦ રૂપીઆ; ૧૮૫૬ માં ૨૦૮૮૬ વાંહાંણુ—ડાક ડીઉટી (૩૨૬૮૦૧૦) બતરીસ લાખ, હરસટ હજાર અને દશ રૂપીઆ. એજ પરમાંણે માંડવીની જગાતમાં પણ અતી ઘણો વધારો થાયોછે. ૧૮૫૫ નાં સાલમાં (૩૫૭૬૩૪૪૦) તરંણ કરોડ, સતાવંન લાખ તેંસટ હજર, ચારશો ચાલીસ રૂપીઆ થઈ હતી તેમાં વળી ૧૮૫૬ નાં વરસમાં વધારો થાઈને તે વરશમાં ચોવીસ લાખ રૂપીઆ વધતાની અથવા જુમલે (૩૮૨૪૧૭૩૦) તરણ કરોડ, બેઆસી લાખ, એકતાલીસ હજાર સાતશો સીતેર રૂપીઆ જગાતનાં મલીઆ હતા. આ બંદરમાં ઘણાખરાં બારકસો આમેરીકાથી આવેછે, કાંએે જે એ શેહેરનો મોટો વેપાર રૂઉનોછે અને એ રૂઉ ઘણોખરો યુનાઈટેડ સ્ટેટસનાં દખણનાં પરગણાંએામાંથી આવેછે. એ દેશ ખાતે થાતા રૂઉના વેપારનો વધારો કેમ થતો ગયોછે તે નીચે જણાવેલી વીગત ઉપરથી મલશે. ૧૭૮૦ નાં વરસમાં ૬૭૬૬૬૧૩, રતલ; ૧૮૦૦ માં ૫૬૦૧૦૭૩૨; ૧૮૨૦ માં ૧૪૩૬૭૨૬૫૫; ૧૮૩૦ માં ૨૬૧૯૬૧૪૫૨; ૧૮૪૦ માં ૫૮૩૪૦૦૦૦૦; ૧૮૫૦ માં (૬૮૫૬૦૦૦૦૦) અરસટ કરોડ અને છપન લાખ રતલ અને ૧૮૫૬ નાં વરસમાં (૨૦૨૮૮૫૦) વીસ લાખ, અડાવીસ હજાર, આઠશો પચાશ ગાંસડી અથવા (૮૦૦૦૦૦૦૦) હેંશી કરોડ રતલ રૂઉ એ શેહેરમાં ગયો હતો. એ શેહેરનાં વેપાર

માં અનાંજ તથા આટો, તથા ઉન પણ મોટી જીનસો ગણાએછે. લીવરપુલ ખાતે જનારો શખસ તાંહાં ની મોટી તરતી ગોદીઓ જોઈનેજ તાંહાંના વેપાર વીશે પોતાંનો વીચાર બાંધશે. એ ગોદીઓ ગોયા વાંહાણો ની વખારોછે. જેમ લાકડાંની વખારમાં સીચેલા લાંકડાં જોઈએચ તેમ આ શેહેરની મોટી ગોદીઓમાં વાં હાંણો સીચેલાં આપણને દેખાએછે. જે શખસ લીવરપુલ જાએછે તેને તાંહાંની ગોદીઓ જોવાની પેહલલે બ લાંણ કરીઆમાં આવેછે. એ ગોદીઓની પાસે જે મોટી વખારોછે તે જોયાથીજ આપણને અચરતી ઉપજે છે, અને કોઈણી રીતની સંખીઆ જાંણીઆ વગર લીવરપુલનું બંદર, તાંહાંની ગોદીઓ અને તેની આસપા સની મોટી વખારો અને તાંહાં મેલેલા માલનાં જહા જોયાથીજ એ શેહેરમાં ભારી વેપારનો ખીઆલ તરત આપણને આવેછે. લીવરપુલની માંડવીની ઈમારત બાંધવામાં (૨૮૩૮૦૪૦) અઠાવીસ લાખ, આરતીસ હજાર અને ચીઆલીસ રૂપીઆ લાગા હતા. આ શેહેરમાં થોડાંએક કારખાંનાંછે, પણ તે માંનચેસટરનાં જેવાં વખણાએલાં નથી.

લીવરપુલમાં ઘણીએક સારી ઈમારતોછે. લંડનમાં "રાએલ એકસચેનજ" છે તેમ એ શેહેરમાં "લીવરપુલ એકશચેનજ" છે તાંહાં દરરોજ વેપારીઓનો મોટો જમાવ થાએછે. એ ઈમારતની આસપાસ વે પારીઓની મોટી આફીસોછે. લારડ સ્ટ્રીટ, ચરચ સ્ટ્રીટ અને બોલડ સ્ટ્રીટ મધે ઘણી સોભઈતી દુકાંનોછે. જારજીસહાલની ઈમારત ખરેખર જોવા લાએકછે અને પુરથવી ઉપરની સઉથી સારી ઈમારતોમાંની એ પણ એક ગણાએછે. આ ઈમારત અને તેને લગતી જગા ૩॥ એકર જમીન રોકેછે, અને તેને બાંધવામાં ચાર લાખ કીઉમીક ફુટ પથર ખપીએાછે. તેની ચારે બાજુએ સોભઈતા દરવાજાછે, દખણ તરફનાં દરવાજ નો "પોરટીકો" ઘણોજ સોભઈતોછે અને તેનાં માંથા ઉપર કેટલાંએક ચીતારો પાડેલાંછે તેની મત લબ ઈંગલંડની મોટાઈ અને લીવરપુલનો વેપાર બતાવાનીછે. એ ચીતારો પછવાડે ૩૫૦૦૦ રૂપીઆ ખર ચ થયો હતો. સેનટ જારજીસહાલની સઉથી વધતી લંબાઈ ૫૦૦, ફુટછે, પોહોલાઈ ૧૭૫ ફુટછે અને ઉંચા ઈ ૧૧૨ ફુટછે. એ ઈમારતનો બાહેરનો દેખાવ ઘણોજ દબદબા ભરેલો લાગેછે, પણ અંદર ગયાથી આપણે જે જોઈએચ તેથી આપણી અચરતી ઘણી વધેછે. બીડનાં લોહોડાંનાં બનાવેલા ઘણા જ નકસીદાર દરવાજાની અંદરથી આપણે તાંહાં દાખલ થાઈ શકીએચ. ઘણીજ સોભઈતી સીહડીઓ પશાર કરીઆ પછે, લોહોડાંનાં સોભઈતાં બારણામાં થાઈ દખણ તરફનાં દીવાંનખાંનાંમાં જવાએછે. એ દીવાંનખાંનામાં ઘણાજ સોભઈતા થાંભોછે અને તેની દેવાલ રાતા અને સફેદ ગરાંનીટનાં પથરની નકલ કરી રંગેલીછે. એ ઓરડાની સીલીંગ સારો રંગેલીછે અને તેની ઉપરથી એક ઘણુજ સારૂં જુંમરછે. હીંઆંથી આગલ ચાલીઆ પછી આ શેહેર ની ઈનસાફની અદાલતનાં કેટલાંએક ઓરડા આવેછે. આ ઈમારતનો મુખીએ હાલ ઘણોજ ખુબસુરતછે અને લંબાઈમાં ૧૬૯ ફુટ અને પોહોલાઈમાં ૭૪ ફુટછે. હીંઆંની ભોંએ જુદા જુદા રંગીન પથરોથી તથા "રાએલ આરમસ" તથા તરેહવાર બીજી નકસીઓથી ઘણીજ સોભાઈતી કીધેલીછે. હીંઆં ૮૪ ફુટ ઉંચાઈનુ એક મોટું આરકું જોઈએછે, તેની બાંધણીજ કેટલીએક અચરતી આપણામાં ઉતપન કરેછે. એજ પરમાંણે સી લીંગ પણ ઘણી સોભઈતી કીધેલીછે અને તેની ઉપરથી ગીઆસની રોશનીનાં દશ જુંમરો લટકાવીઆમાં આ વીઆંછે. આ દીવાંનખાંનાંનાં ઓતર તરફનાં ભાગમાં જે વાજાંની પેટી જડીઆમાં આવીછે, તેવી મોટી પેટી કોઈ બીજે ઠેકાંણે નથી હેવું જણાવીઆમાં આવીઉંછે. તેમાં ૧૦૮ "સ્ટાપસ" તથા ૮૦૦૦, "પાઈપ" એટલે નલીઓછે, તે એક ઈંચથી બતરીસ ફુટ સુધી લાંબીએાછે. તેમાં પવંન દાખલ કરવાને વાસતે બે મો ટી અને છ નાંધલી ધમંનોછે કે જેને ફુકવાને સારૂ છ ઘોડાનાં બલનો એક સ્ટીમ એનજીન કાંમે લગાડ વો પડેછે. દર અડવાડીઆમાં તરણ વાર એ વાંજાંની પેટી જહેરમાં વજાડીઆમાં આવેછે, તારે જુજ કીમ ત લઈ લોકોને અંદર દાખલ કરીઆમાં આવેછે. આસરે ૩૦૦૦ આદમીઓ તાંહાં શેહેલથી સમાઈ શકેછે.

આ ઈમારતમાં ૮૬ ફુટ લાંબો, ૭૦ ફુટ પોહોલો અને ૪૨ ફુટ ઉંચો બીજો હાલછે તેને "કાંનસરટસ હા લ" કરી કેહેછે. હીંઆં વારેવાર ગાએણાનો તમાશો થાએછે તાહરે હજારો લોકો તાંહાં જાએછે. આ ઇ મારતમાં ગરમી દાખલ કરવાને સારૂ તેનાં ભોંએરાંમાં ઘણી સારી ગોડવણછે અને તે કારણસર ગરમ પાં ણીની જે નલીઓછે તેની કુલ લંબાઈ સાત માઈલ થાએ. આખી ઈમારત બાંધવામાં (૨૩૦૦૦૦) તેવી સ લાખ રૂપીઆ ખરચ થયો હતો.

આ શેહેરનો રાંઉન હાલ પણ ઘણોજ સોભઈતોછે. તાંહાંની બીજી જાહેર ઈમારતો પણ ઘણીજ સારી માં ઘણીનીછે. હીંઆં કેટલાંએક સંગરહસથાંન તથા પુસતકખાંનાં તથા ઉદીઓગશાળાછે. આંધલાઓને વાં ચવા લખવા સીખવવાને સારૂ નીશાળછે તથા તેઓને બંદગી કરવાને સારૂ દેવળછે. એક પુસતકખાંનુંછે તાં હાં લોકોને મુફત વાંચવા દીધામાં આવેછે. એ શેહેર ખાતે કેટલાંએક સારા બાગો પણ છે અને "ઝુઓ લાજીકલ ગારડનસ" એટલે જીવતાં જંતવરોનો સંગરહ તથા એક જરાએત બાગ પણ છે. મુસરાં ડાતવાની જ ગાછે તે પણ બાગનાં જેવી ફરવા લાએકછે. જે ઈમારતને ફીલહારમાંનીકહાલ કરી કેહેછે તે આસરે (૪૦૦૦૦૦) ચાર લાખ રૂપીઆને ખરચે બાંધીછે અને તે ખચીત જોવા લાએકછે. હીંઆં વરસમાં પંદ ૨ અથવા વીશ વખત ગાએણાનો મોટો તમાશો થાએછે, તે વેલાએ આખાં ઈંગલંડ મધેથી નાંમીચા ગાણા રાઓ તાંહાંની રમતમાં સામેલ થાએછે અને તે વેલાએ તાંહાંનુ ગાએણુ સાંભલવાને સારૂ તરણથી ચાર હજાર આદમીઓ ભેગાં થાએછે. આ મોટાં દીવાંનખાંનાંમાં રાતની વેલાએ આપણે એકબી રોશની જોતા નથી, પણ સીલીંગની અને છાપરાંની વચેનાં ભાગમાં રોશની કરીઆમાં આવેછે, તે રોશની સીલીંગની અંદરથી ઓરડામાં અનવાલું આપેછે.

આ શેહેર ખાતે દુનીઆનાં સધળા ભાગો ઉપરનાં વાંહાંણો જાએછે, તે વીશે આગમજ જણાવીઉંછે. એ બારકસો મધે જતા આવતા હજારો ખલાસીઓને રેહવાનો આસરો આપવાને વાસતે લીવરપુલ મધે જે "સેલર હોમ" બાંધેલુંછે તેવી ઈમારતો દુનીઆમાં થોડી હશે. જેઓ અંદર રેહેછે તેઓનાં હુંનેસનાં ધંધા તરફ નેગાહ કરીને આ ઈમારત વાંહાંણનાં આકારમાં બાંધીછે. તેનાં ચાર અથવા પાંચ માલછે, તેમાં દરએકની બંધે બાજુએ વાંહાંણની કેબીનોની બારફક નાંધલા ઓરડાઓની હાર કીધેલીછે, અને વચેવચમાં ખોલલો ચોક રાખેલોછે કે જે વાંહાણનાં તુતકની બારફક દીશેછે અને વળી તેથી આખી ઈમારતમાં તાજી હવા સેહલાઈથી દાખલ થઈ શકેછે. જુજ ખરચે ખલાસીઓ હીંઆં રહી શકેછે અને એક હજાર આદમી તાંહાં સેહેલથી સમાઈ શકેછે.

ઈંગલંડનાં ધરમખાતાંઓમાં "વરક હાઉસ" એક અગતનુ ખાતું ગણીઆમાં આવેછે. જેઓ ઉ દીઓગથી પોતાનુ ગુજરાંણ કરવાને શકતીવાન હોએ, પણ તેઓને કેયે ચાકરી નહી મલતી હોએ, તેવા શખ સો તથા છોકરા અને છોકરીઓને સારૂ ગરેટ બરીટનમાં દરએક શેહેર ખાતે "વરક હાઉસ" છે કે જાંહાં તેઓને ઉદીઓગ સીખાડીને કાંમ કરાવીઆમાં આવેછે અને તેનાં બદલામાં તેઓને ખાવાનુ તથા પેહરવા નાં લુગડાં આપીઆમાં આવેછે, તથા જેઓને વાંચતાં લખતાં નહી આવડતું હોએ તેઓને તે પણ સીખા ડીઆમાં આવેછે. લીવરપુલ મધે જે વરક હાઉસછે, તે આખાં ઈંગલંડમાં સઉથી મોટુંછે, હેવું જણાવીઆ માં આવીઉંછે. તાંહાં ૨૦૦૦, આદમીઓનુ ગુજરાંણ થાઈ શકેછે, અને તાંહાંનાં શખસોને સીખવવામાં તથા ઉદીઓગ કરાવવામાં જે રીત તથા ગોડવણ ચાલુછે તે કાંઈજ નહી પણ તારીફ લાએકછે. હેવાં ખાતાં ઓથી ગરીબોનાં હકમાં અતી ઘણો ફાએદો થાએછે.

લીવરપુલથી છ માઈલની વેગલાઈએ આસરે બે હજાર ગુનેહગારો રહી શકે તેવી એક "જેલ" અથવા કેદખાંનુછે તે લીવરપુલ ખાતે ગએલા મુસાફરે ખચીત જોવું જોઈએછે. હીંઆં બંધીવાનોને હેવી રીતે રાખી

આમાં આવેછે તથા કાંમ કરાવીઆમાં આવેછે કે, તેઓ પાછલથી શુધરીઆ વનાં રેહે નહી. આખું કેદખાં નુ હેવુંતો સાફ અને સોભઇતુંછે કે ગરહસથોનાં રેહવાનાં મકાંનો તેથી વધારે સાફ નહી હશે. બંધોવાંનો પાશે સધળી રીતનાં ઉદીઓગો કરાવીઆમાં આવેછે અને કેટલાએકો જેઓ આગમનજ ચોરીથી પોતાનુ ગુજરાંણ કરતા હતા, તેઓ જારે આ બંદીખાંનુ છોડેછે, તારે આબરૂ અને ઉદીઓગથી પોતાનુ ગુજરાંણ કરી શકેછે.

લીવરપુલની પહોશમાં દરીઆનાં કીનારા ઉપર નીઉ બરાઇટન કરીને એક નાંધલું ગાંમડુંછે તાંહાંની હવા ઘણી સારીછે. લંડનનાં લોકો બરાઇટન ખાતે હવા ફેરબદલ કરવા જાએછે, તેમ લીવરપુલનાં લોકો નીઉ બરાઇટન ખાતે જાએછે. હીંઆં ઘોડા તથા ઘધેડાં ઉપર સવાર થાઇને દરીએ કીનારે ફરવાની એક ઘણી જ સારી ગમત જાંણીઆમાં આવેછે.

લીડસ.

સકલાત અને ઉનનાં કાપડનાં કારખાંનાં આ શેહેર મધે ઘણાછે. જેમ રૂઉમાંથી સુતર વણીઆમાં આવેછે તેમ હીંઆં ઉનમાંથી સુતર બનાંવીઆ પછે તેનુ કાપડ વણીઆમાં આવેછે. પછી તે કાપડને સારી પઠે ભીનવીઆમાં આવેછે અને તેવીજ હાલતમાં તે કાપડની સારી પઠે સાંચાથી પડતી મોટી હથોડીથી કુંનદી કરીઆમાં આવેછે, તે એટલા સુધી કે, પેલું વણેલું કાપડ દેખાએ નહી અને તેનાં દોરા એક એક સાથે મલી જાએ. તાહારપછી તે કાપડને બદામ જેટલાં કાંટાની એક વસતુ જેને ઈંગરેજીમાં ફીનજલ કરી કેહેછે, તેનાં રોલરની ઉપર સારી પઠે ફેરવીને ઘસીઆમાં આવેછે, તેથી તે કપડાંની ઉપર આપણને જોઇએ તેવાં રૂંઆં નીકલી આવેછે. તાહાર પછે તે સકલાત અથવા બનાંત ઉપર જે રૂંઆં ઉડીઆં હોએ તેને બરાબર કાપવાને સારૂ જેમ મખમલને એક ધારદાર હથીઆરની નીચેથી પશાર કરીઆમાં આવેછે, તેમ આ કાપડને પણ કરેછે, તેથી કરીને સકલાતની ઉપરનાં રૂંઆં કપાઇને ઘણાજ બારીક થાએછે. એમ કરીઆ પછી તે કાપડનાં તાકાને દરએક ગજનાં એક એક પરે ગરમ લોહેડાંનાં પતરાં સાથે પરેસોમાં દાબીઆમાં આવેછે, અને એ મીશાલે ગરમ લોહેડાં સાથે દબાયાથી, સકલાત ઉપર આપણે જે ચલકાટ જોઇએછે, તે નીકલી આવેછે.

બરનુસો બનાંવવાનાં કારખાંનાં પણ ઘણાખરાં એજ શેહેરમાંછે. એ કાપડ બનાંવવાનું કાંમ ઘણુ જ સેહેલુંછે. એ કાપડ કાંઇ વણવામાં આવતું નથી, પણ ઉનને સારી પડે છુંદીને આટા જેવું બનાંવીઆમાં આવેછે અને પછી તેને એક સરકી રીતે પાંથરીને એક પોહોરા સાચાંની અંદરથી પસાર કરીઆમાં આવેછે અને તેમાં તે એક સરકુ દબાઇને બરનુસ થાએછે. એ વગરે બરનુસ બનાંવવામાં કશી મેહનત પડતી નથી.

જાહેર ઈમારતોમાં લીડસમાં આજ ચાર વરસ થયાં જે ટાઉનહાલ બંધાયોછે તે ઘણોજ ખુબસુરતછે. વચમાંનાં હાલમાં નાંમદાર રાંણીનું સંગેમરમરનું બાહાવલુંછે, તે તાંહાંનાં લારડ મેઅર સર પીટર ફેરબરન નાં ખરચથી મેલેલુંછે. આ શેહેરમાં દર વરશે તાંહાં ઉતપંન થાતાં કાપડનું એક સંગરહસથાંન બનાંવી જાહેરમાં હુંગાડું મેલીઆમાં આવેછે તે વેલાએ આ શેહેરમાં અને તેની પોહાસનાં ગાંમડાંઓની ઉનનાં કાપડ બનાંવવાનાં ઉદીઓગની બરાબર પીછાંન કરવાને બની આવેછે.

લીડસ મધે કાચનાં અને કોરીનાં વાશણ બનાંવવાનાં તથા ઝીનાં સાંચા બનાંવવાનાં કેટલાંએક કારખાંનાંછે તેઓ વીશે આ જગાએ લખવાની અગત નથી.

બરાડફરડ.

આ શેહેરમાં ઘણ કરીને ગુંદેલા કાપડ વણવાનાં કારખાંનાંછે તે મધેનાં સાંચા જરૂરનાં તફાવત વગરે (જે કાગજ ઉપર સમજ પડે નહી,) બીજાં કાપડ વણવાનાં જેવાજછે, માંટે હીંઆં વધારે બોલવાની અગત નથી.



Jacquard Power-looms: Stuff-manufacture.

ભરતનું કાપડ વણવાનો સાંચો—જુઓ પૃષ્ઠ (૨૫૪)



Brussels Carpet-weaving.

ગાલીચા બનાંવવાનો સાંચો—જુઓ પૃષ્ઠ (૨૫૪)

આ શેહેરથી દશ માઈલની વેગલાઈએ સાલટેર નાંમનાં ગાંમડાં મધે હેવાં કાપડનું એક ઘણુ મોટું કારખાંનું છે, તાંહાં એક એક ઓરડામાં, પાંચશો સારછે. આ ગાંમડાંનું નાંમ આ કારખાંનાંનાં માલેકનાં નાંમ ઉપ રથી પડેઉંછે અને તાંહાં તેનાં કારખાંનાંનાં માંણુસો સીવાએ બીજા જુજ લોકો રેહેછે. એ કારખાંનાંનાં માલેકે પોતાનાં માંણુસોને ભગતી કરવાને બની આવવા સારૂ એક લાખ રૂપીએા ખરચી એક દેવલ બાંધી ઉંછે તથા તેઓનાં છોકરાંઓને અગત જેગ કેલવણી આપવાને વાસતે નીશાળો સથાપીછે. બરાડફરડથી નીકલીઆ પછે આપણે

હાલીફાકસ

ખાતે જાઈએચ તાંહાં ગાલીચા બનાંવવાનાં ઘણા કીમતી કારખાંનાંછે. એ કાપડ કેવા સાંચામાં બ નાંવીઆમાં આવેછે તેનો નકસો મેનચેસટરનાં ભાગમાં ભરતનુ કાપડ વણવાનાં સાંચાનાં નકસાની નીચે આપીએાછે. હીંચાં સધળા દોરા રંગ પરમાંણે એક એકની ઉપર હારેદોર ગોડવીઆમાં આવેછે અને જેમ ગાલીચા ઉપર જુદા જુદા રંગ લેવા હોએ તેમ તે દોરા, (જેમ ભરતનું કાપડ સાંચામાં પેલાં આંધરાં સાથનાં કાગલની મદદથી બનેછે,) જરૂર પરમાંણે ગાલીચાનાં આકારમાં વણાએછે.

નાંટીંગાંમ.

જે પેહેરવાનાં કપડાંને "હોશીઅરી" કરી કેહેછે, જેમ કે ખમીસ, સ્ટાકીન, વાસકુટ અને તેવી બીજી જીનસો, તે આ શેહેર મધે બનેછે. મીશીઅરસ હાઈન્ડ અને મંનહેલાનું કારખાંનુ ઘણુ મોટુંછે. હીંચાં સ્ટાકીન ઘણી અચરત સરીખી રીતે વણીઆમાં આવેછે. આપણી દગલીની ગોલ બોંએછે, તે મીશાલે લાંબા સ્ટાકીનનાં તાકા વણીઆમાં આવેછે. જે સાંચા ઉપર સ્ટાકીન વણાએછે તે ગોલ ફરેછે અને તે ની ઉપર ફરતી ગુંડણ થાએછે. એ પરમાંણે ગોલ બોંએનાં આકારમાં લાંબા તાકા વણીઆ પછી તે માંથી પગનાં મરપાંનાં માફક સ્ટાકીન કાપીઆમાં આવેછે, પછી તેમને સીવીને લાકડાનાં પગો ઉપર ચહડાવેછે તાંહાં તેઓ બરાબર પગનો આકાર લીએછે અને પછી ગરંમ લોહોડાંનાં પતરાંના પ રમાં મેલીને દાબીઆમાં આવેછે એટલે સ્ટાકીન બરાબર બનેછે. ખમીસ બનાંવેછે તે પણ એમજ. પેહે લાં પોહોરા તાકા વણીને પછી વેતરીને તે પરમાંણે સીવેછે અને પછી તેમને દાબીને ઘરી વાલેછે. નેટનુ કાપડ પણ ઘણુ ખરૂં આ શેહેરમાંજ બનેછે. સાંચાઓની મારફતે મોટા તાકા વણાએછે તે ૨૦૦ વા ર લાંબા અને ૧૦૦ વાર પોહોલા હોએછે અને જાંહાં તે તાકાઓને ધોઈ કાંજી પાઈને સુકવીઆમાં આવે છે તાંહાં ઘણા મોટા ઓરડા કરવા પડેછે અને તેટલો મોટો તાકો જોથાથી આપણને ઘણી અચરતી ઉપજે છે. પછી તે કાપડને કાપીને તાકા કરીઆમાં આવેછે.

શેફીલડ.

આ શેહેર કટલરીનાં કારખાંનાંઓને સારૂ સારી પડે જાંણીતું થાએલુંછે. હીંચાં રાજરસનું મોટું કા રખાંનુંછે, તાંહાં છરી, કાંટા, કાતર, તલવાર અને એવી બીજી જીનસો બનેછે. આ જીનસો બનાંવવામાં જાહાજા સાંચાઓ કાંમ લાગતા નથી. એ નાંધલી વસતુઓ ઘણી ખરી હાથથીજ બનાંવીઆમાં આવેછે અને તેથી તે કારખાંનાંમાં સેંહકડો માંણુસો ખપેછે. એ જગાએ "ડીવીજંન આવ લેબર" નો કાએદો આપ ણે સારી પડે જોઈએછે. પેહલલાં કેટલાએક આદમીઓ લડીમાં કાંઈજ નહી પણ લોહોડાનાં સલીઆ જરાક પોહોરા કરેછે. તાંહાંથી તે સલીઆઓને બીજાં ખાતાંમાં મોકલીઆમાં આવેછે, તાંહાં તેમનાં જરૂર હોએ તેટલા કટકા પાડીઆમાં આવેછે—તરીજાં ખાતાંમાં હથોડીથી તેમની ધાર કાહાડીઆમાં આવેછે—ચોથાં

ખાતાંમાં બનાંવનારનેા છાપ મારીઆમાં આવેછે—પાંચમાં ખાતાંમાં તેની વધારે ધાર કાહાડીઆમાં આવે છે—છડાં ખાતાંમાં પાલીસ થાએછે—સાતમાં ખાતાંમાં તેમાં દસતા બેસાડીઆમાં આવેછે. એ પર માંણે એ દરએક વસતુ ઘણાએક હાથમાં જઈને તઈઆર થાએછે. રાજરસનાં કારખાંનામાં દર વર સે વરસ પરમાંણે તેટલા પાંનાંની એક છરી બનાંવીઆમાં આવેછે. ૧૮૫૮ નાં વરસમાં ૧૮૫૮ પાંનાં ની એક છરી બનાંવેલી હતી તે ને બંધ કરીઆમાં આવેતેા અરધેા ફુટ લાંબી અને બેથી તરણ ઇંચ બેરાવાથી વધારે જાડી થાએ નહી. એ છરીને તેનું દરએક પાંનુ હુંગાડું દેખાતું મેલીને એક કાચનાં કેસમાં મેલીઆમાં આવેછે, તે જોયાથી આ કારખાંનાંમાં સરવે જતા આવતાને અચરતી ઉપજેછે. શેફીલડ અથે કાંનસ તથા કરવતી બનાંવવાનુ સાંમીઉલ નીઉબોલડનું એક મેાટું કારખાંનુંછે. કરવતીનાં અને કાંનસનાં જે દાંતા આપણે જોઈએચ તે પણ હાથથી પાડીઆમાં આવેછે અને એ કેવા સરકા અને બરાબર બનેછે, અને તે આદમીનાં હાથથી બનાંવીઆમાં આવેછે હેવું જારે હમેા જણાવીએ છઈએ, તારે તે કારીગરેાની ચાલાકી વીશે અલબતાં સમજ પડીઆ વનાં રેહુશે નહી. એ શેહર ખાતે પીતલની ઘણીખરી નાંધલી વસતુએા બનાંવવાનાં તથા સીલવર પલેટ તથા પલેટનાં કાંમનાં પણ કેટલાંએક કારખાંનાંછે. જાહેર ઈમાર તેામાં એ શેહેરમાં, આસેમબલી રૂમસ—થીએટર—મીઉજીક હાલ—નીઉસ રૂમસ—તથા શરૂશબરી હાસપીટાલછે.

કોવેનટરી.

રેસમની ફીટ અને ઘડીઆળ બનાંવવાનાં કારખાંનાં કોવેનટરી અથે જોયામાં આવેછે. ઘડીઆળેા નાં સઘળા ભાગ કાંઈ સાંચાથી બનતા નથી, પણ જુદા જુદા ભાગેા જુદા જુદા કારીગરેા પેાતાને ઘેર બનાંવે છે અને પછી ઘડીઆળીએા તે સઘળા એકઠા કરીને ઘડીઆળ બનાંવેછે. ઘડીઆળનાં કેાટલાં ઉપર જે ગેાલ ચકરીની નકસી આપણે જોઈએચ તે એક ઘણાજ સુનદર અને બારીક ઈચંતરની મદદથી પાડીઆ માં આવેછે. રેશમની રીબંન જે વણાએછે તે શાધારણ રેશમી કાપડની માફક વણાએછે.

સ્ટાફરડ.

આ શેહેરમાં પીચાલાં રકાબી, તથા કેારી અને ચીની કાંમનેા સઘળેા સાંમાંન બનાંવીઆમાં આવે છે. જે વસતુએા આપણે દર રેાજ હાથમાં ધરીએછે, જેમાં આપણે ચાહે પીજીએછે અને જેમાં આપણે ખાઈએછે, તે વસતુ કેમ બનેછે તે જોયાથી અલબતાં આપણને ખુશી ઉપજેછે. એ સાંમાંન બનાંવવાની મટેાડી કરીઆ પછે પીચાલાં રકાબી મેાલની અંદર ઓટીને અથવા ચકરી ઉપર ફેરવીને હાથથી પણ બનાં વીઆમાં આવેછે અને તે બંધે રીતે એટલુંતેા ઝડપથી કાંમ થાએછે કે એક આદમી દર રેાજ સેંહકડેા પીચા લાં રકાબી બનાંવી શકેછે. એ પરમાંણે તે વસતુએા બનાંવીઆ પછી તેમને લડીએામાં શુકવીઆમાં આ વેછે. શુકાયા પછી તેમની ઉપર ચીતાર પાડવાનું કાંમ ચાલેછે. કેારી કાંમનાં વાસણેા ઉપર એક જાતનાંજ રંગનાં જે ચીતાર જોઈએછે, તે ઘણાજ સેહેલથી બનેછે. એક જાતનું ઘણુજ પાતરૂં કાગલ આવેછે, તેની ઉપર જે તરેહ પાડવાની હેાએ તે છાપેલી હેાએછે, અને પછી તે કાગલ તે વસતુઓની ઉપર લગાડીઆમાં આવેછે, અને જરાકવાર રહીને તે કાગલને નુછી નાંખીઆમાં આવેછે અને પેલી તરેહ પેલી વસતુ ઉપર ચેાંટી ગએલી આપણા દીઠામાં આવેછે. કેારીના વાશણેા ઉપર તરેહવાર રંગનાં ફુલેા અને બીજાં ખુબસુરત ચીતારેા જે આપણે જોઈએચ, તેતેા તઈઆર થાએલાં વાશણેા ઉપર હાથથી અસતરીએા રંગેછે. આ પરમાં ણે હાથથી રંગવાની ઝડપ જોઈને આપણને ભારી અચરતી ઉપજેછે. એ અસતરીઓની પાશે ઝીનાં બર સેા અને રંગેા હેાએછે અને જાંણે તેઓ રમત કરતાં હેાએ તે મીશાલે ઝડપ અને ઉતાવલમાં તે ચીતારેા

પાહેછે, તે વલી હેવાં એક સરકાં, કે સેંહકડેા પીચાલાં ઉપર જે તરેહ પાડી હેાએ તેમાં કશેા ફરક દીશે નહી, જાણે સઘળી તરેહ સાંચાથી એક શરકી પાડી હેાએ. પછી તે જીનસેા ઉપર ચલકાટ આપવાને વા સતે તેમને ફરીથી ભડીમાં મેલીઆમાં આવેછે.

બરમીંગાંમ.

ઇંગલંડમાં કારખાંનાંને લગતાં જેટલાં શેહેરેા જોઇએચ, તે સઘળામાં બરમીંગાંમમાં આપણને સઉથી વધતી ખુશી ઉપજેછે. એ શેહેર ફકત પેાતાનાં તરેહવાર કારખાંનાંએાને સારૂજ વખણાએલુંછે. એખલાં એક શેહેરમાં સઉથી વધતી જાતનાં કારખાંનાંનેા સુમાર કાહાડશુંતેા બરમીંગાંમનાં કારખાંનાંએાની ગણતરી વધારે નીકલશે, કાંએજે આખા દેશની પરચુટન અને નાંધલી વસતુએા તથા જીનસેા જેએાના ભારે મેાટેા ખપછે તે સઘળી હીંઆં બનેછે. અગત કરીને મેાટાં કારખાંનાં તીખાં અને બીજાં લેાહેાડામાંથી બનતી જીનસેા નાંછે અને એ બાબદનાં કારખાંનાં જેવાં બરમીંગાંમમાંછે તેવાં અને તેટલાં બીજે કેાઈ ઠેકાંણે નથી. એ શે હેરથી આસરે આઠ માઈલ દુર વેડનેસબરી નાંમની જગાએ "પેટેનટ શાફટ એનડ આકસલ ટરી કંપની" નાં લેાહેાડા કાંમનુ ઘણુજ મેાટું કારખાંનુંછે તે બરમીંગાંમ ખાતે જનાર કેાઈબી મુસાફર જોયા વગર જતેા ન થી. હીંઆં બાફનાં સાંચાનેા સઘળેા સામાંન, લેાહેાડાંની સડકનાં પાટા તથા ગાડીનાં પઈડાં બનાંવીઆમાં આવેછે અને દરએક જીનસ બનાંવવામાં સાંચાએાને જે ચંચલાઈથી કાંમે લગાડીઆછે, તે આપણા દીલમાં અચીત અચરતી ઉતપણ કરેછે. હેવાં કારખાંનાંએામાં થાતા સઘળા કામનુ કેાઈબી રીતે ચેાકસ બયાંન કર વું માહાલછે. લડાઈનાં ઘણાખરાં હથીઆરેા આ શેહેરમાં બનેછે. બંદુક, રાઈફલ, પીસટેાલ અને દારૂ ગેા લાનાં બીજા સઘળાં હથીઆરેાનાં કારખાંનાં આ શેહેરમાંછે, તે દરએક જોવા લાએકછે. નાંધલા હથીઆરેાછે, તેતેા ઘણાખરાં હાથથી બનાંવીઆમાં આવેછે અને તે કાંમમાં હજારેા માંણશેા રેાકાએલાંછે. બંદુક તથા પી સટેાલ અને તેવાં બીજાં હથીઆરેા બનાંવીઆ પછે એક જગાએ તેમની તપાસ કરેઆમાં આવેછે અને તે વેલાએ જે હથીઆર બરાબર ફુટે નહી તે રદ કરીઆમાં આવેછે. ઇંગલંડમાં "પલેટેડવેર" એટલે ધેાર ચહડાવેલી ધાતુની વસતુએા તથા તીખાં લેાહેાડાંની સણગારની જીનસેા બનેછે તે ઘણીખરી આ શેહેરમાં બ નેછે. ઘરેણા, પેપરમાંશ, કાચના વાશણેા તથા સણગારેા, સ્ટીલ પેન, બકલ, બટન, સેાએ, ટાંચની, હેરપીનસ, અંગેાઠી અને તેવી તરેહવાર બીજી નાંધલી જીનસેાના અતીધણ કારખાંનાંછે. જોકે આ સઘળી ચીજો આપણા વાપરવાસમાં આવેછે અને તેમાંની ઘણીએકને આપણે નજીવી ગણીએ છઈએ, તેાપણ તેવી જીનસેા ઉતપન કરવામાં કેવી કેવી કળાએા લગાહેલીછે, અને તેથી થેાડા વખતમાં અને થેાડી મેહનતે અ ને થેાડે ખરચે તે વસતુએા કેટલી જહાબંધ બનાંવીઆમાં આવેછે તે સઘળું આપણે નજરે જોઈએચ, તારે આ પણે હેરત થયા વનાં રેહતા નથી. એ પરમાંણે થેાડી મેહનતે વધતી સંખીઆ બનેછે, તેથી આપણને તે જી નસેા સસતી પડેછે, અને કીમતમાં નજીવી લાગેછે અને હજુરબી તેમાં શુધારેા કરવામાં તાંહાંનાં લેાકેાનું મં ન હંમેસાં ગુતેલુ રેહેછે. ઇંગરેજ લેાકેા હરેક કાંમ કરેછે તે જેમ બને તેમ જુદા જુદા ભાગમાં વેહેચેછે અને દરએક જણને તે જુદુ જુદુ કાંમ સેાંપેછે તેથી તે કાંમ ઉતાવલે થાએછે. જારે સાંચાએાને બદલે આદમી કાંમ કરતાં હતાં, તારે ઉપલી રીતે વધતું કાંમ થતું હતું અને વળી તેજ પરમાંણે હમણાનાં વખ તમાંબી દરએક સાંચેા પેાતાનુંજ કાંમ કરેછે. એક વસતુનાં જુદા જુદા ભાગ જુદા જુદા સાંચામાં બને છે અને પછી તે સઘળા એકઠા થાઈને એક જીનસ બનેછે. એક નાંધલુ બટન, ટાંચની તથા સેાએ જે આ પણા શાધારણ વાપરવાસમાં આપણે કશી અચરતી સાથે જોતા નથી, તેને બનાંવવાને સારૂ તરેહવાર સાં ચાછે. જુવેા એક બટનને સારૂ કેટલું કાંમ કરવું પડેછે. પીતલનાં પેાહેારા કટકા લઈને ગેાલ સાંચાની અંદર

હતો, તાંહાં હમેા ફરીઆ અને એ પરમાંણે જમીનની ૩૦૦ થી વધારે ફુટ નીચે એક મારગ બનીએા હતેા. સર હમફરી ડેવીનેા "સેફટીલાંપ" કે જેથી કેાલસેા અને આગ સલગી શકે નહી તે હમારી સાથે હતેા, તેા પણ એક હાથ ઉપર ધાસતી અને બીજા હાથ ઉપર હાવી જગાએ આવીઆથી જે વીચાર હમારા દીલમાં ઉત પંન થાતા હતા, તેનુ બયાંન કરી શકાતું નથી. ખેાદતાં ખેાદતાં ખાંનની અંદર રશતેા ઘણેા લાંબેા થાએછે તેથી તાંહાં લેાહેાડાંનાં પાટા નાંખી સડક બનાંવીઆમાં આવેછે, અને તેની ઉપરનાં ગાડાં જાંહાં માલ ઉપર ખેંચ વાનેા મારગ હેાએ તાંહાં ઘસડી લાવવા સારૂ ઘેાડાઓને પણ પેલાં ઝેાલલાની મારફતે નીચે ઉતારીઆમાં આવેછે. એ પરમાંણે આ અચરત શરીખી જગાએ ફરીઆ પછી પેલાં ઝેાલાંની મારફતે પાછા હમેા ઉપર આવીઆ. કેાલસાની ખાંન અગત કરીને નીઉકીઆસટલ શેહેર તરફ વધારેછે અને તાંહાં બંદર ઉપર કેાલ સેા લાવવાની તથા વાંહાંણમાં તેને ઉતારવાની જે જે ગેાઠવણેા કરેલીછે તે ખચીત વખાંણવા જેગછે.

ઈમારતેામાં બરમીંગાંમ મધે ટાંઉનહાલ ઘણેા ખુબસુરતછે. તેની લંબાઈ ૧૬૬ ફુટ, પેહેાલાઈ ૧૦૪ ફુ ટ અને ઉંચાઈ ૮૩ ફુટછે. મેાટાં દીવાંનખાંનાંમાં જે આરગન અથવા વાંજાંની પેટીછે તે હેવાં સઉથી મેાટાં ઈચ્ચંતરેામાંની એકછે. આસટન પારકનેા બાગ સારેાછે અને તે મધેની ઈમારત ઘણી સેાભઈતીછે. એ શેહે ર મધે એક પીકચર ગીઆલરી તથા સંગરહસથાંન પણછે.

બરમીંગામથી પાછા લંડંન તરફ આવતાં વારીકનુ ગાંમડું જેવા લાએકછે. તાંહાં અસલનેા એક ઘણેા જ સેાભઈતેા મેહેલછે, તે મુસાફરેાને દેખાડીઆમાં આવેછે. એ મેહેલમાં એાક લાકડાંનુ નકશી કાંમ ઘણુજ તારીફ લાએકછે. તાંહાં અસલનેા એક ભાગી ટુટી ગએેલેા કીલ્લેાછે. હીંઆંથી બે માઈલની વેગલાઈએ લી મીંગટનનું નાંધલું ગાંમડુંછે, પણ તાંહાંની ઈમારતેા ઘણી સારીછે, અને તાંહાંની હવા ઘણીજ તંદરેાસતી વધાર નારીછે. લીમીંગટનથી પાછા લંડંન આવતાં

આકસફરડ

ખાતે ફેરેા મારવેા ઘટેછે. એ શેહેર ઈંગલંડની મદરેસાઓને સારૂ ઘણુ વખણાએલુંછે. હીંઆંનાં રસતાઓ અને ઘરનાં મેાહેાલાઓ ઘણાજ સેાભઈતી રીતે બાંધેલાછે. એ પુરાંણા શેહેરમાં ઘણીખરી મદરેશાઓ એકએકની નજદીકછે તેથી જાંહાં તેઓછે તે લતા તરફનેા દેખાવ ઘણેાજ દબદબા ભરેલેા લાગેછે. એ શેહેરમાં હમેા જે દીને ગયા હતા, તે દીને બરફ ઘણેા પડીએા હતેા તેથી ઝાડ પાંણ અને ઘરેાની ઉપર ગેાયા રૂપાંનેા ધેાર ચહડા વીએા હેાએે હેવું દેખાતું હતું. એ શેહેરમાં અગત કરીને બરફ પડેછે તારે ઘણેા સારેા દેખાવ થાએેછે, અ ને કેટલાએક લેાકેાતેા એમજ કેહેછે કે, બરફ પડીઆથી ખુશનુમાં જગા જેવી હેાએેતેા આકસફરડમાં દેખા શે. એ શેહેરમાં જાહેર ઈમારતેામાં મદરેસા વગરે બીજું ધેાડું જેવાનુંછે. તે મદરેસાઓનાં પુસતકખાંનાં ઘ ણાજ કીમતીછે. હીંઆં એક ઘણુંજ કીમતી સંગરહસથાંનછે તાંહાં કેટલાએક નાંમીચા શખસેાનાં હાથનાં પેહ લલાં કાગલ ઉપર પાડેલાં ચીતારેાછે, તે મેાટી કીમતે ખરીદ કરી રાખીઆંછે. હીંઆં ઘણાએક નાંમીચા શ ખસેાનાં પુતલાંછે અને તેમાં આપણા ટાંઉન હાલમાં સંગેમરમરમાં સર ચારલસ ફારબસ, જેનું નાંમ આજ દીન શુધી ગાંમડીએેા પીઆરથી લેતા આવીઆછે, તે ગરહસથનુ પુતલું બનાંવવાને સારૂ પલાસટર આવ પા રીસમાં જે નમુનેા બનાંવીએેા હતેા તે હીંઆં મેલીએેાછે.

વેલસ.

હરેક મુસાફર જે લંડંન છેાડી ઈંગલંડનાં માંહેલાં દેશાવરેા ખાતે ફરવા જાએે તેણે વેલસનાં પરગણા નેા ભાગ જેયા વગર પાછું લંડંન જવું નહી—કાંએેજે ગરેટ બરીટનનું મુલક જે ખુદરતી દેખાવેાને વાસતે વખણાએેછે, તે દેખાવેા હીંઆં આપણા જેયામાં આવેછે. એ પરગણામાં ઘણીખરી તરાંબાની ખાંનછે અ



THE MENAI SUSPENSION BRIDGE: WITH THE BRITANNIA TUBULAR BRIDGE IN THE DISTANCE

મેનાઈ સસપેનશન બ્રીજ: બ્રીટાનીઆ ટયુબયુલર બ્રીજ પણ દેખાય છે.—(૨૬૪)

GREAT TUBULAR BRIDGE ACROSS THE MENAI STRAIT; CHESTER & HOLYHEAD RAILWAY.

આગની ગાડી જવા સારૂ લોહેાડનેા બંધ પુલ—(૨૬૫)

ડરવેનટ અને આસેનડ્રીથ મરીનરોની આજ પાસનો દેખાવ—(૨૬૫)

ને તેઓ બધેની એકમાં હેઠે ગયાથી જે રીતે તરાંબુ કાહાડીઆમાં આવેછે તે જોયાથી આપણને અચરતીઉપ જેછે. વેલસ ખાતે ગએલા શખસને તાંહાંનાં ઓતર ભાગમાં એક ઘણોજ નાંમીચો પુલ જે "મીનાંઈ સ્ટ્રેટ" નાંમની ખાડી ઉપર બાંધેલોછે તે જોવાને બની આવેછે. એ પુલનું નાંમ "મીનાઈ શસપેનશન બરીડજ" છે અને તે ઝુલતો લોહોડાંનો પુલછે. એ પુલનો નકશો હીંઆં આપેલોછે તે ઉપરથીજ તેનાં આકાર અ ને કાંમની સમજ પડશે. એ પુલ ઉપરથી અતીઘણી સારો દેખાવ "સીઈનરી" નજરે પડેછે. હીંઆં જે જોવાનુંછે તે સઘળું ખુદરતી દેખાવોનુંજછે અને તેનું બયાંન જેવું આપણાં ખીઆલમાં જોયાથી ઉતરેછે, તેવું કાગલ ઉપર કલમથી ઉતરતું નથી, માંટે એ વીશે વધારે બોલી શકતા નથી. એ પુલ ઉપરથી ગાડી ઘોડા આ વ જાવ કરેછે, પણ આગની ગાડીને સારૂ જુદો ઝુલતો ચારો બાજુથી બંધ કીધેલો એક બીજો પુલછે તે ને ટીઉબીઉલર બરીડજ કરી કેહેછે. એ પુલનો નકસો પણ હીંઆં આપીએછે. આ પુલ એક લોહોડાંની નલીનાં જેવોછે, તે ચારો બાજુએ બંધછે અને તેની અંદરથી આગની ગાડી ચાલી જાએછે. આ પણ એ ક ચમતકારીક હીકમતછે.

ઈંગલીશ લેકસ.

જેમ વેલસમાં ઘણી સારી "સીઈનરી" છે તેમ કંમબરલાંનડ અને વેસટમોરલાંનડનાં પરગણાંઓમાં અતી ઘણી ખુશ "સીઈનરી" છે. હીંઆં ઘણાખરા સરોવરોછે અને તે સરોવરોની આસપાસ હેવાતો સારા ખુદરતી દેખાવો આવેલાછે કે, તેમનુ બયાંન કરવામાં કવેતો બરાબર ફાવીઆ નથી. જે શાધારણ રીતે બોલીએતો હીંઆં પાહાડ, પાંણી, ઝાડ, આસમાંન અને જમીન વગરે બીજું કાંઈ નથી, પણ ખુદરતે તે સઘ ળાંને હેવી રીતે ગોઠવેલાંછે કે તેવા દેખાવો આદમી પોતાંનાં મગજથી કધી ચીતારી શકે નહી. હેવી જગા એ જે સરોવરોછે તેમની અંદર ગમતને સારૂ આગબોટો ફરેછે અને એ નાંધલી સફર ઘણીજ ખુશી ઉપજાવ નારી થાએછે. હેવા એક સરોવર અને દેખાવનો નકસો આ જગાએ આપીએછે, તેનાં કાગલ ઉપરનાંજ દેખાવ ઉપરથી વાંચનાંર પીછાની લેશે કે, હમો કેવી જગાઓને સારૂ બોલીએછે. એ સરોવરો જોવાને હમો મજબુત ભલામણ કરીએચ અને તેમાંનાં મુખીઆનાં નાંમ નીચે જણાવીઆ પરમાંણેછે. વીનડરમીઅર; અલસવાટર; કાંનીસટંન વાટર; બાસેનટવેથ વાટર; ગરાસ મીઅર; ડરવેનટવાટર; કરમાંકવાટર; બટરમીઅર; ઈતીઆદી. એ બધેનાં પેહલ્લા બે સરોવરો સઉથી મોટાછે. લંબાઈમાં તેઓ ૧૦ માઈલછે અને તેમની વ ધુમાં વધુ પોહોલાઈ એક માઈલ અને વધુમાં વધુ ઉંડાઈ ૨૫૦ ફુટછે. એ સરોવરોની પહોસમાં કેટલાએક પાંણીનાં ધોત પડેછે તે પણ જોવા જોગછે, અને તેમનાં નાંમ હીંઆં જણાવીએછે. કરમાંકવાટર નાંમનાં સ રોવરની દખણ પશચમ તરફ સ્કેલ ફોરસ નાંમનો ધોત ૧૫૬ ફુટની ઉંચાઈથી પડેછે. ડરવેનટવાટરની ઉગ મણ તરફ બે ધોતછે તેમાં બારો કાસકેડનો ધોત ૧૨૪ ફુટની ઉંચાઈ અને લાઉડોર કાસકેડનો ધોત ૧૦૦ ફુટની ઉંચાઈથી પડેછે—અલસ વાટરની પશચમ બાજુએ એરી ફોરશનો ધોત ૮૦ ફુટની ઉંચાઈથી પડેછે તથા બીજા કેટલાએક નાંધલા ધોતો બીજા સરોવરોની પડોશમાંછે. ઉપલા સરોવરોનાં પરગણા તરફ કેટલા એક ઉપર ચહડી શકાએ તેવા પાહાડોછે તેમાં સ્કીડા, હેલવેલેન, કાંનીસટન, અને લાંગડેલ પાઈકસ ઉપરથી ઘણોજ સારો દેખાવ આપણી નજરે પડેછે અને ઉપર ગયાથી જે આપણે જોઈએચ તેથી ચહડવાની મેહન તનો પુરેપુરો બદલો મલેછે.

પ્રકરણ ૨૩ મું.

સ્કાટલંડ.

એડીનબરો—જુનો ભાગ—નવો ભાગ—સોભઇતા મોહોલ્લા—કીલ્લો—માંનીઉમેનટસ અથવા પુતલાં—કાલટન હીલ—જહેર ઇમારતો—હેરીઅટ હાસપીટાલ—પારલામેનટ હાઉસ—હોલીરૂડ પાલેસનો મેહેલ—ચેમબરસનુ છાપાખાનું—કાગલ બનાવવાનું કારખાનું—હાથારનડેન—રોબ્રલીન કેમ્પાસલ—ડાકટર ગથરી નાંમનો નાંમીચો પાદરી. ગલાસગો—એ શેહેરનો વેપાર—લોહોડાં કાંમનાં કારખાંનાં—કાપડ રંગવાનાં કારખાંનાં—છીટ છાપવાનાં કારખાંનાં—રશમેણી જનસો બનાવવાનું કારખાંનું—સીવવાનાં દોરા વણવાનું કારખાંનું—જહેર ઇમારતો, ઇતીઆદી. સેનટ આંનડરૂસ. આબરડીન—ગરાંનીટનાં પથરનું કારખાંનું—જહેર ઇમારતો. બાલમોરલ—રાંણીનો મેહેલ—બાલમોરલની પડોસનાં ગાંમડાં અને તાંહાંનાં દેખાવો—ડનકેલડ—ડીઉક આવ આથલનો મેહેલ અને બાગ—બલેરગાવરી અને એ ગાંમ વચેના મારગનાં દેખાવ—સ્કાટલંડ મધેનાં સરોવરો.

એડીનબરો.

સ્કાટલંડનું આ અસલ પાએતખત અને હાલમાં મુખીઅ શેહેર ઘણુજ સોભઇતું છે. એ શેહેર હંમણા બે ભાગથી ઓલખાએછે—નીઉ ટાઉન અને ઓલડ ટાઉન. ઓલડ ટાઉન અથવા જુનાં ભાગમાં અસલનાં વખતની જુની ઇમારતોછે, અને તાંહાં હાલમાં ઘણાખરા ગરીબ લોકો વશેછે. નીઉ ટાઉન અથવા નવો ભાગ ઘણોજ રોણકથી બાંધેલોછે અને તાંહાંનાં પોહોલા અને શીધા રસતા અને તેમની બંધે બાજુએ બાંધેલાં ખુબસુરત ઘરો સઘળા જોનારાઓને અચરતી ઉપજાવેછે. એડીનબરો શેહેર જેવાં થોડાંજ શેહેરો દુનીઆમાં ખુબશુરતછે. અસલનાં વખતમાં ઇઉનાંત દેશમાં આથેનસનું શેહેર તેની મોટી ઇમારતો અને વીદ્યાનાં અથકને વાસતે ઘણુ વખણાએલું હતું, તે મીશાલે હંમણા એડીનબરોછે, અને એ શેહેરનો દેખાવ ઉપલાં શેહેરને એટલોતો મલતો આવેછે કે, તેને માડરન આથેનસ એટલે આ જમાંનાંનુ આથેનસ કરીને નાંમ આપી આમાં આવીઉંછે. આ શેહેરને એ નાંમ પેહલ વેહલલું આથેનસની અસલ ઇમારતો તથા અસલી ચીજોની સોધ કરી પુસતક બનાંવનાંર મીસતર સ્ટુઅરટે આપીઉં હતું, અને પાછલા મુસાફરો તેનાં મતને મલતા થયાછે. સર વાલટર સ્કાટે આ શેહેરને અમર કીધુંછે, અને તેની અસલી તવારીખ તથા સઘળી નાંમીચી બીનાં જાહેર કરી એ શેહેરને ઘણી બુજરગી આપીછે.

એડીનબરોમાં આવીઆ પછી આપણે કોઇને પુછીએ કે એ શેહેરમાં પેહલલે શું જોવું, તો તાંહાંનો એક મુખીઅ મોહોલ્લો જેને પરીનસસ સ્ટીટ કરી નાંમ આપેલુંછે, તાંહાં ફરવાને તે આપણને ભલામણ કરશે, કાંએજે એ મોહોલ્લો આખાં શેહેરમાં સઉથી સરસછે, એટલુંજ નહી, પણ તે એકજ મોહોલ્લામાં ઘણીએક ચીજો જોવા જોગછે અને તાંહાંથી શેહેરનો કેટલોએક દેખાવ પણ ઘણોજ ખુબસુરત લાગેછે. જેઓ પગે ફરવા નીકલેછે તેઓ પણ ઘણુખરૂં એજ મોહોલ્લામાં ફરવું પસંદ કરેછે. તાંહાંથી શેહેરનાં કીલ્લાનો તથા જુનાં ભાગનો ઘણો સારો દેખાવ નજરે પડેછે. નવો ભાગ જુનાં ભાગની સપાટીથી ઘણો નીચોછે, તેથી કીલ્લો જે જુનાં ભાગમાંછે, તેની ઉંચાઈ આ મોહોલ્લામાંથી જોયાથી ઘણીજ દબદબા ભરેલી લાગેછે, અને જુનાં ભાગમાં બાર બાર મારની ઇમારતોછે તેઓ આસમાંનને લાગતી હોએ હેવું દીશેછે. રાત ને સમે તે ઘરો બધેની રોશનીઓથી વલી અજબ તરાંહનો દેખાવ થાએછે. એ ઉંચી ઇમારતોમાં જે રોશનીઓ બલેછે તે આકાશ ઉપરનાં તારાઓ સાથે મલી ગએલી દેખાએછે, અને તેથી જોનારની નજરે એક ઘણોજ ખુશી ભરેલો દેખાવ પડેછે. ઉપલો કીલ્લો ઘણોજ પુરાંણોછે અને તેની તવારીખ પણ જાંણવા જોગ છે. તે બધે બે હજાર સીપાઇઓ અને તરીસ હજાર હથીઆર રહી શકે તેટલી જગાછે. આશરે એક હજાર વરશની વાત ઉપર સ્કાટલંડના પાદશાહા માલકંમ કાંનમોરનાં વખતમાં તેની નાંમીચી રાંણી મારગારેટે જે દેવળ એ કીલ્લામાં બંધાવીઉં હતું, તે હજુર જોયામાં આવેછે. ઇંગલંડનો પાદશાહા છઠો જેમસ જેનાંથી ઇંગલંડ અને સ્કાટલંડનું રાજ વારસાથી એક તાજ તલે આવીઉં, તેને રાંણી મેરીએ આ કીલ્લાનાં જે ઓરડામાં જણેઓ હતો, તે ઓરડો સરવે કોઇ ધીઆંનથી જુએછે. સ્કાટલંડનું પાદશાહી ઝવેરાત પણ આ કીલ્લાનાં એક ઓરડામાં જોયામાં આવેછે. એ બધે એક તાજ, એક લાકડી અને તલવાર અને લારડ તરેજરરનાં ઓધાની એક લાકડીછે. ૧૭૦૭ નાં વરસમાં એ ઝવેરાત કીલ્લામાં મેલેલું હતું તે છેક ૧૮૦૮ માં એકાએક જહેઉં હતું.

કીલ્લાની નીચેની સઘળી જમીન જે પરીનસસ સ્ટીટની શોહેશોડછે તાંહાં ઝાડપાંણુથી ખુશનુમાં બાગ કીધેલોછે તાંહાં ઘણાંખરા લોકો સહવાર સાંહાંજ ફરવા જાએછે. ઘણાંખરા માંનીઉમેનટ આ મોહલ્લામાંછે. હીંઆં સર વાલટર સ્કાટ જેનુ નાંમ ગરેટ બરીટંનનાં સઘળા લોકોને પીછાણેછે તેહની યાદગારીમાં ઉભુકીધેલું સોભઇતું "માંનીઉમેનટ" છે. એ માંનીઉમેનટ મીનારાના ઘણા ખુબસુરત આકારમાં બાંધેલુંછે અને તેનાં નીચેનાં ભાગમાં સર વાલટર સ્કાટનુ સંગેમરમરમાં બનાંવેલું પુતલું મેલેલુંછે. પુતલાંની આસપાસ જે ખુનાં કીધામાં આવીઆંછે, તાંહાં સર વાલટર સ્કાટે બનાંવેલા પુસતકમાં જે બનાંવો જણાવીઆછે તેમનાં પુતલાં મેલેલાંછે. એ મીનારો ૨૦૦ ફુટ ઉંચોછે અને તેની પછવાડે લગભગ (૧૬૦૦૦૦) એક લાખ શાહાડ હજાર રૂપીઆ ખરચ થયોછે. તેના ઉપરનાં ભાગમાં જવાનો મારગછે તેનાં ૨૮૭ ફાંડીઆંછે અને મથાલે ગયાથી જે દેખાવ આપણી નજરે પડેછે તેથી બેવડી ખુશી ઉપજેછે. એડીનબરો શેહેરનો બરાબર આખો દેખાવ જોવો હોએતો કાલટન હીલ નાંમની ટેકડી ઉપર જવું અને તાંહાંથી શેહેર અને તેની આસપાસનાં ગાંમનો જે દેખાવ માલુમ પડેછે, તે ખરેખર આનંદ ઉપજાવનારોછે. એ ટેકડી ઉપર જતાં થોડુંએક ચહડીઆ પછી ડાબી બાજુએ જે ખુબસુરત માંનીઉમેનટ નજરે પડેછે, તે ડગલસ સ્ટુરટની યાદગારી કાએમ રાખવાને સારૂછે. તેની પડોસમાં આબજરવેટરી તથા પરોફેસર પલેફેરની યાદગારીને સારૂ માંનીઉમેનટછે. તેકડીની છેક ઉપર નેલસંતની યાદગારીનુ માંનીઉમેનટછે અને એ ઇમારતની આસપાસ જે પેહલવાંનો વાટરલુની લડાઇમાં મારીઆ ગયાછે, તેઓનાં પુતલાં મેલીઆમાં આવનાંર હતાં, પણ તેમ હજુર શુધી કરવાને બની આવીઉં નથી.

હમોએ આગલ જણાવીઉંછે કે એડીનબરો ઘણુ ખુબસુરત શેહેરછે, એટલે જે, તાંહાં શીધા અને મોટા રસતા, ખુબસુરત ચોકો અને તેની આસપાસ સોભઇતાં ઘરોછે. જોવાલાએક ઇમારતો તાંહાં ઘણીછે, પણ તે સઘળાનું બયાંન થાઇ શકતું નથી, માટે તેમને જોવાની ભલામણ કરતી વેળાએ તેમનાં નામ આ જગાએ પરગટ કરવાની અગતછે. એ બધે નાશનલ ગેલ્મારી તથા રાએલ ઇનસ્ટીટીઉશંનની ઇમારતો જાંહાં સોભઇતી તસવીરો તથા મીતારોછે—ફરી મરચ કાલેજ નાંમની મદરેસા—રેજીસટર હાઉસ જાંહાં જાહેર દફતરો રાખેલાંછે—થીએટર રાએલ જાંહાં નાટક થાએછે—આંનટીકુએરીએંત મીઉજીએમ નાંમનું સંધર સથાંન—હાઇ સ્કુલ નાંમની મોટી મીશાલ—રાએલ એકસચેનજ—સેંનટ જાઇલસ કથીડરલ—કીએાનંનગેટ જેલ તથા બેંકો, એ સઘળી ઇમારતો મુસાફરે જોવી જોઇએછે. પણ હેરીએટ હાસપીટાલ નાંમની જે ઇમારતછે તે જોયાથી આપણને ઘણી ખુશી ઉપજેછે. એ ઇમારતમાં નાંચાર અને માં બાપ વગરનાં છોકરાંઓને

તી રીતે એક બીજામાં જોડાએલીછે—તરેહવાર જાતનાં ઝાડો અને ભાંત ભાંતનાં પાંનો એક બીજામાં ભેલાઈ ને તાંહાં હેવોતો રળીઆંમનો દેખાવ અને લીલો છાંએો બનાંવેછે કે જાંણે આપણે તાંહાંથી વરશોનાં વરશ શુધી ખીશીએ નહી—આપણી સોડેથી નદીનો રેલો ચાલેએો જાએછે, તેનો એણીગંમ પેલીગંમ ખરકો આવી આથી હેવોતો મજેહનો વાંક બનીએાછે કે, જાંણે સરપ રમતેા રમતો ચાલીએો જાએછે—એ પાંણીનો જોસ, પવંનથી ઝાડોનાં હીલવાથી અને ફુલોની ખુસબો અને પંખેરાંનાં સગથી આંખ, કાંન, અને નાંખને હેવીતો ખુશી ઉપજેછે કે તેનુ બયાંન આપણી ઇંદરીએાજ સમજી શકેછે, મોહોડે બોલી તથા હાથે લખી શકાતું નથી. હીંઆં જે મેહેલછે તેની નીચે કેટલાએક ગોફાછે અને એક ગોફામાંથી બીજા ગોફામાં પોંહોચવાને સારૂ ખરકોની અંદરથી કોતરી કાહાડેલા માર્ગોછે અને તેમાંથી રાહાદારીની મારફતે આપણે પશાર થાઈ એછે, તારે આપણને એક અજબ તરેહની ખુશી ઉપજેછે. આ ઈમારત તથા તેની આસપાસની ઉપર બયાંન કીધેલી સઘળી જગા અસલ કવી ડરમનડની હતી અને હંમણા પણ તેનાંજ વારસોનાં હસતકમાં છે. જે જગાએ આ નાંમીચો કવી ઘણો ખરો બેસતો હતો તથા પોતાનો અભીઆશ કરતો હતો તે આ જે પણ આપણને દેખાડીઆમાં આવેછે. કવી બેન જાંનશંન આ કવીનો દોસત હતો અને તેને મલવા ને સારૂ તે લંડંનથી પગે ચાલીને તાંહાં ગયો હતો અને પેહલલી મુલાકાત તેહને હાથરનડેનમાં જે જગાએ થાઈ હતી તે જગા આજે આપણને હીંઆં દેખાડીઆમાં આવેછે. નાંમીચો શુધારો કરનાર જાંન નાંકસ આ જગાએ એક ટેકડી ઉપર ઉભો રહીને ભાશાંણેા કરતો હતો તે ટેકડી આપણે હીંઆં આજે જોઈએછે.

ઉપલી જગા પશાર કરીઆ પછે આપણે રોસલીન ખાતે આવીએ છઈએ, તાંહાં રોસલીન ચાપેલ નાં મનુ દેવળ અને કીલ્લો જે ઘણો ભાગી ટુટી હાલતમાંછે તે જોવા લાએકછે. એ બંધે ઈમારત ઘણી અસલી છે અને તેઓનુ ઠાંમ ઘણુ ખુબસુરત જગા ઉપર આવીઉંછે. ઉપલાં શેહેરની થોડીએક વેગલાઇએ ડાલકીથ પાલેસ નાંમનો મેહેલ, તથા લારડ ડાલહાઉજીનો મેહેલ તથા વાઈકાંઉનટ મેલવીલનો મેહેલછે, તે સઘળા જોવા જવાને મુસાફરને ભલામણ કરીઆમાં આવેછે.

જાહરે હમો એડીનબરોમાં હતા, તાહરે તાંહાંનાં સઘળા લોકો ડાકટર ગથરી નાંમનાં પાદરીની ઘણી તારીફ કરતા હતા. દેવળમાં પોતાની જગાએથી ભાશાંણ કરવામાં તે ઘણોજ સરસ હતો, એટલુંજ નહી, પ ણ જાતે ઘણાજ સારા સવભાવનો અને બેહદ માયાલુ હતો અને એક ખરો એકીનદાર ગરહસથ ગણા તો હતો. આ સઘળા સારા ગુણોને લીધે એડીનબરોનાં લોકોનાં પેઆરમાં તે ઘણો લપેટાયો હતો, અને હેવો એક શખસ કે જેનાં જાતી ગુણો અને હોશીઆરી વીશે સઘળાએો એકજ રીતે બોલવા લાગા, તેને જોવાની અને તેને દેવળમાં ભગતી અને ભાશાંણ કરતી વેલાએ સાંભલવાની હમોને ખાહેશ ઉતપંન થાઈ. જારે ડાકટર ગથરી દેવળમાં ભાશાંણ કરનાર હોએછે, તારે તાંહાં હંમેસાં ભીડ ઘણી થાએછે અને આગમજથી જગાની ગોઠવણો કેટલા જણાએો કરી રાખેછે અને એક ભીતરની મારફતે હમારે વાસતે ઘણી સારી અને નજદીકની જગા રાખીઆમાં આવી હતી. પાછલા પોહોરનાં તરણ વાગતે બંદગી તથા ભાશાંણ કરવાનો વખત હતો તેની કેટલોએક વાર આગમજથી દેવલ ભરાઈ ગયું હતું, એટલી બધી લોકોની ઈનતેજારી હતી. ભગતી કીધા પછે ડાકટર ગથરીએ પોતાંનું ભાશાંણ "આ દુનીઆમાં આપણે એક ટુક મુદતનાં મુસાફર છઈએ, અથવા આપણી જીંદેગીનો એક પલ પછી આપણને ભરોશો નથી" હેવી મતલબનું કરીઉં હતું, અને તે ભાશાંણ હેવુંતો સેહલી અને સલીસ એબારત, સફાઈ અને જોસથી કરેઉં હતું, કે તેનાં દરએક બોલ જાંણે તેનાં સાંભલનારાએોની છાતી ઉપર લખાતા હોએ, અને તે હેવી રીતે લખાતા હોએ કે જાંણે તાંહાંથી કધી ખીશે નહી, હેવી રીતે તેનાં બોલવાની અસર થાતી હતી. એ ડાકટરનાં ભાશાંણથી દેવલમાં એકઠા થાએલાએોનાં મંન ઉપર એટલીતો અસર થાતી હતી કે તેનાં મોહોડાંમાંથી સબદો નીકલે, તેમ

સાંભલનારાએોની આંખમાંથી આંસુનાં રેલા પડતા હતા, અને હેવા ધરમ ગુરૂનાં મોહોડાંમાંથી સીખામણ લઈને તેનાં સાભલનારાએો બેહતર રાહા પકડે અને તેઓ હંમેસાં નીતીના અને સચાઈના મારગ અખતીઆર કરે તેમાં નવાઈ જેવું નથી. આ ડાકટરનાં બીજા સારા ગુણોથી તેની સીખામણ વધારે મજબુત અસર કરેછે, અને હમો હમારી તરફથી કહીજીએચ કે હેવો બીજો ભાશાંણ કરતા હમોએ સાંભલીએો નથી. બીજે દીને એ ધરમ ગુરૂને ઘેર જાઈને હમોએ તેની મુલાકાત લીધી, અને બીજી ઘણીએક વાતચીત કીધી તેમાં તેનાં ખુબી ભરેલા વીચારો અને સાંસાં દીલની નીશાન સાફ દેખાતી હતી.

ગલાસગો.

આ શેહેર સકાટલંડમાં વેપારમાં મુખીઅછે, અને દોલત, વેપાર, અને કારખાંનાએોમાં ગરેટ બરીટંનમાં તરીજું ગણાએછે. ૧૭૭૫ નાં વરસની આગમજ એ શેહેર તંબાકુનાં વેપારને સારૂ ઘણુ જાંણીતું હતું અને જેએો એ વેપારમાં ગુતેલા હતા તેઓને, જેમ મેનચેસટરના રૂઉનાં વેપારીઓને "કાટંન લારડસ" કે હવામાં આવેછે, તેમ તે વખતે "ટોબાકો લારડસ" કરી કેહતા હતા. આમેરીકામાં જે બળવો ઉઠીઓ હતો અને લડાઈ થાઈ હતી, તે ઉપરથી તંબાકુનાં વેપારમાં હરકત થયાથી તાંહાંનાં લોકોએ રૂઉનુ કાપડ બનાવવા ઉપર ધીઆંન આપવા માંડીઉં, અને આજે પણ એ શેહેર રૂઉનાં કાપડ બનાંવવાનાં કારખાંનાં વીશે નાં મીચું ગણાએછે. એ શેહેર બધે હાથથી વણાતાં અને સાંચાનાં બળથી ચાલતા રૂઉનાં કારખાંનાંની વીગત નીચે જણાવીઆ પરમાંણેછે. એ શેહેરનાં કારખાંનાંએોમાં હાલમાં હાથથી વણનારા (૪૦૦૦૦) ચીઆલીસ હજાર કારીગરોછે, જેઓની મેહનતથી (૩૦૦૦૦૦૦) તરણ કરોડ રૂપીઆની કીમતનુ કાપડ બનેછે. વલી આખા શેહેરમાં સઘળી મલીને સાંચાથી ચાલતી આજ દીને ૨૫૦૦૦ લુમસ અથવા સારછે, તેઓની મારફતે દર રોજ (૬૨૫૦૦૦) છ લાખ પચીસ હજાર વાર કાપડ વણાએછે અને વરસનાં ૩૦૦ દાહાડા કાંમનાં ગણીએતો એક વરસમાં ઉપર જણાવેલી સંખીઆની લુમસથી (૧૮૭૫૦૦૦૦૦) અઢાર કરોડ અને પંચોતર લાખ વાર કાપડ વણાએછે. આ કાપડની કીમત દર વારે સરાસરી બે આંનાં દાખલ ગણીએતો (૪૬૮૭૫૦૦૦) ચાર કરોડ, હરસઠ લાખ અને પંચોતેર હજાર રૂપીઆની થાએ. સુતર વણવાનું કાંમ પેહલ વેહલલું ૧૭૮૨ નાં સાલમાં શરૂ થાયું હતું, પણ તાહારપછી ટુક મુદતની અંદર તેમાં ઘણોજ વધારો થયોછે. હાલમાં સઘળા કારખાંનાંએોમાં જુમલે (૧૮૦૦૦૦૦) અઢાર લાખ સ્પીનડલસછે અને તેમાં (૫૦૦૦૦૦૦૦) પાંચ કરોડ રૂપીઆનુ શુતર વણાએછે. હાલમાં એ શેહરમાં રૂઉની (૧૨૦૦૦૦) એક લાખ, વીશ હજાર ગાંસડી અથવા (૪૫૦૦૦૦૦૦) ચાર કરોડ પચાસ લાખ રતલ રૂઉનો ખપછે. એ માલ ઉપરાંત હાલમાં આ શેહેરમાં રેશમના વેપારમાં તથા રેશમનાં કાપડ બનાંવવાનાં કારખાનાંમાં પણ વધારો થયોછે. રેશમ અને ઉંચા ઉનને ભેલીને આ શેહેરમાં ઘણુ સરસ કાપડ બનાંવીઆમાં આવેછે.

થોડાંએક વરસ થયાં વલી એ શેહેર લોહોડાં કાંમનાં કારખાંનાંને સારૂ વખણવા લાગુંછે. જેમ "ટોબાકો લારડસ" ને, "કાટન લારડસ" એોએ ધાંકી નાંખીઆ, તેમ કાટંન લારડસોને આયરંન લારડસ ધાંકી નાંખશે હેવું ધારીઆમાં આવેછે. તરીસ વરસની વાત ઉપર એ શેહેર અને તેની આસપાસનાં ગાંમડાં મલી માતર ૧૬ ભઠીઓ હતી તેને બદલે હાલમાં લગભગ ૧૦૦ છે અને તેમાં દર વરશે (૫૦૦૦૦૦) પાંચ લાખ ટંન પીગ આયરંન અને (૧૦૦૦૦૦) એક લાખ ટન માલીએબલ આયરંન બનેછે. હેવાં લોહોડાં કાંમનાં કારખાંનાંએોમાંથી થોડાએક ગલાસગોમાં જરૂર જોવા જોઈએછે. નેપીઅરનુ કારખાંનુ ઘણુ મોટું અને સઉથી સરસમાંનુ એકછે, હેવું જણાંવીઆમાં આવેછે. કોલસાનો વેપાર પણ એ શેહેર ખાતે હાલમાં ઘણો વધીએાછે. એ શેહેર ખાતે વાંહાંણો બાંધવાનું કાંમ પણ ઘણુંછે અને હેવાં બાંધકાંમ જોવા

જવાને સારૂ મુસાફરને મજબુત ભલામણ કરીઆમાં આવેછે. મુંબઈમાં આપણે વાંહાંણુ બાંધવાનું કામ જોઈએછે તેમાં અને આ જગાએ વાંહાંણુ બાંધવાનાં કામમાં ઝાઝો તફાવત નથી (અને એથી અતરનાં આ પણા વાહાડીઆઓને થોડું માંન નથી) તોપણ તાંહાં તે કામ જોવા ગયાથી વખત નકામો ગએલો કેહવાશે નહી. હીંઆંની ગોદીમાં ઘણાએક નાંમીચા વાંહાંણો તથા આગબોટો બંધાઈછે.

આ શેહેર મધે કાપડ રંગવાનાં પણ ઘણાએક નાંમીચા કારખાંનાંછે તેમાંનાં કેટલાંએક જોવાથી આ પણને ઘણીએક અગતની ખબર મલેછે અને જોથી આપણને જે અચરતી ઉપજેછે તેનો પાર નથી. રશાએણ સાસતરથી રંગવાનાં હુનરે હેવીતો ઝડપ અને અચરતી પકડીછે કે તેનુ બયાન થાઈ શકતું નથી. ગલાસગો થી જુજ વેગલાઈએ મીશીઅરસ સ્ટરલીંગ એનડ મેથીસંનનું કાપડ રંગવાનુ અને છીંટ છાપવાનુ કારખાંનુ સ ઉથી મોટાં કારખાંનાં મધેનું એકછે. એઓ ઘણીજ ભલમણુસાઈથી પોતાનું કારખાંનુ મુસાફરોને દેખાડેછે. આપણા દેશમાં વાંણીઆઓની સારી અને પાગડી જે વેલાતથી રંગાઈને આવેછે, તે હાંવાં કારખાંનાંઓ મધેથી આવેછે. વણકરને તાંહાંથી કાપડ આવીઆ પછે, તે કાપડનાં દોરામાં જે કાંઈ મેલ હોએ તે કાહાડી નાંખવાને વાસતે ૨૪ કલાક શુધી તેને ગરમ પાંણી અને આલકલી એટલે ખારમાં રાખી મેલેછે. પછી તે કાપડમાં જે કાંઈ ખાર હોએ તે કાહાડી નાંખવાને વાસતે તેને ધોયામાં આવેછે. એ ધોવાનુ કામ કાંઈ લહીમાં અથ વા પથર ઉપર ચાલતું નથી. એક મોટી પેટી કે જે જોરથી ચકરનાં આકારમાં ફરેછે તેની અંદર તે કાપડ નાંખીઆમાં આવેછે અને ફરવાનાં જોરથી તે મધેનાં પાંણીની પેલાં કાપડ ઉપર હેવીતા અસર થાએછે કે તે તરત સાફ થાએછે અને કપડાનાં કુમાસને અથવા તેને બીજી રીતે કશી તરાંહની નુકસાંની પોંહોંચતી ન થી. એ પરમાંણે ધોયા પછી તે કાપડની અંદર જે કાંઈ પાંણી હોએ તે એકદંમ નીચવી કાહાડવાને વાસતે કાફી દલવાની ઘટીનાં જેવા એક સાંચામાં તે કાપડને નાંખેછે, અને તે સાંચો ફરેછે તેમ પેલું કાપડ તે માં દબાએછે. દબાયાથી તેમાં જે પાણી હોએછે તે તરત નાંકાઓની મારફતે બાહેર નીકલી જાએછે. એ પરમાંણે પાંણી નીચવી કાહાડીઆ પછે, તે કાપડને રંગ લેવાને લાએકનુ કરવાને સારૂ ફરીથી તેને મોટી કે ગોમાં નાંખીને બાર કલાક શુધી ખારની સાથે ઉકારીઆમાં આવેછે. પછી તેને સુકવીઆમાં આવે છે. એ કાંમ કાંઈ આપણા દેશની માફક તડકામાં બનતું નથી, પણ મોટા ઓરડાઓની અંદર બારથી ગર મી દાખલ કરીઆમાં આવેછે અને તાંહાં તે કાપડને ગરમ હવાથી સુકવીઆમાં આવેછે. એ ઓરડાઓ માં ૧૨૦ થી ૧૮૦ ડીગરી શુધીની ગરમી હોએછે અને શીઆલાની રૂત હોએ તોપણ તે ઓરડામાંથી પાંચ મીનીટમાં આપણે પશાર થાઈએ તોબી તાંહાંની ગરમીથી આપણને તરત પસીંદો છુટી આવેછે. સુકાયા પ છી તે કપડાંને નરમ કરવાને વાસતે સાત દાહાડા શુધી આલીવ આઈલનાં તેલ, ગરંમ પાંણી અને ખારની સાથે રાખીઆમાં આવેછે. તાહારપછી તે કાપડમાં શુમાંક નાંમની સીસીલી દેશ મધેથી એક જાતની પીરી વસતુ આવેછે તે, તથા મંજુક અને બલદનું લોહી મેલીને પેલાં કપડાંને તેની અંદર લગભગ ચાર કલાક શુ ધી ઉકારેછે. પછી તે કાપડને પાંણીમાં બોરી કાહાડીઆથી રાતો રંગ નીકલેછે. તાહાર પછી તે કાપડને વ લી તરાંબાની લહીઓમાં સોડા, આસીડ, અને બીજી એક બે જાતસોની સાથે ફરીથી ઉકારીઆમાં આવેછે. પછી એક કાચનુ બાંધેલુ ઘર કે જેહની અંદર ઘટટી ગરમી લાવીઆમાં આવેછે તેમાં તેને સુકવીઆમાં આવેછે. જો ખોલલી હવામાં અથવા બીજી રીતે સુકવીઆમાં આવેતો તે કાપડનાં રંગ ઉપર ખરાબ અસર થાએ. પ છી આ રંગેલા કાપડનાં તાકા એક મોટા ઓરડામાં લઈ જયામાં આવેછે, તાંહાં કેટલીએક અસતરીઓ તેમને તપાસેછે અને જો કોઈ ઠેકાંણે તે કાપડ ફાટુ હોએ અથવા તેને કાંઈ નુકસાંની થાઈ હોએ તો તે રપુ કરેછે.

એજ જગાએ ટરકી રેડ રંગનાં રૂમાલો ઉપર જે તરેહ પાડીઆમાં આવેછે તે ઘણી સેહલીછે. આ સારે એક ડજન રૂમાલો એક ઉપર એક ગોઠવીઆમાં આવેછે અને પછી તેઓની ઉપર સંચાની રાહે એક મ



છીટ છાપવાનો કારખાનો.—(૨૭૩)

CALICO PRINTING.

Engraved by F. Allom.

જબુત દાબંત કરીઆમાં આવેછે. તે દાબંતનાં ધાંકણાની અંદર જે તરેહ પાડવાની હોએ તેનાં આંધરાં હોએછે તેમની અંદરથી તે રૂમાલ ઉપર ક્લોરાઇડ આવ લાઇમ, અને ધંધકનુ પાંણી પશાર કરીઆમાં આવેછે, તેથી તે આંધરાં મુજબ તરેહ પડેછે. વલી કેટલુંએક કાપડ લાકડાં ઉપર કોતરેલી તરેહથી પણ છાપીઆમાં આવેછે. જે તરેહ છાપવાની હોએ તે પેહલલે એક કાગજ ઉપર પાડીઆમાં આવેછે, તાહાર પછે તે મુજ બ લાકડાંનાં કટકા રંગીને તે કટકાને કોતરીઆમાં આવેછે અને પછી તેથી કાપડ છાપેછે. એકજ જગાએ જુદા જુદા રંગની તરેહ પાડવી હોએતેા, તે કારણસર રંગ પરમાંણે લાકડાંનાં જુદા જુદા કટકા ઉપર તરેહ કોતરીઆમાં આવેછે અને પછી તે જુદી તરેહ પાડવાને વાસતે પેલા કોતરેલા લાકડાંનાં કટકા થી વારા ફરતી છાપીઆમાં આવેછે અને એ મુજબ સઘળી તરેહ છાપીઆ પછી તે કાપડને ક્લોરાઇડ આવ લાઇમ અને ગંધકનાં પાંણીમાં બોરી કાહાડેછે, તેથી જેવી જોઇએ તેવા રંગેા સાથે તરાંહ નીકલી આવેછે.

આ શેહેરમાં છીંટ છાપવાનુ કાંમ પણ ઘણુ ચાલેછે. આપણા દેશમાં છીંટનેા ખપ થેાડેાછે, પણ ઇંગ લંડમાં ઘણેાછે અને એ કાપડને વાસતે મેનચેસટરમાં તથા આ શેહેર ખાતે ઘણાએક કારખાંનાંછે. એ કાં મ ઘણુ સેહેલુંછે. તરાંબાંનાં ગેાલ રેાલરેા ઉપર તરેહ કોતરેલી હોએછે, અને જેમ છાપવાનાં સાંચામાં શાહી ના રેાલરને પેાતાની મેલે સાહી લાગેછે, તે મીશાલે ઉપલા રેાલરેાને છાપવાનેા જે રંગ હોએછે, તે પેાતાની મે લે લાગે હેવી ગેાઠવણ કરેલીછે. એ તાકાએા પેલી તરેહ સાથનાં રેાલર ઉપર ફરી વલીઆથી તેઓની ઉપર તરે હ છપાતી જાએછે. હીંઆં જે નકસેા આપીએાછે, તેની નીચે જે ગેાલ રેાલરછે તેની ઉપર છીંટની તરેહ પા ડીછે અને રેાલરની નીચેથી કપડાંનેા તાકેા પશાર થાઇને ઉપર જાએછે તેની ઉપર જે તરેહ પડેછે તે દેખા ડીઆમાં આવીછે. એ પરમાંણે નીચેથી છપાઇને તાકેા ઉપર જાએછે, તે તરત તાંહાં સીલીંગમાં કીધેલા આર ગની મારફતે બીજા માલ ઉપર જાએછે અને તાંહાં બાફની ગરમીથી શુકાએછે. એ પરમાંણે તાકા શુકાયા પછી તેઓને બે રેાલરનાં એક સાંચામાં પશાર કરીઆમાં આવેછે તાંહાં તેમની સપાટી ઉપર સફાઇ તથા કેટલેાએક ચલકાટ આવેછે, અને જે આકારમાં આપણે છીંટ જોઇએછે તે આકારમાં બનેછે. ઉપર જણાવેલી રીતે છીંટ છાપીઆમાં આવેછે, તેમાં જો એકથી વધારે રંગની તરેહ પાડવી હોએછે તેા એકથી વધારે રેા લર તે સાંચામાં ગેાઠવીઆમાં આવેછે અને પેલું કાપડ એક રેાલર ઉપર પેાતાનેા રંગ લઇને તરત બીજા રેાલર ઉપર જાએછે અને તાંહાં વલી બીજો રંગ લીએછે, એ પરમાંણે બે તરણ રંગ પણ એકદમ છપાએ હેવી ઇઉકતી કરીઆમાં આવીછે.

ગલાસગેા મધે "ટેનેટસ કેમીકલ વરકસ" નામનુ કારખાંનુંછે તે ખચીત જોવા લાએકછે. તે જો વા જવાને વાસતે ઘણી સીફારસથી રજા મલેછે, અને મુંબઇની એક નામીચી પેહડીનાં ગુમાસતાની મારફ તે હમેાને તે કારખાંનુ જોવા જવાને બની આવીહેં હતું. આ કારખાંનાંમાં ગંધકનુ તેજાબ, ક્લોરાઇડ આવ લાઇમ, સેાડા, અને બીજીરશાએણી વસતુએા તથા સાબુ બનાવીઆમાં આવેછે. આ કારખાંનું એટલુંતેા મેાટું છે કે તેની અંદર ઓછામાં ઓછી ૧૦૦ ભઠીછે. સઉથી મેાટી "ચીમની" અથવા ધુમારીઆંની ઉંચાઇ ૪૩૬ ફુટછે અને તેનાં બેરાવાનાં વીઆસની પેાહેાલાઇ ૪૦ ફુટછે. ઉપર જણાવેલી વસતુએા બનાવવાની રીત તે કારખાંનાવાલાઓ જેમ બને તેમ છુપી રાખેછે.

આ શેહેરથી સાત માઇલની વેગલાઇએ પેસલી ગામડાંમાં સીવવાના દેારા બનાવવાનું મીશીઅરસ જે એનડ પી કોટસનું એક મેાટું કારખાંનુંછે. એ કારખાંનાંમાં વણકરને તાંહાંથી કાચું સુતર આવેછે તેના મજ બુત દેારા બનાવીઆમાં આવેછે. પેલાં કાચાં સુતરનાં છ તાર લઇને એક તારમાં તે દેારાને મજબુત વણેઆમાં આવેછે અને પછી તેને કાટલામાં વીંટાડીઆમાં આવેછે. એ કાટલાં સઘળાં ઝડપમાં સાંચાનાં જોરથી ફરેછે અને તેની ઉપર દેારેા વીંટરાતેા જાએછે. એક કાટલું પુરૂં થાયું કે તે કાહાડીને તેની જગાએ બીજું મેલી

આત્માં આવેછે અને તેની ઉપર જરાક દોરો લગાડીએા કે તરત તે વીટડાવા લાગેછે. એ કારણને વાસતે દરએેક કાટલાંની સામને એેક અસતરી અથવા છોકરી બેશેછે અને આ કારખાંનાંનાં બે મોટા ઓરડાત્માં બે પરમાણે પાંચસો પાંચસો અસતરીએા એેક એેકની સાંમે બેસીને કાંમ કરેછે. જાણે પાંચસો અસતરીએા સાંબા સાંબી ટેબલ ઉપર ખાવા બેઠી હોએ હવી રીતનો દેખાવ તાંહાં થાએેછે, તે દેખાવજ જોવા લાએેકછે. આ કારખાંનાંમાં સધળા મલી ૧૩૦૦ આદમી કાંમે લાગેછે અને દરએેક અસતરી ઉપર જણાવીત્મા પરમાણે દરરોજ આસરે ૫૦૦ કાટલાં વીટાડેછે. દોરો વીટાડવાને વાસતે જે કાટલાં જોઇએેછે તે પણ હીત્માંજ બનેછે. આ ગાંમડાંમાં ૭૦૦ વરસનું એેક પુરાણું દેવળછે, તાંહાં આપણે ગમે તેટલું હલુ શે બોલીએેચ તોબી મોટો "એેકો" અથવા અવાજ થાએેછે, તેનું કારણ શું હશે તેની સમજ પડતી નથી.

પાંણી પોંહોચતાં કરવાને વાસતે લોહોડાંના નલ બનાવવાનું ગલાસગોમાં એેક મોટું કારખાંનુંછે અને તાંહાં જે મોટા નલો ઓટીત્માત્મા આવેછે તે જોયાથી આપણને ઘણીએેક અચરતી ઉપજેછે. હાવા મોટા નલ ઓટવાને વાસતે ભઠીઓની ઉપર લોહોડું તાવવાને સારૂ મોટી ડેગો ચહડાવીત્માત્મા આવેછે અને પ છી તવાએેલું લોહોડું ઓટવાની જગાએે રેડીત્માથી નલો બનેછે. આએેજ કારખાંનાત્મા મુંબઈમાં આવેલા નલો બનાવીત્માત્મા આવીત્મા હતા, હેવું તે કારખાંનાવાલાઓએે હમોને જણાવીઉં હતું.

એે શેહેર મધે જાહેર ઈમારતોમાં સઉથી જોવા લાએેક એેક મોટું અને પુરાંણુ દેવળછે, તે પેહલ વેહ લવું ૧૧૭૫ ના સાલમાં બાંધીત્માત્મા આવીઉં હતું. એે દેવળનાં આગલા ભાગમાં તસવીર સાથની જે રં ગીન કાચની બારીઓછે તે દરએેક બારી ઉપર ૧૭૦૦૦ હજાર રૂપીત્માનો ખરચ થાયોછે. એે દેવળની પ ડોસમાં એેક ઉંચી જગા ઉપર મુરદાં દાટવાની જગાછે તે હવીતો સોભઇતી કરીત્માત્મા આવીછે કે સઉથી સ રસ બાગ હોએે તેબી તેની આગલ હટી જએે. આ જગા ઘણી ઉંચાંનમાં આવીત્માથી તાંહાંથી ગલાસગો શે હેરનો આખો દેખાવ આપણી નજરે પડેછે. એે શેહેર મધે કેટલીએેક બેંકોછે તેમનાં દીવાંનખાંનાં ઘણા ખુબ સુરતછે. ફરી ચરચ કાલેજની મદરેસા ઘણીજ રોણકદાર બાંધેલોછે. એે શેહેરમાં જાહેર સભા, કાંનસરટસ અને તેવા બીજા મેલવરાને સારૂ આસરે ૩૦૦૦ થી ૪૦૦૦ આદમી સમાઈ શકે તેવી મોટી ઈમારતછે, તે ને "ધી સીટી હાલ" કરી કેહવામાં આવેછે.

એે શેહેર મધે હંનટેરીઅન મીઉજીઅમ નામનું એેક કીમતી સંગરહસથાંનછે. ડાકટર વીલીઅમ હંનટરની મદદથી તે ઉભું થાયુંછે. તેને બાંધતાં (૮૦૦૦૦) હેંશી હજાર રૂપીત્માનો ખરચ થાયો હતો, અને ડાકટર હંનટરનું પોતાંનુ સંગરહસથાંન જેની કીમત (૧૨૦૦૦૦૦) બાર લાખ રૂપીત્માની કરીત્માત્મા આવીછે, તે તેણે પોતાંના મરણની વેલાએે જાહેરમાં આપીઉં હતું. આદમીનાં સરીરનાં જુદા જુદા ભાગ બતાવનારા નમુનાં જે તે કાબેલ ડાકટરે પોતાંને હાથે બનાવીત્મા હતા, તે હીંત્માં આપણા જોવામાં આવેછે. આ શેહેર મધેની જેલ પણ ઘણી સારીછે અને તાંહાં બંધવાએોને સુધારવામાં તથા તેએોને ઉદમ કરવાને સીખવીત્માત્મા ઘણી મેહનત લીધામાં આવેછે.

જેમ મેનચેસટરમાં મીશીત્મરસ વાટસની વખારછે, તેમ ગલાસગોમાં પણ મીસતર કાંમપબેલ નાંમ ના એેક શખસની કાપડના માલની એેક મોટી વખારછે, તાંહાં દર વરસે (૫૦૦૦૦૦૦) પચાસ લાખ રૂપી આનો માલ વેચાએેછે. આ વખારના જુદા જુદા ભાગમાં મલી સેંહકડો માંણસો કાંમે લાગેલાં આપણ દી ઠામાં આવેછે. માલ વેચવાની ખુબસુરત દુકાનોમાં આરગાઈલ આરકેડ નામની પેર ઘણીજ સોભઇતીછે, અને તાંહાંની હારેદોર સોભઇતી દુકાનોનો અને તેએો મધેનો સાંમાંન એે જગાને ઘણીએેક રોણક આપેછે.

ગલાશગો શેહેરમાં કલાઈડ નદી વેહેછે તેને એેક કીનારેથી બીજે કીનારે ગાડીમાં બેશીને ફરવાને મજબુત ભલામણ કરીત્માત્મા આવેછે. એેથી આપણને આખું શેહેર એેકદમ જોવાને મની આવેછે તથા એે

નદીમાં મોટાં વાંહાંણો ફરી શકેછે તે જોયાથી તાંહાં ફરતાં બારકસોથી એે શેહેરનાં વેપાર વીશે પણ આપણને વીચાર કરવાને મની આવેછે. એે શેહેર મધે એેકથી વધારે ખુશનુમાં બાગો લોકોનાં ઉપીએોગ અને મોજ ને વાસતેછે.

સેનટ આંનડરૂસ.

એેડીનબરોથી આબરડીન જતાં સેનટ આંનડરૂસનું નાંધલું શેહેર આવેછે. જો કે આ જગાએે મુસાફરને ઝાજું જોવાનું નથી, તોપણ તે એેક અસલી શેહેરછે અને તાંહાં દરીત્માનો કીનારો ઘણો સોભઇતી રીતે લાગેલોછે તેથી તે શેહેરનો દેખાવ ઘણો સારો લાગેછે. હીંત્માં એેક અસલનો કીલ્લોછે તેની ઉપ રથી બારાંનો અને શેહેરનો દેખાવ સારો દેખાએેછે. આ શેહેર તેની અસલ અને હમણાની મદરેસાને સા રૂ સારી પડે જાંણીતું થાએેલુંછે.

આબરડીન.

આ શેહેર સ્કાટલંડનું તરીજું અને તેનાં એોતર ભાગનુ મુખીએ શેહેર ગણાએેછે. હીંત્માંનાં સીધધા રસતા અને તેએોની આસપાસ સારી રોણકથી બાંધેલી ઈમારતોની વાજબીની રાહે તારીફ થાએે છે. એે શેહેરમાં જાહેર ઈમારતોમાં કીંગસ કાલેજ, મારીશલ કાલેજ (જેનાં છેક ઉંચા ભાગ ઉપરથી આ ખું શેહેર બરાબર દેખાએેછે) મીઉજીક હાલ, જાંહાં "કાંનસરટસ" નો તથા બીજી જાતનો મેલાવરો થાએે છે—મેડીકલ હાલ—નીઉ ઈનફરમરી, જાંહાં નાંકઉમત અને નાંવારેસોની પરવરસી થાએેછે—દેવાનાંએોને સારૂ હાસપીટાલ—ગારડંન હાસપીટાલ (એેડીનબરોમાં હેરીત્મટ હાસપીટાલછે તેવી મતલબની) નાંવારેસ અસતરીએોની પરવરસીને સારૂ ધરમ ખાતાંની ઈમારત—આંધલાએોની પરવરસીને સારૂ ઈમારત—"હા લ આવધી સોસાઈટી આવ આડવોકેટસ" તરેડસ હાલ, જાંહાં વેપારીએો એેકઠા મલેછે, એે વગરે બીજી ઘણીએેક ઈમારતો તેમની સારી બાંધણી, અને જે સારા ઉપીએોગમાં તેએોને લગાડીત્માત્મા આવેછે, તે કારણ સર જોવા લાએેકછે. હીંત્માંતુ એેક દેવળ ઘણુ ખુબસુરતછે. હીંત્માં જે દેવળ અસલ હતું તેનો ઘાંટ હજુર તાંહાંછે તેનું વજંન (૪૦૦૦૦) ચીત્માલીસ હજાર રતલછે અને તે ૧૩૫૨ નાં વરસમાં ઓટેલોછે. આ શેહેર દરીત્માની બાજુએે આવેલુંછે તેથી તાંહાંનો વેપાર સારોછે. હીંત્માંની ગોદી અને ધકો જોવા લા એેકછે. વાંહાંણ બાંધવાનું કાંમ પણ હીંત્માં સારૂં ચાલેછે. આ શેહેરમાં ગાલીચા બનાંવાનાં કેટલાંએેક કાર ખાંનાંછે. પણ આબરડીન અગત કરીને ગરાંનીટ પથરનાં કારખાંનાંને સારૂ વખણાએેલુંછે. સધડી તથા મોંનીઉમેનટ અને બીજી તેવી વસતુત્મો જે ગરાંનીટ પથરની થાએેછે તે હીંત્માં બનેછે. પથરને વેહરવા ત્માં તથા તેને પાલીસ કરવામાં, હીંત્માં જે કલા કાંમે લગાડીત્માત્મા આવેછે તે જોઇને આપણને અચરતી ઉ પજેછે. લંડંનથી નીકલેલા ફરતા ફરતા લોહોડાંની શડકની મારફતે આ શેહેર શુધી આવી શકાએેછે અને તે થી ઓતર તરફ વધતુ જવું હોએેતો ઘોડાની ગાડીની મારફતે જઈ શકાએેછે. પણ સ્કાટલંડમાં હીંત્માંવેર આવી ત્મા પછી આગલ જતાં બીજું કોઈ અગતનું શેહેર નથી તેથી મુસાફરો ઘણાખરા હીંત્માંથી પાછા પશત્મમ તરફ જ ઈ ખુશનુમાં ખેતરોથી પુર ગાંમડાંઓમાં ફરી પાછા દખંણ તરફ ઉતરેછે અને તે વેલાએે સ્કાટલંડમાં નાંમદાર રાં ણીના બાલમોરલનો મેહેલ જોવાની જોગવાઈ ઘણી સારી મલેછે. આબરડીનથી નીકલેલા બાલમોરલ આ વતાં વચમાં બાંનકરીનુ નાંધલુ ગાંમછે તાંહાં ઉપલાં શેહેરથી દોહોડ કલાકમાં જઈ શકાએેછે. હીંત્માં "બર નેટ આરમસ" નું નાંધલુ પણ સારૂ પોંહોંચખાંનુંછે. હીંત્માં આસપાસનો દેખાવ ઘણોજ ખુબસુરતછે. એે જગાએે થોડીએેક વેગલાઈએે એેક બાહાદુર અમલદારની યાદગારીમાં મીનારો બાંધેલોછે અને તેની ઉપરથી

આસપાસનાં લીલાં ખેતરો અને પાહાડોની સાંકલો અને નદીનાં રેલાઓનો ઘણોજ ખુશ દેખાવ આપણી નજરે પડેછે. બાંનકરીથી નીકલેલા થોડા કલાકમાં બાલાટાર ખાતે આવી પોંહોચીએ છઈએ અને હીંઆંથી આસરે દશ માઈલની વેગલાઈએ

બાલમોરલ

નુ ગાંમડુંછે તાંહાં નાંમદાર રાંણીનો મેહેલછે. બાંનકરીથી બાલાટાર આવતાં બંધે બાજુએ પાહાડોની સાંકલ લાગેલી દેખાએછે અને એક દેકાંણે બંધે બાજુનાં પાહાડ એટલાતો નજદીક આવેલાછે કે જાંણે બે પાહાડની અંદરથી રસતો કાપી કાહાડીઓ હોએ અને તે જગાને "પાસ આવ બાલાટાર" કરી કેહેછે.

બાલમોરલમાં હમોને એક ઘણોજ ખુશી ઉપજવનાંર બનાવ બનીઓ હતો. કરાથીનું નાંધલું દેવળ જે રાંણીનાં મેહેલથી આસરે ૦૧ માઈલ દુરછે, તાંહાં રાંણી જાહરે બાલમોરલમાં હોએછે તાહરે ભગતી કરવાને સારૂ જાએછે. હમો † પણ બાલમોરલમાં રવીવારને દીને ગયા હતા તેથી રાંણીને તે દેવલમાં જતી જોવાને હમોને ઘણીજ ખાહેશ થાઈ અને તે વખતે એ નાંમદારનો ચેહરો જોવાને સરવે કોઈ એકડા થાયા હતા તેમાં હમો પણ સાંમેલ થયા. રાંણી એ વખતે ઘણી સાદી ફરેછે તેથી બે ઘોડાની નાંધલી ફાઈટંનમાં તે આવી પોંહોચી, તેને જોઈને સરવેએ ટોપી કાહાડી આદરમાંન આપીઉં અને હમે પણ આપણા લોકોની ચાલ પરમાંને સર નમાવી સલાંમ કીધી. રાંણી દેવળમાં દાખલ થયા પછે પોતાંની જગાએ બેઠી અને પાદરી એ બંદગી કરવાનું તથા સબક આપવાનુ શરૂ કીધું. દેવળનું કાંમ પુરૂં થયા પછે સરવે કોઈ રાંણીને જોવાને વાસતે ઉતાવલેથી બારણા આગલ ગયા, અને હમોએ પણ તેમજ કીધું અને ફરીથી તે નાંમદારને પુરતાં આદરમાંન સાથે સલાંમ કીધી. એ વેલાએ હમોને તે નાંમદારે સારી પડે જોયા અને પોતાની ગાડીમાં બેશીને ગઈ, પણ તેનાં ફરમાંવીઆ ઉપરથી, એક અમલદારે હમોને આવીને કહેઉં કે રાંણીએ હમોને જોયાછે અને હમો કોણ છઈએ તે જાંણવાની ખાહેસ બતાવીછે. હમોએ જવાબ આપીઓ જે "હીનદુસથાંન ખાતે મુંબઈનાં ટાપુમાં નાંમદાર રાંણીની હીંદુસથાંન મધેની પરજામાં પારસી લોકો જેઓ તે નાંમદાર તરફ વફાદારીમાં સરવે થી સરસછે, તે કોમનાં શખ્સો હમો છઈએ અને અતરે મુસાફરી કરીએ છઈએ." આ જવાબ અલબતાં તે નાંમદારને મલીઓ હશે, કાંએજે આ જવાબ મોકલીઆ પછે, હમોતો બાલમોરલથી આસરે ૧૦ માઈલ દુર બરમારનું ગાંમડુંછે તાંહાંનાં પોંહોંચખાંનાં તરફ ગયા. હમો કોણ છઈએ હેવું જે અમલદારે હમોને પુછેઉં હતું તે આસરે એક કલાક પછી તે પોંહોંચખાંનાંમાં આવી પોંહોંચીઓ અને તે પોંહોંચખાંનાંનાં માલેકને પુછીઉં કે પેલા પારસી મુસાફરો કાંહાંછે. હમો તેને મલીઆ અને તેણે હમોને કહેઉં જે " જો તમો આવતી કાલ શુધી હીંઆં રેહવાનાં હોએતો નાંમદાર રાંણીથી તેને હોકમ મલીએાછે કે, હમોને મેહેલ દેખાડવો અને બાગમાં ફેરવવું. રાંણીની આ મેહેરબાંનીથી હમો ઘણા ઉપકારી થયા અને જો કે હમો રાતનાં કુચ કરવાનાં હતા તોપણ તાંહાં બીજે દીવસ શુધી રહેઆ, અને એક દીવસતો શું, પણ એ કારણને સારૂ એક અડવાડીઉ શુધી ખોટી રેહેતે, કાંએજે એ મેહેલ રાંણીનો ખાંનગીછે અને બીજા સરકારી મેહેલોની માફક સરવે કોઈને દેખાડીઆમાં આવતો નથી. થેડાવ પરમાણે પેહલલા પોહોરનાં દશ વાગતે હમો મેહેલનાં દરવાજ આગલ જાઈ પોંહોચી આ, તાંહાં પેલો ગરહસથ હમોને ફરીથી મલેઓ, અને આખા બાગમાં હમોને ફેરવીઆ તેથી હમારો જીવ હદ વગરનો ખુશી થાયો. એ બાગ ઘણોજ રોણકથી બનાવેલો હતો અને તેમાંની સઘળી ગોઠવણનું માંન નાંમદાર રાણીનાં ભરથાર પરીનસ આલબરટને ઘટેછે. એ નાંમદાર પોતે ઘણોજ વીદીઆવાન શખ્સછે અને પોતાંની ફરસુદને તેણે હાવી રીતે કાંમે લગાડીછે. જે કાંઈ સારૂં દીસતું હતું તેને વીશે હમોને જણાવી

† એ વખતે મી૦ ખરશેદજી રૂસતંમજ કામા તથા મી૦ માંણેકજી ખરશેદજી કામા હમારી સાથે હતા.

આમાં આવતું હતું કે પરીનસ આલબરટની પોતાંની ગોઠવણછે. બાગમાં એક કલાક સુધી ફરી રહેઆ પછે, હમોને જણાવીઆમાં આવીઉં કે, નામદાર રાણી તથા પરીનસ આલબરટ હરણનો શેકાર કરવાને જાએછે, અને તેટલામાં હમોએ જોયું કે તેઓ આવીઆં. હમો ઉભેલા હતા તે જગાએથી ધીમે ધીમે તેઓ ગયાં, અને હમોએ તેઓને પુરતાં આદરમાન રાથે સલાંમ કીધી, તે નામદાર રાંણી તથા પરીનસે ઘણીજ મેહરબાંની ભરેલી રીતે કબુલ રાખી. તાહાર પછે હમોને મેહેલની અંદર લઈ ગયા. એ મેહેલ આગરડીનનાં ગરાંનીટ પથરનો બાંધેલોછે. અંદર ગયા કે તેની સાદાઈ અને ખુબસુરતીથી હમો અચરત થયા. બાલ રૂમ—સીટીંગ રૂમ—પુસતકખાંનું—ડરાઈંગ રૂમ અને તે વતરોગે બીજા દીવાંનખાંનાં જોયાં. રાંણીનો સીટીંગ રૂમ જોઈને હમો ઘણાજ અચરત થયા. હીંઆં સઘળી ગોઠવણ તે નાંમદારના વીચાર પરમાણે હતી, અને તે જોયાથી તે ઓરડાની સાદાઈની કે તેની ખુબસુરતીની તારીફ આપણે વધારે કરીએ તેની અમજ પડતી નહી હતી. સાદાઈની સાથે ખુબસુરતી મેલવવી એ કાંઈ સેહલું કાંમ નથી અને જોકે હીંઆં શુનાં રૂપાંનો અને મોતી હીરાનો સણગાર નહી હતો, તો પણ તેકરતું કાંઈ હતે, તેનાં કરતાં હમોએ જે દેખાવ જોયો, તે વધારે સરસ દીસતો હતો. એક મોટા ઓરડામાં પરીનસ આલબરટે શેકાર કીધેલાં હરણોનાં હારેદાર મોટા સીંગડાં સાથનાં મોંહડાં ગોઠવેલાં હતાં અને તેઓને મારવાની તારીખ તાંહાં લખેલી હતી. આખો મેહેલ જોયા પછે, ફરીથી કેટલોએક વાર હમો બાગમાં ફરીઆ. તે પછી પરીનસ આલબરટના પરાઈવેટ સેકરેટારી સર જારજ ગરે પાસે હમોને લઈ જયામાં આવેઆ અને તેની સાથે હમારી મુસાફરી તથા હીંદુસથાંનને લગતી ઘણીએક બાબદો ઉપર વાત ચીત થાઈ. તાહારપછી હમો નાંમદાર રાંણીનાં મેહેલનાં જંમવાનાં ઓરડામાં ગયા, તાંહાં હમારે વાસતે (રીફરેશમેનટ) ફરૂટ તથા પેસતરી હતી, તેમાંથી કાંઈએક ખાધું અને રાંણીની સલાંમતી ચાહી વાઈન પીધો. પાછા મેહેલમાંથી બાહેર નીકલી રાંણીનાં શાહાજાદા તથા શાહાજાદીઓ ઘોડા ઉપર સવાર થાઈ (ફોટોગરાફ) તસવીર પડાવતાં હતાં તે જોયું. પછી નાંમદાર રાંણીનાં તબેલાંની સોભઈતી ગાડીઓ તથા ઘોડા જોયા. બાલમોરલની આસપાસનો સઉથી સરસ દેખાવ બતલાવનારો એક ટેકડી, કે જાંહાં રાંણી પોતે ઘણીવાર જાએછે, તાંહાં હમોને લઈ જયામાં આવીઆ. જારે રાંણી તાંહાં જાએછે, તારે થાકી જાએ તેને વાસતે અધવચમાં રસતામાં એક બેઠક કીધેલીછે તાંહાં ઝાડની દાંખડીની એક ખુરશી તથા ટેબલછે અને તે ઉપર તે નાંમદાર તાંહાં રીફરેશમેનટ લીએછે. ટેકડી ઉપર જઈ પોંહોચીઆ કે પછી આપણી આંખ આગલનાં દેખાવની ખુબસુરતીમાં કાંઈ ઓછું લાગતું નથી. એ ટેકડી ઉપર પથરનાં કટકાઓનો એક નાંધલો શરકો હાથથી કીધેલો મીનારો હતો, તે વીશે હમોએ પુછીઉં કે આ કોણે અને શું કરવા કીધું. હમોને જણાવીઆમાં આવીઉં કે, નાંમદાર રાંણીની વડી છોકરી પરીનસેસ રાએલ જે પરશીઆનાં શાહાજાદા સાથે પરણીછે, તેનાં લગનને દીવસે બાલમોરલ ખાતે રેહનારા સઘળા મરદો તથા અસતરીઓ તથા બાળકોએ પોતાનાં કઉઅત મુજબ તે ટેકડીની નીચેથી મોટો અથવા નાંધલો એક એક પથર લીધો, અને તે શાહાજાદીનાં લગનની ઈઆદ દાખલ તે જગાએ મીનારો ગોઠવીઓ, તે હજુર શુધી સલાંમતછે. એ પરમાંણે બાલમોરલની આખી વસતીએ તે શાહાજાદી ઉપર પોતાનો પીઆર એટલા વાસતે બતાવીઓ હતો કે, જાહરે પોતાની માંની સાથે તે તરફ તે જતી, તાહરે તાંહાંનાં ગરીબ લોકોની બરદાસત લેવામાં તથા તેઓની હાલત વીશે પુછપરછ કરી તેઓનાં શુખને સારૂ ઉપાયો કરવામાં ઘણી ઉલટ રાખતી હતી અને તેથી કરીને તે ગાંમડાંનાં રેહવાશીઓનાં પેઆરમાં તે ઘણી લપેટાઈ ગઈ હતી.

આપણી નાંમદાર રાંણી વીકટોરીઆ પણ પોતાની પરજાનાં પીઆરમાં એટલી લપેટાએલીછે કે શબદોથી તેનુ પુરતુ વરણન થાઈ શકતું નથી. કેહેછે કે એ નાંમદાર રાંણીની ઉપર જેટલો તેની પરજાનો પીઆરછે, તેટલો ઈંગલંડનાં કોઈ આગલા પાદશાહા અથવા રાંણી ઉપર હતો નહી, અને હાલમાં પણ યુરોપખંડ મધે કોઈબી મુલકનો પાદ

શાહા અથવા શાંહાંનશાહ, તે બાબદમાં રાંણી વીકટોરીઆનાં જેવો ભાગ્યેજ સારી નથી. જો કોઈબી શખસ બેવકુફા ઈથી અથવા બેલાપણાનાં આવીને નાંમદાર રાંણીને જરાકબી અપમાંન જેવું કરે અથવા બોલેતેા, આખી રઈયેત તેનાં સરીરનાં હાડકે હાડકાં અને બાલે બાલ થેાડી મીનીટમાં તેાડી નાંખે; પણ આખાં મુલકમાં એટલેા અનેઆ કરવાને પણ કેાઈ નથી; અને રાંણી ઉપર લેાકેાનેા જે બેહદ પીઆરછે તેની સાબેતી ઇંગલંડમાં આપણને દર ઘડીએ મલેછે. સરવે કેાઈ તેને વાસતે પીઆર અને આદરમાંનથી બેાલેછે. સરવે કેાઈ પેાતાં ની બંદગીમાં અને ખાંનગી અથવા જાહેરખાંનાંએા ઉપર અથવા ભગતી કરવાની જગાએ દીલેાજાંનથી તેની ઉમરદરાજી ચાહેછે. એ નાંમદાર રાંણી જારે બાહેર ફરવા નીકલેછે, તારે તેનાં મુબારક દીદાર જેવાને સરવે કેાઈ દેાડેછે તેજ ઉપરથી તેની પરજાનાં બેહદ પીઆરની નીશાણી આપણને મલેછે. એ નાંમદાર પેાતાની રઈયેતનાં સંસારી તથા બીજાં શુખ ઉપર ઘણુ ધીઆંન આપેછે. જેમ માતા પેાતાનાં કુટંબની શુખાકારી જોવા ને હંમેસાં ઇનતેજાર રેહેછે, તે મીશાલે નાંમદાર રાંણી વીકટોરીઆ પેાતાની આખી પરજાને એક મેાટાં કુટં બ દાખલ શમજેછે અને તેવેાનાં દુખ ઉપર હંમેસાં ધીઆંન આપેછે અને તેઓને શુખ કેમ થાએ, તે ઉપર હંમેસાં વીચાર કરેછે. પેાતાની પરજાનાં ગરીબ લેાકેાની હાલત શુધરેલી જોવાને જેવી તેની આહેશછે તેવી બીજા કેાઈ પાદશાહા અથવા રાંણીની હશે નહી. તેનેા ભરથાર પરીનસ આલબરટ જો કે પારકા રા જનેા શાહાજાદેાછે, તેાપણ તેણે ઇંગલંડને હવે પેાતાનું વતંન અને દેશ કીધુંછે, અને જેમ ઇંગરેજી રાંણીને પેાતાની બાએેડી કીધીછે, તેમ ઇંગરેજી પરજાને, પેાતાનાં દેશીએા હેાએ, તે મીશાલે ગણીને અને પેાતાની રાંણીનાં મરતબાને તથા નાંમને માંન મલે હેવી રીતે એ દેશનાં કલીઆંણુ તરફ તથા લેાકેાની આબાદાની તરફ હંમેસાં નેગાહ રાખેછે. હેવા સબબેા બનાંવેાથી રાંણી વીકટોરીઆ પેાતાની રઈયેતમાં અતીશે પી આરીછે.

લાકનગારનાં પાહાડ ઉપર બાલાટર અથવા બાલમેારલથી જઇ શકાએછે, તાંહાં જવાની મજબુત ભ લામણ કરીઆમાં આવેછે. બાલાટરથી એ પાહાડનાં મથાલા શુધી પેાંહેાચવાના રસતાની લંબાઇ આશરે તેર માઇલછે અને જેએા પગે આ સફર કરી નહી શકે, તેએા ટટુ ઉપર બેશીને જાએછે. દરીઆની સપા ટીથી આ ડુંગરની ઉંચાઇ ૩૮૦૦ ફુટછે અને તેની ઉપર લગભગ બારેા માસ બરફ રેહેછે. એ પાહાડની ઉ પર પેાંહેાચીઆથી સ્કાટલંડનાં અરધા અરધ મુલકનેા દેખાવ આપણી નજરે પડેછે, અને તેની નીચે જે સ રેાવર આવેલેાછે તેથી ઉપરથી દેખાતા નીચેનાં દેખાવની ખુબસુરતીમાં અતીશેણેા વધારેા થાએછે.

બાલમેારલથી હમેા પાછા બરમાર ખાતે ગયા. હીંઆંથી આઠ માઇલ દુર પાહાડમાંથી પાંણીનેા એ ક મેાટેા ધેાત પડેછે જેને "ફાલસ આવ કારામલજી" કરીને કેહેછે, તે સરવે કેાઈ જોવા જાએછે. એ ધેા ત કેટલેાએક ઉંચાઇથી આડેા અટાડેા થાઈને ભારી જોરમાં પડેછે તે જોયાથી અલબતાં ઘણી ખુશી ઉપજેછે. એથી થેાડીએક વેગલાઇએ સ્કાટલંડની ડીઇ નદીની વચમાં એક ભાગેા ટુટેા અને આહેા અવરેા ખરક આ વી ગયેાછે, તાંહાંથી તે નદીનાં પાંણી જોરમાં પશાર થાએછે, તેથી જે દેખાવ થાએછે તે જોવાને ખચીત મ જાહ પડેછે. નદીનુ પાંણી એ દેકાંણે ઘણ જોરમાં આવેછે તે આવીને પેલા ખડક સાથે અથરેછે અને એ ણીગમથી પેલીગમથી ઘણુ જોસમાં પશાર થવાની કેાશેસ કરેછે તેથી પાંણી આસપાસ ઉડેછે અને પાંણીનેા અવાજ બહુ થાએછે. જેએા એ લટા તરફ જાએ અને આ જગા જોવા નહી જાએ તેઓને ભારી ઠપકેા આપીઆમાં આવેછે. હીંઆંથી પાછા બરમાર ખાતે આવીઆ પછી સ્પીટલ આવ ગલેનથી નાંમનાં ગાંમ ડાં તરફ જવાએછે. એ જગાએ જવાને વાસતે હમેા બરમારથી રાતનાં નવ વાગતે નીકલીઆ હતા, તે રાત નાં એક વાગતે પેાંહેાંચીઆ હતા. આ બે જગાની વચેનાં મારગની બંધે બાજુએ પાહાડ વગર બીજુ કાંઈ નથી અને તાંહાં રાતની વેલાએ અંધારાનાં ભારી દરાંમણેા દેખાવ થાએછે. મુસાફરે હેવીબી મુસાફરી કરવી

જોઇએછે અને જેણે દરાંમણી જગાનેા વીચાર પેાતાનાં ખીઆલમાં લેવેા હેાએ, તેને આ જગાએથી અંધા રી રાતની વેલાએ પશાર થવાને ભલામણ કરીઆમાં આવેછે. ગાડી સાથે ફાંણસ હેાએછે, તેાપણ થેાડી કુટ ની વેગલાઇએ આપણને કાંઈ દેખાતું નથી અને સબણી તરફ અંધારૂં લાગેછે. આ જગાએથી નીકલીને આ ગની ગાડીનાં સાંમેલ થવાને સારૂ બલેરગાઉરી આગલ આવવું પડેછે અને ઉપલી જગાએથી આ જગાએ આવતાં આખેા રસતેા ઘણેાજ ખુશી ઉપજાવે તેવેાછે. સબણી બાજુએ સારેા દેખાવ હતેા. હમેા બલેરગાઉરી આવી પેાહેાંચીઆ તારે તાંહાં હમેાને ભલામણ કરીઆમાં આવી કે

ડંનકેલડ

નાં ખુબસુરત શેહેર બાતે હમેાંએ રેલવેની ગાડીમાં જવું નહી—પણ ઉપલા શેહેર અને આ શેહેર વચેનેા તફાવત બાર માઇલનેાછે તે બાર માઈલ જો હમેા રસતે જાઈશુંતેા હેવેા દેખાવ જોઇશું, કે તેથી હમા રેા જીવ હરખ પાંમીઆ વગર રેહેશે નહી. એ ભલામણ પરમાંણે હમેા ઘેાડાની ઉંઘાડી ગાડીમાં ગયા અ ને તે રસતામાં બંધે બાજુએ નાંધલા સરેાવરેા અથવા ખુદરતી વાવેા અને લીલાં ઝાડ પાંણથી પુર ડુંગરેા અને તરેહવાર ઝાડેા દેખાયાં અને જાંણે બાર માઇલનાં એક બાગમાંથી હમેા પશાર થયા હેાએ તેવું લાગું. ડંનકેલ ડ આવી પેાહેાંચીઆ પછે ફીશરસ હેાટેલ નાંમનું એક મેાટું અને તારીફ લાએક પેાહેાંચખાંનું હતું તાંહાં હ મેાએ ઉતારેા લીધેા. આ શેહેરનાં "ડીઉક આવ આથાલ" નાંમનાં ઉમરાવનેા મેહેલછે અને તેની આસ પાસ એક મેાટેા બાગછે તેની ખુબસુરતીનુ બયાંન હમારીથી મુતલગ થાઈ શકતું નથી. એ બાગની અં દરથી એક નાંધલી નદીનું નાંલું વેહેછે, તેથી તેને વધારે ખુબસુરતી મલેછે. હીંઆં એાક તથા સીડર તથા બીજાં તરેહવાર ઝાડેાની રેાણક અને બીજો જે દેખાવ આપણી નજરે પડેછે તે અચરત થવા જેવાછે. પેલાં નાંલાંમાં એક નાંધલી બેાટમાં બેશીને આપણે ફરી શકીએછે. હીંઆં કારીગરીથી કેટલાએક પાંણીનાં ધેા ત ડુંગર ઉપરથી પડતા હેાએ હેવી જોડવણ કીધેલીછે. એ બાગમાં આઠ ખુનાંની એક નાંધલી બંગલી બાંધેલીછે અને તેની બારીએાની સાંહાંમણેની દીવાલેામાં આરસીએા જડી લીધેલીછે, તે આરસીએા બરાબ ર પેલા ધેાતેાની સાંમને જડેલીછે, તેથી તે ઓરડામાં દાખલ થતાંને વાર તે ધેાતેા એકાએક આપણી નજરે પડેછે અને તરત અંદર જતાંને વાર આપણને પેલી આરસીઓની દીવાલની ખબર નહી હેાવાને લી ધે, જાંણે આપણી આંખ આગલ પેલા ધેાત ખરેખર પડતા હેાએ હેવું લાગેછે. આ બાગ ઘેરાવામાં પાંચ મા ઈલછે, અને તેમાં પગે તથા ઘેાડા ઉપર બેશી ફરવાને સારૂ તરેહવાર મારગ બનાંવેલાછે. એ પરમાણે પ ગે ચાલવાનાં મારગેાની કુલ લંબાઈ ગણીએતેા પચાશ અને ઘેાડા ઉપર સવાર થાઈને ફરવાનાં મારગની કુલ લંબાઈ ગણીએતેા ૩૦ માઇલ થાએ. હેવું જણાવીઆમાં આવીઉંછે કે, આખા ગરેટ બરીટનમાં કેાઈનેા હે વેા બાગ નથી કે જેમા ફરવાને વાસતે આટલી બધી જોગવાઈ મલે અથવા જેમાં આખે મારગે બાગ વગર બીજું કાંઈ મલે નહી. આ બાગનેા એકદેા દેખાવ ડંનકેલડની પડેાશમાં ઈનવરનાં ગાંમડાં ઉપરનાં પુલ ઉ પરથી દેખાએછે, તે જોવાને સરવે કેાઈ તે જગાએ જાએ. અને તાહારે આપણે તાંહાં શું જોઇએચ? જાં ણે એક બાગ બેહેસતમાંથી ઉતરીઓ હેાએ તેવું લાગેછે. ઉપલા ઉમરાવની વરસ દાહાડે ૪૦૦૦૦ રૂપીઆ ની આએપતછે હેવું જણાવીઆમાં આવેછે. એ બાગ બધેનેા મેહેલ પણ ઘણેા ખુબસુરતછે અને સણગાર માં તેમાંનાં દીવાંનખાંનાં અને તે બધેનેા સાંમાંન તે ઉમરાવની દેાલત પરમાંણે કીમતી હતાં.

ઇંગલંડનાં સરેાવરેા વીશે હમેાએ આગલ જણાવીઉછે, અને સ્કાટલંડનાં સરેાવરેા વીશે ટુકમાં લખવું જોઇએછે. એ દેશમાં પણ ઘણા સરેાવરેાછે અને તેઓ પણ ઘણા ખુબસુરતછે. સઉથી મેાટેા સરેાવર લાક લામંડનેાછે. સ્પીટલ આવ ગલેનશીથી આ લેક જોવા જવાને ઘણુ સવલ પડેછે અને કેટલાએક માઇ

લ શુધી આપણી ગારી તેને કીનારેથી ચાલી શકેછે તેથી એ લેકનો ઘણોખરો દેખાવ આપણે જોઈ શકીએ છે. એ સરોવર ૨૩ માઈલ લાંબોછે અને તેની વધુમાં વધુ પોહોલાઈ પાંચ માઈલછે. ઉંડાઈમાં જગા જગા એ ફેરછે. સહુથી વધતી ઉંડાઈ ૧૦૦ વાંમછે અને સહુથી ઓછી ઉંડાઈ ૨૦ વાંમછે. એ સરોવરમાં એણી ગમ પેલીગંમ ટાપુઓ આવેલાંછે અને તેની આસપાસ તથા વચે ડુંગરોછે તેથી તેનો દેખાવ ઘણોજ ખુબસુરત દીશેછે. ટાપુઓ સઘળા મલીને છતરીસછે અને આગબોટ અથવા બોટમાં બેસીને આ સરોવરમાં ફરવાને તથા પેલાં જાયુકનાં લીલાં ટાપુઓ ખાતે જવાની એક ઘણીજ સારી ગમત ગણીઆમાં આવેછે. સ્કાટલંડનાં લોકો પોતાના આ સરોવરને સારૂ ઘણુ મગરૂરછે. લાક કેટરીન નામનો સરોવરછે તે લાક લામંનડનાં જેટલો મોટો નથી, પણ તેણી વલણ અને તેની આસપાસની પાહાડ અને ઝાડ પાણની ખુબસુરતીની વખા રે તારીફ થાએછે. એ ઉપરાંત બીજા ઘણાએક સરોવરોછે કે જેઓની આસપાસનાં દેખાવની ખુબસુરતી બીશે કવેતોએ અને તવારીખ લખનારાઓએ ભારે વખાણ કીધીછે.

એ પરમાંણે સ્કાટલંડમાં સફર કીધા પછે પાછા ઈંગલંડ જાઈ લંડન પોહોંચીએ છઈએ. સ્કાટલંડ મ ધે કેટલાએક મોટા પાહાડોછે અને તેઓ ઉપર ચહડીઆથી દેશનાં કેટલાએક ભાગનો સારો દેખાવ નજરે આવેછે. હેવા કેટલાએક પાહાડોની પડોશમાં ઘણાએક ધોતો પડેછે તે જોવા જોગછે, પણ એક ધોત હીંઆંતો બીજે ઘણાએક માઈલની વેગલાઈએ, એ પરમાંણે હોયાથી, તેઓ વીશે હીંઆં લખી શકાતું નથી. કેટલાએ ક પાહાડોની ઉપર વરસનો ઘણો ખરો ભાગ બરફ રેહેછે અને તેવા પાહાડ ઉપર ગયાથી આપણને એક અ જબ તરેહની ખુશી ઉપજેછે. હમો હેવું કેહવા માંગતા નથી કે આ પરકરણમાં જેટલું લખીઉંચ તેટલુંજ સ્કા ટલંડમાં જોવા જોગછે. આખાં મુલકમાં ખુદરતી દેખાવો એણીગમ પેલીગમ પંથરાયાછે, પણ જે કાંઈ આ લખનારનાં રસતામાં આવીઉં હતું, તેનું બયાંન કરેઉંછે.

પ્રકરણ ૨૪ મું.

બ્રીટીશ સરકારની રાજ્ય રીતી.

પરજાની મસલતથી એ દેશનાં અસલથી રાજ થતું આવીઉંછે—ઈંગલંડનાં "પ્રીઉલ સીસટમ" નું દાખલ થવું—હાઉસ આવ લારડસની સભાનો પાયો—આંમ લોકોને તે સભામાં તેડવાની શરૂઆત—આસતે આસતે પારલામેનટની સભાનાં અખતીઆરનુ વધવું—એ સભાએ પરજાને સારૂ મેલવેલા હકો—હાલના વખતમાં બ્રીટીશ સરકારનુ રાજ કેવી રીતે ચાલેછે—"ધી થ્રી ઈસ્ટેટસ આવ ધી રેલમ" એટલે રાજનાં તરણ ભાગ—પાદશાહ અથવા રાંણી—ત મત ઉપર વારેસપણ—ગાદી ઉપર પાદશાહ અથવા રાંણી હોએ તેના હકો તથા તેનો દરજ્જો—પાદશાહ, પરધાનો ત થા પારલામેનટની સભાનો એક એક ઉપર અટકાવ—રાંણીનો લવાજમ—પાદશાહી કુટંબનાં હકો. રાંણીને સલાહ આ પનારાઓ—પરીવીકાઉનસલ—કેબ્યાબીનેટ કાંઉનસલ—પરધાનો—વીધસ તથા ટોરી, તથા રાડીકલસની ટોલકીઓ. હા ઉસ આવ લારડસની સભા—હાઉસ આવ કાંમનસની સભા—એ સભાનાં અધીકારીઓને ચુંટી કાહાડવાની રીત—એ સભાનાં ધારા બાંધવાનું તથા બીજું કાંમકાજ—વરસ દાહાડાની આએપત તથા ખરચનો હીસાબ. પરગણા, શેહેરો બરો તથા જીલલાઓનો કારભાર—લંડનનાં કારપોરેશનની આએપત—ઈનસાફની અદાલતો—પોલીસ ખાતાં—કેદ ખાનાં ઇતીઆદી. ધારાની નાહેતગારી મેલવવાનાં મકાનો.

ગ્રેટ બરીટન ખાતેની મુસાફરીનાં પુસતકમાં, આ અને તેની પછે આવેલાં પ્રકરણમાં જે બાબદ લખી આમાં આવીછે, તેને મુસાફરી સાથે ઘણો સંબંધ નથી, તોપણ જે દેશ ખાતે મુસાફરી કરવા ગયા હોઈએ, તાંહાં નો રાજકારભાર કેવી રીતે ચાલેછે, તે જાંણવું અગતનુંછે. આ પુસતકનાં જે વાંચનારાઓએ ઈંગરેજી કેલ વણી લીધી હશે, તેઓને કદાચ આ ભાગ ઘણો અગતનો માલુંમ પડશે નહી, પણ જે ગરહસથો એ કેલવ ણીથી બેનસીબ હશે, તેઓને તે ઘણો કીમતી થાઈ પડશે. આપણી ઉપર આજ દીને ઈંગરેજે હકુમત ચલા વેછે, તેઓનું પોતાનું મુલક જે સહુથી કહુઅતવાલું અને આખી દુનીઆમાં સુધરાઈમાં પેહેલે વાંધેનું ગણીઆ માં આવેછે, તે મુલકનો રાજકારભાર કોણ ચલાવેછે, અને કેવી રીતે ચાલેછે, તે વીશે સારી પઢે વાકેફ થવા ને હીંદુસથાંનનાં રેહવાસીઓની ફરજછે. વાસતે આ મતલબ કેટલેએક દરજજે પાર પાડવાને આ પુસતક મધે થોડાએક સફા રોકીઆમાં આવીઆછે, અને જો કે એ બાબદમાં લંબાણથી લખવાને કોશેસ કરીઆ માં આવી નથી, તોપણ તે વીશે ટુકમાં જે લખીઆમાં આવીઉંછે, તેથી ઉપલાં દેશની રાજ્ય રીતી કેવીછે, તે વીશે વાંચનારને સમજ પડીઆ વનાં રેહેશે નહી, હેવી ઉમેદ રાખીઆમાં આવેછે.

અસલનાં વખતમાં ઈંગલંડનાં સાત ભાગ હતા અને દરએક ભાગ ઉપર એક એક શાહાજાદો હતો. એ સાત ભાગ જોડાઈને ઈસવી સને ૮૨૭ નાં શાલમાં એક પાદશાહાની હકુમત થાઈ, તેની આગમજ તે શાહાજાદા ઓને પોતાનાં તાબેદાનાં ભાગનો રાજકારભાર મલાવવા સારૂ કેટલાંએક મુખીઅ આદમીઓની સલાની મદદ મલતી હતી, અને ઘણી વેલા તેઓની મસલત પરમાંણેજ કાંમ થાતું હતું. એ સભાઓ ઘણાએક નામોથી ઓલખાતી હતી. શાકશન ભાશામાં એ સભાને "મીકેલ જીમોટ" એટલે મોટી સભા, અથવા "વીટેનાં જીમોટ" એટલે દાનેશ મંદોની સભા કરીને કેહવામાં આવતી હતી. સાતો રાજ એક હાકંમનાં તાબામાં આવીઆ પછી જે સભા ભરાતી હતી તેને લાટીનમાં "મેગનંમ કાંનસીલીએંમ રીજીસ" એટલે પાદશાહની મોટી દરબાર, તથા તેવી મતલબનાં

બીજાં નાંમો એ સભાને આપીઆમાં આવીઆં હતાં. આ સભા દેશનાં ધારા બનાંવતી હતી તથા તેમાં ફેરફાર કરતી હતી, એટલુંજ નહી, પણ તે ધારાને અમલમાં પણ લાવતી હતી, કાંએજે જમીન તથા મીલકતને લગતા મુકદમાંએાનો ફેસલો તથા મોટા ગુનેહગારોનો ઈનસાફ પણ તેજ સભા કરતી હતી. દેશમાં જે કર કરીઆમાં આવતા હતા, તે પણ એજ સભા કરતી હતી, અને કોઈ કોઈ વેલા પાદશાહનાં પરધાંનો પણ તેજ સભાની તરફથી નેમીઆમાં આવતા હતા. ઈંગલંડનાં અસલી પાદશાહોમાં આલફરેડ ધી ગરેટ નાંમનો પાદશાહ ઘણોજ દાંનેશમંદ અને વખણાએલો હતો, તેણે આ સભાને વરસમાં એાછાંમે એાછી બે વાર અને અગત પડેતો વધતી વખત ભેગી કરવાનો હોકમ કીધો હતો, અને જે કાએદા તથા ધારા એ સભા પસાર કરતી હતી તેને મથાલે હેવું લખીઆમાં આવતું હતું કે " એ ધારા પાદશાહે પોતાંનાં દેશનાં પાદરીએો તથા દાંનેશ મંદ લોકોની મસલત અને સલાહથી કીધાછે. "

" વીલીઅમ ધી નાંરમને " ઈંગલંડ ફતેહ કીધું તે વેલાએ યુરોપ ખંડમાં જે " ફીઉડલ સીસટમ " ચાલતી હતી, તેને તે પાદશાહે આ મુલકમાં દાખલ કીધી. એ કાએદાની સમજ એછે કે, એ ધારા મુજબ દેશની સઘળી જમીનનો ધણી પાદશાહા ગણાતો હતો. તે જમીનનાં કેટલાએક ભાગ કરીઆમાં આવતા હતા. તે ભાગોને " ફીઉડ " કેહતા હતા, અને કેટલાએક મુખીઅ લોકો જેએો બારંનસને નાંમે એાલખાતા હ તા, તેએામાં તે ભાગોને પાદશાહા વેંહચી આપતો હતો, તે એ સરતે જે, તે જમીન ધરાવનાંરા બારનોએ લડાઈનાં વખતમાં પાદશાહાનાં લશકરમાં સામેલ થવું તથા તેમાં કેટલાંએક માણસો પુરાં પાડવાં. બારનોને મલેલી જમીન તેએા વલી બીજાએાને આપતા હતા, અને તેએા પાસેથી લડાઈનાં વખતમાં થેડ વેલાં આદમીએાની ચાકરી લેવાની તથા તેએાની ગેર હાજરીએ તેએાની જમીન એડીને તેએાને અનાં જ તથા બીજો ખોરાક આપવાની કબુલાત લેતા હતા. એ પરમાણે જમીન આપનાંર અને એડનાંર " લા રડ " અને " વાસાલ " એ બે નાંમોથી એાલખાતા હતા. દરએક વાસાલની ફરજ એ હતી, કે પોતાનાં લારડને તાએબે રેહે, અને અગત પડે તારે તેનો બંચાવ કરે. લારડની ફરજ એ હતી કે, પોતાના વાસાલોનો સંભાલ રાખે અને તેએામાં કાંઈ ગાંહો ગાહે વાંધો પડે તેનો ફેસલો કરે. પેહલ વેહેલે લા રડ પાસેથી વાસાલો જે જમીન ધરાવતા હતા, તે તેમનાં મરણ પછી તેએાનાં વારેસને નહી ઉતરતી હતી, પણ લારડોને ગમે તેને ઉપર જણાવીઆ પરમાણેની ચાકરીનાં બદલામાં આપતા હતા. અંતે વાસાલો ની હીમતથી અને સરકારે વારેવાર તેએાનાં લાભમાં કાએદાએા પશાર કરીઆથી, જે જમીન તેએા ધરા વતા હતા તે તેમનાં વારેસોને મલવા લાગી અને પાછલથી તેએા જમીનનાં માલેકો થાતા ગયા હતા. આ પ રમાણેનો ફેરફાર થતાં સેંહકડો વરસ થાયાં હતાં અને લોકોને પોતાનાં હકો મેલવવામાં ઘણી મેહનત પડી હતી. " ફીઉડલ સીસટમ " થી પાદશાહોને જેટલી મદદ મલી શકે તેનાં કરતાં વધારે મદદ તથા નાંણા વા રેવાર તેએાને જોઈતાં હતાં, પણ આ દેશનાં અસલ કાએદા પરમાણે કોઈબી શખસ ઉપર તેનાં પોતા નાં અથવા તેનાં વકીલનાં મત વગર કર લાગુ પાડી શકાએ નહી, તેથી ઉપર જણાવેલી જેવી મોટી સ ભા તે પાદશાહો બોલાવતા હતા, અને જેવારે એવી સભા ભેગી થાતી હતી, તારે પાદશાહની માંગણી કબુ લ રાખીઆની આગમજ, કોઈબી જુલમ હોએ તે તાલવાની તથા કોઈ ફાએદેમંદ ધારા પશાર કરવા ની તે સભા કબુલાત લેતી હતી, અને પછી પાદશાહાને નાંણાની તથા બીજી મદદ કરતી હતી. ઘણુએક શુ ધી આ સભામાં પાદશાહાનાં " બારનસ " એટલે જેએાએ તાજની તરફથી તરત જમીન મેલવી હોએ તેએાજ બેસતા હતા, પણ એ સભાની ગોઠવણ " મેગનાં ચારટા " નાં સનદથી દરોબસત કરીઆમાં આવી હતી, અને તે સનદની સરત મુજબ આરચ બીશપસ, બીશપસ, આબટસ, અરલસ અને વડા બાર નોને પાદશાહે કાગલ લખી તે સભામાં તેડું કરવાનો ઠરાવ થાયો હતો. જે સભાને હવડાં આપણે " હાઉસ

આવ લારડસ " અથવા ઉમરાએાની સભા કરીને કહીએછે, તે સભાનો પાયો આ રીતે નખાયો હતો. જે ઉમરાએાએ પોતાની હીમતથી, આ પરમાણે પોતાનો હક તથા પરજાને સારૂ ફાએદો મેલવીએો હતો, તેએાનાં કાંસાંમાં એાટી કાહાડેલા બાહાવલાં " હાઉસ આવ લારડસ " ની સભાનાં દીવાંનખાંનાંમાં આપણા જોયામાં આવેછે. મુલેહનાં વખતમાં આ ઉમરાએો ઈંગલંડનાં જુદા જુદા ભાગો મધે પોતાનાં કીલ્લામાં પાદ શાહી દબદબાથી રેહતા હતા અને ગોયા પાદશાહી અમલ ચલાવતા હતા. ચોરોની અને બીજા ઉમરાએાનાં તાબેદોરોની લુટથી બંચવાને સારૂ ગરીબ લોકો પોત પોતાનાં ઉમરાએાનાં આસરા તલે એકઠા થાતા હતા, કાંએ જે તે ઉમરાએો પોતેબી વારેવાર માહોમાંહે લડાઈ કરતા હતા. હાલનાં વખતમાં પણ ઈંગલંડનાં મુસાફરને કેટલાંએક પુરાનાં શેહેરોમાં ઉપલા બારનોનાં કીલ્લાએાની ભાગી પડેલી નીશાંણો દેખાએછે. જેમ જગોએ જગોએ વસતી વધતી ગઈ તેમ તાંહાં શેહેરો બનતાં ગયાં, અને જેમ હુંનર, ધંધાં અને વેપારની જડ નખા તી ગઈ, તેમ કેટલાએક શેહેરોનાં લોકો એટલાતો દોલતમંદ થવા લાગા, કે તેએાએ પોતાનાં બારંનો અથવા ઉમરાએાને અને પાદશાહોને નાંણાની રકમો આપીને કેટલાએક હક મેલવીઆ અને પોતાનાં બારનોથી છુ ટા હક ભોગવવા લાગા. એ પરમાંણે થયા પછી પાદશાહોનાં કારણસર જે મોટી સભા બોલાવીઆમાં આ વતી હતી તેમાં જે શખસોએ ઉપર જણાવીઆ મુજબ છુટાપણુ મેલવીલું હતું તેએાને પણ "સીટીજનસ તથા બરગેસીસ " એટલે શેહેરી દાખલ તેડીઆમાં આવતા હતા. " ફરી હોલડરસ" એટલે જેએો કોઈની તા બેદારી વગર જમીન ધરાવતા હતા, તેએો પોત પોતાની અંદરથી મુખીઅ શખસોને ચુંટી કાહાડતા હતા અને તેએાને " નાંઈટસ આવ ધી શાએર " કરીને કેહતા હતા. એએો પણ તે સભામાં જતા હતા અને પાદ શાહની તરફથી આએપત વસુલ કરતા હતા. આ કાએદો ઈંગલંડની રાજધાંણીમાં કહા ચોકસ વખતથી લાગુ પડીએાછે તે કહી શકાતું નથી, તોપણ પાદશાહા તરીજા હેનરીનાં વખતમાં રાજની મોટી સભામાં બીરા જવાને સારૂ દરએક પરગણામાંથી બે નાંઈટસ, તથા દરએક શેહેરમાંથી બે " સીટીજનસ " તથા દરએક બરો માંથી બે " બરગેસીસ " ચુંટી કાહાડવાનો પાદશાહનાં પરધાંનોની સહી સાથેનો હોકમ થાયો હતો, હેવું આ પણ જોયામાં આવેછે. પાદશાહા તરીજા એડવરડનાં વખતમાં જે કોઈ ધારા બનીઆ હતા તે ઉપલી સભાની મસલતથી થાયા હતા એમ લખીઆમાં આવીલું હતું, અને પાદશાહી સનદથી તે સભાને " ઈસટેટ આવ ધી રેલમ " એટલે રાજનો ભાગ ગણીઆમાં આવીએો હતો. એજ પાદશાહાનાં રાજનાં પચીસમાં વરશમાં હેવો થે હાવ કરીઆમાં આવીએો હતો કે, કોઈબી રીતનો કર અથવા દાંમ અથવા મદદ, આરચ બીશપસ, અરલસ, બા રનસ, નાંઈટસ, બરગેસીસ તથા દેશનાં બીજા "ફરીમેન" એોની રાજી ખુશી વગર લેવો નહી. એ પરમાણે આંમનાં લોકોનો પણ અખતીઆર દેશનાં રાજ કારભારમાં દાખલ થયો હતો, અને આ સક્ષ વાંચનારા એાને હવે સમજ પડશે કે, હમણા હાઉસ આવ લારડસ તથા હાઉસ આવ કાંમનસની સભાએાછે તેમની ઉ તપંતી કેમ થઈ હતી. ઉપર જણાવેલી મોટી સભામાં જેમ હમણા ઉમરાએો તથા કામનસો જુદા બેશેછે, તેમ હતું નહી, પણ પાદશાહને બારનોએ સું આપવું, અને કાંમનસોએે સું કર આપવા, તે તેએો પોત પોતા માં જુદી રીતે થેડવતા હતા. બાકી જે બીજા ધારા તેએો બનાંવતા હતા, તે આખાં દેશને એક સરકી રીતે લાગતા હતા. હાલનાં વખતમાં દેશમાં સું સું કર નાંખવા તે વીશેની સઘળી ગોઠવણ હાઉસ આવ કાંમ નસની સભામાંજ થાએછે. વલી ઉપર જણાંવેલી મોટી સભા હમણાની માફક જાયુક બેસતી નહી હતી. પા દશાહાને જારે નાંણા જોઈતાં હોએ તારેજ બોલાવીઆમાં આવતી હતી, અને તે મતલબ પાર પડી કે તે સ ભા બરખાસત કીધામાં આવતી હતી, પણ આગલી સભાએાની માફક જારે પાદશાહાને નાંણા જોઈએ, તારે લોકો ઉપર કોઈબી રીતનો કર નાંખવાની આગમજ પાદશાહાની પાસેથી કેટલાએક ફાએદા ભરેલા ધારા બં ધાવીઆમાં આવતા હતા. આસતે આસતે આ પારલામેનટનો અખતીઆર કેમ વધતો ગયો તેની તવારીખ

લખવામાં તો પુસતકો ભરાએ, પણ એ સભાની તરફથી પરજાને ફાએદા કારક કેવા ભારી હકો મેલવીઆ માં આવીઆછે, તે નીચે જણાવેલી હકીકત ઉપરથી માલુંમ પડશે.

ગરેટ બ્રીટંન તથા આએરલંડનાં રાજની દરએક પરજાને છુટાપણુછે. જે છુટાપણુ પાદશાહાનેછે, તે સઉથી ગરીબ ખેડુત તથા ફકીરને પણુછે. કોઈબી શખસને ગેાલાંમ દાખલ વેચી શકાએ નહી, અથવા કોઈ નેબી અદાલતનાં ઈનસાફ વગર મારી નખાએ નહી, તથા દેશનીકાલ કરાએ નહી તથા તેને બંદીવાંન તથા હરે ક રીતની શજા કરી શકાએ નહી. દેશનાં જે ભાગમાં અથવા જે ઠેકાંણે રેહવાની તેની મરજી હો એ તેમ કરવાને તેને છુટછે તથા તેનાં માલ મતાને કોઈથી હાથ લગાડી શકાએ નહી. પાદશાહને તથા પારલામેનટની સભાને અરજી કરવાને તેને હકછે અને જે ઈનસાફ તે માંગે તે તેને નાં પાડી શકાએ નહી. જો કોઈ શખસને વગર કારણે કેદ કરીઆમાં આવીએા હોએ તેા "હેબીએસ કારપસ આફટ" નાં નાંમીચા ધારાથી તે અદાલતમાં આવીને હુંગાડી રીતે તેને કેદ કરવાનું કારણ જાંણવાનેા હકછે અને જો તેને અનઘટતી રીતે કેદ કરીઆમાં આવીએા હોએ તેા ઈનસાફની અદાલતનાં હોકંમથી તેને છુટેા કરીઆમાં આવેછે. " બીલ આવ રાઈટસ " નેા નાંમીચેા ધારેા પાદશાહા બીજા જેમસે તખત છોડીઆ પછી વીલીઅંમ અને મેરીનાં રાજમાં પશાર થયેા હતેા, તે ધારાની ખુબીથી પારલામેનટની આપએખતીઆરી અને સતાનેા અને રઈએતનાં છુટાપણુનેા નીચે જણાવીઆ પરમાંણે બંદેાબસત થયેા હતેા.

૧ લું—પારલામેનટની સભાની મસલત લીધા વગર પાદશાહા જે કાંઈ ધારા અટકાવવા માંગે અથ વા અમલમાં લાવવા માંગે તે રદછે.

૨ જું—કેટલુંએક થયું પાદશાહેા પેાતાની મરજીમાં આવે તાહરે ધારાએા અટકાવેછે તથા અમલમાં લાવેછે, તે ઈનસાફથી ઉલટું અને રદછે.

૩ જું—પાદશાહા બીજા જેમસે "કોરટ આવ હાઈ કમીશન" ની અદાલત ઉભી કીધીછે તે ઘણી નુકશાંનકારક અને ઈનસાફથી ઉલટીછે.

૪ થું—પાદશાહાનાં અથવા તાજનાં કારણસર પારલામેનટની સભાની મસલત વગર રઈએત પાશેથી નાંણુ કહેડાવવું ઈનસાફથી ઉલટુંછે.

૫ મું—પાદશાહાને અરજી કરવાનેા રઈએતને હકછે, અને એ પરમાંણે અરજી કરવા ઉપરથી જે કાંઈ શજા થાએ તે ઈનસાફથી ઉલટીછે.

૬ ઠું—સુલેહનાં વખતમાં પારલામેનટની સભાની મસલત વગર દેશમાં મેાટું લશકર ઉભું કરવું અથ વા રાખવું ધારાથી ઉલટુંછે.

૭ મું—રઈએતનાં સઘળા લેાકેા જેએા પરાટેસતંનટ હેાએ તેએાને પેાતાનાં બંચાવને સારૂ પેાતાની હા લત તથા ધારા મુજબ હથીઆર રાખવાની છુટછે. (પાછલથી આ ધારેા રેામન કેથેલીક લેાકેાને પણ લાગુ પાડીઆમાં આવીએાછે.)

૮ મું—પારલામેનટની સભાનાં અધીકારીએા ચુંટી કાહાડવાનું કાંમ કોઈબી બંધાંણ અથવા અટકાવ વગર રાખવું.

૯ મું—પારલામેનટની સભામાં બેાલવાનાં અને તકરાર કરવાનાં છુટાપણા વીશે કોઈબી બીજી અદા લતમાં કશું પુછાઈ શકાએ નહી.

૧૦ મું—કોઈની પાસેથી અગત કરતાં વધતેા દંડ લેવેા નહી, તથા અગત કરતાં કેદની વધતી શીખ સા કરવી નહી, તથા કોઈને ધાતકી તથા જરૂર કરતાં વધતી શીખસા કરવી નહી.

૧૧ મું—જુરરેા અથવા પંચને ફાએદા પરમાણે થેડવવા અને જેએાની ઉપર તાજની સાંહાંમણે

બલવેા ઉઠાવવાનેા અનીઆએ મેલીઆમાં આવીએા હેાએ, તેએાની તપાસને સારૂ " ફરી હોલડરસ " માં થી પંચ થેડવવી.

૧૨ મું—કોઈની ઉપરથી ગુનાંહ સાબેત થયાની આગમજ તેની માલ મતા જપત કરવી તથા તેની થી દંડ લેવેા ઈનસાફથી ઉલટુંછે.

૧૩ મું—લેાકેાની ફરીઆદ સાંભલવાને, તથા દેશનાં ફાએદા શુધારવા તથા પકડા કરવા સારૂ પાસે પારલામેનટની સભા વારેવાર ભરવી.

પાદશાહા જેમસનાં વખતમાં રાજકારભાર એટલેાતેા બે ફાએદે થાઈ ગયેા હતેા, કે તેની પછેનાં રા જમાં સખત મેહેનતથી ઉપલા ફાએદા બાંધવાની પારલામેનટની સભાને ફરજ પડી હતી. જેવારે કો ઈ પાદશાહા આડેા ચાલીએા, કે તે પછી પેહલલી જોગવાઈએ હેવા કોઈબી સારા બંદેાબસત કરવાને તે સભા મેહનત કરતી હતી, અને તેમાં ફાવતી પણ હતી. ઉપલા બંદેાબસતમાં વરતમાંન પતરેાનાં છુટાપણા વીશે એક સબદ નથી, પણ હાલનાં વખતમાં સરવે કોઈ જાંણેછે કે, ઈંગલંડનેા રાજકારભાર ચલાવવામાં વરતમાંન પતરેા પેાતાનાં છુટાપણાથી કેટલી મદદ કરેછે. નાંમીચેા લારડ કીઆંનીગ હેવું બેાલી ગયેાછે કે " જે કોઈ ઈ ગલંડની રાજધાણી વીશે વીચાર કરવા બેશે, અને તેમાં છુટાપણુ ભેાગવનારા વરતમાંન પતરેાનેા મજબુત અ વાજ, જે રઈઅતનાં મત બાંધેચ તથા ચલાવેચ તેને ભુલી જાએ, તેા ઈંગલંડની રાજધાંણીનેા તેણે ઘણેા અ ધુરેા વીચાર કીધેલેા કેહવાએ " એટલેજે વરતમાંન પતરનું છુટાપણુ ઈંગલંડની રાજધાંણીનેા એક અગતનેા અને સઉથી સરસ ભાગછે. ઈંગલંડનાં લેાકેાએ એ પરમાણે વારેવાર પેાતાને વાસતે હીમતથી છુટાપણ અ ને આપએખતીઆરી મેલવીછે.

ઈંગલંડનાં રાજકારભારમાં લેાકેાનેા વીચાર લેવાનું સી રીતે શરૂ થાયું, તે બાબદમાં ઉપલી વીગતથી માલુંમ પડશે. હવે ઈંગલંડનું રાજ આજે કેવી રીતે ચાલેછે, તે વીશે નીચે જણાવેલી બીનાંથી સમજ પડશે. ગરે ટ બ્રીટન તથા આએરલંડનાં એકકાં મલેલાં રાજનેા કારભાર પાદશાહા અથવા રાંણી અને પારલામેનટની બે સભા, હાઉસ આવ લારડસ, અને હાઉસ આવ કાંમનસથી ચાલેછે. એ તરણુહેાને, " ધી થરી ઈસટેટસ આવ ધી રેલમ " એટલે રાજનાં તરણુ ભાગ કરી કેહવામાં આવેછે. † એ દરએક વીશે થેાડું એક બયાંન નીચે આપીએ છઈએ. આ દેશમાં પાદશાહા અથવા રાંણી વચે કસેા ફરક ગણીઆમાં આવતેા નથી. જો રાંણી ગાદી ઉપર હેાએ, તેા તેનેા અખતીઆર પાંદશાહનાં જેટલેાજ હેાએછે. તાજ, મરદ વારેસેા ઉપર વંસ પરંમપરા ઉતરેછે. એટલે પાદશાહા અથવા રાંણી પછી તેનેા વડેા છેાકરેા ગાદી ઉપર બેશેછે, અને વડેા છેાકરેા મરણ પાંમીએા હેાએતેા બીજો છેાકરેા બેશેછે. છેાકરીઓને ગાદી ઉપરથી બાતેલ કીધી નથી, પણ છેાકરાની પછી તેએા નેા હકછે. પાદશાહાની ગમે તેટલી વડી છેાકરી હેાએ, પણ સઉથી છેલ્લેા છેાકરેા હેાએ, તેા તખતનેા વારેસ તે ગણાએછે, પણ છેાકરા નહી હેાએ તેા, વડી છેાકરીનેા હક ગણાએછે. પાદશાહાનાં કાકા તથા ભતરીજા તથા બાંણે જેનાં કરતાં છેાકરીનેા હક વધતેાછે અને તે ગાદી ઉપર બેશેછે. ઈંગલંડનાં રાજથી થએલેા પરાટેસતંનટ ધરંમ જે પાલ તેા નહી હેાએ, તેનાંથી તખત ઉપર બેશાએ નહી. પાદશાહ અથવા જે તખત ઉપર હેાએ, તેને બુજ રેાગ વાર સમજી તેનાં સરીરને કોઈથી ઈજા પેાંહેાચાડી શકાએ નહી; સઘળા ધારાથી તે અલગીછે; પારલા મેનટનેા કોઈબી ધારેા, તેમાં તે વીશે ચેાકસ બયાંન નહી કીધું હેાએ, તાંહાં સુધી તેને લાગુ પડી શકતેા નથી. હેવેા પણ ધારેાછે કે, તે કાંઈબી ખરાબી કરી શકે નહી; કોઈબી કાંમનેા જોખમ તેને સર છેજ નહી, અથવા તેનાંથી કોઈબી રીતની ગફલત થાએ, તેનેા કોઈથી લાલ લઈ શકાએ નહી: ગુનેહગારેા ઉપર દયા ક

† ઇગલંડનાં રાજકારભારમાં વરતમાંન પતરેા એટલેાતેા અખતીઆર ધરાવેછે કે, તેઓને "થ્રેથ ઇસ્ટેટ" એટલે રાજનેા ચેાથેા ભાગ નાંમ આપીઆમાં આવીછાછે.

રી તેઓને માંફ કરવાનો તથા શજા કમી કરવાનો અખ્તીઆર તેનોછે; ઈનસાફ અને માંનનો મુલ પાયો તેછે; ઉમરાઓનાં હોધા તથા બીજા માંન ભરેલા એલકાબો તે આપી શકેછે; લશકરી તથા ગાંમખાતાંની ચા કરીવાલાઓને ઈમાંનદારીનાં બદલામાં માંનની નીશાણો, જેમકે નાંઈટહુડનો ખેતાબ તથા કરાસીસ, સ્ટારસ, અને માંન આપીઆમાં આવેછે, તે સધળું તે આપેછે, અને કોઈબી બીજા દેશનાં પાદશાહે આ દેશની પર જાને કોઈબી ખેતાબ અથવા માંન આપીએા હોએ, તે તેની રજા વગર લેવાએ અથવા પેહરાએ નહી. લશ કરમાં તથા વાંહાંણુ ખાતામાં સધળા હોધા આપવાનું તેનાં હાથમાંછે. પારલામેનટની સલા બરખાસત કર વાનું અને નવી સલા તેડવાનું તેનાં અખ્તીઆરમાંછે. સધળી રીતે રાજને માંથે તેછે; ધરમની બાબદમાં પણ સરવેથી વડાપણુ તેનુંછે. વાંહાંણુની ફોજ અને લસકર ખાતાં ઉપર પણ વડાપણ તેનું ગણુએછે. પો તાનાં રાજની તરફથી બીજાં રાજે ખાતે એલચીઓ મોકલવાનો તથા બીજા રાજનાં એલચીઓને પોતાનાં રા જમાં દાખલ કરવાનો હક તેનેછે. લડાઈ અને સુલેહ કરવાનો, તથા બીજાં રાજે સાથે કોલ કરાર કરવાનો તથા પોતાની રઈઅતનાં ઉપીએાગને સારૂ સીક્કા પાડવાનો હોકમ કરવાનો અખ્તીઆર તેનેછે. પારલા મેનટની બંધે સલાએ કોઈ ધારો પશાર કરીઓ હોએ, તે રદ કરવાને તેને અખ્તીઆરછે, પણ તે ધારા વીશે તકરાર કરવાનો તેને હક નથી, તે હંમેસાં જે બોલે તે પોતાનાં પરધાંનોની મારફતે બોલેછે. આ મુખીઅ અને બીજા જે કાંઈ હકોછે તેને "પ્રીરાગેટીવસ આવ ધી કરાંઉન" એટલે "પાદશાહાનાં હકો" કેહેછે.

ઈંગલંડની રાજધાંણીનાં કાએદા મુજબ, પાદશાહા અથવા રાંણીએ પોતાનાં પરધાંનોની મારફતે રાજ ચલાવવું જોઈએ, અને પારલામેનટની સલાને તથા દેશનાં લોકોને, તે પાદશાહા અથવા રાંણીનાં કાંમ વીશે તેઓએ જવાબ આપવો પડેછે કાંએજે જે કાંઈ કાંમ પાદશાહા કરેછે, તે તેઓની સલાહથી કરેછે. પરધાંનો જો પો તાનાં કાંમની પસંદગી પારલામેનટની સલાની તરફથી નહી મેલવી શકે, તો તેઓથી વધારે વાર ટકી શકાએ નહી. આજ કેટલીએક મુદત થાઈ પરધાંનોનો સધળો આધાર હાઉસ આવ કાંમનસની સલા ઉપરજ અટકી રહેએોછે. પાદશાહ અથવા રાંણી પોતાનાં પરધાંનો થેડવેછે, પણ જારે તે પરધાંનોનો સધળો આધાર પરજની તરફથી ચુંટી કાહાડેલા વકીલો ઉપર રેહેછે, તાહરે બરાબર જોઈસુંતો પરધાંનો પણ લોકોની તરફથીજ થેડેછે. મોટા પાદરીઓ, મેઆએધીસો તથા દરબારનાં મોટા અમલદારોને પાદશાહા અથવા રાંણી પોતે થેડ વેછે. લશકર તથા વાંહાંણુ ખાતાંનાં દરએક અમલદારનાં "કમીશન" ઉપર તે નાંમદારની શહી હોએછે. પણ તેઓ પોતાનાં હોધાને લાએકછે કે નહી તથા પોતાનું કાંમ કેવી રીતે ચલાવેછે, તે વીશેનો જોખમ પરધાં નોને માંથે રેહેછે, તેથી સધળા હોધાઓ બખસવાનું કાંમ ખરેખર તે પરધાંનોનાં હાથમાં રેહેછે, અને જેઓ ને પરધાંનો નેમેછે તેમને હંમેસાં રાંણી અથવા પાદશાહ બાહાલ રાખેછે.

પરધાંનો અથવા પારલામેનટની સલા પાદશાહી હકની વચમાં પડે અથવા તેમાં હરકત કરે, તો તે પરધાંનોને બરતરફ કરવાને અને પારલામેનટની સલાને બરખાસત કરવાને પાદશાહાને હકછે. જો પારલા મેનટમાં એકુ ટોલકી, પાદશાહા અથવા પરધાંનો જે કાંઈ પરજનાં ફાએદાને સારૂ કરવા ધારતા હોએ, તેમની વીરૂધ થાએતો, તે પારલામેનટની સલા બંધ કરી, બીજા વકીલો ચુંટી કાહાડવાને દેશનાં લોકોને જોગ વાઈ આપીઆમાં આવેછે, કે જેથી તે બાબદ ઉપર પરજનો વીચાર માલુંમ પડે. જો પાદશાહા અથવા પર ધાંનો પારલામેનટની સલાની અને પરજની વીરૂધ થાએ તો, દેશનાં રાજકારભારનો ખરચ તેઓ આપે ન હી, અને તાહરે તે અંતગમતા પરધાંનોને બદલવાની પાદશાહાને ફરજ પડેછે. એ પરમાણેનાં સારા બંદો બસતથી તથા અખ્તીઆર વેહેચાયાથી, એક ભાગ બીજા ભાગનાં હક ઉપર હોમલો કરી શકતો નથી, અને સધળી તરફથી એક એકની ઉપર લાભકારક અટકાવ તથા અસર થાએછે, અને તેથી કરીને આ દેશ છુટા પણામાં, સુખમાં, અને પોતાનાં પાદશાહા તરફ વફાદારીમાં સઉથી સરસ વખણાએલુંછે.

આગલા વખતોમાં પારલામેનટની સલાની તરફથી જે કર થેડવીઆમાં આવતા હતા, તેથી ઉપજ તી આએપત સધળી પાદશાહાને હવાલે કરીઆમાં આવતી હતી, અને તેમાંથી તે પોતાની દરબારનો તથા વાંહાંણુ ખાતાંનો અને ગાંમ ખાતાંનાં લશકરનો ખરચ કરતો હતો. દેશનાં જુદા જુદા ભાગમાં પાદશાહી જમીનો જેને "ક્રાંઉન લાંનડસ" કરી કેહતા હતા, તેની ઉપજ પણ તેનાં ખજાંનામાં જાતી હતી. પણ હાલનાં વખતમાં એ સધળી આએપત એક એકઠી કીધેલી પુંજી જેને "કંનસાલીહેટેડ ફંડ" કરી કેહેછે, તે માં દાખલ કરીઆમાં આવેછે, અને પછી તેની અંદરથી નીચે જણાવીઆ પરમાણે ખરચ કરીઆમાં આવે છે. એ પુંજી મધેથી સરકારનાં કરજનું વીઆજ આપીઆમાં આવેછે તથા હાલમાં રાંણીને તેનાં તાજનાં મર તબા મુજબ ખરચ રાખવાને તથા ઘરનાં ખરચને સારૂ નીચે જણાવીઆ પરમાણે એક મોટી રકંમ મલેછે.

એ નાંમદારને સધળા મલીને દર વરસે (૩૮૫૦૦૦) પાંઉનડ અથવા (૩૮૫૦૦૦૦) આરતીશ લાખ પચાસ હજાર રૂપીઆ મલેછે, તે મધે નાંમદાર રાંણીની "પરીવી પરસ" એટલે ખાનગી ખરચનાં (૬૦૦૦૦૦) છ લાખ રૂપીઆ; ઘર ખાતાંનાં અમલદારોનાં પગારનાં તથા બેઠા મુસારાનાં (૧૩૧૦૦૦૦) તેર લાખ, દશ હજાર રૂપી આ; ઘર ખરચનાં (૧૭૨૫૦૦૦) સતર લાખ, પચીસ હજાર; રાએલ બાંઉનટી તથા બીજા અગતનાં ખરચ નાં (૧૩૨૦૦૦) એક લાખ, બતરીસ હજાર; બેઠા મુસારાનાં (૧૨૦૦૦) બાર હજાર; પરચુટન (૮૦૪૦૦) હેંશી હજાર અને ચારશો રૂપીઆ. રાંણીનાં ભરથાર પરીનસ કાંનસરટને પણ દર વરસે મોટો લવાજમો મલેછે. પરધાંનોનાં તથા નેચાધીસોનાં તથા બીજા અમલદારોનાં પગાર પણ એજ ફંડમાંથી આપીઆમાં આવેછે, અને પછી તે મધેથી જે બાકી રેહેછે, તે સરકારી ખજાંનામાં આપીઆમાં આવેછે, તેમાંથી વાંહાંણ ખાતાંનો તથા લશકર ખાતાંનો તથા ગાંમ ખાતાંનો ખરચ કરીઆમાં આવેછે.

પાદશાહા અથવા રાંણીનાં હકની બાબદ પુરી કરીઆ આગમજ, તેઓનાં કુટંબને લગતી નીચે લખે લી બીનાં જણાવવી અગતનીછે. તખત ઉપર પાદશાહા હોએ તો તેની રાંણીને, અથવા તખત ઉપર રાંણી હોએતો તેનાં ભરથારને "રાએલ કાંનસરટ" કરી કેહેછે. એ રાએલ કાંનસરટને રાજ કારભારમાં કસો ઈલા કો નથી, તેઓ તાજની પરજા દાખલ ગણીઆમાં આવેછે, અને રઈએતનાં બીજા કોઈબી શખસની માફક તાજનાં તાએબા તલે હોધો ધરાવી શકેછે. ઈંગલંડ દેશમાં એારતોની બાબદમાં જે ધારાછે, તે ઉપરાંત કેટ લાએક હકો પાદશાની રાંણીને આપીઆમાં આવીઆછે. વગર પરણેલી અસતરી કોરટમા પોતા ને નાંમે ફરીઆદી કરી શકે તથા તેની ઉપર ફરીઆદી ચાલી શકે, તેમ રાંણીને પોતાને નાંમે ફરીઆદી કરવાનો હકછે, તથા તેનાં એકલાં ઉપર ફરીઆદી થાઈ શકે, અને તેટલા વાસતે તેનાં પોતાનાં જુદા વકીલ હોએછે. જમીન વેચાતી લેવાનો તથા વેચવાનો તેને હકછે. તે પોતાનાં ભરથાર પાસેથી બખશેસ લઈને પછી પોતાનુ વશીઅત કરી ગમે તેને આપી જાએ. એ સધળા હકો ઈંગલંડનાં ધારા પરમાણે બીજી પરણેલી અ સતરીઓને મલતા નથી. પાદશાહની માફક તેનાં સરીરને પણ બુજરોગવાર સમજી કોઈ તરેહની નુકશાની કરીઆમાં આવી શકે નહી. પાદશાહા અથવા રાંણીનો વડો છોકરો હંમેસાં ગાદીનો વારેસ હોએછે તેને પરીનસ આવ વેલસ તથા અરલ આવ ચેસટરનો ખેતાબ મલેછે અને ડીઉક આવ કારનવાલનાં ખેતાબ સા થે જનમેછે. તેને ડીઉક આવ રાથસે તથા શેનેચાલ આવ સ્કાટલંડનાં ખેતાબો પણ છે. તેને અને તેની બઈરીને અદાલતથી પનાંહ મલેલી હોએછે. જો વડો છોકરો મરણ પાંમે, તો તેનીથી ઉતરતો છોકરો પરીન સ આવ વેલસ તથા અરલ આવ ચેસટર થાએછે, પણ ડીઉક આવ કારનવાલ નહી. પાદશાહા અથવા રાં ણીની વડી છોકરીને પરીનસેસ રાએલ કરીને કેહેછે. એને પણ બ્યુસસન અદાલતથી પનાંહ મલેલી હોએ છે, કારણકે જો કોઈ છોકરો નહી હોએતો, તે ગાદીની વારેસ થાએછે. પાદશાહી કુટંબનાં બીજાં છોકરાંઓ ને ધારાથી કોઈ બીજા ચોકસ હક છે નહી. તેઓનો મરતબો ડીઉક કરતાં વધતો ગણુએછે અને પાદશાહ

તરીજ જારજનાં રાજમાં બંધાએલા "રાએલ મારીએજ આકટ" નામનાં ધારાથી પાદશાહાની મરજી મેલ વીઆ વગર તેઓથી કોઈની સાથે પરણાએ નહી. પણ તેમાં હેવું થેડવેલુંછે કે, પચીસ વરસની ઉમર થયા પછી "પાદશાહા બીજા જારજની તોખંમનાં કોઈબી શાહાજાદા અથવા શાહાજાદીઓ પચીસ વરસની વચેમાં આવીઆ પછી કોઈની સાથે પરણવાની ઈછા કરે, તો તે વીશેની પાદશાહાની પરીવી કાંઉનસલની સલાને બાર માસ આગમજથી ખબર આપવી, અને તેટલી મુદતની અંદર તે લગન વીશે પારલામેનટની સલા વાંધો નહી લીએતેા, તે શાહાજાદા અથવા શાહાજાદીએ પાદશાહાની મરજી લીધા વગર પોતાને પસંદ પડતાં લગન કરી શકે." જે શાહાજાદીઓ પારકા રાજનાં શાહાજાદાઓ સાથે પરણી હોએ, તેઓનાં ફરજંદોને આ ધારો લાગુ પાડીએા નથી.

આગલ જણાવીઉંછે કે કોઇબી કાંમને સારૂ પાદશાહા અથવા રાંણીને માથે જોખંમ નથી, માટે આ જે સલાહ આપનારા કોણછે તે વીશે આ જગાએ જણાવવું જોઈએછે. રાંણીને સલાહ આપનારી સઉથી મુખીએ સભાને "પરીવી કાંઉનસલ" કરી કેહેછે. એ સભાનાં અધીકારીઓની સંખીઆ વીશે હદ રા ખીઆમાં આવી નથી અને હરેક "પરીવી કાંઉનસલર" ને રાંણી પોતાની નજરમાં આવે તાહરે તેમાંથી બરતરફ કરી શકે. પરીવી કાંઉનસલર તે હોદો સવાધીન લેતી વેલાએ નીચે જણાવેલી બાબદો સંબંધી સોગં દ લીએછે. ૧ લું—રાંણીને પોતાની સઘળી શકતી અને ડાહાપણથી સલાહ આપવી; ૨ જું—કોઈબી રીત નેા પીઆર, ચાહા, ગરજ, શક, અથવા ધાસતી વગર રાંણીનાં માંન અને પરજનાં કલીઆંત તરફ નેગાહ રાખી, રાંણીને સલાહ આપવી; ૩ જું—રાંણીની સઘળી મસલત છુપી રાખવી; ૪ થું—લાંચ લેવી નહી; ૫ મું—તે સભામાં જે કાંઇ થેડાવ થાએ તેને મદદ કરવી અને ટેકો આપવેા; ૬ હું—તે કરારથી જે કોઈ ઉલટા ચાલે તેનેા અટકાવ કરવેા અને છેલલું પોતાની રાંણી તરફ જે કાંઇ સારૂં કરી શકાએ તે કરવું ત થા જે કાંઇ સારી સલાહ આપવી દીશે તે આપવી. પણ આ પરીવી કાંઉનસલનેા અખતીઆર કેટલીએક મુદત થાઈ ઓછેા થાયેછે. બરીટીસ સરકારનાં બાહેરનાં સ્વસથાંનેામાંથી તથા "આડમીરાલટી" તથા "ઈ કલીજીઆસટીકલ કોરટો" માંથી જે મુકદમાં છેલલી વાર ઈનસાફને વાસતે આવેછે, તે એ સભામાં જે થ મસેા નેઆએ શાસતરથી વાકેફછે તેઓની કમીટી ચુકવેછે, અને એ સભાનું અસલ કાંમ જે રાજકારભાર ચલાવવાની બાબદમાં સલાહ આપવાનું હતું, તે એ સભાનેા એક જુદેાજ ભાગ જેને "કેઆબીનેટ કાંઉન સલ" કરી કેહેછે અને જેમાં રાંણીનાં પરધાંનેા હેાએછે, તે સભા ચલાવેછે. આગલા વખતમાં પરીવી કાંઉનસલ નાં જે અધીકારીઓની ઉપર પાદશાહા વધારે ભરેાશેા રાખતા હતા તેઓને મસલતને વાસતે તે પોતાની "કે આબીનેટ" એટલે ચેારડામાં બીજાઓથી હલાએદા બેાલાવતેા હતેા, તે ઉપરથી એ આગેવાન અધીકારીઓ પરધાંનેા ગણાતા હતા, અને તેઓની સભાને "કેઆબીનેટ કાંઉનસલ" નું નાંમ મલીઉંછે, પણ રાજનાં મુલ કાએદા પરમાણે પરીવી કાંઉનસલ અને કેઆબીનેટ કાંઉનસલનાં અધીકારીમાં કસેા ફરક નથી. પ રીવી કાંઉનસલર પોતાનાં નાંમની સાથે "રાઇટ હાંનરેબલ" નેા ખેતાબ રાખી શકેછે. કોઈ કોઈ વખતે ચેાકસ બાબદસર પરીવી કાઉનસલની સલાહથી કેટલાએક હોકમ કરવાને સારૂ રાંણીને પારલામેનટની સભા ની તરફથી અખતીઆર મલેછે.

પાદશાહા અથવા રાંણી જે ગાદી ઉપર હેાએ, તે પોતાનાં પરધાંનેા થેડવેછે અથવા કોઇ મુખીએ ગર હસથને પરધાંનેા થેડવવાનેા અખતીઆર આપેછે, પણ આગલ કહીઉંછે તેમ પરધાંનેાની હરેક ટોલકીથી પાર લામેનટની સભામાં પેાતાની તરફમાં વધતાં મત રાખીઆ વગર ટકી શકાએ નહી, તેથી હંમેસાં તે સભા માં જે ધણીની તરફ વધતા અધીકારીઓ હેાએ તે ધણી મુખીએ પરધાંન થઈ પોતાનાં દોસતેા તથા મદદ ગારેામાંથી બીજા પરધાંનેા થેડવેછે, અને પાદશાહ અથવા રાંણી હંમેસાં જે ધણીની તરફ એ પરમાણે વધતા

અધીકારીઓ હેાએછે, તેનેજ પરધાંનેા થેડવવાનું કાંમ સોંપેછે. પરધાંનેા નીચે જણાવીઆ પરમાણે હેાએછે.

ફરસટ લારડ આવ ધી તરેજરી.—આ હોદો હમણા ઘણુ કરીને મુખીએ પરધાંન લીએછે.

લારડ હાઈ ચાંનસેલર.—એ અમલદાર રાજની મોટી મોહેાર રાખેછે તથા પરધાંનેાને ધારાની બા બદમાં સલાહ આપેછે.

લારડ પરેસીડેનટ આવ ધી કાંઉનસલ.

પોસટ માસતર જનરલ.

લારડ પરીવી સીલ.—એ હોદેદાર સઘળા દસતાવેજો ઉપર મોહેાર કરેછે.

સકરેટારી આવ સ્ટેટ ફાર ફારેન આફેરસ.—એ હોદેદાર પારકા રાજવાલાઓ સાથે સંદેશા ચલાવેછે.

સકરેટારી આવ સ્ટેટ ફાર ધી કાલેાનીસ.—સવસથાંનેાનાં રાજકારભારની બાબદમાં એ હોદેદાર સ ઘળી તકેદારી રાખેછે.

સકરેટારી આવ સ્ટેટ ફાર ધી હેામ ડીપારટમેનટ.—ગરેટ બરીટન તથા આએરલંડનાં રાજકારભા રની બાબદો આ હોદેદારને હસતકછે.

સકરેટારી આવ સ્ટેટ ફાર ધી વાર ડીપારટમેનટ.—આ હોદેદાર લડાઇ ખાતાંનેા સઘળેા કારભાર ચલાવેછે.

સકરેટારી આવ સ્ટેટ ફાર ઈનડીઆ.—આ હોદેદાર હીંદુસથાંનને લગતેા કારભાર ચલાવેછે.

ચાંનસેલર આવ ધી એકસચેકર.—આ હોદેદાર દેશની આએપત તથા ખરચની બાબદમાં પારલામે નટની સભાની આગલ હસાબ રજુ કરી તે બાબદમાં સઘળી ગેાડવણ બતાવેછે.

ચાંનસેલર આવ ધી ડચી આવ લાંનકાસટર.

ફરસટ લારડ આવ ધી આડમીરાલટી.—વાંહાણુ ખાતાંનાં લશકરનેા સઘળેા કારભાર આ અમલદા રનાં હસતકમાં થાએછે.

પરેસીડેનટ આવ ધી બેારડ આવ તરેડ.—આ હોદેદાર દેશનાં ધંધા તથા વેપાર અને તેવી બીજી સઘળી બાબદો ઉપર બીએાંન આપેછે.

એ ઉપરાંત બીજા નાંમીયા શખસેા જેઓ રાજદુઆરી કાંમમાં માહેતગારી અથવા વગને વાસતે નાંમી યા હેાએ, તેઓ જે પરધાંનેાનાં મદદગાર હેાએતેા, તેમને પણ કેઆબીનેટ કાંઉનસલનાં અધીકારી થેડવીઆ માં આવેછે. પરધાંનેા હાઉસ આવ લારડસ અથવા હાઉસ આવ કાંમનસનાં અધીકારીઓ જોઇએ. તેઓ વગર બીજા કોઈથી એ હોધા લેવાએ નહી. બીજા કેટલાએક ઉતરતા હોધાછે, તે પણ પરધાંનેાની સાથે મદ લાયા કરેછે. પરધાંનેા જારે પોતાનેા અખતીઆર લીએછે તારે તેઓ કોઈ ચેાકસ રીતે રાજ ચલાવવાને બં ધાએછે. વલી પારલામેનટની સભામાં તેઓથી જુદી રીતનેા વીચાર ધરાવનારાઓની પોતાની ટોલકી હેાએ છે, તેઓ હંમેસાં પરધાંનેાનાં સઘળા કાંમેા બારીકીથી તપાસેછે અને તે ઉપર તે સભામાં ભારી ચકચારેા કરે છે. પરધાંનેાની સાહાંમણેની ટોલીને "આપેાજીશંન" કરી કેહેછે અને તેઓ હંમેસાં જેઓ અખતીઆર ધરાવતા હેાએ, તેઓને શીખા ચાલવાની ફરજ પાડેછે, અને એ પરમાણે હંમેસાં પારલામેનટની સભામાં જે બે ટોલી હેાએછે, તેથી દેશને ઘણેા ફાએદેા થાએછે અને કોઈથી કોઈ રીતે આડું ચલાતું નથી. એ ગેાડવ ણબી ઇંગલંડનાં રાજની એક ખુબીછે. જેઓ હાઉસ આવ કાંમનસમાં પરધાંતની ટોલકી વાલાઓ હેાએ છે, તેઓ સ્પીકરની જમની બાજુની બેઠક ઉપર બેશેછે અને આપેાજીશંન અથવા સાહાંમની બાજુવાલાઓ તેની ડાબી બાજુની બેઠક ઉપર બેશેછે. એ સભામાં જુદા જુદા વીચાર ધરાવનારી ટોલીમાં, જેઓ દેશનાં ધારા તથા રીત ભાંતમાં શુધારેા કરવાને હંમેસાં ખંતી હેાએછે, તેઓને "વીધસ" અથવા "લીબરલસ" કરી

કેહેછે; જેઓ આગલા ધારા અને રીત ભાંતને જેમ બને તેમ જલવવાને ખંતી હોએછે, તેઓને "ટોરીસ" અથવા "કંનસરવેટીવસ" કેહેછે, અને વલી કેટલાએકો જેઓ એકદમ ઉલટ પાલટ કરી નાંખવાને વાસતે હંમેસાં ઉતાવલા થાએછે, તેઓને "રાડીકલસ" કેહેછે. પણ આ ટોલીઓમાં હવે કોઈ ચોક્કસ કાએદો રહો નથી. જે ટોલી અખતીઆરમાં હોએ, તેણે દેશની વધતી હાલત પરમાણે વધારે શુધરાઈનાં ઉપાયો કરવા પડેછે, અને ગમે તે ટોલીઓ અખતીઆરમાં હોએ, તોપણ લોકોનુ માંગવું તે લોકોથી નાં પાડી શકાએ નહી, નહીતો લોકોનાં અવાજ તરફ નેગાહ રાખી પારલામેનટની સભાનાં અધીકારીઓ તેઓની વીરૂધ જએ તો તેઓનો અખતીઆર જયા વગર રેહે નહી.

ઈંગલંડનાં રાજની "થરી ઈસટેટસ" માંથી "ફરસટ ઈસટેટ" ઈએાને પાદશાહા અથવા રાંણીનાં હક અને અખતીઆર વીશે બયાંન કરીઆ પછી, હવે "સેકંડ ઈસટેટ" ઈએાને "હાઉસ આવ લારડસ" નું બયાંન કરીએ છઈએ. ઉમરાઓની સભા પેહેલ વેહેલી કેમ ઉભી થાઈ, તે વીશે આગલ સંમજાવીઆમાં આવીઉંછે. ઈંગલંડ, આએરલંડ તથા સ્કાટલંડનાં રાજ એકઠાં મલીઆં, તેની આગમજ તે દરએક મુલકની પોતાંની પારલામેનટની સભા હતી, અને તાહરે તેઓની "હાઉસ આવ લારડસ" ની સભા જુદી જુદી હતી, પણ હમણા એકઠાં મલેલાં રાજની એકજ પારલામેનટની સભાછે, તેથી સ્કાટલંડ અને આએરલંડનાં ઉમરાઓમાંથી કેટલાએકને ચુંટી કાહાડીને હમણાનાં હાઉસ આવ લારડસમાં બેસવાનો હક આપીઆમાં આવીએાછે. સ્કાટલંડ તથા આએરલંડનાં જે ઉમરાઓને હાઉસ આવ લારડસની સભામાં બેસવાનો હક નથી, તેઓને ઉમરાઓ દાખલ બીજા સઘળા હકોછે. સ્કાટલંડનાં નવા ઉમરાઓ હવે કરીઆમાં આવતા નથી, પણ આએરલંડનાં તરણ ઉમરાઓની જગા ખાલી થાએ, ઈએાને તરણ બેતાબો ધરાવનારાઓની ઓલાદનું કોઈ નહી રહેઉં હોએ, તો પાદશાહા અથવા રાંણીને એક નવો ઉમરાવ કરવાનો હકછે. એકઠાં મલેલાં રાજનાં ઉમરાઓની સંખીઆની હદ નથી. પાદશાહા અથવા રાણીની મરજીમાં આવે તેટલા શખસોને તે બેતાબો આપી શકેછે, અને જેમ જેમ તે માંનને લાએક શખસો નીકલેછે, તેમ તે માંન આપીઆમાં આવેછે, તેથી ગરેટ બરીટનનાં ઉમરાઓની સંખીઆ હમેસાં એક સરકી રેહતી નથી. સને ૧૮૫૮ નાં વરસમાં છપાએલા હસાબ ઉપરથી હેવું જોયામાં આવેછે કે, તે વરસમાં હાઉસ આવ લારડસમાં નીચે જણાવીઆ પરમાણે ઉમરાઓ હતા. ૨, ડીઉક પાદશાહી ખાનદાનનાં; ૧૯, ડીઉક બરીટીસ બેતાબનાં; ૧૯, મારકુઈસ; ૧૦૭, અરલ; ૨૧, વાઈકાંઉનટ; ૧૯૫, બારન; ૨૮, ઉમરાવ આએરલંડનાં; અને ૧૬, ઉમરાવ સ્કાટલંડના. એ સભામાં ઈંગલંડનાં કેટલાએક મોટા પાદરીઓને પોતાનાં હોદ્ધાની ખુબીથી બેસવાનો હકછે, તેમાં ઈંગલંડ અને વેલસ નાં ૨, આરચ બીશપ તથા ૨૪, બીશપ અને ૧, આરચ બીશપ અને ૩, બીશપ આએરલંડનાં મલી, ઉપલાં વરસમાં હાઉસ આવ લારડસમાં ૪૩૭ અધીકારીઓ અથવા ઉમરાઓ હતા.

"હાઉસ આવ લારડસ" માં ઉમરાઓ ગેરહાજર રહી, બીજા ઉમરાવની મારફતે મત આપી શકેછે. ઉમરાઓને સઘળી વખતે પાદશાહા અથવા રાંણીની મુલાકાત લેવાનો હકછે. ઉમરાઓનાં હકને લગતો કોઈબી ધારો પસાર કરવો હોએતેા, તે પેહલલાં હાઉસ આવ લારડસની સભામાંથીજ નીકલવો જોઈએ, અને કોઈ બેતાબનાં વારેસોમાં તે બેતાબની બાબદમાં કોઈ વાંધો નીકલીઓ હોએ, તો તેનો ચુકાદો તે સભાનેજ સોંપીઆમાં આવેછે. ઉમરાઓને કરજને સારૂ પકડી શકાએ નહી. જો હાઉસ આવ કાંમનસની સભાએ કોઈ શખસની ઉપર કોઈ અનેઆ મેલીઓ હોએ, તો તેની તપાસ હાઉસ આવ લારડસ કરેછે, અને કોઈબી ઉમરાવ ચોરીના અથવા બલવો કરવાના અનેઆમાં આવીએો હોએતેા, તેની તપાસ પણ હાઉસ આવ લારડસ વતરોગે બીજે ઠેકાંણે થાઈ શકતી નથી. ઈનસાફની સઉથી છેલ્લી અદાલત એ સભા ગણાએછે.

હાઉસ આવ કાંમનસની સભા કેમ થાઈ અને આંમ લોકોમાંથી એ સભાને વાસતે અધીકારીઓ

ચુંટી કાહાડવાનું કારણ કેમ પડીઉ, તે વીશે આગલ જણાવીઉંછે. કેહા કેહા શેહેરોમાંથી આ સભામાં વકીલો મોકલવા અને તે કેટલા મોકલવા, તે આગલા વખત ઉપર પાદશાહો થેડવતા હતા, અને આ સભાનો અખતીઆર વધેલો જોવાને તેઓ ખુશી નહી હતા, તેથી જેમ જેમ દેશ આબાદાંનીમાં અને વસતીમાં વધતું ગયું, તેમ તેઓએ તે સંખીઆમાં કાંઈ વધારો કીધો નહી. એ સભાનુ અગતપણુ અને તેનો અખતીઆર કેમ વધતો ગયો, તેનું સઘળું બયાંત કરવું, ઈંગલંડની તવારીખ લખીઆ બરાબરછે, પણ આ જગાએ આટલુંજ જણાવવાને અગતનુંછે કે, હંમણા આ સભામાં અધીકારીઓ ચુંટી કાહાડવાનો કાએદો ૧૮૩૨ નાં શાલમાં લારડ જાંન રશલ તથા લારડ ગરેની મેહનતથી પસાર થાએલાં "રીફારમ બીલ" પરમાણે ચાલે છે. એ કાએદો પસાર થયો તેની આગમજ એ સભામાં અધીકારીઓ ચુંટી કાહાડવાની બાબદમાં ઘણુ અંધેર ચાલતું હતું. નકામાં શેહેરો એકથી વધારે અધીકારીઓ મોકલતા હતા, અને ખરેખર અગતનાં શેહેરોમાંથી કોઈ જતું નહી હતું. પણ ઉપલા ધારાથી હેવી ઘણીએક બેઈનસાફી નીકલી ગઈછે. આજ દીને એ સભામાં ૬૫૮ અધીકારીઓછે, તેમાં ઈંગલંડ અને વેલસની તરફથી ૫૦૦; આએરલંડની તરફથી ૧૦૫; અને સ્કાટલંડની તરફથી ૫૩ છે. એ અધીકારીઓ પરગણા, શેહેરો અને બરો, તથા આકસફરડ, કેમબરીડજ અને ડબલીનની યુનીવરસટી અથવા મદરેસાઓની તરફથી મોકલીઆમાં આવેછે.

આગલ કહેઉંછે તેમ હાઉસ આવ કાંમનસની સભા કેટલાંએક કારણો ઉપરથી બરખાસત થાઈ શકેછે, અને નવી સભા બોલાવીઆમાં આવેછે, તેમાં અધીકારીઓને ફરીથી ચુંટી કાહાડવા પડેછે. પણ જો એવો બનાવ નહી બનીઓ હોએ, અને સાત વરશ સુધી એકજ પારલામેનટ ચાલી હોએ, તો પછી તે સભા બરખાસત કરી નવેસરથી અધીકારીઓ ચુંટી કાહાડવાનો હોકમ કરવાને પાદશાહાને હકછે. જારે નવી પારલામેનટ બોલાવવી હોએ, તારે "લારડ ચાંનસેલર" નામનાં ઓધેદારની ઉપર તે બાબદનું પાદશાહી હોકમનાંમુ મોકલીઆમાં આવેછે. જે જે જગાએથી અધીકારીઓ ચુંટી કાહાડવા હોએ, તાંહાં એક અમલદાર થેડવીઆમાં આવેછે, જેને "રીટરનીંગ આફીસર" કરી કેહેછે, અને તે અમલદાર ઉપલી સભાને વાસતે અધીકારીઓ ચુંટી કાહાડવાની સઘલી ગોઠવણ ઉપર ઉપરીપણુ ચલાવેછે. જે જગાએ અધીકારીઓ ચુંટી કાહાડવાનાં હોએછે, તે જગાએ તે કીરીઆને દીને જોવા લાએક દેખાવ થાએછે. જેઓને કોલ આપવાનો હક હોએછે, તેઓ ટોલાંબંદ એકઠા થાએછે, અને તેઓમાં વલી હજારો તમાસગીરો ભેરાએછે. જેઓ ઉમેદવાર હોએ, તેઓના નાંમ દરખાસતની રાહે તેઓનાં મીતરો કેહેછે, અને તે દરખાસતને ટેકો મલીઆ પછી, તે ઉમેદવાર સભાની આગલ ભાશાણ કરી પોતાનાં રાજદુઆરી વીચારો જાહેર કરેછે. એ પરમાણે દરએક ઉમેદવારે કરીઆ પછી લોકોનાં મત લીધામાં આવેછે, અને જેનાં વધતાં મત પડીઆં હોએ, તેને સભામાં મોકલીઆમાં આવેછે. જો કોઈ શખસ વીશે હેવું માલુમ પડીઉં હોએ કે તેણે લાંચ અથવા ઈનસાફથી ઉલટી રીતે પોતાનાં લાભમાં મત મેલવીઆંછે તો તેને ઉપલી સભામાં દાખલ કરીઆમાં આવતો નથી. જો કોઈ અધીકારીની ઉપર કોઈ ઈનસાફથી ઉલટી ચાલ સાબેત થાઈ હોએ, તો તેને તે સભામાંથી બરતરફ કરીઆમાં આવેછે, અથવા કોઈ અધીકારી દીવાલું કાહાડે અને બાર માસની મુદતમાં પોતાનાં માંગનારાઓનું પતાવે નહી તો તેને પોતાંનો અધીકાર છોડવો પડેછે.

નવી પારલામેનટનાં અધીકારીઓ પોતાંની બેઠક લીધાની આગમજ સોગંદ લીએછે, અને પછી પાદશાહાનાં હોકમથી પોતાંનો "સ્પીકર" અથવા સરનશીન પસંદ કરેછે. સભામાં જે કાંઈ ભાંજગડો થાએ તે કાએદાસર ચલાવવાનો અખતીઆર એ અમલદારનાં હસતકમાંછે. જો કોઈ તકરારમાં વાંધો પડીઓ હોએ, તો કેહેવી રીતે તકરાર કરવી તથા કોણે પેહલલાં બોલવું, તે વીશે એ અમલદાર ચુકાદો કરેછે. રેહેવાનાં ઘર તથા તેનાં હોદ્ધાનાં બીજા લવાજમાં સીવાએ તેને દર મહીને પાંચ હજાર રૂપીઆનો પગાર મલેછે. જારે

રાંણી નવી પારલેમેનટની સભા હુંગાડેછે, તારે બાહારે દબદબા સાથે ઉમરાઓની સભાનાં દીવાંનખાનામાં જ એછે, અને તાંહાં એક ટુક ભાશાણ કરેછે, તે વેલાએ હાઉસ આવ કાંમનસનાં અધીકારીઓ તે દીવાંનખા નામાં હાજર થાએછે. નાંમદાર રાંણીએ ભાશાણ કીધા પછી, તેઓ પાછા પોતાનાં દીવાંનખાંનાંમાં જાએછે, અને તાંહાં પોતાનું કાંઈ જુજ કાંમ કરીઆ પછે, રાણીનાં ભાશાણ ઉપર અધીકારીઓની તરફથી ભાશાંણો થા એછે, અને નાંમદાર રાંણીએ કીધેલાં ભાશાણનાં ઉપકારમાં તે નાંમદારને માંન પતર આપવાનું થેડવેછે.

ધારા બાંધવાનું તથા ધારામાં ફેરફાર કરવાનું કાંમ પારલામેનટની ઉપલી બંધે સભા એક એકથી હલાએ કું ચલાવેછે. એક સભામાં જે તકરાર થાઈ હોએ, તે વીશે બીજી સભામાં કાંઈબી એસારો કરવાની ચાલ ન થી. એ બંધે સભામાં જે તકરાર થાએછે તે જાણે છુપી થાએછે એમ સમજવું. જો કે તાંહાં વરતમાંન પ તરનાં રપોરટરો હાજર થાઈ સધલો હેવાલ છાપેછે, તોપણ તેઓ કોઈબી હક અથવા કાએદાથી તાંહાં દાખ લ થતા નથી. એ સભાએામાંનો કોઈબી અધીકારી ઉડીને એમ કેહે કે " આપણી સભામાં પારકા શખસો છે " તો રપોરટરોને તાંહાંથી કાહાડવા વગર છુટકો નહી. પણ વરતમાંન પતરોનાં હક ઉપર આજનાં સ મેમાં કોઈ એટલો હોમલો કરવાને હીમત ચલાવતું નથી.

આગલ કહુંછે તેમ લારડો પોતાનાં હકોને લગતા ધારા પોતાની સભામાં પેહલલે લાવેછે. તાજની ત રફથી કોઈ ધારો પેહલલાં લાવી શકાએ નહી, ફકત માંફી બખસવાનો ધારો તાજની તરફથી લાવી શકાએ, અ ને એકજ વખત તે ધારો બંધે સભામાં વંચાએછે. સરકારની તરફથી જે ધારા લાવવા હોએ, તે પરધાંનો પોતાને લગતાં ખાતાં પરમાણે લાવેછે, જેમ કે ગરેટ બરીટંનને તાબાનાં સવસથાંનોને લગતા ધારા કોલોની અલ સકરેટારી લાવેછે; પોલીસ, બંદીખાંનાં, ઈનસાફને લગતાં હોમ સકરેટારી લાવેછે; આએપત, મેહસુલ અને કરને લગતા ચાંનસેલર આવ ધી એકસચેકર લાવેછે, હીંદુસથાંનને લગતા, સકરેટારી આવ સ્ટેટ ફા ર ઈનડીઆ લાવેછે. હરેક ધારો પસાર થાએ તેની આગમજ તેને " બીલ " કરી કેહેછે, અને સરકારને લગતાં બીલોને " પબલીક બીલ " કરી કેહેછે, અને રેલવે કંપની, ડાક કંપની અથવા કોઈની માલ મતાને લગતાં બીલ હોએ તેને " પરાઈવેટ બીલ કેહેછે."

બંધે સભા પાછલા પેહોરનાં ચાર વાગતે મલેછે, અને વખતે મોટી રાત શુધી ચાલેછે, અને જો વધતું કાંમ હોએતો વખતે સવારનાં પણ મલેછે. ઉમરાઓની સભામાં તરણ ઉમરાઓ હોએ અને આંમની સભામાં ચીઆલીસ ગરહસથો હોએ, તો તે સભાનું કાંમ ચાલી શકે. ઉમરાઓની સભામાં કોઈ ઉમરાવે કોઈ બીલ લાવવું હોએ તો, તે વીશે સભાને ફકટ પોતાની મરજી જણાવેછે, પણ આંમની સભામાં કોઈ અધીકારીએ કાંઈ બીલ લાવવું હોએતો, તે વીશે આગમજથી દરખાસત કરીને સભાની રજા માંગવી જોઈએ. જો રજા મલેતો પેલો અધીકારી તે બીલ કાગલ ઉપર લખીને લાવેછે અને જે કાંઈ બાબદો ફેરફાર થાઈ શકે તેવી હો એ તેની જગા ખાલી રાખેછે, અને તે વાંચીઆ પછી દરખાસત કરેછે કે, તે " બીલ પેહલલી વાર વાંચવું." આંમની સભામાં હેવી દર એક દરખાસતને ટેકો આપનાર જોઈએ. ઉમરાઓની સભામાં તેવો ટેકો જોઈ તો નથી. જો કાંઈ વાંધો નહી હોએ તો બીલ પેહલલી વાર વંચાએછે અને પછી તેને છાપવાનો હોકમ થાએ છે, અને તે છાપેલી નકલો અધીકારીઓમાં વેંહચીઆમાં આવેછે. પછી તે બીલ થેડવેલે દીવસે બીજી વાર વાંચીઆમાં આવેછે, અને તે વેલાએ તેની ઉપર ઘણી તકરાર થાએછે, પછી તેજ સભાનાં અધીકારીઓની ક મીટી તેની તપાસ કરી દરએક ફકરા ઉપર ખીચાંન આપેછે, અને પછી પાછું આખી સભામાં મેલેછે, તાંહાં વલી કાંઈ ફેરફાર કરવો દીશેછે તે થાએછે. તાહરે પછી બીલને પારચમેનટ ઉપર લખીઆમાં આવેછે અ ને તરીજી વાર વંચાએછે, અને જો પછી તેમાં કાંઈ ફેરફાર કરવાનું નહી હોએ તો તે પસાર થાએછે. આ પરમાણે એક બીલને તરણ વાર વાંચવાની અંદર કેટલીએક મુદત જાએછે અને એક બીલ પેહલલે લાવીઆ

પછી વખતે કેટલે મહીને તરણ વાર વંચાઈ રેહેછે. એ પરમાણે હાઉસ આવ કાંમનસમાં બીલ પસાર થયા પ છી, તેને હાઉસ આવ લારડસમાં મોકલીઆમાં આવેછે, તાંહાં તે ફરીથી તરણ વાર વંચાએછે. તે બીલ બધે આ સભામાં ઉમરાઓ જો કાંઈ ફેરફાર કરવા માંગેતો, તે ફેરફાર સાથે તે બીલ પાછુ કાંમનસની સભામાં મો કલીઆમાં આવેછે, અને જો તેઓ તે ફેરફાર બાહાલ નહી રાખે, તો ઘણુ કરીને દરએક સભાનાં થોડા અધી કારીઓ મલીને જે તફાવત હોએછે તેની સમજુતી કરેછે, અને જો તેમ સમજુતી નહી થાએતો, તે બીલ રદ થાએછે. જો બીલ હાઉસ આવ લારડસની સભામાં પસાર થાએ તો, પછી તે નાંમદાર રાંણીની તરફથી બાહાલ રાખવાને સારૂ તેની પાસે જાએછે, અને જો તે નાંમદાર કબુલ રાખે, તો પછી તે બીલ દેશનો ધા રો બનેછે.

હરેક બાબદ ઉપર કાંમનસની સભાનાં અધીકારીઓમાં વાંધો પડીઓ હોએ તો, બંધે બાજુ વાલાઓ છુટા પડીને થેડવેલા ઓરડામાં જાએછે, અને તાંહાં તેઓની ગણતરી કરીઆમાં આવેછે, અને પછી જે બા જુએ વધતાં મત પડીઆં હોએ, તે બાજુએ ચુકાદો થાએલો કેહવાએછે. જો બંધે બાજુએ એક સરકાં મત પડીઆં હોએ તો, જે બાજુએ " સ્પીકર " પોતાનું મત આપે, તે બાજુએ ચુકાદો થાએછે. ઉમરાઓની સ ભામાં "પરાકસી" થી, એટલે ગેરહાજર ઉમરાવ પોતાનું મત લખે તે પરમાણે તેનું મત નોધાએછે. કાંમનસની સભામાં જેઓ હાજર હોએ તેઓજ મત આપી શકેછે. ઉમરાઓ હરેક બાબદ ઉપર પોતાનું મત આપતાં " કનટેનટ " એટલે ખુશી, અથવા " નાંન કનટેનટ " એટલે નાંખુશી, એ મીશાલે બોલેછે. કાંમનસની સ ભાનાં અધીકારીઓ " એ " હા, અથવા " નો " નાં કરી બોલેછે.

ગરેટ બરીટનની સરકારે પોતાનાં દેશનાં ખરચ તથા આએપતનો દર વરસે હીસાબ કાહાડવાની ઘ ણી તારીફ લાએક ચાલ રાખીછે. સધળા ખાતાંઓનાં અડસટા ઉપરથી વરસનો ખરચ શું થાશે, અને તે ખ રચ કેવી રીતે પુરો પાડવો, તે વીશે પરધાંનો પોત પોતા વચે વીચાર કરીને એ ખાતાંનાં પરધાંન " ચાંનસેલર આવ ધી એકસચેકર " ની મારફતે સધળી વીગત હાઉસ આવ કાંમનસની સભાની આગલ મેલેછે. પછી તાંહાં તે બાબદ ઉપર ઘણી તકરારો થાએછે અને તે સભાની તરફથી સધળી રીતે ચોકસી કરીઆ માં આવેછે, કે જેટલો ખરચ બતાવીઆમાં આવીઓછે તે ખરોછે કે નહી, અને જે રીતે તે ખરચ પુરો પા ડવાની દરખાસત કરીઆમાં આવીછે તે વાજબીછે કે નહી, અથવા જે કરો કરીઆમાં આવીઆછે, તે લો કો ખમી શકે તેવાછે કે નહી, અને એ મુજબ સધળી ચોકસી કીધા પછી ચાંનસેલર આવ ધી એકસચેકરની " બડજેટ " † પશાર કરેછે. જો એ બડજેટ સભાને મંનમાંગતી નહી ઉતરે અને તેથી નહી કબુલ રાખી આમાં આવે, તો પરધાંનો તરત પોતાનો હોધો છોડેછે, કાંએજે સભાએ તેઓની ઉપર વીસવાસ નહી રાખી એ એમ થરેછે. તે પરધાંનોએ હોધા છોડીઆ પછી, જેઓ તેઓની જગાએ આવેછે, તેઓ બીજી રીતે તે વરસનો ખરચ પુરો પાડવાનાં એલાજો બતાવેછે. જો આગલા પરધાંનો એમજ જાંણે કે, તેઓનાં ઉપાએ સ રસછે તો, તેઓ તે સભા એકદમ બરખાસત કરી બીજી સભા બોલાવવાને નાંમદાર રાંણીને ભલામણ કરેછે, અને પછી નવા અધીકારીઓની આગલ પોતાનાં હીસાબ તથા ઉપાએ ફરીથી મેલેછે. શીઆલાની મોહોસં મમાં પારલામેનટની સભા ભરાતી નથી.

આખા દેશનાં રાજકારભારને સારૂ કેવી જોડવણછે, તે ઉપર જણાવેલા સફાઓ ઉપરથી માલુંમ પડશે, પણ પરગણાઓ, શેહેરો, બરો અને જીલ્લાઓનાં કારભારને વાસતે સરકારની તરફથી જે જોડવણ કીધેલીછે, તે જાંણવા જોગછે. બ્રીટીશ સરકારની રાજધાંણીનો મુલ કાએદો એછે કે, જાંહાં શુધી પરજાનાં લોકો ધારા મુજબ પોતા

† એ સમદ ફરેંચ ભાશામાં "બુજેટ" અથવા બંડલ અથવા જડા ઉપરથી લીધોછે, અને તે બરોબર હસાબનો એક જડોજછે.

નો કારભાર પોતે ચલાવે, તાંહાં શુધી સરકારે જેમ બને તેમ વચમાં ઓછું પડવું. કાંએજે આ ખુદરતી વી ચારછે કે, જે વાત જેઓનાં લાભની હોએ તેને તેઓ પોતે વધારે તપાસી શકશે. એ કારણને સારૂ આખાં મુ લકને કાંઉનટીસ, હંનડરેડસ, બરો તથા પારીશમાં વેંહચીઆંછે. પેહલલા બે ભાગોમાં સુલેહનાં અમલદારો ની સભા પોતાનાં ભાગમાં પોલીસનું ખાતું તથા ગરીબોનુ પરવરસીનું ખાતું ચલાવેછે તથા રસતાં બાંધવા તથા સુધારવા તથા રોશની કરવી તથા પુલો બાંધવા તથા બજારો અને ભારુતી ગાડીઓ વીશેનાં કાએદા કરવાનુ કાંમ કરેછે, અને બીજા ભાગોમાં થહેલી કમીટીઓ તે કાંમ કરેછે. એ કારણને સારૂ જે નાંણા જોઈએ તે લો કો પાસેથી "રેટ" ને નાંમે કર લઈને ઉંધરાવેછે, તેમાં જેઓ ઘણુ મુફલેસ હોએ તેઓને કાંઈ આપવું પડ તું નથી. એ કારણસર લોકોએ સું આપવું તે તેમનાં રેહવાનાં ઘરનાં ભાડાં ઉપરથી થેડવીઆમાં આવેછે. એ પરમાણે આ સધળો કારભાર જુદી જુદી રીતે વેંહેચાયાથી દેશમાં જાહેર સુધારો વધારે થાએછે તથા પોલી સ ખાતું વધારે સારા પાયા ઉપર રેહેછે. એ સધળું કાંમ સરકારનાંજ હસતકમાં હોએતો, તે આટલું સારૂં ચાલી શકે નહી. લંડનમાં પોલીસ તથા ગાંમની સુધરાઈનું ખાતું એ શેહેરનાં "કારપોરેશન" એટલે લારડ મેએર તથા આલડરમેનો અને ટાંઉન કાઉનસલના અધીકારીઓનાં હસતકમાંછે અને ઉપર જણાવીઉંચ તે મ દરએક આદમી પાસેથી "રેટ" લીધાથી તેઓની દર વરસની આએપત રૂપીઆ (૪૦૦૦૦૦૦) ચીઆ લીસ લાખની થાએછે.

ગરેટ બરીટનમાં ઈનસાફની અદાલતો તેમનાં અદલપણા વીશે સારીપરે જાણીતી થાએલીછે. એ મુ લકની ભારી વસતી તથા બેહોલા કારભાર પરમાણે લોકોનાં જાંત અને માલને સારૂ પોલીસ ખાતું અને ઈન સાફની અદાલતો ઘણીજ મુસતકીમ પાયા ઉપરછે. પોલીસ મેજીસતરેટનાં હોધા ઉપર હંમેસાં ધારાની માહેત ગારી ધરાવનારાં બારીસટરોને થેડવીઆમાં આવેછે. નેઆએધીસોનાં ઓધા ઉપર જેઓએ ધારાની માહેત ગારીમાં મોટાં નાંમ મેલવીઆં હોએ, તેઓમાંથી સઉથી સરસને ચુંટી કાહાડી નેમીઆમાં આવેછે. ઈનસા ફની મુખીએ અદાલતો લંડન મધે વેસ્ટમીનસ્ટર હાલમાં ભરાએછે તેમાં, "કોરટ આવ આંનસરી" માં લારડ આંનસેલર બેશેછે, તેને વરસ દાહાડે (૧૪૦૦૦૦) એક લાખ, બીઆલીસ હજાર રૂપીઆનો પગાર મલે છે. કોરટ આવ કુઈનસ બેંનચ, કોરટ આવ કામંન પલીસ અને કોરટ આવ એકસચેકરની અદાલતો પ ણ એજ હાલમાં ભરાએછે. એ મધેની પેહલલી બે અદાલતોનાં નેઆએધીસોને "જસટીસીસ" કેહેછે અ ને તરીજી અદાલતનાં નેઆએધીસોને "બારન" કેહેછે. કુઈનસ બેંનચમાં લારડ ચીફ જસટીસ આવ ઈં ગલંડ જેનો વરસ દાહાડે (૮૦૦૦૦) હેંશી હજાર રૂપીઆનો પગારછે તે અને બીજા તરણ "જસટીસીસ" ઈનસાફ કરેછે; "કોરટ આવ કામન પલીસ" માં એક ચીફ જસટીસ જેનો વરસ દાહાડે (૭૦૦૦૦) સીતેર હ જાર રૂપીઆ પગારછે, તે તથા બીજા તરણ જસટીસીસ ઈનસાફ કરેછે અને કોરટ આવ એકસચેકરમાં લા રડ ચીફ બારન તથા બીજા તરણ બારન ઈનસાફ કરેછે. આ સધળા જડજો તેમની જીંદેગી શુધી તે હોધો રા ખી શકેછે. એક વાર નેમીઆ પછી તેમને તાંહાંથી પાછા કાહાડી શંકાએ નહી. જો પારલામેનટની બંધે સભા રાંણીને અરજી કરે તોજ તેઓને કાહાડી શકાએ. તેઓને આ હોધા ઉપર એટલા બધા મજબુત કરીઆથી તેમની આપએમખતીઆરી ઘણી મજબુત થાએછે. આગલા વખતમાં ઉપલી અદાલતોને જુદી જુ દી બાબદનું કાંમ વેંહચી આપેલું હતું, જેમ કે પેહલલે જણાવેલી અદાલતમાં ફોજદારી ઈનસાફ થાતો હતો, તથા નાંખલી અદાલતોની ઉપર ઉપરીપણ ચલાવવાનું કાંમ હતું. બીજી અદાલતમાં રઈએત વચે એક એકનાં થાતા વાંધાનો સુકાદો કરીઆમાં આવતો હતો, અને તરીજી અદાલતમાં આએપત વસુલ કરવાની બાબદનાં મુકદમાંઓ ચુકતા હતા. પણ પછવાડેથી એ હદ નીકલી ગઈછે અને હરેક ખાનગી શખસ પોતાનો મુકદમો ગમે તે કોરટમાં લઈ જાઈ શકેછે. પણ કોરટ આવ કુઈનસ બેંનચને હજુર કેટલાએક વધતા

હકછે. કેટલીએક બાબદનાં કછ્યા તાંહાંજ ચુકી શકેછે, તથા સધળી નાંખલી અદાલતો ઉપર તેનો હોકમ ચાલેછે, તથા તે અદાલતોમાં કોઈ ફેસલો થયો હોએ, તે ફરીથી પોતાની તપાસને વાસતે મંગાવી શકેછે અ ને તેમાં કાંઈ ગેર ઈનસાફી નજર આવે તો, તે ફેસલો ફેરવી શકેછે. જે કાંઈ ધારાથી ચોકસ થહેલું નહી હોએ, તે બાબદમાં મેજીસતરેટો તથા બીજા અમલદારો ઉપર એ કોરટનો હોકમ ચાલેછે તથા શેહેરે શેહેર અ ને ગામે ગામનાં પોતાનાં કારભારને વાસતે જે "કારપોરેશન" અથવા "કાઉનસલ" અથવા મંડલીઓછે તે ઉપર તેનો અખતીઆર ચાલી શકેછે.

આખા દેશનાં ગામે ગામ અને શેહેરે શેહેર લોકોને ઈનસાફ આપવાને સારૂ રીકારડર કોરટો તથા બીજી ગોડવણોછે; પણ મોટા મુકદમાંઓ તથા ગુનેહગારોની તપાસ કરવાને વાસતે ઉપલી કોરટનાં જડજો આખાં દેશમાં મુખીએ શેહેરો ખાતે વરસમાં બે વાર "સરકીઉટ" ઉપર, એટલે ફરવા, જાએછે અને તાંહાં જે મુકદમાંઓ તઈઆર હોએ તે તપાસેછે તથા તે ઉપર ચુકાદા કરેછે. એ જડજો તે ગામોમાં જે અદાલત ભરેછે તેને "આસાઈજીસ" કરી કેહેછે.

કોરટ આવ ચાંનસરીની આએપત "ફીઈ ફંડ" મધેથી વરસ દાહડે આસરે (૧૮૦૦૦૦૦) અઢાર લાખ રૂપીઆ તથા મુકદમો ચલાવનારાઓની મતા જે આસરે (૪૦૦૦૦૦૦) ચાર કરોડ રૂપીઆની આકા ઉનતંનટ જનરલનાં નાંમ ઉપર હોએછે તેનાં વીઆજ મધેથી વરસ દાહડે (૧૧૨૦૦૦૦) અગીઆર લાખ વી શ હજાર રૂપીઆ મલેછે તેને "શુટરસ ફંડ" કરી કેહેછે.

લંડંન મધે સેનટ પાલસ કથીડરલથી સધલી તરફ દશ માઈલનાં તફાવતની અંદર જે કાંઈ ગુનાહ કરી આમાં આવીઆ હોએ, તેનો ઈનસાફ "ઓલડ બેલી શેશન હાઉસ" † માં થાએછે અને તે ઈનસાફની વખતે વેસ્ટમીનસટર હાલ મધેનો એક અથવા વધતા નેઆધીસો બીરાજેછે. ફોજદારી મુકદમાંઓ કલાર કેનવેલ શેશન હાઉસ નાંમની અદાલતમાં પણ ચુકેછે.

૫૦૦ રૂપીઆ શુધીનાં લેણ દેણનાં મુકદમાંને વાસતે જે અદાલતોછે તેઓને "મીતરાપાલીટન કાઉનટી કોરટસ" કરી કેહેછે અને તે અદાલતો લંડનમાં અગીઆરછે, તાંહાં બારીસટરોને નેઆએધીસ દાખલ થેડવી આમાં આવેછે. જેઓએ દીવાલું કાહાડીઉં હોએ તેઓને વાસતે એક "બાનકરપટસી કોરટ" છે, અને જે ઓ નાંદાર દેવાદારનો લાભ લેવા ઈછતા હોએ તેઓને વાસતે એક "ઈનસાલવેનટ કોરટ" છે.

લંડંનનો જે ભાગ શેહેર કરીને કેહવામાં આવેછે તાંહાંની "પોલીસ કોરટ" માંનશન હાઉસ તથા ગીલડ હાલ મધે ભરાએછે, અને તાંહાં લારડ મેએર તથા આલડરમેનો ઈનસાફ કરેછે. આખાં લંડંનને લગતી જુદા જુદા ભાગમાં બીજી અગીઆર "પોલીસ કોરટસ" છે તાંહાં બારીસટરોને મેજીસતરેટ થેડવે

† આ અદાલતની પાશે નીઉગેટનું મોટું બંદીખાનું છે, તાંહાં મોટા ગુનેહગારોને કેદ કરીઆમાં આવેછે. લંડન ખાતે મુસાફરી કરવા ગએલા શખસે હોવાં કેટલાંએક બંદીખાનાં ખચીત જોવાં જોઇએછે, કે જેથી ઈંગલંડની સરકાર ગુનેહ ગારોને સુધરેલા જમાનાંની રીત પરમાણે કેવી રીતે રાખેછે તે તપાસવાને બની આવે. લંડન ખાતે જે બંદીખાનાંછે તેમનાં નાંમ—નીઉગેટ પ્રીજન—બરાઇડવેલ—હારસમનગર લેન જેલ—મીલબાંનક પ્રીજન—પેનટનવીલ પ્રીજન—હાઉસ આ વ કરેકશન—હાલોવે પ્રીજન. એ સધળાં બંદીખાનાંઓમાં બંધવાઓને તેમની શજા પરમાણે ઓછું અથવા વધતું કાંમ કરાવીઆમાં આવેછે. કોઇની ઉપર ઘાતકીપણ ચલાવીઆમાં આવતું નથી. બંધવાઓની પાસે જેમ બને તેમ હેવું કાંમ કરાવીઆમાં આવેછે કે જેથી કરીને તેઓ ઉપીઓગી ધંધો શીખે અને તેઓનાં કામથી બંદીખાનાંને આ એપત થાએ. અસતરી અને મરદોને છુટાં રાખીઆમાં આવેછે. છેલલું જણાવેલું બંદીખાનું તેમાં બંધવાઓને રાખવાની રીતને સારૂ વખણાએલું છે તેમ તેની અંદરની અને બાહેરની બાંધણીની ગોઠવણ ઘણીજ ખુબસુરતછે. એ બંદીખાનામાં અગત કરીને બંધવાઓ ઘણાજ સુધરેછે અને જેઓ તાંહાં એકવાર જઇ આવેછે, તેનાંનાં ઘણાખરા પોતાની આગલી નઠા રી ચાલ વીશે પસતાવો કરીને સુધરીઆ વનાં રેહતા નથી.

લાછે. એ કોરટોમાં દંડ તથા ફીઇનાં મલીને વરસ દાહાડે (૧૦૦૦૦૦) એક લાખ રૂપીઆ ઉપજેછે. લંડનની આખી પોલીસ ફોજમાં આસરે ૬૦૦૦ આદમીએાછે. કેહેછે કે લંડનમાં જે ચોરી થાએછે તેમાંથી ચોથો ભાગ માલ પાછો મલેછે. હાવી મોટી વસતીનાં શેહેરમાં અને જાંહાં જેમ વધતી શુધરાઇછે તેમ વધારે અકલવંત ચોરોછે, તાંહાં ચોરીનો આટલો માલ પાછો મલેછે તે ઓછો નથી. લંડનની પોલીસનાં કાંનસટેબ લોની ચાલાકી ઘણીછે, અને જેમ નહી માલુંમ પડે તથા અચરત શરીખી રીતે ચોરી થાએછે, તેમ તેવા પક્કા ચોરોને પકડવામાં તે કાંનસટેબલો જે ચાલાકી બતાવેછે, તે પણ અચરત થવા જોગછે. લંડનની પોલીસનો કાંનસટેબલ કધી પોતાની જગા ઉપર ઉભો રહી જીકૃતો નથી, પણ તેહની હાલ ચાલની ગણુતરી કાહાડીઆ માં આવીછે, તે ઉપરથી હેવું માલુંમ પડેછે કે દરએક કાંનસટેબલ દર રોજ પચીસ માંઇલ ચાલેછે.

ઇંગલંડનાં ઇનસાફ ખાતાં વીશે બોલતાં જે જગાએ ધારાની મદતગારી મેલવીઆમાં આવેછે તે વીશે પણ ટુકમાં જણાવવું જોઇએછે. ધારાની મદતગારી લંડન મધે, ઇનર ટેમપલ—મીડલ ટેમપલ—લીનકસ ઇન અને ગરેસ ઇન નામનાં જે અસલનાં વખતથી ખાતાંછે તાંહાં મલેછે. એ ખાતાંઓનો સઘળો કાર ભાર સઉથી ચંચલ અને નાંમ મેલવેલા બારીસટરો ચલાવેછે અને તેઓની સંખીઆ કાંઇ નાંધલી નથી, સઘળા મલીને લગભગ ૪૦૦૦ શખ્સોછે. એ ખાતાંઓમા જે ગરહસથો તરણ અથવા પાંચ વરસની મુદત શુધી ધારાનો અભીઆસ કરેછે તેઓનેજ બારીસટરનું કાંમ ચલાવવાની સનદ મલેછે. જેઓએ "યુનીવરસી ટી" માં કેલવણી લીધી હોએ તેઓની પાસે તરણ વરસ અને બીજાઓ પાશે પાંચ વરસ અભીઆસ કરા વીઆમાં આવેછે.

પ્રકરણ ૨૫ મું.

ગરેટ બરીટનનો અખતીઆર—લશકર ખાતું—વાંહાંણોની શેજ—આએપત, ખરચ, ઇતીઆદી.

ગરેટ બરીટનનું બળ તથા મોટાઇ—છુટાપણા વીશે મેલવેલું માંન—કઉઅત. સવસ્તથાંનોની બેહોલાઇ. લશકરખાતું, તેની સંખીઆ અને તેનો ખરચ. બીજા રાજવાલાઓનાં લશકરો સાથે મુકાબલો. લશકરમાં સીપાઇ તથા અમલદારો દાખલ કર વાની રીત. મીલીશીઆ—વાલંનટીઅર કોર. લશકરનો કારભાર. વાંહાંણ ખાતાંની શેજ, તેની સંખીઆ અને ખરચ. ગરેટબરીટન ઉપર હોમલો કરવાનું બીકટપણ. કીલ્લા. લડાઇનો સામાંન બનાંવવાનુ "વુલીચ આરસીનલ" નું કારખાનું. સને ૧૮૬૦-૬૧ નાં વરસનો ખરચ તથા આએપત. એ રાજનાં કરજની વીગત. વરસે વરસ વધતી આએપત. યુરોપખંડનાં બીજા મોટાં દેશાવરોની વસતી, જમીન અને આએપત સાથે મુકાબલો.

જે મુલકની રાજ્યરીતી આગલા સફાએામાં જણાવીઆ પરમાણે ઘણી મુસતેકીમ પાયા ઉપરછે, તાંહાંનાં લોકોની હાલત સારી અને આબાદ હોએ, તથા તાંહાં પરજાનુ છુટાપણુ પુરૂં હોએ, તેમાં કશો શક નથી. ગરેટ બરીટનનાં લોકો જેવું છુટાપણું ભોગવેછે, તેવું બીજી કોઇ પરજા ભોગવતી નથી. હાવા મુલકનું માંન આખી પુરથવીમાં ફેલાએ અને તેનો અવાજ દુનીઆનાં સઘળા ભાગોમાં વજન ધરાવે, તેમાં નવાઇ જેવું કાંઇ નથી. ગરેટ બરીટનનો મુલક આખા યુરોપખંડમાં એક નાંખલા ટાપુ જેટલો ગણાએછે, તોપણ તેનો અખતીઆર અતી ઘણોછે. યુરોપખંડમાં ગરેટ બરીટન, ફરાંનસ, પુશીઆ, આસટરીઆ અને રૂશીઆ, એ પાંચ મોટાં રાજે ગણાએછે અને તેમાં ગરેટબરીટન ઘણુ સારૂ વજન ધરાવેછે. એ ખંડનાં રાજકા રભારી માંમલામાં ગરેટ બરીટનની સરકારનો વીચાર હંમેસાં ધીમાંનથી સાંભલીઆમાં આવેછે, અને જે બા જુએ એ સરકાર થાએછે, તે બાજુને મોટું કઉઅત મલેલું ગણાએછે. એ સરકારે હંમેસાં પોતાની બાજુ અને પોતાનુ જોર અદલપણા અને છુટાપણાની તરફેણમાં રાખીઉંછે અને જો કોઇ નબલાં રાજને અણ ઘટતી રીતે તેનો વધારે કઉઅતમંદ પડોશી દુખ આપતો હોએ તો, તે નબલાં રાજની મદદે જવાને ગરેટ બરી ટન તઇઆર થાએછે. યુરોપખંડની તવારીખ તપાસશુંતો હેવા દાખલા ઘણા મલી આવશે. છેલલો દાખ લો ટુરકીની તરફથી ઇંગલંડને રૂશીઆ સાથે લડાઇ થાઇ હતી તેનોછે. ગરેટ બરીટને એક બાબદમાં પોતા ની ખરેખરી મોટાઇ ઘણી મેહનતે જાલવી રાખીછે, અને તેમાં તેને જેટલી સાબાસી આપીએ તેટલી થોડી છે. તે મોટાઇ જાલવવામાં એ સરકારે બીજા જાલમી રાજેની ઘણીવાર પોતાની ઉપર દુશમેની ખેંચી લીધી છે, પણ અંતે તે રાજવાલાઓને તે બાબદમાં ઇંગલંડની મોટાઇ કબુલ રાખવાની ફરજ પડીછે. ઇંગલંડે પો તાની રઇઅતને જે છુટાપણુ બખશીઉંછે, તેવું છુટાપણુ, જે કોઇ બીજા કોમ અથવા પરજાનાં શખસો, તે દે શમાં જાએ તેઓનેબી બખશીઉંછે. કોઇબી મુલકની પરજાએ છુટાપણાને વાસતે લડાઇ કરતાં, અ થવા પોતાનો હક મેલવતાં અથવા રાજદુઆરી માંમલામાં અડચણમાં આવી પડતાં ઇંગલંડ જાઇ તે દેશ નો આસરો લીધો હોએ, તો તેને ઇંલંડની સરકાર કધી તેનાં દુશમેનોનાં હાથમાં આપવાની નથી. યુરોપ ખંડનાં બીજા રાજવાલાઓ પોત પોતાની મદદને સારૂ હેવો માંન ભરેલો કાએદો રાખતા નથી. જે જે સવ

દેશ હીતકારી શખસોએ પોતાનાં જલમી રાજની દુશમેની પોતા ઉપર ખેંચીને પછી ઇંગલંડ જઈ તે મુલકનો આસરો લીધોછે, તેઓ હંમેસાં સલામતી સાથે તાંહાં બંચાવથી રહી શકીઆછે. દુનીઆનાં સઘળા ભાગો ઉપરનાં અડચણમાં આવેલા હેવા નાંમીચા શખસોને ઇંગલંડની ભુમીએ આસરો આપીએોછે, તેઓનાં નાં મ જો હીંચાં જણાવીઆં હોએ તો, તેની લાંબી ટીપથી કેટલાએક સફા ભરાઈ જાએ. જુલમી રાજેતી સાં હાંભણે એ પરમાણે ઇંગલંડ દુખીઓને જે આસરો આપેછે, તેથી જે રાજવાલાઓને પોતાનાં સતરૂઓ ઉપર ફાવવાને બંનતું નથી, તેઓ ઇંગલંડ વીશે બુરૂં બોલેછે, અને એ દેશ " ખુનીઓ અને ચોરોની ગોફા " છે હેવું કેહવાને આચકો ખાતા નથી. પણ ફરતા બનાંવથી ઘણી વખત યુરોપખંડનાં દરએક મુલકનાં લોકોને ત થા પાદશાહો અને ઉમરાઓ શુધાંને, ઇંગલંડનો આ આસરો લેવાને ફરજ પડીછે. વધારે લંબાણ જવાની અગત નથી. ફરાંનસનો હાલનો શાંહાંનશાહા લુઈ નેપોલીઅન જેવારે ગાદી ઉપર નહી હતો, અને પોતા નાં જંનની સલામતી સાથે તે મુલકમાં નહી રહી શકીએો હતો, તાહરે ઇંગલંડમાં આવીને રહો હતો. જો યુરોપનાં બીજાં રાજોની નાફક ઇંગલંડબી હતે તો, નેપોલીઅનને તરત ફરાંનસને હવાલે કરીઆમાં આ વતે, અને આજે શાહાંનશાહી ભોગવીઆને બદલે તે બોરમાં હતે. હેવો આસરો ઇંગલંડનોછે. તાજ પે હરેલા શાંહાંનશાહોએ એ દેશનો આસરો લીધોછે, એ કાંઈ ઇંગલંડને થોડું માંન નથી. દુખીઆરાઓની તરફે ણમાં ઇંગલંડની સરકારે હંમેસાં પોતાનુ બલ કાંમે લગાડીઉંછે, તથા કરોહો રૂપીઆ ખરચીઆછે. આદમી જતને સઉથી હીનપસતી લગાડનારો ગોલાંમનો વેપાર કાહાડી નાંખવામાં અને પુરથવી ઉપરનાં દરએક રા જની પરજાને જેમ બને તેન તેનાં જીવનુ છુટાપણુ બખશવાને સારૂ ઇંગલંડને કેટલી ભારી જેહમત ખમવી પડીછે, અને તેમાં કેટલા કરોહો રૂપીઆ ખરચાયાછે, તે વાત ઇંગલંડની તવારીખનાં અલીઆસીને સારી પ ઠે રોશનછે. ગરેટ બરીટનનાં લોકો પોતે છુટાપણુ ભોગવવામાં સઉથી પેહલલાછે, એટલુંજ નહી, પણ બીજ ઓને સારૂ છુટાપણુ મેલવવામાં સઉથી વધતી મેહનત તથા આગેવાંની કરેછે.

યુરોપખંડમાં ગરેટ બરીટન તથા આએરલંડનુ મુલક બીજા મુલકો કરતાં નાંધલુંછે, પણ તેનુ કઉમત અને નાંમ ઓછું નથી—બલકે સઉ કરતાં વધતુંછે. પણ તેને તાએમે જે મોટાં સ્વસથાંનોછે, તેથી બીજા રાજ વાલાઓને મોટી અદેખાઈ ઉપજેછે. દુનીઆનાં સઘળા ભાગોમાં એ કઉમતમંદ રાજનાં સ્વસથાંનો હોવા થી એ સરકારને વાસતે વાજબીની રાહે હેવું કેહવામાં આવીઉંછે કે " ધી સન નેવર સેટસ આંન બરી ટીશ ડોમીનીએંનસ " એટલે બરીટનની હકુમતનાં દેશો ઉપર સુરજ કધી આથમતો નથી, એટલે જે દુનીઆ નાં એક ભાગમાં બરીટીશ સરકારની હકુમતનાં દેશમાં રાત હોએતેતો, કોઈબી બીજા ભાગમાં દીવસનો વખત હોએ, તેથી એક વખતે સંધે અંધારૂં પડતું નથી અને તેથી એ રાજનાં સ્વસથાંનોની બોહોલાઈ માલુંમ પડે છે. યુરોપખંડમાં ગરેટ બરીટંનનુ રાજછે; એશીઆખંડમાં ગરેટ બરીટનનુ રાજછે; આફરીકાખંડમાં ગરેટ બરી ટનનુ રાજછે, અને આંમેરીકાખંડમાં પણ એ મુલકનું રાજછે. હેવી હાલત બીજા કોઈ રાજવાલાની નથી.

ગરેટ બરીટનનાં રાજનાં બંચાવને વાસતે તથા અગત પડે તાહારે પોતાનાં માંનની જાલવણીને સારૂ તથા તેની હકુમતને તાએબેનાં સવસથાંનોની જાલવણીને સારૂ જોઈએ તેવું આદમીઓનું તથા વાંહાંણુ ખાતાં નું લશકરછે. આ બે બાબદમાં ઇંગલંડનુ કઉમત કેટલુંછે તે નીચે જણાવેલી વીગત ઉપરથી માલુંમ પડશે. અસલનાં વખતમાં પાદશાહોને લશકરની મદદ કેમ મલતી હતી તે આગલ જણાવીઉંછે, પણ જેમ જેમ એ મુલકનુ અગતપણુ વધતું ગયું, તેમ તે મદદ પુરતી માલુંમ પડવા લાગી નહી. " ફીઉડલ સીસટમ" નાં કાએદાથી પાદશાહો હરેક વખતે ૬૦૦૦૦ આદમી ભેગાં કરી શકતા હતા, અને તે લશકરનો તેઓને કાંઈ ખરચ પડતો નહી હતો. તે વખતમાં કીલ્લાઓ થોડા હતા અને લડાઈઓ હુંનરનાં કાએદા ઉપર થાતી નહી હતી. સાંમે સાંમનાં લશકરો વગર ધીલ કરવે એક એકની ઉપર હોમલો કરતાં હતાં, અને લડાઈનુ સે

વટ થોડી મુદતમાં માલુંમ પડી આવતું હતું. પણ " પલાંનટાજનેટ " ખાંનદાંનનાં ઇંગલંડનાં પાદશાહોએ પારકા મુલકો ઉપર હોમલો કરવાનું શરૂ કીધું, અને ફરાંનસનાં લશકર સાથે લડાઈ ચાલુ કીધી, તારે તેઓએ જોયું કે " ફીઉડલ સીસટમ " થી જે તરેહનું લશકર એકઠું થાઈ શકેછે, તેનાં કરતાં વધારે કવાએદ મેલવેલાં આદમીઓ લશકરમાં જોઈએ, કાંએજે તે વખતે ફરાંનસનાં લશકરે થોડી ઘણી કવાએદ લીધી હતી. પાદશા હા બીજા હેનરીએ ૧૧૫૯ નાં શાલમાં " કાંઉનટ આવ ટુલોસ " ની સાથે લડાઈ કીધી તાહરે તેણે " ફીઉ ડલ સીસટમ " પરમાણે આદમીઓ લીધાં નંહી, પણ આદમીઓને બદલે (૨૭૦૦૦૦૦) બે કરોડ સીતેર લાખ રૂપીઆ લીધા અને તે રકમમાંથી ખરચ કરી કવાએદ વાલા શખસોને સીપાઈ બનાંવીઆ કે જેઓ ની હીમત ઉપર લડાઈનાં મેદાંનમાં ભરોશો રાખી શકાએ. તાહર પછે જારે લડાઈ હોએ, તારે પાદશાહોએ આદમીને બદલે પઈસા લેવાનું શરૂ કીધું. આ ચાલ કેટલુંએક શુધી ચાલી અને ૧૬૬૦ નાં શાલમાં પાદ શાહા બીજા ચારલસનાં વખતમાં ૫૦૦૦ આદમીઓનું જથુક લશકર રાખીઆમાં આવીઉં. હેવાં જથુક લશકરનાં ફાએદા ઘણાંછે. આગલી રીત પરમાણે હંમેસાં વગર કવાએદનાં આદમીઓ સીપાઈ બને, તેઓમાં કઉવ્વત અને હીમત થોડી હોએ તેમાં નવાઈ જેવું નથી. જથુકનુ લશકર સુલેહનાં વખતમાં પણ પોતાની કવાએદ જારી રાખેછે, તેથી તેઓ લડવાને વધારે લાએકછે. વલી આગલા વખતમાં જારે દારૂગોળો નહી હ તો તે વખતે કાચા સીપાઈઓ ચાલી શકતા હતા, પણ જેમ જેમ વીદીઆ અને હુનરનાં બળથી દર રોજ લડાઈની રીત ભાંતમાં ફેરફાર થાતો ગયો, તેમ તેમ જથુક કવાએદવાલાં તથા તેહવા ફેરફારથી માહેતગારી અને અનજમાએસ ધરાવનારાં લશકરની વધારે અગત દીસવા લાગી. હેવાં જથુક લશકરને વાસતે જેઓની ફી ઉડલ સીસટમ પરમાણે આદમીઓ પુરાં પાડવાની ફરજ હતી તેઓની પાસેથી પઈસા લીધામાં આવતા હતા, પણ પાદશાહા બીજા ચારલસનાં વખતમાં તે ચાલબી કાહાડી નાંખીઆમાં આવી હતી અને એ ખરચ સ રકારની આએપતમાંથી કરવાનો થેડાવ થાયો હતો. પાદશાહા બીજા જેમસનાં વખતમાં (૩૦૦૦૦) તરી સ હજાર આદમીનુ લશકર કીધામાં આવીઉં હતું. તાહર પછી આસતે આસતે વધતાં બરીટીસ સરકારની ફોજ " મીલીશીઆ * " શુધાં આજ દીને આસરે (૨૨૫૦૦૦) બે લાખ પચીસ હજાર આદમીનીછે † અને તેને માંથે સરકારને દર વરશે લગભગ (૧૫૦૦૦૦૦૦) પંદર કરોડ રૂપીઆનો ખરચ થાએછે. સને ૧૮૬૦—૬૧ નાં વરસનાં લશકરનાં ખરચને વાસતે પારલામેનટની સભાએ (૧૪૮૪૨૨૭૫૦) ચઉદ કરોડ, ચોરીઆસી લાખ, બાવીસ હજાર, સાતશો પચાશ રૂપીઆ આપીઆછે. ઉપલાં લશકર વતરોગે, ગરેટબરીટનનાં તાબાનાં સવસથાંનોમાં બીજાં લશકરોછે. બરીટીશ સરકારનું લશકર ચાર જાતનુંછે, તેમાં " કેઆવલરી "

---

* ગરેટ બરીટનનાં જુદા જુદા ભાગમાં મીલીશીઆની રીજમીંટોછે, તે સકત ગાંમનાંજ ચાકરી કરેછે, અને જારે જ થુકનાં લશકરનાં સીપાઈઓ કોઇ બાહેરની લડાઈમાં ગુંતેછે, તારે આ રીજમીંટો દેશમાં ઘણી સારી ચાકરી કરેછે. થોડુંએકની વાત ઉપર પારલામેનટની સભાએ કરેલા ધારા મુજબ આ મીલીશીઆ રીજમીંટોને પણ દેશની બાહેર ચાકરી કરવા ચોકલવાનો અખતીઆર લશકરી સતાવાલાઓને આપીઆમાં આવીએાછે.

† હાલમાં ગરેટબરીટન બધે પરજનાં લોકોમાં લશકરી બલાસનો અતીશે વધારો થાયોછે. ગાંમે ગાંમનાં લોકોએ અગત પડે તારે દેશનાં બંચાવમાં હથીઆર ઊંચકવાને પોતાની ઇંછા બતાવીછે અને તેને વાસતે " વાલંનટીઅર કોર " ની મોટી સંખીઆ થાઇછે. એ જાતનાં લશકરમાં સઘળે વાંધેનાં લોકો સામેલ થયાંછે, તેઓને કોઇ કોઇ વાર કવાએદ આપીઆમાં આવેછે અને ભાદા ન કરે, પણ કોઇ દીને ઇંગલંડની ઉપર કોઇ હોમલો કરે તો, આ પરમાણે ઊભા થાએલાં વા લંનટીઅર કોરથી દેશનો મોટો બંચાવ થાએ અને સરકારને કશો ખરચ પણ થાએ નહી. આ પરમાણેની લોકોની હીમ તથી તેઓનો પોતાનાં દેશ ઉપર મોટો પીઆર દીશેછે. હાલમાં એ કોરશમાં (૧૩૦૦૦૦) એક લાખ તરીસ હજાર આ દમી સામેલ થયાંછે અને અગત પડે તો પાંચ લાખ આદમી સામેલ થાએ હેવી ગણતરી ધારીઆમાં આવીછે.

એટલે ઘોડસવાર લશકર; ઇનફટરી એટલે પેદલ લશકર; આરટીલરી એટલે ટોપખાતાંનુ લશકર; એનજીનીઅર સનું ખાતું. યુરોપખંડનાં બીજાં મુલકોનાં લશકરો સાથે સરકાવતાં બરીટીશ સરકારની ફોજની સંખીઆ નાં ધલી દીશેછે, પણ તે વીશેનાં કેટલાંએક કારણોનો વીચાર કરશુંતો આપણને સમજ પડશે કે, એ બાબદમાં પ ણ એ સરકારનું કઉઅત વધતુંછે. આસટરીઆનુ લશકર ૬૬૮૦૦૦ આદમીનુંછે; ફરાંનસનુ લશકર ૪૦૯૦૬૨ આદમીનુંછે; રૂશીઆનું લશકર ૬૦૦૦૦૦ આદમીનુંછે. એ મુલકો ગરેટબરીટન કરતાં ભરતમાં મોટાંછે તથા તેમની વસતી વધતીછે, માટે જમીન અને વસતી મુજબ કેટલુંએક વધતું લશકરતો તે સરકારોને રાખવું જોઇએ. બીજું એકે એ સરકારોની પરજા ગરેટ બરીટનની સરકારની પરજાની માફક તખત સાથે હમેસાં વફાદારી રાખતી નથી. તેઓને પોતાનાંજ મુલકમાં પરજાની ઉપર હકુમત ચલાવવાને તથા તાબેદા રી બેસાડવાને વાસતે ઘણી વખત લશકરની મદદ જોઇએછે, કે જેવી મદદ બરીટીશ સરકારને ઘણુ કરી ને જોઇતી નથી, માટે આ અગતનો વીચાર, તથા મુલકની બેહોલાઇ અને વસતીની સંખીઆ ઉપર નેગા હ કરતાં ગરેટ બરીટનની સરકારનુ લશકર યુરોપની બીજી સરકારોનાં કરતાં ઓછું ધારીઆમાં આવતું નથી. વલી તવારીખ ઉપરથી આપણા જોયામાં આવેછે કે, જે જે લડાઇઓમાં બરીટીશ લસકર ગયુંછે તાંહાં તેઓએ કેવી ફતેહ મેલવીછે. બરીટીશ સીપાઇઓ તેમની બાહાદુરીને વાસતે ઘણા વખણાએલાછે, અને તેઓની સં ખીઆ ઓછીછે, તોપણ તેઓની કવાએદ અને હીમત તેમાં અતી ઘણો વધારો કરી આપેછે. સુલેહનાં વ ખતમાં એ લશકરોને સારી કવાએદ તથા લડાઇની માહેતગારી આપવાને વાસતે કોબહાંમ, આલડરશાટ, શારનકલીફ, ચાટાંમ અને આએરલંડમાં કરા આગલ મોટી છાવણીઓ બનાંવીઆમાં આવેછે, અને તાંહાં લડાઇ હોએ તેમ સઘળી કવાએદ આપીઆમાં આવેછે, તેથી એ ફોજ જાહરે જોઇએ તારે લડાઇને વાસતે હોશીઆર રેહેછે. બરીટીશની લશકરી ફોજની હીમત અને કઉઅત અને ફતેહનો વીચાર આપવાને વાસતે હીંયાં જેટલું લખીએ તેટલું થોડું ગણાએ, જે જે લડાઇમાં ઇંગરેજો ગુંતીઆછે તેઓનો હેવાલ વાંચીઆથીજ તે વીશે સમજ પડશે.

યુરોપખંડમાં રૂશીઆની અને બીજી મોટી સરકારો પોતાનાં લશકરમાં આદમીઓને રાખવાને સા રૂ પરજાનાં કેટલાએક લોકોને ફરજ પાડેછે, તેમ બરીટીશ સરકાર કરતી નથી. જેમ પરજાનાં સઘળા લોકો પોત પોતાને ગમે તે ધંધો કરે, તેમ જેઓની મરજીમાં આવે તેઓજ સીપાઇની ચાકરી કરે, હેવો આ સરકા રનો કાએદોછે, તેથી જેઓ પોતાની ખુશીથી સીપાઇ બનીઆ હોએ તેઓ તે ધંધો પસંદ કરે, અને તેમાં નાં ખ મેલવવાની ઉમેદ રાખે તેમાં કશો શક નથી. જે ધણીને લશકરમાં સીપાઇ દાખલ રેહવું હોએ, તે ધણી તે કાંમસર થડેલા અમલદાર પાશે જઇ પોતાની ઇછા જાહેર કરેછે, તારે તેને એક "જસટીસ આવ ધી પી સ" અથવા સુલેહનાં અમલદાર પાશે લઇ જયામાં આવેછે, તે ગરહસથ પેલા સખશને ધારા પરમાણે સ વાલ કરેછે અને તેની મરજીથી વાકેફ થાએછે, પછી તેને વલી વીચાર કરવાને વાસતે એક બે દીવસનો વ ખત આપીઆમાં આવેછે, કે તે હુલરાઇથી કાંઇ કાંમ કરે નહી. એ વખતમાં ગમે તો તે પોતાનો વીચાર ફેરવે, પણ તારે તેને રૂપીઆ દશનો દંડ આપવો પડેછે, અને જો વીચાર નહી ફેરવેતો લશકરમાં દાખલ ક રીઆમાં આવેછે, અને તેને થેડવેલી બખશેસ તથા કપડાં તથા કેટલીએક અગતજોગ વસતુઓ આપીઆ માં આવેછે. જે સીપાઇઓ સારી ચાલ ચલાવેછે, તથા હીમત દેખાડેછે, તેઓ "નાંન કમીશંનડ" તથા "કમીશંનડ આફીસર" નાં હોધા ઉપર પણ જાઇ શકેછે. જેવારે તેઓ અશેકત થાએછે અથવા ઘડતી મુદત શુધી ચાકરી કરેછે, તારે તેમને બેહો મુસારો મલેછે તથા બીજી રીતે તેઓની માહાવનજત કરીઆમાં આવેછે.

લશકર મધે અમલદારો જે થડેછે, તે પરધાનોની મારફતે રાંણીનાં હોકમથી થડેછે. પણ જેઓએ લશકરમાં દાખલ થવું હોએ, તેઓને પેહલલાં એક થેડવેલી પરીખશા આપવી પડેછે અને પછી તેઓને કોઇ

ઇનાંમ અથવા બખશેસ દાખલ અથવા કમીશન વેચાતું લઇને લશકરમાં દાખલ કરીઆમાં આવેછે. પછી તેઓને જેમ પદવી ચહડવી હોએ, તેમ નાંણુ આપવું પડેછે. એટલે એક રીજમીટનાં કોઇ લફટેનંનટ કલનલને જો તે ની નીચેનો અમલદાર જે મેનર હોએ, તે ઉપલા હોધાનાં કમીશનની થેડવેલી રકમ આપેતો, તે અમલદાર ચાકરી છોડે, અને પેલો મેનર લફટેનંનટ કલનલ થાએછે, અને મેનરની નીચે જે કપતાંન હોએ, તે પેલા મેનરને રૂપીઆ આપેછે. એ પરમાણે ઉતરતાં એનસાઇન શુધી કમીશન વેચાએછે અને છેલ્લા એનસાઇ નને જે અમલદાર નવો દાખલ થાએછે તે રૂપીઆ આપેછે. આ પરમાણે વધતી પદવી મેલવવાની ચાલ વીશે ઘણુંએક તરેહનાં મતો આપીઆમાં આવેછે, પણ આ કેકાંણેતો જે હકીકતછે તેજ જણાવવી અગત નીછે. જે અમલદારો લડાઇમાં બાહાદુરી બતાવેછે, તેઓને પાદશાહા તથા દેશની તરફથી માંન આપવામાં કશી કશુર રાખીઆમાં આવતી નથી, તેથી બરીટીશ સરકારની ફોજમાં ઘણીવાર નાંમીચા અમલદારો નીક લી આવીઆછે, અને જેઓનાં નાંમ તવારીખમાં હમેસાં જીવતાં રહેઆંછે.

લશકર ખાતાંનો સઘળો કારભાર અગત કરી બે અમલદારોનાં હસતકમાંછે. "સકરેટારી આવ ઇસટેત ફાર વાર" નો હોધો ધરાવનાંર પરધાંન પારલામેનટની સભાની આગલ લશકરખાતાંની સઘળી વીગ ત જાહેર કરેછે, તથા લશકરમાં કેટલાં માંણશ જોઇએ તેહનો અડસટો મેલેછે, અને તેટલું લશકર રાખવાની રજામંદી મેલવેછે † તથા લડાઇનાં વખતમાં કેટલુ લશકર બાહેર મોકલવું અને કોણને સરદારો થેડવવા, તે સંધળું તે પરધાંનનાં હસતકમાંછે. લશકરની કવાએદનુ સઘળું કાંમ કમાંનડર ઇન ચીફનાં સવાધીનમાંછે.

પણ ગરેટ બરીટનની સરકારનું સઉથી વધતું કઉઅત વાંહાંણુ ખાતાંની ફોજમાંછે. એવી વાંહાંણુની ફોજ બીજા કોઇ રાજવાલાની નથી અને આખી દુનીઆનાં દરીઆઓની પાદશાહી જોયા ઇંગલંડ ભોગવેછે. ગરેટ બરીટનનુ મુલક ટાપુનાં આકારમાં પડીઆથી તેનાં બંચાવમાં વાંહાંણુની ફોજ સઉથી શરસ જોઇએ, અ ને એજ મતલબથી એ ફોજ પેહલલાં ઉભી કરીઆમાં આવી હશે, તે આજ દીને એટલુંતો કઉઅત ધરાવેછે કે પોતાના બળથી આખી દુનીઆને બીહવાડેછે. એ ફોજની ધાસતીથી આજે ઇંગલંડની ઉપર કોઇથી હોમલો કરી શકાતો નથી અને જો કોઇ તેમ કરવા જાએ તો ભારે શેકસતે પાંમીઆ વગર પાછો આવે નહી. રાંણી એલીજાબેથનાં વખતની આગમજ ગરેટ બરીટનની સરકારનાં હસતકમાં થોડાંજ વાંહાંણો હતાં. એ પેહલવાંત રાંણીએ "સ્પાંનીશ આરમેડા" સ્પેનનાં રાજની વાંહાંણોની મોટી ફોજને હરાવી હતી, તે દીવસથી ઇંગલંડ ની વાંહાંણુ ખાતાંની ફોજનુ નાંમ ભારી વખણાયુંછે. એ વખતે ઉપલી લડાઇમાં સધળાં મલીને ૧૭૬ બારકસ અને ૧૫૦૦૦ માંણસ હતાં, તે મધે ૪૦ વાંહાંણુ અને ૬૦૦૦ ખલાસી સરકારનાં હતા, અને બાકીનાં વાં હાંણો તથા આદમીઓ જુદાં જુદાં બંદરોનાં વેપારીઓનાં હતાં. પાદશાહા બીજા જેમસનાં વખતમાં આ ખાતાંની ફોજમાં વધારો થાયો હતો અને તે વખતે સરકારને હસતક સધળા મલી ૧૦૧૮૯૨ ટંનનાં ૧૭૩ બારકસો હતાં, તેઓ ઉપર જુમલે ૬૯૩૦ ટોપ હતી અને ૪૨૦૦૦ ખલાસીઓ હતા. તાહરપછી એ ખા તાંમાં વધારો થાયા કીધો હતો, અને જોકે વચમાં ફરાંનસ અને સ્પેનની એકઠી મલેલી ફોજે બરીટીશની ફોજનું જોર કાંઇએક ઉતરતું કીધું હતું, તોપણ રાડની, હોએ, ડંનકંન, સેનટ વીનસેનટ અને નેલસનની જુ દી જુદી ભારી ફતેહથી દરીઆઓ ઉપર ઇંગલંડની પાદશાહી સાબેત થાઇછે. નેપોલીઅંન બોનાપારટનુ જે

† દેશમાં કેટલું લશકર રાખવું, તે વીશે દર વરસ પારલામેનટની સભા થેડવેછે અને એમ કરવાની જરૂર એમ પડીછે કે; આગલા વખતમાં પાદશાઓએ લશકરની મારફતે લોકોનાં છુટાપણાનાં હકમત કરવાની કોશેસ કીધી હતી, તેથી હવે દર વરસે લ શકરને સારૂ પારલામેનટમાં "મીઉટીની આકટ" પસાર કરવામાં આવેછે, કે જો અગર કેવું કાંઇ મનેકે પાદશાહ તે લશકરનો આડો ઉપીએાગ કરે, તો ઉપલી સભા તે ધારો પસાર નહી કરે, અને તારે લશકરનો ખરચ મલે નહી, એટલે લશકર નહી રાખ્યું જેવું થાઇ પડે.

૨ કંમ કરવામાં ઇંગલંડની ફેજે કેટલી મેહેનત કીધી હતી, તે વાતથી કોઇ અનજાણ નથી. એ શાંતશાહા સાથેની વાંહાંણ ખાતાંની લડાઇમાં બરીટીશની ફેજે સઘળા મલીને પ૬૯ બારકસો હાથ કીધાં હતાં તથા નાંસ કીધો હતો અને તે વખતે બરીટીશની વાંહાંણની ફેજનું કઉઅત સારી પડે માલુંમ પડીઉં હતું. હાલમાં બરીટીશ સરકારની વાંહાંણની ફેજમાં સઘળી જાતનાં અગનીનાં સાંચા સાથનાં લડાઇનાં બારકસો ૨૪૪ છે અને તે ઉપરાંત મનવારો તથા સડતાં ઘણાએક બારકસોછે. હાલનાં સમેમાં બરીટીશ સરકારે પો તાની વાંહાંણની ફેજની બાબદમાં આગલનાં કરતાં પણ વધતું ધીઆંન આપવા માંડીઉંછે, કાંએજે ફરાંનસ તથા રૂશીઆનાં રાજ વાલાએાએ પોતાની વાંહાંણની ફેજ વધારવા માંડીછે. બરીટીશ સરકાર સારી પઠે જાં ણેછે કે, એ ફેજમાં જો તે ઉતરતી થાઇ, તો પછી તેનું મોટું નાંમ કાએમ રેહેશે નહી, અને દરીઆએાની સર દારી જતી રેહેશે તેથી હાલમાં ઇંગલંડની ગોદીએામાં લડાઇનાં મોટાં બારકસો બાંધીઆમાં આવેછે. આગલા વરસોમાં વાંહાંણ ખાતાંની ફેજ તથા ખલાસીએા મલી ૬૦૦૦૦ થી વધારે આદમીએા રાખીઆમાં આવતાં નહી હતાં, પણ સને ૧૮૬૦—૬૧ નાં વરસને સારૂ સઘળા મલીને (૮૦૦૦૦) હેંસી હજાર આદમીએા રાખવાની પરવાંનગી પારલામેનટની સભાએ આપીછે અને તે ફેજનાં ખરચને સારૂ તથા વાંહાંણ ખાતાંનાં બીજા ખરચોને સારૂ મોટી રકમ આપીછે. એ વરસનાં સરકારી ખરચનાં અડસટામાં જણાવીઉંછે કે વાં હાંણ ખાતાંની ફેજ તથા મેલ લઇ જવા લાવવાની બાબદનો ખરચ મલી (૧૩૯૦૦૦૦૦૦) તેર કરોડ, નેવું લાખ રૂપીઆ જોઇશે.

ગરેટ બરીટન ઉપર કોઇ પારકા રાજ વાલો હોમલો કરવા ધારે તો, તે કાંઇ સેહલું કાંમ નથી. વાંહાંણ ખાતાંની ફેજ એ મુલકનો મોટો કીલ્લોછે, અને જે શખસ હોમલો કરવા આવે, તેની ફેજ સહી સલાંમત પોતાને મુલક પાછી જાએ, હેવી આશા રાખવી નહી. વલી આ મુલક ટાપુછે, તેથી કરીને જે જે બંદરોમાં વાં હાંણ આવી શકે તેવાંછે તાંહાં ભારી અને મજબુત કીલ્લાછે. વલી હાલમાં સઘળી રીતે આ મુલકને બંચા વની હાલતમાં મુકવાની કોશેસ કરીઆમાં આવેછે, તેમાં હેવું જણાવીઆમાં આવીઉંછે કે સઘળા કીલ્લાએા ને વધારે મજબુત કરવામાં (૧૦૦૦૦૦૦૦૦) દશ કરોડ રૂપીઆનો ખરચ લાગશે. વલી જો હેવો કોઇ બનાં વ બને કે ઇંગલંડની ઉપર કોઇ હોમલો કરવાને ધારે તો, એ મુલક તેનાં દેશીએાને એટલોતો પીઆરોછે, કે દરએક જણ પોતાનાં દેશનાં બંચાવને સારૂ હથીઆર પેહરીઆ વગર રેહે નહી. એ પરમાણે ગરેટ બરીટન ને પોતાનાં લશકરનુ, વાંહાંણ ખાતાંનુ, કીલ્લાએાનું અને રઇએતનાં દરએક આદમીનુ કઉઅતછે. હેવાં મુ લકને જીતવાની કોણ હીમત કરી શકે ! †

† લશકરનો સઘળો સામાંન જે લંડનથી ૧૨ માઇલની વેગલાઇએ વુલીચ નાંમનાં ગામમાં એક મોટી આરસી નલમાં બનેછે તે મોટું કારખાંનુંછે અને તે બરોબર જોવા લાએકછે. એ કારખાનાંને "વુલીચ આરસીનલ" કરી કેહેછે, તે જોવા જવાને સારૂ "સેકરેટારી આવ સ્ટેટ ફાર ધી વાર" પરધાનની રજા આગમજથી મેલવવી જોઇએછે. બરીટીશ રઇ એત વગરે પારકા રાજવાલાએાને તે આરસીનલ જોવા જવાની પરવાંનગી મલતી નહી. આ પુસતક લખનારને બરીટીશ ર ઇએત દાખલ તે જોવા જવાને તરત પરવાંનગી મલી હતી, અને ઇંગલંડ ખાતે ગએલા મુસાફરે આ આરસીનલ અગત કરીને જોવી જોઇએછે, કાંએજે તેથી કરીને બરીટીસ સરકાર પોતાનાં લશકરોને સારૂ લડાઇનાં હથીઆરો તઇઆર કરવાનાં કેવા ઉપાયો કરેછે, અને તેમાં તેઓનું કેટલું કઉઅતછે, તે જોવાને તેને બની આવશે, એટલું જ નહી, પણ એક અચરત સ રીખું કારખાંનુ જોયામાં આવશે, કે જાંહાં તરેહવાર સાંચાએાથી કેટલા થોડા વખતમાં કેટલી બધી વસતુએા બનેછે. કારીગરી નાં મોટાં મોટાં કારખાંનાંએાને વાસતે ગરેટ બરીટન વખણાએલુંછે, તેનાંનુ સઉથી સરસ કારખાનું એક આછે, તેમાં કશો સં ધે નથી. આસરે એક હજર સાંચાએા તથા દર રોજ તરંણ હજારથી વધારે આદમીએા હીંચા કાંત કરેછે. મોટી મોટી ટો પો ગાલવાને વાસતે મોટી લઠીએા ચલાવીઆમાં આવેછે અને તે ટોપોને ઓટીઆ પછી તરેહવાર સાંચાએાની મારફતે તેમાં મે લવાના ગોલાનો રસતો તથા તેને ઊપરથી કોતરી સાર કરવાનું કાંમ ચલાવીઆમાં આવેછે. દરએક ટોપ તઇઆર થયા પ છી તે ચાટી નહી જાએ તેવીછે કે નહી, તેની તપાસને સારૂ એક હેવો કીમતી સાંચો બનાંવીએાછે કે જાણે આપણે એક રમક ડું તપાસતા હોઇએ, તે પરમાંણે તે ભારી ટોપને સઘળી તરફથી ફેરવીને તે સાંચામાં તપાસીઆમાં આવેછે. જે કોકાંણે ટોપ

હવે ગરેટ બરીટન તથા આએરલંડનાં એકઠાં મલેલાં રાજની આએપત તથા ખરચ કેટલોછે, તે જોઇ એ. એ સરકારનો આ બાબદમાં જે કાએદોછે, તે ઘણોજ સારોછે. દરએક વરસનાં ખરચનો અડસટો આગમજથી કાહાડીઆમાં આવેછે, અને તેવો અડસટો કાહાડતી વેલાએ ચોકસી રાખીઆમાં આવેછે કે, કોઇ અંતખટતો અથવા જરૂર કરતાં વધતો ખરચ થાએ નહી. એ અડસટો દર વરસે "આંનસેલર આવ ધી એકસચેકર" નાંમનો પરધાંન પારલામેનટની સભાની હજુર મેલેછે, અને પછી તે ખરચ પુરો પાડવાને સા રૂ કેવા ઉપાયો લેવા, તે વીશે તે સઘળી ગોઠવણ બતાવેછે. જેમ વધતો ખરચ હોએછે, તેમ કરોમાં તથા જ ગાતોમાં પારલામેનટની રજામંદીથી વધારો કરીઆમાં આવેછે, તેથી કરીને એ મુલકની દર વરશની આએપ તમાં ફેરફાર માલુંમ પડેછે. ટુકમાં જેમ ખરચ વધતો હોએ તેમ આએપત વધારવાનાં ઉપાયો કરી બંધે બા જુ એક સરકી કરીઆમાં આવેછે. આ રાજનો ૧૮૬૦—૬૧ નાં વરશનો ખરચ તથા આએપતનો અડ સટો નીચે જણાવીઆ પરમાણેછે.

ખરચ.	રૂપીઆ.
કરજનાં વીઆજનાં †	૨૬૨૦૦૦૦૦૦
કંનસાલીડેટેડ ફંડ મધેથી થાતો ખરચ—રાંણીનો લવાજમ, પરધાં નો તથા ગાંમખાતાંનાં અમલદારોનાં પગાર, ઇતીઆદી.....	૨૦૦૦૦૦૦૦
લશકર તથા મીલીશીઆ ખાતું (ચીતની લડાઇનાં ખરચ શુધાં)..	૧૫૮૦૦૦૦૦૦
વાંહાંણ ખાતાંની ફેજનાં તથા મેલનાં ખરચનાં.....	૧૩૯૦૦૦૦૦૦
પરચુટન ગાંમખાતાંનાં ખરચનાં	૭૫૦૦૦૦૦૦
આએપત ખાતાંનાં ખરચનાં	૪૭૦૦૦૦૦૦
જુમલે	૭૦૧૦૦૦૦૦૦

ની ગાડીએા અને તે ગાડીનાં પઇડાં બનાંવીઆમાં આવેછે, તાંહાં ગયાથી પણ આપણને ઘણીએક અચરતી ઊપજેછે. એ કા રણને સારૂ લાકડાં કાપવાને વાસતે આગનાં સાંચાથી ચાલતી એક ગોલ કરવત બનાંવીઆમાં આવીછે અને તેની ઝડપ આપ ણે જોયાજ કરીએ. ગોલીએા તથા બંદુકો, તથા કેઆપસ તથા કારટરીજ એ સઘળું તરેહવાર સાંચાએાથી બનેછે, તે સઘળું કેમ બનેચ તે બરાબર સમજ પડવાને સારૂ નજરે જોવું જોઇએચ, અને લંડન ખાતે જનારે ગરેટ બરીટનનું લડાઇનું કઉ વત બતાવનારૂ આ કારખાનું જોવા જવાને ભુલવું નહી જોઇએ. કરીમીઆની લડાઇની વખતે એ કારખાંનાંમાં દર રોજ દશ હજર આદમી કામે લાગતાં હતાં. આ આરસીનલમાં દર અડવાડીએ છ, નવ, અને અઢાર રતલનાં ગોલાની ૧૪ ટોપો બની શકેછે. ગોલીએા તથા કેઆપસ અને કેઆરટરીજો તો દર અડવાડીએ ગણતરી વગરનાં થાઇ શકેછે. જેમ બને તેમ સાંચાએા ની ગોઠવણ રાખીઆથી, જરે જોઇએ તારે એ આરસીનલ ઇગલંડ ગમે તે લડાઇમાં ગુતે તેનો સામાંન પુરો પાડવાને શકતી વાંનછે. ટોપ તથા બંદુકને વાસતે દારૂ પણ એજ આરસીનલમાં બનાંવીઆમાં આવેછે.

† બરીટીશ સરકારનું કરજ આજે કેટલુંછે અને દીન ઊપર દીન તે કેટલું વધતું ગયુંછે, તે નીચે જણાવેલી વીગ ત ઊપરથી માલુંમ પડશે.

સને ૧૬૮૮ નાં વરસમાં	૬૬૦૦૦૦૦	રૂપીઆનુ કરજ હતું.	સને ૧૮૧૪ નાં વરસમાં	૮૬૫૦૦૦૦૦૦૦	રૂપીઆનુ કરજ હતું.
૧૭૦૨ નાં "	૧૬૫૦૦૦૦૦૦	"	૧૮૧૭ નાં "	૮૪૮૨૮૨૪૪૭૦	"
૧૭૧૪ નાં "	૫૪૦૦૦૦૦૦૦	"	૧૮૩૦ નાં "	૮૪૦૧૮૪૬૬૨૦	"
૧૭૪૮ નાં "	૭૮૦૦૦૦૦૦૦	"	૧૮૪૦ નાં "	૭૮૬૫૭૮૭૦૦	"
૧૭૬૩ નાં "	૧૩૮૦૦૦૦૦૦૦	"	૧૮૪૫ નાં "	૭૬૮૭૮૬૨૪૧૦	"
૧૭૮૬ નાં "	૨૬૮૦૦૦૦૦૦૦	"	૧૮૫૦ નાં "	૭૩૪૦૨૨૬૩૮૦	"
૧૭૯૮ નાં "	૪૬૨૦૦૦૦૦૦૦	"	૧૮૫૬ નાં "	૮૦૦૦૦૦૦૦૦૦	"
૧૮૦૨ નાં "	૫૭૧૦૦૦૦૦૦૦	"	૧૮૫૯ નાં "	૮૫૦૦૦૦૦૦૦	"

૧૭૪૮ માં જે કરજ વધીઊં, તે સ્પેનની સાથે લડાઇ થાઇ તેથી; ૧૭૬૩ માં જે કરજ વધીઊં, તે સાત વરસ સુધી ઇંગલંડ લડાઇમાં ગુતીઊં હતું તેથી; ૧૭૮૬ માં જે વધીઊં, તે આંમેરીકા સાથેની લડાઇથી; ૧૭૯૮ માં જે વધીઊં, તે આએરલંડમાં થાએલા બલવાથી, તથા બાહેર થાએલી લડાઇથી; ૧૮૦૨ માં અને ૧૮૧૪ માં જે વધીઊં, તે ફરાંનસ તથા નેપોલીઅન બોનાંપારટ સાથની લડાઇથી; ૧૮૫૬ માં જે વધીઊં, તે રૂશીઆ સાથેની લડાઇથી.

એ પરમાંણે ૧૮૬૦—૬૧ નાં વરશમાં જુમલે (૭૦૧૦૦૦૦૦૦) સીતેર કરોડ, દશ લાખ રૂપીઆ નાં ખરચનો અડસટો નીકલીએા હતો. હવે ધારા મુજબજ જે ઇંગલંડની આએપત વધારે કરીઆ વગ ર વસુલ કરીઆમાં આવેતો, માતર (૬૦૭૦૦૦૦૦૦) શાહાડ કરોડ અને સીતેર લાખ રૂપીઆની થાએ, તા હારે લગભગ દશ કરોડ રૂપીઆની ખુટ પડે. એ ખુટ પુરી પાડવાને સારૂ ચાહે તથા ખાંડ ઉપર લડાઇનાં વખતમાં જગાત લીધામાં આવે, તેટલી જગાત થેડવીઆથી તથા " ઇનકમ ટાકસ " એટલે કમાઇ ઉપર કરમાં ૧૦ રૂપીએ ૨૦, ફદીઆં લેતાં કરીને, તથા બીજીગમ જુજ વધ ઘટ કરીને, એ વરસની આએપતનો અડસ ટો નીચે જણાવીઆ મુજબ આપીઆમાં આવીએાછે.

આએપત.	રૂપીઆ.
મેહસુલનાં	૨૪૭૫૦૦૦૦૦
દેશમાં ઉતપન થાતી અને ખપતી જીનસો ઉપરની જગાત.	૧૯૭૨૪૦૦૦૦
સ્ટાંપનાં છાપાનાં	૮૦૦૦૦૦૦૦
જમીન, તથા મીલકત ઉપર તથા બીજા કરો	૩૨૦૦૦૦૦૦
ઇનકમ ટાકસ –કમાઇ ઉપર કર	૯૮૯૪૦૦૦૦
પોસટ આફીસ	૩૨૫૦૦૦૦૦
સરકારી જમીન (કરાંઉન લાંનડસ)	૨૮૦૦૦૦૦
પરચુટણ આએપત	૧૪૮૦૦૦૦૦
જુમલે	૭૦,૫૭,૮૦૦૦૦

એ મુજબ ૧૮૬૦—૬૧ નાં વરસનો ખરચ પુરો પાડવાને સારૂ સઘળી મલીને (૭૦૫૭૮૦૦૦૦) સીતેર કરોડ, સતાવંન લાખ અને હેંસી હજાર રૂપીઆની આએપત મલે હેવું કરીઆમાં આવીઉંછે.

આ મુલકની આએપતમાં જેમ જેમ વખત ગયેાછે, તેમ કેટલો વધારો થાયેાછે તે નીચે જણાવેલી વી ગત ઉપરથી માલુંમ પડશે. ૧૭૦૨ નાં શાલમાં એ દેશની આએપત (૪૦૦૦૦૦૦૦) ચાર કરોડ રૂપીઆની હતી; ૧૭૨૭ નાં શાલમાં (૬૦૦૦૦૦૦૦) છ કરોડ રૂપીઆ; ૧૭૬૦ માં (૮૦૦૦૦૦૦૦) આઠ કરોડ રૂપી આ; ૧૭૮૮ માં (૧૬૦૦૦૦૦૦૦) શેાલ કરોડ રૂપીઆ; ૧૮૨૦ માં વધતી જગાતો તથા કરો કરીઆથી લ ગભગ (૬૬૦૦૦૦૦૦૦) છાસટ કરોડ રૂપીઆની ઉપજ થાઈ હતી; ૧૮૨૫ માં તેમાં ઘટાડો થાઈને લગભગ (૬૩૦૦૦૦૦૦૦) તેંસટ કરોડ રૂપીઆ ઉપજીઆ હતા; ૧૮૩૦ માં લગભગ (૫૬૦૦૦૦૦૦૦) છપંન કરોડ રૂપીઆ; ૧૮૩૫ માં (૫૦૦૦૦૦૦૦૦) પચાસ કરોડ રૂપીઆ; ૧૮૪૫ માં વલી વધીને (૫૧૦૦૦૦૦૦૦) એ કાવંન કરોડ રૂપીઆ ઉપજીઆ હતા; ૧૮૫૦ માં લગભગ (૫૩૦૦૦૦૦૦૦) તેપંન કરોડ રૂપીઆ; અને ૧૮૫૫ માં લડાઇનાં સબબથી કરો તથા જગાતો વધારીઆમાં આવી હતી તારે લગભગ (૮૫૦૦૦૦૦૦૦) પંચીઆ શી કરોડ રૂપીઆ ઉપજીઆ હતા. સને ૧૮૬૦—૬૧ નાં ખરચ તથા આએપતની વીગત તથા આએપત કરતાં ખરચ વધતો થયાથી કેવા ઉપાયેા કરીઆમાં આવીઆછે તે ઉપર જણાવીઉંછે અને એ પરમાણે સરકાર ચા હે તેટલી ઉપજ આ દેશમાંથી કરી શકેછે. એ દેશનો દરવ એટલેાતેાંછે કે અગતની વખતે સરકારને જેટલી જોઇએ તેટલી વધતી આએપત મેલવવાને મેહેનત પડતી નથી. સરકારને સઉથી મેાટું શુખ એછે કે, તેએા આએપત વધારવાનાં જે એલાજો લીએછે, તેથી પરજા તે ઉપર નાં દીલ થાતી નથી, કાંએજે જે કાંઇ કર નવા થાએછે, તથા આએપત વધારવાનાં એલાજો કરીઆમાં આવેછે, તે આખી પરજાનાં વકીલેાનાં મત સાથે કી ધામાં આવેછે. સઘળો ખરચ પારલામેનટમાં, એટલે બરાબર જોઇસુંતો પરજાની હજુરમાં, મેલીઆમાં આવે છે, અને પછી તે પરજાનાં વકીલેાનાં મતથી સઘળું કરીઆમાં આવેછે.

આગલ હમેાએ જણાવીઉંછે કે યુરેાપખંડનાં બીજાં મુલકો ગરેટ બરીટન તથા આએરલંડનાં કરતાં ભરતમાં વધતાંછે, પણ તેઓની આએપત આ દેશનાં જેટલી નથી. નીચે જણાવેલા કેાઠા ઉપરથી માલુંમ પડશે કે, યુરેાપનાં પાંચ મુખીએ અને મેાટાં રાજે ગણાએછે તે રાજેતાં મુલકોની વસતી તથા જગા વધતીછે તેાબી ગરેટ બરીટનની આએપત તેમના કરતાં વધારેછે.

	માઇલ.	વસતી.	આએપત; રૂપીઆ.
રૂશીઆ	૨૦૪૧૮૦૯	૬૩૦૧૨૧૪૬	૪૩૦૪૨૦૦૦૦
આસટરીઆ	૨૫૭૭૬૦	૪૦૦૭૯૦૦૦	૩૦૪૨૫૦૦૦૦
પ્રુશીઆ	૧૦૭૫૨૬	૧૭૨૦૨૮૩૧	૧૮૩૦૮૦૦૦૦
ફરાંનસ	૨૦૪૦૦૦†	૩૬૦૩૯૩૬૪	૩૦૯૬૦૦૦૦૦
ગરેટ બરીટન	૧૨૨૦૯૧	૨૭૬૭૪૩૫૨	૭૦૫૭૮૦૦૦૦

આપણા પેાતાનાં મુલક સાથે ગરેટ બરીટન અને આએરલંડને સરકાવીએચ તેા, હીંદુસથાંન ભર તમાં ૧૩૦૦૦૦૦ માલઇછે તથા વસતી પંદર કરોડ આદમીનીછે, અને સરકારની આએપત આસરે (૩૭૦૦૦૦૦૦૦) સાતીસ કરોડ રૂપીઆનીછે, એટલેજે ગરેટબરીટનનાં કરતાં અરધી અરધછે.

આ મુલકનો વેપાર કેવો પેાહેાલેાછે, તે આ પછેનાં પ્રકરણ ઉપરથી જાંણીઆમાં આવશે અને તે ઉપર થી તે દેશની દેાલત વીશે અડસટો બાંધવાને પણ બની આવશે.

† ફરાંનસની આએપત ઇગલંડને લગભગ મલતીછે, તેાપણ આ વાત ધીઆંનમાં રાખવી જોઇએછે કે, ફરાંનસની જમીન તથા વસતી ગરેટ બરીટન અને આએરલંડ કરતાં ઘણી વધતીછે.

પ્રકરણ ૨૬ મું.

ગરેટ બરીટનનો વેપાર. †

સઘળી જીનસો અને સઘળા દેશો સાથેનો બેહોલો વેપાર—માલની આવક—નીકાશ—હાલત ઇતીઆદી.

ગરેટ બરીટનનો વેપાર આખી પુરથવીના સરવે મુલકોથી મોટોછે, તથા એ દેશનો વેપાર આખી પુરથવીનાં સરવે મુલકો સાથેછે તથા તે વેપાર આખી પુરથવીની તમાંમ જીનસોનોછે. આ તરણ બધેની દરએક બીનાં જો વીગતવાર લખી હોએ તથા બરીટનનો વેપાર સરવે મુલકથી મોટોછે, તે પુરવાર કરવા એ દેશનાં તથા બીજા મુલકોનાં વેપારનાં આંકડા અથવા વીગત જણાવીએ, તથા બરીટનનો વેપાર આખી પુરથવીનાં સરવે મુલકો સાથેછે, તે સાબેત કરવા સારૂ, તે સરવે મુલકોની સાથે એ દેશનો વેપાર કેટલો અને કેવી રીતનોછે તેની વીગત આપીએ, તથા બરીટનનો હમા ચીજોનો વેપારછે, તે મુકરર કરવા સારૂ તમાંમ દુનીઆની બરીટનનાં વેપારની જીનસોનો કેવો, કેટલો અને કેવી રીતનો વેપારછે, તે સરવેનું બયાંન કરવા બેશીએતો, એ દરએક વીગતને સારૂ આ આખુ પુસતક ભરાએ, પણ આ સફાએની મુલ મતલબ એટલીજછે, કે ગરેટ બરીટનનો વેપાર કેવો મોટોછે તે વીશે ટુકમાં જણાવવું અને તેથી વેપારી તરીકે ઇંગરેજ લોકોની હીમત, ઉદ્યોગ, અને તેઓનાં દરવની સમજ પડસે. એ કારણને સારૂ ગયા ૧૮૫૯ નાં સાલનાં એ મુલકનાં વેપારની ઘણીખરી વીગત હીંયાં આપીએ છઇએ. એ વરસમાં આગલાં વરસો સાથે સરકાવતાં વેપારની ગણતરીમાં દશ અથવા વીશ કરોડ રૂપીઆ ઓછા અથવા વધતા માલુંમ પડીઆ તો તેમાં કાંઇ માંમલત જેવું નથી. ઉપલાં વરસમાં દુનીઆનાં બીજાં મુલકોથી ગરેટ બરીટન ખા તે કેટલી રકમની જીનસોની આવક થાઇછે, તે નીચે જણાવેલી વીગત ઉપરથી માલુંમ પડશે. એ વીગત ઘણી લંબાણ નહી થવા દેવાને, માતર કરોડો રૂપીઆનીજ રકમો અતરે આપીછે અને લાખોની રકમો તો પડતી મેલીછે.

કાફી નજદીક (૨૦૦૦૦૦૦૦) બે કરોડ રૂપીઆની.
ઘઉં નજદીક (૮૭૫૦૦૦૦૦) પોના નવ કરોડ રૂપીઆનો.
બીજી જાતનો દાંનો નજદીક (૭૭૫૦૦૦૦૦) પોનાં આઠ કરોડ રૂપીઆનો.
ઘઉં તથા બીજી જાતનાં દાંનાંનો આટો (૨૨૫૦૦૦૦૦) સવા બે કરોડ ઉપર રૂપીઆનો.
રૂ, હીંદુસથાંનથી નજદીક (૪૦૦૦૦૦૦૦) ચાર કરોડ રૂપીઆનો.
રૂ, સઘળા દેશોનો મલી જુમલે (૩૪૫૦૦૦૦૦૦) ચોતરીસ કરોડ પચાસ લાખ રૂપીઆનો.
સન, સઘળી તરેહનો (૬૦૦૦૦૦૦૦) છ કરોડ ઉપર રૂપીઆનો.
કરન અને સુકી દરાખ (૧૫૦૦૦૦૦૦) એક કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆની.
ચાંમડાં (૩૨૫૦૦૦૦૦) તરણ કરોડ પચીસ લાખ રૂપીઆનાં.

† આ બાબદ, હમારી અરજ ઊપરથી, આપણી ગાયુમાં સરવેને સારીપકે જાણીતા થાએલા એલફીનસ્ટન ઇનસ્ટીટીઉશનનાં આગલા પરોફેસર દાદાભાઇ નવરોજજીએ આ પુસતકને સારૂ લખી મોકલીછે.

કાલી ગલી નજદીક (૨૦૦૦૦૦૦૦) બે કરોડ રૂપીઆની.
ધાતુ તરેહવાર તથા ધાતુનાં પથરો નજદીક (૪૦૦૦૦૦૦૦) ચાર કરોડ રૂપીઆનાં.
તેલ, જુદી જુદી જાત મલી નજદીક (૩૭૫૦૦૦૦૦) તરણ કરોડ પંચોતેર લાખ રૂપીઆનું.
ખોરાક (બેકંન, માખંન, પનીર) (૩૨૫૦૦૦૦૦) તરણ કરોડ પચીસ લાખ ઉપર રૂપીઆનો.
શુરો નજદીક (૧૨૫૦૦૦૦૦) એક કરોડ, પચીસ લાખ ઉપર રૂપીઆનો.
અલસી (૩૦૦૦૦૦૦૦) તરણ કરોડ ઉપર રૂપીઆની.
રેશમ (૧૦૫૦૦૦૦૦૦) દશ કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆનું.
દારૂ (રંમ, બરાંનડી તથા જીનીવા) (૨૨૫૦૦૦૦૦) બે કરોડ, પચીસ લાખ ઉપર રૂપીઆનો.
ખાંડ તથા સાકર (૧૨૫૦૦૦૦૦૦) બાર કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆની.
મરણી નજદીક (૩૦૦૦૦૦૦૦) તરણ કરોડ રૂપીઆની.
માઠે (૬૦૦૦૦૦૦૦) છ કરોડ રૂપીઆની.
લાકડાં તરેહવાર (૮૦૦૦૦૦૦૦) આઠ કરોડ ઉપર રૂપીઆનાં.
તંબાકુ નજદીક (૨૦૦૦૦૦૦૦) બે કરોડ રૂપીઆનો.
વાંઇન દારૂ (૩૦૦૦૦૦૦૦) તરણ કરોડ રૂપીઆનો. ફરાંનસ સાથે આ વરસમાં વેપારની જીનસો રંગંપી જે કોલ કરાર થયાછે, તેથી ગરેટ બરીટન બધે દારૂની આવક ઘણી વધશે.
ઉન (૧૦૫૦૦૦૦૦૦) દશ કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆનું.

એ પરમાણે ૧૮૫૯ નાં એક વરસમાં દુનીઆનાં સરવે મુલકોથી મુખીચ ચીજોની નજદીક (૧૪૩૦૦૦૦૦૦૦) એકશો તેતાલીસ કરોડ રૂપીઆની કીમતનાં માલની ગરેટ બરીટન ખાતે આવક થાઇ હતી, પણ તે સાથે બીજી સઘળી નાંહની મોટી જીનસોની આવક ગણતાં એ વરસમાં સઘળા માલની કુલ આવક નજદીક (૧૭૯૨૫૦૦૦૦૦) એકશો એાગણેાતેર કરોડ, પચીસલાખ રૂપીઆ ઉપરની થાઇછે. એન આકક હીસાબ ગણતાં ૧૮૫૮ નાં સાલમા સઘળો માલ મલી (૧૬૪૨૫૦૦૦૦૦) એકશો ચોસઠ કરોડ અને પચીસ લાખ રૂપીઆનાં માલની આવક થાઇ હતી અને તેની આગમજનાં એટલે ૧૮૫૭ નાં વરસમાં (૧૮૭૭૫૦૦૦૦૦) એકશો સીતીઆસી કરોડ, પંચોતેર લાખ રૂપીઆનાં માલની આવક થાઇ હતી, તેથી આગલ કહા મુજબ હર એક વરસનો હીસાબ આપતાં બીજાં વરશો સાથે દશ વીસ કરોડનો ફેર હોએતો તેમાં કાંઇ નવાઇ જેવું નથી.

ઉપર જણાવેલા માલની આવક ઉપરાંત ૧૮૫૯ નાં સાલમાં નજદીક વીશ દેશોથી સુનાંની આવક (૨૨૨૫૦૦૦૦૦) બાવીસ કરોડ, પચીસ લાખ રૂપીઆની તથા રૂપાંની આવક (૧૪૭૫૦૦૦૦૦) ચઉદ કરોડ, પંચોતેર લાખ રૂપીઆની મલી ગરેટ બરીટનમાં નગદીની જુમલે આવક (૩૭૦૦૦૦૦૦૦) સાતસો સતકરોડ રૂપીઆની થાઇ હતી. એ મુજબ માલ લાવવામાં ૩૬૩૦૦ વાંહાંણેા, (જેનું "ટનેજ" (૯૦૦૦૦૦૦) નેવું લાખ ઉપરનું હતું) કાંમ લાગા હતાં, અને આ પરમાણે બરીટનનાં વેપારનાં વાંહાંણેાની સંખીઆ જોયાથીજ બીજા મુલકનાં વેપારનેા અડસટેા કાહડી શકાએછે. એ વાંહાંણેાની મારફતે ઉપર જણાવીઉંછે તેમ દુનીઆનાં સઘળા ભાગેાતાંથી વેપારની જીનસો તથા નગદી મલી લગભગ (૨૧૭૦૦૦૦૦૦૦) બશેા સતર કરોડ રૂપીઆનેા માલ ગરેટ બરીટન ખાતે ગયેા હતેા.

હવે ઉપર જણાવેલા માલની સઘળી આવક તથા વાંહાંણેા કહાં કહાં મુલકથી બરીટન ખાતે ગયાં હતાં અને તે દરએક મુલકથી કેટલેા માલ ગયેા હતેા તેની વીગત નીચે આપીએ છઇએ, પણ તેમ કરવામાં લંબાણ નહીં થવાને સારૂ, જે મુલકેાથી એક કરોડ રૂપીઆની અંદરનેા માલ એ દેશ ખાતે ગયેાછે તે મુલકેાનાં નાંમ પડતાં મેલીઆંછે. પણ સઘળાં મુલકો તે કેટલાં અને કહાં, એવેા જો કેાઇ સવાલ કરે, તેા ટુક જવાબ એનછે

કે "આખી દુનીઆં." જે દેશોથી માલ ગરેટ બરીટન ખાતે ગયોછે તે માલની કીમત સાથની વીગત આ છે.

રૂશીઆથી (૧૩૫૦૦૦૦૦૦) તેર કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆનો.
સુઈદનથી (૨૫૦૦૦૦૦૦) બે કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆનો.
દેનમારકથી (૨૫૦૦૦૦૦૦) બે કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆનો.
પરૂશીઆથી (૪૭૫૦૦૦૦૦) ચાર કરોડ પંચોતેર લાખ રૂપીઆનો.
હાંનસ ટાઉનસથી (૫૨૫૦૦૦૦૦) પાંચ કરોડ પચીસ લાખ ઉપર રૂપીઆનો.
હાલંડથી (૬૫૦૦૦૦૦૦) છ કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆનો.
બેલજીઅંમથી (૩૫૦૦૦૦૦૦) તરણ કરોડ, પચાસ લાખ ઉપર રૂપીઆનો.
ફરાંનસથી (૧૭૦૦૦૦૦૦૦)સતર કરોડ રૂપીઆનો. (ફરેનચ " તરીટી " થી હજુર વધશે.)
પોરટુગાલથી (૧૭૫૦૦૦૦૦) એક કરોડ પંચોતેર લાખ ઉપર રૂપીઆનો.
સ્પેનથી (૩૨૫૦૦૦૦૦) તરણ કરોડ, પચીસ લાખ ઉપર રૂપીઆનો.
સીસીલીથી (૧૫૦૦૦૦૦૦) એક કરોડ, પચાસ લાખ રૂપીઆનો.
ટરકીથી (૨૭૫૦૦૦૦૦) બે કરોડ, પંચોતેર લાખ રૂપીઆનો.
વાલેશીઆ અને મોલડેવીઆથી (૧૦૦૦૦૦૦૦) એક કરોડ, ઉપર રૂપીઆનો.
મીસર તથા મેડીટરેનીઅંનનાં બંદરોથી નજદીક (૮૭૫૦૦૦૦૦) આઠ કરોડ, પંચોતેર લાખ રૂપીઆનો.
પશ્ચમ આફરીકાથી (૧૦૫૦૦૦૦૦) એક કરોડ, પાંચ લાખ ઉપર રૂપીઆનો.
ચીનથી (૯૦૦૦૦૦૦૦) નવ કરોડ ઉપર રૂપીઆનો.
વેસ્ટ ઇંનડીસથી નજદીક (૩૭૫૦૦૦૦૦) તરણ કરોડ, પંચોતેર લાખ રૂપીઆનો.
આંમેરીકાનાં યુનાંઇટેડ સ્ટેટસથી (૩૪૨૫૦૦૦૦૦) ચોતરીસ કરોડ, પચીસ લાખ ઉપર રૂપીઆનો.
બ્રજીલથી (૨૭૫૦૦૦૦૦) બે કરોડ પંચોતેર લાખ ઉપર રૂપીઆનો.
બોનીસ એરેસથી (૧૫૦૦૦૦૦૦) એક કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆનો.
ચીલીથી નજદીક (૨૦૦૦૦૦૦૦) બે કરોડ રૂપીઆનો.
પીરૂથી (૧૫૦૦૦૦૦૦) એક કરોડ પચાસ લાખ ઉપર રૂપીઆનો.

ઉપલાં દેશાવરો જે ગરેટ બરીટનનાં રાજ તલે નથી તેવાંજ બાકીનાં બીજા પારકાં રાજનાં દેશો મલી સને ૧૮૫૯ નાં એક વરસમાં (૧૪૦૦૦૦૦૦૦૦) એકશો ચીચાલીસ કરોડ રૂપીઆની કીમતનાં માલની આ વક ગરેટ બરીટન મધે થાઈ હતી, અને બીજા (૪૦૦૦૦૦૦૦૦) ચીચાલીસ કરોડ રૂપીઆની કીમતનો માલ નીચે જણાવેલા ગરેટ બરીટનનાં તાબેદારનાં મુલકો મધેથી આવીઓ હતો.

હીંનદુસથાંનથી (૧૫૨૫૦૦૦૦૦) પંદર કરોડ, પચીસ લાખ ઉપર રૂપીઆનો.
કેપ આવ ગુડહોપથી (૧૫૦૦૦૦૦૦) એક કરોડ, પચાસ લાખ ઉપર રૂપીઆનો.
મોરીસથી (૧૫૦૦૦૦૦૦) એક કરોડ, પચાસ લાખ ઉપર રૂપીઆનો.
સીનગાપોરથી (૧૦૦૦૦૦૦૦) એક કરોડ ઉપર રૂપીઆનો.
સીલોનથી (૧૫૦૦૦૦૦૦) એક કરોડ, પચાસ લાખ ઉપર રૂપીઆનો.
આસતરેલીઆથી નજદીક (૬૦૦૦૦૦૦૦) છ કરોડ રૂપીઆનો.
આમેરીકા ખાતેનાં સવસથાંનોથી (૧૧૦૦૦૦૦૦૦) અગીઆર કરોડ ઉપર રૂપીઆનો.

બરીટનને તાબેદારનાં જે મુલકોથી એક કરોડ રૂપીઆની અંદરનો માલ જાએછે તેનાં નાંમ અતરે જણાવીઆં નથી, પણ તે સધળાં મલીને જુમલે ૪૦ કરોડ થાએછે.

એ પોતાનાં પઢા પાઢ કરેછે અને જેઓ સીખવાને લાએક નહી હોએ, તેઓ હેવી રીતે ગમતમાં ગુતેછે કે, જેઓ આસપાસ હોયછે, તેઓને કશી હરકત થાતી નથી. કુટંબનાં દરએક જણ એક એક ઉપર પીઆર બ તાવેછે અને બેક બીજાનાં હેતની બારે ઇંછા રાખેછે. ઇંગરેજ લોકો "હાપીનેસ આવ હોમ" ઘરનાં સુખની જે ભારી વખાણ કરેછે, તે બોટી નથી, કાંએજ ઉપર જણાવીઆ પરમાંણે જે કુટંબની હાલત હશે, તાંહાં ખરેખર ઘરનું સુખજ હશે, અને તેવું સુખ સરવે કોઈ પોતાનાં ઘરમાં જોવાને ચાહે તેમાં નવાઇ જેવું નથી. બાળકોની કેલવણી અને બીજુ સુખ, સ્ત્રી ઉપર મોટો આધાર રાખેછે, માટે સ્ત્રીઓની કેલવણી ઉપર એ દેશમાં ઘણુ ધીઆં ન આપીઆમાં આવેછે, સધળી સુપરાઈનો પાયો સ્ત્રી કેલવણી ઉપર આધાર રાખેછે. માં જેવી બાળકને ઘરમાં કેલવણી આપેછે, અને તેમનાં કુનલાં મગજ ઉપર અસર કરેછે, તે પરમાણે બીજા કોઈથી થાઈ શકતું નથી, માટે સ્ત્રી કેલવણીનો પાયો એ દેશમાં મજબુતછે. સધળા દેશોની તવારીખ આપણે ધીઆંનથી જોઇ શુંતા આપણને માલુમ પડશે કે, જે જે મોટાં આદમીઓ થાઈ ગયાછે, તેઓ તે વીશે પોતાની માંનો ઉપકાર માંની માપાછે. તેઓએ પાછલથી જે મોટાઈ મેલવીછે, તે તેઓની માંની તરફથી પેહલી તરબીએતને લાગુ પડીછે. માટે દુરેક દેશ જાંહાં સુધી સ્ત્રી કેલવણી પછવાહે ઓછું ધીઆંન આપે, તાંહાંશુધી તે શુપરાઈમાં પુરં પુનાંર નથી, મરદોની મીજલસમાં સ્ત્રીઓને આંમેજ કરવાનાં ફાએદા અથવા જેરફાએદા વીશે ઘણુએક લખાપુંછે, એ બાબતમાં તકરાર કરવાની આ જગા નથી, પણ આ વાતતો ખરીજછે કે, સ્ત્રીઓની હાજરીથી મરદોની બાલ બલણ ઉપર ઘણીજ સારી અસર થાએછે, તેઓને સલુકાઈ પકડવી પડેછે, અને જબાંનને ઘ ણીજ સારી બલણ આપવાની ફરજ પડેછે. એથી કરીને જે જે મીજલસોમાં ઇંગરેજોમાં મરદો અને સ્ત્રીઓને બાતે મેલીએછ, તાંહાં સામણી રીતે દરએકની ચાલ આપણે હેવીતો આદરમાંન ભરેલી જોઇએછ, કે તેથી આપણો હરય દુખી થાયા વગર રેહેતો નથી, અને હેવી ટેવ પડીઆથી રીતભાંત અને ચાલ બલણમાં આ દનીઆ આદરમાંન વાપરવા સીએઆ વનાં રેહે નહી.

હીંદુસથાંનની બોહોલી વસતી બરમાંણે અતરે ઇંગરેજો થોડાછે, અને વલી તે થોડાઓનાં સંબંધમાં પ ણ બા દેશનાં લોકો જહજા આવતા નથી, તેથી એ લોકોની સારો અને નરસી બાજુ જોવાને આપણને હીંઆં બનતું નથી. જેમ એક આદમીમાં, તેમ એક આખી પરજમાં સારી અને નરસી બાજુ હોએ, અને સારી બાજુ સંતાડીને, નરસો બાજુને ચલકાટ આપવો, એ અપખસપાત લખનારાઓનું કાંમ નથી, તેમ ન રહી બાજુ સંતાડી સધળું સફેદજ દેખાડીઆ કરવુંબી દરૂસત નથી. હીંદુસથાંનથી હરેક ગાંમડી ઇંગલંડ જ વા નીકળેછે, તારે તેને ઘણી તરફથી હેવી રીતે ગંભરાવીઆમાં આવેછે, કે સમાલજે તાંહાં ઠગો ઘણુછે, ચોરો ઘણાછે, બારે દીવશે ગજવાં ફારી લઈ જશે, કોઈ સાથે કાંમ પાહેતો સંભાલીને પાડજે, ઇતીઆદી. પણ એવાં બોલવાથી ઇંગરેજોને વાસતે ખરાબ વીચાર રાખવો નહી. જે દેશમાં વધારે શુધરાઈ તાંહાં વધારે ઠગાઈબી હો વી જોઇએ. ઠગોબી અકલનાં બલથી બનેછે, પણ સધળાજ આદમીઓ ઠગછે એમ કેહવાશે નહી. ધાસ તી રાખવી અથવા નહી રાખવી, એ સધળું આપણી પોતાની ચાલ ઉપર આધાર રાખેછે. ઇંગલંડમાં સઉથી બરસ ઇમાંનદારી ધરાવનારા લોકોછે, તેમ સઉથી સરસ ઠગો પણ છે. જો આપણે સારી ચાલ ચાલીને સા રાં માણશો સાથેજ કાંમ પાડીએ, તો આપણે એમ સમજીએ કે ઇંગલંડનાં જેવા સારા અને ઇમાંનદાર લો કો દુનીઆનાં બીજા કોઈ ભાગ ઉપર હશે નહી, પણ આપણે પોતે વગર શાહુચેતીથી અથવા કાંઇ ઉલ ટી મતલબથી શક ભરેલી આબરૂનાં આદમીઓ સાથે કાંમ પાડીએ તો, પછી હેવાતો ઠગાઇએ, કે તે વીશે પસતાવો કીધેલો ઘણો મોટો કેહવાએ. પણ એ દેશનાં લોકોનો મોટો ભાગ આબરૂદાર અને સારા લોકો નોછે. સારાં માણશો પોતે આપણને કેહેશે કે તમો લુછાઓ અને ઠગારાથી દુર રેહેજો. આખી દુનીઆ સાથે એ મુલકનાં લોકોનો વેપારછે, તે કાંઇ સારી દીઆંનત અને ઇમાંનદારી વગર ચાલી શકે નહી.

ઇંગરેજ લોકોને વાસતે હેવું કેહવામાં આવીઉંછે, કે તેઓ મીલનસાર નથી, તથા એકાએક તેઓ કો ઇ સાથે દોસતી કરતા નથી. આ વાત તેઓની તરફેણમાંછે, કે તેઓની વીરૂધછે, તે કહી શકાતું નથી. એ ક શખ્સ ઉતાવલેથી બાહેરથી દોસત બની જએ, અને અંદરખાંનેથી આપણે વાસતે તેનાં દીલમાં પીઆર કાંઇ નડ ધાલે નહી, તેવો દોસત હોયો અને નહી હોયો સરકો. ખરેખરૂંછે કે ઇંગરેજ એકાએક તમારો દો સત થાતો નથી, પણ જરે તે દોસત બનેછે, તારેજ તેની દોસતીની પીછાંન થાઈ શકેછે. તે દોસતીની કીમ ત પછી હલકી નહી જાંણવી, તેને લાએક તમારૂં જે કાંઇ કાંમ હોએ, તે બજા લાવવાને તે પોતાની ફરજ સમજશે, અને તે સમજ મુજબ તે કાંમ પાર પાડશે. ઇંગરેજ ઘણુ કરીને તમારી આગલ પોતાનુ દીલ નમી આ પછી ફરસુદે બેહેા હશે તાહરે ખોલશે તથા ખોલાસાથી અને છુટાપણાથી વાત કરશે. તેની આફીસનાં અથવા બીજાં કાંમની વખતે શેા વાર તમેા મલવા જએા, તેા તે તમારો દોસત બનતાંર નથી. ખાતાં ખાતાં ટેબલ ઉપર ઘણીએક વાતેા કરવાની જોગવાઇ મલેછે તથા ખાઇ રહા પછી ફરસુદે ઘણીએક વાતેા થાએછે, કે જે કાંમને વખતે થાએ નહી, અને એ પરમાંણે એક બે વાર આપણી આગલ તેહેનું દીલ ખુલીઉં કે પછી ઇંગરેજ મીલનસાર નથી, હેવું આપણીથી કેહવાશે નહી. તે પોતે ઘણેા મીલનસાર બનેછે એટલુંજ નહી, પણ તેનાં બાઇ બેહેન, બાએડી છોકરાં સરવે આપરી સાથે ખોલાશાથી અને પીઆરથી વાત કરેછે, તેથી આપણા જીવને ઘણી ખુશી ઉપજેછે, અને તાહરે આપણે એમ શમજીએછ કે, ઇંગરેજોનાં કુટંબની સ્ત્રીઓ ખ રેખર અને પોતાનાં ઘરનાં પરાંણા ઉપર હેત બતાવનારીએાછે. તેઓ આપણી અગત ઉપર હેવુંતેા ધીઆંન આપેછે, કે આપણે ખરેખર તેઓનાં હેસાંનમાં એટલાતેા આવી જાઇએછ, કે તેનેા બદલેા વાલવાને આપણી પાશે પુરતા સબદેા મલતા નથી.

ઇંગલંડનાં લોકેા તેઓનાં દેશમાં જે પારકા શખ્સેા જાએછે, તેઓને સારૂં આદરમાંન આપેછે, ત થા તેઓને ઉપકારી કરવાને હંમેસા આતુરતા રેહેછે. આ વાત જેઓ આજ દીન શુધી એ દેશ ખાતે જા ઇ આવીઆછે, તેઓ કબુલ કરીઆ વનાં રેહેશે નહી. કેાઇબી ઠેકાંણુ કાંઇ હુગરી આવી પડી, તેા પારકો શખ્સ જાંણી આપણી મદદે ઘણા જણા આવશે. જો કેાઇ તમાશેા, અથવા મેલેા જોવા આપણે ગયા હેા ઇએ અને તાહાં બીડ ઘણી હેાએ, તેાપણ આપણને પારકા શખ્સ જાંણી તરત લોકેા રસતેા આપેછે અને સા રી જગા પણ આપેછે. કારખાંનાં તથા બીજાં ઠેકાંણા આપણને દેખાડવામાં તેઓ પેાતાને માંન સમજેછે અને એ મીશાલે સઘળી તરફથી આપણને આદરમાંન સાથે ઉપકારી કરીઆમાં આવેછે. હમેા હમારી અનભાંએસ ઉપરથી કેહવાને આચકેા ખાતા નથી, કે ઇંગરેજ લોકેા પારકા લોકોને સારૂં માંન આપેછે, તથા તેઓની બરદાસત લીએછે અને પેાતાંનીથી બને તેટલું તેઓને વાસતે કરેછે. વાસતે જો ઇંગરેજ લેા કેાની ખરી ખુબી જોવી હાએતેા ઇંગલંડ ગયાથી દેખાએછે.

સમાપ્ત.

NOT TO BE ISSUED

SMT. HANSA MEHTA LIBRARY BARODA
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY

NOT TO BE IS.

SHML
G13168

NEW MODEL BOOK-STALL
All Kinds of School Books
Buyer-Seller & Book-Binder
& LIBRARY-SYSTEM.
Prarthana Samaj Junc.
BOMBAY, 4.

G. 13168

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

7DA
625
.E6

NOT TO BE ISSUED